# શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૮

NO-057310
L0-43.09

(પાક્ષિક)




: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦

: સંપાદક :
પ.પૂ.આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ.સા.

# પૂ.આગમોદ્ધારક તથા તેઓશ્રીની અ

વિદ્વત્ કુલ મંડન શ્રુતસ્થવિર



શ્રી ઝવેરસાગરજી મ.સા.

પ્રથમ ગચ્છાધિપતિ



પૂ.આ. શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી મ.સા.



આગમોદ્ધારક પૂ.આ.



શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.

શાસન સુભટ



પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ.સા.

વિદ્વ



શ્રી મહોદ

# મવાણીને સુરક્ષીત રાખનારા પૂજ્યો





પ્રૌઢ પ્રતાપી



પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ



પૂ. આ. શ્રીહેમસાગરસૂરીશ્વરજી મહારાજ

ને

.સા.

જંબૂદ્વીપ પ્રણેતા



પૂ. પં. ગુરૂદેવ શ્રી અભયસાગરજી મ.સા.

પૂ. આ. ભગવંત



શ્રી હંસસાગરસૂરીશ્વરજી મ.સા.

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ - ૮

(પાક્ષિક)





: પ્રકાશક :
સિદ્ધચક્ર માસિક પુનર્મુદ્રણ સમિતિ
જંબૂદ્વીપ જૈન પેઢી
પાલીતાણા - ૩૬૪૨૭૦



: સંપાદક :
પ. પૂ. આ.
શ્રી અશોકસાગરસૂરીશ્વરજી
મ. સા.

## -: પ્રાપ્તિ સ્થાન :-

**શ્રી જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી**
તળેટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦
ટે. નં. : ૨૩૦૭ - ૪૨૦૨૨

**આગમોદ્ધારક પ્રતિષ્ઠાન**
C/o સેવંતિભાઈ શાંતિલાલ શાહ
છાણી (વડોદરા) પીન : ૩૯૦૭૪૦
ટે. નં. : ૭૭૧૯૯૪

**અશોકભાઈ સૂરજમલ શાહ**
ન્યુ ગુજરાત ટ્રેડીંગ કું.
બહુઆની પોળ, રાયપુરચકલા, અમદાવાદ-૧.
ટે. નં. : (ઓ.) ૨૧૪૭૧૭૨

**આગમોદ્ધારક સંસ્થા**
આગમ મંદિર રોડ,
ગોપીપુરા,
સૂરત, પીન : ૩૯૫૦૦૧

**ગોડીજી જૈન દેરાસર**
૧૨ - પાયધુની, વિજયવલ્લભ ચોક,
મુંબઈ - ૪૦૦૦૦૨

**ઋષભદેવ કેશરીમલ જૈન શ્વે. પેઢી**
બજાજ ખાના,
રતલામ (મ.પ્ર.)
પીન : ૪૫૭૦૦૧

**ઋષભદેવ છગનીરામ પેઢી**
શ્રીપાલ માર્ગ, ખારાકૂવા, ઉજ્જૈન (મ.પ્ર.)
પીન : ૪૫૬૦૦૬
ટે. નં. : ૫૫૩૩૫૬



**Kanak** *Creativity Graphics*
Anantdarshan Appt., Gopipura, SURAT. Ph : 0261 - 2599349

**નોંધ :- આ ગ્રંથ જ્ઞાનખાતાની રકમમાંથી છપાયેલ હોવાથી ગૃહસ્થોએ જ્ઞાનખાતામાં રકમ ભરીને માલીકી કરવી.**

# પ્રસ્તાવના

અરિહંત પરમાત્માનો આ જગત ઉપર અનુપમ અને અજોડ ઉપકાર છે. પૂર્વથી ત્રીજે ભવે "સવી જીવ કરૂ શાસન રસી"ની ઉત્કૃષ્ટ, અજોડ ભાવનાના બળે એ પરમ તારક તીર્થપતિઓ તીર્થંકર નામકર્મની નિકાચના કરી... દીક્ષાલઈ... મોક્ષ માર્ગની સ્થાપના કરી સ્વંય એ માર્ગને આરાધી જગતના જીવો માટે પરમ તારક એ માર્ગનું આલંબન મુક્તા ગયા... અને જતી વખતે જગતના જીવોને સંદેશો આપતા ગયા છે કે.. મારા માર્ગે ચાલ્યા આવો હંમેશા માટે સુખી થઈ જશો.

શિવરમણીને વરવાના અનેક ઉપાયો છે જેમાં "સમ્યગ્ જ્ઞાન" એ અનુપમ અને અજોડ ઉપાય છે. જેમ માણસને બે આંખ હોય છે, તેમાં પહેલા નંબરની આંખ એ સમ્યગ્ જ્ઞાન છે અને પછીની બીજા નંબરની આંખ એ ક્રિયા ધર્મ છે.

આ જૈન શાસનનું કેટલુ જોરદાર સૌભાગ્ય છેં કે તીર્થંકર તુલ્ય આચાર્ય ભગવંતો આ શાસનના પ્રતાપે જૈન સંઘને મળ્યા છે આ કોઈ નાનુ સૌભાગ્ય નથી અરે ! આતો ભિખારી ને ચક્રવર્તી પણુ મળ્યુ એવુ સૌભાગ્ય છે જીનવર સમાન પ્રરૂપણા કરનારા આચાર્ય ભગવંતોની ઝળહળતી અને જ્વાજલ્યમાન પરંપરામા પ.પૂ.આચાર્ય ભગવંત શ્રી આનંદસાગરસૂરિ મહરાજ સાહેબે એક જબરદસ્ત આગમીક પુરૂષ થયા, જાણે વજસ્વામીની ઝાંકી કરાવે એવાજ વિદ્વાન અને ક્રિયા રૂચી વાળા તેઓ શ્રી હતા. જાણે મીની હરિભદ્રસૂરિ જોઈલો અથવા મીની યશોવિજયજી જોઈલો ! સાગરજી મહારાજ એવા અગાધ જ્ઞાનના સાગર હતા. મારૂ પણ સૌભાગ્ય છે કે તેઓશ્રીના હસ્તે દીક્ષા અમદાવાદમાં થઈ હતી ! મારી દીક્ષાના પ્રસંગને યાદ કરું ત્યારે પૂ. સાગરજી મહારાજ સાહેબ પ્રત્યે જે અહોભાવ અને ઉપકાર ભાવ જાગે છે તે અવર્ણણીય છે. તેઓ શ્રી મારા પરમ ઉપકારી છે.

પૂજ્યપાદ આ ભગવંત શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે સાધુ-સાધ્વીઓને જ્ઞાની બનાવ્યા અને જે કોઈપણ પ્રશ્ન પૂછવામાં આવે તેમને પણ એટલા જ પ્રેમથી પ્રશ્નોના જવાબ આપીને સમાધાન કરતા હતા.

આ તો થઈ સાધુ-સાધ્વી ઉપર કરેલી ઉપકારની વાત. શ્રાવક સંઘ પણ આ જ્ઞાનામૃતથી વંછીત ન રહે તે માટે તેમણે "શ્રી સિદ્ધચક્ર" માસિક શરૂ કરેલ જોતજોતામાં "સિદ્ધચક્ર" માસિકની મહિમા સારાયે ભારતભરમાં પ્રસરી ગઈ અને ક્રિકેટના સ્કોરની જેમ લોકો માસિક માટે પોસ્ટમેનની રાહ જોતા હતા. એટલું પ્રિય માસિક હતું. તેઓશ્રીએ અનેક શાસ્ત્રો વાંચેલા, એવા કોઈ શાસ્ત્રો બાકી ન હતા કે તેમણે વાંચ્યા ન હોય. ૪૫ આગમ, ચૂર્ણી, ભાષ્ય, ટીકા બધુ જ એમણે છપાવેલ. તેથી જ તેઓ આગમોદ્ધારક ના હુલામણા નામથી પ્રસિદ્ધ થયા હતા.

પૂજ્યશ્રીએ લગભગ બધા જ શાસ્ત્રોનો ઉંડાણ પૂર્વક અભ્યાસ કરેલ તેની પ્રતીતિ માટે એક ઉદાહરણ આપુ છું. સિદ્ધચક્ર માસિક વર્ષ - ૮, પાન નં. ૪૮ 'સાગર સમાધાન' લેખ તમો વાંચો, તેમાં તીર્થંકર ભગવંતો અને સામાન્ય વ્યક્તિના સમ્યૂગ દર્શન તફાવત બતાવતા પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજે વરબોધી શબ્દ વાપરેલ છે. તે વરબોધી શબ્દ ઉપર પૂ. સાગરજી મહારાજે જે ઉંડાણ પૂર્વક લલીત વિસ્તરા, આવશ્યક નિયુક્તી, ગિષ્યાસ્પે, તત્ત્વાર્થસૂત્ર, પંચ, સૂત્રકૃતાત્ર ચૂર્ણી, બિંદુ, પંચાશક વૃત્તિ, આવશ્યક, જીનેશ્વાસુરીકૃત ગ્રંથ, પંચવસ્તુ, યોગદષ્ટી સમુચ્ચય આ ગ્રંથોના

પાઠ ટાંકીને તેનો અર્થ બતાવીને, તેના પર ચર્ચાત્મક વિવેચન કરેલા અને સરલ ભાષામાં વરબોધીનો અર્થ સમજાવેલ આ ગજબનો વિવેચક જોઈને હું આશ્ચર્ય ચકિત થઈ ગયો.

બીજો દાખલો વર્ષ - ૮ પાન નં. ૫૩ ઉપર ભગવાન મહાવીર મહારાજા અને નીચગોત્ર ઉપર જે વિવેચન કરેલ તે અતિ અદ્‌ભુત અને વિદ્વતાપૂર્ણ છે. કલ્પસૂત્રમાં આવેલ પ્રભુ મહાવીરના નીચગોત્રના ઉદય ઉપર વિગતવાર વર્ણન કર્યું છે એ નીચ ગોત્રના લીધે ભગવાન મહાવીર મહારાજને ઋષભદત્ત બ્રાહ્મણને ઘેર આવવુ થયું અને તેજ નીચ ગોત્રના ઉદયના લીધે બ્રાહ્મણ ઋષભદત્ત ને જીનનો આત્મા હશે તેવો સંકલ્પ પણ ન આવ્યો તેનું કારણ નીચ ગોત્રનો ઉદય હતો रज्जसिरि फारेमाकेसु पहिमाषेसु આ કલ્પસૂત્રના પાઠનું, વિવેચન કરતા પૂજ્યશ્રીએ જણાવેલ છે કે નીચગોત્રના કર્મના ઉદયને લીધે ઈન્દ્ર દ્વારા ભગવાન મહાવીર મહારાજાનો જીવ દેવાનંદાની કુક્ષીમાં આવેલ અને ત્યાં ૮૨ દિવસ રહેલા, ત્યાં ઋષભદત્ત બ્રાહ્મણ કુળને વિષે ધન, ધાન્ય, હીરા, મોતી, કશાવહ, જનપદ વિગેરેની વૃદ્ધિ દેવોએ કેમ ન કરી ? તેમાં પણ નીચગોત્રના કર્મનો ઉદય એ મુખ્ય કારણ હતું તે અદ્‌ભુત રીતે તેમણે સમજાવેલ છે. જે વાચકોને ખાસ વાંચવાની ભલામણ કરૂ છું. તેમના જીવનમાં ઘણા પ્રસંગો એવા આવેલા કે જેનો તેમને તે વખતે નિડર અને નિર્ભિક રીતે સિંહની માફક સામનો કરેલ.

દાખલા તરીકે :-

(૧) સ્પૃશ્ય-અસ્પૃશ્ય આ વિષય ઉપર ખૂબ વિવાદ થયેલ અને પૂજ્ય સાગરજી મ.સા.નો તેમા થયેલ વિજય.
(૨) અસ્પૃશ્યને દીક્ષા અપાય કે ન અપાય ?
(૩) બાળ દીક્ષાનો અજ્ઞાનીઓએ કરેલ જોરદાર વિરોધ અને તે ઉપર પૂજ્યશ્રીએ સચોટ અને શાસ્ત્રોના સેંકડો પુરાવા આપીને બાળ દીક્ષા આપી શકાય તે સિદ્ધ કરેલ.
(૪) જન્માષ્ટમ અને ગર્ભાષ્ટમનો વિદ્વતાપૂર્ણ કરેલ ખુલાસો.
(૫) તે વખતે ઘણા નવા મત નિકળેલ તેનો તેમણે કરેલ જોરદાર વિરોધ એ ખાસ વાચવા જેવા પ્રસંગો છે.

સિદ્ધચક્ર માસિકના અંકો ઘણા જુના થઈ ગયા હતા તેના પુનર્મુદ્રણની તાતી જરૂર હતી. આચાર્ય શ્રી અશોકસાગર સૂરીશ્વર મ.સા. આ ભગીરથ કાર્ય ઉપાડયું અને ૧ થી ૭ વર્ષના અંકો છપાઈ પણ ગયા આ આઠમા વર્ષનો અંક છપાય છે તે પ્રસંગે આચાર્યશ્રીને ખૂબ-ખૂબ ધન્યવાદ આપુ છું. તેજ "સિદ્ધચક્ર સમિતિ"ના સભ્યોને પણ ધર્મલાભ સાથે અંતરના આશિષ આપુ છું. સાધુઓએ તો આ અંકો વાંચવા જ જોઈએ તેમા પણ વ્યાખ્યાન આપતા સાધુઓએ તો આ અંકો ખાસ વાંચવા જોઈએ જેથી વ્યાખ્યાન માટેનો ઘણો મસાલો મળી રહે છે. (આ માત્ર માસિક નથી પણ એક દળદાર ગ્રંથ છે) આ દળદાર અને અદ્‌ભુત ગ્રંથને વાંચીને સૌ કોઈ આત્મકલ્યાણ સાધો.

લી. આ. વિજય પ્રેમસૂરિ
શ્રી ૧૦૮ ભક્તિ પાર્શ્વનાથ જૈન ભક્તિ વિહાર
હાઈવે ભક્તિનગર. મુ. શંખેશ્વર (તા. સમી)
(જિ. પાટણ) (ઉત્તર-ગુજરાત) (ભારત રાજ્ય સંઘ)

# સંપાદકની કલમે

રળીયામણી શરદપૂર્ણિમાનાં સૌમ્ય દિવસે બુહુશ્રુત આગમોધ્ધારકરુપ હિમાલય પરથી આગમવાણી રુપ ગંગાનું અવતરણ સિદ્ધચક્ર પાક્ષિક રૂપે વીર સં. ૨૪૫૮ વિ.સં. ૧૯૮૮ આજથી ૬૮ વર્ષ પૂર્વે થયું જેના સતત ૨૮ વર્ષ સુધી જિનશાસન રૂપી વિશ્વપર ધસમસતા પવિત્ર પ્રવાહથી અનેક સાધુ સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની આગમ જિજ્ઞાસા રુપી તૃષાથી ત્રસ્ત આત્માઓને તૃપ્તિનું કારણ બન્યું એટલું જ નહી આ આગમગંગાનો પ્રવાહ અનેક નાની નાની નદીઓ રૂપી ગ્રંથો અને પુસ્તકોમાં આજે પણ વહી રહ્યો છે.

ગંગાનો પ્રવાહ તો એકજ દિશામાં વહી રહ્યો છે. ત્યારે આ પૂ. આગમોધ્ધારકશ્રીની આગમ વાણીનો પ્રવાહ ચારે બાજુ વહ્યો છે જૈન શાસનનો આજે વિદ્યામાન દરેક સમુદાય ગચ્છ સંપ્રદાય વર્ગમાં એવો એકેય વર્ગ શોધ્યો નહી મળે કે જેઓએ આ .પૂ. આગમોધ્ધારકશ્રીની વાણીસમ ગંગાનો આસ્વાદ ન માન્યો હોય.

પૂજ્યપાદ આગમોધ્ધારકશ્રીનું સાહિત્ય જેટલું પ્રગટ થયુ તેટલું હજી અપ્રગટ પેન્સીલોથી લખાયેલ સાહિત્ય પ્રગટ થવાની રાહ જોઈ રહ્યું છે.

પૂ. સાગરજી મ.ના વચનો ટંકશાળી ગણાય છે. તેઓશ્રી શું બોલ્યા ? તેઓશ્રીએ શું લખ્યું ? તેમનાં વચનો અડીખમ પથ્થર પરની લકીર જેવા સૌ ગણે છે.

અમદાવાદ જૈન નગરમાં મારા સં. ૨૦૪૯ નાં ચાતુર્માસમાં ભોજકકુલઅવતંસ પંડિત શ્રી અમૃતભાઈ વારંવાર આવતા મઝેની જ્ઞાનગોષ્ઠી થતી તેમાં તેઓએ એક અનોખો પ્રસંગ કહ્યો જેને તેજ વખતે મે નોટમાં લીપીબધ્ધ કરેલ. વાત એમ હતી કે તેરાપંથી સંપ્રદાય શ્રીભગવતીજી સૂત્રનું પ્રકાશન કરી રહી હતી તેમાં એક <u>ન</u> એવા સ્થાને ગોઠવાઈ ગયેલ કે કેમેય કરી અર્થ બેસે નહિ. આ <u>ન</u> બિનજરૂરી લાગતો હતો. મુનિઓ બેઠા, પંડિતો બેઠા, ચર્ચાઓ ચાલી પણ સાગરજીમહારાજે આ <u>ન</u> છાપ્યો છે માટે જરૂર કોઈ રહસ્યાર્થ હશે. જો કે તે <u>ન</u> એ પ્રેસમીસ્ટીક હતી. છતાંય સાગરજીનો <u>ન</u> કાઢતાં ધ્રુજારી છૂટતી. આવું તો તેઓશ્રીનું આગમ વિષયક આગવું પ્રભુત્વ હતું. આગમ પ્રભાકર પૂજય મુનિ શ્રી પૂણ્યવિજયજી મ.સા.ના પણ પૂ. સાગરજી મ. પ્રત્યેની નિષ્ઠાનાં અનેક આવા પ્રસંગો પંડિતજી પાસેથી જાણવા મળ્યા બીજા પણ કેટલાયં પ્રસંગો છે જેમાં પૂજ્ય મ.ની બહુશ્રુતતા આજે પણ ઝળકી રહી છે.

સં. ૨૦૫૪ નાં જંબૂદ્વીપનાં ચાતુર્માસ દરમ્યાન એક દિવસ પૂ.આ.શ્રી. નરેન્દ્રસાગર સૂરીશ્વરજી મ.સા.ની પાસે બેઠો હતો. સિધ્ધચક્ર માસિક આગમવાણીનાં અણમોલ ખજાનાં જેવું અત્યારે જીર્ણશીર્ણ હાલતમાં છે. આનું પુન :. પ્રકાશન ખૂબજ જરુરી છે. નહી તો આ આગમોનાં રહસ્યાર્થો જણાવનારો આ ખજાનો નષ્ટ પ્રાયઃ થઈ જશે. આ અંગે થોડુંક

પ્રારંભિક કાર્ય વિનેય મુનિ સૌમ્યચંદ્ર સાગરે તથા મુનિ વિવેકચંદ્ર સાગરે પૂજ્યશ્રીની નિશ્રામાં બેસી શરુ કર્યુ પણ સમયના અભાવે આગળ ન વધ્યું. સાબરમતીમાં મુનિ પૂર્ણચંદ્રસાગર મ. સાથે પણ આ અંગે વિચારણા થયેલ.

સં. ૨૦૫૬નું આગમતીર્થ સમા સૂરત શહેર જ્યાં પૂ. આગમોધ્ધારકશ્રીએ અગ્યાર ચાર્તુમાસ કરી સુરતના પ્રત્યેકપરમાણુને આગમમય બનાવી દીધેલ જ્યાં પવિત્ર આગમમંદિર જૈનાનંદ પુસ્તક ભંડાર, શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધારક ફંડ, શ્રી જૈન તત્વબોધ પાઠશાળા, શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોધ્ધારક ફંડ આદિ વિશાળ જ્ઞાન પરબો જ્ઞાન તૃષાતુરોને પરમ તૃપ્તિનું કારણ બની છે જેનો પ્રભાવ આજે પણ વાડીનાં ઉપાશ્રયમાં પ્રવચનકારો શ્રોતાઓની સૂઝ બૂજ દ્વારા અનુભવી રહ્યા છે. આ સુરત શહેરનાં કૈલાસનગર શ્રી સંઘના ઉપાશ્રયમાં ચાતુર્માસ થયું.

પાલીતાણા જંબૂદ્વીપ ચાતુર્માસની એ અધૂરી ભાવના આપોઆપ સ્ફૂરી આથી અંતરમાં એક પ્રકારના માત્ર અનુભવી શકાય પણ લખી ન શકાય તેવા નાદનું પ્રગટીકરણ થયું અને પૂજ્યપાદ પરમ ગુરુદેવશ્રીની પરમ કૃપાથી સિદ્ધચક્ર માસિકના તમામ અંકોનાં પુનર્મુદ્રણનાં સંકલ્પનો સાક્ષાત્કાર થયો સહવર્તીમુનિઓ સાથે વિચારણ થઈ. પરિણામે ‘દેવાવિ તં નમંસન્તિ’ મુજબ ચારેબાજુથી તમામ અનુકૂળતાઓ અલ્પ પ્રયત્ને સહજતાથી મળવા લાગી કાર્યકળા કુશળ મુનિ સૌમ્યચંદ્રસાગરે “નેમ-પ્રભા” પ્રિન્ટર્સવાળા શ્રી કનકભાઈ તથા જંબૂદ્વીપ પ્રીન્ટ વીઝનવાળા શ્રી કાંતિભાઈને બોલાવી કોમ્પ્યુટર - કાગળો વિ.ની સફળ કાર્યવાહી આરંભી લીધી.

સાગર સમુદાયના રાગી શ્રુતભક્ત અને વફાદાર એવા શ્રાવકોની એક કમિટી બનાવી. દેવગુરુની પરમકૃપા અને પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. ભ. શ્રી સૂર્યોદયસાગર સૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય આ. શ્રી નરેન્દ્ર સાગર સૂરીશ્વરજી મ.સાહેબના આશીર્વાદપત્રો પણ આવી ગયા. અને કાર્યનો પ્રારંભ થયો ચારેબાજુથી આર્થીક સહયોગ ન ધારેલો સહજ પ્રયત્ને આપોઆપ મળવા લાગ્યો. અને આ કાર્યનાં શ્રી ગણેશ થયા જેમાં સૌપ્રથમ વાડીનો ઊપાશ્રય, કૈલાસનગર જૈન શ્રીસંઘ, નાનપરા જૈન શ્રીસંઘ, અઠવા લાઈન્સ જૈન શ્રી સંઘ તથા શ્રી ઓંકાર સૂરિ આરાધના ભવને ઉલ્લાસથી કાર્યનાં પ્રારંભે મહત્વનો સહયોગ આપ્યો.

પ્રથમ તો ઝેરોક્ષ ફોટા કોપીનો વિચાર કરેલ જેમાં પ્રૂફ જોવાની મહેનત નહી પણ તેમાં પીળા અને ઝાંખા પડી ગયેલા પાનાની અસર પણ આવે વળી તે લેટર પ્રેસમાં છાપેલાં અક્ષરો આજના સમયને જોતાં અનુરુપ નહીં લાગવાથી બધું જ કોમ્પ્યુટરાઈઝ્ડ કરવાનું વિચાર્યુ. મંગળ મુહુર્તે પ્રારંભાયેલું આ કાર્ય એટલા વેગથી ચાલ્યું કે આનુ પ્રૂફ કેમ જોવું ? રોજના ૩૦૦ થી ૩૫૦ પાનાં તૈયાર થવા લાગ્યા, શરુમાં પ્રૂફ જોનારાઓએ પણ ઢગલાબંધ ભૂલો એમનીએમ રાખી છેવટે પ્રૂફ જોનારાઓ બદલ્યા. અમોએ જ આ કાર્ય છેલ્લા પ્રૂફનું

હાથમાં લીધું ચાતુર્માસની અનેક કાર્યવ્યસ્તતા છતાં સંતોષકારક કાર્ય થવા લાગ્યું જોકે મારા પૂ. ગુરુદેવશ્રી મઝાકમાં કયારેક કહેતા કે "ઈત્થિયા પુત્થિયા કભી ન શુધ્ધિયા" નાં ન્યાય મુજબ વધુને વધુ સમય આપવા છતાં, પ્રૂફરીડરો બદલવા છતાં ક્ષતિઓ તો આવી જ છે જે વાંચકો ક્ષમ્ય ગણશે. એક વાર તો એક ફર્મો છપાયા બાદ છેલ્લા ૧૦ પાનામાં ઘણી ભૂલો હતી. આ ફર્મો અમારા ચેકીંગમાં રહી ગયેલ જેથી છપાઈ ગયેલાં એ તમામ પાના કેન્સલ કરી તે ફર્મો પુનઃછાપ્યો છતાં એક મહામૂલો આગમનો ખજાનો નષ્ટભ્રષ્ટ થતાં બચ્યો એક સૂચન એ પણ આવ્યું કે પૂ. આગમોદ્ધારકશ્રીની ભાષા જ્યાં ક્લીષ્ટ છે તથા ગામઠી કહેવતો છે ત્યાં આજની ભાષામાં સરળ બનાવવી. પણ તેમ કરતાં દેશનાકારશ્રીનો ભાવ જ બદલાઈ જવાનાં ભયે તે સાહસ ન કર્યુ અને જેમ હતું તેમ જ રાખી છપાવ્યું જો કે એક બે વાર શાંતિથી થોડું વાંચન ચાલુ રખાય તો આપોઆપ ગેડ બેસતી જાય અને આગમીક રહસ્યોની મઝા મનાતી જાય. "શુભે યથાશક્તિ યતનીયમ્‌ના ન્યાયનો પરમ આનંદ આજે અમારા આત્મામાં લહેરાઈ રહ્યો છે.

પ્રુફને જોવાનાં બહાને મને પણ નવા નવા કેટલાય મુદ્દા, નવીન તર્કો, નવાશાસ્ત્ર પાઠો, નવા દ્રષ્ટાંતો, નવીનવી કહેવતો વિ. પ્રાપ્ત થઈ જે સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિનું શુદ્ધિનું કારણ બન્યું.

પૂજ્ય આગમોદ્ધારકશ્રીના સ્વહસ્તે દીક્ષીત શિષ્ય કર્મગ્રંથ નિપુણ પૂજ્યપાદ ગચ્છાધિપતિ **આચાર્યદેવશ્રી સૂર્યોદયસાગરસૂરીશ્વરજી મ. શ્રી**એ આ પ્રસ્તાવનાનું ગૌરવ વધાર્યું છે.

અમે આ સિધ્ધચક્રનાં અંકોનાં ટાઈટલ પણ જેવા રંગનાં હતાં તેવાજ રાખ્યા છે.

મારા આ કાર્યમાં મુનિ સૌમ્યચંદ્રસાગર મ., મુનિ વિવેકચંદ્રસાગર મ., મુનિ ધૈર્યચંદ્રસાગર મ. અનેક કાર્યવ્યસ્તતા હોવા છતાં સારા સહભાગી બન્યા છે.

લગભગ દરેક આ ગ્રંથમાં પૂ. આગમોદ્ધારકશ્રીની વિષયવાર જીવનપ્રભાની જ્યોત મૂકવામાં આવી છે.

તથા પ્રથમથીજ તંત્રી તરીકે સેવા આપનાર ઝવેરી પાનાચંદ રુપચંદ (સૂરત) તથા ચીમનલાલ સવાઈચંદ સંઘવી (સૂરત)ની અનુમોદના કરીયે છીયે.

અન્તે ભગવતી શ્રુતદેવી શાસનદેવતા અને પૂ. ગુરુદેવશ્રીની અસીમ કૃપાને વિનંતી કે આ કાર્ય ઝડપી સંપૂર્ણ બને અને જિજ્ઞાસુઓ આગમનાં રહસ્યોને પામી. જીવનમાં ઉતારી પરમપદને પ્રાપ્ત કરે એજ મંગળ કામના.

**અભયગુરુપાદપદ્મસેવી**

**અશોકસાગરસૂરિ**



# અમારો અહોભાવ પ્યારાગુરુજી પ્રતિ....

તુમ ગુણ ગણ ગંગાજલે, હું ઝીલી નીર્મળ થાઉં રે...
હે મારા પ્યારા, ગુરુદેવ, તમારા ગુણોનું વર્ણન
કયા સ્વરુપે કરું !
સમ્યગ્ જ્ઞાન સમ્યગ્ દર્શન સમ્યગ્ ચારિત્રનાં
તમારા ગુણગણને જોતાં, જાણે હું તમારા આ ગુણોને ગાયા જ કરું,
બસ તમારી ગુણગંગામાં નાહ્યા જ કરું.

જ્યારે

પૂ. આચાર્યશ્રી અશોકસાગરસૂરિજી મ. સાહેબે અમોને સૂરત બોલાવી સિધ્ધચક્ર માસિકનાં જીર્ણશીર્ણ અંકોને બતાવવા સાથે હૃદયને હલબલાવી મૂકે તેવી રીતે આ સિદ્ધચક્ર માસિકનાં પુનર્મુદ્રણ માટે પ્રેરણા કરી અને તુર્ત જ અમો એ આ કાર્ય વધાવી લીધું પરંતુ તેમા સાચી મહેનત તો પૂ. આચાર્યશ્રી એ તથા તેઓશ્રીનાં વિનેય મુનિશ્રી સૌમ્યચંદ્ર સાગરજી મ.સાહેબે જ કરી છે.

અમોતો માત્ર

**ગુણીજન ગુણ ગાવતાંગુણ આવે નિજ અંગ** આ ઉક્તિ મુજબ કંઈ
તમારા ઢગલાબંધ ગુણોમાંથી તેના લેશ ને પ્રાપ્ત કરી જીવન ધન્ય બનાવીએ એ મંગળ કામના સાથે.

## -: સિદ્ધચક્રમાસિક પુનર્મુદ્રણ સમિતિનાં સભ્યો :-

- ❖ શ્રી પ્રફુલ્લભાઈ શાંતીચંદ ઝવેરી, સુરત
- ❖ શ્રી ઉષાકાંતભાઈ સાકરચંદ ઝવેરી, સુરત
- ❖ શ્રી રાજુભાઈ કલ્યાણચંદ ઝવેરી, સુરત.
- ❖ શ્રી પુષ્પસેન પાનાંચદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી નિરંજનભાઈ ગુલાબચંદ ચોકસી, મુંબઈ
- ❖ શ્રી શાંતીચંદ રવિચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી ચંદ્રસેન અભેચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી ઉષાકાંત અમરચંદ ઝવેરી, મુબઈ
- ❖ શ્રી પ્રફુલ્લ અમીચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી અશોકભાઈ પાનાચંદ ઝવેરી, મુંબઈ
- ❖ શ્રી હેમચંદભાઈ મોતીચંદ ઝવેરી, મુંબઈ

## તથા જંબૂદ્વીપ વર્ધમાન જૈન પેઢી, ટ્રસ્ટી ગણ


૧. શ્રી અમરચંદ રતનચંદ ઝવેરી, મુંબઈ.
૨. શ્રી વસંતભાઈ ઉત્તમચંદ વૈદ્ય, ઉંઝા.
૩. શ્રી અશોકભાઈ સુરજમલ શાહ, અમદાવાદ.
૪.શ્રી વિનુભાઈ જગજીવનદાસ સંઘવી, ભાવનગર.

**અમારું આયોજન....     તમારો સહકાર....**

## આ સિદ્ધચક્ર પાક્ષિકમાં લાભ લેવાનાં પ્રકારો.....

### મુખ્યસ્તંભ

૧,૧૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં મુખ્ય સ્તંભ બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે પૂરા પેજ સાથે તમારું અભિનંદન કરશું.

### આધારસ્તંભ

૫૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં આધારસ્તંભ બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે અર્ધા પેજમાં આભાર પ્રદર્શિત કરશું.

### શ્રુતસ્નેહી

૨૫,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં શ્રુતસ્નેહી બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો રંગીન ફોટા સાથે પા. પેજમાં સહયોગી તરીકેનો લાભ મળશે.

### શુભેચ્છક

૧૧,૧૧૧/- રૂા. આપી આ જ્ઞાન પરબનાં શુભેચ્છક બની તમારો કે તમારા સંઘનાં દેરાસર ઉપાશ્રય કે જ્ઞાન ભંડારનો નામ આપનાર દાતા તરીકે આ સમ્યગ્જ્ઞાનની પરબમાં પ્રગટ કરશું.

રૂપિયા ૪૦૦૦ હજાર
ભરનાર સભ્યને સિધ્ધચક્ર માસિકનાં
તમામ અંકોના અઢાર દળદાર ગ્રંથોનો
એક સેટ આપવામાં આવશે.

## મુખ્યસ્તંભ

* **શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર, પાલીતાણા.**

* **શ્રી વર્ધમાન જૈન તામ્રપત્ર આગમ મંદિર, ગોપીપુરા, સુરત.**

* **શ્રી મહાવીર સ્વામિ જૈન દેરાસર, શ્રી નાનપરા જૈન શ્રી સંઘ, દીવાળીબાગ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી ધૈર્યચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી આદીનાથ જૈન દેરાસર, કૈલાસનગર જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ, મજુરાગેટ, સુરત.** પ્રેરક :- સાધ્વીશ્રી પ્રશાંતગુણાશ્રીજી મ.સા.

* **શ્રી આદિનાથ જૈન દેરાસર, અઠવાલાઈન્સ જૈન સંઘ, સુરત. શેઠ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, લાલબંગલા, અઠવાલાઈન્સ, સુરત.**

* **શ્રી સંભવનાથ જૈન દેરાસર, શ્રી સંભવનાથ જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ, વિજયવાડા.** પ્રેરક :- સાધ્વીશ્રી સુરક્ષાશ્રીજી મ.સા.

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી વિજયદેવસૂરિ સંઘ તથા ગોડીજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, પાયધુની, મુંબઈ.**

* **શ્રી ધર્મનાથ જૈન દેરાસર, શ્રી જવાહર નગર શ્વે.મૂ.પૂ. સંઘ ગોરેગાંવ, મુંબઈ** પ્રેરક :- મુનિશ્રી સાગરચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી કલ્યાણ પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, ચોપાટી, મુંબઈ** પ્રેરક :- મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી અનંતનાથ જૈન દેરાસર, સુરત. શેઠશ્રી નેમચંદ મેલાપચંદ ઝવેરી વાડી જૈન ઉપાશ્રય ટ્રસ્ટ, સુરત.**

* **શ્રી માટુંગા જૈન શ્વેતાંમ્બર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ, મુંબઈ. બ્રાહ્મણવાડા રોડના નાકે, માટુંગા, મુંબઈ.**

# આધારસ્તંભ

* **શ્રી ઓમકારસૂરિ આરાધના ભવન ટ્રસ્ટ, ગોપીપુરા, સુરત.**

* **શ્રી જૈન શ્વેતાંબર નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ પેઢી, નાગેશ્વર**
  પ્રેરક :- સચિવ દીપચંદજી જૈન ઉન્હેલ (રાજસ્થાન)

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથજી જૈન દેરાસર, બાઈ ફુલકોરબાઈ ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટ, પ્રવિણચંદ્ર રુપચંદ ઝવેરી, માળીફળીઆ, ગોપીપુરા, સુરત.**

* **શ્રી શીતલનાથ જૈન દેરાસર, શ્રી હરીપુરા જૈન ઉપાશ્રય, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી સૌભાગ્યચંદ્રસાગરજી મ.સા.

* **શ્રી શાંતિનાથ જૈન દેરાસર, પૂ. પાદ આગમોદ્ધારક શ્રી દ્વારા સ્થાપિત ઋષભદેવ કેશરીમલ જૈન પેઢી, બજાજખાના, રતલામ. (મ.પ્ર.)**

* **શ્રી કુંથુનાથજી જૈન મોટા દેરાસર, ઊંઝા, જૈન મહાજન પેઢી, ઊંઝા.** પ્રેરક :- મુનિશ્રી લબ્ધિચંદ્રસાગરજી મ.સા.

* શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર, શ્રી સાબરમતી (રામનગર) જૈન શ્વે.મૂ.પૂ. સંઘ, અમદાવાદ.

* શ્રી ઋષભદેવ છગનીરામ જૈન શ્વે. પેઢી, ખારાકુવા, ઊજ્જૈન.

* શ્રી અર્બુદગિરિરાજ જૈન શ્વે. તપાગચ્છ ઉપાશ્રય ટ્રસ્ટ, ઈન્દોર પિપલી બજાર, ઈન્દોર, (મ.પ્ર.)

# શ્રુતસ્નેહી

* શ્રી અજીતનાથ જિનાલય, શ્રી વાવજૈન શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, વાવ (બ.કાં.) પ્રેરક :- સાધ્વીશ્રી પૂણ્યયશાશ્રીજી મ.સા.
* શ્રી નમિનાથ જૈન દેરાસર, ખાનપુર જૈન શ્રી સંઘ, અમદાવાદ.
* શ્રી શાંતિચંદભાઈ બાલુભાઈ ઝવેરી (ઘર દેરાસર) સુરત નિવાસી, હાલ. પાર્લા (વે.) મુંબઈ.
* શ્રી સુપાર્શ્વનાથ સ્વામી જૈન દેરાસર, છાપરીયા શેરી, મોટા ઉપાશ્રય, સુરત. પ્રેરક :- પૂ.પ. શ્રી નરચંદ્રસાગરજી મ.સા.
* શ્રી આદીશ્વર જૈન દેરાસર, જૈન શ્વે.મૂ.પૂ. શ્રી સંઘ શેઠ ડોસાભાઈ અભેચંદ પેઢી, ધાર્મિક ટ્રસ્ટ, ભાવનગર.
* શ્રી શાંતિનાથ જૈન દેરાસર શ્રી લક્ષ્મીવર્ધક જૈન સંઘ, પાલડી, અમદાવાદ.
* શેઠશ્રી હઠીસિંહ કેશરસિંહ જૈન દેરાસર, શ્રુતનિધિ ટ્રસ્ટ, શારદાબેન ચીમનભાઈ એજ્યુકેશન રિસર્ચ સેન્ટર, અમદાવાદ.
* શ્રી મુનિસુવ્રતસ્વામી જીનાલય, શ્રી કારેલીબાગ શ્વે.મૂ.પૂ. જૈન સંઘ કારેલીબાગ, વડોદરા.

* **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જૈન દેરાસર સંઘ, નવસારી,**
  પ્રેરક :- પૂ.પ. મુનિશ્રી અક્ષયચંદ્રસાગરજી મ.સા.
* **શ્રી વિશ્વનંદીકર જૈન સંઘ, ભગવાન નગરનો ટેકરો, પાલડી. અમદાવાદ.**
* **શ્રી વેપ્રી શ્વેતાંમ્બર મૂ.પૂ. જૈન સંઘ, મુ. ચેન્નાઈ.**
  પ્રેરક :- પં.પૂ. આ. શ્રી નરદેવસાગરસૂરિ મ.સા.
* **શ્રી વર્ધમાન જૈન શ્વેતામ્બર મૂ.પૂ. સંઘ, અમદાવાદ. ઉસ્માનપુરા ચાર રસ્તા, આશ્રમ રોડ, પીન-૩૮૦૦૧૪**
* **શેઠ વાડીલાલ સારાભાઈ દેરાસરજી ટ્રસ્ટ શ્રી ચંદ્રપ્રભુજી જૈન દેરાસર, પ્રાર્થના સમાજ, મુંબઈ**
* **શ્રી પાર્શ્વમણી આરાધના ભવન સુરત** પૂ. વિજેતાશ્રીજી સા.મ. પ્રેરણાથી હ : એક સદ્ગ્રહસ્થ.
* **શ્રી જૈન સોસાયટી જૈન સંઘ પાલડી, અમદાવાદ.**

## શુભેચ્છક

* **શ્રી ગોડીજી પાર્શ્વનાથ શ્વે.મૂ.પૂ. તપ. જૈનદેરાસર, વોરાબજાર, ભાવનગર.**
* **શ્રી મણીનગર જૈન શ્વે. મૂ. પૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક :- પૂ.આ.શ્રી નિરંજનસાગરસૂરિ મ.સા.
* **શ્રી જૈન શ્વે. મંદિર શ્રી આદિશ્વર ભગવાન પેઢી તાજના પેઠ આકોલા.** પ્રેરક :- પ.પૂ. આ. શ્રી નરદેવસાગર સૂરિ. મ. સા.
* **એક સદ્‌ગૃહસ્થ** પ્રેરક :- પૂ. સાધ્વીજી શ્રી સદ્‌ગુણાશ્રીજી મ. સા. નાં શિષ્યા પૂ. સાધ્વીજીશ્રી સુલસાશ્રીજી મ. સા. પાટણ.
* **શ્રી અભયસાગર જૈન ઉપાશ્રય, કીર્તિ સોસાયટી, સાબરમતી, અમદાવાદ** પ્રેરક :- પૂ. સાધ્વીજી શ્રી જયવંતાશ્રીજી મ. સા.
* **બુહારી શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ.** પ્રેરક:- પૂ. સા.શ્રી અમીતાશ્રીજી મ.સા.
* **શ્રી પોરબંદર શ્વે.મૂ.પૂ. જૈન શ્રી સંઘ ટ્રસ્ટ** પ્રેરક :- પૂ.સા.શ્રી નિરૂજાશ્રીજી મ.ના શિષ્યા પૂ. સાધ્વીશ્રીજી વિદિતરત્નાશ્રીજી મ.સા.
* **શ્રી સરેલાવાડી જૈન શ્રી સંઘ, ઘોડદોડ રોડ, સુરત.** પ્રેરક :- પૂ. મુનિશ્રી વિવેકચંદ્રસાગરજી મ. સા.
* **શ્રી નાગેશ્વર જૈન શ્રીસંઘ, નાગેશ્વર** પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી દમિતાશ્રીજી મ. સા.
* **પૂ. શ્રી ફલ્ગુશ્રીજી મ.સા. ના શિષ્યા પૂ.શ્રી અમિતગુણાશ્રીજી મ.ની ૧૦૦ ઓળીની સમાપ્તિ નિમિત્તે પારણા મહોત્સવ સમિતિ.** પ્રેરક:- પૂ. શ્રીના શિષ્યા-પ્રશિષ્યા પરિવાર.
* **સુંદરલાલ સેવંતિલાલ શાહ (ચાણસ્માવાળા) સુરત**
* **લલીતાબેન નાથાલાલ શાહના સ્મરણાર્થે સ્વ. નાનચંદભાઈ છગનલાલ શાહ (રાંદેરવાળા તરફથી)** પ્રેરક:- પ.પૂ. સાધ્વીજીશ્રી શમગુણાશ્રીજી મ.ના શિષ્યા પૂ. પ્રશાંતગુણાશ્રીજી મ.ના. શિષ્યા મૂ.સા. વિદિતપૂર્ણાશ્રીજી મ., પૂ. સા. શ્રી પ્રીતિવર્ષાશ્રીજી મ. સા. તથા પૂ. સા. શ્રીપૂર્ણભદ્રાશ્રીજી મ.

* **નાનુબ્હેન બંગલાના આરાધક બ્હેનો તરફથી**પ્રેરક:-પ.પૂ.સા.શ્રી રેવતીશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ. સા. શ્રી શમગુણાશ્રીજી મ. સા. ના શિષ્યા પૂ. સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજી મ. સા.
* **શ્રી ગુણનિધિ શ્વે.મૂ. શ્રીસંઘ અમદાવાદ** પ્રેરક:- પૂ. આ. શ્રી જિતેન્દ્રસાગરસૂરિજી મ. સા. તથા પૂ. મુનિ શ્રી પૂન્યપાળસાગરજી મ.
* **એક સદ્ગૃહસ્થ** પ્રેરક:- પૂ.સા.પ્રશમધરાશ્રીજી મ. તથા પૂ.સા. શીલંધરાશ્રીજી મ.ની પ્રેરણાથી પૂ.સા.શ્રી કીર્તિધરાશ્રીનાં શિષ્યા પૂ.સા. વૃષ્ટિધરાશ્રી સા. કૃતિધરાશ્રીની દીક્ષા નિમિત્તે.
* **ચાણસ્મા જૈન મહાજન શ્રીસંઘ, ચાણસ્મા.**
* **દ.વી.પોષધશાળા નાનપરા, અઠવાગેટ, સૂરત.**
* **શ્રી ચીમનલાલ ચુનીલાલ ઝવેરી, માલણવાળા, સૂરત.**
* **એક સદ્ગૃહસ્થ**પ્રેરક:- પૂ. રંજનશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા. પ્રીયંકરાશ્રી મ.ની સ્મૃતિમાં પૂ.સા. શ્રી નિરંજનાશ્રીજી મ.
* **સગરામપુરા જૈન શ્રી સંઘ, સુરત.**
* **શ્રી રુપચંદ ફકીરચંદ ઝવેરી પરિવાર સુરત.**
* **અઠવાલાઈન્સ જૈન સંઘની બ્હેનો તરફથી**પ્રેરક:- પૂ.સા. શ્રી પ્રશાંતગુણાશ્રીજીમ.
* **શ્રી વડોદરા શહેર જૈન સંઘ, શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રય જાની શેરી, વડોદરા.**
* **શ્રી લલિતા, વનિતા, હીરા આરાધના ભવન, સાબરમતી, અમદાવાદ.**પ્રેરક:- પૂ. સાધ્વી શ્રી નિત્યાનંદશ્રીજી મ. ના શિષ્યા પૂ. સાધ્વી કલ્પજ્ઞાશ્રીજી.
* **વડાચૌટા સંવેગી જૈન ઊપાશ્ર. સૂરત.**
* **શ્રી કોટન ગ્રીન શ્વે. મૂર્તિ પૂજન જૈન સંઘ.** પ્રેરક:- પૂ. મલય-ચારુ **શીશુ દિવ્યપૂર્ણાશ્રીજી મ.**
* **છાણી જૈન શ્વે. શ્રી સંઘ - છાણી**

* ભટાર રોડ જૈન શ્વે. શ્રી સંઘ, સુરત.
* એક સદ્‌ગૃહસ્થ હ : શકુબહેન રતલામવાલા પ્રેરક:- પૂ.સાધ્વીજી શ્રી શીલરેખાશ્રીજી મ. તથા પૂ. સાધ્વીજીશ્રી વિશ્વવિદાશ્રીજી મ.ની
* લુણાવાડા જૈન શ્વે શ્રી સંઘ પ્રેરક:- પૂ.સાધ્વીજીશ્રી વસંતપ્રભાશ્રીજી મ. તથા પૂ.સા.શ્રી અમિતગુણાશ્રીજી મ.
* શ્રી ગુલાબચંદજી તારાચંદજી કોચર, નાગપુર.
* શ્રી સુધારા ખાતાની પેઢી, મહેસાણા.
* શ્રી વિદ્યાવિહાર બાલીભુવન, જૈન ધર્મશાળા, પાલીતાણા.
* શ્રી વિશા શ્રીમાલી તપાગચ્છ જ્ઞાતિ, જૈન પાઠશાળા, જામનગર.
* શ્રી વર્ધમાન ભક્તિ શ્વે.મૂ.પૂ. ઈરાની વાડી, જૈન સંઘ, કાંદીવલી (વે.)
* શ્રી બુદ્ધિ-કીર્તિ-કૈલાસ-સુબોધ-મનોહર-જય ચેરીટેબલ ટ્રસ્ટ, પાલડી, અમદાવાદ.
* શ્રી લીલચંદભાઈ રંગજીભાઈ શાહ પરિવાર, દીલોદવાળા, હાલ - પાલડી, અમદાવાદ.
* શ્રી શાંન્તાક્રુઝ જૈન તપાગચ્છ સંઘ, શાન્તાક્રુઝ મુંબઈ.
* શ્રી આદીનાથ શ્વે.મૂ. જૈન સંઘ, કાનજીવાડી, શાંતાદેવી રોડ, નવસારી.
* શ્રી વલસાડ જૈન શ્વે. મહાવીર સ્વામી ભગવાન પેઢી, વલસાડ.
* શ્રી નાનચંદ ધનાજી ટ્રસ્ટ ઉપાશ્રય સુરત. પ્રેરક:- સાધ્વીશ્રી મનકશ્રીજી મ.
* ત્રિકમનગર જૈન શ્રીસંઘ, સુરત. નવા ઉમરવાડા, સુરત.
* શ્રી નગીબાઈ ચુનીલાલજી જૈન શ્વેતાંમ્બર ટ્રસ્ટ, મહિદપુર.
* શ્રી પૂ.સા. શ્રી વિપુલયશાશ્રીજી મ.ના શિષ્યા સા. શ્રી રમ્યશીલાશ્રીજી તથા સા. શ્રી ભવ્યશીલાશ્રીજી મ. ના સદ્ ઉપદેશથી શ્રી જસવંતીબેન પ્રભુદાસ ટોળીયા રાજકોટવાળા તરફથી

* **શ્રી સંઘ બદનાવર (મ.પ્ર.) હ. શ્રી ભરતકુમાર સુંદેચા**
* **સ્વ. ગાંધી રતિલાલ પાનાચંદ વેજલપુરવાળા, વડોદરા. હ. ગાંધી પાનાંચદ ખેમચંદ પરિવાર, મુ. વડોદરા.**
* **શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, મું. આણંદ. ભગવાન મહાવીર માર્ગ મુ. આણંદ, જી. ખેડા.**
* **પૂ. મનોહર ઈન્દુશ્રીજી મ.સા. ની શિષ્યાશ્રી શશીપ્રભાશ્રીજી મ. ની પ્રેરણાથી શ્રી રાજગઢ જૈન સંઘ (મ.પ્ર.) હ. શ્રી કૈલાસચંદ્ર જૈન**
* **શ્રી મહાયશાશ્રીજી આરાધના ભુવન, ગોપીપુરા, સુરત. હ. વસુબેન સંઘવી.**
* **માલણ જૈન શ્રીસંઘ, મુ. માલણ (બનાસકાંઠા)**
* **શ્રી ચિંતામણી પાર્શ્વનાથ સુમેરનગર ટ્રસ્ટ બોરીવલી (વેસ્ટ) મુંબઈ** પ્રેરક :- સા. શ્રી પ્રીતિધર્માશ્રીજી મ.
* **પૂ.સા. શ્રી ગુણોદયશ્રીજી મ. ની સ્મૃતિ નિમિત્તે પૂ.સા. શ્રી મનોગુપ્તાશ્રીજી મ. તથા સા. શ્રી કલ્પલતાશ્રીજી મ. આદિની પ્રેરણાથી હીરીબેન કેશવલાલ રત્નત્રયી આરાધના ભવન તરફથી**
* **શ્રી ચીંતામણી પાર્શ્વનાથ સુમેર નગર જૈન ટ્રસ્ટ બોરીવલી. ( વેસ્ટ ) મુંબઈ** પૂ. સા. પ્રિતિધર્માશ્રીજી મ. ની પ્રેરણાથી.
* **શ્રી માલણ જૈન સંઘ માલણ.**
* **શ્રી અમૃતલાલ ચુનીલાલ સંઘવીની સ્મૃતિમાં**હ : સુમનભાઈ સંઘવી માલણવાળા હાલ - સુરત.
* **શ્રી સેટેલાઈટ શ્વે. મુ. જૈન સંઘ, સેટેલાઈટ, અમદાવાદ.**
* **શ્રી પૂ. સા. ગુણોદયાશ્રીજી મ.ની પૂણ્ય સ્મૃતિ નિમિત્તે** પૂજ્ય સા. રંજનશ્રીજી તથા પૂ. સા. મનોગુપ્તાશ્રીજી તથા પૂ. સા. કલ્પલત્તાશ્રીજી મ.
* **શ્રી પ્રવિણચંદ રતનચંદ રાજા પરિવાર, મુંબઈ.**

* * *

* *

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૧ | **દેવનું લક્ષણ** | ૮૯ |
| ૨ | **સાગર સમાધાન** | ૯૦ |
| ૩ | **સમાલોચના** | ૧૦૩ |
| ૪ | **શાસનપ્રેમી શ્રી ચર્તુવિધ સંઘની આગમચેતી** | ૧૦૪ |
| ૫ | **તીર્થયાત્રા સંઘયાત્રા** | ૧૦૫ |
| → | ભગવાન જિનેશ્વર મહારાજનાં મંદિરનો જિર્ણોદ્ધાર કરનાર દુર્ગતિનાં રસ્તાનો નાશ કરનાર કેમ થયો? | ૧૦૬ |
| → | નિર્મમત્વભાવ પણ શાથી પ્રગટે છે. | ૧૦૭ |
| → | જીર્ણોદ્ધારથી કેટલા પ્રકારનાં ફળો હોઈ શકે? | ૧૦૮ |
| → | નમંસન્તિનો વાસ્તવિક અર્થ શો? | ૧૦૯ |
| → | ધર્મનાં ફળનું વર્ગીકરણ. | ૧૧૦ |
| → | ધર્મારાધન પરલોકનો ઉદેશ રાખીને પણ કરાવી શકાય | ૧૧૦ |
| → | ઉત્તમ ચીજની પાછળ કલેશ સ્વાભાવિક હોય છે. | ૧૧૧ |
| → | દેવ, ગુરૂ, ધર્મની પરિક્ષા | ૧૧૨ |
| → | મમતા દેવોને પણ પૃથ્વીકાયાદિમાં પટકે છે, તો આપણી શી દશા? | ૧૧૨ |
| ૬ | **આગમોદ્ધારકની અમોઘદેશના** | ૧૧૩ |
| → | ચોમેરથી તોફાનમાં સપડાયા છતા ચમકારો પણ કેમ નથી થતો? | ૧૧૪ |
| → | આત્મા પરિણતિજ્ઞાનમાં આવ્યો ક્યારે કહેવાય? | ૧૧૫ |
| → | શ્રુતજ્ઞાનની મહત્તા. | ૧૧૫ |
| → | વિધિ સર્વત્ર સ્વીકાર્ય છે. યોગ ઉપધાન એ આવશ્યક વિધાન છે. | ૧૧૬ |
| → | કેવલજ્ઞાનથી સ્વતંત્રપણે સર્વસ્વ જણાય છે. | ૧૧૭ |
| → | ગુણની પ્રશંસામાં દરજ્જો જોવાતો નથી. | ૧૧૮ |
| → | જીવને જીવન સમર્પનાર શ્રી તીર્થંકરદેવ જ છે. | ૧૧૯ |
| → | સાધ્ય સાધન શૂન્ય દેવનો ઉપદેશ નિષ્ફલ છે ! | ૧૨૦ |
| → | જેવા દેવ હોય તેવા ગુરુ હોય અને તેવો ધર્મ હોય. | ૧૨૦ |
| → | કોડોની કિંમતનાં હીરાને કોડીનાં મૂલ્યમાં ફગાવનાર ઝવેરી જ ખરો ગમાર છે. | ૧૨૧ |
| → | શ્રોતાને પ્રથમ ઉપદેશ ક્યો આપવો ? | ૧૨૨ |
| → | અર્થાપત્તિથી દોષ ક્યા અને ક્યારે લાગે ? તથા ક્યારે ન લાગે ? | ૧૨૩ |

# અનુક્રમણિકા


→ કદાગ્રહનાં પરિણામે તો દિગંબર બનવું પડ્યું ? ૧૨૪
→ શ્વેતાંબરોની માન્યતામાં મોક્ષની અટકાયત નથી. ૧૨૫
૭ **તીર્થોનું સ્થાન આર્યક્ષેત્ર કે અનાર્યક્ષેત્ર ?**
૮ **ખોટો બચાવ.** ૧૨૯
૯ **આગમોદ્ધારકની અમોઘ દેશના.** ૧૩૦
→ કર્મની અટલસત્તામાંથી નિયંત્રિત થયેલ મનુષ્ય કે દેવ કોઈ છુટી શકતા નથી. ૧૩૦
→ લોટ ફાકવો અને ભસવું બેય સાથે કદી નહી બને ! ૧૩૨
→ અનર્થદંડે દંડવાનું કાંઈ કારણ છે ? ૧૩૨
→ પાપને પાય પણ ન માને તો સમ્યક્ત્વ રહે ક્યાંથી ? ૧૩૩
→ સમ્યગ્દૃષ્ટિ જ્યારે પાપને પાપ માને, અને વ્યર્થ
પાપમયવાણી ન બોલે, તો સાધુ મહાત્માની શી ફરજ ? ૧૩૪
→ દેવોનાં પ્રકારોમાં સર્વોત્કૃષ્ટ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન છે. ૧૩૬
→ દેવની પરીક્ષા પોતનાં જ સ્વરૂપથી છે. ૧૩૬.
→ ગુરૂનું તથા ગુરૂનાં ધર્મલાભનું સ્વરૂપ ૧૩૭
→ ગુરૂ કેવા હોય ? ૧૩૭
→ શ્રીમંતને કે ગરીબને અપાતા ધર્મોપદેશના સ્વરૂપમાં ફરક નથી. ૧૩૯
→ દેવ બોલે નહીં પણ દેવની આશાતના બોળી નાંખે ! ૧૪૦
→ ભક્તિ ધર્મમાં દ્રવ્યની પ્રધાનતા. ૧૪૦
→ જૈન શાસનમાં સ્પૃશ્યાસ્પૃશ્યનો વિભાગ નથી. એમ નથી. ૧૪૧
→ ભિક્ષાને જો ધર્મ ન માનીએ, અધર્મ માનીએ તો ગુરૂને ગુરૂ કેમ મનાય ? ૧૪૧
→ માધુકરીવૃત્તિનો મહિમા.
→ ''ભજકલદાર''ની ભાવના ભૂલશો તો જ સાચા ગુરૂને ઓળખી શકશો. ૧૪૪
→ દેવ તથા ગુરૂની માન્યતા ધર્મને આશ્રીને છે. ૧૪૫
→ ધર્મ કોને કહેવો ? એ દેવ-ગુરૂની પરીક્ષા વિના જાણી શકાય તેમ નથી. ૧૪૬
→ શ્રી સર્વજ્ઞદેવનાં વચનોને કોરાણે મૂકીએ તો આપણે અંધ જ છીએ. ૧૪૭
→ અધિકાર જવાબદારીને અવલંબીને છે. ૧૪૮
→ ઉપઘાતનાં કારણો જોડનાર હિંસક જ કહેવાય. ૧૫૦
→ ધર્મ નિરૂપણનો અધિકાર શ્રીતીર્થંકર દેવને જ કેમ ? ૧૫૧

# અનુક્રમણિકા


→ તમામ દુન્યવી સુખોનાં ભોગે ધર્મ કરવાનું કારણ શું ? ૧૫૧
→ ચક્રવર્તી ચક્રવર્તીપણામાં મરે તો નરકે જ જાય. ૧૫૨
→ શ્રી જિનેશ્વર દેવે ધર્મનો ઉપદેશ કેવલ મોક્ષ માટેજ આપ્યો છે. ૧૫૪
→ સરહદમાં કોણ તથા સરહદની બહાર કોણ ? ૧૫૫
→ કેવલજ્ઞાની તથા તીર્તંકરમાં ફરક કેવલજ્ઞાનમાં નથી. પુણ્ય પ્રકૃતિમાં છે. ૧૫૬
→ ભગવાને પૂર્વભવમાં કરેલી ભાવના તથા તેની સિદ્ધિ માટે કરેલા તપની કલ્પના તો કરો. ૧૫૭
→ શ્રી તીર્થંકર નામકર્મનો દિવ્ય પ્રભાવ. ૧૫૮
→ મનુષ્યપણાનાં સ્થાન થોડા છે. ઉમેદવારો ઘણા છે. ૧૫૮
→ જન્મતાં જ મળતા સુખદુઃખમાં આ જન્મનું ક્યું કારણ છે ? ૧૫૯
→ અપૂર્ણાંકનો ગુણાકાર તે ભાગકારનો ભાઈ છે. ૧૬૦
→ તુંબડીમાં કાંકરા જેવા દેવે બતાવેલા ધર્મથી વળે શું ? ૧૬૧
→ સર્વજ્ઞ થવાય ક્યારે ? ૧૬૧
→ શ્રી અરિહંત દેવને જ શા માટે વળગવું ? ૧૬૨
→ તીર્થંકર કોણ થઈ શકે ? ૧૬૨
→ શ્રી તીર્થંકર દેવમાં તથા કેવલીમાં અસમાનતા ક્યાં છે ? ૧૬૩
ઉત્કૃષ્ટ પુણ્યનાં અચિંત્ય પ્રભાવમાં !!!
→ અર્થ જ અનર્થોનું મૂળ છે. મમત્વ ભાવની જં મારામારી છે. ૧૬૫
→ મમત્વ ભાવ જ મોટું મરણ છે. ૧૬૫
→ રત્નાકર પચીશીનાં રચનાર શ્રી રત્નાકરસૂરી ઉપદેશમાળાની વ્યાખ્યા કરતાં કહે છે. अत्थो अन्नत्थं मूलं पुत्रऋषि ૧૬૫

**૧૦ શ્રી જૈન દર્શન અને ભગવાન પાર્શ્વનાથ**

**૧૧ આગમોદ્ધારકની અમોઘ દેશના ૧૬૯**

→ શોક વસ્તુનાં નાશને લીધે નથી થતો, પણ તેને અંગે થયેલા પોતાપણાનાં નાશને લીધે થાય છે? ૧૭૦
→ ગુરુ મધુર તથા હિતકારિણી એવી વાણીથી રાજાને સમજાવે છે. ૧૭૧
→ ઉપદેશનો અમલ કરવામાં એદી હોય તે ઉલટો ઉપદેશકનો વાંક કાઢે છે. ૧૭૩
→ દીકરા તથા દીકરી પ્રત્યે ભાવનમાં ફરક શાથી ? ૧૭૩

# અનુક્રમણિકા


→ વિશુદ્ધ વર્તનવાળો જ વિશ્વને સાચા માર્ગે દોરી શકે. ૧૭૫
→ જ્ઞાન મુશ્કેલ નથી ચારિત્ર છે. ૧૭૫
→ દેવત્ત્વનું મહત્ત્વ સદ્વર્તનને અંગે છે. ૧૭૬
→ સર્વજ્ઞનાં વચનો માન્ય રાખવાનાં છે, પણ તેના મહત્ત્વના ત્રણ કારણો છે. ૧૭૭
**૧૨ સાગર સમાધઆન** ૧૭૭
**૧૩ સમાલોચના** ૧૯૧
**૧૪ જુઠ્ઠાનો અજોડ ઝરો**
**૧૫ સૂર્યનો ઉદય અને તિથિની આરાધના** ૧૯૩
**૧૬ સાગર સમાધાન** ૧૯૯
**૧૭ આગમોદ્ધારકની અમોઘ દેશના** ૨૦૫
→ જાણવું મુશ્કેલ નથી, મુશ્કેલ મેળવવામાં છે. ૨૦૬
→ જુઠ્ઠા લીટાઓ કરતાં જ સાચો એકડો શિખાય છે. ૨૦૬
→ કિલ્લો એ તો બચાવ છે. ૨૦૭
→ ભાઈને માટે ભાઈએ તજેલા ભોગો. ૨૦૮
→ કેવલજ્ઞાનની જડ સદ્વર્તન છે. ૨૧૦
→ સમ્યક્ શ્રદ્ધામાં છૂટછાટને લેશપણ અવકાશ નથી. ૨૧૧
→ ભેળશેળથી બનેલો માલ નકલી ગણાય. ૨૧૧
→ સમ્યક્ત્વમાં છૂટછાટ નથી. ૨૧૨
→ ધર્મનું મહત્ત્વ સ્વરૂપથી છે, સંખ્યાથી નથી. ૨૧૩
**૧૮ સમાલોચના** ૨૧૪
**૧૯ શ્રી શ્રમણસંઘ પુસ્તક સંગ્રહને અંગે.**
**૨૦ મૂલ સૂત્રો એટલે શું ?** ૨૧૭
**૨૧ સાગર સમાધાન** ૨૨૦
**૨૨ સમાલોચના** ૨૨૨
**૨૩ અર્હનિશ-ચિન્તવન** ૨૨૪
→ શું બિનજરૂરી ચીજ જ ધર્મ ? ૨૨૪
→ શંકા સમાધાયક દ્રષ્ટાંત અને સમજણ. ૨૨૪
→ માનવજીવનમાં વિષયોની મોંઘવારી ૨૨૫

# અનુક્રમણિકા


→ ક્યાંથી આવ્યા ? અને ક્યાં જશો ? ૨૨૭
→ પદાર્થ પ્રીતિની દુર્લભતા ૨૨૮
→ પદાર્થ પ્રીતિનાં ત્રણ પાયા. ૨૨૯
**૨૪ આગમોદ્ધારકની અમોઘદેશના ૨૩૧**
→ સમકિતી ગણાનારે શ્રી જિનેશ્વરદેવનાં વચનોને સોએ સો ટકા માનવાં જ પડશે ૨૩૨
→ જ્ઞાનનું ફલ વિરતી છે.
→ વિરતિ વગરનું જ્ઞાન નિષ્ફળ છે. તેને શાસ્ત્રકારો જ્ઞાન ગણતા નથી. ૨૩૪
→ આકસ્મિક બનાવો દ્રષ્ટાંતમાં લેખાય નહિં ૨૩૪
→ શ્રી તીર્થંકરદેવ સ્વતંત્ર ધર્મોપદેશક છે. ૨૩૬
→ પેઢીનો મુનીમ કલંક સાંખી શકે ? ૨૩૭
→ પ્રથમ લાયકાત મેળવ્યા પછી જ ઉપદેશાધિકાર. ૨૩૭
**૨૫ પર્વ આરાધનની-બલિષ્ઠતા**
**૨૬ સાગર સમાધાન ૨૪૧**
**૨૭ સમાલોચના ૨૪૬**
**૨૮ તીર્થયાત્રા-સંઘયાત્રા ૨૪૯**
→ જીર્ણોદ્ધારની અને જીર્ણોદ્ધાર કરાવનારની મહત્તા કેટલી ? ૨૪૯
→ દ્રવ્યનો વાસ્તવિક અર્થ શો ? ૨૫૨
→ સિદ્ધાદિક ચાર પરમેષ્ઠીમાં દ્રવ્યભાવપણું કેવી રીતે ? ૨૫૩
→ દ્રવ્ય તીર્થંકર કોણ હોઈ શકે ? ૨૫૪
→ ઉપાદાન અને નિમિત્ત કારણરૂપ દ્રવ્ય શબ્દ ક્યાં સંભવે? ૨૫૪
→ ચારે નિક્ષેપા માનનારા જ 'नमो अरिहंताणं' પદ બોલી નમસ્કાર કરી શકે? ૨૫૬
→ કારણરૂપ દ્રવ્યપૂજા કઈ બને ? ૨૫૬
→ ભગવાન જિનેશ્વરની પૂજ્યતા શાથી ? ૨૫૬
**૨૯ આગમોદ્ધારકની અમોઘદેશના ૨૫૭**
→ ગણધરદેવ દેશના આપે છે તેનું કારણ ? ૨૫૭
→ ભાવાંતરથી સહચારી સદ્વર્તન. ૨૫૭
→ મતનું નામ-દર્શનનું નામ ? ૨૫૯
→ જૈનમત જૈનદર્શન શાથી ? ૨૫૯

# અનુક્રમણિકા


→ ગુરુ વધે કે દેવ?

→ માનવા દેવ અને તેમનામાં ભૂલ માનવી ? એ તો બુદ્ધિનું પ્રત્યક્ષ લીલામ છે. ૨૬૦

→ ગુરુએ બતાવેલો આચાર તીર્થંકરદેવે પ્રરૂપેલો છે તે જ હોય. ૨૬૧

→ નાસ્તિકોને અમૃતપાન પણ નાશ માટે થાય છે. ૨૬૨

→ "જૈનમત" શાથી કહેવાય ? ૨૬૩

→ કદી પણ નથી હણાતું એવું અદ્‌ભુત બીજ શું? સમ્યક્ત્વ. ૨૬૪

→ જીવનભર કેવલ ઈંદ્રિયાદિની જ પંચાત ? ૨૬૪

→ અંકુરા પણ કેમ દેખાતા નથી ? ૨૬૫

→ નમો મત કાઢનાર મરીચી તે ભઘવાન મહાવીર શાથી થયા ? ૨૬૬

→ ભાવદયા એ જ જૈન દર્શનની વિશિષ્ટતા છે. ૨૬૭

→ દેવતત્વમાં જિન નામકર્મનો ઉદય મુખ્ય કારણ છે. ૨૬૭

→ જૈનદર્શનની આસ્તિક વ્યાખ્યા. ૨૬૮

→ ફુંકી ફુંકીને કરડી ખાતા ઉંદરો. ૨૬૯

→ ઉલ્લસિત ભાવદયાથી જ તીર્થંકરનામકર્મ બંધાય છે. ૨૭૦

→ તિથિ માન્યતાનાં પુરાવા આરાધનામાં પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ નહિં માનવાનાં પ્રમાણો

**૩૦ રામવિજયજીની સંતાવવાની રમત. ૨૭૩**

**૩૧ સમાલોચના ૨૭૫**

**૩૨ સાગર સમાધાન ૨૭૭**

**૩૩ રામ-શ્રીકાંતનાં મતનું દિગ્દર્શન ૨૭૮**

**૩૪ આગમોદ્ધારકની અમોઘદેશના. ૨૭૯**

→ ભામટા ગોઠીયાઓનો ઘાટ ઘડયે જ છુટકો. ૨૭૯

→ ડાળ ઉપરથી મળતાં ફળો પણ મૂળને જ આભારી છે. ૨૭૯

→ કથંચિત્ શરીર પોષવાનું, પણ ઈંદ્રિયો શોષવાની. ૨૮૦

**૩૫ તીર્થયાત્રા - સંઘયાત્રા ૨૮૧**

→ પારમાર્થિક ઉપકાર કયો ? ૨૮૧

→ સાચી દ્રવ્યપૂજા પણ ત્યાગનાં બહુમાન અંગે જ. ૨૮૧

→ તે જ ભવમાં પણ મોક્ષે કોણ જાય ? ૨૮૨

# અનુક્રમણિકા


→ જીર્ણોદ્ધાર પણ મોક્ષનું કારણ થઈ શકે. ૨૮૩
→ શક્ય અશક્ય સંભાવનાને અંગે કંઈક ૨૮૩
→ અધ્યાહારમાં રહેલ અપિ શબ્દનો અર્થ કેમ ઘટાવાય ? ૨૮૭
→ જીર્ણોદ્ધારથી બીજા પણ ફલો પ્રાપ્ત થાય છે. ૨૮૮
→ શરીરની સાતે ધાતુને તપાવે તે તપ. ૨૮૯
→ શરીરની સાત ધાતુને તપાવી નાંખે તે તપ. ૨૮૯
→ અન્નની આજ્ઞા છે, રસની આજ્ઞા નથી. ૨૯૦
→ હથિયાર હેઠાં મૂકાવ્યા વિના કાંઈ વળે નહિં. ૨૯૧
→ છતા સંયોગે જાગવુ નથી સૂતા જ રહેવું છે ? ૨૯૧
→ સારા સંયોગ જ સત્ય સ્વરૂપ પ્રગટાવવામાં કારણભૂત છે. ૨૯૧
→ તમામ વ્યવહારમાં આકારની આધીનતા સ્વીકારનારા મૂર્ત્તિનો વિરોધ શી રીતે કરી શકે ? ૨૯૩
→ ભગવાનની મૂર્ત્તિ એ પરમ આલંબન છે. ૨૯૪
**૩૬ કથીરશાસનનાં કમળાનું કારમાપણું**
**૩૭ રામ-શ્રીકાન્તને લખાયેલો પત્ર ૨૯૯**
**૩૮ સમાલોચના ૩૦૧**
**૩૯ આગમોદ્ધારકની અમોઘદેશના ૩૦૫**
→ શ્રી તીર્થંકરદેવ ચોવીસ જ કેમ ? ૩૦૬
→ કાગળ ઉપર લખેલા સૂત્રોથી ભલું ન થાય, વર્તનમાં ઉતારવું પડશે. ૩૦૭
→ દયા દયા કહે બધા, પણ સાચી દયા ક્યાં છે ? જૈન શાસનમાં. ૩૦૭
→ ધારી રાખે તે ધર્મ. ૩૦૮
→ પડવાનું હોય ત્યાં ધારી રાખનારની જરૂર છે. ૩૦૮
→ પતન તો ચાલુ છે, મુશ્કેલી ચઢવામાં છે ? ૩૦૯
→ અનાદિનો અફીણીઓ ? ૩૧૦
→ નાસ્તિક પણ મોતને માનવામાં આસ્તિક છે. ૩૧૧
→ જ્ઞાનદાનની વિશિષ્ટતા. ૩૧૧
→ ધર્મનો પ્રથમ ભેદ તે દાન જેમાં પણ જ્ઞાન દાનની જ મુખ્યતા ? ૩૧૨
→ ગંદકીનાં ગાડવારૂપ કાયાની કિંમત કલ્યાણ માર્ગે વાળવામાં જ છે. ૩૧૪

# અનુક્રમણિકા


→ દુનિયાનો એક પણ કાયદો કર્મ પાસે ચાલવાનો નથી. ૩૧૪
→ લેશ ઈર્ષ્યામાત્રથી સવાર્થસિદ્ધગતિની યોગ્યતાવાળા સાધુઓ સ્રીવેદ બાંધે છે. પહેલે ગુણઠાણે પટકાય છે. ૩૧૫
→ મેળવ્યું અને મ્હેલ્યું પણ રહ્યું શું? જે મેળવેલું જાય નહિં તે મેળવ્યું કહેવાય. ૩૧૮
→ ઈચ્છા સુખની છે, પણ સુખની શોધ છે ક્યાં ? ૩૧૮
→ સાચું સુખ મહાપુરૂષોએ બતાવેલા માર્ગમાં જ છે ? ૩૧૯
→ મેલવું જ પડે તે મેળવ્યું શું કામનું ? ૩૨૦
૪૦ તીર્થયાત્રા - સંઘયાત્રા ૩૨૧
→ જીર્ણોદ્ધારના પ્રતાપે કેવી કેવી ઉત્તમતા મળે ? ૩૨૧
→ બાલતપસ્યાથી મેળવેલ દેવલોકપણાનું પર્યવસાન શું ? ૩૨૧
→ જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવ દેવગતિમાંથી ક્યાં ઉપજે ? ૩૨૨
→ જીર્ણોદ્ધાર કરાવનાર જીવ મનુષ્યગતિ પામવા સાથે બીજુ શું શું પામે ? ૩૨૩
→ સેનાધિપતિ આદિ પદવીઓ પણ શાનાં પ્રતાપે ? ૩૨૩
→ સર્વકલાઓમાં કુશલપણું અને સ્રીપણે અનુત્પત્તિ શાથી ? ૩૨૫
→ કુલીનતા, સરળતા, આદિ કોના પ્રભાવે ? ૩૨૬
→ દૌર્ભાગ્ય નામકર્મનો અભાવ શાથી ? ૩૨૭
→ અપૂર્વ સૌમ્યપણું અને તેજસ્વીપણું ભવાંતરમાં શાથી ? ૩૨૭
→ સુરૂપતા અને જાનવલ્લભપણું પણ જીર્ણોદ્ધારથી મળી શકે. ૩૨૮
૪૧ સાગર સમાધાન ૩૨૯
૪૨ શ્રી શ્રમણ સંઘ પુસ્તક સંગ્રહ ૩૩૪
૪૩ કલ્યાણદિવસોની આરાધના
૪૪ સાગર સમાધાન ૩૩૭
૪૫ તીર્થયાત્રા - સંઘ યાત્રા ૩૫૩
→ કલ્પવૃક્ષ સરખો દાનેશ્વરી કોણ બને ? ૩૫૩
→ અંતિમ ફળ શું ? ૩૫૪
→ સાતે ક્ષેત્રોમાં જ્ઞાનક્ષેત્ર ક્યાં નંબરે ? ૩૫૪
→ ચૈત્ય શબ્દનો વાસ્તવિક અર્થ કયો ઘટે ? ૩૫૫
→ વીતરાગ પરમાત્માની પર્યુપાસનાનો માર્ગ કયો ? ૩૫૬

# અનુક્રમણિકા


→ નિર્વાણ કલ્યાણકને ભક્તિપૂર્વક કોણ આરાધે ? ૩૫૬
→ સાધુ (સાધ્વી) ક્ષેત્રની આરાધનાનો રસ્તો કયો ? ૩૫૭
→ શરીરની અશુચિતા કેવી ? ૩૫૮
→ સાધુ ભગવંતોની પર્યુપાસના પણ શરીર દ્વારાએ જ. ૩૫૮
→ સાત ક્ષેત્રોમાં ગુણરૂપ ક્ષેત્ર કયું ? ૩૫૯
→ ગુણોનું આરાધન ગુણી દ્વારાએ જ ૩૫૯
→ વાસ્તવિક શ્રદ્ધા કોનું નામ ? અને તદંગે કેટલીક સમીક્ષા. ૩૬૦
૪૬ **આગમોદ્ધારકની અમોઘદેશના** ૩૬૧
→ શ્રી જિનેશ્વરદેવનું શરણ સ્વીકારો ૩૬૧
→ માળ છે, ચઢવું છે, પણ સીડી વિના શું કરવું ? આ પ્રશ્નનો એક જ ઉત્તર છે કે ધર્મ એક જ સીડી. ૩૬૧
→ સાધુ સેવાની જરૂર ૩૬૨
→ જગત કલ્યાણની બુદ્ધિ. ૩૬૨
→ મનુષ્યપણું મળે શાથી ? ટકે શાથી ? ૩૬૩
→ સ્વભાવમાં શંકા, તર્ક કે દલીલ ઘટતી નથી. ૩૬૩
→ કર્મની સિદ્ધિ. ૩૬૪
→ જે ઈચ્છિત સ્થાન હોય તેને યોગ્ય તૈયારી કરવી જોઈએ. ૩૬૫
→ કષાયો પાતળા થવાથી મનુષ્યત્વ મળે. ૩૬૬
→ સાપનું ઝેર વધે કે મનુષ્યની નજરનું ઝેર વધે ? ૩૬૭
→ અશરીરિપણું એજ મહાન સદ્‌ગુણ. ૩૬૮
→ મનુષ્યત્વ ટકાવવા દાનરૂચિની આવશ્યકતા ૩૬૯
→ જમા રકમ ખોવી છે ? સાચવવી છે ? કે વધારવી છે ? ૩૭૦
→ કષાયો ઉપર કાબુ રાખવાની ટેવ પાડવી જોઈએ. ૩૭૧
→ પાતળા કષાયની ટેવ માટે જુઓ. ૩૭૨
→ ઉદ્યમનાં જ અવસરે પ્રમાદ ભયંકર છે. ૩૭૨
૪૭ **સમાલોચના**
૪૮ **અખિલ ભારત વર્ષીય શ્રી સંઘને સાવચેતી**
૪૯ **આગમોદ્ધારકની અમોઘ દેશના** ૩૭૮
→ મેળવેલાં નાણાં સાચવવામાં જ ખરૂં ડહાપણ છે. ૩૭૮

# અનુક્રમણિકા

→ વિષયો જ ઈચ્છવા યોગ્ય હોય તો તો તિર્યંચનો અવતાર જ ઈષ્ટ હોય. ૩૭૮
→ ધર્મ મનુષ્યભવમાં જ સધાય છે. તે માટે જ તેને વખાણ્યો છે. ૩૭૯
→ ધર્મનો સંબંધ વિવેક સાથે છે. ૩૮૧
→ પરલોક ન હોય તો યે આસ્તિકને વાંધો નથી પણ નીકળ્યો તો નાસ્તિકની વલે શી ? ૩૮૨
→ અનાદિની રખડપટ્ટી દૂર કેમ થાય ? ૩૮૪
→ અંકુરા વગર બીજ નથી, બીજ વગર અંકુરો નથી. ૩૮૪
→ ઈશ્વર દયાળુ કે જુલમગાર ? ૩૮૫
→ અસલ વસ્તુના જિજ્ઞાસુ કે ખપીએ નકલોથી ગભરાવવું ન જોઈએ. પણ સત્યને શોધવું જોઈએ. ૩૮૬
→ વિનાશી દેહ માટે સતત વ્યવસાય પણ અવિનાશી આત્મા માટે ક્યારેય વિચાર્યું ? ૩૮૬
→ સત્યની ઈચ્છા હોય તો શોધવું તો જોઈશે. ૩૮૭
→ નિર્દયકૃત્યોનો આરોપ ઈશ્વર ઉપર શા માટે ? ૩૮૮
→ દૃષ્ટિ ક્યાં રોકાઈ ? જગતને આદિ કહેવામાં કે અનાદિ કહેવામાં ? ૩૮૮
→ દીક્ષાનું નાટક ભજવવા તૈયાર થયેલા તઈતંબોલીનાં નાકનું લીલામ થવું જોઈએ? ૩૯૦
→ મોક્ષની મશ્કરી ? ૩૯૦
→ દીક્ષા મોક્ષપ્રદાયિની છે અને મોક્ષ માટે જ છે. ૩૯૧
→ નાટક...! અને તે પણ શુદ્ધ દેવ, ગુરુ અને ધર્મનું ? ૩૯૨
**૫૦ તીર્થયાત્રા - સંઘયાત્રા.**
→ જ્ઞાનનાં ફલ તરીકે શું ? ૩૯૪
→ મોક્ષપ્રાપ્તિ માટે વ્યાજબી કારણો ક્યાં ? ૩૯૪
→ ઘાતિકર્મનાં ક્ષય માટે શું કરાય ? ૩૯૭
→ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર કરતાં સમ્યગજ્ઞાન નામનું જુદુ ક્ષેત્ર કેમ ? ૩૯૮
→ જ્ઞાનક્ષેત્રની આરાધનામાં આધારભૂત કોણ ? ૩૯૯
→ આચાર અને આરાધનાનાં વિષયમાં પાંચ જ્ઞાન પૈકી કયું જ્ઞાન ? ૩૯૯
→ જ્ઞાનક્ષેત્રની આરાધના સંજ્ઞાક્ષરની સ્થાપનારૂપી પુસ્તકો દ્વારા એ જ. ૪૦૦

# અનુક્રમણિકા


→ અનેક પ્રકારનાં શ્રુતજ્ઞાનમાં આરાધ્ય કયું ? ૪૦૦
→ મગનલાલ કલ્યાણજીની લાયકાત કેટલી ? ૪૦૧
→ જૈનો દીક્ષાનાં નાટકનો પ્રતીકાર કર્યા સિવાય રહી શકે જ નહિ. ૪૦૧
→ મોક્ષપ્રદાયક દીક્ષાની નાટકથી ઠેકડી કરનારા, કરાવનારા પક્કા-બદમાશ-ગુન્હેગારો છે. ૪૦૨
→ ઘાઘરી પહેરનારાઓ પાસે દુનિયાને દેવ, ગુરૂ અને ધર્મના ફારસો જોવા દેવા છે ? ૪૦૩
→ સતીપણાંના શાસ્ત્રો લખવા માટે શું વેશ્યાને અધિકારિણી બનાવવી છે ? ૪૦૩
→ હેં!.... શું કરીએ!.... એમ બોલવું તો ત્રીજા વેદવાળાને શોભે!.... ૪૦૪
→ ગર્ભવતી સાધ્વીનું દશ્ય જોઈ શ્રેણિકે કરેલા વર્ત્તનમાં શું ઉદ્દેશ હતો ? ૪૦૫
→ વાવટાને કદી ધૂળમાં ન રગદોળવા દેવાય. ૪૦૫
→ દીક્ષા અયોગ્ય હોતી જ નથી. ૪૦૬
→ પાપ રોગ ટાળવાનું અમોઘ ઔષધ કયું ? શાસ્ત્ર. ૪૦૭
→ દરેક ભવે વેઠ જ કરી છે. ૪૦૭
→ દેખતો આંધળો !........ ૪૦૮
→ શાસ્ત્ર ચક્ષુ. ૪૦૮
→ પ્રવૃત્તિ શ્રદ્ધાનુસારિણી હોય તો જ પરિણામ સુંદર આવે. ૪૧૦
→ કર્મનાશનો ઉપાય બતાવનાર શ્રી તીર્થંકર છે. બીજાઓ તેમનું અનુકરણ કરે. ૪૧૦
**૫૧ સમાલોચના** ૪૧૩
**૫૨ જૈનશાસ્ત્રની શ્રદ્ધાનો પ્રવાહ**
**૫૩ આગમોદ્ધારકની અમોઘદેશના** ૪૧૭
→ जिणपण्णत्तं तत्तं શાથી કહેવાય છે ? ૪૧૮
→ ચાલુ તકનો લાભ ન લ્યે તેના જેવો ગાંડો કોણ ? ૪૧૯
→ પરિણતિજ્ઞાનનો પ્રભાવ. ૪૧૯
→ આત્મકલ્યાણની બુદ્ધિથી જ અનુષ્ઠાન કરવા જોઈએ ? ૪૧૯
→ ખેડૂતને સમ્યક્ત્વ પમાડવા ભગવાને શ્રી ગૌતમસ્વામીજીને મોકલ્યા. ૪૨૦
→ સંયમમાં કે ધર્મકરણીમાં આજે કયું પ્રલોભન છે ? ૪૨૨
→ અનંતી વખતે ઓઘા લીધા તે ઓઘાથી સદ્દગતિ જ દેવગતિ જ મળી છે. પણ દુર્ગતિ તો નથી જ મળી. ૪૨૩

# અનુક્રમણિકા

→ ભાડાનાં ઘરનાં પગથીયાં ન ઘસાય માટે ઝવેરાતનો વેપાર બંધ કરવો ? ૪૨૫
→ ક્રિયા લોપનારા અધ્યાત્મીઓ દીર્ઘ 'ઈ' વાળા છે. ૪૨૫
→ મન:પર્યવજ્ઞાન સંયમ પછી આવે જ છે. ૪૨૬
→ પરિજ્ઞાતિજ્ઞાન સંસારને મર્યાદિત કરે છે. ૪૨૮
→ બેં ! બેં ! ની જેમ મે ! મે !! ૪૨૯
→ બુદ્ધિમાન મોતથી નથી ડરતા : કર્મથી ડરે છે. ૪૩૦
→ ભગવાનનાં આગમનની વધામણીમાં લાખો અને ક્રોડો રૂપિયાના દાનનું પરમ રહસ્ય. ૪૩૧
→ શાસ્ત્રકાર પોતાની મેળે જ વકીલ થાય છે. ૪૩૧
→ મા રૂષ! મા તુષ! માષતુષ એટલામાં કલ્યાણ. ૪૩૩
→ હૈયે તેવું હોઠે ! ફુરસદ નથી. એમ શાથી બોલાય છે ? ૪૩૪
→ પુદ્‌ગલનો ઉપયોગ ધર્મ માટે જ છે. ૪૩૬
→ વસ્તુનાં જાણપણામાં તથા અજાણપણાનાં ફળમાં ફરક પડે છે. ૪૩૬
→ ભારનો ભાગીદાર... ગધેડો ? ૪૩૭
→ एवं खु नाणी चरणेण हीणो नाणस्स भागी नहु सुग्गईए ૪૩૮
→ चरणेण हीणो
પંજ જૈનદર્શનનો અજોડ સિદ્ધાંત
→ આગમોદ્ધારકની અમોઘદેશના ૪૪૧
→ જીંદગી ધુળમાં મળે છે છતા ચિંતા જ નથી ? ૪૪૧
→ શ્રુતજ્ઞાનની મુખ્યતા. ૪૪૩
→ આવરણ છે એ જ સિદ્ધ કરે છે કે જ્ઞાન છે. ૪૪૩
→ પરિણામ વગરનું જ્ઞાન નિરર્થક છે. ૪૪૩
→ પાંચ જ્ઞાનમાં મહત્વ શ્રુતજ્ઞાનનું છે. ૪૪૪
→ પાણી પહેલાં પાળ. ૪૪૬
→ વિષય પ્રતિભાસજ્ઞાનને પરિણતિમાં પલટાવો- પછીનું તો આપો આપ પલટાઈ રહેશે. ૪૪૭
→ દેશઆરાધક અને દેશવિરાધક ૪૪૭
→ अविन्नायधम्मे ૪૪૭

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૫૫ | **તીર્થયાત્રા - સંઘયાત્રા** | ૪૪૯ |
| → | ભાષા એ ગુણરૂપ નથી પણ પુદ્‌ગલોનો સમુદાય છે. | ૪૪૯ |
| → | શ્રુતની આરાધના સંજ્ઞાક્ષરદ્વારાએ અને તેની ભિન્નતા. | ૪૪૯ |
| → | શ્રુતજ્ઞાન ઉત્પન્ન કોને... થઈ શકે ? | ૪૫૦ |
| → | કઈ લીપી દ્વારા એ આર્ય દેશનો નિર્ણય હોઈ શકે. | ૪૫૦ |
| → | બ્રાહ્મી લીપી પણ અઢાર ભેદે છે. | ૪૫૧ |
| → | શ્રુતજ્ઞાન થવામાં જડલીપી અક્ષર જ છે. | ૪૫૧ |
| → | શાસ્ત્રાનુસારી જીવોને સત્યા સત્યનો નિર્ણય શા- આધારે કરાય ? | ૪૫૨ |
| → | વર્તમાનમાં સત્યાસત્યનાં નિર્ણય માટે પુરુષ-વચનની મહત્તા કરતાં આગમરૂપી પુસ્તકોની જ છે. | ૪૫૨ |
| → | શ્રી યોગબિન્દુકાર શ્રુતજ્ઞાનની મહત્તા માટે શું કહે છે. | ૪૫૩ |
| → | તાત્ત્વિક ધર્મક્રિયા માટે નીચેની પાંચ વસ્તુઓ જરૂરી છે. | ૪૫૪ |
| → | શ્રદ્ધાદિક ગુણો શાસ્ત્રની ગૌરવતાએ જ શોભે. | ૪૫૫ |
| → | અન્તઃકરણની શુદ્ધિને માટે પ્રબલ સાધન કયું ? | ૪૫૬ |
| → | ન કર્યું... તેટલું ઓછું. | ૪૫૭ |
| → | ચોર જાહેર થયો તેણે એ છાપ ભુંસવી જ જોઈશે. | ૪૫૭ |
| → | જે સમ્યગ્‌દર્શન સમ્યગ્‌જ્ઞાન તે ચારિત્ર લાવ્યા વગર રહેતા જ નથી. | ૪૫૯ |
| → | વજ્રસ્વામિજીએ લીધેલો ઉપાય! કામ આમ થાય!! | ૪૫૯ |
| ૫૫ | **અંગીકારની સુંદરતા.** | |
| ૫૬ | **આગમોદ્ધારકની અમોઘદેશના** | ૪૬૫ |
| → | શ્રી નવપદજીની ભૂમિકા! શ્રી નવપદજી આત્માને સુદેવ, સુગુરુ, સુધર્મની આરાધનાનું આલંબન પુરુ પાડે છે. | ૪૬૫ |
| → | ભાવની વિશિષ્ટતા. | ૪૬૫ |
| → | શુદ્ધ ભાવની ઉત્પત્તિનું સ્થાન શુદ્ધ તત્વત્રયીનો સંયોગ છે. | ૪૬૭ |
| → | આંધળે બહેરું કૂટાય ત્યાં સુધી ઉદ્ધાર થાય નહિં. | ૪૬૮ |
| → | જૈનદર્શનનાં તહેવારો કેવલ આત્મશ્રેયઃ માટે જ છે. | ૪૬૯ |
| → | નવપદજી આરાધના સુદેવ, સુગુરુ, સુધર્મનાં આલંબન માટે જ છે. | ૪૭૦ |
| → | શ્રી અરિહંત શરીરધારી દેવ છે. | ૪૭૧ |
| → | સિદ્ધની ઉત્પત્તિ અરિહંતથી છે. | ૪૭૩ |

# અનુક્રમણિકા

→ જગતની અપેક્ષાએ અરિહંત પ્રથમપદે શાથી ? ૪૭૪
→ શ્રી અરિહંતપદની આરાધના ! શ્રી અરિહંત પદ પ્રથમ કેમ ?
નમો અરિહંતાણં પદનો તો સંસ્કાર જોઈએ. ૪૭૫
→ અરિહંતપદની અનુવૃત્તિ થી જ બાકીનાં આઠે પદો છે. ૪૭૫
→ 'અરિહંત' પદનું રટણ. ૪૭૭
→ પરમેશ્વર બનાવનાર કે બતાવનાર ? ૪૭૮
→ દ્વિતીય પદે શ્રી સિદ્ધપદની આરાધના ! ૪૮૦
સર્વદા સર્વથા સમાન સ્થિતિ તો સિદ્ધમાં જ છે.
સંપૂર્ણ સ્વાતંત્ર્યવાદ સિદ્ધિમાં જ છે. સંપૂર્ણ સ્વતંત્ર સિદ્ધ છે.
→ દૃષ્ટાન્તોનો હેતુ દૃષ્ટાંતનાં રસ દ્વારા તત્ત્વરસ પાવાનો હોય છે. ૪૮૦
→ જૈનદર્શન સ્વતંત્ર થવાનો જ ઉપદેશ આપે છે. ૪૮૧
→ કર્કશા એવી કાયાકાકીની કેદમાંથી છૂટ્યા વિના કલ્યાણ નથી. ૪૮૨
→ સ્વામી ચપરાશીનાં તાબામાં. ૪૮૩
→ સિદ્ધની સ્થાપના. ૪૮૪
→ સિદ્ધિપદ જ સાધ્ય છે. ૪૮૫
→ નવપદમાંના પ્રથમનાં બે પદો જ 'સુદેવ' તરીકે ઓળખાય છે. ૪૮૬
→ તીર્થંકરનાં દીક્ષા, તપ, કેવલજ્ઞાન અને દેશનાદિ તમામ પર કલ્યાણાર્થે છે. ૪૮૭
**૫૭ સમાલોચના** ૪૮૯
**૫૮ અષ્ટમ વર્ષને અંગે નિવેદન.** ૪૯૦
**૫૯ આઠમા વર્ષનો વિવિધ વિષયક્રમ** ૪૯૩
→ જગદુદ્ધારનો હેતુ, અવસ્થાંતરે ક્ષેત્રાંતરે કે કાલાંતરે પ્રતિનિધિ વિના સિદ્ધ થઈ શકે નહિ. ૪૯૯
→ શ્રી જિનેશ્વર દેવનાં હેતુના સંરક્ષણથી જ આચાર્ય પ્રભુનાં પ્રતિનિધિ બને છે. ૫૦૦
→ શ્રી ઉપાધ્યાય પદની આરાધના. ૫૦૧
→ શાસનરૂપી શાલામાં પાઠકપદે શ્રી ઉપાધ્યાયજી વિરાજમાન છે. ૫૦૧
→ સ્વાધ્યાય વિનાનો જે સમય, તે ઉપાધ્યાયજીને તો પાણી વિનાના માછલાંને તરફડીયાં મારવા જેવો લાગે છે. ૫૦૧
→ નવપદને સિદ્ધચક્ર કેમ કહેવામાં આવે છે ? ૫૦૧
→ ઓળીની અઠ્ઠાઈઓ શાશ્વતી કેમ ?

# અનુક્રમણિકા

## અંક ૧૨/૧૩ આજ ના અંકનો વધારો


૧ પાલીતાણાનાં પુણ્યધામમાં બનેલ તિથિ ચર્ચાનું તારવણ. ૧

→ શાસ્ત્ર અને પરંપરાથી થતી આરાધનાનાં ઉત્થાપક નવીન મતનાં ઉપા. જંબુવિજયજીનો દુઃખદ પરાજય.

→ વાંચકો સ્વયં વિચારી લે. ૧

→ મુંબઈથી ચેલેંજ ફેંકનાર આચાર્ય ક્ષમાભદ્રસૂરિની સ્થિતિ. ૨

→ મુનિ કલ્યાણવિજયજીનું અપૂર્વ પરાક્રમ ૨

→ ઉપા. જંબૂવિજયજીએ પણ ફેલાવેલ ભ્રમનો ફુટેલો ભેદ ૩

→ શ્રી સંઘને ચેતવણી ૪

→ આરાધનામાં પર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ માનનારાઓને વિનંતી. ૬

→ આ. વિ. કનકસૂરિજીનાં નામે પણ માયાવી પ્રચાર ૭

→ શ્રી જૈનશાસ્ત્ર અને જૈનાચાર્યની પરંપરાને માનનારાઓને સૂચના. ૮

→ ઉપા. મનહરવિજયજીની ઉપેક્ષણીય પદ્ધતિ. ૯

→ ઉપા. જંબુવિજયજીની પ્રચારવાણી.

→ ઉપા. જંબુવિજયજીએ લખાવ્યું કે :-

→ તેના ઉત્તમાં મુનિશ્રી હંસસાગરજીએ જણાવ્યું કે ૧૧

→ ચોક અને કદંબગિરિના કારસ્થાનનો ઘેટીમાં પડઘો. ૧૩

→ એ સાધુને ન છાજે.

→ નશાધીન વીર (?) શાસનની હાય વરાળ. ૧૪

→ આચાર્ય શ્રીમાન સાગરાનન્દસૂરીજી ૧૬

→ શ્રી જંબુવિજયજી. ૧૬

→ શ્રી જંબુવિજયજી યોગ્ય. ૧૭

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-,
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥

(૨)

શ્રીમાન્ શાસન નાયકા સુખકરા, શ્રીવીરતીર્થેશ્વરા,
સર્વે પાપસમૂહનાશકવરા, મોક્ષેષ્ટ લક્ષ્મીધરા;
વંદી અંતિમ નાથને શુભમના, સદ્બુદ્ધિ લઈ શારદા
પેશી અષ્ટમ વર્ષમાં ભવિકને આનંદ અર્પું સદા.

(શાર્દૂલવિ૦)

(ઓફીસ : શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ-ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

: તંત્રી :
પાનાચંદ રૂપચંદ ઝવેરી

તા. ૨૮-૧૦-૩૯ વર્ષ ૮ અંક - ૧
કિંમત ૧।। આનો

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮ : મુંબઈ : અંક - ૧

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી


ઉદ્દેશ

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

શ

ર

ત્

પૂ

ર્ણિ

મા

## મારૂં-નૂતન-વર્ષ !!!

અરિહંત - સિદ્ધ - ભયવં- સૂરીન્દ્ર સૂત્રદાતા,
મુનિ-બોધિ-જ્ઞાન-ચરણાં- તપ- ચક્ર કર્મ ભેત્તા
વંદી સદા મુદા હું - સિરિ સિદ્ધચક્ર ત્રાતા
શ્રીપાલ ભૂપ મયણા, હુઆ જે સિદ્ધિ નેતા.

(૨)

સિદ્ધાન્તધારી હુંફમાં, મુનીન્દ્રસ્વામિ કરમાં
નિર્દોષ ભાવ રમતાં, સિદ્ધાન્ત પૂરી ઘરમાં
કરી સાત વર્ષ પૂરાં, નવમિત્ર સાથ નંદી
શરૂ થાય આજ મારી વાંચક ! અષ્ટમાબ્દી.

(૩)

પ્રભુવીર-ઉક્ત-સૂક્તિ, ગણભૃત્ ગ્રથેજ સૂત્રે
નિર્યુક્તિ-ચૂર્ણિ-વૃત્તિ-વ્યાખ્યા વિધિ છે સૂત્રે
હેતુ સુયુક્તિ સાથે, સમજણ અપાવું નિત્યે
ઉપકાર કેમ ભૂલું કહો ? ભવ્યલોક ! સત્યે.

(૪)

મુજ નામ સ્થાપી જગમાં, સિરિ સિદ્ધચક્ર પ્રેમે
નવ રત્ન મૂકી મૂઝમાં, સિદ્ધાન્તશૈલી નેમે
સંસારવર્ધી વાણી, પાશ્ચાત્યની કે પરની
યદિવા જિનોક્ત ઉલટી સ્પર્શે નહિ જ ઘરની.

(૫)

શુભ ભાવ પ્રેમ રાહે યાચું ક્ષમા હું નિત્યે
યદિ હો જિનોક્ત ઉલટું - અંતે કહું હું સત્યે
'સિરિ સિદ્ધચક્ર વિનવે' સિરિ સિદ્ધચક્ર વંદી
આરાધકો લહો સૌ, આનંદ-સ્થાન નંદી.

# ગ્રાહકોને વિનંતિ

આજના મંગલમય પ્રભાતે શ્રી સિદ્ધચક્ર પેપરનું આઠમું વર્ષ શરૂ થાય છે.

અમારા માનવંતા ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે કે આ પત્રનું લવાજમ રૂા. બે તુરત મોકલી આપવા મહેરબાની કરવી.

અત્રેના સ્થાનિક ગ્રાહકોએ એક માસની અંદર લવાજમ ભરી જવું.

જે ઠેકાણે આ પેપર ફ્રી મોકલવામાં આવે છે તેમને આ વર્ષે લવાજમ મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

જેઓ ગ્રાહક તરીકે ચાલુ રહેવા ઈચ્છતા ન હોય તો મહેરબાની કરી તુરત લખી જણાવશો જેથી ધાર્મિક સંસ્થાને નુકશાન ન થાય.

એક માસમાં લવાજમ જેમનું નહિ આવે તેમને વી.પી. કરવામાં આવશે.

# નવા વર્ષના પ્રારંભમાં

મારા વાંચકોને સ્પષ્ટપણે માલમ છે કે હું મારા પ્રકાશનનાં સાત વર્ષો પૂરાં કરીને હવે આઠમા વર્ષમાં પ્રવેશ કરું છું. જો કે આ આખુંય આઠમું વર્ષ તે નવા વર્ષ તરીકે ગણાય, પરંતુ પહેલા અંકને નવા વર્ષ તરીકે ગણવાની પદ્ધતિને લઈને હું આ મારા પહેલા અંકને જ નવા વર્ષના પ્રવેશવાળા લેખથી શણગારું તેમાં કંઈ આશ્ચર્ય જ નથી, પહેલા અંકથી ચોવીસમા અંક સુધીનું મારું આઠમું વર્ષ રહેશે, છતાં કેટલાક વ્યાકરણ અને જૈનશાસ્ત્રો વિગેરેને નહિં સમજનારાઓ કેવળ છેલ્લા અંકને જ આઠમું વર્ષ માનવાની ભૂલ કરે તો તે દીવો લઈને જ કુવામાં ઉતરવા જેવો ગણાય તેમાં આશ્ચર્ય નથી.

જગતમાં કુતર્ક કરનારા મનુષ્યો પોતાના કદાગ્રહના પોષણને માટે પોતાની કુતર્ક પ્રવૃત્તિ કરવામાં જેમ ચૂકતા નથી, તેવી રીતે પંચમહાવ્રત ધારક થઈને તેમજ પ્રવચનકાર ઉપાધ્યાય કે આચાર્ય સરખી પદવીઓને ધારણ કરનારા તરીકે જાહેર થઈને પણ જ્યારે શાસ્ત્રોનાં શુદ્ધ વાક્યોને કદાગ્રહ પોષવા માટે કુતર્કથી નિશ્રિત કરે છે ત્યારે તો ભવભીરૂ અને ધર્માર્થી જીવોને ભાવદયાગર્ભિત આશ્ચર્ય ઉત્પન્ન થવામાં ન્યૂનતા રહેતી નથી. કુતર્કના જોરે તેઓ ચતુર્થ ભક્ત, ષષ્ઠભક્ત અષ્ટમભક્ત, વિગેરે શબ્દો જે નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજીના શ્રીભગવતીજી આદિ સૂત્રોમાં જણાવેલા વચન પ્રમાણે ચોથા, છટ્ઠા અને આઠમા વિગેરે પર્યંતના ભક્ત (ભોજન)ના ત્યાગને અંગે છે, છતાં બિચારા અજ્ઞાન જીવો તેમાં ચતુર્થનો ચાર, ષષ્ઠનો છ, અને અષ્ટમ વિગેરેનો આઠ વિગેરે અર્થ કરવા જાય તેવાઓની અજ્ઞાનતા અને કુતર્કની હદ ક્યાં હશે ? તે સામાન્યસૂત્રને જાણનારો પણ સમજી શકે તેમ છે. વસ્તુતાએ સાતમું વર્ષ પૂર્ણ થયાના આગલા સમયથી તે નવમું વર્ષ શરૂ કરનાર સમયની પહેલાંના સમય સુધીનું આખું વર્ષ આઠમું કહેવાય. એ જેમ શાસ્ત્ર અને લોકવ્યવહારથી સિદ્ધ વસ્તુ છે, તેમ જૈનશાસ્ત્રને સમજનાર સામાન્ય મનુષ્ય પણ જઘન્યનો પ્રસંગ લેતાં શરૂઆતનો સમય ગણે એમાં કંઈ આશ્ચર્ય નથી. એ હિસાબે હું મારા આ અંકથી ચોવીસમા અંક સુધી નવા વર્ષવાળો ગણાઉં, છતાં નવા વર્ષમાં પ્રવેશ થયેલો તો આ અંકથી ગણાય, કુતર્કવાળાઓ પણ છેલ્લા અંકની વખતે કે સર્વ અંકની વખતે નવા વર્ષનો પ્રવેશ ગણતા હોય એવું હજુ સુધી જાહેર થયું નથી.

બીજા દરેક પત્રો પોતપોતાના પહેલા અંકની વખતે નવા વર્ષમાં પ્રવેશ કરનારા હોય છે, તેવી રીતે મ્હારો આ નવા વર્ષમાં પ્રવેશ નથી. જૈનધર્મ પ્રકાશ પેપરે કંઈ ભગવાન ઋષભદેવજી અગર ત્રિલોકનાથ ભગવાન મહાવીર મહારાજે જે વખતે જૈનધર્મનો પ્રકાશ કર્યો તે દિવસને અનુલક્ષીને પોતાનું નવું વર્ષ રાખ્યું નથી; તેમજ વીરશાસન નામ

ધરાવનારા પેપરે ભગવાન મહાવીર મહારાજનું શાસન જે [illegible] તેને અનુલક્ષીને પોતે બેસતું વર્ષ રાખ્યું નથી, પરંતુ મારું તો સદભાગ્ય છે કે મારું નવું વર્ષ મારું ધ્યેય જે સિદ્ધચક્ર એટલે નવપદ તેની આરાધનાને અનુલક્ષીને જ રહેલું છે, જૈનજનતા સારી રીતે જાણે છે કે શ્રીનવપદ કે શ્રીસિદ્ધચકની આરાધના ચૈત્રમાસમાં અને આસોમાસમાં થાય છે, તેમાં પણ જો કે ચૈત્ર અને આસો બન્ને માસની ઓળીઓ શાસ્ત્રકારોએ શાશ્વતી યાત્રાઓ તરીકે દરેક જગાએ જણાવેલી છે, છતાં શ્રીસિદ્ધચક્ર કે નવપદની આરાધનાની શરૂઆત કરનારો મહાનુભાવ આસો મહિનાની ઓળીની આરાધનાથી શરૂઆત કરે છે. સ્તુતિકાર પણ "આસો ચૈતરમાં" એમ કહીને શ્રીસિદ્ધચકની આરાધના આશ્વિનમાસથી શરૂ કરવાનું ધ્વનિત કરે છે, આવી રીતે મારા

## શ્રાવકે - ક્યાં વસવું ?

**निवसेज्ज तत्थ सड्ढो साहूणं होइ जत्थ संपाओ।**
**चेइयहराइं जम्मि तयण्णसाहम्मिया चेव॥**

શ્રાવક (શ્રમણોપાસક) ત્યાં (તે નગરાદિમાં) વસે કે જે નગરાદિમાં, સાધુ ભગવંતોનું આગમન હોય, ચૈત્યગૃહો હોય, અને તે શ્રાવકોથી અન્ય સાધર્મિકો અનેક વસતા હોય. કારણ એ કે ગુ[illegible]ાય. (ધર્મમાં દૃઢ થવાય) ગુરૂમહારાજના વંદનથી પાપનાશ પામે, તેમને શુદ્ધ આહારાદિ આપવાથી નિર્જરા થાય, સાથે સાથે જ્ઞાનાદિનો લાભ પણ થાય, તેવી જ રીતે ચૈત્યવંદન પણ સમ્યગ્દર્શનની વિશુદ્ધિનું અવંધ્ય કારણ છે, (શ્રાવકોને ત્રિકાલ દેવવંદન કરવાનું કથન પણ એ જ હેતુએ છે) સાધર્મિકને સ્થિર કરવા, વાત્સલ્ય કરવું એ જૈનેન્દ્રશાસનનું નવનીત છે, કેમકે માર્ગ (ધર્મમાર્ગ)માં સહાય આપવાથી ધર્મથી ચ્યુત થતો અટકે !!!

ધ્યેયની આરાધનાની વખતે જ હું નવાવર્ષમાં પ્રવેશ કરું છું. એટલું જ નહિં, પરંતુ મારા ધ્યેયની આરાધનાના દિવસો પૂર્ણ થાય તે જ દહાડે હું મારા નવા વર્ષમાં પ્રવેશ કરું છું અર્થાત્ આશ્વિન શુકલા પૂર્ણિમાનો દિવસ જે મારા વર્ષ પ્રવેશના પ્રથમ અંકનો દિન છે તે જ દિવસે શ્રીસિદ્ધચક્ર એટલે નવપદમાંના નવમા પદની આરાધનાનો અને છેલ્લો દિવસ છે, લોકોત્તર દૃષ્ટિએ મને વર્ષ પ્રવેશ માટે જેમ આ ઉત્તમ દિવસ મળ્યો છે અને મારા ધ્યેયની આરાધનાની સંપૂર્ણતાનો દિવસ મળ્યો છે, તેવી જ રીતે લૌકિક દૃષ્ટિએ પણ બારે મહિનાની બાર પૂનમો હોય છતાં લોકોએ કોઈપણ પૂર્ણિમાને વિશિષ્ટ નામથી જો અલંકૃત કરી હોય તો તે આ આશ્વિન શુકલાની

પૂર્ણિમા જ છે, કાવ્યકારોની દૃષ્ટિએ જેમ શરદપૂર્ણિમાનો આ દિવસ છે, તેવી જ રીતે લૌકિક પ્રવૃત્તિવાળાઓની દૃષ્ટિએ માણેકઠારીપૂર્ણિમાનો દિવસ પણ આજ છે. એટલે આરાધનાની દૃષ્ટિએ, કવિકુળની દૃષ્ટિએ અને લોકપ્રવૃત્તિ દૃષ્ટિએ મારા નવા વર્ષના પ્રવેશનો દિવસ ઉત્કૃષ્ટતમ છે એમ કહેવામાં કોઈપણ પ્રકારે હું અતિશયોક્તિભર્યું કહેતો હોઉં તેમ જણાતું નથી.

મારા પ્રકાશનને સાત વર્ષ પૂરાં થયાં તે દરમિયાન અનેક વિઘ્નસંતોષિયો તરફથી અનેક પ્રકારનાં વિઘ્નો મારું ધ્યેય ચૂકાવવાને માટે આવેલાં છે, છતાં હું તે વિઘ્નોને હત-પ્રતિહત કરનારો થયો છું, પરંતુ કોઈપણ પ્રકારે મારા ધ્યેયને ચૂકીને હું મને ઈતરઅવસ્થામાં મૂકનારો થયો નથી. મારું ધ્યેય જે સાક્ષાત્ કે પરંપરાએ અર્હદાદિ નવપદો અગર શ્રી સિદ્ધચક્રના મહિમાના વિસ્તારમાં ફાળો આપવાનું છે તે જ મેં હમેશાં બજાવ્યું છે, જો કે 'સંઘયાત્રા' અને 'કુમારપાલ' વિગેરે જેવા વિષયોમાં મારે ઘણું પ્રકાશન કરવું પડ્યું, અને મારા વાંચકોને ઈતર વિષયો જાણવાનો કેટલોક લાભ ઓછો મળ્યો, પરંતુ મારા વાંચકો સારી રીતે સમજી શકે છે કે એવા વિષયો ટુંકમાં પતાવવા હોય તો પતાવી શકાય, પરંતુ તે ટુંકમાં પતાવેલ વિષયો યથાસ્થિત જ્ઞાનને આપવામાં ઉપયોગી ન થાય, તો પછી તેના અથથી ઈતિ સુધીના યથાર્થસ્વરૂપને જણાવનારા તો થાય જ ક્યાંથી ? મને અપનાવનારા મહાનુભાવોએ સમતા ધારણ કરીને અને મારા તે તે વિષયો યથાસ્થિતપણે વિસ્તારથી આવ્યા તેનું પરિશીલન કરીને મારી ધ્યેયસિદ્ધિનું સફલ સાધન કરી દીધું છે, એમાં કોઈથી ના કહી શકાય તેમ નથી, જેવી રીતે આ વર્ષમાં શ્રીસંઘયાત્રા અને શ્રીકુમારપાલ જેવા વિષયોમાં મારે મારું મોટું પ્રમાણ રોકવું પડ્યું, તેવી રીતે પહેલાના વર્ષોમાં પણ તપ અને ઉદ્યાપનના વિષયની વખતે તેમજ સંવચ્છરીને અંગે પૂર્વ પૂર્વતર ક્ષયવૃદ્ધિ પામતી તિથિને અંગે લાંબું પ્રમાણ મારે રોકવું જ પડ્યું હતું, મારા વાચકો સારી પેઠે સમજી શકે છે કે જે વિષય લેવામાં આવે તે જો સાંગોપાંગ ચર્ચવામાં ન આવે તો વાંચકોને પૂરાં શંકા-સમાધાન જાણવામાં આવે જ નહિં તથા પૂર્વપક્ષ ઉત્તરપક્ષ અને સિદ્ધાન્તપક્ષ એ ત્રણે પક્ષોનું તત્ત્વ યથાસ્થિત પણે તે સિવાય સમજાય નહિં એટલે આ વર્ષમાં અને ગતવર્ષોમાં તે તે વિષયોની સ્ફુટતાને માટે મારે મારું મોટું પ્રમાણ રોકવું પડ્યું છે; જો કે કેટલાક મને અપનાવનારાઓ એવી સ્થિતિના પણ હશે એમાં ના નહિં કે જેઓ વિષયની ચર્ચાને ટુંકી કરવામાં અગર એકાદ બે અંકમાં જ પૂર્ણ કરવામાં આવે તો રાજી થાય, પરંતુ તે મહાનુભાવોએ એટલો વિચાર તો જરૂર કરવો જ જોઈએ કે જે પેપરોમાં વિષય ચર્ચાય તે વિષય શ્રોતાઓના હૃદયમાં એટલો બધો ઉતરી જવો જોઈએ કે તે વિષયમાં તેઓ પૂર્વપક્ષવાળાને જવાબ કરનાર બની શકે. જો પોતાના વાંચકોને પોતાના ચર્ચેલા વિષયમાં ઉત્તરદાયિત્વના અધિકારમાં

ન મૂકે તો તે પેપર ખરેખર પોતાના કર્તવ્યથી ચૂકે છે એમ સુજ્ઞમનુષ્યોનું માનવું અને કહેવું છે અને તે કોઈપણ પ્રકારે અનુચિત પણ નથી, જો પેપરને વાંચનારો પેપરમાં આવેલા વિષયને માટે ઉત્તરદાયિત્વની દશામાં ન જાય તો ખરેખર રીતે કહેવું જોઈએ કે તે પેપર વિષયને વ્યવસ્થિત કરનારું નથી, પરંતુ માત્ર વિષયના ચટકા જ પીરસનારું છે. હજુ પણ મારા વાચકો ધ્યાનમાં લેશે કે જે જે વખતે જે જે વિષયો તેવી રીતે વિશેષથી ચર્ચવાને લાયક હશે તેવે વખતે તે તે વિષયોમાં મારું મોટું પ્રમાણ રોકવામાં હું ચૂકીશ નહિં, વિષયના નિરૂપણમાં મારું મોટું પ્રમાણ રોકવાથી સમાલોચનાના વિષયમાં હું મારું તેવું મોટું પ્રમાણ રોકી શકતો નથી, જોકે મારા કેટલાક વાચકો તે સમાલોચનાના વિષયને અત્યંત વિસ્તારથી ચર્ચવા માટે અનેક વખતે

## જિન આગમ દીપક છે.

अंद्ययारे महाघोरे दीवो ताणं सरीरिणं।

एवमन्नाणतामिस्से भीषणम्मि जिणागमो ॥१॥

ભાવાર્થ :- અત્યંત ભયંકર (કંઈપણ ન સૂઝે તેવા) અંધકારમાં પ્રાણીઓને જેમ દીપક રક્ષક (માર્ગદર્શક) છે, તે જ રીતે **અજ્ઞાન** રૂપી ભયંકર અંધારામાં અથડાતા જીવોને પ્રભુનાં પાપનાશક પ્રવચનો અર્થાત્ આગમ એ જ દીપક છે.

અનેક સ્થાને મને પ્રેરણા કરે છે અને પ્રેરણા કરવા પૂર્વક બીજી રીતે પણ ઉત્સાહિત પણ કરે છે, છતાં સમાલોચના કરવામાં મારૂં ધ્યેય માત્ર તે સમાલોચનીય વિષયોના લેખકને માર્ગ બહાર જતાં અટકાવવો અને માર્ગમાં દાખલ કરવો એટલું જ હોવાથી માત્ર ઈસારારૂપે જ હું બ્હાર આવું છું. સમાલોચનાનો વિષય સર્વસાધારણ તરીકે જો સમજાવવામાં આવે તો બીજા પેપરોની માફક વારંવાર તેને તે હકીકત જુદા જુદા રૂપે મારે અનેક અંકોમાં આપવી જ પડે. અને તેમ કરતાં સાગરસમાધાનો, સંઘયાત્રા જેવા વિષયો અને વ્યાખ્યાનની રજુઆત કરવામાં હું ઘણો જ ઓછો ફાળો આપનારો થાઉં, અને જો તેમ થાય તો હું મારા વાંચકોને સાક્ષાત્ કે પરંપરાએ શ્રીસિદ્ધચક્રના સ્વરૂપ આદિ પ્રકાશનમાં રાખેલું જે ધ્યેય તેથી ચૂકવનારો થાઉં, હર્ષનો વિષય તો એ છે કે અનેક

મહાનુભાવોએ પોતાના વિષયો સંબંધી સમાલોચના થયેલી વાંચી વિચારીને પોતાના વક્તવ્યમાં સુધારાઓ કર્યા છે, છતાં કેટલાકો તેવી ઉદારતામાં ન આવ્યા છતાં પણ શાસનથી વિરૂદ્ધ થતી દેશના અને પ્રવૃત્તિને રોકવાને તથા રોકવા લાયક છે એમ સમજવાને માટે તો જરૂર કેટલાકો શક્તિવાન થયા છે, તો જગતમાં સન્માર્ગની શ્રદ્ધાવાળા થવું એ પ્રથમ નંબરનું ઉત્તમ કાર્ય છે, છતાં ઉન્માર્ગથી નિવર્ત્તવું એ પણ કંઈ ઓછું સુંદર કાર્ય નથી. વિશેષ તો ધન્યવાદ તેઓને જ દેવાય કે જેઓ ઉન્માર્ગ ગામીપણાને સમજીને પોતાનું ઉન્માર્ગ ગામીપણું જાહેર કરીને તે ઉન્માર્ગ ગામીપણું છોડે, પરંતુ ઉન્માર્ગ ગામીપણું કબુલ કર્યા શિવાય પણ ઉન્માર્ગ ગામીપણાનો પ્રચાર બંધ થાય તો તેટલા માત્રથી વાચકવર્ગને ઓછો ફાયદો થાય છે એમ તો નથી જ, જો કે મારું પ્રકાશન છદ્મસ્થપણાની અવસ્થાનું છે, અને તેથી જ હું સર્વથા માર્ગથી ઉત્તીર્ણ પ્રચાર કરનાર ન જ હોઉં એવો નિશ્ચય કેવલિમહારાજ કે વિશિષ્ટ શ્રુતધરોના વચનની ખાતરી સિવાય હું કહી શકું નહિં, પરંતુ જ્યાં સુધી મારૂં જ્ઞાન અને મારો ઉપયોગ મને શાસ્ત્રથી સરણી તરફ દોરવામાં સફળ થાય છે ત્યાં સુધી હું કોઈપણ પ્રકારે માર્ગથી દૂર જાઉં છું એમ માની શકતો નથી, વળી સુધારક તરીકે બહાર પડનારે જેમ પોતાની ક્રિયા અને વાણી જગતને પરીક્ષા માટે ખુલ્લી મૂકવાની છે અને તે કૃતિ અને વાણી ઉપર થતા આક્ષેપોને માટે તેને વિચાર કરવાની જરૂર છે, તેવી રીતે સમાલોચના લખવાદ્વારાએ જ્યારે હું બીજાઓના સમાલોચનીય વિષયોની શાસ્ત્રદ્વારાએ પોકળતા ખુલ્લી કરું ત્યારે તે સમાલોચનીય વિષય લખનારાઓ મારા ચર્ચેલા વિષયમાં તેવી રીતે લખવા તૈયાર થાય તેમાં આશ્ચર્ય નથી, પરંતુ તેવી રીતે મારા લખેલા વિષયોમાંથી એક પણ વિષયની પોકળતા તે સમાલોચનીય વિષયને લખનારાઓ તરફથી શાસ્ત્રના પુરાવા પૂર્વક રજુ કરવામાં આવેલી જ નથી, હું મારા વાચકોને ખુલ્લા દિલથી જણાવું છું કે ગતવર્ષોના મારા પ્રકાશનમાં અગર ભવિષ્યના વર્ષોમાં મારું પ્રકાશન થાય તેમાં જો કોઈ શાસ્ત્રથી દૂર ગયેલો વિષય કે વાત જણાય તો સ્પષ્ટપણે જાહેર કરે અને તેને સુધારવામાં એક અંશ માત્ર પણ હું મારી ન્યૂનતા સમજતો નથી અને સમજવાનો પણ નથી.

શાસનદેવ પાસે હું એ જ પ્રાર્થના કરું છું કે કોઈપણ કાળે કોઈપણ પ્રકારે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ત્રિકાલાબાધિત અને અખંડપ્રભાવશાલી એવા શાસનથી એક અંશે પણ હું દૂર થયો નથી, તેવી જ રીતે હું દૂર ન થાઉં એવી રીતની મને સદ્‌બુદ્ધિ આપે, અને શ્રી સિદ્ધચક્ર મહારાજ એટલે શ્રી નવપદોના સાક્ષાત્ કે પરંપરાએ પ્રભાવન અને પ્રકાશનના કાર્યમાં જ મને તલ્લીન કરે.

અન્તમાં મને અપનાવનારાઓ પણ જેવી રીતે મને ગતવર્ષોમાં અપનાવતા હતા, તેવી જ રીતે બલ્કે તેથી જ ઘણા વધારે અંશે મને અપનાવવામાં કટિબદ્ધ થશે એવી આશા રાખું તે યોગ્ય જ છે.

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

વિષયપ્રતિભાસજ્ઞાનમાં પરિણતિ નથી. એ શ્રદ્ધાબલવાળું જ્ઞાન નથી. એમાં માત્ર પ્રતિભાસ છે. વિષયની ઝાંખી છે. એ જ્ઞાન માત્ર પાઠ તરીકે છે,પોપટીઉં જ્ઞાન છે, એ જ્ઞાનવાળાને આત્મામાં કાંઈ લાગતું વળગતું નથી. એ જાણે ખરો કે નરકનાં ચાર કારણો છે. મહાઆરંભ, મહાપરિગ્રહ, માંસાહાર, અને પંચેંદ્રિયઘાત પણ તેની વિચારણાનો સ્પર્શ આત્માને નહિ !

## લીટામાં જ એકડો છુપાયો છે.

એ જ્ઞાનમાં જવાબદારી ભળે એટલે થયું આત્મપરિણતિમત્ જ્ઞાન ! વાતો કરવી સહેલી છે પણ માથે લેવું મુશ્કેલ છે. જવાબદારીવાળું શાસ્ત્રીયજ્ઞાન તે પરિજ્ઞતિવાળું સમ્યગ્જ્ઞાન. આ આત્માએ સમક્તિની કે દેશવિરતિની ક્રિયા અનંતી વખત કરી, ચારિત્ર પણ અનંતી વખત લીધાં અને પાળ્યાં, પણ પરિણતિ જ્ઞાન ન આવ્યું ! પરિણતિજ્ઞાન આવે તો તેને સજ્જડ રીતે સાચવજો! પ્રાપ્તની રક્ષા માટે સચવાવું દુર્લભ હોઈ ચેતવણી આપી છે. પરિણતિજ્ઞાન દુર્લભ છે. પ્રાપ્ત થાય તો તેની રક્ષા માટે ઉપદેશ કર્યો તો અવળા પરિણામવાળાએ તેનો ઉલટો અર્થ કર્યો "અહો ! અનંતી વખત દેવપૂજા કરી, સમક્તિ તથા દેશવિરતિની ક્રિયા કરી, મેરૂપર્વત જેટલા ઓઘા એકઠા કર્યા, પણ કાંઈ ન વળ્યું !" માટે હવે તે ન કરવું. આવું કહેનારાઓ ધર્મની પ્રવૃત્તિથી પોતે અટકવા તથા બીજાને રોકવા માગે છે. એ અવળમતીયાઓને બે પ્રશ્નો પૂછીએ કે ભલા ! તે અનંતી વખત સદનુષ્ઠાન કરનારો મરીને ગયો ક્યાં ? શું નરકે ગયો ? વિરતિ કરી પ્રભુપૂજન કર્યું, ક્રિયા આચરી, ચારિત્ર લીધું, દેશવિરતિ લીધી, સામાયિક પૌષધ કર્યા, આ તમામ કરનાર એ ક્રિયાથી ગયો ક્યાં ? જો કહે કે દેવલોકે? તો દુર્ગતિ તો થઈ નથી ને ! થઈ તો સદ્ગતિજ ને ! ઓઘા અનંતી વખત મળ્યા તો બાયડી છોકરાં, ધનના ફૂકા વગેરે કેટલી વખત મળ્યા ? એ પૂજાદિના કરતાં એ અનંતગુણની વખત ! અને એના પરિણામે તો તિર્યંચ તથા નરકગતિમાં રખડવું પડ્યું છે ને ! છતાં તો તે છોડાતું કેમ નથી ? આવો દુર્બુદ્ધિ કે બુદ્ધિ વગરનો કોણ ?

બીડમાં સેંકડો વર્ષો સુધી વરસાદ વર્ષે તો પણ એક દાણો ન થાય પણ એ જ બીડમાં વાવીને ખેતી કરે તો અનાજ થાય છે. વાવ્યું હોય તો ઉગે; નહિ તો ઘાસ તો થાય. એ જ રીતે પૂજાઓ કરી, સામાયિક પૌષધાદિ કર્યા, સંયમો લીધા પાળ્યા તે વખતે મોક્ષની ઈચ્છા નહોતી કરી તો મોક્ષ મળે ક્યાંથી ? મોક્ષની ઈચ્છાએ એકકે વખત કર્યું ?

કોઈને એમ શંકા થાય કે અત્યારે મોક્ષની ઈચ્છા એ શા ઉપરથી માનવું ? જે વખતે શ્રીતીર્થંકર મહારાજા બીરાજતા હતા તે વખતે રાજામહારાજાઓ, વાસુદેવો, ચક્રવર્તીઓ, દેવતાઓ, ઈંદ્રો તેમને વાંદવા આવતા હતા, અનેક પ્રકારે ભક્તિ કરતા હતા, તો એ બધું નજરો નજર જોઈને માનસન્માનની પૂજાસત્કારની કે પૌદ્‌ગલિક સુખની ઈચ્છા થાય, પણ આજે તો ભસ્મગ્રહના પડછાયે એવાં દૃશ્યો ક્યાં છે કે જેથી તેવી ઈચ્છાનો પ્રાદુર્ભાવ થાય ? એ વખતે દેવતાઓ પ્રત્યક્ષ આવતા, સંખ્યાબંધ આવતા, તે નજરોનજર નિહાળીને દેવલોકની ઈચ્છાએ ચારિત્ર લેવાનું મન થતું. અત્યારે કોણ દેવલોકથી આવે છે કે જેથી દેવલોકની ઈચ્છા થાય? એ વખતે જ્ઞાની મહારાજા પહેલા ભવનાં વૃત્તાંતો કહી બતાવતા જે જાણી રાજા, મહારાજા કે શેઠ, શાહુકાર થવાની ઈચ્છાએ ધર્મ કરવાનું દીલ થતું. અત્યારે એવો એકેય પ્રસંગ નથી. અત્યારે ઘણા ભાગે ધર્મબુદ્ધિ સિવાય ધર્મ કરવાનું બીજી કારણ નથી. આજે સાધર્મિક સાધર્મિકની કદરવાળા દેખાતા નથી. ત્યાં બીજું કયું પ્રલોભન હોય ? બજારમાં સાધુ જતા હોય તો પણ વંદન કેટલા કરે છે ? ઉપાશ્રય ક્યાં આવ્યો ? એમ મુનિરાજ પૂછે તો મૂકવા આવે ? આંગળીથી સીધો રસ્તો બતાવી દે, પતાવી દે. આવા કાલમાં કહો સાધુપણામાંયે કઈ લાલચ છે ? શ્રીજિનેશ્વરદેવના સમયમાં હજી અન્ય લાલસાએ ધર્મ સાધના સંભવિત છે, પણ અત્યારે આત્મકલ્યાણની બુદ્ધિ વિના બીજી કઈ બુદ્ધિએ ધર્મ કરે ? સંયમમાં મોક્ષની બુદ્ધિ હોય તો આઠથી વધારે ભવ નથી. અનંતી વખત ઓઘા - મુહુપત્તિ લીધા ખરા, પણ એ ભાવસંયમ નહિ ! દ્રવ્યસંયમ ! જો કે તેથી તે કાંઈ નકામું નથી. અનંતી વખત દ્રવ્યચારિત્ર આવે ત્યારે જ ભાવચારિત્રનાં પગથીયાં સાંપડે. તમારો નિશાળે તાજો બેઠેલો છોકરો તરત તો લીટા જ કરે છે, પણ એ લીટામાં જ એકડાની જડ છે. એ લીટા બંધ કર્યા ? પહેલાં જ એકડો કોઈએ કાઢ્યો ? અનંતીવખત દ્રવ્યચારિત્ર આવ્યા ત્યારે એક ભાવચરિત્ર થાય. દ્રવ્યચારિત્રમાં ભાવચારિત્રનું ઘડતર છે. મોહપરિણતિ અનાદિકાલની છે તેનો એકદમ વિચ્છેદ થાય શી રીતે ?

(અનુસંધાન પેજ - ૪૨)

# શ્રી જિનેશ્વરદેવોનાં વચનોનાં અવલંબનની આવશ્યકતા

स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादिनिश्चयं। तत्त्वसंवेदनं चैव, यथाशक्ति फलप्रदं॥

**પરિણતિજ્ઞાન આવશ્યક છે.**

**શાસ્ત્રકાર** મહારાજા શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના કલ્યાણાર્થે જ્ઞાનાષ્ટકમાં જ્ઞાનનું પ્રાધાન્ય સૌ કોઈ સ્વીકારે છે એમ જણાવ્યા બાદ કહે છે કે જ્ઞાનના સામાન્યતઃ ત્રણ ભેદ છે. સ્વરૂપની અપેક્ષાએ કે પ્રચલિત રીતે જાણવાપણાની અપેક્ષાએ તો શાસ્ત્રોમાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન, એમ પાંચ ભેદો કહ્યા છે; તો આ ત્રણ ભેદો શી રીતે સમજવા ? આના સમાધાનમાં કહે છે કે મતિજ્ઞાનાદિ પાંચ ભેદો જ્ઞાન પદાર્થ અને ઉત્પત્તિના કારણોના ભેદોએ કરીને પડે છે. તમામ રૂપી પદાર્થોને અંગે થતું જ્ઞાન તે અવધિજ્ઞાન. જ્ઞાનાવરણીય કર્મના સંપૂર્ણ નાશથી થનારું જ્ઞાન તે કેવલજ્ઞાન. અહિં જે ત્રણ ભેદો કહેવામાં આવે છે તે પરિણતિની અપેક્ષાએ સમજવા. જગતમાં સામાન્યરીતે પદાર્થોનું જ્ઞાન શબ્દ વિના પણ હોય છે. એકેન્દ્રિયાદિ જીવો જીવાજીવના પદાર્થને ભેદ *રૂપે ભલે ન જાણે, પણ પોતે જીવ છે, પોતાને શરીર* છે, એમ સામાન્યતઃ જાણે, પદાર્થનું પદાર્થપણે જ્ઞાન ત્યાં નથી. હેયનો હેયરૂપે, જ્ઞેયનો જ્ઞેયરૂપે, ઉપાદેયનો ઉપાદેયરૂપે, આ રીતે વિભાગો ન થાય ત્યાં સુધી જાણેલા પદાર્થો પરિણતિ વગરના સમજવા. વૈષ્ણવો વગેરે જીવાદિ તત્ત્વોને માને છે. ગમે તે પ્રકારે પણ તેઓ બધા તત્ત્વોને માને છે. દરેક પણ આસ્તિકમતવાળાઓ જીવ, અજીવ, પુણ્ય, પાપ, કર્મ આવવાનાં કારણો, કર્મને રોકવાના ઉપાયો વગેરે માને છે. ટુંકામાં શબ્દ ભેદે પણ તેઓ નવે તત્ત્વોને માને છે તો ખરા. શંકા થશે કે તો પછી સમ્યક્ત્વી કોણ અને મિથ્યાત્વી કોણ ? અહિં જ પરિણતિજ્ઞાન તપાસવાની જરૂર છે. માત્ર શબ્દજ્ઞાનથી તપાસ પૂરી નથી. શબ્દજ્ઞાનથી તો બધાય સમ્યક્ત્વી ગણાશે, પણ ખરી રીતે સમ્યક્ત્વી તે કે જેને પરિણતિ જ્ઞાન થયું હોય. પરિણતિ જ્ઞાન વગરનો સમ્યક્ત્વી નથી. તેમાં પણ કહ્યું કે **जिनपन्नत्तं तत्तं** તત્ત્વ છે છતાં **जिनपन्नत्तं तत्तं** શા માટે ? તત્ત્વાર્થકારે તો શ્રી જિનેશ્વરમહારાજને *વચમાં નહિ લેતાં तत्त्वार्थश्रद्धानं વગેરે કહી દીધું.* તત્ત્વ એટલે પદાર્થનું સ્વરૂપ. બીજાઓની

શાસનશૈલી ફક્ત પદાર્થ તરીકે છે. આર્યસત્યો બૌદ્ધોએ માની આર્યસત્યો માન્યાં. નૈયાયિક વૈશેષિકોએ પદાર્થો પદાર્થ તરીકે માન્યા. પણ પદાર્થોમાં તત્ત્વ તરીકે માન્યતા તો જૈનોની છે. **नव अत्था हुंति नायव्वा** ન કહ્યું, પણ **नव ( अत्था ) तत्ता होंति** કહ્યું. જીવાદિક પદાર્થો જ તત્ત્વો છે. પદાર્થોની તત્ત્વ તરીકે શ્રદ્ધા કરી, તત્ત્વ શબ્દ જૈન શાસનનો રૂઢ છે, તેથી જીવાદિક પદાર્થોની તત્ત્વ તરીકે શ્રદ્ધા થઈ અને તેથી જ જીવાદિ અર્થોમાં તત્ત્વ તરીકેની બુદ્ધિ તે સમ્યક્ત્વ એમ પ્રશમરતિમાં જણાવ્યું. આ કારણથી ત્યાં જિનોક્ત શબ્દ ન રાખ્યો તેમાં હરકત નથી. તત્ત્વશબ્દની રૂઢી જ એ શબ્દ જિનોક્તપણું સિદ્ધ કરે છે. 'પ્રકૃતિ' 'આર્યસત્ય' એ શબ્દો જેમ અન્યમતોમાં રૂઢિથી વપરાય છે તેમ આપણા જૈનોમાં 'તત્ત્વ' શબ્દ વાપરવાની રૂઢી છે.

### જ્ઞાનાવરણીયાદિ કર્મને જે જાણે જ નહિ તે તોડવાનો ઉદ્યમ ક્યાંથી કરવાનો ?

પદાર્થ પછી સ્વરૂપમાં જુઓ. અન્યમતવાળાઓ જીવને ચેતનાવાળો માને છે; જૈનદર્શન પણ ચેતનામય કહે છે. તો એમાં ફરક શું ? અન્યોએ ઉત્પન્ન થયેલી ચેતનાનું સ્થાન આત્મા રાખ્યું એટલે અન્યમતની માન્યતામાં ચેતના સ્વભાવે ન રહી, એટલે તેને રોકવાવાળા કર્મ માનવાની પણ તેમને જરૂર રહી નહિ. શ્રી જિનેશ્વરદેવના શાસન સિવાય કોઈએ જ્ઞાનને રોકવાવાળા એવા જ્ઞાનાવરણીય કર્મને માન્યું નથી. ઘટ-પટ વગેરેમાં ચેતના ન થાય જ્યાં સ્વરૂપે ચેતનામય છે એમ માન્યતા જ ન રહી એટલે જ્ઞાનાવરણીયાદિ કર્મ માનવાના ન રહ્યાં અને એ કર્મ માનવાના ન રહ્યાં તો તેના નાશ માટે ઉદ્યમ કરે ક્યાંથી ? જ્ઞેયત્વની વ્યાપકતા ગણી. પદાર્થ ત્રણ પ્રકારના છે. જ્ઞેય, હેય અને ઉપાદેય. જ્ઞેય એટલે જાણવા લાયક. કેટલાક પદાર્થ માત્ર જાણવા લાયક જ હોય છે, જો કે હેય અને ઉપાદેય પણ જ્ઞેય તો છે જ એટલે એ દૃષ્ટિએ પદાર્થ માત્ર જ્ઞેય તો છે જ. છતાં કેટલાક પદાર્થો હેય એટલે - છોડવા લાયક છે. કેટલાક પદાર્થો ઉપાદેય એટલે આદરવા લાયક છે. હેયત્વ કે ઉપાદેયત્વ જાણ્યા વગર છોડી કે આદરી ન શકાય માટે એ પણ જ્ઞેય તો છે જ. નીતિકારોએ હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય એમ ત્રણ ભાગ રાખ્યા. જ્ઞેય વિભાગ જ ન રાખ્યો. જ્ઞેયત્વ બધામાં મૂલ શાખા, તેમાંથી હેય, ઉપાદેય અને ઉપેક્ષણીય એમ ત્રણ વિભાગ કર્યા. મતલબ કે નીતિકારોએ એ ત્રણ વિભાગ ફલ તરીકે જણાવ્યા. જૈનો સિવાયના લોકોએ જ્ઞાનને રોકનારું જ્ઞાનાવરણીય કર્મ જાણ્યું કે માન્યું જ નહિ તો પછી તેને તોડવાનો ઉદ્યમ તેઓના મનમાં ક્યાંથી થાય?

આત્માને કેવલજ્ઞાનના સ્વરૂપે જાણવાની તાકાત કેવલ સમ્યક્ત્વીની છે. સૂક્ષ્મએકેન્દ્રિયનો જીવ લ્યો, કે બીજો કોઈ લો તેમાં કોઈપણ જીવ કેવલજ્ઞાન વગરનો નથી, જીવ પદાર્થ સ્વરૂપે કેવલજ્ઞાનવાળો છે એ માન્યતા કેવલ સમ્યક્ત્વની છે. જૈનમત વિના અન્ય કોઈ પણ મતમાં આત્મા સ્વરૂપે કેવલજ્ઞાનવાળો મનાયો નથી. કોઈપણ નાનો છોકરો કાચના ફટકાને હીરો કહે છે, ઝવેરીનો

છોકરો સાચા હીરાને હીરો કહે છે, પણ તેના તેજ, તોલ, કિંમતની બન્નેને ખબર નથી. એ જ રીતે અન્યમતવાળા 'જીવ જીવ' એમ કહે છે. પણ એના કેવળજ્ઞાનમય સ્વરૂપની તેઓને ખબર નથી.

શંકા :- કેવળજ્ઞાનથી લોકાલોકપ્રકાશિત કેમ નથી થતો ?

સમાધાન :- કેવળજ્ઞાનાવરણીયકર્મ હોવાથી. એ કર્મ સમકિતિને, મિથ્યાત્વિને, અભવ્યને તમામને માન્યું છે. એ કર્મ ખસેડી કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાની ભાવના સમ્યક્ત્વીને જ થાય. જે કેવળજ્ઞાનાવરણીય માને નહિં તેને ખસેડવાની કલ્પના પણ ન આવે. એવી જ રીતે કેવળદર્શનાવરણીય વગેરે કર્મોરૂપ આવરણો ખસેડવાના, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય વગેરે અજીવ પદાર્થો તે પણ જૈનો સિવાય કોણે માન્યા? શ્રીજિનેશ્વર મહારાજે કહેલું જીવનું સ્વરૂપ જે માને છે તે જ મનુષ્ય જીવને કેવળજ્ઞાન સ્વરૂપવાળો માને છે, અને માટે જ તે કેવળજ્ઞાનાવરણીય કર્મને તોડવાનો ઉદ્યમ કરે.

### ધર્મકૃત્યો કરવાનો દાર્શનિક હેતુ.

ત્યારે અન્યમતવાળા ધર્મકૃત્યો શા માટે કરે છે ? ઈશ્વરે આ બધું બનાવ્યું એના બદલામાં "હે ઈશ્વર ! તેં પૃથ્વી, પાણી, હવા, વનસ્પતિ આદિ બનાવ્યાં એટલે તને ભજીએ છીએ." અન્યમતવાળાનું ઈશ્વરનું ભજન, ઈશ્વરે આ બધું બનાવ્યું તેના બદલામાં છે. આપણે ઈશ્વરને માનીએ છીએ ખરા, પણ બનાવનાર તરીકે નહિ. જીવાદિક પદાર્થોનું સ્વરૂપ બતાવનાર તરીકે, તથા અનંત ગુણવાળા હોવાથી ભક્તિ અર્થે માનીએ છીએ, તે પણ કેવળજ્ઞાનાવરણીયાદિ કર્મ તોડવા માટે માનીએ છીએ.

આપણે ઈશ્વરની ભક્તિ, સેવા, સ્તુતિ વગેરે કરીએ છીએ તે આત્માના ગુણો પ્રગટાવવા માટે કરીએ છીએ. આપણે જીવનું સ્વરૂપ ઓળખીએ તો તે પ્રગટાવવા પ્રયત્ન કરીએ. તે માટે પરમેશ્વરે આપણને તે સ્વરૂપ બતાવ્યું. એટલે આપણે તો ઈશ્વરની આરાધના, સ્તુતિ, પૂજનાદિ કોઈપણ પ્રકારે કરીએ છીએ તે કર્મોને સંહરવા માટેજ. પત્થર, ધૂળ, ઢેફાં વગેરેને અજીવ તો સૌએ માને છે, જનાવર પણ માને છે, પણ એમ અજીવ માન્યાં કામ ન લાગે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, કાલ વગેરેને માનો તો અજીવદ્રવ્યને માન્યા ગણાય. આ અજીવ પદાર્થો શ્રીજિનેશ્વરદેવે બતાવ્યા છે, અને તેમના કથનથી જ મનાય છે.

### મદ્રુકની દૃઢતા !

શ્રી ભગવતીજીમાં એક દૃષ્ટાંત આવે છે. મદ્રુક નામનો શ્રાવક છે, એ ભગવાન શ્રી મહાવીર મહારાજાને વંદના કરવા જાય છે. માર્ગમાં અન્ય મતના વિદ્વાનો કાળોદાઈ તથા સેલોદાઈ વગેરે બેઠેલા છે. સોનામાં એવો અવાજ નથી હોતો કે જેવો કાંસામાં હોય છે, એ ન્યાયે એ માર્ગે અન્ય-મતવાળા પણ પોતપોતાના દેવના દર્શનાર્થે જાય છે. કાલોદાઈ સેલોદાઈને, મદ્રુક મહાવીરને વાંદવા જાય છે તેને ભરમાવવાનું, જતાં રોકવાનું મન થયું,

ધર્મક્રિયામાં વિઘ્ન નાંખવું એ જ તેમનું કાર્ય છે, અને વિઘ્નસંતોષીઓ એમાં જ આનંદ માને છે. કોઈ દેરાસર બંધાવે, ઉદ્યાપન કરે, કે સંયમ લે, ગમે તે પ્રકારે આત્મકલ્યાણ કરે, પણ વિઘ્નાનંદીઓ તો ખોડખાંપણ કાઢી, બખાળો કરી, ધાંધલ કરી, વિઘ્નો જ ઉભાં કરવાના. કેટલાકો કાર્યને ખરાબ કહેશે, કેટલાકો પદ્ધતિને ખરાબ કહેશે, તો કેટલાકો મૂળમુદ્દાને ખરાબ કહેશે, પણ સારી ક્રિયામાં ખરાબી બતાવવી એમાં જ એમની બહાદુરી ! પ્રતિષ્ઠા હોય કે પૂજા હોય, સદનુષ્ઠાન ગમે તે હોય, પણ આરાધનાના પ્રકાર માત્રમાં હલકા પાડવા, તથા એ પવિત્રમાર્ગમાં કાંટા વેરવા એ જ વિઘ્નસંતોષીઓનું આવશ્યક કાર્ય થયું છે. ધર્મ કરતો કોઈ રોકાઈ કેમ જાય એ જ મનની મલીન ભાવના એઓની હોય છે. કેટલાકો જૈનધર્મને જ ડુબાડનાર કહી મલીનતાનો પૂરેપૂરો પરિચય આપે છે. મદ્રુકને ઉભો રાખી તેની પાસે શ્રીજીનેશ્વરદેવની પ્રામાણિકતાને જ ઉડાવી દેવાનો તેઓએ નિશ્ચય કર્યો. એને બોલાવ્યો અને અનેક કુયુક્તિઓ ઉભી કરી. ઉતરડ પાડવા ઈચ્છનારો નીચેનો એક ગોળો ખસેડે એટલે બસ! આખી ઉતરડ પડવાની જ ! <u>શાસ્ત્રકારો તમને મિથ્યાદૃષ્ટિના પરિચયનો નિષેધ એટલા માટે જ કરે છે કે તમે જો ખસી ગયા તો તેથી માર્ગનો મહિમા ઘટવાનો નથી, પણ તમે મેળવી ચૂકેલા તે હારી જશો.</u> કોઈ ફાંકો રાખે કે અમે નિર્ભર રહીએ તો! પણ એ બહુ મુશ્કેલ છે, કોર્ટના કેસો તપાસો ! જે વખત વાદી પ્રતિવાદીની દલીલો પેશ થાય છે, સામસામા વકીલોના ક્રોસ થાય છે, તે વખતે બુદ્ધિના કેવા પલટા થાય છે ! જ્યારે દુનિયાદારીની બાબતમાં આ હાલત છે. તો પરભવની, પુણ્ય - પાપની વાતોમાં તો તમે કેટલુંક ભેજું ધરાવો છો ? અતિપ્રિય પદાર્થની યુક્તિમાં તમે નહિ ડગો તેની શી ખાત્રી ? જેમ જેને મિલ્કત મળે તેણે ચોરોથી હમેશાં સાવધ રહેવું જોઈએ તેમ જૈનશાસ્ત્રકારો કહે છે કે જેને શુદ્ધ શ્રદ્ધામાર્ગ સાંપડ્યો, જેને તત્ત્વનું જ્ઞાન થયું હોય તેણે વિપરીત પ્રરૂપણાવાળાથી ડગલે ને પગલે સાવચેત રહેવાની જરૂર છે.

પેલાઓએ મદ્રુકને પૂછયું : "અરે મદ્રુક ! તારા મહાવીર ધર્માસ્તિકાયાદિ પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરે છે તે તું માને છે ?

મદ્રુક તો પરમ શ્રદ્ધાવાન હતો, માનતો જ હતો, શંકા હતી જ નહિ, એટલે તરત કહ્યું કે : "હા ! હા ! બરાબર માનું છું !!!"

પેલાઓ તો ખાલી બનાવટ કરવા માગતા હતા. આને અંધશ્રદ્ધાળુ વગેરે કહીને માર્ગથી ખસેડવા માગતા હતા. એટલે ફરી કહ્યું કે "જે વસ્તુ તારા જાણવામાં કે જોવામાં આવતી નથી તે વસ્તુને માત્ર મહાવીરના કહેવાથી માની લેવી તે માત્ર અંધશ્રદ્ધા છે કે બીજું કાંઈ ?

વિચારો ! કેવો પથરો ફેંક્યો છે ! અરૂપી ન દેખાય એ તો સ્પષ્ટ છે, પણ આવો પથરો ફેંકાય ત્યાં આત્માને બચાવવો સહેલો છે ? મદ્રુક તો પેલાઓને બરાબર ઓળખતો હતો. તેમની ધારણા એ બરાબર સમજી ગયો.

બરાબર વિચારી તેણે તેમને પૂછયું કે - "પેલા બગીચામાં ફુલો છે તેની ગંધ અહિં આવે છે તે તમો માનો છો કે નહિં ?" પેલાઓ, ના શી રીતે કહે ? એટલે એની ગંધ આવે છે એમ કહ્યું. ત્યારે મદ્દુક કહે છે કે "હવે એ ગંધ પણ દેખાતી તો નથી, તે ? છતાં કેમ તમો માનો છો? નજરે ન દેખાતા પદાર્થો પણ અનુમાનથી સાબીત થાય તો માનવા જોઈએ. એમ તમારે માનવું જ પડશે. ફુલની ગંધ દેખાતી નથી પણ નાકને સ્પર્શે છે, અનુમાનથી સાબીત થતો પદાર્થ ન દેખાય તો પણ માનવો પડે.

ફરી બીજો પ્રશ્ન પૂછે છે કે - "આ જગતનો છેડો છે ખરો કે નહિં ? જો છેડો ન હોત તો આપણે ભેગા મળત જ નહિં. જગતની ચારે બાજુ મર્યાદા ન હોત તો ભેગા થવાનો વખત આવત જ નહિં." અનુમાનથી સાબીત થાય છે કે કોઈ પદાર્થ એ મર્યાદા કરનાર છે. અનુમાનથી સાબીત કર્યા પછી આગમવાદમાં ગયા સિવાય છુટકો નથી. અનુમાનથી સિદ્ધ થયેલા પદાર્થોના ધર્મો. સ્વભાવાદિનો નિશ્ચય કરવા માટે જ્ઞાનીના વચનની જરૂર પડે છે. ડ્રાઈવરની માફક જીવ જેવો કોઈક આ શરીરમાં છે એમ તમે અનુમાનથી સાબીત કર્યું, પણ પછી તેનો સ્વભાવ, ધર્મ, સ્થિતિ, વર્તમાન-ભૂત-ભવિષ્યના પર્યાયો જ્ઞાનીનાં વાક્યો વિના સાબીત થતા નથી.

**અનુમાને સિદ્ધ થતા પદાર્થોનાં સ્વરૂપાદિ જાણવા માટે શ્રીસર્વજ્ઞનાં વચનો જ આધારભૂત છે !**

આ રીતે ગતિમાં મદદ કરે તે ધર્માસ્તિકાય છે, આની સાબીતી કર્યા પછી એ અનુમાન અધર્માસ્તિકાયમાં પણ લગાડો. સ્વરૂપાદિની સિદ્ધિ માટે તો સર્વજ્ઞનાં વચન ઉપર જવું પડે. દરીયાપારના દેશને આ તરફ રહેલાએ જોયો નથી, પણ વૃદ્ધોના કહેવાથી કે વિશ્વાસપાત્રો ત્યાં જઈ આવ્યા તેથી જાણીએ છીએ અને માનીએ છીએ. એ જ રીતે અનુમાન કર્યા બાદ તેનાં સ્વરૂપાદિ માટે તો જ્ઞાનીનાં વચનોને અવલંબવું જ પડશે. આ સાંભળી કાલોદાઈ - શેલોદાઈની બોલવાનો ઉત્તર ન રહ્યો. તે કાલના મિથ્યાત્વીઓ પણ એટલા સારા હતા કે ઉત્તર મળ્યા પછી ચૂપ હતા.

**મદ્દુક ભગવાન પાસે ગયો, વંદના કરી અને માર્ગની બીના કહી.**

ભગવાને કહ્યું : 'જો આડો ઉત્તર આપ્યો હોત તો વિરાધક થાત." જો આડો ઉત્તર આપે, અને પેલાઓ કહે કે -'બતાવ ! ધર્માસ્તિકાય ક્યાં છે?' તો બતાવાય ક્યાંથી ? તેનો ઉત્તર તો તું આપત કે આપણે જોયેલું સ્વપ્ન બીજાને બતાવી શકીએ તો જ સાચું ગણાય, એ કોનો ન્યાય ? બધા પદાર્થો દેખાડી શકાય તેવા હોતા નથી.

ભગવાને કહ્યું કે - " આડો ઉત્તર આપ્યો હોત તો વિરાધક થાત " અર્થાત્ હા ! હા ! દેખું છું" એમ કહ્યું હોત તો જ્ઞાનીઓનો વિરાધક થાત. કેવી રીતે ? જેમ એક સોનાની ડબી છે. તેને એકે સોનાની કહી, બીજાએ તેને પિત્તળની કહી. સોનાની કહી તેને પ્રત્યક્ષ જુઠો ન કહ્યો. પણ ડબીને પિત્તળની

કહી એટલે જુઠ્ઠો ઠરાવી તો દીધો જ ! એ જ રીતે અનંતા અરિહંત, ગણધર, શ્રુતકેવલી તથા આચાર્યોએ અરૂપી પદાર્થોનું એ જ સ્વરૂપ કહ્યું છે કે અરૂપી પદાર્થને દેખે નહિં. હવે ત્યાં મદ્દુક તું પોતે દેખું છું એમ કહે તો અનંતા અરિહંતાદિની આશાતના થાય. વિરાધના થાય. બાહ્ય જડ-પદાર્થોને માનવામાં શ્રી જિનેશ્વર દેવને વચમાં ન લાવો તો ચાલી શકે, પણ ધર્માસ્તિકાયાદિ અજીવ પદાર્થો માનવામાં શ્રી જિનેશ્વર દેવોને વચમાં ન લાવો તો ચાલી શકે નહિં. મોક્ષને મેળવી આપનાર સાધનોમાં શ્રી જિનેશ્વરદેવને માનવાની જરૂર છે. ધર્માસ્તિકાયાદિ અરૂપી અજીવ પદાર્થો શ્રી જિનેશ્વરદેવ વગર માની શકાય તેવા નથી. એ જ રીતે પાપ પુણ્ય બંધાય છે. એમ સામાન્યતઃ તો બધા માને છે, પણ અઢાર પાપસ્થાનકદ્વારા પાપ થાય, ભૂત (પ્રાણી) પ્રત્યે અનકંપાદિદ્વારા પુણ્ય બંધાય, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, અને યોગો એ મારફત જ કર્મ બંધાય, એ તમામ માન્યતા શ્રીજિનેશ્વરદેવનાં વચનોથી થાય છે અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રથી મોક્ષ મળે છે એ પણ એમનાં વચનથી જ મનાય છે.


# મુદ્રણાલય શરાણે ચઢેલાં નવાં ગ્રન્થરત્નો

## (અમુદ્રિત)

૧ શ્રી આચારાંગચૂર્ણિ (જિનદાસ ગણિમહત્તર)
૨ શ્રી સૂયગડાંગ ચૂર્ણિ
૩ શ્રી પન્નવણાસટીક (હરિભદ્રસૂરિકૃત)
૪ શ્રીપંચાશકચૂર્ણિ (યશોદેવસૂરિ)
૫ શ્રીદશવૈકાલિકસૂત્રસટીક (શ્રીસુમતિસાધુ.)

## પુનર્મુદ્રણ થતા

૧ શ્રીપંચાશક સટીક (પૂ. અભયદેવસૂરિ ટીકા)
૨ શ્રીભગવતીસૂત્ર સટીક ભા. ત્રીજો (")

**પ્રાપ્તિસ્થાન**

**શ્રી જૈન આનંદ પુસ્તકાલય, ગોપીપુરા - સુરત.**

# સમાલોચના

૧ ધમ્મો મંગલમુક્કિટ્ઠો એમ કહેવા અને માનવાવાળો વ્યાકરણને વ્યાધિકરણ તરીકે માનનાર હોય તેમાં આશ્ચર્ય શું ? ઉત્કૃષ્ટ એ મંગલનું વિશેષણ છે અને તે નપુંસકલિંગે હોય એ વાત ટેડાપંથિયો તો સમજે જ ક્યાંથી ?

૨ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને પરાકાષ્ઠા મનુષ્ય ગતિરૂપ સંસારમાં થાય છે, માટે મનુષ્યગત્યાદિ સર્વથા છોડવા યોગ્ય કે સર્વથા દાવાનલ, રણ કે સમુદ્ર જ છે. એમ કોણ માને ?

૩ મૈત્રી સર્વભૂતો એટલે છ કાયના જીવોમાં હોય એમ મિત્તિ भूएसु એ વચનથી સ્પષ્ટ છે છતાં સંયતિમંડલમાં જ મૈત્રી માનનાર જુઠો ગણાય. ટેડાપણાને લીધે સંયતશબ્દની જગા પર સંયતિ શબ્દ વાપર્યો છે. મૈત્રીનો અર્થ હિતચિંતન છે, છતાં, તેનો સમાનતા અર્થ ગણનાર ટેડાપંથી જ હોય.

૪ કલેશને પામનારમાં સમ્યક્ત્વવાળો કરૂણા રાખે એ કારૂણ્યભાવનાનો વિષય જે ન સમજે, અને ટેડાપંથી જ આચાર્યને એ ભાવના છે એમ કહે અથવા સંયતિમંડળ અને ધર્મમાર્ગે ચઢતા શ્રાવક જ એનો વિષય છે એમ બોલે કે માને તેની કલ્પના ખરેખર કૌવચશ્રેણી જ છે.

૫ શ્રાવક અને સંયતિવર્ગ જ મુદિતાનો વિષય છે એમ માનનારે સુબાહુ આદિના દાનને છોડી દીધા છે, ગુણાધિક માત્રમાં પ્રમોદ હોય શાસ્ત્ર કહે છે.

૬ દયાનો નિષેધ કરવો, હિંસકને અનિષેધ રૂપે અનુમતિ આપવી, અને હિંસા છોડાવનાર કે છોડનારને પાપસ્થાનક પોટલાં થાય છે એમ માનનાર ટેડાપંથિયો માધ્યસ્થ્યના આંગણામાં પણ દાખલ ક્યાંથી થાય ?

૭ અહિંસાદિ પણ ધર્મના ભેદો છતાં ઉત્કૃષ્ટના ભેદો કહેનાર કેવો ટેડો હશે ?

(જૈન. ટેડાપંથી)

# સાગર સમાધાન

નોંધ :- આ પ્રશ્નોત્તરો લાંબી મુદત સુધી ચર્ચાયેલા વિષયને અંગે છે, જો કે આમાં પરસ્પર કોટિ મેળવીને લેખરૂપે લખવાનો અવકાશ છે, પરંતુ તે પ્રસંગ કેટલાક સંયોગોને અંગે દૂર ગયેલો લાગવાથી સાગર-સમાધાનરૂપે હમણાં તો રજૂ કરાય છે, આ કારણથી જ પૂર્વ પક્ષકારનું મંતવ્ય જ પ્રશ્નમાં આવશે એમ કહી શકાય નહિં, પરંતુ સમાધાનરૂપી ઉત્તરપક્ષ (સિદ્ધાન્તપક્ષ) ને અંગે સમાધાન થઈ શકે અને ઉપયોગી તેવા જ પ્રશ્નો કરવામાં આવશે.

૧ પ્રશ્ન - પારિણામિકભાવના ભેદની અંદર જીવપણાની સાથે જે ભવ્યપણાનો ભાવ કહેવામાં આવે છે તે ભવ્યપણું એટલે શું?

સમાધાન - ભવ્યશબ્દને યોગ્ય અર્થમાં શાસ્ત્રકારોએ નિપાત કરેલો છે અને તથી જ [૧]શ્રીતત્વાર્થસૂત્ર અને [૨]શ્રીઅનુયોગદ્વારસૂત્ર વિગેરેમાં સ્પષ્ટપણે ભવ્યશબ્દનો અર્થ મોક્ષ જવાને લાયકપણું એમ કરવામાં આવેલો છે. જોકે [૩]શ્રીસ્થાનાંગ વિગેરે સૂત્રોમાં ભવ્યશબ્દની જગા પર ભવસિદ્ધિક એવો શબ્દ વાપરવામાં આવે છે અને તેનો અર્થ કેટલાક ભવોએ જેને મોક્ષ થવાનો હોય છે તેને ભવસિદ્ધિક કહેવાય એવો કરવામાં આવે છે, પરંતુ ટીકાકારો ભવસિદ્ધિક [૪]શબ્દનો શબ્દાર્થ એ પ્રમાણે કહ્યા પછી ભાવાર્થ જણાવતાં ભવસિદ્ધિક શબ્દથી ભવ્ય લેવો એમ જણાવે છે.

૨ પ્રશ્ન ભવસિદ્ધિક શબ્દના અર્થમાં સીધી રીતે શી અડચણ આવતી હતી કે જેથી ભાવાર્થ તરીકે ભવ્ય સ્વભાવ લેવો પડ્યો ?

સમાધાન - સંસારચક્રમાં ભવ્યો બે પ્રકારના હોય છે કે જેઓ બાદરપણું, ત્રસપણું વિગેરે પામીને મનુષ્યપણું પામતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી મોક્ષ માર્ગની આરાધના કરીને મોક્ષને મેળવી શક્યા છે, મેળવી શકે છે, અને મેળવી શકશે; પરંતુ કેટલાક ભવ્યજીવો ભવ્યપણાના સ્વભાવને ધારણ કરવાવાળા છતાં કોઈપણ કાળે બાદરપણું, ત્રસપણું યાવત્ મનુષ્યપણું પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહિં તો તેવા. સૂક્ષ્મ-પણામાં રહેવાવાળા ભવ્યજીવોમાં પણ ભવ્યત્વ સ્વભાવ તો છે, પરંતુ ભવ્યપણાના કાર્યરૂપ મોક્ષને મેળવવાનું તેઓથી બન્યું નથી બનતું નથી, અને બનશે પણ નહિં, આવી રીતે ભવ્યપણાનું કાર્ય નહિં બનાવનારા અને માત્ર ભવ્યપણાને જ ધારણ કરનાર એવા સૂક્ષ્મ સમુદાયમાં રહેલા જીવોને જાતિ ભવ્ય તરીકે જણાવવામાં આવે છે, જો કે મૂલ આગમોમાં જાતિભવ્ય તરીકેનો નિર્દેશ નીકળી શકે નહિં પરંતુ દુષ્ષમાન્ધકાર

તરણિસમ શ્રીજીનભદ્રગણિક્ષમાશ્રમણજીએં **ભવ્વા વિતે અનંતા** એવી[૪] વિશેષણવતિમાં ગાથા કહીને જાતિભવ્યનો પણ વર્ગ જણાવેલો છે. આ ઉપરથી એ વાત સ્પષ્ટ થાય છે કે ભવ્યજીવોના બે વર્ગ એક મોક્ષગામી ભવ્ય અને એક જાતિભવ્ય.

૩ પ્રશ્ન - મોક્ષગામી ભવ્ય તરીકે જે જીવો જણાવવામાં આવ્યા છે તે સર્વ મોક્ષગામી ભવ્ય જીવો જ્યારે મોક્ષનું કાર્ય સિદ્ધ કરે ત્યારે જગતમાં કોઈપણ મોક્ષગામી ભવ્ય જીવ ન રહે એમ નહિં બને અથવા એમ શું બનશે ?

સમાધાન - મોક્ષગામી ભવ્યજીવોની સંખ્યા એટલી બધી જબરજસ્ત છે કે જેનો મોક્ષે જતાં જતાં પણ અંત આવે એવો નથી. જેમ આકાશના એકેક પ્રદેશને સમયે સમયે પણ લેવા જતાં અનંતાકાલચક્રોએ પણ આકાશની એક પ્રદેશની શ્રેણિનો અંત આવે નહિ, તેવી રીતે ભવ્યો દરેક વખતે મોક્ષે જાય તો પણ તેથી મોક્ષે જવા લાયક ભવ્યોનો અંત આવશે નહિં. કદાચ કહેવામાં આવે કે તે મોક્ષે નહિ જનારા ભવ્યો અને સૂક્ષ્મપણામાં રહેવાવાળા જાતિભવ્યો એ બેમાં ફરક હવે રહેવાનો નહિં, પરંતુ આમ કહેવું નહિં કારણ કે જાતિભવ્યમાં બાદરાદિક અને ત્રસાદિપણું પામવાની યોગ્યતા જ નથી અર્થાત્ જેમ મોક્ષ પામવાની યોગ્યતા છે, તેમજ બાદરાદિકને ત્રસાદિ પામવાની યોગ્યતા નથી જ, માટે તે સૂક્ષ્માદિકપણામાં જ રહેવાવાળા એવા તે જીવોને જાતિ ભવ્ય કહેવામાં આવે છે, પરંતુ જે જીવોમાં મોક્ષ પામવાની પણ યોગ્યતા છે અને ત્રસાદિકપણું પામવાની પણ યોગ્યતા છે, તેવા જીવો ભલે સૂક્ષ્મપણામાં પણ હોય તો પણ તેને જાતિભવ્ય તરીકે કહેવાય નહિં.

૪ પ્રશ્ન - ભવસિદ્ધિક અને ભવ્યમાં ફરક શો ? અને ભવસિદ્ધિક એ શબ્દનો ભવ્ય એવો ભાવાર્થ ન લખ્યો હોત તો અડચણ શી ?

સમાધાન - ભવ્ય શબ્દનો અર્થ આગળ પણ જણાવ્યો છે કે મોક્ષ પામવાની લાયકાત અને ભવસિદ્ધિક શબ્દનો અર્થ પણ જણાવ્યો છે કે કેટલાક ભવોએ પણ જેની સિદ્ધિ થવાની છે તે ભવસિદ્ધિક કહેવાય. આ જગા પર જો ભવસિદ્ધિક શબ્દનો ભાવાર્થ ભવ્ય તરીકે લેવામાં ન આવે તો જે ભવ્યો ભવ્યપણાના સ્વભાવવાળા છે અને મોક્ષ પામવાના નથી તેવાઓને ન તો ભવસિદ્ધિક કહી શકાત, તેમ ન તો અભવસિદ્ધિક કહી શકાત. એટલે ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક સિવાયનો ત્રીજો વર્ગ ત્યાં જણાવવો પડત અને તે શાસ્ત્રકારોએ ત્રીજો વર્ગ જણાવ્યો નથી માટે વ્યાખ્યાકારોને તે જાતિભવ્યોને ભવસિદ્ધિકમાં ગણાવવા માટે ભવસિદ્ધિક શબ્દનો ભાવાર્થ ભવ્ય એમ કરવો પડ્યો અને તેવી જ રીતે અભવસિદ્ધિક શબ્દથી પણ જો અભવ્ય એવો ભાવાર્થ ન લે અને ભવોએ પણ જેની સિદ્ધિ નથી, એવા જીવોને અભવસિદ્ધિક તરીકે લે તો જે જાતિભવ્યો અગર

બીજા યોગ્યતાવાળા ભવ્યો મોક્ષ ન પામે, તે બધાને અભવસિદ્ધિકમાં લેવા પડે માટે શાસ્ત્રકારોએ અભવસિદ્ધિકનો ભાવાર્થ પણ અભવ્ય એમ જણાવ્યો.

૫ પ્રશ્ન - જે જીવમાં ભવ્યપણાનો સ્વભાવ છે. તે જીવને જે જે કાળે મનુષ્યત્વાદિક સાધનો મળે તે તે કાળે તે તે જીવોને સમ્યગ્‌દર્શનાદિ રૂપી મોક્ષમાર્ગની પ્રાપ્તિ જરૂર થાય એમ માનવું કે નહિં ?

સમાધાન - જીવમાં ભવ્યપણાનો સ્વભાવ છતાં પણ અને સમ્યગ્‌દર્શનાદિના સાધનો જે મનુષ્યપણાદિક વિગેરે મલ્યા છતાં પણ સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ થવી તે ભવ્યત્વના કાર્યરૂપ હોવા કરતાં તથા-ભવ્યત્વના કાર્યરૂપ છે એમ શાસ્ત્રકારો સ્પષ્ટપણે જણાવે છે. જો કે બીજને માટી પાણી હવા વિગેરે કારણો મળે તો જો તે બીજમાં અંકુર થવાની લાયકાત હોય તો તે બીજ જરૂર અંકુરાને ઉત્પન્ન કરે, તેવી રીતે અહિં પણ જે જે જીવોમાં મોક્ષ મેળવવાની લાયકાતરૂપી ભવ્યપણું રહેલું હોય તેઓને મોક્ષ માર્ગનાં કારણો મળે ત્યારે જરૂર સમ્યગ્‌દર્શનાદિક રૂપી મોક્ષમાર્ગ મળવો જ જોઈએ અને જેમ બીજમાં પૃથ્વી, પાણી, હવા વિગેરેનો સંજોગ મળ્યા છતાં જો તે બીજ અંકુરાને જન્મ આપે નહિં તો તે બીજ શક્તિ વગરનું છે એમ કહેવુંજ પડે, તેવી રીતે જે ભવ્યજીવ ગણાતો હોય તેને જો મોક્ષમાર્ગના કારણરૂપ મનુષ્યત્વાદિક સાધન મળ્યું હોય છતાં જો તે મોક્ષના માર્ગને ન મેળવી શકે તો તે જીવમાં મોક્ષની લાયકાત નથી અર્થાત્ અભવ્યપણું હોવું જોઈએ, આમ નહિં કહેવામાં પ્રથમ કારણ એ છે કે પ્રથમ તો એકલા ભવ્યત્વને અંગે મોક્ષમાર્ગના કારણ રૂપ સમ્યગ્‌દર્શનાદિકની પ્રાપ્તિ થતીજ નથી, પરંતુ તે સમ્યગ્‌દર્શનાદિકની પ્રાપ્તિ તથા - ભવ્યત્વ સ્વભાવને લીધે જ થાય છે અને તેથી જ મોક્ષ જવાની લાયકાત રૂપી ભવ્યપણાને ધારણ કરવાવાળા જીવો પણ તથા ભવ્યત્વનો પરિપાક ન થયો હોય તેથી અનંતી વખત પણ સમ્યગ્‌દર્શનાદિકરૂપી મોક્ષમાર્ગના કારણને મેળવે છતાં પણ તેઓ સમ્યગ્‌દર્શનાદિકને પામી શકે નહિં અને તેથી જ અનંતા અનંત કાલથી રખડતા ભવ્યજીવો પણ દ્રવ્ય ચારિત્રનો અનંતી વખત આદર કરનારા હોય અને તે અનંત વખતે ઉત્કૃષ્ટ ચારિત્રને દ્રવ્યથકી આદરવાર્થ અનંતી વખતે નવગ્રૈવેયકમાં જાય છે અને તેથી સર્વ જીવોનું શાસ્ત્રકારોએ અનંતી વખ- નવગ્રૈવેયકમાં જવાનું જણાવ્યું તે વ્યાજબી ઠ છે. એટલે એ ઉપરથી એ પણ સ્પષ્ટ થયું કેવળ ભવ્યત્વ માત્રથી મોક્ષમાર્ગ રૂ સમ્યગ્‌દર્શનાદિકની પ્રાપ્તિ થતી નથી, પરં તથાભવ્યત્વના પરિપાકથી જ દરેક ભવ્ય સમ્યગ્‌દર્શનાદિકરૂપી મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે.

૬ પ્રશ્ન - ભવ્યત્વ અને તથાભવ્યત્વમાં ફરક શો ગણવો ?

સમાધાન - ભવ્યત્વ એ મોક્ષ પ્રાપ્તિની લાયકાત જણાવવાવાળો ભાવ છે, પરંતુ ક્યા કાળે ક્યા જીવથી સમ્યગ્દર્શનાદિકની પ્રાપ્તિ થવી તે તથા-ભવ્યત્વનું કાર્ય છે, વળી અપાતીતપણે મોક્ષ મેળવે, કે પ્રતિપાતિ થઈને ફેર સમ્યગ્દર્શનાદિ પામીને મોક્ષ મેળવે, પડ્યા છતાં પણ માત્ર અંતર્મુહૂર્ત્તકાળે બીજી વખત સમ્યક્ત્વ મેળવે કે સંખ્યાત, અસંખ્યાત કે અનંતોકાળ પ્રતિપાતિપણામાં ચાલ્યો જાય અને પછી સમ્યગ્દર્શનાદિકરૂપી મોક્ષમાર્ગને પામીને મોક્ષને મેળવે. કોઈક બે પાંચ ભવ ચઢતો પડતો સમ્યક્ત્વ મેળવે; કોઈક અંસખ્યાત ભવ સુધી ચઢતો પડતો સમ્યક્ત્વ મેળવે, કોઈ દેશવિરતિ મેળવીને સર્વવિરતિ મેળવે, કોઈ દેશવિરતિ વિના સર્વવિરતિ મેળવે, કોઈક બે - ત્રણ વખત દેશવિરતિ મેળવીને સર્વવિરતિ મેળવે, કોઈક હજારો વખત દેશવિરતિ મેળવીને પછી સર્વવિરતિ મેળવે, કોઈક સર્વવિરતિ મેળવીને અંતર્મુહૂર્ત્તમાત્રમાં એકજ ભવે મોક્ષ મેળવે, કોઈક ઘણા ભવો સુધી ચારિત્ર આરાધીને મોક્ષ મેળવે, કોઈક બે - ત્રણ ભવ ચારિત્ર આરાધીને મોક્ષ મેળવે, કોઈક સાત - આઠ ભવ ચારિત્રની આરાધના કરી મોક્ષ મેળવે, કોઈક આરાધનાના ભવો અખંડપણે કર્યા જાય, કોઈક વિરાધનાના ભવો વચમાં કરીને આરાધનાના ભવો કરવાવાળો થાય, કોઈક એકજ ભવમાં અંતમુહૂર્ત્તમાત્રના પર્યાયથી મોક્ષ મેળવે, કોઈક દેશોનક્રોડપૂર્વ સુધી ચારિત્ર પાળીને મોક્ષ મેળવે, કોઈ તેવા આઠભવ સુધી દીર્ઘપર્યાય પાળીને મોક્ષ મેળવે, કોઈક મધ્યમપર્યાયે જ મોક્ષ મેળવે, કોઈક ક્યા ક્ષેત્રમાં કોઈક કયા કાળમાં પ્રતિબોધ પામે, ચારિત્ર પામે, કોઈ દ્રવ્યચારિત્ર અનંતી વખત કરીને ભાવચારિત્ર પામે, કોઈક ભાવચારિત્ર પામ્યાની સાથે દ્રવ્યચારિત્ર આદરીને મોક્ષ પામે, કોઈ દ્રવ્યચારિત્ર આદર્યા સિવાય મોક્ષ પામે, કોઈક તીર્થંકરાદિ મહાપુરૂષોથી પ્રતિબોધ પામીને મોક્ષ પામે, કોઈક ગણધરાદિક મહાપુરૂષથી પ્રતિબોધ પામી મોક્ષ પામે, તેમ કોઈક આચાર્યથી, કોઈક ઉપાધ્યાયથી, કોઈક સાધુથી પ્રતિબોધ પામી મોક્ષ પામે. કોઈકને તીર્થંકરાદિકના પ્રતિબોધ મોક્ષનું કારણ અનંતરપણે ન બને અને ગણધરાદિકનું વચન અનંતર કારણ મોક્ષ માટે બને, એવી એવી અનેક વિચિત્રતાઓ ભવ્યજીવોને મોક્ષના માર્ગમાં ગમનને અંગે રહેલી છે તે સર્વ વિચિત્રતાઓનું કારણ જ તથાભવ્યત્વ છે.

(અપૂર્ણ)

(અનુસંધાન ટાઈટલ પાના ચોથાનું ચાલુ)

પ્રાણને ધારણ કરે તે જીવ કહેવાય એવી રીતે જીવનું લક્ષણ કહીને તેવા જીવને માનવાનું નાસ્તિકને ખટકતું નથી અને તે જ અપેક્ષાએ જેમ પાંચ ભૂતથી એટલે પાંચ ભૂતે પરિણમેલા દેહથી ઉત્પન્ન થનારી ચેતના દ્વારાએ જીવને માનનારા અને તે પાંચભૂતનો પરિણામ એ જ ચેતના છે એમ માનનારા **तज्जीवतच्छरीरवादी** છે તે અને કેવલ પંચભૂતવાદી એ બન્નેને નાસ્તિક ગણવામાં આવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે પાંચભૂતથી ભિન્નપણે કે અભિન્નપણે જીવ એટલે ચેતનાવાળા પદાર્થને નાસ્તિકો પણ માનતા હોવાથી શાસ્ત્રકારોએ જીવને ન માને તેને નાસ્તિક કહેવો એવું નાસ્તિકનું લક્ષણ ન રાખતાં પરલોકાદિકને ન માને તેને નાસ્તિક કહેવો એમ સ્પષ્ટપણે નાસ્તિકનું લક્ષણ રાખ્યું છે. અને તે જણાવતાં વ્યાકરણ વિગેરે શાસ્ત્રકારોએ પણ પરભવ વિગેરેના અપલાપ કરનારને જ નાસિતક તરીકે ગણ્યા છે. અને તેથી નાસ્તિકોનું **एतावानेव लोकोऽयं** એ વાક્ય તેના મુખ્ય સિદ્ધાન્તને સ્પષ્ટ કરનારું હોઈ અન્યજીવનના અભાવને જણાવી પોતાની નાસ્તિકતા જણાવે છે. જ્યાં સુધી ભરતખંડમાં (હિન્દુસ્તાનમાં) પાશ્ચાત્ય હવાનો વિશેષ પ્રચાર નહોતો ત્યાં સુધી માત્ર પરલોકને નહિં માનનારા જ નાસ્તિક ગણાતા હતા, પરંતુ યવન, ક્રીશ્ચીયન વિગેરે પાશ્ચાત્ય લોકોના સંસર્ગમાં જ્યારે ભરતક્ષેત્રના લોકો આવ્યા ત્યારે તે ભરતક્ષેત્રના લોકોને એક નવો શબ્દ પોતાના વિશેષ આસ્તિક વર્ગને જણાવવા માટે પ્રચલિત કરવો પડ્યો. તે શબ્દ તે બીજો કોઈજ નહિં, પરંતુ 'હિન્દુ' શબ્દ છે. આ હિન્દુ શબ્દની ટીકાકારોએ સ્પષ્ટપણે વ્યાખ્યા કરી જણાવેલું છે કે એક ભવથી બીજે ભવ, બીજે ભવથી ત્રીજે ભવ, એમ જે ઘણા ભવાંતરો કરતો ફરે તે જ આત્મા હિન્દુ કહેવાય અને તેવા અનેક ભવવાળા આત્માઓને માનનારાઓનું જે સ્થાન તે હિન્દુસ્તાન એમ નક્કી કરવામાં આવ્યું. અર્થાત્ પાશ્ચાત્ય લોકો ભવાંતર નથી માનતા અને તેથી નાસ્તિકમાં ગણાય એમ નથી, તેઓ વર્ત્તમાન જીંદગીની પછી બ્હેસ્ત અગર દોઝખમાં જવાનું માની બીજી જીંદગી તો માને છે, પરંતુ તે દોઝખ કે બ્હેસ્તમાંથી જીવને નીકળવાનું અગર ત્યાંથી નીકળીને બીજે અવતાર લેવાનું તે પાશ્ચાત્ય લોકો માનતા નથી એટલે બારીક દૃષ્ટિએ વિચારતાં નાસ્તિકો અને પાશ્ચાત્યોમાં વધારે ફરક દેખી શકાતો નથી. પરંતુ હિન્દુસ્તાનમાં રહેલો ચાહે તો વૈદિક હો, સાંખ્ય હો, યોગ હો, વૈશેષિક હો, નૈયાયિક હો, બૌદ્ધ હો કે જૈન હો, એ સર્વ એકજ ભવને નહિં, પરંતુ અનેક ભવના પર્યટનને એટલે આત્માના હિણ્ડનને માનનારા છે અને તેથી જ તે સર્વ હિન્દુ તરીકે ગણાયા છે અને તેમના સ્થાનને હિન્દુસ્તાન તરીકેની પ્રસિદ્ધિ મળી. કેટલાકોની માન્યતા પ્રમાણે સિંન્ધુના નામને આગળ કરીને સિન્ધુનું સ્થાન તે હિન્દુસ્તાન એમ કેટલોક વિપર્યાસ કરીને કહેવામાં આવે છે, પરંતુ નથી તો હિન્દુસ્તાનમાં સિન્ધુની વ્યાપકતા કે જેથી આખા દેશને સિન્ધુસ્થાન તરીકે કોઈ ઓળખવા તૈયાર થાય. તેમજ સિન્ધુ સિવાય બીજે રસ્તે પાશ્ચાત્યોની સાથે પૂર્વકાળમાં વ્યવહાર નહોતો એમ પણ કહી શકાય તેમ નથી. ભરૂચ, સુરત, કાંકણ અને મદ્રાસનાં બંદરો આફ્રિકા અને ઈરાનની સાથે ઘણા પૂર્વકાળથી સીધા વ્યવહારો કરવાનાં સ્થાન હતાં અને તેમાં બે મત છે નહિં અને

થઈ શકે તેમ પણ નથી. એટલે અનેક જન્મો ધારણ કરવાવાળા આત્માનું હિન્દુ એવું નામ હોઈને તેવા આત્માને માનનારાઓનું સ્થાન તે હિન્દુસ્તાન એમ ગણવામાં આવે તો જ આખું હિન્દુસ્તાન પાશ્ચાત્યના સર્વ લોકોને માટે હિન્દુસ્તાન તરીકે ખરી રીતે ઓળખવામાં આવે. હિન્દુસ્તાનમાં જે આસ્તિક વર્ગ છે તે સર્વ વિશેષવિભાગમાં જો કે ઘણી જ ભિન્નતા ધરાવનારો છે, છતાં દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વોમાં કોઈ પણ આસ્તિકવર્ગ જુદો પડતો નથી. એટલે કહેવું જોઈએ કે સામાન્યરીતે દેવતત્ત્વ, ગુરુતત્ત્વ અને ધર્મતત્ત્વ એ ત્રણે તત્ત્વોની માન્યતા કરવી તે આસ્તિકને માટે, હિન્દુને માટે અને કોઈપણ ધર્મને માનનારા માટે પ્રથમ નંબરે જરૂરીયાતવાળી ચીજ છે. વાચકવર્ગ જગતના આસ્તિકો તરફ દૃષ્ટિ કરશે તો તેને સ્પષ્ટપણે માલમ પડશે કે કોઈપણ આસ્તિક વર્ગ દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વોની માન્યતા ધારણ કર્યા સિવાયનો હોતો નથી. સામાન્ય રીતે દેવ, ગુરૂ અને ધર્મતત્ત્વરૂપ તત્ત્વત્રયીને દરેક આસ્તિકવર્ગ માને છે. એટલુંજ નહિં, પરંતુ તે દેવ, ગુરૂ અને ધર્મ તત્ત્વને દરેક આસ્તિક મોક્ષના સાધન તરીકે જ માને છે. એટલે સૂક્ષ્મદૃષ્ટિથી વિચારીએ તો જૈનદૃષ્ટિએ કોઈપણ જીવ જો અભવ્યપણામાં હોય તો તે આસ્તિકની માન્યતા ધરાવી શકે જ નહિં. એટલે મોક્ષને સાધ્ય તરીકે માનવા અને તે મોક્ષના સાધન તરીકે તે દેવ, ગુરૂ અને ધર્મને માનવા માટે તે અભવ્ય જીવ હોય તો તૈયાર થાય જ નહિં, જો કે કુળાચારે આસ્તિકતાને ધારણ કરનારા મનુષ્યો સાચા અગર ખોટા દેવ, ગુરૂ અને ધર્મ તત્વને માને અને આરાધે એમાં કોઈથી ના કહી શકાય તેમ નથી, પરંતુ પરમનિર્વાણ અને મહોદયરૂપે જાહેર થયેલા એવા મોક્ષને મેળવવા માટે તો દેવ,ગુરૂ અને ધર્મની આરાધના ભવ્યજીવ જ કરી શકે. આ હકીકત ન સમજાય તેવી નથી. વાચકોએ યાદ રાખવું કે આસ્તિકવર્ગમાં ગણાતા સર્વ ઈતર દર્શનકારો અને મતવાળાઓ કુદેવ, કુગુરૂ અને કુધર્મને માનનારા હોય છે, છતાં પણ તેઓ તે કુદેવ, કુગુરૂ અને કુધર્મને કુદેવ, કુગુરૂ અને કુધર્મ તરીકે તો માનતા નથી જ. પરંતુ તેઓ તેને સુદેવ, સુગુરૂ અને સુધર્મ તરીકે જ માને છે. અર્થાત્ દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્ત્વની માન્યતા તો દરેક આસ્તિકમાં પ્રવર્તેલી છે અને તેથી જૈનજનતા દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણને તત્ત્વ તરીકે માની તત્ત્વત્રયીની માન્યતામાં દૃઢ થાય એમાં કોઈપણ જાતનું આશ્ચર્ય નથી, આવી રીતે આસ્તિક વર્ગ, હિન્દુવર્ગ અગર જૈનવર્ગ તરીકે દેવ,ગુરૂ અને ધર્મની માન્યતા થાય અને તેથી જૈનજનતાનો વર્ગ તત્ત્વત્રયીને માનનારો બને તેમાં આશ્ચર્ય નથી, પરંતુ ભદ્રિકજીવો પાપના ભેદોને ન સમજવાથી પાપના હિંસાદિક કાર્યો કરવાવાળા થયા છતાં હું પાપને કરતો નથી એવી માન્યતા ધરાવે છે અને એ જ વાત ધ્યાનમાં રાખીને શાસ્ત્રકારોએ પણ સામાયિક પ્રતિજ્ઞા અને મહાવ્રત પ્રતિજ્ઞા જુદી રાખી હોય તો તેમાં કંઈ આશ્ચર્ય પામવા જેવું નથી. ચાલુ પ્રકરણમાં પણ દરેક આસ્તિક દેવને માનવામાં આનાકાની ન કરે, ગુરૂની સેવામાં આનાકાની ન કરે, ધર્મ એ આચરવા લાયક છે એમ માનવામાં વિરૂદ્ધ મત ન ધરાવે, પરંતુ દેવશબ્દ કોને લાગુ કરવો ? ગુરૂ શબ્દ કોને લાગુ કરવો? અને ધર્મ શબ્દ કોને લાગુ કરવો ? અને તેની માન્યતા, સેવા અને આરાધના કેવી રીતે કરવી ? તેમાં

ઘણો જ તીવ્ર મતભેદ જણાય છે. આપણે અહિં જોઈ શકીએ છીએ કે જગતમાં પ્રવર્તતા મતોમાં દેવવિશેષના નિર્દેશમાં જ પહેલો મતભેદ પડે છે અને તે દેવવિશેષના મતભેદને અનુસરીને ગુરૂવિશેષમાં અને ધર્મવિશેષમાં મતભેદ પડે છે, અને તેથી જ જુદા જુદા મતો પ્રચલિત થયા છે અને થાય છે, એટલે કહેવું જોઈએ કે દેવ, ગુરૂ અને ધર્મરૂપી તત્ત્વત્રયીને અંગે કોઈપણ આસ્તિક, હિન્દુ કે જૈનમાં મતભેદ નથી, પરંતુ તે દેવ, ગુરૂ અને ધર્મના નામે કોને કોને ઓળખવા એમાં જ મતભેદ પડ્યો છે અને પડે છે. આ ઉપર જણાવેલા મતભેદનું નિરાકરણ કરવા માટે અને આત્માના વિશેષ કલ્યાણ માટે નવપદની અત્યંત આવશ્યકતા થાય છે, કેમકે અરિહંત અને સિદ્ધ એ રૂપી બે પદોમાં વર્ત્તતા જીવો જ દેવરૂપે ગણાય. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ પદમાં વર્ત્તતા જ જીવો ગુરૂ તરીકે જ ગણી શકાય અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપની આચારણાને જ ધર્મ તરીકે ગણી શકાય અને એમ થાય તો જ સાચા દેવ, સાચા ગુરૂ અને સાચો ધર્મ માનવાને માટે આપણે ભાગ્યશાળી થઈએ. ઉપરની હકીકત ધ્યાનમાં લેવાવાળો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે નવપદને ધ્યાનમાં લીધા સિવાય જૈનધર્મને અનુસરતી દેવાદિતત્ત્વત્રયીને કોઈપણ માની શકેજ નહિં અને અર્હદાદિમાં બેને દેવ, ત્રણને ગુરૂ, અને ચારને ધર્મ તરીકે માને તો જ તે સુદેવને સુદેવ તરીકે, સુગુરૂને સુગુરૂ તરીકે, અને સુધર્મને સુધર્મ તરીકે માનનારો કહી શકાય, પરંતુ જેઓ અરિહંત અને સિદ્ધપદમાં નહિં રહેલાને દેવ તરીકે માનતા હોય આચાર્ય, ઉપાધ્યાય કે સાધુપદમાં નહિં રહેલાને ગુરૂ તરીકે માનતા હોય તથા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ સિવાયના ધર્મને ધર્મ તરીકે માનતા હોય તો તે મનુષ્યો કુદેવ, કુગુરૂ અને કુધર્મને સુદેવ, સુગુરૂ અને સુધર્મ તરીકે માને છે એમ કહી શકાય, એટલે એ વાત સ્પષ્ટ થઈ કે સમ્યક્ત્વની નીસરણીમાં ચઢેલો મનુષ્ય સામાન્ય દેવ, ગુરૂ અને ધર્મ તત્ત્વને નામથી માનવામાં જ રહે એમ બને નહિં, પરંતુ તેને તો નવપદના ત્રણ વિભાગ કરીને તેમાંના બે વિભાગને દેવતરીકે, ત્રણ વિભાગને ગુરૂ તરીકે, અને છેવટના ચાર વિભાગને ધર્મ તરીકે માનવા તૈયાર થાય આવી રીતે દેવાદિ તત્ત્વત્રયી અને નવપદીની ઉપયોગિતાનું પૃથક્કરણ કર્યા પછી વીશ સ્થાનકને શા માટે જુદાં પાડવાં પડે છે ? તે વિચારવાની આવશ્યકતા ઓછી નથી, વાચકવર્ગે ધ્યાન રાખવું કે શાસ્ત્રકારોએ મોક્ષ પામનારા જીવોમાં ત્રણ વર્ગ પાડેલા છે. એક તીર્થંકરનો વર્ગ, બીજો ગણધરનો વર્ગ અને ત્રીજો તે તીર્થંકર અને ગણધર સિવાયનો સર્વ મોક્ષ જવાવાળો વર્ગ. આ ઉપર જણાવેલા ત્રણ વર્ગો કેવળ તે મોક્ષે જવાના ભવમાં જ કરાતી ક્રિયાની ભિન્નતાને લીધે જુદા પડે તેમ નથી, પરંતુ તે ત્રણે વર્ગો મુખ્યતાએ તે મોક્ષ પામવાના ભવની પહેલાના ભવોમાં કરાતી ભાવના અને પ્રવૃત્તિની ભિન્નતાને આધારે જ જુદા પડે છે. તેમાં ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને અંગે જેમ શાસ્ત્રકારોએ મૂલ સૂત્ર નિર્યુક્તિ અને ભાષ્ય વિગેરેમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે તે જ જીવ તીર્થંકર થઈ શકે કે જે જીવે તીર્થંકરપણાના ભવથી પાછળના ત્રીજા ભવે બે કાર્યો જરૂર કર્યાં હોય. એટલે પાછળના ત્રીજા ભવમાં એક કાર્ય તો અરિહંતાદિક વીશ સ્થાનકોમાંના એક-બે અગર સર્વ સ્થાનકો આરાધવા જોઈએ, અને બીજું કાર્ય પોતાનો સંસારચક્ર

ત્રણ ભવોથી અધિકનો જેટલો હોય તે બધો તે ત્રીજા ભવમાં શેષ થાય તેમ કાપી નાખવો જોઈએ, અર્થાત્ તીર્થંકરપણે આવવાવાળા જીવો તીર્થંકરના ભવથી પાછળના ત્રીજા ભવે ત્રણભવથી અધિકના સંસારને કાપી નાંખનાર હોય, એટલે તે તીર્થંકરના જીવને ત્રણભવથી અધિક રખડવાનું હોય જ નહિ. અહિં સમજવું જોઈએ કે તે પાછળના ત્રીજા ભવ પછી સાગરોપમો સુધી પણ તીર્થંકરના જીવોને સંસારમાં રાખનારા કર્મોનું રહેવું થાય, છતાં તે તીર્થંકરનો જીવ પોતાના આત્મામાં તેવી યોગ્યતા દાખલ કરે કે જેથી તે સાગરોપમો સુધીના કાળની સ્થિતિવાળાં કર્મની હયાતીમાં પણ કોઈપણ પ્રકારે ભવની વૃદ્ધિ કરનારાં કર્મો બાંધે જ નહિં, જો કે ભગવાન તીર્થંકરના જીવો ઘણે ભાગે તીર્થંકરનામકર્મની નિકાચના કર્યા પછી ક્ષાયિક સમ્યક્ત્વમાં કે ક્ષાયિક જેવા ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાંજ વર્ત્તવાવાળા હોય છે, પરંતુ કદાચ તેવા કોઈ જીવ ક્ષાયોપશમિક હોય અને તેણે આયુષ્ય કદાચ નરકનું પ્રથમથી બાંધી લીધેલું હોય અને તેથી તેને અત્યંત અલ્પકાળ મિથ્યાત્વમાં જવાનો કદાચ વખત પણ આવે, તો પણ તે અવસ્થામાં તે તીર્થંકરનો જીવ તેવાં કર્મો તો ન જ બાંધે કે જેથી ભવની વૃદ્ધિ થવાનું બને, તીર્થંકર નામ કર્મની નિકાચનાની સાથે થતો પ્રભાવ જણાવીને હવે તીર્થંકર નામ કર્મની નિકાચના કેમ થાય છે તે વિચારીએ. વાચકો સારી રીતે સમજી શકે છે કે જે જે ભવ્યજીવો સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે તે સર્વે ભવ્યજીવો સમ્યક્ત્વના અનુકંપારૂપ લક્ષણદ્વારાએ તે સમ્યક્ત્વની સાથે રહેવાવાળી ધર્મના મૂળરૂપ એવી મૈત્રી ભાવનાદ્વારાએ આખા જગતના સર્વ જીવોને કર્મથી રહિત થઈને મોક્ષે જવાનું ઈચ્છે એ સ્વાભાવિક જ છે, અને તેથી જ સમ્યક્ત્વવાળો જીવ ચૌદ રાજલોકના સકળજંતુઓની ભાવદયા ચિંતવવાવાળો હોય છે એમ કહી શકાય છે, પરંતુ ભવિષ્યમાં તીર્થંકર, ગણધર અને મૂકકેવળી થનારા જીવો જગતના જીવોની મુક્તિ માટે અને પોતાની મુક્તિ માટે કેવા વિચારો કરે છે તે ખરેખર સમજવા જેવું છે.

ભગવાન તીર્થંકરનો જીવ જગતના સર્વ જીવોને ઉદ્ધરવાના આલંબને હું સ્થાપનાર થાઉં અને સર્વ જીવોને તે આલંબન જરૂર ઉદ્ધરનારૂં થાય એવા વિચારવાળો હોય છે, અને તેથી જ તેઓ તે ભવમાં અરિહંતાદિક વીશસ્થાનકોદ્વારાએ જગતના જીવોને મોક્ષ પ્રત્યે દોરનારા હોય છે, અને તેથી જ તેવા જીવો ત્રીજા ભવે તીર્થંકરો થાય છે અને જેઓ માત્ર પોતાના કુટુંબને જ તેવી રીતે દોરનારા બને છે, તથા તેવી ભાવનાવાળા થાય છે તેવા જીવો ત્રીજા ભવે ગણધર તરીકે બને છે, પરંતુ જે જીવો જગતના જીવોને કે કુટુંબના જીવોને મોક્ષનું આલંબન દેનારા કે તે દેવાના વિચારમાં લયલીન બનતા નથી, પરંતુ માત્ર પોતાના આત્માના ઉદ્ધારની ઈચ્છા રાખી માત્ર પોતાના જ ઉદ્ધારમાં લયલીન થાય છે. તેઓ ત્રીજેભવે મૂકકેવળી એટલે સામાન્યકેવળી થાય છે. આ ઉપર જણાવેલ હકીકત વિચારતાં સ્પષ્ટપણે માલમ પડશે કે સમ્યક્ત્વની નીસરણીમાં રહેવા માટે જેમ નવપદની આરાધનાની જરૂર છે તેમ તીર્થંકરપણું મેળવવા માટે જગતનો ઉદ્ધાર કરવાની ભાવનાની સફળતા કરવા માટે વીશસ્થાનક આરાધવાની જરૂર છે. માટે તત્ત્વત્રયી, નવપદી અને વિંશતિસ્થાનક એ ત્રણે ઉપયોગી અને ભિન્ન ભિન્ન સ્વરૂપે આરાધનીય છે એમ સ્પષ્ટ સમજાશે.

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-સ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય
ગોપીપુરા,
સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપીયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્‌ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્‌વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્‌ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્‌સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

卐 શત્રુ સંહારક અભેદ્ય કિલ્લેબંધી 卐

卐卐 તત્ત્વત્રયી યાને નવપદી 卐卐

અને

# વિંશતિ - સ્થાનક - મંડલી

જૈનજનતામાં ઘણો થોડો જ વર્ગ ઉપર જણાવેલા ત્રણ પદાર્થોથી બીનવાકેફગાર હશે, પરંતુ તે ત્રણેને જાણવાવાળો જૈનજનતાનો મોટો વર્ગ હોવા છતાં પણ તે ત્રણની ભિન્ન ભિન્ન જરૂરીયાત સમજવાને માટે ઘણા નાના જ વર્ગે ઉપયોગ કર્યો હશે, સામાન્ય રીતે જગતની જનતામાં મનુષ્યના બે વર્ગ છે એમ પ્રસિદ્ધ છે, તે બેમાં એક વર્ગ પુણ્ય, પાપ, સદ્ગતિ, દુર્ગતિ, સ્વર્ગ કે મોક્ષ નહિ માનવાને લીધે નાસ્તિકના નામે ઓળખાય છે, જો કે કેટલાકનું કહેવું સામાન્ય રીતે એમ થાય છે કે જીવને નહિં માનનાર વર્ગ નાસ્તિકના નામે ઓળખાય છે અને તેથી જ નાસ્તિકનું સાધ્ય જણાવતાં नास्ति जीवः એમ જણાવવામાં આવે છે. પરંતુ નાસ્તિકો પાંચ ઈન્દ્રિયો, મન, વચન અને કાયા, શ્વાસ અને જીવનને જે આસ્તિકોમાં પ્રાણના નામે ઓળખાય છે અને જે પ્રાણોને ધારણ કરનારાને જીવ તરીકે ગણવામાં આવે છે, તેવા ઈન્દ્રિયાદિકપ્રાણોને અગર તેના ધારણ કરનારને નાસ્તિક વર્ગ સર્વથા માનતો નથી એમ કહી શકાય એવું નથી. કારણ કે નાસ્તિકવર્ગ પણ પાંચ ભૂતોનો કાયાકારે સમુદાયરૂપે પરિણામ થવાથી જીવ અગર ચેતનની ઉત્પત્તિ માને છે. એટલે સ્હેજે કહેવું જોઈએ કે તેઓ જીવને નથી માનતા એમ નિઃશંકપણે કહેવું ઉચિત નથી, છતાં નાસ્તિકો પોતેજ नास्ति जीवः એમ બોલે છે તેનું તત્ત્વ એટલું જ છે કેજીવ ધાતુથી ઉણાદિનોઅ પ્રત્યય લાવીને અતીતકાળમાં જેણે પ્રાણો ધારણ કર્યા છે, વર્ત્તમાનકાળમાં જે પ્રાણોને ધારણ કરે છે અને ભવિષ્યકાળમાં જે પ્રાણોને ધારણ કરશે તેવો પદાર્થ હોય તેને જીવ કહેવાય, આવી રીતે ત્રણે કાળના જીવનને ધારણ કરનાર એવા જીવને માનવા નાસ્તિકો તૈયાર નથી. વર્ત્તમાનકાળમાં અ પ્રત્યય લાવીને

(અનુસંધાન જુઓ પાનું ૨૧)

Page No. B 3047

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-,
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥

વર્ષ : ૮ અંક : ૨

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૫, વીર સં. ૨૪૬૫, તા. ૧૧-૧૧-૩૯ શનિવાર

લવાજમ રૂ. ૨-૦-૦ કિંમત ૧॥ આનો

# અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮ આસો વદી અમાવાસ્યા, મુંબઈ. અંક - ૨

તંત્રી
પાનાચંદ રૂપચંદ
ઝવેરી

ઉદ્દેશ

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

દીપોત્સવી

## શ્રમણ ભગવાન મહાવીર અને શ્રેણિક મહારાજ

શ્રી જૈનશાસનમાં જેમ ભગવાન શ્રીઋષભદેવજી અને ભરત મહારાજા, ભગવાન અજિતનાથજી અને સગર ચક્રવર્તીનો અસીમ પૂજ્ય-પૂજક ભાવ હતો, તથા અન્ય શાસનમાં જેમ શ્રીરામચંદ્ર અને વાલ્મીકિઋષિ વગેરેનો આરાધ્ય-આરાધકભાવ સંબંધ હતો, લૌકિકમાં શિવાજી મહારાજ અને રામદાસજીનો જેવો પરસ્પર સેવ્ય-સેવકભાવ સંબંધ હતો, તેવી રીતે વર્તમાન શાસનના અધિપતિ શ્રમણ ભગવાન મહાવીરમહારાજા તરફ મહારાજા શ્રેણિકનો અદ્વિતીય અને અસાધારણ એવો પૂજ્ય ભાવ, આરાધ્યભાવ અને સેવ્યભાવનો સંબંધ હતો, એ વાત શ્રીજૈનશાસ્ત્રોના જાણનારાઓ અને માનનારાઓ માને છે અને ઈતિહાસપ્રેમી લોકો પણ એ વાત સ્પષ્ટ રીતે મંજુર કરે છે. આ કારણથી એ પરસ્પરના સંબંધને વિચારતાં તેઓનો સંબંધકાલ વિચારવાની આવશ્યક્તા જરૂરી છે.

શ્રમણ ભગવાન મહાવીર અને મહારાજા શ્રેણિકનો સંબંધ વિચારવા પહેલાં એ બન્નેનાં રાજ્યોની નિકટતા ઉપર પ્રથમ ધ્યાન

રાખવાની જરૂર પડે છે. શાક્યસિંહ બૌદ્ધના નિવાસસ્થાનને વિચારીએ તો તે કપિલ વસ્તુ હોવાથી મગધની રાજધાની રાજગૃહીથી ઘણું દૂર રહે, ત્યારે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનું જન્મસ્થાન જે ક્ષત્રિયકુંડ તે રાજગૃહીથી ઘણું જ નજીક છે, એટલું જ નહિં, પણ જેઓ લછવાડ જઈ શ્રી ક્ષત્રિયકુંડની યાત્રા કરી આવ્યા હશે તેઓને જરૂર માલમ હશે કે રાજગૃહી અને ક્ષત્રિયકુંડનાં રાજ્યો લગોલગ જ હોય, અને તેથી શ્રમણ ભગવાન મહાવીરના પિતા મહારાજા સિદ્ધાર્થ અને શ્રેણિકમહારાજાના પિતા પ્રસેનજિત્‌ને પરસ્પર સાહજિક સંબંધ હોય, વળી તે વખતે અપ્રકંપ અને ઉંચશિખરે ગણાતું વૈશાલીનું રાજકુલ હતું. એ વાત ઈતિહાસકારોથી અજાણી નથી, અને તે વૈશાલીના કુલવાળારાજાઓનો મહારાજ સિદ્ધાર્થ સાથે સ્વાભાવિક કૌટુંબિક સંબંધ હતો અને તેથી જ મહારાજા સિદ્ધાર્થ સાથે ચેડા મહારાજની બહેન ત્રિશલાનાં લગ્ન થયાં હતાં, એટલું જ નહિં, પણ એ ઉચ્ચ સંબંધની મગધદેશમાં ઘણી જ ઉંચી છાયા પડેલી હતી અને તેથી જ માતા ત્રિશલા વિદેહદત્તા એવા નામથી બોલાવાતી હતી. આ ઉપર બારીકદષ્ટિથી ધ્યાન દેતાં સ્પષ્ટ જણાઈ આવશે કે વિદેહવાળાઓની કન્યાઓ ઘણા ઉંચા કુલની ગણાતી હતી, એટલું જ નહિં, પણ મહારાજા શ્રેણિકને માટે સુજ્યેષ્ઠા કુંવરી કે જે મહારાજા ચેટકની કુંવરી અને બીજી કુમારિકાઓથી મોટી હતી. એમ ધારીએ તો કદાચ સાચું પણ નીકળે કે ચેલ્લણાનું અસલ નામ ચેલ્લણા ન હોય, પણ પોતાની મોટી જે સુજ્યેષ્ઠા હતી તેની સાથે જ તે ચેલ્લણા હળી મળીને વધારે રહેલી હોય તેથી ક્ષુલ્લકપણાને લીધે જ ચેલ્લણા કહેવાઈ હોય અને કથા ઉપરથી જોઈ પણ શકીએ છીએ કે સુજ્યેષ્ઠા અને ચેલ્લણાને પરસ્પર ગાઢ પ્રીતિ હતી, અને તેથી જ સુજ્યેષ્ઠાએ વરવા ધારેલા ધણીને વરવા તે ચેલ્લણા પણ સાથે જ તૈયાર થઈ, આ ઉપરથી એમ કલ્પી શકાય કે તે સુજ્યેષ્ઠાના મોટાપણાને લીધે જ તે નાની બહેનનું નામ ચેલ્લણા પ્રસિદ્ધિમાં આવ્યું હોય. પણ એ સુજ્યેષ્ઠાને માટે જ્યારે મહારાજા શ્રેણિકે માગણી કરી છે ત્યારે મહારાજા ચેટકે શ્રેણિકને સુજ્યેષ્ઠા આપવાની ના પાડી અને કારણમાં શ્રેણિક મહારાજને ઉતરતા કુલના જણાવ્યા અને કન્યા ન આપી. જો કે પછી મહારાજા શ્રેણિકે પ્રપંચ કરીને ચેલ્લણાને તો રાણી બનાવી છે. પણ અહિં તો આપણે શ્રીસિદ્ધાર્થના કુલની ઉત્તમતાને અંગે વિચારવાનું થાય છે, તેથી એમ સ્પષ્ટપણે કહેવું જોઈએ કે શ્રેણિક મહારાજાને કુલની અધમતાથી જે ચેડા મહારાજાએ કન્યા નહોતી આપી, તે જ ચેડા મહારાજા તરફથી શ્રીસિદ્ધાર્થ મહારાજની સાથે ત્રિશલાનાં લગ્ન કરવામાં આવ્યાં હતાં, વળી એ શ્રેણિક મહારાજા જો કે વૈશાલીરાજના જમાઈ થયા હતા, છતાં તે દીધેલી કન્યાથી જમાઈ નહોતા પણ હરણ કરેલી કન્યાથી જમાઈ થયા હતા. ત્યારે મહારાજા સિદ્ધાર્થ તો દીધેલી કન્યાથી જ વૈશાલીરાજાના જમાઈ તરીકે થયા હતા. માટે જ માતા ત્રિશલાનું નામ જ **વિદેહદિન્ના** એમ કહેવામાં આવ્યું, એટલું જ નહિં, પણ ભગવાન મહાવીર મહારાજાને લીધે તે

વિશાલીરાજકુલ અત્યન્ત રાજી રહેતું અને તેમાં વળી જ્યારે શ્રેણિક મહારાજને ત્યાં ગયેલી ચેલ્લણાને લીધે ચેડામહારાજા અને તેના કુલને વારંવાર શોષવું પડતું અને ઉપદ્રવો થતા હતા, ત્યારે તો માતા ત્રિશલાના નન્દન ચૌદસ્વપ્નોથી જેઓએ ગર્ભમાં આવવાની સાથે જ પોતાની ઉત્તમતા સૂચવી છે તેવા ભગવાન મહાવીર મહારાજને લીધે તે વૈશાલીકુલ ત્રિશલામાતા તરફ અદ્વિતીય પ્રેમ ધરાવે તેમાં આશ્ચર્ય શું ? અને એ જ કારણથી એવી રીતે માતા ત્રિશલાનું બીજું નામ વિદેહદત્તા થયું હતું, તેવું ત્રીજું નામ **विदेहपीइकारिणी** અર્થાત્ વિદેહને પ્રીતિ કરનારી એવું થયું, વાચકોને યાદ રહે કે ચેડા મહારાજાની વિશાલા એ વિદેહદેશની રાજધાની હતી. આટલા ઉપરથી શ્રીમદ્‌ભગવાન મહાવીર મહારાજાના પિતા સિદ્ધાર્થ મહારાજા અને મહારાજા શ્રેણિકના પિતા પ્રસેનજિત્ મહારાજાના દેશની નિકટતા અને રાજ્યની નિકટતા હોવા સાથે શ્રી સિદ્ધાર્થ મહારાજાનું કૌટુંબિક ઉંચાપણું કેટલું બધું અને કેવું હતું એ સમજી લેવાથી પરસ્પર કૌટુંબિક સંબંધ પણ સમજી શકાશે. આવી સ્થિતિમાં જ્યારે માતા ત્રિશલાને ચૌદ સ્વપ્નાં સિંહ-ગજ-વૃષભાદિનાં આવ્યાં અને તે સ્વપ્નોના ફલની પૃચ્છા તથા તેનો નિર્ણય સભા સમક્ષ થયો તે સભામાં સ્વપ્નપાઠકોદ્વારા જ મહારાણી ત્રિશલાનો ભવિષ્યયુગ કથંચિત્ ચક્રવર્તી માતા તરીકે થશે એમ જાહેર થયું ત્યારે દૂર દૂર પણ પસરેલી તે વાર્તા હોય અને તેથી દૂર દૂર રહેનારા ચંડપ્રદ્યોતન અને ઉદાયન વગેરે રાજા સરખા રાજકુમારો કેવલ કૌટુંબિક સંબંધથી નહિ, પણ રાજ્ય સંબંધી ભવિષ્યમાં ઉદય થાય એ ઈચ્છાએ પણ ભગવાન મહાવીર મહારાજાની સેવા કરવા આવે તો પછી નજીકના રહેનારા, નજીકના રાજ્યવાળા શ્રેણિક આદિ ભગવાન મહાવીર મહારાજાની સેવા કરવા આવે તેમાં આશ્ચર્ય જ શું?

આટલું વિવેચન કરવાની જરૂર એટલી જ છે કે મહારાજા શ્રેણિક ભગવાન મહાવીર મહારાજા તરફથી શાસનની સ્થાપનાને લીધે જ ભક્તિવાળા હતા એમ નહિં, પણ ભગવાન મહાવીર મહારાજના બાલ્યકાલથી જ તેઓ ભક્ત હતા. એમ જણાય. આવી રીતે પૂર્વ સંબંધથી વિચારતાં શાસનની સ્થાપના પછી શ્રેણિક મહારાજા ભગવાન મહાવીર મહારાજા તરફ ઘણા જ સમાગમમાં આવે અને તેના પ્રતાપે અદ્વિતીય અને અસાધારણ ધર્મભાવના ધરાવે અને શ્રમણ ભગવાન મહાવીર મહારાજા તરફ ભક્તિભાવ ધરાવે એમાં આશ્ચર્ય નથી.

યાદ રાખવાની જરૂર છે કે શ્રેણિક મહારાજા ભગવાન મહાવીર મહારાજાના પરમ ભક્ત હતા અને શ્રી ભગવતીજી સૂત્રના સ્પષ્ટ ઉલ્લેખથી અનેક વખત શ્રેણિક મહારાજે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના વંદન મહોત્સવો કરેલા, અને તેથી દશાશ્રુતસ્કંધ આદિના કથનથી એ પણ સહજ સમજાય છે કે મહારાજા શ્રેણિક ઘણા જ ઠાઠમાઠથી અને અંતઃપુરની રાણીઓને સાથે લઈને શ્રમણ ભગવાન મહાવીર મહારાજાને જ વંદન કરવા ગયા

હતા અને એ અરસામાં નવે જાતનાં નિયાણાનું સ્વરૂપ અને તેમાં દરેકથી થતા જાતજાતનાં નુકશાનો જણાવવામાં આવેલાં છે, છતાં શ્રમણ ભગવાન મહાવીરની પર્ષદાનું વર્ણન કરતાં શ્રાવક પર્ષદાનું વર્ણન શ્રીકલ્પસૂત્ર વગેરેમાં કરવામાં આવે છે તેમાં શ્રેણિકાદિ શ્રાવકોને ન ગણાવતાં શંખ-પુષ્કલી-આદિ શ્રાવકોને ગણાવવામાં આવે છે. તેનું કારણ એ હોય કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાની જે શ્રમણાદિપર્ષદાનું પ્રમાણ જણાવવામાં આવે છે તે સ્વહસ્તથી દીક્ષિત થયેલાનું છે. એવી રીતે જે શ્રાવકઆદિપર્ષદાનું પ્રમાણ છે તે પણ સ્વદેશનાથી જ મિથ્યાત્વને વમીને સમ્યક્ત્વ પામેલાનું હોય, અને મહારાજ શ્રેણિકને સમ્યક્ત્વની પ્રાપ્તિ તો સંજય, અનાથી જેવા મુનિયોથી થયેલી હોય. વળી એમ પણ કહેવાય છે કે શ્રાવકોની પર્ષદામાં જેઓ સમ્યક્ત્વમૂલક દ્વાદશવ્રતોને ધારણ કરનારાઓ હોય તેઓની ગણતરી કરવામાં આવી છે અને તેથી ભગવાન ઋષભદેવજીની પર્ષદામાં પણ શ્રાવકના વર્ણનમાં ભરત મહારાજને મુખ્યસ્થાન મળ્યું નથી, અને એ અપેક્ષાએ અહિં શ્રીશ્રેણિક મહારાજને શ્રાવકપર્ષદામાં અવિરતિપણાને લીધે પણ અગ્રસ્થાન ન મળ્યું હોય તો એ પણ અસંભવિત નથી.

પણ આ વાત ચોક્કસ અને ચોખ્ખી છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાનો વિહાર છદ્મસ્થપણામાં અને કેવલિપણામાં મગધદેશ કે જે શ્રેણિકની જ માલીકીનું હતું તેમાં જ વધારે થયેલો છે. આચારાંગ, આવશ્યક, શ્રીકલ્પસૂત્ર અને મહાવીર મહારાજાઓનાં અનેક ચરિત્રોથી એ વાત નક્કી થાય છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા છદ્મસ્થપણાની અજ્ઞાતચર્યામાં પણ મગધદેશમાં નિરૂપદ્રવ જ રહેતા હતા, અને ઉપસર્ગ તથા ઉપદ્રવોને સહન કરવા માટે તેઓ મગધદેશથી અન્યત્ર બહારના દેશોમાં વિહાર કરતા હતા. આ હકીકત ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજના છદ્મસ્થકાલમાં તેઓને મગધદેશમાં ભગવાન પાર્શ્વનાથજીના શાસનધોરી મહાપુરૂષોના પ્રભાવે નિરૂપદ્રવતા હતી. ઉત્પલ અને ઈન્દ્રશર્મા આદિ શ્રીપાર્શ્વનાથજીના શાસનને પામેલા અને પતિત થયેલા એ અને અન્ય પણ અનેક જે ગોશાલાને મળેલા દિશાચરો તે બધાનું વિહાર ક્ષેત્ર કે પર્યટન ક્ષેત્ર મગધદેશ જ હતું, અથવા તો શ્રમણ ભગવાન મહાવીર મહારાજા પૂર્વાશ્રમમાં મગધના વતની હોવાથી પણ મગધદેશમાં અને તેની આસપાસમાં નિરૂપદ્રવપણે વિચરી શકે એ સ્વાભાવિક જ હતું. આ બધું તપાસતાં શ્રેણિક મહારાજને ભગવાન મહાવીર મહારાજની શાસન સ્થાપના કરતાં વ્હેલેથી સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય અને તેમ કહેવાય પણ છે, અને ક્ષાયિકભાવે સમ્યક્ત્વ ભગવાન મહાવીર મહારાજના પ્રતાપે થયું હોય તો તેમાં કંઈ પણ આશ્ચર્ય નથી.

**ભગવાન શ્રી મહાવીર મહારાજાના જન્મથી પહેલાં પણ મગધદેશમાં ધર્મ -**

સામાન્ય રીતે જૈનશાસ્ત્રો પ્રમાણે ભગવાન મહાવીર મહારાજના જન્મથી પહેલાં પણ

શ્રીપાર્શ્વનાથજી મહારાજનું શાસન મગધ આદિ દેશોમાં પ્રવર્ત્તતું જ હતું. ખુદ ભગવાન મહાવીર મહારાજના માતાપિતા પોતે જ શ્રીપાર્શ્વનાથ ભગવાનના સંતાનીય શ્રાવક હતા, એ વાત શ્રીઆચારાંગ તથા શ્રીકલ્પસૂત્રની વૃત્તિ આદિથી સ્પષ્ટ છે, વળી ભગવાન મહાવીર મહારાજા છદ્મસ્થપણામાં હતા ત્યારે મથુરાનગરીમાં અર્હદાસ અને જિનદાસી પરમ શ્રાવકપણાની દશામાં હતા. ભગવાન મહાવીર મહારાજને કેવલજ્ઞાન થવા પહેલાં ભગવાનના શ્રાવક ગણાતા આનન્દ સિવાયના બીજા આનંદ નામના શ્રાવકને અવધિજ્ઞાન થયું હતું, અને તેણે ભગવાનને કેવલજ્ઞાન ઉત્પન્ન થવાની આગાહી જણાવી હતી, અને ગૃહસ્થને અવધિજ્ઞાન તો ગુણપ્રતિપન્નને જ થાય છે, એ વિગેરે હકીકતથી ભગવાન પહેલાં મગધમાં જૈનધર્મનું પ્રવર્ત્તવું ઈતિહાસસિદ્ધ હોવાથી મગધદેશમાં ધર્મ પ્રવર્ત્તતો હતો એને લીધે શ્રેણિક મહારાજના રાજકુલમાં ધર્મ હોય તો આશ્ચર્ય નથી અને ધર્મની ભાવનાથી પણ મહારાજા શ્રેણિક શ્રમણ ભગવાન મહાવીરમહારાજાના પરમભક્ત થયા હોય તો આશ્ચર્ય નથી.

## તે જ - ધન્ય - છે.

**धन्यस्योपरि निपतत्यहितसमाचरणधर्मनिर्वापी।**

**गुरुवदनमलयनिसृतो वचनसरसचंदनस्पर्शः**

**'વાચક મુખ્ય'**

**તાત્પર્ય :-**

અહિત - આચરણા રૂપી ધામને તોડી નાખનાર ગુરૂમહારાજના મુખરૂપી મલયાચલથી નીકળેલ વચનરૂપી સરસ ચંદનનો સ્પર્શ પડતો હોય તો ભાગ્યશાળી ઉપર જ પડે છે, માટે હંમેશાં ગુરૂમહારાજ ઉપદેશ આપતા હોય ત્યારે તેમના ઉપકાર, તેમની આવશ્યકતા, ઈત્યાદિ વિચારી બહુમાન કરવું, પણ ઉદ્વેગ ન કરવો.

# સાગર સમાધાન

૭ પ્રશ્ન - તથાભવ્યત્વ સર્વભવ્યજીવોમાં હોય કે એકલા ત્રિલોકનાથ તીર્થંકરપણે થવાવાળા જીવોમાં હોય ?

સમાધાન - પ્રતિબોધ પામવાવાળા સર્વભવ્યજીવોમાં પણ તથાભવ્યત્વ હોય છે અને ત્રિલોકનાથ તીર્થંકરપણે થવાવાળા જીવોમાં પણ તથાભવ્યત્વ હોય છે. જેમ જગતમાં તત્તદ્ વ્યક્તિપણું દરેક વ્યક્તિમાં હોય છે અને તે દરેક વ્યક્તિની અપેક્ષાએ દરેક વ્યક્તિમાં રહેલું તત્તદ્ વ્યક્તિપણું ભિન્નસ્વભાવવાળું હોય છે, તેવી રીતે દરેક ભવ્યોમાં તથા ભવ્યત્વ રહેલું હોય છે અને તે દરેકમાં રહેલું તથા ભવ્યત્વ જુદા જુદા સ્વભાવનું જ હોય છે અને તેથી જ પ્રત્યેકબુદ્ધના તથાભવ્યત્વ સ્વભાવવાળા જીવો પ્રત્યેકબુદ્ધ થાય છે, સ્વયંબુદ્ધના તથાભવ્યત્વના સ્વભાવવાળા જીવો સ્વયંબુદ્ધ થાય છે. બુદ્ધબોધિત તથા ભવ્યત્વ સ્વભાવવાળા જીવો બુદ્ધબોધિત થાય છે. ગણધરના તથાભવ્યત્વ સ્વભાવવાળા જીવો ગણધર થાય છે, અને સામાન્યપણે સિદ્ધિ મેળવવાના તથાભવ્યત્વ સ્વભાવવાળા જીવો સામાન્યકેવલી થાય છે, માટે દરેક મોક્ષ જવાવાળા ભવ્યજીવોમાં તથા ભવ્યત્વ રહેલું છે અને તે જુદું જુદું છે.

૮ પ્રશ્ન ભવ્યત્વના કાર્યને અંગે ભેદો જણાવવા માટે જ્યારે તથા ભવ્યત્વ માનવામાં આવે છે. તો પછી તે તથાભવ્યત્વને મોક્ષે જવાવાળા ભવ્યજીવોમાં જ માનવાની જરૂર શી ? સૂક્ષ્મપણામાં રહેલા અને હંમેશાં રહેનારા એવા જે ભવ્યો એટલે જાતિભવ્યોમાં તથા ભવ્યત્વ જ કેમ ન માનવું ? એટલે મોક્ષે જવાવાળા જીવોમાં પરિપક્વ થવાવાળું ભવ્યત્વ છે તેથી તથાભવ્યત્વ છે એમ મનાય છે તેની માફક સર્વકાળ સૂક્ષ્મમાં રહેવાવાળા જીવોમાં મોક્ષ નહિં પમાડવાવાળું તથાભવ્યત્વ છે એમ કેમ ન માનવું?

સમાધાન - આગળ નિર્ણય કરી ગયા છીએ કે મોક્ષપામવાની યોગ્યતા જે જીવમાં રહેલી છે તેનું નામ ભવ્યત્વ છે. હવે જો આપણને તે વાત સર્વકાળે સૂક્ષ્મપણામાં રહેવાવાળા જીવોને તથાભવ્યત્વ સ્વભાવથી મોક્ષ પામવાની સર્વદાની અયોગ્યતા એમ માનવા જઈએ, તો ભવ્યત્વપણાનો સ્વભાવ ઉડી જાય માટે સર્વદા સૂક્ષ્મમાં રહેવાવાળાને તથા ભવ્યત્વ ન માનતાં જેઓને સમ્યગ્દર્શનાદિક રૂપી મોક્ષની પ્રાપ્તિ થવાની છે તેઓને તે પ્રાપ્તિના દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રતિપાત - અપ્રતિપાત હ્રસ્વ દીર્ઘ પર્યાય પુરૂષ વિશેષ

સંયોગ-વચન વિશેષનું શ્રવણ-ક્રિયા વિશેષણનું દર્શન - પ્રતિમાદિકના સંયોગ વિગેરે અનેક વિચિત્રતાઓના નિર્વાહને માટે તથાભવ્યત્વ સ્વભાવ કે જે તેવી વિચિત્રતાને નિભાવી શકે છે તેને માનવાની જરૂર છે. એટલે મોક્ષ માર્ગ પામનારા ભવ્યોમાં જ તથાભવ્યત્વ માની શકાય. એકલા તીર્થંકર મહારાજમાં જ તથાભવ્યત્વ હોય છે એમ માનવું એ [5]લલિતવિસ્તરા - [6]યોગબિન્દુ - [7]પંચસૂત્રી- [8]પંચાશકવૃત્તિ અને [9]ચૂર્ણિના પાઠોને નહિં જાણનાર કે નહિ માનનાર હોય તેનાથી જ બને.

૯ પ્રશ્ન - ભવ્યત્વ સ્વભાવ જેમ સ્વાભાવિક છે, તેમ તથાભવ્યત્વ સ્વભાવ પણ સ્વાભાવિક છે કે કૃત્રિમ છે ?

સમાધાન - જેવી રીતે ભવ્યત્વ સ્વભાવ સ્વાભાવિક છે અને તેથી તે પારિણામિક ભાવ તરીકે ગણાય છે, તેવી જ રીતે જે તથાભવ્યત્વ તે પણ પારિણામિક ભાવ જ છે અને તે ભવ્યત્વભાવની વિશિષ્ટતા રૂપ છે અને તે જ કારણથી ભવ્યત્વની માફક તથાભવ્યત્વ પણ અનાદિ પારિણામિક ભાવ છે, એટલે તીર્થંકર મહારાજાઓમાં પણ રહેલું તથાભવ્યત્વ તે અનાદિપારિણામિકભાવરૂપ છે અને બીજા પણ ભવ્યજીવોમાં રહેલું જે તથાભવ્યત્વ તે પણ અનાદિ પારિણામિક ભાવરૂપ છે. આ તથાભવ્યત્વની વિચિત્રતાને લીધે જ તે તે જીવોમાં યોગ્યતાની વિચિત્રતા થઈ રહે છે, કેમકે સ્વભાવમાં વિચિત્રતા ન હોય તો યોગ્યતાની વિચિત્રતા ન રહે, અને યોગ્યતાની વિચિત્રતા ન હોય તો જુદા જુદા રૂપે જુદા જુદા સાધનો મળતાં કાર્ય ન થવાની અને થવાની વિચિત્રતા રહે નહિં, માટે યોગ્યતાની વિચિત્રતા માનવાની માફક તથાભવ્યત્વ સ્વભાવની વિચિત્રતા માનવીજ જોઈએ, અને તે વિચિત્ર તથાભવ્યત્વ દરેક ભવ્યજીવને સ્વાભાવિક અને અનાદિથી સિદ્ધ છે.

૧૦ પ્રશ્ન - તથાભવ્યત્વ જ્યારે અનાદિનું છે તેમજ ભવ્યત્વની માફક તે અનાદિપારિણામિકભાવ રૂપ છે, તો આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજીએ ૧૦ લલિતવિસ્તરાની અંદર ભગવાન જીનેશ્વરોનું પુરૂષોત્તમપણું જણાવતાં **सहजतथाभव्यत्वादिभावतः** એમ કહી **सहज०** એટલે 'સ્વાભાવિક' એવું વિશેષણ કેમ આપ્યું છે ?

સમાધાન - દરેક મોક્ષ જવાવાળા ભવ્યજીવોને તથાભવ્યત્વ અનાદિપારિણામિક ભાવ રૂપ છે, અને તેથી તે સ્વાભાવિક જ છે, છતાં લલિતવિસ્તરામાં સહજ એવું જે વિશેષણ તથાભવ્યત્વને આપવામાં આવ્યું છે તે કાંઈ તથાભવ્યત્વના એવા બે પ્રકાર જણાવવાને માટે આપવામાં આવ્યું નથી કે કોઈક તથાભવ્યત્વ સહજ એટલે સ્વાભાવિક હોઈ અનાદિકાળનું હોય અને કોઈક તથાભવ્યત્વ સહજ ન હોય એટલે અનાદિકાળનું ન હોય પરંતુ કૃત્રિમ હોય, આવી રીતે તથાભવ્યત્વ કે ભવ્યત્વના બે ભેદો જણાવવા માટે ત્યાં લલિતવિસ્તરામાં **सहज०** એવું વિશેષણ

તથાભવ્યત્વને આપવામાં આવેલું નથી, પરંતુ ભગવાન તીર્થંકર મહારાજના જીવોમાં તથાભવ્યત્વ એટલે તીર્થંકર થવાની લાયકાતવાળું ભવ્યત્વ અનાદિકાળનું હોય છે, પરંતુ કોઈક દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના સંયોગે થવાવાળું ભગવાન તીર્થંકરમાં ભવ્યત્વ નથી. એવું જણાવવા માટે જ ત્યાં લલિતવિસ્તરામાં તથાભવ્યત્વને સહજ એવું વિશેષણ આપવામાં આવ્યું છે.

૧૧ પ્રશ્ન - જ્યારે ભવ્યત્વ તથા સામાન્ય મોક્ષે જનારા જીવોને તથાભવ્યત્વ અને તીર્થંકર પદવી પ્રાપ્ત કરીને મોક્ષે જનારા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જીવોનું તથાભવ્યત્વ એ ત્રણે જ્યારે અનાદિના પારિણામિક ભાવ રૂપ છે અને **સહજ**૦ એટલે સ્વાભાવિકજ છે, તો પછી ભગવાન્ તીર્થંકરના તથાભવ્યત્વને **સહજ**૦ એવું વિશેષણ લગાડવાની જરૂર શી ?

સમાધાન - કોઈપણ સુજ્ઞમનુષ્ય શાસ્ત્રનાં પદોનો અર્થ કરે ત્યારે તે પોતાની સુજ્ઞતાને અંગે પહેલવહેલો જ પ્રકરણનો વિચાર કરે, જો એમ ન હોય તો જૈનો **પુરિસુત્તમાણં**૦ કહીને પુરૂષોત્તમ (જીનેશ્વર)ને નમસ્કાર થાઓ એમ કહે અને તે જ પદ જે **પુરુષોત્તમેભ્યઃ** તે કહીને વૈષ્ણવો પોતાના ગ્રન્થમાં નમસ્કાર કરે ત્યારે સુજ્ઞમનુષ્ય તે પ્રકરણને દેખીને જ જૈનગ્રન્થોમાં પુરૂષોત્તમનો અર્થ તીર્થંકર કરે, અને અન્યગ્રન્થમાં પુરૂષોત્તમનો અર્થ વિષ્ણુ કરે એ સ્વાભાવિક જ છે, તેવી રીતે **લલિતવિસ્તરા** માં કોનું ખંડન કરવા માટે તે પુરૂષોત્તમ પદના અર્થમાં સહજશબ્દ તથાભવ્યત્વના વિશેષણ તરીકે વપરાયો છે, એ જો સુજ્ઞપણું ધારીને વિચારે તો તે સુજ્ઞમનષ્યને તથા ભવ્યત્વના સ્વાભાવિક અને અસ્વાભાવિક (કૃત્રિમ) એવા બે ભેદ માનવાનું મન થશે જ નહિં, પરંતુ તે સહજશબ્દ તીર્થંકરની અનાદિ તથાભવ્યત્વથી થયેલી યોગ્યતાને જ જણાવનાર છે એમ સ્પષ્ટ માલમ પડશે. કારણ કે કેટલાક મતવાળા એવું માનનારા હતા કે તીર્થંકર થનારા જીવમાં તીર્થંકર થવાને લાયકનું બીજ અનાદિકાલથી હોય અને બીજા જીવોમાં અનાદિકાલથી તેવું બીજ ન હોય એવું છે જ નહિં. અર્થાત્ જગતમાં જે જે જીવને જેવાં જેવાં સહકારી કારણો મળે તેવાં તેવાં કાર્યો થાય અને તેથી જેને કેવલ આત્માનો મોક્ષ કરવો એવા વિચારરૂપી સહકારી કારણ મળે તે મૂકકેવલી થાય, અને જેને પોતાના કુટુમ્બના કે લાગતા વળગતા જે જે જીવો હોય તે બધાને મોક્ષ મેળવવા માટે તૈયાર થઉં એવા વિચારનો જેને યોગ મળે તે ગણધર થાય, અને જેને સમગ્ર જગતના જીવોનો કર્મક્ષય કરાવી મોક્ષ મેળવવાનો ઉત્તમોત્તમ વિચારનો જોગ મળે તે તીર્થંકર થાય, અર્થાત્ તે તે જીવને તેવાં તેવાં સહકારી કારણો લાઇન પુરી થાય તેમ ગોઠવો.

(અનુસંધાન જુઓ પાનું ૪૧)

# સંઘયાત્રા - તીર્થયાત્રા

(ગતાંકથી ચાલુ)

પરંતુ તે સમ્યક્ત્વ અને દેશવિરતિપણાથી અનંતરપણે મોક્ષ મળતો નથી, કિન્તુ તે જ સમ્યક્ત્વ અને તે જ દેશવિરતિના પ્રભાવે તે જ ભવમાં કે ભવાંતરોમાં તે સમ્યક્ત્વ કે દેશવિરતિવાળો જીવ સર્વવિરતી એટલે સાધુપણાને પ્રાપ્ત કરનારો થાય છે અને તે દ્વારાએ તે મોક્ષને મળવી શકે છે, આજ કારણથી આચાર્ય ભગવાન શ્રીદેવેન્દ્રસૂરિજીએ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના સડેલા પડેલા એવા જીનમંદિરનો જે ઉદ્ધાર કરે તેને અંગે સ્પષ્ટપણે જણાવ્યું છે કે તે ચૈત્યના ઉદ્ધાર કરનારે પોતાના આત્માને ભયંકર ભવસમુદ્રમાંથી ઉદ્ધરી લીધેલો જાણવો. અર્થાત્ જગતમાં જેમ મહોર, રૂપિયો કે પૈસો ખાવાના કામમાં સાક્ષાત્ ઉપયોગી થતાં નથી, પરંતુ તે મહોર વિગેરે દ્વારાએ લેવાયેલા કે મેળવાયેલા ભોજન વિગેરેથી જરૂર ક્ષુધાશાન્તિ વિગેરે થાય છે, તો તે મહોર વિગેરેમાં ભોજનનો ઉપચાર કરાય તો તેમાં આશ્ચર્ય નથી લાગતું.

તેવી રીતે અહિં પણ જીર્ણોદ્ધારરૂપ દ્રવ્યસ્તવથી અનંતરપણે ભવસમુદ્રથી જીર્ણોદ્ધાર કરનારના આત્માનો ઉદ્ધાર ન થાય, તો પણ તે કરેલા જીર્ણોદ્ધારના પ્રભાવે તે જીર્ણોદ્ધાર કરનારના આત્માને તે ભવે કે ભવાંતરે એવી સંયમની ઉચ્ચપરિણતિ પ્રાપ્ત થાય કે જે પરિણતિદ્વારાએ તે જીર્ણોદ્ધાર કરનાર આત્મા પોતાના આત્માને ભયંકર એવા ભવસમુદ્રથી ઉદ્ધરી લે, માટે જ શ્રીદેવેન્દ્રસૂરિજીએ જણાવ્યું કે શ્રીજિનેશ્વર ભગવાનના મંદિરનો જીર્ણોદ્ધાર કરનારે પોતાના આત્માનો ભયંકર ભવસમુદ્રથી ઉદ્ધાર કર્યો.

**કરવું કરાવવું અને અનુમોદવું એ ત્રણેમાં એક સરખું ફળ છે.**

ભગવાન જીનેશ્વર મહારાજના મંદિરનો જીર્ણોદ્ધાર કરવાથી ભયંકર એવા ભવસમુદ્રમાંથી પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો એ હકીકત પૂર્વે કહેલી ગાથામાં છે એ જણાવી છે, પરન્તુ તે જીર્ણોદ્ધાર કરનારે એકલા પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો એમ નથી, પરંતુ બીજા પણ અનેક જીવોનો ભવસમુદ્રથી તે જીર્ણોદ્ધાર દ્વારાએ ઉદ્ધાર થયેલો છે એમ જણાવવા માટે કોનો કોનો ઉદ્ધાર થયો છે. તે આ ગાથાથી જણાવે છે. વાચકવૃંદે ધ્યાન રાખવું કે ભગવાન જીનેશ્વર મહારાજની અને તેમના ગુણોની ઉપર અદ્વિતીય ભક્તિ - અને બહુમાન હોવાથી જીર્ણોદ્ધાર કરનારે જેવી રીતે પોતાના આત્માને ઉદ્ધર્યો છે તેવીજ રીતે પોતાના પૂર્વપુરૂષો અને સંતાનોનો ઉદ્ધાર તે જીર્ણોદ્ધાર કરનારે કર્યો છે. એટલું જ નહિં, પરંતુ બીજા પણ અનેક ભવ્યજીવોનો ઉદ્ધાર ભક્તિથી જૈનચૈત્યનો ઉદ્ધાર કરનારે કર્યો છે. આ સ્થાને વાચકવૃંદે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જેમ દીવાના અજવાળે કે સૂર્યના પ્રકાશે એક વ્યક્તિ પોતાનું કામ કરે, તેથી તે દીવાનો કે સૂર્યનો પ્રકાશ બીજા મનુષ્યને કામ લાગતો નથી એવું બનતું નથી, તેવી રીતે ભક્તિઆદિક ધર્મને અંગે અને તેના કાર્યોને અંગે પણ તે ભક્તિ કરનારને સંપૂર્ણ લાભ થવા છતાં બીજા પણ તે ભક્તિ અને ભક્તિનાં કાર્યોને અનુમોદનારાઓ પણ સંપૂર્ણ લાભ પણ મેળવી શકે છે. જૈનશાસ્ત્રકાર તો બળભદ્ર, સુથાર અને મૃગલાનું દૃષ્ટાંત દઈને સ્પષ્ટપણે જણાવે છે કે સંયમ અને દાનને અંગે કરનાર, કરાવનાર અને અનુમોદનાર એવા તે સુથાર અને મૃગ પણ બલભદ્ર મહાત્માના જેવી ઉચ્ચગતિને પામ્યા છે. અર્થાત્ જૈનશાસનની દૃષ્ટિએ જેવી રીતે દાનાદિક ધર્મ કે જીનેશ્વરાદિકની ભક્તિને કરનારો મનુષ્ય લાભ મેળવી શકે છે, તેવી જ રીતે તે કાર્યમાં મદદ આપવા દ્વારાએ તે કાર્યને કરાવનાર કે તેની પ્રશંસાદ્વારાએ અનુમોદના કરનાર પણ તે કરનારની માફકજ સંપૂર્ણ સુધીનું ફળ પણ પામી શકે છે.

**લૌકિકવાદના હિસાબે તપના પારણાથી કે ભિક્ષાવૃત્તિથી તપફળ બીજાને ન હોઈ શકે ?**

આ ઉપરથી જે કેટલાક અજ્ઞાન ભદ્રિકજીવો તપસ્યા કરનાર હોવા છતાં તપસ્યાનું પારણું બીજાને ઘેર કરવાથી તપનું ફળ પારણું કરાવનારને ચાલ્યું જાય છે, એમ માનવા જે તૈયાર થાય છે તે ખરેખર જૈનશાસનને સમજતા નથી, અગર તેઓ સમ્યક્ત્વના માર્ગમાં પણ આવ્યા નથી,અગર શુદ્ધસમ્યક્ત્વવાળા થયા જ નથી, એ માનવું ખોટું નથી. એવી જ રીતે સાધુમહાત્માઓ પંચમહાવ્રતને ધારણ કરે અને અપ્રમત્તપણે સંયમની આરાધના કરે, છતાં તેઓ ગૃહસ્થના ઘરેથી ભિક્ષાવૃત્તિ લે છે માટે તે સાધુમહાત્માઓ સંજમનું ફળ હારી જાય છે, અગર તેમના સંયમનું ફળ અમુક અંશે ઓછું થાય છે, અને તે સંપૂર્ણ ફળ કે કંઈક અંશથી થનાર ફળ ભિક્ષાવૃત્તિ દેવાવાળા ગૃહસ્થને મળે છે. આવી ધારણા કરનારાઓની અજ્ઞાનતા ઉપર ખરેખર જ્ઞાનિપુરૂષને તો હસવું જ આવે. કદાચ એમ કહેવામાં આવે કે શાસ્ત્રોમાં પ્રજાના કરેલા ધર્મનો તેમજ પ્રજાએ કરેલા પાપનો રાજાને છઠ્ઠો ભાગ મળે છે એમ જે કહેવાય છે તે હકીકત જો કોઈએ કરેલાનું કોઈને ન મળતું હોય તો તેમ બને નહિ. પરંતુ આવું કથન કરનારે સમજવું જોઈએ કે પ્રજાના પુણ્ય કે પાપના છઠ્ઠા ભાગની રાજાને પ્રાપ્તિ થાય છે એ વચન લોકોત્તરપણે શાસ્ત્રકારનું નથી, પરંતુ માત્ર લૌકિકવચનનો અનુવાદ જ છે. જૈનશાસ્ત્રને હિસાબે તો પ્રજા વર્ગ જેટલો અને જેવી રીતનો ધર્મ કરે તેમાં જો રાજા રક્ષણદ્વારાએ કે સહાય આપવા દ્વારાએ મદદગાર બને, અગર કરાવનાર બને તો રાજા પ્રજાવર્ગના જેટલો જ ધર્મનો લાભ મેળવવાવાળો થાય, અને પ્રજાવર્ગે કરાતા પાપમાં પણ તે સહાય કરનાર કે અનુમોદન કરનાર થઈને ભળે તો તે પ્રજાવર્ગે કરેલા પાપનો છઠ્ઠો ભાગ નહિ, પરંતુ તે પ્રજાવર્ગે કરેલા પાપના જેટલોજ પાપનો ભાગીદાર થાય, પરંતુ તે પ્રજાવર્ગે કરેલું જે પુણ્ય કે પાપ હોય તે અંશે પણ ઓછું તો થાય જ નહિ. આ હકીકતને સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે જે મહાનુભાવે યશ:કીર્તિ કે પ્રસિદ્ધિની અપેક્ષા રાખ્યા સિવાય અગર કોઈ પણ પ્રકારના પક્ષપાત સિવાય માત્ર ગુણ અને ગુણીના રાગના નિયમને અંગે ભગવાન જીનેશ્વર મહારાજના સડેલા પડેલા મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો છે તેણે તેના પૂર્વપુરૂષોનો પણ ભયંકર ભવસમુદ્રમાંથી ઉદ્ધાર કર્યો છે.

**દેવલોકમાં પણ અનુમોદનાનું કાર્ય શું ?**

યાદ રાખવું કે શ્રાવકપણાની સ્થિતિને સાચવનાર અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસનને અનુસરનારા એવા તે પૂર્વજો સારી દેવગતિમાં ગયેલા જ હોય, અને તે પૂર્વજો દેવગતિમાં નિર્મળ અવધિજ્ઞાનને ધારણ કરનારા હોય જ, તેમજ તે અવધિજ્ઞાનદ્વારાએ પોતાના સંતાનના કરેલા ભક્તિભાવપૂર્વકના જીર્ણોદ્ધારને દેખીને અનુમોદના કર્યા સિવાય રહી શકે જ નહિ. જગતમાં પણ એ વાત અનુભવસિદ્ધ છે કે અન્ય ભક્તિમાન શ્રાવકે કરેલા ધર્મકાર્યની અનુમોદના કરતાં પોતાના કુટુંબમાં રહેલા શ્રાવકે કરેલા ભક્તિ, તપસ્યા, દાન, પ્રતિષ્ઠા, ઉપધાન, ઉજમણાં વિગેરે ધર્મકાર્યોની અનુમોદના વિશેષે કરીને થાય છે. વાચકવૃંદને યાદ હશે કે ભગવાન જંબુસ્વામીજી ભરતક્ષેત્રમાં આ અવસર્પણીમાં છેલ્લા કેવળજ્ઞાની થશે એવું સાંભળીને તેમના કાકા કે જેઓ જંબૂદ્વીપના અધિપતિ અને જંબૂવૃક્ષમાં રહેનારા અનાદત નામના દેવતા હતા, તેઓ ઘણા જ હર્ષમાં

આવી ગયા હતા અને હદ બહારનું નાટક કર્યું હતું. એવી જ રીતે જીર્ણોદ્ધાર કરાવનારના પૂર્વજો પોતાના અવધિજ્ઞાનથી પોતાના સંતાને કરેલા જીર્ણોદ્ધારરૂપી અપૂર્વ ધર્મકાર્યને દેખીને કેમ આનંદમાં ન આવે? વળી કેમ તેની અનુમોદના કરનાર ન થાય ? અને કેમ તેઓ પોતાના આત્માનો ઉદ્ધાર તે સંતાને કરેલા જીર્ણોદ્ધારદ્વારાએ ન મેળવે ?

## વડવાઓના કાર્યને પુત્ર-પૌત્રાદિ જાણે અને અનુમોદે.

વાચકવૃંદે યાદ રાખવું કે વંશશબ્દથી જેવી રીતે પૂર્વપુરૂષો એટલે વડવાઓ લેવાય છે, તેવી જ રીતે વંશશબ્દથી પુત્ર પુત્રી આદિ સંતતિ પણ લેવાય છે. એટલે જેવી રીતે પૂર્વપુરૂષરૂપી વંશનો તે જીર્ણોદ્ધારની અનુમોદનાદ્વારાએ ઉદ્ધાર થાય છે તેવી જ રીતે પુત્રપુત્રી આદિ સંતાનરૂપી વંશનો પણ તે ભક્તિથી કરાયેલા જીર્ણોદ્ધારદ્વારાએ ઉદ્ધાર થાય છે. પોતાના પૂર્વપુરૂષોની સદ્ગતિ તેઓમાં સદાચાર હોય તો થયેલી હોય અને તેવી સદ્ગતિ થઈ હોય તો જ તેઓ અવધિજ્ઞાનદ્વારાએ સંતાનના જીર્ણોદ્ધારને દેખે અને તેની અનુમોદનાદ્વારાએ પોતાના આત્માનો ઉદ્ધાર કરે. પરંતુ જો તે પૂર્વપુરૂષો તેવા સદાચારવાળા ન હોય અને તેવી દેવગતિ ન પામ્યા હોય અને તેવા અવધિજ્ઞાનવાળા ન હોય અને તેથી ભક્તિપૂર્વક તે સંતાને કરેલા જીર્ણોદ્ધારને જાણી શકે નહિં અને તેથી તેની અનુમોદના પણ કરી શકે નહિં તો તેવે વખતે પૂર્વપુરૂષરૂપ વંશનો તે જીર્ણોદ્ધારદ્વારાએ ભયંકર ભવસમુદ્રથી ઉદ્ધાર થયો છે તેમ ન પણ કહી શકાય, અથવા જેટલા અંશે તે ઉદ્ધારનો સંભવ કહી શકાય તેના કરતાં પુત્ર-પુત્રીઆદિક સંતતિ રૂમ વંશના જીવોનો તે ભક્તિમાન પુરૂષે કરેલા જીર્ણોદ્ધારથી ઉદ્ધાર થવાનો પ્રસંગ સ્હેજે ગણાય.

જીર્ણોદ્ધાર કરનાર મહાપુરૂષના કુળમાં ઉત્પન્ન થયેલો પુત્ર, પુત્રી, પૌત્ર કે દૌહિત્રાદિ જે કોઈપણ જીવ હોય તે પોતાના વડવાએ કરેલું જીર્ણોદ્ધારનું કાર્ય ન જાણે એમ તો બને જ નહિં અને જ્યારે તે પુત્ર, પૌત્ર, પુત્રી અને દૌહિત્રને તે પોતાના વડવાએ કરેલું જીર્ણોદ્ધારનું કાર્ય જાણવામાં આવે ત્યારે તે પુત્ર, પૌત્ર, પુત્રી વિગેરે તે વડવાએ કરેલા જીર્ણોદ્ધારના કાર્યની અનુમોદના કરી પ્રશંસા કરે એમાં બે મત ભેદ થવાનો તો સંભવ જ નથી. તેથી તે જીર્ણોદ્ધાર કરનારે તે જીર્ણોદ્ધારદ્વારાએ પોતાના પુત્ર, પુત્રીઆદિ સંતાનોનો તેની અનુમોદના કરાવવાથી ભયંકર ભવસમુદ્રમાંથી ઉદ્ધાર કર્યો એમ કહેવામાં કોઈપણ જાતનું અજુગતું કે અતિશયોક્તિ ભર્યું નથી.

## જીર્ણોદ્ધાર કરાવનાર બીજાનો પણ ઉદ્ધારક છે.

જેવી રીતે ભગવાન જીનેશ્વર મહારાજના ચૈત્યનો ભક્તિપૂર્વક ઉદ્ધાર કરનારો મહાનુભાવ પોતાના આત્માનો અને પોતાના પૂર્વપુરૂષ કે સંતાનોનો ભયંકર ભવસમુદ્રથી ઉદ્ધાર કરે છે, તેવી જ રીતે તે જ જીર્ણોદ્ધાર કરનાર મહાપુરૂષ પોતાના કુલસંબંધને નહિં ધરાવનાર એવા બીજા પ[ણ] ભવ્યજીવોનો ઉદ્ધાર કરે છે. વાચકવૃંદે ધ્યાનમ[ાં] લેવાની જરૂર છે કે જેઓ ત્રિલોકનાથ તીર્થંક[ર] ભગવાનના માર્ગને પામ્યા છે, જાણે છે અને મા[ને] છે, તેઓ પોતાના કુટુંબના - સ્વજનતાસંબંધીના ધ[ર્મ] કાર્યને જ અનુમોદવા લાયક ગણે છે તેમ હો[તું] નથી. કેમકે તે ભવ્યાત્માને તો ધર્મકાર્યન[ી] અનુમોદના ધર્મકાર્ય તરીકે જ કરવાની હોય [છે] અને તેથી તે ભવ્યાત્માઓ કોઈપણ ધર્મનું કાર્ય થ[યું] હોય તેની જરૂર અનુમોદના કરે છે. પછી તે ધર્મ[-] કાર્ય પોતે કરેલું હોય, પોતાના કુટુંબે કરેલું હોય અગર કોઈપણ ભવ્યજીવે કરેલું હોય, પરંતુ તે સ[ર્]વ

ધર્મકાર્યની અનુમોદના શાસનની શ્રદ્ધા ધરાવનારા તો દરેકે દરેક મનુષ્ય કરે જ છે.

**જીર્ણોદ્ધાર કરાવવાનું પરંપર અને અનંતર ફળ:**

ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોના મંદિરો કે જે પોતાના પૂર્વજોએ કરાવેલા હોય અગર બીજા ભવ્યાત્માઓએ કરાવેલા હોય, પોતાના દેશવાળાએ કે પોતાના કુટુંબવાળાઓએ કરાવેલા હોય યાવત્ પોતાના મિત્રના પૂર્વજોએ કરાવેલા હોય, અગર બાહ્યથી ગણાતા શત્રુઓના પૂર્વજોએ કરાવેલા હોય, જીર્ણ થતાં પરંતુ તે સર્વ મંદિરોનો ઉદ્ધાર તો શક્તિ અને વિભવસંપન્ન એવા ધર્મપ્રેમીઓએ જરૂર કરવો જ જોઈએ અને તે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મંદિરનો ઉદ્ધાર કરવાથી આત્માને જે ફળ થાય છે. તેમાં પરંપરા ફળની અપેક્ષાએ આત્માનો ભવસમુદ્રથી ઉદ્ધાર અને પૂર્વપુરૂષો તેમજ પોતાની સંતતિમાં થનારા ભવ્યજીવોનો ઉદ્ધાર થવાનું આગળ જણાવી ગયા, એટલું જ નહિં, પરંતુ પોતાના પૂર્વજોએ કરાયેલા ચૈત્યોના જીર્ણોદ્ધારને અંગે આનુષંગિક ફળની વિશિષ્ટતા પણ જણાવી છે જ. એવી રીતે પરંપરાએ જીર્ણોદ્ધારનું ફળ જણાવ્યા પછી શાસ્ત્રકાર મહારાજા અનંતર ફળ જણાવતાં કહે છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના ચૈત્યનો જીર્ણોદ્ધાર કરાવનાર મહાપુરૂષે પૂર્વકાળમાં જે અધમ કારણોથી નીચગોત્ર બાંધ્યું હતું તે કારણોનો વિપર્યાસ થવાથી અને તે કારણોથી વિરુદ્ધ એવાં કારણોનો અમલ થવાથી નીચગોત્રનો ક્ષય કરે છે. સુજ્ઞપુરૂષોને સારી પેઠે એ વાત તો ધ્યાનમાં હશે કે ધર્મમાર્ગમાં આવેલા જીવો અન્યઆત્માના ગુણો અને પોતાના અવગુણો તરફ દૃઢચિત્ત રાખવાવાળા હોય છે, પરંતુ અનાદિકાળથી આ જીવને ધર્મનો પ્રેમ અથવા ધર્મપરાયણપણું હોતું નથી અને હતું પણ નહિ. કેમકે જો ધર્મ પ્રેમીપણું અને ધર્મપરાયણપણું આત્માને પ્રાપ્ત થયું હોત તો આ આત્મા આટલો બધો કાળ સંસારસમુદ્રમાં રખડત નહિં અને જેઓને પોતાની ન્યૂનતા અને પરની શ્રેષ્ઠતા સૂઝી નથી, અગર સૂઝતી નથી, તેઓ બીજાં જ્ઞાનાવરણીયાદિ કર્મો છતાં, બાંધે મુખ્યતાએ નીચગોત્રને તો તે જરૂર વિશેષે બાંધે છે. તત્ત્વાર્થ સૂત્રકાર પણ સ્પષ્ટ શબ્દોમાં એ જ જણાવે છે કે નીચે જણાવેલી ચાર વાતો કરનારો જીવ નીચગોત્રનું કર્મ બાંધે છે.

**નીચગોત્ર કોણ બાંધે ?**

૧ પોતાના કે પોતાના સંબંધી કુટુંબી અગર પોતાનો સ્વાર્થ સિદ્ધ કરનારા પુરૂષોના ગુણોની પ્રશંસા કરવી તે તો એક જગતનો સામાન્ય વ્યવહાર થઈ ગયો છે, પરંતુ શાસ્ત્રકાર કહે છે કે તેવી રીતે **પોતાની કે પોતાના સંબંધીની પોતાપણાની અપેક્ષાએ કે સંબંધીપણાની અપેક્ષાએ જે પ્રશંસા કરવામાં આવે તે નીચગોત્ર બાંધવાનું પ્રથમ કાર્ય છે.** સામાન્ય રીતે સજ્જન પુરૂષો કોઈ દિવસ પણ પોતાના કે પોતાના સંબંધીના વખાણ કરવાને તૈયાર હોય જ નહિં, તેમાં પણ વ્યવહારદૃષ્ટિથી પોતાની કે પોતાના ગુણની પ્રશંસા કરનારને તો અધમ જ ગણવામાં આવે છે, એટલે શાસ્ત્રકારમહારાજ સ્વ એટલે પોતાની અગર પોતાના સંબંધીની પ્રશંસા કરવાથી નીચગોત્રનો બંધ થાય એમ જે જણાવે છે તે કોઈ પણ જાતનું આશ્ચર્ય કરનાર નથી. જગતમાં સામાન્યરીતે પોતાના કુટુંબને અગર સંબંધીને તો શું ? પરંતુ પોતાના ખાસડાંને પણ સારાં કહેવડાવવા માટે અને કહેવા માટે લોકો તૈયાર થાય છે, તેવી રીતે જે કોઈ જીવ

પોતાના સંબંધીપણાને અંગે જે પ્રશંસા પોતાના સંબંધીની કરે અગર પોતાની અનેક પ્રકારે પ્રશંસા કરે, કરાવે કે બીજા કરતા હોય તે વખત ખુશી થાય, તેવો આત્મા નીચગોત્ર બાંધનારો હોય છે. આ પ્રથમ વાત સમજવાથી સ્પષ્ટપણે માલમ પડશે કે ધર્મમાર્ગમાં દાખલ નહિં થયેલા અગર ધર્મમાર્ગથી ચ્યુત થયેલા જીવો સંસારભવમાં ડગલે પગલે નીચગોત્ર જ બાંધ્યા કરે છે. આ સ્થાને એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જે કોઈ ભવ્યજીવ પોતાના સાધુપણાને સાધુપણા તરીકે જણાવે, સુત્રાનુસારીને સુત્રાનુસારીપણા તરીકે જણાવે, તેમજ એવા બીજા પણ જે સ્વરૂપો હોય તે સ્વરૂપને તે સ્વરૂપે જણાવે તેમાં તે આત્મા આત્મપ્રશંસા કરનારો થાય છે અને તેથી તે નીચગોત્ર બાંધે છે એમ સ્વપ્ને પણ કલ્પના કરવી નહિં. અરિહંત મહારાજાઓ અરિહંતપદનું સ્વરૂપ બતાવે, આચાર્ય મહારાજાઓ આચાર્યપદનું સ્વરૂપ બતાવે, ઉપાધ્યાયજી મહારાજાઓ ઉપાધ્યાયપણાનું સ્વરૂપ બતાવે, સાધુઓ સાધુપણાનું સ્વરૂપ બતાવે અને શ્રાવકો પણ શ્રાવકપણાનું સ્વરૂપ બતાવે અને તેથી તે અરિહંતાદિકની ગુરૂ પ્રશંસા થાય એ સ્વાભાવિક છે, છતાં તેમાં પોતાની દૃષ્ટિનો ઉત્કર્ષ કરવો એવું ધ્યેય ન હોવાથી, તેમજ એક વ્યક્તિનું તે સ્વરૂપ ન જણાવતાં સમષ્ટિ એટલે આખા સમુદાયનું સ્વરૂપ જણાવવાનું હોવાથી, તે વ્યક્તિ પ્રશંસારૂપ કે સ્વપ્રશંસારૂપ ગણાય નહિં અને નેથી તેવા સ્વરૂપનું નિવેદન કરનાર તે તે વ્યક્તિને કોઈપણ પ્રકારે નીચગોત્રનો બંધ થતો નથી, અને થાય છે એમ કહી શકાય પણ નહિં, જો કે જગતમાં પણ કેટલીક પ્રશંસા કુળ-જાતિ-ગામ-દેશ આદિકને અંગે થતી હોવાથી તે પણ સમષ્ટિરૂપ કહી શકાય, પરંતુ તે કુલ જાતિ આદિને રૂપે કરાતી સમષ્ટિની પ્રશંસા બીજાના એટલે કે તે કુળ-જાતિ આદિ સિવાયના લોકોની અધમતા અગર અપકર્ષતાને માટે જ હોય છે, અને તેથી જ તે કુલજાતિ આદિ દ્વારાએ કરાતી લૌકિકસમષ્ટિ અગર સમુદાયની પ્રશંસા પણ નીચગોત્રને બંધાવનારી જ થાય છે. વાચકવર્ગના ધ્યાનમાં હશે કે ભગવાન મહાવીર મહારાજનો જીવ મરીચિના ભવમાં સમષ્ટિની ઉત્કર્ષતારૂપે જ વચન બોલ્યા હતા, તે નીચે મુજબ છે. ૧ મારો દાદો તીર્થંકરોમાં પહેલો ૨ મારો બાપ ચક્રવર્તીમાં પહેલો ૩ હું વાસુદેવોમાં પહેલો, એટલે તીર્થંકરપણાની જડ પણ મારા કુળમાં, ચક્રવર્તીપણાની જડ પણ મારા કુળમાં, તેમજ વાસુદેવપણાની જડ પણ મારા કુળમાં છે, માટે આખા જગતમાં મારૂં કુલ જ ઉત્તમ છે. વળી નીચેનાં વાક્યો પણ તેઓએ પોતાના કુલમદને અંગે જણાવ્યાં છે ૧ હું ભરતનો વાસુદેવ થવાનો ૨ હું મુકાનગરીમાં ચક્રવર્તી થવાનો ૩ હું છેલ્લો તીર્થંકર થવાનો. માટે મારું કુલ ઉત્તમ છે. ઉપર જણાવેલી છ વાતો મરીચિએ પોતાના અને પોતાના કુટુંબીદ્વારાએ પોતાના કુલની ઉત્તમતા જણાવવા માટે જણાવેલ છે, જો કે તે સર્વ હકીકત ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનશ્રી ઋષભદેવજીના વાક્યોને જ અનુસરતી છે, અને સાચી પણ છે. ત્રિષષ્ટિશલાકાપુરૂષને શલાકાપુરૂષ તરીકે ગણીએ છીએ તેથી તે સર્વ પ્રકારે ઉત્તમ છતાં તેવી છ વાતોને લીધે જ પોતાના કુળની ઉત્તમતા જણાવનાર મરીચિના જીવે ક્રોડાક્રોડસાગરોપમે પણ જેનો અંત આવવો મુશ્કેલ થઈ પડ્યો એવું નીચગોત્ર બાંધ્યું, તો બીજા જીવો પોતાની અગર પોતાના જાતિ કુલ વિગેરેની અધિકતા કરવા માટે જે કંઈ વાક્યો બોલે તેમાં તેવા લાંબા કાળ સુધી ભોગવવાં પડે તેવાં નીચગોત્રનાં ચીકણાં કર્મો બંધાતાં હશે તે વાત સજ્જન પુરૂષો અનુમાનથી અને જ્ઞાની પુરૂષો સાક્ષાત્ જાણી શકે છે. આ જગા પર એક વાત

કલ્પનાથી ગોઠવીએ તો તે અજુગતી નહિં ગણાય અને તે વાત એ કે જે વખતે તે મરીચિયે પરિવ્રાજકપણાનો નવો વેશ અને નવો મત ચલાવ્યો તે વખત દુનિયાના સાધારણ નિયમને અનુસરીને કેટલાકોએ તે મરીચિની નિંદા કરી હોય અને તેથી જ મરીચિને એક ખુણો સેવવાની માફક આવી ત્રિલોકનાથની પર્ષદારૂપ સભાથી પણ એક બાજુ જુદા રહેવું પડતું હોય. શાસ્ત્રકાર મહારાજ એમ તો જણાવે જ છે કે જે વખતે ભરત ચક્રવર્તી મહારાજની આગળ ભગવાન ઋષભદેવજી મહારાજે ભવિષ્યના તીર્થંકર ચક્રવર્તી આદિનું સ્વરૂપ કહ્યું તે વખતે તે મરીચિ તે પર્ષદામાં તો બેઠેલા નથી, અને ભરત મહારાજે જ્યારે આ પર્ષદામાં કોઈ પણ તીર્થંકરનો જીવ છે કે કેમ ? એવો પ્રશ્ન કર્યો ત્યારે ભગવાન ઋષભદેવજી મહારાજે પણ મરીચિને જે ભવિષ્યના તીર્થંકર તરીકે જણાવ્યો તે પર્ષદાથી બહાર એક ખુણામાં હતો તેવા રૂપે જણાવ્યો છે, વળી મરીચિનું ભવિષ્યમાં થનારું તીર્થંકરપણું સાંભળીને તે ભરતમહારાજા તીર્થંકરપણાના અતિશય રાગથી ભાવિતીર્થંકર એવા મરીચિ પરિવ્રાજકને વંદણા કરવા જાય છે તે પણ મરીચિને પર્ષદાથી દૂર રહેવાપણું જણાવે છે. આ વસ્તુ વિચારતાં મરીચિ તરફ દીક્ષાના પતિતપણાને લીધે તીર્થંકરની આખી પર્ષદાના લોકોની રૂચિ ન હોય અને અરૂચિ જ હોય એમ કલ્પવામાં કોઈ જાતની અડચણ ન ગણીએ તો તે સર્વપર્ષદાના તિરસ્કારને અંગે મરીચિને પોતાના કુલની ઉત્તમતા પર્ષદામાં આવીને ત્રિપદી આસ્ફોટન કરી અને ભુજાનું આસ્ફાલન કરીને પોકારવી પડી એમ ગણાય, વળી ભરત મહારાજાએ તે મરીચિને વંદન કરતી વખત 'તમે ભવિષ્યમાં તીર્થંકર થવાના છો તેથી હું વંદન કરું છું.' એટલું જ માત્ર જણાવ્યું નથી, પરંતુ તે વંદન કરવા પહેલાં ચોખ્ખા શબ્દોથી મરીચિને જાહેરપણે જણાવી દીધું છે કે હું તારા આ પરિવ્રાજકપણાને વાંદતો નથી, હું તારા જન્મને એટલે તું આ ક્ષત્રિયકુલમાં, ઈક્ષ્વાકકુલમાં કે કાશ્યપગોત્રમાં જન્મ્યો તેથી હું વંદન કરતો નથી અર્થાત્ ચોખ્ખે ચોખ્ખા વાક્યોમાં જણાવી દીધું કે આ પરિવ્રાજકપણાનો ધર્મ કે વેશ એક્કે વંદન કરવા લાયક નથી. તેમજ ધર્મથી પતિત થયેલાને માટે ઉત્તમકુલ, ઉત્તમગોત્રમાં અગર ઉત્તમજાતિ હોય તો પણ તે વંદન કરવા લાયક નથી. અને તેથી હું તારા ઉત્તમકુલ કે ઉત્તમગોત્રના થયેલા જન્મને વંદનીય માનતો નથી આ બે વસ્તુ શ્રમણ મરીચિને આઘાત કરનાર ન લાગી હોય તો પણ પર્ષદાના લોકો અગર બીજા લોકોએ તે ભરત મહારાજના પ્રથમના પરિવ્રાજકપણાના અને કુલના બે વચનોને મોટું રૂપ આપ્યું હોય અને તેથી જ તે મરીચિ લોકોમાં ઉતરી ગયો હોય અને તેથી તે મરીચિને પોતાનો ઉત્કર્ષ કરવા માટે ભગવાન ઋષભદેવજીની પર્ષદામાં જઈને સર્વપર્ષદાની સમક્ષ તીર્થંકર, ચક્રવર્તી અને વાસુદેવપણાને અંગે પોતાના કુલની ઉત્તમતા ત્રિપદીના આસ્ફોટન પૂર્વક અને ભુજાના આસ્ફાલન પૂર્વક પોકારવી પડી હોય. ઉપર પ્રમાણે માનીએ તો અસંગત ગણાય તેમ નથી. તત્ત્વથી એટલું જ સમજવાનું કે તીર્થંકર, ચક્રવર્તી કે વાસુદેવપણાને અંગે પણ પોતાના કુલની ઉત્તમતા જણાવનાર મરીચિ ક્રોડાક્રોડસાગરોપમ સુધી ભોગવવા પડે તેવા *નીચગોત્રને બાંધનાર થયો. અ વસ્તુ સ્થિતિ*

વિચારતાં ધર્મને નહિં પામેલા અને ધર્મને માર્ગે નહિં ચાલનારા જીવો ડગલે પગલે પોતાના કુલની, પોતાની જાતિની અને પોતાની પ્રશંસા ચ્હાવામાં તત્પર રહેનારા કેવાં નીચગોત્રનાં કર્મો બાંધતાં હશે તે સ્હેજે સમજાય તેમ છે.

**શાસનપ્રભાવના કરનારની ભાવના અન્યમતવાળાઓને તેઓની મ્લાનિ દેખાડી કર્મબંધ કરાવવાની ન હોય !!!**

આ સ્થાને એક વાત ધ્યાનમાં રાખવી કે જૈનધર્મને જાણનારો-માનનારો અને આચરનારો મનુષ્ય જે જીનેશ્વર મહારાજની પ્રશંસા કરે. સિદ્ધમહારાજાઓનું ગુણગાન કરે, આચાર્ય ભગવંતોની કીર્તિ કરે, ઉપાધ્યાય મહારાજાઓની સ્તુતિ કરે અને સાધુ ભગવંતોની જે પ્રશંસા કરે અને જશ ગાય, તે કોઈપણ પ્રકારે સ્વપ્રશંસાના વિષયોમાં આવતાં નથી, કેમકે તે ધર્મી પુરૂષ અરિહંત મહારાજાદિકની જે પ્રશંસા કરે છે તે બીજા ધર્મીપુરૂષોને ભક્તિની વૃદ્ધિ થવાનો પ્રસંગ આવે તે માટે જ કરે છે. તેમજ ઈતરધર્મીઓને પણ તે ગુણોની પરીક્ષા કરી સત્યત જાણી અને તે અરિહંત વિગેરેને દેવાદિ તરીકે માનવાનો વખત આવે એટલા માટે જ તે અરિહંતાદિકની પ્રશંસા વિગેરે કરે છે, પરંતુ તે ધર્મપ્રેમીઓના એક રૂંવાટે પણ ઈતરધર્મીઓનું કે બીજા કોઈનું પણ તે અરિહંતાદિકની પ્રશંસાદ્વારાએ અપમાન કરવાનું મન એક અંશે પણ હોતું નથી. કદાચ એમ કહેવામાં આવે કે ભગવાન્ વજસ્વામીએ પુરિકા (જગન્નાથપુરી) પુરીમાં જે શાસનની પ્રભાવના કરી હતી તે શાસનની પ્રભાવનાને અન્યમતની હીલનાના કારણ તરીકે શાસ્ત્રોમાં પણ જણાવવામાં આવી છે, તો પછી આપણે કેમ કહી શકીએ કે ધર્મીપુરૂષોને અન્યમતના અપકર્ષની દૃષ્ટિ હોય નહિ ? સુજ્ઞપુરૂષે આ પ્રમાણે બોલવું જોઈએ નહિં. કેમકે વજસ્વામીજી મહારાજે ફુલો લાવવાનો જે પ્રસંગ ઉભો થયો તે માત્ર અન્યમતવાળાઓના મનમાં રહેલી જૈનશાસન તરફની ઈર્ષ્યા અને દ્વેષની લાગણીને જ આભારી હતો, અને તેથી જ આચાર્ય મહારાજ વજસ્વામીજીએ અન્યમતની મલિનતાને માટે કંઈપણ કાર્ય કર્યું નથી. પરંતુ અન્યમતવાળાઓએ ઈર્ષ્યા અને દ્વેષની લાગણીથી ભગવાનની પૂજામાં તો શું? પણ પોતાના ઉપભોગના નામે પણ લઈ શ્રાવકો ફુલોનો ઉપયોગ કરશે એમ ધારીને સત્તાનો દુરૂપયોગ કરતાં પુષ્પો મેળવવાના બધા રસ્તા બંધ કરી દીધા હતા. તે વખતે ભગવાન્ વજસ્વામીજીએ દેવતાની સહાયથી દેવતાના વિમાન દ્વારાએ ભગવાન જીનેશ્વરની પૂજાને માટે લવાયેલાં ફુલો માત્ર શાસનની શોભાને જ વધારનારાં હતાં, છતાં તેવી વખતે તેવાં ફુલોનું લાવવું તે સત્તાના દુરૂપયોગી અન્યમતવાળાઓને તો ખરેખર પોતાના મતની મ્લાનિનું કારણ માલમ પડે તેમાં આશ્ચર્ય નથી, પરંતુ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે તે સત્તાનો દુરૂપયોગ કરી શ્રાવકસમુદાયને સર્વથા પુષ્પો મેળવવાનો નિષેધ કરનાર બૌદ્ધમતનો રાજા પોતે જ બૌદ્ધમતને છોડી દઈને જૈનદર્શનને અંગીકાર કરનારો થયો છે. એટલે કહેવું જોઈએ કે જૈનમતની ઉન્નતિ જે તે વખતે થઈ તે તે વખતના સત્તાના દુરૂપયોગ કરનારા અને તેમાં રાચનારાઓને ગ્લાનિનું કારણ બન્યું છે, પરંતુ ભગવાન્ વજસ્વામીજીનો અભિપ્રાય એક રૂંવાડે પણ તે અન્યમતવાળાઓની મ્લાનિ દેખાડી કર્મબંધ કરાવવાનો નહોતો, એવીજ રીતે ભગવાન જીનેશ્વર મહારાજ વિગેરેની પ્રશંસા વિગેરે કરનારો ધર્મપ્રેમી વર્ગ પણ ફક્ત શાસનને અનુસરનારો અને ઈતરજીવોના ઉદ્ધારનું ધ્યેય રાખનારો હોય અને

તેથી તેવા ધર્મપ્રશંસકોએ પોતાના દેવ, ગુરૂ અને ધર્મની કરેલી પ્રશંસા સ્વપ્રશંસાના રૂપમાં જતી નથી અને તેથી જ કોઈપણ પ્રકારે તેવી અરિહંતાદિકની પ્રશંસાથી નીચગોત્રનો બંધ થવાનો સંભવ નથી. જગતમાં સામાન્ય રીતે પોતાની કે પોતાના સમુદાયની પ્રશંસા તે તેના અંગે ઉત્કર્ષતાને અંગે હોય છે, પરંતુ ઘણી વખત અને ઘણે સ્થાને પોતાની અગર પોતાના લાગતા વળગતાની પ્રશંસા અન્ય કે અન્યના લાગતા વળગતાની તુચ્છતા જાહેર કરવા માટે હોય છે. જેમ ઉપર જણાવેલ મરીચિએ પોતાના કુલની પ્રશંસા કરી છે તે ઉપર જણાવેલી રીતિએ તપાસીએ તો કેવલ ઈક્ષ્વાકુકુલની ઉત્તમતાને માટે જ હતી, એમ નહિં, પરંતુ બીજા કુલોની અધમતા જણાવી પોતાની તરફ કરાતા કટાક્ષના ઉત્તરરૂપ હતી, એમ ગણી શકાય અને એથી તો તેવે વખતે એમ કહેવું જોઈએ કે પોતાની કે પોતાના સમુદાયની પ્રશંસા કેવળ પોતાના કે પોતાના લાગતા વળગતાની ઉત્કૃષ્ટતા માટે જ હોય એમ નહિં, પરંતુ જેવી રીતે પોતાની અને પોતાના લાગતા વળગતાઓની ઉત્કર્ષતાની સાથે અન્ય અને અન્યને લાગતા વળગતાઓની અપકર્ષતાને માટે જ જગતમાં તે પ્રશંસા હોય છે, આવી રીતે પોતાની અને પોતાના લાગતા-વળગતાઓની પ્રશંસા એકલા પોતાના ઉત્કર્ષ માટે હોય છે એમ નહિં, પરંતુ બીજાના અપકર્ષ માટે પણ ઘણી વખત હોય છે, તો તેવી જગા પર વાચકોએ ધ્યાન રાખવું જોઈએ કે એકલું સ્વપ્રશંસાને લીધે એકજ બાજુ નીચગોત્રકર્મ બંધાય છે એમ નહિં, પરંતુ બન્ને બાજુથી નીચગોત્ર બંધાય છે. વળી જગતમાં કેટલાક તો એવા કમભાગ્ય મનુષ્યો હોય છે કે જેઓને બીજાનો અને બીજાના લાગતા વળગતાઓનો અપકર્ષ કરવો હોય છે કરે છે અને કરવાની ધારણા રાખી તેવા પ્રયત્ન કરે છે, અને તે દ્વારાએ પોતાનો ઉત્કર્ષ સાધવા માગે છે. અર્થાત્ કેટલાકો પોતાના અને પોતાના સંબંધીના ઉત્કર્ષદ્વારાએ અન્યનો અપકર્ષ સાધવા માગે છે, ત્યારે કેટલાક નિર્ભાગ્ય મનુષ્યો તો કેવલ બીજાઓનો અપકર્ષ કરવા માટે જ પરની નિંદા કરવામાં તત્પર રહે છે, આવી રીતે પર અપકર્ષની અર્થાત્ પરનિંદાની પદ્ધતિ અત્યંત નીચમાં નીચ ગોત્રને બંધાવવાવાળી હોવાને લીધે તત્ત્વાર્થકાર મહારાજે આત્મપ્રશંસાને નીચગોત્રનું કારણ બતાવવા કરતાં પરની નિંદા કરી અપકર્ષ કરવો એને નીચગોત્રના કારણ તરીકે પ્રથમ જણાવેલ છે. આ વસ્તુની અત્યંત નીચતા હોવાથી જ ગોશાલાએ દૃષ્ટાન્તમાં એ વાત સ્પષ્ટ કરી હતી. અર્થાત્ ગોશાલાએ ભગવાન મહાવીર મહારાજા પોતાને એક ભિક્ષુક ગૌરીપુત્રનો છોકરો હતો, તેની માતાને પ્રસૂતિકા કરવાનું પણ સ્થાન નહોતું. એટલું જ નહિં, પરંતુ તેને પ્રસૂતિકા કરવાને માટે પણ કોઈએ સ્થાન આપ્યું નહિં અને તેથી બ્રાહ્મણની ગોશાલાની અંદર તેને પ્રસૂતિ કરવી પડી. અર્થાત્ તીર્થંકર થવાને માટે બહાર પડેલા અને તીર્થંકર થવાની અભિલાષા રાખવાવાળા એવા ગોશાલાની જાત કેવી છે અને કુલ કેવું છે એમ જાહેર કરવા સાથે ગોશાલાની જન્મદશાને દરિદ્રતાની મૂર્તિરૂપ જણાવીને ભગવાન મહાવીર મહારાજે મારી નિંદા કરી, એમ ગોશાલો સત્યસ્વરૂપને ઉલટાવતાં કહેતો હતો. સાથે એમ પણ ગોશાલો સ્પષ્ટ જણાવતો હતો કે શ્રમણ ભગવંત મહાવીર મહારાજાને આટલી બધી ઈંદ્ર નરેન્દ્રની સેવા મળી છે, ચારે નિકાયના દેવો રાતદિવસ સેવામાં હાજર રહે છે, મોટા મોટા રાજામહારાજાઓ એમના ચરણકમળની ચાકરીને ચિત્તમાં ચોંટાડી રાખે છે, એટલું બધું છતાં તેઓ મારી જાત, કુલ અને જન્મ-અવસ્થાને આગળ કરીને નિંદા કરે છે.

(અનુસંધાન પેજ-૫૩) (અપૂર્ણ)

(અનુસંધાન પાનું ૩૨ નું ચાલુ)

મળવાથી તે તે જીવો તે તે રૂપે થાય છે. એટલે જીવોના સ્વભાવમાં તેવો કોઈ ફરક નથી, માત્ર સહકારીકારણો અને જીવની યોગ્યતાની વિચિત્રતાને લીધે જુદાં જુદાં કાર્યો થાય છે, અર્થાત્ મૂકકેવલી થનારા જીવને પણ જો ગણધરપણું અને તીર્થંકરપણું થવાને લાયકના વિચારો મળ્યા હોત તો તે ગણધર થાત, અને તીર્થંકર પણ થાત, અને એવી જ રીતે ગણધર થવાવાળાને પણ મૂકકેવલી અને તીર્થંકર થવાને લાયકના વિચારો થયા હોત તો તે મૂકકેવલી અને તીર્થંકર પણ થાત અને તીર્થંકરના જીવને પણ જો મૂકકેવલી અને ગણધરપણાના લાયકના વિચારોનો યોગ મળ્યો હોત તો તે મૂકકેવલી કે ગણધર થાત, આવું માનીને સર્વ જીવોને સરખી યોગ્યતાવાળા માનવાવાળા જે હતા તેવા બૌદ્ધમતવાળાના ખંડનને માટે એટલે 'કોઈ પણ જીવ કોઈપણ પદવી આદિને માટે અયોગ્ય નથી.' તેમ અનાદિની વિશિષ્ટ યોગ્યતાવાળા અમુક જીવો હોય એમ પણ નથી. એવું માનવાવાળા તે બૌદ્ધોના ખંડનને માટે ભગવાન હરિભદ્રસૂરીજીએ તથાભવ્યત્વની સાથે સહજ શબ્દ જોડીને સ્પષ્ટ કર્યું છે કે જીવમાં તેવા તેવા પ્રકારનો અનાદિથી તથા ભવ્યત્વરૂપે પારિણામિક સ્વભાવ હોય છે અને તેના જ પ્રતાપે યોગ્યતા સહકારી વિગેરે મળે છે, આવીરીતે માત્ર સહકારી ભેદથી કાર્ય ભેદ નથી, પરંતુ સ્વભાવભેદથી કાર્યભેદ છે અને તે સ્વભાવભેદ સહકારીયોગે નહિં, પણ અનાદિનો છે' એમ જણાવવા માટે જ ત્યાં સહજ એવું વિશેષણ તથાભવ્યત્વને આપવામાં આવેલું છે. પરંતુ તે પ્રકરણને સમજ્યા સિવાય તથાભવ્યત્વના બે ભેદ પાડી દઈને એક તથાભવ્યત્વ અનાદિનું સ્વાભાવિક માનીને સહજ માનવું અને બીજું તથાભવ્યત્વ અનાદિનું નહિ માની અસહજ માનીને કૃત્રિમ માનવું એ પ્રકરણ સમજનારને તો કોઈ પણ પ્રકારે શોભે તેમ નથી.

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

## પદાર્થ, પરિણતિ તથા સંવેદનજ્ઞાન !!!

**જ્ઞાન છે તો આવરણ છે ! આવરણ છે તો દૂર કરવાના ઉપાય છે !!**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે જ્ઞાનાષ્ટકમાં આગળ સૂચવી ગયા કે સ્વરૂપના ભેદે જ્ઞાનના પાંચ પ્રકાર માનવામાં આવ્યા છે, જો જ્ઞાન પાંચ પ્રકારના ન હોત તો પાંચ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મ પણ માનવાનાં હોત નહિ જો જ્ઞાનને આત્માનો સ્વભાવ માનીએ, અને તે જ્ઞાન પાંચ પ્રકારે માનીએ તો તે જ જ્ઞાનને આવરણ કરનારું જ્ઞાનાવરણીય કર્મ પાંચ પ્રકારે માનવું જોઈએ. ઈંદ્રિયોથી થતું મતિ, શબ્દદ્વારા થવાવાળું શ્રુત, રૂપીપદાર્થોને જણાવનારું અતીન્દ્રિય જ્ઞાન તે અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન એ ચોથું જ્ઞાન, મનના પર્યાયોને જણાવનારું છે, રૂપી-અરૂપી સર્વે પદાર્થોને જણાવનાર કેવલજ્ઞાન છે, આ પાંચે જ્ઞાન આત્માના સ્વભાવમય છે, આ રીતે પાંચ ભેદ ન પડત તો પાંચ પ્રકારનું જ્ઞાન તથા પાંચ આવરણ માનવાનો વખત રહેત નહિ, સૂર્ય કે ચંદ્ર હોય જ નહિ તો વાદળાં ઢાંકે છે એમ બોલવાનો વ્યવહાર કરાય જ નહિ, કેમકે કોને ઢાંકે છે ? મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન એમ પાંચ પ્રકારનાં જ્ઞાન ન હોત તો પાંચ આવરણો બોલવાને અવકાશ જ ન હોત. જ્ઞાનને લીધે આવરણો માન્યા છે. આત્મામાં જ્ઞાન પણ પાંચ પ્રકારનું તથા એને રોકનારના પણ પાંચ પ્રકાર છે.

આ જ્ઞાનાષ્ટકમાં જે અધિકાર લીધો છે તે સ્વરૂપભેદે કરીને લીધેલા જ્ઞાનનો અધિકાર નથી. શાસ્ત્રનાં વચનો શ્રવણ કર્યા પછી પરિણતિ કેટલા

પ્રકારની થાય તે જણાવવા માટે જ્ઞાનાષ્ટક છે. જેને જેને સાંભળવાને શ્રવણેન્દ્રિય મળી છે તે બધા સાંભળે તો છે, પણ પરિણમન એ જૂદી ચીજ છ. જનાવરને તો પદાર્થ જ્ઞાન પણ નથી. અસંજ્ઞી મૂઢ છે, તે સાંભળે તો પણ તેને શબ્દજ્ઞાન કે પદાર્થજ્ઞાન પણ નથી. તો પણ જેને પદાર્થજ્ઞાન થયું છે તેના ભેદો અહિં જણાવાયા છે. જેને પદાર્થજ્ઞાન નથી થયું કે વિપરીત થયું છે તેનો અહિં વિચાર નથી. પણ જેને પદાર્થજ્ઞાન ચોખ્ખું થયું છે તેનો અહિં વિચાર છે.

**जीवाजीवा पुन्नं, पावासवसंवरो य निज्जरणा।**
**बंधो मुक्खो य तहा, नव तत्ता हुंति नायव्वा॥**

પદાર્થજ્ઞાન જેને થયું તેને જીવાજીવાદિક નવતત્ત્વોનું જ્ઞાન છે. પદાર્થજ્ઞાનવાળા જ્યારે પરિણતિમાં જાય ત્યારે એનો તો નિશ્ચય જ હોય કે આ જીવાદિક જ તત્ત્વ છે. જગતના તમામ પદાર્થો જીવ અને અજીવ બેમાં આવી જાય છે. જીવવર્ગમાં કે અજીવવર્ગમાં ન જાય તેવો કોઈપણ પદાર્થ નથી. પણ એ તો પદાર્થ પ્રવિભાગ છે પણ તત્ત્વ પ્રવિભાગ નહિં. તત્ત્વ વિભાગ તો જીવાદિક તરીકે એટલે તત્ત્વ તરીકે વિભાગ શ્રી જિનેશ્વરદેવે જ કહેલો છે તે છે. અને તેથી **जिनपन्नतं तत्तं** કહીએ છીએ. સામાન્યતઃ તમામ આસ્તિકો જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ નવે તત્ત્વોને અર્થથી તો માને છે ફરક ક્યાં ? છોકરો પણ હીરાને હીરો કહે છે. ઝવેરી પણ તેને હીરો કહે છે. છોકરો તેનાં તોલ, તેજ, મૂલ્યાદિ જાણતો નથી, સમજ્યા વગર હીરો કહે છે, જ્યારે ઝવેરી તેને સમજીને કહે છે. શબ્દ તો બેય એકજ બોલે છે.

શ્રીજિનેશ્વરદેવનાં તત્ત્વોને માનનારા જ્ઞાનીઓ સૂક્ષ્મથી માંડીને સિદ્ધ સુધીના જીવોને કેવળજ્ઞાનસ્વરૂપવાળા માને છે. જીવ કેવળજ્ઞાનસ્વરૂપ જ છે, એ શ્રી જિનેશ્વરદેવનાં વચનથી જ મનાય. પોતે જીવ છે એ બધા જીવોને ખબર છે, પણ ક્યા પ્રકારનો જીવ છે તે જીવવિચારાદિક સમજેલો જ માને, એવી જ રીતે પોતે જીવ છે એમ ભલે બધા જાણે, પણ કેવળજ્ઞાનસ્વરૂપવાળો દરેક જીવ છે એમ તો શ્રીજિનેશ્વરદેવનાં વચનને જાણનારો અને માનનારો જ જાણી શકે, એમનાં વચનોને આધારે શ્રદ્ધા થાય ત્યારે તત્ત્વની શ્રદ્ધા થઈ સમજવી તેથી નવ તથા સાતને તત્ત્વો જણાવ્યા છે.

શ્રીજિનેશ્વરદેવે કહ્યું માટે તે તત્ત્વ જાણીએ તો તે પદાર્થ જ્ઞાનઃ તેનો વિભાગ કરીએ તો પરિણતિજ્ઞાન અને તે પ્રમાણે વર્તીએ તો તો આત્મસંવેદન જ્ઞાન.

(અપૂર્ણ)

(અનુસંધાન પેજ - ૬૧)

(ટાઈટલ પાના ચોથાનું ચાલુ)

અંગે કાર્તિક સુદી એકમના દિવસે જ મહિમા કરતી હતી, પરંતુ આ થોડા વર્ષોમાં શાસનને ખેદાન મેદાન કરી નાંખવા તૈયાર થયેલ ક્રૂરદષ્ટિના કુટિલ પ્રવર્ત્તનથી તે આરાધનામાં ભેદનો પ્રયત્ન તેની ટોળી તરફથી થવા લાગ્યો છે, જો કે તે જ ટોળીના વાજીંત્રોમાં ૧૯૮૯ પહેલાં તો શું ? પરંતુ બે ત્રણ વર્ષ પહેલાં પણ ચૌદશની દીવાળી લખાતી હતી તો પણ ભગવાન ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનનો મહિમા કાર્તિક સુદી એકમના દિવસે જ લખવામાં આવતો હતો, પરંતુ શાસનભેદના જ માટે અવતરેલાની અવળી પ્રવૃત્તિથી હમણાં ભગવાન ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનના મહિમાને પણ કાર્તિક સુદી એકમે ન રાખતાં આસો વદી અમાવાસ્યાએ લાવવામાં આવે છે. જૈનજનતા સારી રીતે સમજે છે કે નવમલ્લકી અને નવલેચ્છકી રાજાઓ વિગેરેએ ભગવાન શ્રીમહાવીર મહારાજના નિર્વાણના કલ્યાણકને અપનાવેલ હોવા વિગેરે કારણથી શાસ્ત્રકારોએ શ્રીવીરભગવાન્‌ના નિર્વાણનું કલ્યાણક જે દીવાળી રૂપીપર્વ તેને લોકને અનુસરીને કરવાનું જણાવ્યું છે, એટલે દીવાળીનું પર્વ લોકને અનુસરતું કરવાથી કોઈક વખતે આસો વદી ચૌદશ અને કોઈક વખતે આસો વદી અમાવાસ્યાએ પણ તે આવે, પરંતુ સર્વલબ્ધિ નિધાન શ્રી ગૌતમસ્વામીજીના કલ્યાણકનો તહેવાર પણ લોકને અનુસારે કરવો એમ કોઈપણ શાસ્ત્રકારોએ કહેલું નથી તેમ આ શાસન વિરોધી એવી ટોળી સિવાય કોઈએ તેમ કહ્યું કે કર્યું પણ નથી, માટે શાસ્ત્ર અને પરંપરાને માનનારા મહાનુભાવો તો દીવાળી ચાહે તો આસો વદી ચૌદશની હોય કે ચાહે તો આસો વદિ અમાવાસ્યાની હો, પરંતુ ભગવાન ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનનો મહિમા તો, ગણણું ગણવાથી, દેવ વાંદવાથી, અને યાવત્ સ્મરણ શ્રવણથી કાર્તિક સુદી એકમના દિવસે જ કરીને તેને આરાધવા યોગ્ય ગણે છે અને આરાધે છે. ચાલુવર્ષમાં જો કે દીવાળી આસો વદી ચૌદશ અને શુક્રવારની છે અને તેથી તેરશ અને ચૌદશ એ બે દિવસ ભાગ્યશાળીઓને દીવાળીના છઠ્ઠની તપસ્યા કરવાનું થશે અને ભગવાન ગૌતમસ્વામિજીના કેવલજ્ઞાનનો મહિમા ૧૯૯૬ના કાર્તિક સુદિ એકમને રવિવારે થશે. સોલપહોરના પૌષધ અને સોલપહોરની દેશના, એ બન્ને ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણકલ્યાણકને ઉદ્દેશીને અથવા એના અંત્યભાગને અનુલક્ષીને કરવામાં આવે છે તેથી તે છઠ્ઠ અને સોલપહોરના પોસહ આસો વદી તેરશ અને ગુરૂવાર તથા આસો વદી ચૌદશ અને શુક્રવારના થાય તેમાં શાસનાનુસારિયોને અને શાસનપ્રેમિયોને તો બોલવાનું રહેજ નહિં.

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-

સ્પર્શી વાચનનો ગ્રંથ

તે જ આ શ્રીસિદ્ધચક્ર

(પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ

પુસ્તકાલય

ગોપીપુરા,

સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપીયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્‌ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષ્કરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્‌વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્‌ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્‌સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# ભગવાન ગૌતમસ્વામીજીનું કેવલજ્ઞાન

જૈનજનતામાં ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરોના કેવલજ્ઞાનનો દિવસ કેવલજ્ઞાન કલ્યાણક તરીકે આરાધાય છે, તેથી તે તે તીર્થંકરોના તે તે કેવલજ્ઞાનના દિવસો શાસ્ત્રદ્વારાએ નિર્મિત થયેલા છે, અને તે જ પ્રમાણે આરાધવામાં પણ આવે છે, પરંતુ ભગવાન તીર્થંકરોની માફક પહેલાના ભવમાં ગણધરના કર્મનો બંધ કરીને ગણધર તરીકે થયેલા મહાપુરૂષોના કેવલજ્ઞાનના દિવસોને કલ્યાણક તરીકે નહિં, પરંતુ મહોચ્છવ તરીકે પણ આરાધવાનું જૈનજનતામાં ઘણું ઓછું જ બને છે. શ્રમણભગવાન મહાવીર મહારાજના અગીયાર ગણધરો થયા છે, અને તેઓ સર્વે કેવલજ્ઞાન મેળવીને મોક્ષને જ પામ્યા છે, છતાં ભગવાન ગૌતમસ્વામીજી સિવાય બીજા કોઈપણ ગણધરના કેવલજ્ઞાનનો દિવસ ઉપલબ્ધ થતો નથી, અને તે શાસ્ત્રને કરનારાઓએ જણાવ્યો પણ નથી, તેમ જૈનજનતામાં તે તે કેવલજ્ઞાનના દિવસો પર્વ તરીકે આરાધવામાં રૂઢ થયેલા પણ નથી, જોકે શ્રમણભગવાન મહાવીર મહારાજે ગણધરપદની સ્થાપના કરતી વખતે જ ગણની અનુજ્ઞા એટલે શાસન ધારવાની આજ્ઞા ભગવાન સુધર્મસ્વામીને જ આપી હતી, અને તેથી જ ભગવાન મહાવીર મહારાજના નિર્વાણ પછી શ્રી સુધર્મસ્વામી જ શાસનના ધારક થયા, અને એ જ કારણથી કલ્પસૂત્રની સ્થવિરાવલીમાં પટ્ટપરંપરાના મૂલ તરીકે શ્રીસુધર્મસ્વામીજીને જ લેવામાં આવ્યા છે. તેવા શાસનના મૂલ પુરૂષ સુધર્મસ્વામિજીનો પણ કેવલજ્ઞાનનો દિવસ ઉપલબ્ધ થાય તેમ શાસ્ત્રકારોએ તેને ઉલ્લિખિત કર્યો નથી, અને જૈનજનતામાં પર્વ તરીકે આરાધાતો નથી, પરંતુ સર્વલબ્ધિનિધાન એવા ભગવાન શ્રી ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનનો દિવસ જે કાર્ત્તિક સુદી એકમનો છે એને શાસ્ત્રકારોએ ઉલ્લિખિત કર્યો છે, અને સમગ્ર જૈનજનતા તે દિવસને પર્વ તરીકે આરાધે પણ છે વાચકે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ૧૯૮૯ની સાલ પહેલાં સમસ્ત જૈનજનતા શ્રી ગૌતમસ્વામીજીના કેવલજ્ઞાનને

(અનુસંધાન જુઓ પાનું ૪૪)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-,
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥

વર્ષ : ૮ અંક : ૩

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, તા. ૨૬-૧૧-૩૯ રવિવાર

લવાજમ રૂા. ૨-૦-૦ કિંમત ૧ાા આનો

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૧-૦-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮ કાર્તિક સુદી પૂર્ણિમા, મુંબઈ, અંક - ૩

તંત્રી

પાનાચંદ રૂપચંદ ઝવેરી


ઉદ્દેશ

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબીલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

## જગતના જીવોની ઈચ્છાઓનું વર્ગીકરણ

જો કે જગતના તમામ જીવોની ઈચ્છાઓ જુદી જુદી હોય છે. મુંડે મુંડે **मतिर्भिन्ना** ઈત્યાદિક નીતિ કે તેવાં બીજાં શાસ્ત્ર વાક્યોથી જુદી જુદી બુદ્ધિ તમામ જંતુઓની હોય, છતાં એવું છે જ નહિ કે તે ઈચ્છાઓનું વર્ગીકરણ ન થઈ શકે!!!

એ વર્ગીકરણ કરીયે તો જગત્‌ના તમામ જંતુઓની ઈચ્છા ચાર વર્ગમાં વ્હેંચાઈ જાય છે, આનું જ નામ પુરૂષાર્થ, પુરૂષાર્થ એટલે? पुरुषाः सत्त्वाः જગત્‌ના તમામ જીવો તે પુરૂષ, અને તેનું સાધ્ય, ઈચ્છા એટલે પુરૂષાર્થઃ-

પુરૂષાર્થના ચાર પ્રકાર : - અર્થ, કામ, ધર્મ અને મોક્ષ, તેમાં બાહ્ય સુખનાં સાધન અને બાહ્ય સુખનો અનુભવ એ જ અર્થ અને કામ, (ધર્મ પ્રપન્ન ન હોય તેવા) એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધી જુઓ તો તેઓને આ બે ઈચ્છા સિવાયની બીજી કોઈ ઈચ્છા નથી (અનુકૂળ આહાર આદિ મળે તો રાજી થઈ જાય) અભ્યંતર સુખના સાધન અને અભ્યંતર સુખ એનું જ નામ ધર્મ અને મોક્ષ, ધર્મી, અધ્યાત્મી આદિ કોઈ જીવો લો તો આ બે સિવાય તેઓની બીજી કોઈ ઈચ્છા નહિ હોય.

ઉપરોક્ત ચારે ઈચ્છાઓનું પણ વર્ગીકરણ બે પ્રકારે થઈ શકે છે, પહેલા બે વર્ગથી બનેલો એક વર્ગ આદિ, મધ્ય ને અંતમાં અકલ્યાણકારી હોય, જ્યારે છેલ્લા બેથી બનેલ બીજો વર્ગ આદિ, મધ્ય અને અંતમાં કલ્યાણકારી હોય, પહેલા વર્ગમાં આદિમાં કદાચ ઉપરથી સુખ દેખાય પણ પરિણામે અકલ્યાણ જ છે, માટે ધર્મનું લક્ષણ ટુંકું એ રાખ્યું કે તે જ ધર્મ કે જે આદિ, મધ્ય અને અંતમાં કલ્યાણ જ કરે. અર્થાત્ અભ્યંતર અવ્યાબાધ સુખ અર્પે.

# સાગર સમાધાન

પ્રશ્ન ૧૨- ભગવાન તીર્થંકર તરીકે થવાવાળા જીવોમાં અનાદિથી તથાભવ્યત્વ છે અને તેથી તે જગતના ઈતર બધા સામાન્યકેવલી કે મૂકકેવલીપણે થવાવાળા જીવોથી એવા સ્વાભાવિક તથાભવ્યપણે ઉત્તમ છે એમ જણાવવા માટે **श्रीललितविस्तरा** માં શ્રી હરિભદ્રસૂરિજીએ સહજ૦ શબ્દ વિશેષણપણે વાપર્યો છે, પરંતુ તથાભવ્યત્વના **साहजिक** અને **असाहजिक** એવા બે ભેદો ગણીને સાહજીક તથાભવ્યત્વ જણાવવા માટે અને અસાહજિક તથાભવ્યત્વનો વ્યવછેદ કરવા માટે સહજ શબ્દ નથી વાપર્યો એ શા ઉપરથી નક્કી કરવું ?

સમાધાન - સામાન્ય બુદ્ધિવાળો પણ એટલું તો સમજી શકે કે જગતમાં જેમ જેવી સ્થિતિનો પ્રશ્ન હોય તેવી સ્થિતિનો ઉત્તર દેવાય, તેવી રીતે શાસ્ત્રોમાં પણ જેવો પૂર્વપક્ષ હોય તેવો જ ઉત્તરપક્ષ કરાય, તો અહિંયાં કંઈ ભવ્યત્વના સ્વાભાવિક અને કૃત્રિમ બે ભેદોને અંગે પ્રશ્ન નથી, તેમ પૂર્વપક્ષ પણ નથી. અહિં તો કોઈપણ જીવમાં અનાદિનો તેવો સ્વભાવ જુદો હોય જ નહિં, પરંતુ સર્વજીવો એકજ સરખા છે, અને કોઈપણ જીવમાં જેમ જીવપણા સંબંધી ભેદ નથી, તેમ બીજો પણ કોઈ જાતનો ભેદ નથી એટલે તે પૂર્વપક્ષવાળો પૂર્વે કહ્યા પ્રમાણે જણાવીને જીવોમાં માત્ર જીવત્વરૂપ જ પારિણામિક ભાવ મનાવવા માગે છે, પરંતુ ભવ્યત્વ અભવ્યત્વ જેવો પારિણામિક ભાવ પણ જીવના સ્વભાવરૂપ હોય એમ માનવા તૈયાર નથી, અને જ્યારે તેમ માનવા તૈયાર ન હોય તો ભગવાન તીર્થંકર થવાને લાયકનું વિશિષ્ટ તથાભવ્યત્વ સ્વભાવરૂપ છે અને અનાદિથી તે તે જીવમાં રહેલું છે એમ માનવાને તો તે તૈયાર થાય જ શાનો ? તેમ યોગ્યતાનો ભેદ નહિં માનવાવાળાના મતના ખંડનને માટે અહિં તથાભવ્યત્વની સાથે સહજ શબ્દ જોડીને એ વસ્તુ સિદ્ધ કરી કે મોક્ષે જવાની લાયકાતવાળા જીવોમાં ભવ્યત્વ છે, અને મોક્ષમાર્ગ મેળવીને મોક્ષે જવાની લાયકાતવાળામાં તથાભવ્યત્વ છે, તથા તીર્થંકરપણું આદિ મેળવીને મોક્ષે જવાવાળા જીવોમાં પણ તથાભવ્યત્વ છે અને તે ત્રણે સહજ છે, એટલે તીર્થંકરપણાના કારણભૂત તથાભવ્યત્વ સહજ હોઈને અનાદિકાળનું હોય એટલે પારિણામિક હોય તેમાં આશ્ચર્ય નથી, અને તેમાં અનાદિથી ઉત્તમપારિણામિક સ્વભાવ અને યોગ્યતા

આદિના કારણથી જ તે તીર્થંકર ભગવાનના જીવો સર્વકાળે એટલે અનાદિના કાળથી સર્વ પુરૂષ એટલે સત્ત્વોમાં ઉત્તમ છે એમ અહિં પૂર્વપક્ષના ઉત્તર તરીકે સિદ્ધ કરવાનું છે, અર્થાત્ ભવ્યત્વના સહજ કે અસહજ એવા ભેદો સિદ્ધ કરવાના નથી, અને તેથીજ **पुरिशयनात् पुरुषा सत्त्वाः एव-तेषु सहजतथाभव्यवत्वादिभावत उत्तमाः** અર્થાત્ અહિંયાં પુરૂષ શબ્દથી જીવ માત્ર લેવાના છે અને તે જીવમાત્રમાં અનાદિકાળના તથાભવ્યત્વાદિભાવથી ભગવાન તીર્થંકરો ઉત્તમ જ હોય છે, અર્થાત્ તે ઉત્તમપણું તેમનું સહકારી કારણ મળવાથી થયેલું નથી. એ ઉત્તરપક્ષ કરીને તેની સાબીતી માટે ભગવાન હરિભદ્રસૂરિજી કહે છે કે **तथा हि-आकालम्** એટલે સહજ તથા ભવ્યત્વાદિભાવથી ભગવાન જિનેશ્વરોના જીવોનું ઈતરજીવો કરતાં જે ઉત્તમપણું કહેવામાં આવ્યું છે તે તેવીજ રીતે અનાદિકાળથી છે, એટલે અનાદિકાળથી તેઓ તેવા જ એટલે ઉત્તમ જ છે, આવી રીતે સહજ ભવ્યત્વાદિભાવને લીધે સ્થાપિત કરાયેલી ઉત્તમતાની હદ બતાવવા માટે વપરાયેલા સિદ્ધાન્તવાક્યમાં **आकालम्** નો અનાદિ અર્થ કર્યા સિવાય કોઈ પણ સુજ્ઞમનુષ્યને ચાલે તેમ નથી.

આ સ્થાને એ વાત ધ્યાનમાં રાખવાની છે કે **एते०** વિગેરેની પંક્તિઓથી જીનેશ્વર મહારાજની સમ્યક્ત્વ પામ્યા પછીની ઉત્તમતા જણાવેલી હોવાથી સમ્યક્ત્વ વિનાની અશુદ્ધ દશા કે જેમાં પરોપકારાદિક હોવાનો નિયમ ન હોય તેવી અશુદ્ધ અવસ્થામાં સ્વભાવથી જાત્ય અજાત્યની માફક ભિન્નતા જણાવીને ઉત્તમતા જણાવવામાં આવી છે; જો એમ ન હોય અને **एते०** વિગેરે આખો ગ્રન્થ અનાદિને માટે જ લાગુ કરવાનો હોત તો અશુદ્ધ અને શુદ્ધ ભેદ પાડવાની જરૂર રહેત નહિં અને તે જ **ललितविस्तरा** ની પંજિકામાં સમ્યક્ત્વ સહિતપણામાં પરોપકારાદિની વિદ્યમાનતા માની તેને લીધે અસાધારણતા માની લેવાનું કબુલ કરી સમ્યક્ત્વરહિત દશામાં અસાધારણતાની શંકા કરીને **नाशुद्धं०** વિગેરે ગ્રન્થની અવતરણા કરવામાં આવત જ નહિં. આ વસ્તુને યથાસ્થિત સમજનારો મનુષ્ય સ્વપ્ને પણ અનાદિની પરોપકારિતા વિગેરે કે જે અસંભવિત અને શાસ્ત્રોથી વિરુદ્ધ છે તે માનવાને તૈયાર થાય જ નહિં.

આ બાબતમાં પ્રશ્નથી આખું પુરૂષોત્તમપદની ટીકાવાળું પ્રકરણ આગળ વરબોધિ પછી નિયમિતપણે પરોપકારિપણું થાય છે એ વાતની સાબીતીને અંગે જ્યારે જણાવવામાં આવશે ત્યારે વિશેષ ખુલાસાથી સમજાશે.

પ્રશ્ન ૧૩- સામાન્ય ભવ્યજીવોના સમ્યક્ત્વને સમ્યક્ત્વ અગર બોધિ કહેવામાં આવે અને ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના સમ્યક્ત્વને

પહેલા સમ્યક્ત્વથી વરબોધિ કહેવામાં આવે એમ ખરૂં ?

સમાધાન - ભગવાન હરિભદ્રસૂરિજી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના સમ્યક્ત્વને પણ વિશિષ્ટ સમ્યક્ત્વ એટલે બીજા ભવ્યજીવોના સમ્યક્ત્વ કરતાં જુદી જ જાતનું સમ્યક્ત્વ હોય એમ શ્રીલલિતવિસ્તરા વિગેરેમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે અને તેના કારણ તરીકે જણાવે છે કે જો ભગવાન જિનેશ્વર મહારાજના આદ્યસમ્યક્ત્વને પણ વિશિષ્ટ સમ્યક્ત્વ તરીકે ગણવામાં ન આવે તો ઈતર ભવ્યજીવોના આદ્ય કે ઈતર સમ્યક્ત્વથી જેમ પર્યવસાનમાં તીર્થંકરપણું થતું નથી, તેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનું પણ આદ્ય સમ્યક્ત્વ કે ઈતર સમ્યક્ત્વ જો તેવી વિશિષ્ટતાવાળું ન માનીએ તો તેનાથી પણ તીર્થંકરપણું પામવાનો વખત પર્યવસાનમાં આવે નહિં, માટે ભગવાન જિનેશ્વર મહારાજને પહેલ વહેલું થતું સમ્યક્ત્વ પણ શ્રેષ્ઠ સમ્યક્ત્વ છે એમ કહેવામાં કોઈથી વાંધો લઈ શકાય તેમ નથી, પરંતુ ભગવાન તીર્થંકરના આદ્યસમ્યક્ત્વને વરબોધિ કહેવું તે તો શાસ્ત્રના વિષયને ન જાણનારા હોય તેને જ શોભે. એક વાત યાદ રાખવી કે ઈતર ભવ્યજીવો જ્યારે આદ્ય સમ્યક્ત્વ પામે છે, ત્યારે તે સમ્યક્ત્વ પામવાવાળા જીવોની અપેક્ષાએ ગુરૂમહારાજનો ઉપદેશ કે શ્રીજિનેશ્વર ભગવાનની પ્રતિમા આદિકના દર્શન આદિને સમ્યક્ત્વનું નિમિત્ત ગણી તે આત્માની યોગ્યતા ઉંચી ગણવામાં આવતી નથી, પરંતુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જીવને જ્યારે પહેલ વહેલું પણ સમ્યક્ત્વ થાય છે, ત્યારે તેમના જીવની યોગ્યતાને જ મુખ્યપદ આપવામાં આવે છે, અને તે સમ્યક્ત્વના કારણભૂત બનેલા ગુરૂઆદિકના ઉપદેશને ગૌણપદ આપવામાં આવે છે અને તેથીજ ભગવાન જિનેશ્વરોને પહેલા સમ્યક્ત્વની વખત પણ ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ લલિતવિસ્તરામાં સ્વયંસંબુદ્ધપણે જણાવે છે. એટલે ઈતરભવ્યજીવોના કરતાં શ્રીતીર્થંકર મહારાજરૂપી ભવ્યજીવોમાં આદ્ય સમ્યક્ત્વ ઉત્પન્ન થવાની પહેલાં પણ વિશિષ્ટ યોગ્યતા માનવામાં આવી છે, પરંતુ ભગવાન તીર્થંકરના આદ્ય સમ્યક્ત્વને કોઈપણ શાસ્ત્રકારે વરબોધિ તરીકે જણાવ્યું નથી. ભગવાન મહાવીર મહારાજાને અંગે શ્રી આવશ્યકનિર્યુક્તિની અંદર **सम्मत्तपढमलंभो बोद्धव्वो वद्धमाणस्स०** એમ કહીને ભગવાન્ મહાવીર મહારાજના પહેલા સમ્યક્ત્વને સામાન્ય પ્રથમ સમ્યક્ત્વ તરીકે જ જણાવ્યું છે અને એવી જ રીતે કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરિજીએ સ્વેશ ત્રિષષ્ઠિ-શલાકાપુરૂષચરિત્રમાં સર્વ તીર્થંકરોના પ્રથમ સમ્યક્ત્વને (વરબોધિ લાભના વિશેષણ વગર) સામાન્ય સમ્યક્ત્વ

તરીકે જણાવેલું છે, પરન્તુ કોઈપણ ચરિત્રમાં ભગવાન હેમચંદ્રસૂરિજીએ પણ ભગવાન તીર્થંકરના આદ્યસમ્યક્ત્વને વરબોધિ-સિદ્ધસેનીય તરીકે જણાવ્યું નથી. વળી **શ્રીતત્ત્વાર્થસૂત્રની ટીકામાં** ભગવાન મહાવીર મહારાજાનો અધિકાર જણાવતાં સામાન્યપણે સમ્યક્ત્વનો લાભ જણાવ્યો છે, પરંતુ ત્યાં પણ વરબોધિ તરીકે પ્રથમ સમ્યક્ત્વને જણાવ્યું નથી. જો કે તીર્થંકરપણું લાવનારું સમ્યક્ત્વ હોવાથી બીજા ભવ્યજીવો કે જેઓ તીર્થંકર થયા વિના મોક્ષે જનારા છે. તેઓના સમ્યક્ત્વ કરતાં ભગવાન તીર્થંકરનું સમ્યક્ત્વ વિશિષ્ટતાવાળું હોય એમ તો શાસ્ત્રાનુસારિને માનવું પડે, પરંતુ વરબોધિ તરીકે રૂઢ કરાય કે રૂઢ તરીકે ગણાય એવું સમ્યક્ત્વ તીર્થંકર ભગવાનના આદ્યસમ્યક્ત્વને વરબોધિ તરીકે ગણવાનું કોઈપણ શાસ્ત્રકારોએ જણાવ્યું નથી.

પ્રશ્ન ૧૪ - ભગવાન તીર્થંકરોના સમ્યક્ત્વને અંગે પણ વરબોધિ એવો શબ્દ ભગવાન્ હરિભદ્રસૂરિજીના ગ્રન્થ કરવાના વખત કરતાં પહેલાંના વખતમાં શું કહેવામાં આવતો હતો ? તેમજ તથાભવ્યત્વ શબ્દ પણ પહેલાંના કાળમાં શું વપરાતો હતો ?

સમાધાન - ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજે જે **પંચસૂત્રી** પૂર્વધરોની કરેલી હતી અને જેની ટીકા કરી છે તે પંચસૂત્રીમાં સ્પષ્ટપણે જણાવ્યું છે કે **तव्विगमो (पावकम्मविगमो) तहाभव्वत्ताइभावाओ** એટલે અનાદિકાળથી જીવની સાથે ક્ષીરનીર ન્યાયે બંધાયેલાં કર્મો (પાપકર્મો)નો નાશ તથા ભવ્યત્વાદિભાવથી થાય છે, એમ કહેલ છે. આવું સ્પષ્ટવચન શ્રીપંચસૂત્રીમાં હોવાથી કોઈપણ સુજ્ઞમનુષ્ય એમ નહી કહી શકે કે શ્રીહરિભદ્રસૂરિજીના વખત કરતાં જુના વખતમાં તથાભવ્યત્વ શબ્દ નહોતો વપરાતો, વળી **શ્રીસૂત્રકૃતાંગસૂત્રની ચૂર્ણિમાં** સામાન્યભવ્યજીવોને સમ્યક્ત્વ-આદિની પ્રાપ્તિના કારણમાં તથાભવ્યત્વને કારણ તરીકે જણાવવામાં આવ્યું છે,એટલે સ્પષ્ટ થાય છે કે ભગવાન હરિભદ્રસૂરિજીએજ **શ્રીયોગબિન્દુ, શ્રીલલિતવિસ્તરા** આદિ ગ્રન્થોદ્વારાએ તથાભવ્યત્વ જે સાબીત કર્યું છે તે નવીન નહોતું, વળી ભગવાન હરિભદ્રસૂરિજી પછી થયેલા ભગવાન અભયદેવસૂરિજી પંચાશકની વૃત્તિમાં અને શ્રીયશોદેવસૂરિજીએ તેની ચૂર્ણિમાં સમ્યક્ત્વ પામવાવાળા સર્વ શ્રાવકોને અંગે પણ તથાભવ્યત્વ સ્વભાવ હોવાનું જણાવેલ છે, એટલે ભગવાન હરિભદ્રસૂરિજીએ જ તથાભવ્યત્વનું સ્થાન રાખ્યું એમ કહી શકાય નહિં, પરંતુ એમ કહેવું ખોટું નથી કે વરબોધિ શબ્દ તો ભગવાન હરિભદ્રસૂરિજીની બુદ્ધિનું પરિણામ છે. જો કે ભગવાન હરિભદ્રસૂરિજીના તત્ત્વાર્થ વૃત્તિ-અષ્ટકજી ધર્મબિન્દુ -

વિગેરે ગ્રન્થોમાં વરબોધિ શબ્દ ભગવાન તીર્થંકરોના વિશિષ્ટસમ્યક્ત્વને અંગે વપરાયેલો છે, પરંતુ તે પ્હેલાંના શાસ્ત્રોમાં ભગવાન તીર્થંકરોના વિશિષ્ટ સમ્યક્ત્વને પણ વરબોધિ તરીકે આલેખવામાં આવ્યું નથી.

પ્રશ્ન ૧૫ - ભગવાન હરિભદ્રસૂરિજીએ ભગવાન તીર્થંકરોના સમ્યક્ત્વને વરબોધિ તરીકે કહેવાનું નવેસર શરૂ કર્યું તેનું કારણ શું ?

સમાધાન - ભગવાન હરિભદ્રસૂરિજીના અગર તેમની નજીકના વખતમાં બૌદ્ધધર્મ હિન્દુસ્તાનમાં હયાત હતો અને તે બૌદ્ધધર્મની હયાતિ અગર નિકટતા શ્રીહરિભદ્રસૂરિજીની પ્રાચીનતાને માટે ખરેખર ધ્યાનમાં લેવા જેવી છે અને તે બૌદ્ધધર્મમાં જે વિશિષ્ટ જીવો બોધિ પામતા હતા તે જીવોને બોધિસત્ત્વ તરીકે ગણવામાં આવતા હતા, એટલે તે બોધિસત્ત્વની સ્થિતિ સાચી રીતે જણાવવા માટે ભગવાન હરિભદ્રસૂરિજીએ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના વિશિષ્ટસમ્યક્ત્વને વરબોધિ તરીકે જણાવ્યું અને તે બૌદ્ધોમાં જણાવેલાં બોધિસત્ત્વનાં લક્ષણો ભગવાન તીર્થંકરમાં વિશિષ્ટસમ્યક્ત્વ પછી હોય છે એમ જણાવ્યું. ઉપર જણાવેલા કારણથી ભગવાન તીર્થંકરોના (વિશિષ્ટ) સમ્યક્ત્વને વરબોધિ તરીકે શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે બોધિસત્ત્વની જગા પર ગોઠવ્યું છે એ સ્પષ્ટ થશે.

પ્રશ્ન - ૧૬ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનનું આદ્ય સમ્યક્ત્વ જે હોય તે શું વરબોધિ તરીકે કહેવું જ જોઈએ ?

સમાધાન - જે જે તીર્થંકરો અનાદિકાળના મિથ્યાત્વવાળા છતાં પણ આદ્ય એવા ઔપશમિક સમ્યક્ત્વને પામીને પણ જિનનામકર્મને ઉપાર્જન કરવાવાળા થયા હોય અગર તે આદ્ય એવા ઔપશમિક સમ્યક્ત્વથી આગળ વધીને ત્રણ ભવમાં જ તીર્થંકર શ્રીઅજીતનાથજી ભગવાન આદિની માફક તીર્થંકર થયા હોય તેવાઓના આદ્યસમ્યક્ત્વને પણ વરબોધિ કહેવામાં અડચણ નથી. આ વાત એટલા ઉપરથી સમજાશે કે શાસ્ત્રકાર મહારાજા શ્રીમલયગિરિજી મહારાજ ઔપશમિકસમ્યક્ત્વની વખતે પણ તીર્થંકરનામકર્મ બાંધવાનું જણાવે છે. પરંતુ જે જીવો ભવિષ્યમાં તીર્થંકર થવાના હોય અને આદ્યસમ્યક્ત્વ પામે તે જીવો જો સમ્યક્ત્વને વમીને બીજી ગતિમાં રખડવાવાળા હોય તો તેવા ભગવાન મહાવીર મહારાજા જેવાના આદ્ય સમ્યક્ત્વને વરબોધિ તરીકે ગણવામાં શાસ્ત્રીય પુરાવો મળી શકે તેમ નથી.

પ્રશ્ન - ૧૭ ત્રિલોકનાથ ભગવાન તીર્થંકરોનું સમ્યક્ત્વ તે જ વરબોધિ કહીએ તો શી અડચણ છે ?

સમાધાન - શ્રીપંચાશકની ટીકામાં ભગવાન અભયદેવસૂરીજી સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે અપ્રતિપાતિ એવું જે તીર્થંકરોનું સમ્યક્ત્વ

તે વરબોધિ કહેવાય. આ વાતને વિચારનારો મનુષ્ય કોઈ દિવસ પણ એમ ન કહી શકે કે સર્વ તીર્થંકરોના પહેલાં સમ્યક્ત્વો વરબોધિ તરીકે ગણાય. પ્રથમ તો એ ધ્યાન રાખવાની જરૂર છે કે કર્મગ્રન્થના હિસાબે અનાદિના મિથ્યાદષ્ટિને જે પ્રથમ સમ્યક્ત્વ થાય છે, તે ઔપશમિક જ થાય છે અને ઔપશમિક સમ્યક્ત્વ તો જરૂર પડવાવાળું હોય છે, એટલે અનાદિના મિથ્યાદષ્ટિપણામાંથી તીર્થંકર મહારાજને પણ થતું સમ્યક્ત્વ તે ઔપશમિક જ હોય અને તે પ્રતિપાતિ હોય માટે તે સમ્યક્ત્વને વરબોધિ જ કહેવું એમ કહેવાને તૈયાર થઈ શકાય જ નહિં. વળી શ્રીજિનેશ્વરસૂરિજી મહારાજ કે જેઓ નવાઙ્ગીવૃત્તિકારશ્રી અભયદેવસૂરિજીના ગુરૂ હતા તેઓએ ભગવાન તીર્થંકર મહારાજના અધિકારમાં **વરબોધિનો** અર્થ विशिष्ट-सम्यग्दर्शनावस्थायाः એમ કહી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના પણ વિશિષ્ટસમ્યગ્દર્શનને જ વરબોધિ તરીકે જણાવ્યું છે એટલે આદ્ય સમ્યક્ત્વને વરબોધિ તરીકે માનવા શ્રીજિનેશ્વરસૂરિ મહારાજ પણ માનવા તૈયાર નથી, વળી ભગવાન્ હરિભદ્રસૂરિજીએ **શ્રીપંચવસ્તુ**ની ટીકામાં પણ વરબોધિ લાભ શબ્દનો અર્થ કરતાં શ્રીજિનેશ્વર મહારાજનું સમ્યગ્દર્શન એવો અર્થ ન કરતાં તેઓનું વિશિષ્ટ સમ્યગ્દર્શન એવો જ અર્થ કરેલો છે. વળી ભગવાન હરિભદ્રસૂરિજીએ **શ્રીતત્ત્વાર્થ સૂત્રની** ટીકામાં પણ ભગવાન તીર્થંકરના છેલ્લા ભવથી લાગલાગટના ભવો જે શુભકર્મના અભ્યાસવાળા છે તેની જ શરૂઆતથી વરબોધિની શરૂઆત માની છે, એટલે એ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે કે પ્રતિપાતવાળું કે બીજું સમ્યક્ત્વ ભગવાન તીર્થંકરનું હોય તો પણ તેને વરબોધિ તરીકે ન કહેવું, પરંતુ જે સમ્યક્ત્વના લાભ પછી ભગવાન તીર્થંકરનો જીવ અનેકભવોમાં શુભકર્મોના જ આચરણવાળો હોય તે જ સમ્યક્ત્વને વરબોધિ તરીકે કહેવું એમ સ્પષ્ટપણે જણાવે છે. વળી નવાઙ્ગીકારશ્રી અભયદેવસૂરિજી મહારાજ શ્રી **પંચાશકની ટીકામાં** વ્યાખ્યાન્તર જણાવતાં પણ વરબોધિ શબ્દનો અર્થ ભગવાન તીર્થંકરનું આદ્યસમ્યક્ત્વ કે ભગવાન તીર્થંકરનું સમ્યક્ત્વ એમ ન જણાવતાં વિશિષ્ટ સમ્યક્ત્વ જણાવે છે, એટલે સ્પષ્ટપણે માનવું જ જોઈએ કે ભગવાન તીર્થંકરોનું આદ્ય સમ્યક્ત્વ તે વરબોધિ જ હોય એમ કહેવાય નહિં, પરંતુ શુભકર્મની પરંપરાવાળું તીર્થંકરના ભવસુધી ટકવાવાળું જે સમ્યક્ત્વ ઉત્પન્ન થાય તેને જ વરબોધિ કહેવાય. એક વાત તો સ્પષ્ટ છે કે તીર્થંકરનામકર્મને બાંધવાવાળો જીવ પણ પહેલાં સામાન્ય સમ્યક્ત્વવાળો થયેલો હોય છે, છતાં તે સમ્યક્ત્વની વિશુદ્ધતાને અંગે તીર્થંકરપણું બાંધી શકે છે

એટલે તીર્થંકરોના સમ્યક્ત્વને પણ પૂર્વના ભવોમાં અવિશુદ્ધપણામાં અને શુદ્ધપણામાં માનવામાં કોઈપણ જાતની અડચણ રહેતી નથી.

પ્રશ્ન ૧૮ - તીર્થંકર મહારાજના જીવોમાં જે વરબોધિ સમ્યક્ત્વ હોય છે તે ભવાંતરોમાં જ હોય છે કે તીર્થંકરના ભવમાં પણ હોય છે?

સમાધાન - સામાન્ય રીતે આગળ શ્રીહરિભદ્રસૂરિજી આદિના વચનોને અનુસારે ભગવાન તીર્થંકરના છેલ્લા ભવથી પહેલાના ભવોમાં પણ વરબોધિ હોય છે એમ સમજી ગયા, પરંતુ વિશેષ અપેક્ષાએ ભગવાન હરિભદ્રસૂરિજી તીર્થંકરના ભવમાં જે વખતે પ્રવ્રજિત થાય છે, તેવા લગભગ ટાઈમમાં વરબોધિપણું છે એમ શ્રીલલિતવિસ્તરામાં જણાવે છે. વળી શ્રીલલિતવિસ્તરાની પંજિકા કરનાર શ્રીમુનિચંદ્રસૂરિજી વિગેરે આચાર્યો તીર્થંકરનામકર્મ જે વખત બાંધવામાં આવે તે વખત અગર તે પછી જિનેશ્વરોનાં સમ્યક્ત્વને વરબોધિ કહેવું એમ પણ જણાવે છે, એટલે સામાન્યપણે અને વિશેષપણે વરબોધિ સમ્યક્ત્વનો વખત જુદો જુદો લઈ શકાય, પરંતુ દરેક તીર્થંકરના આદ્યસમ્યક્ત્વને વરબોધિ જ કહેવાય તેવો કોઈપણ શાસ્ત્રીયપાઠ કોઈના પણ તરફથી જાહેર કરવામાં આવ્યો નથી.

પ્રશ્ન ૧૯ - ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજે કયા કયા ગ્રંથોમાં વરબોધિ શબ્દ વાપર્યો છે ?

સમાધાન- શ્રીપંચવસ્તુ - શ્રીપંચાશક - શ્રીઅષ્ટકજીપ્રકરણ - શ્રીધર્મબિન્દુ - શ્રીયોગબિન્દુ- શ્રીલલિતવિસ્તરા - શ્રીતત્ત્વાર્થવૃત્તિ - શ્રી યોગદૃષ્ટિસમુચ્ચય આ ઉપર જણાવેલા શ્રીહરિભદ્રસૂરિજીના ઉપલબ્ધ થતા ગ્રન્થોમાં ભગવાન જિનેશ્વર મહારાજના વિશિષ્ટ સમ્યક્ત્વને અંગે વરબોધિ શબ્દ વાપરેલો છે. આ ઉપર જણાવેલા ગ્રન્થોમાંથી કોઈપણ ગ્રન્થમાં ભગવાન જિનેશ્વર મહારાજના આદ્ય સમ્યક્ત્વને વરબોધિ જ કહેવું એવું કથન કરાય તેની ગંધ પણ નથી.

## શત્રુના શત્રુ

૧ ક્રોધ ........ ક્ષાન્તિ (ક્ષમા)

૨ માન ........ માર્દવ

૩ માયા ........ આર્જવ

૪ લોભ ........ સંતોષ

# તીર્થયાત્રા - સંઘયાત્રા

(ગતાંકથી ચાલુ)

ભગવાન મહાવીર મહારાજને મારા અપકર્ષદ્વારાએ એટલે મારી અધમતા જણાવીને કોઈપણ પ્રકારે પોતાની ઉત્કર્ષતા સાધવાની નથી, અર્થાત્ મારી અપકર્ષતા જે ભગવાન મહાવીર મહારાજા કરે છે તે નિરર્થક છે અને કોઈપણ પ્રકારે સજ્જનપુરૂષને લાયક ગણાય એવી તે નથી, અને તેથી જ તે અધમતાની શિક્ષા માટે હું તેને પ્રાણાંત દંડ કરીશ, જો કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે તો તીર્થંકર મહારાજાઓની સ્વાભાવિક રીતે બનતી જગતની સ્થિતિ જણાવીને ગોશાલામાં તે તીર્થંકરપણાની લાયકની સ્વાભાવિક સ્થિતિ નથી એમ જણાવ્યું, અને તે માટે તે તીર્થંકરપણે માનવા લાયક નથી, એમ જણાવી મોક્ષની ઈચ્છાવાળા અને સન્માર્ગે જવાના મનોરથવાળા જીવોને સાચા માર્ગે લાવવા માટે કથન કરેલું હતું, પરંતુ તે સ્વરૂપ કથનને પણ ગોશાલો જીરવી શક્યો નહિં અને તે કથનને એકલું પોતાની નિંદાના સ્વરૂપ માન્યું એટલું જ નહિં. તે શ્રમણ ભગવાન મહાવીર મહારાજા સ્વપ્રશંસાના પોષણરૂપ ધ્યેય સિવાય નિરર્થક જ મારી નિંદા કરે છે એમ તેના હૃદયમાં આવ્યું.

**ભગવાન મહાવીર મહારાજા અને નીચગોત્ર???**

ઉપર જણાવેલી હકીકતને ધ્યાનમાં લેવાથી સુજ્ઞ મનુષ્યોને એ વાત સ્હેજે સમજાશે કે ભગવાન મહાવીર મહારાજાને દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષિથી ક્ષત્રિયાણી એવી ત્રિશલામાતાની કુક્ષિએ કેમ લાવવા પડયા, અને સિદ્ધાર્થ મહારાજાના કુલમાં ભગવાન મહાવીર મહારાજનું આગમન થયું, ત્યાર પછી તે સિદ્ધાર્થ મહારાજાના કુલને ધન, ધાન્ય, હીરા, મોતી, પ્રવાલ, અંતેઉર, જશવાદ જનપદ વિગેરેથી વૃદ્ધિ દેવાદિકોને કેમ કરવી પડી, તેમજ શ્રી કલ્પસૂત્રમાં रज्जसिरिं कारेमाणेसु पालेमाणेसु० એ વચનો કેમ કહેવાં પડયાં ? તેનો ખુલાસો થશે, એટલું જ નહિં પરંતુ માતા ત્રિશલા કે જે પ્રસિદ્ધ એવા વિદેહ કુલની પુત્રી હતાં તે દ્વારાએ ભગવાન મહાવીર મહારાજનું विदेहजच्चा, એટલે વૈદેહી એવા ચેડા મહારાજાની પુત્રી જે ત્રિશલા તેનાથી જે અર્ચા એટલે શરીર જેનું જન્મ્યું છે એવા મહાવીર મહારાજ છે એમ શાસ્ત્રકારોને ભગવાન મહાવીર મહારાજનું વર્ણન કુલની ઉત્તમતા દ્વારાએ જાતિની ઉત્તમતા દ્વારાએ અને ઋદ્ધિ-સમૃદ્ધિની વૃદ્ધિદ્વારાએ કેમ કરવું પડયું તેનો ખુલાસો થશે, અને સાથે એ વાત તો સ્પષ્ટપણે સમજી શકાશે કે ઋષભદત્ત બ્રાહ્મણના કુલમાં શ્રમણ ભગવાન મહાવીર મહારાજા બ્યાસી દિવસો રહ્યા તે વખત તે ઋષભદત્તના કુલને ઈંદ્ર મહારાજે તિર્યગ્જૃંભગદેવતા દ્વારા સમૃદ્ધિવાળું બનાવ્યું નહિં. પરંતુ સિદ્ધાર્થ મહારાજાના કુલમાં ભગવાન મહાવીર મહારાજનું બ્યાસી દિવસ પછી આવવું થયું ત્યાર પછી તે સિદ્ધાર્થ મહારાજાના કુલને ધનધાન્યાદિથી સમૃદ્ધ બનાવવામાં કેમ આવ્યું ? અર્થાત્ કહેવું જોઈશે કે જ્યાં સુધી બ્રાહ્મણ ઋષભદત્તના કુલમાં ભગવાન મહાવીર મહારાજા હતા ત્યાં સુધી એટલે તે દેવાનંદાના ગર્ભના બ્યાસી દિવસ સુધી રહ્યા તે વખત નીચગોચનો ભગવાનને ઉદય હોવાથી ઈંદ્રને પણ હરિણૈગમેષીદ્વારાએ તે કુલને ધનધાન્યાદિ દ્વારાએ સમૃદ્ધ કરવાનું મન થયું નહિં. આ સ્થાને એક વાત એ પણ ધ્યાનમાં લેવાની છે કે ઋષભદત્ત જો કે પોતે બ્રાહ્મણ છે, નિમિત્તાદિ શાસ્ત્રોને જાણનારો છે, છતાં ભગવાન મહાવીર મહારાજા દેવાનંદાની કુક્ષિમાં આવ્યા તે વખતે દેવાનંદાએ દેખેલાં ચૌદ મહાસ્વપ્નોને અંગે ફલ નિર્દેશ કરતાં પોતે માત્ર પંડિતાઈનો જ નિર્દેશ કરે છે, એટલે કહેવું જોઈએ કે શ્રમણ ભગવાન મહાવીર મહારાજાના નીચગોત્રના ઉદયને લીધે તે

ઋષભદત્તને પણ તે જિનેશ્વરપણાનો સંકલ્પ થયો નહિં, પરંતુ તે જ ચૌદ સ્વપ્નો જ્યારે ત્રિશલારાણીએ દેખ્યાં અને તેના ફલનો વિચાર કરવામાં આવ્યો તે વખતે જ ફલાદેશ તરીકે જિનેશ્વર મહારાજ થશે એમ જાહેર થયું એટલે કહેવું જોઈએ કે શ્રીઋષભદત્ત બ્રાહ્મણને ઘરે ભગવાન મહાવીર મહારાજનું આવવું થયું તે વખતે ભગવાન મહાવીર મહારાજને નીચગોત્ર કર્મનો ઉદય હોવાથી ખુદ ઋષભદત્તને પણ જિનપણાનો સંકલ્પ ન આવતાં માત્ર અનેક વિદ્યાની પંડિતાઈનો જ સંકલ્પ આવ્યો, પરંતુ જે તીર્થંકરના જીવો હોય છે અને તેઓ જે કુલ અને જાતિમાં જન્મે છે તે કુલ અને જાતિ ઉત્તમ હોય છે અને આજ કારણથી શ્રીકલ્પસૂત્રની અંદર સિદ્ધાર્થ મહારાજા અને ત્રિશલામાતાના નિર્દેશની જગા પર વારંવાર ગોત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને સિદ્ધાર્થ મહારાજાના કુલમાં થયેલી ધનધાન્યથી માંડીને યાવત્ રાષ્ટ્રદેશ અને અંતેઉર સુધીની વૃદ્ધિને વિસ્તારથી અને સ્પષ્ટપણે જણાવવામાં આવે છે, એટલું જ નહિં પરંતુ સૌધર્મ દેવલોકના અધિપતિ જે શક્રેન્દ્ર મહારાજા જે વખત ગર્ભ પરાવર્તનનો વિચાર કરે છે તે વખત પણ ભગવાન જિનેશ્વરોનાં કુલ અને વંશો અધમ ન હોય પરંતુ ઉત્તમોત્તમ હોય અને તેઓ રાજ્યશ્રીવાળા જ કુલોમાં જન્મ પામે એમ સ્પષ્ટપણે જણાવે છે, આવી રીતે ભવિષ્યમાં તીર્થંકર બનવાવાળા જીવોની જન્મદશા કુદરતથી નિયમિત હોવાને લીધે ભિક્ષુક કુલમાં આવેલા નિરાધાર માતાની કુખે જન્મેલા અને ગાયનાવાડામાં જ માત્ર જેનું જન્મકાર્ય થયેલું છે તેવા જીવો કોઈપણ પ્રકારે તીર્થંકર હોય જ નહિં, આવી રીતે ગોશાલામાં કુદરતથી તીર્થંકરપણાનો અત્યારે તો શું પણ તેના જન્મથી પણ સંભવ નથી એમ જે શ્રમણ ભગવાન મહાવીર મહારાજે સત્ય સ્વરૂપની ખાતર જણાવેલું તેને ગોશાલાએ પરનિંદામાં જ લીધું એટલું જ નહિં પરન્તુ સ્વઉત્કર્ષનું સાધન ન થાય એટલે પોતાની ઉન્નતિનું સાધન ન બને, કેમકે શ્રમણ ભગવાન મહાવીર મહારાજને તો સંપૂર્ણપણે ઉન્નતિ મળેલી જ છે એટલે મારી નિંદા જ્યારે તેમના ઉત્કર્ષનું સાધન નથી ત્યારે કેવલ શ્રમણ મહાવીર ભગવંત જે મારા જાત કુલ અને જન્મને જણાવી તીર્થંકરપણાથી રહિતપણું જણાવતાં જે નિંદા કરે છે તે કેવળ અધમ જ છે. ઉપરની હકીકતથી એટલું સ્પષ્ટ થાય કે બીજાને અધમ ગણાવવા માટે જે નિંદા કરવામાં આવે અને જે નિંદામાં પોતાના ઉત્કર્ષનું સાધ્ય ન હોય તેવી પરનિંદા અત્યંત નીચગોત્રનું કારણ છે, અને તે હોવાને લીધે તત્ત્વાર્થકારે સ્વપ્રશંસા કરતાં પરનિંદાને પ્રથમ સ્થાન આપેલું છે.

૨. જેવી રીતે પોતાની પ્રશંસા પછી ચાહે તો તે કેવળ પોતાના ઉત્કર્ષ માટે હોય અગર બીજાના અપકર્ષ પૂર્વક પોતાના ઉત્કર્ષ માટે હોય, પરંતુ તે પોતાની પ્રશંસા અગર પ્રશંસાની ઈચ્છા એ નીચગોત્ર બંધનું કારણ બને છે, તેવી જ રીતે પોતાના સિવાય કે પોતાના સમુદાય સિવાય અન્યની જાતિ કુલાદિકથી કે ગુણાદિકથી હીનપણાને અંગે નિંદા કરવી તે પણ નીચગોત્ર બાંધવાનું કારણ બને છે. પરની નિંદા પણ કેટલીક વખતે સામાપક્ષનું કે સામી વ્યક્તિનું પોતાના પક્ષ સાથે કે પોતાની વ્યક્તિ સાથે લગભગ સરખાપણું હોય છે ત્યારે તે બીજાની નિંદા એ સ્વઉત્કર્ષ માટે હોય છે અને તેવી નિંદાથી પણ નીચગોત્રનો બંધ તો થાય જ છે. વળી કેટલીક વખત પોતાનો પક્ષ અને પોતાની વ્યક્તિ એટલી બધી ઉચ્ચસ્થિતિમાં જાતિ, કુલ અને ગુણાદિકે કરીને હોય છે કે જેથી નિંદા દ્વારાએ તેનો ઉત્કર્ષ કરવાની જરૂર રહેતી નથી અગર પરની

નિંદાથી તેમાં કોઇ જાતની અસર થતી નથી, એવા વખતે પણ એટલે જે વ્યક્તિની કે પક્ષની નિંદા કરવાથી પોતાના પક્ષની કે પોતાની વ્યક્તિની ઉત્કર્ષતા ઉપર અંશે પણ અસર ન હોય તો પણ તેવી નિંદા કરવાથી તે નિંદા કરનારને નીચગોત્રનો બંધ જરૂર થાય છે. યાદ રાખવું જરૂરી છે કે ચિત્ર અને સંભૂતિને જે ચંડાળપણું મલ્યું હતું તે હલકી જાતવાળાને પણ હલકી જાત તરીકે તિરસ્કાર કરવાથી મળેલું હતું એટલે પોતે ઉત્તમ જાતિ અને કુલમાં હો કે ન હો તથા જેની નિંદા કરવામાં આવતી હોય તે ઉત્તમ જાતિમાં હો કે અધમ જાતીમાં હો, પરંતુ તે અન્ય પક્ષની કે અન્ય વ્યક્તિની જાતિ કુલાદિક કરીને નિંદા કરનારો મનુષ્ય નીચગોત્રાદિકનો બંધ જરૂર કરે જ છે. વાચકોએ યાદ રાખવાની જરૂર છે કે શાસ્ત્રકારોએ સ્થાને સ્થાને જાતિકુલ વિગેરે આઠ પ્રકારે પોતાની ઉત્કર્ષતા હોય અને તેનો મદ કરે તો તે મદ કરનાર મનુષ્યને બીજા અનેક ભવોમાં તો નીચગોત્રાદિકનો ભોગવટો કરવો પડે એમ સ્પષ્ટપણે જણાવ્યું છે, પરંતુ આ જગા પર પોતાની જાતિ, કુલાદિક ઉંચાં હોય અને તેથી અભિમાન ન કરે તો પણ બીજા ઉત્તમ જાતિના હો કે અધમ જાતિના હો કે ઉત્તમ કુલના હો એવી રીતે જાતિ કુલ વિગેરે આઠે પ્રકારમાં સંપત્તિવાન થયા હોય કે ન થયા હોય તો પણ તે પર પક્ષ કે પરવ્યક્તિની નિંદા કરવી તે નીચગોત્રને બાંધવાનું કારણ છે. વાચક વર્ગને સ્હેજે શંકા થશે કે જે મનુષ્યો જાતિ, કુલ, લાભ, ઐશ્વર્ય, બળ, રૂપ, તપ, શ્રુત અને પ્રીતિદ્વારાએ યોગ્યતાને ન સંપાદન કરી શક્યા હોય અને તેને લીધે જેઓ જાતિ આદિકે કરીને હલકી સ્થિતિમાં જગજાહેર હોય તેવાને જાતિ આદિકે હીન તરીકે જણાવવા એમાં જો નીચગોત્ર બંધાતું હોય ત્યારે તો એમ કહેવું જોઇએ કે જૈનશાસ્ત્રકાર સત્યવાતમાં નીચગોત્રને બંધાવવાનું જણાવે છે. આવો વિચાર આવે તેના સમાધાનમાં સમજવાનું કે જાતિ આદિકના સ્વરૂપના નિરૂપણની વખતે અનાર્ય જાતિ, અનાર્ય કુલ, અનૃદ્ધિ પ્રાપ્ત વિગેરે શબ્દો વાપરવામાં નીચગોત્રનો બંધ શાસ્ત્રકારો જણાવતા નથી, પરંતુ તે તે વ્યક્તિ અગર તે તે પક્ષનું અપમાન કે અધમપણું જણાવવાની દૃષ્ટિએ જો તે જાતિ - કુલાદિકથી હીનપણું કહેવામાં આવે તો જરૂર નીચગોત્રનો બંધ થાય છે અને તેમ કહેવામાં કોઈપણ પ્રકારે જૈનશાસ્ત્રકાર સત્યવાદને સરકાવવા માગતા નથી. શાસ્ત્રકારોએ જણાવેલી આ વસ્તુ જેના સમજવામાં આવી હશે તે મનુષ્ય વ્યવહારથી જાતિ કુલાદિકની મર્યાદા પ્રમાણે વર્ત્તવાવાળો છતાં અન્ય અધમજાતિ કે કુલવાળાઓ તરફ ધિક્કાર કે અપમાનની નજરથી તો જોશે જ નહિં અને જોઈ શકે પણ નહિં.

૩. જાતિ અને કુલાદિકદ્વારાએ પોતાના પક્ષની કે પોતાની વ્યક્તિની ઉત્કર્ષતા અને પરપક્ષની કે પરજાતિની અપકર્ષતા કરવા દ્વારાએ એકલું નીચગોત્ર બંધાય છે એમ નથી, પરંતુ જાતિ-કુલ જેવા સંસારિક અગર વ્યાપક વિષયોને છોડી દઈએ તો પણ કોઈપણ પક્ષ અગર વ્યક્તિના સદ્ભૂત ગુણોને પ્રગટ ન કરે અગર આચ્છાદન કરે તો તેથી પણ નીચોગોત્રનો બંધ થાય છે. આ વાત જે મનુષ્યો ધ્યાનમાં લેશે તેઓને સ્પષ્ટ માલમ પડશે કે શાસ્ત્રકારોએ દર્શનના આઠ આચારોમાં ઉપબૃંહણા (છતા ગુણની પ્રશંસા ન કરવી) ને અનાચાર તરીકે કેમ કહ્યો છે તે સ્પષ્ટપણે સમજાશે. અર્થાત્ કોઈના પણ સમ્યગ્દર્શનાદિક ગુણોની તો પ્રશંસા કરવી તે દર્શનાચાર છે અને તે પ્રશંસા ન કરવામાં આવે તો તે અનાચાર હોઈને નીચગોત્ર કર્મ બંધાવાનું કારણ બને છે આ વાત બરોબર લક્ષ્યમાં લેવામાં

આવશે ત્યારે ઈંદ્રમહારાજા વિગેરે સમ્યક્ત્વની દૃઢતાના, વિરતિની અધિક્તાના, વૈરાગ્યની દૃઢતાના પ્રશંસક દેવોની સભામાં પણ કેમ બનતા હતા તેનો ખુલાસો થશે. જે મનુષ્ય અન્ય જીવોના ગુણોને પ્રશંસવાની ટેવવાળો હોય નહિં તે મનુષ્ય વાસ્તવિક રીતિએ અરિહંતાદિક પંચપરમેષ્ઠિને પણ સાચા ભાવથી માનનારો નહિં પણ કુલાચારથી માનવાવાળો હોય, જો કે જાતિ અને કુલાદિકની પ્રશંસા કરવી તે કંઈ નિર્મિત ઉચ્ચગોત્ર બંધનું કારણ છે એમ ન પણ કહી શકાય, પરંતુ ગુણની અધિક્તામાં જે પ્રમોદ ધારણ ન કરે અગર કોઈપણ ભવ્યજીવને લોકોત્તર દૃષ્ટિનો ગુણ પ્રાપ્ત થતો હોય તેમાં પ્રમોદ ન ધારણ કરતાં ઉદાસીનપણે વર્ત્તે તો પણ ધર્મના મૂળરૂપ પ્રમોદભાવનાને તે વિસરનારો હોઈને ધર્મમાર્ગથી દૂર જાય છે એમ કહેવામાં કોઈપણ પ્રકારે અતિશયોક્તિ નથી. કેટલાક મનુષ્યો કોઈ પણ ગુણવાનના ગુણોની પ્રશંસા કરવાને પોતાની જીભને ન પ્રવર્ત્તાવે એવા હોય છે એટલું જ નહિં, પરંતુ તેઓ વાસ્તવિક અગર કલ્પિત દોષોથી પોતાના સંબંધી કે પોતાના સિવાયને દૂષિત ગણીને ગુણપ્રશંસાથી દૂર રહે છે તેવા લોકોએ ધ્યાન રાખવું જોઈએ કે તેમના હિસાબે તો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પણ પરમેષ્ઠિપદ તરીકે આરાધના કરવા લાયક, નમસ્કાર કરવા લાયક કે પ્રશંસા કરવા લાયક રહેતા નથી. કેમકે તેઓમાં પણ છદ્મસ્થપણું ઘાતિકર્મ સહિતપણું સકષાયપણું પ્રમાદપણું વિગેરે રહેલાં છે. એટલે જો દોષના પ્રભાવે ગુણોને ઓળવવામાં આવે તો આચાર્ય ભગવંતો વિગેરેને પણ પરમેષ્ઠિમાં ગણી શકે નહિ. એટલું જ નહિં પરંતુ તેવા કુટિલ કર્મીઓના મંતવ્ય પ્રમાણે તો અરિહંત મહારાજને દેવ તરીકે માનવાને પણ તેઓએ તૈયાર થવું જોઈએ નહિં, કેમકે અરિહંત મહારાજા પણ કાયાના કાષ્ઠ પંજરમાં પૂરાયેલા છે યોગની ચંચળતાવાળા હોઈને સમયે સમયે કર્મને બાંધનારા છે. વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચાર કર્મોને આધીન છે, એટલું જ નહિં પણ આગળ વધીએ તો તેઓ અભવ્યના દુઃખોનો નાશ કરવા માટે કંઈ પણ પ્રયત્ન કરવાવાળા નથી. આવા સિદ્ધ ભગવાન કે જેઓ નિરંજન નિરાકાર જ્યોતિઃ સ્વરૂપ છે તેમના સિવાય બીજા એક પણ પરમેષ્ઠિને નહિં માનવાનો પ્રસંગ તે તે કુટિલ કર્મીઓને આવશે, વળી તે કુટિલ કર્મીઓને તો ગૌતમસ્વામીજીની આનંદ શ્રાવકના અવધિજ્ઞાનના પ્રસંગમાં થયેલી ભૂલ, મૃગાપુત્રને જોવા માટે થયેલો પ્રસંગ વિગેરે અનેક વાતો દોષ રૂપ લાગવાની અને તેથી ગણધરોના ગુંથેલા સૂત્રોને પણ માનવાનો પ્રસંગ રહેવાનો નહિં આ બધી હકીકત વિચારનારો મનુષ્ય જો સુજ્ઞ હશે તો સ્હેજે સમજશે કે અનાદિકાલથી મિથ્યાત્વ, અજ્ઞાન, પ્રમાદ અને કષાય વિગેરે દોષો દરેક આત્માને વળગેલા છે તેમાંથી જે જે આત્મા મિથ્યાત્વ વિગેરેને ટાળનારો થાય તેને બીજા ગુણો ન થયા હોય તો પણ સમ્યગ્દૃષ્ટિ જીવને જરૂર પ્રશંસાને લાયક તો છે જ અને જેઓ તેવી સમ્યગ્દૃષ્ટિપણાની રીતિને ધારણ ન કરતાં સ્વકપોલ કલ્પિતપણે દોષના ખોટા નામે બીજાઓના ગુણની પ્રશંસાથી દૂર રહે તેઓને નીચગોત્ર બંધાવવાનું થાય અને તેથી ભવાંતરમાં અધમ કુલમાં અનેક વખત ઉપજતાં પણ તેનો છેડો ન આવે તે સ્વાભાવિક છે. ધ્યાન રાખવા જેવી હકીકત એ છે કે જાતિ આદિકની અપેક્ષાએ અન્યની પ્રશંસા ન કરે એટલા માત્રથી નીચગોત્ર બંધાતું નથી, પરંતુ પોતાની જાતિ આદિક દ્વારાએ પ્રશંસા કરે અગર બીજાની જાતિ આદિકની અધમતા દેખાડી નિંદા કરે તો જ નીચગોત્ર બંધાય છે, પરંતુ

સમ્યગ્દર્શન-વૈયાવચ્ચ-જ્ઞાનસમિતિ-ગુપ્તિ-ઈત્યાદિક ગુણોની તો પ્રશંસા ન કરવા માત્રથી જ નીચગોત્ર બંધાય છે, વળી એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે જાતિ અને કુલનું અધમપણું અને ઉચ્ચપણું એ જાતિ અને કુલવાળાના પુરૂષાર્થનું કાર્ય નથી પણ પૂર્વભવમાં બાંધેલા કર્મોના ઉદયથી થયેલું કાર્ય છે, પરંતુ આત્મા સમ્યગ્દર્શનાદિ ગુણોને જે પ્રાપ્ત કરે છે તે પૂર્વભવના કર્મોના ઉદયનો પ્રભાવ નથી, સ્વયં આત્માના પુરૂષાર્થનો પ્રભાવ છે એટલે માર્ગને અનુસરતા કે સમ્યગ્દર્શનાદિકને અંગેના ગુણો પ્રાપ્ત થાય તેમાં તે પ્રાપ્ત કરનાર પુરૂષે જરૂર પુરૂષાર્થ કરેલો છે અને તે પુરૂષાર્થ જો મનુષ્ય પોતાના આત્મામાં અંશે પણ સમ્યગ્દૃષ્ટિપણું ધારતો હોય તો વખાણવો જ જોઈએ. વળી એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે કુદરતે અને શાસ્ત્રકારોની રીતિએ જાતિ અને કુલ વિગેરે કરતાં ગુણની જ કિંમત કંઈ ગુણી આંકવામાં આવી છે અને તેથી જ અધમ જાતિ અને અધમ કુલવાળા હરિકેશી વિગેરેને પણ ચારિત્ર અને તપ આદિક ગુણોની ઉત્તમતાને લીધે દેવતા સરખા પણ હાજર રહી આરાધતા હતા.

વળી શાસ્ત્રકારો પણ સામાન્ય રીતે જન્મ અને કર્મ બન્નેની અપેક્ષાએ જાતિ અને કુલની ઉત્તમતા અગર અધમતા માને છે, છતાં હીનકુલવાળાઓને પણ દેશવિરતિ કે સર્વવિરતિ જેવા કે અવિચળ સમ્યક્ત્વ જેવાં ઉચ્ચસ્થાનો પ્રાપ્ત થાય છે ત્યારે તેવાઓને નીચગોત્રનો ઉદય માનવાની પણ મનાઈ કરી જાતિ અને કુલ કરતાં ગુણોની સર્વોત્કૃષ્ટતા જાહેર કરે છે.

આ બધી કહેલી હકીકતનું તત્ત્વ એટલું જ છે કે બીજાઓના સદ્ભૂત એવા સમ્યગ્દૃષ્ટિ આદિકગુણોનું કલ્પિત અગર વાસ્તવિક દોષોથી આચ્છાદન કરવું જોઈએ નહિ, પરંતુ તે ગુણોની પ્રશંસા કરવી જોઈએ. શું ભરત મહારાજનું વૈયાવચ્ચ શાસ્ત્રકારોએ વખાણ્યું. અગર નંદિષેણજીનું વૈયાવચ્ચ શાસ્ત્રકાર અને દેવતાઓએ વખાણ્યું. તો તે ભરત મહારાજમાં અને નંદિષેણજીમાં ચૌદપૂર્વી જેવું ઉત્કૃષ્ટ ગીતાર્થપણું હતું અને જો અગીતાર્થપણું છતાં તે વખાણવામાં આવ્યું તો પછી સ્પષ્ટ માનવું જ જોઈએ કે દોષોની હયાતિને લીધે ગુણની કિંમત ઘટાડવાનું શાસ્ત્રકારોને કે સુજ્ઞોને ઈષ્ટ છે જ નહિં. શું બ્રાહ્મી, ચંદનબાળા, સુભદ્રા, મૃગાવતી વિગેરેના શીલનાં વખાણ કરવામાં આવ્યાં તેઓ સંપૂર્ણ ગુણવાળા ગુણઠાણે ચઢી ગયાં હતાં એમ કોઈ કહી કે માની શકે તેમ છે? સુજ્ઞ મનુષ્યો સારી પેઠે સમજી શકે છે કે ત્રિલોકનાથ તીર્થંકર એવા શ્રમણ ભગવાન મહાવીર મહારાજે કામદેવ શ્રાવકની પ્રશંસા કરી અને સાધુઓની આગળ તે કામદેવને આદર્શ પુરૂષ તરીકે જણાવ્યા તે કામદેવ શ્રાવક શું સર્વ આરંભ, પરિગ્રહ, વિષયકષાય આદિ પાપોથી નિવૃત્ત થયેલા હતા ? કહેવું જોઈએ કે પ્રશંસા એટલે પ્રમોદ નામની ભાવના સમ્યક્ત્વાદિ ૩ ગુણો પ્રાપ્ત કરવાવાળામાં સમ્યગ્દૃષ્ટિ ધારણ કરનારને તો જરૂર હોવી જોઈએ. અને આ વાત જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે એ પણ વસ્તુ સમજાઈ જશે કે સમ્યગ્દૃષ્ટિ થયેલો જીવ નીચગોત્ર બાંધતો કેમ નથી ? સ્પષ્ટ થાય છે કે સમ્યગ્દૃષ્ટિજીવ ગુણની પ્રશંસામાં જ લીન હોય અને તેથી તે નીચગોત્ર ન બાંધે. દોષના નામે ગુણની પ્રશંસાને ઉઠાવનારા ઉચ્છૃંખલોએ કૃષ્ણ મહારાજે કાળા કુતરાના દાંતની કરેલી પ્રશંસા કે જે ઈંદ્ર દ્વારાએ પણ પ્રશંસા પામી હતી તે વિચારવાનો અવકાશ લેવાની આવશ્યક્તા છે. પ્રથમના બે મુદ્દામાં પોતાની પ્રશંસા અને બીજાની નિંદા કરાય તે નીચગોત્ર બાંધવાનું કારણ છે એમ જણાવ્યું છે તો હવે બીજાના છતા ગુણોનું ઓળવવું

અને પોતાના અછતા ગુણોનું પ્રગટ કરવું એ બે મુદ્દા કહેવાની જરૂર શી ? કેમકે પોતાના છતા ગુણો પ્રગટ કરે તે આત્મપ્રશંસા જ કહેવાય અને તેથી પોતાની ઉત્તમંતા સાધીને બીજાની અધમતા જણાવવાનું થાય તેથી તે પણ સ્વપ્રશંસા અને પરનિંદામાં જ આવે, વળી બીજાના છતા ગુણો ઓળવવાનું કરવાથી અન્ય ગુણવાનની પણ અપ્રશંસા થઈ નિંદા થાય તેનો અપકર્ષ થાય અને તેના છતા ગુણો ઓળવવાથી પોતાના સામાન્ય ગુણોને પણ મોટું રૂપ મળે અને તેથી તેમાં પણ આત્મપ્રશંસા અને પરનિંદાનું જ ફલિતાર્થપણું થાય તો આત્મપ્રશંસા અને પરનિંદારૂપી બે કારણો નીચગોત્ર બાંધવાનાં પર્યાપ્ત કારણો આવી જાય છે, તેથી બીજાના વિદ્યમાન ગુણોનું ઓળવવું અરે પોતાના અવિદ્યમાન ગુણોનું પ્રકાશવું એ બેને નીચગોત્ર તરીકે માનવાની જરૂર નથી એ પ્રમાણે બુદ્ધિમાનોથી કહી શકાય તેમ નથી કારણ કે પ્રથમ બે નંબરમાં જે આત્મપ્રશંસા અને પરનિંદા જણાવી છે તે પોતાના વિદ્યમાન એવા ઉંચા ગુણોથી પણ જો પોતે પોતાની પ્રશંસા કરે અગર પ્રશંસા સાંભળી ખુશ થાય અગર પ્રશંસા કરાવવા તૈયાર થાય તો તે મનુષ્ય પણ એટલે વિદ્યમાન એવા ગુણોદ્વારાએ પણ પ્રશંસા મેળવવાની ધારણાવાળો નીચગોત્ર કર્મનો બંધ કરે છે. તેવી જ રીતે બીજાના વિદ્યમાન અવગુણો હોય છતાં જો તે અવગુણો દ્વારાએ તે કુલ જાતિ કે વ્યક્તિને નિંદે તો તે વિદ્યમાન અવગુણ દ્વારાએ પણ બીજાની નિંદા કરનારો મનુષ્ય નીચગોત્રને બાંધે છે. ધ્યાન રાખવાની જરૂર છે કે જાતિ આદિનો મદ કરવા દ્વારાએ જે જાતિઆદિકનું હીનપણું મેળવવાનું કહ્યું છે તે જાતિ આદિની ઉત્તમતાવાળાને અંગે જ છે એટલે એથી સ્પષ્ટ થશે કે પોતાના વિદ્યમાન ગુણોદ્વારાએ પણ પ્રશંસાની ઈચ્છા રાખવી તે નીચગોત્રને બાંધવાનું કારણ છે.

વાચકોને સારી પેઠે ધ્યાનમાં હશે કે ચિત્ર અને સંભૂતિની જાત અધમ હતી છતાં તેની જાતિ દ્વારાએ નિંદા કરનાર અને તેનો તિરસ્કાર કરનાર અને પીડા કરનાર પુરોહિતને અશુભતર ફળો આપે એવું જ કર્મ બાંધવું પડયું. એટલે કહેવું જોઈએ કે જાતિ આદિની હીનતાવાળાને પણ નીંદવાવાળો મનુષ્ય નીચગોત્રના કારણભૂત કર્મને બાંધે છે. આજ કારણથી શાસ્ત્રકારો ચોખ્ખા શબ્દોમાં સાધુનો આચાર જણાવે છે કે - ચોર હોય તો પણ તેને ચોર કહેવો નહિં, રોગવાળો હોય તો પણ તેને રોગી કહેવો નહિં, પાવૈયો હોય તો પણ તેને પાવૈયો કહેવો નહિં, અર્થાત્ એ સર્વ કથન નીચગોત્રનું કારણ છે તેથી શાસ્ત્રકારોએ એવા કથનને વર્જ્યું છે એટલે પહેલાના બે મુદ્દામાં સદ્ભૂત ગુણદ્વારાએ પણ પોતાની પ્રશંસા કરનાર નીચગોત્ર બાંધે છે અને સદ્ભૂત અધમતા દ્વારાએ પણ પરની નિંદા કરનારો મનુષ્ય નીચગોત્ર બાંધે છે. એમ જ્યારે જણાવાયું છે ત્યારે આ ત્રીજા અને ચોથા મુદ્દામાં તો બીજા મનુષ્યોના વિદ્યમાન એવા પણ ગુણોનો જો અપલાપ કરવામાં આવે એટલે ઓળવવામાં આવે તો તે ઓળવનાર મનુષ્યને નીચગોત્રના કારણભૂત કર્મ બંધાય છે. આ વાત જ્યારે ધ્યાનમાં લેવાશે ત્યારે જ શાસ્ત્રકારોએ જે અનુપબૃંહણા એટલે ગુણવાળા સમકિતિની પ્રશંસા ન કરવી તેને સમ્યક્ત્વના આચારના ભંગ તરીકે જણાવ્યો છે તે સમજાશે. વાચકવૃંદ સારી પેઠે સમજી લે કે જૈનશાસનની મૂળજડ ગુણાનુરાગીપણું જ છે. જો અન્યના ગુણોને ધ્યાનમાં ન લેવાય, પ્રશંસા લાયક ન ગણાય અને એને ઢાંકી દેવાના હોય તો પછી જૈનશાસનમાં

ગુણાનુરાગીપણાને સ્થાન નથી એમ કહેવું જોઈએ, વળી જૈનધર્મને સમજનારો મનુષ્ય પોતાના વિદ્યમાન ગુણોને પણ પ્રગટ કરવા ન માગે અને તેથી અનેક કેવલી મહારાજાઓ પણ પોતાનું કેવલજ્ઞાન પ્રગટ કરતા ન હોવાથી છદ્મસ્થ એવા વડેરાઓથી કેવલિપણાની અપેક્ષાએ અજ્ઞાત રહે છે, એટલું જ નહિં પરંતુ કેવલિમહારાજાઓ પણ તે છદ્મસ્થ એવા વડેરાઓને વંદન વિગેરે વ્યવહાર કરીને મૂળપ્રવૃત્તિને જાળવવાવાળા થાય છે. આ વસ્તુ સમજનારો જૈન પોતાના ઈતર સામાન્ય ગુણોને પ્રગટ કરવા પ્રકાશવા કે કહેવા તૈયાર થાય એ સ્વપ્ને પણ બને જ નહિં અગર કોઈ બનાવે તો તે ધર્મની રીતિમાં રહી શકે નહિં એટલે સ્પષ્ટ થયું કે પોતાના વિદ્યમાન ગુણોનો પ્રકાશ કરવો તે ધર્મપ્રેમીને સ્વપ્ને પણ શોભતો નથી, તો પછી પોતાના નહિં છતા ગુણોને પ્રકાશ કરવાને માટે જૈનમાર્ગથી પતિત સિવાય બીજો તૈયાર થાય નહિં આ વાત જ્યારે ધ્યાનમાં લેવામાં આવશે ત્યારે એ વસ્તુ પણ સમજાશે કે જે ગુણહીન મનુષ્યો જ્ઞાનાદિક ગુણના દરિયા એવા અન્ય મનુષ્યોને પોતાના સરખા કરવા જાય તેઓ સમ્યક્ત્વરૂપી તત્ત્વથી રહિત થયેલા હોય છે એટલે એ જીવોમાં સમ્યક્ત્વ હોતું નથી, આવી રીતે નીચગોત્ર બાંધવાના જે ૧ સ્વપ્રશંસા ૨ પરનિંદા ૩ પરના છતા ગુણોનું ઢાંકવું ૪ પોતાના અછતા ગુણોનું પ્રકાશવું એ ચાર નીચગોત્ર બાંધવાનાં કારણો જણાવ્યાં આ નીચગોત્રનાં કારણો જગત્‌ની અંદર ચિંતામણી રત્નસમાજ એવા જૈનધર્મને પામેલા જીવો પણ વર્જવાને તૈયાર થવામાં ઘણી મુશ્કેલી સમજે છે અથવા તેમાં ઘણી મુશ્કેલી પડે છે તો પછી જેઓ રાગ - દ્વેષનો ક્ષય કરવાના ધ્યેયવાળા નથી, વીતરાગપરમાત્માને પરમ પુરૂષ તરીકે માની દેવ તરીકે માનવાને તૈયાર નથી. મોક્ષ માર્ગે પોતે પ્રયાણ કરવાપૂર્વક બીજા ભવ્યજીવોને મોક્ષમાર્ગે પ્રયાણ કરાવવાવાળા અગર તે પ્રયાણમાં મદદ કરનારા એવા નિર્ગ્રંથ સાધુઓને ગુરૂ તરીકે માનતા તેમજ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યગ્તપ એ ચારની પ્રાપ્તિરૂપ મોક્ષ માર્ગને ધર્મ તરીકે માનનારા નથી, પરંતુ માત્ર લોકોમાં જ યશઃકીર્ત્તિ મેળવવાં તથા જગતનાં બાહ્ય સુખો મેળવવાં એવું જ જેનું ધ્યેય રહેલું છે એવા મિથ્યાદૃષ્ટિ જીવો ડગલે પગલે અને દિનપ્રતિદિન ક્ષણે ક્ષણે ઉપર જણાવેલાં ચાર કારણોથી નીચગોત્ર બાંધે તેમાં આશ્ચર્ય જ શું ? અને ભવ્યજીવ હોય તો પણ જ્યાં સુધી સમ્યગ્માર્ગમાં આવેલો નથી ત્યાં સુધી ઉપર જણાવેલા ચાર કારણોમાં લીન હોય અને તેથી નીચગોત્ર ભવોભવ બાંધીને નીચગોત્રનાં કર્મ એકઠાં કરેલાં હોય તેમાં આશ્ચર્ય શું ? પરંતુ અમૃતનો એક છાંટો પણ આખા શરીરના રોગનો જેમ નાશ કરે છે. અગ્નિનો એક કણીયો પણ ઘાસની ગંજીયોને બાળી નાંખે છે, તેવી રીતે શાસ્ત્રકાર જણાવે છે કે જીર્ણોદ્ધાર કરનારો મનુષ્ય દેવ ગુરૂ અને ધર્મરૂપી ઉત્કૃષ્ટ ગુણવાળા પદાર્થના બહુમાનવાળો હોવાથી તેમજ આરંભ - પરિગ્રહ, વિષય અને કષાય વિગેરે અધમતમ પદાર્થોની નિવૃત્તિ કરવાવાળો હોવાથી નીચગોત્રને ખપાવે એમ કહે છે તેમાં આશ્ચર્ય નથી. ઉપર જણાવેલા અધિકારથી સમ્યક્ત્વને ધારણ કરનાર કે જૈનશાસ્ત્રના તત્ત્વને સમજનાર મનુષ્ય એમ તો કહેવા કદી તૈયાર નહિં જ થાય કે જે જે જીવો જીર્ણોદ્ધારને કરવા તૈયાર થાય તે તે જીવો પ્રથમ ભવમાં નીચગોત્રને બાંધવાવાળા જ હોવા જોઈએ એમ નહીં કહેવાનું કારણ એટલું જ કે સમ્યક્ત્વ વગરની દશામાં બહુધા જીવો નીચગોત્ર બાંધવાના કારણોમાં જ વર્ત્તવાવાળા હોય છે અને તેથી બહુધા જીવો નીચગોત્રને બાંધે જ છે, પરંતુ જીર્ણોદ્ધાર

કરનાર મહાનુભાવનું તો સદ્ભાગ્ય છે કે તે જીર્ણોદ્ધાર કરવા દ્વારાએ તે નીચગોત્રને ખપાવે છે. શાસ્ત્રકાર મહારાજ એકલા નીચગોત્રને ખપાવવારૂપી ફલ તે જણાવીને રોકતા નથી, પરંતુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જીર્ણમંદિરોના ઉદ્ધારથી પૂર્વે બાંધેલા નીચગોત્રને ખપાવવાની માફક જ ઉચ્ચગોત્ર બાંધવાનું પણ થાય છે. ઉચ્ચગોત્ર કયા કયા કારણોથી બંધાય છે એનો વિચાર કરીને પછી તે ઉચ્ચગોત્ર બાંધવાના કારણોનો ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મંદિરનો જે જીર્ણોદ્ધાર કરાવે તેમાં કેવી રીતે સદ્ભાવ છે અને તેથી તે કેવી રીતે ઉચ્ચગોત્ર બાંધે છે તે વિચારીએ. વાચકવર્ગને એ વાત તો ધ્યાનમાં હશે કે જે જે કારણોથી જીવને પાપકર્મ બંધાય છે તે તે કારણોથી ઉલટાં કારણો આચરવામાં આવે તો તેથી જીવોને પુણ્યનો બંધ થાય છે દાખલા તરીકે કોઈ જીવને અશાતા ઉપજાવવામાં આવે દુઃખ દેવામાં આવે, શોકમાં નાખવામાં આવે ઉપદ્રવ કરવામાં આવે તો તે અશાતા વિગેરે ઉપજાવનારને અશાતા વેદનીયરૂપી પાપનો બંધ થાય છે, તેવી જ રીતે જે કોઈ જીવ બીજા જીવોને દુઃખ ન દે, અશાતા ન ઉપજાવે, પીડા ન કરે, શોક ન કરાવે તથા જેમ શાતાવેદનીયરૂપી પુણ્યને બાંધવાવાળો થાય છે, તેવી જ રીતે જીવ-પ્રાણ-ભૂત-સત્ત્વ વિગેરેની અનુકંપા એટલે દ્રવ્ય અનુકંપાએ કરીને પણ શાતાવેદનીયરૂપી પુણ્યને બાંધનારો થાય છે. તેવી જ રીતે અહિંપણ જેમ પોતાની પ્રશંસાએ કરીને, બીજાની નિંદાએ કરીને, બીજાના છતા ગુણો ઢાંકવાએ કરીને અને પોતાના અછતા ગુણો પ્રગટ કરવાએ કરીને જ્યારે નીચગોત્ર રૂપી પાપનો બંધ થાય તો પછી પોતાના જાતિ આદિકથી અધમપણાને નિંદવાથી, બીજાના જાતિઆદિક ઉત્તમ ગુણોની પ્રશંસા કરવાથી ઉચ્ચગોત્ર બાંધે તથા બીજાનાં સદ્ભૂત ગુણોની ઉદ્ભાવના કરવાથી અને પોતાના સદ્ભૂત ગુણો ઢાંકવાથી ઉચ્ચગોત્ર રૂપી પુણ્યનો બંધ કરે તેમાં આશ્ચર્ય નથી અને જીર્ણોદ્ધાર કરવાવાળો મનુષ્ય મોટે ભાગે તેવી ઉચ્ચ પ્રવૃત્તિવાળો હોય છે તેનાં કારણો નીચે મુજબ

૧ જગતમાં સામાન્ય રીવાજ છે કે મૂલમંદિરમાં જેટલું ખર્ચ કર્યું હોય તેના કરતાં જીર્ણોદ્ધાર કરવાવાળો કદાચ વધારે પણ ખર્ચ કરે તો પણ તે મૂલમંદિરના કરાવનારને નામે જ તે મંદિરની પ્રસિદ્ધિ રહે છે એટલે જો જીર્ણોદ્ધાર કરાવનારને મૂલમંદિર કરાવનારના ગુણોની પ્રશંસાની અભિરૂચિ ન હોય તો પોતાનું દ્રવ્ય ખર્ચીને તે મૂલ આસામીની પ્રશંસા થવાનો વખત લાવે જ નહિં, પરંતુ જ્યારે તે જીર્ણોદ્ધાર કરાવનારના મનમાં મૂલમંદિર કરાવનારની પ્રશંસા થાય તે અનુમોદનીય હોય તો જ તે મંદિરનો જીર્ણોદ્ધાર કરે એટલે કહેવું જોઈએ કે જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવ બીજાની પ્રશંસામાં સહમત છે અને તેથી તે ઉચ્ચગોત્રનો બંધ કરે.

૨ જીર્ણોદ્ધાર કરાવનારો મનુષ્ય પોતાના તરફથી કરાતા ખર્ચની તેવી પ્રશંસા કરાવવા માગતો ન હોય અર્થાત્ પોતતની પ્રશંસા માટે તેટલી દરકાર ન રાખતો હોય તો જ તે જીર્ણોદ્ધાર કરે અને તે પોતાની પ્રશંસાની દરકાર ન હોવાને લીધે તેના જીર્ણોદ્ધાર કાર્યની પ્રવૃત્તિ ઉંચગોત્ર બંધાવવાનું કારણ બને.

૩ મૂળ મંદિરને કરાવનાર મહાનુભાવ તરફથી જે મૂળનાયકજી આદિને સ્થાપવારૂપ ગુણોનો સમુદાય જાહેર થયેલો છે તે ગુણના સમુદાયને જાહેર રાખવાની ઈચ્છાવાળો મનુષ્ય જ જીર્ણોદ્ધાર કરવા તૈયાર થાય અને તેથી બીજાના ગુણોના પ્રકાશમાં પોતે રાજી છે એમ સ્પષ્ટ થાય છે અને તેથી તે જીર્ણોદ્ધાર કરાવવાવાળો બીજાના સદ્ગુણોના પ્રકાશનના અભિપ્રાયને લીધે ઉંચ ગોત્ર બાંધવાવાળો થાય.(અપૂર્ણ)

(અનુસંધાન પેજ - ૧૦૫)

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

## ભવિતવ્યતા મોક્ષ ન મેળવી આપે ?

स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादिनिश्चयं।
तत्त्वसंवेदनं सम्यग्, यथाशक्ति फलप्रदं॥

**સમય પણ પ્રમાદ ન કરવાની વારંવાર સૂચના!**

શાસ્ત્રકાર મહારાજા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં જ્ઞાનાષ્ટકમાં પ્રથમ જણાવી ગયા કે લૌકિક કે લોકોત્તર દૃષ્ટિએ અર્થાત્ ઉભયદૃષ્ટિએ જ્ઞાનનું પ્રાધાન્ય સ્વીકારવામાં આવ્યું છે, કેમકે જ્ઞાન વિના કોઈને ચાલી શકે તેમ નથી, એ જ્ઞાન જો કે સંસારચક્રના ક્રમની અપેક્ષાએ દુર્લભ છે. આત્મા સૂક્ષ્મ એકેન્દ્રિયમાં અનાદિકાલથી રખડયો, બાદરપણાનો ત્યાં ખ્યાલ પણ નહોતો, તો તે મેળવવાની ઈચ્છા તો હોય જ ક્યાંથી ? ઈચ્છા જ નહોતી તો સાધન ક્યાંથી થાય કે તે મળે ? કોઈક ભવિતવ્યતાને જોગે કે જોરે જીવનું બાદરમાં આવવું થયું, અહિં ભવિતવ્યતા જ મનાય, કેવલ ભવિતવ્યતાને અહિં જ લાગુ પડાય. સૂક્ષ્મપણામાં સ્થિત આત્મા બાદરપણામાં આવવાનો પરિણામ ધરાવે એવી ત્યાં કોઈ સાધુએ પ્રેરણા કરી નથી. કે જીવે ધારણા પણ કરી નહોતી સૂક્ષ્મમાંથી બાદર એકેન્દ્રિય નિગોદમાં આવ્યો, એમ જ ત્યાંથી પ્રત્યેકમાં આવ્યો, એમ આગળ વધતાં વધતાં પંચેન્દ્રિયસંજ્ઞિમનુષ્ય થવાનો વખત આવ્યો, આ તમામ સ્થાને ભવિતવ્યતા જ અનુકૂલ થઈ અને જેણે છેલ્લે મનુષ્યપણું પણ મેળવી આપ્યું. બાદરપૃથ્વીકાયાદિમાં પણ સૂક્ષ્મમાં જવાનાં બારણાં બંધ નહોતાં. ચકર ચકર ભમવું તેમાંથી નીકળવાનો એ એક જ રસ્તો છે, તક મળે કે નીકળે એ ડાહ્યો! ભગવાન સ્વમુખે ફરમાવે છે કે - 'હે ગૌતમ ! પૃથ્વીકાય, અપ્કાયાદિમાં ગયા કે પાછું આટલું રખડવું પડે છે માટે સમય પણ પ્રમાદ ન કરીશ, કારણ કે રખડપટ્ટી પ્રમાદથી થાય છે.' દરેક સ્થળે

ભવિતવ્યતા અનુકૂલ થવી મુશ્કેલ છે. ડુબે એટલા બધા મરતા નથી, તેમાંથી એક બે જીવે પણ છે, સેકંડે એકાદ બે બચે છે એ જોઈ આપણે ડુબવાથી ડરી ત્યાં જતા નથી એ ચોક્કસ છે. જ્યારે અહિં તો અનંતાએ એક બે બચે છે તો પછી તેમાંથી બચવાનો શો ભરોસો ? માટે કહે છે કે ભવિતવ્યતા જબ્બર કે જેણીના જોરે સૂક્ષ્મમાંથી બાદરમાં, વળી ત્યાંથી પ્રત્યેકમાં, યાવત્ પંચેન્દ્રિયમાં આવી સંજ્ઞી મનુષ્ય થયા. દ્રવ્યથી પણ શાસ્ત્રજ્ઞાન અહિં જ છ. આ બધી વિચારણા કરતાં દ્રવ્યથી પણ શ્રુતજ્ઞાન મળવું તે પણ મુશ્કેલ છે.

**ભવિતવ્યતા મોક્ષ ન મેળવી આપે ?**

પ્રશ્ન :- જે ભવિતવ્યતાએ આટલું બધું કર્યું તે ભવિતવ્યતા શું મોક્ષ ન મેળવી આપે ? સમાધાન - માતાનું ધાવણ નાનાં બચ્ચાંને મળે, માતા ધાવણથી ધાવવા યોગ્ય બચ્ચાંને પોષે અને એને એ શોભે, ધાવણથી પોષણ એમનું જ થઈ શકે, પણ એની વય વધી, પછી તો એ ધાવણ એને ન મળે, અને ન શોભે અને એનાથી એનું પોષણ થાય પણ નહિં, એ રીતે અહિં પણ સૂક્ષ્મમાંથી અહિં સુધી ભવિતવ્યતા લાવી શકે, પણ મોક્ષ એ નહિં મેળવી આપે, સ્વર્ગ, મોક્ષ વગેરે તો એને મેળવવાનાં કારણ વડે મળશે. એ મેળવવામાં ભવિતવ્યતા કામ નહિ લાગે, તે વખતના પરિણામ અને નિર્જરા કરાવનાર ભવિતવ્યતા. પણ અહિં નહિં. અહિં તો દેવગતિનું, નરકગતિનું આયુષ્ય બાંધવાનાં કારણો બતાવ્યાં, મનુષ્યગતિમાંથી તિર્યંચગતિ થવાનાં કારણો બતાવ્યા, પણ સૂક્ષ્મમાંથી બાદર કેવી રીતે થયો તેનાં કોઈ તેવાં કારણો શાસ્ત્રમાં બતાવ્યાં નહિ. કેમકે ત્યાં તેવા કારણનો અભાવ છે. માટે ભવિતવ્યતા જ ત્યાં બતાવી. મોટી ઉમરનો મનુષ્ય ચાવ્યા વગર જીવવા માગે તો ? એ એમ કહે કે - "નાનો હતો ત્યારે ચાવતો નહોતો, તો હવે શું કરવા ચાવું ?" તો શું કહો ? કહો કે તે શોભે પણ નહિ અને ચાલે પણ નહિ, એ જ રીતે સંજ્ઞી મનુષ્ય થયા પછી ભવિતવ્યતાનો જ આધાર રાખવા જાય તે ચાલે પણ નહિં અને શોભે. પણ નહિ. દેવલોક, નરકગતિ કે મોક્ષ ભવિતવ્યતાથી ન મળી શકે.

હવે તો દેવલોક, નરકગતિ કે મોક્ષ મેળવવા માટે કારણ જોઈશે, ભગવાન શ્રી મહાવીરદેવના અને ગોશાળાના મતમાં રહેલો ફરક વિચારો નિયતિવાદ એટલે જે કાલે જે બનવાનું હોય તે બનવાનું જ. એવો મત ગોશાળાનો હતો.

**अत्यिवीर ये**

ભગવાન મહાવીર મહારાજાનો મત તો - મોક્ષનાં સાધન તરીકે - આત્માની ઉન્નતિનાં સાધન તરીકે કર્મ, બલ, વીર્ય, પુરૂષકાર પણ છે. ભવિતવ્યતા આપણે વિચારી ગયા ત્યાં સુધી ખરી, પછી એકલી ભવિતવ્યતાને વળગી રહે ચાલે નહિ.

પ્રશ્ન - ભવિતવ્યતા સાધન તો મેળવી દે ને? એટલે ભવિતવ્યતા હોય તો સાધન મળે ને સમાધાન ના ! એમ નહિ, દુષ્કૃત ગર્હનાદિ સાધનોથી ભવિતવ્યતાને હવે તો પરિપક્વ કરવાની. જેમ કેરીઓ કેટલીક ઝાડે પાકેલી હોય, અને કેટલીક ઉદ્યમથી પ્રયત્નથી પકાવેલી હોય. એકેન્દ્રિયપણા

વગેરેમાં હતા ત્યાં ભવિતવ્યતા એની મેળે પાકવાની (પાકતી) હતી, હવે પ્રયત્નથી પકવવાની છે, સૂક્ષ્મમાં હતા તે વખતે બાદરપણું કેમ મળે એ વિચાર પણ નહોતો, ત્યાં તો રખડપટ્ટીથી જ ભવિતવ્યતા પાકવાની હતી. અહિં હવે જેઓ ઈશ્વરને કર્તા માને છે ત્યાં પણ માન્યતા એ જ કે ઈશ્વર તો અનાજ પકવે, પણ રોટલી રોટલા તો માણસે જ ઘડવાના ? એ ઘડવા કાંઇ ઈશ્વર નહિં આવે. એ રીતે ભવિતવ્યતાએ તમને મનુષ્યપણા સુધી લાવીને મૂકયા, હવે મોક્ષ મેળવવાનો ઉદ્યમ તમારે કરવાનો છે.

**सम्यग्ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः** એમ કહ્યું છે, પણ **सम्यग्ज्ञानदर्शनचारित्र-भविव्यता मोक्षमार्गः** એમ નથી કહ્યું, શ્રી જિનશાસનને જાણનારો તથા માનનારો તો સમજે છે કે ભવિતવ્યતાનો પરિપાક આપણે પોતે કરવાનો છે, એ થાય કે આપો આપ મોક્ષ માર્ગ અને મોક્ષ. ગોશાળાના તથા શ્રી મહાવીર મહારાજાના મતમાં આ ફરક છે. આ ઉપરથી શ્રી જિનેશ્વરનું શાસન-દર્શન દ્રવ્યથી શ્રવણે પડવું પણ કેટલું મુશ્કેલ છે! તે વિચારો, કેટલા બધા લાંબા સમયે ભવિતવ્યતા અનુકૂળ થાય અને ક્રમે સંજ્ઞિપંચેન્દ્રિય મનુષ્ય થઈએ, પણ ત્યાં આ દર્શન કાને પડે તો કામ લાગે, ઈતરશાસ્ત્રો મગજમાં લીધાથી શું વળે ? આત્મકલ્યાણ બતાવનાર શાસ્ત્રપ્રરૂપક હોય તો કલ્યાણનો રસ્તો સૂઝે, જ્યાં સુધી કલ્યાણપ્રદ એવી પ્રરૂપણા આપણા કાને અથડાય નહિ ત્યાં સુધી કલ્યાણનો રસ્તો સૂઝેજ શી રીતે ? પૂર્વે આવી પ્રરૂપણા અનંતી વખત સાંભળી છતાં આના ફલમાં વાંધો શાથી આવ્યો ? કારણ એ કે ત્યાં સુધીનું જ્ઞાન એ માત્ર વિષયપ્રતિભાસજ્ઞાન હતું.

**ઠોઠ નિશાળીઆને વતરણાં ઘણાં ?**

કહેવત છે કે ઠોઠ નિશાળીઆને વતરણાં ઘણા? એ રીતે અત્યારે સામાન્ય રીતે માસ્તરો તથા ચોપડીઓ વગેરે વધ્યાં પણ ભણતર કેટલું વધ્યું ? ભણવામાં ધાર્મિક ધ્યેય મળે જ નહિ, પહેલાંના શિક્ષણમાં તો દૃષ્ટિ પણ ધાર્મિક હતી, પરિણતિ વિશુદ્ધ હતી, હૃદય ભદ્રિક હતું આ બધું કયાં ચાલી ગયું ? 'જીવા-જીવા પુન્નં' એ ગાથા ભણનારા વધ્યા, પણ પચાસ વર્ષ પહેલાં હતા તેમ આજે તેઓ સંવર કે નિર્જરા માટે તમન્ના ધરાવનાર થયા નહિ. તાત્પર્ય એટલું જ કે જ્ઞાન છે, પણ માત્ર વિષયપ્રતિભાસ છે, હેય, ઉપાદેયના વિભાગનો વિવેક ખ્યાલમાં આવતો નથી, અને એ રીતે તો કંઈક ઉન દશ પૂર્વ સુધી ભણે તો પણ અજ્ઞાન કહેવાય, નવતત્ત્વનું જ્ઞાન શબ્દાર્થમાં છે, પણ પરિણમનમાં થતું નથી. ચોવીશે કલાક નિર્જરા માટે તલપાપડ થવું જોઈએ એ પરિણતિ ક્યાં છે ? આજે જે જ્ઞાન મેળવવામાં આવે છે તે પરીક્ષા પાસ કરવા પૂરતું, પણ પરિણમ્યું કેટલું? જેને કેવલ શબ્દાર્થ જ ધારવા હોય, જેનું ધ્યેય કેવલ પરીક્ષા ઉપર જ હોય, આત્મકલ્યાણનું ધ્યેય જ ન હોય તે કંઈક ન્યૂન દશ પૂર્વ સુધી ભણે તો પણ તેનું જ્ઞાન માત્ર વિષયપ્રતિભાસ જ્ઞાન છે, આટલા માટે જ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ કહે છે કે જ્ઞાનના અહિં જે ત્રણ ભેદ કહેવામાં આવે છે તે સ્વરૂપની

અપેક્ષાએ નહિં, પણ પરિણતિની અપેક્ષાએ કહેવામાં આવે છે, જે જ્ઞાનને આત્માની જવાબદારીમાં ઉતારવામાં ન આવે તે જ્ઞાન વિષય પ્રતિભાસજ્ઞાન છે, જુઠા દસ્તાવેજ કરનારા, જુઠા સિક્કા પાડનારા કે ચોરી કરનારા, તે બધા પોતે જે જે ગુન્હાઓ કરે છે તે સજાપાત્ર છે એવો કાયદો જાણે તો છે, કાયદો પ્રજાની શાંતિ માટે છે એમ કાયદાની મતલબ પણ જાણે છે, પણ તેઓ કાયદાની મુરાદ બર લાવતા નથી, એ જ રીતે આપણે પણ મોક્ષની આવશ્યકતા જાણીએ, મોક્ષ વિના શાશ્વત સુખની સિદ્ધિ નથી એમ પણ જાણીએ, સંવર તથા નિર્જરાની એટલા માટે ખાસ અગત્ય છે, એ પણ જાણીએ અને બોલેયે આટલું છતાં ઉલટા બંધમાં રાચીએ માચીએ ત્યાં શું થાય ? આશ્રવ, અને બંધને છોડવા લાયક જાણ્યા છતાંય તેને સારા ગણીયે, ત્યારે કહેવું પડે કે આપણું આ જાતિનું જ્ઞાન તે વિષયપ્રતિભાસજ્ઞાન છે તે વિષયપ્રતિભાસજ્ઞાન એટલે કે માત્ર શબ્દાર્થ જ્ઞાન છે.

**મોક્ષની તમન્ના જાગી છે ?**

પછી તો બીજા મતવાળા જેમ જીવને માને છે તેમજ આપણે પણ માનીએ છીએ એમ ગણાય. શ્રીજિનોક્તમતે આપણે જીવને માનવાનો છે. જીવને સામાન્ય ચેતના સ્વરૂપ તો આખું જગત માને છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા જીવને કેવળજ્ઞાન સ્વરૂપવાળો માને છે. પાનું ફરે ત્યાં સોનું ઝરે ! માલિકના ધ્યાન બહાર ઉઘરાણી ન હોય, અથવા ક્યું લેણું મુદત બહાર જાય છે તે પણ ખ્યાલમાં જ હોય, એ સ્થિતિ હોય છે માટે તો કાળજીપૂર્વક નાણાં વસુલ થયે જાય છે, તેવી રીતે અહિં પણ આત્મા કેવલજ્ઞાન સ્વરૂપવાળો છે એમ ખ્યાલ આવે તો કેવલજ્ઞાન પ્રગટ કરવા તરફ લક્ષ્ય જાય, વિષયપ્રતિભાસજ્ઞાનમાં આ સમજાતું નથી, પરિણતિજ્ઞાન થાય છે ત્યારે સમજાય છે. કોઈ ચીજ પર પોતાનું નામ છાપ, કે સિક્કો જોવામાં આવે તો તેનો કબજો મેળવવા માટે કેટલી તાલાવેલી લાગે છે ? અનાદિકાલથી હું છું, ચેતનાવાળો છું એ ભાન થાય ? પણ શ્રીજિનેશ્વરદેવના શાસનમાં આવ્યા બાદ હું કેવલજ્ઞાન સ્વરૂપવાળો છું એ ભાન થાય, પછી એને પ્રગટાવવા એની તૈયારી કેટલી હોય ? ભૂખ લાગી છે, ખાવાનું પોતાના ડબ્બામાં પાસે છે, માત્ર કુંચીથી ખોલવાની ઢીલ છે તો ભૂખ્યો ઢીલ કરે? મોક્ષની તમન્ના જોઈએ, સમ્યગ્જ્ઞાનાદિ કુંચી મળી જાય તો કેવલજ્ઞાન હાથમાં છે, આત્માને કેવલજ્ઞાન સ્વરૂપવાળા જાણીએ તો તેની ઈચ્છા થાય. શ્રી જિનેશ્વરદેવને ઉપકારી શા માટે ગણીએ છીએ ? દેરાસર તથા ઉપાશ્રયનાં પગથીયાં શા માટે ઘસી નાખીએ છીએ ? આપણા કેવલજ્ઞાનનું હુકમનામું કર્મરાજાએ કબજામાં લીધેલું છે તે છોડાવવું છે. ત્રણ લોકના નાથ શ્રીજિનેશ્વરદેવ સિવાય આપણી મિલ્કત કર્મરાજાના પંજામાંથી કોઈ છોડાવી શકે તેમ નથી. દુનિયાદારીના રોડા કોઈના કબજામાંથી છોડાવવા આપણે વકીલ, કોર્ટ વગેરે કરીએ છીએ કેમકે એ જ એનો ઉપાય છે તેમજ આત્માનું સ્વરૂપ કેવલજ્ઞાન કર્મરાજા પાસેથી છોડાવી આપે તો

શ્રીજિનેશ્વરદેવ એકજ છે માટેજ એ દેવાધિદેવની ભક્તિ કરીએ છીએ, આરાધના કરીએ છીએ. દુનિયાદારીનો મનુષ્ય પોતાના જીવનને ચાહે તેના કરતાં સમકીતિ પોતાના કેવલજ્ઞાનને અનંતગુણું ચાહે છે, પોતે કેવલજ્ઞાનમય જીવન ન જીવે ત્યાં સુધી કર્મ રાજાનો કેદી છે એવી સમ્યગ્દૃષ્ટિની તો માન્યતા હોય છે, કર્મ રાજાની કેદમાંથી છોડાવનાર શ્રીતીર્થંકરદેવ ઉપર ભક્તિ કેમ ન જાગે ? પરિણતિજ્ઞાનવાળાને દેવતત્ત્વ પ્રત્યે અપૂર્વ શ્રદ્ધા હોય, અપૂર્વ ઉલ્લાસ ઉત્પન્ન થાય, અપૂર્વ ભક્તિ જાગે.

આખા કેસમાં કાંઈ વકીલો જ કામ નથી કરતા, મુખ્ય કામ સિવાય બાકીનું તમામ કામ તો ક્લાર્કો કર્યા કરે છે, તેમ સર્વકાલમાં શ્રીતીર્થંકર દેવની હયાતી હોતી નથી, એમના પ્રતિનિધિઓ ગુરૂ છે, આત્માને પોતે કેવલજ્ઞાન સ્વરૂપ જાણતા હોય, માનતા હોય, કર્મના કબજામાંથી છુટવા રાત દિવસ જેઓ મથતા હોય તથા અન્યને એ દિશા બતાવતા હોય તેવા શ્રીજિનેશ્વરદેવના આડતીયા કહો કે શીરસ્તેદાર કહો તે ગુરૂ મહારાજ, કર્મના સાણસામાંથી છુટા જેનાથી થવાય તેવા અનુષ્ઠાનો તે જ ધર્મ. કર્મકટકને જેર કરનાર ધર્મ, જેર કરાવનાર ગુરૂ તથા તેના રસ્તા તૈયાર કરનાર દેવ પરિણતિજ્ઞાનવાળાને એ જ દેવગુરુની ભક્તિ એ અપૂર્વ સાધન છે.

**અભયકુમારની દીક્ષાએ ક્યા ક્યા પ્રસંગો ઉભા કર્યા ?**

શ્રેણિકમહારાજાના વ્હાલસોયાપુત્ર અને મુખ્ય પ્રધાન અભયકુમારની દીક્ષાનો પ્રશ્ન બરાબર વિચારો ! એક અભયકુમારની દીક્ષાએ આખા જગતનું નખોદ વાળ્યું, કેમ ? અભયકુમારે દીક્ષા લીધી એટલે રાજ્યની લગામ કોણિકના હાથમાં આવી, પછી હલ્લવિહલ્લ પાસેથી હાથી તથા અઢારસેરવાળો હાર માગવાનો પ્રસંગ કોણિકે ઉભો કર્યો, તેથી હલ્લ વિહલ્લ ચેડા મહારાજને ત્યાં ગયા, શરણે આવેલાને તેઓ એટલી હદ સુધીનો આશ્રય આપતા હતા કે 'શરણાગતવજ્રપિંજર' એવું એમનું બિરુદ હતું. અર્થાત્ શરણે આવેલા માટે તેઓ વજ્રના પાંજરા સમાન હતા. રાજા કોણિકે હલ્લ વિહલ્લનો કબજો માગ્યો, ચેડારાજાએ શરણાગતનો કબજો ન આપતાં તુમુલ યુદ્ધ થયું. ઓગણીશ રાજ્ય નાશ પામ્યા, આ બધું શાથી ? એક અભયકુમારની દીક્ષાથી ને ? જો અભયકુમારે દીક્ષા ન લીધી હોત તો આમાંના એક પણ પ્રસંગને સ્થાન હોત ? આ તો જગતને અંગે વિચાર્યું, હવે શ્રેણિકમહારાજને અંગે વિચારીએ, શ્રેણિકને કોણિક કેદમાં પૂરે છે તથા રોજ સવારે, બપોરે તથા સાંજે સો સો કોરડા મારે છે, શ્રેણિક રાજા કોણ ? અઢાર દેશનો રાજા અને તે પણ જેવો તેવો નહિ ! ભલભલા રાજવીઓના માનને મર્દન કરનાર તેવા રાજાની આ દશા થાય છે, આનું પણ મૂળ વિચારાય તો એક અભયકુમારની દીક્ષા છે, જો અભયકુમારે દીક્ષા લીધી ન હોત તો આમ બનત કે ? પોતાની રાજ્યભ્રષ્ટતા, કારાગૃહવાસ, રોજ સો કોરડા ખાવાનું પારાવાર સંકટ, તુમુલ યુદ્ધ, તેમાં ઓગણીશ રાજ્યોનો નાશ, તેમાં કરોડો જીવોનો ઘાણ, આ બધું જોતાં શ્રેણિકરાજાને ભગવાન મહાવીરદેવ પ્રત્યે

કેટલું ઝેર વરસવું જોઈએ, કેમકે અભયકુમારને દીક્ષા આપનાર ભગવાન સ્વયં હતા, પણ એ ભાગ્યવાનના એક રૂંવાડામાં પણ એમ નથી થતું કે 'અરર! અભયે કેમ દીક્ષા લીધી!' અભય કુમારની દીક્ષા પછી આ બધા બનાવો બનશે એમ જ્ઞાનથી શ્રીમહાવીર મહારાજા જાણતા હતા છતાં દીક્ષા કેમ આપી ? એવો વિચાર શ્રેણિકે ન કર્યો. આત્મકલ્યાણ પાસે જગતના સર્વ પદાર્થોની કિંમત એક રતિ જેટલી પણ નથી, વીતરાગમાર્ગને અનુસરનારાઓને જગતના બનાવની કિંમત નથી. પોતાનું કે ચેડા મહારાજનું કે જગતનું શું થાય તે જોવા કરતાં અભયનું કલ્યાણ કેમ થાય એ જોવાનું ભગવાનનું કામ છે, એમ શ્રેણિકમહારાજા જાણતા હતા. શ્રેણિકરાજા કેદમાં પુરાયા, કોરડા રોજ રોજ ખાધા, છેવટે ઘણથી મરવાની દહેશતથી વિષથી મુઆ-આટલી હદે પહોંચવા છતાં એમની શ્રદ્ધા ચલાયમાન થઈ નથી, ત્યારે જ તેઓ ક્ષાયિક સમ્યક્ત્વના સ્વામી કહેવાયા.

## जीवो जीवस्य जीवनं નો વાસ્તવિક અર્થ કયો ?

**ઈશ્વરમાંથી અવતાર કે અવતારમાંથી ઈશ્વર? जत्तियावारा નો જતિએ અર્થ કર્યો એવો અર્થ जीवो जीवस्य जीवनं નો કરવો છે ?**

શાસ્ત્રકાર મહારાજા શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ કરતાં થકા આગળ જણાવી ગયા કે અન્યત્ર જ્ઞાનના ભેદો સ્વરૂપભેદે જણાવવામાં આવે છે, ત્યાં મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન એ પાંચ ભેદોની ગણના છે, પણ અત્ર (જ્ઞાનાષ્ટકજીમાં) જ્ઞાનના ભેદ સ્વરૂપભેદે કહેવાના નથી, પણ પરિણતિની અપેક્ષાએ ભેદો કહેવાના છે. માત્ર શબ્દાર્થ પૂરતું જ્ઞાન તે વિષય પ્રતિભાસજ્ઞાન, જવાબદારીમાં ઉતારાતું જ્ઞાન તે પરિણતિજ્ઞાન તથા પ્રવૃત્તિવાળું થાય તે તત્ત્વસંવેદનજ્ઞાન. પરિણતિની અપેક્ષાએ જ્ઞાનના આ ત્રણ ભેદો જાણ્યા પછી દરેકનું સ્વરૂપ જાણવું જોઈએ.

જીવવિચારનું જ્ઞાન એટલું મેળવ્યું હોય કે, એ ગોખણપટ્ટી એટલી હદે કરી હોય કે, સ્વપ્નમાં

પણ સ્થાવરના પાંચભેદ બોલી જઈએ. પણ એવા પોપટીયાજ્ઞાનને વિષયપ્રતિભાસજ્ઞાન કહેવાય છે, જેમ સિદ્ધસ્થાનમાં રહેલો જીવ કેવલજ્ઞાનસ્વરૂપવાળો છે, તેમજ મારો જીવ પણ કેવલજ્ઞાન સ્વરૂપવાળો છે અને એ જ રીતે જગતના આ તમામ જીવો પણ કેવલજ્ઞાનસ્વરૂપવાળા છે, માટે અન્ય જીવોની વિરાધના કવી, કિલામણા કરવી, તેમનો ઘાત કરવો, નાશ કરવો એ તમામ મારા પોતાના આત્માને પાપમાં રગડોળાવનાર છે - લેપાવનાર છે, અન્ય જીવોને નુકશાન કરવાનો મને હક શ્યો ? **जीवो जीवस्य जीवनं** ને ફાવતા અર્થમાં ઘટાવી અન્યમતવાળાઓએ તો માન્યું- મનાવ્યું કે એને મરાય, રંધાય, ખવાય તેમાં અડચણ નથી, ફાવતા જ અર્થ કાઢવા હોય ત્યાં વાસ્તવિક દલીલો વ્યર્થ છે, એક ગામમાં એક જતિ ગયો અને પોતાને જમવા માટે ગામમાં વારા માગ્યા, ગામના શ્રાવકો નવાઈમાં પડ્યા અને પૂછયું કે - 'આવા વારા વળી ક્યાંથી કાઢ્યા ?' જતિએ તરત કહ્યું કે - "સામાયિક ભણ્યા છો કે નહિ ? એના સૂત્રમાં સ્પષ્ટ છે કે - **जत्तियावारा** સામાયિકમાં **सामाइय जत्तियावारा** એ પાઠ આવે છે અને તેનો અર્થ "સામાયિક જેટલી વાર થાય" એવો છે. સળંગ અર્થ એવો છે કે સામાયિકમાં જેટલો વખત જાય તેટલો વખત અશુભને છેદનારો છે, આવા સીધા અર્થને પડતો મૂકીને ગામને ઉંધા પાટા બંધાવવા માંડ્યા કે સામાયિકમાં પણ જતિના વારા નક્કી કરેલા છે, એવીજ રીતે **जीवो जीवस्य जीवनं** નો સીધો, સાદો અને સાચો અર્થ ધ્યાનમાં ન લેતાં ફાવતો અર્થ ઘટાવે ત્યાં શું થાય ? (અપૂર્ણ)

(અનુસંધાન પેજ - ૮૦)

(અનુસંધાન પાના ૬૮ નું ચાલુ)

અને તે માલમ પડવાથી પોતાનું કર્તવ્ય અવશ્ય બજાવે અને તે બજાવે તો જ વિનયવાળો કહેવાય, પરંતુ કેટલીક વખત ભગવાન આર્યરક્ષિતસૂરિજીને પોતાના પિતાને માર્ગે લાવવાની વખતે જેમ માત્ર સૂક્ષ્મક્રિયારૂપી ઈંગિતજ થયું હતું, તેવી રીતે ઈંગિત ક્રિયા પણ ગુરૂ મહારાજની જે થાય તે સમજીને તે પ્રમાણે વર્ત્તવાવાળો શિષ્ય જ વિનીત કહેવાય.

આ ઉપર જણાવેલા શ્રીઉત્તરાધ્યયન સૂત્રના કથનથી વિનેય (શિષ્ય)નાં લક્ષણો સમજી શકાય તેમ છે, છતાં તે લક્ષણો વિસ્તારથી હોવાથી નીચે જણાવેલાં વિનેયનાં લક્ષણો પણ ધ્યાનમાં રાખવાં.

૧ પોતાનો આત્મા (મન વચન અને કાયા) ગુરૂને અર્પણ કરેલાં હોય ૨ ગુરૂના ઉપદેશને અનુસારે જ ચાલનારો હોય આ બે વસ્તુ જેનામાં હોય તેને પણ વિનેય એટલે શિષ્યનું લક્ષણ પ્રાપ્ત થયું છે એમ કહી શકાય.

(અનુસંધાન ટાઈટલ ચોથાનું ચાલુ)

૨ ઉપર જણાવેલા ગુરૂ મહારાજના નિર્દેશને અમલમાં મૂકવાવાળો. (પોતાને અંગે જે કંઈ કરવાનું વિધાન સાક્ષાત્ અને વર્ત્તમાન કાળમાં ગુરૂ મહારાજજી જણાવે અને તે કાર્ય બજાવવામાં આવે તો આજ્ઞા કરી એમ ગણાય અને ભવિષ્યને માટે કે સમુદાયને માટે કે બીજા કોઈ શાસનના કાર્યને માટે જે હુકમ ઉપર જણાવેલા ગુરૂ મહારાજ કરે અને તે બજાવવામાં આવે તો નિર્દેશને કરનારો ગણાય. કેટલીક જગા પર આજ્ઞા અને નિર્દેશનું જુદાપણું નથી રખાતું અને ત્યાં ગુરૂ મહારાજે કરેલો આજ્ઞાનો જે નિર્દેશ તેને કરનારો હોય તે વિનીત કહેવાય એમ જણાવવામાં આવે છે.

૩ ઉપર જણાવેલા ગુરૂઓની નજીકમાં એટલે દૃષ્ટિમાં બેસનારો હોય (પરંતુ ગુરૂ મહારાજના હુકમને બજાવવો પડશે એવા ભયથી ગુરૂ મહારાજની દૃષ્ટિથી દૂર બેસનારો ન હોય.)

૪ જગતમાં કેટલાંક કાર્યો એવા હોય છે કે, જેમાં ગુરૂ મહારાજને આજ્ઞા કે નિર્દેશ કરવાનું શિષ્યને અંગે ન બને તો પણ શિષ્યની વિનયને અંગે ફરજ છે કે દેશ, કાળ, અવસ્થા વિગેરે ગુરૂ મહારાજની જે હોય તે તપાસીને ગુરૂ મહારાજના હુકમ કે નિર્દેશ સિવાય પણ તે દેશાદિકને અનુસારે કાર્ય કરવાની જરૂર પડે, અને તેવી રીતે જે દેશાદિકને અનુસારે ગુરૂ મહારાજને અંગે વગર આજ્ઞા નિર્દેશે યોગ્ય પ્રવૃત્તિ કરે તે જ વિનયવાળો કહેવાય. આવી રીતની આજ્ઞા અને નિર્દેશ વગર પણ પ્રવૃત્તિ કરવાનું તેજ શિષ્યથી બને કે જે ગુરૂ મહારાજની સૂક્ષ્મચેષ્ટાથી પણ તે તે દેશ, કાળ, અને અવસ્થાને લાયકનાં કાર્યો કરવાનું સમજી શકે અને તે બજાવી લે. એટલે ગુરૂ મહારાજની ઈંગિત ક્રિયાને સમજનારો જ વિનયવાળો ગણાય.

૫ ઉપર જણાવ્યા પ્રમાણે સૂક્ષ્મક્રિયાથી જેમ કર્ત્તવ્યને જાણે, તેવી જ રીતે નેત્ર મુખ મસ્તક-હસ્ત વિગેરે દ્વારાએ થતા આકારોથી પણ દેશ, ક્ષેત્ર, કાળ અને અવસ્થાને લાયક ગુરૂ મહારાજને અંગે કરવા લાયકનાં કૃત્યો જાણે અને બજાવે તે જ વિનયવાળો કહેવાય. જ્વરાદિથી જ્યારે વ્યાપેલું શરીર હોય, ચક્ષુની વેદના હોય, મસ્તકનો દુઃખાવો હોય, જઠરનો વ્યાધિ હોય, પગની વ્યથા હોય એ વિગેરે અવસ્થામાં જરૂર શરીરના આકારનો ફરક પડે છે, અને તેથી ગુરૂમહારાજ તેને અંગે કર્ત્તવ્યતા બતાવે નહિં, અને સહન કરવામાં નિર્જરા છે એમ ધારી સહન કરે તો પણ શિષ્યને તે જરૂર માલમ પડે

(જુઓ અનુસંધાન પાનું ૬૭)

## -: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-
સ્પર્શી વાચનનો ગ્રંથ
તે જ આ શ્રીસિદ્ધચક્ર
(પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ
પુસ્તકાલય
ગોપીપુરા,
સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે
પાંચ આના કમીશન
આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષ્કરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

## ❀ વિનેય (શિષ્ય) કોને કહેવો ? ❀

જૈનજનતામાં સામાન્યરીતે સામાયિક પ્રતિક્રમણ વિગેરે ક્રિયાઓ કરવામાં આવે છે, ત્યારે જો યાવત્કથિક એવી અક્ષાદિકની સ્થાપના નથી હોતી એટલે, સ્થાપનાચાર્ય ત્યાં હોતા નથી તો પુસ્તક આદિક સ્થાપન કરવામાં આવે છે અને તે પુસ્તકાદિકની ઈત્વરિક (થોડાકાલની) સ્થાપના કરતાં પંચપરમેષ્ઠિમંત્રરૂપ જે નમસ્કારમંત્ર અને પંચિંદિઅસંવરણો સૂત્ર બોલવામાં આવે છે, એટલે મુખ્યતાએ જો કે ત્યાં આચાર્યની સ્થાપના ગણવામાં આવે છે, અને આચાર્ય ભગવંતોના ગુણો ૩૬ x ૩૬ એટલે છત્રીસ છત્રીસીઓ અર્થાત્ બારસોને છન્નું ગણવામાં આવે છે એટલે તે ગુણો ગુરૂગુણષટ્ત્રિંશિકા નામના ગ્રંથમાં વિસ્તાર વ્યાખ્યા સાથે, અને શ્રીહરિભદ્રસૂરિજી મહારાજે કરેલા સંબોધપ્રકરણમાં મૂલગાથા રૂપે જણાવવામાં આવેલા છે, પરંતુ તે બારસો છન્નુ ગુણોની છત્રીસ છત્રીસીઓમાંથી આ પંચિંદિઅસંવરણો (પંચેન્દ્રિયસંવરણ) વાળી છત્રીસી એટલી બધી સાધારણ છે કે જે છત્રીસી પાળવાની ફરજ આચાર્ય ભગવંતની ગણાય તે જ છત્રીસી ઉપાધ્યાય મહારાજા અને સાધુ મહાત્માઓને પણ ફરજીયાતપણે પાળવાની છે. એટલે આચાર્ય ઉપાધ્યાય અને સાધુએ ત્રણે પદરૂપી ગુરૂતત્ત્વને ઓળખવા માટે તો તે જ સૂત્ર અસાધારણ ઉપયોગવાળું છે, પરંતુ સામાન્યસાધુ કે જેને શિષ્ય તરીકે ગણવામાં આવે છે તેને ઓળખવા માટેનું વિશેષલક્ષણ અહોરાત્રની ક્રિયામાં જોડાયેલા કોઈ સૂત્રથી માલમ પડે તેમ નથી, જો કે શાસ્ત્રકારો આચાર્ય અને ઉપાધ્યાય સિવાયના એટલે પાંચપદસ્થો સિવાયના સાધુ વર્ગને વિનેયતરીકે ઓળખાવે છે અને તેથી જ શ્રીઉત્તરાધ્યયન સૂત્રની શરૂઆતમાં જ વિનીતનું એટલે વિનયવાળા શિષ્યનું લક્ષણ જણાવવામાં આવ્યું છે, શ્રીઉત્તરાધ્યયનમાં જણાવેલાં લક્ષણોનું નીચે પ્રમાણે **નવનીત તરી આવે છે.**

૧ જે ગુરૂમહારાજની (આચાર્ય - ઉપાધ્યાય - પ્રવર્તક - ગણાવચ્છેદક - ગણધર - સ્થવિર કે જે કોઈ સમુદાયનો નાયક હોય તેમની) આજ્ઞા એટલે હુકમને બજાવવાવાળો હોય.

(જુઓ અનુસંધાન પાનું ૬૮)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-,
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥

વર્ષ : ૮ અંક : ૪

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦ } તા. ૧૦-૧૨-૩૯ રવિવાર કિંમત ૧॥ આનો

# ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૩-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૧-૦-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮ કાર્તિક વદી અમાવાસ્યા, મુંબઈ, અંક - ૪

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી


### ઉદ્દેશ

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

## आत्मवत् सर्व भूतेषु.... ખરો દૃષ્ટા કોણ ?

નીતિકારોનો એ શ્લોક ઘણોજ પ્રસિદ્ધ છે, કે **आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति।** અર્થાત્ 'ખરેખર દેખનારો તે જ ગણાય કે સર્વ જગતના જીવોમાં પોતાના આત્મા જેવી દૃષ્ટિ રાખે' આ વાક્ય આમ ઉપરથી નિર્દોષાભાસ છે, પણ ભૂલામણી કરાવે છે, ઠગાવે છે, અરે ! મહા અનર્થ કારક છે એ બહુ ઓછા જ જાણતા હશે. વિચારો કે પોતે વિદ્વાન હોય તો બીજાને વિદ્વાન્ સમજવો ? પોતે ધની હોય તો સર્વને શું ધની જ સમજવા ? રોગી, શોકવાળો વગેરે સર્વમાં વિચારી લો કે સર્વને પોતાના સમજ ગણવાને ? જુલમ થયો !!! એવું જૈનો તો શું પણ વિચારશીલ અન્ય કોઈ પણ વ્યક્તિ ન માને !!! આ બધો અનર્થ ટાળવા કલિકાલ સર્વજ્ઞ ભગવાન હેમચંદ્રસૂરીશ્વર મહારાજે બતાવી આપ્યું કે ભાઈ ! વાત સાચી પણ શામાં સરખા માનવા ? **आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये** આ વાક્ય જ માનો તો જ બધું સમજાશે, અર્થાત્ પોતાને જેમ સુખ તરફ પ્રીતિ છે, સુખ મેળવવા પોતે ઈચ્છે છે, એવી રીતે સારૂંય જગત સુખ તરફ પ્રેમ રાખે જ છે, સુખ મેળવવા ઈચ્છે જ છે, તે જ પ્રમાણે પોતાને દુઃખ ઉપર અપ્રીતિ, દુઃખથી છૂટવાની ઈચ્છા છે તેમ આખા જગતને દુઃખ તરફ અપ્રીતિ અને દુઃખથી છૂટવા ઈચ્છા છે, આવું જે માને એટલે આવી રીતે પોતાની માફક સર્વભૂતમાં દેખે તે ખરેખર દેખનારો છે!! તે જ જ્ઞાની છે !!!

# સાગર સમાધાન

પ્રશ્ન - ૨૦ આચાર્ય ભગવાન હરિભદ્રસૂરીજીએ શ્રી તત્ત્વાર્થસૂત્રની ટીકામાં વરબોધિથી શરૂ કરીને જે અનેકભવોમાં ભાવિતભાવપણું જણાવ્યું છે તે શુભકર્મ આસેવનની અપેક્ષાએ છે કેમકે ત્યાં **भूतव्रत्यनुकम्पा०** એ શ્રીતત્ત્વાર્થસૂત્રનું સૂત્ર શુભકર્મને માટે જણાવ્યું છે, વળી આચાર્ય શ્રીસિદ્ધસેન-સૂરિજીએ સામાન્યપણે એટલે નિરંતરપણે અર્થાત્ અવધિ કર્યા વિના પણ જે સમ્યક્ત્વ પછી શુભકર્મના આસેવનદ્વારાએ ભગવાન મહાવીર મહારાજનું ભાવિતભાવપણું જણાવ્યું છે તે પણ **भूतव्रत्यनुकम्पा०** એજ સૂત્રથી જણાવ્યું છે, અર્થાત્ વરબોધિથી કે સમ્યક્ત્વથી જ પરોપકારનો સંબંધ શરૂ થાય છે એમ માની શકાય નહિં.

સમાધાન - ભગવાન હરિભદ્રસૂરિજીએ અને આચાર્ય શ્રીસિદ્ધસેનસૂરિજીએ જે **यः शुभकर्मासेवनभावितभावो भवेष्वनेकेषु** એ ભાષ્યની કારિકાના પૂર્વાર્દ્ધની વ્યાખ્યા કરતાં શુભકર્માસેવનની વ્યાખ્યામાં **भूतव्रत्यनु-कम्पा०** એ સૂત્રની સહાયથી શુભકર્મ સાબીત કર્યું છે, આ સ્થાને પ્રથમ તો એ વિચારવાની જરૂર છે કે ભાષ્યકાર મહારાજ **भवेष्वनेकेषु** કહે છે, અર્થાત્ **भवेष्वशेषेषु** એમ કહી ભવચક્રના સર્વભવોમાં ભગવાન મહાવીર મહારાજનું શુભકર્માસેવનપણું નથી જણાવતા, એ તો સ્પષ્ટ જ છે. એટલે ભગવાન મહાવીર મહારાજા તીર્થંકર છતાં પણ અનાદિકાળ (નિગોદ)થી સર્વભવોમાં શુભકર્મવાળા જ હતા એમ માનવાને તો ભાષ્યકાર પણ તૈયાર થતા નથી, વળી શ્રીસિદ્ધસેનસૂરિજી કે જેઓ શુભકર્મની અવધિ તરીકે ભગવાન મહાવીર મહારાજાના આદ્યસમ્યક્ત્વને લે છે, તેઓ પણ આદ્યસમ્યક્ત્વ પછીના સર્વભવોમાં શુભકર્મનું આસેવન ભગવાન મહાવીર મહારાજે કર્યું હતું એમ જણાવતા નથી, શ્રીસિદ્ધસેનસૂરિજીએ પણ **बहुषु** એમ કહી સમ્યક્ત્વ અને તીર્થંકરપણાની વચ્ચે ભગવાન્ મહાવીર મહારાજા ઘણા ભવોમાં શુભકર્મથી ભાવિત હતા એમ જણાવ્યું છે અને આચાર્ય હરિભદ્રસૂરિજી મહારાજ તો ભગવાન મહાવીર મહારાજને અંગે શુભકર્મનું આસેવન કરવાની મર્યાદા વરબોધિથી જ શરૂ કરે છે. એટલે એમ કહીએ તો ચાલે કે વરબોધિ પ્રાપ્ત થવા પહેલાં ભગવાન મહાવીર મહારાજા શુભકર્મના આસેવનવાળા હોય તો પણ તીર્થંકરના ભવની પહેલાં નિરંતરપણે થયેલા ભવોમાં જેમ શુભકર્મના આસેવનવાળા હતા, તેવી રીતે વરબોધિ

પ્રાપ્ત થવા પહેલાં એટલે આદ્ય સમ્યક્ત્વ થયા પછીના તીર્થંકરના ભવ સુધીના થયેલા ભવોમાં સર્વત્ર શુભકર્મના આસેવનવાળા નહોતા, અને તેથી જ **वरबोधिलाभादारभ्य०** એમ સ્પષ્ટપણે લખીને બે વાત સ્પષ્ટ કરી દીધી કે ભગવાન મહાવીર મહારાજનો જીવ અનાદિથી કે આદ્યસમ્યક્ત્વથી સતતપણે શુભકર્મના આસેવનવાળો નહોતો, પરંતુ વરબોધિનો લાભ થયા પછી થયેલા ભવોમાં નિરંતરપણે શુભકર્મના આસેવનવાળો હતો, અને તેથી જ ભગવાન હરિભદ્રસૂરિજી અનેક શબ્દની અવતરણા કરતાં સ્પષ્ટપણે જણાવે છે કે એક જ ભવમાં શુભકર્માસેવનવાળા હતા એમ નહિં, તેમ બે ભવમાં જ માત્ર શુભકર્માસેવનવાળા એમ નહિં, એમ કહીને માત્ર ત્રણ ભવમાં જ શુભકર્માસેવન જણાવે છે, જો એમ ન હોત તો **नैकद्वयादिषु** એમ કહી એક બે વિગેરે ભવોમાં જ માત્ર શુભકર્માસેવનવાળા હતા એમ નહિ, એવી અવતરણા ત્રણ ભવરૂપી અનેક ભવ જણાવવાને અંગે કરત નહિં, ભગવાન હરિભદ્રસૂરિજી અને આચાર્ય શ્રીસિદ્ધસેનસૂરિજીની વ્યાખ્યાઓમાં શુભકર્મની અવધિ માટે આદ્ય સમ્યક્ત્વ અને વરબોધિ એમ અનુક્રમે લેવાય છે, છતાં હરિભદ્રસૂરિજી **आरभ्य** એવું કૃદન્ત વાપરીને નિરંતરપણું જણાવે છે અને શ્રીસિદ્ધસેન સૂરિજી સામાન્ય પંચમી વાપરીને ચાલે છે, એટલે નિરંતરપણું જણાવતા નથી. શુભકર્મ શબ્દની વ્યાખ્યા કરતાં જે તે બન્ને આચાર્ય મહારાજાઓએ **भूतव्रत्यनुकम्पा०** સૂત્ર મૂક્યું છે તે ઉપર વિચાર કરનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે સામાન્યરીતે સર્વજીવોની અનુકંપા અને વ્રતધારણ કરવાવાળા મહાપુરૂષોની અનુકંપા વિગેરેને તેઓ અહિં શુભકર્મ તરીકે જણાવે છે, સુજ્ઞમનુષ્ય સ્હેજે સમજી શકે તેમ છે કે જે મનુષ્યને જે મનુષ્યે ઉપકાર કરવો હોય અગર જે પ્રાણીને જે પ્રાણી ઉપર ઉપકાર હોય તે પ્રાણીએ તે પ્રાણી ઉપર અગર તે મનુષ્યે તે મનુષ્ય ઉપર જરૂર અનુકંપા તો ધારણ કરવી જ પડે છે, હવે જો આમ સમ્યક્ત્વથી સાન્તરપણે કે વરબોધિથી નિરંતરપણે સર્વજીવોની અને વ્રતિઓની અનુકંપારૂપી અને તે દ્વારાએ પરોપકાર કરવારૂપી કાર્ય આદ્યસમ્યક્ત્વ પછી સાન્તરપણે કે વરબોધિ પછી નિરંતર પણે થાય તો પછી અનાદિકાલથી યાવત્ નિગોદથી ભગવાન મહાવીર મહારાજનો જીવ પરોપકાર કરનાર એટલે ભૂતવ્રતિની અનુકંપા વિગેરેને ધારણ કરીને પરોપકારનાં કાર્યો કરનાર હતો એમ માની શકે જ નહિં, અને કદાચ ભગવાન મહાવીર મહારાજ તીર્થંકરનો જીવ અનાદિકાળથી એટલે ઠેઠ નિગોદવાસથી સર્વ જીવો અને વ્રતધારીઓની અનુકંપા સાથે પરોપકારવૃત્તિ ધારણ કરનારો હોય તો ભગવાન તત્વાર્થ ભાષ્યકારે, ભગવાન હરિભદ્રસૂરિજીએ અને

આચાર્યશ્રીસિદ્ધસેનસૂરિજીએ ભગવાન તીર્થંકરના ગુણની યથાસ્થિતપણે સ્તુતિ કરી છે એમ ન કહી શકાય, પરંતુ ન્યૂનતા કરીને હેલના કરી છે એમ કહી શકાય.

પ્રશ્ન - ૨૧ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જીવો વરબોધિ એટલે વિશિષ્ટ સમ્યક્ત્વ મેળવ્યા પછી જ નિયમિતપણે પરોપકારી થાય છે એ વાત સ્પષ્ટશબ્દોમાં કોઈ પણ ગ્રન્થકારે જણાવી છે ખરી ?

સમાધાન - ભગવાન હરિભદ્રસૂરિજી શ્રીઅષ્ટકજીનામના પ્રકરણની અંદર **वरबोधित आरभ्य परार्थोद्यत एव हि** આવી રીતે સ્પષ્ટ શબ્દોથી જણાવે છે કે ભગવાન જીનેશ્વર મહારાજાઓ વરબોધિ એટલે વિશિષ્ટસમ્યક્ત્વ પ્રાપ્ત થવા પહેલાં પરોપકારી હોય તો પણ તે નિયમિતપણે પણ હોય, પરંતુ વિશિષ્ટ સમ્યક્ત્વરૂપ જે વરબોધિ તે પ્રાપ્ત થયા પછી તો જરૂર પરોપકારમાં ઉદ્યમવાળા જ હોય છે, આ ભગવાન હરિભદ્રસૂરિજીના વચનને વિચારનાર જો સુજ્ઞ હશે તો કોઈ દિવસ પણ વરબોધિ પહેલાં કે આદ્યસમ્યક્ત્વથી નિરંતરપણે અગર અનાદિ કાળથી પરોપકારિપણાનું નિયમિતપણું છે એમ માનવાને તો તૈયાર થશે જ નહિં.

પ્રશ્ન ૨૨ - ઉપર જણાવવામાં આવેલો શ્રીઅષ્ટકપ્રકરણનો શ્લોક અર્ધો કહેવામાં આવ્યો છે, અને તેનો અર્થ ઉલ્ટો કરવામાં આવ્યો છે, તે શ્લોક આખો આ પ્રમાણે છેઃ-

**'वरबोधित आरभ्य, परार्थोद्यत एव हि तथाविधं समादत्ते, कर्म स्फीताशयः पुमान्॥१॥'**

આ શ્લોકનો અર્થ પણ જેઓ અનાદિકાળથી એટલે નિગોદવાસથી ભગવાન તીર્થંકરના જીવોને પરોપકારી માને છે તેઓ આવી રીતે કરે છે. "પરોપકારમાં જ તત્પર થયેલા એવા શુદ્ધ આશયવાળા પુરૂષો વરબોધિથી આરંભીને તીર્થંકર નામકર્મને બાંધે છે" એટલે આ અર્થ કરવાવાળાનો તાત્પર્યાર્થ એ છે કે અહિં **परार्थोद्यतः** એટલે પરોપકારમાં લીન એવો પુરૂષ એમ કહી પરોપકારનો તો માત્ર અનુવાદ જ કરવાનો છે, અર્થાત્ તીર્થંકર નામકર્મ બાંધવામાં પરોપકારની કારણતા જણાવવી નથી. પરંતુ તીર્થંકર નામકર્મ બાંધવામાં વરબોધિ લાભ થાય ત્યારથી શુદ્ધ આશય સહિતપણું થાય અને તેથી જ તે તીર્થંકર નામકર્મ બાંધે, આવી રીતે તે અનાદિકાળથી એટલે નિગોદવાસથી ભગવાન તીર્થંકરના જીવોને પરોપકારી માનનારાનું કહેવું થાય છે. એટલે તત્વાર્થ સૂત્રની વૃત્તિમાં ભગવાન હરિભદ્રસૂરિજીએ વરબોધિલાભ એટલે શ્રેષ્ઠ સમ્યક્ત્વની પ્રાપ્તિને જે મર્યાદા તરીકે લીધી છે તે જીવોની અને વ્રતધારિઓની અનુકંપાપૂર્વકની પરોપકારિતા માટે નહિં, પરંતુ બીજા શુભ કર્મોને માટે સમજવી.

સમાધાન - જીજ્ઞાસુ મહાશયે પ્રથમ તો તે વિચારવાની જરૂર છે કે તે અનાદિકાળથી એટલે નિગોદવાસથી તીર્થંકરના જીવો પરોપકારીજ હતા એવું શાસ્ત્રના એક પણ પુરાવા વગર ઠસાવવા તૈયાર થવાય છે તે અયોગ્ય છે અને ભગવાન હરિભદ્રસૂરિજીનો અષ્ટકજી પ્રકરણનો શ્લોક કે જેની ટીકા ભગવાન જિનેશ્વર સૂરિમહારાજે સ્પષ્ટ શબ્દોમાં કરી છે અને આગળ સમાધાનમાં જણાવ્યા પ્રમાણે જ તેનો અર્થ થઈ શકે અને કરવો પડે તેમ છે, છતાં ઉન્માર્ગના પોષક મનુષ્યો શાસ્ત્રના પાઠોને કેવા અવળા સમજાવે છે એ સ્પષ્ટ માલમ પડશે જુઓ તે શ્લોક અને ટીકા

वरबोधित आरभ्य, परार्थोद्यत एव हि।
तथाविधं समादत्ते, कर्म स्फीताशयः
पुमान्॥२॥

टीका :- वरबोधितो-विशिष्टसम्यग्दर्शनलाभात्, आरभ्य-तत्प्रभृति, परार्थोद्यत एव-परहित-करणोद्यमवानेव, नान्यथाविधः, पुमानिति योगः, आह च "अरहन्तसिद्ध" इत्यादि, हिशब्दो वाक्यालङ्कारे, तथा तत्प्रकारा विधा स्वभावो यस्य तत् तथाविधं, प्रकृतधर्म-देशनानिबन्धनं तीथकृन्नामकर्मेत्यर्थः, समादत्ते-बध्नाति, कर्म-अदृष्टम्, स्फीताशयः-उदाराभिप्रायः, पुमान्-पुरुषः, पुंग्रहणं मनुष्य-मात्रोपलक्षणं, न तु स्त्रीनिवृत्त्यर्थम्, नार्या अपि तद्बन्धकत्वात्, इति अ. ३१॥९७५०॥

ઉપર જણાવેલા શ્લોક અને ટીકાના પાઠનો અર્થ કરવા પહેલાં જીજ્ઞાસુને એટલું તો પૂછવાનું કે અનાદિકાળથી એટલે નિગોદવાસથી ભગવાન તીર્થંકરોના જીવને પરોપકારી જણાવનારાઓ ભગવાન તીર્થંકરના આદ્યસમ્યક્ત્વને અને વરબોધિને જુદા નથી જણાવતા એમ ખરું કે ? અર્થાત્ ભગવાન તીર્થંકરનું આદ્યસમ્યક્ત્વ તેને જ તેઓ વરબોધિ માને છે એમ ખરું ને ? અને હવે જો તેઓ આદ્યસમ્યક્ત્વને જ વરબોધિ માનતા હોય અને ભગવાન જિનેશ્વર મહારાજના જીવોને અનાદિકાળથી એટલે નિગોદવાસથી પરોપકારી જ હોય એમ માનતા હોય તો પછી તેઓને જરૂર એમ તો માનવું પડશે કે વરબોધિથી એટલે આદ્યસમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારથી ભગવાન તીર્થંકરના જીવો તીર્થંકર નામકર્મને નિકાચિત કરનારા હોય, કેમકે ઉપર જણાવેલા શ્લોકમાં તીર્થંકર નામકર્મના બંધના નિકાચનની મર્યાદા વરબોધિલાભથી શરૂ કરે છે, એટલે કહેવું જોઈએ કે તે ઉન્માર્ગભાષકને આ શ્લોકથી બેય બાજુ ફાંસી છે. કેમકે નથી તો તે આદ્યસમ્યક્ત્વ લાભ થાય ત્યારથી દરેક તીર્થંકરો તીર્થંકર નામકર્મ નિકાચિત કરે છે એમ માની શકે અને એમ ન માને તો તીર્થંકર નામકર્મ નિકાચિત કરવાની લગભગ વખતે જ સમ્યક્ત્વને વરબોધિ તરીકે કહી શકાય નહિં. આ વાત તો જિજ્ઞાસુના ધ્યાનમાં જ હશે કે તીર્થંકર નામકર્મનું નિકાચન દરેક

તીર્થંકર પોતાના છેલ્લા ભવથી પાછલા ત્રીજા ભવે જ કરે છે. કોઈપણ તીર્થંકર તીર્થંકરનામકર્મ નિકાચ્યા પછી ત્રણથી વધારે ભવવાળા હોય જ નહિ, વળી તીર્થંકર નામકર્મ નિકાચિત કરવાને માટે અરિહંત, સિદ્ધ આદિ વીશસ્થાનકોની આરાધના શાસ્ત્રકારોએ જગા જગા પર જણાવી છે. આટલી વાત જરૂરી હોવાથી જણાવીને હવે તે શ્લોક અને તે ટીકાનો અર્થ નીચે જણાવાય છે. કે જે ઉપરથી જિજ્ઞાસુને સ્પષ્ટ માલમ પડશે કે પોતે કરેલો અર્થ મૂલ અને ટીકાના અર્થથી વિરૂદ્ધ અને સર્વથા ખોટો છે અને અસમ્બન્ધ છે.

લોકાર્થ - **वरबोधित** :- એટલે વિશિષ્ટ પ્રકારનું સમ્યગ્દર્શન મળ્યા પછીથી **आरभ्य**- માંડીને એટલે લાગલાગટ શરૂ કરીને **परार्थोद्यत एव हि** જે બીજા જીવોના ઉપકારમાં જ લીન થયેલા એવા ભગવાન (અરિહંતાદિક વીશપદોની આરાધના દ્વારાએ જ પરોપકારમાંજ લીનપણું જેનું છે) **तथाविधं** પરોપકાર કરવા માટે જ કરાતી ધર્મદેશનાના સ્વભાવવાળું જે (કર્મ) તેને **समादत्ते** બાંધે છે (નિકાચિત કરે છે) **कर्म** કર્મ. **स्फीताशयः** ઉદાર અભિપ્રાય વાળો **पुमान्** એવો જે મનુષ્ય. આવી રીતે શ્લોકનો સ્પષ્ટ અર્થ છે. છતાં જેઓને એટલું પણ વિચારવું નથી કે જો ભગવાન તીર્થંકરના આદ્યસમ્યક્ત્વને વરબોધિ કહેવાતું હોત તો તીર્થંકર નામકર્મનું નિકાચન પહેલા સમ્યક્ત્વથી માનવું પડે અને તેથી ભગવાન્ ઋષભદેવજી મહારાજ વિગેરે જે તીર્થંકરોને ત્રણ ભવોથી વધારે ભવો થયેલા છે તેમને તીર્થંકર નામકર્મ નિકાચ્યા પછી વધારે ભવો થયા એમ માનવું પડે. હવે ઉપર જણાવેલી ટીકાનો અર્થ નીચે પ્રમાણે છે. **वरबोधितः- विशिष्टसम्यग्दर्शन-लाभात्,** ઉત્તમ પ્રકારનું સમ્યગ્દર્શન મળ્યું ત્યારથી **आरभ्य-तत्प्रभृति,** માંડીને (શરૂકરીને) **परार्थोद्यत एवपरहितकरणोद्यमवानेव** ભવ્યજીવોના હિત કરવામાં તત્પર એવો જ (હોય છે) **नान्यथाविधः** પરોપકારની દૃષ્ટિ વગરનો તો ન જ હોય (વાચકે ધ્યાન રાખવું કે જો અહિં પરોપકારની વિશિષ્ટતા ન જણાવવી હોત તો વરબોધિથી માંડીને પરોપકારીજ તીર્થંકરગોત્ર બાંધે, પરંતુ પરોપકાર કરવામાં તત્પર ન હોય એવો જીવ તીર્થંકર નામકર્મ ન બાંધે એમ અન્વય અને વ્યતિરેક બન્ને જણાવવાના હોત જ નહિં, જો વિશિષ્ટ સમ્યગ્દર્શન પછી જ પરોપકારીપણું ન થતું હોત તો જે જે વરબોધિવાળા તે તે પરોપકારી જ હોય, પરંતુ કોઈપણ વરબોધિવાળો જીવ પરોપકારીપણા સિવાયનો હોય જ નહિં આવી રીતે સ્પષ્ટ અન્વયવ્યતિરેક જણાવ્યા છે. તે જણાવત નહિં. **पुमानिति योगः** પુમાન્ શબ્દ શ્લોકને છેડે મૂકવામાં આવ્યો છે, છતાં તે શબ્દ અહિં આગળ લાવવો (એટલે વરબોધિથી આરંભીને જીવ પરોપકારમાં લીન જ થાય છે એમ જણાવે છે) **आह च 'अरहन्तसिद्ध' इत्यादि,** ઉપર જણાવેલી વાતમાં એટલે વરબોધિ પછી

પરોપકારી જ થાય છે એ વાતની સાબીતિમાં ટીકાકાર મહારાજા સાક્ષી આપતા કહે છે કે શાસ્ત્રકારોએ પણ કહેલું છે કે **अरिहंत सिद्ध** વિગેરે વીશ-સ્થાનકોથી જીવ તીર્થંકરપણું મેળવે છે (તીર્થંકર નામકર્મનો થયેલો બંધ તો વિખરી પણ જાય, પરંતુ આ વીશસ્થાનકદ્વારાએ પરોપકાર ઉદ્યતપણાને અંગે નિકાચિત કરેલું જિનનામ કર્મ જે હોય તે તો જરૂર ફળ જ આપે, પરન્તુ કોઈપણ પ્રકારે વિખરે નહિં, અને તેથી શાસ્ત્રકાર પણ **लहइ** એવું ક્રિયાપદ વાપરીને તીર્થંકરપણું પામે જ એવું જણાવે છે, પરંતુ **बंधइ** એવું ક્રિયાપદ કહીને માત્ર બંધ જણાવતા નથી, અને ભગવાન મહાવીર મહારાજ અને ભગવાન ઋષભદેવજી સરખાઓએ આદ્યસમ્યક્ત્વ મેળવ્યું તે ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું નથી એ ચોક્કસ જ છે, માટે ન તો તીર્થંકરોના આદ્યસમ્યક્ત્વને વરબોધિ કહી શકાય, અને પરાર્થઉદ્યતપણાને લીધે નિકાચિત થતું તીર્થંકર નામકર્મ હોવાથી ન તો અનાદિકાળથી એટલે નિગોદવાસથી તીર્થંકર ભગવાનના જીવો પરોપકાર કરવાવાળા હતા જ એમ કહી શકાય.) **हि-शब्दो वाक्यालङ्कारे हि** શબ્દ વાક્યના અલંકારમાં વાપર્યો છે. **तथा-तत्प्रकारा विधा-स्वभावो यस्य तत् तथाविधं प्रकृतधर्मदेशनानिबन्धनं तीर्थकृन्नामकर्मेत्यर्थः** તેવા પ્રકારની વિધા - એટલે રીતિ જેની છે તે તથાવિધ કહેવાય એટલે પરોપકારને માટે અપાતી ધર્મદેશનાનું કારણ એવું જે તીર્થંકરનામકર્મ **समादत्ते-बध्नाति** બાંધે છે (નિકાચિત કરે છે) **कर्म-अदृष्टम्** કર્મ એટલે અહિં ક્રિયા નહિં લેવી, પણ પુણ્ય કર્મ લેવું. **स्फीताशयः-उदाराभिप्रायः** સ્વાર્થદૃષ્ટિ વગરના પરોપકારરૂપી ઉદાર આશયવાળા **पुमान्-पुरुषः, पुंग्रहणं मनुष्यमात्रोपलक्षणं, न तु स्त्रीनिवृत्त्यर्थम्, नार्या अपि तद्बन्धकत्वात् इति-पुमान्** એટલે પુરૂષ અર્થાત્ મનુષ્ય માત્ર લેવા. પરંતુ સ્રીના નિષેધને માટે પુમાન્ નથી, કેમકે સ્ત્રી પણ તીર્થંકર નામકર્મ બાંધે છે.

આ ઉપરથી સ્પષ્ટ થશે કે તીર્થંકર નામકર્મ ગોત્ર બાંધવામાં ઉદાર આશયવાળો પરોપકાર જ કારણ છે અને તે પરોપકાર કરવાનું આદ્યસમ્યક્ત્વથી નહિં, પણ વિશિષ્ટ સમ્યક્ત્વથી આરંભીને થાય છે.

પ્રશ્ન- ભગવાન હરિભદ્રસૂરિજીએ કરેલા અષ્ટકપ્રકરણનો આગળ જણાવેલો શ્લોક અને ભગવાન જિનેશ્વરસૂરિજીએ કરેલી ઉપર જણાવેલી ટીકાના અભિપ્રાય પ્રમાણે **वरबोधि** એટલે શ્રેષ્ઠ સમ્યક્ત્વ પછી તીર્થંકર નામકર્મ બંધાય છે એવું માનવામાં મતભેદ નથી, પરંતુ તે પરોપકારને લીધે

બંધાય છે કે આશયની ઉદારતાને લીધે બંધાય છે ? એ બાબતમાં હજુ વધારે ખુલાસો થવાની જરૂર છે.

સમાધાન - ભગવાન હરિભદ્રસૂરિજી આગળ ત્રીજા શ્લોકમાં જે હકીકત કહે છે અને તેનું ટીકાકાર શ્રીજિનેશ્વરસૂરિજી વિવેચન કરે છે તે ધ્યાનમાં લેવાથી સ્પષ્ટપણે માલમ પડશે કે વરબોધિ પછી પરોપકારમાં તત્પરપણાને લીધેજ તીર્થંકર નામકર્મ બંધાય છે, તે શ્લોક અને ટીકા આ પ્રમાણે છે. यावत् संतिष्ठते तस्य, तत्तावत्संप्रवर्तते। तत्स्वभावत्वतो, धर्मदेशनायां जगद्गुरुः॥३॥ यावत् इति निपातस्तेन यावन्तं कालम्, संतिष्ठते-अक्षीणमास्ते, तस्य जगद्गुरोः, तत् तीर्थकरनामकर्म, परहितोद्यतताहेतुकम्, तावत् इति तावन्तं कालम्, संप्रवर्त्तते, व्याप्रियते, कुत इत्याह-तत्स्वभावत्वतो धर्मदेशनाप्रवृत्ति-स्वभावत्वात् तस्य, आह च, तित्थयरो किं कारणं भासइ सामाइयं तु अज्झयणं। तित्थयरनामगोत्तं बद्धं से वेइयव्वं तु॥ तथा तं च कहं वेइज्जइ, अगिलाए धम्मदेसणाईहिं॥ क्व संप्रवर्त्तते इत्याह-धर्मदेशनायां-कुशलानुष्ठानप्ररूपणायाम्, कोऽसावित्याह-जगद्गुरुः-भुवन-नायक इति॥३॥

શ્લોકાર્થ -- તે તીર્થંકરના જીવને તે તીર્થંકરનામકર્મ જે નિકાચિત કરેલું હોય તે જ્યાં સુધી રહે છે ત્યાં સુધી તે તીર્થંકર નામકર્મના એટલે પરોપકારને માટે દેશના દેવાના કારણભૂત એવા તે તીર્થંકર નામકર્મના સ્વભાવથી જગદ્ગુરૂ દેશનામાં પ્રવર્તે છે.

ટીકાકાર પણ એજ કહે છે, જુઓ તેનો અર્થ :-

યાવત્ એ નિપાત છે, તેથી જેટલા કાળ સુધી ભોગવ્યા વિના અને ક્ષય પામ્યા વિના રહે છે, તે જગદ્ગુરૂને તે તીર્થંકર નામકર્મ. જે જિનનામ કર્મ પરોપકારના ઉદ્યતપણાને લીધે જ બંધાયું હતું. તે, તેટલા કાળસુધી. પ્રવર્તે છે, શાથી એવી શંકામાં સમાધાન માટે જણાવે છે કે ધર્મદેશના કરાવવાના સ્વભાવવાળું હોવાથી, કહ્યું છે કે "તીર્થંકર સામાયિક અધ્યયન અર્થ) શા માટે નિરૂપણ કરે છે ? ઉત્તર - જે તીર્થંકર નામકર્મ તેમણે બાંધ્યું છે તે ભોગવવા માટે" તેમજ તે તીર્થંકર નામકર્મ કેવી રીતે ભોગવાય છે ? તે પ્રશ્નના ઉત્તરમાં પણ જણાવ્યું છે કે અગ્લાનિએ ધર્મદેશનાદિકવડે કરીને (તે *ભોગવાય છે) ક્યાં પ્રવર્તે છે ?* એના ઉત્તરમાં કહે છે કે ધર્મદેશનામાં એટલે મોક્ષનો માર્ગ કહેવામાં, કોણ ? તો કહે છે કે જગદ્ગુરૂ (તીર્થંકર) ભુવનના નાયક.

ઉપરનો શ્લોક અને ટીકા વાંચનાર અને સમજનાર સ્પષ્ટપણે સમજશે કે તીર્થંકર નામકર્મનો બંધ પરોપકારીપણાને લીધે જ છે, અને તેનું ભોગવવું પણ પરોપકારદ્વારાએ જ છે. એટલે **स्फीताशयः** એટલે ઉદાર આશય એ તો માત્ર પરોપકારનો ઉપષ્ટંભક છે, એટલે વરબોધિલાભ (શ્રેષ્ઠસમ્યક્ત્વ)

પછી જ પરોપકારિતા અને તીર્થંકરનામકર્મ નિકાચન નિયમિત છે. એમ સામાન્ય સમજવાળાને પણ શાસ્ત્રની સમજણ અને શ્રદ્ધા હશે તો જરૂર માનવું પડશે.

પ્રશ્ન ૨૪ - ઉપર જણાવેલા અષ્ટકજી પ્રકરણના પાઠથી જો કે સુજ્ઞમનુષ્યને એમ તો માનવું જ પડે કે ભગવાન જિનેશ્વર મહારાજા **વરબોધિ** એટલે શ્રેષ્ઠસમ્યક્‌ત્વને પામે ત્યારથી નિયમિત રીતે પરોપકારમાં ઉદ્યમવાલા જ હોય, કોઈ પણ વખતે તીર્થંકરપણાને નિકાચિતપણે બાંધનારો જીવ વરબોધિ પછી પરોપકારની તત્પરતા વગરનો હોય જ નહિં, પરંતુ તે પરોપકારમાં તત્પરતા વરબોધિથી જ થાય છે, કે સ્વાભાવિક હોય છે. અર્થાત્ સ્વાભાવિકપણે પરોપકારિતા વરબોધિ મેળવવા પહેલાં પણ હોય અને વરબોધિ મેળવ્યા પછી તે પરોપકારિતા નિયમિત જ હોય એટલે પરોપકારિતાનું કારણ વરબોધિ છે એમ ન ગણાય. પરંતુ વરબોધિ એ પરોપકારિતાની નિયમિતતાનું કારણ ગણાય.

સમાધાન - જો કે શ્રીઅષ્ટકજી પ્રકરણમાં વરબોધિની પ્રાપ્તિથી જ પરોપકારિતામાં ઉદ્યતપણું જણાવે છે, એટલે પરોપકારની તલાલીનતામાં વરબોધિ જ કારણ થાય અને તેથી સ્પષ્ટપણે માનવું જ જોઈએ કે ભગવાન જિનેશ્વર મહારાજનો જીવ વરબોધિ પ્રાપ્ત થયા પછી જ નિયમિત પરોપકારિતાવાળો હોય છે, એટલે વરબોધિને લીધે જ નિયમિત પરોપકારિતાવાળો થાય છે, છતાં આ વાત ભગવાન અભયદેવસૂરિજી શ્રીપંચાશકની ટીકાની અંદર સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. જુઓ તે પાઠ અને ટીકા -

वरबोधिलाभओ सो सव्वुत्तमपुण्ण संजुओ भयवं।
एगंतपरहियरतो विसुद्धजोगो महासत्तो ॥३३०॥

व्याख्याः- वरः, प्रधानोऽप्रतिप्रातित्वात्, बोधिलाभः, सम्यग्दर्शनावाप्तिर्यस्य स वरबोधिलाभको, वरबोधिलाभाद् वा हेतोः, 'स' जिनः, किमित्याह-सर्वोत्तमपुण्यसंयुतः, अत्यन्त-प्रकृष्टतीर्थकरनामादि लक्षणशुभकर्मसंयुक्तः, तथा भगवान् परमेश्वरः, तथा एकान्तपरहित-रतः, सर्वथा परोपकारनिरतः, तथा 'विशुद्ध-योगः', निरवद्यमनोवाक्कायययोगः, तथा 'महासत्त्व' उत्तमसत्त्व इति॥

પ્રથમ તો ભગવાન અભયદેવસૂરિજી જણાવે છે કે વરબોધિ તેને કહેવું કે જે અપ્રતિપાતિ હોય અને તેથી જ પોતે વરશબ્દની વ્યાખ્યા કરતાં અપ્રતિપાતિપણું જણાવે છે અર્થાત્ જે અપ્રતિપાતિ સમ્યક્‌ત્વ તે જ વરબોધિ કહેવાય (જો કે અપ્રતિપાતિ સમ્યક્‌ત્વ ભગવાન્ જિનેશ્વર મહારાજ સિવાય બીજા જીવોને

પણ હોય છે, કેમકે ક્ષાયિક સમ્યક્ત્વ અપ્રતિપાતિ જ હોય છે અને તે એકલા તીર્થંકર મહારાજાને જ હોય એમ નિયમ નથી, વળી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પણ ભવાંતરથી સાથે લાવવાનું ભગવાન તીર્થંકર સિવાયના બીજા જીવોને નથી બનતું એમ પણ નથી, અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામેલો જીવ જ્યારે ક્ષાયિક પામવાનો હોય છે ત્યારે તે ક્ષાયોપશમિકને પણ સમ્યક્ત્વની અપેક્ષાએ અપ્રતિપાતિ ગણવામાં તેવો વાંધો આવતો નથી, એટલે ક્ષાયિક અગર ક્ષાયોપશમિક સમ્યક્ત્વની અપેક્ષાએ ભગવાન જિનેશ્વર મહારાજ સિવાયના બીજા જીવો પણ અપ્રતિપાતિ સમ્યક્ત્વવાળા ન જ હોય એમ કહી શકાય નહિ, અને તેથી ભગવાન જિનેશ્વર મહારાજ સિવાયના બીજા તેવા સમ્યક્ત્વવાળા જીવોને અપ્રતિપાતિ સમ્યક્ત્વ ગણી વરબોધિ કહેવાનો વખત આવે, પરંતુ અહિં ભગવાન તીર્થંકરનો જ અધિકાર હોવાથી ભગવાન જિનેશ્વર મહારાજાના અપ્રતિપાતિ સમ્યક્ત્વને જ વરબોધિ કહેવું એ સમજવું એ પ્રકરણના જાણવાવાળાને કોઈપણ પ્રકારે મુશ્કેલ નથી, વળી મોટા ભાગે તો તીર્થંકર ભગવાનના જીવો તીર્થંકર ભગવાનના ભવથી ત્રીજા ભવે સમ્યક્ત્વને જરૂર ધારણ કરનારા હોય છે, અને સમ્યક્ત્વને ધારણ કરવાની અવસ્થા થયા સિવાય તીર્થંકર નામગોત્ર બંધાય જ નહિં એ નક્કી છે, છતાં પણ દરેક તીર્થંકર તીર્થંકરના ભવથી પાછળના ત્રીજા ભવે અપ્રતિપાતિ સમ્યક્ત્વવાળા હોય જ એવો નિયમ નથી. કારણ કે ભગવાન મહાવીર મહારાજને માટે જ તેમના તીર્થંકરના ભવમાં પણ ભગવાન હરિભદ્રસૂરિજી વિગેરે શ્રેણી માંડવા પહેલાં ક્ષાયિક સમ્યક્ત્વવાળા હતા એમ માનવાની ના પાડી ! શ્રીતત્ત્વાર્થની વ્યાખ્યામાં **क्षायिकं क्षायिककल्पं वा** એમ પણ જણાવી શ્રેણી માંડવા પહેલાં ક્ષાયિક સમ્યક્ત્વનું અનિયમિતપણું જણાવે છે, એટલે તીર્થંકરના ભવથી પાછળના ત્રીજા ભવમાં ક્ષાયિક સમ્યક્ત્વ જ સર્વને હોય એવો નિયમ બાંધી શકાય નહિં, એટલું જ નહિ, પરંતુ તીર્થંકર મહારાજાઓ તીર્થંકરપણું નિકાચિત કરીને કાળ કરે, તે સર્વ દેવલોકમાં જ જાય એવો પણ નિયમ નથી. એટલે તીર્થંકરપણું નિકાચિતપણે બાંધનારો જીવ વચમાં નરકનો ભવ પણ કરે અને શાસ્ત્રકારો ત્રણ નરકથી આવેલા જીવોને તીર્થંકરપણું હોય એમ કહે પણ છે અને તેથી જ શ્રીકલ્પસૂત્રમાં વિમાન અને ભવનનાં વૈકલ્પિક સ્વપ્નો રાખવાં પડ્યાં, જો કે દિગમ્બરમતવાળાઓને તો તે સ્વપ્નો બાબતનો ભેદ અને વિચાર છે જ નહિં, પરંતુ એક વાત ધ્યાનમાં રાખવાની છે કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળી અવસ્થામાં જે જીવે તીર્થંકરગોત્રને નિકાચિત કર્યું હોય અને કદાચ તેમને પહેલાં બાંધેલા આયુષ્યના પ્રતાપે વચલો ભવ નરકમાં કરવાનો હોય તો તે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છેલ્લા

અંતર્મુહૂર્ત્તમાં ચાલ્યું પણ જાય છે, તેથી સર્વ તીર્થંકરોના પાછળના ત્રીજા ભવનાં સમ્યક્ત્વો અપ્રતિપાતિ હોયજ એમ નક્કી કરી શકાય નહિં.) આ ઉપર જણાવેલી હકીકત ધ્યાનમાં રાખીને ભગવાન અભયદેવસૂરિજી વરબોધિ શબ્દની બીજી વ્યાખ્યા કરે છે (પરંતુ એ તો નક્કી સમજવું કે જેઓ વચલો ભવ નરકનો કરવાના ન હોય તેઓ અપ્રતિપાતિ સમ્યક્ત્વવાળા જ હોય અને બહુલતાએ તીર્થંકર ભગવાનના જીવો વચલો ભવ દેવલોકનો જ કરનારા હોય છે અને તેથીજ અપ્રતિપાતિ એવું ભગવાન તીર્થંકરનું સમ્યક્ત્વ જે હોય તે વરબોધિ કહેવાય એમ કહેવું વ્યવહારની અપેક્ષાએ કોઈપણ પ્રકારે અયોગ્ય નથી, છતાં બીજી વ્યુત્પત્તિ કરે છે) બીજા વિકલ્પમાં કહે છે કે વરબોધિલાભનો અર્થ વ્યવહારની અપેક્ષાએ ભલે અપ્રતિપાતિ સમ્યક્ત્વ હોય, પરંતુ અહિં વરબોધિલાભ શબ્દ પછી જોડાયેલો ''ओ'' એ ''क्तो'' નો ન હોય અને ''तो'' નો પણ હોય અને તેથી વરબોધિ લાભથી એવો પંચમીનો અર્થ થાય અને તે **वरबोधिलाभतः** (**वरबोधिलाभात्**) એવી પંચમી અપાદાન કે દિગ્યોગમાં ન લેતાં હેતુમાં જ પંચમી લેવી જ એ જણાવવા માટે સ્પષ્ટ શબ્દમાં કહે છે કે **वरबोधिलाभाद्वा हेतोः** એટલે ભગવાન જિનેશ્વર મહારાજનાં જે ચારસ્વરૂપો આગળ જણાવવામાં આવશે તે ચાર સ્વરૂપો આ પ્રમાણે સર્વોત્તમ પુણ્ય સંયુક્ત ૨ એકાન્તપરહિતરત ૩ વિશુદ્ધ યોગ. ૪ અને મહાસત્ત્વ આ ચારે વસ્તુ વરબોધિલાભને લીધે જ થાય છે. એટલે એકાન્ત પરહિતરતપણું તે પણ અપ્રતિપાતિ એવા વરબોધિ લાભને લીધે જ થાય છે, આવા સ્પષ્ટ અક્ષરો છતાં જેઓ વરબોધિલાભને લીધે, એકાન્તપરહિતપણું થાય છે, એમ ન માને તેને કાં તો શાસ્ત્રની પંક્તિઓનો બોધ નથી, અગર શ્રદ્ધા નથી, એમજ કહેવું પડે.

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

જીવનું ભાવ જીવન દ્રવ્ય જીવન-પુદ્ગલદ્વારા છે. ચક્ષુ, ઘ્રાણ, રસના, સ્પર્શન, શ્રોત્ર એ પાંચ ઇંદ્રિયો, મનયોગ, વચનયોગ, કાયયોગ એમ ત્રણ યોગો (ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓ) શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય, જીવન છે. આ દશ પ્રાણો તે જડના આધારનું જીવન છે. જડના આધાર વગર તેમાંનું એક્કેય નથી, અને જો જડ જીવનને લીધે જીવ માનીએ તો શ્રીસિદ્ધમહારાજને જીવમાંથી કાઢી નાખવા જોઈએ. જીવનું જીવન શાના આધારે ? બુઢ્ઢાના પગે લાકડી તો ચાલવા માટે માત્ર ટેકા રૂપ છે, જીવનો સ્વભાવ જ્ઞાન છે એટલે એ જાણે છે, પાંચે ઇંદ્રિયો જીવની જ્યેષ્ટિકાઓ છે. લાકડી મજબુત હોય તો ચાલવામાં ડગમગાય ? લાકડી પોતે ચાલનારી ચીજ નથી પણ ચાલનારને ટેકા રૂપ છે. પાંચે ઇંદ્રિયો, ત્રણે યોગો, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય એ દશે પ્રાણો માત્ર ટેકા રૂપે છે. જીવન આત્માના ભાવ પ્રાણ છે.

સમકીતિ થવામાં આત્માનો ગુણ પરિણમવો જોઈએ !

જડ જીવન નાસ્તિકો પણ માને છે. દશ પ્રાણો તો તેઓ પણ માને છે. ભાવપ્રાણની માન્યતામાં જ મુશ્કેલી છે, જો ચાંદ લેવા-દેવાથી સમકીતિ થઈ જવાતું હોય તો તો બધા સમકીતિ ગણાઈ શકાય એમ છે પણ એમ સમકીતિ થવાતું નથી, સમકીતિ થવામાં આત્માનો ગુણ પરિણમવો જોઈએ, ભાવજીવન ઉપર લક્ષ્ય જવું જોઈએ. કર્મ રાજાએ આત્માનાં અનંતજ્ઞાન, દર્શન આવરેલાં છે, વીતરાગપણાના સ્વભાવનો એણે કબજો કરી લીધો છે આવું ભાન સમકીતિને થવું જોઈએ. પાંચે ઇંદ્રિયોના વિષયોથી વિડંબાઈ તથા કષાયોથી કદર્થાઈ જન્મ વ્યર્થ ગુમાવાય છે, એ ખ્યાલ વિના સમકીતે શાનો આવે? સાચો ઉઘરાણીવાળો રકમ ક્યાં ફસાઈ છે, કેટલી ફસાઈ છે, કેમ નીકળે? એ બધું જાણે, ન જાણે એ કાચો. એનાથી ઉઘરાણી વસુલ ન થાય, એ તો ધક્કા અને ધપ્પા ખાધા કરે,

આપણે પણ જડજીવનમાં તન્મય રહીએ, ભાવજીવનનું ભાન પણ ન થાય, કર્મરાજા ભાવજીવન રૂપી મોટી રકમ દબાવી બેઠો છે તે કાઢતો નથી એ ખ્યાલ ન જાગે ત્યાં સુધી શું વળવાનું? આ બધું નજરે તરે ત્યારે ગણાય કે સમ્યક્ત્વ છે. જીવનું ખરૂં જીવન ભાવપ્રાણ છે. અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અથવા સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ જીવનું ભાવ જીવન છે, એક જીવ બીજા જીવને ભાવ જીવન કરનાર છે, શ્રીઋષભદેવ ભગવાન પાસેથી શ્રીપુંડરીકસ્વામીજી પામ્યા, એમનાથી બીજા યાવત્ શ્રીમહાવીર ભગવાનથી શ્રી ગૌતમસ્વામીજી પામ્યા અને કર્યા અને એમનાથી બીજાઓ પામ્યા. તત્ત્વાર્થકારે કહ્યું કે **परस्परोपग्रहो जीवानां** જીવ બીજા જીવને ભાવજીવન પ્રગટાવે. જો આ ન કરે તો જગતમાં જીવ બીજું શું કરી શકે તેમ છે ? ગતિમાં મદદ કરનાર ધર્માસ્તિકાય છે, સ્થિતિમાં સહાયક અધર્માસ્તિકાય છે, અવકાશને અવકાશ આપનાર આકાશાસ્તિકાય છે, સુખદુઃખમાં કારણ ભૂત પુદ્ગલો છે, જીવ આ બધાની મદદ લે છે, કાલ (સમય)ની મદદ લે છે, બધાના ઉપકારતળે દબાય છે.

બધાની મદદ લે છે, પણ મદદ કરી કોઈને? જીવ કાંઈ પણ મદદ કરી શકે તેમ નથી. આ જીવની પાસે અપૂર્વ સાધન છે તે એકજ કે બીજા જીવને ભાવજીવન પ્રગટાવવામાં મદદગાર થવું. આ જગતમાં જીવ ઉપકારી બની શકે તો આ એક જ માર્ગે. જીવનો સાચો પ્રાણ જ સમ્યગ્દર્શન છે, તેને કર્મે કબજે કરેલો છે, તે મેળવાવી આપવામાં જીવ જ જીવને સહાયભૂત થઈ શકે તેમ છે. આટલોય ઉપકાર ન થાય તો થાય શું ? **जीवो जीवस्य** નો અર્થ આ છે. **जत्तिया वारा** નો જતિએ જેવો અર્થ કર્યો તેમ **जीवो जीवस्य जीवनं** નો સ્વાર્થીઓએ અવળો અર્થ કર્યો, પણ સત્ય અર્થ એ છે કે દરેક જીવને અન્ય જીવોના ભાવજીવનને મેળવી આપવામાં મદદગાર થવું. પૌરાણિકોએ તો આ બાબતમાં દાટ જ વાળ્યો છે, ખેતરમાં લીલોતરી, શાક, કંદમૂળાદિ વાવ્યું આપણે, વાવ્યું ત્યારે ઉગ્યું, છતાં બોલવાનું શું ? ભગવાને આ બધું ખાવા જ પેદા કર્યું છે ને ! પછી જીવની વિરાધના, હિંસા વગેરે તપાસવાનું કહ્યું ક્યાં ? પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય વનસ્પતિકાયાદિ ગમે તે લ્યો, આપણા સ્વચ્છંદી વર્તનથી તે તે જીવોને મહામુશીબતે મળેલા પ્રાણોનો ઘાણ કાઢીએ તો આપણી શી દશા થાય તેનો વિચાર કર્યો ? ક્રોધ, માન, માયા, અને લોભ આ ચારે કષાયો દુર્ગતિ આપનાર છે, એમ જાણીએ છતાંએ એનાથી આક્રાન્ત થઈએ એનું કારણ ? જાણીએ એ બધું પરિણતિમાં ન હોય તો ગમે તેટલું જાણીએ પણ એ તમામ માત્ર વિષયપ્રતિભાસજ્ઞાન છે, આવું જ્ઞાન કેટલો વખત રાખવું છે ? કેટલાક છોકરા એવા હોય છે કે ગોખે છે બધું, ઘેર પૂછો તો બરાબર ઉત્તર દેશે, પણ પરીક્ષા વખતે ગભરાઈ જાય છે, અને તેથી નાપાસ થાય છે તથા ફરીથી બીજું વર્ષ રખડે છે. આપણી પણ એ જ હાલત છે, ક્રોધાદિનો

પ્રસંગ ન હોય તો બધા પાસ છીએ, પ્રસંગ આવ્યો અને કસોટીની ક્ષણ આવી કે નાપાસ ! કાયમ દવા ખરી, પણ સન્નિપાત ઉતારવા વખતે નહિ !

**પરીક્ષાના પ્રસંગે જ ભૂલાય તો પાસ થવાય ક્યારે ?**

વિષયપ્રતિભાસજ્ઞાનવાળામાં અને પરિણતિવાળા જ્ઞાનાવાળામાં આ જ ફરક છે, પેલો વિદ્યાર્થી જેમ પરીક્ષક પાસે ગભરાઈ જાય છે, તેમ વિષયપ્રતિભાસજ્ઞાનવાળો વિષયો કે કષાયોના પ્રસંગે ભણેલું ભૂલે જ છે, જ્યારે પરિણતિયુક્ત જ્ઞાનવાળાને પ્રસંગસર જ્ઞાન જાગૃત હોય છે, ભાન ટકી રહે છે. ધાડ ન હોય ત્યારે હથિયારો ટાંગ્યાં હોય, પણ ધાડ વખતે ઉપયોગમાં ન આવે તો તે શા કામનાં? માત્ર દેખાડવાનાં ! રક્ષક રાખ્યો હોય પણ ચોરને કાઢે નહિ તો તે માત્ર દેખાવનો જ ગણાય, ચિત્રામણના ચોપદાર જેવો ગણાય, આપણી પણ એ જ હાલત છે. કર્મરાજાની ધાડ વખતે આપણે જ્ઞાનાસ્ત્ર હથિયાર ઉપયોગમાં નથી લેતા અને જ્ઞાન માત્ર દેખાવનું રાખીએ છીએ, ચિત્રામણના ચોપદાર જેવા બનીએ છીએ. આપણું જ્ઞાન પરિણતિમાં નથી ઉતરતું માટે આ દશા છે. કંઈક ન્યૂનદશપૂર્વ સુધી અભવ્ય ભણે છે, ગોખે છે, વિચારે છે, પરિશ્રમ ઓછો નથી. પણ ખામી પરિણતિની છે. નાનું બચ્ચું જેમ સાપ, ઘો, વીંછીને દેખે છે તેમ જ સોનું, હીરા, માણેક વગેરેને પણ દેખે છે. તે દેખે છે તમામને, પણ આદરવા લાયક શું છે ? કે છોડવા લાયક શું છે ? તેની તેને ખબર પડતી નથી, તેવી રીતે અહિં આશ્રવતત્વ હેય છે અને સંવરતત્ત્વ ઉપાદેય છે એ ન સમજાય અને ન ધરાય ત્યાં સુધી તે જ્ઞાન વિષયપ્રતિભાસજ્ઞાન છે.

પરિણતિજ્ઞાનવાળો જીવને ક્યા રૂપે માને ? નાસ્તિક પણ જીવને તો માને છે. નાસ્તિકો પણ જીવને પાંચ ભૂતોથી ઉત્પન્ન થયેલો અને તેમાં નાશ પામનારો છે, એમ કહી જીવને માને છે, જીવને જુદી જુદી માન્યતાથી માને છે. બધા जीवति इति जीवः એમ કહી પ્રાણોને ધારણ કરે તે જીવ. એમ તો માને છે, જ્યારે આસ્તિકો अजीवीत् जीवति जीविष्यति इति जीवः એટલે ભૂતકાલમાં, વર્તમાનકાલમાં, અને ભવિષ્યકાલમાં પ્રાણો ધારણ કર્યા છે, કરે છે અને કરશે તે જીવ એમ માને છે. આસ્તિકોએ ઉણાદિમાં ત્રણે કાલમાં अ પ્રત્યય લાવી જીવ બનાવ્યો. સમકીતિ તેથી આગળ વધે છે, એકલા દશ જડ પ્રાણોમાં જીવ છે એમ એ નથી માનતો. જો એમ મનાય તો સિદ્ધ મહારાજાના જીવોને ક્યાં લઈ જશે ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ભાવપ્રાણો ધારણ કર્યા, કરે છે, અને કરશે તે જીવ. આ મંતવ્ય સમકીતિનું છે. ભાવપ્રાણના વિચારમાં સમકીતિ જાય ત્યારે ખ્યાલ આવશે કે બધા જીવો કેવલજ્ઞાન સ્વભાવવાળા છે, અને આત્મા જ્યારે પોતાને તેવા સ્વભાવવાળો માને, ત્યારે જ કેવલજ્ઞાન મેળવવા ઉદ્યમ કરે, અને પછી ચૌદરાજલોકમાં પોતાના ઉદ્ધારનો આવો માર્ગ બતાવનાર ત્રિલોકનાથ શ્રીતીર્થંકરદેવની કેટલી ભક્તિ કરે ? ગયેલું રાજ્ય પાછું વાળવા માટે રાજ્યભ્રષ્ટ થયેલો કેટલી ગુલામી

કરે છે ! તો ભાવપ્રાણોને મેળવવા, કેવલજ્ઞાનને સંપાદન કરવા, દેવાધિદેવની ભક્તિ કરીએ તેમાં નવાઈ શી ! એ કર્ત્તવ્ય જ છે. એમાં જ સ્વ-સ્વાર્થ છે, એ જ પરમાર્થ છે.

## ઈશ્વરમાંથી અવાતર કે અવતારમાંથી ઈશ્વર?

ઈશ્વરની માન્યતામાં બીજાઓ અને આપણા વચ્ચે ફરક એ છે કે આપણે અવતારમાંથી ઈશ્વર માનીએ છીએ; જ્યારે બીજાઓ ઈશ્વરમાંથી અવતાર માને છે. ઈશ્વરને અવતાર માનવો એટલે ચોખ્ખા હતા તેને મેલા બનાવવા. આપણે જેને ઈશ્વર કહીએ છીએ, એમણે કર્મનું કાશળ કાઢવાનો તથા મોક્ષ મેળવવાનો માર્ગ પોતે પ્રથમ આદર્યો છે, માત્ર જગતને કહ્યો છે એમ નથી, પ્રથમ પોતે કરી દેખાડ્યું છે અને પછી અન્યને કરવામાં મહાન મદદગાર થયા છે-આલંબન બન્યા છે. જેઓ ઈશ્વર થયા તેમનો જીવ પણ આપણી પેઠે એક વખત તો કર્મરાજાના કબજામાં હતો, પણ સમ્યગ્દર્શન મેળવ્યું, કેળવ્યું, આત્માને સન્માર્ગે હેળવ્યો, ભેળવ્યો અને તે એટલે સુધી કે યાવત્ વીશસ્થાનકની આરાધના કરી તીર્થંકર પદવી મેળવી. બીજાને ત્યાં 'ઈશ્વર' પદ રજીસ્ટર્ડ છે, ઈશ્વર તો એક જ ! બીજાથી ઈશ્વર થવાય જ નહિ અને જ્યાં એમ જ હોય ત્યાં પછી ઈશ્વર થવાનો ઉપાય તો હોય જ ક્યાંથી ? પણ અહિં એમ નથી. અહિં તો અવતારીઓ અવતારમાંથી ઈશ્વર પદ મેળવી શકે છે.

કેવલજ્ઞાન થયા પહેલાં શ્રીતીર્થંકરદેવ દેશના દેતા નથી; સમ્યક્ત્વ છે, જ્ઞાન છે, ચારિત્ર છે, છતાં દેશના કેમ નથી દેતા ? જેને સોનાના કિમીયાની સિદ્ધિ દેખાડવી હોય તે સોનું સિદ્ધ થયા બાદ જ દેખાડે છે, સંયમ અને તપનું પૂરું ફલ દેખાડવું છે માટે તે પૂરા ફલની પ્રાપ્તિ પહેલાં તેઓ દેશના દેતા નથી.

કર્મરૂપી કચરામાં જેઓ એક વખત હતા તેઓ સંયમ તથા તપદ્વારા મલ વગરના તદ્દન નિર્મલ થઈ શક્યા. ભગવાને પોતે પ્રથમ નિર્મલ થયા અને પછી જ ફરમાવ્યું કે-"મેં આમ કર્યું, અને નિર્મલ થયો તમે પણ તે રીતિએ નિર્મલ બની શકો છો." આ વાત ધ્યાનમાં આવે તો સમજાશે કે રાગધરીને પણ ભગવાન ને કેમ સેવાય છે, ડુબતો મનુષ્ય કાંટાના ઝારખાને કેમ વળગે છે ? કાંટા તો વાગવાના, પણ જીવ તો બચેને ! સમકીતિને ભવ્યજીવનની ભાવના જાગે, કેવલજ્ઞાન પ્રગટાવવાની તમન્ના જાગે, તો કેવલજ્ઞાની ભગવાનની, કેવલજ્ઞાનનો માર્ગ બતાવનાર તીર્થંકર ભગવાનની સેવાભક્તિને અંગે ગમે તેવાં વિઘ્નો આવે તો પણ અટકે નહિ. આ દૃષ્ટિ પરિણતિ જ્ઞાનવાળાની હોય છે.

(અનુસંધાન પેજ - ૧૧૩)

# પરિણતિજ્ઞાન એટલે જવાબદારી સાથે સ્વીકારાયેલું જ્ઞાન !

स्वस्थवृत्तेः प्रशान्तस्य, तद्धेयत्वादि निश्चयं।
तत्त्वसंवेदनं सम्यग्, यथाशक्ति फलप्रदं॥

ઝેર લેવાથી અકસ્માત વાળાનો વ્યાધિ મટે તે માટે વાળાનું ઔષધ ઝેર ગણાય નહિં !

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટકજીપ્રકરણની રચના કરતાં થકાં જ્ઞાનાષ્ટકમાં જણાવે છે કે સ્વરૂપભેદે જ્ઞાનના પાંચ ભેદ છે. ૧.મતિજ્ઞાન. ૨. શ્રુતજ્ઞાન. ૩. અવધિજ્ઞાન. ૪.મનઃપર્યવજ્ઞાન તથા ૫. કેવલજ્ઞાન. શ્રુતજ્ઞાન તે વ્યવહારથી સમ્યગ્દષ્ટિને હોયઃ તેમ વેદ પુરાણ વગેરે અન્યથા શાસ્ત્રોને પણ સમ્યગ્દૃષ્ટિ ગ્રહણ કરે તો તે પણ તેને માટે તે સમ્યગ્જ્ઞાન કહેવાય, તે જ રીતે મિથ્યાદષ્ટી વેદપુરાણાદિ કે આચારાંગાદિનું જ્ઞાન ગ્રહણ કરે તો પણ તેને માટે તો તે મિથ્યાજ્ઞાન કહેવાય, આચારાંગાદિ તથા વેદાદિ બન્ને સમ્યગ્ તથા મિથ્યારૂપે પરિણમે છે, બન્નેમાં નિયમિતપણું નથી, તો આરાધના કરવી કોની ? વ્યવહારથી આચારાંગાદિના જ્ઞાનવાળા નેવું ટકા સમ્યગ્જ્ઞાનવાળા હોય, તથા વેદપુરાણના જ્ઞાનવાળા નેવું ટકા મિથ્યાજ્ઞાનવાળા હોય. તેથી આચારાંગ આદિની આરાધના થાય. વ્યવહારથી આ રીતે કહેવાય છે. બન્નેમાં છોડવું કયું અને આરાધવું ક્યું? જ્યારે અજ્ઞાનને છોડવું જ છે તો આચારાંગાદિ વ્યવહારથી આદરવા લાયક છે અને એ જ મુજબ વ્યવહારથી પુરાણાદિ પરિહાર કરવા લાયક છે, માટે આચારાંગાદિનું જ્ઞાન સમ્યક્ છે, જ્યારે પુરાણાદિનું જ્ઞાન મિથ્યા છે. શ્રીઆચારાંગાદિમાં અર્થને પ્રતિપાદન કરવા માટે કહેવામાં આવતાં વાક્યો હિતાર્થે છે ત્યારે વેદાદિમાંનાં વાક્યો અહિતને માટે છે.

કોઈને એમ થશે કે વરને કોણ વખાણે ! વરની મા ! એમ અહિં પણ પોતાનાં શાસ્ત્રો માટે હિતકર અને અન્યનાં, માટે અહિતકર ? પરંતુ વિચાર શક્તિ ધરાવનારાઓ વિચાર કરી શકે છે. શ્રીજૈનદર્શનમાં તમામ શાસ્ત્રોનાં વચનો-પીસ્તાલીસે આગમોનાં વચનો આશ્રવને રોકવા તથા સંવરને આદરવા ફરમાવે છે. પાપને રોકવા તથા મોક્ષ મેળવવાનો જ તેમાં ઉદેશ છે.

(दुःक्खकखयाए पावाणं कम्माणं निग्घायणट्ठाए)

જ્યાં જુઓ ત્યાં વચનો આવાં જ છે ને ! બીજી વાત હોય તો બતાવો ! હવે ઈતરશાસ્ત્રોનાં વચનો તપાસો ! 'મને માલ જોઈએ, શરીર સારું જોઈએ, સ્ત્રીપુત્રાદિ જોઈએ' સ્વર્ગાદિ જોઈએ. આ રીતે આલોક અને પરલોકનાં પૌદ્ગલિક પદાર્થોની-પૌદ્ગલિક સુખોની જ માગણી દેખાય છે, બસ, એ એક જ વાંછના નજરે પડે છે. જૈનદર્શનનાં શાસ્ત્રોમાં કર્મ બંધાવનારી એવી ક્રિયા કરવાનું સૂચવનાર એક પણ વચન નથી. કોઈ મનુષ્યને

શરીરમાં પચીસ વાળા નીકળ્યા છે. પીડા પારાવાર છે. બૂમાબૂમ તથા ચીસાચીસ કરે છે, માનો કે તેણે કંટાળીને ઝેર ખાધું અથવા તેના ખાવામાં ઝેર આવ્યું અને તેના પરિણામે પેલા વાળા ચપોચપ નીકળી ગયા તથા દર્દીને તદ્દન આરામ થઈ ગયો, આવા કોઈક આકસ્મિક તથા આશ્ચર્યમય બનાવને લઈને વાળાનું ઔષધ ઝેર ગણી શકાય નહિં. એમ કોઈને પુરાણાદિથી સત્યજ્ઞાન થઈ જાય તો પણ તે સત્યજ્ઞાનનો રસ્તો ન ગણાય.

### મનુષ્યભવથી અધિક દુર્લભતા આર્યક્ષેત્રની છે.

એ જ રીતે વેદ પુરાણાદિનાં કેવલ પૌદ્ગલિક સુખની લાલસાને પોષનારાં વચનો જોઈ કોઈ આત્માને એમ થાય કે 'આ વચનો તો ઉલટાં ભયંકર સંસારમાં પરિભ્રમણ કરાવનારાં છે, દુઃખદાયક છે, આમાં ઉદ્ધાર થવાનું સાધન તો દેખાતું જ નથી, કેવલ રમા અને રમણીની જ વાતો છે, માટે કરવું શું ? ધર્મના નામે જ્યાં રમા અને રમાના જાપો જપાતા હોય, વિષયોની વકીલાત હોય, પરિગ્રહાદિમાં રાચવા માચવાનું થતું હોય ત્યાં કલ્યાણ થાય શી રીતે ? આ તો ધર્મના નામે ધતીંગ છે, ઢોંગ છે, અને એમ થવાથી તે જીવ સીધે માર્ગે આવે. આ વચનો આ આત્માને સમ્યગ્રૂપે પરિણમવા છતાં તેવાં વચનોને સમ્યગ્જ્ઞાન ન જ કહેવાય, ગધેડાને સાકર મારનારી છે, પરંતુ તેથી દુનિયા કાંઈ સાકરને ઝેર ગણે નહિં, તેવી રીતે આચારાંગાદિ શાસ્ત્રોનું જ્ઞાન પણ કોઈક મિથ્યાદષ્ટિને (આશ્રવ છોડવાની તથા સંવર આદરવાની, અને કર્મની નિર્જરાની જ અહિં વાતો છે. શરીરના સુખની તો કાંઈ વાત મળે જ નહિ, આવા વિચારોથી) વિપરીત રૂપે પરિણમે તેથી તે શાસ્ત્રોને-તે જ્ઞાનને મિથ્યાજ્ઞાન કહેવાય નહિ. શ્રીઆચારાંગાદિ શાસ્ત્રોનાં વચનો તો વાંચવા લાયક છે. મનન કરવા લાયક છે. ઈતર દર્શનકારોનાં શાસ્ત્રો મિથ્યાજ્ઞાનવાળાં હોવાથી જોવા લાયક પણ કહ્યાં નથી, તો વાંચવા વિચારવાની તો વાત જ શી ? હવે શ્રી આચારાંગાદિનાં વચનો કહો કે સમ્યગ્જ્ઞાન શ્રવણ કરવાનું કહો, તેમાં ચઉરિંદ્રિય સુધી તો સાધન જ નથી. પંચેન્દ્રિયમાં અસંજ્ઞી નહિ, પરંતુ સંજ્ઞી, અને તે પણ આર્યક્ષેત્રમાં હોય-આર્યકુળમાં હોય-તથા દેવગુરૂધર્મના સાનુકૂળ સંયોગોમાં હોય તો જ તેને શ્રવણ કરવાનું સદ્ભાગ્ય સાંપડે છે.

શ્રીપન્નવણાજીમાં તથા શ્રીબૃહત્કલ્પમાં સાડીપચીસ દેશને આર્ય કહ્યા છે. ઘરેણાં કે કપડાં પહેરવાના વિશિષ્ટ પ્રકારાદિને લઈને આ આર્યાનાર્ય ભેદ નથી, તેમ ખોરાક આદિને લઈને આર્ય-અનાર્ય દેશનો વિભાગ કરેલ નથી, પરંતુ શ્રીજિનેશ્વરદેવોની, ચક્રવર્તીઓની, બલદેવોની, અને વાસુદેવોની, ઉત્પત્તિ જે દેશમાં થાય છે તેને આર્યદેશ કહેલ છે; જ્યાં આવા પુરૂષોની ઉત્પત્તિની પણ ખાસ મતલબ નથી. મુખ્ય પ્રયોજન તો શ્રીતીર્થંકરદેવની ઉત્પત્તિનું છે, જો કે ચક્રી આદિની ઉત્પત્તિ પણ આર્યદેશમાં થાય છે તે વાત ખરી, પણ દેશનું આર્યત્વ જેને લઈને છે તેમાં મુખ્યતા શ્રીજિનેશ્વરદેવની જ છે. દેવાધિદેવ શ્રીતીર્થંકરદેવની

મહત્તા છે. શ્રીતીર્થંકરદેવની ઉત્પત્તિ વિના તીર્થ, ત્રિપદી, બારઅંગ, વ્યવહારશ્રુત આદિની ઉત્પત્તિ નથી. મનુષ્યપણું તો દુર્લભ છે જ. પણ તેનાથી એ અધિક દુર્લભ આર્યક્ષેત્રની પ્રાપ્તિ છે. અનાર્ય ક્ષેત્રમાં મળેલું મનુષ્યપણું શા કામનું છે ? બત્રીશ હજાર દેશમાં માત્ર સાડીપચીશ દેશ જ આર્ય છે. સેંકડે તો શું ? હજારે પણ એક ટકો નથી, ભાગ્યની કેટલી ઉત્તમતા કે જેથી આર્યક્ષેત્રમાં જન્મ થયો! 'આ માતા આર્યક્ષેત્રમાં છે માટે ત્યાં જન્મ લેવો, અનાર્યક્ષેત્રમાં જન્મ નથી લેવો' આવો વિચાર કાંઈ જન્મતાં પહેલાં કર્યો નહોતો. તીર્થેશ તથા ચક્રીઓ જ્યાં ઉત્પન્ન થાય છે તેવા ક્ષેત્રમાં આપણે ઉત્પન્ન થયા તે સદ્ભાગ્યના-તેવા ઉંચા પુણ્યના યોગે જ!

**આર્યક્ષેત્રથી અધિક દુર્લભતા ઉત્તમકુલની છે.**

આર્યક્ષેત્ર મળી ગયું, પણ અધમકુલમાં અવતાર થાય એટલે ભીલ કોળી વિગેરે કુલમાં અવતાર થયો હોય તો ? રાડું હાથમાં આવે તોય તીરકામઠું બનાવીને નિશાન તાકીને જેને તેને મારવાનું જ મન થાય ને ! સદાચારો કે દુરાચારો વગર પ્રયત્નના કુલને જે મળે છે તે જ આશ્રીને છે. ઉત્તમકુલ વગર માંગે, વગર વિચારે, વગર પ્રયત્ને આત્મામાં સદાચારો સમર્પે છે. હિન્દુનો છોકરો માંસ તથા દારૂથી પરહેજ રહે છે તે શાથી? કુલાચારથી જ ને! શ્રાવકના કુલમાં અવતરેલો 'રાત્રે ન ખવાય, કંદમૂલાદિ ન ખવાય' તે શાથી કહે છે? શાથી માને છે? શાથી તે રીતે વર્તે છે? તે ખાવાથી થતા નુકશાનને અથવા તેના ત્યાગના લાભને સમજ્યો હોય કે ન હોય, તો પણ શ્રાવકના કુલના આચારથી જ તે તેમ કહે છે અને સદાચાર કરે છે. દ્રાક્ષમાં મીઠાશ કોઈ કરવા ગયું નથી, સ્વાભાવિક છે. દાલ શાક, લાડવામાં તો મીઠાશ ગોળ કે ખાંડ નાંખીને કરવામાં આવે છે, જ્યારે દ્રાક્ષમાં સ્વભાવથી જ ગળપણ છે. ઉત્તમકુલવાળો સ્વભાવથી સદાચારવાળો હોય છે. સદાચાર માટે ઉત્તમકુલ નિમિત્ત છે. દેવગુરૂધર્મની જોગવાઈ, શાસ્ત્રનાં વચનો એટલે શ્રીઆચારાંગાદિનાં વચનો કે જે ભગવાનનાં છે તેનું શ્રવણ, આ બધું ઉત્તમકુલમાં મળે તેમ છે. એ વચનોને અંગે વિચાર તથા વર્ત્તનની વાત તો પછી છે: પ્રથમ કાને પડવું શ્રવણ થવું તે જ મુશ્કેલ છે.

**શ્રવણ શ્રવણમાં ફરક કેમ ?**

શાસ્ત્રવચનોનાં શ્રવણનાં ત્રણ પરિણામ છે. ૧. શ્રવણ ૨. શ્રદ્ધા ૩. અને પ્રવૃત્તિ શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે चत्तारि परमंगाणि

આ ચાર વસ્તુ પરમ એટલે મોક્ષના અંગ એટલે કારણરૂપ છે. જેને ભવમાં ભટકયા કરવું છે તેને અંગરૂપ નથી. પોતે જ ભટકવા ઈચ્છે તેને માટે ઉપાય નથી. જેને સંસારથી છૂટવું છે, જેને મોક્ષમાં જવાની અભિલાષા છે તેને માટે તો ૧મનુષ્યપણું, ૨ શ્રુતિ ૩ શ્રધ્ધા અને ૪ સંયમ આ ચાર વસ્તુ પરમ એટલે જે મોક્ષ તેના અંગ એટલે કારણરૂપ છે.          (અપૂર્ણ)

(અનુસંધાન પાના ૮૮નું ચાલુ)

પણ સ્વયંસંબુદ્ધપણા રૂપી વરબોધિ પ્રાપ્ત થાય છે ત્યારે તે ઉત્તમોત્તમ મહાપુરૂષો સર્વસાવદ્યનો ત્યાગ કરવામાં જગતના જીવોનું પવિત્રતમ એવા જૈનશાસનના આલંબન વગર જન્મ, જરા, મરણથી પીડાવાપણું દેખી, તેનું નિસ્સારપણું દેખી, તેનું અશરણપણું દેખી, તે જગતના ઉદ્ધારને માટે પ્રવ્રજિત થાય છે, આ વાત જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે જ ભાષ્યકાર ભગવાન ઉમાસ્વાતિ વાચકજીએ ભગવાન મહાવીર મહારાજના દીક્ષાના અધિકારમાં કહેલા **પ્રધટ્ટકનો** નો તાત્પર્યાર્થ સમજી શકાશે.

૧ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનની દીક્ષા અશરણ એવા જગતના ઉદ્ધારને માટે.

૨ ત્રિલોકનાથ તીર્થંકરોનું સામાયિક કાર્ય જગતના ઉદ્ધારને માટે જ.

૩ ત્રિલોકનાથ તીર્થંકરોનું અર્થ થકી વ્રતનું આરોપણ તે પણ જગતના ઉદ્ધારને માટે.

૪ સર્વસાવદ્યત્યાગરૂપી શ્રમણતા તે પણ જગત્‌ના ઉદ્ધારને માટે.

૫ ક્ષુધા, તૃષા વિગેરે પરિષહોનું સહન કરવું તે પણ જગતના ઉદ્ધારને માટે જ.

૬ દેવતા, તિર્યંચ અને મનુષ્યો વિગેરેના ઉપદ્રવો સહન કરવા તે પણ જગતના ઉદ્ધારને માટે જ.

૭ ચારિત્રની આરાધના તે પણ જગતના ઉદ્ધારને માટે જ.

૮ મોહાદિક ચારે ઘાતિકર્મનો ક્ષય તે પણ જગતના ઉદ્ધારને માટે જ.

૯ લોકાલોકપ્રકાશક એવા કેવલજ્ઞાનની પ્રાપ્તિ જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોને થાય તે પણ જગતના ઉદ્ધારને માટે.

૧૦ લોકાલોકપ્રકાશક એવા કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યા પછી પણ દ્વાદશાંગી પ્રવચનરૂપી તીર્થની દેશના જે કરાય તે પણ જગતના ઉદ્ધારને માટે.

ઉપર જણાવેલી વસ્તુ બારીકદૃષ્ટિથી જોનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન તો સમ્યગ્દર્શનનાદિની આરાધના દ્વારાએ પોતાના આત્માને કર્મમુક્ત કરે જ છે, છતાં તેઓનું ધ્યેય પોતાના આત્માને કર્મમુક્ત કરવાના કરતાં જગતના જીવોના ઉદ્ધારરૂપી ધ્યેય હોય છે, અને આજ કારણથી શાસ્ત્રકારો સ્થાને સ્થાને તીર્થંકર નામકર્મના સ્વભાવથી જ તીર્થંકરોની દેશના પ્રવર્તે છે, એમ જણાવી સૂર્યના પ્રકાશન સ્વભાવને દાખલા તરીકે જણાવે છે, એટલે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનોની સાધના વસ્તુતાએ જગતના ઉદ્ધારના ધ્યેયથી છે એ માનવામાં કોઈપણ જાતનો સંકોચ થવાનું કારણ નથી, અને આ તથાભવ્યની વ્યાખ્યા સમજાશે ત્યારે ભગવાન જિનેશ્વરસૂરિજી મહારાજાએ અરિહંત સિદ્ધ આદિ વીશસ્થાનકોની આરાધનાને જે શ્રીઅષ્ટકજીની વૃત્તિની અંદર પરોપકારની લીનતાને અંગે જણાવી છે તે સ્હેજે સમજી શકાશે.

(અનુસંધાન ટાઈટલ પાનું ચોથાનું ચાલુ )

ઉપર જણાવેલા અવિરતિ અને દેશવિરતિપણાને ધારણ કરવાવાળાને પણ જે મોક્ષમાર્ગના આરાધક ગણવામાં આવ્યા છે તેનો એકજ સ્પષ્ટ મુદ્દો છે, અને તે એ છે કે તે અવિરતિ અને દેશવિરતિવાળો કોઈ કથંચિત્ હિંસાદિવાળો છતાં પણ સાધ્ય તરીકે જો તેની દૃષ્ટિ કોઈપણ જગા પર નિયંત્રિત થઈ હોય તો તે માત્ર મોક્ષને માટે જ છે, અને તેથી જ ભાષ્યકાર ભગવાન ઉત્તમપુરૂષોનું લક્ષણ જણાવતાં **मोक्षायैव तु घटते** એમ કહી ઉત્તમપુરુષોને પછી તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ હોય કે દેશવિરતિ સમકીતિ હોય કે પ્રમત્તસંયતાદિ હોય, પરંતુ તે સર્વે ઉત્તમપુરૂષોની કોટિમાં ગણાય એમ સ્પષ્ટપણે કહે છે અને તેનું કારણ એ જ કે તેઓનું સાધ્ય મોક્ષ જ હોય. મોક્ષ સિવાયની જે જે પ્રવૃત્તિ તે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ આદિકની જે કંઈ થાય તે માત્ર અંતઃકરણની પ્રીતિ વગરની જ હોય, અને તેથી જ જૈનશાસ્ત્રકારો તેવા સમ્યગ્દૃષ્ટિ વિગેરેને **निद्धंधसं** એટલે નિરપેક્ષપણે પ્રવૃત્તિ થવાનો સંભવ જ નથી એમ જણાવી પાપનો અલ્પજ બંધ થાય છે એમ નિશ્ચિત કરે છે અને તેથી જ ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજા બીજા દર્શનમાં કહેલા કાયપાતિશબ્દને તે સમ્યગ્દૃષ્ટિઆદિને જ લાગુ કરે છે, અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ વિગેરે પાપના કાર્યોમાં અંતઃકરણની પ્રીતિથી પડવાવાળો હોય જ નહિં. પરંતુ માત્ર અંતઃકરણની પ્રીતિ વગર કાયાથી જ પ્રવર્ત્તવાવાળો હોય, આવી રીતે ઉત્તમપુરુષને સમ્યગ્દર્શનાદિકરૂપ મોક્ષમાર્ગની સાધનાનું ધ્યેય જ્યારે મોક્ષ પ્રાપ્તિ કરવી એમ હોય છે, ત્યારે ઉત્તમોત્તમપુરૂષ તરીકે ગણાયેલા છઠ્ઠાવર્ગનું તે સાધનાનું ધ્યેય કંઈક જુદું જ હોય છે, જો કે સમ્યગ્દર્શન ધારણ કરવાવાળા સર્વ જીવો જગતના સર્વ જીવો તરફ ભાવથી પણ અનુકંપાવાળા હોઈને **मुच्यतां जगदपि** અર્થાત્ આખું જગત પણ રાગ-દ્વેષનો ક્ષય કરી મોક્ષને મેળવો એમ ઈચ્છાવાવાળા હોય છે, પરંતુ છઠ્ઠા વર્ગમાં ગણાયેલા ઉત્તમોત્તમ પુરૂષો તો જુદી જ જાતના ધ્યેયવાળા હોય છે, તે ઉત્તમોત્તમ પુરૂષો જે વખતે વરબોધિને પામે છે તે જ વખત એકજ વિચારમાં તેઓ આવે છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના શાસન સરખું ભયંકર સંસાર સમુદ્રથી તરવાનું સાધન છતાં આ જીવો શામાટે સંસારસમુદ્રથી તરી જતા નથી ? આવી પરોપકારદૃષ્ટિપૂર્વકની અનુકંપા વિચારીને તેઓ એ જ વિચાર કરે છે કે આ જૈન શાસનની આરાધના કરવા દ્વારાએ હું આ જગતનો ઉદ્ધાર કરનારો થાઉં !!!

આવી પરોપકાર દૃષ્ટિના ધ્યેયથી કરાતી સાધનાને અંગે જ તીર્થંકરગોત્ર તે મહાપુરૂષો બાંધે છે, અને તે જ તીર્થંકર નામગોત્રના ઉદયને લીધી તીર્થંકરના ભવમાં

(અનુસંધાન જુઓ પાનું ૮૭)

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-સ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષ્કરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશંકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

## સા ધ ન નો ઉ દે શ

જૈન જનતા એ વાત તો સારી રીતે સમજે છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, અને સમ્યક્ચારિત્રની આરાધનાથી જ સમગ્ર કર્મનો ક્ષય કરવા દ્વારાએ જ સ્વસ્વરૂપમાં અવસ્થાનરૂપી મોક્ષ મેળવી શકાય છે, અને તે સમ્યગ્દર્શન વિગેરેની આરાધના સિવાય કોઈપણ જીવ કોઈપણ કાળે સમગ્ર કર્મનો ક્ષય કરી શકતો નથી, અને સ્વસ્વરૂપાવસ્થાનરૂપી મોક્ષને મેળવી શકતો નથી, આટલી વાત ચોક્કસ છતાં પણ જૈનદર્શનમાં શ્રી મહાનિશીથસૂત્રમાં જણાવેલ ષટ્પુરૂષીમાં જે ઉત્તમપુરૂષોના બે વર્ગ એક જે ઉત્તમપુરૂષ અને બીજો ઉત્તમોત્તમપુરૂષ એ નામના રાખેલા છે તે બન્ને મહાપુરૂષો ઉપર જણાવેલ સમ્યગ્દર્શનાદિક મોક્ષ માર્ગને આરાધવાવાળા જ હોય છે, અને એજ કારણથી માત્ર સમ્યગ્દર્શનને પામીને મિથ્યાદર્શનશલ્યરૂપી મિથ્યાદર્શન નામના અઢારમા પાપસ્થાનકને જે ત્રિવિધ - ત્રિવિધ છોડનારો હોય તે બાકીનાં હિંસા વિગેરે સત્તરે પાપસ્થાનકોમાંથી કોઈપણ પાપસ્થાનકની નિવૃત્તિ કરવાવાળો નથી હોતો, એટલું જ નહિં, પરંતુ તેવા સંજોગે પ્રવૃત્તિ કરવાવાળો પણ હોય છે, છતાં તેને જૈનશાસ્ત્રકારો મોક્ષમાર્ગનો આરાધક ગણે છે, તેમજ જેઓ માત્ર પોતાના યોગદ્વારાએ કરાતી હિંસાથી નિવૃત્તિ કે જે માત્ર નિરપેક્ષ, નિરપરાધી એવા ત્રસ જીવોને જાણી જોઈને ન મારવા વિગેરે રૂપ કરે છે, એટલે એમ કહીએ તો ચાલે કે તેઓને પણ આરંભની અપેક્ષાએ છએ કાયની હિંસા સતત લાગેલી રહે છે, અને એવી જ રીતે મૃષાવાદ વિગેરે પાપસ્થાનકોથી પણ ઘણી જ અલ્પપરિમાણવાળી નિવૃત્તિ રહે છે, તેવા દેશવિરતિને ધારણ કરનારા શ્રાવકોને પણ મોક્ષમાર્ગના આરાધક તરીકે માનવામાં આવેલા છે. આ બાબતનો વિશેષ ખુલાસો જોવાની ઈચ્છાવાળાએ **શ્રીઔત્પાતિકસૂત્ર**માં જણાવેલા ઉપપાતના અધિકારને જોવાની જરૂર છે.

(જુઓ અનુસંધાન પાનું ૮૮)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-,
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥


વર્ષ : ૮ અંક : ૫-૬

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, તા. ૯-૧-૪૦ મંગળવાર

લવાજમ રૂા. ૨-૦-૦ કિંમત ૧॥ આનો

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮ [માગશર સુદી પૂર્ણિમા, માગશર વદી અમાવાસ્યા, મુંબઈ, [અંક-૫-૬

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી



ઉદ્દેશ

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

## -: દેવનું લક્ષણ :-

પાપ અને પુણ્ય અનાદિના છે, સ્વીકારવાથી ઉત્પન્ન થવાનો વસ્તુ સ્વભાવ એ બન્નેનો અનાદિથી છે. એટલે હિંસા વિગેરે કરવાથી પાપ બંધાય, અને દાન વિગેરે દેવાથી પુણ્ય બંધાય, આ અનાદિ કાળની સ્થિતિ છે જ, એ સ્થિતિને કંઈ તીર્થંકરોએ ઉત્પન્ન નથી કરી, પરંતુ સૂર્ય જેમ માર્ગ બતલાવે તેવી જ રીતે દેવાધિદેવો પુણ્યાદિ અને તેનાં કારણો બતાવે છે. તીર્થંકરો (દેવો) જગતને બનાવનાર નહિ, પણ બતાવનાર છે.

ઈતર દર્શનકારો દેવોનું અનાદિ 'નિર્મળતા' લક્ષણ માને છે, જ્યારે જૈનદર્શનકારો દેવની ત્રણ અવસ્થા, માને છે, એક કર્મકાયઅવસ્થા, બીજી ધર્મકાય અવસ્થા માને છે, અને ત્રી તત્ત્વકાય અવસ્થા.

卐 卐 卐

તીર્થંકર નામકર્મ જ્યાંથી બાંધવા માંડે અને તેના ભવમાં આવે નહિ ત્યાં સુધી કર્મકાયઅવસ્થા.

તે અંત્યભવની અવસ્થામાં આવી દીક્ષિત થાય અને કેવલજ્ઞાન ઉપજે ત્યાં સુધી ધર્મકા અવસ્થા.

કેવલજ્ઞાન પછી જગતના ઉદ્ધારને માટે શાસનની પ્રવૃત્તિ કરે એ વગેરે તત્ત્વકાય અવસ્થા-

'ધર્મ' એ જ સાધ્ય છે એવી જેની પ્રતિજ્ઞા હોય તે જ મહાનુભાવ **शरीरमाद्यं खलु धर्मसाधनम्** યથાર્થપણે ઉચ્ચરી શકે !!!

# સાગર સમાધાન

પ્રશ્ન - ૨૫ શ્રીપંચાશકસૂત્રની ટીકામાં ભગવાન અભયદેવસૂરિજીએ જે વ્યાખ્યા કરી છે તે એકલા પરહિતપણાને ઉદ્દેશીને કરેલી નથી, પરંતુ ચારે વસ્તુને ઉદ્દેશીને કરેલી છે. એટલે એવું શા માટે માનવામાં ન આવે કે પરોપકારની વૃત્તિવાળા તો ભગવાન તીર્થંકરના જીવો અનાદિકાળથી હોય છે પરંતુ આ ચારે વસ્તુઓ(૧સર્વોત્તમપુણ્યયુક્તપણું, ૨ એકાન્ત પરહિતરક્તપણું, ૩ વિશુદ્ધયોગપણું અને ૪ મહાસત્ત્વયુક્તપણું) સાથે તો વરબોધિલાભને લીધે જ થાય ? એટલે એકાન્ત પરહિતરક્તપણું વરબોધિલાભને લીધે નથી, કિન્તુ તે તો અનાદિનું છે. એમ માનીએ અને આ ચાર વસ્તુઓએ યુક્તપણું તો અપ્રતિપાતિ સમ્યક્ત્વરૂપી જે વરબોધિ તેની પ્રાપ્તિ પછી જ થાય. (જો કે આટલી વાત તો આ ટીકાના પાઠ ઉપરથી કબુલ કરવી જ પડે તેમ છે કે ભગવાન જિનેશ્વરોના પહેલાંના સમકિતો વરબોધિ કહેવાય એવી માન્યતા કરવી કે પ્રરૂપવું એ શાસ્ત્રથી વિરૂદ્ધ જ છે.)

સમાધાન - ભગવાન અભયદેવસૂરિજીએ જો ત્રિલોકનાથ તીર્થંકરના જીવો વિશિષ્ટ સમ્યગ્દર્શન કે અપ્રતિપાતિ સમ્યક્ત્વ પહેલાંથી એટલે અનાદિ નિગોદથી પરોપકાર વૃત્તિવાળા જ હોય, એમ માનતા હોત તો વરબોધિ લાભરૂપી કારણથી ચાર વસ્તુઓ થવાનું જણાવત નહિં, પરંતુ અત્યન્ત પુણ્ય, વિશુદ્ધયોગ અને મહાસત્ત્વ એ ત્રણ વસ્તુથી જ યુક્તપણું વરબોધિના કાર્ય તરીકે જણાવત, પરંતુ તેમ ન જણાવતાં વરબોધિલાભ એટલે અપ્રતિપાતિ અગર વિશિષ્ટ સમ્યક્ત્વને હેતુ તરીકે જણાવીને ચારે કાર્યો કે જેમાં એકાન્ત પરહિતરતપણું આવી જાય છે તે જણાવત નહિં; પરંતુ જ્યારે ચારે કાર્યો વરબોધિથી થવાનાં જણાવ્યાં છે તો તેથી જ સ્પષ્ટ થાય છે કે એકાન્ત પરહિતરતપણાનું કાર્ય પણ વરબોધિના લાભ પછી જ ભગવાન્ જીનેશ્વર મહારાજાઓના જીવોમાં નિયમિતપણે ઉત્પન્ન થાય છે. યાદ રાખવું કે ભગવાન્ અભયદેવસૂરિજી મહારાજા આ હકીકત તીર્થંકરપણાના ભવને ઉદ્દેશીને જ લખે છે, તેથી તીર્થંકરના ભવથી પાછળના ત્રીજા ભવથી સતતપણે આ ચાર કાર્યો વરબોધિથી થતાં આવ્યાં છે એમ જણાવે છે, જો કે સામાન્ય રીતે તો ભગવાન અભયદેવસૂરિજીની વ્યાખ્યા પ્રમાણે અત્યંત પુણ્ય વગેરે ચારે કાર્યોની સરખી રીતે

સાધ્યતા છે, પરંતુ તે પ્રકરણને વિચારનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકે છે કે ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી કે જે શ્રીપંચાશકસૂત્રના મૂલને કરનારા છે તેમનો મુખ્ય મુદ્દો વરબોધિલાભથી એકાન્ત પરહિતરતપણા રૂપી કાર્યની સિદ્ધિ કરવાનો જ છે, કેમકે આ ગાથા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજીએ ભગવાન્ શ્રીઋષભદેવજી મહારાજે શિલ્પ વિગેરે દેખાડીને લોકોને કરેલા વ્યાવહારિક પરોપકારને અંગે જ જણાવવામાં આવેલી છે. જો કે તેમાં પણ પુણ્યની તીવ્રતા, યોગની શુદ્ધતા અને સત્ત્વની અધિકતાને કથંચિત્ સ્થાન તો છે, પરંતુ મુખ્ય મુદ્દો પ્રકરણની અપેક્ષાએ પરહિતરતપણાનો હોવાથી આ ગાથાનું તત્ત્વ વરબોધિ લાભથી પરહિતરતપણું નિયમિત જ થાય છે એમ જણાવવાને માટે લેવાય, કેમકે આજ ગાથા ભગવાન્ હરિભદ્રસૂરિજીએ શ્રીપંચવસ્તુમાં (૧૨૬૭ ગાથા) આપેલી છે અને તેની સ્વોપજ્ઞપણે નીચે પ્રમાણે ટીકા પણ લખી છે.

**स्वोपज्ञगाथाटीका-वरबोधिलाभतः सकाशाद् असौ-जिनेन्द्रः सर्वोत्तमपुण्य-संयुक्तो भगवानेकान्तपर-हितरतः, तत्स्वाभाव्याद, विशुद्धयोगो महासत्त्व इति गाथार्थः ॥**

ભગવાન્ હરિભદ્રસૂરિજી સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે ત્રિલોકનાથ તીર્થંકરના જીવો જ્યારથી (પાછળના ત્રીજા ભવથી) વરબોધિ લાભવાળા થાય છે ત્યારથી તે વરબોધિના લાભને લીધે આ જીનેશ્વર ભગવાનો સર્વોત્તમ પુણ્ય સંયુક્તવાળા, છતાં એકાન્ત પરહિતમાં લીન થવાવાળા હોય છે. કેમકે તેનો તેવો સ્વભાવ છે માટે (વરબોધિ લાભનું બીજા જીવોના સમ્યક્ત્વ કરતાં આ સ્વભાવથી જ વિશિષ્ટત્વ છે એટલે વરબોધિલાભનો સ્વભાવ જ એવો છે કે પોતાને ધારણ કરનાર તીર્થંકરના જીવને એકાન્ત પરહિતમાં લીન જ બનાવે. નિર્મળ યોગવાળા અને મહાસત્ત્વવાળા થાય છે, આવી રીતે જ્યારે ભગવાન્ હરિભદ્રસૂરિજી પોતે વરબોધિલાભને પરહિતમાં લીન થવાના સ્વભાવવાળો બનાવવા માટે ગણે છે તો પછી એકાન્ત પરહિતરતપણું વરબોધિ લાભને લીધે જ થાય છે એમ માનવામાં કોઈપણ શાસ્ત્રને માનનારો અને શાસ્ત્રની શ્રદ્ધા રાખનારો આનાકાની કરી શકે નહિં. આ પ્રકરણ પરોપકારને માટે જ છે અને તેથી વરબોધિ લાભથી એકાન્ત પરહિતમાં લીનપણાની જ અહિં પ્રકરણને અનુસરીને મુખ્યતાએ વિધેયતા છે એવો નિશ્ચય કરવા માટે શ્રીપંચાશક અને પંચવસ્તુ બન્નેમાં ઉપર જણાવેલી **वरबोहि.** ગાથા પછી આ નીચે જણાવીએ છીએ તે ગાથા લખવામાં આવી છે અને તેથી એની સ્પષ્ટતા થશે. એટલે એકાન્ત પરહિતરતપણાને વરબોધિલાભના કાર્યપણાને જણાવનારૂં પ્રકરણ છે એમ સ્પષ્ટ જણાશે. **जं बहुगुण**

**पयाणं तं णाउणं तहेव भवे देसेइ। ते रक्खंतस्स तओ जहोचियं कह दोसो? ॥१२६८ पं॥३३१ प॥**

અર્થ - જે પ્રજાને ઘણું ગુણ કરનારું હોય તેવું જ કાર્ય જાણીને ભગવાન્ તીર્થંકરો કહે છે. તે પ્રજાજનોનું યથોચિતપણે રક્ષણ કરનારા ભગવાન્ થયા છે તેમાં દોષ કેમ ગણાય? આ અને આ પછીની ગાથાને જોનારો મનુષ્ય પરોપકારની વિધેયતાનું જ પ્રકરણ છે એમ સમજ્યા સિવાય, માન્યા સિવાય કે કબુલ કર્યા સિવાય રહેશે જ નહિ અને તેથી વરબોહિ૦ વાળી ગાથામાં મુખ્યતાએ વરબોધિ લાભથી પરોપકારમાં લીનપણાની મુખ્યતાએ વિધેયતા છે એમ ચોખ્ખું સમજશે. વળી આ ગાથા સમજવાથી શ્રી અષ્ટકજીપ્રકરણના શ્લોકનો પણ અર્થ ચોક્ખો થઈ જશે કે શ્રીજિનેશ્વરો વરબોધિ લાભના પ્રતાપે જ પરોપકારમાં નિયમિત તત્પર થાય છે, ઉદાર આશયવાળા થાય છે, અને તીર્થંકરપણારૂપી સંપૂર્ણ ઉત્તમ પુણ્ય બાંધનારા થાય છે; એટલે ત્યાં વરબોધિ લાભના ચાર કાર્યોમાંથી મહાસત્ત્વરૂપી કાર્ય અર્થાપત્તિથી જાણવાનું રાખીને ત્રણ કાર્યો પરોપકારરક્ત વિગેરે જણાવ્યાં છે. અર્થાત્ પરોપકારરતપણું શ્રીઅષ્ટકજીના મૂળ પ્રકરણથી પણ કાર્ય તરીકે જ છે. પરંતુ અનુવાદ તરીકે નથી એમ સ્પષ્ટ થશે.

પ્રશ્ન - ૨૬ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને ચાહે તો આદ્યસમ્યક્ત્વ કે ચાહે તો અન્ય સમ્યક્ત્વ તીર્થંકર નામકર્મને બંધાવે તે કેમ ઓળખવા અને એને માટે સ્પષ્ટ પુરાવો ક્યો ?

સમાધાન - ભગવાન્ શ્રીહરિભદ્રસૂરિજી શ્રીયોગબિન્દુની અંદર બોધિસત્ત્વની વ્યાખ્યામાં જ્યારે સર્વ સમ્યક્ત્વવાળાને બોધિસત્ત્વ તરીકે ગણાવે છે, ત્યારે બોધિની મુખ્યતાવાળા એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિવાળા થઈને માત્ર સંસારમાં કાયપાતી તરીકે બનેલા જીવોને બોધિસત્ત્વ તરીકે ઓળખાવે છે એટલે સર્વ સમ્યક્ત્વવાળા જીવોને બોધિસત્ત્વ તરીકે ગણાવે છે, પરંતુ તેવી રીતે સર્વ સમ્યક્ત્વવાળા જીવોને બોધિસત્ત્વ તરીકે ગણાવતાં જગતના જીવોની અપેક્ષાએ બોધિસત્ત્વની વિશિષ્ટતા સિદ્ધ થવા છતાં શાસનને પામનાર અને પાળનાર જીવોની અપેક્ષાએ બોધિસત્ત્વની વિશિષ્ટતા રહી શકે નહિ, માટે બીજી વ્યાખ્યા કરતાં વરબોધિવાળા એટલે જેઓ વરબોધિના પ્રભાવે તીર્થંકર નામકર્મ ગોત્ર બાંધીને તીર્થંકરો થવાના છે, તેવા જીવોના સમ્યક્ત્વને વરબોધિ તરીકે જણાવવા માટે બીજી વ્યાખ્યા 'અથવા' શબ્દથી 'પક્ષાન્તર' શબ્દ કહીને કરે છે. વાચકવૃંદે ધ્યાન રાખવાની જરૂર છે કે પહેલી વ્યાખ્યામાં બોધિસત્ત્વ શબ્દથી જે સમ્યક્ત્વવાળા જણાવેલા છે તેઓ જગતની અપેક્ષાએ કોઈપણ જીવ પાપ કરો નહિ, કોઈ પણ જીવ દુઃખી થાઓ નહિ અને સર્વ જીવો કર્મ રહિત થઈ મોક્ષ પદને પ્રાપ્ત કરો. એટલે

ન બાંધો, ન થાઓ અને કરો એવા અભિલાષવાળા હોય, પરંતુ વરબોધિવાળા જીવો તો પૂર્વે જણાવેલી ત્રણ અભિલાષાઓ રૂપી હિતચિંતવન કરતાં વિશિષ્ટ પ્રકારના હિતને ચિંતવન કરનારા હોય છે. તે વસ્તુ જણાવતાં ભગવાન્ હરિભદ્રસૂરિજી ધ્વનિત કરે છે કે તે વરબોધિવાળા જે બોધિસત્ત્વો હોય તેઓ "પાપ કરતા બંધ કેમ કરું"? દુઃખી થતાં કેમ અટકાવું અને સર્વ જગતના જીવોને મોક્ષનો માર્ગ મેળવાવી સર્વ કર્મના ક્ષયને રસ્તે કેમ દોરૂ" એવી પ્રવૃત્તિમય ત્રણ ચિંતાવાળી ભાવનાવાળા હોઈને કેમ કરું ? કેમ અટકાવું ? અને કેમ દોરું ? એવી પ્રકૃષ્ટભાવનાવાળા હોય છે અને આવી ભાવનાના પ્રતાપે જ તે વરબોધિવાળા બોધિસત્ત્વો તીર્થંકર નામકર્મને ઉપાર્જન કરે છે, એટલે તે વરબોધિવાળા સત્ત્વો જે હોય તેઓ અરિહંતાદિક વીસપદો કે ઓછાપદોની આરાધના કરે તે પોતાના આત્માના ઉદ્ધાર માટે જ એકલી હોય નહિ, પરંતુ મુખ્યતાએ અરિહંત, સિદ્ધ આદિક વીસપદોનો જે ભક્તિ ભાવ કરે, ગુણવર્ણન કરે, અવર્ણવાદનો નિષેધ કરે, મહિમા વધારે એ વિગેરે, બધાં કાર્યો જગતના સર્વ જીવોને પાપથી બચાવવા, દુઃખથી દૂર કરવા અને મોક્ષને પ્રાપ્ત કરાવવાની બુદ્ધિથી જ કરે અને આજ કારણથી તત્ત્વાર્થકાર ભગવાન શ્રીઉમાસ્વાતિજી વાચકજી મહારાજના વચન પ્રમાણે ભગવાન્ જીનેશ્વરોની દીક્ષાથી શરૂ કરીને દેશના દેવા સુધીની બધી ક્રિયા જગતના બચાવને માટે જ હોય છે અને એ હકીકત ભાષ્યમાં એમ જે જણાવે છે તે ખરેખર મનન કરવા લાયક છે. ભાષ્યકાર એ પ્રઘટ્ટકની દીક્ષાથી શરૂઆત કરતાં ભગવાન્ જીનેશ્વર મહારાજની દીક્ષા વિગેરેનો હેતુ જણાવતાં જણાવે છે કે આ જગત્ જન્મ, જરા અને મરણના ભયે કરીને પીડાયેલું છે, વ્યાધિ અને વેદનાએ કરીને વ્યાપ્ત થયેલું છે, અને આ જગતમાં તે જન્મ, જરા અને વ્યાધિ આદિને રોકે એવું જગતના જીવોને કોઈ પણ શરણ નથી. તેમજ આ વ્યાધિ-વેદનાદિથી ભરેલા જગતની અંદર સમ્યક્ત્વ. જ્ઞાન અને ચારિત્ર આદિ રૂપી આત્માની ઋદ્ધિ તરફ કોઈપણ જગા પર દૃષ્ટિ ટકેલી નહિં હોવાથી આ જગત્ સર્વથા સારરહિત છે. એવી રીતે જગતનું ઉપદ્રવયુક્તપણું, અશરણપણું અને અસારપણું દેખીને ત્રિલોકનાથ તીર્થંકરો દીક્ષાદિ વિધિમાં પ્રવર્તે છે. આ ભાવાર્થને સમજનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે ભગવાન્ જીનેશ્વર મહારાજાઓ આદિથી અંતસુધી એકલી કર્મકાયાવસ્થામાં હોય ત્યારે પણ પરોપકાર કરવાની જ ધારણાવાળા હતા, એટલું જ નહિં, પરંતુ ધર્મકાય અવસ્થામાં દાખલ થતી વખત પણ અને દાખલ થયા પછી પણ ત્રિલોકનાથ તીર્થંકર

ભગવાનોની ધારણા જગતના ઉદ્ધારને માટે જ હોય છે. આ વસ્તુ જ્યારે સમજવામાં આવશે ત્યારે જગતના ઉપદ્રવ સહિતપણા વિગેરેને કેમ ભગવાનની દીક્ષાનું કારણ ગણવામાં આવ્યું છે તે સમજાશે તથા શાસ્ત્રોમાં જણાવેલા દરેક દીક્ષિતોના મુખમાં **आलित्ते णं भंते ! लोए, पलित्ते णं भंते! लोए जराए मरणेण य** એવાં વાક્યો દીક્ષાના પ્રારંભમાં કેમ નીકળ્યાં હશે ? તેનો સ્પષ્ટ ખુલાસો થઈ જશે. જે ભગવાન્ જિનેશ્વરમહારાજા જગત્ના ઉપદ્રવાદિને ટાળવા માટે જે દીક્ષાદિનો પ્રયત્ન કરતા હતા અને તેઓએ તે માટે જે પ્રયત્ન કર્યો હતો તેની સફળતા તે દીક્ષા લેનાર મહાનુભાવો જણાવતાં જ કહે છે કે હે ભગવાન્ જરા અને મરણે કરીને આ સંસાર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતિએ સળગી રહેલો છે, અર્થાત્ આવી રીતે આ ભવ અને પૂર્વભવોમાં જરા અને મરણે કરીને સળગેલા સંસારમાંથી મારા આત્માનો ઉદ્ધાર કરનાર જો કોઈપણ મહાપુરુષ ઉપકાર કરનાર મળી શક્યો હોય તો તે ફક્ત ત્રિભુવનનાયક આપ જ છો. આ બધી હકીકત ધ્યાનમાં લઈને સૂક્ષ્મદૃષ્ટિનો ઉપયોગ કરનાર મનુષ્ય સ્હેજે સમજી શકશે કે જે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ તે કર્મકાયાવસ્થામાં પણ પરોપકારની દૃષ્ટિવાળા હતા અને ધર્મકાયની અવસ્થામાં પણ પરોપકારની દૃષ્ટિવાળા હતા, એટલું જ નહિં, પરંતુ તત્ત્વકાયાવસ્થાના પગથીયામાં દાખલ થતાં પણ પોતાના શારીરિક પરિશ્રમને નહિ ગણીને વગર ગ્લાનિએ લોકોને જન્મ, જરા અને મરણના ભયથી બળતા જળતા સંસારથી ઉદ્ધરવાને માટે ધર્મદેશનાદ્વારાએ પરોપકાર કરવાવાળા જ હતા. એટલે તીર્થંકર નામકર્મની આદિ, મધ્ય અને અન્ત્ય એ ત્રણે અવસ્થાઓ પરોપકાર દૃષ્ટિથી જ ભરેલી છે, અને તેથી તેવા જીવોને આદિમાં કે મધ્યમાં એટલે તીર્થંકર નામકર્મના કારણભૂત સમ્યક્ત્વ પામતી વખત કર્મકાયાવસ્થામાં અને દીક્ષાગ્રહણ કરતી વખત ધર્મકાયાવસ્થામાં પરોપકાર પરાયણતા રહે અને તેથી તે તે વખતે તેઓશ્રીને વરબોધિવાળા કહેવામાં આવે એમાં કોઈપણ જાતનું આશ્ચર્યજ નથી. વાચકે ધ્યાન રાખવાની જરૂર છે કે શ્રીજૈનશાસ્ત્રની અંદર લોકરંજન માટેની કરાતી કોઈપણ ધર્મક્રિયા આત્મીય ઉન્નતિના ફળની અપેક્ષાએ કોડી કિંમતની પણ હોતી નથી, પરંતુ ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતો પોતાની વ્યક્તિની અપેક્ષાએ લોકોને પોતાના રાગી કરવાની ધારણાવાળા હોતા નથી, તેમજ લોકો પોતાના ગુણને લીધે પોતાના રાગી બને તેમાં પોતે કોઈપણ જાતની પૌદ્ગલિક સુખની અપેક્ષા રાખવાવાળા નથી, માટે, તેઓની પરને માટે કરાતી ક્રિયા

કોઈપણ પ્રકારે કિંમત વગરની છે એમ ન કહી શકાય, પરંતુ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ કિંમતવાળી તે પરોપકાર દૃષ્ટિથી કરાતી ક્રિયા છે, એમ સુજ્ઞ મનુષ્યો તો સ્હેજે સમજી શકશે. આ સ્થળે એમ નહિં ધારવું કે જો પરોપકાર કરનારો આત્મા પરોપકાર કરવા દ્વારાએ પોતાના આત્માને તારી શકે છે એમ માનીએ તો એક ભવ્યજીવ કરતાં એક અભવ્યજીવ અનન્તગુણા જીવોને પરોપકાર કરનારો થાય છે એટલે તેવા અભવ્યજીવનો નિસ્તાર જલદી થઈ જવો જોઈએ. આમ નહિં માનવાનું કારણ પ્રથમ તો એ છે કે અભવ્યજીવ મોક્ષ તત્ત્વને જ માનનારો હોતો નથી, તેમજ જન્મ, જરા, મરણાદિકના ઉપદ્રવો ટળી જાય છે તથા વ્યાધિ-વેદનાની પીડામાંથી જીવો સર્વથા છૂટી શકે છે અને ઉપદેશદ્વારાએ જીવો સમ્યગ્દર્શનાદિક સારને ગ્રહણ કરી શકે છે. એવી અશરણ, આર્ત્ત અને અસારપણાની ધારણાવાળો કોઈ દિવસ અભવ્યજીવ હોય નહિં. અર્થાત્ અભવ્યજીવને સંસારના વ્યુચ્છેદની શ્રદ્ધા પણ હોતી નથી, અને મોક્ષ પ્રાપ્તિની માન્યતા પણ હોતી નથી, તેથી અભવ્યજીવ સંસારવ્યુચ્છેદ અને મોક્ષ પ્રાપ્તિરૂપ પરોપકારની ધારણાને કોઈપણ દિવસ ધારી શકે નહિં. ઈતરજીવોમાં પણ સંસારનો વ્યુચ્છેદ થાઓ એવી ધારણા અને મોક્ષનાં કારણો પ્રાપ્ત કરી મોક્ષને મેળવે એવી ધારણા આસન્ન ભવ્યજીવ સિવાય બીજા જીવને હોઈ શકે નહિં. વાંચકવૃંદને જરૂર શંકા થશે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો દેશના દેવામાં જેવી રીતે ભવ્યજીવોના ઉપકારને આગળ ધરનારા હોય છે તેવી જ રીતે દરેક ધર્માત્મા ઉપદેશકો પોતાના ધર્મમય ઉપદેશની અંદર તે પરોપદેશ કરતાં અન્યના ઉપકારને જ આગળ કરનારા હોય છે, અને એ જ કારણેથી ભગવાન્ ભાષ્યકાર મહારાજ જણાવે છે કે **न भवति धर्मः श्रोतुः, सर्वस्यैकान्ततो हित-श्रवणात्। ब्रुवतोऽनुग्रहबुद्धया, वक्तुस्त्वे-कान्ततो भवति॥१॥** એટલે સર્વશ્રોતા પુરુષો જો કે એકાન્ત હિતવાળી જ ધર્મ દેશના શ્રવણ કરે, પરંતુ તે સર્વશ્રોતાઓને ધર્મની પ્રાપ્તિ થાય એવો નિયમ નથી. (કેટલાક શ્રોતાઓને તે ધર્મદેશના સાધનરૂપે પરિણમે, કેટલાકોને તે દેશના ધર્મના સાધનરૂપે ન પરિણમે, અને કેટલાક તેવા જીવોને તો વિપરીતપણે પણ પરિણમે, માટે સર્વશ્રોતાઓને એકાન્તથી હિત સાંભળતાં છતાં પણ ધર્મજ થાય એમ કહી શકાય નહિં. દાખલા તરીકે સુદર્શનશેઠના ચરિત્રને શ્રવણ કરનાર શ્રોતાઓમાં કેટલાક શ્રોતાને તો અન્તઅવસ્થાની વખતે એક અરિહંતને નમસ્કાર યાદ આવે તો કેટલું બધું

ફળ થાય છે ? એમ સમજવામાં આવવાથી પરમેષ્ઠિ નમસ્કાર તરફ બહુમાન થાય અને તેની પ્રવૃત્તિ થાય, વળી કેટલાકને તેમના શીલની દૃઢતા સાંભળવાથી પોતાનો આત્મા પણ કેમ તેવો દૃઢ ન થાય ? અને તેવો શીલમાં નિષ્પ્રકંપ રહેવાવાળો કેમ ન બને? અર્થાત્ જેટલી શીલની અંદર આ આત્માની મંદતા કે શિથીલતા છે તે માત્ર પોતાના આત્માની દૃઢપરિણતિની ખામી છે. માટે આત્માનું કલ્યાણ ઈચ્છનારે તે બ્રહ્મચર્ય તરફ પરમ દૃઢપરિણતિવાળા થવું જ જોઈએ અને તેમ થવું તે આ સુદર્શનશ્રેષ્ઠિના દૃષ્ટાન્તના શ્રવણથી અશક્ય નથી, પણ ચોક્કસ શક્ય જ છે એમ નક્કી થાય છે, એમ વિચારે. ત્યારે ત્રીજો શ્રોતા વળી એમ વિચારે કે કથાઓ કલ્પિત જ ઘણી હોય છે, અને આ કથા કોઈપણ પ્રકારે ઐતિહાસિક હોય એમ સંભવતું નથી, અને તેથી આવી કલ્પિતકથાને આધારે શીલની નિષ્પ્રકંપતાને શક્ય માનવી તે ભૂલ ભરેલું છે, એટલું જ નહિં, પરંતુ અવળે માર્ગે દોરનાર છે, પરંતુ વાસ્તવિકરીતિએ શીલની નિષ્પ્રકંપતાના ભરોસે આવા પ્રસંગો ન આવવા દેતાં ભગવાન્ જીનેશ્વર મહારાજે જણાવેલી નવ વાડોની અંદર દાખલ થઈને શીલ પાળવા સાવધાન થવું એ જ બુદ્ધિમાનોનું કર્ત્તવ્ય છે એમ ધારે. ત્યારે કોઈક ચોથો વર્ગ વળી એવી ધારણાવાળો રહે કે પરસ્ત્રીગમન અને પરસ્ત્રીની પ્રાર્થનાથી દૂર રહેવું તે સજ્જનનું કર્તવ્ય જ છે અર્થાત્ તે કથાશ્રવણ કાર્યનું ફળ માત્ર સજ્જનતા જ છે, છતાં તેનું ફળ જે આત્મીયદૃષ્ટિએ જણાવવામાં આવે છે તે કેવળ બ્રહ્મચર્યમાં નિષ્પ્રકંપતા ધારણ ન કરી શકતા હોય તેવાઓને તે આત્મીય ફળના કલ્પિત ઉદેશદ્વારાએ પણ પ્રવર્ત્તાવવા તે ઉપદેશકને માટે અયોગ્ય નથી. પરંતુ એવું માનવા તરફ દોરાવવું તે કોઈ પણ પ્રકારે વ્યાજબી નથી. જગતમાં નાનાં બચ્ચાંઓને અગ્નિના દાહથી બચાવવાનો મુખ્ય ઉદેશ હોય છે, છતાં તે બચ્ચાંઓ એટલી બધી અણસમજવાળાં હોય છે કે દાહ શું? અને દાહની પીડા શું ? અને દાહનું નુકશાન શું? વિગેરે કંઈ પણ તેઓ સમજી ન શકે ત્યારે તેવા બાળકોને અગ્નિ જેવી સાંસારિકદૃષ્ટિએ અત્યંત ઉપયોગી ચીજને પણ છી તરીકે ગણાવીને દૂર રાખવા પડે છે. તો તેવી સ્થિતિમાં તે છોકરાનું માબાપ અહિત કરે છે એમ કોઈ પણ પ્રકારે કહી શકાય નહિં, પરંતુ હિત જ કરે એમ કહેવું પડે, તેવી રીતે અહિં પણ નિરાલંબનપણે બ્રહ્મચર્યમાં દૃઢ નહિં થવાવાળાને આત્મીયફળના ઉપદેશથી બ્રહ્મચર્યની દૃઢતાને સ્થિર કરવા સુદર્શન શેઠનું દૃષ્ટાંત આપ્યું તે કોઈ પણ પ્રકારે અયોગ્ય નથી એમ ધારે. વળી તેનાથી ઈતર વર્ગ તો ધર્મ, બ્રહ્મચર્ય, સુદર્શન શેઠ અને

તેની બધી આખ્યાયિકા સર્વથા વ્યર્થ જ છે એમ ધારે. આવી રીતે જુદા જુદા વર્ગો જુદી જુદી પરિણતિને ધારણ કરનારા હોય અને તેથી તે સર્વ વર્ગને સુદર્શન શ્રેષ્ઠિના વૃત્તાન્ત જેવા હિતના શ્રવણથી સર્વથા ધર્મ થાય જ એમ ન કહી શકાય. અને એ કોઈ પણ પ્રકારે અયોગ્ય નથી. છતાં શ્રોતા જીવો જન્મ, જરા અને મરણના ભયથી પીડાયેલા એવા આર્ત અને વ્યાધિ, વેદનાથી ઘેરાયેલા અશરણ અને નિઃસાર એવા સંસારથી પોતાના આત્માનો આ સમ્યગ્દર્શનાદિ ધર્મ પામીને કેમ ઉદ્ધાર કરે એવી રીતની અનુગ્રહ બુદ્ધિથી બોલવાવાળા ઉપદેશક માટે જણાવેલી એ સુદર્શન શ્રેષ્ઠિની કથા કહેલ હોવાથી એકાંત ધર્મ અને નિર્જરા કરાવનાર કહેલ હોવાથી એકલા ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જ અગ્લાનિએ પરોપકારને માટે ધર્મોપદેશ કરનારા છે, પરંતુ તેઓશ્રીના સિવાય બીજા કોઈ તેવી રીતે ધર્મોપદેશ કરનારા નથી, એમ કહી શકાય નહિં અને તેમ માની શકાય પણ નહિં. આવું કહેવા કે માનવાવાળા જીવોએ સમજવું જોઈએ કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન્ સિવાયના પરોપકારી ધર્મોપદેશકોને ભગવાન ભાષ્યકારે જે ધર્મની એકાન્ત પ્રાપ્તિ જણાવી છે. તે જ સ્પષ્ટ કરે છે કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન સિવાયના પરોપકારી ધર્મોપદેશકો એકલા પરોપકારને માટે જ ધર્મોપદેશ કરનારા હોતા નથી, પરંતુ પોતાના આત્માને પણ તે પરોપકાર કરનાર ધર્મોપદેશ દ્વારાએ ધર્મની પ્રાપ્તિ થાય એવી ધારણા નિશ્ચિત રાખનારા હોય છે અને તેથી જ વ્યાખ્યાકારો સ્થાને સ્થાને સ્થવિર પરોપકારી ધર્મોપદેશકોને સ્વ અને પરના તારક તરીકે ગણાવે છે, પરંતુ પોતાના આત્મામાં સંપૂર્ણ ધર્મદશા થયેલી હોઈને એકપણ અંશે ધર્મની પ્રાપ્તિ કરવાના વિચાર સિવાય કેવળ જન્મ - જરા - મરણના ભયથી પરાભવ પામેલ, વ્યાધિ અને વેદનાના પ્રવાહમાં ઘસડાયેલા અને સમ્યગ્દર્શનાદિસારથી વિમુખ એવા સંસારી જીવોને સંસારસમુદ્રથી ઉદ્ધરવાને માટે જ જો કોઈ પરોપકારી ધર્મોપદેશક હોય તો તે માત્ર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનો જ છે અને આજ કારણથી વ્યાખ્યાકારો સ્થાને સ્થાને ભગવાન્ જિનેશ્વર મહારાજને સ્વ અને પરનો ઉપકાર કરવાવાળા ન ગણતાં દેશનાદ્વારાએ માત્ર પરોપકારને કરવાવાળા છે એમ જણાવે છે. સ્તુતિકારો પણ **तिन्नाणं तारयाणं** એમ કહીને પોતે તરેલા છે અને બીજાને તારે છે એમ સ્પષ્ટપણે જણાવે છે, પરન્તુ **तरंताणं** કે **तरयाणं** એમ કહીને ત્રિલોકનાથ તીર્થંકરોને તરનારા તરીકે જણાવતા નથી. એટલે ભગવાન જિનેશ્વર મહારાજની ધર્મદેશના કેવળ પરોપકારને માટે જ છે અને તે તીર્થંકર નામકર્મના ઉદયના પ્રભાવથી સ્વાભાવિકપણે વર્ત્તે છે. એટલે જેમ જગતમાં સૂર્ય કોઈપણ પ્રકારના ફળની ઈચ્છા સિવાય માત્ર પ્રકાશ કરવાના સ્વભાવથી જ જગતમાં પ્રકાશ કરે છે, તેવી રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતો પણ પોતાના આત્મામાં ધર્મની પ્રાપ્તિ, વૃદ્ધિ કે પરાકાષ્ઠાની અપેક્ષા રાખ્યા સિવાય માત્ર તીર્થંકરકર્મના ઉદયથી જ સ્વાભાવિકપણે

શાસન પ્રવર્ત્તાવવાની દેશનામાં પ્રવર્ત્તે છે અને આજ કારણથી આવશ્યક-નિર્યુક્તિકાર ભગવાન્ ભદ્રબાહુસ્વામીજીએ વીસસ્થાનકની આરાધનારૂપી પરોપકાર સાધનાથી બાંધેલું તીર્થંકર નામગોત્ર કેમ ભોગવાય છે? એવા શિષ્યે કરેલા પ્રશ્નના ઉત્તરમાં એમ જ જણાવ્યું કે તે પરોપકાર દ્વારાએ બાંધેલા તીર્થંકર નામકર્મનો ભોગવટો અગ્લાનિએ ધર્મોપદેશ આપવા વિગેરેથી જ થાય છે. એટલે સ્પષ્ટ થયું કે પરોપકારને માટે જ તીર્થંકર નામકર્મનું બાંધવું થાય છે. અને પરોપકારદ્વારાએ જ તીર્થંકર નામકર્મ ભોગવાય છે. એટલે ત્રિલોકનાથ તીર્થંકર ભગવંતો કર્મકાયાવસ્થા - ધર્મ કાયાવસ્થા અને પ્રારંભિક તત્ત્વકાયઅવસ્થામાં પરોપકાર પરાયણ જ હોય છે અને આ સર્વ પરોપકાર પરાયણતાનો પ્રભાવ વરબોધિ લાભને ખોળે જ જાય છે, ઉપર જણાવેલી હકીકતમાં સૂચવવામાં આવેલો શ્રીયોગબિન્દુનો પાઠ બોધિસત્ત્વ અને વરબોધિના પ્રસંગનો જે છે તે નીચે પ્રમાણે છે.

**अयमस्यामवस्थायां, बोधि-सत्त्वोऽ-भिधीयते, अन्यैस्तल्लक्षणं यस्मात्, सर्वम-स्योपपद्यते॥१॥** अयं भिन्नग्रंथि-र्जीवः 'अस्यां' सम्यग्दर्शनरूपायां 'अवस्थायां' 'बोधिसत्त्वो' वक्ष्यमाण-निरुक्तः, 'अभिधीयते' निर्दिश्यते 'अन्यैरपि' सौगतैः, 'तल्लक्षणं' बोधिसत्त्वलक्षणं 'यस्मात्' 'सर्वं' निरवशेषं 'अस्य' सम्यग्दृष्टेः उप-पद्यते-घटते॥ एतदेव दर्शयति- **कायपातिनः एवेह, बोधिसत्त्वाः परोदितम् न चित्तपातिनस्तावदेतदत्रापि युक्तिमत्॥२॥** 'काय-पातिनः एव'। कायमात्रेणैव सावद्यक्रियावतारिणः 'इह' जगति प्रस्तुता 'बोधिसत्वाः परोदित परनिरूपितमेतत, व्यवच्छेद्यमाह-'न चित्तपातिनः' न चित्तेन पतनशीलाः 'तप्तलोहपदन्यासतुल्यावृत्तिः क्वचिद्यदीति वचनप्रामा-ण्यात् तावच्छब्दः क्रमार्थः, विस्तरतस्त्वन्यदपि परोदितमस्तीति भावः, एतद् बोधिसत्त्वलक्षणं 'अत्रापि' सम्यग्दृष्टौ किं पुनर्बोधिसत्त्वे युक्तिमेवाह- **परार्थरसिको धीमान्, मार्गगामी महाशयः। गुणरागी तथेत्यादि, सर्वं तुल्यं द्वयोरपि॥३॥** 'परार्थ-रसिकः' परोपकारवच्चित्तो 'धीमान्' बुध्ध्यनुगतो 'मार्गगामी' कल्याण-पथानुयायी 'महाशयः' स्फीतचित्तो 'गुणरागी' गुणानुरागवान् 'तथे' ति बोधिसत्त्वगुणान्तर-समुच्चयार्थः 'इत्यादि' शास्त्रान्तरोक्तं 'सर्वं' 'तुल्यं' समं 'द्वयोरपि' सम्यग्दृष्टि-बोधिसत्त्वयोः॥ अन्वर्थतोऽपि तुल्यतां दर्शयति-**यत् सम्यग्दर्शनं बोधिस्तत्प्र-धानो महोदयः। सत्त्वोऽस्तु बोधिसत्त्वस्तद्धंत** एषोऽपि तत्त्वतः॥ 'यत्' यस्मात् 'सम्यग्दर्शनं' सम्यक्त्वं बोधिः तत्प्रधानो बोधिसत्त्वो

'महोदयः' प्रशस्तसर्वगुणोद्गमः सत्त्वो-जीवः 'अस्तु' भवतु, 'बोधिसत्त्वस्तत्' तस्माद्धंतेति पूर्ववत्।

अत्रैव पक्षान्तरमाह-**वरबोधिसमेतो वा, तीर्थकृद्यो भविष्यति। तथा भव्यत्व-तोऽसौ वा, बोधिसत्त्वः सतां मतः ॥२७४॥** 'वरबोधिसमेतो वा' तीर्थंकरपदप्रायोग्य-सम्यक्त्वसमेतो वा बोधिसत्त्व इति संबध्यते। स च कीदृश इत्याह-'तीर्थकृत्' तीर्थकर्त्ता 'यः' जीवः 'भविष्यति' संपत्स्यते 'तथाभव्यत्वतः' भव्यत्वं नाम सिद्धिगमनयोग्यत्वमनादिपा-रिणामिको भावः, तथाभव्यत्वं चैतदेव कालनैयत्यादिना प्रकारेण वैचित्र्यमापन्नं तस्मात् 'असौ वा' अयमेव बोधिसत्त्वः **'सतां' साधूनां 'मतः'**॥ तथाभव्यत्वमेव भावयति-**सांसिद्धिकमिदं ज्ञेयं, सम्यक् चित्रं च देहिनाम्। तथा कालादिभेदेन, बीजसिद्धादिभावतः ॥२७५॥** 'सांसिद्धिकं' आत्मसमकालोद्भवमिदं-तथाभव्यत्वं ज्ञेयं, सम्यग्-यथावत् चित्रं च-नानारूपं च पुन-र्देहिनां, कथमित्याह-तथा-तत्प्रकारा ये कालादयः-कालस्वभावादयः कारणप्रकारा-स्तेषां **भेदेन-वैचित्र्येण** बीजस्य-धर्मप्रशंसादेः सिद्धिः-लाभः, आदिशब्दाद् धर्म्मचिन्ता-श्रवणानुष्ठानादिग्रहस्तेषां भावतो-भावात्॥ एतदेवाधिकृत्याह-**सर्व्वथा योग्यताऽभेदे, तदभावोऽन्यथा भवेत्। निमित्तानामपि प्राप्तिस्तुल्यास्याद्यन् नियोगतः ॥२७६॥** 'सर्व्वथा' **सर्वैःप्रकारैर्योग्यताया अभेदे,** एकाका-रायां योग्यतायामित्यर्थः **तदभावः-चित्रबीजसिद्धाद्यभावः अन्यथा** पूर्वोक्तार्थानभ्युपगमे भवेत्, कुत इत्याशङ्क्याह निमित्तानामपि-कालादीनां' प्राप्तिः-संनिधानलक्षणा सर्वयोग्यानां तुल्या-समा भवेत्, किं पुनः योग्यतायाः, परमते योग्यतायास्तुल्यतेत्यपिशब्दार्थः, 'यद्' यस्मात् 'नियोगतो' योग्यतापारवश्यात्, तुल्यायां हि सत्त्वेषु योग्यतायां सहकारिणोऽपि तुल्या एव भवेयुः, तुल्य-योग्यता सामर्थ्याक्षिप्तत्वा-त्तेषामिति सर्वत्र तुल्यफलतापत्तिरिति। अत्रैव विपर्यये बाधकमाह - **अन्यथा योग्यताऽभेदः, सर्वथा नोपपद्यते। निमित्तोपनिपा-तोऽपि, यत्तदाक्षेपतो ध्रुवम्॥२७७॥** अन्यथा-सहकारिणां तुल्यत्वाभावे योग्यताया 'अभेदः' तुल्यता सर्वथा न उपपद्यते-घटते, कुत इत्याह-**'निमित्तानां'** उक्तरूपाणां कालादीना-**मुपनिपातः**-संनिहितता, किं पुनर्योग्यतासाध्यं फलमित्यपिशब्दार्थः, यद्-यस्मात् **तदाक्षेप तः**-तुल्ययोग्यताकर्षणात् ध्रुवं-निच्चितं भवेत्॥

अथ योग्यतामेव तथाभव्यत्वमिति व्याचष्टे <u>योग्यता चेह विज्ञेया, बीजसिद्ध्याद्य-</u>

पेक्षया आत्मनः सहजा चित्रा, तथाभव्यत्व-मित्यतः ॥२७८॥ योग्यता च योग्यभावः पुनर्जीवानां इह-प्रक्रमे विज्ञेया-अवगन्तव्या बीजसिद्धयादीनां-उक्तरूपाणामपेक्षया-आलम्बनेन आत्मनो-जीवस्य सहजा-जीवसमानकालभाविनी चित्रा-नानारूपा, किमित्याह 'तथाभव्य-त्वमिति' एतत्प्रागुक्त-स्वरूपं 'अतः' अस्माद्धेतोः ॥ किमित्याह-वरबोधेरपि न्यायात्सिद्धिर्नो हेतुभेदतः। फलभेदो यतो युक्तस्तथा व्यवहितादपि ॥२७९॥ वरबोधेरपि-सम्यक्त्वलक्षणाया अपि न्यायाद्-युक्तेः सिद्धिः-संभवः, किं पुनर्योग्यताया इत्यपिशब्दार्थः, नो हेतुभेदतो-धर्माचार्यादिवैचित्र्यलक्षणात्, किं तु स्वयोग्यतावैचित्र्यात्, फलभेदः-कार्यनानात्वं यतो हेतुभेदात् युक्तोघटमानः स्यात् तथा-तेन प्रकारेण व्यवहितादपि, किं पुनरव्यवहिता-दित्यपिशब्दार्थः। इति स्वगत एव योग्यता-भेदः सर्वत्र कार्यभेदनिबन्धनं प्रतिपत्तव्यमिति तात्पर्यमिति॥ अनेन भवनैर्गुण्यं, सम्यग्वीक्ष्य महाशयः। तथाभव्यत्वयोगेन, विचित्रं चिन्तयत्यसौ॥२८४॥ अनेन-सद्दर्शनेन भवनैर्गुण्यं-जरामरणादिव्यसन-बहुलतया संसारनिर्गुणभावं सम्यग्-यथावत्-वीक्ष्य-विलोक्य महाशयः-प्रशस्त-परिणामः तथाभव्यत्वयोगेन-उक्तरूपेण विचित्रं-नानारूपं चिन्तयति-भावयति असौ भिन्नग्रन्थि-जन्तुः॥एतदेव दर्शयति-मोहान्धकारगहने, संसारे दुःखिता बत ऽसत्त्वाः परिभ्रमन्त्युच्चैः सत्यस्मिन् धर्मतेजसि ॥२८५॥ मोहान्धकार-गहने-मिथ्यात्वादिमोह-नीय-ध्वान्तबहुले संसारे-भवे दुःखिताः संजात-दुःखा 'बत' इत्यामन्त्रणे सत्त्वाः-प्राणिनः परिभ्रमन्ति-संचरन्ति उच्चैः-अतीव सति-विद्यमाने अस्मिन् सर्वज्ञोपज्ञेधर्मतेजसि-धर्मलक्षण उद्योते॥ अहमेतानतः कृच्छ्राद्यथायोगं कथंचन। अनेनोत्तारयामीति, वरबोधि-समन्वितः ॥२८६॥ अहं कर्ता एतान्-भीषणभवभ्रमणरीणान् प्राणिनः अतो-भवात् कृच्छ्रात् कृच्छ्ररुपात् यथायोगं-उत्तरेण घटनातिनक्रमेण कथंचन-केनापि प्रकारेण अनेन-धर्मतेजसा उत्तरयामि-अपसारयामि इति-एतत् वरबोधि-समन्वितः उक्तरुपवरबोधि-संपन्नः॥ तथा-करुणादिगुणोपेतः, परार्थव्यसनी सदा। तथैव चेष्टते धीमान्, वर्धमान-महोदयः॥२८७॥ करुणादिगुणोपेतः-अनुकम्पास्तिक्यादि-गुणालिङ्गितः तथा परार्थव्यसनी परोप-कारकरणव्यसनवान् सदासंततं तथैव-करुणादिगुणानुरूपमेव चेष्टते-व्यवहरति धीमान्-बुद्धिमान् वर्धमान-महोदयः-प्रतिक्षणारोहन्नवनव-प्रशस्तगुणोद्गमः। अत एव-तत्तत्कल्याणयोगेन, कुर्वन-वेर्मक्क सः। तीर्थकृत्त्वमवाप्नोति, परं सत्त्वार्थसाधनम् ॥२८८॥ तस्य कल्याणस्य-परिशुद्धप्रवचना-धिगमातिशायिधर्मकथाविसंवादिनिमित्ता-

दिलक्षणस्य योगेन-व्यापारणेन कुर्वन्-क्रिद्धानः **सत्त्वार्थमेव**-मोक्षबीजाधानादिरूपं, न त्वात्मंभरिरपि, स-वरबोधिमान्, किमित्याह-'तीर्थकृत्त्वं', **तीर्थंकरत्वरूपं** 'अवाप्नोति' लभते। कीदृशमित्याह 'परं' प्रकृष्टं 'सत्त्वार्थसाधनं' भव्यसत्त्वप्रयोजनकारि।

અર્થાત્ ભિન્નગ્રંથિવાળો આ જીવ સમ્યગ્દર્શનરૂપ અવસ્થામાં (હોય ત્યારે) બોધિસત્ત્વ કહેવાય છે, કારણ કે બૌદ્ધ વિગેરે બીજાઓએ કહેલ આ સર્વ લક્ષણ તે સમ્યગ્દષ્ટિમાં ઘટે છે. આ જગતમાં કાયપાતી (કાયામાત્રથી) જ સાવદ્ય ક્રિયામાં ઉતરનારા જ બોધિસત્ત્વો હોય છે, પરંતુ તેઓ ચિત્તથી પડનારા નથી હોતા. એવું બૌદ્ધાદિનું વચન છે, આ લક્ષણ સમ્યગ્દષ્ટિમાં પણ યુક્તિવાળું છે, (ઘટે છે યુક્તિ જણાવે છે :- પરોપકારમાં રસિક, બુદ્ધિમાન્, કલ્યાણમાર્ગે ચાલનાર, નિર્મળ આશયવાળો, ગુણાનુરાગી, ઈત્યાદિ શાસ્ત્રોમાં કહેલ સર્વલક્ષણ સમ્યગ્દષ્ટિ અને બોધિસત્ત્વ એ બન્નેને પણ સરખાં છે.

કારણકે સમ્યક્ત્વ એટલે બોધિ - તે પ્રધાન એવો પ્રશસ્ત સર્વગુણવાળો જીવ બોધિસત્ત્વ હોય છે, માટે પરમાર્થથી આ સમ્યગ્દષ્ટિ પણ બોધિસત્વ છે.

પક્ષાંતર જણાવે છે : અથવા વરબોધિ એટલે કે તીર્થંકરપદને લાયક સમ્યક્ત્વયુક્ત જીવ (બોધિસત્ત્વ કહેવાય) જે તથાભવ્યત્વના યોગે તીર્થંકર થશે એ જ 'બોધિસત્ત્વ' સાધુને માન્ય છે.

તથાભવ્યત્વ - આ તથાભવ્યત્વ - આત્મકાલે થયેલું છે, અને કાલ-સ્વભાવ આદિ કારણના પ્રકારોના ભેદની વિચિત્રતાથી અને ધર્મપ્રશંસા, ધર્મચિંતા, શ્રવણ, અનુષ્ઠાન, આદિના લાભરૂપ બીજસિદ્ધિ આદિના ભાવથી પ્રાણીઓને અનેક રૂપનું છે એમ જાણવું.

સર્વથા યોગ્યતાનો અભેદ (તુલ્યતા) માનવામાં આવે તો વિચિત્ર પ્રકારના બીજસિદ્ધિ આદિનો અભાવ થઈ જાય, અને કાલ આદિની પ્રાપ્તિ પણ સરખી થઈ જાય, કારણ કે યોગ્યતા પરવશ છે, પ્રાણીઓમાં યોગ્યતા સરખી મનાય તો સહકારીઓ પણ સરખા જ થાય, કારણકે તે સહકારીઓ તુલ્યયોગ્યતાના સામર્થ્યથી સરખા જ ખેંચાઈ આવે છે, તેથી સર્વત્ર તુલ્યફલની પ્રાપ્તિ થઈ જાય.

વિપર્યયમાં બાધક પ્રમાણ - અન્યથા એટલે - સહકારીના તુલ્યત્વના અભાવમાં યોગ્યતાની તુલ્યતા સર્વથા ન ઘટે, કારણકે કાલાદિ નિમિત્તોની પ્રાપ્તિ પણ તુલ્યયોગ્યતા અવશ્ય તુલ્યરૂપે ખેંચી લાવે છે.

અહિં આત્માની બીજસિદ્ધિઆદિની અપેક્ષાએ યોગ્યતા સ્વાભાવિક અને નાનારૂપની જાણવી, એથી જ એ તથાભવ્યત્વ કહેવાય છે.

ન્યાયથી વરબોધિનો પણ સંભવ હેતુભેદથી નથી, તો યોગ્યતાનો તો હોય જ

ક્યાંથી ? જે રીતે હેતુભેદથી ફલભેદ ઘટે છે, તે જ રીતે વ્યવહિત હેતુભેદથી પણ ઘટે છે.

તથાભવ્યત્વના યોગે ભિન્નગ્રન્થિવાળો જીવ સમ્યગ્દર્શનથી ભવની નિર્ગુણતા જોઈને પ્રશસ્ત પરિણામી તે અનેક પ્રકારની ચિંતા કરે છે. તે કઈ? એ જણાવે છે. મિથ્યાત્વાદિ અંધકારમય આ સંસારમાં દુઃખી થયેલા પ્રાણીઓ ખરેખર ! ધર્મરૂપ ઉદ્યોત છે છતાં કેમ અત્યંત ભટક્યા કરે છે?

હું એ ભવમાં દુઃખી થયેલા જીવોને આ દુઃખી એવા ભવથી કોઈ પણ રીતે આ ધર્મ રૂપ ઉદ્યોતવડે પાર ઉતારું !! એ સ્વરૂપ વરબોધિ યુક્ત - તથા કરુણાદિ ગુણ યુક્ત, હંમેશાં પરોપકાર કરવામાં વ્યસની, બુદ્ધિશાળી અને દરેક ક્ષણે નવ નવા પ્રશસ્ત ગુણની ખીલાવટ થતી હોય તેવો આ જીવ તેવા જ પ્રકારની ચેષ્ટા કરે છે.

તે તે કલ્યાણના યોગથી મોક્ષબીજના આધાનરૂપ (પેટ ભરવું ઈત્યાદિ પણ નહિ) સત્ત્વના પરોપકારને જ કરતો તે વરબોધિમાન્ જીવ પ્રકૃષ્ટ અને ભવ્યસત્ત્વના કાર્ય કરી આપનાર તે તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે.

ઉપર જણાવેલ સમાધાન અને ભાવાર્થ સાથેનો શ્રીયોગબિન્દુનો પાઠ વાંચનાર સુજ્ઞ મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે સામાન્ય સમ્યક્ત્વ કરતાં વરબોધિ જુદી ચીજ છે, અને વરબોધિ થયા પછીથીજ તે વરબોધિના પ્રતાપે જ પરાર્થરસિક (પરોપકારલીનપણું) આદિક ગુણો થાય છે અને તે ગુણો વરબોધિ પછી સતતપણે રહે છે, એટલે આદિ સમ્યક્ત્વને વરબોધિ માનવાનું અને અનાદિથી પરોપકારી હોય એમ માનવાનું શાસ્ત્રદષ્ટિએ બની શકતું નથી, પરંતુ ભગવાન્ તીર્થંકર મહારાજના જીવને પણ જ્યારે વિશિષ્ટ પ્રકારનું સમ્યગ્દર્શન થાય ત્યારે તે વરબોધિ કહેવાય અને તેવા વરબોધિની પ્રાપ્તિ થયા પછી તીર્થંકર મહારાજનો જીવ સતતપણે પરોપકારી જ હોય છે એ પણ સમજી શકાય તેમ છે.

❋ ❋ ❋

# સમાલોચના

પિંડવિશુદ્ધિના ટીકાકાર ચંદ્રસૂરિ છે, એમ જે હેડીંગમાં **श्रीमच्चन्द्रसूरिविवृता** પદથી નિવેદનમાં ટીકા શ્રી શત્રુંજયમાહાત્મ્યની વૃત્તિના કર્ત્તા આચાર્ય શ્રીમદ્ ધનેશ્વરસૂરીજીના શિષ્ય આચાર્ય શ્રીમચ્ચન્દ્રસૂરિશ્વરજી મહારાજાએ એમ કહેવાથી પ્રસ્તાવનામાં **प्रस्तुतटीकाग्रन्थकाराः श्रीमच्चान्द्र-श्रीसूरयः-** તથા **श्रीच्चन्द्रसूरिमोयशोदेवप्रभुः-** તેમજ **अस्याः श्रीचन्द्रसूरेर्वृतेः**, પ્રારંભમાં પણ **श्रीमज्जिनवल्लभ गणिप्रणीता श्रीमच्चन्द्र-सूरिविवृता** એ વિગેરે પ્રકાશકના વાક્યોથી પિંડવિશુદ્ધિ ટીકાના પ્રકાશક તે ટીકાના કરનાર શ્રીમત્ ચન્દ્રસૂરિજી હતા એમ જણાવે છે, પરંતુ તે જ ટીકાની પ્રશસ્તિમાં **शास्त्रं पिंडविशुद्धिसंज्ञितमिदं श्रीचन्द्रसूरिस्तुतं** એમ જણાવી પોતાનું **श्रीचन्द्रसूरिः** એવું નામ જણાવે છે. આ શ્રીચન્દ્રસૂરિજીની રચેલી સુબોધાસામાચારીમાં તેઓ સ્પષ્ટ શબ્દથી આ પ્રમાણે જણાવે છે सिरिसीलभद्दसूरिधणेसरसूरि सिस्ससिरिसिरिचंदसूरि-समुद्धरिया सुहबोहसामाचारी बहुविधप्रतिष्ठाकल्पान् संवीक्ष्य समुद्धृतोऽयं श्रीश्रीचन्द्रसूरिणा આ બે લેખો ઉપરથી સ્પષ્ટ થાય છે કે શ્રીશીલભદ્રસૂરિના શિષ્ય શ્રીધનેશ્વરસૂરિના શિષ્ય શ્રીમાન્ શ્રીચંદ્રસૂરિ હતા. પરંતુ ચન્દ્રસૂરિ તેમનું નામ નહોતું, વળી આ પિંડવિશુદ્ધિની ટીકામાં પણ **समभूदिह चान्द्रकुलं, स्थिरं सदाऽपूर्व-चन्द्रसमम् ॥१॥** તથા **शीलभद्रसूर्याख्याः-ते धनेश्वरसूरयः** વિગેરે લખાણોથી પણ સ્પષ્ટ થાય છે કે શ્રીચાન્દ્રકુલના શીલભદ્રસૂરિના શિષ્ય ધનેશ્વરસૂરિ હતા અને તેમના શિષ્ય શ્રીમાન્ શ્રીચંદ્રજીએ આ ટીકા કરેલી છે, આવી રીતે શ્રીમાન્ શ્રીચંદ્રસૂરિજી જગા પર ચંદ્રસૂરિ તરીકે લખવામાં પ્રકાશકે એ ગ્રંથનું અને અન્યગ્રંથનું ધ્યાન રાખ્યું નથી, વળી પ્રકાશકે શ્રીશ્રીચન્દ્રસૂરિજીના ગુરૂ ધનેશ્વરસૂરિજીને શ્રીશત્રુંજયમાહાત્મ્યની વૃત્તિના કર્ત્તા બતાવ્યા છે. તે તો તેમની પરંપરાની શત્રુંજયમાહાત્મ્યની પ્રતિકૂલ શ્રદ્ધાના કારણથી છે. કારણકે પ્રથમ તો શ્રીશત્રુંજયમાહાત્મ્ય એ મૂલ અને વૃત્તિવાળો ગ્રન્થ નથી. કેવળ વર્ણનવાળો જ ગ્રન્થ છે. બીજું શ્રીશત્રુંજય માહાત્મ્યમાં શ્રીધનેશ્વરસૂરિજી પોતાના ગુરૂને શીલભદ્ર આચાર્ય તરીકે જણાવતા નથી તેઓ તો પોતાની હયાતિ વલ્લભીપુરના રાજા શીલાદિત્યની વખતે જણાવે છે. તો આ બાબતમાં પણ તે પ્રકાશકે ખુલ્લા પુરાવા બહાર પાડવા જોઈએ.

(દા.પુ.મા.)

# શાસનપ્રેમી શ્રીચતુર્વિધ સંઘની અગમચેતી

શાસનપ્રેમી શ્રીચતુર્વિધ સંઘ જૈનયુવક મંડળોની શરૂઆત કે સ્થાપના થઈ ત્યારથી જે કહેતો આવ્યો છે કે આ મંડળ અને આ સંઘ કોમ કે ધર્મનું કંઈપણ શ્રેય કરવા સ્થાપિત થયેલો નથી. માત્ર એ તો શ્રમણસંઘ કે જે શાસનના મૂલરૂપ છે અને જેને આધારે શાસન પ્રવર્ત્તે છે અને જેની હયાતિની સાથે શાસનની હયાતિ છે તેના વ્યુચ્છેદને માટે અને તેની સંસ્કૃતિને રોકવા માટે તેમ તેના ઉદયનો નાશ કરવા માટે આ યુવક સંઘ અને યુવક મંડળની શરૂઆત તથા સ્થાપના છે. તે વખત કેટલાક યુવકો પ્રચ્છન્નપણે શાસનોચ્છેદક છતાં લોકોને ભમાવવા અને ભોળવવા માટે એમ જણાવતા હતા કે અમે તો માત્ર અયોગ્ય દીક્ષાના જ વિરોધી છીએ, પરંતુ યોગ્ય દીક્ષાને તો અમો માનનાર હોઈ યોગ્ય દીક્ષાના વિરોધી નથી, પરંતુ હવે તેઓનો ખુલ્લો એકરાર બહાર પડ્યો છે કે જે એકરાર શાસનપ્રેમી ચતુર્વિધસંઘની મૂલ માન્યતાને સત્ય તરીકે સાબીત કરે છે. તા. ૧૫-૧૨-૩૯ના પ્રબુદ્ધજૈનમાં તેઓ આ પ્રમાણે જણાવે છે.

❀ ❀ ❀

એક પણ સાધુ કે સાધ્વી છૂપી રીતે કે જાહેર રીતે કોઈ પણ છોકરા કે છોકરીને દીક્ષા આપવાની હિંમત ન કરે એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવી તે આપણું પરમ કર્ત્તવ્ય છે.

❀ ❀ ❀

આ ઉપરથી જેઓ તેવા સંઘ કે મંડળના મેમ્બરો થાય કે તેનું પોષણ કરે અગર કોઈ પણ રીતે તેને ઉત્તેજન આપે તે શાસનદ્રોહી કે શાસન ઉચ્છેદકોના કોટીમાં કેવી રીતે ભળે છે તે સ્પષ્ટપણે સમજાશે. કેમકે ઉપરના તેઓના વાકયોમાં દીક્ષામાત્રને રોકવાનું ધ્યેય સ્પષ્ટ થાય છે.

# તીર્થયાત્રા - સંઘયાત્રા

(ગતાંકથી ચાલુ)

૪. જીર્ણોદ્ધારને માટે પોતે જે મોટી રકમનું પણ ખર્ચ કરે છે તે ઉદારતારૂપી ગુણનો જે મનુષ્યને પ્રભાવ ન નાંખવો હોય એટલે પોતાના વિદ્યમાન ગુણને પણ જેણે પ્રકાશમાં ન લાવતાં ઢાંકવો હોય તે જ મનુષ્ય જીર્ણોદ્ધારના કાર્યમાં પ્રવૃત્તિવાળો થાય અને તેથી તે ઉંચગોત્રના કારણભૂત કર્મને બાંધે.

પૂર્વે જણાવ્યા પ્રમાણે નીચગોત્રના ચાર કારણોથી ઉલ્ટા એવા આ ચાર કારણોથી ઉંચગોત્ર બાંધે, એટલું જ નહિં, પરંતુ તે ઉંચગોત્ર બાંધવામાં બીજાપણ બે કારણો છે અને તેનો પણ સદ્‌ભાવ જીર્ણોદ્ધાર કરવાવાળામાં સ્હેજે હોવાથી તે જીર્ણોદ્ધાર કરનાર ઉંચગોત્ર બાંધે તેમાં આશ્ચર્ય નથી.

ઉપર સૂચવવામાં આવેલાં બે કારણો આ પ્રમાણે છે,

**૧. નમ્રતાપૂર્વકનું વર્તન - ૨. કોઈપણ પ્રકારની ઉત્સુકતા એટલે પૌદ્‌ગલિકલાભ મેળવવાની તત્પરતા હોય નહિ**

આ બે જે ઉંચગોત્ર બાંધવાનાં પૂર્વે જણાવેલાં ચાર કારણોથી જુદાં બે કારણો જણાવ્યાં છે તે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મંદિરોમાં જીર્ણોદ્ધારને કરાવવાવાળામાં હોય એ સ્પષ્ટ છે. કારણકે જો તે જીર્ણોદ્ધાર કરાવવાવાળા મહાનુભાવના મનમાં નમ્રતા ન હોય ને અભિમાન વૃત્તિ હોય તો બીજાના નામ ઉપર ચઢેલી અગર બીજાના નામથી ઉપર પંકાતી એવી મૂર્ત્તિનો અગર બીજાના નામ ઉપર ચઢેલા અગર બીજાના નામ ઉપર પંકાતા મંદિરનો જીર્ણોદ્ધાર કરવા તૈયાર થાય જ નહિં. ખરેખર પોતાને ઉદારતા કરવી છે અને ઉદારરૂપે શીલાલેખમાં કે જગતમાં જાહેર થવું નથી, તેવી પરિણતિવાળા મનુષ્યો જ જીર્ણોદ્ધાર કરે અને તેથી તેવી પરિણતિદ્વારાએ તે જીર્ણોદ્ધાર કરવાવાળાઓ ઉંચગોત્ર બાંધે તેમાં આશ્ચર્ય નથી. વળી જીર્ણોદ્ધાર કરનારાઓને જે જે સ્થાને તે જીર્ણ મંદિર હોય તે તે સ્થાનના સંઘને કે અધિકારીઓને નમ્રતાપૂર્વક વિનંતી કરીને જીર્ણોદ્ધાર કરાવવાનો હોય છે, તો ઉદારતાથી દ્રવ્યનો વ્યય પણ કરે અને નમ્રતા પણ કરે, તો તેવો મનુષ્ય ઉંચગોત્ર કેમ બાંધે નહિં ? વળી જે મનુષ્યના મનમાં પ્રતિષ્ઠા, કંકોત્રી, નામનું લખવું વિગેરે બાબતોનું ઉત્સુકપણું ન હોય અર્થાત્‌ જગતમાં જશનો પડહો વગાડવા માટે જ્યારે પોતાની ઉત્કંઠા ન હોય ત્યારે જ તે જીર્ણોદ્ધાર કરે અને તેથી તે જીર્ણોદ્ધાર કરાવવાવાળો મનુષ્ય પોતાની ઉત્સુકતા રહિત વૃત્તિને લીધે ઉંચગોત્ર મળે તેવાં કર્મ બાંધે તેમાં આશ્ચર્ય શું ?

આચાર્યભગવંત જેવી રીતે જીર્ણોદ્ધારના ફલ તરીકે નીચગોત્રને ખપાવવાનું અને ઉંચગોત્રને બંધાવવાનું જણાવી ગયા, તેવી જ રીતે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મંદિરના જીર્ણોદ્ધાર કરનારને માટે બીજું પણ જણાવે છે કે તે ભગવાન તીર્થંકર મહારાજના મંદિરના જીર્ણોદ્ધાર કરનારને નીચગતિનો નાશ થયો છે અને ઉત્તમગતિનું ઉપાર્જન થયેલું છે.

વાચકવૃંદે ધ્યાન રાખવાની જરૂર છે કે સંસારની નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવતા એ ચાર ગતિઓમાં નારકી અને તિર્યંચની ગતિને મુખ્યતાએ નીચગતિ કહેવામાં આવે છે, જો કે કોઈક અપેક્ષાએ મનુષ્યમાં પણ અધમ કુલાદિમાં અવતરવું કે અનાર્યાદિકમાં ઉપજવું તેને મનુષ્યની નીચગતિ કહેવામાં આવે છે તથા દેવતાઓમાં પણ કિલ્બિષિકપણે કે આભિયોગિકાદિકપણે ઉપજવું તેને દેવદુર્ગતિ કહેવામાં આવે છે, એટલે આપેક્ષિકરીતિએ મનુષ્યના અને દેવતાના પણ અમુક વર્ગને દુર્ગતિ

તરીકે ઓળખાવાય છે, પરંતુ ધ્યાન રાખવા જેવું છે કે જ્યારે ઉપર જણાવેલી મનુષ્ય કે દેવતાની આપેક્ષિક એવી દુર્ગતિ લેવી હોય છે, ત્યારે સામાન્ય દુર્ગતિ શબ્દ વપરાતો નથી, પરંતુ મનુષ્યદુર્ગતિ અને દેવદુર્ગતિ એવા શબ્દો વપરાય છે. સામાન્ય રીતે દુર્ગતિશબ્દ શાસ્ત્રોમાં જ્યાં જ્યાં લેવામાં આવે છે ત્યાં ત્યાં માત્ર નરક અને તિર્યંચની ગતિને જ દુર્ગતિ તરીકે ગણવામાં આવે છે. કર્મની પ્રકૃતિઓની અપેક્ષાએ પણ ચારે ગતિમાં નરક અને તિર્યંચની ગતિને જ પાપકર્મ તરીકે અને દુર્ગતિ તરીકે ઓળખવામાં આવે છે એટલે આચાર્ય મહારાજે જે જીર્ણોદ્ધારના ફલ તરીકે દુર્ગતિના પંથનો નાશ થયો એમ જણાવ્યું છે. તે ઉપર જણાવેલી આપેક્ષિક દુર્ગતિની આપેક્ષાએ ન લઈએ, પરંતુ નારકી અને તિર્યંચની ગતિ રૂપ વ્યાપકપણે ગણાતી દુર્ગતિની અપેક્ષા જ લઈએ તો તે કોઈ પણ પ્રકારે અનુચિત નથી, જો કે આવો અર્થ કરવાની મતલબ એવી નથી કે ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના મંદિરનો જીર્ણોદ્ધાર કરનારો મનુષ્ય દુર્ગતિ અને દેવ-દુર્ગતિનો નાશ કરતો નથી, પરંતુ તે મનુષ્ય દુર્ગતિ અને દેવદુર્ગતિનો નાશ પૂર્વે જણાવેલા. નીચગોત્રકર્મના ક્ષયથી અને ઉંચગોત્રકર્મને બાંધવાથી આપોઆપ આવી જાય છે. એટલે જીર્ણોદ્ધાર કરાવનારો મહાપુરુષ દેવતા અને મનુષ્યની સદ્‌ગતિઓમાં જાય ત્યાં પણ અનાર્યાદિક અને કિલ્બિષિકાદિક રૂપી જે મનુષ્યદુર્ગતિ અને દેવદુર્ગતિવાળો ન હોય એ સ્વાભાવિક જ છે, અર્થાત્ ગતિના પેટા ભેદ તરીકે આવતું હલકાપણું તો ગાથાના પહેલા ભાગથી નિષેધેલું જ છે, પરંતુ આ બીજા ભાગમાં તો જે સદ્‌ગતિ અને દુર્ગતિનો વિચાર જણાવવામાં આવેલો છે તે પેટાભેદની દુર્ગતિ અને સદ્‌ગતિની અપેક્ષાએ નથી અને તેથી તે નીચ તથા ઉંચગોત્રની હકીકતથી ગતાર્થપણું થતું નથી, માટે આ બીજા ભાગથી સદ્‌ગતિ લાભ અને દુર્ગતિના રોકવા માટે પ્રયત્ન થયો છે.

**ભગવાન જિનેશ્વર મહારાજના મંદિરનો જીર્ણોદ્ધાર કરનાર દુર્ગતિના રસ્તાનો નાશ કરનાર કેમ થયો ?**

જૈનજનતા એ વાત તો સારી રીતે જાણે છે કે નરકાદિક ચારગતિઓમાં અશુભ તરીકે ગણાતી નરક અને તિર્યંચ ગતિ છે અને તેમાં નરકગતિનો રસ્તો એટલે તેને બાંધવાનાં કારણો શાસ્ત્રકારો આ પ્રમાણે જણાવે છે.

**૧ મહારંભ. ૨ મહાપરિગ્રહ. ૩ માંસાહાર, ૪ પંચેન્દ્રિયહિંસા**

ઉપર જણાવેલાં ચાર કારણોથી જીવને નરકગતિ-નરકના આયુષ્યનો બંધ થાય છે. હવે જીર્ણોદ્ધાર કરાવનારો મનુષ્ય ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન, તેમના ગુણો તથા તેમના ઉપદેશ ઉપર ભક્તિ અને બહુમાનની લાગણીવાળો હોય એ સ્વાભાવિક વસ્તુ છે અને જ્યારે જીર્ણોદ્ધાર કરનાર મહાપુરુષની તેવી લાગણી હોય ત્યારે જ પોતાના પ્રાણ કરતાં, કુટુંબ કરતાં, સંબંધિ કરતાં યાવત્ શરીર કરતાં પણ અધિક ગણાયેલું એવું દ્રવ્ય ખર્ચવાને તૈયાર થાય. જો તે મનુષ્યને દ્રવ્ય ઉપર અત્યંત આસક્તિ હોય અગર દ્રવ્યમાં હદ બહારની મમતા હોય તો તે પ્રથમ તો કોઈ પણ પ્રકારે દ્રવ્યનો વ્યય કરી શકે નહિં. તો પછી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાન જેવા વીતરાગ પરમાત્માને અંગે તો તે સ્વપ્ને પણ દ્રવ્ય વ્યય કરે જ શાનો? યાદ રાખવું કે ભગવાન જીનેશ્વર મહારાજની પૂજ્યતા

શાસ્ત્રકારોએ અગર જૈનોએ નથી તો જગત બનાવવાને અંગે માની, નથી તો પૃથ્વી બનાવવાને અંગે માની, નથી તો પાણી આપવાને અંગે માની, નથી તો હવા અને અજવાળાની સગવડ કરી દેવાને અંગે માની, નથી તો સૂર્ય-ચંદ્રની ઉત્પત્તિ કે તેના ભ્રમણને અંગે માની, નથી તો વરસાદ વરસાવવાને અંગે માની, નથી તો દરિયા કે નદી બનાવવાને અંગે માની, નથી તો ઝાડ-પાળો-ફળ-ફૂળ-ધાન્ય-ઘાસ વિગેરેની ઉત્પત્તિને અંગે માની, નથી તો બાયડી દેવાને અંગે માની, નથી તો છોકરા દેવાને અંગે માની, નથી તો રોગ દૂર કરવાને અંગે માની. નથી તો ગ્રહો સુધારવા માટે માની. નથી તો જીવાડવા માટે માની. નથી તો મારવાને અંગે માની, નથી પોતાને કે મિત્રને આનંદ કરવા માટે માની. નથી તો શત્રુ કે વૈરીને રંજાડવા માટે માની, નથી તો જગતનો ભાર ઉતારવા માની, કે નથી તો ક્રીડા માટે જગત્ ઉત્પન્ન કરવા માની, નથી તો સ્વર્ગ દેવામાં માની, નથી તો નરક નિવારવામાં માની, નથી તો સુખ દેવામાં માની કે દુઃખ નિવારવામાં માની, ઉપર જણાવેલા કોઈપણ કારણથી જૈનશાસ્ત્રકારોએ કે જૈનજનતાએ ત્રિલોકનાથ તીર્થંકરની પૂજ્યતા માનેલી નથી. એટલે સ્પષ્ટ શબ્દોમાં કહેવું જોઈએ કે જૈનદર્શનકારે પરમેશ્વરની ઉત્તમતા માયાજાળને ઉત્પન્ન કરવામાં કે માયાજાળને બનાવવામાં માની નથી, પરંતુ જૈનદર્શનકારોએ જે પરમેશ્વરની ઉત્તમતા માની છે તે તેમણે કરેલા મોક્ષમાર્ગના ઉપદેશને અંગે માની છે. તેમણે કહેલા જીવાદિતત્ત્વના અસાધારણ સ્વરૂપને અંગે માની છે. તેમણે કહેલા આશ્રવાદિના હેયપણાને અંગે માનેલી છે, તેમણે જણાવેલા નિર્જરાદિના ઉપાદેયપણાના અંગે માનેલી છે, તેમણે નિરૂપણ કરેલા જીવના સ્વરૂપપણે કેવલજ્ઞાનને અંગે અને કેવલદર્શનને અંગે માનેલી છે. વીતરાગપણાને અંગે માનેલી છે, અનંતવીર્ય અને અનંત સુખને અંગે માનેલી છે, જન્મ-જરા-મરણ આદિની આપત્તિએ રહિત એવું સ્થાન બતાવવાને અંગે માનેલી છે. અવ્યાબાધપદનાં સાધનો દર્શાવવાને અંગે માનેલી છે. એટલે કહેવું જોઈએ કે જૈનદર્શનકારો અને જૈનજનતાએ ભગવાન્ જીનેશ્વર મહારાજની પૂજ્યતા સદ્અસદ્માર્ગને બતાવનાર તરીકે માનેલી છે. સામાન્ય રીતે જોતાં બનાવનાર અને બતાવનાર શબ્દમાં **'ત'** અને **'ન'** નો જ ફેર રહે છે, પરંતુ બતાવનારમાં કેટલી બધી શ્રેષ્ઠતા છે અને બનાવનારમાં કેટલી બધી અસંગતતા છે તે ઉપર જણાવેલી હકીકત વિચારીને જીવનું સ્વરૂપ, મોક્ષ અને મોક્ષના માર્ગની સામે દૃષ્ટિ કરીને સમજવા જેવું છે.

## નિર્મમત્વભાવ પણ શાથી પ્રગટે છે ?

ઉપર જણાવ્યા પ્રમાણે ત્રિલોકનાથ તીર્થંકર પરમાત્માને જ્યારે માનવામાં આવે ત્યારે નિર્મમત્વભાવ બતાવવાના ઉપકાર તરીકે જ માનવાના આવે છે એમ સમજાશે અને જ્યારે નિર્મમત્વભાવના બતાવનારને નિર્મમત્વભાવ બતાવવાને અંગે જ મનુષ્ય માનવા તૈયાર થાય ત્યારે તે મનુષ્ય પરિગ્રહની તરફ અત્યંત મમત્વવાળો ન હોય તે સ્વાભાવિક જ છે અને તેવા નિર્મમત્વભાવને લીધે નરકના ચાર પ્રકારમાંથી મહાપરિગ્રહના નામે કહેવાતો પરિગ્રહનો મમત્વ તે જીર્ણોદ્ધાર કરાવનાર ભાગ્યશાળીને ન જ હોય તેમાં નવાઈ નથી અને તેથી નરકનું પહેલું કારણ તેને નાશ પામ્યું છે એમ કહેવામાં કોઈપણ જાતની અડચણ કે **અતિશયોક્તિ** નથી. વળી નરકના બીજા કારણ તરીકે જે મહાઆરંભ જણાવવામાં આવ્યો છે તે મહારંભના કાર્યમાં ભગવાન જીનેશ્વરના જીર્ણમંદિરનો ઉદ્ધાર કરનારો કોઈપણ પ્રકારે હોય જ નહિ. કારણ કે તે જીર્ણોદ્ધાર કરનારો

મહાપુરુષ ભગવાન્ જીનેશ્વર મહારાજના **"જીવો અને જીવવા દો"** એટલે તમે તમારા પોતાના મરણની ઈચ્છા રાખો નહિં અને જગતના સર્વભૂત-પ્રાણી અને સત્ત્વને હણવા લાયક, તાબે (હુકમમાં) રાખવા લાયક, કબજામાં રાખવા લાયક, ઉપદ્રવ કરવા લાયક છે એમ માનો નહિં એવા ધર્મને ભગવાન જીનેશ્વર મહારાજે કહેલો છે અને જે લોકો એમ માને છે કે પરમેશ્વર કે બીજા કોઈકે પણ જગતના સર્વ-ભૂત-પ્રાણી-સત્ત્વ જીવ છે તે બધા હણવા લાયક છે, કબજે રાખવા લાયક છે, આજ્ઞામાં લાવવા લાયક છે, અને ઉપદ્રવ કરવા લાયક છે, એવું માનનારા અનાર્ય અને જંગલીઓ જ છે. તેઓનો મત પણ અધર્મરૂપ જ છે. તેઓના દેવ, ગુરુ અને ધર્મ સ્વપ્નમાં પણ સાચા રસ્તાને બતાવનારા નથી. તેઓ સંસારની ચોરાશી લાખ જીવાયોનિમાં પોતે રખડપટ્ટી કરનારા છે અને પોતાની તરફ ઝુકનારાઓને પણ ચોરાશીલાખના ચક્કરમાં ચઢાવનારા છે, આવું કહેનાર ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનને માનનારો મનુષ્ય જગતના જીવોના વધ-આજ્ઞાવર્તિત્તા-આધીનતા અને ઉપદ્રવથી ઘૃણા પામનારો હોય તેમાં આશ્ચર્ય નથી અને તેથી જ તે જીર્ણોદ્ધાર કરનારો મહાનુભાવ મહારંભના માર્ગે જનારો ન હોય અને નરકના બીજા કારણનો તેણે નાશ કર્યો હોય એમ કહેવું તે કોઈપણ પ્રકારે અજુગતું નથી.

**જીર્ણોદ્ધારથી કેટલા પ્રકારનાં ફળો હોઈ શકે?**

૧ નીચગોત્ર ખપાવવાનું, ઉંચગોત્ર બાંધવાનું, દુર્ગતિ રોકવાનું અને સદ્‌ગતિ મેળવવાનું શ્રીત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જીર્ણમંદિરના ઉદ્ધારથી થાય છે એમ આગળ જણાવીને જીર્ણોદ્ધારનું પારલૌકિક ફલપણ મુખ્યતાએ જણાવવામાં આવ્યું. એટલે શરૂઆતમાં જણાવેલું જે લોકોત્તર ફળ હતું તેની સાથે હમણાં પારલૌકિક ફળ જણાવવાથી ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જીર્ણોદ્ધારનાં બે એ પ્રકારનાં ફળો, એક લોકોત્તર અને બીજું પારલૌકિક એમ જણાવવામાં આવ્યાં. ભગવાન્ જીનેશ્વર મહારાજના જીર્ણોદ્ધાર કરાવવાથી એકલું પારલૌકિક અને લોકોત્તર જ ફળ થાય છે, એમ નથી. પરંતુ ઈહલૌકિક ફળ પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના જીર્ણોદ્ધાર થી થાય છે, એમ સૂત્રકાર મહારાજ જણાવે છે, જોકે પરમાર્થ દૃષ્ટિવાળાને લોકોત્તર ફળ સિવાય પારલૌકિક કે ઈહલૌકિક ફળ પ્રાપ્ત કરવાની દૃષ્ટિ હોય જ નહિં, પરન્તુ જીર્ણોદ્ધારરૂપી ધર્મના કાર્યનું ફળ જણાવતાં તેનાથી થતું પારલૌકિક અને ઈહલૌકિક ફળ પણ જણાવવું તે કોઈપણ પ્રકારે અયોગ્ય નથી. શાસ્ત્રકાર મહારાજાઓ પણ सराग-संयमासंयमाकामनिर्जरा-बालतपांसि दैवस्य એમ કહી શ્રીતત્ત્વાર્થ સૂત્રમાં સરાગસંયમનું અને દેશવિરતિનું ફળ દેવતાના આયુષ્યનો આશ્રવ છે એમ જણાવે છે. વળી શ્રી ભગવતીજી સૂત્રમાં पुव्विं तवसंजमेणं भंते। देवा देवलोएसु उववज्जंति એમ કહીને મનુષ્યભવમાં આચરેલા તવ-સંજમના ફળ તરીકે દેવલોકમાં ઉપજવાનું થાય છે એમ જણાવે છે, વળી શ્રી ઉત્તરાધ્યયન સૂત્રકાર પણ गच्छे जक्खसलोयगं વગેરે વાક્યોથી ધર્મની આરાધના કરનારને અનંતરપણે દેવલોકની પ્રાપ્તિ ફળ રૂપે જણાવે છે એ से दसंगेऽभिजायइ એમ કહી પરંપર પારલૌકિકફળમાં મનુષ્યજાતિમાં પણ સુકુળમાં અને વિભવાદિક સંપત્તિ યુક્ત થવાનું જણાવે છે. પ્રશમરતિમાં ભગવાન્ શ્રી ઉમાસ્વાતિ વાચકજી પણ સર્વવિરતિ તથા દેશવિરતિના અનંતરફળપણે

ઈંદ્રત્વ-સામા નિકદેવપણું વિગેરે ઉત્તમસ્થાનની પ્રાપ્તિ જણાવી સત્ત્વ, બળ, રૂપ વિગેરેએ યુક્ત અને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થવાનું જણાવે છે. ભગવાન્ હરિભદ્રસૂરીશ્વરજી તો ધર્મના વર્ણનને અંગે देवर्द्धिवर्णनं, सुकुलप्रत्यायातिः વિગેરે સૂત્રો કહીને ધર્મ આરાધનાથી થવાવાળાં અનંતર-પરંપર એવાં પારલૌકિક ફળો જણાવે છે.

**नमंसन्ति નો વાસ્તવિક અર્થ શો ?**

એટલું જ નહિં પરંતુ શ્રી દશવૈકાલિકસૂત્રકાર મહારાજા શરૂઆતમાં જ જણાવે છે કે "देवा वि तं नमंसन्ति, जस्स धम्मे सया मणो" અર્થાત્ જે મનુષ્ય હંમેશાં ધર્મમાં ચિત્ત રાખવાવાળો હોય છે, તે ભાગ્યશાળી મનુષ્યને દેવતાઓ પણ પૂજે છે, જો કે नमंसंति નો બોલતો સામાન્ય અર્થ દેવતાઓ નમન કરે છે વાંદે, છે એવો જ કરાય છે, પરંતુ આગળ વધીને વિચારીએ તો नमन्ति કે वंदन्ति એવો અહિં પ્રયોગ કર્યો નથી, પરંતુ नमंसन्ति એવો नमस्यन्ति એવા સંસ્કૃતના શબ્દ ઉપરથી બનેલો પ્રયોગ છે અને સંસ્કૃતના નિયમ પ્રમાણે नमोवरिवश्चित्रङो अर्चासेवाआश्चर्ये એ સૂત્રથી પૂજા અર્થમાંજ 'ય' પ્રત્યય આવી શકે અને તેથી नमस्यन्ति એટલે પૂજા કરે છે, પૂજે છે, એવો અર્થ કરવો જ પડે અને આજ કારણથી નિર્યુક્તિકાર ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામીજી પણ તે સૂત્રની નિર્યુક્તિમાં પૂજા તરીકેનું નિરૂપણ કરી દેવતાદિકને નિયમિતપણે પૂજ્ય એવા અરિહંત અને ગણધરમહારાજાને જ દૃષ્ટાંત તરીકે જણાવે છે (પૂજ્યતામાં જેમ ઉત્કૃષ્ટપદવી ભગવાન્ જીનેશ્વરોની અને ગણધર મહારાજાઓની જ હોય છે અને તેઓશ્રી દેવતાઓથી નિયમિત પૂજાએલા જ હોય છે, તેવી રીતે ધર્મપરાયણ પુરુષોની દેવતાઓ જ નિયમિત પૂજા કરી શકે છે, જો કે મનુષ્ય સંઘની વ્યક્તિઓ ધર્મ પરાયણોની પૂજા કરવાને લાયક નથી અગર પૂજા કરતી નથી એમ કહી શકાય નહિં અને બનતું પણ નથી અને અનેક મનુષ્ય વ્યક્તિઓ અનેક ધર્મપરાયણ મહાનુભાવોની પૂજા કરે જ છે. વલ્ગુલિનામના શેઠે ભગવાન્ મહાવીર મહારાજની છદ્મસ્થપણામાં પણ પૂજા કરેલી છે એમ ભગવાન્ ભદ્રબાહુસ્વામીજી આવશ્યકનિર્યુક્તિમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે, છતાં મનુષ્ય વ્યક્તિ ત્રણ જ્ઞાનને ધરાવવાના નિયમવાળી હોતી નથી, એટલું જ નહિં, પરંતુ મનુષ્ય જીવન ગણ-કુળ-પ્રાતિવેશ્મિક- દેવ રાજા વિગેરેની આધીનતાની અપેક્ષા રાખવાવાળું હોય છે અને તેથી જ મનુષ્યોના પચ્ચક્ખાણોમાં ગણાભિયોગ-બલાભિયોગ-રાજાભિયોગ-વિગેરે અપવાદો રાખવા જ પડે છે. તેથી મનુષ્ય વ્યક્તિની ધર્મિષ્ઠો માટે પૂજ્ય તરીકે માન્યતા થયા છતાં પણ પૂજાની ક્રિયાનો અમલ કરવામાં ઘણા અપવાદો રહે છે. માટે મનુષ્ય વ્યક્તિ એ જે સમ્યક્ત્વવાળી હોય કે સામાન્ય દેશવિરતિવાળી હોય યાવત્ પ્રતિમાધારી હોય તો તેવાનું જીવન પણ સ્વતંત્ર અગર અન્યથી નિરપેક્ષ રહેવું મુશ્કેલ હોઈને ધર્મપરાયણ મહાત્માનું પૂજન કરવાને નિયમિત પ્રવૃત્તિ કરી શકતી નથી, આટલા માટે શાસ્ત્રકારોને પૂજા કરનારના ઉદાહરણમાં દેવતાને દાખલ કરવાની જરૂર જણાઈ છે, વળી જેઓ नमो अरिहंताणं બોલે છે તેઓને પણ માલમ પડે છે કે અર્હ્ધાતુથી પૂજ્યતાના (સ્તુત્યતાના) અર્થમાંજ शतृ પ્રત્યય લાવવામાં આવે છે અને તેથી અર્હત્શબ્દનો અર્થ गच्छत् કે पचत् ના જેમ જતો અને રાંધતો એવો અર્થ થાય છે, તેવી રીતે પૂજા કરવાવાળાના અર્થવાળા અર્હ્ધાતુથી બનેલા અર્હત્ શબ્દનો અર્થ પૂજતો એટલે પૂજા કરતો મનુષ્ય એવો બનતો નથી, પરંતુ પૂજા પામવાને લાયક મનુષ્ય એવોજ અર્થ અર્હ શબ્દનો બને છે. એટલે ઈંદ્ર વિગેરે દેવતાઓએ કરેલી અશોકાદિક આઠ

પ્રાતિહાર્ય વિગેરેની પૂજાને પામનારા દેવાધિદેવો જ અરિહંત શબ્દથી લઈ શકાય છે અને તે જ કારણથી **नमो अरिहंताणं** કહીને અરિહંત મહારાજને નમસ્કાર કરનારો જૈનનામધારી હોય તે પણ અરિહંત મહારાજની અગર તેમની પ્રતિમાની દેવતાઓએ કરેલી પૂજાની બાબતમાં સંપૂર્ણ માન્યતાવાળો હોય તેમાં આશ્ચર્યકારક નથી.

## ધર્મના ફળનું વર્ગીકરણ

ઉપર જણાવેલી હકીકતથી ધર્મનું ફળ ત્રણ પ્રકારથી થાય છે એમ સ્પષ્ટ થાય છે. એક લોકોત્તરદૃષ્ટિનું ફળ, બીજું પારલૌકિક ફળ અને ત્રીજું ઈહલૌકિક ફળ, જો કે શાસ્ત્રકારોનો ધર્મ આરાધન કરવાનો ઉપદેશ તો લોકોત્તરદૃષ્ટિએ જ ધર્મ કરવા માટે છે અને પારલૌકિક તથા ઈહલૌકિક ફળો તો ઉદ્દેશ તરીકે રાખવાનાંયે નથી. તેમ તે મુખ્ય ફળ તરીકે પણ ગણવાં-ગણાવવાનાં નથી, છતાં જેમ કેટલાક યથાભદ્રિક જીવો મિથ્યાદૃષ્ટિપણું છતાં પણ અણુવ્રત વિગેરે અંગીકાર કરે અને એટલા બધા તેઓ ભદ્રિક હોય કે બીજાઓના લગ્ન કરાવી દેવા જેવાં અધમકાર્યમાં, કન્યાદાનનું ફળ માનવા તૈયાર થાય તો તેવા યથાભદ્રિકજીવો પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રના આરાધન જેવી સામાન્ય પ્રાથમિક ધર્મક્રિયામાં પણ પારલૌકિક અને ઈહલૌકિક ફળોને મુખ્યપદ આપે અગર ઉદ્દેશ્ય તરીકે રાખે તો તેમાં કંઈ આશ્ચર્ય નથી અને આ કારણને ઉદ્દેશીને નિર્યુક્તિકાર મહારાજે પણ નમસ્કારના અધિકારમાં ફળ અને પ્રયોજન એવાં બે દ્વારો સામાન્યથી એકપણે જણાતાં છતાં જુદાં જુદાં જણાવ્યાં છે અને તેથી દૃષ્ટાન્તની જગા પર પણ इहलोगंमि तिदंडी० વિગેરે કહીને માત્ર ઈહલૌકિક અને પારલૌકિકનાં ફળોને જણાવનારાં જ દૃષ્ટાન્તો કહ્યાં છે અને અભિરતિ-પ્રીતિ વિગેરે ઈહલૌકિક વસ્તુઓને પામવા માટે નમસ્કાર સાધન છે, એમ નિર્યુક્તિકાર અને ટીકાકાર મહારાજાઓએ સ્પષ્ટપણે જણાવેલું છે. એટલે જેમ યથાભદ્રિક જીવ પરંપરાએ કલ્યાણ થાય એવી સરણીથી વ્રતોને ઉચ્ચારણ કરે અગર સામાન્યપણે ઉચ્ચારણ કરે તો પણ તેવા યથાભદ્રિક મિથ્યાદૃષ્ટિઓને શાસ્ત્રકારો જાણ્યા છતાં વ્રતો આપે છે, તેવી જ રીતે આ લોક કે પરલોકનાં ફળોને મુખ્ય તરીકે ગણીને કે ઉદ્દેશ્ય તરીકે રાખીને જેઓ નમસ્કારાદિક ધર્મ ક્રિયામાં પ્રવર્તવા માગતા હોય તેવાઓને પણ આચાર્ય ભગવંતો ધર્મઆરાધનની ક્રિયા કરાવી શકે. એમ માનવામાં કોઈપણ પ્રકારે માર્ગનો કે સમ્યગ્દર્શનનો બાધ નથી, એમ સુજ્ઞ વિવેકી પુરુષોને તો માનવું જ પડે.

## ધર્મારાધન પરલોકનો ઉદ્દેશ રાખીને પણ કરાવી શકાય.

અને તેથી શિકાર કરતાં ખોડો થયેલો મનુષ્ય બીજી વખતે શિકારમાં જીંદગીનું જોખમ આવશે એવો ડર પામીને શિકાર કરવાનાં પચ્ચક્ખાણ લે તો તે પચ્ચક્ખાણ આપવામાં ધર્મપરાયણ પુરુષને કોઈપણ જાતની અડચણ નથી રહેતી. વૈરની પરંપરા હિંસાથી થાય છે એમ સાંભળીને વૈરની પરંપરાથી બચવા માટે જ હિંસાનો ત્યાગ કરવા તૈયાર થયેલા પુરુષને હિંસાની પ્રતિજ્ઞા કરાવવામાં ધર્મપરાયણ પુરુષ માર્ગ ચૂકતો નથી, પણ માર્ગમાં છે એમ માનવામાં અડચણ નથી. મિલ્કતની ખુવારીના ભયથી કે અપકીર્ત્તિના ભયથી જુગાર રમવાનું છોડવા માટે તૈયાર થયેલા પુરુષને ધર્મપરાયણ મહાત્માઓ પચ્ચક્ખાણ આપે અને તેમાં તેઓ માર્ગની વિરાધના કરનાર થાય છે એમ કહી શકાય જ નહિં. હાથપગનું છેદવું, કુટુમ્બનો નાશ થવો વિગેરે નુકશાનોથી બચવાને અંગે કોઈ મનુષ્ય ચોરી નહિં કરવાની પ્રતિજ્ઞા કરવા માગે તો તેવી પ્રતિજ્ઞા ધર્મપરાયણ સર્વવિરતિવાળા મહાત્મા આપે જ. પરંતુ તેથી તેઓ માર્ગથી અંશે પણ ખસેલા બને નહિં, વળી જે મનુષ્યને ક્ષયરોગ થવાનો સંભવ લાગે અને તેથી વૈદ્ય તથા ડોકટરો તેને જીવન બચાવવા માટે જ નહિં. (અપૂર્ણ)

(અપૂર્ણ પાના ૧૨૬નું ચાલુ)

**ઉત્તમચીજની પાછળ ક્લેશ સ્વાભાવિક હોય છે.**

દેવતત્ત્વ ક્યારથી ? તીર્થંકર નામકર્મને અંગે ત્રણ લોકમાં પૂજ્ય થાય, તેનો ઉદય તીર્થંકરદેવને હોય. જ્યારે સર્વસાવદ્યયોગનો ત્યાગ કરે અને મનઃપર્યવજ્ઞાન થાય આ નિયમ કેવલ શ્રીતીર્થંકરદેવોને અંગે છે. ભગવાને તીર્થંકર નામકર્મ જગતના ઉદ્ધાર માટે બાંધ્યું છે. તીર્થંકર નામકર્મ અંતઃકોડાકોડ સાગરોપમની સ્થિતિનું બંધાય છે. અબાધાકાલ અંતર્મુહૂર્તનો હોય છે. બે ઘડી પછી ઉદય આવવું શરૂ થાય જ. અહિં તો ચરમભવમાં ચરમભવ હોવાથી વધારે ઉદય કહેવાય છે. અરિહંતનાં કલ્યાણકો પાંચ હોય છે. ચ્યવન કલ્યાણક, જન્મ કલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવલજ્ઞાન કલ્યાણક અને મોક્ષ (નિર્વાણ) કલ્યાણક. ચ્યવન, જન્મ, તથા દીક્ષા વખતે દેવ ક્યાં છે ? છતાં એ કલ્યાણક કોનાં ? જો ભગવાનનાં કહો તો શાથી ? શ્રીતીર્થંકરદેવના અતિશય ચોત્રીશ છે. એમનો આહાર અદૃશ્ય એ જન્મથી કે દીક્ષા પછી ? એમનાં રુધિર અને માંસ ગાયનાં દુધ જેવાં તે શું કેવલજ્ઞાન પછી ? પહેલાં નહિ? કાયા નિરોગી તથા પ્રસ્વેદરહિત તે શું પહેલાં નહિ? ચારે અતિશય તો કાઢી જ નાંખો ! જન્મથી અતિશય માન્ય તો પછી કેમ દેવ નહિં ? કદાચ એમ કહો કે જો જન્મથી દેવ માનશો તો વર્ષીદાન લેનારા દેવદ્રવ્યના ભોગી ગણાય તેનું શું ? સમાધાનમાં સમજવું કે આપણે એમને દેવ તરીકે માનીએ છીએ તે ધર્મતીર્થની અપેક્ષાએ માનીએ છીએ. કુટુંબીઓ તથા પ્રજા વર્ગ તેમને દેવ તરીકે ક્યાં માનતો હતો ? ધર્મી વર્ગ પાંચ કલ્યાણક, ચાર અતિશયની નજરે દેવપણું માને છે. તેથી તેમનાં દીધેલા વરસીદાનો લેવામાં અડચણ કરતા નથી. દેરાસરનાં ફલાદિ ગોઠીને આપો છો તે ડુબશે એમ તમને કેમ નથી થતું ? ગોઠી દેવ તરીકે માને છે ? કબુતરો દેરાસરના ચોખા વીણી ખાય છે તેનું શું ? વગર મહેનતે ઉઠાવી જાય તે દોષવાળો છે. જે યોગ્યતાથી કામ કરતો હોય તેને આપવામાં કે લેવામાં દોષ નથી.

આપણે દેવપણું જન્મથી, ગર્ભથી માનીએ છીએ. સર્વ તીર્થંકરની માતા, ભગવાન જ્યારે ગર્ભમાં આવે છે ત્યારે નિર્મલ દિવ્ય ચૌદસ્વપ્નાં દેખે છે. ભગવાન્ ગર્ભમાં આવે ત્યારથી જ અરિહંત કહેવાય છે. શું સૂત્રકારે અરિહંત ખોટા કહ્યા છે? ચૌદ સ્વપ્નનું માતાએ જોવું એજ પ્રભુના અરિહંતપણાને સૂચવે છે. પદાર્થનું ઉત્તમપણું લોકોની દૃષ્ટિને ખીંચનાર છે. સામાન્યની દીક્ષા પાછળ કલેશ નહિં થાય. ઉત્તમની દીક્ષા પાછળ કલેશ થવાનો. કિંમત પાછળ કલેશ સંકળાયેલો છે. હાથની આંગળીમાંથી વીંટી પડી જાયતો લઈ લ્યો છો, ન જડે તો ગોતો છો, ગોતવા છતાં ન જડે તો ખેદ થાય છે, ઉદ્વેગ થાય છે, ક્લેશ થાય છે.

ખાસડામાંથી ધૂળ પડી જાય તેનો કોઈને પણ કલેશ થાય છે ? નહિં જ! ખોવાનાર કે અલગ થનાર ચીજમાં બે પૈસાંની પણ કિંમત હશે તો કલેશ થવાનો. જ્યારે શ્રીતીર્થંકરદેવ દીક્ષા લે ત્યારે જરૂર, આજના માબાપને કલેશ થાય તેના કરતાં કઈગુણો વધારે કલેશ થવાનો જ. ભગવાન શ્રી ઋષભદેવજીની માતા મરૂદેવાજીતો આંધળાં થયાં હતાં, રોઈરોઈને આંખ ગુમાવી હતી. દીક્ષિતની પાછળ આજે કોનાં માબાપ અંધ બન્યાં? દેવાનંદામાતાએ જ્યારે ચૌદસ્વપ્નાં હરાઈ ગયાં જોયાં તેમાં તો છાતી કૂટી નાંખી. કારણ ? એ ગર્ભની ઉત્તમતા હતી. એ ઉત્તમતાને અંગે રાગ અધિક હતો અને તેથી કલેશ પણ સજ્જડ હતો. આજ તો માબાપ કલેશ કરવા ન જતા હોય તો બીજાઓ તેમને મોકલે છે. એટલે ભગવાન્ ગર્ભથી જ અરિહંત દેવ છે. મૂળ પહેલામાં પહેલા સાધક, સિદ્ધપણું દેખાડનારા, તે જ છે પહેલ સર્વમતોમાં દેવને જ માનવા પડે, માટે પ્રથમ દેવતત્ત્વની પીછાણની જરૂરિયાત છે.

## દેવ, ગુરુ, ધર્મની પરીક્ષા

**મમતા દેવોને પણ પૃથ્વીકાયાદિમાં પટકે છે તો આપણી શી દશા ?**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશ દેતા થકા અષ્ટકજી પ્રકરણની રચના રચતાં થકાં પ્રથમ મહાદેવ અષ્ટકજીમાં જણાવી ગયા કે દેવતત્ત્વની પ્રથમ આવશ્યકતા છે માટે જ દેવાષ્ટક પ્રથમ લેવામાં આવ્યું છે. મનુષ્ય પ્રથમ ધર્મનો અર્થી થાય છે. દેવગુરુના સમાગમમાં પછી આવે છે. ઘેર બેઠા ધર્મની ઈચ્છા થાય તે પ્રથમ ગુરુ પાસે આવે અને પછી દેવ પાસે જાય. ગુરુને શા આધારે માનવામાં આવે છે ? કેવલધર્મની અને દેવની અપેક્ષાએ ગુરુને માનવામાં આવે છે. દેવ પાંચ પ્રકારના માનવામાં આવે છે. ૧. દ્રવ્યદેવ ૨. ભાવદેવ ૩. નરદેવ ૪.ધર્મદેવ ૫. દેવાધિદેવ. અત્યારે જે જીવ મનુષ્ય આગળ તિર્યંચગતિમાં હોય પણ જ્ઞાનીની દૃષ્ટિએ ભવિષ્યમાં દેવપણે ઉપજવાનો હોય તે દ્રવ્યદેવ કહેવાય. દેવ થનારો જીવ બે ગતિ સિવાયમાં હોતો નથી. કેવલ પંચેન્દ્રિય તિર્યંચ કે મનુષ્ય દેવગતિમાં જઈ શકે છે. દેવલોકોમાં જનારા જે મનુષ્યો કે તિર્યંચો હોય તે બધાને દ્રવ્યદેવ કહી શકાય. ભૂતકાલમાં જે ભાવપણે થયા હોય અગર ભવિષ્યમાં થવાના હોય એવા જે પદાર્થો હોય તે દ્રવ્ય કહેવાય. ચાહે તો થએલો ભાવ તેનું કારણ હોય, ચાહે થવાનું કારણ હોય, બંનેને દ્રવ્ય કહી શકાય. આ અપેક્ષાએ થવાવાળાને દ્રવ્યદેવ કહી શકાય. ભવિષ્યની જેમ ભૂતકાલની પણ અપેક્ષા રાખી હોય તો આવેલાને પણ દેવ કહેવા.

(અનુસંધાન પેજ-૨૪૯)          (અપૂર્ણ)

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

પ્રથમ મનુષ્યપણાની વાત તો પ્રસિદ્ધ છે. મનુષ્યપણાની દુર્લભતા સૌ સ્વીકારે છે. બાકીની અપ્રસિદ્ધ ત્રણ વસ્તુ શ્રીહરિભદ્રસૂરિજીએ જ્ઞાનાષ્ટકમાં જણાવી. ૧. શ્રુતિ તે સાંભળવું (વિષયપ્રતિભાસજ્ઞાન) ૨. શ્રદ્ધા રાખવી (પરિણતિ જ્ઞાન) ૩. સંયમ (તત્ત્વસંવેદન) પરીક્ષામાં પાસ થયેલો પણ જવાબદારી ન સમજે તો ? જવાબદારી સમજ્યા વિનાનો મનુષ્ય અગર છોકરો ફાવે તેમ (મનસ્વી રીતે) પાંચ હજાર રૂપિયા કોઈના પણ નામે જમા ઉધાર કર્યા કરે તો તેનો કાંઈ અર્થ નથી. તેની ફરીયાદી ચાલી શકતી નથી કેમકે તે નામું જવાબદારી વગરનું છે. તેવી રીતે અહિં પણ શાસ્ત્રો ભણે, વાંચે, વિચારે, ભણાવે, સમજે, સમજાવે, છતાં પણ પોતાના આત્માની જવાબદારી તેમાં ન દાખલ કરે તો પેલા છોકરાના નામા જેવું ગણાય.

### इंदियकसायअव्वय

આ બધું વાંચે, જાણે, પણ આત્માને વળગવા ન દે, ત્યાં સુધીનું જ્ઞાન તે માત્ર વિષયપ્રતિભાસજ્ઞાન છે. જેમ અહિં એક શેઠ બેઠા છે. તેમના પુત્રનું નામ ચમન છે. પોતે તેને અમનચમન કરતો ઘેર મૂકીને આવ્યા છે. કોઈકે આવીને ખબર આપ્યા કે ચમન મોટરમાં અથડાયો છે, વાગ્યું છે, પોલીસ હોસ્પીટલમાં લઈ ગઈ છે, શેઠને ધ્રાસકો પડ્યો, દોડતા ઉઠયા, ચાલ્યા, માર્ગમાં કોઈ મળ્યું. શેઠને ખબર આપ્યા કે 'એ તો કોઈક બીજો ચમન છે, તમારો ચમન તો ઘેર મોજથી રમે છે,' શેઠને થયું 'હાશ ! અને ઘેર જઈને ચમનને ભેટ્યા ! જીવ તો બેયમાં સમાન હતા, છતાં પહેલાં ધ્રાસકો અને પછી 'હાશ' શાથી ? એક ચમનમાં મમત્વભાવ હતો, બીજા ચમનમાં મમત્વ ભાવ નહોતો. તે જ રીતે અહિં ઇંદ્રિયના વિષયો, અને કષાયો આત્માને દુઃખ દેનાર છે, એ આશ્રવો અને તેથી કર્મ બંધાય છે, આ બધું જાણવામાં છે, પણ પોતાના આત્મા માટે ધરાવાતું નથી. પારકા આત્મા માટે તે હોય એમ ગણવામાં આવે છે. આવા જવાબદારી વગરનાં સરવૈયાથી શું વળે ? જવાબદારી ધરાવાતી હોય તો તો **इंदियकसाय०** ગાથા બોલતાંની સાથે જ છાતીમાં ચમકારો થવો જોઈએ. આશ્રવનાં

બેતાલીસ સ્થાનો છે તે કોળ-ઉંદરરૂપ છે. ઘરમાં એક કોળ-ઉંદર હોય તો ઉંઘ આવતી નથી. અહિં બેતાલીસ કોળ-ઉંદરો મઝાથી કરડી રહ્યા છે, ફુંકી ફુંકીને કોચી રહ્યા છે છતાં સુખેથી ઉંઘાય છે ! કુંભકર્ણની જેમ ઘોરાય છે ! વૈદ્ય કહી ગયો કે આ છોકરાને સંગ્રહણીનો વ્યાધિ છે. તે સાંભળનાર પાડોશીનું કાળજું કકળી ઉઠે છે, પણ તે ખુદા છોકરાને રોગની કિંમત સમજાતી નથી, અગર તે જવાબદારી સમજતો નથી, એટલે તેના દિલમાં કાંઈજ લાગતું નથી. અહિં પણ 'ઈંદિય કસાય' ની ગાથા સેંકડોવાર ગોખીએ, ગોખાવીએ, અરે ! એની માલા ગણીએ, પરંતુ આત્મા કોરો ધાકોર રહે, તે સંબંધી લેશ પણ વિચાર જ ન થાય તો કુંભકર્ણના કાકા નહિં તો બીજું શું ? આ સ્થિતિ છે ત્યાં સુધી વિષયપ્રતિભાસજ્ઞાનવાળી જ ભૂમિકા છે.

## ચોમેરથી તોફાનમાં સપડાયા છતાં ચમકારો પણ કેમ નથી થતો ?

કોઈ ઉપર દાવો કરવામાં આવે ત્યારે લખાતા કે બોલાતા એક એક શબ્દની જવાબદારી સમજીએ છીએ, તેમ શાસ્ત્રનાં એકે એક શબ્દની જવાબદારી સમજીએ તો તે જ્ઞાન પરિણતિજ્ઞાન કહેવાય છે. જીવતત્ત્વને માત્ર ચેતનાવાળો માને એમ નહિ, પણ આગળ વધીને શ્રીજિનેશ્વરદેવે કહ્યા મુજબ, અસંખ્યાતપ્રદેશી, કર્મને બાંધનાર તથા તોડનાર, કર્મને તોડી મોક્ષ મેળવનાર, અને કેવલજ્ઞાન સ્વભાવવાળો છે એમ માનવામાં આવે તો જીવતત્ત્વ વાસ્તવિક રીતે માન્યું કહેવાય. ઈતર દર્શનકારો માને છે તેવી રીતે જીવ માનવાથી વાસ્તવિક રીતે જીવ માન્યો ગણાય નહિ. હવે જડ પદાર્થોને શિવ, વૈષ્ણવ બધા માને છે તો તેઓ અજીવ (જડ) તત્ત્વની પ્રતીતિવાળા ખરા કે નહિં ? ના ! શ્રીજિનેશ્વરદેવે કરેલી પ્રરૂપણાનુસાર ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, કાલ, પુદ્ગલ એ પાંચને માને તો અજીવતત્ત્વ માન્યું ગણાય. દુનિયામાં કર્મ લાગે છે એટલું ફક્ત બોલાય છે. જૈનદર્શનમાં તેનું તમામ સ્પષ્ટીકરણ છે. આશ્રવનાં બેતાલીસ દ્વાર તે કર્મ લાગવાનાં કારણો છે. વિષયો, કષાયો, અવિરતિ આદિ બેતાલીસ છે. આમાંથી એક પણ હોય તો કર્મ લાગ્યા વિના રહેતું નથી, મકાનને અંગે જે બારી, બારણાં, એ પવન તથા ધૂળને આવવાનાં જેમ સાધન છે, તેમ અહિં આત્મારૂપ ઘરમાં કર્મ આવવાનાં દ્વાર એ આશ્રવ છે, પણ તે જ્યારે જવાબદારી સ્વીકારાય ત્યારે બરોબર સમજાયને ! નાવડામાં બેઠા હો, જરા છિદ્ર પડે, અંદર પાણી આવે કે તરત ચમકારો થાય છે, છતાં આ બેતાલીસ બેતાલીસ છિદ્રોથી ચમકાતું કેમ નથી ? નાવડામાં પાણી આવ્યું હોય, એકને બદલે અનેક છિદ્રો હોય તો પણ દારૂડીયાને સાન ભાન હોય નહિ અને તેથી તે ચમકે નહિ તેમ અહિં પણ મોહનો દારૂ પીને ચકચૂર બનેલો આત્મા મારું ધન, મારું કુટુંબ એવા લવારામાં બેતાલીસ છિદ્રોને જોઈ શકતો નથી, તેનાથી ચમકતો નથી. નદીમાં તથા સમુદ્રમાં તો પાણી આવવાનું સાધન નીચે જ હોય છે, પરંતુ આત્મામાં તો કર્મ આવવાનાં સાધનો ચારે તરફથી

છે. ચૌદરાજલોકરૂપી દરિયામાં, કર્મરૂપી જલની વચમાં રહેવું અને જન્મ-મરણાદિ મગરમચ્છો પાસે રહેવું, તેમાં પોલ કે ખાળ-રૂપી આશ્રવનાં બેતાલીસ દ્વારો છે તે ખ્યાલ આશ્રવતત્ત્વ જાણવાથી જ આવે છે. શ્રીજિનેશ્વરદેવનાં વચનો સમજે તો જ તે આશ્રવથી બચી શકાય આશ્રવના દ્વાર ઉપર ઉપયોગ રખાય તો જ બચાય. એ પરિણતિજ્ઞાન વગર બચી શકાય તેમજ નથી.

## આત્મા પરિણતિજ્ઞાનમાં આવ્યો ક્યારે કહેવાય ?

**શ્રુતજ્ઞાનની મહત્તા !**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટકજીની રચનામાં જ્ઞાનાષ્ટકમાં જણાવે છે કે શાસ્ત્રોમાં દરેક સ્થળે સ્વરૂપભેદે જ્ઞાનના પાંચ ભેદો જણાવવામાં આવ્યા છે. ૧. મતિજ્ઞાન ૨. શ્રુતજ્ઞાન. ૩.અવધિજ્ઞાન ૪. મનઃપર્યવજ્ઞાન ૫. કેવલજ્ઞાન. ઈંદ્રિયોદ્વારા જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન, અને શબ્દદ્વારા એ વાચ્યનું જે જ્ઞાન થાય તે શ્રુતજ્ઞાન, દૂર રહેલા રૂપીપદાર્થોનું જ્ઞાન ઈંદ્રિયોની મદદ વગરનું થાય તે અવધિજ્ઞાન. નજીક હોય કે દૂર હોય, પણ અન્યના ચિત્તમાંની વસ્તુ, વિચાર, ભાવના જેનાથી જાણી શકાય તે મનઃપર્યવજ્ઞાન. દૂર હોય કે નજીક હોય, સર્વ રૂપી અરૂપી લોકાલોકના અને ત્રણે કાલના પદાર્થોને જેનાથી જાણવામાં આવે તે કેવલજ્ઞાન. સ્વરૂપભેદે જ્ઞાનના આ મુજબ પાંચ ભેદો છે.

ચંદ્રમા રત્નોનું માંડલું ધરાવે છે, પણ તે શા કામનું ? જે ચીજ લેવડ દેવડના ઉપયોગમાં ન આવે તે શા કામની ? તે રત્નથી તો રૂપિયો સારો કે ઝટ કામ તો લાગે ! જો કે રત્ન કરતાં રૂપિયો કિંમતી નથી, પરંતુ લેવડ દેવડમાં રૂપિયો ઝટ ઉપયોગમાં આવે છે. લેવડ દેવડ રૂપિયાની જ છે, માટે રૂપિયો કિંમતી. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન એ કોઈને અપાતું નથી તેમ કોઈની પાસેથી લેવાતું નથી. વ્યાપારમાં પણ તે કામ લાગતું નથી, લેવાદેવામાં વ્યાપારાદિ વ્યવહારમાં શ્રુતજ્ઞાન ઉપયોગી છે. શ્રુતજ્ઞાનના આઠ આચાર છે.

काले विणए बहुमाणे०

કાલ, વિનય વગેરે આચારોનો વિચાર શ્રુતજ્ઞાનને અંગે છે. મતિ આદિ બીજા જ્ઞાન માટે તે વિચાર કરવામાં આવ્યો નથી, उवहाणे એટલે ઉપધાન. ઉપધાન નવકાર, ઈરિયાવહિ આદિનાં કરવાનાં હોય છે. વિધિ વિનાનું કાર્ય વિધિસરનું ન કહેવાય. એક માણસનું કોઈ કન્યા સાથે સગપણ થયું, પણ ઘેર લાવવા માટે તેની સાથે વિધિસર લગ્ન કરવું પડે છેઃ ઉપાડીને લાવે તો તે વિધિસર લગ્ન કહેવાય નહિ, તેમ નવકારાદિ વિધિસર ત્યારે જ કહેવાય કે જ્યારે ઉપધાનાદિ વહીને શીખાય શ્રીવજસ્વામીજીએ ઘોડીયામાં સૂતાં સૂતાં, સાધ્વીજી અભ્યાસ કરતાં બોલતાં હતાં તે સાંભળીને અગિયારે

અંગ મોઢે કર્યાં હતાં: ગંભીર આગમોને આઠ વર્ષની ઉંમરમાં તૈયાર કર્યાં હતાં, છતાં ઉપાશ્રયે સ્થવિરો પાસે એકડો ઘુંટતા હતા અને બીજા ભણતા હોય ત્યાં ધ્યાન રાખતા, શાથી ? નવા જ્ઞાનની ઈચ્છાથી! એક દિવસ એવો પ્રસંગ બન્યો છે કે સાધુઓ ગોચરી ગયા છે, પછી આચાર્યજીને સ્થંડિલની શંકા થઈ તેથી તેઓ સ્થંડિલ ગયા છે. બાલકની મનોવૃત્તિ એકાંતમાં ખુલે છે, વજસ્વામીજી પોતાનું, ગુરુનું આસન તથા બીજાઓનાં આસનો ગુરુ શિષ્યો બેઠા હોય તે રૂપમાં ગોઠવી પછી પ્રશ્ન પરંપરા ચલાવે છે, અને ઉત્તર પણ પોતે જ આપે છે. પ્રશ્નો પણ મામૂલી નહિ ! આચારાંગાદિના ! પહેલાં તો આચાર્યજીએ બહારથી તે સાંભળ્યું, નવાઈ પામ્યા કે આ વજ ! ઓહો! આ તો અગિયારે અંગ ભણેલો છે ! પણ તે વાત સાધુઓને જણાવાય કેમ ? તે જણાવવા આચાર્યજીએ એક દિવસ બહારગામ જવાની ઈચ્છા પ્રગટ કરી અને જતી વખતે શિષ્યોને યોગ કરવા તથા વાચના વજસ્વામિજી પાસે લેવા ફરમાવ્યું. શિષ્યોએ કબૂલ રાખ્યું. શ્રીવજસ્વામિજીએ સુંદર રીતે વાચના આપી. ભલે દેખાવમાં નાના હતા પણ જ્ઞાનમાં તો અધિક જ (મોટાજ) હતા. વાચના એવી તો સરસ આપી કે વાચના લેનાર શિષ્યોના મનમાં એવો વિચાર થયો કે ગુરુજી બહારગામ બે દિવસ વધારે રહે તો ઠીક કે જેથી આમની વાચનાનો લાભ મળે. ગુરુજી (આચાર્યશ્રી) તો તરત પાછા પધાર્યા. એમને બહારગામમાં બીજું કયું કામ હતું ? માત્ર વજસ્વામીના જ્ઞાનને જાહેર કરવાની તક યોજવી હતી. ગુરુએ શિષ્યોને પૂછયું કે - 'કેમ ! વાચના ચાલી ?' શિષ્યોએ કહ્યું - 'ગુરૂદેવ ! શ્રેષ્ઠતમ ચાલી! હવે તો અમારા એ જ વાચનાચાર્ય થાઓ !!' આચાર્ય શ્રીસિંહગિરિજી ના કહેતાં જણાવે છે કે- 'એ તો કાનચોરીઓ છે !' જુઓ ! વજસ્વામિજી માટે કયો શબ્દ વાપર્યો ? વિધિસહિત જ્ઞાનસંપાદન નથી કર્યું માટે તેમ કહ્યું છે. વાચનાચાર્ય થવા માટે યોગાદિ કલ્પની જરૂર પડે અને તેથી શ્રીવજસ્વામિજીને કલ્પથી યોગવહન કરાવ્યા અને તેમને વાચનાચાર્ય તરીકે સ્થાપન કર્યા.

### વિધિ સર્વત્ર સ્વીકાર્ય છે, યોગ-ઉપધાન એ આવશ્યક વિધાન છે.

શ્રુતજ્ઞાન માટે જ ઉપધાન છે. મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન માટે ઉપધાન નથી. શ્રુતને જ અંગે અનિહ્નવપણું એટલે જે ગુરુ પાસે જ્ઞાન લીધું હોય તેને ઓળવવા નહિ. અક્ષર, (વ્યંજન), અર્થ અને શબ્દ, તથા અર્થ બન્નેનો ભેદ તે સર્વ આચાર શ્રુતજ્ઞાનને અંગે છે. છતાં તમે તેને જ્ઞાનાચાર કેમ કહો છો ? શ્રુતાચાર કેમ કહેતા નથી ? કારણ એ જ કે શ્રુતજ્ઞાનની મહત્તા છે. જ્યારે આચાર શ્રુતને અંગે છે, તો 'જ્ઞાનાચાર' એવો પ્રયોગ કેમ યોજાયો ? 'શ્રુતાચાર' કેમ યોજાયો નહિ ? કારણ કે 'જ્ઞાન' શબ્દથી વ્યવહારમાં મુખ્યતાએ શ્રુત જ લેવાય છે. સ્વરૂપથી જ્ઞાનના મતિજ્ઞાનથી માંડીને કેવલજ્ઞાન સુધી પાંચ ભેદો જણાવવામાં આવ્યા છે. પરંતુ આચારની પ્રક્રિયાએ તથાવિધિની અપેક્ષાએ જ્ઞાનને જ શ્રુતજ્ઞાન

કહેવામાં આવે છે. હવે શ્રુતજ્ઞાન એટલે શાસ્ત્રનું જ્ઞાન એ જ અર્થ સર્વત્ર સમર્થ છે.

**કેવલજ્ઞાનથી સ્વતંત્રપણે સર્વસ્વ જણાય છે.**

શાસ્ત્રશબ્દ અનેક પ્રયોગમાં વપરાય છે. ચોરી, જુગાર, આદિના કાયદાઓના ગ્રંથને તથા કાયદાના ગ્રંથને શાસ્ત્ર કહેવામાં આવે છે. મતમતાંતરના ગ્રંથો પણ શાસ્ત્ર કહેવાય છે. તેમાં પણ કાયદા એટલે નિયમન તો હોય જ ! જૈનદર્શન પણ શાસ્ત્ર વગરનું ન જ હોય. જૈનશાસનમાં જે જે શાસ્ત્રો છે તે તે શાસ્ત્રોના જ્ઞાનને અંગે વિચાર કરવામાં આવે છે. નાની ઉંમરનો છોકરો નામું વાંચે, વંચાવે, કોના રૂપિયા જમા ? કોના ઉધાર? બધું વાંચી શકે, પણ કઈ આસામી સારી ? કઈ આસામી નરસી ? શું લાભ, શું તોટો ? તે બધું તે સમજી શકતો નથીઃ તેવી રીતે **જીવાજીવાપુણ્ણં** એ ગાથાઓ બોલે છે બધા, પણ બાલકની જેમ બોલાય ત્યાં સુધી સાર્થક નથી. જીવ ચેતનાવાળો જાણ્યો, પણ શ્રીજિનેશ્વરદેવે કહ્યા મુજબ કેવલજ્ઞાનવાળો જાણવો જોઈએ. જીવનો સ્વભાવ કેવલજ્ઞાન છે એમ ન જાણે તે કેવલજ્ઞાનને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરશે ક્યાંથી ? અને પ્રયત્ન વિના પ્રાપ્તિ થાય જ ક્યાંથી? કેવલજ્ઞાન પોતાનો સ્વભાવ છે એમ જો જાણે તો કયા કારણે તે પ્રાપ્ત નથી થતું તે વિચારે, પછી કેવલજ્ઞાનને રોકવાવાળાં કર્મોને જ રોકવા પ્રયત્ન કરે અને વળગેલાં કર્મોને તોડવા પ્રયત્ન કરે, તો કેવલજ્ઞાન મેળવી શકે. દીવો છે પણ દીવો ગોખલામાં મૂકીને બારણું બંધ કરવામાં આવે તો છતે દીવે પણ અજવાળું આવે ક્યાંથી ? કેવલજ્ઞાન એ જીવનું લક્ષણ છે ખરું, પણ તેને આડાં બારણાં રૂપ આવરણો લાગેલાં છે- વળગેલાં છે, તેથી તે પ્રકાશમાં આવતું નથી. ઘરમાં નવે નિધાન દટાયેલાં છે. પણ ભાજી લાવવાની હાલ ખીસામાં પાઈ પણ નથી તેનું શું ? નવનિધાનની ખબર પડે તો ખોદેને!

શબ્દ સાંભળવો હોય તો કાનરૂપી દલાલ જોઈએ. તેમ સ્પર્શ, રસ, ઘ્રાણ તથા રૂપને માટે પણ તે તે સ્પર્શાદિ ઇંદ્રિયોરૂપી દલાલોની સદા જરૂરિયાત રહે છે. ઇંદ્રિયનું જ્ઞાન કેવલજ્ઞાનના અનંતમા અનંતમા ભાગે છે, છતાં જ્ઞાન મેળવવામાં ઇંદ્રિયોની ઓશીયાળ રાખવી પડે છે. આશ્ચર્ય તો જુઓ કે આત્મા કેવલજ્ઞાનનો સ્વામી છતાં સામાન્ય જ્ઞાન માટે પણ તેને ચક્ષુ, કાન, નાસિકા, જીભ, ત્વચાદિ ઇંદ્રિયોની ગરજ સેવવી પડે છે. ઠાકરને ચાકરના ચાકર બનવું પડે છે. નવનિધાન ઘરમાં (દટાયેલાં) મોજુદ છતાં શાકભાજી લાવવા પાઈ પૈસો પણ બીજા પાસે લાચારીથી માંગવો પડે છે. ખબર પડે કે ઘરમાં જ નવે નિધાન છે તો તેને કાઢવામાં કોણ ઢીલ કરે ? તે જ રીતે સામાન્ય જ્ઞાન માટે ઇંદ્રિયોની આટલી આટલી ગુલામી કરનાર આત્મા જાણે કે પોતે તો કેવલજ્ઞાનનો સ્વામી છે, ઇંદ્રિયો તો પોતાના સેવકો છે, તો પછી તે ઇંદ્રિય સેવકોની સેવા કરે ? ન જ કરે ! તરત જ કેવલજ્ઞાન મેળવવા કટિબદ્ધ થાય, કેવલજ્ઞાનને મેળવનાર, તેનાં વિઘ્નોને ટાળનાર, જગતને કેવલજ્ઞાન મેળવવાના ઉપાયો બતાવનાર જો કોઈ પણ હોય

તો તે માત્ર ત્રિલોકનાથ દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાન જ છે. જીવમાં જીવન લાવનાર એજ દેવાધિદેવ છે. ઈંદ્રિયો તો પુણ્ય કરો તેટલાં કામો કરી દે, પણ જ્યારે પુણ્યની મૂડી (આડત) ખલાસ થાય પછી કામ-જવાબ ન આપે કેવલજ્ઞાન તો વગર આડતે કામ કરી આપે છે. કેવલજ્ઞાનથી કામની પતાવટ સ્વતંત્રપણે થાય છે. કેવલજ્ઞાનીને પદાર્થ જોવામાં ઈંદ્રિયોની સહાયની જરૂર નથી. કેવલજ્ઞાનવાળી દશામાં બે જ ચીજ, જોવાના પદાર્થો તથા જોનાર આત્મા. ત્રીજી ચીજની જરૂર નથી. આવું કેવલજ્ઞાન પ્રથમ પોતે મેળવનાર, પછી બતાવનાર તથા મેળવી આપનાર ત્રિલોકનાથ દેવાધિદેવ શ્રીતીર્થંકર દેવ જ છે. સમ્યગ્દૃષ્ટિનું આવું જ્ઞાન તે પરિણતિજ્ઞાન છે.

### ગુણની પ્રશંસામાં દરજ્જો જોવાતો નથી.

જ્ઞાનાવરણીયાદિ પાંચ ભેદો ભણીએ, ભણાવીએ, ગોખી જઈએ, પણ આત્મા સ્વયં કેવલજ્ઞાનમય છે, છતાં આ આવરણોએ તે જ્ઞાનને રોક્યું છે. તે આવરણો દૂર કરવાનો સચ્ચોટ ઉપાય બતાવનાર તીર્થના સ્થાપક, તીર્થનાયક શ્રીતીર્થંકર દેવ છે. હૃદયમાં આ ભાવના દૃઢીભૂત થાય એટલે પરમતારક દેવાધિદેવની નિત્ય પૂજા કરવાની અહર્નિશ ભાવના રહે. શ્રી ભરતમહારાજાની કચેરીનો દેખાવ જેઓએ ધ્યાનપૂર્વક અવલોક્યો હોય તેઓ વિચારી શકે છે કે - બે વધામણી સાથે આવે છે. એક તો ચક્રરત્ન ઉત્પન્ન થયાની તથા બીજી શ્રીઋષભદેવજી ભગવાનને કેવલજ્ઞાન પ્રાપ્ત થયાની. ચક્રરત્ન છ ખંડનું આધિપત્ય સિદ્ધ કરનાર છે, આપનાર છે, બાકીનાં તેર રત્નોને તે લાવનાર છે, બત્રીશ મુકુટબદ્ધ રાજાઓને નમાવનાર છે, અને ભગવાન્ શ્રીઋષભદેવજીનાં કેવલજ્ઞાનમાંથી તો પોતાને કાંઈ મળવાનું નથી. ચક્ર તો પોતાને મળ્યું-કેવલજ્ઞાન તો પ્રભુજીને મળેલું સાંભળ્યું, પણ વધામણીમાં કયા શ્રવણને ભરતમહારાજાએ મહત્ત્વ આપ્યું તે વિચારો ! ચક્ર દેવાધિષ્ઠિત છે, અપમાન થાય તો નવાજુની પણ થાય છતાં તેની અને દેવતાના ઉત્પાતની પણ દરકાર નહિં કરતાં ભગવાનના કેવલજ્ઞાનનો ઉત્સવ પહેલો કરે છે. ભગવાનને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું તે જતું રહેવાનું નહોતું, કેમકે તે આત્મીય વસ્તુ છે, સ્વ-સત્તાની ચીજ છે, જ્યારે ચક્રરત્ન દેવ પાસેથી આવેલું હોવાથી ચાલી જવાનો સંભવ છે, છતાં પણ તે ચક્રનો ઉત્સવ પછી, પણ પ્રભુજીને (પિતાજીને) ઉત્પન્ન થયેલા કેવલજ્ઞાનનો ઉત્સવ પહેલો ! સુભટ શત્રુને જીતીને આવ્યાનું સાંભળીને વફાદારને આનંદ થાય, તેમ અહિં પણ મોરચા માંડીને મોહની ઉપર ભવ્યાત્માએ સંપૂર્ણ વિજય મેળવ્યાનું સાંભળીને કોને આનંદ ન થાય ? જ્યાં ગુણ દેખાય ત્યાં આનંદ થાય, તેનું નામ જ સમ્યક્ત્વ. આજે તો ચોથું વ્રત કોઈ લે, કોઈ સામાયિક પૌષધ કરે, કોઈ પ્રતિક્રમણાદિ આવશ્યક કરે, કોઈ ઉપધાન કરે, તો પણ તેનો ગુણ જોવાનું મુશ્કેલ થઈ પડ્યું છે. સાધુપણાનો કે કેવલજ્ઞાનનો ગુણ પણ હૃદયમાં જચતો નથી ! શાસ્ત્રકાર મહર્ષિઓ તો ફરમાવે છે કે ગુણાધિક પ્રત્યે બહુમાન

ઉપજે ત્યારે જ સાચું સમ્યક્ત્વ કહેવાય. માનો કે કોઈએ આપણાથી ઓછી તપશ્ચર્યા કરી તો 'ઓ હો ! એમાં શું ? એમ કરીને તેને ઉડાડી ન દેવાય, પણ તેનામાં તેટલી શક્તિ છે માટે તેટલો પણ તપ કરે તો છે તેમ વિચારવું. કામદેવ શ્રાવકે દેવતાનો ઉપસર્ગ સહન કર્યો છે તેની પ્રશંસા કેવલજ્ઞાની પ્રભુએ ભગવાન્ મહાવીરદેવે પણ કરી છે. ભગવાને સુલસાની પણ પ્રશંસા કરી છે, તથા અંબડ પરિવ્રાજક સાથે તેને ધર્મલાભ કહેવરાવ્યા છે. કેવલજ્ઞાની ચોથા ગુણઠાણાવાળાની પણ પ્રશંસા કરે છે. કરી શકે છે. જે સમ્યક્ત્વની જડ જાણે છે તે તો દરેક ગુણઠાણે રહેલા ગુણવાળાની પ્રશંસા કરે છે. ત્યાં ઉંચા દરજ્જાના ગુણઠાણાવાળો નીચલા ગુણઠાણાવાળાની પ્રશંસા ન જ કરે એમ નથી.

## જીવને જીવન સમર્પનાર શ્રી તીર્થંકરદેવ જ છે!

સમ્યગ્દૃષ્ટિ દેવતાઓ પણ દાનગુણને લીધે મિથ્યાદૃષ્ટિના દાનની પ્રશંસા કરે છે. અહિં એક વાત ધ્યાનમાં રાખવી કે પ્રશંસાને લીધે પોલ ન પડે. જેમ નજીકના ઘરમાં વેશ્યા રહેતી હોય, તેની છોકરી સુઘડપણાથી રહેતી હોય, અને પોતાની છોકરી તેમ ન રહેતી હોય તો પોતાની છોકરીને સમજાવવા પેલી છોકરીની પ્રશંસા થાય ખરી, પણ કઈ રીતે ? એમ બોલાય કે: "જો તો ખરી ! આ જાતે વેશ્યા છે, છતાં કેટલી સુઘડ છે !" સુઘડપણું બતાવતાં પહેલાં જ વેશ્યાપણું જણાવી દેવાય છે. મરીચીને વંદના કરતાં ભરતમહારાજા પણ આ રીતે બોલ્યા હતા કે : "મરીચી ! તારા હાલના આ વેષને હું વંદન નથી કરતો, પણ ભવિષ્યમાં તું તીર્થંકર થવાનો છે (આ ચોવીશીમાં છેલ્લો તીર્થંકર થવાનો છે) માટે તે અપેક્ષાએ તને વંદન કરું છું." અર્થાત્ ગુણની પ્રશંસા પણ જરૂરી અને સાવચેતી પણ જરૂરી છે. પોતાના પિતાશ્રી ઋષભદેવજી ભગવાને મોહમલ્લને સર્વથા જીતી આત્માના સ્વાભાવિક ગુણરૂપ કેવલજ્ઞાનને મેળવ્યું એ સાંભળી ભરત મહારાજાને પરમ આનંદ થાય તેમાં નવાઈ શી ? ચક્રરત્નની પ્રાપ્તિ કરતાં કેવલજ્ઞાનરૂપ રત્નની ઉત્પત્તિના મહિમાની કિંમત ભરતમહારાજાએ વધારે ગણીને ? છ ખંડ, નવ નિધાન, તથા બાકીનાં તેર રત્નો, (આથી વધારે સાહ્યબી કોઈ કાલમાં હોઈ શકતી નથી તે) મેળવી આપનાર ચક્રરત્ન ઉત્પન્ન થયું છે છતાં પણ તેની વધામણીના શ્રવણ તરફ લક્ષ્ય નથી, દુર્લક્ષ્ય છે. હવે તમારી સ્થિતિ વિચારો ! શ્રીજિનેશ્વરદેવની પૂજા કરવા જતા હો અને રસ્તામાં રૂપિયાની કે બેરૂપિયાની કમાણી થતી હોય તો જતી કરો છો કે પાછા ફરો છો ? જ્યારે એટલામાં પાછા ફરો છો તો રાજઋદ્ધિને ધક્કો મારો તેટલી શક્તિ ક્યારે પ્રાપ્ત કરવાના ? વિષયપ્રતિભાસજ્ઞાનમાં ગાથાઓમાં જે પદાર્થો જણાય તેની કિંમત કરતાં શીખવાનું પરિણતિજ્ઞાનમાં છે. ભરતમહારાજા ચક્રરત્ન માટેના ઉત્સવને પડતો મૂકી ભગવાનના કેવલજ્ઞાનના ઉત્સવને પ્રથમ સ્થાન આપે છે તેનું કારણ પરિણતિજ્ઞાન છે. ચક્રરત્નની પ્રાપ્તિ તો ઉપાધિરૂપ છે. એમ પોતે સમજતા હતા.

**अयं अट्ठे अयं परमट्ठे सेसे अणट्ठे**

**अयं अट्ठे अयं परमट्ठे सेसे अणट्ठेः**

આ ત્રણ પગથીયાં સમ્યક્ત્વનાં છે. જૈનશાસન ત્યાગમય જ હોય છે અને ત્યાગ તે જ અર્થઃ આવી બુદ્ધિ ઉદ્ભવે ક્યારે ? સંસાર અર્ધપુદ્ગલપરાવર્ત બાકી હોય ત્યારે જ આ બુદ્ધિ જાગે, નહિ તો આ બુદ્ધિ ઉત્પન્ન થઈ શકતી નથી. ધન જોઈએ, સ્ત્રી જોઈએ, કુટુંબ જોઈએ અને 'દેવ, ગુરુ, ધર્મ પણ જોઈએ'. આ રીતે જેના હૃદયમાં 'પણ જોઈએ' એ ભાવના છે તેનો સંસાર તો એક પુદ્ગલ પરાવર્ત સમજવો પણ 'દેવ, ગુરુ, ધર્મ જ જોઈએ' આ ભાવના જેની હોય તેનો સંસાર તો અર્ધપુદ્ગલપરાવર્ત સમજવો, 'દેવગુરુધર્મનું જ આરાધન કરવું જોઈએ, મોક્ષ જ સાધ્ય છે, નિર્ગ્રંથ પ્રવચન જ ઉપાદેય છે,' આ ભાવના જાગે ત્યારે માનવું કે સંસાર વધારેમાં વધારે અર્ધપુદ્ગલપરાવર્ત બાકી છે. ઈષ્ટની સિદ્ધિ કરનાર દેવ, ગુરુ અને ધર્મ જેવો બીજો કોઈ પદાર્થ ચૌદરાજલોકમાં નથી કે જેમાં અર્થપણું કે પરમાર્થપણું હોઈ શકે.

ચારગતિરૂપ સંસારમાં ચોર્યાશી લક્ષ જીવાયોનિમાં, અનાદિકાલથી આ જીવે રખડપટ્ટી શાથી કરી ? આહાર, શરીર, ઈંદ્રિય અને શ્વાસોશ્વાસ આ ચાર ચોરટાઓ અનાદિથી કાયમ પાછળ વળગેલા છે કે જે સંસારનો પાર પામવા દેતા નથી. કંચન, કામિની, કુટુંબ તે બહારના ચોરટાઓ છે. ચોરટાઓ ઉપર વિજય મેળવનાર, ચોરટાઓને ઓળખાવનાર તથા તેના ઉપર વિજય મેળવવાનો ઉપાય બતાવનાર દેવાધિદેવ શ્રીતીર્થંકરદેવ જ છે. દેવ, ગુરુ અને ધર્મ સિવાયની તમામ ચીજો અનર્થને કરનારી છે. આવી બુદ્ધિ થાય ત્યારે ઉંચું સમ્યક્ત્વ ગણાય અને ત્યારે જ ઉંચું પરિણતિજ્ઞાન કહેવાય. આશ્રવ વખતે તથા બંધ વખતે દુઃખ થાય, સંવર તથા નિર્જરા વખતે આનંદ ઉત્પન્ન થાય ત્યારે સમજવું કે પરિણતિજ્ઞાન આવ્યુંઃ આત્મા પરિણતિજ્ઞાનમાં આવ્યો.

## સાધ્ય સાધન શૂન્ય દેવનો ઉપદેશ નિષ્ફલ છે!

જેવા દેવ હોય તેવા ગુરૂ હોય અને તેવો ધર્મ હોય !

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટકપ્રકરણ રચતા થકા ફરમાવે છે કે દરેક આસ્તિકમતવાળા દેવ, ગુરૂ તથા ધર્મ એ ત્રણ તત્ત્વોને માને છે. આ ત્રણ તત્ત્વો માનવાનો ઈન્કાર કરે અર્થાત્ દેવ, ગુરૂ તથા ધર્મતત્ત્વોની યોજના ન હોય એવું કોઈપણ આસ્તિક દર્શન નથી. તેમાં ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વનો આધાર દેવતત્ત્વ ઉપર રહેલો છે. જેવા દેવ તેવા ગુરૂ તથા તેવો જ ધર્મ. જે દર્શનમાં દેવતત્ત્વ લીલાપ્રધાન હોય તે દર્શનમાં ગુરૂ તથા ધર્મનું ધ્યેય લીલાનું જ હોય છે અથવા તો ધર્મના આધારે દેવ તથા ગુરૂ ક્યા ધ્યેયના છે ? ક્યા સ્વરૂપના છે ? તે જાણી શકાય. ધર્મને ઓળંગીને ગુણો ક્વચિત જ હોઈ શકે.

જેઓમાં માંસ ખાવાની છૂટ છે, હલાલ કરવાની છૂટ છે, તેઓમાં જેવા ખૂનના બનાવો બને છે તેવા બનાવો બીજા ધર્મવાળાઓમાં નથી બનતા. જેઓમાં દારૂબંધી નથી તેઓમાં જે છાકટાપણું દેખાય છે તે બીજામાં દેખાતું નથી. જેવો ધર્મ માનતો હોય તે મુજબ પવિત્ર કે અપવિત્ર વર્તન હોય છે. ગુન્હાઓ પણ તેવા તેવા ધર્મોને આભારી છે. ગુન્હાઓમાં ધર્મોની છાયા આવી જાય છે. કોર્ટમાં "ઈશ્વરને હાજર જાણીને બોલો," એવી પ્રતિજ્ઞા એટલા જ માટે લેવરાવવામાં આવે છે કે ગુન્હેગાર થનાર મનુષ્ય કોઈ પણ ધર્મને માનનારો હોઈ તેનામાં તેની છાયા હોય છે. નહિં તો આવી પ્રતિજ્ઞા લેવરાવવાનો વખત રહે જ નહિ, તેમજ તેવી પ્રતિજ્ઞાનો કંઈ અર્થ રહેતો નથી. આથી એ સિદ્ધ છે કે જેવા દેવ હોય તેવા ગુરૂ અને ધર્મ હોય. દેવે જે સાધ્ય બતાવ્યું હોય. તે સાધ્ય દેવે સિદ્ધ કરેલું હોવું જોઈએ, નહિ તો ભક્તગણની પ્રીતિ થઈ શકે નહિ. ગુરૂ પણ તે સાધ્યની સિદ્ધિમાં પ્રયત્નશીલ હોય તો જ તે પછી લોકોને તેનો ઉપદેશ આપી શકે. પોતે જે સાધનનો અમલ કર્યો હોય તે સાધન દુનિયાને સમજાવી શકાય. ખુદ દેવ જો સાધ્યના સાધનથી શૂન્ય હોય તો અન્યને ઉપદેશ કેવી રીતે આપશે ? ડાહી બાયડી સાસરે જાય નહિં અને ગાંડીને સાસરે જવા શીખામણ દે તો તે શીખામણ ગાંડી બાયડી પણ માનતી નથી, તો પછી સાધ્યને ચૂકેલા તથા સાધનથી બહાર ગયેલા એવા દેવના ઉપદેશને જગતમાં માને કોણ ? ટીપ ભરવા કોઈ પાસે જાઓ તો તેમાં સામો ગૃહસ્થ પૈસા ક્યારે ભરશે ? એ ટીપમાં પ્રથમ તમે ભર્યા હશે તો જ ભરશે. એક ટીપ જેવી બાબતમાં પણ પ્રથમ પોતે ભર્યા પછી જ બીજાને કહી શકાય છે તો પછી આત્મકલ્યાણના માર્ગમાં પોતે તેને અમલમાં મૂક્યા વિના બીજાને કહેવા જાય તો શી દશા થાય ? મશાલચી બીજાને અજવાળું કરે, પોતાને તો અંધારામાં ચાલવાનું રાખે તેમ કલિકાલના કોવિદો પણ મશાલચીની માફક બીજાને માત્ર અજવાળું કરનારા છે. પોતે અંધારામાં જાય છે, અર્થાત્ પોતે કરવું કરાવવું કાંઈ નહિ, અન્યને ઉપદેશો આપવા! સભામાં વાતો મોટી મોટી કરે, લાંબા લચ લેખો લખે, પણ પોતાને અંગે વર્તનમાં લેવાદેવા કાંઈ નહિ! આવાઓને માને કોણ ? કેવલ परोपदेशे पाण्डित्यम् ? અન્યને જે કરવાનો ઉપદેશ અપાય તેનો અમલ કરનાર પ્રથમ ઉપદેશક તો હોવો જોઈએ. जो जहवायं न कुणइ यो यथावादं न कुरुते

જેવી રીતે પ્રરૂપણા કરે તે પ્રમાણે જે ચાલે નહિ એનાથી મોટો મિથ્યાદષ્ટિ જગતમાં બીજો કોઈ નથી. એને ઉત્કૃષ્ટ મિથ્યાદષ્ટિ ગણવો. ખરેખરો મિથ્યાદષ્ટિ એ જ ! આમ શાસ્ત્રકારો પણ ફરમાવે છે.

## ક્રોડોની કિંમતના હીરાને કોડીના મૂલ્યમાં ફગાવનાર ઝવેરી જ ખરો ગમાર છે.

કોઈ ગમાર હોય તે ક્રોડની કિંમતના હીરાને કોડીમાં આપી દે તો તેને તેવો મૂર્ખ કે ગમાર ન કહેવાય. કેમકે ગમાર તો એ છે જ. એ તો કદી એ કિંમતે ન પણ આપે તોયે ગમાર જ છે,

પણ ઝવેરી જો એ રીતે ક્રોડની કિંમતનો હીરો કોડીના મૂલ્યમાં ફગાવી દે તો તે ઉત્કૃષ્ટો ગમાર છે. ગમારમાં અને ઝવેરીમાં ફરક ક્યો ? ગમારને કહેવાનું નહિં, કેમકે એ તો બિચારો છે જ ગમાર! એક રજપૂત ચાલ્યો જતો હતો, તેને ગધેડાએ લાત મારી. રજપૂતે પાછળ જોઈને કહ્યું કે - લાત મારનાર જો ઘોડો હોત તો તો એને ગધેડો કહેત, પણ આને વધારે શું કહેવું ? જે કહેવું છે તે તો પોતે જ છે. લાત ન મારે તો પણ એ તો ગધેડો જ છે. તેમ હીરો કોડીમાં આપે કે ન આપે તો પણ ગમાર તો ગમાર જ છે, જ્યારે ઝવેરી ગણાનારો ગમારની જેમ કિંમતી હીરાને કોડીના મૂલ્યનો બનાવે ત્યારે તે વધારે મોટો ગમાર બની ઠપકાને પાત્ર છે. ચાલતાં ચાલતાં આંધળો માણસ ખાડામાં પડે તો તેની હાંસી નથી થતી, ઉલટી દયા આવે છે, 'બિચારો પડી ગયો' એમ બોલવામાં આવે છે, અને દયાળુઓ એને ઉભો કરીને દોરે પણ છે, પણ દેખતો ઠોકર ખાય, થાંભલે અથડાય કે ખાડામાં પડે તો તાળી પીટાય છે, લોકો એને બેભાન, બેહોશ કહે છે, દેખતો નહોતો? એમ ઠપકો દે છે. તાત્પર્ય કે એ દેખતો હતો તેથી તેને મોટો આંધળો કે ખરો આંધળો એમ ગણાય છે. જેમ મિથ્યાદૃષ્ટિ છે, તત્ત્વ જાણતા નથી તથા બોલતા નથી, તેઓ તો સ્વાભાવિક આંધળા છે, દયાપાત્ર છે, પણ જેઓ માર્ગને જાણે છે, સમજે છે, કહે છે, પ્રરૂપણા કરે છે, તેઓ પોતે જ્યારે માર્ગથી વિમુખ ચાલે ત્યારે તો ઉપાલંભને યોગ્ય છે. એવાઓની જગત હાંસી કરે તેમાં નવાઈ શી! જેઓ બિચારા જૈનદર્શનને પામ્યા નથી, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરે તત્ત્વોની જેમને ગતાગમ નથી, તેવાઓ અવળા ચાલે એ દયાપાત્ર છે, પણ શ્રીજૈનદર્શન પામીને જેઓએ આ તત્ત્વો સાંભળ્યા છે, જાણ્યા છે, માન્યા છે, અને નિરૂપણ પણ જેઓ આ તત્ત્વોનું કરી રહ્યા છે, તેઓ પ્રસંગ હોય તો અને કામ પડે તો આજ તત્ત્વોનું સત્યાનાશ વાળે, તેવાઓ તો ખરેખર મિથ્યાદૃષ્ટિના સરદાર ગણાય. જે જેવું બોલે તે તેવું કરે નહિ તો તેના કરતાં બીજો અધિક મિથ્યાદૃષ્ટિ ક્યાં શોધવો ? એ જ ઉત્કૃષ્ટ મિથ્યાદૃષ્ટિ!

### શ્રોતાને પ્રથમ ઉપદેશ ક્યો આપવો ?

આ માર્ગ કોણ બતાવે ? જેઓ માર્ગમાં ચાલેલા હોય તે. તેથી જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે. "धम्मो जिणपण्णत्तो"

ધર્મના અસલ ઉત્પાદક, પ્રથમ પ્રરૂપક કેવલજ્ઞાની ભગવાન શ્રીતીર્થંકરદેવ ! એ દેવાધિદેવે પ્રરૂપેલો, જગતના એકાંત કલ્યાણને માટે જાહેર કરેલો ધર્મ કહે કોણ? ગીતાર્થ સાધુઓ : ગીતાર્થ ત્યાગી મુનિમહાત્માઓ. શું બીજાને દેશના દેતાં ન આવડે ? બીજાઓને શબ્દોનું જ્ઞાન નથી ? તો પછી નિષેધ કેમ ? અવિરતિને તથા અગીતાર્થને દેશનાનો નિષેધ શા માટે ? તમે સમજી શકશો કે ધર્મની દેશના દેતાં દેશના કઈ દેવી ? છકાયની દયાની કે ત્રસકાયની દયાની ? સર્વથા મૃષાવાદપરિહારની કે સ્થૂલમૃષાવાદપરિહારની? સર્વથા ચોરીના ત્યાગની કે મોટી ચોરીના ત્યાગની? સર્વથા બ્રહ્મચર્યની કે સ્થૂલથી બ્રહ્મચર્યની? સર્વથા પરિગ્રહના ત્યાગની કે ઈચ્છા બહારના ત્યાગની?

તમે કદાચ કહેશો કે જેવો શ્રોતા (સાંભળનાર) તેવી દેશના દેવી સમ્યક્ત્વને લાયક હોય તો સમ્યક્ત્વની, એથી અધિક દેશવિરતિને લાયક હોય તો દેશવિરતિની, સર્વવિરતિને લાયક હોય તો સર્વવિરતિની તથા સમ્યક્ત્વનેય યોગ્ય ન લાગે તો યોગ્યતાનુસાર માર્ગાનુસારીપણાના ગુણોની પણ દેશના દેવી. પ્રથમ મુદ્દો એ છે કે પહેલ વહેલો શ્રોતા કઈ ઈચ્છા રાખે ? એ કાંઈ ન સમજતો હોય તો સાધ્યબિન્દુ તરીકે પ્રથમ કઈ ઈચ્છા નક્કી કરાવવી? પ્રથમ શું કરાવવું ? અભક્ષ્યાદિ ત્યાગ કરાવવાં કે સમ્યક્ત્વ ઉચ્ચરાવવું કે દેશવિરતિ ઉચ્ચરાવવી કે સંયમનું સ્વરૂપ કહેવું? ધર્મ સાંભળનાર માટે કલ્યાણનો રસ્તો કયો ગણાવો જોઈએ ? શ્રોતાનો ઉદ્દેશ સર્વથા પાપથી બચવાનો હોવો જોઈએ અને ઉપદેશકે પણ પ્રથમ સર્વથા પાપથી બચવાનો ઉપદેશ દેવો જોઈએ. ધ્યેય ઉભયનું ત્યાગનું જ હોવું જોઈએ. કેમકે એ વિના પાપનો સર્વથા બચાવ છે જ નહિં. પ્રવૃત્તિમાં ભલે ફરક હોય, પણ ધ્યેયમાં ફરક ન જોઈએ. દર્દીનું આટલું દર્દ રહે તો ઠીક એવું કોઈપણ વૈદ્ય, હકીમ કે ડોક્ટર ઈચ્છે નહિ, તો પછી ભવ્યજીવોના વૈદ્ય, ડોક્ટર કે હકીમ જે કહો તે આ ગુરૂ છે એ આ જીવોમાં આટલું પાપ રહે તો ઠીક એમ કેમ વિચારી શકે ? દર્દી દવા લેવામાં કંટાળે, થોડી લે અને તે કારણે રોગ રહી જાય તેમાં વૈદ્ય, ડોક્ટર કે હકીમનો ઉપાય નથી. એ જ રીતે અહીં પણ શ્રીતીર્થંકરદેવ, શ્રી ગણધરમહારાજા, શ્રી આચાર્ય ભગવંતો, ઉપાધ્યાયજી કે મુનિમહારાજ કોઈપણ હો, શ્રોતાને પ્રથમ તો સર્વથા પાપના નાશનો જ ઉપદેશ દે. શ્રોતા કાયર હોય કે કમઅક્કલવાળો હોય, અને થોડું ગ્રહણ કરે તો પેલા કાયર રોગીની જેમ આ પણ કર્મરૂપી વ્યાધિથી સર્વથા મુક્ત ન થાય એ દેખીતું છે. કેટલાક વકીલો એવા હોય છે કે લવાદમાં પડે. ત્યારે એવી ગુંચ નાંખે કે તે વખતે તો દેખાતું સમાધાન થઈ જાય પણ ભવિષ્યમાં પોતાને આંગણે પેલાઓને આંટા ખાવા પડે. કેટલાક વૈદ-ડોક્ટર પણ એવા હોય છે કે જે વ્યાધિને ઉપરથી દબાવે, પણ અંદરથી જડમૂળથી કાઢે નહિં. એ જ રીતે જે ઉપદેશકો પાપનો સર્વથાત્યાગ ન કરાવે, માત્ર મોટા મોટા પાપના ત્યાગનો ઉપદેશ આપે તે પેલા આંટીઘુંટી નાખનાર વકીલ જેવા કે વ્યાધિને નિર્મૂળ ન કરનાર વૈદ-ડોક્ટર જેવા સમજવા. માટે શ્રી જિનેશ્વરદેવના પવિત્ર શાસનનો સિદ્ધાંત તો એ જ કે પહેલ વહેલાં સર્વપાપને ત્યાગ કરાવવાનો જ પ્રયત્ન કરવો.

### અર્થાપત્તિથી દોષ ક્યાં અને ક્યારે લાગે ? તથા ક્યારે ન લાગે ?

જેમ વૈદ્ય-ડાકટર પ્રથમ સારામાં સારું ઔષધ બતાવે, યોગ્ય પરહેજી તથા અનુપાનપૂર્વક તે લેવાની સલાહ આપે, પણ રોગી કાયર થાય, વૈદ્યના કથનને અનુસારે ઔષધ પૂરેપૂરું લઈ શકે નહિં, પરહેજી પાળવામાં ઢીલો થાય અને તેથી રોગ બરાબર ન મટે, તેમાં કાંઈ વૈદ્ય-ડોક્ટર જવાબદાર નથી. તેવી જ રીતે ત્યાગી ઉપદેશક, ગીતાર્થ ઉપદેશક પ્રથમ ઉપદેશ તો સર્વથા પાપના નાશનો

જ આપે, છતાં શ્રોતાને પૈસા ટકાનો, માલ મિલ્કતનો, ધન-ધાન્યનો, બાયડી-છોકરાંનો, કાયાનો તથા માયાનો મોહ આડે આવે, ત્યાં ઉપદેશકનો ઉપાય નથી. જેમને સૂત્રનાં બત્રીશ દૂષણો ધ્યાનમાં હશે તેઓ જાણી શકે કે અર્થાપત્તિએ દોષવાળું વાક્ય સૂત્રકારનું હોય નહિં. એને અંગે દૃષ્ટાંત છે. 'ब्राह्मणो न हंतव्यो' 'બ્રાહ્મણને ન મારવો.' એનો અર્થ શ્યો થયો ? આમાં બ્રાહ્મણની હત્યાને નિવારણ કરી પણ તેથી અર્થાપત્તિએ ત્રણ વર્ણને મારવાની રજા આપી એમ સાબીત થાય છે. તેથી તેવા વાક્યને અર્થાપત્તિદોષે દુષ્ટ ગણ્યું છે. ત્રસની દયા પાળજો એટલા માત્ર ઉપદેશમાં બીજા બધાને મારવાની છૂટ મળી એવો અર્થાપત્તિદોષ છે. ત્રસજીવને ન મારવા, મોટું જુઠું ન બોલવું, મોટી ચોરી ન કરવી, પરસ્ત્રીગમન ન કરવું તથા અપરિમિત પરિગ્રહ ન રાખવો, આવો ઉપદેશ જો પ્રથમ જ દેવામાં આવે તો સ્થાવરની હિંસાની, સૂક્ષ્મ મૃષાવાદની, સૂક્ષ્મ ચોરીની, સ્વસ્ત્રીગમનની, તથા ઈચ્છાનુસાર પરિગ્રહ રાખવાની છુટ અપાતી હોઇ, એ ઉપદેશ અર્થાપત્તિદોષ દુષ્ટ ગણાય. શાસ્ત્રકારો તો બત્રીશ દોષ રહિત સૂત્ર કહેનારા હોય છે. પાપ પ્રત્યે અરુચિ અરધી હોય, અને અરધી ન હોય એવું એમનું વાક્ય હોય નહિં. સર્વથા પાપના ત્યાગની વાત સાંભળવાની કોઇને અરૂચિ હોય, કદાચ કોઇને સર્વથા પાપનો ત્યાગ ન રૂચતો હોય તો તેમનામાં સર્વ પાપના ત્યાગની રૂચિ જગાવવી જ જોઇએ. આવડતું ન હોય તો તે શીખવવાનું કર્તવ્ય છે. દેશથી પાપનો ત્યાગ તમે માન્યો છે એટલે તેમાં સમજાવવાની જરૂર નથી સર્વથા પાપના ત્યાગની વાત જે સમજવામાં નથી આવતી તે સમજાવવાની, શીખવવાની અને ઠસાવવાની જરૂર છે. સાધુ સર્વપાપથી નિવૃત્તિનો ઉપદેશ પ્રથમ આપે-હવે શ્રોતાની એટલી શક્તિ ન હોય તો પછી તેને ત્રસકાયની દયા પાળવાનું વગેરે કહી ઉતરતા ક્રમની વાત કરવામાં આવે તો પછી અર્થાપત્તિ દોષ લાગતો નથી.

## કદાગ્રહના પરિણામે તો દિગંબર બનવું પડયું!

પ્રશ્ન - પગથીયે ચઢતાં ચઢતાં ચઢાયને? અભ્યાસમાં પણ ધોરણસર ચઢાય છે.

સમાધાન - અહિં ધોરણનો ક્રમ છે? જો તેવો ક્રમ હોય તો તો પછી દેશવિરતિ સિવાય સર્વવિરતિ કોઇ પામે જ નહિં. દેશવિરતિધર્મ, સર્વવિરતિધર્મ પાલનના અસમર્થો માટે છે. ઉપદેશ તો સંપૂર્ણ પાપનો ત્યાગ સમજાવવા માટે છે. સર્વ પાપને પાપ માને, સર્વ પાપ ત્યાગની જરૂરિયાત સ્વીકારે ત્યાં જ સમ્યક્ત્વ છે. શું માત્ર અષ્ટપ્રવચનમાતાના જ્ઞાનવાળાને કેવલજ્ઞાન નહિં થાય ? શું ચૌદપૂર્વી થાય, અવધિ-મનઃપર્યવવાળો થાય પછી જ કેવલ હોય એમ છે ? અહિં કર્મનો ક્ષયોપશમ ક્રમિક નથી. जो जहवायं न कुणइ એ દેશના કેવલી ભગવાન્ કે સર્વપાપથી નિર્વર્તેલા સાધુઓ જ દે. દેશના દેનાર પોતે આચરેલું કથન કરે છે માટે તેમની દેશનાના શ્રોતાને તે કદાચ જેટલી અસર નહિ પણ કરે, તોયે શ્રદ્ધા તો જરૂર કરશે. પોતે મોંમાં પાન ચાવી રહ્યો હોય અને

બીજાને લીલોતરીના ત્યાગનો ઉપદેશ આપે તેની શી અસર થાય ? ઉપદેશકોએ પ્રથમ પાપની નિવૃત્તિ કરવી જ જોઈએ. પાપથી નિવૃત્ત થયા વિના ઉપદેશ દેનાર જેવો મિથ્યાદૃષ્ટિ કોઈ નથી. પહેલ વહેલો જેણે ધર્મ કહ્યો હશે તેને ધર્મના ઉંચામાં ઉંચા માર્ગે રહેવું જ પડયું હશે, નહિ તો કદી પણ બીજાને ઉપદેશ કરી શકે નહીં. અમે તો હજી બચાવ કરી શકીએ કે "તમે પણ મુસાફર છો અને અમે પણ મુસાફર છીએ." ફક્ત એક ડગલું આગળ છીએ એટલો જ ફરક છે. અમે ક્ષીણમોહી નથી. ક્ષીણમોહી શ્રી તીર્થંકરદેવ છે, તેમણે કહેલો જ ધર્મ અમે તો કહીએ છીએ. અમારી મેળે અમે ધર્મ કહેતા નથી. અમે પણ સાધક છીએ." આટલું પણ અમારે માટે તો બચાવનું બારૂં છે. પણ દેવો પોતે અમારી માફક કહી દે કે - "હું પણ સાધક છું તો ?" તો તો પછી બધા અખતરામાં રહ્યાને ! એક્કેય સિદ્ધપ્રયોગવાળો ખરો ? દેવે તો સિદ્ધપ્રયોગવાળા થઈને જ ઉપદેશ દેવાય.

આજે તો સાધુ થોડાક જ્ઞાન માત્રથી પાટે ચઢી બેસે છે. શ્રી તીર્થંકરદેવ પ્રથમથી (માતાના ગર્ભમાંથી) ત્રણ જ્ઞાનવાળા હતા, દીક્ષાથી (દીક્ષા લીધા બાદ થોડા જ સમયથી) ચાર જ્ઞાનવાળા હતા, છતાં ઉપદેશ આપતા નહોતા, એનું કારણ ? એમને કેવલજ્ઞાન થયા વગર ઉપદેશ દેવાનો નથી. દિગમ્બરો કહે છે ભગવાને કર્યું તેમ કરીએ. અશક્ત હોય તે શક્તિવાળાની માફક કરવા જાય તો શી દશા થાય ? નિરોગી દવા ન લે તે જોઇ રોગી પણ દવા ન લે તો ? કહો કે રીબાયા કરે. 'શ્રી તીર્થંકરે વસ્ત્ર ન રાખ્યું માટે અમે પણ નહિં રાખીએ' એવા કદાગ્રહમાં દિગમ્બરોને આખો મત સ્થાપવો પડયો. પરિણામે સાધ્વી ન મનાયાં. તીર્થંકરને આહાર ન માન્યો માટે પાત્ર તથા ગોચરી પણ ઉડાડવાં પડયાં. અન્યલિંગે, ગૃહીલિંગે સિદ્ધ પણ ન મનાયા. સ્ત્રીને એ સંબંધવાળાં કેવલજ્ઞાન, મોક્ષ ન માન્યાં. તેથી એને લગતાં તમામ સાધ્યસાધનો રદ કરવાં પડયાં. ભગવાનના અંગે પણ છબરડો વાળ્યો. જગતમાં મનુષ્ય કે જનાવર કોઈપણ આંખવાળી જાત જુઓ તો તેને શરીર કરતાં આંખનો રંગ જુદો જ હોય છે. જો પુતળાં તરીકે ન હોય તો આંખનો રંગ તો જુદો જ હોય. ભગવાનની મૂર્તિ જો સાક્ષાત્ ભગવાનની મૂર્તિ હોય પણ પુતળાનું અનુકરણ ન હોય તો આંખ જુદા રંગની હોવી જ જોઈએ. અહિં તત્ત્વ માત્ર આંખનો રંગ જુદો જ હોવો જોઈએ એટલું છે. કંઈ લાગવું ન જોઈએ એવા કદાગ્રહને લીધે ભગવાનની મૂર્તિની આંખ પણ ઉડાડી. સાધ્વીપણું, સ્ત્રીને કેવલજ્ઞાન, તીર્થંકરનો આહાર, અને તેમનાં ચક્ષુઓ આ બધું માત્ર ગત વસ્ત્રપણાના (દિગંબરપણાના) કદાગ્રહ માટે છોડવું પડે છે.

**શ્વેતાંબરોની માન્યતામાં મોક્ષની અટકાયત નથી.**

શ્વેતાંબરોએ એવી માન્યતા રાખી જ નથી કે વસ્ત્ર વગર મોક્ષે ન જવાય. બંને એમની તો માન્યતા છે. શક્તિવાળો વસ્ત્ર ન રાખે તોયે મોક્ષ અટકતો નથી, તથા શક્તિ વગરનો જીવ વસ્ત્ર રાખે તો પણ મોક્ષ અટકતો નથી. દિગંબરોએ કદાગ્રહના

કારણે જ રસ્તો બંધ કર્યો છે. જિનકલ્પીની સ્થિતિ કઇ ? આજે ગોચરી ગયા, શુદ્ધ આહાર ન મળ્યો તો પાછા આવે, તો છ માસ સુધી, ચોથો પહોર બેસે ત્યારે પગ જ્યાં હોય ત્યાં જ રાખે કાંટામાં તો કાંટામાં, બીજે દિવસે બાર વાગ્યા (મધ્યાન્હ) સુધી એ સ્થિતિ સમય પણ સ્મરણશક્તિથી અવલોકવાનો છે. કાયોત્સર્ગ બીજા દિવસે બીજે પહોરે પારે. જંગલ ગયા હોય, શુદ્ધ જગ્યા ન મળે, તો ફરી એમ કરતાં શુદ્ધ જગ્યા મળે ત્યારે છ માસે જાય. છ માસ સુધી તો દસ્તને પણ તેઓ રોકી શકે. એ સામર્થ્ય ધરાવનાર જ જિનકલ્પી થઇ શકે છે. જિનકલ્પીપણાની વાતો કરનારાએ એ દશા, એ સામર્થ્ય, સમજવાં જોઇએ. અપ્રમાદીપણું અને અપ્રમત્ત ગુણસ્થાનક એ બે વસ્તુ જુદી છે. વળી જિનકલ્પી કે છદ્મસ્થ એવા તીર્થંકર નથી તો ઉપદેશ દેતા અને નથી તો દીક્ષા વગેરે આપતા માટે જિનકલ્પપણું અને શ્રી જિનેશ્વરનું અનુકરણ ધરનાર દિગંબરોએ ઉપદેશ દેવાનું અને દીક્ષા દેવાનું બંધ કરવા જોઇએ.

કોઇને શંકા થાય કે જ્યારે શ્રી તીર્થંકરદેવ કેવલજ્ઞાન પામ્યા પહેલાં ઉપદેશ દેતા નથી, શિષ્યો કરતા નથી, તો બીજા સાધુઓ ઉપદેશ દે છે તથા શિષ્યો કરે છે એનું શું કારણ ? શું સાધુઓને ફાવતું કરવું છે ? શાસનને ઉથલાવવું છે ? ના ! આ શંકા ખોટી છે. શ્રી તીર્થંકરદેવ સાધકપણામાં રહી સિદ્ધપણું મેળવે ત્યારે જ ઉપદેશ આપે. પહેલ વહેલા સાધક અને સિદ્ધ બનનાર શ્રી તીર્થંકર ભગવાન જ છે. પ્રથમ સાધક બને, પ્રથમ સિદ્ધ બને, પછી સાધકપણે સિદ્ધપણે અન્યને લાવવા પ્રયત્ન કરે તે દેવાધિદેવ કેવલ શ્રી તીર્થંકર ભગવાન જ ! જૈનશાસનમાં પ્રથમ સાધક સિદ્ધ હોય તો દેવાધિદેવ જ છે. ગુરૂની તથા ધર્મની સ્થિતિ દેવની પછીની છે. આ બધી વાત લક્ષ્યમાં રાખીને શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે - 'મારે બત્રીશ પ્રકારના ઉપદેશ આપવા છે પણ તેમાં પ્રથમ ઉપદેશ દેવતત્ત્વનો જ આપું છું. કારણ કે આદ્યસાધક અને આદ્યસિદ્ધ તે જ છે.'　　(અપૂર્ણ)

(અનુસંધાન પેજ-૧૩૦)

(અનુસંધાન પાના ૧૨૭નું ચાલુ)

હોવું સંભવિત જ નથી. એટલે કર્મભૂમિ સિવાય બીજે કોઇપણ સ્થાને આર્યક્ષેત્ર કે અનાર્યક્ષેત્ર તરીકે વ્યપદેશ કરવાનું શાસ્ત્રકારોએ ઈષ્ટ ગણ્યું નથી અને કર્મભૂમિમાં તો તીર્થોની ઉત્પત્તિ વિગેરે આર્યક્ષેત્રોમાં જ હોય એ સમજવું નવીન નથી. સામાન્ય રીતે જ્યારે તીર્થોની ઉત્પત્તિ વિગેરે આર્યક્ષેત્રોમાં જ હોય તો પછી ભગવાન તીર્થંકર મહારાજ, ગણધરમહારાજ કે બીજા કેવલજ્ઞાનીઓના વિહાર, કેવલજ્ઞાન કે મોક્ષને લીધે બનતાં તીર્થો તો અનાર્યમાં હોય ક્યાંથી? આ ઉપરથી સ્પષ્ટ થશે કે દેશ અનાર્ય હોય છતાં તેમાં તીર્થો હોય એમ કહેવું કેવળ ભૂલભરેલું જ ગણાય. યાદ રાખવું કે ઉપર જણાવેલી આર્યાનાર્ય વ્યવસ્થા શાસ્ત્રકારોએ જણાવેલા સાડાપચીસ આર્યદેશો અને સામાન્ય રીતે ગણાવેલા કર્મભૂમિના બત્રીસ હજાર દેશોની અપેક્ષાએ છે.

(અનુસંધાન પાના ૧૨૮ નું ચાલુ)

કર્મભૂમિઓમાં જ આર્યાનાર્ય વિભાગ અને અંતરદ્વીપમાં આર્યઅનાર્ય વિભાગો નથી એમ કેમ કહી શકાય ? આવા કથનના સમાધાનમાં સમજવું જરૂરી છે કે શ્રી પ્રજ્ઞાપના વિગેરે સૂત્રકારો જ્યારે મનુષ્યના સ્વતંત્રપણે કર્મભૂમિજ - અકર્મભૂમિજ અને અંતરદ્વીપજ એમ કહી ત્રણ ભેદો પાડે છે, ત્યારે જ તત્ત્વાર્થકાર મહારાજ શ્રી ઉમાસ્વાતિવાચકજી भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः અર્થાત્ દેવકુરૂ અને ઉત્તર કુરૂ સિવાયના ભરત, ઐરાવત અને વિદેહો એટલે પાંચ ભરત, પાંચ ઐરાવત અને પાંચ મહાવિદેહ જ કર્મભૂમિ છે. એમ જણાવી ક્ષેત્ર અને મનુષ્યના માત્ર કર્મભૂમિ અને અકર્મભૂમિ અગર કર્મભૂમિજ અને અકર્મભૂમિજ એમ બે વિભાગ જ જણાવે છે. આવી રીતે બે જ વિભાગો જણાવેલા હોવાથી ભરત અને ઐરાવત ક્ષેત્રની મર્યાદામાં આવતા સમુદ્રમાં રહેલા અંતરદ્વીપો જે જે છે તે તે ભરત-ઐરાવતને લીધે કર્મભૂમિ તરીકે ન ગણાઈ જાય તે અપેક્ષાએ ભાષ્યકાર મહારાજને છપ્પન અંતરદ્વીપોને અનાર્ય તરીકે જણાવવાની જરૂર પડી છે. જો એમ ન હોય તો છપ્પન અંતરદ્વીપો અને તેમાં રહેલા મનુષ્યોને અનાર્ય ગણાવવાની માફક-હૈમવત આદિ યુગલિક ક્ષેત્રોને પણ ભાષ્યકાર મહારાજ અનાર્યક્ષેત્ર તરીકે ગણી તેમાંના પણ મનુષ્યોને અનાર્ય તરીકે જ ગણાવત. તત્ત્વદૃષ્ટિથી વિચારનારો મનુષ્ય સ્પષ્ટ પને જોઈ શકશે કે ભગવાન્ શ્રી ઉમાસ્વાતિવાચકજીએ જો બધા કર્મભૂમિ, અકર્મભૂમિ અને અંતરદ્વીપના ક્ષેત્રોનો અને તેમાં રહેલા મનુષ્યોનો આર્ય અને અનાર્ય તરીકેનો વિભાગ કરવા માગ્યો હોત તો प्राग्मानुषोत्तरान्मनुष्याः અર્થાત્ માનુષોત્તર પર્વતની અંદર જ મનુષ્યો છે, એવી રીતે મનુષ્યની સ્થિતિ બતાવનારૂં સૂત્ર કહીને તરત જ आर्या म्लिशश्च એ સૂત્ર કહી મનુષ્યમાત્રના અને બધા ક્ષેત્રોના આર્ય અનાર્ય તરીકે બે વિભાગ જણાવત, પરંતુ તેમ નહિ કરતાં भरतैरावतविदेहाः कर्मभूमयोऽन्यत्र देवकुरूत्तरकुरुभ्यः એ સૂત્રથી કર્મભૂમિ અને અકર્મભૂમિનો વિભાગ કર્યા પછી आर्या म्लिशश्च એમ કહી આર્ય અને અનાર્યનો વિભાગ કર્યો છે, તેથી સ્પષ્ટ ધ્વનિત થાય છે કે ભગવાન્ ઉમાસ્વાતિવાચકજી માત્ર કર્મભૂમિમાં જ તાત્ત્વિક આર્ય અનાર્ય વિભાગ માને છે, વળી ભગવાન્ ઉમાસ્વાતિવાચકજી અકર્મભૂમિ વિધાયક સૂત્ર ન કરતાં કર્મભૂમિનું વિધાયક સૂત્ર કરે છે અને પછી આર્ય અને અનાર્ય એવા મનુષ્યોના વિભાગ કરે છે તેથી પણ સ્પષ્ટ થાય છે કે મહારાજ શ્રી ઉમાસ્વાતિવાચકજી કર્મભૂમિની અંદર જ આર્યઅનાર્યનો વિભાગ તત્ત્વથી માને છે. વળી બીજી બાજુ વિચાર કરતાં સ્પષ્ટ માલમ પડશે કે અકર્મભૂમિ અને અંતરદ્વીપોમાં દેશ, નગર આદિની વ્યવસ્થા હોય જ નહિં અને તેથી દેશાદિની અપેક્ષાએ મુખ્યતાએ કહેવાતું આર્ય અને અનાર્યપણું અકર્મભૂમિમાં

(જુઓ અનુસંધાન પાનું ૧૨૬)

(અનુસંધાન ટાઈટલ ૪ નું ચાલુ)

પાઠથી સ્પષ્ટપણે માલમ પડશે કે આર્યક્ષેત્રથી બહાર જો કોઈપણ સાધુ કે સાધ્વી પર્યટન કરે તો તે પ્રાયશ્ચિત્તનું પાત્ર બને. આ પ્રમાણે જ્યારે સાધુસાધ્વીનું પર્યટન આર્યક્ષેત્રમાં નિયત કરવામાં આવ્યું છે, ત્યારે શ્રમણોપાસક અને શ્રમણોપાસિકારૂપ બે જંગમતીર્થોને પણ રહેવાનું કે પર્યટન કરવાનું મુખ્યતાએ આર્યક્ષેત્રની બહાર ન હોય તે સ્વાભાવિક જ છે. કારણ કે શ્રમણોપાસક અને શ્રમણોપાસિકા તેને જ કહેવાય કે જેઓ શ્રમણ ભગવંતોની ઉપાસનામાં જ પોતાનું જીવન સાર્થક ગણે. એટલે સ્પષ્ટ થાય છે કે જ્યાં શ્રમણ ભગવંતોનું પર્યટન ન હોય ત્યાં શ્રમણોપાસકોનું અવસ્થાન હોય નહિં. જેવી રીતે શબ્દાર્થદ્વારાએ આ અર્થ સમજાય છે તેવી જ રીતે શાસ્ત્રકારો વિધિદ્વારાએ પણ સ્પષ્ટ જણાવે છે કે **तत्थ निवसिज्ज सड्ढो, साहूणं जत्थ होइ संपाओ** અર્થાત્ શ્રાવકોએ તે જ ગામ નગરમાં રહેવું જોઈએ કે જે ગ્રામનગરાદિમાં સાધુઓનું પર્યટનદ્વારાએ આવવું થતું હોય. ઉપરની હકીકત જોનાર મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે મુખ્યતાએ જંગમતીર્થોનું સ્થાન આર્યક્ષેત્ર જ હોઈ શકે, જો કે વિદ્યાધર સાધુ અને શ્રાવકો તેમજ જંઘાચારણ વિદ્યાચારણ વિગેરે ચારણશ્રમણો આર્યક્ષેત્રની બહાર પણ ગમનાગમન કરે છે, પરંતુ તે વિદ્યાધર વિગેરેનું આર્યક્ષેત્રની બહાર અવસ્થાન હોય નહિં અને તેથી જંગમતીર્થનું આર્યક્ષેત્રની બહાર અવસ્થાન ન હોય એ માનવું કોઈ પણ પ્રકારે ગેરવ્યાજબી નથી. આવી રીતે જંગમતીર્થનો વિચાર કર્યા પછી સ્થાવરતીર્થોનો વિચાર કરતાં જૈનજનતા સ્પષ્ટપણે સમજશે કે ત્રણે લોકમાં વિમાન, ભવન, દૂર તથા પર્વતોમાં શાશ્વત જીનચૈત્યો હોવાને લીધે સ્થાવર જૈનતીર્થો સર્વત્ર ત્રણે લોકમાં છે એમ માનવામાં કોઈપણ જાતની અડચણ નથી, પરંતુ અત્રે જે વિચાર કરવાનો છે તે વિમાનાદિ કે પર્વતની અપેક્ષાએ કરવાનો નથી, પરંતુ આર્યક્ષેત્ર અને અનાર્યક્ષેત્રની અપેક્ષાએ વિચાર કરવાનો છે. જૈનજનતામાં જે વર્ગ સૂત્રોના વાક્યોથી પરિચિત છે તે તો સારીરીતે સમજી શકે છે કે અકર્મભૂમિઓ અને મનુષ્યલોક જે અઢીદ્વીપ તેની બહારના જે ક્ષેત્રો એને માટે આર્ય અનાર્ય જેવો વિભાગ શ્રી પન્નવણાસૂત્રકારે કે શ્રી જીવાભિગમ વિગેરે સૂત્રકારોએ માનેલો નથી, અર્થાત્ તે તે સૂત્રકારોએ મનુષ્યના કર્મભૂમિમાં થયેલા અકર્મભૂમિમાં થયેલા અને અંતરદ્વીપમાં થયેલા એમ ત્રણ ભેદો મનુષ્યના પ્રથમ પાડી દીધા છે, અને પછી કર્મભૂમિમાં થયેલા મનુષ્યોના આર્ય અને અનાર્ય એવા બે ભેદો પાડેલા છે. આ ઉપરથી અકર્મભૂમિના ક્ષેત્રોની અંદર કે બીજે શાશ્વતચૈત્યરૂપી તીર્થો હોવાને લીધે અનાર્ય ક્ષેત્રોમાં પણ તીર્થો હોય છે એવું માનવા તરફ જેઓ લલચાય છે, તેઓ ઉપર જણાવેલા સૂત્રોનો અર્થને બરોબર જાણતા કે સમજતા નથી. એમ કહેવું એ કોઈ પણ પ્રકારે નિંદાવાક્ય ગણી શકાય, નહિ. કદાચ એમ કહેવામાં આવે કે ભાષ્યકાર મહારાજ શ્રી ઉમાસ્વાતિવાચકજી મહારાજે શ્રી તત્ત્વાર્થભાષ્યમાં અંત દ્વીપને તથા તેમાં રહેલા મનુષ્યોને અનાર્ય તરીકે ગણાવેલા હોવાથી એકલી

(અનુસંધાન જુઓ પાનું ૧૨૭)

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-સ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# તીર્થોનું સ્થાન આર્યક્ષેત્ર કે અનાર્યક્ષેત્ર ?

જૈનજનતામાં એ વાત તો જાહેર છે કે ભવ્યજીવોને સંસારસમુદ્રથી તરવાને માટે તીર્થની આવશ્યક્તા અનિવાર્ય છે. અન્યમતોમાં તીર્થસ્થાનો જો કે માનવામાં આવેલાં છે, પરંતુ તે અન્યમતોએ માનેલાં તીર્થસ્થાનો મુખ્યતાએ પૂર્વ પુરુષોની સ્મૃતિને માટે જ હોય છે, અને જૈનજનતાએ માનેલાં તીર્થો તો તેની સાથે આત્માને સમ્યગ્દર્શનાદિક ગુણો ઉત્પન્ન કરવા આદિદ્વારાએ ઉપકારક મનાયેલાં હોય છે. તેથી જ જૈનદર્શનકારો ભવ્યજીવને સંસારસમુદ્રથી તારનારા એવા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રના મુખ્યકારણરૂપે તીર્થોને માનવાનું ફરમાવે છે. આ વાત ધ્યાનમાં રાખવાથી જ જૈનદર્શનકારોએ તીર્થના જંગમ અને સ્થાવર એવા જે બે ભેદો પડેલા છે તે કેટલા બધા વાસ્તવિક છે તે સમજાશે. કારણ કે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રના ગુણોને પામેલો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ શ્રી ચતુર્વિધ સંઘ ठिओ य ठावए परं એ ન્યાયે અન્ય ભવ્યજીવોને પણ સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રની અંદર સ્થાપન કરનાર હોઈ તીર્થરૂપ બને છે અને તેથી તે ચતુર્વિધ સંઘ જંગમ તીર્થરૂપ ગણાય છે. આ ચાર પ્રકારના જંગમ તીર્થને અંગે વિચાર કરીએ તો સ્પષ્ટ સમજાશે કે સાધુ-સાધ્વીનું પર્યટન મુખ્યતાએ આર્યક્ષેત્રમાં જ હોય છે. કોઈક સંપ્રતિ મહારાજ જેવા શાસન પ્રભાવક જૈનરાજાના પ્રતાપે અનાર્યક્ષેત્રો પણ જ્ઞાન, દર્શન અને ચારિત્રની વૃદ્ધિના કારણરૂપ બને અને તેથી તેવી વખતે તેવા અનાર્યક્ષેત્રોમાં પણ સાધુ-સાધ્વીરૂપ જંગમ તીર્થનો વિહાર હોઈ તીર્થનો અનાર્યમાં સદ્ભાવ હોય અને એને અંગે अहवा जत्थ नाणदंसणचरित्ताणि उस्सप्पंति એવો પક્ષાન્તરથી ગૌણ આદેશ શાસ્ત્રકારોને કરવો પડ્યો છે. પરંતુ મુખ્યપક્ષે વિચાર કરતાં સ્પષ્ટપણે માલમ પડશે કે શાસ્ત્રકાર મહારાજે સાધુ-સાધ્વીના વિહારનું ક્ષેત્ર બતાવતાં આર્યક્ષેત્ર જ લાયકપણે ગણાવ્યું છે અને તેથી જ વિહારની મર્યાદા જણાવતાં एताव ताव आरिए खित्ते० એમ ફરમાવી સ્પષ્ટ કર્યું છે કે જેટલું આર્યક્ષેત્ર અંગ, મગધાદિક છે તેટલા ક્ષેત્રમાં જ સાધુસાધ્વીરૂપ જંગમતીર્થનું પર્યટન હોય. ઉપર જણાવેલા

(જુઓ અનુસંધાન પાનું ૧૨૮)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-,
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥

વર્ષ : ૮

અંક : ૭-૮

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, તા. ૮-૨-૪૦ ગુરૂવાર

લવાજમ રૂા. ૨-૦-૦ કિંમત ૧॥ આનો

# અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રીસંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રીશ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મયમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮] પોષ સુદી પૂર્ણિમા, પોષ વદી અમાવાસ્યા, મુંબઈ, [અંક-૭-૮

તંત્રી
પાનાચંદ રૂપચંદ
ઝવેરી

ઉદ્દેશ

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

## ખોટો બચાવ !

મહાનુભાવો તમે બધાય જાણો છો કે આ દુનિયાનો પ્રવાહ અનુકરણશીલ છે. દરેક વસ્તુ પોતાની સ્થૂલદૃષ્ટિથી નિહાળીને પ્રવર્તે છે એ પ્રવૃત્તિમાં પોતાના અમુક પ્રકારના સ્વાર્થોનું અથવા પોતાની અમુક પ્રકારની વાસનાઓનું પોષણ થતું જુએ પછી તો શું પૂછવું જ ? આંખ મીચીને એનું અનુકરણ કરી નાંખવા માંડે પણ આવું અંધ અનુકરણ માણસને કેટલીયે વખત મૂર્ખામાં ખપાવે છે, અને પોતાના સાચા ગુણદોષોના ભાનથી વેગળો રાખે છે. સમજો કે - એક ચાર છ વર્ષના બાળકથી અમુક પ્રકારનું નુકશાન થઈ ગયું, પરંતુ એ બાળકની અજ્ઞાનતાના કારણે એ ગુન્હા બદલ એને સજા કરવામાં ન આવી, અને એને નિર્દોષ ગણી છોડી મૂકવામાં આવ્યો, હવે એ પ્રસંગનું અનુકરણ કરીને એક ૧૮-૨૦ કે ૨૨ વરસનો યુવાવસ્થામાં ડોકીયું કરતો મનુષ્ય પોતાના ગુન્હાને એ જ બાળકપણા અને એ જ અજ્ઞાનપણાના પડદાતળે છુપાવવા ચાહે તો એ સફળ થાય ખરો ? કદી જ નહિં ! કારણ કે એની બુદ્ધિનો દરેકને પરિચય થઈ ગયેલો હોય છે, અને એ બુદ્ધિના કારણે એ ગુન્હેગાર બને જ છે. હવે આજ પ્રમાણે તમારો વિચાર કહો. બીજા લોકોની દેખાદેખી તમે પણ ઉપર કહ્યા પ્રમાણે "સંસારી" હોવાના નિર્માલ્ય બહાના તળે તમારાં પાપાચરણો અને અવળી પ્રવૃત્તિઓને કર્ત્તવ્ય ગણવા છુપાવવા ચાહો એ કેવું મૂર્ખતા ભર્યું લેખાય ? તમારે ભૂલવું નથી જોઈતું કે તમે સંસારી હોવા છતાં સમ્યક્ત્વના પરમ ઉપાસક ગણાયા છો અરે સમકિત ધારી ગણાયા છો, પરમાત્મા મહાવીર દેવની આજ્ઞાઓને માથે ચઢાવવાનું પરમ સૌભાગ્ય તમને પ્રાપ્ત થયું એમ ગણાય છે ! સંસારી હોવાના બહાના નીચે પાપનું કર્ત્તવ્યરૂપે પોષણ કરવું એ તો મિથ્યાદૃષ્ટિનું કામ છે. સમકિતધારી જીવ તો એ માર્ગને નવ ગજના નમસ્કાર કરે ! અને કદાપિ પણ એવા ખોટા બહાના નીચે પોતાની ખોટી પ્રવૃત્તિને એવી ચાદર ન જ ઓઢાડે ! યાદ રાખજો કે ખોટા બચાવથી કદાપિ આત્માનું રક્ષણ નથી જ થતું ! ખોટું એ તો છેવટે ખોટું જ રહે ! પિત્તળ કદી સોનું બન્યું સાંભળ્યું ?

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

દેવલોકથી ચ્યવીને થયેલા કંઈ મનુષ્યો તિર્યંચો થાય, પણ કેઈ પૃથ્વી અપ્કાયાદિમાં કે વનસ્પતિ કાયમાં આવે છે ક્યાં દેવતાપણાની સ્થિતિ? અને ક્યાં આ સ્થિતિ ! સ્વર્ગની પુણ્યપ્રકૃતિ, રિદ્ધિસમૃદ્ધિ કઈ અને ક્યાં પૃથ્વીકાયની હાલત? આંગળના અસંખ્યાતમાભાગે શરીર ! સ્પર્શન ઈંદ્રિય સિવાય બીજી ઈંદ્રિય નહિં! હવેથી ત્યાં દેવપણું ક્યાંથી? દેવપણામાં પણ માયા મમતા હોય, આસક્તિ અત્યંત હોય તો દેવતાની પણ આ વલે (દશા) થાય છે. દેવો કેવા? વૈક્રિયલબ્ધિવાળા, પારાવાર ઠકુરાઈવાળા, તે પણ પરિગ્રહને અંગે મમત્વ બાંધીને તિર્યંચનું આયુષ્ય બાંધે એટલું જ નહિ, પણ આગળ વધીને એકેંદ્રિયનું પણ આયુષ્ય બાંધે છે. પોતાના જ કુંડળમાં કે હાર વગેરેમાં મમત્વભાવ થવાથી એ મમતાના જોરે પૃથ્વીકાય વગેરેમાં જવું પડે છે જીવને જેવી જેવી મમતા તેવા તેવા યોગે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિ કાયમાં જવું પડે અને તે પણ નિરૂપયોગીપણે ઉપજવું પડે છે. એ પૃથ્વીકાય ભગવાનના કામમાં ન આવે, કારણ કે તે દેવલોકની વાવડીમાં કે કુંડળમાં પૃથ્વીકાયપણે ઉપજે છે. ઘણા ભાગે એમજ બને, કારણ કે મમતા એની જ છે, માટે ઉત્પત્તિ સ્થાન ત્યાં થાય છે. દેવલોકમાં આટલી સમૃદ્ધિ ભોગવતાં છતાંયે કુંડળ કે વાવડી પરની મમતાએ જીવની કઈ દશા કરી ? વિચારો ! દેવભવમાં થયેલી મમતા જો આટલી અધમ સ્થિતિએ પહોંચાડે તો આપણી મમતા કઈ દશાએ પહોંચાડશે? ખુદના પોતાના કુંડળની મમતા પોતાને જ પટકે છે. દેવતાનો ભવ છતાં ગતિ બગાડી દે છે. પંચેન્દ્રિયપણું ત્યાં છે ત્રણ જ્ઞાનની વિશુદ્ધિવાળું તે જીવન છે. બધાને સાફ કરે છે. સૌધર્મ ઈશાનને લાયકનું પુણ્ય તો ત્યાં લેવું જ પડેના. દેવભવમાંથી મનુષ્યગતિમાં જે દેવો આવે તેના કરતાં પૃથ્વીકાય, અપ્કાયાદિમાં ઓછા આવે તેમ નથી.

**કર્મની અટલસત્તામાંથી, નિયંત્રિત થયેલ મનુષ્ય કે દેવ કોઈ છુટી શકતા નથી.**

આર્યક્ષેત્ર, આર્યકુલ, મનુષ્યપણું તથા દેવ

ગુરૂધર્મની જોગવાઈ પામેલાઓ કોણ નથી જાણતા કે સંસાર અસાર છે, સંસારમાં ધર્મ એ જ સાર છે, અને માયા-મમતા જ સંસારમાં રખડાવનાર છે, તથા જીવનની વિશુદ્ધિને સંહારનાર છે. આટલું છતાં માયા-મમતાને છોડનારા કેટલા ? નાસ્તિક પણ "આ બધું છોડીને જવું છે" એ માનવામાં આસ્તિક છે, નાસ્તિક નથી. બીજાં બધાં તત્ત્વો ભલે ન માને, પણ એક દિવસ નક્કી જવું છે, અહીં દેખાય છે તે બધું સાથે નહિ લેતાં અહીં જ મૂકીને જવું પડશે, એ વાત તો નાસ્તિક પણ કબૂલે છે. કબૂલવી પડે છે. કહો કે નાસ્તિક તથા આસ્તિક બન્ને એ વાતમાં બધા એક મત છે છતાં માયા મમતા છોડાય છે ? મમતા માટે શું શું નથી કરવામાં આવતું? મનુષ્યોની (આપણી) તો અહિં થોડા દિવસની રમત છે, સો પચાસ વર્ષમાં ફનાફાતીયા થવાનું છે, આપણી સાહ્યબી પણ શી છે ? છતાં જો મમતા છુટતી નથી, તો પલ્યોપમો અને સાગરોપમોના આયુષ્યવાળા તથા અદ્‌ભુત સાહ્યબીવાળા દેવોને મમતા શી રીતે છુટે ? આગલો ભવ બગાડે તેવી મમતા વૈમાનિકના પણ બે દેવલોકમાં છે. ભવનપતિ વગેરે પણ તો તેવી મમતાવાળા છે. ત્યાં તો મમતાનાં કારણો પણ છે, ઘણું લાંબું આયુષ્ય એટલે મમતા ચિરપરિચિત થાય છે, પણ આ માનવ જીવનમાં એવું શું છે કે મમતા છુટતી નથી ? એ મમતા જો દેવોને પાયમાલીના પંથે પલાયન કરાવે તો પછી આપણે કઈ ગણત્રીમાં? કર્મ રાજા દાક્ષિણ્ય વગરનો છે, દયા વગરનો છે. કર્મનો કાયદો રાજા કે રંક બધા માટે સમાન છે. કર્મની અટલસત્તામાંથી, નિયંત્રિત થયેલ મનુષ્ય કે દેવ કોઈ છુટી શકતા નથી.

મમત્વ કરવાથી દેવોને પણ પોતાના કુંડળમાં, હારમાં કે વાવડીમાં અવતરવું પડે છે, તો આપણે છેલ્લાં ડચકાં વખતે પણ વાડી, વજીફા, બાગ-બગીચા કે બંગલા, ભાઈ-બહેન કે સ્ત્રી તથા પુત્ર પરિવારનું શું થશે ? એમાં જ અટવાઈએ તો પછી આપણી શી ગતિ થવાની ? પરિગ્રહની જે મમતા દેવોને પણ પૃથ્વીકાયાદિમાં પટકે છે તો આપણે મનુષ્ય તો જાણ્યા છતાં શા ઉપર આટલી મમતા રાખીએ છીએ ? ક્યા કારણે રાતા માતા થઈ ફરીએ છીએ ? મૂળ મુદ્દાપર આવીએ - પરિગ્રહની મમતાથી, એટલે કુંડળ, અને વાવડી વગેરેમાં તીવ્રમોહ રહેવાથી એકેંદ્રિયપણામાં જે દેવો ઉતરી જાય તેવાને પણ દ્રવ્યદેવ કહી શકાય. ચાહે પહેલા બનાવનું કારણ હોય અગર ભવિષ્યનું કારણ હોય બંનેને દ્રવ્ય કહી શકીએ, પણ અહિં દ્રવ્યદેવ તે જ કે જેઓ ભવિષ્યકાલે દેવગતિમાં ઉત્પન્ન થવાના છે. શંકા થશે કે ભૂતકાલના દેવોને દ્રવ્યદેવ કેમ ન ગણ્યા ? શાસ્ત્રકારો જે વચનો કહે તે નિષ્ફળ નથી તેઓ તો હેયમાં હેય અને ઉપાદેયમાં ઉપાદેયની પ્રવૃત્તિ જણાવે છે. જેઓ ભૂતકાલમાં દેવ હતા અને અત્યારે એકેન્દ્રિય થયા કે મનુષ્ય થયા તેમાં દૃષ્ટાંત તરીકે કંઈ લેવાય તેમ નથી.

લોટ ફાકવો અને ભસવું બેય સાથે કદી નહિ બને !

અનુકરણ શા માટે કરાય છે ? કંઈપણ સારા માટેને! સાધુ મહાત્માને નમસ્કાર કરવાનો હેતુ ? આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, પાનાં પુસ્તક, ઔષધાદિ તમામ સાધન સામગ્રી પૂરી પાડવા ઉપરાંત નમસ્કાર કરવો, પૂજ્ય માનવા, ભક્તિ કરવી એનું કારણ શું ? કારણ એ જ અને તે એ કે એ બધા પદાર્થોના અવલંબનથી નભતા દૈહિક જીવનથી તેઓ સાધના કરે છે. ભાવજીવનની તરફ તેઓ પ્રયાણ કરે છે, ચાલે છે મોક્ષમાર્ગ પર પોતે મોક્ષના પુનિત પંથે પ્રવૃત્તિ રહ્યા છે અને અન્ય ભવ્યાત્માઓને એ માર્ગે દોરવામાં સહાયભૂત થાય છે **असहाए सहायत्तं** ત્રણ જગત્માં ફરો, ચૌદરાજલોકમાં ફરો પણ ધર્મમાં મદદ કરનારો કોઈ મળનાર નથી. આરંભ સમારંભ માટે પ્રારંભથી અંત સુધી મદદ કરનારાના ક્યાં તોટા છે ? વિષયોની વિડંબના વધારનારાઓ અને કષાયોમાં ટેકો આપનારાઓ તો ડગલે ને પગલે મોજુદ છે. ધર્મ દેખાડનાર, ધર્મ કહેનાર, ધર્મોપદેષ્ટા, ધર્મમાં થતાં વિઘ્નો ટાળનાર, ધર્મમાં મદદ કરનાર તો સાધુ અર્થાત્ ત્યાગી સાધુ સિવાય અન્ય કોણ મળશે ? એક પણ દૃષ્ટાંત આપી ધર્મની પ્રેરણા કરનાર, એક પણ ઈસારા સરખા પ્રયત્નથીયે ધર્મમાં પ્રેરનાર ધર્મમાં સાચો મદદગાર છે. એવા મદદગાર ધન્ય સાધુ મહાત્માઓ છે. કેમકે ધર્મને તેઓએ જીવન સમર્પ્યું છે. ધર્મમાર્ગમાંનાં વિઘ્નો દૂર કરવાનું સામર્થ્ય સાધુઓમાં છે. આચાર્ય, ઉપાધ્યાય પણ સાધુ જ છે, ત્યાગી જ છે. સાધુપણામાં આગળ વધેલા છે. ઉંચી ભૂમિકા સુધી પહોંચેલા છે. સાધુમહાત્માઓ જ ધર્મની પ્રેરણા કરનારા છે, ધર્મનો ઉપદેશ કરનારા છે. આટલા કારણથી જ સાધુમહાત્માને નમસ્કાર કરવામાં આવે છે. તેમની સેવા ભક્તિ કરવામાં આવે છે. ધર્મના અધિષ્ઠાયકપણામાં રહેલા સાધુઓને જો દુનિયાદારીના અધિષ્ઠાયકપણામાં સ્થાપવાનું થાય તો માનો કે ધર્મથી રાજીનામું જ દીધું ! ધર્મનાયે મુખ્ય નેતા બનો અને કર્મનાયે મુખ્ય નેતા બનો એ બે વાત કદી બનશે નહિં. લોટ પણ ફાકવો અને ભસવુંયે ખરું એ બે સાથે બનશે ? જો ધર્મના નેતા બનવું હોય તો કર્મમાર્ગમાંથી રાજીનામું આપવું જ પડશે.

## અનર્થદંડે દંડવાનું કાંઈ કારણ છે ?

ગૃહસ્થપણે રહેલો સમકિતી જીવ પાપથી ડરનારો હોય. પરિસ્થિતિવશાત્ પાપ કર્મ આચરે છે તો પણ ડરપૂર્વક જ. 'અનર્થદંડ'એ શબ્દ તમે બધાએ સાંભળ્યો છે. પણ 'અનર્થદંડ' શબ્દના અર્થને વિચાર્યો ? હૃદયમાં ઉતાર્યો ? સવારથી સાંજ સુધી મન, વચન કે પ્રવૃત્તિથી કેટલો અનર્થદંડ સેવાય છે ? એનો કંઈએ ખ્યાલ છે ? વિના કારણે દંડાવું એ શું બુદ્ધિમાનનું કામ છે ? એક ખેડુત અને તે એમનો એમ બેસી રહ્યો હોય, તેનું ખેતર ખેડતો ન હોય, છતાં જો તેને કહેવામાં આવે કે - "બેસી શું રહ્યો છે ? ખેતર કેમ ખેડતો નથી?"

આનું નામ છે અનર્થદંડ. આવાં કર્મોને ઉપકાર તરીકે સમ્યગ્દૃષ્ટિ કદી ગણતો નથી. "ખેતર ખેડ, બળદોને દમ, ખસી કર, ઘોડાને પલોટ "આ બધી વાતો બોલવી તેને શાસ્ત્રકારો અનર્થદંડમાં ગણાવે છે. આજ તો નાટક-સિનેમાની રસપૂર્વકની વાતો, યુદ્ધની પંચાતો, કાંઈ લેવા દેવા નહિં તેવા ઉત્પાત અને ઉલ્કાપાતની વિના કારણ પ્રશંસાઓ થાય છે. કાંઈ હિસાબ અનર્થદંડનો ? જે ક્રિયા પાપની છે તેમાં તારે વાણીને જોડવાની જરૂર શી ? કોઈ કુટુંબી હોય, સગો હોય, પુત્ર હોય તે આળસુ રહેતો હોય ત્યારે તો તેને માટે બોલવું પણ પડે, પંચાતમાં પણ ઉતરવું પડે એમ થાય તો પણ ત્યાં દંડ તો છે, પણ તે અર્થદંડ ગણાય છે. દાક્ષિણ્યતાના સંબંધે કરવું પડે તે તથા દુનિયાદારીથી કરવું પડતું હોય ત્યાં દંડ તો ખરો, પણ તે અર્થદંડ છે. પણ જ્યાં સંબંધ નથી, કાંઈજ નિસ્બત નથી, ત્યાં બોલવું કે પંચાતમાં લાંબા પહોળા થવું તે અનર્થદંડ છે. દુનિયામાં ચોટેલો રાગ ખસતો નથી તેથી 'જુલમ' શબ્દ કડવો લાગે છે. દુનિયાને ત્યાજ્ય કહેવી છે ખરી, પણ હજી ફાંસારૂપ જાણી નથી. જો જગતને બેડીરૂપ, અને જાળરૂપ ખરી રીતે ગણવામાં આવે તો સમજાય કે જુલમમાં અને આમાં કમીના શી છે ? મૂલમુદ્દામાં આવીએ-અર્થ વગરની પ્રવૃત્તિથી દંડાવું તે અનર્થદંડ કહેવાય છે. આવી પ્રવૃત્તિથી અટકવું, આવી વાણી પર કાબુ મેળવવો, તે ક્યારે બને ? પાપનો ડર હોય અને ધર્મ જ તારક વસ્તુ ગણાય ત્યારે જ એ બની શકે. અને તેઓને જ આ બધું અનર્થદંડ છે એમ લાગે. જેઓ ધર્મને સુંદર ગણતા નથી, પાપને અધમ માનવા તૈયાર નથી, તેઓ આવા વચનોને કે પ્રવૃત્તિને અનર્થદંડ માનવા શું તૈયાર થશે ? કદાપિ નહિ !

**પાપને પાપ પણ ન માને તો સમ્યક્ત્વ રહે ક્યાંથી ?**

ઉપયોગ રાખવામાં આવે તો અનર્થદંડથી ઘણી રીતે બચાય. આંબળા, સાબુ વગેરેને જળાશય પર લઈ જાઓ તો બીજા માગેને ! અને નકામું વધારે પાપ લાગેને ! ઘેરથી જ સાબુ આંબલાં લગાડીને જાઓ તો ત્યાં લઈ જવાની જરૂર શી? આરંભનાં ઉપકરણાદિ વધારે ન વસાવવાં વગેરે અનર્થદંડ વિરમણવ્રતના વિવેચનમાં કહ્યું છે તે આટલા જ માટે, ધર્મને સુંદર માનનારો અને પાપથી ડરનારો મનુષ્ય બીજાને પાપનો ઉપદેશ આપી કેમ શકે ? તેવા ઉપદેશથી બીજો મનુષ્ય પાપ કરે છે. એ પાપ તો થાય છે જ, પણ જે બીજો મનુષ્ય પાપ કરે છે તેના ભાવજીવનની પણ હિંસા થાય છે. વિચારવાનું તો એ છે કે અનુપયોગે વાણીથી કે પ્રવૃત્તિથી કરાતું પાપ પરંપરાએ ક્યાં સુધી પહોંચે છે ? પોતાની પાપ વર્જી શકાય કે ન વર્જી શકાય એ વાત દૂર રહી પણ પાપને પાપ તરીકે માનવું તો જોઈએ કે નહિ? કહો કે માનવું જ જોઈએ. પાપને પાપ ન માને તો સમ્યક્ત્વ રહે ક્યાંથી ? જે અનર્થદંડને અનર્થદંડ ન માને, પાપ ન માને,

તેને જો સમ્યક્‌ત્વ મુશ્કેલ હોય તો પછી જેઓ તેની પ્રવૃત્તિને ઉલટી કર્તવ્ય ગણાવે, અરે પાપમાં ફરજ કે ધર્મની છાપ મારે, મરાવે, તેની કઈ સ્થિતિ ? પરિગ્રહની મમતામાં દેવતાની પણ બુરી દશા થાય છે, માટે મમતા રાખવામાં પૂરી સાવચેતી રાખજો. ખરી વાત તો એ જ કે આત્માને મમતામાં નાખશો જ નહિં, તો પછી તેમાં પરોવવાની, તન્મય બનવાની તો વાત જ ક્યાંથી ? અને પોતાના માટે એમ છે તો પછી બીજાની કે જગતની પરિગ્રહ અને આરંભની પ્રવૃત્તિમાં રસ હોય જ કોને ? પરિગ્રહની મમતા અને તેનાં પરિણામ જણાવ્યા પછી પણ મમતા વગરના ન થાઓ છતાંય મમતા રાખવાનો ઉપદેશ મળે તો ? એવો ઉપદેશ તે રૌદ્રધ્યાનનો ઉપદેશ છે, ધન, માલ, બાયડી, છોકરાં વગેરે પ્રત્યેના મમતાનો તથા રક્ષણનો ઉપદેશ તે રૌદ્રધ્યાનનો ઉપદેશ છે. ઈષ્ટવિષયોની પ્રાપ્તિના વિચારો, અનિષ્ટ સંયોગોને નિવારવાના વિચારો, વેદના દૂર કરવાના વિચારો અને ભવાંતરમાં સુખની ઈચ્છાના વિચારો, આ ચાર પ્રકારના વિચારો આર્ત્તધ્યાનના છે. હિંસાના વિચારો, જૂઠના વિચારો, ચોરીના વિચારો, અને મળેલા વિષયોના રક્ષણના વિચારો, આ ચાર પ્રકારના વિચારો રૌદ્ર્ધ્યાનના છે. શંકા થશે કે પોતાના તાબાની ચીજના રક્ષણના વિચાર થાય તેમાં રૌદ્રધ્યાન શી રીતે ? આ સમજવા માટે શાસ્ત્રકારની દૃષ્ટિએ જરા ઉંડા ઉતરવું જોઈએ. જે મનુષ્ય પોતાની ચીજનું રક્ષણ કરવા માગે તે મનુષ્ય તે ચીજનો નાશ કરવા ઈચ્છનાર, કે તે ચીજને લઈ જવા ઈચ્છનાર માટે શું વિચારે ? નાશ કરનારથી કે ખુંચવનારથી પોતાની ચીજ બચાવવા માટે શું ન કરે ? એ ચીજને નાશ કરનારો, લઈ જનારો, ચોરી લેનારો, કે ભાંગી તોડી નાખનારો નજરો નજર સામે આવે તો ચીજની રક્ષા કરવા ઈચ્છનારો શું ન કરે ? અરે જોડા ઉઠાવી જનાર કેટલો કંગાલ હોય ! એ પણ જોવામાં આવે છે તો એને કેટલો માર પડે છે ? જોડાના ચોરને અધમુઓ કરાય તો પછી બીજા માલ વગેરેના અપહારાદિ માટે શું ન થાય ? આટલ માટે તો ગર્ભથી ત્રણ જ્ઞાનવાળા જ્ઞાનીઓ પણ દુનિયાનો ત્યાગ કરી અણગાર થયા.

શ્રાવકે સામાયિક કર્યું છે તેમાં ઘરેણાં ગાંઠા ન જોઈએ તેથી કાઢીને એક તરફ મૂકીને સામાયિક લીધું. એ વખતે કોઈક આવીને ઉઠાવી જાય તો? સામાયિકમાં તો 'હં અં' એટલું પણ કહેવાની મના છે. સામાયિક પાર્યા પછી ભલે ખોળે, પણ સામાયિકમાં તો ચૂંકે ચાં થઈ શકે નહિ. સામાયિકમાં એના અંગે વિચાર સરખો પણ થઈ શકે નહિ. સામાયિક પછી ખોળે તે પોતાનું કે પારકાનું ? અનુમતિ કહો, કે માલીકી કહો તે છોડી નહોતી તેથી સામાયિક પછી શોધે છે. તે છે તો પોતાનું, પણ તેય સામાયિક પાર્યા પછી શોધાય.

**સમ્યગ્‌દૃષ્ટિ જ્યારે પાપને પાપ માને, અને વ્યર્થ પાપમયવાણી ન બોલે, તો સાધુ મહાત્માની શી ફરજ ?**

આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાન એ શબ્દો તો પ્રસિદ્ધ છે. સૌ જાણે છે. એનું સ્વરૂપ ખ્યાલમાં

નથી. પ્રાપ્તિ માટેના વિચારો આર્ત્તધ્યાન, સંરક્ષણના વિચારો રૌદ્રધ્યાન છે. આ ધ્યાનને સમ્યગ્દૃષ્ટિ પણ પાપ ગણે, ગણાવે, તો સાધુ શું કહે ? આખી જીંદગી ધર્મધ્યાનમાં રોકાયેલો, બારવ્રત પાળનારો, અનશન કરી સૂતેલો શ્રાવક પણ બોરની વિચારણાથી બોરના કીડામાં કીડો થયો. મમતાનું ધ્યાન કઈ દશા કરે છે ! જેણે ઘરાક વખતે છોકરાને ધુતકારી કાઢ્યો હતો તે જ ઘેર છોકરાના વિવાહ વખતે ઘરાકને ધુતકારી કાઢે છે. તેવી રીતે ધર્મ કરનારના પરિણામમાં નીચતા આવે તો દેવતા પણ નીચગતિ મેળવે છે. આર્ત્તધ્યાન તથા રૌદ્રધ્યાનના પ્રકારો વિચારી ગયા. કદાચ એ ધ્યાનો તમે સર્વથા છોડી ન શકો તો પણ એને પાપરૂપ માનવામાં હરકત શી નડે છે ? જો એને પાપ પણ ન માનો તો પછી સમ્યક્ત્વ લાવવું ક્યાંથી ? જેનામાં સમ્યક્ત્વ હોય તે પાપને તો પાપ જ માને, ધર્મને જ ધર્મ માને. સમકિતિએ પોતે એ તો સમજવું જોઈએ, જાણવું જોઈએ અને માનવું પણ જોઈએ. આ તો બીજો કહે છે તે કહ્યું પણ સાંભળ્યું જતું નથી અને પાપની વસ્તુને જુલમગાર કહેવામાં આવે છે એનું શ્રવણ પણ સહન થતું નથી, સાચું તથા હિતપ્રદ સાંભળતાં કીડીઓ ચઢે છે, તો પછી તેનામાં શ્રદ્ધા માનવી ક્યાંથી ? સમ્યક્ત્વ માનવું ક્યાંથી ? સાધુઓને અંગે પણ કષાયો છટ્ઠા ગુણસ્થાનક સુધી સંજ્વલનના તો જાગતા છે. છોડવા ધારીએ તો પણ છૂટતા નથી. તો પછી 'આ કષાયો જોઈએ એમ કહીએ તો શી દશા થાય ? જેમ તમારામાં આરંભાદિક પ્રવૃત્તિ હોય તો પણ તેનું અંતઃકરણમાં હેયત્વ તો મનાવું જ જોઈએ, તેમ સાધુઓએ પણ કષાયોને હોય તો માનવા જ જોઈએ. સ્થિતિ આ જોઈએ તેને બદલે ઉલટું 'આરંભાદિક કરવા જોઈએ' અને 'કષાયો પણ કરવા જોઈએ' એમ કહે તો શી સ્થિતિ? જેમ ગૃહસ્થ આરંભાદિક ન છૂટે તો સમજે કે "ફસાયો છું, છૂટાતું નથી. ધન્ય તે દિવસ કે જે દિવસે ત્યાગ કરી શકું!" સાધુઓનું ધ્યેય પણ સર્વથા ક્ષીણ મોહનીયપણાનું હોય. સાધુઓને પાંચ આશ્રવ બંધ થયા છે. કષાયો જો કે છે, પણ તે નિંદ્ય લાગવા જ જોઈએ. કષાયાદિ કરણીય લાગે તે વ્યાજબી નથી. કષાયો પ્રશસ્ત પણ ત્યાં જ કે જ્યાં નિર્જરાનો સંબંધ હોય. ગૃહસ્થને પૂજામાં આરંભ છે પણ ધ્યેય પૂજાનું રહે તો તે ભાવથી નિર્જરા છે. તેમાં પણ વધારે આરંભ સેવનાની વૃત્તિ રહે અને પૂજ્યની આરાધ્યતાનું ધ્યેય ન રહે તો ત્યાં પ્રશસ્તપણું નથી. શ્રીતીર્થંકરદેવની ભક્તિની સાધનામાં નિર્જરા છે. તેમાં પણ ધ્યેય તો સર્વવિરતિનું જોઈએ જ. એ ધ્યેય ન હોય તો ખરી દ્રવ્યપૂજા પણ ન ગણાય. વાસ્તવિક પૂજા ગણાય નહિં. મિથ્યાત્વ, અજ્ઞાન તથા અવિરતિ આ તત્ત્વો પરત્વે જે અપ્રીતિ તે નિર્જરા સાથે સંબંધ રાખે છે. શ્રીઅરિહંતદેવ, શ્રીસિદ્ધભગવાન, આચાર્ય, ઉપાધ્યાય, તથા સાધુ અને તેમનાં ગુણો પરત્વે જેટલા અંશે રાગ તેટલા અંશે નિર્જરા છે જ, તેમજ

મિથ્યાત્વ પરત્વે, અવિરતિ પરત્વે તથા અજ્ઞાન પરત્વે જેટલા અંશે દ્વેષ તેટલા અંશે પણ નિર્જરા છે. ભક્તિભાવ દ્રવ્યને મેળવે છે, પણ નિર્જરા તો સાથે સંબંધ ભક્તિભાવનો છે. ગૃહસ્થને આરંભ પરિગ્રહ વગર ન ચાલે, નિર્વાહ ચાલે તેમ ન હોય, મમત્વ છુટતું ન હોય, ટુંકામાં મોહથી ફસાયો હોય, પણ એને માને તો ફસામણ જ અને એમ માને તો જ તે સમકિતી! સમકિતી એમ ન માને કે આ આરંભાદિ કરવું જ જોઈએ. એ જ રીતે સાધુ બે પહોર નિદ્રા લે છે પણ નિદ્રા લેવી જ જોઈએ એમ ન માને.

## દેવોના પ્રકારોમાં સર્વોત્કૃષ્ટ દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાન છે !

સમ્યગ્દૃષ્ટિ પ્રવૃત્તિમાં ભલે સુધર્યો ન હોય, પણ પરિણતિમાં ફેરફાર ન હોય. ગૃહસ્થોમાં પરિણતિ હોય, પ્રવૃત્તિનું ઠેકાણું ન હોય, જ્યારે સાધુમાં તો પરિણતિ અને પ્રવૃત્તિ બંને હોય છે. તેથી સાધુઓ પોતે ધર્મમાં પ્રવર્તે છે, બીજાને ધર્મમાં પ્રવર્તાવે છે અને ધર્મ કરવામાં અન્યને આવતા વિઘ્નો દૂર કરવામાં તત્પર રહે છે. આવા સાધુઓને ધર્મદેવ કહ્યા તેમાં કોઈ જાતનું આશ્ચર્ય નથી. ધર્મની ધ્વજા ફરકાવવા માટે જેમણે પોતાનું સર્વસ્વ હોમી દીધું છે, એ માર્ગે અન્યને પણ સહાયક થઈ રહ્યા છે તેઓ ધર્મદેવ છે. સાધુને 'ભગવાન' એવા સંબોધ નથી જેઓ ચમકતા હોય, ભડકતા હોય તેઓ જાણી લે કે શ્રીભગવતીજી સૂત્રમાં આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુને ધર્મદેવ તરીકે જણાવ્યા છે, ગણાવ્યા છે. દેવાધિદેવ સર્વોત્કૃષ્ટ છે. દેવના પંચમભેદે એ દેવ સૌથી ઉત્કૃષ્ટ છે. દ્રવ્યદેવ, ધર્મદેવ, તથા દેવાધિદેવની વ્યાખ્યા કહેવામાં આવી. નરદેવ એટલે રાજા તથા દેવ તે સ્વર્ગવાસી આત્માઓ તે ભાવદેવ એ તો પ્રસિદ્ધ છે. ભાવદેવના પણ મુખ્ય દેવ તે દેવાધિદેવ. શ્રીતીર્થંકર ભગવાનને દેવાધિદેવ કહેવામાં આવે છે. નરેંદ્રો, સુરાસુરેંદ્રો પણ જેમનાં ચરણકમલ સેવે છે, જેમની ભક્તિમાં અહોભાગ્ય માને છે, એવા દેવાધિદેવ તે શ્રીતીર્થંકર ભગવાન છે.

## દેવની પરીક્ષા પોતાના જ સ્વરૂપથી છે.

ગુરૂતત્ત્વને માનવાનું છે તેનો પણ આધાર ધર્મતત્ત્વ ઉપર છે. મનુષ્ય જો ધર્મતત્ત્વને બરાબર સમજ્યો હોય તો તો સાચા ગુરૂને માનશે, નહિ તો કુગુરૂ અગર વેષધારીને માની ઉલટો અંધારામાં અથડાશે, ભયંકર ભેખડોથી ભટકાશે. શ્રીતીર્થંકર ભગવાને માર્ગનો ઉપદેશ કર્યો, માર્ગ બતાવ્યો, દિશા ચીંધી, માટે તેઓ દેવાધિદેવ મનાયા. તેમને નમસ્કાર કરવાનું એ જ કારણ છે કે ત્રણ જગતમાં, ચૌદ રાજલોકમાં ધર્મને પ્રથમ સમજાવનાર કેવલ શ્રીતીર્થંકર ભગવાન જ છે. ગુરૂની અધિકતા ધર્મતત્ત્વને અવલંબીને છે જો 'ગુરૂ અને દેવ ધર્મદ્વારાએ જ મનાય છે તો ત્રણે તત્ત્વોમાં ધર્મની આવશ્યકતા પ્રથમ ગણાય તો પછી શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ પ્રથમ ધર્માષ્ટક

ન કહેતાં દેવાષ્ટક કેમ કહ્યું ? આ વાત ખરી, પણ ધર્મ અધર્મ કહેવો કોને ? તેની પરીક્ષા શા ઉપરથી કરવી ? શ્રી જિનેશ્વરદેવોએ કહેલો ધર્મ તે જૈનધર્મ, બુદ્ધે કહેલો તે બૌદ્ધ ધર્મ, વેદાંતીઓ માને છે તે વૈદિકધર્મ. એ રીતે "ધર્મ" શબ્દનો ઉપયોગ તો બધા કરે છે તો કયા ધર્મને ધર્મ ગણવો? ત્યારે ધર્મની પરીક્ષા શ્રી સર્વજ્ઞદેવનાં વચનો ઉપરથી થવાની. શ્રીસર્વજ્ઞ ભગવાને કહ્યો એ જ શુદ્ધ ધર્મ. આ રીતે પરીક્ષા કરશો તો બધા ધર્મોને કોરણે મૂકીને સત્યધર્મને ગ્રહણ કરી શકશો, વળગી શકશો, આચરી શકશો. ધર્મની પરીક્ષાનું માત્ર એક જ સાધન છે કે જેઓ સર્વજ્ઞ છે તેઓ જ સર્વતત્ત્વના જ્ઞાતા હોવાથી ધર્મને સાચા સ્વરૂપે બતાવી શકે છે. માટે શ્રી સર્વજ્ઞ ભગવાને કહ્યો-પ્રરૂપ્યો એ જ ધર્મ તે સત્ય ધર્મ છે, આરાધ્ય છે, કલ્યાણકારી છે. ધર્મની પરીક્ષાની જડ દેવતત્ત્વ છે. ગુરૂતત્ત્વ દેવ અને ધર્મતત્ત્વની અપેક્ષાએ છે. એટલે ધર્મ અને ગુરૂતત્ત્વ દેવતત્ત્વને અવલંબીને છે માટે પ્રથમ દેવતત્ત્વ કહેવામાં આવ્યું છે. શ્રી જિનેશ્વરદેવે કહ્યું છે કે જેનાથી કર્મનો બંધ થાય તે અધર્મ. કર્મની નિર્જરા થાય તે ધર્મ. ધર્મ અને ગુરૂની પરીક્ષા તો શ્રીજિનેશ્વરદેવનાં વચનોદ્વારાએ થાય, પણ દેવની પરીક્ષા શા આધારે ? ઉત્તર એ જ કે સ્વયં ? શ્રીતીર્થંકરદેવની પરીક્ષા અન્ય માર્ગદ્વારાએ નથી, પણ પોતાના જ સ્વરૂપથી છે. કષાયદિરહિતપણું, સર્વજ્ઞપણું, સર્વદર્શીપણું, પરોપકારીપણું, હિતકર માર્ગ પ્રરૂપકપણું, આ તમામ તેમનાં પોતાનાં લક્ષણો એ જ પરીક્ષા. કથનનો સારાંશ સમ્યગ્દૃષ્ટિ આત્મા જો પાપનો આદેશ કરે તો અનર્થદંડ કહેવાય તો સાધુ તેનો ઉપદેશ કરે તો શું કહેવું ? જે મહાત્માઓએ પાપનો સર્વથા ત્યાગ કર્યો છે, પાપમાર્ગનું સદંતર રાજીનામું આપ્યું છે, તેઓ પાપની વાત પણ ન કરી શકે. તેઓ તો માત્ર ત્યાગનો જ ઉપદેશ કરી શકે છે.

દેવતાઓ પણ જો મમતાથી પોતાના કુંડળમાં, હારમાં કે વાવડીમાં ઉપજે તો આપણી શી દશા કરશે ?

## ગુરૂનું તથા ગુરૂના "ધર્મલાભ"નું સ્વરૂપ !!!

### ગુરૂ કેવા હોય ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે અષ્ટકજી પ્રકરણને રચતાં થકાં પ્રથમ મહાદેવાષ્ટકની રચનામાં જણાવી ગયા કે સંસારમાં આસ્તિક માત્ર, દેવ ગુરૂ તથા ધર્મ એ ત્રણે તત્ત્વોને માને છે. દરેક મતનો કહો કે દરેક ધર્મનો કહો, આધાર તો તેના તેના ઉત્પાદક દેવ ઉપર જ રહેલો છે. દરેક મતવાલા પોતાના દેવે કહેલા આચારમાં વર્તનારાને ગુરૂ તરીકે માને છે. દેવે કહેલા આચારોને સૌ કોઈ ધર્મ ગણે છે માટે આધારભૂત તત્ત્વ તો દેવતત્વ છે અને તેથી મહાદેવાષ્ટક પ્રથમ કહેવામાં આવ્યું છે.

અહિં વાદી શંકા કરે છે કે દેવ તથા ગુરૂનું નિરૂપણ કરવા કરતાં પહેલું ધર્મનું નિરૂપણ શા માટે કરવામાં આવતું નથી ? કેમકે ધર્મ માર્ગે ચાલે તેને જ ગુરૂ પણ માનવામાં આવે છે.'

ધર્મમાર્ગે ચાલે છે તેથી ગુરૂને ગુરૂ માનવામાં આવે છે. અધર્મે પ્રવર્તનારને ગુરૂ તરીકે માનવામાં આવતા નથી. કેમકે

**महाव्रतधरा धीरा, भैक्ष्यमात्रोपजीविनः**

જેઓ મહાવ્રતને ધારણ કરનારા હોય, એ મહાવ્રતોના પાલનમાં ધીર હોય, ભિક્ષામાત્રના વ્યવહારથી જીવન નિર્વાહ કરતા હોય અને સદૈવ સામાયિકમાં સ્થિત હોય, અને ધર્મનો જ માત્ર ઉપદેશ કરનારા હોય, એમને જ ગુરૂ તરીકે ગણવામાં આવ્યા છે. પંચમહાવ્રત ધર્મ છે માટે જ ગુરૂનું માહાત્મ્ય છે. ધૈર્ય સમ્યકત્વને અંગે આવશ્યક છે. શુદ્ધબુદ્ધિ કિંમતી ત્યારે જ ગણાય કે જ્યારે સમ્યક્ત્વ તથા ધૈર્યની કિંમત હોય. આ બે વસ્તુની કિંમત ન હોય તો ગુરૂની પણ કિંમત શી છે ? તેવી રીતે ગુરૂ જીવન નિર્વાહ પણ ભિક્ષા માત્રથી જ કરે છે. જનાવરો, કે પંખીઓ ખાવા માટે શું સંચય કરે છે કે રાખે છે ? નહિં. **कुक्खसंबलस्स** ભાતું કેવલ ક્યાં ? કૂખમાં ! અર્થાત્ અસંનિધિ તો જનાવરમાં છે પણ નિર્દોષ ભિક્ષાનું ઉપજીવન નથી. તું તો સાધુમાં જ છે તેઓ વધ્યો આહાર પરઠવી દે પણ રાખી નહિં મેલે. અહિં પણ સહજ પ્રશ્ન થશે કે આજે લઈને બીજે દિવસે ખાય તો રાત્રી ભોજન કહેવાય તેથી સાધુ સંચય ન કરે પણ વધેલો આહાર ગરીબને કે જનાવરને દે તો અડચણ શી? ઉત્તરમાં જાણવાનું કે દુનિયાદારીના અનુભવી હોવાથી તમને એ તો સારી રીતે માલૂમ હશે કે ટ્રસ્ટડીડમાં જે રકમ જે રૂપે લખાઈ હોય તેમાં ફેરફાર કરવાની લેશ માત્ર પણ ટ્રસ્ટીઓને સત્તા નથી. ટ્રસ્ટીઓ માત્ર ટ્રસ્ટડીડમાં લખ્યા મુજબ વહીવટ કરી શકે છે. વિદ્યાભ્યાસ માટે લખવામાં આવેલી રકમને, જરૂર હોય તો પણ વસ્ત્ર કે દવા માટે વાપરવાની ટ્રસ્ટીની સત્તા નથી. એ જ રીતે મુનિમહારાજાઓ વહોરતી વખતે કઈ કબૂલાત આપે છે ? કબૂલાત જેવી તેવી નથી ! ધર્મલાભ!!! ધર્મલાભ એટલે ? **धर्मेण लाभः धर्मलाभः** કોઈની પાસેથી ચીજ લેવાનો કોઈને હક નથી. કોઈની પણ ચીજ પોતાને મળે તો ઠીક આવું ધારવા, વિચારવાનો પણ હક કોઈને નથી. અંતરાયકર્મ બાંધવાની જડજ આવા વિચારો છે. અન્યની ચીજ પોતાને મળે તો ઠીક, પોતાની થાય તો ઠીક, આવો વિચાર કરવો એ જ અંતરાય કર્મ બાંધવાનો રસ્તો છે, ત્યારે સાધુ પારકી ચીજ કઈ રીતે લઈ શકે ? **धर्मेण लाभः** એ શરતે! પોતે નિષ્કિંચન છે, નિરારંભી ધર્મી છે, મહાવ્રતધારી છે, સંયમ રૂપ ધર્મના પાલનના સાધન તરીકે અશન, પાન ખાદિમ, સ્વાદિમ, વસ્ત્ર, પાત્ર, કંબલ, દાંડા, પાનાં, પુસ્તક, પોથી આદિ ઉપકરણોની આવશ્યકતા છે માટે લે છે; તેમજ **धर्माय लाभः** એટલે જે વસ્તુ લેવામાં આવે તેનો ઉપયોગ પણ કેવલ ધર્મને જ માટે કરવાનો. એ

પણ કબૂલાત છે જ. વળી તેમાં પણ પ્રશ્ન થાય કે પોતાના ક્ષાયોપાશમિક જ્ઞાન લાભાદિક માટે તેનો ઉપયોગ થાય તે તો ઠીક, પણ શિષ્ય, આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, બાળ, ગ્લાન, અને વૃદ્ધાદિ મુનિને માટે આહારાદિ કેમ લેવાય છે ? એ આહારાદિ ધર્મને આશ્રીને લેવાય છે. સર્વ મુનિવરોની વૈયાવચ્ચ પણ આત્મ ધર્મ છે અને તેથી જ આહારાદિ લેતી વખતે પદાર્થની પરિણતિમાં ફેરફાર થાય તો દોષ લાગે.

**શ્રીમંતને કે ગરીબને અપાતા ધર્મોપદેશના સ્વરૂપમાં ફરક નથી.**

કોઈ આબરૂદાર કહો કે મોભાદાર ગૃહસ્થ પાછળથી આવે અને તમે તેને આગળ બેસાડો તો તેમાં તમારી અને તેની બંન્નેની શોભા છે. પોતાની મેળે એ આગળ આવીને બેસી જાય તો તેને પણ શોભારૂપ નથી અને તમને પણ શોભા રૂપ નથી. તમે કદી એમ ધારો કે 'પાછળ બેસી જાય તો ઠીક' વ્યાખ્યાનમાં વળી નાના મોટા શા ? ભગવાનના સમવસરણમાં વળી નાના મોટાનો ભેદ શો ? "આવું વિચારનારાઓ શાસ્ત્રને સમજ્યા જ નથી. સમવસરણમાં પણ શ્રેણિકરાજાને, રિદ્ધિવાળા વગેરેને આગળ આવીને બેસવાનું હતું કે નહિ? પ્રતિક્રમણની મંડળીમાં આચાર્ય મોડા આવે ત્યાં સુધી બીજાઓ કાઉસ્સસગ્ગમાં ઉભા રહે છે. રિદ્ધિમાન્ કે રાજા વગેરે તે વખતે આવેલ હોય તો તેને ધર્મોપદેશ આપવાને માટે આચાર્ય મહારાજ તે વખતે ખોટી થાય છે. કદાચ શંકા થાય કે પૂર્ણ એટલે ચક્રવર્તી આદિ તેઓને પૂર્ણ એટલે જેવી રીતે ધર્મ કહેવો તેવી રીતે તુચ્છ એટલે દરિદ્રી આદિને કહેવાનો છે. ધર્મ કહેવાની બેય માટે સરખાવટ છે. શ્રીઆચારાંગ સૂત્રકાર ગણધરભગવાને ધર્મ કથન માટે બેય માટે સરખો નિયમ રાખ્યો તો પછી પ્રતિક્રમણનો વખત વીતી જાય છતાં રાજાદિકને ધર્મ સંભળાવવા આચાર્ય ખોટી શા માટે થાય ? એ પણ પ્રશ્ન જો કે ઉદ્ભવશે. પણ જેઓ આગળ પાછળનો વિચાર ન હોય, માત્ર શબ્દને જ વળગે, રહસ્ય ન સમજે તેઓને જ આવો પ્રશ્ન થાય; તેવાઓ આને ભૂલ ગણવા પણ તૈયાર થાય. કેટલીક વખત જમાઈ અને દીકરાનું નામ એક હોય અને 'દેવદત્ત ગાંડો છે' એમ દીકરાને કહ્યું, પણ બીજો સાંભળનાર તે સ્થળે જમાઈને ગોઠવી દે તો તે બોલનાર સાસુ સસરાની કિંમત ઘટાડે છે. जहा पुण्णस्स कत्थइ तहा तुच्छस्स कत्थइ અર્થાત્ જેવી રીતે ચક્રવર્તીને ધર્મ કહેવો કે રિદ્ધિમાનને ધર્મ કહેવો, તેવી જ રીતે દરિદ્રીને ધર્મ કહેવો. એમ સ્પષ્ટ છે તો પછી પ્રતિક્રમણ વખતે ખોટી થઈને પણ આચાર્યે રિદ્ધિમાનને જ કેમ ધર્મોપદેશ દેવો? અહિં ધર્મના પ્રકારની સરખાવટ છે. વાક્ય, વખત, વિસ્તાર, બેસવું, વગેરેની સરખાવટ નથી. હિંસા વિરમણાદિ સંવર ધર્મ, દાન શીલાદિ પ્રવૃત્તિરૂપી ધર્મ રિદ્ધિમાનને કહેવો તેવો જ દરિદ્રીને કહેવો. રાજા અને ગરીબને દાનશીલનો ધર્મ સમજાવવો. બંનેને હિંસા વિરમણનો ધર્મ સમજાવવો. બંનેને હિંસા આદિમાં અડચણ સમજાવવી. દરેકને અપાતા ઉપદેશમાં, સ્વરૂપથી લેશ પણ ફરક નથી. મહાવ્રત,

અણુવ્રત, સમ્યક્ત્વ, દાનધર્મ, શીલધર્મ, તપધર્મ, ભાવધર્મ, આ તમામનું સ્વરૂપ જેવું દરિદ્રીને કહેવાય તેવુંજ શ્રીમંતને કહેવાય. ધર્મના સ્વરૂપની અપેક્ષાએ આ વાત છે. ધર્મના પરિશ્રમ આદિ માટે એ વાક્ય નથી. હવે આચાર્યે રોકાવું તે તો ધર્મના કાલની (સમયની) અપેક્ષાએ છે. પણ રીતિમાં ફેરફાર નથી. એકને ધર્મ દેતાં, એટલે ધર્મ દેશના દેતાં અનેક આત્માઓ ધર્મી થાય, ધર્મ પ્રત્યે ખીંચાય, તેવું જોઈ ત્યાં આગળ આચાર્ય ખોટી થાય ત્યાં બાધ નથી. આવા પ્રસંગે ટાઈમનો ફેરફાર કરી શકાય. "જૈનધર્મમાં કેવલ ભાવને સ્થાન છે, દ્રવ્યને સ્થાન નથી" એવું બોલી કેટલાકો પોતે ભળતું જ કહેવા માગે છે. જેમકે એક વ્યક્તિએ પહેલી પૂજા કરવી છે અને ઘી બોલવું નથી ત્યારે તે ઉપર મુજબ બોલે છે, પણ ખરી વાત એ છે કે દેવદ્રવ્યમાં જતું દ્રવ્ય તેઓને પોતાના ખરચમાં ન આવવાથી ખટકે છે. દેવ બોલે નહિં, પણ દેવની આશાતના બોળી નાંખે !!!

કેટલાક સાધુઓની સ્થિતિ એ થઈ છે કે પરચુરણ ખરચ એટલાં વધ્યાં છે કે શ્રાવકો પાસે માગતાં મ્હોં દુખી જાય છે. એટલે એવાઓમાંથી પણ કેટલાકની નજર આ દેવદ્રવ્ય ઉપર ગઈ કે જેથી શ્રાવકોને છેડવા ન પડે. દેવને અંગે આવતી આવકો ધારીએ ત્યાં લઈ જવાય એવું ધારી આ નવું તૂત ઉભું કર્યું. એ આવક સાધારણમાં લઈ જવાય પછી શ્રાવકને કહેવું ન પડે. શ્રાવકો પણ સમજ્યા કે - 'આ તો ઠીક છે આપણે પણ સો પચાસ ખર્ચવા પડે છે તે બચશે!' પરબારૂંને પોણીબાર !!! દેવદ્રવ્યને ધક્કો મારીને આ સ્થિતિ કરવામાં આવે તેની ગતિ શી ? દેવદ્રવ્યની આવક ભાંગનારાઓ ભવાંતરમાં બુદ્ધિહીન થવાના, ધર્મપ્રાપ્તિ તેઓ માટે મુશ્કેલ થવાની અને પરિણામે દુર્ગતિમાં રખડવાના. 'ભાવપ્રધાનધર્મ' એમ કહેવાનો આશય વિશુદ્ધ હોત તો ઠીક, પણ ઉપર પ્રમાણે વિપરીત છે. દેવદ્રવ્યની લાગણીને અંગે લોકો જે બોલીથી બોલે છે તે લેવું છે અને કામ પોતાનું કાઢવું છે. એ કઈ દાનત? સંઘ દેવદ્રવ્યનો માલીક નથી, ટ્રસ્ટી છે. ટ્રસ્ટીને ફેરફાર કરવાનો કશો હક નથી. જ્યાં પ્રતિષ્ઠા કરી ત્યાં કહ્યું છે. શ્રીજિનપ્રાસાદ દેવ દ્રવ્યને વેડફી નાંખવાની આશાતના થાય તેમાં દેવ બોલે નહિં, પણ દેવની આશાતના બોળી નાંખે !

## ભક્તિ ધર્મમાં દ્રવ્યની પ્રધાનતા

પૂજા વગેરેમાં ઘી બોલાય છે તેને અંગે જેમ એમ બોલે છે કે "જૈનદર્શનમાં દ્રવ્યને સ્થાન નથી. દ્રવ્યવાન્ લાભ લઈ શકે એવો ક્રમ શા માટે?" તે વચન વ્યર્થ પ્રલાપરૂપ છે. અરે ! શ્રી જિનેશ્વરદેવનો અભિષેક પણ ઈંદ્રો જ કરે છે ને! તેમાં પણ ક્રમ તો છે ને ! પહેલાં બારમાદેવલોકનો

ઈંદ્ર અભિષેક કરે, પછી દશમા દેવલોકના ઈંદ્ર કરે, પછી આઠમાનો કરે એમ ક્રમ તો એ વખતે પણ છે. શ્રી ઋષભદેવજીની ચિતામાંથી અંગોપાંગ દેવતાઓ લઈ ગયા, દાઢાઓ પણ દેવો લઈ ગયા. વ્રતધારી શ્રાવકને રાખ પણ મુશ્કેલીથી મળી. જેઓ એમ બોલે છે કે - 'રિદ્ધિમત્તાને અંગે ધર્મમાં ફરક નથી,' તેઓના હૃદયથી રિદ્ધિમાનનું સન્માન ખમાતું નથી, માટે તેઓ એમ બોલે છે. શ્રીદશવૈકાલિકમાં દેવાવિ૦ કહ્યું તે પણ ઋદ્ધિમાનને અંગે જ કે ? પ્રતિક્રમણાવસરે રાજામહારાજાને કે રિદ્ધિમાનને આચાર્ય ધર્મોપદેશ દેવા ખોટી થાય અને તેથી આખી મંડળીને મોડું થાય તે કાલની (સમયની) અપેક્ષાએ છે. ધર્મના કથનના સ્વરૂપમાં કે રીતિમાં ફરક નથી. ગરીબને તપમાં લાભ બતાવવામાં આવે અને પૈસાવાલાને ખાવામાં લાભ બતાવવામાં આવે છે એમ નથી. સમ્યગ્દર્શનાદિ ધર્મનું સ્વરૂપ તો શ્રીમંત કે રંક તમામ માટે સમાન છે. ધર્મના બોધસંબંધિ પરિશ્રમમાં ફરક પડે ત્યાં શાસ્ત્રને બાધ નથી.

મૂલ મુદ્દા પર આવીએ. ધર્માત્ લાભઃ સાધુ જે લે છે તે હક તરીકે નહિં, આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, ગ્લાન, બાળ, વૃદ્ધાદિની વૈયાવચ્ચરૂપ ધર્મને અંગે લાભની અપેક્ષા એટલે સાધુ અન્નાદિ ગ્રહણ કરે છે. દેનારને ધર્મસ્ય લાભઃ છે. દેનાર સાધુને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રમાં સહાયાર્થે દે છે માટે તેને પણ ધર્મની પ્રાપ્તિરૂપ લાભ છે.

આવી પ્રતિજ્ઞાપૂર્વક સાધુએ ગ્રહણ કરેલી ચીજ વિરતિ યુક્ત સમ્યગ્દર્શનાદિ વગરના જીવોને આપે તો પોતાની પ્રતિજ્ઞા તૂટે છે. સાધુએ વહોરેલી વસ્તુ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રરૂપ ધર્મ જ્યાં વૃદ્ધિ પામતો હોય ત્યાં જ વાપરી શકાય. કોઈને એમ પણ થાય કે સમ્યક્ચારિત્રમાં રહીને લીધેલ પદાર્થ રાખમાં પરઠવવામાં ધર્મ ક્યાંથી ? તેને માટે કહેવું જોઈએ કે પોતાના ધર્મનું જ્ઞાન પણ જેને પૂરૂં જાણવું નથી ત્યાં શું થાય ? અષ્ટપ્રવચનમાતામાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ છે. પારિષ્ઠાપનિકા સમિતિ પણ પાંચ સમિતિમાંની એક છે. પરઠવવું તે પણ એક સમિતિ છે. સમિતિ તે માતા છે. સમિતિ ચારિત્રની ઉત્પાદક છે, પોષક છે, ભક્તિ સાથે વિવેક રહે એ વાત જુદી છે. પરઠવવું તે સમિતિ છે. ચારિત્રનો અંશ છે. અન્યને દેવું તે ચારિત્રની બારહસ છે. ભૈક્ષ્યમાત્રોપજીવિનઃ આ રીતિએ સાધુઓ જે મળે તેથી વૃદ્ધાદિની વૈયાવચ્ચ અને પોતાનો નિભાવ કરનારા હોય છે.

### જૈન શાસનમાં સ્પૃશ્યાસ્પૃશ્યનો વિભાગ નથી એમ નથી.

### ભિક્ષાને જો ધર્મ ન માનીએ, અધર્મ માનીએ તો ગુરૂને ગુરૂ કેમ મનાય ?

કંઈ પણ બદલો આપ્યા વગર લેવું તે લોકોમાં હરામનું લીધું કહેવાય છે. "સાધુઓ વસ્ત્રપાત્રાદિ લે છે તેનો ક્યો બદલો આપે છે ? 'એમ કોઈ કહે

### માધુકરીવૃત્તિનો મહિમા. !

તો ? જો આ હરામનું ગણાય તો

ભિક્ષામાત્રથી નિર્વાહ કરનારા ઉત્તમ છે એમ મગજમાં આવે ખરું ? વૃક્ષો પરનાં પુષ્પોમાંથી જેમ ભમરો થોડું થોડું લઈને પોતાનો નિભાવ કરે છે, તેમ સાધુઓ ગોચરી લે છે તેથી તો તેને 'માધુકરીવૃત્તિ' કહેવામાં આવે છે. અન્યમતમાં પણ **एकान्नं नैव भुंजीत** વગેરે સ્મૃતિકારોએ પણ કહ્યું છે. ભમરાની માફક નિર્વાહની વૃત્તિ મુનિએ ગ્રહણ કરવી જોઈએ. સ્મૃતિ કહે છે કે ઉત્તમકુલથી ન મળે તો મ્લેચ્છકુલથી પણ લેવું. પણ માધુકરીવૃત્તિથી જ લેવું. એક ઘરથી તમામ રસોઈ લેવી નહિ. દેવોનો ગુરૂ જે બૃહસ્પતિ તેના સરખાને ત્યાંથી પણ તમામ રસોઈ મુનિએ લેવી કલ્પે નહિ. કેટલાકો ભાવાર્થ સમજ્યા વગર અર્થનો અનર્થ પણ કરે છે. માત્ર શબ્દને વળગનાર મનુષ્ય વસ્તુથી રહસ્યથી વેગળા જાય છે. "માધુકરીવૃત્તિએ મ્લેચ્છકુલથી પણ મુનિએ ગોચરી લેવી, પણ એક ઘેરથી તમામ રસોઈ લેવી નહિ," આ ઉપરથી સ્મૃતિશાસ્ત્રોમાં ઉંચનીચનો ભેદ નથી અને જૈનશાસ્ત્રમાં તો ઉચ્ચનીચનો ભેદ હોય જ ક્યાંથી ? એમ કહેનારાઓ ભૂલે છે અને બીજાને અવળે માર્ગે લઈ જાય છે. આમ કહેનાર જો મુનિ હોય તો તેને પૂછો કે - "તું નીચકુલમાં ગોચરી જઈ આવ્યો? અત્યાર સુધી તું ઢેડ વાઘરીને ત્યાં ગોચરી ન ગયો? તેં એમને ટાળ્યા તો તેં ગુન્હો કર્યોને"! અજુગુપ્સનીય, અગર્હિત કુલોમાં ગોચરી જવાનું વિધાન શાસ્ત્રકારોનું છે. આચારાંગમાં મૂલમાં ગોચરી માટે કુલો જણાવ્યાં છે. જુગુપ્સનીય તથા ગર્હણીય કુલો વર્જ્યાં છે. મોક્ષના સ્તંભરૂપ સમ્યક્ચારિત્ર છે છતાં તેને અંગે પણ અઢારદોષવાળાને દીક્ષા ન દેવાય તે વાત જાહેર થઈ ચૂકી છે. ચૂર્ણિકાર લખે છે કે અસ્પૃશ્યલોકોને દીક્ષા આપવી નહિં. ચારિત્ર માટે પણ તે અધમકુલવાલાને અયોગ્ય ગણ્યા છે. જૈનશાસનમાં સ્પૃશ્યાસ્પૃશ્યનો વિભાગ નથી એમ કહી શકાય તેમ નથી, તમે ગમે તેમ વર્તો તેની સાથે શાસ્ત્રની આજ્ઞાને સંબંધ નથી. દેવતાઈ પ્રયોગમાં તો ઉપાય નથી. છતાં પાપના ત્યાગમાં અડચણ નથી. માંડલીનો નિષેધ છે. વસ્તીપત્રકમાં એવાઓએ કોઈએ પોતાને જૈન લખાવ્યા નથી, તો જેઓ પોતે પોતાને જૈન કહેવરાવવા માગતા નથી તેઓને તમે શી રીતે જૈન કહી શકવાના હતા ?

નદી વહેતી હોય ત્યાં બ્રાહ્મણ તથા ચંડાલની આભડછેટ ગણવામાં આવતી નથી. નદીનો પ્રવાહ પવિત્ર ગણવામાં આવ્યો છે. તો પછી જ્યાં ક્રોડાક્રોડ દેવતાઓ હોય ત્યાં સમવસરણમાં અપવિત્રપણું ન મનાય તેમાં અડચણ શી? તે વખતે અપવિત્રતાનો વ્યવહાર નહોતો ? જે મેતાર્યજીનું દૃષ્ટાંત આગળ કરવામાં આવે છે તેમનો જન્મ માત્ર અંત્ય જ કુલમાં થયો હતો. દૂધ પણ ત્યાંનું નથી પીધું, કે અનાજ પણ ત્યાંનું નથી ખાધું. જન્મતાં જ તેને શેઠને ઘેર લાવવામાં આવેલ છે. શેઠને ત્યાં જ તે ઉછરેલ છે. આઠ શેઠીયાઓની કન્યા સાથે સંબંધ પણ થાય છે. પરણવા જાય છે, પણ જ્યારે પેલા દેવતાની ખટપટથી એ ચંડાળ છે માલુમ પડે છે ત્યારે કેવી ફજેતી થાય છે ? આઠે કન્યા પાછી જાય છે કે! જો સ્પૃશ્યાસ્પૃશ્યનો વિભાગ નહોતો તો આ કેમ

બન્યું ? ફરી દેવતાએ બાજી પલટી છે. કહેવાનું તાત્પર્યએ પ્રાચીનકાલમાં કે જૈનશાસ્ત્રમાં સ્પૃશ્યાસ્પૃશ્યનો વિભાગ નથી એમ નથી. અહિં પણ દુગંછનીય કુલો વર્જવામાં આવ્યાં છે. કહે છે કે કેટલાક ક્રિશ્ચિયન થાય છે. ક્રિશ્ચિયન નિભાવ માટે થાય છે. જેમને તેવાં સાધનો ન હોય અને મળે છે તે ક્રિશ્ચિયન થાય છે. મતલબ કે ધર્મને એ વાત સાથે સંબંધ નથી - સ્પૃશ્યાસ્પૃશ્યના વિભાગમાં કાંઈ તેઓ પ્રત્યે તિરસ્કાર કરવો એમ નથી, ધર્મ કરવાની પણ તેમને તેમને મનાઈ નથી; મનાઈ વ્યવહારની છે. તેમને કેવલજ્ઞાન થાય તે માનવામાં અડચણ નથી. નીચતા બે પ્રકારની છે. જાતિથી તથા કર્મથી. જંગલી કબુતરનું ઈંડું ગામમાં આવે, એમાંથી કબુતર થાય તો પણ તેનું જંગલીપણું ન છુટે. અનુચિત કર્મ તે હલકાં કર્મ. જાતિ ઉત્તમ હોય તે કદાચ અધમ કર્મ કરે તેમાં અને જાતિથી અધમ કર્મના સંસ્કારવાળા હોય તેમાં ફરક છે. કપડા પર કાચો રંગ તથા પાકો રંગ થાય છતાં એ બે રંગમાં ફરક છે. પાકો રંગ જતો નથી. પરંપરાના કુલજન્ય સંસ્કારો પાકા રંગની માફક જતા નથી. 'જાત એવી ભાત' એ નથી માનતા? કન્યાના પૈસા લેનાર બાપને સમજાવી શકાશે. તે સહેલાઈથી સમજી શકશે, કેમકે વ્યવહાર કુલાચારથી ઉત્તમ છતાં આ સ્થિતિમાં મૂકાયો છે માટે લે છે. પરંપરાથી નીચગોત્રવાળા સીંગમાંથી સડેલા જેવા ગણાય. કેટલાક ક્રિશ્ચિયન થયા, કેટલાક બીજા થયા, તે પલટો શાથી? એવાઓએ તો સ્વાર્થની બાજી માંડી છે. જ્યાં સ્વાર્થ દેખે ત્યાં દોડે અને હાથ જોડે ! સ્વાર્થમય પ્રવૃત્તિમાં અને સ્વાભાવિક પ્રવૃત્તિમાં ફરક છે. 'મ્લેચ્છકુલથી માધુકરી વૃત્તિ લેવી' તેનો અર્થ મ્લેચ્છકુલની ગોચરી લેવી તેવો નથી. 'અપિ' 'પણ' શબ્દ વચ્ચે શા માટે કહેવો પડ્યો ? મ્લેચ્છકુલમાં ગોચરી લેવા લાયક નથી એમ 'અપિ' શબ્દ જ પૂરવાર કરે છે. મ્લેચ્છકુલની ગોચરી લેવી તે દોષ છે, પણ માધુકરીની પવિત્રતા એવી અને એટલી જબ્બર છે કે જેની આગળ પેલો દોષ કાંઈ વીસાતમાં નથી. માધુકરીવૃત્તિનો મહિમા જણાવવામાં આવ્યો છે. કોઈ શાસ્ત્રકાર એમ કહે કે - 'પ્રતિજ્ઞાના ભંગને પ્રસંગે મરી જાવું, પણ ભંગ તો ન જ કરવો'એનો અર્થ મરવું સારૂં ગણ્યું છે એમ તો નથી જ પણ મરણ કરતાં પ્રતિજ્ઞાભંગ વધારે ખરાબ ગણે છે. મરણ ખરાબ જ છે, અતીવ દુઃખદાયી છે, જેની કલ્પના પણ ભયંકર છે, અને કોઈને રૂચતું નથી, છતાં પ્રતિજ્ઞાભંગનું દુઃખ એનાથીએ ભયંકર છે એટલું જ જણાવવાની મતલબ છે. એમ ન હોય તો પ્રતિજ્ઞા ભંગ વખતે મારી નાંખવાના લાભ ગણાઈ જાય. એ જ મુજબ માધુકરીવૃત્તિમાં એવો મહાન્ ગુણ છે કે જેથી મ્લેચ્છકુલથી ગોચરીનો નિષેધ છતાં તે પાપ પેલા માધુકરીના લાભની પાસે કાંઈ ગણતરીમાં નથી. આથી મ્લેચ્છકુલની ગોચરીમાં શાસ્ત્રદષ્ટિએ વાંધો નથી એવો અર્થ કરનારા અનર્થ કરે છે, આખા ગામને, દેશને પવિત્ર કરનાર દેવ છે એમ ગણીયે છીએ. એવા દેવતાના

ગુરૂની પવિત્રતામાં પૂછવું જ શું! ઉત્તમના પગની રજ (ધૂળ) ને પણ પવિત્ર ગણવામાં આવે છે. તો પછી આવા દેવતાના ગુરૂને ત્યાંથી પણ તમામ રસોઈ લેવાની મનાઈ શા માટે છે ? માધુકરીવૃત્તિનો ભંગ ન થાય તેટલા જ માટેને! માધુકરીવૃત્તિનો ભંગ થતો હોય તો દેવતાઓના ગુરૂની પવિત્રતાની પણ ગણના નથી. જેમ અહિં મ્લેચ્છકુલની ગોચરીની છુટ નથી, તેમજ પવિત્ર સ્થળેથી મળતી વસ્તુ લેવી જ એમ પણ નથી. દોષ બન્ને પક્ષે એકાન્તમાં છે. સાધુઓ ભિક્ષામાત્રથી નિર્વાહ કરનારા છે. જેઓ કહે છે કે "સાધુઓ મફતનું લે છે. બદલો આપતા નથી" તેઓ ભિક્ષાધર્મના સ્વરૂપને સમજ્યા જ નથી. ભિક્ષા જો હરામખોરી હોય, લુંટ હોય, ધાડ હોય, મફતીયા માલરૂપે મનાતી હોય, હરામનું અન્ન છે એમ મનાતું હોય તો ભિક્ષાવૃત્તિને ધર્મ ગણ્યો શી રીતે? અને જો તે ધર્મરૂપ ન હોય તો પછી એવી ભિક્ષામાત્રથી જ નિર્વાહ કરનારા ગુરૂને ગુરૂ પણ શી રીતે ગણાશે ? છતી રિદ્ધિસિદ્ધિનો ત્યાગ કરે છે, સ્ત્રીપુત્રાદિ પરિવારના મોહને મર્દન કરીને આવે છે, અને ભિક્ષાવૃત્તિ કરે છે, એ ભિક્ષાવૃત્તિને ધર્મ માનીએ તો જ સાધુની ઉત્તમતા ગણી શકાય તેમ છે. સમ્યક્ત્વમાં ધૈર્ય અને ભિક્ષાવૃત્તિમાં ધર્મ મનાય તો જ સાધુની શ્રેષ્ઠતા મનાય તેમ છે. તમને તો દુનિયાદારીનો પક્ષ ખેંચે તે સારો લાગે, પણ સાધુઓએ દુનિયાદારીને તો પહેલેથી જ ત્રિવિધ ત્રિવિધથી દફનાવી દીધી છે. "ભજકલદાર"ની ભાવના ભૂલશો તો જ સાચા ગુરૂને ઓળખી શકશો.

શ્રેણિક મહારાજા રાજ્યથી ભ્રષ્ટ થયા, ચેડા મહારાજા સરખા વાવડીમાં પડી મરી ગયા, તે બદલ ભગવાન મહાવીરદેવને કે તેમના સાધુને દીલગીરી નથી, તેમજ કોણિકને રાજ્ય મળ્યું તેમાં સાધુને આનંદ કે સંતોષ નથી. તે દુનિયાદારી સાથે સંબંધ રાખત તો પૂજાત ખરા ? કોઈપણ ધર્મી આંગણેય ઉભા રહેવા દેત નહિં! સાધુઓ દુનિયાની રિદ્ધિ-સમૃદ્ધિમાં મદદગાર થાય નહિં. દુનિયાદારીના વિષયોની અનુકૂલતા અને પ્રતિકૂલતાની અપેક્ષાએ ગુરૂનો ઉપદેશ નથી. એ વિષયો તો ગળાનો ફાંસો છે. કાશીનું કરવત બેય તરફ જતાં આવતાં વ્હેરે અને કાપે! દુનિયાદારીના રાગ અને દ્વેષ બન્ને કરવત જેવાં સમજાશે ત્યારે જ એનો ત્યાગ કરનારને ગુરૂની પૂજ્યતા ખ્યાલમાં આવશે. સામાયિકને ધર્મ માનો, કલ્યાણનો માર્ગ માનો, તો જ ગુરૂને ગુરૂ માની શકો. ત્યાગ એ જ આત્મકલ્યાણનું કારણ છે એમ ન મનાય ત્યાં સુધી ગુરૂને ગુરૂ તરીકે માની શકાય તેમ નથી.

તમે તો ચોવીસે કલાક બસ એક જ "ભજકલદાર! ભજકલદાર!!"નો જાપ જપી રહ્યા છો! એટલે પૈસો, રિદ્ધિ સમૃદ્ધિ ડુબાડનાર છે એમ કહેનાર તમને સારા ક્યાંથી લાગે ? આ સ્થિતિમાં ધર્મની ઉત્તમતા વસવી જ મુશ્કેલ છે. ત્યાં ત્યાગનો ઉપદેશ કે ત્યાગી ઉપદેશક પ્રત્યે ભાવ ક્યાંથી જાગે? તમને તે ગુરૂ સારા લાગશે, તેમના પ્રત્યે ભાવ

જાગશે, કે જેઓ તમને જુદી જુદી ચીજોના થનારા ભાવ બતાવશે, તેજી મંદીના ગાળા આપશે, પણ એ ચાળા લારા કરનારા છે.

આ જ મમતા જ કારણ છે કે "તમે ગળે સુધી ડુબી રહ્યા છો" એવું સાચું કહેનાર તમને સારા નથી લાગતા. તમારા અવળા ધ્યેયને કારણે તમે ત્યાગને ધર્મ નથી ગણતા, ત્યાગીને ગુરૂ નથી ગણતા અને ગુરૂ ન ગણો તો પછી તરણતારણપણે તો ગણો જ શાના ? ત્યાગ જ ધર્મ છે, ધર્મ ત્યાગમય જ છે, એ વાત જ્યારે હૃદયમાં ઉતરશે, જચશે, ઠસશે ત્યારે જ સમજાશે કે મારો આત્મા ફસાયો છે એવું સ્પષ્ટ કહેનાર ત્રણ જગતમાં બીજો કોઈ નહિં મળે. એ તો નિઃસ્પૃહી સાધુઓ જ કહી શકે.

### દેવ તથા ગુરૂની માન્યતા ધર્મને આશ્રીને છે!

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં પ્રથમ મહાદેવાષ્ટક પ્રબંધમાં સૂચવી ગયા કે દરેક આસ્તિક મતવાળાને દેવ, ગુરૂ તથા ધર્મ આ ત્રણ તત્ત્વોને માન્યા વિના ચાલે તેમ નથી. આ ત્રણ તત્વોમાં મૂળ તત્ત્વ ક્યું ગણવું ? ધર્મ તત્ત્વને મૂળ ગણવું સારૂં છે. આપણે શ્રીઅરિહંતદેવને ધર્મતત્ત્વને માનનારા અને તે પ્રમાણે વર્ત્તનારા જ માનીએ છીએ. ધર્મથી વિરૂદ્ધ વર્તનવાળાઓ શ્રીઅરિહંતદેવને માનવાને તૈયાર નથી. શ્રીઅરિહંતદેવ રાગ દ્વેષાદિ દોષથી સદંતર રહિત છે. સન્નતા લક્ષણવાળા છે. આ લક્ષણો દ્વારાએ જ શ્રી અરિહંતદેવની પરીક્ષા કરવાની છે. ગુરૂને પણ આંખ, કાન, નાક આપણને છે તેટલાં જ છે; વધારે નથી તો તેમને ગુરૂ માનવાનું શું કારણ? કારણ એ જ કે તેઓ પોતે ધર્મમાં પ્રવર્તેલા છે તથા આપણને ધર્મમાર્ગમાં પ્રવર્ત્તાવે છે. જો પોતે ન પ્રવર્ત્યા હોય અને બીજાને પ્રવર્ત્તાવવા પ્રયત્ન કરે તો તેવાઓને કોઈ ગુરૂ માનતું નથી. જે મનુષ્ય ચારિત્ર વગરનો હોય, જે આત્મામાં ચારિત્રધર્મથી વિરૂદ્ધ વર્ત્તન દેખાતું હોય, તે ગમે તેટલા જ્ઞાનવાળો હોય તો પણ સત્પુરૂષો તેનો આશરો લેતા નથી. ગુરૂ કેવા હોય તે જણાવતાં કહે છે કે - ગુરૂ પંચમહાવ્રત પાલનારા હોય, માત્ર ભિક્ષાથી જ નિર્વાહ કરનારા હોય, સદૈવ સામાયિકમાં રહેલા હોય અને સદ્ધર્મનો ઉપદેશ આપનારા હોય. અહિં પણ સાધકદશા રહેલી છે. ગુરૂને તથા દેવને જેના આધારે માનીએ છીએ તે ધર્મનું લક્ષણ પહેલું કહેવું જોઈએ. જો એમ ન થાય તો કુદેવ અને સુદેવમાં ફરક શી રીતે પાડવો ? તેમજ કુગુરૂ અને સુગુરૂનો ભેદ શા આધારે જાણવો ? એ બધું ધર્મના સ્વરૂપના આધારે જ બની શકે. એટલા માટે દેવ તથા ગુરૂની પરીક્ષા પહેલાં ધર્મની પરીક્ષા બતાવવી જોઈએ. પ્રથમ ધર્મ ઓળખાય, પછી તે ધર્મ સંપૂર્ણ સિદ્ધ પ્રથમ જેને થયો હોય તેને દેવ માનીએ અને પછી સાધનારને ગુરૂ માનીએ. જ્યારે આ રીતે ધર્મની વાત પ્રથમ કરવાનો મુદ્દો સ્વીકારશું તો એ પ્રશ્ન ઉભો જ રહે છે કે - શ્રીહરિભદ્રસૂરીજીએ પ્રથમ મહાદેવાષ્ટક શા માટે લખ્યું ? ધર્માષ્ટક કેમ નહિ?

ધર્મ કોને કહેવો ? એ દેવ-ગુરુની પરીક્ષા વિના જાણી શકાય તેમ નથી.

દેવગુરુની પરીક્ષા ધર્મ પર આધાર રાખે છે એ વાત ખરી, પણ ધર્મ કોને કહેવો ? તથા અધર્મ કોને કહેવો ? એ દેવગુરુની પરીક્ષા સિવાય જાણી શકાય તેમ નથી. આશ્રવ તથા બંધ એ બે અધર્મ છે. સંવર તથા નિર્જરા એ બે ધર્મ છે. આશ્રવ તથા બંધ એ સંસારનાં કારણો છે. તેને સેવનારો કે વધારનારો દેવતત્ત્વમાં કે ગુરુતત્ત્વમાં આવી શકે નહીં. સંવર તથા નિર્જરા તરફ જેણે ઝુકાવ્યું હોય તે જ દેવતત્ત્વમાં તથા ગુરુત્વમાં આવી શકે છે. આશ્રવ તથા બંધનું રોકાણ અને સંવર તથા નિર્જરાની પ્રવૃત્તિ એ ધર્મનું લક્ષણ છે એમ સમજવું શા આધારે? જ્યાં સુધી જીવ ઊંચા પ્રકારના જ્ઞાનવાળો ન હોય ત્યાં સુધી તે આ કર્મબંધનનાં કારણો તથા કર્મ છોડવાના ઉપાયો વગેરે ક્યાંથી જાણે? સંપ્રતિ મહારાજાએ એક વખત આચાર્ય પ્રવર શ્રી આર્યસુહસ્તિજીને પૂછયું છે કે, 'મુનિવરોનો વિહારપ્રદેશ ક્યાં સુધી છે?' આચાર્યશ્રીએ જણાવ્યું કે, 'ઉત્તરમાં કોશલ સુધી, પૂર્વમાં અંગ-મગધ, પશ્ચિમમાં થાનેશ્વર અને દક્ષિણમાં કોસંબી અટવી સુધી.' સંપ્રતિરાજા-'એથી આગળ કેમ નથી જતા?'

આચાર્યશ્રી- 'પોતાનું સંયમ ટકાવીને જ્યાં જઈ શકાય, રહી શકાય ત્યાં જ મુનિઓ વિહરે, અન્યત્ર નહિં.'

આજે કેટલાક લોકો કહે છે કે 'સાધુઓ કેમ અમુક સ્થળે જ વિચરે છે, સિલોન, મદ્રાસ વગેરે સ્થળે કેમ વિહરતા નથી?' પણ તેઓને સંયમના મૂલ્ય તરફ લક્ષ્યનો અભાવ છે. સાધુઓ મશાલચી ન બની શકે કે 'ઓરનકું અજવાળાં કરે, આપ અંધારહી જાય.' બીજાને પ્રતિબોધ કરવો એ વાત ખરી, પણ પોતાનું સંયમ ટકાવીને કરે, ગુમાવીને નહિં. સરકાર કોઈ પણ રાજ્યની સાથે સુલેહ કરતાં પોતાના વેપારને નિર્ભય બનાવે છે. સાધુઓ સિલોન કેમ જતા નથી એમ બોલી નાખવું છે, પણ ત્યાં જતાં સંયમ કેવું જળવાશે, એ તપાસ્યું? વિચાર્યું? સંપ્રતિ રાજાને આચાર્યશ્રીએ એ જ કહ્યું કે જ્યાં પોતાના સંયમનો નિર્વાહ તથા વૃદ્ધિ જુએ ત્યાં જ સાધુઓ વિહાર કરે. મહારાજા સંપ્રતિ વિચક્ષણ હતા. સમજી ગયા કે દીવાસળી સળગાવીને બીજા માટે અજવાળું કોઈ કરે, પણ ઘર બાળીને કોઈ બીજાને અજવાળું કરે ખરો? નહિં જ! પોતાના સંયમને જતું કરીને કોઈને ઉપદેશ દેવા જવા સાધુ તૈયાર થાય નહિં. બીજા દેશમાં સાધુઓને વિહાર કરાવવા ઈચ્છો છો, પણ ત્યાં વિહાર કરવામાં શી અગવડો છે તે વિચાર કોઈ દિવસ કર્યો? સંપ્રતિ મહારાજાએ સાધુના વિહારને યોગ્ય ભૂમિકા બનાવવાનું મન પર લીધું. અનાર્યક્ષેત્રોમાં વેષધારી સાધુઓને મોકલ્યા અને રાજ્ય પ્રબંધથી તમામ વ્યવસ્થા કરી. વેષધારીઓએ અનાર્યદેશવાસીઓને પણ સાધુઓના આચારવિચારથી માહિતગાર કર્યા. સંપ્રતિ રાજાએ રાજ્યના વહીવટદારોથી જ્યારે ચોક્કસ જાણ્યું કે હવે મુનિમહાત્માઓને ત્યાંના વિહારમાં સંયમમાં વાંધો આવશે નહિં, ત્યારે

આચાર્યશ્રીને મુનિઓને તે તરફ વિહાર કરાવવા વિનંતિ કરી. એ ભેખધારીઓએ અનાર્યોને નવતત્ત્વનું સ્વરૂપ જણાવ્યું હતું. ધર્મ જાણવા પહેલાં અનાર્યે પણ જો નવતત્ત્વો જાણવા જોઈએ તો આપણે ધર્મકરણી કરીએ છીએ છતાં નવતત્ત્વના જ્ઞાનમાં આળસુ કેમ ? આશ્રવ શું ? બંધ શું ? તેના ભેદ કેટલા, સંવર શું ? નિર્જરા શું ? તેના ભેદ કેટલા? સંસારનાં કારણો કયાં, મોક્ષનાં કારણો કયાં આ બધી બાબતનો વિચાર પણ નથી તો તેના જ્ઞાનમાં તૈયાર તો ક્યાંથી હોઈ શકો! નવતત્ત્વ શીખવા કે જાણવાનું ઠેકાણું નથી. સ્વપ્નામાં આપણને નવતત્ત્વથી વિરૂદ્ધ કલ્પના ન આવે તેવી સ્થિતિ બને ક્યાંથી ? આ સ્થિતિમાં આપણને જૈન કહેવરાવવાનો હક કેટલો? સાધુઓને માટે વિહાર યોગ્ય ક્ષેત્ર તૈયાર કરવા માટે જ્યારે અનાર્યોને નવતત્ત્વનું જ્ઞાન પ્રથમ દેવું જોઈએ? નવતત્ત્વના જ્ઞાન વિનાના ને આશ્રવ તથા બંધ નુકશાનકારક છે. એનો ખ્યાલ આવવાનો ક્યારે ? સંવરની જરૂર સમજાવાની ક્યાંથી ? તો પછી ધર્મની ઓળખાણ થાય શી રીતે ?

## શ્રી સર્વજ્ઞદેવના વચનોને કોરાણે મૂકીએ તો આપણે તો અંધ જ છીએ !

ઉનાળામાં ઠંડા પવનની લહરી કે સુસવાટો આવે, શરીરને સ્પર્શે તે વખતે 'હાશ' કહેવાથી થતો કર્મ બંધ દેખ્યો ? મોંમાં ગોળ ખાતાં 'આહા' થયું ત્યારે કર્મ ચોટ્યું એ જોયું ? આશ્રવના બેતાલીસ ભેદ મહાપુરૂષનાં કથનથી જ માત્ર માનીએ છીએ. તેમનાં વચનોને કોરાણે મૂકીએ તો એક પણ ભેદ કર્મનું કારણ છે એમ માનીએ નહિં. કચરો પડે છે તે દેખાય છે, વરસાદ વર્ષે છે તે દેખાય છે, પણ પાંચ અવ્રત, ચાર કષાય, પચીશ ક્રિયા તથા ત્રણ યોગ એ જોવાનું સાધન કયું ? એક પણ નથી. બેતાલીસ આશ્રવમાંનો એક પણ દેખાય છે ? તો તેને રોકવામાં ધર્મ કયા રૂપે માનશો ? સમિતિ, ભાવના, પરિષહ આ બધામાં કર્મનું રોકાવું માની સંવર માન્યો પણ કર્મ જો આવતું દેખાતું નથી તો રોકાતું શી રીતે દેખાય ? જે વસ્તુ આવતી દેખાઈ નથી તે રોકાયેલી પણ દેખાવાની નથી. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને જોગના કારણોથી આઠ પ્રકારનાં કર્મો આત્માને વળગ્યાં છે. પણ કર્મો દેખાતાં નથી તો સંબંધ ક્યાંથી દેખાય ? ઉપવાસ, ઉણોદરી આદિ તપ કરતાં નિર્જરા થઈ અને તેથી આવતાં કર્મો રોકાયાંઃ પણ આ બધું સમજવાના શી રીતે ? અને જો આશ્રવ, બંધ, સંવર, નિર્જરાદિ ન સમજાય તો ધર્મ શી રીતે સમજાવાનો ? સ્ત્રી, પુત્ર, ધન ધાન્યાદિનો પરિગ્રહ ન હોય, વિષય કષાય ન હોય, આરંભ સમારંભ ન હોય તે ધર્મ અને એ તમામ હોય તે અધર્મ આ સમજાયું ? સ્ત્રીવાળાએ સ્ત્રીને કર્મની બેડી જાણી ? સ્ત્રી રહિતને કર્મની બેડી નથી એમ માન્યું ? આ તમામ જાણવાનું શ્રી સર્વજ્ઞદેવનાં વચનોના આધારે છે. શ્રી સર્વજ્ઞ ભગવાને જણાવ્યું છે કે સ્ત્રી, ધન, શસ્ત્રાદિ

લેવાની ઈચ્છા મોહના ઉદયથી થાય છે. મોહનો ઉદય ન હોય તો એ ઈચ્છાનો અભાવ છે. વિષય, કષાય, આરંભ પરિગ્રહ ચારિત્ર મોહનીયના ઉદયથી પ્રાપ્ત થાય છે અને તેના પ્રતાપે મન પ્રવૃત્તિ કરે છે. ચારિત્ર મોહનીય કર્મનો ઉદય તૂટે ત્યારે બધું ખસી જાય છે.

પણ આ બધામાં આપણે તો અંધ છીએ. કર્મ બંધાતા કે તૂટવા જોવા જાણવાનું આપણા માટે તો બંધ છે. શ્રી સર્વજ્ઞદેવના વચનોના આધારે માનીએ છીએ. આ કારણે દેવાષ્ટક પ્રથમ છે. કોઈ કદાચ કહે કે "સર્વજ્ઞને ઓળખાવનાર પણ ગુરૂ છે, ત્રણે તત્ત્વો ગુરૂએ જ ઓળખાવ્યાં છે માટે પ્રથમ ગુરૂતત્ત્વનું અષ્ટક જોઈએ" જો ગુરૂ પોતાની જવાબદારીથી આ બધું કહેતા હોય તો તે વાત ખરી પણ ગુરૂ આ બધા તત્ત્વો પોતાના જોખમે કહેતા નથી. હું કહું તે આશ્રવ, સંવર, નિર્જરા, મોક્ષ એમ કહેતા નથી. કર્મ, કર્મનાં કારણો બંધાતાં કે તૂટતાં કર્મો આમાનું કશું પોતાને પણ દેખાતું નથી એ તો ગુરૂ પોતે પણ જાણે છે. ગુરૂ પણ દેવના નામે કહે છે. ગુરૂ ભગવાનના શાસનના ટપાલી (પોસ્ટમેન) છે. ટપાલીની જવાબદારી કવર પેક આપવાની છે. કવરમાંથી લાખનો ચેક નીકળે કે દસહજારની હુંડી નીકળે, કે કોરાકાગળ નીકળે કે કશુંએ ન નીકળે તે માટે ટપાલી જોખમદાર નથી. કવર ખુલ્લું હોય તો ટપાલી જવાબદાર છે. ગુરૂનો ધર્મોપદેશ ટપાલીના કવર જેવો છે. શ્રી સર્વજ્ઞ ભગવાને આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષાદિ જે સ્વરૂપે જણાવ્યા છે, સંસારનાં તથા મોક્ષનાં કારણો જે જણાવ્યાં છે તે જ મુજબ ગુરૂ પણ જણાવે છે. આ ચેક શ્રી સર્વજ્ઞ ભગવાનનો છે. સાધુ જ એ ચેકને ખોલે, સાધુ જ દેખાડ કરે. નાના બાલકને અણસમજુ હોવાથી બેંક ચેકનાં નાણાં આપતી નથી એ જ રીતે શ્રી જિનેશ્વર દેવના શાસનમાં ધર્મની વાતો કરવાનો હક ધર્મમાં વર્તતા-પ્રવર્તતાને છે. મિથ્યાત્વી, શ્રદ્ધાશૂન્ય કે દેશવિરતિને ચેક વટાવવાનો (એવી વાતો કરવાનો) હક નથી. ચેક ખોટો નથી, ખરો છે પણ જોખમદારી પ્રમાણે વર્તવાની તાકાત જોઈએ.

### અધિકાર જવાબદારીને અવલંબીને છે.

જે સ્ત્રીના વિષયમાં આસક્ત હોય, પરિગ્રહમાં ડૂબેલો હોય, આરંભ સમારંભમાં તથા વિષય કષાયોમાં તણાયેલો હોય એવો મનુષ્ય શ્રી જિનેશ્વર દેવનો ચેક બતાવે તો તે ચેક સાચો છતાં તેની કિંમત દેવાય નહિં. જેમ દુનિયાદારીમાં જોખમ સમજનાર જ ચેકવાળું રજીસ્ટર ખોલે કે ચેક વટાવે, તેમ અહિં પણ જે ધર્મને જોખમ રૂપે માનતો હોય તેના જ હાથે આ પરબીડીયું ખોલાય. તમારા રજીસ્ટર્ડ કાગળો તમારા ઘરનાં છોકરા છોકરીને પણ આપતા નથી. તમે ત્રસકાયની પણ દયા પૂરી પાળો નહિ અને વાતો ભગવાને કહેલી છએ કાયાની દયાની કરો તો સાંભળનારાઓ તમારી હાંસી ન કરે તો શું કરે ? આશ્રવને રોકનારા, સંવરવાળા,

બંધને દૂર કરનારા, નિર્જરા પ્રવર્તાવનારા એવા સિદ્ધાંતો ગુરુ મહારાજ જ પ્રવર્તાવી શકે છે. ગુરુ પોતાના જોખમે વાત કરતા નથી પણ લખનારના જોખમે બોલે છે. ગુરુ મહારાજ જે ધર્મોપદેશ આપે છે તે શ્રી સર્વજ્ઞદેવના વચનોના નામે આપે છે. **जिनपन्नतो धम्मो.** શ્રી જિનેશ્વરે કહેલો ધર્મ ગુરુ કહે છે. ખુદ શ્રી જિનેશ્વર દેવનું વર્તન ગુરુ જણાવે છે તે પોતે ક્યાં જોયું છે ? શ્રી જિનેશ્વરદેવની માતાને ચૌદ સ્વપ્નાં આવ્યા, શ્રી જિનેશ્વર દેવ જન્મ્યા ત્યારે મેરૂ પર્વત ઉપર ઈંદ્રોએ તેમનો અભિષેક કર્યો, પ્રભુએ દીક્ષા લીધી, ઉપસર્ગ પરિસહો સહન કર્યા, પ્રભુને કેવલજ્ઞાન થયું, આ તમામ ગુરુએ દેખ્યું નથી. ભગવાનનાં વચનોથી જ ગુરુ જણાવે છે. "આ મેં નિર્જરા માટે કર્યું હતું." એમ પ્રભુએ ન જણાવ્યું હોત તો કોણ જાણત ? માટે શ્રી જિનેશ્વરદેવનાં ચરિત્રો તેમજ આશ્રવ, બંધ, સંવર, તપ, નિર્જરા, સંસાર, મોક્ષ વગેરેનાં સ્વરૂપો તથા કારણો આ બધું આપણે તો શ્રી તીર્થંકર ભગવાનના વચનથી જ જાણી શકીએ છીએ. માટે તો **जिन पन्नत्तो धम्मो** એટલે શ્રીજિનેશ્વરે કહેલો ધર્મ એમ કહ્યું છે. ' શ્રી જિનેશ્વરે કરેલો ધર્મ' એમ નથી કહ્યું. શ્રીજિનેશ્વરદેવે કરેલું આપણે જાણી શકતા નથી. તેમણે કરેલું ખરું પણ કહ્યું ત્યારે આપણે જાણ્યું. તેમને મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન થયું હતું તે તથા 'હું સર્વ કર્મથી રહિત થઈશ એટલે મોક્ષે જઈશ' આ બધું આપણે તો એમના કહેવાથી જાણીએ છીએ. શ્રીજિનેશ્વરદેવનું વર્તન કથન અનુસાર હોવાથી **जिन पन्नत्तो धम्मो** કહ્યું. પોતાનાં ચારિત્ર દ્વારાએ, જે દ્વારાએ કર્મ તૂટવાનાં હોય તે તમામ બતાવી દે છે. ધર્મ તથા કર્મ જો પ્રત્યક્ષ ચીજ હોત તો જગતમાં ઝઘડો જ ન હોત.

ધર્મ દેખીને શ્રીજિનેશ્વરદેવની પરીક્ષા કરી શકીએ તેમ નથી; કારણ કે ધર્મ અગમ્ય વસ્તુ છે. જગતમાં ધર્મ જો ગમ્ય વસ્તુ હોય તો સુગુરૂ કુગુરૂની પરીક્ષામાં જગત ભરમાત નહિ. પ્રત્યક્ષ વસ્તુમાં વાદવિવાદ હોતો નથી. ઈંદ્રિયોના વિષયો જેમાં પ્રત્યક્ષ પ્રમાણ છે તેમાં બે મત હોય જ નહિં. તેમ જો ધર્મ ગમ્ય હોત, પ્રત્યક્ષ હોત. ધર્મ, અધર્મ તથા તેજ ધર્મ દ્વારાએ સુદેવ, કુદેવ, સુગુરૂ, કગુરૂને માનવામાં મતભેદ પડત નહિં. ધર્મનું સ્વરૂપ બે વત્તા બે એટલે ચાર જેટલી સીધી વાત હોત તો ધર્મમાં કદી મતભેદ ન પડત. ત્યાં મતભેદને સ્થાન જ નથી. ધર્મ તથા કર્મ ચીજ પ્રત્યક્ષ નથી તેનો જ આ ઝઘડો છે અને તેથી જ કોઈ કયા રૂપે ધર્મ જણાવે છે તો કોઈ ક્યા રૂપે ધર્મ જણાવે છે! એ જ રીતે દેવગુરૂ પણ અલગ અલગ પ્રકારે જણાવવામાં આવે છે એનું કારણ ધર્મ કર્મ એ ચીજ અગમ્ય છે. જીવ જ્યાં સુધી પ્રાણ ધારણ કરે ત્યાં સુધીમાં ઉપઘાત કરીએ તો પાપ થાય. અહીં કોઈ શંકા કરે કે જીવ માર્યો મરે કે આયુષ્ય પુરૂં થવાથી મરે ? એક શંકામાંથી અનેક થાય છે. જો જીવ

માર્યો મરતો હોય તો આયુષ્યની કિંમત શી ? અને જો આયુષ્ય પુરૂં થવાથી મર્યો માનીએ તો મારનારને હિંસા શાથી ? અહિં નિર્ણય કરવામાં, બેને બે ચારની જેમ પ્રત્યક્ષ પ્રમાણ એક પણ નથી. કેવલજ્ઞાની ભગવાને જ્ઞાનદૃષ્ટિથી જોઈને કહ્યું કે કર્મનો ઉપક્રમ થાય છે. જો ઘડીયાળનો સ્ક્રુ ઢીલો ન થયો હોય અને ક્રમસર ચાલે તો એક વખત ચાવી દેવાથી આઠ દિવસ ચાલે છે. પણ સ્ક્રુ ઢીલો થાય કમાન ઢીલી થાય છે તો આઠે દિવસની ચાવી, એક સેકંડમાં ઉતરી જાય છે. ચાવી નકામી ગઈ? એક સેકંડમાં ઉતરી ગઈ ! એ જ રીતે જો ઘાત કરનારા ન મળ્યા હોત તો આયુષ્ય બરાબર ભોગવાત. ઉપઘાત કરનારા મળ્યા તેથી બાકીનું ખુટતું બધું આયુષ્ય તેટલા સમયમાં ભોગવાઈ ગયું. આયુષ્યના ઉપક્રમ માટે અગ્નિ, વિષ, શસ્ત્ર એ બહારનાં કારણો છે. વધારે આયુષ્ય ઉપઘાતથી જલદી પુરૂં થાય છે. આથી ઉપઘાતનાં સાધન જોડી દેનારને હિંસા લાગે જ.

## ઉપઘાતનાં કારણો જોડનાર હિંસક જ કહેવાય.

સ્કંધક મહારાજના પાંચસેં શિષ્યો કેવળી થઈ તે ભવે મોક્ષે ગયા, માટે આયુષ્યનો ઉપક્રમ નથી. તેઓ ચરમ શરીરી હતા. તેમનું આયુષ્ય ઉપક્રમ વગરનું હતું. પાલકને પાંચસેં સાધુની હત્યા કરનારો કહેવામાં આવે છે. જે ઉપઘાતનાં કારણો જોડે તે હિંસક જ કહેવાય, દુઃખીને મારી નાખવાનો મત ભવવિમોચકવાદીઓનો છે. તેઓ એમ માને છે કે મારી નાખવાથી મરનારો દુઃખથી છુટે છે અર્થાત્ મરનારને તેઓ દુઃખથી છોડાવે છે. આવાઓને પૂછો કે આગળના ભવમાં તેને માટે તેં ગાદી તકીયા તૈયાર કર્યા છે ? જો જીવ, કર્મનો સંબંધ વગેરે તેઓ માને છે તો કર્મ ભોગવતાં મારી નાખવાથી કર્મ તો બાકી રહ્યાંને ! એ કર્મ ભોગવવા માટે પાછો આવતો ભવ પણ બગડવાનો ! એવા દુઃખમાં જ એ ઉપજવાનો ! ભવવિમોચકવાદીઓએ મારવામાં ધર્મ માન્યો, તમે બચાવવામાં ધર્મ માન્યો, ક્યાં મેળ મળે? માટે જ શ્રી સર્વજ્ઞના વચનના અવલંબનની પરમ આવશ્યકતા છે. સત્ય, ધર્મ, નિર્મમત્વ આ બધું કાંઈ પ્રત્યક્ષ નથી કે જેથી તેનો નિર્ણય થઈ શકે. આપણે ધર્મનું લક્ષ સાક્ષાત્ જાણતા જાણી શકતા નથી. માત્ર શ્રી સર્વજ્ઞદેવના વચનના આધારે જાણીએ છીએ. ધર્મ આચરનારા ગુરૂ છે. અધર્મ આચરનારા કુગુરૂ છે. ધર્મતત્ત્વનો તથા ગુરૂતત્ત્વનો આધાર દેવતત્ત્વ છે.

દેવ પોતાના વર્તનને ધર્મ બતાવે અને તે આધારે ધર્મ મનાય તો તો વૈદ-ગાંધીનું સહીયારું ગણાય. અહિં શ્રી તીર્થંકર દેવે પોતાના આચારને ધર્મ ગણાવ્યો પણ વૈદ-ગાંધીનું સહીયારું નથી. માટે દેવનું સ્વતંત્ર લક્ષણ છે. માટે જ કહ્યું છે કે શ્રી તીર્થંકર દેવ ગર્ભથી જ ત્રણ જ્ઞાનવાળા હોય છે. પહેલાં સદ્‌ગુણી હોય કે દુર્ગુણી હોય, સાચો હોય

કે જૂઠો, પરિગ્રહવાળો હોય કે પરિગ્રહ વગરનો તેની સાથે સંબંધ નથી. અમારે કેવલજ્ઞાનની સાથે સંબંધ છે. એ કેવલજ્ઞાન તથા તેનાં કારણો વગેરે શ્રી તીર્થંકર દેવના કહેવાથી માનવાનાં છે માટે પ્રથમ પરીક્ષા દેવની કરવાની છે તેથી મહાદેવાષ્ટક પ્રથમ શરૂ કર્યું છે.

પ્રથમ નવતત્ત્વો જાણ્યા પછી જ અનાર્યો પણ ધર્મ પામ્યા. ધર્મ વસ્તુ ઈન્દ્રિયોથી અગમ્ય હોવાથી અપ્રત્યક્ષ છે તેથી તેમાં વાદવિવાદ છે માટે સુદેવ-કુદેવ, સુગુરૂ-કુગુરૂ, સુધર્મ-કુધર્મની પરીક્ષામાં જ્ઞાનીની જરૂર છે અને એવા જ્ઞાની પ્રથમ શ્રી તીર્થંકરદેવ જ છે!

## ધર્મ નિરૂપણનો અધિકાર શ્રી તીર્થંકર દેવને જ કેમ ?

### તમામ દુન્યવી સુખોના ભોગે ધર્મ કરવાનું કારણ શું?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશાર્થે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં પ્રથમ મહાદેવાષ્ટકના વર્ણનમાં પ્રારંભમાં જ જણાવી ગયા કે આસ્તિક માત્ર તત્ત્વત્રયી (દેવ-ગુરૂ-ધર્મને માન્ય કરે છે. પ્રથમ ગુરૂતત્ત્વ કે ધર્મતત્ત્વ પરત્વે લખવાનો હેતુ એ જ કે મુખ્ય આધાર એ તત્ત્વને અવલંબીને જ છે. દેવે કહેલા આચારોને સંપૂર્ણપણે અમલમાં મૂકનારાને ગુરૂ માનવામાં આવે છે અને તે આચારને ધર્મ માનવામાં આવે છે. તત્ત્વત્રયીની સાધનાનો હેતુ સંતાપથી ભરેલા સંસારથી તરી પાર ઉતરવાનો છે માટે દેવનું સ્વરૂપ પ્રથમ નિશ્ચિત થવું જોઈએ. દેવ તેને માનવા જોઈએ કે જે પોતે સંસારનો પાર પામ્યા હોય, તરી ગયા હોય, શાશ્વત સુખના સ્થાને સ્થિત થયા હોય. જેને માનવામાં આવે તે દેવ જો ગુણવાન્ ન હોય, ઉપર જણાવ્યા મુજબના સ્વરૂપવાળા ન હોય તો તેવાના કહેલા આચારથી તેમજ તેવા આચારે વર્તનાર અને વર્તાવનાર્ ગુરૂને માનવાથી સંસારનો પાર પામવાનો હેતુ સરી શકતો નથી. ઊલટો આત્મા સંસાર સમુદ્રમાં વધુ ને વધુ સરતો (લપસતો) જાય છે. ધર્મનું નિરૂપણ કરનાર દેવ છે, આચરનાર તથા પ્રવર્તાવનાર ગુરૂ છે. ગુરૂતત્ત્વ કે ધર્મતત્ત્વનો આધાર દેવત્વ ઉપર છે. ધર્મ પ્રરૂપનારે આત્મા જાણવો જોઈએ. કર્મબંધનાં કારણો, કર્મ આવવાનાં કારણો, કર્મ રોકવાનાં તથા તેને તોડવાનાં કારણો જાણવાં જોઈએ તથા સર્વથા કર્મરહિત અવસ્થા પણ જાણવી જોઈએ. સત્ય ધર્મ નિરૂપણ કરનારે આ તમામના જ્ઞાતા થવું જોઈએ, નહિં તો વાસ્તવિક ધર્મનું નિરૂપણ થઈ શકે નહિં.

ધર્મ એ વસ્તુ શી? દુનિયાદારીમાં ખાદ્ય તથા પેય પદાર્થો ખાવાપીવાના ઉપયોગમાં આવે છે, પહેરવા ઓઢવાના વસ્ત્રાદિ પદાર્થો પહેરવા-ઓઢવામાં ઉપયોગી છે પણ ધર્મનો ઉપયોગ શો? જાહેર વિષયોની માફક ધર્મ ઉપયોગી દેખાતો નથી.

ધર્મ નથી ભૂખ ભાંગતો કે નથી તૃષા છિપાવતો, કોઈ કામમાં ઉપયોગી દેખાય છે? ખોરાક, પાણી, વસ્ત્ર, ધનધાન્ય, કુટુંબકબીલા, સ્ત્રી-પુત્રાદિ કરતાં ધર્મને વધારે કિંમતી તથા ઉપયોગી ગણીએ છીએ પણ નજરે ઉપયોગ કાંઈ દેખાય છે? ચર્મચક્ષુથી જોઈએ તો દુનિયાની તમામ ચીજોનો ઉપયોગ છે, કોઈ ચીજ નિરૂપયોગી દેખાતી નથી. અરે! કાંટા, કાંકરા પણ ખપમાં આવે છે. આંબાની વાડ કરવામાં કાંટાનો ઉપયોગ થાય છે. જગતની કોઈ ચીજ નિરૂપયોગી દેખાતી નથી, છતાં તે તમામના ભોગે ધર્મ કરવા માગીએ છીએ તેનું કારણ વિચારવું જોઈએ. આસ્તિક તથા નાસ્તિકમાં એ જ ફરક છે. નાસ્તિક ધર્મના ભોગે દુનિયાની ચીજ સંઘરે છે, આસ્તિક દુન્યવી પદાર્થોના ભોગે ધર્મ આચરે છે. સામાન્યતઃ પુણ્ય, પાપ, સ્વર્ગ, નરકાદિ માને તેને આસ્તિક ગણવામાં આવે છે. માન્યા એનો અર્થ મોઢેથી બોલી ગયા એમ નહિં. પુણ્ય છે. પુણ્યનું ફળ સ્વર્ગ છે. પાપ છે. પાપનું પરિણામ (ફળ) નર્ક છે - એવી હૃદયમાં બુદ્ધિ હોય તો જરૂર સમજે કે દુનિયાનાં સુખો, દુનિયામાં ચર્મચક્ષુથી દેખાતાં સુખો ચાર દિવસનું ચાંદરડું, ફીર અંધેરી રાત - એવી વાત જેવાં છે. જિંદગી કેટલી? પ્રથમના કાલમાં વધારેમાં વધારે ક્રોડો પૂર્વની. આજે સો વર્ષની! આટલા જીવનમાં, મળેલાં સુખોમાં વ્યામોહ પામી લપટાઈ જઈએ તો સાગરોપમો સુધી નર્કોનાં ભયંકર દુઃખો ચીસાચીસપૂર્વક ભોગવવાં પડે છે એટલે કે ભોગવેલા ભોગોનો ભોગ થવું પડે છે અને જો વિષયોના ભોગમાં ન ઘેલા બનીએ, સત્કાર્યોમાં જીવન વીતાવીએ તો પુણ્યના બંધયોગે દુર્ગતિએ ન જવું પડે તથા સાગરોપમો સુધી સ્વર્ગમાં સુખો સાંપડે છે. એ યાદ રાખવું કે સુખો પણ છે તો દુન્યવી જ તેમાંય લપટાવાનું તો લેપાવા માટે જ છે. માટે જ ધર્મક્રિયાનો હેતુ સ્વર્ગનો નથી, મોક્ષનો છે કે જ્યાં સુખ સાચું તથા શાશ્વત છે. પણ છતાંય દેવલોક મળે છે તે દુર્ગતિના હિસાબે તો ખોટો નથી. કોઈ એમ કહે કે "સો વર્ષના જીવનમાં ભોગનો ત્યાગ કરીએ અને એ જ છોડવા યોગ્ય ભોગો દેવલોકમાં સાગરોપમો સુધી ભોગવવા પડે તો તેના કરતાં તે સો વર્ષ ભોગવટો કરવો શું ખોટો છે? સો વર્ષનો આવો ત્યાગ વૈરાગ્ય તો નકામો છે? આ વિચારણા ખોટી છે. ખેડૂત બીયાં તો વાવે, ઉગ્યા પછી બીયાં કરતાં વધારે ખાય છે. તેમાં વાંધો નથી પણ બીયાં જ ખાઈ જનારા ખેડૂતની શી દશા? બીયાં ઉગ્યા પછી ખાનારો ખાવામાં બેબાકળો નહિં થાય. શાસ્ત્રકારો ભોગ કે રાગ માટે ત્યાગ કે વૈરાગ્ય કહેતા નથી, પણ આત્માના કલ્યાણાર્થે કહે છે.

### ચક્રવર્તી ચક્રવર્તીપણામાં મરે તો નરકે જ જાય

સાધુ થાય તો નરકે ન જ જાય - સ્વર્ગે કે મોક્ષે જ જાય તેનું કારણ? ચક્રવર્તી કરતાં દેવલોકમાં કઈ ગુણી સાહ્યબી છે ! ચક્રવર્તીને તો વધારેમાં વધારે છ ખંડની માલીકી છે જ્યારે ભવનપતિ તથા

વ્યંતર જેવા હલકા દેવોને પણ જંબૂદ્વીપ જેવા મોટા સ્થાનોનો ભોગવટો છે. ચક્રવર્તી જો સંસારનો ત્યાગ ન કરે તો, ઈહલૌકિક ભોગરાગમાં લપટાવાના કારણે મરીને નરકે જાય છે. નરક સિવાય બીજી ગતિ જ નહિં. વ્યંતર સરખો હલકો દેવતા પણ સાહ્યબી વધારે છતાંયે ચ્યવીને હલકી ગતિએ જતો નથી. ભરત મહારાજા, સનતકુમાર, વગેરે જે ચક્રીઓ મોક્ષે કે સ્વર્ગે ગયા છે તે ચક્રવર્તીપણામાં નહિં, પણ સાધુપણામાં ! સંયમના યોગે સ્વર્ગે સંચરવું કે મોક્ષાનંદમાં સ્થિત થવું એમાં નવાઈ શી? ચક્રવર્તી સંયમી થાય ત્યારથી આરંભપરિગ્રહાદિ તજ્યા એ વાત ખરી પણ જુનાં કર્યાં છે એ ક્યાં ગયાં? સામાયિકમાં બે ઘડીની પ્રતિજ્ઞા છે, પૌષધમાં ચાર કે આઠ પહોરની પ્રતિજ્ઞા છે તે શોભે ક્યારે? ભૂતકાલનાં પાપને પડદે નાંખો ત્યારેને ! કરેમિભંતે તથા પૌષધમાં શું કહેવું પડે છે ?

**दुविहेणं**

**तस्सभंते पडिक्कमामि निंदामि गरिहामि**

**अप्पाणं वोसिरामि**

ભૂતકાળમાં કરેલાં પાપો, આરંભો, પરિગ્રહોથી એ બધાથી અત્યારે આત્મા પાછો હઠે છે તે શું ધારીને ? **पडिक्कमामि** ની જોડેજ **निंदामि** મૂક્યું. ભૂતકાલના આરંભ પરિગ્રહો તથા માયા મમતા પૂર્વકના ભોગો વગેરે નિંદવા લાયક છે માટે નિંદા કરવા પૂર્વક પાછા હઠવાનું છે, એ નિંદા એકલા મનથી નહિં, કારણ કે મનનો વિશ્વાસ શો ? મનથી ઉપવાસ ધાર્યો, ચાહ દૂધ તૈયાર થયાં તો આવતી પાંચમે વાત રાખતાં મનને ક્યાં વાર લાગે છે ? મન તો માંકડું છે. ઘડીમાં રાજા ઘડીમાં રંક ! મન મર્કટ પર ભરોસો રાખવાની શાસ્ત્રકાર સાફ ના કહે છે. માટે **निंदामि** સાથે **गरिहामि** મૂક્યું. જેને નિંદવા લાયક ગણ્યું તેની નિંદા, માત્ર મનથીજ નહિ પણ ગુરૂની સમક્ષ 'આ ખોટું કર્યું છે' એમ જાહેર કરવાનું છે, ગર્હવાનું છે. પૂર્વકાલના આરંભાદિક માટે પ્રતિક્રમણ, આત્મસાક્ષીએ નિંદા ગુરૂ સમક્ષ જાહેર નિંદા કરવા છતાં આત્માના ચપળ સ્વભાવનો ભરોસો નથી. કૂતરાની પૂછડી ભુંગળીમાં નાંખીએ ત્યારે સીધી અને કાઢીએ ત્યારે વાંકી એ દશા આત્માની છે. માટે **वोसिरामि** કહેવું પડ્યું. તેવા પાપમય આત્માને વોસિરાવું છું અર્થાત્ તેવા પાપમય આત્માનો ત્યાગ કરું છું એમ કહેવું પડ્યું. એ જ રીતિએ ચાહે તો ચક્રવર્તી હો, બળદેવ હો કે તીર્થંકર હો. સર્વસામાયિક ઉચ્ચરે, સાધુપણું લે ત્યારે તેની પહેલાંના આરંભાદિકને લીધે થયેલા કર્મોનું પ્રતિક્રમણ કરે છે, નિંદા કરે છે, ગર્હા કરે છે, અને પાપમય આત્માને વોસિરાવે છે. ચક્રવર્તીએ ચક્રવર્તીપણામાં મહાપરિગ્રહો કર્યા તો પણ તેને પ્રતિક્રમણાદિ કરી ખસેડ્યા છે. માટે પચ્ચખ્ખાણમાં **अईयं निंदामि** વગેરે આવે છે. અતીતકાલનાં પાપની નિંદા, વર્તમાનકાલ માટે સ્મરણ તથા ભવિષ્યકાલ માટે પચ્ચખ્ખાણ કરવામાં આવે છે.

જે ચક્રવર્તીએ ભૂતકાલનાં પાપોની નિંદા ન કરી હોય, વર્તમાનમાં જે સંવરમાં ન હોય તથા ભવિષ્યના પચ્ચક્ખાણમાં જે ન હોય તે ચક્રવર્તી મરીને નક્કી નરકેજ જાય છે. તેને માટે નરક સિવાય બીજી કોઈ ગતિ નથી. જે કારણે જેની નરકગતિ નિશ્ચિત છે તે આરંભાદિક કારણોની અતીતકાલની અપેક્ષાએ નિંદા, વર્તમાનમાં સંવર તથા અનાગતકાલ માટે પચ્ચક્ખાણ કરનાર ચક્રવર્તીને તેવા ઉચ્ચત્યાગ વૈરાગ્યથી દેવલોક કે મોક્ષ મળે તેમાં આશ્ચર્ય નથી.

## શ્રીજિનેશ્વર દેવે ધર્મનો ઉપદેશ કેવલ મોક્ષ માટેજ આપ્યો છે.

થયેલા ગુન્હાને અંગે ગુન્હેગારે દિલગીરી દર્શાવવાથી કેઈ વખત કેસમાં માંડવાળ થાય છે. ચક્રવર્તી ચક્રવર્તીપણામાં મરવાથી નરકે જાય છે. જ્યારે દેવતાને પણ મહા પરિગ્રહાદિ છે છતાં ત્યાંથી મરી નરકે જવાનું નથી તેનું એકજ કારણ છે કે તે ભોગો મનુષ્ય ભવમાં કરેલા ત્યાગ વૈરાગ્યના પુણ્યથી મળેલા છે. જેમ બીજ ખાઈ જનાર ખેડુત બેવકૂફ બને છે પણ વાવ્યા પછી નીપજેલી ખેતીમાંથી ખાનાર બેવકૂફ ગણાતો નથી. તેમજ અહિં પણ આ મનુષ્ય જીવનના સો વર્ષના જીવનમાં વિષયાદિમાં લપટાય તો બેવકૂફ અને જો ન લપટાતાં ત્યાગ કરે તેથી દેવલોકના ભોગો મેળવે છતાં બેવકૂફ નહિ પણ ડાહ્યો છે. ભોગોના ત્યાગને અંગે વધારે ભોગો મેળવવા એ છે વેપારી હિસાબઃ પણ ધર્મ વેપારી હિસાબે નથી. ધર્મ તો આત્માની નિર્મલતા માટે આચરવાનો છે. શ્રી તીર્થંકર ભગવાને કેવલ આત્માની નિર્મલતા પ્રાપ્ત કરવા માટેજ ધર્મ કહ્યો છે, જો ભોગો માટે, રિદ્ધિ સમૃદ્ધિ માટે, બાહ્ય સુખો માટે, પૌદ્ગલિક પદાર્થો કે વિષયો માટે ધર્મ કહ્યો હોત તો શ્રી તીર્થંકરને કોઈ દેવ માનતજ નહિં. જો સો વર્ષના વિષયો જાળ રૂપ હોય, ફાંસા રૂપ હોય તો સાગરોપમનાં કેમ તેવા ન ગણાય ? ગણાયજ ! મનુષ્યલોકના ભોગોને તજવાનું જો દેવલોકના ભોગો માટે કહે, એ પાપની જડ માટે ધર્મ બતાવે તો શ્રીતીર્થંકર દેવનું સામાયિક કે મહાવ્રત ટકેજ ક્યાંથી? જેમણે શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શનો ત્રિવિધ ત્યાગ કર્યો છે, વિષયોનો તથા પરિગ્રહોનો ત્રિવિધ ત્યાગ કર્યો છે તેઓ જો બીજાને વિષયો કે પરિગ્રહોનો કે તેનાં કારણોનો ઉપદેશ આપે તો તેમનો ત્રિવિધ ત્યાગ રહ્યો ક્યાં? શ્રી જિનેશ્વર દેવે ધર્મનો ઉપદેશ દેવલોક માટે આપ્યો નથી, કેવલ મોક્ષ માટેજ આપ્યો છે.

નવકારમાં પાંચ પદ તથા ચાર ચૂલિકા કહો છો ને ! ત્યાં શું બોલો છો ? **सव्वपावप्पणासणो**; 'સર્વ પાપને નાશ કરનાર' એમજ કહો છો ને ! શ્રીજિનેશ્વરદેવની પૂજા વખતે ચૈત્યવંદનમાં શું બોલો છો ? **तिन्नाणं तारयाणं बुद्धाणं बोहयाणं**

**मुत्ताणं मोअगाणं** કહો છો એનો અર્થ નથી. જાણતા ? કાઉસ્સગ્ગમાં **निरूवसग्ग वत्तियाए** કહો છો ને ! કાઉસ્સગ્ગ પણ મોક્ષ માટે છે. શ્રી જીનેશ્વર દેવની પૂજા પણ મોક્ષ માટે છે. સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિ તમામ મોક્ષ માટે જ છે. આટલી વાત થયા પછી સહેજે સમજી શકાશે કે શ્રીતીર્થંકર દેવે મુદ્રાલેખ રાખ્યો છે કે - જેઓ ધર્મ ક્રિયાનું ફલ મોક્ષ ન રાખે, ન માને તે શ્રી ભગવાનના કંપાઉન્ડમાં નહિં, પછી ભલે તે સામાયિક, પૌષધ, પૂજા પ્રભાવના કે યાવત્ સર્વવિરતિ કરતો હોય! ભગવાનનો કંપાઉન્ડ કાંઈ ઈંટ, માટી કે પત્થરનો ચણેલો નથી. કંપાઉન્ડમાં નહિ એટલે એ સમકિતિ નહિં. દાન, શીલ, તપ, કે ભાવ કોઈ પણ પ્રકારની ધર્મકરણી હોય પણ તેમાં જો મોક્ષની અપેક્ષા ન રાખે તો તે સમકિતિ નથી અને મોક્ષની બુદ્ધિએ નવકાર માત્ર ગણનારો સમકિતિ છે, કેમકે ભગવાનનો ઉદેશ તેણે હૃદયમાં બરાબર ઉતાર્યો છે. જેણે મોક્ષની અપેક્ષા ન ધરાવી તેણે ભગવાનના ઉદેશની દિશા પલટાવી દીધી છે. કથન હોય એક અભિપ્રાયનું અને લઈ જાય બીજા અભિપ્રાયે તો એ સ્પષ્ટતયા વિપરીત જ છે. શ્રીતીર્થંકર ભગવાને ધર્મ કહ્યો છે તે મોક્ષ માટે જ કહ્યો છે. તે મોક્ષ માટે જ કહ્યો છે એવી ધારણા વગરનો ગમે તેવી અને ગમે તેટલી ક્રિયા કરનારો પણ હજી સમકિતિ સુદ્ધાં નથી તો બીજી શી વાત?

## સરહદમાં કોણ તથા સરહદની બહાર કોણ?

અભવ્ય આઠે તત્ત્વોને માને છે. માત્ર એકજ 'મોક્ષ' તત્ત્વને માનતો નથી. જીવાદિક આઠે તત્ત્વો બુદ્ધિ ગમ્ય છે. પોતાને સુખ દુઃખનું વેદન અને જ્ઞાન આ ત્રણ ચીજ અનુભવ સિદ્ધ છે એટલે જીવ તથા અજીવ માનવામાં વાંધો આવતો નથી. સુખ દુઃખ માન્યા તો તેનાં કારણો માનવામાં પણ વાંધો આવે નહિ. કેટલાકને જન્મથી જ સુખ દુઃખ હોય છે તો ત્યાં પહેલા ભવના કારણ ને સ્વીકારવું પડે. એક જીવ રાજાને ત્યાં જન્મ્યો, બતાવો રાજ્યનાં સુખ માટે જન્મતાં જ ક્યારે ઉદ્યમ કર્યો ? એક જીવ ભીખારીને ત્યાં જન્મ્યો, ત્યાં ભોગવવી પડતી હેરાનગતિ માટે જન્મતાં જ શાં પાપો કર્યાં ? એક જીવ દેણદારને ત્યાં જન્મતાં જ દેવાનો વારસ થયો તેનું કારણ ? તેથી પુનર્જન્મો અને પહેલાંના કર્મો બુદ્ધિથી માનવા પડે તેમ છે. મૂલ રાજાએ તો લડાઈ કરીને રાજ્ય મેળવ્યું હતું, વધાર્યું હતું, જમાવટ કરી હતી પણ ત્યાં જન્મનાર જે ગાદીએ બેસે છે અને વગર લડાઈએ રાજ્ય મેળવે છે, ભોગવે છે તે કયા ઉદ્યમથી ? દેવાદારને ત્યાં જન્મનારે પોતે કઈ રકમ લીધી હતી? આ બધી વાતની જડમાં જઈએ તો કર્મબંધ માન્યા સિવાય છૂટકો નથી. કર્મ કેટલાંક સારાં, કેટલાંક નરસાં છે. અનુકૂલતા પૂર્વક ભોગવાય તે પુણ્ય, પ્રાંતકૂલતા પૂર્વક ભોગવાય

તે પાપ, આ તમામ સંયોગો જીવની સાથે વળગેલા જ છેને ! અન્ય જીવો દુઃખ ભોગવે છે, પોતાને સુખ છે. માનો કે તે વખતે પોતાને પુણ્યોદય છે, દુઃખ ભોગવનારાઓને પાપોદય છે. પોતાને આજે દુઃખ થયું, કાલે મટી ગયું, માનો કે આજે દુઃખનું કારણ ઉદયમાં આવ્યું હતું તે ખસી ગયું એટલે દુઃખ મટી ગયું. જો તેમ ન હોય તો દુઃખ મટ્યું. કેમ ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, તેનાં કારણો, રોકવાનું, લાગવાનું તોડવાનું આ બધું બુદ્ધિથી મનાય તેમ છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, તથા નિર્જરા એ આઠે તત્ત્વો બુદ્ધિ ગમ્ય છે. પોતાની બુદ્ધિને જચતા એવા આઠ તત્ત્વોને અભવ્યો પણ માને છે. માત્ર એક મોક્ષ તત્ત્વને ન માનવાના કારણે શાસ્ત્રકારો તેને પોતાની સરહદમાં ગણતા નથી. સિદ્ધ છે કે શ્રીજિનેશ્વરદેવે કેવલ મોક્ષ માટે જ ધર્મ કહ્યો છે ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે.

પ્રશ્ન : ધર્મ, સ્વર્ગ તથા મોક્ષ દેનાર છે એમ શાસ્ત્રકારો જ કહે છે. ધર્મથી દેવલોક તથા મોક્ષ એમ બંન્ને ફળ શ્રીતીર્થંકરદેવે કહ્યા છતાં માત્ર મોક્ષ ફળને માનનાર સરહદમાં અને દેવલોકને ફલ માનનાર સરહદ બહાર એનું કારણ ? સમાધાન-અનાજ વાવીએ ત્યારે ઘાસ પણ થાય તથા અનાજ પણ થાય, આ ચોક્કસ છે. ઘાસ માટે અનાજ વાવું છું એમ બોલનારો ખેડુત કેવો ગણાય? કમ અક્કલ ! અનાજ માટે વાવવાનું, ઘાસ માટે નહીં. કેમકે અનાજ એ મુખ્ય ફલ છે, ઘાસ તો ગૌણ જે. ગૌણને મુખ્ય ગણાવે તે બુડથલ ગણાય. મોક્ષ એ મુખ્ય ફલ છે, દેવલોક ગૌણ ફલ છે. શ્રી જિનેશ્વરદેવે ધર્મ મોક્ષ માટે કરવાનો કહ્યો છે. દેવલોક રૂપી ફલ આનુષંગિક થઈ જાય છે, જેમ અનાજ થતાં ઘાસ થઈ જાય છે તેમ.

દુન્યવી સુખ માટે કે દેવલોક માટે ધર્મ કરવાનું ધારે, મોક્ષનું ધ્યેય ભૂલી જાય તો સ્પષ્ટ છે કે એ સમ્યક્ત્વની સરહદની બહાર છે. ધર્મનાં ફલ બે જરૂર ! મોક્ષ તથા દેવલોક. જેઓ ધર્મનું ફલ મોક્ષ માને, મોક્ષની અપેક્ષાએ ધર્મ કરે તેને સરહદમાં પેસવાનો હક છે. દેવલોકની અપેક્ષાએ ધર્મ કરનારો સમ્યક્ત્વની સરહદની બહાર જ રહેવાનો છે.

### કેવલજ્ઞાની તથા તીર્થંકરમાં ફરક કેવલ જ્ઞાનમાં નથી, પુણ્ય પ્રકૃતિમાં છે !

ધર્મોપદેશકે, ધર્મકથકે આ બધું જાણવું જોઈએ. ધર્મનું સ્વરૂપ, તેનાં મુખ્ય તથા ગૌણ ફલ, સમ્યક્ત્વની સરહદ સાથેના હકનો સંબંધ આ તમામ વિવેક પૂર્વક જાણનાર જ ધર્મ કહી શકે છે, ધર્મ કહેવાનો હક ધરાવે છે, અન્યથા નહિં. કાયદાનાં યથાર્થ જ્ઞાન વગર ચૂકાદો આપનાર જ જેમ જોહુકમી કરનાર ગણાય તેમ ધર્મને જાણ્યા વગર ઉપદેશ આપનાર પણ એ કક્ષામાં ગણાય. આ બધું જાણ્યા પછી ધર્મ કહેનારા તે જ સાચા

ધર્મ કહેનારા ગણાય. આ રીતે ધર્મ દરેક કેવળી જાણે છે. શ્રીતીર્થંકર દેવના તથા અન્યના કેવલજ્ઞાનમાં લેશ પણ ફરક નથી. શ્રીતીર્થંકર જેમ નિરૂપણ કરે તેમ શ્રી ગૌતમસ્વામીજી પણ નિરૂપણ કરે. જો આમ જ હોય તો શ્રીતીર્થંકર દેવનો ભેદ શા માટે ? વીજળીનો પ્રવાહ બધે સરખો વહે છે પણ પ્રકાશનો આધાર ગ્લોબના ઉંચા નીચા નંબર ઉપર છે. ફરક વીજળીના પ્રવાહમાં નથી પણ ગ્લોબના નંબરમાં છે. ઉંચા નંબરનો ગ્લોબ વધારે પ્રકાશ પાથરે છે. જેને કેવલજ્ઞાન થાય તે બાલક હોય કે વૃદ્ધ હોય, ગણધર હોય, મુનિ હોય કે શ્રી તીર્થંકર હોય. કેવલજ્ઞાનમાં જરા પણ ફેરફાર નથી. ત્યારે ફરક ક્યાં ? ફરક પુણ્ય પ્રકૃતિમાં છે.

**ભગવાને પૂર્વભવમાં કરેલી ભાવના તથા તેની સિદ્ધિ માટે કરેલા તપની કલ્પના તો કરો!!!**

"આખા જગતને હું ધર્મ સમજાવું. વિષય કષાયો, આરંભ સમારંભ પરિગ્રહાદિના દાવાનળમાંથી આખા જગતને-જગતના તમામ જીવોને હું બચાવું" તેણે એવું ઉત્કૃષ્ટ પુણ્ય બાંધ્યું કે તેથી શ્રીતીર્થંકર પદની પ્રાપ્તિ થાય. આ ફરક પુણ્ય પ્રકૃતિનો છે. કેવલજ્ઞાનનો નથી જેમ અજવાળાના વિસ્તારમાં કે પ્રમાણમાં ફરક વીજળીના પ્રવાહનો નથી પણ નીચા ઉંચા નંબરવાળા ગ્લોબનો છે. ભવાંતરથી આવા વિચારો જેને હોય, એ વિચારોમાં જે ઓતપ્રોત હોય, આશ્ચર્ય શું ? આપણે તો પૂજાનો નિયમ કરીએ પણ જરા વિઘ્ન આવ્યું, સામાન્ય કારણ નડ્યું તો પૂજાનો નિયમ પાળનારા કેટલા ? આપણે ધર્મ કરવો છે ખરો પણ પોતાના દુન્યવી કામકાજમાં વાંધો ન આવે તે રીતે ! ત્યાં વાંધો પાલવતો નથી ! શ્રી તીર્થંકરદેવના જીવોની પહેલા ભવોની આરાધના જોઈ ! ભગવાન શ્રી મહાવીર સ્વામીજીએ આગલા ભવમાં લાખ વર્ષ સુધી લાગલાગટ માસક્ષમણ કર્યા છે. જરા કલ્પના તો કરો ! આ જ તો ચૌદશ નજીક આવે એટલે ઉપવાસ કે છઠ્ઠ કરવાને અંગે કાળજું ધડક ધડક થાય છે ! એક તપ આદરવામાં આવે તો ક્યારે ઝટ પૂરો થાય એ જ ભાવના હોય છે! તપશ્ચર્યાથી છૂટાછેડાની રાહ જોવાય છે ! ભગવાને પૂર્વ ભવમાં, સાધુપણાના એક લાખ વર્ષના જીવનમાં, કહો કે જીવનના સાધુપણાના એક લાખ વર્ષના અવશેષ સમયમાં કાયમ માક્ષક્ષમણો કઈ હિંમતે કર્યા હશે! કરવાની વાત પછી, સંકલ્પ શી રીતે થયો હશે ! જગતને પ્રતિબોધવાની તે મને કેવી તીવ્ર ભાવના હતી તે આથી સમજાશે. આવી ભાવના યુક્ત હૃદયને નજર આગળ રાખશો તો માલૂમ પડશે કે ઉત્કૃષ્ટ પુણ્યનો ગ્લોબ શી રીતે તૈયાર થયો ! કેવલજ્ઞાન તો બીજાને પણ હોય છે પણ કેવળી માત્ર દેવ તત્ત્વમાં નથી. પાંચ કલ્યાણક, અષ્ટ મહાપ્રાતિહાર્ય, ચોત્રીશ અતિશય, બે આસન આ તમામ દેવ તત્ત્વ સાથે સંકલિત છે. જગતના જીવોના ઉદ્ધારની અપ્રતિમ ભાવના ભવાંતરથી

જેમને હતી, એ ભાવનાની સફલતા માટે સતત પરમપુરૂષાર્થ હતો એથી ઉત્કૃષ્ટ પુણ્યયોગે જગતનો ઉદ્ધાર કરવાની પ્રવૃત્તિને લાયકનાં સાધનો તેમને આપોઆપ આવી મળ્યાં.

## શ્રીતીર્થંકર નામકર્મનો દિવ્ય પ્રભાવ !!!

**મનુષ્યપણાનાં સ્થાન થોડાં છે, ઉમેદવારો ઘણા છે !**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય જીવોને ધર્મોપદેશ દેતાં અષ્ટકજી પ્રકરણની રચનામાં બત્રીશ અષ્ટકોમાં પ્રથમ મહાદેવાષ્ટક કહેવાના કારણમાં એમ જણાવી ગયા કે આસ્તિક માત્ર દેવ, ગુરૂ, ધર્મ એ તત્ત્વત્રયીને માને છે. તેમાં મૂળ આધાર ભૂત દેવતત્ત્વ જ છે. ગુરૂ તે જ મનાય છે કે જે દેવે કહેલા આચારમાં વર્તે. દેવે કહેલા આચાર તે ધર્મ મનાય છે. અન્યમતોમાં પ્રથમ ભૂલ અહિં જ થાય છે. તેમને દેવતત્ત્વ સુંદર મળતું નથી તેથી ખુલ્લું છે કે ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ પણ સુંદર મળી શકે નહિં. મનુષ્યભવની સુંદરતા દેવતત્ત્વની સુંદરતા ઉપર આધાર રાખે છે. માટે જ મનુષ્ય માત્રે દેવતત્ત્વનો ખાસ વિચાર કરવાનો છે. મનુષ્ય ભવ દેવતાના ભવથી પણ મુશ્કેલીથી મળે છે. દેવતાને ઉપજવાનાં સ્થાનો મનુષ્યો કરતાં અસંખ્યગુણા છે. જે પદાર્થો ઘણા હોય તેમાંથી ઉમેદવાર કંઈ પણ પામી શકે છે. થોડી વસ્તુઓના ઉમેદવારોમાં ઘણાને નિરાશ થવું પડે. ૯૮ સ્થાન તેમાં ગર્ભજ મનુષ્યનું સ્થાન ઓછામાં ઓછું છે. તેના કરતાં બીજી કોઈ પણ ઓછી જાત નથી. દેવતાની જાત લગભગ ૫૦-૫૫મા નંબરે છે. મનુષ્યપણાનાં સ્થાન ઓછાં હોવાથી ઘણા ઉમેદવારો નાસીપાસ થાય. દેવલોકનાં સ્થાનો ઘણાં અને ઉમેદવારો થોડા કેમકે દેવતાઓ, નારકીઓ, વિકલેંદ્રિય કે એકેંદ્રિયના જીવો દેવલોકમાં જઈ શકતા નથી એટલે એટલી ગતિના ઉમેદવારો તો આપો આપ ઓછા થાય છે. દેવતાની ગતિને લાયકના જીવ ઘણા થોડા છે. મનુષ્ય ગતિને લાયકના જીવ ઘણા છે. અનંતકાયમાંથી નીકળેલો મનુષ્ય થાય. મનુષ્યપણાના ઉમેદવારો ઘણા છે.

આપણને આવું દુર્લભ મનુષ્યપણું મળી ગયું. ઉમેદવારી પાસ થઈ ગઈ. પણ મળેલું મનુષ્યપણું બાદશાહના ખાજાના ભુકા જેવું થઈ પડ્યું છે. એક વખત બાદશાહ તથા બીરબલ ગોખમાં ઉભા છે. ત્યાં માર્ગે એક દુબળો ભિખારી પસાર થાય છે તેને તે હાલતમાં જોઈ બાદશાહ બીરબલને પૂછે છે: "બીરબલ! યે દુર્બલ દુબળા ક્યું?"

બીરબલ : "જહાંપનાહ! ઉનકોં ખાનેકા નહિ મિલતા!"

બાદશાહ : "ખાનેકા નહિ મિલતા ? બેવકૂફ યહ કહીકા? ખાનેકા ન મીલે તો ખાજેકા ભૂકા ક્યું નહિ ખાતા ?"

બાદશાહ પોતાની નજરે બોલે છે માટે કેમકે બાદશાહને મન તો ખાજાંનો ભૂકો એ ફેંકી દેવાની ચીજ છે. પણ જગતની નજરે જુએ તો ખબર પડે કે ખાજાંનો ભૂકો પણ ભિખારીને મળી શકતો નથી. બાદશાહ જ્યાં સુધી બાદશાહી નજરે જુએ ત્યાં સુધી એ પરિસ્થિતિનો ખ્યાલ કદાપિ આવી શકતો નથી. જગત્‌ની દૃષ્ટિએ તો બિચારા ભિખારીને ખાજાંનો ભૂકો જોવાનું પણ ક્યાં છે ? એ જ રીતે આપણે મનુષ્ય શરીરમાં આવ્યા, શરીરે વધ્યા, સમજણમાં વધ્યા માટે મનુષ્યપણાની દુર્લભતા ખ્યાલમાં આવતી નથી. કેમકે દૃષ્ટિ પ્રાપ્ત મનુષ્યપણાની છે. જેઓને મનુષ્યપણું નથી મળ્યું તેવા ઝાડ, ફળ, ફુલ, પાંદડાં, વગેરેની નજરે જુએ તો જરૂર મનુષ્યત્વ દુર્લભ સમજાય. પૃથ્વીકાય, અપકાય, તેઉકાય, વાયુકાય, વનસ્પતિ કાયામાં રહેલા જીવો મનુષ્યપણું ન પામ્યા અને આપણે પામ્યા તેમાં કાંઈ કારણ ખરું કે નહિ? ક્યા પુણ્યથી આ મનુષ્યત્વ સાંપડ્યું એ ભલે ન સમજાય પણ એક વાત તો ચોક્કસ કે કોઈ પુણ્ય પ્રકૃતિથી જ મળ્યું છે.

**જન્મતાં જ મળતાં સુખ દુઃખમાં આ જન્મનું ક્યું કારણ છે ?**

ગાદીપર આવેલા બાદશાહને રાજ્યાદિ રિદ્ધિ મળી તે ક્યા કારણે ? આ ભવમાં ક્યો પ્રયત્ન છે ? રાજ્ય મેળવવા વગેરેમાં તો વડીલોનો પ્રયત્ન હતોને! બીજું કોઈ અહિં ન જન્મ્યું અને પોતે કેમ જન્મ્યો ? રાજ્ય માટે પોતાની મહેનત મુદલ નથી. તેમ રાજ્ય કાંઈ ઉપરથી (આકાશથી) ઉતરીને આવ્યું નથી. પોતે જન્મતાં પહેલાં સ્થાનની પસંદગી કરી નથી કે એનો જ જન્મ થાય. એવી શોધ કે પસંદગી માબાપે પણ કરી નથી. તો આ બધું થવામાં કાંઈ કારણ ખરું કે નહિં ? ખોળે (દત્તક લેવામાં કે થવામાં તો હજુ પરસ્પર જોવાપણું હોય પણ જન્મ લેવામાં નથી માબાપે દીકરાના જીવને પસંદ કર્યો કે અવતરનારે નથી માબાપને પસંદ કર્યા ! કન્યા આપતી વખતે હજી એ સુખી થશે કે નહિ તેવી તપાસ થાય છે પછી જ સંબંધ સંધાય છે. પણ અહિં સંબંધ કોણે સાંધ્યો ? કોઈ દલાલ ખરું કે નહિં? કેટલાયે વેપાર એવા હોય છે કે જેમાં સોદા ખૂબ થાય છે પણ ગ્રાહક વેપારીને ઓળખતો નથી, વેપારી ગ્રાહકને ઓળખતો નથી. માત્ર બેયને દલાલ જ જાણે છે. તો અહિં આવો સોદો કોણે કર્યો ? નશીબે. પૂર્વે એવા કર્મ કરેલાં કે જેથી પોતે રાજ્યના વારસરૂપે આવીને અવતર્યો: એવો અંતરાય તોડેલો કે આવી રિદ્ધિ વખતે જ પુત્રપણે આવી ગયો. પ્રથમના ભવનું સદ્‌ભાગ્ય જ ગાદીએ લાવનાર છે. ઘણાએ જીવો આ રહ્યા! કેમ રાજ્ય ન પામ્યા ? કેમ તેવી તક તેમને ન મળી ? એકજ કારણ છે કે તેમણે પેલા ભવે તેવું પુણ્ય ઉપાર્જન કર્યું નથી. જેણે તેવું પુણ્ય ઉપાર્જ્યું તેણે તેના યોગે રાજ્ય આવી મળ્યું છે.

**ઉઠાઉગીર ગ્રાહકોવાળી પેઢી ચાલે કેટલો સમય ?**

એ જ રીતે આપણે આ મનુષ્યપણું પહેલા ભવના ભાગ્યોદયે પામ્યા છીએ. જે પેઢીમાં કેવળ

ભાડા વગેરેનું, મુનીમના પગાર વગેરેનું ખર્ચ જ ચાલુ હોય અને ગ્રાહક કોઈ આવે નહિ, આવે તો ઉઠાઉગીર આવે તો તે પેઢીની દશા શી થાય ? તેમ આપણે મેળવેલા મનુષ્યપણાની પેઢીની હાલત વિચારણીય છે. આરંભ, સમારંભ, પરિગ્રહો, વિષયો, કષાયો, મોહમમત્વમાયા, કુટુંબકબીલા આ બધા ગ્રાહકો! આમાં કોઈ કમાણી કરાવનારો છે ? બધા જ એક નંબરના ઉઠાઉગીર છે. અવલ દરજ્જાના ધાડપાડુ છે. સો લઈને નેવું પણ પાછા આપવાના નથી ! પુણ્ય કેટલું ખવાય છે? બદલામાં શું મળે છે તે કદી તપાસ્યું ? આવા ગ્રાહકો ઉપર પેઢી ચલાવાય ખરી ? મનુષ્ય ગતિમાંથી દુર્ગતિમાં જવાનું કારણ એ જ છે કે પુણ્ય પ્રકૃતિ ભોગવી લઈએ છીએ (ખવાતી જાય છે) અને પાપ પ્રકૃતિ બાંધીએ છીએ. પુણ્યના ફલના ભોગવટામાં રાચવા માચવાથી પાપ બાંધીએ છીએ. જે ગ્રાહકો માલ તો લઈ જાય, લીધે જ જાય અને દામ આપે નહિં તો નફાની વાત તો ક્યાં કરવી, મૂડી જ સફાચટ થવાની છે! લુચ્ચા ગ્રાહકો મીઠું બોલનારા હોય છે, મોં માગ્યો ભાવ આપનારા હોય છે. (પૈસા આપવા હોય તો વાંધો છે ને!) ઈંદ્રિયોના વિષયો મીઠા લાગે છે. સ્વાદિષ્ટ ખાવાનું મળે તો 'હાશ!' સારૂં રૂપ, સૌંદર્ય જોયું તો 'ઓહો!' મધુરૂં ગાયન સાંભળતાં મસ્તક ડોલે છે! આ બધા ગ્રાહકો ફોલી ખાનારા છે. છતાં આપણે તેને 'ભાઈ! ભાઈ!' કરી દુકાને બેસાડીએ છીએ અને દાન, શીલ, તપ, ભાવ રૂપી આબરૂદાર ગ્રાહકોને કદી પેઢીએ બોલાવ્યા? આ ગ્રાહકો આબરૂદાર હોવાથી બેદરકાર છે, મીઠું બોલનારા નથી, લીધેલા માલના પૂરા દામ આપનારા છે. એ સમજે છે કે એવી ૨૧ દુકાનો છે. દેવ, ગુરૂ, ધર્મરૂપી ગ્રાહક આપણને ગમતા નથી. વિષયકષાયો રૂપી બદમાશ ગ્રાહકોથી આખી પેઢી વીંટળાઈ વળેલી છે. આબરૂદાર ગ્રાહક આવે તો બેસવાનું સ્થાન પણ છે? વેપલો તે કર્યે રાખ્યો પણ ચોપડા જોયા કે રકમ આવી કઈ અને રહી કઈ ? આયુષ્ય ઓછું થતું જાય છે, પુણ્ય ખવાતું જાય છે, કાંઈ મેળવ્યું ?

## અપૂર્ણાંકનો ગુણાકાર તે ભાગાકારનો ભાઈ છે!

જેમ પેલો બાદશાહ જગતની દશા ભૂલી ગયો હતો તેમ આ જીવ મનુષ્યપણાની સમજણવાળો થયા પછી પૂર્વનો વિચાર કરતો નથી કે પોતે ક્યા પુણ્યથી મનુષ્ય થયો છે ? આવા વિચારો ન કરનારો મનુષ્ય મનુષ્યપણાની દુર્લભતા ક્યાંથી વિચારે ? રેતીની કિંમત છે, એ વધારે ન વપરાય એની પણ કાળજી, જિંદગીની કાંઈ કિંમત નથી ? કલાકોથી, દિવસોથી જિંદગી ઓછી થતી જ જાય છે એ વિચાર્યું ? બાયડી ઘડો તથા દોરડું કુવામાં નાંખે છે પણ દોરડાનો છેડો પકડી રાખે છે તો પાછો ઘડો આવે છે તેમ દિવસના ચોવીસ કલાકમાંથી કેટલું હાથમાં રાખ્યું ? સામાયિક. દેવપૂજા, પ્રતિક્રમણ ન થયું હોય તેનો પશ્ચાતાપ

છે ? નથીને! પણ દુકાને ન જવાય તેનો પશ્ચાત્તાપ થાય છે! કહો કે આ જીવ પોતાનું રક્ષણ કઈ રીતે કરવાનો ? રક્ષણ બતાવનાર કોણ ? તમામ મતમાં, તમામ ક્ષેત્રમાં તપાસી લ્યો. મનુષ્યજીવનને સફળ કરવાનું બતાવનારો કોઈ મળતો નથી. ફક્ત આર્યક્ષેત્રમાં માત્ર શ્રીતીર્થંકર મહારાજ છે તેથી જો મનુષ્યપણું સફલ કરવું હોય તો દેવતત્ત્વ શુદ્ધ પકડો! સો (૧૦૦) ને અર્ધાએ (૦ાા) ગુણો તો આવે શું? પચાસ ! કહેવાય ગુણાકાર, થયો ભાગાકાર ! મનમાં સમજો ગુણાકાર, પણ અપૂર્ણાંકનો ગુણાકાર એ ભાગાકારનો ભાઈ છે. તેમ જો દેવતત્ત્વ શુદ્ધ ન મળ્યું તો પછી ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ માટે ભલે જીંદગી અર્પણ કરો અને તે ધર્મ લાગે ખરો પણ ભાગાકારનો ભાઈ છે. શુદ્ધ દેવતત્ત્વ વિના શુદ્ધ ગુરૂ તથા શુદ્ધ ધર્મ મળશે નહિં.

### તુંબડીમાં કાંકરા જેવા દેવે બતાવેલા ધર્મથી વળે શું ?

દેવના કથનાનુસાર વર્તવું તેનું નામ ધર્મ છે એટલે એ સ્પષ્ટ બિના છે કે દેવતત્ત્વ શુદ્ધ સાંપડી શકશે. જ્યાં દેવ જ તુંબડીમાં કાંકરા જેવા હોય, જીવાજીવાદિ પદાર્થોને ન જાણતા હોય એવા દેવે બતાવેલા ધર્મથી વળે શું ? ગંભીર કેસમાં કાયદાનો તથા કેસોનો અનુભવી બારીસ્ટર શોધો છો, ઉપર ચોટીયો લેભાગુ વકીલ શોધતા નથી. જ્યારે દુનિયાદારીમાં આટલી બારીક શોધખોળની કાળજી (ચીવટ) રાખો છો તો પછી જ્યાં આત્મકલ્યાણનો મહાન્ પ્રશ્ન છે ત્યાં તપાસ જ નહિ? કદાચ કોઈ એમ કહે કે - "દવા આપનારો રોગી હોય તેમાં અમારું શું ગયું ? અમારે તો ચોખ્ખી દવાનું કામ છે. દવા રોગ મટાડનારી મળે પછી દવા આપનારો ગમે તેવો હોય તેની અમારે પંચાત નથી. તેમ અમારે તો શુદ્ધ ધર્મ બતાવે એટલે બસ ! દેવના જીવન સાથે અમારે કામ શું ? ઝારી લોઢાની હોય કે સોનાની અમારે તો પાણીથી મતલબ છે. દેવ સદાચારી હોય કે દુરાચારી એની પંચાતી શા માટે? અમને ધર્મ તથા ગુરૂ સાચા બતાવે એટલે બસ!" જેનું વર્તન સાચું નથી, યોગ્ય નથી તે અન્યને સત્ય તથા ઉચિત બતાવી શકે ક્યાંથી? જૈનમતમાં તો આવી શંકાને સ્થાન જ નથી. કલ્યાણનો માર્ગ જાણકાર બતાવે કે અજાણ્યો ? વર્તન વગર કોઈ સાચું જાણે નહિ. જાણવા છતાં વર્તનન કરનારને કોઈ સાચો જાણે કે માને નહિં. જૈનશાસ્ત્રકારનો તો નિયમ છે કે પ્રરૂપણા સાચી કરનારને પણ વર્તન ન હોય તો તેને સાચું જાણનાર માનવા નહિં.

### સર્વજ્ઞ થવાય ક્યારે ?

મોહનીયકર્મનો ક્ષય થયા પછી વીતરાગ થવાય પછીજ સર્વજ્ઞ થવાય. વીતરાગ થયા વગર કોઈ પણ સર્વજ્ઞ થઈ શકે જ નહિં. અગીયારમા ગુણસ્થાનકને છેડે (અંતે) અને બારમા ગુણસ્થાનકના પ્રારંભમાં વીતરાગપણું આવી જાય છે. સર્વજ્ઞપણું તેરમા ગુણસ્થાનકે લાભે છે (પ્રાપ્ત થાય છે.) જૈનદર્શનમાં મોહનીય કર્મવાળાને સર્વજ્ઞ માન્યા

નથી. વીતરાગપણું પણ છદ્મસ્થનું ગુણસ્થાનક છે. રાગદ્વેષ રૂપી મોહનીય કર્મ જે વર્તનને બગાડનાર છે તેનો પ્રથમ ક્ષય થવો જોઈએ, પછી જ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય થાય. તેથી ધર્મનો પ્રથમ ઉપદેશક શુદ્ધમાં શુદ્ધ વર્તનવાળો હોય. યથાખ્યાત ચારિત્રવાળાને સર્વજ્ઞપણું સાંપડે છે. અન્ય પ્રકારના ચારિત્રવાળા સર્વજ્ઞ બની શકતા નથી. સર્વજ્ઞ બનનારનું વર્તન પ્રથમ સુધરવું જોઈએ. વર્તનના સુધારા વિના, મોહનીય કર્મ ગયા વિના, ક્ષીણ મોહી થયા વિના કોઈ સર્વજ્ઞ થતો નથી.

## શ્રી અરિહંત દેવને જ શા માટે વળગવું ?

જો કેવલજ્ઞાન મેળવનાર સર્વજ્ઞ જ છે તો પછી શ્રીઅરિહંત દેવને જ શા માટે વળગવું? આવો પ્રશ્ન ઉત્પન્ન થઈ શકે. એ વાત ખરી છે કે શ્રીસિદ્ધ ભગવાનના કેવલજ્ઞાનમાં, શ્રી તીર્થંકરદેવના કેવલજ્ઞાનમાં તથા ચૌદમે તેરમે ગુણસ્થાનકે રહેલા અન્ય કેવલજ્ઞાની સર્વજ્ઞના કેવલજ્ઞાનમાં જરા પણ ફેરફાર નથી. પણ ગુફામાં અંધારૂં ઘોર છે, એક હજાર આદમી એ ભયાનક અંધારામાં અટવાય છે. તેમાં એક મનુષ્યે દીવાસળીથી કાકડો સળગાવ્યો, તેના ઉપરથી પછી ભલે બીજા પચાસ કાકડા સળગે પણ શાબાશી તો પ્રથમ કાકડો સળગાવનારને જ છે. કેમકે પછીના કાકડાનું મૂલ કારણ પ્રથમનો કાકડો છે. પ્રથમ પ્રકાશ પાથરનાર પછીના તમામ પ્રકાશનું ઉપાદાન કારણ છે, અર્થાત્ મૂલ કારણ છે. અંધારી ગુફામાં બીજી બધી પ્રવૃત્તિ થતી હતી પણ કાકડાના અજવાળાના અભાવે છતી આંખે દેખાતું ન હોતું. એ જ રીતે સંસાર રૂપી ભયાનક અંધારી ગુફામાં જીવો અથડાઈ રહ્યા હતા, એ અંધારામાં સ્પર્શ, રસ, ગંધ, શબ્દ, રૂપાદિ તો માલુમ પડતા હતા પણ આત્મા કોણ છે, કેમ રખડે છે, ઉદ્ધાર શી રીતે થાય એનું કોઈને લક્ષ્ય નહોતું. આટલા માટે અંધારી ગુફા ગણાવવામાં આવે છે. તેમાં કેવલજ્ઞાન મેળવી કાકડાનો પ્રથમ પ્રકાશ પાથરનાર કેવલજ્ઞાનની જ્યોતિ જગતમાં પ્રથમ ઝળ હળાવનાર, દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાન્ છે. પછી એ માર્ગે અન્ય આત્માઓ કેવલજ્ઞાન મેળવે છે. અંધારી ગુફામાંથી ગમે તેના પ્રગટેલા કાકડાથી બહાર નીકળનારો પણ ઉપકાર તો મૂળ દીવાસળીથી કાકડો સળગાવનારનો જ પ્રથમ માનશે. કાકડામાં ફરક નથી કાકડાના અજવાળામાં ફરક નથી પણ ધન્યવાદ દીવાસળીથી પ્રથમ કાકડો પ્રગટાવનારને ઘટે છે. મોક્ષ માર્ગ બંધ થયા પછી બીજા તીર્થંકર ઉત્પન્ન થાય ત્યારે એ જ મુજબ જાણવું. મોક્ષ માર્ગને પ્રથમ પ્રવર્તાવનાર શ્રીતીર્થંકર છે, શ્રીઅરિહંત છે માટે તેમને વધારે ઉપકારી ગણીએ છીએ.

## તીર્થંકર કોણ થઈ શકે ?

તીર્થંકર કોણ થઈ શકે ? જગતનો ઉદ્ધાર કરવાનું ભવાંતરથી જેનું પ્રબલ ધ્યેય હોય તે જ તીર્થંકર થઈ શકે છે. તીર્થંકર માટે આ અબાધિત નિયમ છે. કેવલી માટે ભવાંતરનો પણ નિયમ નથી તેમજ આ ભવમાં પણ તેઓ સારા વર્તનવાળા જ હોય તેવો નિયમ નથી. પ્રથમ લુચ્ચા પણ હોય,

ક્રૂર પણ હોય તેવા આત્માઓ પણ જીવન પલટાના યોગે, સંયમ સાધીને, તપશ્ચર્યાથી કર્મની નિર્જરા કરીને કેવલજ્ઞાન મેળવી શકે છે. એટલે કે કેવલજ્ઞાની તો જીવન પલટા પૂર્વે અસદ્વર્તનવાળા પણ હોઈ શકે. જ્યારે શ્રીતીર્થંકર દેવ માટે તો એવો નિયમ જ કે તેઓ ઉચ્ચ વર્તનવાળા જ હોય. એટલા જ માટે દેવતત્ત્વમાં શ્રી અરિહંતદેવની, શ્રીતીર્થંકરદેવની સ્થાપના છે. તેમને જ દેવ માનીએ છીએ.

શ્રીતીર્થંકરદેવ અપકૃત્ય કરનારા હોય, અસદ્વર્તનવાળા હોય એ **न भूतो न भविष्यति.** કટોકટીના પ્રસંગે પણ તેઓ પોતાના જીવનને કલુષિત કરતા નથી. શ્રીકૃષ્ણજી અને જરાસંઘના યુદ્ધમાં ભગવાન્ શ્રીનેમિનાથજી સાથે ગયા છે, ભગવાન્ અનંત બલના સ્વામી છે. તેઓ જો હાથમાં ધનુષ્ય બાણ ધારણ કરે તો સામે ઉભા રહેવાની ત્રણ ભુવનમાં કોની તાકાત છે ? ભગવાન્ હતા યાદવોના પક્ષમાં. પોતે યદુકુલ ભૂષણ હતા. હજી દીક્ષા લીધી નહોતી. જેમ યુદ્ધભૂમિમાં આવવું પડ્યું તેમ યુદ્ધમાં ઉતરવું પણ પડ્યું પણ પોતે કર્યુ શું? કોઈનેય હણ્યો ખરો? ના! માત્ર ચોમેર ઘુમ્યા અને હલ્લાને બરાબર રોક્યો! કૃષ્ણજી પાસે અઠ્ઠમની આરાધના કરાવી, ભાવી તીર્થેશ શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ કઢાવી, પૂજન કરાવી તેના સ્નાત્ર જલથી લશ્કરની જરા નિવારી. શિવાદેવીના નંદન શ્રી નેમનાથસ્વામીએ આ બધું કર્યું પણ જરાસંઘના સામા ન થયા. વિચારો! યાદવોને તો જીવન મરણનો પ્રશ્ન હતો. મથુરા તરફથી આવ્યા છે. યદી યાદવો હારી જાય તો હિંદુસ્તાનમાં રહેવાનું સ્થાન નથી. આવા કટોકટીના મામલામાં પણ સમુદ્રવિજયજીના વ્હાલા પુત્ર ભગવાન શ્રી નેમનાથસ્વામીજીનું કેવું ઉચ્ચ વર્તન! અતઃ તીવ્રમાં તીવ્ર પુણ્યના સમુદાયને તીર્થંકરદેવો પામેલા હોય છે. ચાલુ ભવમાં તેજ વખત પુણ્યાઈ કરીને તેઓ ઉત્તમ થયા છે એમ નથી. ભવાંતરથી ઉત્તમતા ચાલી આવે છે. પૂર્વભવોનો સંસ્કાર કાયમ છે **यःशुभभावितभावो** અનેક ભવોથી શુભ સંસ્કારોથી વાસિત થયેલો આત્મા આ જન્મમાં જન્મથી જ ઉત્તમ હોય તેમાં શી નવાઈ ?

**શ્રી તીર્થંકરદેવમાં તથા કેવલીમાં અસમાનતા ક્યાં છે ? ઉત્કૃષ્ટ પુણ્યના અચિંત્ય પ્રભાવમાં!!!**

કેવલજ્ઞાન પ્રાપ્ત થયા પછી સામાન્ય કેવલી તથા તીર્થંકર કેવલીનું કેવલજ્ઞાન તો સમાન જ છે. અણુ માત્ર ફરક નથી. અસમાનતા શ્રીતીર્થંકરદેવની ઉત્કૃષ્ટ પુણ્યાઈને અંગે છે. વીજળીનો પ્રવાહ બધે સરખો છે, કરંટમાં ફરક નથી પણ અજવાળાનો ફરક ગ્લોબના કારણે છે. શ્રીતીર્થંકરદેવનું પુણ્ય ઉત્કૃષ્ટ છે. એ પુણ્યનો જગતમાં જોટો નથી. અસંખ્યાત દેવતાઓ, મનુષ્યો શ્રોતા છે, ભગવાન્ ઉપદેશક છે, આશ્ચર્યએ છે કે કોઈપણ હૃદયમાં શંકા થતાં જ ભગવાનની વાણીથી તરતજ સમાધાન આપોઆપ વગર પૂછે થઈ જાય છે, શંકા ટળી

જાય છે. આ પ્રભાવ સામાન્ય કેવલીનો નથી. શ્રીતીર્થંકર નામકર્મનો જ એ પ્રભાવ છે. સગડી પાસે બેઠેલો ટાઢથી ઠુંઠવાય નહિં. સગડીથી દૂર ગયા પછી ભલે ટાઢથી ધ્રૂજે. તેમ ગમે તેવા વાદીઓ સમવસરણ બહાર જઈને ગમે તેમ લવે પણ ત્યાં તો તેમનીએ શંકા તરત જ નિર્મૂળ થાય છે. આથી દરેક ઉત્સર્પિણીમાં કે અવસર્પિણીમાં કેવલી અસંખ્યાતા હોય પણ શ્રીતીર્થંકરદેવ તો ચોવીસ (૨૪) જ હોય છે. દેવાધિદેવ શ્રીતીર્થંકર ભગવાનનો પ્રભાવ તો જુઓ! એમની પાસે આવતા ગણધરો કંઈપણ ન જાણતા હોય પણ ભગવાનના વદન કમલથી ત્રિપદી પામીને ચૌદપૂર્વનું જ્ઞાન તે જ વખતે મેળવે છે. આ પ્રભાવ શ્રીતીર્થંકર-શ્રીઅરિહંત ભગવાનના વચનનો છે. બાકીના સામાન્ય કેવલીમાં આ પ્રભાવ હોતો નથી. ખુબી તો જુઓ ! ગણધરમહારાજ શ્રીતીર્થંકરથી જ સમજે, એમના જ વચને તેમને બોધ થાય, અને એ જ ભગવાનના વાસક્ષેપના પ્રક્ષેપનના અદ્વિતીય પ્રભાવે ચૌદપૂર્વ અને બાર અંગની ત્યાં જ રચના કરે! આ છે પ્રભાવ શ્રીતીર્થંકર નામકર્મનો !!! માટેજ કેવલી અસંખ્યાતા છતાં દરેક કાલમાં દેવ ચોવીસને જ માન્યા છે. શ્રીતીર્થંકરદેવ માતાના ગર્ભમાં આવે છે ત્યારે ઈંદ્રોનાં આસન ડોલે છે શાથી? ભગવાન્ તો માતાના ગર્ભમાં છે. આસનોને કોણ ચલાયમાન કરે છે ? આહા! એ ભગવાનનું પુણ્ય! ભગવાનની માતા ઉજ્જવલ ચૌદ સ્વપ્નો જુએ છે એ સ્વપ્નો જોવાનું માતાએ પણ નહોતું ધાર્યું કે માતાને આવા સ્વપ્નો દેખાડવાનું ભગવાને પણ નહોતું વિચાર્યું. એ કેમ બન્યું ? એ દેવાધિદેવના દેવત્વનો, દેવત્વના પુણ્યનો અચિંત્ય પ્રભાવ!!! સર્વ તીર્થંકરની માતા, પુત્ર જ્યારે કુક્ષીમાં આવે ત્યારે ચૌદ સ્વપ્નાંઓ જુએ છે. એ જીવ કૂખમાં આવ્યો કે અરિહંત કહેવાય છે. ઈંદ્રમહારાજા **नमुत्थुणं** કહે છે. જો ગર્ભથીજ ઉત્તમતા ન હોય તો નમુત્થુણં શા માટે? જગતના જીવોને સંસારથી પાર ઉતારવાની ભવાંતરથી તીવ્ર ભાવનાવાળા ગર્ભથી જ ઉત્તમ આવા જે હોય તે દેવ! આવા જન્મથી, ગર્ભથી, ભવાંતરથી ઉત્તમ એવા દેવ માન્યા તેથી **एवं सद्वृत्त युक्तेन** સર્વજ્ઞપણાને લીધે શાસ્ત્ર માનવામાં તેમના વર્તનમાં જવાની શી જરૂર? આવી શંકાના સમાધાનમાં જણાવવાનું કે જૈનશાસ્ત્ર વર્તન પહેલું ગણે છે, જ્ઞાન પછી ગણે છે. અવિરતિ પણ સમકિતિ દેવતાઓ વેષ વગરના કેવલીને વાંદતા નથી. મૃગાપુત્ર કેવલજ્ઞાન પછી પણ સંસારમાં રહ્યા છે તે માબાપની સેવા કરવા નથી રહ્યા પણ તેમને ચારિત્ર લેવરાવવા રહ્યા છે. એમને પોતાને લપટાવાનો ભય નથી, માતપિતાને પ્રતિબોધનું કારણ તથા સમયની પરિપક્વતા પોતે જ્ઞાનથી જાણી છે માટે રહ્યા છે અને છ મહીને દીક્ષા આપી છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે કેવલજ્ઞાન બધાનું સરખું છે પણ દેવને-શ્રીતીર્થંકરદેવને વધારે માનવાનું

કારણ તેઓનું ભવાંતરનું તથા આ ભવનું સદ્‌વર્તન છે. સદ્‌વર્તન એ તો તીર્થંકરપણાની જડ છે.

**અર્થ જ અનર્થોનું મૂળ છે ! મમત્વ ભાવની જ મારામારી છે !!**

### મમત્વ ભાવ જ મોટું મરણ છે !

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશાર્થે અષ્ટકજી પ્રકરણની રચનામાં પ્રથમ મહાદેવાષ્ટનું નિરૂપણ કરતાં તથા દેવાષ્ટક પ્રથમ કેમ લખવામાં આવ્યું તે જણાવતાં કહી ગયા કે તમામ આસ્તિક દર્શનવાળાઓ ત્રણ તત્ત્વોને તો જરૂર માને છે અને તે છે ૧ દેવ ૨ ગુરૂ અને ૩ ધર્મ. તેમાં ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ શુદ્ધ તેમને જ મળી શકે છે જેઓ શુદ્ધ દેવતત્ત્વને અંગીકાર કરનારા હોય. શુદ્ધ દેવતત્ત્વની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી ગુરૂતત્ત્વ અને ધર્મત્ત્વ શુદ્ધ મળે નહિં. અને તેથી મનુષ્યભવ સફલ કરવાની ઈચ્છા હોય તો પણ સફલ કરી શકે નહિં. આથી સ્પષ્ટ છે કે દેવતત્ત્વ પર મુખ્ય આધાર છે. મહાદેવાષ્ટક પ્રબંધ પ્રથમ હોવાનો એ જ વિશિષ્ટ હેતુ છે. મનુષ્યભવની સફલતા શુદ્ધ ધર્મના આચરણને આભારી છે. શુદ્ધધર્મનો આચાર શુદ્ધ ઉપદેશને આભારી છે. શુદ્ધ ઉપદેશ શુદ્ધ ગુરૂ જ આપી શકે છે. શુદ્ધ ગુરૂતત્ત્વ શુદ્ધ દેવતત્ત્વને અવલંબે છે. દેવતત્ત્વ તથા ગુરૂતત્ત્વ શુદ્ધ ન મળે તો ઉપદેશ શુદ્ધ ક્યાંથી મળે ? શુદ્ધ ઉપદેશના અભાવે અથવા ઉપદેશની અશુદ્ધિના કારણે ધર્માચરણ અશુદ્ધ હોઈ મનુષ્યભવ નિરર્થક જાય છે. પ્રયત્ન છતાંએ સફલ થતો નથી કેમકે પ્રયત્નો પણ વિપરીત દિશામાં લઈ જનારા હોય છે.

રત્નાકર પચીશીના રચનાર શ્રીરત્નાકર સૂરી ઉપદેશમાળાની વ્યાખ્યા કરતાં કહે છે :

**अत्थो अन्नत्थं मूलं पुत्रऋषि**

રહસ્યાર્થ :-

આ ગાથાનું રહસ્ય વિચારણીય છે, માનનીય છે. 'અર્થ' શબ્દનો શબ્દાર્થ 'દ્રવ્ય' તથા 'પૈસો ટકો' થાય પણ અખિલ વિશ્વની અપેક્ષાએ લઈએ તો 'વિષયો' એવો અર્થ થાય છે. જો અત્ર માત્ર 'પૈસો ટકો કે દ્રવ્ય' એ અર્થ લઈએ તો વિકલેંદ્રિય જીવો (એકેંદ્રિય, બેઈંદ્રિય, તેઈંદ્રિય તથા ચઉરિંદ્રિય,) અસંજ્ઞી પંચેન્દ્રિયો તથા નારકીઓ દ્રવ્યના વ્યવહારવાળા નથી માટે તેમને તેની જરૂરિયાત નથી. ગાય, ભેંસ, હાથી, કુતરા, બિલાડા વગેરેને ઝવેરાતના (મોતી, હીરા વગેરેના) ઢગલામાં ઉભા રાખો તોયે એ તો ત્યાં વિષ્ટા મૂત્રાદિ કરવાના મતલબ કે પૈસાની એમને કાંઈ પડી નથી કેમકે અર્થ પદાર્થ એમના જાણવામાં આવ્યો નથી.

તેમને તેનો ખપ પણ નથી, માટે ઈચ્છા પણ નથી. ચાર પ્રકારના પુરૂષાર્થના બે ભાગ પડે છે. લૌકિક અને લોકોત્તર, લૌકિકમાં અર્થ તથા કામ છે. એ દુન્યવી પદાર્થો છે. લોકોત્તરમાં ધર્મ અને મોક્ષ છે. એ દુનિયાથી પર પદાર્થો છે. અર્થ સાધન છે. કામ સાધ્ય છે. અર્થ તરફની મમતા કામની પૌદ્ગલિક ભોગની મમતાને આભારી છે. કામનો (વિષયોનો) મમત્વ ભાવ મરી ગયો, ચાલ્યો ગયો તો દ્રવ્યની મમતા મરેલી જ પડી છે. વિષયોને છોડ્યા વિના તેનાં સાધનોને છોડી શકાશે નહિં. જ્યાં સુધી વિષયો તરફ રાગ રહેશે ત્યાં સુધી તેનાં સાધનો તરફનો રાગ ઘટવાનો નથી. માટે પ્રથમ કર્ત્તવ્ય વિષયોની વાંચ્છાનો ત્યાગ કરવો કરાવવો, એ છે. પછી પરિગ્રહની વાંચ્છાનો ત્યાગ સુલભ છે. અર્થમાં સ્વતંત્ર સુખ નથી. પૈસાની પથારી કરી તેની ઉપર સુઈ જાઓ! સુખ મળશે? નાકથી સુંઘો ! છે સુખ? એક પણ ઈંદ્રિયને એ પોતે સુખ આપી શકે છે? અર્થને પુરૂષાર્થ ગણીએ છીએ પણ તે કઈ ઈંદ્રિયથી સુખ આપે છે ? પૈસો સ્વતંત્ર રીતે સુખ આપનાર નથી. માત્ર તેના પ્રત્યેના મમત્વભાવમાં સુખ મનાયું છે. કોટિધ્વજ હોય એને પણ લાખ આવે તો આનંદ, જાય તો નિઃશ્વાસ ! શું કમીના હતી અથવા શું કમી થવાનું હતું ? ક્રોડો હોય, અબજો હોય, કે પરાર્ધપરાર્ધો હોય તો પણ ભોગવટો પોતાને કેટલો? સવાશેર અનાજ, જોડી કપડાં, તથા સાડી ત્રણ હાથ જગ્યા ! વધારે દ્રવ્યનો માલીક પ્રથમ શેર અનાજ ખાતો હતો અને હવે સવાશેર ખાય છે એમ નથી. ત્યારે ભોગવટો તો મર્યાદિત જ છે. ગમે તેટલાં વધારે સાધનો ભોગવટાને અંગે વધારે ઉપયોગી નથી પણ મમત્વ ભાવમાં સુખ માનવામાં આવ્યું છે. (અપૂર્ણ)

(અનુસંધાન પેજ-૧૬૯)

---

(અનુસંધાન પાના ૧૬૭નું ચાલુ)

જન્મ કલ્યાણકની તિથિની આરાધના પ્રસિદ્ધ નથી. ભગવાન ઋષભદેવજીના જન્મ કલ્યાણકની તિથિ જે ચૈત્ર વદી (ગુજરાતી ફાગણ વદી) આઠમની છે, પરંતુ તે તિથિને અંગે આરાધના ફક્ત ભગવાન ઋષભદેવજીના તીર્થોમાં જ વિશેષે કરીને હોય છે, પરંતુ ભગવાન પાર્શ્વનાથજીના જન્મ કલ્યાણકની તિથિ જે પોષ વદી દસમ છે તેની આરાધના તો ભગવાન પાર્શ્વનાથજીનાં તીર્થો હોય ત્યાં તો સર્વત્ર હોય છે, પરંતુ જ્યાં ભગવાન પાર્શ્વનાથજીનાં તીર્થો નથી હોતાં તે સ્થાને તે પોષદસમીની મહત્તા હોય છે એટલું નહિં, પરંતુ જૈનપણાના સંસ્કારોને વિશેષપણે ધારણ કરનારા દરેક ક્ષેત્રોમાં ભગવાન પાર્શ્વનાથજીના જન્મ કલ્યાણકની તિથિ જે પોષ વદી દસમ છે તેની આરાધના હોય છે તેનું મુખ્ય કારણ હોય તો ભગવાન્ પાર્શ્વનાથજીનું તીર્થંકર નામકર્મની સાથે આદેય નામકર્મ જ છે અને તેથી ભગવાન્ પાર્શ્વનાથજીને પુરૂષાદાની તરીકે જૈનશાસ્ત્રકારો સ્થાને સ્થાને ઓળખાવે છે.

(અનુસંધાન પાના ૧૬૮ નું ચાલુ)

કર્મ નિકાચિત કરીને તીર્થંકરપણે ઉત્પન્ન થનારા જીવો દરેક ઉત્સર્પ્પિણી અવસર્પ્પિણીમાં ચોવીસની સંખ્યાવાળા જ હોય છે. કોઇ પણ કાળે કોઇ પણ ક્ષેત્રમાં ચોવીસ જીવોથી અધિક જીવો ઉત્સર્પ્પિણીમાં કે અવસર્પ્પિણીમાં તીર્થંકરપણું મેળવનારા હોતા જ નથી. જો કે સામાન્ય દૃષ્ટિથી અન્ય લોકોએ પણ ચોવીસની સંખ્યાને અવતારાદિ દ્વારાએ અપનાવી લીધી છે, પરંતુ તે અનુકરણ કરનારાઓ ચોવીસ અવતારોમાં જળચર-સ્થળચર-મનુષ્ય વિગેરે અવતારો લે છે, તેવું અહિં છે નહિં અને માની શકાય પણ નહિં. જૈન દૃષ્ટિ પ્રમાણે તો દરેક ઉત્સર્પ્પિણી અને અવસર્પ્પિણીમાં તીર્થંકર ભગવાનને ઉત્પન્ન થવાને લાયકના ગ્રહયોગો જ ચોવીસ વખતના હોય છે. યાદ રાખવું કે ચક્રવર્તી જેવા સાર્વભૌમના જન્મને અંગે પણ છ ગ્રહોની જ ઉચ્ચતા હોય છે, પરંતુ ભગવાન જીનેશ્વર મહારાજના જન્મને અંગે તો સાતગ્રહોની જ ઉચ્ચદશા આવશ્યક હોય છે અને તેવી સાત ગ્રહોની ઉચ્ચદશા ઉત્સર્પ્પિણી કે અવસર્પ્પિણીમાં ચોવીસ વ્ખતથી વધારે વખત હોય નહિં, તેમ જ ચોવીસ વખત તેવી ઉચ્ચતા દરેક ઉત્સર્પ્પિણી કે અવસર્પ્પિણીમાં આવ્યા વિના પણ રહેજ નહિ તેથી દરેક ઉત્સર્પ્પિણી અને અવસર્પ્પિણીમાં ચોવીસ વખત થતા સાતે ગ્રહોના ઉચ્ચપણાને લીધે ચોવીસ જ તીર્થંકરો દરેક ઉત્સર્પ્પિણી અને અવસર્પ્પિણીમાં થાય એટલે ન તો પચીસ તીર્થંકરો થાય અને ન તો ત્રેવીસ તીર્થંકરો થાય અને આવી રીતે સાતે ગ્રહની ઉચ્ચતાને લીધે થનારા તીર્થંકરો જગતના ઉદ્ધારને માટે બાંધેલા તીર્થંકર નામકર્મના ફળ તરીકે દ્વાદશાંગીરૂપી અને ચતુર્વિધ સંઘરૂપી તીર્થને પ્રવર્ત્તાવનારા જ હોય. કોઈપણ તીર્થંકર પોતાના છેલ્લા ભવમાં દ્વાદશાંગીરૂપ કે ચતુર્વિધ શ્રીસંઘરૂપી તીર્થને પ્રવર્ત્તાવવા સિવાયના હોય જ નહિં ? આ વસ્તુ વિચારનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે પહેલાના પ્રવર્ત્તતા તીર્થો વ્યુચ્છેદ થયા પછી જ નહિં, પરંતુ ચાલુ છતાં પણ ભગવાન તીર્થંકરો તીર્થ નવું કેમ પ્રવર્ત્તાવે છે. એટલું તો જરૂર છે કે ભગવાન્ તીર્થંકરોની તીર્થ પ્રવૃત્તિ થાય તેની પહેલાં થોડો કે ઘણો વખત મુક્તિપ્રાપ્તિનો વ્યુચ્છેદ તો થયેલો જ હોય છે અને આ જ કારણથી શાસ્ત્રોમાં સ્થાને સ્થાને ભગવાન્ જીનેશ્વર મહારાજાઓની પર્યાય અને પરંપરાની અપેક્ષાએ અન્તકૃત્ ભૂમિ એટલે મોક્ષ ગમનની સ્થિતિનો વિચાર કરવામાં આવે છે. પરમ પવિત્ર પર્યુષણા પર્વમાં શ્રીપર્યુષણા કલ્પસૂત્રને સાંભળનાર મહાશયોથી ઉપર જણાવેલી બે પ્રકારની અન્તકૃત ભૂમિ તો જાણ બહાર નહિં જ હોય ? એટલે મોક્ષમાર્ગ બંધ થયેલો હોય અને તેને તીર્થંકરોથી જ નવેસર શરૂ થવાનું થાય એ હકીકત સ્હેજે સમજાય તેવી છે. આવી રીતે દરેક ઉત્સર્પ્પિણી અને અવસર્પ્પિણીમાં ચોવીસે તીર્થંકરો ચાલુ છતાં અગર નવીનપણે તીર્થને પ્રવર્ત્તાવનારા થાય છે અને તેવી જ રીતે આ અવસર્પ્પિણીમાં પણ ભગવાન ઋષભદેવજી વિગેરે ચોવીસ તીર્થંકરો થયા છે અને તે સર્વ તીર્થંકરોને એક સરખી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવો સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા માને છે અને માનવાની જરૂર પણ પડે છે, છતાં ભગવાન પાર્શ્વનાથજી મહારાજ કે જેઓના જન્મકલ્યાણકને અંગે પોષ વદી દસમ (ગુજરાતી માગસર વદી દસમ)નો દિવસ સર્વ દેશોમાં આરાધાય છે જેટલી આરાધનાની પ્રસિદ્ધિ ભગવાન પાર્શ્વનાથજીના જન્મ કલ્યાણકની પોષ વદી દસમની તિથિને અંગે છે, તેવી કોઈપણ તીર્થંકર મહારાજને અંગે

(જુઓ અનુસંધાન પાનું ૧૬૬)

(અનુસંધાન ટાઈટલ ૪ નું ચાલુ)

રહેતો નથી અને તીર્થંકર નામકર્મ બાંધનારા તીર્થંકર થાય જ એવો નિયમ રહેતો નથી. પરંતુ કેટલાક જીવો એવા પણ હોય છે કે જેઓ પરોપકારિતા આદિ ગુણોને લીધે તીર્થંકર નામકર્મ બાંધે અને તે વખતે જરૂર સમ્યક્ત્વવાળા જ હોય. છતાં કર્મની કુટિલતાને લીધે કથંચિત્ આવેલું સમ્યક્ત્વ મિથ્યાત્વ મોહનીય આદિના ઉદયને લીધે ચાલ્યું જાય, તો પણ તે સમ્યક્ત્વદશામાં સમગ્ર જગતના ઉદ્ધાર કરવા રૂપી પરોપકારિત્વ આદિ ગુણોને લીધે બાંધેલું તીર્થંકર નામગોત્ર ક્ષય પામતું નથી, પરંતુ તે તીર્થંકર નામગોત્ર સત્તામાં રહી શકે છે. આ જ કારણથી શાસ્ત્રકારો મિથ્યાત્વવાળી દશામાં પણ જીનનામકર્મની સત્તાને માન્ય રાખે છે (એટલી વાત જરૂર છે કે મિથ્યાત્વદશામાં આહારક નામકર્મ અને તીર્થંકર નામકર્મ એ બન્નેની સત્તા નથી હોતી, પરંતુ એકલા જીનનામકર્મની સત્તા આત્મામાં મિથ્યાત્વદશા હોય તો પણ શાસ્ત્રકારોએ માન્ય કરેલી છે, પરંતુ તેવી મિથ્યાત્વદશામાં જગત ઉદ્ધારકપણા આદિ પરોપકાર દૃષ્ટિ નહિ રહેવાને લીધે તીર્થંકર નામકર્મનો બંધ તો કોઈપણ પ્રકારે શાસ્ત્રકારોએ માન્યો નથી અને માની શકાય તેમ પણ નથી. તીર્થંકર નામકર્મના સામાન્ય બંધને અંગે આવી રીતે અંતઃ કોટાકોટી સાગરોપમનો કાળ તીર્થંકરપણું પરિપકવ કરવા માટે ગણાય અને તેથી ક્રોડો જન્મોથી જ તીર્થંકરપણું સિદ્ધ થાય એમ કહી શકાય, પરંતુ વિશેષથી વિચારીએ તો ત્રણ જન્મ સિવાય તો તીર્થંકરપણું સાધ્ય થઈ શકે જ નહિં. કોઈ પણ કાળે કોઈ પણ જીવ જે ભવમાં તીર્થંકર થવાના હોય તે જ ભવમાં તીર્થંકર નામકર્મ નિકાચિત કરી બાંધે અને તીર્થંકર થાય એવું બન્યું નથી, બનતું નથી અને બનશે પણ નહિં. તીર્થંકર થવાવાળા જીવને ઓછામાં ઓછો તીર્થંકર થવાના પહેલાના ત્રીજા ભવે તો જરૂર તીર્થંકર નામકર્મ પરોપકાર માટે કરાતા વીસસ્થાનકના આરાધનદ્વારાએ નિકાચિત કરવું જ પડે છે, તેવી રીતે પહેલાના ત્રીજા ભવદ્વારાએ પરોપકારમય વીસસ્થાનકના આરાધન સિવાય કોઈપણ કાળે તીર્થંકર નામકર્મ નિકાચિત કરી શકતો નથી, એક વાત એ પણ ધ્યાનમાં રાખવાની છે કે કેટલાંક કર્મો સામાન્યરીતે બદ્ધ સ્પૃષ્ટ અને નિધત્તદશામાં હોય છે. તે કર્મોનો ભોગવટો તે ભવમાં કે અન્ય ભવમાં થઈ જાય છે, પરંતુ જીનેશ્વરપણાને મેળવી આપનાર એવું જીનનામ કર્મ સામાન્ય બંધથી ભલે અંતઃ કોટાકોટી સાગરોપમની સ્થિતિવાળું છે અને તેટલા કાળ સુધી તે કર્મ આત્મામાં રહે છે, છતાં તે જીનનામ કર્મ એવા જ વિચિત્ર સ્વભાવવાળું છે કે તીર્થંકર થવાના ભવથી પ્હેલાના ત્રીજા ભવે નિકાચિત કાર્ય સિવાય કોઈ પણ જીવ તીર્થંકરપણે આવે જ નહિ. અર્થાત્ તીર્થંકરપણામાં આવનારા જીવને અંતઃકોટાકોટી સાગરોપમથી પરોપકારિતા આદિ ગુણના પ્રભાવથી થયેલી જીનનામકર્મ સત્તા ભલે કહી હોય, તો પણ તે તીર્થંકરના ભવથી પહેલાના ત્રીજા ભવે વીસસ્થાનક આરાધનરૂપ પરોપકારના સાધનદ્વારાએ તીર્થંકરનામકર્મ નિકાચિત કરવું જ પડે છે અને તેવી રીતે પહેલાના ત્રીજા ભવે તીર્થંકર નામકર્મને નિકાચિત કરનારાઓ જ તીર્થંકર બની શકે છે એટલે સ્પષ્ટ થયું કે ભગવાન જીનેશ્વરપણું એટલે પરમેશ્વરપણું જૈન શાસનની દૃષ્ટિએ અનેક ભવથી જ સાધ્ય છે, પરંતુ શ્રાવકપણા આદિ બીજા ગુણોની માફક એક જન્મથી કોઈ દિવસ સાધ્ય નથી, આવી રીતે તીર્થંકર થવાના ભવથી પહેલાના ત્રીજા ભવે તીર્થંકર નામ

(અનુસંધાન જુઓ પાનું ૧૬૭)

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-
સ્પર્શી વાચનનો ગ્રંથ
તે જ આ શ્રીસિદ્ધચક્ર
(પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ
પુસ્તકાલય
ગોપીપુરા,
સુરત.

# ☞ અલભ્ય ગ્રંથો ☞

## નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષ્કરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતી, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભુલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# શ્રી જૈનદર્શન અને ભગવાન પાર્શ્વનાથ

જૈનદર્શનમાં ભગવાન્ જીનેશ્વરપણું એટલે પરમેશ્વરપણું મેળવવાનું કાર્ય એકભવથી પુરું થતું જ નથી ગુરૂપણું શ્રાવકપણું (સમકિતિપણું અને દેશવિરતિપણું) સાધુપણું-ઉપાધ્યાયપણું-આચાર્યપણું યાવત્ કેવલિપણું એકભવથી આદ્યન્તવાળું થઈ શકે છે, પરંતુ જીનેશ્વરપણું એકભવથી આદ્યન્તપણે થઈ શકતું જ નથી. જીનેશ્વરપણું મેળવનારને સામાન્યરીતે અંતઃકોટાકોટી સાગરોપમથી જીનેશ્વરપણાની સાધના કરવી પડે છે એટલે અન્તઃકોટાકોટી સાગરોપમ કાલસુધીમાં મિથ્યાત્વ દશાની પ્રાપ્તિ થાય તે અસંભવિત નથી કેમકે સમ્યકૃત્વની ઉત્કૃષ્ટ સ્થિતિ સંસારની અપેક્ષાએ છાસઠ સાગરોપમથી કંઈક અધિક માત્ર જ છે એટલે અંતઃકોટાકોટી સાગરોપમ સુધી પ્રાપ્ત થયેલ સમ્યકૃત્વ સંસાર અવસ્થામાં ટકે નહિં એ નિશ્ચિત વસ્તુ છે અને તેથી સમ્યકૃત્વ પામીને જીનેશ્વરપણું સાધવાની શરૂઆત કરવા તરીકે તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી મિથ્યાત્વ અનેક વખત પ્રાપ્ત થઈ જાય તેમાં આશ્ચર્ય નથી, પરંતુ જે વખતે તે જીનેશ્વરપણું મેળવવાના કારણભૂત જીનનામકર્મવાળો જીવ સમ્યકૃત્વ દશામાં હોય ત્યારે જ પરોપકાર વિગેરે ગુણોમાં લીન હોવાથી સમ્યકૃત્વના પ્રભાવે જીનનામકર્મના પુદ્ગલોનો ઉપચય કરી શકે છે, પરંતુ જ્યારે પ્રાપ્ત થયેલા ઔપશમિક અગર ક્ષાયોપશમિક સમ્યકૃત્વને વમીને તે જીનનામકર્મને બાંધનારો ભવિષ્યમાં તીર્થંકર થવાવાળો જીવ હોય તો પણ જ્યારે મિથ્યાત્વ દશામાં જાય છે ત્યારે કેટલાક કમલપ્રભાચાર્ય જેવા જીવો તો તે બાંધેલા તીર્થંકર નામકર્મને પણ ઉડાડી મૂકે છે. અર્થાત્ તેવા મિથ્યાત્વી આત્માઓમાં પૂર્વે બાંધેલું જીનનામકર્મ ટકી શકતું નથી અને તેથી તેવા જીનનામકર્મ બાંધીને પછી મિથ્યાત્વ પામતાં જીનનામકર્મ ઉડાડી દે એટલે તેઓને પરોપકારિતા આદિ ગુણો ન જ હોય તે સ્વાભાવિક જ છે એટલે જેટલાઓ તીર્થંકરનામકર્મ બાંધે તેટલા બધા તીર્થંકર નામકર્મ બાંધ્યા પછી પણ પરોપકારવાળા જ હોય એવો નિયમ

(જુઓ અનુસંધાન પાનું ૧૬૮)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित,-
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥

વર્ષ : ૮ અંક : ૯

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦

તા. ૨૩-૨-૪૦ શુક્રવાર

કિંમત ૧॥ આનો

# અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રીસંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રીશ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮]　　માહ સુદી પૂર્ણિમા, મુંબઈ,　　[અંક-૯

તંત્રી

પાનાચંદ રૂપચંદ ઝવેરી

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

દરિદ્રીને રાત્રે અંધારામાં કોઈ રાજા કે અમીર ક્રોડની મિલકતનું કહીને ખોટું કાગળીયું આપે તો અજવાળામાં સવારે ન જુએ, ખોટું ન જાણે, ત્યાં સુધી તેને કેટલો આનંદ થાય છે ? નથી ક્રોડ હાથમાં આવ્યા, પણ વાસ્તવિકરીતે નથી મળવાના જ પણ તે વખતે તો 'મને ક્રોડ મળ્યા' આવા મમત્વભાવથી સુખ અને આનંદ વેદે છે, અનુભવે છે. કોટિધ્વજને કોઈ ખોટી ખબર આપે કે રાજાએ તમારી લાખોની મિલકત લૂંટી લીધી ! ભલે ન લૂંટી હોય, પણ તે કોટિધ્વજના હૃદયને કેટલો આઘાત થાય છે ? આ આઘાત થવાનું કારણ પણ દ્રવ્ય તરફનો મમત્વભાવ છે. બલદેવના મરણની ખોટી ખબર સાંભળી વાસુદેવના પ્રાણ કેમ ચાલ્યા જાય ? જો વસ્તુના નાશને અંગે જ પ્રાણ જતા હોય તો બલદેવના મરણના સમાચાર ખોટા હોવાથી પ્રાણ જવા ન જોઈએ. ત્યારે કહો કે વાસુદેવના પ્રાણોનો નાશ પણ બલદેવ પ્રત્યેના મમત્વને આભારી થાય. વસ્તુ મળવાના જુઠ્ઠા સંકલ્પથી પણ આનંદ તથા જવાના જૂઠ્ઠા સમાચારથી પણ શોક એ કેવળ મમત્વભાવને લઈને જ થાય છે. એક ક્રોડની

મિલકતનું મકાન વેચનારે વેચ્યું, લેનારે લીધું. બીજે દિવસે તે મકાનનો નાશ થયો. આગથી અગર અન્ય આફતથી મકાન જમીનદોસ્ત થયું. વેચનારને પારાવાર આનંદ, લેનારને શોકની પરા કાષ્ટા ! કારણ ? મમતા ! મમતા ! ! મમતા ! ! ! પહેલે દિવસે તેમ થયું હોત તો વેચનારને શોક હતો, કેમકે વેચવા વખત ન આવ્યો, લેનારને આનંદ હતો કે મિલકત નથી વસાવી. બીજે દિવસે ઊલટો જ મામલો ! આ પલટો કોણે કરાવ્યો ? મારાપણાના ભાવે ! મમતાએ ! ! ત્યારે એ સિદ્ધ થાય છે કે વસ્તુના નાશનો શોક કોઈને નથી. જે શોક કે ખેદ છે તે "અમારું ગયું, મારી ચીજનો નાશ થયો" આ ભાવનાને અંગે છે. જ્યાં મારાપણાની સ્થાપના ત્યાં આનંદ, મારાપણાનો નાશ ત્યાં આઘાત ! આથી મમતાભાવ એ જ મારનારો પદાર્થ છે, માટે મમત્વંભાવનો, મારાપણાનો નાશ કરવો જોઈએ.

**શોક વસ્તુના નાશને લીધે નથી થતો, પણ તેને અંગે થયેલા પોતાપણાના નાશને લીધે થાય છે ?**

એક રાજા હતો. તેની વય સાઈઠ વર્ષની થઈ. અચાનક તેનો એકનો એક પચીશ વર્ષનો કુંવર સંતાન વગરનો મરી ગયો. રાજ્યનો વારસ કુંવર ગયો, તથા સંતાન વગરનો ગયો, માટે રાજ્ય ના-વારસ રહ્યું. આ હાલતમાં રાજાના કલ્પાંતનો કંઈ પાર હોય ખરો ? સંસારની માયામાં મુંઝાયેલા, મમત્વભાવમાં મગ્ન બનેલા, આત્માની ઓળખાણ વગરના જીવોની આવા પ્રસંગે ખરેખર કરૂણદશા થાય છે. 'દુનિયા એ પંખીનો મેળો છે, આટલું ધ્યાનમાં લેવામાં આવે તો કાંઈ વાંધો છે ? પણ એ જાણવું, સમજવું, માનવું તે ઘણું મુશ્કેલ છે. રાજા અતિ શોકાકુલ થયો. રાજા પણ વૃદ્ધ હતો એટલે લોકો એને પણ જીવનને છેડે જ માનતા હતા. રાજા જો આત્મદષ્ટિથી વિચારે તો 'હતું શું અને ગયું શું ?' અફસોસ શાનો ? પણ પુદ્‌ગલપ્રેમીઓની દશા પાગલ જેવી હોય છે. આ દશામાં રાજાના કલ્પાંતમાં શી ઊણપ હોય ? ભરદરયિામાં પડેલો, તરવાના સાધન વગરનો ડુબી જાય તેમાં આશ્ચર્ય નથી. તેમ આત્માને તથા ધર્મને નહિ ઓળખનારાઓ તેવા સંયોગવશાત્ સંસાર સાગરમાં ડુબી જાય, તળીએ જઈ બેસે તેમાં નવાઈ નથી. રાજાના શોકનો પાર નથી !

આ વખતે પ્રધાને વિચાર કર્યો કે "આવા પ્રસંગે શોક કે કલ્પાંતથી બચાવનારું સાધન આત્મા તથા ધર્મને ઓળખાવનાર ગુરૂ જ માત્ર છે. જગતની જુઠી બાજીને તેના ખરા સ્વરૂપથી સમજાવનાર ગુરૂ વિના બીજો કોઈ નથી. માટે કોઈ મુનિમહારાજ પાસે રાજાને લઈ જવામાં આવે તો જરૂર શોકનું નિવારણ થાય." વાત પણ ખરી ! પ્રધાનનો ઉપદેશ કામ ન લાગે, કેમકે આખર એ પણ જગતની માયાના પુતળાઓમાંનું એક છે. વળી એ રાજાનો એ સેવક છે. સેવકનો સ્વામીના મગજ ઉપર આવા વખતે કાબુ હોઈ શકે નહિં. મહાત્માઓ કોઈના

સેવક નથી, સ્વામી છે, એટલે તેઓ જ સત્ય ઉપદેશથી દુનિયાનો શોક નિવારણ કરી શકે. 'રાજા એટલે ભવાટવીમાં ભમતો ભૂત ! એને ઠેકાણે લાવવા માંત્રિક જેવા મુનિની જ જરૂર છે,' આમ વિચારી નગરની પાસે ઉદ્યાનમાં બિરાજમાન ગુરૂ પાસે રાજાને પ્રધાન લઈ ગયો. ગુરૂમહારાજે રાજાને સંસારની અનિત્યતા સમજાવી. મોહાંધને ઉપદેશ પણ વ્યર્થ છે !

### ગુરૂ મધુર  તથા હિતકારિણી એવી વાણીથી રાજાને સમજાવે છે-

" મહાનુભાવ ! સંસાર અનિત્ય છે. કોઈ ઝવેરી હીરો ખરીદવામાં ઠગાય અને કાચના ટુકડાને હીરો માની લઈ લે, કરોડ રૂપિયા આપી દે. એ હીરો સાચવવા ત્રિજોરી વસાવે, આરબો રાખે, પણ જયારે માલૂમ પડે કે એ તો કાચનો ટુકડો છે ત્યારે કઈ દશા? ક્રોડ ગયા, હીરાને બદલે કાચ મળ્યો અને જો જાહેરમાં રૂએ તો બેવકૂફ બને ! એની હાલત તો કોઠીમાં મોં રાખીને રોવાની જ થાયને! કેમકે ભૂલ કાચની નથી. પોતાની છે. કાચના ટુકડાને વિશ્વાસઘાતી ન કહેવાય. રાજન્ ! તેમ તેં પણ કાચના ટુકડાને હીરો માનવાની માફક ભૂલ કરી હતી. આશ્ચર્ય છે કે જગતના જીવો પોતાની ભૂલને રોતા નથી, પોતાના મિથ્યામતને રોતા નથી અને કાચનો કકળાટ કરે છે ! પ્રથમ તો હીરાની બુદ્ધિએ કાચ હાથમાં લીધો તે મૂર્ખાઈ ! અને પછી રોવા બેઠો તે બીજી મૂર્ખાઈ !! આવી મૂર્ખાઈઓ પોતે કરવી અને ઉપરથી પાણીમાં બાચકાં ભરવાં!!! એથી હાથમાં શું આવે ? જગતના તમામ પદાર્થો કાચ જેવા અસાર અને ક્ષણભંગુર છે, મૂર્ખ એવો ઝવેરી હીરાની બુદ્ધિએ કાચ લેવાની ભૂલ કરે, પછી કાચ તે કાચ તરીકે માલૂમ પડે ત્યારે માથું ફોડે,અરે! રાતું કાઢે, તેથી કાચ કાંઈ કાચ મટી હીરો થઈ જાય ખરો? એ જ રીતે કાચ જેવી સંસારની માયાને હીરો ગણવામાં આવે તેથી તે કાચ જેવી માયા હીરા રૂપ શી રીતે બને? રાજન્ ! તેં કુંવરને તારો માનવામાં ભૂલ કરી છે. તારા બોલાવવાથી એ આવ્યો નહોતો. તેમજ તેં  કાંઇ એને જવાનું કહ્યું નથી ! આયુષ્યાનુસાર જીવન ભોગવી, લેણદેણનો હિસાબ પતીજતાં એને જવું પડયું ! તારો હોત તો જાત શા માટે ? અફસોસ વ્યર્થ છે. દુનિયા અજબ છે, જાગતા મૂતરો એનો ઉપાય નથી. દુનિયાનો વ્યવહાર પણ તેવો જ છે. કોઈ મરી જાય ત્યારે પાડોશીઓ પ્રથમ સાથે રોવા માંડે છે અને પછી હાથ પકડી છાના રાખવાનું કામ પણ તેઓ જ કરે છે. છાના રાખનારા પણ પોતાને ઘેર પ્રસંગ આવે ત્યારે રોકકળ કર્યા વિના નથી જ રહેતા. બીજાને છાના રાખવાનું સમજાવનારાની સમજણ તે વખતે ક્યાં જાય છે ? જો જાણે છે તો પોતાના ઘેર પ્રસંગ આવ્યો ત્યારે ભેંકડો કેમ તાણે છે ? પોક કેમ મૂકે છે ? રોનારી તથા કૂટનારીઓ બીજાને ઘેર ઉપદેશ આપે છે કે "કોણ અમર પટો લખાવી લાવ્યું છે? કર્મ પાસે કોનું ચાલે છે? જમ આગળ કોઈનું જોર નથી." પણ એમ બોલનારીને ત્યાં એટલે પોતાને ત્યાં પ્રસંગ આવે છે ત્યારે છાજીયાં લે છે અને રાજીયા ગાય છે.તેનું શું કારણ? ઉંઘતો મૂતરે

તેનાથી પથારીને બચાવવાનો ઉપાય છે, પણ જાગતાં મૂતરે ત્યાં શું થાય ? એ જ રીતે દુનિયાદારીથી રંગાયેલાઓ જાણીને તાણે છે, જાણીને આત્માને ઑલામાં નાંખે છે. આવી અજબ દુનિયાદારી છે. અજબ દુનિયાની ગજબ ભરેલી માયાથી રાજન્ ! તારા આત્માને બચાવી લે ! તારે તો એક કુંવર ગયો છે. પણ સગરચક્રવર્તીને સાઠ હજાર કુંવર-(પુત્રો) એકી સાથે મરણ પામ્યા હતા, ત્યાં છ ખંડના માલીકનું પણ શું ચાલ્યું ? રાજન્ ! દુનિયા તરફ જોયે પત્તો લાગે તેમ નથી. કોઈને સ્હેજે વૈરાગ્યનું મન થાય તો દુનિયા તો તરત તેને દુઃખગર્ભિત વૈરાગ્ય કહી દે છે. એવું કહેનારા પોતે વૈરાગ્યનું સ્વરૂપ તો સમજતા નથી. કલઈને ચાંદી કહેનારા તો છોકરાઓ મળશે, પણ ચાંદીને કલાઈ કહેવાની ભૂલ કરનારો છોકરો મળવો મુશ્કેલ છે. જયારે ઉત્તમ એવા વૈરાગ્યને પણ "દુઃખગર્ભિત" કહી હલકી કોટીમાં મુકી દે છે. હલકાને ઉત્તમ કહેવાની વાત તો દૂર રહો; ઉત્તમ પદાર્થને હલકો કહી દે છે ! સંસારમાં કોઇ ધનવગરનો દીક્ષિત થાય એટલે તરત "દુઃખગર્ભિત વૈરાગ્ય" ની છાપ આપે ! દુનિયામાં પોણીસોળ આની દશા હોય તરત કે જૂઠી છાપ ! જૂઠી છાપ મારનારને સરકાર કેવો ગણે ? તો સર્વજ્ઞના તત્ત્વોમાં જૂઠી છાપ લગાવનારની શી વલે ? દુઃખગર્ભિત વૈરાગ્ય કોનું નામ ? ધણી મરી જાય ત્યારે તેના શોકને લીધે ઘરેણાં-ગાંઠાં કે સારાં વસ્ત્રો પહેરવાનો ત્યાગ થાય, શરીરની શોભા ન કરાય, એનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય ! શોકને લીધે કે દુન્યવી દુઃખના લીધે, ઘરમાં વહુ, બેટી કે બહેન રાંડેલી હોય તેથી જમણમાં ન જવાય તથા આનંદના પ્રસંગોમાં ભાગ ન લેવાય, આ તમામ દુઃખગર્ભિત વૈરાગ્યમાં સમાય છે. શોકના કારણે સાંસારિક પદાર્થો પરથી રાગ ન ઊઠયા છતાં વ્યવહારથી પ્રવૃત્તિની ઇચ્છા ઉઠી જવી, વિષયો પરથી મન હઠી જવું તે દુઃખગર્ભિત વૈરાગ્ય છે ! શોકને લીધે રાત દિવસ ઉચાટ રહે, વિખવાદ મટે જ નહિં, શોકનું પ્રમાણ એટલું બધું વધી જાય કે આત્મહત્યા પણ કરી નાંખે; આટલી હદે શોકના કારણોથી સંસારના પદાર્થોથી મન પાછું હઠી જાય તેનું નામ દુઃખગર્ભિત વૈરાગ્ય! દુનિયા મોહગર્ભિત વૈરાગ્ય કોને કહે છે ? બાપની પછી છોકરો કે છોકરા પછી બાપ દીક્ષા લે ત્યારે જગત્ તેને મોહગર્ભિત વૈરાગ્ય કહી દે છે ! જેને શ્રીજિનેશ્વરદેવનાં વચનો ધ્યાનમાં ન હોય, સંસારમાં ચારેગતિમાં હેરાન-પરેશાન થવું પડે છે એવો ખ્યાલ ન હોય, કર્મક્ષય કરી શાશ્વત સુખ મેળવવા માટે મોક્ષે જવું જોઇએ, એવો વિચાર ન હોય તેવાઓ, માત્ર લીલાને માનનાર, લીલાવાલા દેવગુરૂને માનનારા મિથ્યાત્વીઓ, પંચાગ્નિ તપ કરનારાઓનો વૈરાગ્ય તે મોહગર્ભિત વૈરાગ્ય છે. બાહુબલજીએ દીક્ષા લીધી, લડાઇમાં ન જીતાવાના કારણે કે? શું તે દુઃખગર્ભિત ? સાઠહજાર પુત્રો મરીગયાથી સગરચક્રવર્તીએ દીક્ષા લીધી તે માટે શું મોહગર્ભિત ? રાગરહિતપણું તે વૈરાગ્ય છે. સાંસારિક દુઃખને લીધે સાંસારિક વિષયો કે પદાર્થો

ઉપરથી મન ન હઠી જાય પણ દુષ્ટ દુઃખોથી હેરાન થતો રોકાય તે દુઃખગર્ભિત વૈરાગ્ય તથા મિથ્યાત્વથી વાસિત એવાને જે વૈરાગ્ય તે મોહગર્ભિત વૈરાગ્ય છે. તાપસો પંચાગ્નિ તપ કરે છે. તેમાં સાચી કલ્યાણબુદ્ધિ નથી માટે તે મોહગર્ભિત વૈરાગ્ય છે. જેને સંસાર અસાર લાગ્યો હોય, જે મોક્ષ મેળવવા તૈયાર થયો હોય, તેનો જે, વૈરાગ્ય તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે; અભવિને આ વૈરાગ્ય નથી. જે વૈરાગ્ય સંસારથી પાર ઉતારનાર છે તે જ્ઞાનગર્ભિત વૈરાગ્ય છે. માટે આવા વૈરાગ્યથી આત્માને વાસિત કરી શોકને ટાળવો જોઈએ. કેમકે સંયોગ ત્યાં વિયોગ નિશ્ચિત છે.

**ઉપદેશનો અમલ કરવામાં એદી હોય તે ઊલટો ઉપદેશકનો વાંક કાઢે છે !**

મુનિએ આ રીતે રાજાને સંસારની સ્થિતિ જણાવી ઉપદેશ દીધો. પણ નદીના પાણીનો ધોધબંધ પ્રવાહ પથ્થર પર ચાલ્યો જાય પણ સુતરવા જેટલો ભાગ તેની અંદર ભીનો ન થાય, તેમ શોકમાં ડૂબેલ રાજાને મુનિના ઉપદેશની અસર થઈ નહિં. મોહમદિરાથી છાકટાપણું આવ્યું હોય ત્યાં ઢોલ વાજાં વગાડો તો પણ કાંઈ હિસાબમાં નથી. મોહમદિરાનો એ પ્રભાવ છે કે તેના ભકતો-તેનું પાન કરનારાઓ ઉલટા ઉપદેશકનો વાંક કાઢે છે. એક બોરડીના ઝાડ તળે એક એદી સૂતો હતો. પાકેલું એક બોર તેનાથી એક હાથ છેટે પડ્યું હતું. બોર જોઈને તેને મોંમાં પાણી છૂટતું હતું, પણ તે એવો એદી હતો કે ઉઠવું કે હાથ લાંબો કરવો તે તેનાથી બને તેમ નહોતું. ત્યાંથી કંઈક દૂર એક ઊંટવાળો ઉંટ પર સવાર થઈને જતો હતો,તેને એદી કહે છે-"ઓ ઊંટવાળા જરા ! નીચે ઉતરીને આ બોર મારા મોમાં મૂકને!" કહો કેવો એદી ! ! ! તેમ આપણે પણ સંસારના મોહમાં એવા લીન થયા છીએ, અને માયાની મુંઝવણથી એટલા બધા દીન બન્યા છીએ કે શ્રીજિનેશ્વરનાં વચનો હૃદયમાં ઉતરતાં જ નથી, અને તેથી પોતાના પ્રમાદનો શું વાંક કાઢીએ છીએ? દુનિયા કેટલી દોરંગી છે ! જો કોઈ સરલ આત્માને ગુરૂનો ઉપદેશ લાગે તો કહેશે કે - 'સાધુએ ભુરકી નાંખી !' અને કહેશે સાધુ ગમે તેટલો ઉપદેશ આપે, પણ આપણને તેવું વર્તન પાલવે નહિ એટલે પોતાની દીનતા કબૂલવી તો દૂર રહી, પણ ઉલટું એમ કહે કે-"વૈરાગ્ય શાનો લાગે ? વૈરાગ્ય લગાડવામાં તો વળી એમ પણ બકે કે ઉપદેશકનો સમર્થ ત્યાગ જોઈએ!" આ મોહમદિરાનું છાકટાપણું બધો બકવાદ કરાવે છે. પેલા મહાત્મા મુનિએ સંસારની અસારતા, આયુષ્યનું ક્ષણભંગુરપણું, વૈરાગ્યનાં સ્વરૂપો, દુનિયાની અજાયબ હાલત વગેરે વિસ્તારથી કહી રાજાને શોક શમનાર્થે ઉપદેશ તો આપ્યો પણ તે રાજા ! રાજા તો રાજાજ હતો! એને ઉપદેશ લાગે તો રાજા શાનો !

**દીકરા તથા દીકરી પ્રત્યે ભાવનામાં ફરક શાંથી?**

હવે પેલો મરનારો કુંવર સારી લેશ્યાથી દેવતા થયો હતો. તે ત્યાં આવે છે, મુનિને વંદનાદિ કરી, કૂલેશનું સ્વરૂપ જાણી રાજાને પોતાની હાલત જણાવી પૂછે છે કે-"રાજન્ ! તમને પુત્રના જીવથી રાગ છે કે શરીરથી ? જો જીવથી રાગ હોય તો હું મર્યો નથી પરંતુ તે જ જીવ હું દેવતા થયો છું

અને જો પુદ્‌ગલથી રાગ હોય તો આ શબને સાચવી રાખો ?'' રાજા મુંઝાયો! હવે શું કહે ? રાગ હતો મારાપણાના સંસ્કારનો ! રાજાએ સંસાર છોડી દીધો ખુદ પોતાના દીકરાને કોઈને દત્તક દીધા પછી તેના પર પોતાનો હક અને રાગ કેટલો ? મારાપણું મૂકી દીધું એટલે ખલાસ ! દીકરા તથા દીકરી બન્ને એક જ ઘેર અને એક રીતે જ જન્મ્યા છે. છતાં ઘરની મિલકતમાં પુત્રીનો હક કેટલો રાખ્યો ? કેમકે ભાવના જ છે કે પુત્રી મારી નથી બીજે જવાની છે. મારામારી મારાપણાની ભાવનાની છે. મમત્વ જ મારણ છે. જેમ દુન્યવી સુખ માટે કામ પદાર્થ તથા તેના સાધનને અર્થ પદાર્થ ગણીએ છીએ, તેમ આત્માનું સુખ મોક્ષ છે અને તે મેળવવાનું સાધન ધર્મ છે. અર્થ એટલે અત્ર એકલું દ્રવ્ય નહિં, પણ વિષયનાં તમામ સાધનો તે અર્થ અને વિષય સુખ તે કામ. એ જ રીતિએ શાસ્ત્રના ઉપદેશ પ્રમાણે આચરણ થાય તે ધર્મ અને તે દ્વારાએ મળતું શાશ્વત સુખનું સ્થાન તે મોક્ષ છે. અર્થ અને કામ, બે પુરૂષાર્થો લૌકિક છે. ધર્મ અને મોક્ષ બે પુરૂષાર્થ લોકોત્તર છે. લૌકિકમાં મુંઝાયેલા પ્રથમ તો અર્થ તરફ ઝુકી રહ્યા છે.

અર્થના મમત્વને લીધે ગુરૂના વેષમાં આવેલાની પણ વિચિત્ર દશા થાય છે અને ભગવાનના માર્ગને ઉઠાવનારા અર્થ કરે છે. એક દૃષ્ટાંત ધ્યાનમાં લેવા જેવું છે. કોઈક પરિગ્રહધારી ઉપદેશ દેવા પાટ ઉપર બેઠા. હાથમાં વીંટીયો અને વેઢો પહેરેલાં છે. ભુજાએ કડાં વગેરે પણ પહેરેલાં છે. હવે તેમને શ્રી ઉપદેશમાલાની **दोससयमूलजालं** એ ગાથાની વ્યાખ્યાનો પ્રસંગ આવ્યો. પરિગ્રહની મમતાને લીધે અર્થ શબ્દથી જીવાદિ પદાર્થ લઈને વ્યાખ્યા કરી.

તે સભામાં એક શ્રાવક તત્ત્વનો જાણકાર, સમજુ, ઠરેલ, વિવેકી તથા અનુભવી હતો, ભક્તિવાળો પણ હતો. તેણે તે અર્થ માનવાની ના કહી. પછી નવ્વાણું જુદા જુદા અર્થો કરવામાં આવ્યા, પણ ઉપદેશમાળા ભણેલો તે શ્રાવક તે કબુલ કરતો નથી. ત્યારે રત્નાકરસૂરી સમજી ગયા. (અહિં કોઈ સોમપ્રભસૂરી કહે છે.) શ્રાવકને કહી દીધું કે કાલે બરોબર અર્થ સમજાવીશ. સૂરી સમજી ગયા કે આને વીંટી કડાં વગેરે ખટકે છે. પોતાના પરિગ્રહનાં કિંમતી એવા મોતી મંગાવી વટાવી ચૂરો કર્યો. જતિનું દ્રવ્ય દહેરામાં ન કલ્પે ! મહાવ્રતને માલિન કરીને મેળવેલા દ્રવ્યને સંઘ પણ ન અડકે! ઘોર પાપ લાગે ! બીજે દિવસે સાચા ત્યાગી બન્યા અને અર્થ જણાવ્યો કે-''પૈસો એ જ અનર્થનું મૂલ છે ! અર્થ એટલે દ્રવ્ય તેમજ તેનાથી વિષયો. એ અર્થાદિ આવે, રહે કે જાયઃ તો પણ મગજ ભમાવે છે. માટે અનર્થનું મૂલ છે. પ્રથમ તમામ મુનિઓએ તેને તજેલો છે. નરકે લઈ જનારો છે. મમ્મણ શેઠ નરકે ગયા તે આરંભ પરિગ્રહને લીધે જ. જો અર્થને રાખવા હોય તો તપ વગેરેનો આડંબર શા માટે?'' નવાણું અર્થને ન માનનાર શ્રાવક આ અર્થથી તરત માની ગયો.

**વિશુદ્ધ વર્તનવાળો જ વિશ્વને સાચા માર્ગે દોરી શકે !**

કહેવાની મતલબ એ છે કે જે પોતે શ્રીજિનેશ્વરદેવના માર્ગમાં મક્કમ હોય, સ્થિર હોય, વર્તનમાં વિશુદ્ધ હોય, મહાવ્રતને બરાબર પાલનાર હોય. તે જ તે જગતના જીવોને સાચો માર્ગ બતાવી આચરાવી શકે. માર્ગસ્થ ગુરૂ પાસેથી જ સાચો ધર્મ મેળવી શકાય. ગુરૂતત્ત્વનો આધાર દેવતત્ત્વ ઉપર છે. દેવ પોતે જો લીલા ખેલનારા હોય તો ગુરૂ એવી લીલાની લહેરને શા માટે જતી કરે ? જે દેવ ત્યાગી વિરાગી હોય, આત્મકલ્યાણ માટે જ જે દેવે પ્રવૃત્તિ કરી હોય, આત્મકલ્યાણ સાધ્યું હોય અને પછી જગતને માર્ગ બતાવ્યો હોય તે દેવે કહેલા આચારને વર્તનમાં મૂકનાર ગુરૂ પણ તેનું જ અનુકરણ કરે. અભવ્યના પ્રતિબોધેલા મોક્ષે શાથી જાય છે ? કારણ કે અભવ્ય પણ, હૃદયથી નહિ, પણ બહારથી તો દેવ તરીકે શ્રી જિનેશ્વરને જાહેર કરે છે અને વીતરાગદશાથી ઉત્તમતા જણાવે છે, તેથી શ્રોતાઓને શ્રીજિનેશ્વરદેવ તથા તેમના માર્ગ પ્રત્યે શ્રદ્ધા થતી હતી. સામર્થ્યવાળા શ્રોતાઓ સંયમ સ્વીકારીને કલ્યાણ પણ સાધી લેતા હતા, મોક્ષ મેળવતા હતા. અભવ્ય તો હૃદયથી જ કોરાધાકોર હોય ત્યાં એનું શું વળે ? હૃદયક્ષેત્રમાં બીજ જ નથી. મોક્ષની માન્યતા જ નથી, એટલે એને મોક્ષ મળે શી રીતે ? પણ ભાઈનો ઠાઠ એવો કે આઠે તત્ત્વ માને અને મોક્ષની વાત આવે એટલે ઊંહું ! મોઢે નહિ હો! મોઢે તો કબુલ કરે પણ અંતરમાં ભૂલ, માટે બાજી ડુલ થાય છે.

## જ્ઞાન મુશ્કેલ નથી : ચારિત્ર છે !!!

**नमो आइगराणं શાથી ?**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટકજી પ્રકરણની રચના રચતાં પ્રારંભમાં મહાદેવાષ્ટકમાં ફરમાવી ગયા કે દેવ, ગુરૂ તથા ધર્મ એ ત્રણે તત્ત્વો કે જેને તમામ આસ્તિકો કબુલ કરે છે, સ્વીકારે છે તેમાં મુખ્ય દેવ તત્ત્વ જ છે કે જેમના પર ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વનો આધાર છે. ધર્મના મૂલ સ્થાપક, પ્રરૂપક, અને નિર્માતા દેવ જ હોય છે, ગુરૂ તો તેના પ્રવર્તક છે. આ અવસર્પિણીકાલમાં શ્રીઋષભદેવજી ભગવાન આદ્ય ધર્મસ્થાપક છે, આદ્ય તીર્થસ્થાપક છે. એ ભગવાનનું બીજું નામ શ્રી આદિનાથજી પણ આ દૃષ્ટિએ જ છે. દરેક તીર્થંકર પોતાના તીર્થની અપેક્ષાએ ધર્મની કે તીર્થની આદિના કરનાર ગણાય છે, માટે જ નમુત્થુણંમાં आइगराणं (ધર્મની આદિના કરનાર) કહેવામાં આવે છે. ગુરૂતત્ત્વ ધર્મનું પ્રથમ નિર્માયક નથી, તેમ ધર્મતત્ત્વ કાંઈ સ્વયં પ્રગટતું નથી. ગુરૂતત્ત્વ કે ધર્મતત્ત્વ સ્વતંત્ર પ્રગટ થનારાં તત્ત્વો નથી જ્યારે દેવતત્ત્વ સદંતર સ્વતંત્ર છે. હીરા, મણી, મોતી, માણેક વગેરે કિંમતી નંગો પણ પોતાનું સ્વરૂપ જણાવવા પોતે સમર્થ નથી.

હીરા, મોતી વગેરે તથા કાંકરા અંધારામાં સાથે પડ્યા હોય તો તેમાં જે ફરક છે'તે દેખાવાનો નથી. એ જ રીતે ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વને પ્રગટાવનાર-પ્રકાશનાર- અંધારામાંથી અજવાળામાં લાવનાર દેવતત્ત્વ જ છે. ધર્મનું સ્વરૂપ પ્રથમ શ્રીદેવ બતાવે છે. એટલા જ માટે શ્રીહરિભદ્રસૂરીશ્વરજીમહારાજે પ્રથમ મહાદેવાષ્ટકની રચના કરી.

**દેવતત્ત્વનું મહત્ત્વ સદ્વર્તનને અંગે છે !**

મહાદેવ કેવા હોય અને જગતના જીવોને શું ઉપકાર કરે ? તે પરત્વે તેઓશ્રી જણાવે છે કે **एवं सद्वृत्तयुक्तेन0**

સદ્વર્ત્તનવાળા દેવ તે જ મહાદેવ. દેવે કેવલજ્ઞાનથી જીવને, જીવના ગુણોને, જીવના ગુણોને આવરનાર કર્મોને, તે કર્મોને રોકનાર તથા નિકંદન કરનાર ગુણોને, કર્મક્ષયથી ઉત્પન્ન થતા ગુણોને જાણ્યા, કેવલજ્ઞાનથી જાણ્યા, કેવલ દર્શનથી જોયા અને પછી તે તમામ જગતના જીવોને તેમના હિતાર્થે જણાવ્યા. એમ ન કહેવું કે શાસ્ત્રને એમના વર્તન સાથે સંબંધ નથી, પણ કેવલજ્ઞાન અને કેવલદર્શન સાથે સંબંધ છે. કેમકે ધર્મ, અધર્મ, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ, ગુરૂ, ધર્મ વગેરે તમામનું સ્વરૂપ કેવલજ્ઞાન અને કેવલદર્શનથી જાણ્યું, જોયું અને પછી પ્રરૂપ્યું અને તેનું નામજ શાસ્ત્ર છે. જ્યારે શાસ્ત્રને કેવલ કેવલજ્ઞાન સાથે સંબંધ છે તો પછી **सद्वृत्तयुक्त** કેમ કહ્યું ? એ પ્રશ્ન છે **जिनपन्नतं तत्तं** શ્રી જિનેશ્વરદેવે કહેલું તત્ત્વ માનીએ છીએ વાક્યમાં તથા ચાર શરણોમાં પણ 'કેવળીએ કહેલા ધર્મનું શરણ અંગીકાર કરું છું' એ કથનમાં પણ તત્ત્વ અને શરણનો સંબંધ કેવલ સાથે છે. એમ બધે મુખ્યતા કેવલજ્ઞાનની છે તો અત્ર વર્તનની વાત કેમ કરી ? મહાનુભાવ ! કેવલજ્ઞાન મળ્યું શાથી? તેઓ કેવલજ્ઞાનની બન્યા શાથી ? સદ્વર્તનથી જ છે ! કેવલજ્ઞાનની જડજ સદ્વર્તન છે. સદ્વર્તન જ કેવલજ્ઞાની જડ છે. જૈન દર્શનના નિયમ પ્રમાણે આરંભસમારંભથી ઘેરાયેલો, વિષયોથી વીંટળાયેલો, રંગરાગમાં આસક્ત થયેલો એવો અસદ્વર્તનવાળો કદી કેવલજ્ઞાની બનતો નથી. "આ શાસ્ત્રો સર્વજ્ઞભગવાને કહ્યાં છે" એટલું જ ન કહેતાં શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ "સદ્વર્તનવાળા ભગવાને શાસ્ત્ર કહ્યાં છે" એમ કહ્યું તેમાં મહાન હેતુ છે, એ કથન સપ્રયોજન છે નિષ્પ્રયોજન નથી. શ્રી સર્વજ્ઞ ભગવાન જે ઉપદેશ આપે છે. તે હેયને છોડવા માટે તથા ઉપાદેયને આદરવા માટે જ. અર્થાત્ સદ્વર્તન માટે સંવરાદિ આદરવા તથા આશ્રવાદિક છોડવા માટે. અહિં તે સંવરાદિયુક્તતા જણાવવા માટે 'સદ્વર્તન' શબ્દનો પ્રયોગ યોજાયો છે.

**સર્વજ્ઞનાં વચનો માન્ય રાખવાનાં છે. પણ તેના મહત્વનાં ત્રણ કારણો છે.**

સર્વજ્ઞના વચનો માન્ય શા આધારે ? ત્રણ કારણોથી તે વચનો માન્ય છે. જો તે ત્રણ કારણો તેમાં વિદ્યમાન ન હોય તો તે પોતે સર્વજ્ઞ મનાય નહિં, તો પછી તેમનાં વચનો તો મનાય જ ક્યાંથી? દુનિયામાં પણ નિયમ છે કે તમે તમારો કેસ તે જ મેજીસ્ટ્રેટ પાસે ચાલવા દ્યો છો કે જે તમારો દ્વેષી ન હોય. (અપૂર્ણ)

(અનુસંધાન પેજ-૨૦૫)

# સાગર સમાધાન

પ્રશ્ન - ૨૭ ભગવાન હરિભદ્રસૂરીજી કે જેઓ શ્રી પંચવસ્તુના મૂલ અને ટીકાના બનાવનાર છે. પંચાશક અને અષ્ટકજીના મૂલને કરનારા છે, તેમજ યોગબિન્દુ અને યોગદૃષ્ટિ નામના ગ્રન્થોને પણ સ્વોપજ્ઞ વિવરણ સાથે બનાવનારા છે અને જે ગ્રન્થોને આધારે વરબોધિ પછી પરોપકારમય ભગવાન તીર્થંકરોનું જીવન થાય છે, એમ સાબીત કરવામાં આવ્યું છે તે જ હરિભદ્રસૂરીજી લલિતવિસ્તરા નામની ચૈત્યવન્દનસૂત્રની ટીકામાં નીચે પ્રમાણે જણાવે છે.

**आकालमेते परार्थव्यसनिन उपसर्जनीकृतस्वार्था उचितक्रियावन्तः अदीनभावाः सफलारम्भिणः अद्दढानुशयाः कृतज्ञतापतयः अनुपहतचित्ता देवगुरुबहुमानिनस्तथा गम्भीराशया इति,**

આ ઉપર જણાવેલા પાઠથી સ્પષ્ટપણે સાબીત થાય છે કે ભગવાન્ જીનેશ્વર મહારાજના જીવો વરબોધિ પ્રાપ્ત થયા પછી નહિં, પરંતુ સર્વકાળ એટલે અનાદિ નિગોદથી તેઓ પરોપકારિતાદિ ગુણવાળા હોય છે. આ લલિતવિસ્તરાના પાઠથી ભગવાન્ જીનેશ્વરોનું અનાદિકાળથી પરોપકારિતાદિપણું સાબીત થવાથી ભગવાન્ જીનેશ્વરો વરબોધિ લાભ થયા પછીથી જ પરોપકારિતાદિ ગુણવાળા હોય છે એમ માનવું કોઈ પણ પ્રકારે વ્યાજબી જણાતું નથી. ભગવાન્ હરિભદ્રસૂરીજીએ સ્પષ્ટપણે आकालम् પદનો પ્રયોગ કર્યો છે અને आकालम् શબ્દનો અર્થ વરબોધિ લાભ પછી એવો કોઈ પણ પ્રકારે થઈ શકે જ નહિં, માટે અનાદિકાળથી એટલે અનાદિ નિગોદથી તીર્થંકરના જીવોને પરોપકારિતાદિ ગુણવાળા માનવા જોઈએ.

સમાધાન - ઉપર જણાવેલા પ્રશ્નના સમાધાનને અંગે જે કંઈ ભગવાન્ તીર્થંકર મહારાજને અંગે લખવામાં આવે, તેમાં એક પણ અંશે કે એક પણ રૂવાંટે ભગવાન્ જીનેશ્વર મહારાજની અવજ્ઞા કરવા માગીએ છીએ એમ સમજવું નહિં, પરંતુ જેઓ શાસ્ત્રને સમજ્યા સિવાય તથા શાસ્ત્રકારોને વિચાર્યા સિવાય કેવળ અજ્ઞાનતા સાથેના બકવાશથી અગડં બગડં બોલે છે તેઓને કે તેઓની ટોળીના અનુયાયીઓને સમજાવવા માટે જ અનેક પ્રકારના વિમર્શો કરવામાં આવે છે. પ્રશ્નકારના જણાવવા પ્રમાણે નીચે જણાવેલા દશ ગુણો જે જીવો તીર્થંકર થવાના હોય તેમાં અનાદિકાળથી એટલે નિગોદથી હોય

છે અર્થાત્ એ દસ ગુણોનો સમ્યક્ત્વની ઉત્પત્તિ સાથે કોઈપણ પ્રકારનો સંબંધ નથી એમ જણાવવા માગે છે. તે દસ ગુણો નીચે પ્રમાણે-૧ પરાર્થવ્યસનવાળા ૨ પોતાના સ્વાર્થને ગૌણ કરનારા ૩ યોગ્ય ક્રિયાવાળા ૪ દીનતાને નહિં ધારણ કરનારા ૫ સફળ કાર્યને કરનારા (નિષ્ફળ કાર્યને આરંભે જ નહિં) ૬ ક્રોધ અગર પશ્ચાત્તાપ જેને અત્યંત મજબૂત ન હોય ૭ કરેલા ગુણના જાણપણાને તો વરેલા જ હોય ૮ જેના ચિત્તને ઉપઘાત દશા હોય જ નહિં. ૯ દેવ અને ગુરૂનું બહુમાન કરવાના સ્વભાવવાળા ૧૦ ગંભીર અભિપ્રાયવાળા (તુચ્છતા વગરના વિચારવાળા) પ્રશ્નકારના કહેવા પ્રમાણે આ ઉપર જણાવેલા દસ ગુણો તીર્થંકર થવાવાળા જીવમાં અનાદિકાળથી એટલે નિગોદથી હોય છે, આવી પ્રશ્નકારની માન્યતા ખોટી છે તે સાબીત કરવા માટે કંઈ પણ વિમર્શ કરવો પડે તેમાં ભગવાન્ જીનેશ્વરની અવજ્ઞા કરવાનો લેશ પણ આશય હોય તેમ સમજવું નહિં. પ્રથમ તો પ્રશ્નકારે એટલું જ સમજવું જરૂરી છે કે તેને અનાદિ કાળના જણાવેલા પરોપકારિતાદિ ગુણો ક્ષાયોપશમિક ભાવના છે કે પારિણામિક ભાવના છે તે પ્રશ્નકારને કબુલ કરવું પડશે કે પારિણામિક ભાવ તો ફક્ત ભવ્યત્વ, અભવ્યત્વ અને જીવત્વ નામે ત્રણ પ્રકારે જ છે એટલે એ ગુણોને પારિણામિક ભાવે તો કહી શકાશે જ નહિં અને જો ક્ષાયોપશમિક ભાવે પરોપકારિતાદિ ગુણો કહેવામાં આવે તો અનાદિકાળનો તેવો ક્ષયોપશમ હોય છે એમ તેઓને માનવું પડે અને જૈનશાસ્ત્રને અંશથી પણ જાણનારો મનુષ્ય તેવા ક્ષાયોપશમિક ભાવને અનાદિ તો માની શકશે જ નહિં. કદાચ પ્રશ્નકાર તરફથી એમ કહેવામાં આવે કે ઉપર જણાવેલા પરોપકારિતાદિ ગુણો ભગવાન્ જીનેશ્વરોને વરબોધિ થાય ત્યારે કાર્યરૂપે પ્રગટ થાય છે અને વરબોધિ થવા પહેલાંના કાર્યમાં પણ અનાદિ નિગોદથી કારણરૂપે તે પરોપકારિતાદિ ગુણો ભગવાન્ તીર્થંકર બનનારા જીવોમાં હોય છે, આવી રીતે પ્રશ્નકાર પોતાના કદાગ્રહને પોષવા માગે તો તે પોષી શકે તેમ નથી કારણકે ઈન્દ્રિય વિગેરેમાં લબ્ધિ અને ઉપયોગ એમ વિભાગો પાડવામાં આવ્યા છે, તેવી રીતે પરોપકારિતાદિને માટે લબ્ધિ અને ઉપયોગ એવા ભાગ પાડી શકાય તેમ નથી અને શાસ્ત્રકારોએ પાડેલા પણ નથી, વળી જો લબ્ધિ થકી એટલે કારણરૂપે અનાદિકાળથી પરોપકારિતાદિ ગુણો માનીએ તો તે પરોપકારિતાદિ ગુણોના કારણભૂત ક્ષયોપશમ અનાદિકાળનો થયેલો છે એમ માનવો પડે અને કોઈપણ શાસ્ત્રના વાકયથી તે પરોપકારિતાદિના ગુણોના કારણભૂત ક્ષયોપશમને અનાદિ ઠરાવી શકે તેમ નથી. ઉપર જણાવેલા પરોપકારિતાદિ દસ ગુણોમાં વરબોધિ પછી કે વરબોધિની વખતે

પરોપકારિતાદિ ગુણો હોય એ વાતની સિદ્ધિને માટે નીચે પ્રમાણે વિચાર કરવાની જરૂર છે.

૧ પરોપકારિતા ૧ ભગવાન્ મહાવીર મહારાજના જીવને સામાન્ય સમ્યકૃત્વ થઈ ગયા પછી મરીચિના ભવમાં જે કપિલને માર્ગ બહારની દેશના આપી છે તે શું પ્રશ્નકાર પરની અપકારિતા ન ગણતાં પરોપકારિતા ગણે છે?

૨ ભગવાન્ મહાવીર મહારાજના જીવે વિશાખાભૂતિ (વાસુદેવના ભવની પહેલાં)ના ભવમાં ગાયને શીંગડામાંથી પકડીને વીંઝી તેને પરની અપકારિતા ન ગણતાં શું પરનો ઉપકાર ગણે છે ?

૩ વિશાખભૂતિના ભવમાં વાસુદેવપણાનું નિયાણું કરીને વાસુદેવ થયા તે વાસુદેવપણામાં અશ્વગ્રીવના દૂતને લુંટ્યો તે શું પરોપકાર ગણાય ?

૪ વાસુદેવના ભવમાં સિંહને વિદાર્યો (ફાડ્યો) તે શું પરોપકાર ગણાય ?

૫ વાસુદેવના ભવમાં શય્યાપાલકના કાનમાં તપાવેલ સીસું રેડ્યું અને જેનાથી તે શય્યાપાલક મરી ગયો. તો તે શું પરોપકાર ગણાય ?

ઉપર જણાવેલી હકીકત વિચારનાર મનુષ્ય જો સુજ્ઞ હશે તો કદાપિ એમ માનવાને તૈયાર નહિં થાય કે ભગવાન્ તીર્થંકરના જીવો અનાદિકાળથી તો શું પરંતુ સામાન્ય સમ્યકૃત્વ પામ્યા પછી પણ સતત પરોપકારવૃત્તિવાળા જ હોય એવું માની શકાય. એવી જ રીતે કૃષ્ણમહારાજા કે જેઓ ભવિષ્યમાં તીર્થંકર થવાના જ છે તેઓ વાસુદેવપણાના પાછળના ભવમાં સંજ્ઞિપંચેન્દ્રિય જીવ ઉપર ગાડું વહેવડાવનારા થયા અને તે પંચેન્દ્રિયની હત્યા કરનારા થયા એ વાત જાણનારો મનુષ્ય કઈ રીતે ભગવાન્ તીર્થંકરને અનાદિકાળથી પરોપકારિપણું માનવા તૈયાર થાય. આટલા જ માટે પૂર્વે જણાવેલા શ્રી પંચાશક, શ્રી પંચવસ્તુ, શ્રીયોગબિન્દુ અને શ્રી અષ્ટકજી વિગેરેનાં વચનોથી વરબોધિ પછી જ સતત પરોપકારીપણું ભગવાન્ જીનેશ્વરોનું માનવું વ્યાજબી છે એમ માન્યા વિના સુજ્ઞ મનુષ્ય રહી શકશે નહિં.

૨ પોતાના સ્વાર્થને ગૌણ કરનાર ૧ ભગવાન્ મહાવીર મહારાજનો જીવ નયસારના ભવમાં સમ્યકૃત્વ પામ્યો છે એ વાત તો પ્રસિદ્ધ જ છે, એટલે આગળ કહેવામાં આવશે એ હકીકત સમ્યકૃત્વ પામ્યા પછી બનેલી છે એ ચોકખું છે, છતાં જેઓ ભગવાન્ જીનેશ્વરોના જીવમાં અનાદિ કાળથી પોતાના સ્વાર્થને ગૌણ કરવાનું માનતા હોય તેઓએ વિચારવું જોઈએ કે મરીચિના ભવમાં ભગવાન્ મહાવીર મહારાજે પોતાનું વૈયાવચ્ચ કરવા માટે જ કપિલને ખોટે માર્ગે દોર્યો હતો, તો શું ભગવાન્ મહાવીર મહારાજના જીવનું સ્વાર્થને ગૌણ કરવાપણું રહ્યું ખરું ? ૨ વિશાખભૂતિના ભવમાં વિશાખનંદિને

બગીચાના મહેલમાં મ્હાલવાનો વખત આવ્યો તે પ્રસંગે ક્રોધે ધમધમનાર અને તેને અંગે જ સંસારનો ત્યાગ કરનાર ભગવાન્ મહાવીર મહારાજનો જીવ સ્વાર્થને ગૌણ કરનાર ખરો ? જો કે આ વાત વરબોધિ પ્રાપ્તિની પહેલાંના ભવોની હોય તો પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ થયા પછીના જ ભવની છે. એટલે સામાન્ય સમ્યક્ત્વ પછી પણ સતતપણે સ્વાર્થને ગૌણ કરવાનો નિયમ રહી શકતો નથી, તો પછી પ્રશ્નકાર અનાદિ કાળથી તીર્થંકરના જીવમાં સ્વાર્થને ગૌણ કરનાર જ હોય એ શા આધારે માની શકે. ૩ વાસુદેવના ભવમાં આજ્ઞા માત્રના સામાન્ય ઉલ્લંઘનમાં પ્રાણાંત શિક્ષા કરનાર ભગવાન્ મહાવીર મહારાજા થયા એમાં શું સ્વાર્થનું ગૌણપણું અંશે પણ રહે છે ખરું ? ૪ પ્રતિવાસુદેવને રાજ્યના લોભની ખાતર મારી નાંખનાર ભગવાન્ મહાવીર મહારાજનો જીવ જે વાસુદેવ તે શું સ્વાર્થને ગૌણ કરનાર ગણાય ખરો ?

ઉપરની હકીકતને જાણનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે સમ્યક્ત્વ પામ્યા પછી પણ સતતપણે પરોપકારી તીર્થંકર મહારાજનો જીવ હોય તો પણ થઈ શકતો નથી, કિન્તુ વરબોધિ પ્રાપ્ત થયા પછી સતતપણે સ્વાર્થને ગૌણ કરનાર તીર્થંકર મહારાજનો જીવ હોઈ શકે છે.

૩ યોગ્ય ક્રિયાવાળા ૧ ભગવાન્ મહાવીર મહારાજના જીવે મરીચિના ભવમાં જે ભાગવતી દીક્ષા ગ્રહણ કરી હતી અને પછી તે દીક્ષાને તોડી નાખી તે શું ઉચિત ક્રિયા ગણાય ? ૨ મરીચિના જીવે પરિવ્રાજકપણું ગ્રહણ કર્યું અને ચલાવ્યું તે શું ઉચિત ક્રિયા ગણાય ? ૩ મરીચિના ભવમાં ભગવાન્ જીનેશ્વર મહારાજની સભામાં ત્રિપદી આસ્ફોટનપૂર્વક જે પ્રવૃત્તિ કરી તે શું ઉચિત ક્રિયા ગણાય ? ૪ ભગવાન્ મહાવીર મહારાજના જીવે મરીચિના ભવમાં જે કુલમદ કર્યો તે શું ઉચિત ક્રિયા ગણાય ? ૫ ભગવાન્ મહાવીર મહારાજના જીવે વિશાખાભૂતિના ભવમાં નિયાણું કર્યું તે શું ઉચિત ક્રિયા ગણાય ? ૬ કૃષ્ણ મહારાજાનો જીવ કે જે ભવિષ્યમાં તીર્થંકર થનાર છે તેમણે જે કૃષ્ણ મહારાજથી પહેલાના ભવમાં નિયાણું કર્યું તે શું ઉચિત ક્રિયા ગણાય ? ૭ ભગવાન્ શાંતિનાથજી મહારાજના જીવે વાસુદેવ થવાના પહેલાના ભવમાં નિયાણું કર્યું તે શું ઉચિત ક્રિયા ગણાય ? ૮ ભગવાન્ પદ્મનાભનો જીવ કે જે શ્રેણિકરાજાપણે હતો તેને સુજયેષ્ટાની પ્રાપ્તિ માટે વિશાલા સુધી સુરંગ ખોદીને તેને લાવવાનો પ્રયત્ન કર્યો અને ચેલણાને ઉપાડી લાવ્યા તે શું ઉચિત ક્રિયા ગણાય ? ૯ ભાવિ તીર્થંકર એવા શ્રી કૃષ્ણમહારાજે વાસુદેવપણામાં અનેક રાણીઓ

અપહારથી મેળવી છે તે શું ઉચિત ક્રિયા ગણાય ? ઉપરની હકીકત જાણનાર મનુષ્ય જો લેશ પણ અક્કલને ધરાવતો હશે તો ભગવાન્ જીનેશ્વરોના જીવો અનાદિકાળથી ઉચિત ક્રિયાઓવાળા જ હોય છે એમ માનવા તૈયાર થશે જ નહિં.

૪ દીનતાને નહિં ધારણ કરનારા ૧ ભગવાન્ મહાવીર મહારાજના જીવે મરીચિના ભવમાં પરિવ્રાજકપણું લીધું અને માંદા પડ્યા ત્યારે કોઈ સાધુએ અવિરતિપણાને લીધે વૈયાવચ્ચ ન કર્યું તેને લીધે પોતે વૈયાવચ્ચ કરાવવા માટે કોઈકને દીક્ષા દઈ ચેલો કરવાના વિચારમાં આવ્યા, આ વસ્તુ દીનતાવાળી નથી એમ કોણ કહેશે ? ૨ ભગવાન્ પાર્શ્વનાથજીના જીવે મરૂભૂતિના ભવમાં દીનતા નથી ધારણ કરી એમ કોણ કહી શકશે ? ૩ ભગવાન્ મહાવીર મહારાજના જીવે મરીચિના ભવ પછીના અનેકભવોમાં સંન્યાસીપણું લીધેલ હોવાથી દીનતા નથી ધારણ કરી એમ કોણ કહી શકે? ૪ ભવિષ્યમાં તીર્થંકર થનારા શ્રી કૃષ્ણમહારાજે શ્રીજરાસંઘ પ્રતિવાસુદેવ વિગેરેથી બચવા માટે ક્યા ક્યા કાર્યો દીનતા દર્શાવનારાં કર્યાં છે તે તેના ચરિત્રને જાણનારાથી અજાણ્યાં નથી. ૫ તીર્થંકર થવાવાળા દરેક જીવો તીર્થંકર નામકર્મ બાંધવા પહેલાં કે પછી પણ ચક્રવર્તીની પદવીમાં જ હોય એવો નિયમ ન હોવાથી તેઓ પૌદ્‌ગલિક ઈચ્છા વગરના હોય અને દીનતા ન ધારણ કરે એમ કહેવું દીન ભાવના સ્વરૂપને ન સમજવાનું ફળ કહેવાય ? ૬ ભગવાન્ ઋષભદેવજીના પૂર્વભવોમાં શ્રીપ્રભાના ચ્યવન વખતે કેવી દીનતામાં આવ્યા છે તે શું તેમના ચરિત્રને જાણનારા નથી સમજી શકે તેમ ?

૫ સફળ કાર્યને કરનારા ૧ ભગવાન્ ઋષભદેવજી મહાબલના ભવમાં જે દશામાં હતા તે દશા સમજનારો મનુષ્ય ભગવાન્ જીનેશ્વરોના જીવો સર્વભવોમાં સફળ કર્મને જ કરનારા છે એમ માની શકે ખરું ? ૨ ભગવાન્ મહાવીર મહારાજના ભવે મરીચિના ભવમાં સાધુપણું ગ્રહણ કરીને પરિવ્રાજકપણું લીધું તે કાર્યને સમજનારો મનુષ્ય તીર્થંકર થનારા જીવો સર્વકાળે કાર્યને સફળ કાર્ય કરનારા જ હોય છે એમ માની શકે ખરો ? ૩ ભગવાન્ પાર્શ્વનાથજી મહારાજ કમઠ ભાઈના પ્રસંગમાં ઉલ્ટો કમઠને ક્રોધ વધ્યો એ વાત જાણનારા તીર્થંકર થનારા જીવો સર્વભવોમાં સફલારંભી હોય એમ માનવાને તૈયાર થાય ખરા ?

૬ ક્રોધ અગર પશ્ચાત્તાપ જેને અત્યંત મજબૂત ન હોય ૧ ભગવાન મહાવીર મહારાજા વાસુદેવના ભવમાં એક ગાયન બંધ નહિ રાખવા સરખા ગુન્હાને અંગે કરેલી

શય્યાપાલકને જે મોતની સજા છે તેને જાણનારો મનુષ્ય તીર્થંકર થનાર જીવને દરેક ભવોમાં ક્રોધની તીવ્રતા ન જ હોય એમ કેમ માની શકાય ? ૨ રાવણ સરખાની રાવણપણાની અને નરકની દશાને વિચારનારો મનુષ્ય તીર્થંકર થનાર જીવોને સર્વભવોમાં તીવ્રક્રોધ હોય જ નહિં એવું માનવા કેમ તૈયાર થાય ?

૩ જૈનશાસ્ત્રને જાણનારો સામાન્ય મનુષ્ય પણ સમજી શકે કે નારકીના અવતારમાં ક્રોધની તીવ્રતા હોય છે, તો શું તીર્થંકર થનાર જીવ નરકમાં જાય નહિં અગર નરકમાં જાય તો સમ્યક્ત્વ લઈને કે પામીને જ જાય એવું માનવાને તૈયાર થઈ શકે ખરો ? કે જેથી વૈર ઓછું હોય ? ૪ અનુશયને અમર્ષ અર્થમાં લઈ જઈએ તો તીર્થંકરપણે થનારા શ્રીકૃષ્ણમહારાજ નરકમાં ગયા, છતાં પણ દ્વારકાના અને યાદવકુલના નાશને લીધે ખુશ થવાવાળા શત્રુઓને પરાસ્ત કરવા શ્રીબલભદ્રજી કે જે દેવલોકથી એમની પીડાને શમાવવા આવ્યા હતા તેમની આગળ કેટલી બળતરા જાહેર કરી હતી અને તે શમાવવા માટે દક્ષિણાર્ધ ભરતના લોકોને મિથ્યાત્વને દાખલ થવાના કારણભૂત થયો એવો ક્યો દેખાવ કરવા માટે આદેશ કર્યો તે વિચારવા જેવું છે.

૭ કરેલા ગુણના જાણપણાને તો વરેલા જ હોય ૧ ભગવાન્ મહાવીર મહારાજના જીવે મરિચિના ભવમાં કપિલની આગળ જે ધર્મની અસ્તોવ્યસ્તદશા જણાવી તે શ્રીજીનેશ્વર મહારાજ વિગેરેની તરફ કૃતજ્ઞતા કરી છે એમ કોણ કહી શકે ? ૨ એવી જ રીતે વિશાખભૂતિના ભવમાં ગાયને સીંગડાથી પકડીને ભમાવી તથા નિયાણું કર્યું એ કાર્યમાં કૃતજ્ઞતા રહી છે એમ કોણ કહી શકે ?

૮ જેના ચિત્તને ઉપઘાત દશા હોય જ નહિં ૧ ભગવાન્ મહાવીર મહારાજાના મરીચિના ભવની દશાને જાણનારો મનુષ્ય શ્રીજીનેશ્વર થનારા જીવને અનાદિથી તો શું ? પરંતુ આદ્યસમ્યક્ત્વ મળ્યા પછી પણ ઉપઘાત વગરનું જ ચિત્ત હોય એમ માનવાને કેમ તૈયાર થઈ શકે ? ૨ ભવિષ્યમાં તીર્થંકર થનારા શ્રીકૃષ્ણ મહારાજાના પહેલા ભવમાં માતાને પણ અનિષ્ટ થનાર પુત્રની સ્થિતિ વિચારનારો મનુષ્ય કેમ એવું માની શકે કે ભવિષ્યમાં તીર્થંકર થનારા જીવોનું કોઈ પણ ભવમાં ઉપઘાતવાળું ચિત્ત હોતું નથી ?

૯ દેવ અને ગુરૂનું બહુમાન કરવાના સ્વભાવવાળા ૧ મહાવીર ભગવાનના જીવે મરીચિના ભવમાં જ ગ્લાન થયા ત્યારે સાધુઓએ વૈયાવચ્ચ અસંયમપણાને લીધે ન કરી તે વખત સાધુઓ તરફ થયેલી તેમની

ભાવનાને મનુષ્ય એવું કેવી રીતે માની શકે કે તીર્થંકર થનારો જીવ સર્વ ભવોમાં દેવ ગુરૂ તરફ બહુ માનવાળો હોય જ છે ? ૨ દેવગુરૂ તરફ બહુમાન થવું એ જો મિથ્યાત્વના અને અનંતાનુંબધીના ક્ષયોપશમનું કાર્ય હોય તો ભવિષ્યમાં તીર્થંકર થનારા જીવોને અનાદિ નિગોદકાળથી મિથ્યાત્વ અને અનંતાનુંબંધીનો ક્ષયોપશમ જ હોય એમ માનવાને ક્યો જીવ તૈયાર થશે? ૩ મરીચિના ભવમાં કપીલની આગળ જે વચનો પરિવ્રાજકના મતને વધારનારાં કહેવામાં આવ્યાં છે તે વચનો દેવગુરૂના બહુમાન યુક્ત હતાં એમ કોણ માની શકે? ૪ મદુક શ્રાવકના દૃષ્ટાન્તને જાણનારો મનુષ્ય સ્હેજે સમજી શકે તેમ છે કે સૂત્રથી ઉત્તીર્ણ હકીકત બોલનારો મનુષ્ય અનન્તા તીર્થંકરો સિદ્ધ વિગેરેની આશાતના જ કરનારો થાય છે તો બહુમાન કરનારો તો ગણાય જ ક્યાંથી ? ૫ મરીચિના ભવમાં સાધુપણું અંગીકાર કર્યું હતું તે પણ છોડીને પરિવ્રાજકપણું અંગીકાર કર્યું, છતાં દેવગુરૂનું બહુમાન રહેલું જ હતું એ સુજ્ઞ મનુષ્ય કેમ માની શકે?

૧૦ ગંભીર અભિપ્રાયવાળા ૧ ભગવાન્ મહાવીર મહારાજનો જીવ જે મરીચિનો ભવ છે તેમાં માંદા પડ્યા પછી સારવારને માટે ચેલો કરવાની ચાહના રાખવાની વાતને સમજનારો મનુષ્ય તીર્થંકર થનાર જીવ અનાદિકાળથી ગંભીર આશયવાળો જ હોય એમ કેમ માની શકે ? ૨ કપિલને શુદ્ધ દેશનાની અવગણના કરી ત્યારે મારે યોગ્ય શિષ્ય મળ્યો છે એમ વિચારનાર એવા મરિચિની સ્થિતિને જાણનારો ક્યો મનુષ્ય અનાદિકાળથી જીનેશ્વરો ગંભીર આશયવાળાજ હોય એમ માની શકે ? ૩ વિશાખભૂતિના ભવમાં પોતાના જ ભાઈને બગીચામાં દાખલ થયો જોઈને ધમધમનાર અને મુષ્ટિ મારીને બધાં કાઠા તોડી નાખીને ક્રોધથી ધમધમાટ થયેલી દશાને જાણનાર મનુષ્ય હંમેશાં ગંભીર આશયવાળા જ તીર્થંકરના જીવો હોય એમ માનવાને કેવી રીતે તૈયાર થઈ શકે ? ૪ મથુરામાં પોતાના ભાઈએ કરેલી હાંસીથી ગાયને સીંગડામાંથી પકડીને ભમાવનાર મનુષ્ય ગંભીર આશયવાળો છે એમ કેવી રીતે માની શકાય ? ૫ ગાયને સીંગડામાંથી પકડીને ભમાવ્યા પછી પણ અનેક વાક્યો બોલી સંતોષ ન માનતાં ભવાંતરે બળ પ્રાપ્તિને માટે નિયાણું કરનાર એવા વિશાખભૂતિ કે જે ભવિષ્યમાં ભગવાન્ મહાવીર મહારાજપણે થનારા છે તેના ચરિત્રને વાંચનાર વિચારનાર મનુષ્ય હંમેશાં ગંભીર આશયવાળો હોય એમ માનવાને કેમ તૈયાર થઈ શકે ?

ઉપર જણાવેલા બાધો અને દોષો કોઈ પણ પ્રકારે કહેવા અને જણાવવા વ્યાજબી નહોતા અને નથી, છતાં માત્ર શાસ્ત્રથી વિરૂદ્ધ અને

કદાગ્રહથી ભરેલું નિરૂપણ પ્રશ્નકારનું હોવાથી તેના નિરાસને માટે અને ભવ્યજીવોને સાચે માર્ગે લાવવા માટે આટલું લખવાની જરૂર પડી છે, પરંતુ એ ઉપરના દોષોને કહેવામાં કોઈ પણ પ્રકારે સામાન્યથી પણ નિંદાનો પ્રસંગ લેવાની ઈચ્છા ન રહે તો મહાપુરૂષોના પૂર્વ વર્તનને અંગે કહેવાની સ્થિતિ રહે જ ક્યાંથી ?

માત્ર કદાગ્રહવાળાઓને સમજાવવા માટે જ ઉપરનો વિસ્તાર પંજિકાના વિવરણને વચમાં લાવ્યા સિવાય કર્યો છે બાકી પંજિકાકારના લખાણ પ્રમાણે તો સ્પષ્ટ વાત છે કે આ પરોપકારિતાદિ ગુણો સમ્યક્ત્વ સહિત દશામાં જ હોય છે. જુઓ તે પંજિકા અવતરણનો પાઠ - **अस्तु तीर्थकरत्वहेतुबोधिलाभे भगवतामन्यासमानता इतरावस्थायां तु कथमित्याशङ्क्य प्रतिवस्तूपमया साधयितुमाह न नैव अशुद्धमपि मलग्रस्तमपि** -

પંજિકાકાર આચાર્ય મહારાજ શ્રી મુનિચંદ્રસૂરિજી કે જેઓ વાદિદેવસૂરિજીના ગુરૂ મહારાજ છે તેઓ પરોપકારી વિગેરે પદોની વ્યાખ્યા કહી ગયા પછી શિષ્યના મુખે બોલાવે છે કે ઉપર જણાવેલું પરોપકારી વિગેરે સ્વરૂપ સમ્યક્ત્વ (વરબોધિ) સહિતની અવસ્થામાં ભલે હો તે માટે કહે છે કે - **अस्तु-भवतु** હો **तीर्थकरत्वहेतुबोधिलाभे** તીર્થંકરપણાના કારણભૂત એવો બોધિલાભ થયા પછી *भगवताम्* ભગવાન્ જીનેશ્વરોની *अन्यासमानता* તીર્થંકર સિવાયના જીવોથી અસમાનપણું એટલે ઉત્તમપણું ભાવાર્થ ઉપર જણાવેલ પરોપકાર આદિ દશ ગુણે કરીને ભગવાન જીનેશ્વરોનું અન્ય જીવોની અપેક્ષાએ ઉત્તમપણું કે જે કહેવા ધાર્યું છે તે તીર્થંકરપણું મેળવી આપનાર એવા વરબોધિની પ્રાપ્તિ થયા પછી ભલે હો (ધ્યાન રાખવાની જરૂર છે કે પંજિકાકાર મહારાજ પણ તીર્થંકરના આદ્ય સમ્યક્ત્વને ન લેતાં શંકાકારના મુખે પણ તીર્થંકરપણાના કારણ ભૂત એવા બોધિલાભની પ્રાપ્તિએ પરોપકાર આદિ ગુણો થવાનું મનાવે છે એટલે પણ સ્પષ્ટ સમજાશે કે તીર્થંકર ભગવાનના આદ્ય સમ્યક્ત્વ અને તીર્થંકરપણાના કારણભૂત એવા સમ્યક્ત્વને જુદા પાડે છે એટલે અર્થથી વરબોધિને જ પરોપકારિતાદિ ગુણોના કારણપણે શંકાકારદ્વારાએ જણાવે છે, જો એમ ન હોત તો તીર્થંકરત્વ હેતુ એવું વિશેષણ બોધિલાભને આપવું પડત નહિ, પરંતુ **बोधिलाभे भगवताम्**- એટલુંજ માત્ર લખત

ઉપરની શંકાના વાક્યથી સ્પષ્ટ થાય છે કે ભગવાન જીનેશ્વર મહારાજની પરોપકાર આદિ દસ ગુણો દ્વારાએ જણાવેલી ઉત્તમત્તા વરબોધિ લાભ થાય ત્યારથી હોય છે. હવે શંકાકાર જણાવે છે કે **इतरावस्थायाम्** વરબોધિ લાભ સિવાયની એટલે મિથ્યાત્વવાળી અગર બીજા સમ્યક્ત્વવાળી દશામાં જ્યારે

તીર્થંકરો વર્તતા હોય **तु तो कथम्** કેવી રીતે બીજા જીવોથી તીર્થંકરોનું ઉત્તમપણું હોય. આ શંકા કરવાદ્વારાએ આચાર્ય ભગવાન મુનિચંદ્રસૂરીજી સ્પષ્ટપણે જણાવે છે કે વરબોધિલાભની પહેલાં ભગવાન જીનેશ્વરોમાં પરોપકાર આદિ દ્વારાએ વિશિષ્ટપણું હોતું નથી તો હવે વિશિષ્ટપણું કેવી રીતે લેવું ? એમ શંકા કરીને પ્રતિવસ્તુની ઉપમાએ કરીને જણાવતાં કહે છે.

આ પંજીકાના વાક્યને વાંચનાર, જાણનાર, સમજનાર અને માનનાર મનુષ્ય એક અંશે પણ ભગવાન જીનેશ્વર મહારાજાઓ અનાદિ નિગોદકાળથી કે મિથ્યાત્વદશામાં પરોપકાર આદિ દસ ગુણવાળા જ હોય છે એમ માનવાને તૈયાર થઈ શકે જ નહિં ?

પ્રશ્ન - ૨૮ પરોપકાર આદિ દસ ગુણોને અંગે જણાવેલા વિરોધો અને પંજીકાકાર આચાર્ય ભગવાન શ્રીમુનિચંદ્રસૂરિજીના વચનથી જ્યારે એમ સિદ્ધ થાય છે કે ભગવાન્ હરિભદ્રસૂરિજીનું વચન શ્રીપંચાશકસૂત્ર, શ્રી પંચવસ્તુસૂત્ર, અને વૃત્તિ, શ્રીઅષ્ટકજીસૂત્ર અને શ્રીયોગબિન્દુ સૂત્ર અને વૃત્તિ પ્રમાણે અહિં પણ ભગવાન્ જીનેશ્વરોની પરોપકારિતા આદિ સ્થિતિ વરબોધિ લાભ પછી જ છે અર્થાત્ મિથ્યાત્વદશામાં આદ્યસમ્યક્ત્વથી અથવા તો અનાદિ નિગોદકાળથી ભગવાન જીનેશ્વરોમાં પરોપકારિતા આદિ ગુણોની સ્થિતિ નથી. એમ સમજી શકાય. પરંતુ ભગવાન્ હરિભદ્રસૂરિજીએ બીજા કોઈપણ ગ્રન્થમાં નહિં પણ શ્રીલલિતવિસ્તરા નામના ગ્રન્થમાં **आकालम्** એવો પ્રયોગ કર્યો છે તેથી અનાદિકાળથી પરોપકારિતા આદિ ગુણો છે એમ અર્થ લેવાની ફરજ પડે છે.

સમાધાન- **आकालम्** - પદનો સંબંધ વાસ્તવિકરીતિએ અહિં કેમ કરવાનો છે એ સમજાવવા પહેલાં માત્ર જેઓ વાક્યની શરૂઆત કે સમાપ્તિને નહિં સમજનારા હોઈને ક્યા વાક્યમાં જોડે છે અને તેથી કેવો અનર્થ કરે છે એ વાતને કોરાણે રાખી માત્ર શબ્દાર્થ ઉપર પ્રશ્ન કરેલો હોવાથી તેનો વિચાર કરીએ. સામાન્ય સાધુને પણ **निच्चं वोसट्ठ काए** - આવું જે શ્રીકલ્પસૂત્રમાં પદ આવે છે અને તે પદ ભગવાન્ મહાવીર મહારાજાના વિશેષણ તરીકે અણગારિતાના વર્ણનમાં અપાયેલું છે તે ઉપરથી શું શંકાકાર એમ માની શકે ખરા? કે ભગવાન મહાવીર મહારાજા નિત્ય એટલે અનાદિ નિગોદકાળથી શરીરને વોસિરાવવાવાળા હતા. ટીકાકાર મહારાજા તો **नित्यं** - નો અર્થ **दीक्षाग्रहणादनु** એવો લખે છે તો **आकालम्**- શબ્દનો નિત્ય જ એવો અર્થ કરવાનો આગ્રહ ધરાવનારાએ તે પદમાં પણ અનાદિકાળથી શરીરને વોસિરાવવાવાળા માનવા જોઈએ, વળી તત્ત્વાર્થ ભાષ્યમાં **नित्यं स उत्तमेभ्योप्युत्तमः** એટલે તે ઉત્તમોથી પણ ઉત્તમ છે એટલે હંમેશાં

ઉત્તમોત્તમ જ છે. આ વાક્યથી તીર્થંકર મહારાજના જીવોને અનાદિ નિગોદ કાળથી શું દેવેન્દ્ર નરેન્દ્રોથી પૂજ્ય અને ઉત્તમોત્તમ માનવા તૈયાર થશે ? કહેવું જોઈશે કે કેવલજ્ઞાન પામીને કૃતાર્થ થયા છતાં માત્ર પરોપકારને માટે જ તીર્થંકરની દેશના આપે ત્યારે જ ભગવાન જીનેશ્વરોની ઉત્તમોત્તમ અવસ્થા ગણાય છે. વળી **मध्यमः प्रवर्त्तते क्रियासु सदा** એ વાત તત્ત્વાર્થભાષ્યના વાક્યમાં જે જણાવવામાં આવી છે કે હંમેશાં મધ્યમપુરૂષ પરલોકના ફળને માટે પ્રયત્ન કરે. આ વાક્યથી શું મધ્યમ દશાવાળા જીવને અનાદિ નિગોદકાળથી પરલોકની પ્રધાનતા એજ પ્રવર્ત્તવાવાળા હોય એમ માનવા માટે પ્રશ્નકાર તૈયાર થશે ખરા ? આ જગો પર જો પ્રશ્નકાર ઉત્તમોત્તમ અવસ્થાને માટે જ નિત્ય શબ્દને ગોઠવે તો પછી પરોપકારિતાદિ ગુણોની પ્રાપ્તિ કરાવનાર વરબોધિની સાથે आकालम् શબ્દ કેમ ન ગોઠવે ? અને એવી રીતે વરબોધિ લાભથી થતી પરોપકારિતાદિની સાથે आकालम् શબ્દ ગોઠવીને સર્વતીર્થંકરો જ્યારે જ્યારે વરબોધિ લાભવાળા હોય છે, ત્યારે ત્યારે પરોપકારિતાદિ ગુણોવાળા જ હોય છે એવી અવિરોધવાળી વ્યાખ્યા કેમ ન કરી શકે ? એક વાત તો ચોક્કસ છે કે આ લલિતવિસ્તરા નામની ટીકા જે ગ્રન્થની ઉપર છે તે नमोत्थुणं નો ગ્રન્થ ભાવજીનેશ્વરને માટે છે અને ભાવજીનપણાની જ નજીકની 'આગલી પાછલી અવસ્થાને જણાવવા માટે જ છે. એટલે ભવાંતરોને માટે नमोत्थुणं સ્તુતિ કરવાની રહેતી નથી અને તેથી नमोत्थुणंનાં વિશેષણો મુખ્યતાએ ત્યાં ભવાંતરોમાં લગાડવાનાં રહેતાં નથી અને તેથી વરબોધિલાભ પછી થયેલી ભગવાન્ તીર્થંકરની પરોપકારિતા આદિ તીર્થંકરના ભવમાં પણ રહે જ છે. અને ભગવાન્ જીનેશ્વરના ભવમાં ગર્ભકાળથી नमोत्थुणं થી તેમની સ્તુતિ કરાય જ છે, વળી, 'एते' - એવો પ્રયોગ કરીને પણ ટીકાકાર મહારાજે સર્વ તીર્થંકરો લીધા છે, પરંતુ કોઈ એક તીર્થંકર લીધા નથી અને આખા नमोत्थुणं માં બધાં પદો બધા તીર્થંકરો લેવા માટે જ બહુવચનવાળાં કહેવામાં આવેલાં છે એ વાત नमोत्थुणं ની વ્યાખ્યા જાણનારાથી અજાણી નથી એટલે સ્પષ્ટ થયું કે શકસ્તવ શાશ્વતું હોવાથી સર્વકાળના સર્વ તીર્થંકરો તીર્થંકરના ભવમાં તો જરૂર પરોપકારિતાદિ દસે ગુણોવાળા હોવા જોઈએ. એટલે અનાદિનિગોદકાળથી કે આદ્ય સમ્યક્ત્વથી પણ ભગવાન્ જીનેશ્વરોની પરોપકારિતાદિ દશ ગુણોવાળી સ્થિતિ નિયમિત જ હોય એમ आकालम् ના આ પાઠથી સાબીત થઈ શકે નહિં.

પ્રશ્ન - ૨૮ ભગવાન્ હરિભદ્રસૂરિજીએ શ્રી લલિતવિસ્તરામાં ઉપર જણાવેલો પાઠ ક્યા પ્રકરણમાં લખ્યો છે અને તે આખા પ્રકરણનો અર્થ કેવી રીતે સમજવો?

સમાધાન - તે શ્રી લલિતવિસ્તરાનું પ્રકરણ આદ્યોપાન્ત નીચે પ્રમાણે છે

एते च सर्वसत्त्वैवंभाववादिभि र्बौद्धविशेषैः सामान्यगुणत्वेन न प्रधानतयाऽङ्गीक्रियन्ते, नास्तीह कश्चिदभाजनं सत्त्वः,' इति वचनात्, तदेतन्निराचिकीर्षयाऽऽह - 'पुरुषोत्तमेभ्यः इति, पुरि शयनात् पुरुषाः- सत्त्वाएव, तेषां उत्तमाः-सहज तथाभव्यत्वादिभावतः

प्रधानाः पुरुषोत्तमाः, तथाहि-आकालमेते परार्थव्यसनिन उपसर्जनीकृतस्वार्था उचितक्रियावन्तः अदीनभावाः सफलारम्भिणः अद्दढानुशयाः कृतज्ञतापतयः अनुपहतचित्ता देवगुरुबहु-मानिनस्तथा गम्भीराशया इति, न सर्व एव एवंविधाः, खुडुङ्कानां व्यत्ययोपलब्धेः, अन्यथा खुडुङ्काभाव इति। नाशुद्धमपि जात्यरत्नं समानमजात्य-रत्नेन, न चेतरदितरेण, तथा संस्कारयोगे सत्युत्तरकालमपि तद्भेदोपपत्तेः, न हि काचः पद्मरागी भवति, जात्यनुच्छेदेन गुणप्रकर्षाभावाद्, इत्थं चैतदेवं प्रत्येकबुद्धा-दिवचनप्रामाण्यात्, तद्-भेदानुपपत्तेः, न तुल्यभाजनतायां तद्भेदो न्याय्य इति,

આ પ્રકરણની પૂર્વે આચાર્ય ભગવંત હરિભદ્રસૂરીજીએ ,नमोत्थुणं સૂત્રના स्वयंसम्बुद्ध० પદ સુધીની વ્યાખ્યા કરીને ભગવાન્ જીનેશ્વરોની સ્તુતિ જણાવી તે પછી વાદિ શંકા કરે છે આ તીર્થંકર થનારા જીવો પણ પૂર્વકાળમાં કંઈ ઉત્તમ ગુણવાળા હોતા નથી એટલે બીજા તીર્થંકર સિવાયના જીવો કરતાં કંઈક વિશેષ ગુણવાળા હોતા નથી. કેમકે તે શંકાકારનું કહેવું એવું છે કે ભગવાન્ તીર્થંકર થનાર જીવો પણ તીર્થંકરપણાના ભવ સિવાયના ભવોમાં સામાન્ય ગુણવાળા જ હોય છે અને જગતમાં સર્વ જીવો તે તીર્થંકર મહારાજના જીવની માફક સામાન્ય ગુણવાળા હોય છે અને તીર્થંકરના જીવો પણ સર્વ જીવોની માફક પહેલાં તો સામાન્ય ગુણવાળા જ હોય છે, આવું માનવાને લીધે જ તે મતવાળાઓને 'सर्वसत्त्वैवंभाववादि'- કહેવાય છે તેઓનું માનવું છે કે જગતના કોઈ પણ જીવ તીર્થંકર આદિ કોઈ પણ પદ અગર લાયકાતની પ્રાપ્તિની યોગ્યતાવાળા જ છે. એવા વાદિના મતને ખંડન કરવાની ઈચ્છાએ ભગવાન્ ગણધર મહારાજે પુરિસુત્તમાણં એ પદ કહેલું છે એમ જણાવીને ભગવાન્ હરિભદ્રસૂરીજી તે પદની વ્યાખ્યા કરતાં કહે છે. કે જો કે પુરૂષ શબ્દ જગતમાં કેટલીક વખતે પુરૂષવેદવાળા જીવોને બતલાવવા વપરાય છે, કેટલીક વખત પુરૂષાર્થ જેવા શબ્દોમાં ઈષ્ટ સિદ્ધિને માટે ઉદ્યમવાળા પુરૂષો એટલે જીવો માત્રને અંગે વપરાય છે, એવી રીતે અનેક પ્રકારે પુરૂષ શબ્દ વપરાતો હોવાથી અહિં પુરૂષ શબ્દ જીવ માત્રના અર્થમાં કેવી રીતે લેવો તે જણાવે છે. શરીરનું નામ પુર્ તરીકે ગણીને કહે છે કે पुरि- એટલે શરીરને વિષે शेते - એટલે રહે તે પુરૂષ કહેવાય, એટલે શરીરમાં રહેવાવાળા જે જે હોય તે તે બધા પુરૂષો કહેવાય અને તેથી અહિં પુરૂષ શબ્દથી સર્વસત્ત્વો એટલે સર્વ જીવો જ લેવા એમ સ્પષ્ટ કરે છે. તે પુરૂષો એટલે સત્ત્વ જીવોમાં ભગવાન્ જીનેશ્વર મહારાજના જીવો ઉત્તમ છે, ભગવાન્ જીનેશ્વર મહારાજના ભવમાં અન્ય જીવો કરતાં તેઓની ઉત્તમતા માનવામાં કોઈને અડચણ પણ નથી અને તે ભવની ઉત્તમતા સાબીત કરવાનું આ પ્રકરણ પણ નથી. આ પ્રકરણ યોગ્યતા એટલે પૂર્વકાળની સ્થિતિ સાબીત કરવાનું હોવાથી ભગવાન્ હરિભદ્રસૂરીજી જણાવે છે કે सहजतथाभव्यत्वादिभावतः એટલે સ્વાભાવિક એવા તથાભવ્યત્વાદિના સ્વભાવથી જ ભગવાન્ તીર્થંકરના જીવો જ સર્વકાળે ઉત્તમ હોય છે. આ સ્થાને વિચારવાનું જરૂરી છે કે તથાભવ્યત્વનો સ્વભાવ ભગવાન્ જીનેશ્વર

મહારાજના જીવમાં કે બીજા જીવોમાં સ્વાભાવિકપણે જ રહેલો હોય છે અને તેથી જ ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીજી શ્રીયોગબિન્દુમાં **सांसिद्धिकमिदं सर्वं तथा चित्रं तु देहिनाम्** એમ કહી સર્વજીવોમાં રહેલું તથાભવ્યત્વ જુદા જુદા રૂપનું છે અને તે અનાદિકાળથી સિદ્ધ એટલે સાંસિદ્ધિક છે, એમ સ્પષ્ટપણે જણાવી ગયા છે એટલે તથાભવ્યત્વને સહજ એવું વિશેષણ આપવાની પણ જરૂર નથી રહેતી, છતાં અહિં જે સહજ એવું વિશેષણ તથાભવ્યત્વને આપ્યું છે તે માત્ર વાદિને અનાદિકાળની સ્વાભાવિક યોગ્યતા જીવો જીવોમાં જુદી છે એમ જણાવવા માટે જ સહજ વિશેષણ આપેલું છે. એટલે ભગવાન્ તીર્થંકર મહારાજના જીવો સ્વાભાવિક તથાભવ્યત્વાદિ ભાવવાળા હોવાથી ઈતરજીવોમાં પ્રધાન છે માટે તેમને પુરૂષોત્તમ કહી શકાય. આવી રીતે પુરૂષોત્તમતા જે જણાવવામાં આવી તે તથા ભવ્યત્વ અનાદિકાળનું હોવાથી અનાદિકાળની યોગ્યતાને લીધે જણાવવામાં આવી છે માટે ભગવાન્ હરિભદ્રસૂરિજી જણાવે છે કે **तथाहि आकालम्** એટલે સહજ તથા ભવ્યત્વાદિ ભાવવાળા પાછળથી બનેલા નથી, પરંતુ અનાદિકાળથી સહજ તથા ભવ્યત્વાદિ ભાવવાળા છે માટે અનાદિકાળથી સર્વજીવોમાં તીર્થંકરના જીવો ઉત્તમ છે. એટલે બીજા જીવોમાં તેવી સહજ તથા ભવ્યત્વાદિ ભાવરૂપી યોગ્યતા હોતી નથી અને હોય જ નહિં. એટલે ભગવાન્ જીનેશ્વર મહારાજાઓમાં જે યોગ્યતાની ભાજનતા છે તે બીજા જીવોમાં હોતી નથી માટે સર્વજીવો એવી યોગ્યતાવાળા હોય તેમ પણ ન કહેવાય અને કોઈપણ જીવ તીર્થંકરપણાને અયોગ્ય નથી એમ પણ ન કહેવાય. આવી રીતે અનાદિકાળની તથાભવ્યત્વની સ્થિતિને અંગે સાબીતી આપવા જણાવે છે કે આ ભગવાન્ જીનેશ્વર મહારાજમાં જ આ પરોપકારિતાદિ ગુણોની પ્રાપ્તિ વિગેરે રૂપ કાર્યો જણાય છે. અર્થાત્ કાર્યની ઉપલબ્ધિદ્વારાએ કારણની ઉપલબ્ધિ ન્યાયસિદ્ધ હોવાથી ભગવાન્ જીનેશ્વરોમાં પરોપકારિતાદિરૂપ કાર્ય દેખાય છે માટે તે ભગવાન્ જીનેશ્વરોમાં જ સહજ તથાભવ્યત્વરૂપી કારણતાની યોગ્યતા માની શકાય, પરંતુ બીજા જીવોમાં તેવાં કાર્યો નહિં દેખાતાં હોવાથી તેવી સહજ તથા ભવ્યત્વાદિરૂપે યોગ્યતા હતી એમ માની શકાય નહિં. એ હકીકત ન્યાયસિદ્ધ છે કે જ્યાં કાર્ય ન થાય ત્યાં અવિકલકારણ સામગ્રી હોય જ નહિ. એટલે જ્યાં પરોપકારિતાદિગુણો ન હોય ત્યાં સહજ તીર્થંકરાદિનું તથાભવ્યત્વ હોયજ નહિં અને તેથી તે જીવો અભાજન જ ગણાય, એ સહજ તથાભવ્યત્વાદિને વ્યક્ત કરનાર એવા ગુણોની સંપત્તિ જણાવવા માટે एते વિગેરે ગુણો જણાવે છે. ૧-પરાર્થવ્યસનવાળા ૨- પોતાના સ્વાર્થને ગૌણ કરનારા ૩- યોગ્ય ક્રિયાવાળા ૪ દીનતાને નહિં ધારણ કરનારા ૫ સફળ કાર્યને કરનારા (નિષ્ફળકાર્યને આરંભે જ નહિ) ૬ ક્રોધ અગર પશ્ચાત્તાપ જેને અત્યંત મજબૂત ન હોય ૭ કરેલા ગુણના જાણપણાને તો વરેલા જ હોય ૮ જેના ચિત્તને ઉપઘાતદશા હોય જ નહિં ૯ દેવ અને ગુરૂનું બહુમાન કરવાના સ્વભાવવાળા ૧૦ ગંભીર અભિપ્રાયવાળા (તુચ્છતા વગરના વિચારવાળા) આવી રીતે ભગવાન્ જીનેશ્વરમાં વર્ત્તતા વિશેષ ગુણો ઉત્તમ થયેલા છે એમ જણાવીને કાર્યની ઉપલબ્ધિ સિદ્ધ કરી અને તે દ્વારાએ યોગ્યતારૂપી અનાદિના કારણની

સિદ્ધિ જણાવી પ્રકારાંતરે સર્વને સરખા માનનારા વાદિનું ખંડન કર્યું. એ જ વાત વ્યતિરેકદ્વારાએ જણાવતાં કહે છે કે જગતના સર્વ જીવો એટલે ભગવાન્ જીનેશ્વર મહારાજથી જગતના બીજા બધા જીવો આવા પરોપકારિતાદિ ગુણવાળા છે નહિં એટલે તે જગતના બીજા જીવોમાં યોગ્યતા હતી જ નહિં કેમકે યોગ્યતા હોત તો જરૂર પરોપકારિતાદિરૂપ કાર્ય થાત. કદાચ એમ કહેવામાં આવે કે સર્વે જીવો પરોપકારિતાદિ ગુણોવાળા છે. તેને માટે કહે છે કે खुड्डक्क એટલે ભગવાન્ જીનેશ્વર મહારાજ સિવાયના જીવોમાં વ્યત્યય- એટલે પરોપકારિતાદિ ગુણોથી વિપરીત ચિન્હો દેખાય છે. એટલે તો ખુડ્ડકો તેવી યોગ્યતા હતી જ નહિં અને જો હોત તો પરોપકારાદિગુણો કરતાં વિપરીત ગુણો ઉત્પન્ન થાત જ નહિં અને જો સર્વ જીવોમાં પરોપકારિતાદિગુણો હોય અને કોઈપણ જીવમાં પરોપકારિતાદિગુણનો અભાવ ન હોય તો જગતમાં खुड्डक्क એટલે તીર્થંકર સિવાયના જીવ હોત જ નહિં. આ જગા પર પરોપકારિતાદિ ગુણદ્વારાએ ઉત્તમપણું સિદ્ધ કર્યું અને તે પરોપકારિતાદિગુણો તો સમ્યક્ત્વવાળી દશામાં પણ નિયમિતપણે ન હોય તો પણ તીર્થંકરપણાના કારણભૂત વરબોધિલાભ થયા પછી તે ગુણોની સંપત્તિ જરૂર હોય છે માટે શંકાકાર એમ ધારે કે તીર્થંકરપણું પ્રાપ્ત કરાવનાર વરબોધિલાભ થયા પછી પરોપકારિતાદિગુણો તીર્થંકરોમાં આવે છે તેથી તે આવ્યા પછી બીજા જીવો કરતાં ભગવાન્ તીર્થંકરના જીવો ભલે ઉત્તમ થાઓ, પરંતુ અનાદિકાળથી બીજા જીવો કરતાં તીર્થંકરમાં વિશેષતા માનવી તે કેમ બની શકે ? આવી વાદીના મનમાં રહેલી શંકાના સમાધાનમાં ભગવાન્ હરિભદ્રસૂરીજીએ જણાવ્યું છે કે જેમ અશુદ્ધ એવું પણ ઉત્તમ રત્ન તે હીનરત્નની સરખું હોતું જ નથી, તેવી જ રીતે અજાત્ય એટલે હીન એવું રત્ન તે જાત્ય એટલે ઉત્તમરત્નની સરખું હોતું નથી. એટલે જેમ શુદ્ધરત્નમાં દીપ્તિ વિગેરે ગુણો હોય છે, તેમ વરબોધિ લાભવાળા જીવોમાં પરોપકારિતાદિગુણો હોય છે, પરંતુ ઉત્તમ રત્ન પણ જ્યારે મલિન હોય છે ત્યારે તેમાં કાન્તિ આદિક ગુણો નથી હોતા તો પણ તે રત્ન ઉત્તમમાં જ ગણાય છે કારણકે તેમાં જ કાન્તિ આદિકનો પ્રાદુર્ભાવ થવાનો છે, તેવી જ રીતે જે જીવોમાં સહજ તથા ભવ્યત્વાદિ યોગ્યતા હોય છે તે જ જીવોમાં પરોપકારિતાદિગુણો પ્રગટ થાય છે, તો જેમ ઉત્તમ રત્ન મેલું છતાં પણ હીનરત્ન કરતાં પણ યોગ્યતાએ ઉત્તમ છે અને તેવી ઉત્તમતા હીનરત્નમાં હોતી જ નથી અને એવી જ રીતે વરબોધિ સિવાયના તીર્થંકરોના જીવોમાં જે યોગ્યતા રહેલી છે તે યોગ્યતા બીજા ખુડ્ડકોમાં હોય જ નહિં (ધ્યાન રાખવાની જરૂર છે કે અશુદ્ધ ઉત્તમ રત્ન તે માત્ર હીનરત્નથી જ અહિં સરખામણી કરાઈ છે હીનરત્નને શુદ્ધ અશુદ્ધપણાનું વિશેષણ કે તેવા વિશેષણ યુક્તની સરખાવટ કે હીનોત્તમતા જણાવવામાં આવી નથી. એટલે ઉત્તમરત્નને માટે શુદ્ધાશુદ્ધદશાની વિવક્ષા કરવામાં આવી છે અને તેથી ભગવાન્ જીનેશ્વરોની વરબોધિલાભવાળી પરોપકારિતાદિગુણોવાળી દશાને શુદ્ધ દશારૂપે અને વરબોધિલાભ કે પરોપકારિતાદિએ રહિત એવી દશાને અશુદ્ધદશા તરીકે સૂચવવામાં આવી છે, જો અનાદિ નિગોદકાળથી પરોપકારિતાદિ ગુણવાળા

કહેવા કે માનવાની ધૃષ્ટતા કરવામાં આવે તો શુદ્ધ અશુદ્ધનો વિભાગ રહે નહિં. આ આખું પ્રકરણ વ્યવસ્થિત થાય જ નહિં. ધ્યાન રાખવું કે આ પ્રકરણ યોગ્યતાને' નામે જ ચાલે છે, પરંતુ કાર્યના નામે ચાલતું નથી) યોગ્યતાનું પ્રકરણ હોવાને લીધે યોગ્યતાની સાબીતી કરીને જણાવે છે કે જે ઉત્તમરત્ન હોય તેને તેવા સંસ્કારોનો યોગ થાય એટલે તે શુદ્ધ રત્નપણાની સ્થિતિ પ્રગટ થાય છે અને હીનરત્નથી તે જુદું પડે જ છે એવી રીતે અહિં પણ ભગવાન્ જીનેશ્વર મહારાજના જીવોમાં તેવી જ જાતના સંસ્કારો એટલે યોગ્યતા હોવાથી જ વરબોધિ લાભ પછી ઈતરજીવોથી વિશિષ્ટતા થઈ શકી. જગતમાં ચાહે જેવી સામગ્રી તેવા ભવ્યત્વ વગરના જીવોમાં હોય તો પણ તેઓ વરબોધિ વિગેરેને મેળવી શકેજ નહિં, તે વાત જણાવતાં સ્પષ્ટ કરે છે કે જગતમાં ચાહે જેવી સામગ્રીઓ મેળવવામાં આવે તો પણ જે જાતે કાચ છે તે કોઈ દિવસ પદ્મરાગ રત્ન થઈ શકતું નથી, તેવી જ રીતે તીર્થંકર મહારાજ સિવાયના જીવોમાં અનાદિ એવી યોગ્યતા નહિં હોવાને લીધે ચાહે જેવી ગુરૂઆદિકની સામગ્રી મળે તો પણ તેવું વરબોધિ અને પરોપકારિતાદિ ગુણવાળા થઈ શકે નહિં. જગતમાં સંસ્કારથી જો કે ગુણોનો પ્રકર્ષ થાય છે તો પણ તે ગુણોનો પ્રકર્ષ તેની જાતિના વ્યુચ્છેદ કર્યા સિવાય જ થાય છે એટલે વિશુદ્ધ ગુર્વાદિકના યોગે પણ જે ઈતરજીવોમાં સારા સારાગુણો આવે, પરંતુ તીર્થંકરત્વાદિના લાયકનું ભવ્યત્વ આવી શકે જ નહિં અને તેથી જ ખુદુંકપણાનો અભાવ તો થાય જ નહિં. આવી રીતે અનાદિકાળથી જીવોમાં યોગ્યતા અને અયોગ્યતા બન્ને રહેલાં છે એમ માનવું જ જોઈએ. કેમકે એમ જો ન હોય તો જુદી જુદી યોગ્યતા સિવાય પ્રત્યેકબુદ્ધ અને સ્વયંબુદ્ધ વિગેરે ભેદો પડવાનો વખત આવે જ નહિં. તીર્થંકર અને અતીર્થંકરનો ભેદ યોગ્યતા અને અયોગ્યતા ન માનીએ તો બની શકે જ નહિં. જો સર્વજીવોમાં યોગ્યતા અનાદિથી સરખી જ માનવામાં આવે તો પછી પ્રત્યેકબુદ્ધાદિ ભેદો ઘટી શકે જ નહિં. ઉપરની હકીકત સૂક્ષ્મદષ્ટિથી જોનારો મનુષ્ય સ્હેજે સમજી શકશે કે પરોપકારિતાદિ કાર્ય વર્ત્તમાન કાર્યરૂપે લેવામાં આવેલું છે અને સહજ તથા ભવ્યત્વ અનાદિ યોગ્યતારૂપે લેવામાં આવેલું છે માટે आकालम् શબ્દ યોગ્યતા સાથે જોડવામાં આવ્યો છે. પંજીકાકાર મહારાજ પણ આગળ नमोत्थुणं ના બીજા પદોને મધ્યકાળ અન્ત્યકાળની સાથે જોડે છે, પરંતુ લોકોત્તમપદને અનાદિકાળ સાથે જોડે છે એટલે સ્પષ્ટ થયું કે પરોપકારિતાદિ ગુણો વરબોધિલાભ પછી જ હોય છે અને તે કાર્યરૂપ ગણાવ્યા છે.

# સમાલોચના

૧ શ્રી સિદ્ધચક્રના તંત્રીએ રામવિજયજીને છાપાદ્વારાએ ખુલાસો કરવાનું જણાવ્યું હતું તે તેઓ ભૂલી ગયા.

૨ મુંબઈથી સદ્‌ગૃહસ્થોને અમદાવાદ પાંજરાપોળના ઉપાશ્રયે સૂરીશ્વરજી પાસે એવી શરતે મોકલ્યા હતા કે તેઓ કહેશે તેમ કરીશ, છતાં તેઓ રવિવારની સંવચ્છરીના સમાચાર લાવ્યા ત્યારે પણ રામવિજયજીએ તે કબુલ ન કર્યા.

૩ વ્યાખ્યાનમાં રવિવારની સંવચ્છરીના હિસાબે પચ્ચક્‌ખાણ કરાવ્યાં હતાં, છતાં બીજે જ દિવસે અગમ્ય કારણથી રામવિજયજીનું ચક્ર ફર્યું હતું.

૪ મુંબઈથી થોડે જ દુર વિહાર કરીને ગયા ત્યારે શ્રીરામવિજયજીને સદ્‌ગૃહસ્થોએ ગુજરાતમાં આવી સંવચ્છરીનું સમાધાન કરવા સૂચવ્યું હતું, છતાં તેની ગણત્રી કર્યા વિના એ રામવિજયજી દક્ષિણ તરફ વધ્યા હતા.

૫ સંવચ્છરીના શાસ્ત્રાર્થ માટે ખંભાત સ્થાન નિર્મિત થયા છતાં પણ પોતે ખંભાત નહિં આવવાને માટે જાહેરપણે શેઠજીવાભાઈને જણાવ્યું હતું અને જીવાભાઈએ તે વાત સ્પષ્ટપણે પણ કાગળમાં લખેલી જ છે.

૬ અમદાવાદ વિગેરે સ્થાનોના સદ્‌ગૃહસ્થો મુંબઈથી પુને શ્રીરામવિજયજીને શાસ્ત્રાર્થ કરવા માટે આવવાનું નિમંત્રણ દેવા ગયા હતા, છતાં તેઓને આવવા માટે ચોખ્ખી ના કહી હતી તે હકીકત શેઠ પ્રતાપભાઈના છપાયેલા નિવેદનને વાંચનારાઓથી અજાણી નથી.

૭ જામનગરથી વિહાર કરીને આચાર્ય મહારાજાદિક મોટો સાધુનો સમુદાય વણથલી સુધી આવ્યો હતો, છતાં શેઠ નગીનભાઈ અને જીવાભાઈએ કોઈપણ સાધુનો નિર્દેશ રામટોળી તરફથી આવવાનો ન કર્યો અને શાસ્ત્રાર્થ કરવાનું રામટોળી તરફથી બંધ થયું ત્યારે જ વણથલીથી આચાર્ય મહારાજાદિકને જામનગર પાછા જવાનું થયું છે.

૮ રામટોળીમાંથી કોઈની પણ ઈચ્છા જો, પોતે લીધેલા શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ અને જુદા માર્ગને મધ્યસ્થ દ્રષ્ટિથી સમજવાની હોત તો જુઠું પ્રચારકાર્ય કરવા કરતાં સત્યના

નિર્ણય તરફ દોરાત. પણ આટલાં વર્ષો વીત્યા છતાં તે ટોળીમાંના કોઈએ પણ ચર્ચા માટે કશાંય પગલાં ભર્યાં જ નથી. તે ટોળીના શ્રીક્ષમાવિજયજીને શ્રી સિદ્ધક્ષેત્રમાં અતિ આગ્રહથી તિથિના નિર્ણય માટે લાવવા પડ્યા અને તેમનું નિરૂત્તરપણું થયું એ જગજાહેર સાચી બિનાની બળતરા શમી નહિં હોવાથી કથીરશાસનના કહોવાયેલા કલમબાજે જગતમાં જાહેર થએલા જુઠને સાચું ઠરાવવા તાજેતરમાં પણ કુટિલ કલમ કેળવી તેને લીધે જ ઉપર જણાવેલું રામવિજયજીની જ વિપરીતતાને જણાવતું સત્ય હાલમાં લખવાની જરૂર પડી છે.

(વીર (કથીર) તંત્રી.)

---

(ટાઈટલ પાનું ૪નું ચાલુ)

'શ્રીલોકપ્રકાશ'માં શુક્લલેશ્યાની સ્થિતિ આજ પ્રમાણે 'નવવર્ષોન પૂર્વક્રોડ' જણાવેલી છે. વિશેષમાં શ્રીસંગ્રહણીવૃત્તિ તથા પ્રવચનસારોદ્ધારવૃત્તિના અભિપ્રાયે 'કિંચિત્ ન્યૂન નવ વર્ષોન પૂર્વ કોટિ' પણ કહેલ છે. "**इयं च किञ्चित्समधिकोवर्षाष्टकार्ध्वमुत्पादितकेवलज्ञानस्य केवलिनोऽवसेया इत्युक्तम्**" ભાવાર્થ 'આ સ્થિતિ કાંઈક સમધિક આઠ વર્ષ પછી જેને કેવળજ્ઞાન થયું હોય તે કેવળીની જાણવી. એ પ્રમાણે સંગ્રહણીવૃત્તિ અને પ્રવચનસારોદ્ધારવૃત્તિમાં કહ્યું છે.

આ પ્રમાણે નોંધ લઈને પૂ. ઉપાધ્યાયજી શ્રીવિનયવિજયજી મહારાજે ત્યાં ફરમાવ્યું છે કે **अत्र च पूर्वकोट्या नववर्षोनत्वं किञ्चिन्नयूननववर्षोनत्वं किञ्चित् समधिकाष्ट-वर्षोनत्वमिति त्रयं मिथो यथा न विरुध्यते तथा बहुश्रुतेभ्यो भावनीयम्**" ભાવાર્થ 'અહીં નવ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ, કાંઈક ન્યૂન નવ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ, અને કાંઈક અધિક આઠ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ, આ ત્રણે પરસ્પર જેમ વિરોધ ન આવે તેમ બહુશ્રુતોથી સમજવું.

આમાં શાસ્ત્રકારો શુક્લલેશ્યાની સ્થિતિ માટે ત્રણ મતો લેશ માત્ર કહ્યા નથી. પરંતુ બે જ મતો કહ્યા છે.

ઉપર જણાવેલ પ્રશ્નોત્તર ટીપ્પણ વાંચનાર મનુષ્ય સમજી શકશે કે શાસ્ત્રકાર સ્પષ્ટપણે ત્રણ મત કહે છે. પોતે ભાવાર્થમાં પણ ત્રણ મત જણાવે છે અને સાથે જ લખે છે કે "ત્રણ મતો લેશ માત્ર પણ કહ્યા નથી, પરંતુ બેજ મતો કહ્યા છે" આ વસ્તુ શાસ્ત્રથી ઉત્તીર્ણ છતાં જુઠી અને અજુગતી કેવી છે તે સમજવા સાથે પોતાના જ વચનમાં ક્ષણભરમાં કેટલું બધું ભાન ભૂલવાપણું છે તે સમજી શકાશે આવા પુરૂષોને અનુસરવાવાળા - પૂજ્ય માનવાવાળા કે સહવાસમાં રાખનારા મનુષ્યોની કઈ દશા હશે કે કઈ દશા થશે તે જ્ઞાની પુરૂષોને ભળાવવું ઉચિત છે.

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્તસ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

# ☞ અલભ્ય ગ્રંથો ☞

## નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

## જુઠ્ઠાનો અજોડ ઝરો ...

જગતમાં મિથ્યાત્વ મોહનીયના ઉદયને લીધે અનેક જીવો ભગવાન્ જીનેશ્વર મહારાજના વચનોની શ્રદ્ધા વગરના તો એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીની જાતિવાળા અને નારકીથી માંડીને દેવ સુધીની ગતિવાળા જીવો હોય છે, પરંતુ નિર્ભાગ્ય શિરોમણીના હાથમાં જેમ ચિન્તામણિ રત્નની સમાગતિ દુર્લભ છે તેના કરતાં પણ નિર્ભાગ્ય શિરોમણિમાં પણ મુકુટ સમાન હોય તેવાના હાથમાં ચિન્તામણિરત્ન આવે તો પણ તે ટકવું મુશ્કેલ પડે છે, તેવી રીતે સંજ્ઞિપંચેન્દ્રિયની જાતિમાં અને મનુષ્યગતિમાં આવેલા જીવોને ભગવાન્ જીનેશ્વર મહારાજના વચનોની મિથ્યાત્વ દશા હોય ત્યાં સુધી પ્રાપ્તિ કે શ્રદ્ધા થતી નથી, પરન્તુ એવા કોઈક દુર્ભવ્ય જેવા જીવો હોય છે કે જેઓને ભગવાન્ જીનેશ્વરમહારાજના શાસનની પ્રાપ્તિ થાય છે. શાસ્રો સાંભળવાનો તો શું ? પરંતુ વાંચવાનો પણ વખત મળે છે તો પણ એવી કોઈક સામાન્ય મિથ્યાત્વીઓ કરતાં અધમદશા આત્મામાં રહેલી હોય છે કે જેથી ભગવાન્ જીનેશ્વર મહારાજાના પ્રાપ્ત થયેલા શાસ્રોની શ્રદ્ધા કે પ્રરૂપણા થતી નથી અને પોતાના દુર્ભાગ્યના યોગે ભગવાન જીનેશ્વરમહારાજાના શાસ્રોના વચનોને પણ સત્ય તરીકે માનવા તથા પ્રરૂપવાનો યોગ તેઓને રહેતો નથી અને તેવા દુર્ભાગ્યના યોગે ભગવાન જીનેશ્વર મહારાજના શાસનની અંદર કહેલા પદાર્થોની અશ્રદ્ધા અને વિપરીત પ્રરૂપણા કરે છે, એવા પુરૂષોને શાસ્રકારો નિન્હવ તરીકે જણાવી તેવી લાઈનમાં જમાલિ વિગેરેને જણાવ્યા છે, પરંતુ વર્ત્તમાનકાળની અપેક્ષાએ એક વસ્તુ વિચારવા જેવી રહે છે કે જેઓ જુગતુ એવું જુઠું બોલી શાસનથી બહાર જાય તેવાઓને મિથ્યાત્વ કરતાં ચઢતી નિન્હવની પદવી અપાય તો પછી જુગતું પણ આવે નહિં તેવું જુઠું બોલી જેઓ શાસનની બહાર જાય તેવાઓની દશા જ્ઞાની પુરૂષો કેવી જાણે અને કહે તે અગમ્ય જ છે. એક પુરૂષે પોતાને ઉપાધ્યાય (ઉપ-અધી-આય)ને પદે જોડી નીચે પ્રમાણે ટીપ્પણમાં લખ્યું છે.

(જુઓ અનુસંધાન પાનું ૧૯૨)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,

सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।

एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित,-

मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥


વર્ષ : ૮ અંક : ૧૦

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, તા. ૯-૩-૪૦ શનિવાર

લવાજમ રૂા. ૨-૦-૦ કિંમત ૧॥ આનો

# ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮] માહ વદી અમાવાસ્યા, મુંબઈ, [અંક-૧૦

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી


**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો ...... ... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

# સૂર્યનો ઉદય અને તિથિની આરાધના

જૈન અને જૈનેતર સમાજોમાં જે જે આસ્તિક સમાજ છે તે તે દરેક વર્ષે પોતપોતાના ઈષ્ટ એવા દેવ ગુરૂ કે ધર્મને અંગે તિથિની આરાધના કરે છે. આર્યેતર સમાજવાળા જેમ પોતાના વાર તહેવારો રવિવાર આદિ વારો ઉપર રાખે છે તેવી રીતે આર્યપ્રજામાં કોઈપણ તહેવાર વારને અંગે મુખ્ય નિયમિત કરવામાં આવ્યો નથી, તેમજ જેવી રીતે આર્યેતર પ્રજાએ કેટલાક તહેવારો તારીખો ઉપર નિયમિત કરેલા છે, તેવી રીતે આર્યપ્રજાના તહેવારો તારીખો ઉપર પણ નિયમિત નથી, આર્ય પ્રજાના પર્વ અને તહેવાર તો તિથિઓ ઉપર જ નિર્ભર હોય છે. વારની શરૂઆત અને સમાપ્તિ સૂર્યના ઉદયથી તે અન્ય સૂર્યના ઉદયના પ્રથમભાગ સુધી રહેતી હોવાને લીધે વારોથી ગણાતા તહેવારોમાં વિચાર ભેદને વધારે સ્થાન ન હોય તે સ્વાભાવિક છે, તેમજ તારીખને અંગેના તહેવારોમાં પણ તેનું મધ્યરાત્રિના બાર વાગ્યા પછીથી નિયમિત પરિવર્ત્તન થતું હોવાને લીધે તેમાં પણ વિચારણાને વિશેષ અવકાશ રહેતો નથી, ફક્ત આર્યપ્રજા જે વિશેષતિથિને અંગે વિશેષ તહેવારને માનનારી છે તે વિશેષ તિથિનો આરંભ

તેમજ સમાપ્તિ વર્ષ અગર માસની અપેક્ષાએ નિયમિત હોતી નથી, અને તેથી આર્યપ્રજા "પછી તે જૈન હોય, શૈવ હોય કે વૈષ્ણવ હોય કે બીજી કોઈ પણ હોય, છતાં" પર્વોને માનવાને માટે તિથિની માન્યતામાં જરૂરીયાત સ્વીકારવાવાળી હોય છે અને તેથી તે જૈન અને જૈનેતરપ્રજામાં પર્વની આરાધના કરવા માટે તિથિની માન્યતામાં પરસ્પર વિસંવાદ રહે છે અને રહે તે અસ્વાભાવિક નથી. આર્યજનતાના નિયમ પ્રમાણે તિથિની ઉત્પત્તિ અને નિયમન ચંદ્રની ગતિના આધારે રહે છે. તેથી આર્ય જનતાને ચંદ્રની ગતિના આધારે તિથિમાં નિયમિતપણું કરવું પડે છે. ચંદ્રની ગતિ દરેક મહિને અને દરરોજ તેમજ દરેક દેશે અનિયમિત હોવાને લીધે તિથિની અનિયમિતતા થાય એ પણ અસ્વાભાવિક નથી. આર્ય જનતાના મહિના અને તિથિઓ ચંદ્ર અને ગ્રહ, નક્ષત્ર આદિકની ચાલ ઉપર આધાર રાખે છે, જ્યારે આર્યેતરોના તહેવારો અને દિવસો ચંદ્ર ગ્રહ કે નક્ષત્રના ચારની સાથે સંબંધ રાખતા નથી અને તેને લીધે તો આર્યેતરોને માત્ર અનુક્રમે દિવસો ગણવાના રહે છે, પરંતુ આર્ય પ્રજાને એકલી દિવસોની ગણત્રી નથી હોતી. આર્યપ્રજાને તો ચંદ્રને આધારે કે ઋતુને આધારે થતા મહિનાઓ અને તિથિઓની ગણત્રી કરવી પડે છે, જો કે આર્ય જનતાને પણ કર્મસંવત્સર નિયમિત ત્રીસ દિવસથી થયેલા મહિનાવાળો જ હોય છે અને આર્યોમાં સૂર્યસંવત્સર સૂર્યની ગતિની અપેક્ષાએ નિયત થયેલો જ માનવામાં આવ્યો છે, તો પણ તિથિ અને તહેવારોની આરાધનામાં તે કર્મ સંવત્સરના કારણભૂત કર્મમાસ અને સૂર્યસંવત્સરના કારણભૂત સૂર્યમાસ અને તેની તેની તિથિઓ લેવામાં આવતી નથી, કિન્તુ માત્ર ચંદ્રની ગતિને આધારે થતી અને પ્રવર્ત્તતી તિથિઓને જ (પર્વ અને તહેવાર તરીકે) લેવામાં આવે છે. સામાન્ય આર્ય જનતાની આ સ્થિતિ છે, તેમાં પણ જૈનેતર આર્ય પ્રજાને તે તે પર્વ અને તહેવારોને આરાધવા માટે જે વ્રત નિયમ કરવામાં આવે છે તે અહોરાત્ર પ્રમાણવાળા નિયમિત હોતા નથી અને તે જૈનેતર આર્યોના વ્રત નિયમો અહોરાત્રની સાથે નિયમિત સંબંધ રાખનારા ન હોવાથી તે જૈનેતર આર્યો પોતાના પર્વ તહેવારોને અનિયમિત રીતે માને છે, અર્થાત્ કેટલાક પર્વ અને તહેવારોમાં ઉદયકાળની વખતે તિથિ જોઈએ એમ માને છે. કેટલાક પર્વ તહેવારોમાં પૂર્વાહ્ણ વ્યાપિની તિથિ જોઈએ, કેટલાકમાં મધ્યાહ્ણ વ્યાપિની તિથિ જોઈએ, કેટલાકમાં અપરાહ્ણ વ્યાપિની તિથિ જોઈએ, કેટલાકમાં પ્રદોષવ્યાપિની તિથિ જોઈએ, અને કેટલાકમાં મધ્યરાત્ર વ્યાપિની તિથિ જોઈએ એવી પર્વતહેવારોની તિથિઓની વ્યવસ્થા માટે જૈનેતર આર્યોએ જ્યારે જુદી જુદી વ્યાપ્તિ લીધી છે, ત્યારે જૈન આર્ય પ્રજાએ પર્વ અને તહેવારને આરાધવાની ક્રિયા અહોરાત્ર એટલે દિવસ અને રાત્રિ બન્નેની સાથે વ્યાપકપણે માનેલી અને આચરેલી હોવાથી

જૈન આર્ય પ્રજાને તિથિનું પૂર્વાહ્ણ વ્યાપિપણું આદિ માનવું અને તે આધારે પ્રવર્ત્તવું તે કોઈપણ પ્રકારે પાલવી શકે નહિં. વાંચકને સારી પેઠે યાદ હશે કે જૈન આર્ય પ્રજાનો ઉપવાસ આદિ અને પૌષધ વિગેરે વ્રતો અને નિયમો અહોરાત્રની સાથે જ વ્યાપીને રહેલા છે, અર્થાત્ જે તિથિએ પૌષધ કરવો હોય છે કે ઉપવાસાદિ કરવા હોય છે તે તિથિના સૂર્યના ઉદયથી અન્ય તિથિના સૂર્યનો ઉદય થવાના પહેલાના વખત સુધી તે આરાધવાના હોય છે. અર્થાત્ જૈન આર્ય પ્રજાના વ્રત અને નિયમો સૂર્યઉદયથી શરૂ થાય છે અને તેનો છેડો આગળના સૂર્ય ઉદય થયા વગર આવતો નથી. આ કારણથી જૈનજનતાને એકસરખી રીતે પર્વ અને તહેવારો માનવા માટે એ નિયમ રાખવો પડ્યો છે કે ચંદ્રને આધારે થવાવાળી તિથિ છતાં પણ સૂર્ય ઉદયને ફરસવાવાળી તિથિ આખા દિવસને માટે કબુલ રાખવી, જો આવી રીતે સૂર્ય ઉદયની સાથે વર્ત્તતી તિથિનું નિયમિતપણું ન રાખવામાં આવે, કિન્તુ પૂર્વાહ્ણ વ્યાપિની આદિ લેવામાં આવે તો જૈનધર્મમાં જણાવેલાં વ્રત અને નિયમો અખંડિત રીતે બની શકે નહિં અને તિથિને અંગે પર્વ અને તહેવાર માટે કરાતાં વ્રત અને નિયમો ખંડિત કરવામાં આવે તો તે મિથ્યાત્વ આદિનું કાર્ય છે એમ કહેવામાં કોઈપણ જાતનો કઠોર વાક્ય પ્રયોગ થયેલો ગણાય નહિં, અને તેથી જ શાસ્ત્રકાર મહારાજા સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **उदयंमि जा तिही सा पमाणं** અર્થાત્ તિથિનું પ્રવર્ત્તવું અનિયમિત રીતે થાય છે, છતાં સૂર્યના ઉદયની વખતે જે તિથિ હોય તે તિથિને જ આખો દિવસ આરાધવા માટે પ્રમાણભૂત ગણવી. વાચકવર્ગ સૂક્ષ્મદષ્ટિથી જોઈ શકશે કે આ વાક્ય પૂર્વાહ્ણ વ્યાપિની યાવત્ પ્રદોષ વ્યાપિની, મધ્યરાત્ર વ્યાપિની તિથિને અપ્રમાણિક ઠરાવવા માટે જ કહેવામાં આવ્યું છે. એટલે અર્થાપત્તિથી પૂર્વાન્હ વ્યાપિની આદિ તિથિ માનનારાઓ જૈનના વ્રત નિયમોને અખંડિત માની કે આરાધી શકતા નથી, પરંતુ તેઓ જ જૈનના વ્રત અને નિયમોને અખંડિતપણે આરાધી શકે છે કે જેઓ ઉદયને સ્પર્શવાવાળી તિથિને જ અર્થાત્ ઉદય વ્યાપિની તિથિ માનનારાઓ છે. આજ કારણથી શાસ્ત્રકાર પૂર્વાન્હવ્યાપિની આદિ તિથિઓ કે જે જૈન આર્યપ્રજાની અપેક્ષાએ અપ્રમાણિક છે, તેમાં પર્વ અને તહેવારોની આરાધના કરનારાઓ અખંડિત આરાધના કરનારાઓ નથી, પરંતુ તેઓની આરાધના ખંડિત જ થાય છે. તેજ અપેક્ષાએ એ જ ગાથમાં આગળ જણાવે છે કે **इयरीइ कीरमाणीए आणाभंग०** એથી સ્પષ્ટપણે જણાવે છે કે પૂર્વાન્હ વ્યાપિની આદિ તિથિમાં જો વ્રત નિયમો કરવામાં આવે તો આજ્ઞાભંગ વિગેરે દોષો લાગે છે. કેટલાક મનુષ્યો પ્રકરણને સમજતા નહિં હોવાથી આ વાક્યનો એવો અર્થ કરવા તૈયાર થાય છે કે ઈતર એટલે સૂર્ય ઉદય વગરની તિથિ અર્થાત્ સૂર્ય ઉદય વગરની તિથિમાં જો પર્વ તહેવાર કરવામાં આવે તો આજ્ઞાભંગ, મિથ્યાત્વ અને

અનવસ્થાદિ દોષો લાગે છે, પરંતુ તેવી રીતે પ્રકરણને જાણ્યા સિવાય અર્થ કરનારા મનુષ્યોએ પર્વતિથિના ક્ષયની વખતે જે જે પર્વતિથિની આરાધના કરાય તે તે બધી આજ્ઞાભંગાદિ દોષવાળી છે એમ માનવું જ જોઈશે. કેમકે આટલી વાત તો ચોક્ખી જ છે કે ક્ષય પામેલી તિથિ સૂર્યના ઉદયની સાથે સ્પર્શ કરવાવાળી હોતી નથી, અને તેથી જ બીજ આદિ પર્વતિથિના ક્ષયની વખતે જે પડવા વિગેરેના દિવસે બીજ આદિ પર્વોની આરાધના તેઓ પણ જે કબુલ કરે છે. શું તે આજ્ઞાભંગાદિ દોષ યુક્ત જ અમો કરીયે છીએ એમ માનીને તે કબુલ કરતા હશે, પ્રકરણને યથાસ્થિતપણે જાણનારો મનુષ્ય તો સ્હેજે સમજી શકે છે કે સામાન્ય સર્વતિથિના વ્યવહારને માટે આ નિયમ બાંધવામાં આવ્યો છે. અર્થાત્ સામાન્ય સર્વપર્વોને અંગે સૂર્યના ઉદયકાળમાં વ્યાપવાવાળી તિથિ જૈનોએ વ્રત નિયમની આરાધનામાં કબુલ કરવી, પરંતુ પૂર્વાહ્ણ વ્યાપિની આદિનો રિવાજ જૈનોએ વ્રત નિયમોની આરાધનામાં કોઈ પણ પ્રકારે માની શકાય તેમ નથી, એટલું જ નહિ, પરંતુ જે કોઈ જૈન જૈનપણું ધારણ કરે અને પૂર્વાહ્ણ વ્યાપિની આદિ તિથિ માનીને તેના વ્રત નિયમો તે પ્રમાણે કરે એટલે સૂર્ય ઉદયથી ઉપવાસ વિગેરે ન કરે, પરંતુ પહોર દિવસ ચઢ્યા પછી કે બે પહોર થયા પછી કે સંધ્યાની વખતે કે તે તિથિ હોય ત્યારે પર્વ તહેવારની આરાધનાને માટે તેને માને અગર તેના વ્રત નિયમો ત્યાંથી શરૂ કરે તો તે જૈન કહેવડાવનાર મનુષ્યો જૈનના ઉપવાસદિ નિયમો અને પૌષધાદિવ્રતોને આરાધી શકતા નથી. એટલું જ નહિ, પરંતુ તેઓ વ્રતનિયમોની શ્રદ્ધાથી પણ ખસી ગયેલા છે. માટે તેઓને આજ્ઞાભંગાદિ દોષો લાગે એવું કહેવામાં કોઈ પણ પ્રકારે અસભ્ય વાક્યપ્રયોગ થયો કહેવાય નહિ. જ્યારે આવી રીતે **उदयंमि०** ગાથાનો પ્રકરણને અનુસરતો અર્થ કરશે ત્યારેજ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તે પર્વતિથિથી જ પ્હેલાંની અપર્વતિથિને પર્વતિથિ તરીકે આરાધવા માટે **क्षये पूर्वा तिथिः कार्या** એ વાક્યથી પડવા વિગેરે અપર્વતિથિને બીજ આદિ પર્વતિથિપણે સ્વીકારાય છે એમાં આજ્ઞાભંગાદિ દોષ લાગશે નહિ, એમ માની શકશે. જો ઉદય વગરની તિથિ કરવાથી જ મિથ્યાત્વ હોય. તો એકમ વિગેરેને દિવસે બીજ આદિ પર્વતિથિ માનનારાઓ આજ્ઞાભંગ આદિના દોષમાં ડુબ્યા સિવાય રહેવાના જ નહિં. તાત્પર્યાર્થ તો એ છે કે બીજ આદિકના ક્ષયની વખતે પડવા આદિના દિવસે જે બીજ આદિ તિથિ મનાય છે તે પૂર્વાહ્ણ વ્યાપિની આદિ પક્ષની અપેક્ષાએ નથી અને તેથી તે પડવા આદિને દિવસે બીજ આદિ માનવામાં કોઈ પણ પ્રકારે આજ્ઞાભંગાદિ દોષ પ્રકરણ પ્રમાણે અર્થ કરનારાને લાગતો નથી. એટલું જ નહિં પરંતુ પ્રકરણ પ્રમાણે અર્થ કરનારો સુજ્ઞમનુષ્ય આરાધનાની અખંડિતતાને માટે તિથિની પણ અખંડિતતા કરવાવાળો હોઈને ટીપ્પણામાં બીજ વિગેરે પર્વતિથિનો ક્ષય હોય છે અને પડવા વિગેરેનો ક્ષય નથી હોતો, તો પણ તે ઉદયવાળા પડવા વિગેરેને પડવા વિગેરે તરીકે માનતો જ નથી, પરંતુ

તે પડવા વિગેરેને બીજ આદિમાં ઉદય વગર પણ બીજ વિગેરે તરીકે જ માને છે. અને તે વાત એટલે પર્વતિથિના ક્ષયની વખતે પહેલાની તિથિનો ક્ષય કરવો અને તે જગા પર આગળની પર્વતિથિને જ બોલવી અને કરવી એ વ્યવહાર નિયમિત થયેલો છે અને તેના જ માટે **क्षये पूर्वा तिथिः कार्या** એ વિગેરે પ્રઘોષ સારા સારા ગચ્છવાળાઓએ માન્ય કરેલ છે અને તેથી જ શ્રીતત્ત્વતરંગિણીની અંદર ચતુર્દશીનો ક્ષય હોય તે વખતે તેરસને દિવસે તેરસ છે એવું કહેવાનો અસંભવ જ જણાવ્યો છે અને તે દિવસે ઉદયમાં તેરસ છતાં પણ ઉદય વિનાની ચૌદશ જ છે એમ કહેવાનું નક્કી કરેલું છે. એટલે સ્પષ્ટ થાય છે કે વર્ત્તમાનકાળમાં જે પરંપરા પર્વતિથિના ક્ષયે પૂર્વની તિથિનો ક્ષય કરવાની ચાલે છે તે શાસ્ત્રથી સિદ્ધ છે અને યુક્તિથી પણ યોગ્ય જ છે. રામટોળીના મનુષ્યો ઉદયના આગ્રહવાળા હોવાથી તેઓ તો પડવા આદિને દિવસે બીજ આદિ કહે, માને કે પ્રરૂપે તો તેઓ પોતાના વચનથી જ આજ્ઞાભંગ આદિ દોષવાળા બને છે. ભગવાન્ ઉમાસ્વાતિ પ્રઘોષ કંઈ આજ્ઞાભંગને કે મિથ્યાત્વાદિને ટાળી શકે નહિં. એવી જ રીતે જે પર્વતિથિમાં બે વખત સૂર્યોદય હોય અને પર્વતિથિ વધેલી હોય ત્યારે પણ આરાધનાની નિયમિતતા કરવા માટે ઉત્તરની તિથિને પર્વતિથિ તરીકે કહેવાય, પરંતુ પૂર્વની તિથિ ઉદયવાળી છતાં પણ પર્વતિથિ તરીકે ન કહેવાય, કેમકે ઉત્તરની તિથિજ તેની આગળના અપર્વતિથિના સૂર્યોદયની સાથે અનુષ્ઠાનનો છેડો લાવનારી થાય. પહેલી તિથિએ આરાધન કરવામાં આવે તો અપર્વના સૂર્યોદયે તેનો છેડો આવે નહિં, પરંતુ પર્વતિથિના સૂર્યોદયની હયાતિમાં જ તેનો છેડો આવી જાય. જૈનશાસ્ત્રને જાણનારાઓ એટલું તો સ્હેજે સમજી શકે તેમ છે કે નિયમોને માટે પૂરતીની હદ સાક્ષાત્ બોલાતી નથી, પરંતુ અર્થાપત્તિથી ગમ્ય જ રહે છે. પરંતુ શરૂઆતની હદ **उग्गए सूरे0** વિગેરેથી બોલવામાં આવે છે. તેમજ વ્રતોની અંદર પણ વ્રતની શરૂઆતની હદ ગમ્ય રાખીને જ પર્યવસાનની હદ **जावज्जीवाए जावनियमं जावदिवसं जाव अहोरत्तं जाव सेसदिवसं रत्तिं** વગેરે શબ્દોથી જણાવવામાં આવે છે, એટલે પર્વ અને તહેવારોની આરાધનામાં આગળના અપર્વની તિથિના કે ભિન્નપર્વની તિથિના ઉદયને અંત તરીકે જણાવવાની જરૂર રહે અને તેથી તિથિની વૃદ્ધિ હોય ત્યારે ટીપનાની બીજી તિથિને જ પર્વતિથિ તરીકે માનવી પડે અને તે જ માટે **वृद्धौ कार्या तथोत्तरा** એ પ્રઘોષ પણ શુદ્ધ ગચ્છોવાળાઓએ માન્ય કરેલો જ છે. આ હકીકત સમજનારો મનુષ્ય બીજ આદિ પર્વના ક્ષયે પડવા આદિ દિવસે જ પડવા આદિની તિથિને ન માનતાં બીજ આદિ તિથિને માનવાવાળો થાય છે. તથા બીજ વિગેરે બે હોય ત્યારે બે બીજ વિગેરેને પર્વ તરીકે માનનારા થઈ જવાય અને તેમ થવાથી બીજ વગેરે પર્વ છે એમ માનનાર થાય તથા બીજ આદિના નિયમને આરાધનારો ન થવાથી મિથ્યાત્વી

અને મૃષાવાદી બને અને તેથી સુજ્ઞો પહેલાની બીજ વિગેરેને પડવા વિગેરે પણે ગણે તે સ્વાભાવિક જ છે, અને એવી જ રીતે જ્યારે અમાવાસ્યા જેવી જોડકે રહેલી પર્વતિથિની હાનિ કે વૃદ્ધિ હોય ત્યારે તેનાથી પહેલાં રહેલી ચૌદશની વૃદ્ધિ હાનિ થતાં તે ન થાય પરંતુ ચૌદશના ક્ષયે તેરસ નહિં માનતાં ચૌદશ માનવાના દૃષ્ટાન્તે તેરસને જ ચૌદશ અને ચૌદશનેજ પૂનમ-અમાવાસ્યા માનવા પડે તથા બીજની વૃદ્ધિએ બે પડવાની વૃદ્ધિની રીતિએ અમાવાસ્યા અને પૂનમની વૃદ્ધિએ પહેલાની ચૌદશ એ પર્વતિથિ હોવાને લીધે વૃદ્ધિ ન પામતાં તે ચૌદશથી પહેલાંની જે તેરસ તે જ વૃદ્ધિ પામે, આવી રીતે શાસ્ત્ર અને પરંપરાથી સિદ્ધ છે, છતાં જેઓ પોતાની લોપક એવી પરંપરાની રીતે શાસ્ત્ર અને યોગ્ય પરંપરાને ઉઠાવવામાં ટેવાયેલા છે તેઓ શાસ્ત્ર અને સત્ય પરંપરાને ઉઠાવીને પર્વતિથિનો ક્ષય અને પર્વતિથિની વૃદ્ધિ માનવા-મનાવવા તૈયાર થાય છે તેઓને જૈનજનતાએ શાસ્ત્ર અને પરંપરાનો કિંચિત્ પણ રાગ હોય તો સ્વપ્ને પણ સમાગમ કરવા જેવો નથી.

ઉપરના લખાણથી સુજ્ઞમનુષ્ય રામટોળીના ઉદયના કે એવા બીજા બકવાદને નહિં અનુસરતાં તેવા બકવાદ કરનારાને શાસ્ત્ર અને શુદ્ધપરંપરાને અનુસરવાવાળાઓની પાસે સત્યતત્ત્વનો નિશ્ચય કરવા તથા જણાવવા માટે લાવવાનો જરૂર પ્રયત્ન કરશે અને તે જ જગતને હિતાવહ છે. એમ માનવામાં તે રામટોળીનો પણ જરૂર સહકાર જ રહેવો ઘટે.

# સાગર સમાધાન

પ્રશ્ન ૨૯ મનઃપર્યવજ્ઞાની મનુષ્યક્ષેત્રવર્તી સંજ્ઞિના મનપણે પરિણામ પામેલા અગર તો પામતા મનોગત ભાવ જાણે તો પછી કાળથી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી ભૂત અને ભવિષ્ય જાણે એમ કહ્યું તો ભવિષ્યકાળની મનોગત વર્ગણાઓ જે મનપણે પરિણમાવી નથી તે શી રીતે જાણી શકે ? અને વિશેષાવશ્યકમાં <u>मन्निज्जमाणाइं</u> એ પદથી ચિંતવાતા એમ કહ્યું હોવાથી ભૂતભવિષ્યકાળના પણ શી રીતે પલ્યના અસંખ્યાતમા ભાગ સુધીના ચિંતવાતા ગણી શકે ?

સમાધાન - ભૂતકાળમાં તેટલા કાળ સુધી અને ભવિષ્યકાળમાં પણ તેટલા કાળ સુધી પરિણામ પામવાવાળાને દેખી શકે (જેમ અમુક મનુષ્ય ભૂતકાળમાં આવી રીતે મનના પુદ્ગલો લઈને પરિણમાવી ગયો છે અને ભવિષ્યકાળમાં આવી રીતે મનના પુદ્ગલો પરિણમાવશે. એટલે ગતકાળનું વર્તમાનપણું અને ભવિષ્યકાળનું પણ વર્તમાનપણું જાણવાથી મનઃપર્યવવાળાને અતીત અનાગત જાણવાની અને ચિંતવાતાની અડચણ નહિ રહે.) કદાચ એમ માની લઈએ કે છુટા પડેલા મનના પુદ્ગલોને પરિણમાવવાનો થયેલો પર્યાય તે મનઃપર્યવજ્ઞાની જાણે તો તે અનુકૂલ આવે એમ નથી. કારણ કે મનના પુદ્ગલની અપેક્ષાએ પણ અતીત અનાગતપણું થઈ જાય . એટલે મન્યમાનપણું ન રહે. વળી મનના પુદ્ગલોનું મનપણે પરિણમન અંતર્મુહૂર્તથી વધારે વખત રહેતું નથી કે જેથી એક જ જીવના મનપણે ગ્રહણ કરીને મનાતા પુદ્ગલોનું તેટલી સ્થિતિ સુધીનું વર્તમાનપણું જાણવાનું બની શકે એમ માની શકાય.

પ્રશ્ન- ૩૦ વ્યતિરિક્તદ્રવ્ય નંદિનિક્ષેપામાં બાર પ્રકારનો તૂર્ય સમુદાય લેવો એમ કહ્યું તો હાલમાં નીકળેલા વાજીંત્રો તેને દ્રવ્યનંદી ગણી શકાય કે ? અથવા તે તેની અંતર્ગત થઈ જતા હશે ? બાર એવી સંખ્યા નિયત કરી માટે શંકા થાય છે કે સામાન્ય તૂર્ય શબ્દ કહ્યો હોય તો આધુનિકકાલના પણ નંદીમાં ગણી શકાય.

સમાધાન - પ્રાચીનકાળમાં પણ વાજીંત્રો અનેક પ્રકારનાં હતાં, છતાં લોક વ્યવહારથી બાર પ્રકારનાં તે વાજીંત્રોને દ્રવ્યનંદી કહેવામાં આવી છે. વર્ત્તમાનકાળમાં પણ તાસાંની જગાએ નગારીઓ કે જાલરની જગા પર નગારા વગાડાતાં નથી.

પ્રશ્ન-૩૧ નંદીસૂત્રમાં ત્રીજા સૂત્રમાં **पच्चक्खं दुविहं पन्नत्तं तंजहा इंदियपच्चक्खं नोइंदियपच्चक्खं च** તો પ્રત્યક્ષ જ્ઞાનમાં ઈંદ્રિય પ્રત્યક્ષ કે નોઈંદ્રિય પ્રત્યક્ષ કેમ જણાવ્યું હશે ? ખરૂં પ્રત્યક્ષ તો ઈંદ્રિયથી નિરપેક્ષ હોય છે છતાં આ સૂત્ર આમ કેમ જણાવેલ હશે ?

સમાધાન - ઈંદ્રિય પ્રત્યક્ષ એ પરમાર્થથી પરોક્ષ છે, છતાં વ્યવહારથી પ્રત્યક્ષ છે માટે ત્યાં પ્રત્યક્ષપણે કહ્યું છે. ૧ અવધિ આદિ વ્યવહાર અને પારમાર્થિક બન્ને દૃષ્ટિએ પ્રત્યક્ષ છે ૨ અનુમાન વિગેરે બન્ને દૃષ્ટિએ પરોક્ષ છે. અને ૩ ઈંદ્રિય પ્રત્યક્ષ એ વ્યવહારથી જ પ્રત્યક્ષ જાણવું.

પ્રશ્ન-૩૨ પોથી પૂજેલું અગર સૂત્ર વ્હોરાવતી વખતે બોલાયેલી બોલીનું દ્રવ્ય કે પ્રતિક્રમણ સૂત્ર બોલવા માટે બોલાતી બોલી જે જ્ઞાનદ્રવ્ય કહેવાય તેવા પ્રકારના દ્રવ્યનો શ્રાવકોના છોકરાને ઉપયોગી એવા ધાર્મિક પુસ્તકોમાં ઉપયોગ થઈ શકે ? અથવા તો શ્રાવકોચિત વાંચવાના કે તેને છપાવીને આપવાના પુસ્તકોમાં તે દ્રવ્યનો વ્યય કરી શકાય ?

સમાધાન - શ્રાવકો સપરિગ્રહ હોવાથી તેઓથી વ્યવહારિક કે ધાર્મિક કોઈ પણ કેળવણીમાં જ્ઞાનની પૂજા વગેરેનું દ્રવ્ય વાપરી શકાય નહિ. વ્યવહારિક કેળવણી દેવામાં તો જ્ઞાનદાન કહેવાય જ નહિં.

પ્રશ્ન-૩૩ વીરભગવંતનું ચારિત્ર ઉત્તમકોટિનું હોય અર્થાત્ તેમને શરીર માટે ઔષધાદિક સેવન કરવાનું ન હોય, છતાં સુજ્ઞ રેવતીશ્રાવિકાએ ભગવાનને માટે પાક બનાવ્યો કેમ? અને ભગવંતે પણ ઔષધ પોતા માટેનો કરેલ પાક ન લાવવા માટે ઘોડા માટે બનાવેલ પણ પાકને લાવવા જણાવ્યું છે તો જેમ જીનકલ્પીઓ ઔષધ ન સેવે તેમ તીર્થંકરોનો પણ તેવો જ કલ્પ ન હોય ?

સમાધાન - જીનેશ્વર મહારાજા જેમ સ્થવિરકલ્પમાં ન ગણાય તેમ જીનકલ્પમાં પણ ગણાતા નથી, પરંતુ તેઓ કલ્પાતીત ગણાય છે. ભગવાન મહાવીર મહારાજે જે ઔષધ લીધું છે તે સિંહઅનગારની શાંતિની અપેક્ષાને વધારે રાખનાર છે.

પ્રશ્ન - ૩૪ **तहाविहंसमणं माहणं वा** ઈત્યાદિમાં એકાંતે નિર્જરા કહી છે તો માહણશબ્દથી શ્રાવક લેવા કે સાધુ ? અલ્પ પણ પાપ નથી પણ પુણ્ય કવચિત્ થઈ જાય છે, જ્યારે બીજી વખતે **अप्रहितादि०** કહી એકાંત પાપ કર્મ અને અલ્પપણ નિર્જરા નથી એમ કહ્યુ છે. તો એકાંત પાપ કર્મ કેમ? ભલે નિર્જરા ન થાય પણ પાપ કર્મ શી રીતે બંધાય ? આમ તો પછી કોઈ દાન દે જ નહિ.

સમાધાન - માહણ શબ્દથી જે વૃદ્ધ શ્રાવકો ભરત મહારાજના નિયત કરેલા તે લેવામાં

અડચણ નથી, વળી શ્રમણમાહણ શબ્દો એકાર્થ પણ થાય, અવિરતિને અંગે જે એકાંત પાપ કહેલું છે તે પ્રતિલાભવાની અપેક્ષાએ છે અને પ્રતિલાભવું એ ગુરૂને અંગે પારિભાષિક શબ્દ છે, તેથી અસંયત કે શ્રાવકને ગુરૂ માનીને પ્રતિલાભે તો એકાન્ત પાપ થાય તેમાં આશ્ચર્ય નથી અને એ વાસ્તવિક અર્થ સમજવાથી અનુકંપાદિ દાનના નિષેધનો પ્રસંગ નહિં આવે.

પ્રશ્ન-૩૫ શીંગદાણાને ધાન્યોની ગણતરી કરી છે ત્યાં તે ધાન્ય નથી ગણાવ્યા તો તેને શેમાં સમજવા? તેને કેટલાકો ભોંયમાં થતા હોવાથી અભક્ષ્ય માન્યા છે તો તે ભક્ષ્ય કે અભક્ષ્ય છે ?

સમાધાન - શીંગ એ ધાન્ય નહિં તો પણ બીજ તો છે અને તે અભક્ષ્ય ગણાતી નથી.

પ્રશ્ન-૩૬ રોહિણી તપ આગાઢ છે કે અનાગાઢ છે? અર્થાત્ સ્ત્રીઓ તેવા માંદગી કે પ્રસૂતિના સમયમાં તે તપ ન કરી શકે તો શું કરવું?

સમાધાન - વ્યવહારથી જે તપ જે દિવસે કરવાનો હોય છતાં રોગાદિથી તેમ ન બને તો પૂરો થતાં આગળ વધારી દેવાય છે.

પ્રશ્ન-૩૭ ભગવંતો સમિતિ સાચવે છે તે પ્રસંગમાં 'પ્રમજર્ય'એમ કહે છે તો ઓઘો મુહપત્તિ તો રાખતા નથી તો તેમને પ્રમજર્ય શી રીતે સંભવી શકે ?

સમાધાન - પહેલા છેલ્લા તીર્થંકર સિવાય બધા તીર્થંકરોને જાવજ્જીવ દેવદૂષ્ય તો રહેલું જ છે. એટલે તેના છેડાથી પૂજવાનું અસંભવિત નથી, પરન્તુ શરીરના સંસ્કાર વગરના અને ઉપકરણ વિનાના હોવાથી તેમને તેની જરૂર હોય નહિં.

પ્રશ્ન-૩૮ દરરોજ અભ્યાસથી અમુક સ્થાને પાકું પાણી પડેલું છે તેમ ધારી ભૂલથી સચિત્ત પાણી એકાસણા આંબીલ કે ઉપવાસમાં ગૃહસ્થ વાપરી જાય તો પ્રાયશ્ચિત કેટલું ?

સમાધાન - અજાણતાં કાચું પાણી પીવાય છે તેને આલોયણમાં આંબીલ જેવું આપવાની પદ્ધતિ છે.

પ્રશ્ન-૩૯ બાવીસ (૨૨) તીર્થંકરના શાસનના સાધુ ઋજુ અને પ્રાજ્ઞ હોય તેમ રથનેમિજી હતા છતાં એકલા કાઉસ્સગ ધ્યાને ગુફામાં રહ્યા જેથી જણાય છે કે તેઓ આગમવિહારી હશે, તો તેવા પણ આત્માને પરિણામથી પડવાનું કેમ બન્યું હશે ? મધ્યમતીર્થના સાધુ હોવાથી ચારવ્રત જ તેમને હોય ને સાધુઓ શાણા સરળ અને સમજુ હોવાથી અપરિગૃહીત રાજીમતીને ગ્રહણ કરવા કેમ તૈયાર હશે? બીજું રાજીમતી જેવાં પ્રૌઢ અને અગ્રેસર સાધ્વી એકલાં કેમ પર્વતપરથી ચડતાં ઉતરતાં હશે ? બીજા કોઈ સાથે કેમ રાખ્યા નહિં હોય ? અગર શિષ્યાઓ કેમ

સાથે ગઈ નહિં હોય? જો સાથે કોઈ હતે તો કદાપિ રહનેમિના આવા માઠા પરિણામ ન જ થતે.

સમાધાન - રથનેમિજી અને રાજીમતી બન્નેને વરસાદને લીધેજ સમુદાયના જોડેવાળાથી છુટાં પડવાનું થયું એટલે એકલા ગુફામાં ગયાં છે. રથનેમિજી ભિક્ષા લઈને ગામમાંથી આવ્યા છે અને રાજીમતી ઉપરથી વંદણા કરીને ઉતર્યા છે અને સમુદાય જોડે હતો. એ વાત દશવૈકાલિકની વૃત્તિમાં સ્પષ્ટ છે. પરિણામની પતિતતા તો ચૌદ પૂર્વિઓને પણ બને અને ઋજુપ્રાજ્ઞપણું છતાં મોહની બલવત્તરતા અસંભવિત નથી.

પ્રશ્ન - ૪૦ કૃષ્ણમહારાજા ઉત્તમ પુરૂષમાં છે. તેથી નિરૂપક્રમ આયુષ્યવાળા છે તો તેમને જરાકુમારના બાણનો ઉપદ્રવ કેમ લાગ્યો ? ને તેથી મરણ કેમ થયું ? અર્થાત્ નિરૂપક્રમ આયુષ્યવાળાને બાણનો ઉપક્રમ લાગ્યો તેથી મૃત્યુ થયું તેમ કેમ મનાય ? પ્રતિવાસુદેવો ઉત્તમ પુરૂષો હોય તો તે બધાને વાસુદેવ સ્વચક્રથી મારી નાંખે છે તો તે શી રીતે ઘટે?

સમાધાન - આયુષ્યનું અપવર્ત્તનીયપણું અને અનપવર્ત્તનીયપણું તે જુદી વસ્તુ છે અને સ્વોપક્રમ તથા નિરૂપક્રમપણું તે જુદી વસ્તુ છે. આયુષ્યને નાશ કરનારાં સાધનો મળે તેથી સ્વોપક્રમ ગણાય, પરંતુ આયુષ્ય પુરૂં થવાની વખતે જ તેવા ઉપક્રમ બને તો તેથી આયુષ્ય અનપવર્ત્તનીય ગણાય. એટલા માટે તત્ત્વાર્થકારે અનપવર્ત્તનીય શબ્દ રાખ્યો છે.

પ્રશ્ન-૪૧ શ્રેણિક કે કૃષ્ણમહારાજાએ તપસ્યાદ્વારાએ એક પણ સ્થાનક આરાધ્યું નથી તો તીર્થંકરો આગલા ત્રીજાભવમાં એક પણ સ્થાનક આરાધે જ તેવો નિયમ શો ?

સમાધાન - વીશસ્થાનકમાં સર્વપદની કે કેટલાક પદની આરાધના કરવાથી તીર્થંકરપણું થાય છે, એ નિયમ છે પણ તેમાં તપસ્યાનો જ અવશ્યભાવ નથી. જગતના સર્વજીવો જે રસ્તે ધર્મમાર્ગે જોડાય તેને અંગે ઉચિત એવી તપસ્યા દ્વારાએ કે બીજી રીતે પણ પ્રવૃત્તિ કરીને આરાધે તો પણ જિનનામ બાંધે.

પ્રશ્ન-૪૨ આચારાંગાદિ અંગો ઉપાંગો કે સૂત્રો જે આગમો અત્યારે વિદ્યમાન છે તેમાં અંગમાં આચારાંગથી સૂયગડાંગ બમણું સૂયગડાંગથી ઠાણાંગ બમણું એમ ઉત્તરોત્તર બમણા પ્રમાણવાળા ગણાય છે, તો અત્યારે તે પ્રમાણે અંગો ઉપલબ્ધ નથી, તો અત્યારના વિદ્યમાન અંગો સંપૂર્ણ ગણવા કે કેટલોક ભાગ વિચ્છેદ ગયો છે એમ માનવું? વિદ્યમાન ભાગ ક્યાર સુધીનો અત્યારે હશે? હરિભદ્રસૂરી વગેરે પ્રૌઢ ટીકાકારોના વખતમાં પણ આટલો જ ભાગ વિદ્યમાન

હશે કે આથી વધારે હશે? તેમના કાલ જેટલું તો મૂળ અત્યારે વિદ્યમાન છે કે નહિ?

સમાધાન - અંગના પદોના પરિણામને અંગે કેટલાક ટીકાકારો **विभक्त्यन्तं पदं** લેવા કહે છે તે અપેક્ષાએ અત્યારે પણ જે જે વાચના સંક્ષેપ થઈ છે તે લખવામાં આવે તો ઠામ બમણાં પદ થવામાં અડચણ આવે નહિ એમ લાગે છે અને અર્થાધિકારની સમાપ્તિને પદ કહેવાય એવા મતની અપેક્ષાએ પદો લેવાં હોય તો પણ અર્થાધિકાર ગોઠવવામાં અને વિસ્તાર વાચનાની અપેક્ષા રાખવામાં આવે તો બમણાં પદ થવામાં અડચણ આવી શકે તેમ નથી, છતાં દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ આરૂઢ કરતી વખતે સંકોચ કર્યો છે એમ માનવામાં પણ અડચણ નથી.

પ્રશ્ન -૪૩ અંગના ઉપાંગો છે, અને અંગને અનુસરીને ઉપાંગી તેનો વિસ્તાર કરનાર હોય છે. તો મૂળસૂત્ર કરતાં તેમાં કંઈક જુદી જ વસ્તુઓ અને વિવેચનો હોય છે. જેમ નિર્યુકિતઓ, ભાષ્યો, ટીકાઓ, અને ચૂર્ણીઓ મૂળ સૂત્રને સ્પર્શ કરતી એવી વ્યાખ્યાઓ અને વિવેચનો કરે છે. તેમ ઉપાંગમાં તે રૂપ ઉપલબ્ધ થતું નથી તો અંગના ઉપાંગ શા માટે ગણવા? સ્વતંત્ર અંગ આદિ માફક સૂત્રો ગણવામાં શી હરકત?

સમાધાન - અંગમાં કહેલા અર્થોમાંથી કોઈ પણ એક અર્થની અપેક્ષાએ વિસ્તાર કરવામાં આવે તો તેને ઉપાંગ કહી શકાય. જેમ આચારાંગમાં આત્માનું ઔત્પાતિકપણું કહ્યું હતું અને ઉવવાઈજીમાં તે જ ઉપપાતને અંગે વર્ણન કરાયું છે. નગરીઆદિકનું વર્ણન તો પ્રાસંગિક છે. સૂયગડાંગજીમાં નાસ્તિકનું ખંડન હતું અને તે જ ઉદ્દેશથી રાયપસેણીમાં મુખ્ય મુદ્દો તે ચર્ચાયો છે. ઠાણાંગ વિગેરે સૂત્રોમાં પણ જે એવા એકેક મુદ્દા હતા તેને અંગેજ તે તે ઉપાંગો રચાયાં છે.

પ્રશ્ન - ૪૪ **सूचनात् सूत्रम्** વ્યુત્પત્તિથીસૂત્ર સંક્ષિપ્ત હોય તો આચારાંગ નંદીસૂત્ર પન્નવણા વિગેરેમાં બહુ જ વિસ્તારથી સૂત્રો કેમ બનાવ્યાં છે ? જો તત્ત્વાર્થસૂત્ર આદિની માફક અગર સિદ્ધહેમ આદિના સૂત્રોની માફક ગોઠવણ કરી સૂત્રો બનાવ્યાં હોત તો ટુંકા બની શકત. આગળની અનુવૃત્તિ પાછળ ખેંચી શકાય તેવાં ઘણાં પન્નવણા વિગેરે સૂત્રોમાં સરખા આલાવાવાળાં સૂત્રો છે, તો તત્ત્વાર્થ સૂત્ર માફક ટુંકું ન કરતાં બહુ વિસ્તારવાળું શા માટે બનાવ્યું હશે ? આ તો ઉલટું યાદ રાખવું વધારે કઠિન પડે. સરખા આલાવાથી પાઠમાં ગુંચવાઈ પણ જવાય, તો ટુંકું સૂચવે તેવા સૂત્રો ભગવંતોએ કહેવાને બદલે વિસ્તૃત અને એક વસ્તુ વારંવાર પણ શા માટે સૂત્રોમાં લખી હશે?

સમાધાન - વૈરાગ્ય, વ્રત અને ભાવના વિગેરે આત્માને સર્વથા ઘાતી કર્મનો ક્ષય ન થાય ત્યાં સુધી વારંવાર આચરવાનાં અને મનન કરવાનાં હોય છે માટે જ સૂત્રોમાં હેય તથા ઉપાદેય પદાર્થોને વારંવાર અને જુદી જુદી રીતે જણાવવામાં આવ્યા છે અને તેથી જ પ્રમાદ-અપ્રમાદ, પંચ મહાવ્રત અને છ કાયના સ્વરૂપને વારંવાર કહેલું ગણાવી નિરર્થક ગણનારને સૂત્રની આશાતના કરવાવાળો કહ્યો છે. सूचनात् सूत्रम् એ વાક્ય સંગ્રહસૂત્રને અનુસરીને જ છે, જો એમ ન હોય તો વ્યાકરણસૂત્રોમાં પણ દંતાદિ અને પદાદિ એમ કરવું પડે. એવી રીતે સમાસ, તદ્ધિત, કારક, આખ્યાત અને કૃદંત વિગેરેમાં સ્થાને સ્થાને જોઈ શકાય છે. વ્યાકરણસૂત્રોમાં કઈ જગાએ આદિથી લઈ લે છે અને કઈ જગાએ સાક્ષાત્ બધાને જણાવે છે. ન્યાયમાં પણ સંશયાદિ પદાર્થો પ્રમાણ કે પ્રમેયમાં નહોતા આવતા એમ તો નહોતું જ છતાં જણાવ્યા છે. માટે એ લક્ષણ સંગ્રહસૂત્રની અપેક્ષાએ છે.

પ્રશ્ન-૪૫ ગીતાર્થ કે ગીતાર્થની નિશ્રાવાળું એમ સાધુપણાના બે જ પ્રકાર છે. ત્રીજો પ્રકાર સાધુપણાનો નથી એમ નિષેધ કર્યો છે. તો ગીતાર્થની આજ્ઞાથી અલગ અગીતાર્થ ચોમાસું કરે, વિહાર કરે, પરંતુ આચારપ્રકલ્પાદિકના પ્રાયશ્ચિત અને તેના દાન વિભાગ ન જાણે, તો તેવાનું સાધુપણું ગણી શકાય? જો ન ગણી શકાય તો અત્યારે ગીતાર્થો જ પૂરા એક આંકડાની સંખ્યામાં પૂરા નથી તો આધુનિક સમુદાયપણે આજ્ઞાખપી જીવોનું સાધુપણું ગણવું કે નહિ?

સમાધાન - શાસ્ત્રકારો ગીતાર્થની નિશ્રાએ તો સાધુપણું ગણે જ છે, એટલે ગીતાર્થની નિશ્રાવાળાને તો સાધુપણામાં અડચણ નથી, અને પ્રાયશ્ચિત્ત પ્રતિપત્તિ ગીતાર્થના સંજોગે અને બીજી રીતે પણ લઈ શકાય છે. દેશકાલાદિના સંયોગે નિશ્રિતમાં સાધુપણું માનવાનું ભિન્નક્ષેત્રે અને ભિન્નકાલે પણ બને છે. સહચાર શબ્દ નથી લીધો પણ નિશ્રિત શબ્દ લીધો છે.

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

તેમ પ્રતિપક્ષનો રાગી ન હોય અને ન્યાય તથા કાયદા પૂર્વક તમારી હકીકતને વાસ્તવિક રીતે જાણનાર હોય અને આ સ્થિતિ હોય તો તેની પાસે ન્યાયની આશા રાખી શકાય. જો તેમ નથી હોતું, એટલે ત્રણ કારણમાંથી એક કારણમાં પણ સ્ખલના હોય છે તો કેસ બદલવાની અરજી થઈ શકે છે અને કેસ બીજી કોર્ટમાં ટ્રાન્સફર થાય છે. ત્યારે ભગવાનની પાસે તો જગતમાં જીવ આદિ પદાર્થ માત્રનો કેસ રજુ થયો છે. જીવ માત્રના ભલા માટે ચૂકાદો લેવાનો છે, માટે તેમનામાં કોઈ પણ પદાર્થ પ્રત્યે ન તો હોય રાગ, ન તો હોય દ્વેષ તથા તત્ત્વમાત્રનું જ્ઞાન સંપૂર્ણતયા એમને હોય, તો જ તેમનાં વચનો પ્રમાણ ગણાય અને જગતના જીવોનું ભલું જ કરનારાં ગણાય. આખા જગતની ચીજોમાં આદરવા લાયક કંઈ, છોડવા લાયક કંઈ,? પુણ્ય તથા પાપનાં કારણો ક્યાં? આ તમામ જ્ઞાન ધરાવે માટે તો સર્વજ્ઞ કહેવાય છે, સર્વજ્ઞ સર્વ જાણે! કેવલજ્ઞાન પછી બાકી શું ? કોઈ પણ પક્ષ પ્રત્યે દ્વેષ ન હોય જેમ કેસ તથા કાયદાના જાણકાર મધ્યસ્થ ન્યાયાધીશના ન્યાયને સાચો માની શકીએ અને તેનો જ આપેલો ન્યાય સાચો હોય. રાગી અગર દ્વેષી તેમજ વસ્તુસ્થિતિથી અજ્ઞાન એવો ન્યાયાધીશ ન્યાય આપવા માટે નાલાયક છે. કાયદાનો જાણકાર છતાં પણ રાગી અગર દ્વેષી પણ ન્યાય આપવા લાયક નથી. એ જ રીતે જગતના તમામ પદાર્થનો વિભાગ કરનાર, હેય તથા ઉપાદેય એમ બે પ્રકારે પૃથક્કરણ કરનાર એવા આત્મામાં પણ જો રાગ અગર દ્વેષ હોય તો તેનાં વચનો માનવા યોગ્ય થાય નહિં. મેજીસ્ટ્રેટ પાસેથી કેસ ટ્રાન્સફર કરવા માટે 'તે કાયદો જાણતા નથી' એમ તો પરીક્ષિત છે માટે મુખ્ય કહી શકાય. માત્ર બે જ દલીલ તેમાં રહે છે કાં તો મારા દ્વેષી છે, અગર પ્રતિપક્ષીના પક્ષકાર છે. એ જ રીતે ધર્મ કહેનારમાં પણ રાગદ્વેષનો જ મુદ્દો મુખ્ય છે. ધર્મ કર્મ ન જાણે એ મુદ્દો મુખ્ય નથી. જાણવા છતાં ઉપદેશક

'ખપ તેનો શોચ નહિ,' એ નીતિ અખત્યાર કરે એટલે કહો કે તેણે મૂલ વસ્તુને દૂર કરી દીધી. એ વાત રાગમાં ગઈ. માટે શ્રીહરિભદ્રસૂરીશ્વરજી કહે છે કે રાગદ્વેષરહિત એવા સદ્વર્તનવાળા શ્રીસર્વજ્ઞ ભગવાને શાસ્ત્રો કહ્યાં છે.

**જાણવું મુશ્કેલ નથી, મુશ્કેલી મેળવવામાં છે!**

રાગ તથા દ્વેષની વાત તો થઈ ! હવે ત્રીજી વાત જ્ઞાનની! વર્તનની દૃષ્ટિએ જ્ઞાનનું મહત્વ ઓછું છે. તમને ઝવેરાત ઓળખવામાં વધારે સમય લાગે છે કે મેળવવામાં? સદ્વર્તન જાણવું સહેલું કે અનંતગુણીવાર મેળવવું સહેલું? અબજો, પરાર્ધ્યોની સંખ્યા કોણ નથી જાણતું? પણ મેળવનાર કેટલા? અરે ! હજાર મેળવતાંયે નવનેજે પાણી ઉતરે છે ને ! મિથ્યાત્વ ખોટું છે એમ જાણતાં વાર લાગે છે કે તેને દૂર કરતાં વાર લાગે છે? અવિરતિ, કષાય એ આત્માને મલીન કરનારા છે એમ શું ઘણા નથી જાણતા? એ જાણવામાં વાર લાગી? પણ એને હાંકી કાઢવામાં કેટલી વાર થાય છે ? હીરા, મોતીને કોણ નથી જાણતું ? પણ ક્યારે મેળવાય તેનો પત્તો છે?

**चत्तारि एए कसिणा कसाया सिंचंति**

જેમાં જન્મવું-મરવું છે એવા સંસારના મૂલને સિંચનાર ચાર કષાયો જ છે કષાય એ સંસારની જડ છે. આ વાત સાંભળવામાં, જાણવામાં કેટલી વાર લાગી? પણ સંસારની એ જડને જડમૂળથી નિર્મૂલ કરવા માટે અસંખ્યાતગુણો વખત જોઈએ છે. આ વાતો અનુભવસિદ્ધ છે ને?

કેવલજ્ઞાન પ્રાપ્ત થવામાં એકજ સમય બસ છે, જ્યારે તેને લાયક કે સામાન્ય ચારિત્રની પ્રાપ્તિ માટે અનંતા જન્મો જોઈએ છે. બારમા ગુણસ્થાનકને છેડે માત્ર અષ્ટપ્રવચન માતા જાણનાર પણ હોય. मा रुष मा तुष ગોખનાર માસતુસમુનિ સરખા તદન અલ્પજ્ઞાન ધરાવનાર તેરમે આવીને તરત સર્વજ્ઞ બની જાય છે ! કહો કે સર્વજ્ઞ બનવા માટે એટલે કેવલજ્ઞાનની પ્રાપ્તિ માટે તો એકજ સમય જોઈએ છે. બારમાના છેડે અષ્ટપ્રવચનમાતાનું જ માત્ર જ્ઞાન, અને તેરમાના પ્રથમ સમયે તો કેવલજ્ઞાન! જેમ બે ચાર કલાક ઉંઘ્યા, અથવા બે ત્રણ પહોર ઉંઘ્યા, ઊંઘમાં ઘણાં સ્વપ્નાંઓ જોયાં, પણ એ સ્વપ્નાઓ ખસેડવા માટે, અને ઊંઘ દૂર કરવા માટે આંખ ઉઘડવી એ જરૂરી છે તેનું તો એક સેંકડનું કામ છે. કેવલજ્ઞાન મેળવવામાં તો સમય એટલે સેકંડનોયે અસંખ્યાતમો ભાગ લાગે છે. સમયમાત્રની જ જરૂર છે, ચારિત્ર માટે અનંતા જન્મોની જરૂર છે.

**જુઠ્ઠા લીટાઓ કરતાં જ સાચો એકડો શિખાય છે !**

અત્રે શંકાને સ્થાન છે કે **अठ्ठभवा उ चरित्ते.** આવશ્યકનું વચન છે તેથી 'ચારિત્રથી તો વધારેમાં વધારે આઠ ભવે મુક્તિ છે. નવ ભવ તો હોય જ નહિં,' એવું કથન છે તો અહિં અનંતાજન્મોની વાત કેવી રીતે ઘટી શકે ?

આઠ ભવની આ વાત સાચા ચારિત્રની પ્રાપ્તિ પછીની છે. સાચો એકડો આવડ્યા પછી તેને પાકો સાચો કરવા માટે વધારે વાર ભલે ન લાગે સાચો એકડો પણ વધારે ઘુંટાય ત્યારે પાકો થાય. પણ તે પહેલાં જૂઠા લીટા કેટલા કર્યા ? તેમ સાચું ચારિત્ર આઠ વાર ભલે પાકું થયા કરે, પણ એ આઠ ભવની વાત સાચા ચારિત્ર માટે છે. તે પહેલાં અનંતાં દ્રવ્યચારિત્રો થાય. મોંથી એકડો બોલે, પણ પાટીમાં લીટા કાઢયા કરે છે! ને પણ એવા કેટલાયે લીટા કાઢવાના પરિણામે એ લીટા કાઢનારો સાચો એકડો કાઢે છે. તીર્થંકરદેવને તે ભવમાં જૂઠા લીટા કરવા પડતા નથી કે સાચા એકડા માટે શીખવું પડતું નથી. શ્રીતીર્થંકરદેવ તો ભવાંતરથી ગર્ભમાં આવે છે ત્યારે ત્રણ જ્ઞાનનું પોટલું સાથે લઈને આવે છે. આવા જ્ઞાનવાન્ દેવાધિદેવનો વાદ ખાલી હાથવાળો શું જોઈને કરે છે ? આપણે તો "બા! બાપા! ભાઈ! ભૂ!" વગેરે બોલવાનું કેટલીયે વાર શીખવવામાં આવ્યું, અને સંભળાવવામાં આવ્યું ત્યારે બોલ્યા. એકડા બગડાની તો વાત શી કરવી? શ્રીતીર્થંકરદેવને તો જન્મતાં જ ઈંદ્રને થતી શંકાને નિવારવાનું જ્ઞાન છે. ત્યાગની સાથે પારકાના મનના વિચાર જાણવાનું સામર્થ્ય ધરાવે તેવા દેવાધિદેવની વાત દૃષ્ટાંતમાં કામ લાગે નહિં. શ્રીતીર્થંકરદેવે પણ કહો કે આ ભવની અપેક્ષાએ જૂઠો એકડો કર્યો નથી. બાકી પહેલાનાં ભવોમાં તો અનંતીવાર જુઠા એકડા કરવા પડ્યા છે. જુઠા એકડા વગર કોઈ સાચા એકડામાં આવ્યો નથી.

**કિલ્લો એ તો બચાવ છે !**

આ જીવ અનંતી વખત નવગ્રૈવેયકે જઈ આવ્યોઃ શાથી ?, અવિરતિ સમ્યગ્દૃષ્ટિ તથા દેશવિરતિવાળો તો બારમા દેવલોક સુધી જ જઈ શકે છે. એથી આગળ જવાનું સામર્થ્ય તો કેવલ ચારિત્રવાન્માં જ છે. બારમા દેવલોકની ઉપર દેશવિરતિ કે કેવલ સમ્યગ્દૃષ્ટિ જઈ શકતો જ નથી. આવા સ્થળે દરેક જીવો અનંતી વખત ગયા છે. ઉંચી પુણ્યપ્રકૃતિ મેળવવામાં સર્વવિરતિની ક્રિયા સજજડ કારણ છે. અનંતી વખત નવગ્રૈવેયકમાં ગયા તો અનંતી વખત ચારિત્ર લીધાં હશે એ તો ખુલ્લું છે. તે ચારિત્ર કયાં ? દ્રવ્ય ચારિત્ર ! સાચા એકડાને પાંચ સાત વખત ઘુંટયો તૈયાર ! સાચા એકડાને સેંકડો વખત ઘુંટવાની જરૂર નથીઃ તેમ દ્રવ્યક્રિયા ભાવ ક્રિયાને લાવનારી છે, ખેંચીને લાવનારી છે. દ્રવ્ય ક્રિયા ચાલુ રાખે તો ભાવ ક્રિયાને આવ્યા વિના છૂટકો જ નથી. જૈનમાત્ર જંબૂસ્વામીજીના અભિધાનથી સુપરિચિત છે. આઠ સ્ત્રીઓના મોહથી તેઓ મુંઝાયા નથી. આજે તો ચારિત્રની પરિણતિ છતાં ફંદામાં પડયો તો ચારિત્રને હડસેલે ચૂલામાં ! કઈ દશા ? મહાવ્રતધારી સાધુને નવવાડ શા માટે કહી ? મજબૂત તથા વિપુલ લશ્કરનો હલ્લો ન ખમાય તેવો હોય ત્યારે રાજાને પણ કિલ્લાના દરવાજા બંધ કરવાજ જોઈએ. કિલ્લો બચાવે છે. વાડના કિલ્લાની બહાર જાય તે સાધુ નહિં તેનો બચાવ નથી. નવવાડ તે સાધુઓ માટે કિલ્લો છે. મોહનીય સાથે લડનાર સાધુએ તો કિલ્લામાં રહીને શત્રુ સાથે લડવાનું છે, બચાવ

રાખીને અંદરથી મારો ચલાવવો છે, તો સંસારીને શું કિલ્લા બહાર રહીને લડાવવો છે ? તેનું પરિણામ શું ? શ્રી સ્થૂલિભદ્રજીનું દૃષ્ટાંત તો ચોર્યાશી ચોવીશીમાં અમરતાને પમાડનારું આશ્ચર્યભૂત છે. એવા મહાત્માને નૂરીયા જમાલીયા સાથે સરખાવવા છે ? તમામ સાધુઓમાં સ્થૂલિભદ્રને વખાણ્યા છે. શું વસ્તુને સર્વત્ર અસંભવિત બનાવવી છે ?

**ભાઈને માટે ભાઈએ તજેલા ભોગો ! ! !**

જીવ માત્ર આલંબનવશ છે, માટે સારું આલંબન પકડવું. ખોટું પકડયું તો તો પરિણામ ખોટું જ આવશે. દેવની પૂજા કે ગુરૂની સેવા તે આલંબન છે, સંસારને બધાએ ખારો માન્યો છે તો તેમાં કઈ મીઠાશ માટે ખદબદો છો ? 'શું કરીએ બેડીમાં પડ્યા છીએ!' એમ ? ત્યાગ અને વૈરાગ્યથી વાસિત ઉંચી પરિણતિવાળો આત્મા જો કોઇ એકાદ બેડીમાં પડી જાય તો પાયમાલ થાય છે. તો પછી સંસારમાં આઠ આઠ મહાબેડીઓથી જકડાયેલાની શી દશા ? એકાંતમાં જૈમિનીએ સ્ત્રીનો વેશ પહેરી ચાળા ચટકા કર્યા એટલે વ્યાસની બુદ્ધિ ફરી. જયાં જૈમિની દેખાયા કે વ્યાસને 'જમીન માર્ગ આપે તો પેસી જવું સારું' એમ થયું . વ્યાસને લખવું પડયું કે ઇંદ્રિયોનો સમુદાય બલવાન્ છે. વિદ્વાન્ને પણ જોત જોતામાં પટકે છે. જંબૂસ્વામીજી આઠ કન્યામાં તથા નવાણું ક્રોડ સોનૈયામાં ન લપટાયા. તેમના આગલાના ભવો. શિવકુમાર ભવ, ભવદેવ ભવદત્તને બે ભાઇઓમાં ભવદત્તનો ભવ તપાસો. આગળના ભવમાં ભવદત્ત તે જંબૂસ્વામીજીનો જીવ. તેમના ભાઇ ભવદેવજીએ દીક્ષા લીધેલી છે. પોતે ભવદત્તને પ્રતિબોધ કરવા તે ગામમાં આવ્યા છે. બનેલું એમ છે કે શિષ્યોમાં પરસ્પર વાત થતાં ભવદેવે અન્ય સાધુઓને કહેલું કે પોતપોતાના ગામમાં જઇ આવ્યા પણ- " તમે ભાઇઓને કે કોઈને પ્રતિબોધ કરી લાવ્યા ?" ત્યારે સાધુઓએ ટાંણો મારેલા કે "અમે તો પ્રતિબોધ કરી નથી લાવી શક્યા, પણ તમે તમારા ભાઈને પ્રતિબોધીને લાવો તો ખરા !" બસ, આટલા માત્રથી 'એક પંથ દો કાજ' એ ન્યાયે ભવદેવ પોતાના ગામમાં આવ્યા છે. ભાઈનું ભલું થશે, અને અહિં વટ પણ સચવાશે માટે પ્રયત્ન આદર્યો. અહિં ગામમાં ભવદત્તનું લગ્ન તાજું થયું છે. હજી તો લગ્નનો ઉત્સવ ચાલે છે. સ્ત્રી તો અર્ધ શણગારાયેલી હાલતમાં છે. પોતે ભવદત્ત પણ તે જ પરિસ્થિતિમાં છે. ભવદેવને આવ્યા સાંભળ્યા કે ભવદત્ત વહોરાવવા આવ્યા. ભવદેવે પાત્રાં હાથમાં પકડવા આપ્યાં, ભવદત્તે જાણ્યું કે ભાઈને ભાર લાગે માટે મારી ફરજ છે કે તેમને સ્થાન સુધી મૂકી આવવા. મુનિઓ ઉતરેલા છે તો નગરથી દૂર ! કેટલાકો વળાવવા ગયા છે, તેમ ભવદત્ત પણ પાત્રાં પકડી વળાવવા જાય છે. બીજાઓ પાછા વળે છે. ભવદત્ત ભવદેવજીની સાથે જાય છે. ભવદેવજી પણ માર્ગમાં 'નાનપણમાં આ સ્થળે આપણે આવી આવી રમતો રમ્યા હતા' એવી એવી વાતોથી ભવદત્તને મશગુલ રાખે છે. કે જેથી મોં પર ગ્લાનિ પણ આવે નહિ. છેટેથી ભવદેવ સાથે ભવદત્તને પાત્રાં પકડીને આવતા જોઈને સાધુઓએ માન્યું કે 'આ તો ભાઈને પ્રતિબોધ કરીને

લાવ્યા!' ખરેખર ! વચન સાચું કરી બતાવ્યું !! સાધુઓએ આચાર્યને પણ જણાવી દીધું કે ભવદેવજી તો પોતાના ભાઈ ભવદત્તને દીક્ષા અપાવવા પાત્રાં ઉપડાવીને સાથે જ લાવ્યા છે. ભવદેવજી તથા ભવદત્ત સન્મુખ આવીને ઉભા રહ્યા કે આચાર્યે જ ભવદત્તને પૂછયું કે - "કેમ ? દીક્ષા લેવા આવ્યો? ભવદેવજીએ કહ્યું કે "હા મહારાજ !!" અહિં ભવદત્તજીએ શું વિચાર્યું ? પોતે કાંઈ દીક્ષા લેવા તો નથી જ આવ્યો! પણ એમણે એકજ વાત વિચારી કે " જો હું ના કહીશ તો ભવદેવજી જૂઠા ઠરશે" માત્ર ભાઈને સાચા ઠરાવવા માટે ભવદત્તજીએ પણ હાસ્યપૂર્વક હા કહી દીધી. ભવદત્તે 'હા' કહી પછી વાર શી? સર્વવિરતિ લેવા તૈયાર થનારને ક્ષણ પણ રોકાય નહિં. તરત દીક્ષા આપી અને સગાઓના આવવા પહેલાં જ વિહાર પણ કરાવી દીધો. પાછળથી તપાસ કરવા આવનારા સગાઓને કહી દીધું કે "આવ્યો હતો અને ગયો પણ ખરો!" એ ભવદત્તજીએ ભાઈ ભવદેવજી જીવ્યા ત્યાં સુધી ચારિત્ર પાળ્યું, પણ ભાવના ચારિત્ર પાળવાની નહોતી, ભાવના તો માત્ર એક જ હતી કે ક્યારે ભાઈ ન હોય અને તક મળે એટલે સ્ત્રી પાસે જાઉં! ભવદેવ ભાઈની ખાતર તે ભાઈના જીવન સુધી ભવદત્ત ભાઈએ ભાવના વિના પણ અને ભોગોની લાલસા છતાંયે ભોગોના ત્યાગરૂપ સંયમને પાળ્યું! ભવદેવજીએ જ્યારે કાલ કર્યો ત્યારે ભવદત્ત વેષ મૂકીને પાછા પોતાને ગામ ગયા. તેમની વિવાહિતા સ્ત્રીનું નામ હતું નાગિલા. નાગિલા પોતાના સ્વામી ગયા બાદ વૈરાગ્યે રંગાઈ ગઈ અને કાયમ તપશ્ચર્યા કરતી હતી, અને તેથી તેણી ન ઓળખાય તેવી કૃશ બની ગઈ હતી. ભવદત્ત જ્યારે ગામ પાસે આવી પહોંચે છે ત્યારે દિવસ અસ્ત થવાની તૈયારીમાં છે. ભવદત્ત બહાર જ કોઈ સ્થળે મુકામ કરે છે. અચાનક ત્યાં તે નાગિલા આવે છે તેણીને ભવદત્ત ઓળખતો નથી, પણ ગામ સંબંધી તથા પોતાના કુટુંબ સંબંધી તેમજ નાગિલા સંબંધી કેટલીક હકીકતો પૂછે છે. તે ઉપરથી નાગિલા પોતાના સ્વામીને ઓળખી જાય છે, તથા તેમની પતિત પરિસ્થિતિને પામી જાય છે. નાગિલા પોતાની ઓળખાણ આપે છે તથા ભવદત્તને પાછા આવવાનું કારણ પૂછે છે. ભવદત્ત ખુલ્લા દીલથી જેવો હતો તેવો એકરાર કરે છે કે, "મેં તો ભાઈની શરમની ખાતર દીક્ષા લીધી હતી. હવે ભાઈ અવસાન પામ્યા છે અને હું ભોગો ભોગવવા પાછો આવ્યો છું" વિચારો કે આ સ્થળે જો બાઈમાં ધર્મપરિણતિ ન હોય તો પરિણામ શું આવે ? નાગિલા ભવદત્તને કહે છે "શરમ કે બળાત્કારે પણ હાથીની અંબાડીએ બેઠેલો મનુષ્ય ગધેડે શું બેસવાનું મન કરે છે ? કલ્યાણનો માર્ગ તે હાથીની અંબાડીરૂપ હતો, ત્યાંથી પડતું મૂકી ગધેડે ચઢવા આવ્યા છો ? ઓકીને ચાટવાવાળી એકજ જાત છે અને તે ફક્ત શ્વાન! ગાય, ભેંસ કદી ઓકીને ચાટશે નહિં. અગંધન કુલના નાગથી પણ હલકા શા માટે બનો છો ? તમારા જેવાએ સંયમ છોડવું વ્યાજબી નથી.' ભવદત્તને પણ ભેદ સમજાયો કે વાત ખરી છે!

બોહોત ગઈ થોડી રહી ! પાછા ગયા, પશ્ચાત્તાપ કર્યો, પ્રાયશ્ચિત્ત લીધું, ફરી પ્રવજ્યા લીધી અને ભાવપૂર્વક પાળી. સારા રસ્તે પણ રહેલો ખાંચો જરૂર નડે છે. ભવદત્તના ભવમાં ચારિત્ર પાળ્યું પણ સ્ત્રીની મમતા રાખી હતી અને પતિત પરિણામી થયા હતા તો બીજા (શિવકુમારના) ભવમાં આયંબિલ કર્યાં, છઠ્ઠો કર્યાં, પણ દીક્ષાની રજા મળી નહિં. અને દીક્ષા લેવાઈ પણ નહિ. અર્થાત્ એ ભવમાં દ્રવ્ય ચારિત્ર પણ પામી શક્યા નહિં. ભવદત્તના ભવમાં બળાત્કારે, ભાવના વગર અજ્ઞાનપણે પણ પાળેલું ચારિત્ર જંબૂસ્વામીજીના ભવમાં પર્યવસાનભાવને પામ્યું. ભગવાન્ મહાવીરદેવના જીવે મરીચિના ભવમાં દીક્ષા સમવસરણનો ઠાઠ જોઈને લીધી હતી. પણ છેલ્લે પરિણમી તીર્થંકરપણામાં ! શ્રી પંચવસ્તુના કથન પ્રમાણે પ્રથમ અનંતાં દ્રવ્યચારિત્ર આવે ત્યારે જ ભાવચારિત્ર આવવાનો વખત આવે.

### કેવલજ્ઞાનની જડ સદ્વર્ત્તન છે!

અહિં શ્રીહરિભદ્રસૂરીશ્વરજીનો શિષ્ય શંકા કરે છે. "મરૂદેવા માતાને ત્રસપણું મળ્યું નહોતું, તો પ્રથમ મનુષ્યભવ ક્યાં ? અને તે વગર દ્રવ્યચારિત્ર ક્યાં લીધું?" તેનું સમાધાન કરવામાં આવ્યું છે કે તેમને ત્રસપણું ન મળ્યું, માટે દ્રવ્યચારિત્ર ન મળ્યું અને તે વગર ભાવચારિત્ર આવ્યું પણ તે આશ્ચર્ય છે ભાવચારિત્ર એટલે શુદ્ધ ચારિત્ર લાવવા માટે બધાને અનંતી વખત દ્રવ્યચારિત્ર કરવાં જ પડે એ સામાન્ય નિયમ છે. અનંતી વખત મહેનત કરવી પડે છે. ચારિત્રને અંગે જ એમ કહી શકાય તેમ છે. કેવલજ્ઞાનને અંગે 'પાંચ સાત વખત જુટ્ટા કેવલજ્ઞાન આવ્યા પછી સાચું કેવલજ્ઞાન આવશે.' એમ નહિં કહી શકાય કેવલજ્ઞાનમાં ક્ષપકશ્રેણીમાં કરવાનું શું ? એકજ કામ અને તે એ કે શુદ્ધ વર્તનને રોકનાર કર્મોનો નાશ કરવો, મુખ્યતાએ ચારિત્ર મોહનીય તોડવાનું. ચારિત્ર જ મુશ્કેલ છે. મુશ્કેલીવાળી ચીજ છે. જ્ઞાનાવરણીય કર્મ શ્રેણીમાં તૂટતું નથી. શ્રેણી દશમા ગુણસ્થાનકને છેડે પૂરી થાય છે. અગીયારમે ગુણસ્થાનકે ત્યાં જવાનું નથી. બારમે ગુણસ્થાનકે બે ઘડી નિરાંત ! ત્યાં શ્રેણી નથી. શ્રેણી મોહમદિરાનો છાક તોડવા માટે જ હતી. શાસ્ત્રની માન્યતા દેવને માટે સદ્વર્તનને અંગે છે માટે શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ કહ્યું કે - સદ્વર્તનવાળા ભગવાને શાસ્ત્ર કહ્યાં છે. સદ્વર્તન વિના સર્વજ્ઞ માનવા કોઈ તૈયાર નથી. સુદેવ કુદેવના લક્ષણમાં મુખ્યતાએ કેવળી અકેવળીનો ભેદ નથી રાખ્યો. હથિયાર વગેરેવાળા કુદેવ, હથિયાર વગેરે વગરના હોય તે સુદેવ એ લક્ષણ શાથી ? કેમકે એ પ્રત્યક્ષ જાણી શકાય તેમ છે. કેવલજ્ઞાન છે કે નહિં તે જાણવાની તાકાત સામાન્યજનમાં નથી. કેવલજ્ઞાનની જડ સદ્વર્તન છે!

## સમ્યક્શ્રદ્ધાનમાં છૂટછાટને લેશપણ અવકાશ નથી !

एवं सद्वृत्तयुक्तेन

ભેળશેળથી બનેલો માલ નકલી ગણાય.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ દેતાં આગળ સૂચવી ગયા કે આસ્તિકો તમામ ત્રણ તત્ત્વોને જરૂર માને છે ૧ દેવ ૨ ગુરૂ અને ૩ ધર્મ. આ છે તે ત્રણ તત્ત્વો કે જે સર્વ આસ્તિક દર્શનોને માન્ય છે. આ ત્રણ તત્ત્વોમાં મુખ્ય દેવતત્ત્વ છે માટે બત્રીશ અષ્ટકવાળા અષ્ટકજી નામના પ્રકરણની રચનામાં મહાદેવાષ્ટક પ્રથમ રચવામાં આવ્યું છે. ધર્મના મૂલ કહેનારને કેવલજ્ઞાન પ્રાપ્ત થયું હોય છે જેના યોગે તે શ્રીતીર્થંકરદેવ જીવનું સ્વરૂપ, કર્મનું સ્વરૂપ, કર્મનું આત્માની સાથે બંધાવું, કર્મ રોકવાના તથા તેનો નાશ કરવાના ઉપાયો, કર્મ નાશથી પ્રગટતા આત્માના ગુણો, આત્માને મળતું અવિનાશી સુખ, આ તમામ જાણે છે અને જગતને જણાવે છે. આ તમામ જેના જાણવામાં ન આવેલ હોય તે સત્ય ધર્મતત્ત્વ કહી શકે નહિં. સર્વજ્ઞ વગરનાએ કહેલો ધર્મ તે બીજાનું અનુકરણ માત્ર છે. જેને વાયરલેસ કે ટેલીગ્રાફ ખબર આપે તો તે પોતાની જાત અનુભવની નહિં, પણ બીજાએ કહેલી આપે છે. તેમ જે પોતે સર્વજ્ઞ નથી તે ઉપર કહ્યા મુજબ જીવ તથા કર્મનું સ્વરૂપ, કર્મ બંધનાં તથા કર્મ નાશનાં કારણો, મોક્ષ તથા મોક્ષ માટેના ઉપાયો વગેરે જાણતો નથી, આત્માના ગુણોની તેને ખબર નથી. તો તે પોતે ધર્મ કહે શા આધારે ? તેઓ માત્ર શ્રી સર્વજ્ઞદેવનાં વચનોનું કરણ અનુકરણ કરે છે, કેમકે તેઓ સ્વતંત્ર ધર્મ કહેવાને સમર્થ નથી, ત્યારે બે વાત થઈ. એક ચીજ તો મુખ્ય કારખાનામાં બનેલી છે. બીજી અનુકરણથી બનેલી છે. અનુકરણમાં પણ બે પ્રકારઃ મૂલ શોધકના કથન આદિ પ્રમાણે જે માલ બને તે અસલી ગણાય. તથા તેથી બીજી રીતે બને, અને બીજી ભેળસેળથી બને તે નકલી માલ ગણાય.

શ્રીસર્વજ્ઞદેવે શાસનનામનું કારખાનું ખોલેલું છે. શા માટે? ધર્મરૂપ પદાર્થ પેદા કરવા માટે, તેમાં આરંભાદિક ત્યાગ કરવા રૂપ રીતિ રાખી છે. શ્રીસર્વજ્ઞદેવનાં વચનોને અનુસારે કથન કરવાનું ત્યાં વિધાન છે. મિથ્યાત્વનો, અવિરતિનો, કષાયનો તથા પ્રમાદનો ત્યાગ એ સાધનના મૂલ પદાર્થઃ એ મૂલ પદાર્થથી ધર્મરૂપી પદાર્થ બને છે, એ રીતિએ બનેલા પદાર્થને અધર્મ કહેવાય નહિં. જ્યાં મિથ્યાત્વ કે સમ્યક્ત્વ આદિનો વિભાગ ન હોય, વિરતિ અવિરતિની સમજણ અગર વિવેકશક્તિ ન હોય, તેવા સ્થળે બનતો કે રહેતો માલ ક્યા પદાર્થોનો બનેલો ગણવો ? કોઈ સ્થળે વિષયોની પ્રવૃત્તિ, કોઈ સ્થળે તત્ત્વોનું અજ્ઞાન, તો કોઈ સ્થળે અઢારે પાપસ્થાનકોની પ્રવૃત્તિઃ આવા પદાર્થોથી અને

અજ્ઞાનીનાં કારખાનામાં બનેલા પદાર્થને કોણ નકલી નહિં કહે ? મૂલ કારખાનામાં જે વસ્તુથી માલ બનતો હોય તે અસલી; બીજા કારખાનામાં બીજી વસ્તુઓથી બનાવાતો માલ દેખાવમાં પેલા જેવો જ હોય તો પણ તે નકલી તે નકલી જ ! શ્રીસર્વજ્ઞપ્રભુના શાસનરૂપી કારખાનામાં ધર્મરૂપી માલ ચાર વસ્તુથી બનાવવામાં આવે છે. આ ચાર વસ્તુ ન હોય ત્યાં પણ તે માલ નથી બનતો ૧ મિથ્યાત્વનો ત્યાગ. ૨ અવિરતિનો ત્યાગ ૩ કષાયત્યાગ અને પ્રમાદત્યાગ સમ્યક્ મિથ્યાત્વ સાથે રહી શકતાં નથી. સમ્યક્ત્વ એટલે શ્રી જિનેશ્વરદેવનાં વચનો પ્રત્યે શ્રદ્ધા ! તથા જીવાદિક તત્ત્વોની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે. શ્રી જિનેશ્વર મહારાજે કહેલા પદાર્થોમાં એક પણ પદાર્થની, પદાર્થના એક પણ અંશની જે અશ્રદ્ધા તે મિથ્યાત્વ છે. કદાચ કહેવામાં આવે કે ચંદ્રમામાં ઘણા ગુણો હોવાથી તેમાં રહેલું કલંક તે ગુણોમાં ડુબી જાય છે.

**निमज्जतीन्दोः किंरणेष्विवांकः**

**સમ્યક્ત્વમાં છુટછાટ નથી.**

અર્થાત્ ચંદ્રના કિરણોમાં હરિણનું શ્યામ ચિન્હ દબાઈ જાય છે. મતલબ કે ઘણા ગુણોમાં સામાન્ય દોષ હોય તો તે છુપાય છે. શ્રીસર્વજ્ઞના શાસનમાં શ્રદ્ધાને અંગે નવ્વાણું ગુણો હોય છતાં એ દોષ સમાતો નથી. એમ ન કહેવું કે શ્રીજિનેશ્વરદેવે કહેલા તમામ પદાર્થો માન્યા પણ એક પદાર્થ ન માને તો માન્યા જેટલું સમકિત ખરું કે નહિં ? શાસ્ત્રકાર મહારાજ સાફ કહે છે કે સમકિત નહિ ! એક પણ પદાર્થ અરે ! એક પણ પદ, અરે એક પણ અક્ષર, જો અશ્રદ્ધામાં રહી જાય તો બાકીનાની શ્રદ્ધા છતાં તેને મિથ્યાત્વી જ કહેવાય. તમને આ કથનથી જરૂર અરૂચિ થશે, પણ શાસ્ત્રકાર સો ટકા સિવાયની વાતને વળગતા નથી. ક્રિયામાં પ્રવૃત્તિ ઘણી કરો કે થોડી કરો તેથી ગુણનો વ્યાઘાત નહિં થાય, પણ શ્રદ્ધાના વિષયમાં તો સો ટકા-સોએ સો ટકા જોઈશે જ. સંપૂર્ણ શ્રદ્ધા થાય નહિં ત્યાં સુધી સમ્યક્ત્વ ગુણ આવી શકતો નથી. વિરતિમાં એકજ વ્રત, અરે એનો પણ અંશ માત્ર પણ અંગીકાર કરો અર્થાત્ હિંસા કરનારને સારો ન ગણવા માત્રનું વ્રત સ્વીકારો અંતે બાકીના તમામ દ્વારો ખુલ્લાં હશે તો પણ અંશથી વિરતિવાળા જરૂર ગણાશો, તમામ વ્રત સ્વીકારે તે જ વિરતિ ગણાય તેવો નિયમ વિરતિ પરત્વે નથી, તેથી જ 'દેશવિરતિ' નામનું આખું એક ગુણસ્થાનક રાખવામાં આવ્યું છે. પણ સમ્યક્ત્વમાં તેમ નથી. દેશથી સમ્યક્ત્વમાં ગુણસ્થાનક તથા સર્વથી સમ્યક્ત્વમાં ગુણસ્થાનક એવા પ્રકારો નથી. બેશક ! મિશ્ર ગુણસ્થાનક છે પણ તેમાં તો એમ છે કે એક પણ પદાર્થની શ્રદ્ધા થઈ અને બાકીના તમામ પદાર્થની શ્રદ્ધા ન હોય તેના માટે તે ગુણસ્થાનક ગણવામાં આવ્યું છે. એટલે એ ગુણસ્થાનક, જેમ સર્વવિરિતિ તથા અવિરતિ વચ્ચે દેશવિરતિ છે, તેમ સમ્યક્ત્વ તથા મિથ્યાત્વ વચ્ચે છે. મિશ્રગુણસ્થાનકનું સ્વરૂપ સમજવું જરૂરી છે. કેટલાક તત્ત્વોની શ્રદ્ધા

તથા કેટલાક તત્ત્વોની અશ્રદ્ધાવાળું સ્થાન તે મિશ્રગુણસ્થાનક નથી. મિશ્રગુણસ્થાનકવાળો તો તે છે કે જે નથી શ્રદ્ધા તરફ ઘસડાયો કે નથી અશ્રદ્ધા તરફ ઘસડાયો. શાસ્ત્રકારો મિશ્રગુણસ્થાનકનું સ્વરૂપ દર્શાવવા આ દૃષ્ટાંત આપે છે.

### नालीएर दीवमणुणो

નાળીયેરદ્વીપના મનુષ્યો જેમણે અનાજ જોયું નથી તેમને અનાજને અંગે રૂચી ન હોય તેમ અરૂચી પણ ન હોય. મિશ્રગુણસ્થાનકમાં શ્રદ્ધા અશ્રદ્ધા જેવું કંઈ નથી. પ્રીતિ પણ નથી, અપ્રીતિ પણ નથી. નવાણું પદાર્થમાં પૂરી શ્રદ્ધા હોય તથા એક પદાર્થમાં સંશય હોય તેને સાંશયિક મિથ્યાત્વ કહેવામાં આવે છે. સાચા પદાર્થોમાં શ્રદ્ધા પણ ન હોય, ખોટા પદાર્થોમાં શ્રદ્ધા પણ ન હોય, અશ્રદ્ધા પણ ન હોય, તેનું નામ મિશ્રગુણસ્થાનક છે.

### ધર્મનું મહત્ત્વ સ્વરૂપથી છે, સંખ્યાથી નથી.

કોઈ આવીને કહે કે નદીના પાણીમાં માહમહીનામાં ગધેડો બળીને મરી ગયો, આ વાત તરત કોણ માનશે? નદીમાં ડુબીને મરી જાય તે બને, પણ બળીને મરી જાય તે કેમ બને? જરૂર આ વાત ગપ્પું માનવામાં આવે, પણ વાત આખી સમજવામાં આવે, જાણવામાં આવે તો ગપ્પું માનનારને જ તે વાત સાચી માનવી પડે, ગધેડાની પીઠ ઉપર હતી પોઠ, જેમાં ભરેલો હતો કળી ચૂનો: બોજાને લીધે ગધેડો પાણીમાં બેસી ગયો, કળી ચુનો ખદ્ખદ્યો અને ગધેડો બળી મર્યો. એ જ રીતે શ્રીજીનેશ્વરદેવનું કોઈ તત્ત્વ પોતાથી ન સમજાય માટે તેમનાં વચનો મનાય નહિં એમ કહેવું એ કઈ દશા? આપણા મગજમાં ભલે ન બેસે પણ **तमेव सच्चं जं जिणेहिं पवेइयं** શ્રી જીનેશ્વરદેવે કહ્યું તે જ સાચું છે, અને શંકા વગરનું છે એ મંતવ્ય તો જોઈએ ને! શ્રીજીનેશ્વરદેવનાં વચનોમાં દૃઢતા પણ નહિં? બધી વાત મગજમાં જમે એને માને તથા એક વાત બુદ્ધિમાં ન ઉતરે તો ત્યાં 'આ વાત મને સમજાતી નથી.' એમ હજી કહી શકે, પણ 'મનાતી નથી' એમ કેમ કહેવાય ? માટે આમ કેમ હોય ? આટલું ધારવામાં પણ સાંશયિક મિથ્યાત્વ છે. આ સ્થળે કોઈ એમ કહે કે - "આ બધું માનવા છતાં ક્યાંક જરા શંકા થાય તેમાં મિથ્યાત્વનો ઈલ્કાબ ? આનું નામ કદાગ્રહ નથી? દોરાવા જેટલું પણ ઢીલું મૂકવા તૈયાર નહિ ? દુનિયાદારીમાં પણ વાંધો પડે છે. લવાદ કે કોર્ટ કહે તે માનવું પડે છે. આપેલી રોકડી રકમમાં પણ ઓછાવત્તા લેવા પડે છે ! જે મનુષ્ય ઘણી વાત માને છે તે થોડી વાત ન માને તેમાં હરકત શી? આજે નહિં માનો તો પછી માનશે! પણ જો તેટલા માટે બહાર કાઢો તો કેટલાને કાઢશો? ઘણાને બહાર કાઢવા પડશે. પછી રહેશે ગણ્યા ગાંઠ્યા!" આવો ડર સુજ્ઞને હોઈ શકે નહિં તેમ સુજ્ઞ મનુષ્ય આવો ડર બતાવે પણ નહિ. ધર્મ તો સ્વરૂપે છે, કાંઈ સંખ્યાથી નથી.

(અનુસંધાન પેજ - ૨૩૧)　　　(અપૂર્ણ)

# સમાલોચના

૧ અમદાવાદમાં ભરાયેલું મુનિસંમેલન શ્રીતપાગચ્છ કે બીજા કોઈપણ એક ગચ્છનું કે એક સંઘાડાનું નહોતું, પરંતુ મૂર્ત્તિપૂજામાં લાભ માનનારા અખિલ જૈનમુનિ સમુદાયનું હતું, તેથી "આપણા પરમ પવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે - મંડળી નીમી છે" આ વાક્યમાં આક્ષેપ કરનારા શ્રીશ્વેતામ્બરમૂર્ત્તિપૂજક સિવાયના હોય અને તે અન્યમતિયો કહેવાય અને હોય તે સ્વાભાવિક જ છે, છતાં અન્યધર્મીઓની વાત નથી એવું કહેનાર ઠરાવ સમજવા નિશાળે ફેર બેસે તો સારું છે.

૨ ઉપર્યુક્ત સંમેલને મંડળીને માટે 'તે મંડળીએ તે કાર્ય નિયમાવલી તૈયાર કરી શરુ કરવું' આવી રીતે ઠરાવી મંડળીને આક્ષેપોના સમાધાનને અંગે નિયમાવલી તૈયાર કરવાનું સોંપવામાં આવેલું, છતાં મૂળમુદ્દામાં ફેરફાર કરવાનો અધિકાર નં હોઈ શકે, આવું અયુક્ત લખવાવાળાએ પણ અન્યધર્મી શબ્દ જે મૂળમુદ્દાનો છે તે સમજવા માટે મહેતાજી પાસે જવું ઠીક છે.

૩ સમિતિ નિયમને અનુસરીને હોય એ પણ ન સમજનારને નિશાળે બેઠાં પણ ભણવાનું થશે કે નહિં તે વિચારવા જેવું છે.

૪ રામટોળી જે મંડળીને શ્વેતામ્બર મૂર્ત્તિપૂજકોના વિવાદોમાં નિર્ણય કરેલાને અધિકાર સોંપવાનું સૂચવીને પોતે તે પાંચના કાર્યાદિકદ્વારાએ થયેલા નિર્ણયને અમાન્ય કરી પર્વનોક્ષય અને વૃદ્ધિમાને વિરૂદ્ધ ગયા છે, એમ જણાવતાં ધૃષ્ટતાની જાહેર ખબર તો નથી કરતી ને ?

(કથીર-તંત્રી)

૧ કોઈકના પટ્ટધર થઈ ગયા પછી પણ કોઈક અન્યના શિષ્યરત્નપણે ખ્યાતિ મેળવનારને ભગવાન્ સુધર્મા સિવાયના ગણધરો નિરપત્ય વ્યુચ્છેદ પામ્યા એ વાક્ય આરાધવું કેમ બનશે? ભગવાન મહાવીર મહારાજની પાસે સંક્રમણ કરનાર કેશિકુમાર તથા ઉદયપેઢાલ વિગેર પાર્શ્વસંતાનીયપણે રહે ખરા?

૨ દીક્ષાથી પતિત થઈ બીજી વખતે ભાગ્યયોગે દીક્ષા પ્રાપ્ત થાય તો તે પહેલી દીક્ષાથી પર્યાયની ગણત્રી કરનારો જો મનુષ્ય થાય તો તે ભવાંતરની દીક્ષા પામનાર જીવોના ભવાંતરથી પર્યાય ન ગણે તે પણ નવાઈ જ છે. ભગવાન્ પાર્શ્વનાથ મહારાજના સાધુઓ ભગવાન્ મહાવીર મહારાજના શાસનમાં આવી છેદોપસ્થાનીય ચારિત્ર ગ્રહણ કરે ત્યારે પણ નિરતિચાર છતાં શાથી પ્રથમનો પર્યાય નહિ ગણાતો હોય તે શું અયથાર્થવાદિઓ નહિં વિચારતા હોય ?

૩ ઉત્તરાધ્યયન સરખા પણ યોગ જેણે વહન ન કર્યા હોય અને હઠ્ઠાલંબનથી જેણે યોગ ઉઠાવ્યા હોય તેવાને આચાર્યદેવ લખનારો મનુષ્ય શાસ્ત્ર અને પરંપરાની રૂવાંટે પણ શ્રદ્ધા ધરાવતો હશે કે કેમ ? (ઉત્તરાધ્યયનના યોગ એટલા બધા લાંબા નથી કે જેની આરાધના શુદ્ધપણે પણ ન થઈ શકે) એવી જ રીતે માંડલીયા સિવાય એક પણ જોગને નહિં વહેનાર અને કાળગ્રહણાદિક વિધિનું નામ નિશાન પણ નહિં આચારનારને આચાર્ય અને ઉપાધ્યાય સરખા પરમેષ્ઠિવાચક શબ્દો લગાડનાર મનુષ્ય અપાત્રમાં ગણધરપદ આરોપણનું પ્રાયશ્ચિત જે અનંતસંસારરૂપ છે તેને નહિં જાણતો હોય ! ન જાણે એમ તો કહી શકાય જ નહિં.

(क्रमशः) દાનપ્રશ્ન૦ તસ્વીર

(ટાઈટલ પાના ૪ નું ચાલું)

**૧ આત્માગમ - ૨ અનંતરાગમ - ૩ અને પરંપરાગમ.** આ ત્રણે પ્રકારમાં સૂત્ર કે અર્થ જેના તરફથી પહેલ વહેલા પ્રગટ કરવામાં કે જણાવવામાં આવેલા હોય તેને આત્માગમવાળા કહેવામાં આવે છે, પરંતુ જેઓ સાક્ષાત્ સૂત્ર કે અર્થને પ્રગટ કરનારા હોય તેઓની પાસેથી જેઓ સીધા સૂત્ર કે અર્થને મેળવનારા હોય છે તેઓને અનંતરાગમવાળા કહેવામાં આવે છે. આ બે ભેદ સિવાય ત્રીજો જે પરંપરાગમવાળાનો ભેદ છે. તે સૂત્ર કે અર્થના સાહિત્યને કરનારાથી અનંતરપણે ગ્રહણ કરનારા ન હોય એવા તે સર્વસૂત્ર અને અર્થને ધારણ કરનારા હોય તો પણ ગણાય છે અને એ રીતિએ ભગવાન્ જંબૂસ્વામીજી પછી થયેલા સર્વ આચાર્યો જે જે અંગાદિ સાહિત્યને ધારણ કરનારા થયા તે તે પરંપરાગમને જ ધારણ કરનારા હતા, આવી રીતે પુસ્તક નિરપેક્ષપણે ગુરૂમહારાજ પાસેથી જે સૂત્ર અર્થની વાચનાઓ લઈને જ્ઞાન મેળવાતું હતું તેને પરંપરાગમ જ્ઞાન કહેવામાં આવતું હતું, પરંતુ બુદ્ધિની નિર્બળતા વિગેરે કારણો અને દુષ્કાળ વિગેરેના કારણોથી તે સાહિત્યને વારંવાર ઘણો જ ફટકો પડવા માંડ્યો અને તેથી ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીને આચાર્ય આદિ મહાપુરૂષોના જીવન અને બુદ્ધિ ઉપર જ શાસનના આધારભૂત એવા શ્રુતજ્ઞાનને ટકાવવાનું મુશ્કેલ, અસંભવિત અને અયોગ્ય લાગ્યું કે બીજું કંઈ પણ કારણ લાગ્યું હોય, પરંતુ તેઓએ તે વખતના સકળ આચાર્યોની અનિષેધાદિ અનુમતિ સાથે સાહિત્યને પુસ્તકારૂઢ કર્યું. જો કે ભગવાન્ મહાવીર મહારાજના પહેલા વખતથી પણ સાહિત્ય પુસ્તકમાં આરૂઢ થયેલું ન્હોતું કે જૈનસાહિત્ય પુસ્તકમાં લખાયેલું નહોતું એમ કંબલ શંબળના દૃષ્ટાંતને જાણનારાથી કહી શકાય તેમ નથી, પરંતુ પરંપરાથી ચાલ્યા આવતા આગમની નિયમિત પ્રામાણિકતા જે પુરૂષોના વચનદ્વારાએ હતી તે પલટાવીને ભગવાન્ દેવર્દ્ધિગણિક્ષમાશ્રમણજીએ પુસ્તકના લેખ ઉપર જ તે પ્રામાણિક્તાને નિર્ભર કરી. પુરૂષોની બહુમતિ ઉપર કે પુરૂષોના કથન ઉપર પ્રામાણિક કે અપ્રામાણિકપણું ગણવાનો નિર્ણય ન રહેતાં કેવલ પુસ્તકોના લેખ ઉપર જ વસ્તુની સત્યતા અને અસત્યતા નિયમિત કરવાનું થયું. આ વસ્તુ વિચારનારો મનુષ્ય શ્રમણસંઘને પુસ્તકના ઉત્પાદનની, રક્ષણની, વૃદ્ધિની અને પ્રચારની કેટલી અત્યંત જરૂર છે તે સ્પષ્ટપણે સમજશે અને આ વસ્તુ સમજાશે ત્યારે પુસ્તકના ઉત્પાદન અને પ્રચારની માફક અગર તેના કરતાં અધિકપણે પુસ્તકના રક્ષણની જરૂર ગણાશે અને તેના રક્ષણને માટે પણ આથી જ સ્થાનેસ્થાને જ્ઞાનમંદિરો સ્થાપવામાં આવે છે, આમ છતાં વિશેષ ધ્યાનમાં લેવા લાયક બિના તો એ છે કે તેવા બહોળા સંગ્રહને પણ ધારણ કરનારા ભંડારોમાં જેવી વસ્તુ લભ્ય નથી હોતી તેવી વસ્તુ કોઈક કોઈક વખત મધ્યમસંગ્રહોમાં મળી જાય છે, માટે તેવા મધ્યમસંગ્રહોને સ્થાપવા માટે શ્રમણસંઘ પુસ્તક સંગ્રહ મંદિરની જરૂરીયાત ગણાય તે યોગ્ય જ છે.

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-સ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

# ☞ અલભ્ય ગ્રંથો ☞

## નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

## શ્રી શ્રમણસંઘ પુસ્તકસંગ્રહને અંગે ..

વર્ત્તમાનકાળમાં દરેક દર્શનનો આધાર તે તે દર્શનના તત્ત્વજ્ઞાનોને નિરૂપણ કરનારા પુસ્તકોના સાહિત્ય ઉપર રહેલો છે. જૈનદર્શનમાં પણ ભગવાન્ જીનેશ્વર મહારાજથી उपन्नेइवा विगमेइ वा धुवेइ वा એવી ત્રિપદી પામીને અપૂર્વબુદ્ધિના ભંડાર એવા ગણધરમહારાજાઓ જ્યારે શુદ્ધ ક્ષયોપશમને મેળવે છે, ત્યારે તેઓ યાવત્કાળભાવિ શાસનના હિતને માટે દ્વાદશાંગીરૂપ સાહિત્યની રચના કરે છે અને તે દ્વાદશાંગી સાહિત્યની રચનાનું એટલું બધું મહત્વ છે કે તે સાહિત્યની રચના પછી જે પૂર્વે દીક્ષિત થયેલા એવા ગણધરમુનિઓને ગણધરપદવી આપવામાં આવે છે અને તે દ્વાદશાંગીનું રચવું તથા ગણધરપદવીની પ્રતિષ્ઠાને જ તીર્થપ્રવર્ત્તન કે તીર્થસ્થાપન તરીકે ગણવામાં આવે છે, એટલે સ્પષ્ટ થયું કે ભગવાન્ જીનેશ્વર મહારાજના શાસનની ઉત્પત્તિ આદિ દ્વાદશાંગી સાહિત્યની ઉત્પત્તિ આદિને લીધે જ છે અને તે દ્વાદશાંગી દરેક જીનેશ્વર ભગવંતોના શાસનમાં ગણધરો જુદા જુદા શબ્દોમાં રચતા હોવાથી આશ્રવ-સંવરાદિકના હેય, ઉપાદેયપણા વિગેરેનો વિભાગ નિયમિત તરીકે હોવા છતાં નવી રચાય છે. એવી રીતે દરેક જીનેશ્વરોના શાસનમાં દ્વાદશાંગી નવી રચાતી હોવાથી જ ભગવાન્ જીનેશ્વર મહારાજાઓને आइगराणं એટલે શ્રુતતીર્થની આદિને કરવાવાળા એમ જણાવીને નમસ્કાર કરવામાં આવે છે. દ્વાદશાંગીરૂપી સાહિત્યની ઉત્પત્તિમાં એટલી બધી વિશિષ્ટતા છે કે તેની ઉત્પત્તિ થાય ત્યારે જ તીર્થ ઉત્પન્ન થયું ગણાય છે. ભગવાન્ જીનેશ્વર મહારાજા ગર્ભમાં આવે, જન્મ પામે, દીક્ષા ગ્રહણ કરે યાવત્ કેવલજ્ઞાન મેળવે તો પણ તે બધો કાળ તીર્થયુક્ત ગણવામાં આવતો નથી, પરંતુ તે અનુત્પન્ન તીર્થનો કે વ્યુચ્છિન્ન તીર્થનોજ કાળ ગણવામાં આવે છે, અને આ જ કારણથી ભગવાન્ ઋષભદેવજી મહારાજને કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી પણ સિદ્ધિપદને મેળવનાર મરૂદેવા માતાને અતીર્થસિદ્ધ તરીકે ગણવામાં આવેલા છે. આ હકીકતને સમજનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે જૈનદર્શનનો સમગ્ર આધાર દ્વાદશાંગીના સાહિત્ય ઉપર જ છે. આ આગમસાહિત્ય ભગવાન જીનેશ્વર મહારાજની ગણધર મહારાજ દ્વારાએ ચાલતી પરંપરામાં ત્રણ પ્રકારે પ્રવર્તેલું છે.

(જુઓ પાનું ૨૧૬)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित,-
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥


વર્ષ : ૮ અંક : ૧૧

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦ } તા. ૨૩-૩-૪૦ શનિવાર કિંમત ૧॥ આનો

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮] ફાગણ સુદી પૂર્ણિમા, મુંબઈ, [અંક-૧૧

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી


**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

## મૂલ સૂત્રો એટલે શું ?

જૈન જૈનેતર પ્રજામાં જે જે સંક્ષિપ્તરૂપે તત્ત્વને પ્રતિપાદન કરનારા અને અધ્યાહાર તથા અનુવૃત્તિના પાયા ઉપર જ અર્થને જણાવનારાં વાક્યોને સૂત્રરૂપે કે મૂલ રૂપે ગણવામાં આવે છે, અને તેવા સૂત્રોની ઉપર વિવેચન કરનારા શાસ્ત્રોને નિર્યુક્તિ, ભાષ્ય, ટીકા, ચૂર્ણિ, ટીપ્પણ, અવચૂરિ, પઞ્જિકા, વાર્ત્તિક વિગેરે શબ્દોથી અથવા ભાષ્ય, વાર્ત્તિક, વ્યાખ્યા, કારિકા વિગેરે શબ્દોથી કહેવામાં આવે છે અને તે લોકોત્તર માર્ગમાં નિર્યુક્તિ આદિની અપેક્ષાએ અને લૌકિક માર્ગમાં ભાષ્યાદિની અપેક્ષાએ વ્યાખ્યેય ગ્રંથ કે સૂત્રને મૂલગ્રંથ કે સૂત્ર કહેવામાં આવે છે, પરંતુ જૈન જનતામાં માનવા લાયક જે પિસ્તાલીશ આગમો ગણાયાં છે, તેમાં આવશ્યક, દશવૈકાલિક, ઓઘનિર્યુક્તિ અને ઉત્તરાધ્યયન એ ચારને જે મૂલ સૂત્ર તરીકે ગણવામાં આવે છે, તે ઉપર જણાવ્યા પ્રમાણે વ્યાખ્યેયના સ્થાને રાખી ગણવામાં આવતા નથી, કેટલાક મહાનુભાવો ઉત્તરાધ્યયન સૂત્રની વ્યાખ્યાઓ ઘણી હોવાને લીધે તે તરફ દોરવાઈ જઈ એવું માનનારા થયા છે કે જે જે સૂત્રની ઘણી વ્યાખ્યાઓ છે, તે સૂત્રને મહત્ત્વ આપવા માટે મૂલ સૂત્ર તરીકે ગણવામાં આવે છે, પરંતુ તેઓનું એ કથન શ્રીપર્યુષણાકલ્પ ઉપર અપરિમિત વ્યાખ્યા અને ટીપ્પણ વિગેરે જોનાર મનુષ્ય સત્ય તરીકે ન જ માને. વળી, દશવૈકાલિક, ઓઘનિર્યુક્તિ કે આવશ્યક ઉપર તેટલી બધી વ્યાખ્યાઓ લખાયેલી પણ નથી, તો તે દશવૈકાલિક વિગેરેને મૂલસૂત્રમં દાખલ કરવાં તે આ કલ્પનાની અપેક્ષાએ કલ્પના કરનારા જ અયોગ્ય માની શકશે.

જો કે થોડી મુદતથી ઉત્પન્ન થયેલો લુંપક મત કદાગ્રહના કારણે ચારેય મૂલ સૂત્રને માનનારો નથી, પરંતુ તેવાની અમાન્યતાએ મૂલસૂત્રનું સ્વરૂપ અન્યથા થતું નથી,

બીજા કેટલાક વિચારકો મૂલસૂત્રના શબ્દાર્થ માત્રને વિચારી જણાવે છે કે આ ચાર સિવાયનાં બીજાં સર્વ શાસ્ત્રો ભગવાન્ તીર્થંકરના મૂલવચન નથી, પરંતુ આ ચાર શાસ્ત્રોમાં કહેલાં વચનો જ ખુદ તીર્થંકર ભગવંતના વચનો હોઈને એ ચારને મૂલસૂત્ર કહેવામાં આવે છે. મૂલસૂત્રને માટે આવી રીતની કરાતી બીજી કલ્પના ન્યાયને અનુસરી શકે તેવી નથી, કારણ કે પ્રથમ તો ભગવાન્ જિનેશ્વર મહારાજા અર્થના જ વક્તા છે, અને સૂત્રના કર્તા તો ગણધર મહારાજા વિગેરે છે, મૂલસૂત્ર તરીકે મનાતું દશવૈકાલિકસૂત્ર આચાર્ય ભગવંત શય્યંભવસૂરિની કૃતિ છે, અને ઓઘનિર્યુક્તિ યુગપ્રધાન શ્રીભદ્રબાહુસ્વામીની કૃતિ છે, તથા શ્રીઉત્તરાધ્યયનના છત્રીશ અધ્યયનો સમગ્ર ઋષિભાષિત હોવા સાથે ભગવાન્ મહાવીર મહારાજે અપૃષ્ટવ્યાકરણમાં જણાવ્યાં ગણી શકાય, એટલે ભગવાન્ જિનેશ્વર મહારાજના મૂલવચન જ આ ચારમાં છે, અને તેથી આ દશવૈકાલિક આદિ ચારને મૂલ કહેવાની કલ્પના અસ્થાને છે.

વળી કેટલાકો મૂલસૂત્રપણાના ખુલાસામાં એવી કલ્પના જણાવે છે કે સાધુજીવનના મૂલરૂપ મહાવ્રતોનું નિરૂપણ આ દશવૈકાલિકાદિ સૂત્રોમાં હોવાને લીધે આ ચારને મૂલસૂત્ર તરીકે ગણવામાં આવ્યાં છે, આવા પ્રકારની આ ત્રીજી કલ્પના વિદ્વાનોના હાસ્યાસ્પદ ન થાય તો જ બસ છે, કેમકે સાધુજીવનના મૂલરૂપ મહાવ્રતોનું, સાધુને રક્ષણીય છ જીવનિકાયનું, અને સાધુજીવનમાં વર્જનીય પ્રમાદ અને કષાયનું સ્વરૂપ શ્રીઆચારાંગઆદિ અંગ, પયન્ના, અને છેદસૂત્ર વિગેરેમાં ઘણું જ વિસ્તારથી આવેલું છે, એટલું જ નહિં પરંતુ શ્રીશય્યંભવસૂરિજીની પહેલાં સાધુ આચારની વ્યવસ્થા આચારાંગના પ્રથમ અધ્યયનથી જ થતી હતી તે સુજ્ઞજૈનોને સારી પેઠે ધ્યાનમાં છે જ, ધ્યાનમાં રાખવું કે આ લખાણ વસ્તુ સ્વરૂપને સ્થાપ્યા વિના માત્ર બીજાએ જણાવેલા કથનને ખંડન કરવા રૂપે વિતંડાવાદરૂપે નથી, પરંતુ આવશ્યકાદિ ચારને મૂલસૂત્રની સંજ્ઞા કેમ આપવામાં આવી છે, તેના યથાર્થ સ્વરૂપને સમજાવવા માટે છે, નીચે જણાવેલાં કારણો વિચારવાથી આવશ્યકાદિ સૂત્રોની આપેલી મૂલસંજ્ઞા કેમ છે તે યથાર્થપણે સમજવામાં આવશે.

૧ જૈનજનતાને ખ્યાલ હશે કે આચારપ્રકલ્પાદિના અધ્યયનને માટે અને તેના ઉદ્દેશાદિદ્વારાએ યોગ્ય થવા માટે ત્રણ વર્ષ વિગેરે પર્યાયોની જરૂર ગણી છે, જ્યારે આવશ્યક વિગેરે મૂલસૂત્રો માટે કોઈ પણ પર્યાયની જરૂર ગણી નથી. (જો કે ઔપપાતિક આદિ ઉપાંગોને માટે વ્યવહારાદિ શાસ્ત્રકારોએ પર્યાયના વર્ષની સંખ્યા જણાવી નથી, પરંતુ અંગના ઉદ્દેશની પછી જ ઉપાંગનો ઉદ્દેશાદિ અને અધ્યયનાદિકનો અધિકાર

હોય છે, તેથી તેને માટે પર્યાયની આવશ્યકતા તેમાં પણ સ્પષ્ટ થાય છે, અને વ્યવહારાદિક છેદસૂત્રો તો પર્યાયને હિસાબે જ ઉદ્દેશાદિક અને અધ્યયનાદિકની યોગ્યતામાં આવે છે એમ નથી, પરંતુ તેમાં તો જણાવેલા પર્યાયવાળાને પણ અપરિણતપણું કે અતિપરિણતપણું ન હોય અને માત્ર પરિણતપણું જ હોય તો જ તે છેદસૂત્રના ઉદ્દેશાદિક અને અધ્યયનનો અધિકાર મળે છે, એટલે એમાં પણ પર્યાયના વર્ષ સંખ્યાની આવશ્યકતા સ્પષ્ટપણે સમજાય તેમ છે, ચઉશરણ વિગેરે પ્રકીર્ણક કે જેઓને પયન્ના તરીકે કહેવામાં આવે છે, તે કોઈ પણ પ્રકારે નિયમિત અધ્યયન ક્રમમાં જ રાખવામાં આવેલા નથી અને તેથી તેને માટે પર્યાય કે અપર્યાય જોવાનો રહેતો નથી.

જો કે ઉપર જણાવેલાં પિસ્તાલીશ આગમોમાં શ્રીનંદીસૂત્ર અને શ્રીઅનુયોગદ્વાર સૂત્રને પણ સ્થાન છે, છતાં તે બન્ને માત્ર પ્રવેશની સુગમતાને માટે જ જુદાં રાખવામાં આવેલાં છે, વસ્તુતઃ શ્રીનંદી અને અનુયોગદ્વાર એ બન્ને દરેક સૂત્રની અંતર્ગત જ છે, અને આ જ કારણથી સામાન્ય જનસમૂહ શ્રી નંદીસૂત્રને સૂત્ર તરીકે બોલે છે, છતાં પ્રાચીન વ્યાખ્યાકારો તો શ્રીનંદીસૂત્રને અધ્યયન તરીકે જણાવે છે, વાચકોને યાદ હશે કે અધ્યયન એ સમગ્રસૂત્ર રૂપ નથી હોતું. પરંતુ સૂત્રનો અંશ જ હોય છે, એટલે નંદી અને અનુયોગને સર્વસૂત્ર વ્યાપકપણાને લીધે ઉદ્દેશાદિક કે અધ્યયનમાં લેતાં પર્યાયની અપેક્ષા ન હોય તે સ્વાભાવિક છે,

૨ શ્રીઆચારાંગ વિગેરે શાસ્ત્રોના જે પુસ્તકારોહણની વખત લખાણો થયાં છે, તેમાં આવશ્યક વિગેરેની સાક્ષીઓ તથા **जाव जहा** વિગેરે કહીને અતિદેશો કરવામાં આવે છે, પરંતુ આવશ્યકાદિ ચાર મૂલસૂત્રોમાં કોઈ પણ ઈતર સૂત્રની પરસ્પર સાક્ષી કે **जाव** આદિથી અતિદેશ કરવામાં આવતો નથી, માટે તે સૂત્રો અસલના સ્વરૂપમાં જ સંકોચ કર્યા વગર પુસ્તકારોહણકાલમાં લખાયેલાં હોઈ તેને મૂલસૂત્ર તરીકે ગણવામાં આવ્યાં હોય તો તે ઘણું જ સંભવિત છે.

૩ શ્રી આવશ્યકાદિના ઉદ્દેશાદિક થયા પછી જ આચારાંગ આદિકના ઉદ્દેશાદિક થઈ શકે છે, પરંતુ તે સિવાય થઈ શકતા નથી, માટે મૂલ એટલે આદિમાં ઉદ્દેશાદિક અને અધ્યયનાદિકને લાયક એ ચાર સૂત્રો હોવાને લીધે તેને મૂલસૂત્ર કહેવામાં આવે. સુજ્ઞગીતાર્થો બીજાં પણ કારણો જણાવે તો તે પણ સૂત્રઅવિરોધીય હોવાથી માન્ય જ છે. इत्यलम्

# સાગર સમાધાન

પ્રશ્ન - ૪૬ બે અમાવાસ્યા હોવાથી બે તેરસ કરવા માટે કંઈ શાસ્ત્રનું પ્રમાણ છે ?

સમાધાન - શ્રીવિજયદાનસૂરીના સં. ૧૫૭૫નો લેખ તથા શ્રી વિજયદેવસૂરીના તિથિગ્રંથ અને ઘણી જુની પરંપરાથી બે પૂનમો હોય ત્યારે બે તેરસોની અને તેની માફક બે જ અમાવાસ્યા હોય ત્યારે બે તેરસો કરનાર નવી ટોળી માફક સ્વચ્છંદી નથી.

પ્રશ્ન-૪૭ પહેલી અમાવાસ્યા ઉદયમાં છતાં તે દિવસે ચૌદશ કરવાથી કાંઈ પણ દૂષણ લાગે કે નહિં ?

સમાધાન - શ્રીહીરસૂરીજીના પ્રશ્નોત્તરમાં વધેલ પૂનમ, અને અમાવાસ્યામાં બે દિવસ સૂર્યનો ઉદય હોવાથી અને તેને લીધે વૃદ્ધિ થયા છતાં માત્ર બીજી પૂનમ અને અમાવાસ્યાને જ ઔદયિકી એટલે સૂર્યના ઉદયવાળી માની છે. એટલે પહેલીને ઉદયવાળી જ માની નથી અને તેથી પહેલે દિન પૂનમ અથવા અમાવાસ્યા જ નથી એ સ્પષ્ટ છે તેથી એમ માનનારો ગ્રંથને આધારે તથા પરંપરાને અનુસરતો હોવાથી દૂષણવાળો ન થાય.

પ્રશ્ન-૪૮ ચૌદશનું આરાધન અમાવાસ્યાએ કરવામાં આવે તો તેથી કાંઈ દૂષણ લાગે કે કેમ ?

સમાધાન - જે માટે ટીપ્પણાની પહેલી પૂનમ અને અમાવાસ્યાને ઉદયવાળી જ મનાય નહિં તેમ તે માટે તેને ચતુર્દશીના ઉદયવાળી જ મનાય અને તેવી પરંપરા પણ છે. માટે ટીપ્પણાની પહેલી અમાવાસ્યાને ચૌદશ માનનારો આરાધક જ છે.

પ્રશ્ન-૪૯ એ તો સ્પષ્ટ વાત છે કે નવી તિથિ સૂર્યોદયથી બદલાય નહિં ત્યાં સુધી પહેલી તિથિ જ રહે. ચૌદશ માનવાનું ન થાય ત્યાં સુધી તેરસ અને અમાવાસ્યા સુધી ચૌદશ જ રહે. ચૌદશ ઉદયમાં હોય છતાં તે દિવસે તેરસ કરવાથી કાંઈ દૂષણ લાગે કે કેમ ?

સમાધાન- જેમ અમાવાસ્યા કે પૂનમનો બન્ને દિવસ ઉદય છતાં શાસ્ત્ર અને પરંપરાથી બન્ને દિવસ તેનો ઉદય મનાતો નથી, તેમ ચૌદશ આગળ અમાવાસ્યાની સાથે યોગ્યતા કરેલી હોવાથી તે ઉદયને ચૌદશના ઉદય તરીકે ન માનવામાં શાસ્ત્ર અને પરંપરાને અનુસરવાથી તેમ કરનાર આરાધક જ છે.

પ્રશ્ન-૫૦ ચૌદશનો ઉદય છતાં તેરસ કરવામાં આવે અને તેમાં તેરસની કલ્યાણક અને તપસ્યા વિગેરેનું આરાધન કરવાથી કાંઈ દૂષણ લાગે કે કેમ ?

સમાધાન - ચૌદશ બે હોય અને **વૃદ્ધૌ કાર્યા તથોત્તરા** એટલે લૌકિકટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે બીજી તિથિને જ પર્વતિથિ કરવી. એટલે ઉદયવાળી માનવી. એવા સ્પષ્ટ વાક્યથી પહેલી ચૌદશનો ઉદય કે ચૌદશ તરીકે નિયમ ન મનાય, પરંતુ તેરસનો ઉદય જ મનાય, તેમ બે તેરસ થઈ જવાથી બીજી તેરસે જ ઉદય માની તેરસનું કાર્ય તે બીજી તેરસે કરનાર સ્વચ્છંદી નથી, પણ આરાધક છે.

પ્રશ્ન-૫૧ બે અમાવાસ્યા હોવાથી બીજી અમાવાસ્યાએ કરવાના તપ વિગેરેનું આરાધન કરે અને ચૌદશ ઉદયવાળી હોવાથી ચૌદશે ચૌદશ પણ કરે, વચમાં પહેલી અમાવાસ્યાએ કાંઈ ન કરે તો તેને કાંઈ દૂષણ લાગે કે કેમ ?

સમાધાન - પહેલી અમાવાસ્યાએ સૂર્યોદય છતાં તે જો અમાવાસ્યા અને પર્વ તરીકે ન મનાયાં તો તે ઉદયને ચૌદશના ઉદય તરીકે લેવો જ પડે. જેમ પૂનમ અને અમાવાસ્યા વૃદ્ધિ ન પામે તેમ ચૌદશ પણ વૃદ્ધિ ન જ પામે. પર્વતિથિ કહીને ખોખું કહેનાર વિરાધક અને મૃષાવાદી ન બને તો કલ્યાણ. પર્વતિથિના નામે બાધા લેવી, પર્વતિથિ પણ માનવી, અને ખોખું કહેવું તે તો 'હું મૂગો' ના વચન જેવું છે.

પ્રશ્ન-૫૨ કાલિકાચાર્યે પાંચમને બદલે છઠ ન કરી પણ ચોથ કરી તેને અનુસારે ઉદયવાળી ચૌદશ મૂકીને પહેલી અમાવાસ્યાને દિવસે ચૌદશ કહે તો તેને કાંઈ દૂષણ લાગે કે કેમ? મતલબ કે ચૌદશ પાછળના દિવસમાં થઈ શકે કે કેમ ?

સમાધાન - શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓથી આરાધનામાં પર્વતિથિ વધારાતી નથી. માટે ટીપ્પણાની પર્વ તરીકે માન્ય એવી અમાવાસ્યાથી પહેલી અમાવાસ્યાએ ચૌદશ કરનારા આરાધક જ છે.

તા. ક. :- ટીપ્પણાની અપેક્ષાએ બે પૂનમ વિગેરે સમજવાં કે જેથી કથીરશાસનના કુટિલ લેખકની માફક માયામૃષાવાદ સેવવાનું ન થાય.

**(રા... ધ ... ન ... પુ. ....૨)**

# સમાલોચના

૧ પ્રકાશકીય નિવેદન અને જીવનચરિત્રની અયોગ્યતાની સમાલોચના આગમ રહસ્યની વિશેષ અપેક્ષા રાખનાર ન હોવાથી તે હાલ તો આગળ ઉપર રાખવી એ યોગ્ય ધાર્યું છે.

૨ મંગલાચરણ તરીકે આપવામાં આવેલા શ્લોકોનું જે અગડંબગડંપણું છે તે કોઈક તેવા અન્યે કરેલા હોય અને તેથી તેની જવાબદારી ઉત્તરકાર વિગેરેના નામે ન ચઢે માટે તેની ટીકા કરવી વ્યાજબી ધારી નથી, છતાં જો આવર્ત્તન ટીપ્પણકાર તરીકે ગણાવવા માગતી વ્યક્તિ જણાવશે કે ઉત્તરદાયકના જ તે શ્લોકો છે અને તેની જે ત્રુટિઓ હોય તે જણાવવામાં અડચણ નથી તો તે ત્રુટિઓ પણ જણાવવામાં આવશે.

૩ **प्रथमग्रासे मक्षिकापातः** અર્થાત્ જેમ પહેલે કોળીયે માંખ આવે તેવી રીતે આ પ્રથમ પ્રશ્નોત્તર જ ઉત્તરદાયી અને આવર્ત્ત ટીપ્પણકાર (જમ્બૂક)ની સમજશક્તિ જાહેર કરે છે. આપેલા પાઠમાં **सेसगा जहासत्तिं काउस्सग्गाइसंठिया** એ પ્રમાણે પદો હોવાથી સીધો અર્થ એ હતો કે પાક્ષિક (સૂત્ર) પ્રતિક્રમણને બોલનાર સિવાય સાધુઓ જેની જે પ્રમાણે શક્તિ હોય તે તે પ્રમાણે કાયોત્સર્ગ વિગેરે મુદ્રામાં રહ્યા થકા (સાંભળે) આ સ્થાને ઉત્તરદાતા લખે છે કે "અને બીજા સર્વે શક્તિ હોય તો કાયોત્સર્ગાદિ મુદ્રાએ ઉભા રહીને સાંભળે" આવા દીધેલા ઉત્તરમાં 'શક્તિ હોય તો' આવો અર્થ શું **जहासत्तिं** નો કર્યો? વળી 'બીજા સર્વ' એમ કહીને સર્વ સાંભળનારાને ઉદેશીને કહેવામાં 'શક્તિ હોય તો' એ વાક્ય કઈ સમજણથી જોડાયું, ? વળી 'બીજા સર્વ' અને 'શક્તિ હોય તો' કહીને મુદ્રામાં 'ઉભા રહીને' એ ભાગ ક્યાંથી લાવવામાં આવ્યો અને કાયોત્સર્ગની સાથે જોડાવામાં આવેલા આદિ શબ્દથી શું જણાવવામાં આવ્યું ? આ બધું તેમાં લખેલું વિચારનારો મનુષ્ય ઉત્તરદાતા અને આવર્ત્તનકારની સમજણનો કેવો વિચાર કરે ? (આગમના અભ્યાસ વગર રહસ્યવેદી બનનારનો આ પ્રથમ નમુનો છે.)

૪ ઉત્તરદાતા અગર આવર્ત્તનકાર પ્રશ્ન બીજામાં '**सोअव्वो सव्वेहिं०**' એ પદો જણાવે છે, પરંતુ '**भणियव्वो**' એ પદ જે તે જ ગાથામાં આવેલું છે તેનો કર્ત્તા એકવચનમાં જ હોય અને શ્રવણનો કર્ત્તા સર્વ નહિં, પણ એક વિના શેષ હોય તેવું સાધ્યસિદ્ધ કરવામાં તેઓ ફલીભૂત થઈ શક્યા નથી. ગાથામાં '**सव्वेहिं**' એકજ કર્ત્તા પદ છે એ ઉત્ત૦ આવર્ત્ત૦ તરીકે સમજ્યા હોય તો જ્ઞાની જાણે. **सेसेहिं** પદ નથી એમ તો સર્વ કોઈ જાણે છે. **एगेण भणियव्वो सेसेहिं सोयव्वो** એવાં પદો હોત તોજ તે વાક્યદ્વારાએ તેમના સાધ્યની સિદ્ધિ થઈ શકત.

क्रमशः ( दान-प्रश्नो० )

પ્રશ્ન ત્રીજામાં - દેવવંદનમાં સ્તુતિની આદ્યમાં-''**नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः**'' આ પાઠ સ્ત્રીઓ કહે ? ઉત્તર - દેવવંદનમાં પહેલી અને ચોથી સ્તુતિની આદ્યમાં - **नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः** એ પાઠ પુરૂષો કહે, પણ સ્ત્રીઓ ન કહે, શ્રીસંઘાચારભાષ્યની ટીકામાં પૂજ્ય શ્રી ધર્મઘોષસૂરીશ્વરજી મહારાજે લખેલ છે કે-''**परमेट्ठिनमुक्कारं सक्कयताइ पुण भणइ पुरिसो य चरिमाइमथुइपढमं, पायइभासा वि न त्थीओ।**'' ભાવાર્થ- દેવવંદનમાં ચોથી અને પહેલી સ્તુતિની આદ્યમાં પુરૂષો સંસ્કૃતભાષાએ પરમેષ્ઠિનમસ્કાર - ''**नमोऽर्हत्सिद्धाचार्योपाध्यायसर्वसाधुभ्यः**'' - કહે અને સ્ત્રીઓ, સંસ્કૃતભાષા તો દૂર રહી- પરંતુ પ્રાકૃતભાષાએ પણ પરમેષ્ઠિ નમસ્કાર કહે નહિ''

આ પ્રશ્નોત્તર પ્રમાણેની ત્રુટિયો આ-

૧　આ પંક્તિ શ્રીધર્મઘોષસૂરીશ્વરજી મહારાજની નથી, પણ તેમણે પોતે જ **बृहद्भाष्योक्ता विधिः** કહી પૂ. શ્રીશાંતિસૂરીશ્વરજીની કરેલી છે તે જણાવેલ છે.

૨　આ પંક્તિ ગાથારૂપે છે, નહિ કે ગદ્યરૂપે, ગાથાની આગળ પાછળ પાઠ પણ જોવાની તસ્દી લીધી નથી લાગતી.

૩　(૧) **सक्कयभासाइ** જોઈએ ત્યાં **सक्कइताइ** પાઠ મૂક્યો, (૨) **पुरिसो** જોઈએ ત્યાં **पुरिसो** પછી **य** ઘુસાડી દીધો, ૩ **पाइयभासाइ** ના સ્થાને **पायइभासा** મૂક્યું, **नइत्थी** ના સ્થાને **त्थीओ** મૂક્યું, એકજ પ્રશ્નોત્તરની એકજ ગાથામાં તેમણે માનેલ સકલાગમ રહસ્યવેદી કેટલી કેટલી ભૂલો કરે છે, તે તેના વંશજો અને આવર્ત્તનકાર દેખી લે -

૪　**इत्थीओ** નું ક્રિયાપદ શું ? એ ક્યું વચન ! એનું પણ રહસ્ય ન વિચાર્યું

૫　આ ગાથા અશુદ્ધ મૂકી, એટલે અર્થમાં પણ એજ પ્રમાણે વર્ત્તને?

૬　પદ્યના બદલે ગદ્યરૂપે, તેય પણ અશુદ્ધ અને અસમ્બદ્ધ પંક્તિ ગોઠવી દેનારે પોતાની રહસ્યવેદિતા (!) ખુલ્લી જ કરી દીધી, અને મૂલગ્રંથમાં પાઠ મૂકનાર આવર્ત્તનકારે પોતાની પણ અજ્ઞાનતા જાહેર કરી દીધી છે. શાસ્ત્રપાઠને અને અર્થને પણ જે ન સમજી શકે તે આગમરહસ્યને તો શી રીતે સમજે ?

(દાન. પ્રશ્ન-૩) ક્રમશઃ

# અહર્નિશ-ચિન્તવન

(પૂ૦ આગમોદ્ધારકનું આગમોદ્ધારસ્થલ શ્રી વલ્લભીપુર ઉર્ફે વળામાં શ્રીમાન્ દરબાર સાહેબ આદિની હાજરીમાં અપાયેલ જાહેર વ્યાખ્યાન)

परहितचिंता मैत्री परदुःखविनाशिनी तथा करुणा।

परसुखतुष्टिर्मुदिता परदोषोपेक्षणमुपेक्षा ॥१॥

શાસ્ત્રકાર ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે, ધર્મોપદેશ દેતા થકા જણાવે છે કે ધર્મ એ જીવન-ધન-શરીર-કુટુંબાદિકના ભોગે પણ આદરણીય અને જરૂરી ચીજ છે.

## શું બીનજરૂરી ચીજ જ ધર્મ ?

શિષ્યશંકા-શ્રવણ કરનાર શિષ્ય શંકા કરે છે કે હે ભગવંત ! આપ તો ધર્મને અગ્રપદ આપો છો અને ધર્મને જીવન-ધન-શરીર- કુટુંબાદિકના ભોગે આદરવાનો જણાવો છો, પરંતુ તે ધર્મની જરૂરીયાત જ શી ? કેમકે તે ધર્મ વગર કંઈપણ અટકતું નથી. અનાજ વગર ભૂખે મરાય, પાણી વગર તૃષાથી તરફડાય, કપડા વગર શીતાદિકષ્ટથી હેરાન થવાય અને મકાન વગર શાંતિ અને આરામ ન અનુભવાય એટલે તે જરૂરી ગણાય, પણ ધર્મ ન હોય તો હરકત શી ? અર્થાત્ તેની જરૂરીયાત શી રીતે ગણવી ! વળી જો કે ધન એ ખાવા-પીવા અને પહેરવા-ઓઢવાના ખપમાં ન આવે, પણ એ ધનથી દુનિયાભરની દરેક વસ્તુ ખરીદી શકાય છે, મેળવી શકાય છે, તેમજ તે દ્વારા આનંદ પ્રાપ્ત કરી શકાય છે તે આવવાથી ફાયદો કરનાર હોવાથી પણ જરૂરી ગણાય. પરંતુ ધર્મ નહિ આવવાથી નુકસાન નથી તેમ એક આવવાથી ફાયદો પણ દેખાતો નથી. એક મનુષ્યે ધર્મ કર્યો અને બીજાએ ધર્મ ન કર્યો, કરનારને નફો થયો અને નહિ કરનારને નુકશાન થયું એમ કાંઈ દ્દષ્ટિગોચર થતું નથી. જરૂરી તે જ ગણાય કે જેના "ન આવવાથી અડચણ હોય અથવા આવવાથી ફાયદો હોય" અર્થાત્ એ ઉપરથી જગતમાં બીનજરૂરી ચીજ ધર્મ છે એમ નક્કી થાય છે. આવી રીતે શિષ્ય શંકા કરે છે.

## શંકા સમાધાયક દૃષ્ટાંત અને સમજણ

સમાધાન આપતાં પૂજ્ય ગુરૂવર્યશ્રી જણાવે છે કે એક મુસાફર રસ્તે જતો હતો, આંબાના ઝાડને

ઉદ્દેશીને બહુ વિચાર કર્યો. વિચારના અંતમાં બોલ્યો કે - આ આંબાનાં આમ્રફલ જે કેરી તે ખાવામાં, આ આંબાની માંજરો કાનની શોભા વધારવામાં, અને આ પાંદડાં મંગલકારણે તોરણમાં અને લાકડાં મકાનમાં કામ આવે છે, પણ આ આંબાના મૂલાડીયાં કે જે જમીનમાં ઘણા ઉંડા ગયેલા છે. તે તો કશા કામમાં આવતા નથી. આંબાના લાકડા તો મકાન બનાવવાનાં કામમાં છે પણ મૂલીયાં તો તદ્દન નકામા છે !!! આવું બોલનાર મુસાફરને રસ્તે ચાલનાર બીજો સમજું, અને અનુભવી મુસાફર સમજાવે છે કે મહાનુભાવ ! આમ્રફલ-માંજર-પાંદડા અને લાકડાં એ બધા મૂલાડીયાના ભરોસે જ છે. મૂલ કપાયા પછી આંબો પડી. જાય અને કેરી, પાંદડા, મોગરો પહેલાનાં હોય તે દેખાય, પણ ત્રણ દહાડા પછી સુકાય અને પરિણામે નામ નિશાન પણ ન રહે અને નવાં તો થાય જ નહિં. એટલે દેખાવમાં મૂલાડીયાં કામ ન લાગે, પણ પરિણામે બુદ્ધિપૂર્વકની વિચારણા કરો તો બધાનો આધાર મૂલ પર છે, તેવી રીતે દેખાવમાં ધર્મ એ ખાવા-પીવા-પહેરવા, ઓઢવા રહેવા વિગેરે વ્યવહારિકકાર્યમાં ન આવે, પણ તે દરેક મળે છે શાથી ? તેનું મૂળ વિચાર્યું ? ખાવા પીવા ઓઢવાની ચીજો દેખે અને તેનું મૂળ ન દેખે તે શા કામનું? માટે ધર્મ એ જ જીવનની જડ છે. જગતભરના દરેક વ્યવહારોની ઉંડી જડ ધર્મ છે.

## માનવજીવનમાં વિષયોની મોંઘવારી.

વિચારકોએ વિચારવું જોઈએ કે આપણને મનુષ્ય કોણે બનાવ્યાં ? આપણને મનુષ્ય અને બીજાને ઢોર કેમ બનાવાનું થયું? આનું નામ પક્ષપાત ખરો કે નહિં? કહેવું પડશે કે પક્ષપાત નહિં, પણ નશીબદારીનો નતીજો છે, જે નશીબદારીના અંગે આપણે મનુષ્ય થયા અને જે વિના તે ઢોર થયા. મનુષ્યની કિંમત સમજતા હો તો ધર્મની કિંમત ગણવી જ પડશે. કેટલાક ધર્મના અર્થી પણ મનુષ્ય-જીવનની કિંમત વિષય ભોગથી ગણે છે, પણ વિષયભોગના સાધનરૂપ મનુષ્ય જીવન ગણાવતા હો તો વિધાતાને શ્રાપ દેવો જોઈએ. કેમકે જે વિષયોની ઈચ્છા મનુષ્યજીવનથી કરો છો, તે વિષયોની મોંઘવારી જ આ મનુષ્ય જીવનમાં છે અને તિર્યંચપણામાં તે વિષયોની સોંઘવારી છે.

જાનવરને કુદરતી ખોરાક જ્યારે લેવાનો છે ત્યારે તમારે સંસ્કાર કરેલા ખોરાકે જીવન, સ્વાભાવિક ખોરાકે મનુષ્ય જીવી ન શકે, માટે વિધાતાને શ્રાપ દેવો પડે. રાજાનો મોટો બગીચો હોય ત્યાં મનુષ્યો માટે જ જઈને સુગંધ લેવાને પ્રતિબંધ, પણ ચકલા-ભમરા-પક્ષીઓ માટે પ્રતિબંધ નહિં, રાજામહારાજાઓના મહેલમાં સારારૂપ કે સુંદર ગાયનોના શબ્દો સાંભળવા માટે મનુષ્યોને પ્રતિબંધ, તિર્યંચોને પ્રતિબંધ નહીં. તે તિર્યંચો રાણીઓનાં રૂપ અને શબ્દ જોઈ અને સાંભળી શકે, મનુષ્ય રાણીનું રૂપ અથવા ગીત સાંભળવા જાય તો તરત પહેરેગીર અટકાવે. આથી મનુષ્યપણામાં સ્પર્શ, રસ, ગંધ, શબ્દ રૂપ વિગેરે વિષયો મોંઘા અને તિર્યંચપણામાં સોંઘા. જો વિષયોના હિસાબે

મનુષ્યજીંદગી ઉત્તમ માનતા હો તો તે મનુષ્યપણા કરતાં તિર્યંચપણું સારૂં ગણવું કે જ્યાં ઈંદ્રિયના વિષયો વગર મહેનતે પ્રાપ્ત થાય છે. વળી મનુષ્યપણામાં તો માથું ફોડી શીરો ખાવાનો છે. જુઓ મનુષ્યપણામાં એક બાયડી માટે કેટલા બંધનમાં બંધાવું પડે છે ? રાજાનું લેણું હોય તો અમુક મુદતની કેદ, પરંતુ બાયડીના લેણાંની મુદત નહિં, તેમાં તો જીંદગી સુધી કેદખાનું ભોગવવાનું, બાયડી ભરણપોષણની ફરીયાદ માંડે તો પહેલી એક મહિનાની કેદ, ફેર બીજા મહિને ભરણ પોષણ ભરપાઈ ન કરે તો બીજા મહિને કેદ, તેમ જ્યાં સુધી ભરણપોષણનું લેણું ન ભરે ત્યાં સુધી કેદખાનામાં રહેવું જ પડે. એટલું જ નહિં, પરંતુ સ્ત્રી હજાર રૂપિયા કમાતી પણ હોય છતાં પણ આદમીએ ભરણપોષણ આપવું જ જોઈએ. ઈંદ્રિયોના વિષયો મનુષ્યપણામાં એટલા બધા મોંઘા છે. ત્યારે તિર્યંચપણામાં બાઈડીનું બંધન નથી. કશી જવાબદારી નથી. માટે વિષયની અપેક્ષાએ મનુષ્યપણું જો ઉત્તમ માનતા હો તો વિધાતાને શ્રાપ આપજો કે ક્યાં મને મનુષ્ય બનાવ્યો ? આ કરતાં તિર્યંચ કે રાજાના ઘેર કુતરો બનાવ્યો હોત તો રાણીના ખોળામાં બેસી બધા વિષયો મફત ભોગવતે. તત્ત્વજ્ઞોએ વિષયો માટે મનુષ્ય જીંદગી ઉત્તમ માની નથી પરંતુ ધર્મ, અને વિવેક માટે મનુષ્યમાં જ સ્થાન છે, અને વિવેકદશા કે ધર્મને તે તિર્યંચ કે અન્યગતિમાં સ્થાન નથી. ધર્મ કરવાનું સ્થાન જો હોય તો માત્ર મનુષ્યપણામાં જ, કારણ કે વિવેક અથવા ધર્મ તે મનુષ્યજીંદગીમાં જ છે.

વળી ઈંદ્રિયોના વિષયોના વિવેક જાનવરો પણ સારી રીતે કરે છે, કીડી મીઠો સ્વાદ હોય ત્યાં જાય છે, કરીયાતાના પાણી ઉપર કીડી ચડતી નથી. ગધેડું પણ પીસાબ પીતું નથી. સુંદર શબ્દ માટે હરણીયા, અને સર્પ પણ શબ્દને ઓળખે છે અને સાંભળવામાં એવા તલ્લીન થઈ જાય છે કે પોતાના પ્રાણની પણ દરકાર કરતા નથી. ભમરો સુગંધમાં એવો આસક્ત થઈ જાય છે કે હમણાં થોડી સુગંધ લઈ ઉડી જાઉં છું એમ કરતાં સૂર્યવિકાસી કમળો સૂર્યાસ્ત સમયે બીડાઈ જાય છે ત્યારે તે અંદર રહી જાય છે અને બીજે દીવસે સૂર્યોદય થાય અને કમળ ઉઘડે તે પહેલાં તો જ્યારે હાથી આવી કમળનું ભક્ષણ કરી જાય છે ત્યારે સાથે ભમરો પણ અંદર મરી જાય છે. સ્પર્શનેંદ્રિયના વિષય માટે હાથણીનું ચિત્રામણ કરીને કે દાભની બનાવીને જંગલમાં હાથીને તે બતાવે છે. એટલે તે જોતો જોતો ખાડા તરફ ખેંચાઈ આવે છે. અંદર પડવું પડે છે, ભૂખ્યા તરસ્યા કેઈ દિવસ સુધી રહેવું પડે છે અને જે સ્વતંત્રપણે અરણ્યોમાં ફરતા હતા તેઓને પણ અંકુશ તળે રહેવું પડે છે. અર્થાત્ ઈંદ્રિયોના વિષયોનો વિવેક અને ફલો તો જાનવરોને આપણા કરતાં પણ અધિક છે, તો તેવા વિષયોના વિવેકને અહિં નહિં લેવો, પરંતુ કાર્યાકાર્યનો વિવેક અને પુણ્યપાપનો જે વિવેક તે માત્ર મનુષ્યપણામાં જ છે, જાનવરો જન્મે, મોટા થાય, ચરી આવે, મજુરી કરે અને જીંદગી પૂરી થાય એટલે ચાલતા થાય. આપણે પણ જન્મ લઈએ,

કુટુંબ માટે વેપારધંધો કરીએ, વિષયો ભોગવીએ અને જાનવરની માફક જીંદગી પૂરી કરી ચાલતા થઈએ, પછી આપણા અને જાનવરમાં ફેર શો ?

**ક્યાંથી આવ્યા ? અને ક્યાં જશો ?**

આત્માએ પ્રથમ અંધત્વ ટાળવું. આંખનો સ્વભાવ છે કે આખા જગતને પોતે દેખે, માત્ર પોતાને પોતે ન દેખે. આંખમાં લગીર રજ પડી હોય તો પોતે તે ન દેખે, પોતાની આંખમાં લાલાશ કે ફુલું પડ્યું હોય તો પણ પોતે ન દેખે, તેમ આ આત્મા અનાદિકાળથી પોતાના માટે અંધ છે જગત માટે તો દેખતો છે. ધન કુટુંબકબીલો ઘર હાટ શરીર માટે વિચાર કરે. જગતની નિષ્ફળ વસ્તુની જંજાળ કરે, પણ હું કોણ ? ક્યાંથી આવ્યો ? ક્યાં જઈશ? મ્હારૂં સ્વરૂપ કેવું ? ઈત્યાદિક વિચારણા ન કરે. આપણે ઘેર ઘોડો ગાય બળદ હોય તે જીંદગી એમની એમ પૂરી કરે છે. તેઓ આપણા પોતાનો વિચાર કરતા નથી, ક્યાંથી આવ્યો ? અને ક્યાં જઈશ? તે ન સમજીએ તો આપણે લગીર પણ જાનવરથી અધિક નથી. જીનેશ્વરભગવંતોએ અને ગણધર મહારાજાએ એ જ ઢંઢેરો પીટ્યો હતો કે આ વસ્તુ પ્રથમ જાણો અને સમજો તે વસ્તુએ કે મારો **अत्थि मे आया उववाइये0** એટલે આ મારો આત્મા ભવાંતરથી આવી ઉત્પન્ન છે અને અહીંથી નીકળી બીજે ઉત્પન્ન થવાનો છે. આ જન્મ એક મુસાફરખાનું છે. કોઈ એક બાવાજી ફરતા ફરતા પાદશાહના મહેલમાં ઉતરી ગયા.· એટલામાં રાજાનો પહેરેગીર આવ્યો અને બાવાજીને કહ્યું કે 'બાવાજી! ઈધર ક્યું ઠેરે!' બાવાજી કહે કે યહીં સરાઈ હે. પહેરેગીરે કહ્યું. કે યહ સરાઈ (મુસાફરખાનું) નહીં હૈં પરંતુ પાદશાહકા મહેલ હે. પહેરેગીરે ઘણું કહ્યું પણ પેલા બાવાજી કહે છે કે સરાયહી હૈં. પહેરેગીરે પાદશાહ પાસે જઈ ફરીયાદ કરી કે એક સાંઈ મહેલમાંથી બહાર નીકળતા નથી. પાદશાહ જાતે આવ્યા, નમસ્કાર કર્યો અને હવે આ યોગી હઠમાં પેઠા છે માટે બીજે રસ્તે કામ લઈએ એમ ધારી બાવાજીને કહે છે કે હમેરા મહાન સદ્ભાગ્ય હોવે તબહી આપ જૈસે સજ્જન સંતકા સમાગમ ઔર દર્શન હોય છે. લેકિન આપકે ધ્યાન મેં ઈધર શાંતિ નહીં રહેગી, ઓરતલોકો ઔર નોકરલોકોકા જાના આના હોગા, આપકી શાંતિમેં ભંગ હોગા, ઈસસે શાંતિકા સ્થાન ખોજ લો. બાવાજી કહે - ઈધર શાંતિ હે. જંગલમાં હોવે યા ઝૂપડા મેં હોવે, યા મહેલ મેં હો કીસીભી હો જગા પર લેકીન આપના આત્મામાં શાંતિ હોવે તો સર્વત્ર શાંતિહી હે. પાદશાહ કહે ધર્મશાળામાં બહોત શાંતિ રહેગી. વહાં સ્વાભાવિક શાંતિ મીલેગી. બાવાજીએ કહ્યું, ભીતર નહીં ઘુસે ઉસ્કું અશાંતિ નહિં. છેવટે પાદશાહે કહ્યું, કે ફકીરકું ઈસ રાજમહેલમાં ઠેરના એ વ્યાજબી નહિં હે. બાવાજી કહે. યહ ધરમશાળા હી હે. એ મકાનમાં ચારસો વરસ કૌન ઠેરતા થા. પીછે દુસરે, ઉસ્કે બાદ દુસરે, ઈસ મુજબ, નયે નયે ઠેરતે થે ઔર જુને જુને ચલ

જાતે થે. ઈસહી કારણસે યહ ભી શરાઈ હે. આ ઉપરથી દરેકે સમજવાનું છે કે આપણે પણ આ જન્મરૂપી ધરમશાળામાં આવેલા છીએ. સ્થાઈપણે આપણે પણ કોઈ દિવસ રહેવાનું નથી. બીજું બધું સમજીએ તે પહેલા સમજી લેવાનું છે કે - હું કોઈપણ જગાથી અત્રે આવેલ છું અને અહીંથી બીજે જવાનું છે. તેવા વિવેક માટે મનુષ્ય જીવન જ ઉપયોગી છે. અર્થાત્ કાર્યાકાર્ય અને પુણ્યપાપના વિવેક માટે મનુષ્યપણું જ કામનું છે.

## પદાર્થપ્રીતિની દુર્લભતા

જેમ મૂળના પ્રભાવે ઝાડમાં થડ, ડાળી, પાંદડાં, મોર, ફળ વિગેરે થયેલાં છે તેમ અહીં પણ ધર્મના પ્રભાવે જ બધું મળેલું છે. અહીં જો ધર્મની જરૂરીયાત જ ઉત્તરમાં જવાબ દેનાર છે તો હવે ધર્મ કહેવો કોને ? ધર્મશબ્દ જગતમાં દરેકને વહાલો છે. કેટલીક વખત કેટલાકોને શબ્દપ્રીતિ થાય છે, પણ પદાર્થ પ્રીતિ થતી નથી. લાખ માણસોમાં કુસંપ વહાલો છે એમ કોઈ નહિં કહે. સંપ શબ્દ બધાને વહાલો છે, પણ સંપનાં કારણો ક્યાં તથા તે કારણોનો અમલ તું કેટલો કરે છે ? તે કોણ વિચારે છે ? સંપનાં કારણો ત્રણ છે. બીજાને ગુન્હાની માફી આપ, તું બીજાના ગુનામાં ન આવ એટલે બીજાની માફી માગવાનો વખત ન લાવ, બીજાના ઉપકારનો વખત આવે તો પરોપકાર કરતાં ન ચુકીશ. કારણ કે ગુન્હાની ગાંઠ વાળે, બીજાના ગુન્હામાં આવે, પરોપકાર ન કરે અર્થાત્ બીજાનાં કાર્યો ન કરે, તે સંપ ન રાખી શકે. તેને સંપશબ્દ વહાલો છે, પણ સંપપદાર્થ વહાલો નથી, માફી આપવી, નુકશાન કર્યું હોય તે જતું કરવું, ગમ ખાવી, તે કેટલી મુશ્કેલ છે ! માટે સંપશબ્દની પ્રીતિ આખા જગતમાં છે, પણ સંપપદાર્થપ્રીતિ પર જઈએ તો મુશ્કેલ છે. તેમ ધર્મશબ્દ પણ આખી દુનિયાને વહાલો છે. પોતાને કોઈ ધર્મી કહે તો રાજી થવાય છે. પોતે અધર્મી હોય છતાં કોઈ અધર્મી કહે તો તે બિલકુલ પોતાને પસંદ પડતું નથી, અર્થાત્ સહુ કોઈ પોતાને ધર્મીમાં ખપાવવાની જ ઈચ્છા રાખે છે.

કોઈક વખત શ્રેણિકમહારાજની રાજસભામાં અધિકારીઓની વચ્ચે વાટાઘાટમાં વાત ચાલી રહી કે-આજ કાલ અધર્મીઓ બહુ વધી ગયા છે. અભયકુમાર પણ સભામાં બેઠેલા હતા. પણ તે વિચાર કરવા લાગ્યા કે-આ પોતે પાપીઓ છતાં ધર્મીઓમાં ખપવા માંગે છે. આનો અર્થ એક જ છે કે એક બાઈએ ચાલાકીથી પોતાના ધણીને મધુરવાણીથી ગાળ દીધી હતી તેવો છે. એક વખત કોઈક બાઈના ધણીને ખરાબ સ્વપ્ન આવ્યું. જાગ્યો, સવારે એ સ્વપ્ન વારંવાર યાદ આવવાથી ચહેરા પર ઉદાસીનતા જણાઈ. ઘણા આગ્રહથી સ્વપ્નાની વાત સ્ત્રીને જણાવી કે હું સ્વપ્નામાં રંડાયો. સ્ત્રી કહે-ખમા તમને, તમો શું કરવા રંડાવ, હું ન રંડાઉં. અર્થાત્ ધણીને મરવાનું જણાવ્યું. તેમ આ જગતમાં-અધર્મ તથા પાપ બહુ વધી ગયું છે એમ કહે છે. પણ પોતાના આત્મામાં પાપ. અધર્મ-બહુ વધી ગયા છે તેમ ગણવા કોઈ તૈયાર નથી. આ લોકો પોતે ધર્મિમાં ઘુસી જવા માગે છે, અને દુનિયાને પાપી ઠરાવવા માગે છે. સત્ય માટે ઉપાય યોજ્યો.

અભયકુમારે નગર બહાર બે મોટા મહેલ કરાવ્યા. એક ધોળો મહેલ અને બીજો કાળો મહેલ. પછી ગામમાં જાહેર કરાવ્યું કે અમુક દિવસે આખા નગરના તમામ લોકોએ નગર બહાર ઉજાણી જવું અને ધર્મીઓએ સફેદ મહેલમાં, પાપીઓએ કાળા મહેલમાં દાખલ થવું. ત્યાં નગરનો મોટો ભાગ સફેદમહેલમાં ઘુસી ગયો. કાળામહેલમાં માત્ર કોઈક જ ગયું. કેમકે ધર્મશબ્દ બધાને વહાલો છે પરંતુ ધર્મપદાર્થ કોઈને વહાલો નથી. અર્થાત્ શબ્દપ્રીતિ છે, પદાર્થપ્રીતિ નથી.

**પદાર્થપ્રીતિના ત્રણ પાયા.**

ગુન્હાની માફી આપે, ગુન્હાને રસ્તે ન ચાલે અને પરોપકાર કરતાં ન ચૂકે. ધર્મશબ્દના પ્રેમવાળી આખી દુનિયા છે, પણ ધર્મપદાર્થ જેના હૃદયમાં રમી રહ્યો છે તેના અંતઃકરણમાં તો ચાર વસ્તુ રમેલી હોય. એ ચાર વસ્તુ કઈ ? સવારના પહોરથી રાત સુધીમાં એક જ રટવું જોઈએ કે મેં બીજાનો ફાયદો ક્યો કર્યો ! પોતાનો ફાયદો તો જાનવર પણ કરે છે, પોતાનું કરવામાં ધર્મની છાયા નથી, શત્રુ હો કે મિત્ર હો, સ્વજન હો કે પરજન હો, એક જ ધારણા રહે કે બીજાનું હિત કેમ થાય ! જ્યારે આવું અંતઃકરણ થાય ત્યારે સમજવું કે ધર્મનો પ્રથમ પાયો થયો. મ્હારે જીવન બીજાના હીત કરવાદ્વારાએ જીવવું, બીજા દ્વારા પણ જગતના જીવોનું હિત થાઓ, તેવા એકલા શબ્દો નહિં પણ ત્રણ વાત જોડે સમજવાની છે. તે આ **मा कार्षीत् कोऽपि पापानि मा च भूत् कोऽपि दुःखितः मुच्यतां जगदप्येषा मतिर्मैत्री निगद्यते ॥॥**

આ મૈત્રીભાવના છે. ખુન કરનાર પોતે પોતાનો ગુન્હો છેવટ સુધી કબુલતો નથી, પોતાના કરેલા દોષો મોઢેથી બોલવા તૈયાર નથી, દરેક મનુષ્ય વચનથી શાહુકાર થવા જ માગે છે, કોઈ પણ જીવ પાપ ને પાપકારણથી દૂર રહો. જો કે ધર્મનીતિ અને રાજનીતિ આ બેમાં ફરક છે. ગુન્હા ન થવા માટે રાજનીતિ છે. તે ગુન્હા રોકવા પ્રયત્ન કરે છે અને ગુન્હા કરનારને શિક્ષા કરે છે. ધર્મનીતિ મહેર નજર રાખવા કહે છે. વર્તમાનકાળના ગુન્હા રોકવા જાઓ છો. પહેલા ભવના પાપવાળા રોગી અંધ દરિદ્ર હોય છે તેવાઓ જુનાપાપી છે. તેને શિક્ષા કરીએ છીએ તે વર્તમાનના પાપી. પેલા જુનાપાપી, ધર્મ તે માટે કહે છે. કે પાપ થઈ ગયું હોય તો પણ શુભપરિણામ તપસ્યાથી તે પાપ તોડનાર તમો થાઓ, પણ દુઃખ ભોગવી તોડવાવાળા ન થાઓ, આ બીજી મૈત્રીભાવનાની શ્રેણી. પાપ કર્યું હોય તે પાપ બીજી રીતે દૂર કરનાર થાવ. દુઃખ ભોગવનાર ન થાઓ. આ પછી આખું જગત્ પાપ મુક્ત થઈ ચિદાનંદસ્વરૂપી થાવ. એમ ધારવું. આ મૈત્રી ભાવનાના ત્રણ પગથિયાં છે. કોઈપણ પાપ ન કરો, ? કોઈપણ દુઃખી ન થાઓ ૨ અને દરેક ચિદાનંદ સ્વરૂપવાળા થાઓ ૩ આવો જે વિચાર હોય તે ધર્મના પ્રથમ પગથિયામાં ગણાય. બીજાનું હિત કરવું તે જ પોતાનું હિત ગણાય. જે નાતમાં સમજુ શેઠીયો હોય તે સમજે કે નાતની શેઠાઈ

એ મારી શેઠાઈ છે. પારકી બેટી ઘેર લાવી ઘર સોંપવું છે, ઘરની બેટીને પારકે ઘેર સોંપવી છે. જો આખી નાત સારી કરી હશે તો ઘેર સારી વહુ આવવાની છે. આખી નાતને સારી કરી હશે તો પોતાની છોકરી સુખી થવાની છે. એમ અહીં આખા જગતનું હિત વિચાર્યું એટલે પોતાનું હિત તેમાં સમાયેલું જ છે. બીજી ભાવનામાં **परदुःखविनाशिनी तथा करुणा** બીજાઓ દુઃખી ન થાવ. પણ દુઃખી થાય એનું શું ! આ જગતના તમામ જીવો જન્મ, જરા, મરણ, આધિવ્યાધિ, અનિષ્ટસંયોગ, ઈષ્ટવિયોગ વિગેરેથી હેરાન થઈ રહેલા છે. આ જીવોના તમામ દુઃખો નાશ કેમ થાય ? બીજાના દુઃખનો નાશ કરવાનો વિચાર તે કરૂણા, બીજાના દુઃખને નાશ કરવાની બુદ્ધિ રૂપ કરૂણા જેના હૃદયમાં વસી હોય તે ધર્મના બીજા પગથિયામાં આવ્યો ગણાય. જગત પણ શત્રુને દુઃખી દેખી કંપી જાય છે, પરંતુ એક મોટી ચીજ હજુ ખસતી નથી. વરસાદને અંગે કહીએ છીએ કે એ, કાળો ત્યારે જગત ઉજળું અને એ ઉજળો ત્યારે જગત કાળું. સામાન્યથી દુઃખને અંગે દયાની લાગણી થાય છે પણ ઈર્ષ્યા એવી ચીજ છે કે બીજાના દુઃખે પોતે સુખી થયો માને છે ઈર્ષ્યામાં અવળો ફોટો આવે છે. બીજા સુખમાં ત્યારે અહીં બળતરા થાય છે અને બીજો હેરાન થાય ત્યાં પોતાને આનંદ થાય છે. માટે ત્રીજી ભાવના જણાવે છે. ત્રીજું પગથિયું ચડો. બીજો જે કોઈ પ્રકારે સુખ પામે છે તે સુખને અંગે પોતાને સંતોષ થવો જોઈએ. દુઃખનો નાશ કરવાનુ જેટલું જરૂરી તેટલું જ બીજાના સુખમાં સંતોષી થાવ એ જરૂરી એટલે છે ઈર્ષ્યાને દેશવટો દઈ દો. કથંચિત્ આ પગથિયું ચડવું સહેલું પણ છે, ચોથું પગથિયું ચડવું તો મુશ્કેલ જ છે. ચોથી વસ્તુ ઘણી મુશ્કેલ છે. જગતમાં પ્રયત્ન કરવામાં આવે પણ પ્રયત્નની પ્રતિકૂલતામાં મધ્યસ્થ રહેવું તે બહુ મુશ્કેલ છે. મહેનત કર્યા છતાં મહેનતનું ફળ ન થાય તે વખતે મગજને ઠેકાણે રાખવું મુશ્કેલ છે. કાર્યની સફળતા નિષ્ફળતામાં સમપણું દેખાય ત્યારે સમજવું કે આ પરોપકાર માટે છે. જ્યાં મહેનત કરી છતાં સફળ ન થયો ત્યારે ખેદ પામે, મહેનત કર્યાથી ફાવ્યા તો બંદા ફાવ્યા. જો ન ફાવ્યા તો પેલો પથરો છે એમ કહેવું. આટ આટલી મહેનત કરી સમજાવ્યો છતાં પથરો ન સમજ્યો. આમાં પરોપકાર ન ગણાય, હજુ કર્મ રાજા માર્ગ ન દે એમ ધારણા કરે તો લાભ. આપણે પણ અનાદિથી રખડીએ જ છીએ અગાઉ આપણે પણ તેના જેવા પત્થર જેવા જ હતા. આજે લગીર ડહાપણ આવી ગયું. પરોપકાર માટે પ્રયત્ન ત્યારે જ ગણાય કે જ્યારે મધ્યસ્થપણું. રહે હિતબુદ્ધિ, દુઃખનાશની બુદ્ધિ, બીજાના સુખમાં સંતોષ રાખવો તે ત્રણ પગથિયાં ચડવાં સહેલાં છે. પણ હિત કરવા જતાં સફળતા ન મળે તો પણ મધ્યસ્થવૃત્તિ રાખ બીજાના દોષ સુધારવા પ્રયત્ન કર, ન સુધરે તો ચીડાઈશ નહીં, ક્રોધ ન કરીશ, પરંતુ મધ્યસ્થ દૃષ્ટિ રાખજે. આ ચાર વૃત્તિવાળાનું અનુષ્ઠાન દાન, શીલ, દેવ ગુરૂ પૂજા વિગેરે જે ધર્મ અનુષ્ઠાનો હોય તે ધર્મરૂપ થાય. આ ચાર ભાવના વગર ધર્મ કરે તો તે ધર્મમાં આવી શકતો નથી. માટે આ ચાર ભાવના ધ્યાનમાં રાખી જે જીવો ધર્મારાધન કરશે તે આ લોક પરલોકમાં સુખ પામી અનંત શાશ્વત સુખના ભોક્તા બનશે. (સંપૂર્ણ)

# આગમોદ્ધારકની અમોઘદેશના

અનાર્ય ઘણા હોય છે, આર્ય થોડા હોય છે. તેમાં પણ પરિણત થોડા, શ્રમણ તો ઘણા થોડા હોય છે. ક્યા પંથને માનવો છે ? શ્રમણ પંથને કે મુંડીયાપંથને ? આર્યને માનવા છે કે અનાર્યને? બત્રીશ હજાર દેશ ભરતમાં તેમાં આર્ય દેશ સાડી પચીશ ! કેટલા ટકા ? હવે તે દેશની વસતીમાં જૈન કેટલા ? પરિણત કેટલા ? શ્રમણ કેટલા ? સંખ્યા તૂટી જશે તેવો વિચાર કરવાનો નથી. બધા ગુણ જોવા જઈશું તો બધા પથરા જૂદા પડી જશે એમ ધારી હીરાની પરીક્ષામાં ઢીલું ચલાવ્યું ? હીરા, મોતી, સોનાની પરીક્ષા વખતે એવો વિચાર કર્યો નહિં ! વસ્તુની પરીક્ષા કરનારે ગુણ દોષો જોવાય. સંખ્યાને મહત્ત્વ અપાય નહિં. નહિ તો વસ્તુની પરીક્ષા નહિ ગણાય તે પરીક્ષા સંખ્યાની ગણાવે. ચારૂસંજીવીની ન્યાયમાં પેલા બળદને ચારામાં બધું ઘાસ ચરાવ્યું તેનો મુદ્દો ક્યાં છે ? પેલું જરૂરી ઘાસ આવવાથી કામ થઈ જશે એ જ રીતે સિદ્ધરાજ જયસિંહમાં બધા ધર્મોનો સામાન્ય ઉપદેશ સિંચાશે તો સાચો ધર્મ તેમાં તે પામી જશે. 'મામા લખ' એમ કહેતાં જે છોકરું 'મોંમો !' લખે તેને શીખવવામાં અડચણ ન હોય પણ તેને વિદ્વાન તો ન જ કહેવાય ભણતાં ભણતાં એ વિદ્વાન્ થશે એમાંના નથી. પણ 'મોં ! મોં !' લખે ત્યારે 'તને નથી આવડતું' એમ કહેતાં તે સામો થાય તો ? ઉપરથી મારવા આવે તો ? તો તેને નિશાળમાંથી રૂખસદ આપવી જ પડે ને !

**સમકિતિ ગણાનારે શ્રીજિનેશ્વરદેવનાં વચનોને સોએ સો ટકા માનવાં જ પડશે !**

જેઓ સૂત્રને કોરાણે મૂકવા તથા અર્થને નહિ માનવા તૈયાર થયા છે તેમને મિથ્યાત્વી કહેવાય તેમાં નવાઈ શી ? જે કારણ માટે કહેવામાં આવે છે તે કારણને દૂર કર્યા વગર, ઉપરથી તે એમ કહે કે 'જડબું તોડી નાંખીશ,' તો તેવાની લાયકાત કેટલી ? **માન્યતામાં છૂટછાટને સ્થાન નથી.** સમકિતિ ગણાવું હશે તો માનવું તો સોએ સો ટકા પડશે. એક આત્મામાં વિરતિ-અવિરતિ ભેગા થાય પણ સમ્યક્ત્વ મિથ્યાત્વ ભેગા થાય નહિં. પરીક્ષામાં કેમ થોડા માર્ક માટે પણ નાપાસ કરવામાં આવે

છે ને ! એક ભૂલ માટે પણ નાપાસ થાય છે ! પરીક્ષાનો આધાર સમજણ ઉપર છે સમ્યક્ત્વનો આધાર શ્રદ્ધા ઉપર છે. ચોપડામાં નવ્વાણું રકમ સાચી લખી હોય પણ એક રકમમાં પન્નર ઉપર મીંડું ચઢાવવામાં આવી દોઢસો બનાવાય તો ? ત્યાં ટકા ગણો છો ? ત્યાં તો આખો ચોપડો અપ્રમાણીક માનો છો ને ! મનાવવા મહેનત કરો છો ને ! એક રકમ ખોટી લખનાર વગર ભાડાની કોટડીમાં જવાને લાયક ગણાય છે. સોનાનો ભાવ તો સો ટચનોને ! પછી ઓછા ટચના સોનાનો ભાવ કાપો છો તે વાત જૂદી પણ ભાવ કયો ? શ્રદ્ધા પણ પૂરી હોય તો જ સમ્યક્ત્વ કહેવાય. સમ્યક્ત્વમાં છૂટછાટ બિલકુલ નથી. વ્રતમાં જરૂર છૂટછાટ છે. કોઈ સર્વવિરતિ અંગીકાર કરે, કોઈ દેશવિરતિમાં બારે વ્રત લે અથવા અગીયાર, દશ, નવ, આઠ, સાત, છ, પાંચ, ચાર ત્રણ બે કે કોઈપણ એક વ્રત લે તો પણ તે વિરતિ ગણી શકાય છે. સમ્યક્ત્વમાં તો સો ટકા મંતવ્યની વાત છે. કોઈ સિદ્ધનું સુખ બતાવવાનું કહેતો શી રીતે બતાવાય ? સિદ્ધના સુખના એક સમયનું સુખ, તેની તોલે દેવતાઓનાં ત્રણેકાલનાં સુખોનો અનંત ગુણ વર્ગ કરો તો તે પણ આવી શકે નહિ. પાંચનો વર્ગ ૫x૫=૨૫ પચીશ છે. પાંચનો ઘન ૫x૫x૫= છસો પચીશ છે. અહિં તો અનંતગુણા વર્ગની વાત છે અને તેટલું સુખ પણ સિદ્ધ ભગવાનના એક સમયના સુખની બરાબર નથી. કહો આને શી રીતે સમજાવી શકાય ? કેવલજ્ઞાની ભગવાને કહેલું, શાસ્ત્રે પ્રતિપાદન કરેલું કંઈપણ તત્ત્વ કે વચન પોતાની બુદ્ધિની ખામીને લીધે ન સમજાય માટે શંકા શી રીતે કરાય ? "શાસ્ત્રનું કથન તો બરાબર જ છે ! મારાથી મંદબુદ્ધિના યોગે સમજાતું નથી "આ ભાવના વાસ્તવિક છે. અનંતી વખત ઓઘા લીધા તથા મૂક્યા એમ કહ્યું છે, દેશવિરતિ-સર્વવિરતિ અનંતી વખત મળ્યાં છે એમ કહ્યું છે પણ સમ્યક્ત્વ અનંતી વખત મળ્યું છે એમ કહ્યું નથી શ્રાવકને વિરતિને અંગે ત્રિવિધ ત્યાગ નથી હોતો દ્વિવિધ હોય છે, જ્યારે મિથ્યાત્વનો ત્યાગ ત્રિવિધ હોય છે. એક બારવ્રતધારી શ્રાવકના પુત્રે ખુન કર્યું હોય, પોતે તેને ગુન્હેગાર જાણે છે છતાં બચાવવા તૈયાર થાય છે. ખાળે ડુચો, દરવાજા ખુલ્લા છે ! નિયમ શું છે ? પોતે ન કરે. બારે વ્રતોને અંગે આ જ સ્થિતિ છે, માત્ર પોતે ન કરે એટલું જ બાકી કુટુંબના પ્રસંગે પોતાને કેમ વર્ત્તવું પડે તેનો પત્તો નહિ !

## જ્ઞાનનું ફલ વિરતિ છે.

શાસનના કારખાનામાં ધર્મ રૂપી માલ શી રીતે બને છે ? મિથ્યાત્વને ખસેડવામાં આવે છે તેને સ્થાને સમ્યક્ત્વને સ્થાપવામાં આવે છે, અવિરતિને હાંકી કાઢવામાં આવે છે, વિરતિ આરોપવામાં આવે છે, કષાયોને તથા પ્રમાદોને દૂર કરી અકષાય તથા અપ્રમાદથી તે જગ્યા પૂરવામાં આવે છે ધર્મરૂપી માલ આ રીતે બનાવવામાં આવે છે. જે સ્થળે સમ્યક્ત્વાદિ પદાર્થ નથી તે સ્થળે બનેલા માલને નકલી કહેવો પડે. કારખાનાનો માલીક નમુના પ્રમાણે જ માલ બનાવી દે તો તેના

ઉપર ભરૂસો રાખી શકાય. વસ્તુને જાણનાર પણ રોગી હોય, દ્વેષી હોય, લોભી કે લાલચુ હોય તો તેમનાં કારખાનાં ઉપર ભરૂસો કોણ રાખે ? શ્રી તીર્થંકરદેવ ભવાંતરથી સદ્‌વર્તનવાળા હોય છે. સદ્‌વર્તન એ તીર્થંકરના ભવમાં જરૂરી ગણ્યું છે. તે જ વાત અપ્રતિપાતિ કેવલજ્ઞાન માની કબૂલ કરેલી છે. કેવલજ્ઞાન પછી સદ્‌વર્તનની ખામી હોય તો કેવલજ્ઞાનને પણ ચાલ્યા જવું પડે ! કેવલજ્ઞાન અપ્રતિપાતિ પણ કહ્યું. શાથી ? જ્યાં સુધી મોહનીયનો ઉદય છે ત્યાં સુધી તો જ્ઞાનાવરણીયકર્મનો બંધ છે. બારમે ગુણસ્થાનકે મોહનીયનો ઉદય નથી તો જ્ઞાનાવરણીયકર્મનો બંધ પણ નથી. શા માટે ? કારણ કે જ્ઞાનાવરણીયકર્મને નિમંત્રનાર મોહનીયકર્મ મરી ગયું છે. વગર નોતરે, ગોલ્લઈયાની જેમ જ્ઞાનાવરણીયકર્મ આવતું નથી. મોહનીય કર્મ હોય ત્યાં સુધી જ નિમંત્રણ પૂર્વક આવે છે, શ્રી નિર્યુક્તિકાર કહે છે, કષાયોના ક્ષય સિવાય કેવલજ્ઞાન પ્રાપ્ત થતું નથી. જ્ઞાનાવરણીય કર્મના ક્ષય સિવાય કેવલજ્ઞાન પ્રાપ્ત નથી થતું એમ નથી કહ્યું. હેતુ એ છે કે શ્રીતીર્થંકરને સદ્‌વર્તનવાળા કહેવા છે. **सद्‌वृत्तयुक्तेन।** જો સદ્‌વર્તન હોય તો મોહનીય કર્મ ન હોય. મોહનીય ટળે એટલે જ્ઞાનાવરણીય કર્મ આપોઆપ પલાયન થાય છે અને ત્યારે કેવલજ્ઞાન પ્રગટે છે. શ્રી સર્વજ્ઞ ભગવાને જે ઉપદેશ આપ્યો છે તે મુખ્યતયા મોહનીય કર્મને દૂર કરવા આપ્યો છે. જ્ઞાનનું એ જ ફલ માન્યું છે. વિરતિ વગરનાં જ્ઞાનને નિષ્ફલ માન્યું છે. **ज्ञानस्य फलं विरतिः** જ્ઞાન આવ્યું, વિરતિ ન આવી તો જ્ઞાન નિષ્ફળ ! જે જ્ઞાન આવ્યા પછી વિરતિ આવે નહિ તે જ્ઞાન શાસ્ત્રકારો જ્ઞાન ગણતા નથી. એ તો ગધેડાને માથે બાવના ચંદનના ભારાનો ભાર બોજો (લાદેલો) છે.

**जहाखरो चंदण भारवाही........**

ચંદનના ભારને વહન કરનારો ગધેડો જેમ કેવલ ભાર વહન કરનારો જ છે, ભારનો જ ભાગીદાર છે, ચંદનનો-તેની સુવાસનો ભાગીદાર નથી એ જ રીતે.

**एवं खु नाणी**

જ્ઞાની હોય તથા વિરતિ વગરનો હોય તો તે મનુષ્યને જ્ઞાન ભારરૂપે થયું છે પણ તે ચંદન રૂપ સદ્‌ગતિનો ભોક્તા નથી. જ્ઞાનનો ઉપદેશ વિરતિ લાવવા માટે છે. ચૂલા રસોઈ માટે સળગાવવા પડે છે. જો રસોઈ સીધી તૈયાર મળે તો ચૂલા કોઈ સળગાવવાની ભાંજગડમાં પડે નહિ. રસોઈ દેવતા આપવા આવે તો 'વગર રાંધેલી છે માટે નહિ લઈએ'. એમ કહો ખરા ? દુનિયામાં અક્કલ ભાડુતી મળે પણ મીલકત તો ઘરની જ કામ લાગે. દસ્તાવેજ વગેરેમાં વકીલ, બારીસ્ટરની સલાહ ભાડે લ્યો પણ મિલ્કત ભાડે લીધી ? મળે? તેમ વિરતિ રૂપી રકમ આત્માને પોતાને જોઈએ શ્રીનેમિનાથજી ભગવાનની ભક્તિમાં કૃષ્ણ તથા શ્રીમહાવીરસ્વામિજીની ભક્તિમાં શ્રેણિક ગમે તેવા રક્ત રહ્યા તો પણ તેમને વિરત માનવામાં આવ્યા નથી. વિરતિ ભાડે મળતી નથી. જ્ઞાન ભાડે મળે છે તેથી તો ગીતાર્થની નિશ્રાએ રહેલો અગીતાર્થ પણ સાધુ ગણાય છે.

**વિરતિ વગરનું જ્ઞાન નિષ્ફળ છે. તેને શાસ્ત્રકારો જ્ઞાન ગણતા નથી.**

નાનો છોકરો હાર પહેરીને જાય છે. તે સમજતો નથી કે હાર, મોતી કે હીરો શું ? છતાં તે હારની કિંમત જાણનારાએ તો તે છોકરો માર્ગમાં મળેતો ચોરોથી કે બદમાશ મવાલીઓથી તે છોકરાનું રક્ષણ કરવું જોઈએ. તેમ અગીતાર્થના સંયમનું રક્ષણ પણ ગીતાર્થની નિશ્રાથી છે. અવિરતિરૂપી ચોરથી સંયમનું રક્ષણ કરવાનું છે. શ્રીભગવતીજીમાં તથા શ્રીદશવૈકાલિકજીમાં કહ્યું છે કે જે વ્રત લેવામાં આવે તેનો વિષય યાદ રાખવો જોઈએ. જીવહિંસા ન કરવી એવું વ્રત લેનારે જીવ, અજીવ જાણવા જોઈએ. જ્ઞાન એ તો વૃક્ષ છે પણ ફલ તો વિરતિ છે. જો ફલ ન હોય તો ખેતર વચ્ચે લીંબડો, પીપળો, વડ રહેવા દેવામાં આવતા નથી જ્યારે આંબાને રહેવા દેવામાં આવે છે કેમકે તે ફલ આપે છે. યોગ્ય ફલ દેનાર વૃક્ષ થોડો પાક બગાડે તો પણ ફલવાળા વૃક્ષને રાખવામાં આવે છે. જ્ઞાનને લાવનાર વિરતિ જ્ઞાનનું ફલ વિરતિ છે. તેથી ઠાણાંગજીમાં જણાવ્યું કે આરંભ પરિગ્રહના પચ્ચખ્ખાણ પછીથી થાય છે જ્ઞાન લાવનાર આ બે છે. **पढमं नाणं तओ दया** એમ આપણે બોલીએ છીએ પણ રહસ્ય સમજવા જેવું છે વિરતિ આવે ત્યારે જ જાણવું સફળ છે. જ્ઞાન જ્ઞાન કબૂલ પણ આજે મૌન અગીયારશ છે ને ! આ જ ઉપવાસ તથા પૌષધ કરવો જોઈએ. તેને માટે તો શ્રીનેમનાથજી પાસે કૃષ્ણજી સરખા ઝંખ્યા છે ! આજે મૌન અગીયારસ છે એવું જ્ઞાન બધાને છતાં બધાએ પૌષધ કેમ ન કર્યા ? જ્ઞાન સાંભળવા માત્રથી, ગોખવાથી આવી જાય. જ્ઞાન આવવા માટે વીજળીનો ઝબકારો બસ છે. પણ વિરતિ આવવા માટે હજારો બંધન તોડવા જોઈએ. એક પૌષધ ક્યારે થાય ? બાર કલાક કે ચોવીસ કલાક ઘરબાર પૈસા ટકા કુટુંબ વગેરેનું ગમે તે થાય એવો ત્યાગ આવે તો ને ! એટલું બંધન તૂટે ત્યારે પૌષધ થાય. દીક્ષા ક્યારે લેવાય ? માબાપ તરફનો અગર કુટુંબાદિનો મોહ તૂટે ત્યારે. સાધુથી નાટક સિનેમા ન જોવાય, પગે ચાલવું પડશે આવું ક્યો સાધુ ન જાણે ? સાડા છ વર્ષનો છોકરો પણ બીજે દિવસે 'માને' 'મા' નહિ કહેતાં 'શ્રાવિકા' કહે છે તે સંસ્કાર શ્રાવકના કૂલના છે. જ્ઞાનની જરૂર છે પણ જ્ઞાનના નામે વિરતિને ખસેડવાનું કહી શકાય નહિ, પચ્ચખ્ખાણ અજ્ઞાનથી લીધા હોય તેને જ્ઞાન અપાય, પણ પચ્ચખ્ખાણ છોડવાનું કહેવાનો કોઈને હક નથી. જ્ઞાનાવરણીય કર્મ બંધાવનાર અવિરતિ, મોહ, કષાયાદિ છે માટે મુખ્યગુણ સદ્વર્તન લીધો છે.

**આકસ્મિક બનાવો દૃષ્ટાંતમાં લેખાય નહિં.**

ભરત મહારાજા ગૃહસ્થપણામાં આરીસાભુવનમાં કેવલજ્ઞાન પામ્યા. વારૂ એમને સાધુપણું લઈ નીકળી જવાની શી જરૂર ? અન્ય લિંગનું કેવલજ્ઞાન જોઈ જેઓ સાધુપણાની જરૂરિયાત ગણતા હોય તેને માટે આ દૃષ્ટાંત છે. એક દરિદ્રી જંગલમાં ગયો ત્યાં ઇંટનું રોડું પડ્યું

હતું રોડે ઠેસ વાગી. ઠેસથી રોડું નીકળી ગયું તેમાંથી મહોર જડી. મહોર મેળવવાનો ઉપાય રોડાંને ઠેસ મારવી એ ? પેલે મહોરે ન લીધી કેમકે તેણે તો માન્યું કે મહોર જોઈશે ત્યારે રોડાંને ઠોકર મારીશું. ઘેર ગયો અને વાત કરી ત્યારે તેને પૂછવામાં આવ્યું કે મહોર લીધી કેમ નહિં ? પેલાએ કહ્યું કે-રોડે રોડે ઠેસથી મહોર મળવાની છે. આ માણસને કેવો ગણવામાં આવે ? પેલાએ પછી કેટલાએ રોડાંને ઠોકરો મારી પણ ઠોકરો વાગી, મહોર મળી નહિ. ભરત મહારાજાને રોડે ધક્કો મારતા મહોર નીકળે તેમ આકસ્મિક ગૃહસ્થલિંગે કેવલજ્ઞાન થયું છે. તેવી ભવિતવ્યતાના યોગે તેમ થયેલ છે માટે ગૃહસ્થલિંગે તથા કેવલજ્ઞાનનો સંબંધ ગણાય નહિ ભરત મહારાજાના દૃષ્ટાંતથી જ સ્વલિંગની ઉપેક્ષા કરે ત્યાં આ દરિદ્રીનું દૃષ્ટાંત ઉપયોગી છે. વલકલચીરીને અન્યલિંગમાં કેવલજ્ઞાન થયું છે પણ સાધુપણું લીધું છે. ગમે તે રીતે મોહ ક્ષય થયો હોય પણ કેવલજ્ઞાન હોય તો નિયમ જ છે કે દીક્ષા લે. ખુલ્લી આંખે દેખાય તેવી બાબત છે, ભરતમહારાજા કે વલકલચીરી કોઈ ગૃહી કે અન્યલિંગે મોક્ષે ગયા નથી પણ સાધુપણું લીધા પછી મોક્ષે ગયા છે.

ઉદાયનની સ્ત્રી મૃગાવતીને ચંડપ્રદ્યોત રાજા પરણવા ઈચ્છે છે. પવિત્રતાનું રક્ષણ કરવું કે લોહીની નદી વહેવરાવવી ? સવાવસા દયાવાલા ગૃહસ્થો જો શીલ માટે આટલી દૃઢતા રાખે તો સર્વવિરતિના પાંચ મહાવ્રતોની કિંમત કેટલી ગણવી ? દારૂનો બહિષ્કાર થશે તો દારૂવાળાનાં બાયડી છોકરાં ભૂખે મરશે તેથી તેની બંધી પોકારનાર ગુન્હેગાર ? તમારી બેન બેટીની પવિત્રતાની જેટલી કિંમત છે તેટલી

(અનુસંધાન પેજ - ૨૫૭)


## અપૂર્વ લાભ

શ્રી ભગવતી સૂત્ર (શ્રી અભયદેવસૂરિવરકૃત ટીકા યુક્ત)

.....ભાગ......બીજો.....તૈયાર.....છે......

કિંમત રૂપિયા પાંચ-પણ-સવા એકત્રીશ ટકા કમીશન-

-પહેલો બીજો બન્ને ભાગ સાથે લેનારને-

કિંમત રૂપિયા દશ-છતાં પચાસ ટકા કમીશન મળશે.

(અમારા બીજા પુસ્તકો માટે જુઓ ટાઈટલ પેજ ૨-૩)

શ્રી જૈનાનંદ પુસ્તકાલય (લખો) ગોપીપુરા, સુરત.

સાધુપણાની છે કે નહિ ? કાલિકાચાર્યે સાધ્વી બહેન માટે આખા રાજ્યનો નાશ કર્યો, બીજેથી રાજાનું લશ્કર લાવ્યા. મોહનીય કર્મના ક્ષયથી કેવલજ્ઞાન થાય છે તેથી પછી પણ સદ્વર્તન હોય છે.

## શ્રીતીર્થંકરદેવ સ્વતંત્ર ધર્મોપદેશક છે ! ! !

### પેઢીનો મુનીમ કલંક સાંખી શકે ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતાં, અષ્ટકજી પ્રકરણની રચનાને અંગે બત્રીશ અષ્ટકોમાં પ્રથમ મહાદેવાષ્ટક પ્રબંધમાં જણાવી ગયા તે દેવ, ગુરૂ તથા ધર્મ આ ત્રણ તત્ત્વોને આસ્તિક માત્ર માન્ય કરે છે. આ ત્રણ તત્ત્વોમાં મૂલ જડ રૂપ દેવતત્ત્વ છે. સર્વજ્ઞ ભગવાનના સર્વજ્ઞપણાનાં તથા વીતરાગપણાનાં કારણો બતાવવા પડે છે. જો દેવતત્ત્વ સર્વજ્ઞ તથા વીતરાગને માનવારૂપે હોય તો ? જૂઠાઓ જૂઠી પડેલી સાખને સાચવવા તૈયાર હોય છે, જે દેવ જગતમાં સર્વજ્ઞ તરીકે, વીતરાગ તરીકે પ્રસિદ્ધ છે તેમની દેશનામાં અસર્વજ્ઞપણાની છાયા, કે સરાગીપણાની છાયા હોતી નથી, દુનિયાના લોભીઓ સાચી સાખને સાચવવા પ્રયત્ન કરે છે. પણ વીતરાગદેવ તો જેવું છે તેવું કહે છે. જેઓ ચેતન તથા જડ તમામને જાણે છે તેમના ગુણો તો જાહેર જ છે અને જેવા તેમના ગુણો જાહેર છે તેવું જ કથન છે. વીતરાગ શ્રી સર્વજ્ઞદેવ વીતરાગપણું પ્રાપ્ત થવાવાળા તથા સર્વજ્ઞપણું ઉત્પન્ન થાય તેવા જ રસ્તા બતાવે છે. શાહુકાર કદી બીજાને ચોરીની સલાહ નહિં આપે. એ તો કહેશે કે 'નાગા ફરવું પણ આબરૂને ડાઘ લગાડવો નહિ, પ્રપંચ કર્યા વગર નિર્વાહ ન થાય એમ શાહુકાર કહે નહિં. શાહુકાર છાતી ઠોકીને કહી દે કે-જીવન નિર્વાહ ન થાય તો ભલે પણ ચોરી કે અનીતિ તો ન જ કરાય-તમારી શાખ દુનિયામાં શાહુકારીની હોય અને તમારા માટે એમ બોલાય કે તમે તો અનીતિની ચોરીની સલાહ આપો છો તો તમને કેવું લાગે ? આંખો લાલચોળ થાય, કપાળે કરચલીઓ વળે, અને બાંહ્ય ચઢાવી દ્યો ખરાને ! શાથી ? શાહુકારના વળને મૂછનો વળ ગણ્યો માટે ને ? એ જ રીતે અહિં. જો કોઈ શ્રીવીતરાગ પ્રભુના નામે રાગની સલાહ આપે, ત્યાગી દેવનાં નામે ભોગો સારા જણાવે, જે દેવાધિદેવે આરંભ સમારંભ પરિગ્રહ વિરતિ કષાય મિથ્યાત્વ અવિરતિ આદિ સંસારના કારણો જણાવ્યાં છે, નરકાદિ દુર્ગતિ આપનારાં જણાવ્યાં છે તે જ દેવાધિદેવનાં નામે તે બધાની વકીલાત કરાય અર્થાત્ તે બધાની જરૂરિયાત જણાવવામાં આવે, જે દેવાધિદેવે પૈસો તથા સ્ત્રીને વર્જ્ય કહ્યાં છે તેને જ સ્વીકાર્ય ગણાવવામાં આવે તો ભગવાન્ તો મોક્ષે ગયા છે, શાશ્વત સ્થિતિમાં લીન થયા છે પણ તેમના ભક્તોથી તે કેમ સહન થાય ? શેઠ દેશમાં ગયા હોય અને તેમના ઉપર કોઈ કલંક આપે તો મુનિમ શું મૌન ધારણ કરે ? બોઘાની જેમ બેસી રહે ?

સાંભળ્યા જ કરે ? તો તો તે નિમકહરામ જ ગણાય! શેઠનું લુણ ખાનારો શેઠના પર આવતું જુઠું કલંક સહન કરે શી રીતે ? અરે ! સામાન્ય પગાર ખાનારો નોકર પણ શેઠના શિરે ચોંટતા કલંકને સહન ન કરે તો મોટા પગારનો, પેઢીની તમામ જવાબદારીવાળો મુનિમ સહન કરે ? જે આચાર્ય, ઉપાધ્યાય, સાધુ તથા શ્રાવકોએ તીર્થંકર ભગવાનને જિંદગી અર્પણ કરી હોય, તે ખાતર તો બૈરા છોકરાંને રોતાં મૂક્યાં હોય તેઓ ભગવાનનાં દર્શન ઉપર આવું કલંક સહન કરે શી રીતે ? શેઠે મુનીમને પેઢી સાચવવાની કહી છે તેમાં આબરૂ નો સમાવેશ નથી થતો ? પેઢી આબરૂ ઉપર નિર્ભર છે એમ શું મુનિમ ન જાણે ? આબરૂ એ તો પેઢીની આંટ, પેઢીનો પાયો. તેમાંથી રજકણ પણ ખરવા દે તે મુનીમ શાનો ? મુનીમનું હૈયું તો પેઢી માટે સળગતું હોય ? અહિં જ્યારે શ્રી વીતરાગ પરમાત્મા ઉપર અછતા આરોપો આવે છે, મૂકવામાં આવે છે છતાં કાંઈ લાગે વળગે જ નહિં ? ઠંડે કલેજે બેસવાનું? શેઠની હુંડીને કોઈ ખોટી કહે તો શું થાય ? અહિં તો ભગવાનનાં આગમને પોથાં થોથાં કહેવામાં આવે છે. એ આગમને-એ પરમતારક આગમને (આ કાલમાં તરવાનાં બે સાધન, એક શ્રી જિનબિંબ તથા એક શ્રી જિનાગમ) અભરાઈએ મૂકવાનું કહેવામાં આવે છે. છતાં તમે એમ કહો છો કે ભગવાનને કોણ કહે છે ? હુંડી ખોટી કહી એટલે શેઠ જ ખોટો થયો કે બીજું કંઈ ? એ જ રીતે જેઓ ભગવાનનાં વચનને અવ્યવહારુ, અત્યારના યુગને પ્રતિકૂળ, અપ્રમાણિક, નકામા, શાસ્ત્ર પ્રમાણે ચાલવું તે દીવો લઈને ખાડામાં પડવા જેવું છે, આવું કહેનારા સ્વયં શ્રી સર્વજ્ઞભગવાનનું અપમાન કરે છે. શ્રીસર્વજ્ઞદેવને સાચા સર્વજ્ઞ, સાચા દેવ, સાચા ત્યાગી વીતરાગ દેવ માનનારા મહાપુરૂષો તથા કુટુંબો, આ બધું શી રીતે સહન કરી શકે ?

**પ્રથમ લાયકાત મેળવ્યા પછી જ ઉપદેશાધિકાર!**

જે ઉપદેશમાં રાગદૃષ્ટિ પોષાતી હોય તે ઉપદેશ શ્રીવીતરાગ સર્વજ્ઞદેવનો નથી. શ્રીજ્ઞાનીદેવનાં વચનો કદી પરસ્પર વિરોધવાળાં હોતાં નથી. મોક્ષે જવાને લાયક નહિં તે અભવ્ય ! ભવ્યત્વ અશાશ્વતુ, અભવ્યત્વ શાશ્વતુ કહે અને કહે કે-'મારી દેશના સાંભળે તો અભવ્ય ભવ્ય થાય:' આવા કથનમાં સર્વજ્ઞપણું નથી. તમામ પદાર્થોનું વાસ્તવિક સ્વરૂપ તેમને પ્રત્યક્ષ હોવાથી શ્રીસર્વજ્ઞદેવનાં વચનોમાં દર્શાવાયેલું તમામ પદાર્થોનું સ્વરૂપ સત્ય જ હોય એમાં શંકાને સ્થાન હોઈ શકે જ નહિં. દેવાધિદેવ વીતરાગ હોવાથી, તેમજ વીતરાગપણું જગત્ આખાનું કલ્યાણ કરનારુ હોવાથી તેમના ઉપદેશમાં વીતરાગપણા સિવાય બીજું કાંઈ ધ્વનિત થતું નથી. જેઓ વીતરાગ હોય, સર્વજ્ઞ હોય તેઓ જ વાસ્તવિક રીતે તેવો ઉપદેશ આપી શકે. આ ગુણ વગરનાઓ ઉપેદશ કરે તો 'ડાહી સાસરે ન જાય તથા ઘેલીને શીખામણ દે' એ ન્યાય-એ ઉખ્ખાણા મુજબ ગણાય. બીજા પાસે ટીપ કે ફંડ ઊઘરાવવા જનારે પ્રથમ પોતે રકમ ભરવી જોઈએ, અને તો જ તે બીજાને ભરવાનું કહી શકે. (અપૂર્ણ)

(અનુસંધાન પાના ૨૩૯ નું ચાલુ)

સમજતા જ ન હોય તેમ આ ઉત્થાપકો લોકોને ઉદયમાત્રનું નામ આગળ કરીને ભરમાવે છે, પરંતુ શાસ્ત્રને સમજનારા સુજ્ઞપુરુષો તો ગ્રન્થો અને પરંપરાને અનુસરતા હોઈને સમજે છે કે જેમ પર્વતિથિના ક્ષયની વખતે પહેલાની અપર્વતિથિનો ઉદય, ભોગ કે સમાપ્તિ એક્કે હિસાબમાં લેવાય નહિં તથા વૃદ્ધિની વખતે પહેલી પર્વતિથિનો પણ ઉદય કે ભોગ હિસાબમાં લેવાય જ નહિ, તેવી રીતે પર્વની અનન્તરના પર્વની તિથિનું (પૂનમ કે અમાવાસ્યાનું) ક્ષય કે બેવડાપણું હોય ત્યારે ચતુર્દશી વિગેરે પર્વના પણ ઉદય, ભોગ કે સમાપ્તિનો હિસાબ લેવાય જ નહિ. ક્ષય અને વૃદ્ધિ જ્યારે આદ્યપર્વની કે અપરપર્વની ન હોય ત્યારે સામાન્ય તિથિઓમાં કે પર્વતિથિઓમાં જ ઉદય વિગેરેનો અધિકાર શાસ્ત્ર અને પરંપરાએ લીધો છે અને લેવાય છે, અને તેથી જ તે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા જીવો રામટોળીના ખાબોચીયાના ખળભળાટથી ક્ષોભ પામતા નથી. આશ્ચર્યની વાત તો એ છે કે જેમ કોઈક અજ્ઞમનુષ્યે જુઠી પંડિતાઈ જાહેર કરીને **यत्र शाब्दिकाः तत्र तार्किका यत्र तार्किकाः तत्र शाब्दिका यत्र नोभयं तत्र चोभयं यत्र चोभयं तत्र नोभयं** અર્થઃ-વાત કરનારો વૈયાકરણ આવે તો કહેશે કે હું તાર્કિક છું અને જો વાત કરનારો નૈયાયિક આવે તો કહેશે કે હું તો વૈયાકરણી છું અને ન્યાયવ્યાકરણ બન્નેને જાણનારો આવે તો હું એ બે નથી જાણતો (અર્થાત્ મારો વિષય બીજો જ છે) અને જ્યાં વ્યાકરણ ન્યાયને ન જાણનાર (અર્થાત્ બીજું કંઈ જાણનાર) આવે ત્યાં તો હું ન્યાય વ્યાકરણ બન્નેને જાણું છું, આવી બેડશઈ હાંકે તેમ આ રામટોળીના જમ્બુકે પણ તત્ત્વતરંગિણી વિગેરેમાં જુઠ્ઠાનો ઝરો વહેવડાવવામાં બાકી રાખી નહિ કેમકે તે જુઠાનો ઝરો વહેવડાવતી વખત કાગળ શાહી કે કલમ એકે નિષેધ કરનારાં નહોતાં અને તેમના જ ભક્તો પૈસા આપનારા હોઈ છાપવાવાળાને પણ ના કહેવાની જરૂર નહોતી, પરંતુ જ્યારે પ્રત્યક્ષપણાનો પ્રસંગ આવ્યો ત્યારે ન તો જુઠુ સાબીત કરવા માટેનો ટાઈમ અપાવ્યો તેમ જ ન તો સાચું સમજવા માટેની વિજ્ઞપ્તિ સ્વીકારી, ન તો બલાત્કારે પોતાના મુકામ ઉપર પણ જુટ્ઠુ સાબીત કરનારા આવ્યા ત્યારે ઉત્તર આપી શકાયો છેવટે થાલી પીટીને ભરેલી જાહેરસભામાં જુટ્ઠાણું સાબીત કરવામાં આવ્યું તે વખતે પણ ઘણાં તેડાં મોકલવા છતાં તે રામટોળીના જમ્બુકથી સભામાં આવી શકાયું નહિં એટલે જ્યારે ત્યારે પોતાના અંગત જુઠાના ઝરાનો બચાવ ન થઈ શકવાથી સમુદાયનો નિર્દેશ કર્યો અને પોતાનાં જુઠાણાં ખુલ્લાં પડી જવાની ખાતરી હોવાથી શ્રીચતુર્વિધસંઘ સમક્ષ ભરાયેલી સભામાં તેઓ પ્રવેશી શક્યા જ નહિં સત્ય છે કે જમ્બુકો ગ્રામ અને શહેરથી દુર જ ભાગે. હજી પણ આશાવાદીની અપેક્ષાએ એવી આશા રાખવામાં આવે તો ખોટું નથી કે રામટોળીના જમ્બુકો પોતાના પક્ષનું અને પોતાના લખાણનું જુટ્ઠાપણું સાંભળવા અને સમજવા માટે કોઈપણ ગીતાર્થ મહાપુરૂષની સેવામાં હાજર થાય અગર તેવા ગીતાર્થ મહાપુરૂષો તેઓને સત્ય સમજાવવામાં પ્રભાવ નાખનારા થાય.

ઉપરનું લખાણ વાંચીને શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓ કુદે નહિં અને રામટોળીના જમ્બુકો અને તેના પક્ષકારો કુટે નહિં તો સારું !

(અનુસંધાન પાના ૨૪૦ નું ચાલુ)

જો કે ઉપર જણાવેલી તિથિની અપેક્ષામાં શાસ્ત્રકાર મહારાજાએ એ નિશ્ચિત કરેલું છે કે જૈનોએ પૂર્વાહ્ણવ્યાપિની, મધ્યાહ્ણવ્યાપિની, અપરાહ્ણવ્યાપિની, પ્રદોષવ્યાપિની કે મધ્યરાત્રવ્યાપિની તિથિ માનીને કોઈ પણ પર્વ કે તહેવાર આરાધવો નહિં. છતાં જો કોઈ જૈન એવી રીતે પૂર્વાહ્ણવ્યાપિની આદિ તિથિ લઈને જૈન ધર્મની આરાધના કરે તો તેને આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના એ ચાર દોષો લાગે છે, માટે જૈનજનતાએ ઉદયવ્યાપિની તિથિને જ તિથિ તરીકે ગણવી. આવી રીતે તિથિના સ્વરૂપને માટે જણાવેલ ઉદયવ્યાપિપણાના તત્ત્વને નહિં સમજતાં કેટલાક વર્તમાનકાળના જમ્બૂકઆદિ જીવો કંઈ સૈકાથી ચાલતી પરંપરા અને કંઈ સૈકાના શાસ્ત્રોના લેખોને ઉત્થાપન કરીને ઉદયવાળી તિથિ માનવાના વાક્યને અવળું ગોઠવી લોકોને ભરમાવે છે તે ખરેખર તેમના અને તેમના ઉપાસકોના ભાવિ અકલ્યાણનું જ ચિન્હ છે. તેઓએ ધ્યાન રાખવું જોઈએ કે શાસ્ત્રકારોએ સ્પષ્ટશબ્દોમાં લૌકિકટીપ્પણામાં ચર્તુદશીનો ક્ષય હોય ત્યારે જો કે તેરસ જ ઉદયવાળી છે અને સૂર્યોદયની પછી પણ તેરસનો જ ભોગવટો હોય છે, અને તેરસની સમાપ્તિ પણ તે જ વારમાં છે, છતાં તે દિવસે અને તે વારે તેરસનું નામ લેવાનો પણ નિષેધ કરી તેરસનો શાસ્ત્રકારોએ અસંભવ જણાવ્યો છે, એટલે જો ઉદયવાળી, ભોગવાળી કે સમાપ્તિ-વાળી જ તિથિને ગણવાનો નિયમ હોય તો શાસ્ત્રકારો લૌકિકટીપ્પણામાં ચર્તુદશીના ક્ષયની વખતે તેરશના નામનો પણ અસંભવ છે એ કહી શકત જ નહિં, જો કે જમ્બૂકાદિ રામટોળી તો શાસ્ત્ર અને પરંપરાને લોપીને તથા ભેળસેળવાદી બનીને તેરશ અને ચૌદશ છે એમ કહે છે અર્થાત્ ત્રીજ ચોથ આદિ અપર્વોના ક્ષયની માફક પર્વના પણ લોપક બને છે. અન્યના ઉત્તર માત્રને માટે એમ ટીપ્પણાથી નથી બોલતા પરંતુ માને મનાવે છે. અને કથીર શાસન વિગેરેમાં ચિતરે છે, પરંતુ તે ઉન્માર્ગગામી અને પરંપરા તથા શાસ્ત્રના લોપક એવારામજંબૂકાદિકે શાસ્ત્રના પાઠને જોયો, વિચાર્યો કે માન્યો નથી તેથી જ એમ બને છે, વળી આચાર્ય મહારાજ શ્રીહીરસૂરીશ્વરજી પૂનમના ક્ષયે **त्रयोदशीचतुर्दश्योः** એમ કહીને સ્પષ્ટપણે સૂચવે છે કે પૂનમનો ક્ષય લૌકિક ટીપ્પણામાં હોય ત્યારે તેરસે ચૌદશ કરવી અને ચૌદશે પૂનમ કરવી, તેમજ આચાર્ય હીરવિજયસૂરીજીના ગુરૂ વિજ્યદાનસૂરિજી અને તેમના ગુરૂ શ્રીમદ્ આણંદવિમલસૂરીશ્વરજીના વખતથી બે પૂનમો લૌકિકટીપ્પણામાં હોય ત્યારે બે તેરસો કરવી એવા લેખથી બે પૂનમ અને બે અમાવાસ્યાની બે તેરસો કરવાનું હોય ત્યારે લેખસિદ્ધ પરંપરાથી પણ ચાલે છે, છતાં તેની ઉત્થાપનામાં વિજયાનંદ માનનારી ટોળીને તે લેખો અને પરંપરાને માનવામાં અરૂચિ થાય તેમાં આશ્ચર્ય જ નથી. બે પૂનમ અમાવાસ્યા ઉદયવાળી હોઈને વધેલી છતાં આચાર્ય શ્રીમદ્ આણંદવિમલસૂરીશ્વરજી એક અમાવાસ્યાને જ ઔદયિકી માનનારા હતા તેમજ એક જ અમાવાસ્યા અને પૂનમને ઔદયિકી માનનારા શ્રીહીરસૂરીશ્વરજી પણ હતા, તેમજ પૂર્ણિમા અને અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિની જાહેરાત કરનાર વિજયદેવસૂરીશ્વરજી હતા, તો એ વિગેરે મહાપુરૂષો જાણે ઉદયની વાતને

(જુઓ અનુસંધાન પાનું ૨૩૮)

(અનુસંધાન ટાઈટલ ૪ નું ચાલુ)

જીતવા અને કર્મોને ખપાવવાં' એવું હોવાથી જૈનદર્શનમાં એક અંશે પણ અમનચમનને સાધ્ય કરવાનું સ્થાન રહેતું નથી, પરંતુ જૈનદર્શનમાં સાધુ, સાધ્વી, શ્રાવક, અને શ્રાવિકારૂપ શ્રીચતુર્વિધસંઘમાંથી કોઈ પણ વ્યક્તિ હોય તો તેને ભગવાન જિનેશ્વર મહારાજનું અને જૈનશાસનનું એ જ ફરમાન છે કે તેણે સંવર અને નિર્જરાના પોષણને માટે જ તત્પર રહી સમ્યગ્દર્શનાદિકરૂપ મોક્ષમાર્ગની તરફ દરેકક્ષણે વધવું જોઈએ. આ વસ્તુ ધ્યાનમાં રાખીને જ જૈનદર્શનકારોમાં ૧ (બે) આઠમ ૨ (બે) ચૌદશ ૩ પૂનમ અને ૪ અમાવાસ્યા એવી રીતે ચાર પર્વો દરેક મહિનાની અપેક્ષાએ મુખ્યત્વે માનવામાં આવેલાં છે અને એનું જ નામ શાસ્ત્રકારોએ ચતુષ્પર્વી કહી છે. જે કોઈ જમ્બૂકાચારી પૂનમ અને અમાવાસ્યાને લીધા સિવાય ચતુષ્પર્વીને બે આઠમ અને બે ચૌદશના નામે જણાવે છે તે શાસ્ત્રોની ગન્ધ લેનારાના વાક્ય કરતાં પણ વેગળું છે. સામાન્ય રીતે કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી ઉપર જણાવ્યા પ્રમાણે (બે) આઠમ (બે) ચૌદશ, પૂનમ અને અમાવાસ્યા એ ચારને ચતુષ્પર્વી તરીકે **चतुष्पर्व्याम्0** એ શ્લોકની અંદર સ્પષ્ટપણે જણાવે છે, પરંતુ જમ્બૂકો વસતિથી દૂર રહેવાવાળા હોય તેમ શાસ્ત્રથી દૂર રહેવાવાળા જમ્બૂકાદિ ચાહે જેમ બોલે અને વર્ત્તે તેમાં સુજ્ઞમનુષ્યને તો આશ્ચર્ય થાય જ નહિં. જો કે જંગલમાં રહેનારા કેટલાક જાનવરો જમ્બૂકાદિના પક્ષને પણ સારા ગણનારા હોય છે, પરંતુ, સાધન અને શિક્ષણથી સંપન્ન એવા વસતિમાં રહેનારા લોકો તો જમ્બૂકઆદિના પક્ષને સારો ગણનારા હોય જ નહિં. પૂર્વે જણાવેલી ચારપર્વોની અપેક્ષાએ શાસ્ત્રકારો પણ '**एंचउद्दसअट्ठमुद्दिट्ठपुण्णमासिणीसु**' એવું વાક્ય સ્થાને સ્થાને શ્રાવકોના વર્ણનના અંગે જણાવીને ઉપર કહેલ ચાર પર્વોની સ્પષ્ટતા જણાવે છે, પરંતુ ખાખરાની ખીસ્કોલીને મોદકના વાસની પણ ખબર નહોય એવી રીતે જમ્બૂકાદિને શાસ્ત્રની ગંધ પણ ન હોય અને તેથી સેંકડો જગા પરના સ્પષ્ટ પાઠોને પણ ન જાણે, ન સમજે અને ન વિચારે તેમાં આશ્ચર્ય નથી.

ઉપર જણાવવામાં આવેલી આઠમ વિગેરે ચઉપર્વી અને અન્ય ગ્રંથકારોના કહેવા મુજબ ગણીએ તો છપર્વી વિગેરેની આરાધના કરવા માટે જૈનજનતાએ તૈયાર થવાનું જરૂરી હોય છે અને તે આરાધવા તૈયાર થવાય પણ છે. આ પર્વોની આરાધના વાર કે તારીખ ઉપર નિયત નથી, પરંતુ ગ્રહનક્ષત્રાદિના યોગે કલ્યાણકાદિ થવાનાં હોવાથી માત્ર મહિના અને તિથિ ઉપર જ નિર્ભર છે અને વર્ત્તમાનકાળમાં મહિના અને તિથિઓ જણાવવા માટે લૌકિક પંચાંગનોજ આશ્રય સમગ્ર આર્યપ્રજાને લેવો પડે છે અને તે લૌકિકપંચાંગમાં જૈનોએ માનેલી પર્વતિથિઓની વૃદ્ધિ પણ આવે છે અને ક્ષય પણ આવે છે, તેવી વખતે પર્વની આરાધના કેવી રીતે કરવી એવો ગુંચવાડો જૈનજનતાને થાય તેમાં આશ્ચર્ય જ નથી,

(અનુસંધાન જુઓ પાનું ૨૩૯)

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-સ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# પર્વ-આરાધનની-બલિષ્ઠતા

સામાન્યરીતે જૈનજનતામાં આત્માના કલ્યાણને અંગે સંવર અને નિર્જરાની ક્રિયા સાધવા માટે પર્વો અને તહેવારો નિયમિત રીતે માનવામાં આવે છે, જો કે **અન્યમતોમાં** અને અન્યદર્શનોમાં પર્વો અને તહેવારો નથી હોતા એમ નહિં, પરંતુ તે **અન્યમતો** અને અન્યદર્શનોના પર્વો અને તહેવારો માત્ર ઉત્સવની જ ભાવનાવાળા હોય છે, પરંતુ તે પર્વો અને તહેવારોને ઉજવવામાં સંવર અને નિર્જરાની ભાવના સંબંધી ગંધ પણ તેઓને હોતી નથી. અન્યમત અને અન્યદર્શનોને સ્થાપન કરનારાઓએ નથી તો સંવરનું નિરૂપણ કર્યું કે નથી તો નિર્જરાને ધ્યેય તરીકે રાખી અને તેમ હોવાથી જ અન્યમતોના અને અન્યદર્શનોના પર્વો અને તહેવારો સંવર અને નિર્જરાના સાધ્યથી સર્વથા શૂન્ય જ હોય અને માત્ર રાગરંગ અને ખાવાપીવાના સાધન માટે ઉત્સવો મનાવી પર્વો અને તહેવારોને તેઓમાં આરાધવામાં આવતા હોય તેમાં જૈનજનતાને અંશે પણ આશ્ચર્ય થશે નહિ અને આ જ કારણથી જૈન શાસ્ત્રકારો મુખ્યતાએ સાધુ સાધ્વીવર્ગને અને ગૌણપણે ચારે પ્રકારના શ્રીસંઘને અતિથિ તરીકે જણાવે છે. કારણ કે શ્રીચતુર્વિધસંઘમાંથી કોઈ પણ વ્યક્તિ તેવા અન્યમતો અને અન્ય દર્શનકારોએ માનેલા પર્વો અને તહેવારોના એટલે રાગરંગના તિથિ અને પર્વોના ઉત્સવોને માનવાવાળી હોતી નથી, અને તેથી જ તે ચતુર્વિધસંઘને કે શ્રમણ-શ્રમણીના સમુદાયને અતિથિ તરીકે કહેવામાં શાસ્ત્રકારોએ પક્ષપાતનો ગંધ પણ રાખ્યો નથી. એ ચોખ્ખું સમજાશે, જો કે જૈનદર્શનમાં મનાયેલા પર્વો અને તહેવારોની અંદર આભૂષણ-વસ્ત્ર સ્નાન વિગેરેની વિશિષ્ટતા કરવાનું શાસ્ત્રકારો જણાવે છે અને તે બાહ્યદષ્ટિવાળાને ઉત્સવરૂપ ગણાય તેમાં આશ્ચર્ય જ નથી, પરંતુ તે આભૂષણ વસ્ત્ર અને સ્નાનાદિની પર્વ અને તહેવારને અંગે કરાતી વિશિષ્ટતા ધર્મની પ્રભાવના અને સમ્યગ્દર્શનાદિક મોક્ષમાર્ગની પ્રાપ્તિની ઈચ્છાદ્વારાએ સંવર અને નિર્જરા સાધવાવાળી હોવાથી કોઈ પણ પ્રકારે તે લૌકિકપર્વ આદિની માફક અમનચમન રૂપ ઉત્સવની પ્રધાનતાવાળી હોતી નથી, જૈનધર્મનું મુખ્ય ધ્યેય જ 'રાગદ્વેષને'

(જુઓ અનુસંધાન પાનું ૨૪૦)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित,-
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम् ॥१॥

વર્ષ : ૮

અંક : ૧૨-૧૩

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, તા. ૨૨-૪-૪૦ સોમવાર

લવાજમ રૂા. ૨-૦-૦ કિંમત ૧।। આનો

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮] ફાગણ વદી અમાવાસ્યા, ચઈતર સુદી પૂર્ણિમા, મુંબઈ, [અંક-૧૨-૧૩

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો ......... વાર્ષિક લવાજમ રૂ. ૨-૦-૦

# સાગર સમાધાન

પ્રશ્ન-૫૩ શ્રમણભગવંત મહાવીર મહારાજાના મોટાભાઈ જે નંદિવર્ધન તેમની ભગવાને જ્યારે રજા માગી, ત્યારે તેમના કુટુંબમાં બીજો કોઈ મોટો હતો કે નહિ ? અને તેમની રજા માગી છે કે કેમ ?

સમાધાન- શ્રી આવશ્યકચૂર્ણિમાં **नंदिवद्धणसुपास-पमुहं0** એટલે શ્રીનંદિવર્ધન અને સુપાર્શ્વ વિગેરે સ્વજન વર્ગને ભગવાને પૂછ્યું, આવું કથન હોવાથી સુપાર્શ્વ કે જે ભગવાન મહાવીર મહારાજના સગા કાકા થાય અને જેને અંગે શ્રી કલ્પસૂત્ર વિગેરેમાં **पित्तिज्जे सुपासे** એમ કહેવામાં આવે છે તે તે વખતે હયાત હતા અને તેમની પણ આજ્ઞા માંગવામાં આવી.

પ્રશ્ન-૫૪ ભગવાન્ મહાવીર મહારાજને દીક્ષા લેતાં બે વરસ રોકવાનું એકલા નંદિવર્ધનજીએ જણાવ્યું કે આખા કુટુંબે જણાવ્યું !

સમાધાન - આવશ્યકચૂર્ણિમાં **ताहे ताणि विगुण-सोगाणि भणंति0** એવું કહેલ છે, તેથી સ્પષ્ટ સમજાય છે કે માતાપિતાના કાલધર્મ પછી એકલા નંદિવર્ધનજીના જ આગ્રહથી બે વરસ રહેવાનું થયું છે એમ નહિં, પરંતુ આખા કુટુંબના મનુષ્યોના આગ્રહથી બે વર્ષ રહેવાનું થયું છે.

પ્રશ્ન-૫૫ શ્રમણ ભગવાન્ મહાવીર મહારાજે શ્રીનંદિવર્ધન વિગેરે આખા કુટુંબને જે બે વર્ષ રહેવાની કબુલાત આપી તે બે વર્ષમાં ભગવાન્ મહાવીર મહારાજા કેવી રીતે વર્ત્યા?

સમાધાન - શ્રીઆવશ્યકચૂર્ણિકાર મહારાજા જેઓ પ્રસિદ્ધિએ કરીને જિનદાસગણિ મહત્તર છે એમ કહેવાય છે તેઓ તે બાબતમાં નીચે પ્રમાણે જણાવે છે.

**जति अप्पच्छंदेण भोयणादिकिरियं करेमि, ताहे समत्थितं, अतिसयरूवंपि ताव भे कंचि कालं पासामो, एवं सयं निक्खमणकालं णच्चा अवि साहिए दुवे वासे १ सीतोदगमभोच्चा णिक्खंते, २ अफासुगं आहारं ३ राइभत्तं च अणाहारेंतो ४ बंभयारी ५ असंजमवावाररहितो ठिओ, ६ ण य फासुगेणवि ण्हातो, हत्थपादसोयणं तु फासुगेणं आयमणं च,**

ભાવાર્થઃ- તમારી તરફથી બે વર્ષ રહેવાની વિનંતિનો સ્વીકાર કરું કે જો મને પોતાની ઈચ્છા પ્રમાણે જ ભોજનાદિક ક્રિયા કરવાનું થાય. આવા કથનના ઉત્તરમાં કુટુંબીજનોએ જણાવ્યું કે તે અમારે કબુલ છે, અર્થાત્ તમારી ઈચ્છાએ ભોજનાદિક ક્રિયા તમે કરજો. તેમાં અમે કોઈપણ પ્રકારે બાધા થાય તેવી વિનંતિ પણ કરીશું નહિ, અને તમે તમારી ઈચ્છા પ્રમાણે જ ભોજનાદિક ક્રિયા કરજો (વર્ત્તમાનકાળમાં કેટલાક શ્રદ્ધાહીન અને સંયમને ભોગવંચના તરીકે માનનારા યુવકો શ્રી નંદિવર્ધનજીના દાખલાને દીક્ષા રોકવા માટે આગળ કરે છે, પરંતુ વિનંતિથી રોકાયેલા પણ દીક્ષાભિલાષીને કે નહિ રોકાતા એવા તેને કેટલી ધર્મની અનુકૂલતા આ લોકો કરે છે ? તે અમદાવાદ રામજી-મંદિરની પોળ અને રાધનપુર-ટંકારીયા-છાણી વિગેરે અનેક સ્થળોના તે જૈન નામધારીયોના વર્ત્તનથી જાહેર થઈ ચૂક્યું છે. એટલે સ્પષ્ટ થાય છે કે તેઓને માત્ર કુટુંબી તરીકે કંઈપણ લાગણી નથી, પરંતુ માત્ર ધર્મના દ્વેષ તરીકે પ્રવૃત્તિ છે, માટે શાસનપ્રેમી મહાશયોએ એવા ચારિત્રદ્વેષીઓના વચન કે વર્ત્તન ઉપર લેશ પણ ધ્યાન આપવા જેવું નથી, પરંતુ તેઓનો પગલે પગલે પ્રતિકાર કરવા જેવો છે. યાદ રાખવું કે જૂન્નેરના જુથનો બહિષ્કાર કરવા માત્રથી તમારું કાર્ય સંપૂર્ણ થતું નથી, પરંતુ સ્વપ્ને પણ તેવાઓની સાથે બેસવાનો કે તેઓની સાથે સહકાર કરવાનો વખત શાસનપ્રેમીએ રાખવા જેવો નથી, કદાચ તેઓ પોતાના તુટી ગયેલા જૂથને સાંધવા માટે શાસન વિરોધી ઠરાવોને જતા પણ કરે, પરંતુ તેમની સોબત તો ફુંફાડા વગરના નાગના સહકાર જેવી જ છે.) શ્રમણ ભગવંત મહાવીર મહારાજાને ગૃહસ્થપણામાં પણ દીક્ષિતપણે વર્ત્તવાની છૂટ આપીને કુટુંબીજનો સ્પષ્ટપણે જણાવે છે કે ભલે તમે ભોજનાદિકમાં સાધુપણાની ક્રિયામાં વર્તો, પરંતુ તેટલા કાળ સુધી એટલે બે વર્ષ સુધી તમારા રૂપના અતિશયને અમે દેખીએ આટલું જ અમારે કામ છે. (આ વાક્યથી સ્પષ્ટ થાય છે કે કુટુંબવર્ગ સ્નેહવાળો હતો, પરંતુ વર્ત્તમાનકાળમાં જડ એવો કુટુંબી વર્ગ

કે જે જમને દેવા તૈયાર થાય તેવો છે તેવો તે નહોતો તે સ્પષ્ટ થાય છે, અને તેથી તે વર્ગની વિનંતિ અને આ વર્ગની જડતાનું કેટલું આંતરું છે ? તે સુજ્ઞ પુરૂષ સ્હેજે સમજી શકે તેમ છે. અર્થાત્ વિનંતિનું કાર્ય જડતાથી કરવાવાળા અને હક્ક દેખાડવાવાળા કોઈપણ પ્રકારે સાંભળવાને લાયક રહેતા નથી.) ભગવાન્ મહાવીર મહારાજે કુટુંબીજનોના શોકનું નિવારણ કરવા તથા બમણો શોક નહિં થવા દેવા જે બે વર્ષ રહેવાની વિનંતિ સ્વીકારી છે તેને માટે પણ ચૂર્ણિકાર ભગવાન્ લખે છે કે તે વિનંતિનો સ્વીકાર જે આવી રીતે કર્યો તે પણ પોતાનો દીક્ષાકાલ બે વર્ષ પછી થવાનો જાણીને કર્યો, અર્થાત્ અવધિજ્ઞાનથી પોતાની દીક્ષા પણ બે વર્ષ પછી જ થવાની છે અને કુટુંબીઓ પણ બે વર્ષ જ સાધુપણાની ક્રિયાથી રહેવાનું માને છે માટે અડચણ નથી. (આ ઉપરથી સુજ્ઞમનુષ્યો સમજી શકશે કે શ્રમણ ભગવંત મહાવીર મહારાજા જો પોતાના દીક્ષાનો કાળ બે વર્ષ પછી જ થવાનો છે એમ અવધિજ્ઞાનથી ન જાણત તો કુટુંબીજનોનો શોક કોઈ પ્રકારે ગણત જ નહિં.) વળી એવી રીતે કંઈક અધિક બે વર્ષ સુધી સચિત્તજળ નહિં વાપરીને પોતે દીક્ષિત થયા. ( જો કે ભગવાન્ મહાવીર મહારાજે કંઈક અધિક બે વર્ષ સુધી અચિત્ત આહાર વિગેરેની ક્રિયા કરેલી છે, છતાં અહિં ફક્ત સચિત્ત જળ ન પીવાની વાત જણાવી છે તે માત્ર એટલું જણાવવા પૂરતી છે કે ગૃહસ્થોને સચિત્ત જળનું પાન વર્જવું તે પણ સાધુપણાની પ્રથમ કસોટી છે.) જેવી રીતે સચિત્તજળ કંઈક અધિક બે વર્ષ સુધી વાપર્યું નથી, તેવી જ રીતે કંઈક અધિક બે વર્ષ સુધી અપ્રાસુક એટલે સચિત્ત એવો કોઈપણ અન્ન, પાણી, ફલ ફલાદિનો આહાર પણ પોતે કર્યો નથી, વળી રાત્રિભોજન કે જે અશન પાન ખાદિમ અને સ્વાદિમ વિષયક દ્રવ્યથી ગણાય છે તેનો પણ પરિહાર જ કરેલો હતો. કંઈક અધિક બે વર્ષ સુધી સર્વથા બ્રહ્મચર્યને પણ પાલનારા થયા હતા. (આ ઉપરથી જેઓ ગૃહસ્થને સર્વથા બ્રહ્મચર્ય કરાય જ નહિં એવું કહેનારા છે તેઓ જૈનશાસન સમજનારા જ નથી એમ ચોખ્ખું થાય છે, શ્રીપંચાશકવૃત્તિ વિગેરેમાં શ્રાવકને સર્વથા બ્રહ્મચર્ય ઉચ્ચરવાનું પણ જણાવે છે અને શ્રાવકની છટ્ઠી પ્રતિમામાં તો સર્વથા બ્રહ્મચર્ય પાળવાનું હોય છે જ) ભગવાન્ મહાવીર મહારાજે સીતોદગ-અપ્રાસુક આહાર-રાત્રિભોજન અને અબ્રહ્મનો જ માત્ર ત્યાં અધિક બે વર્ષમાં ત્યાગ કર્યો એટલું જ નહિ, પરંતુ અસંયમની પ્રવૃત્તિવાળી જે જે ક્રિયાઓ તે તે બધી ક્રિયાઓથી વિરક્ત થઈને જ કંઈક અધિક બે વર્ષ સુધી રહ્યા. વળી સામાન્ય ગૃહસ્થ માટે તો શું ? પરંતુ મતાન્તરના ત્યાગિવર્ગને પણ મુશ્કેલ પડે એવું ભગવાન્ મહાવીર મહારાજે એક કાર્ય કર્યું અને તે

એ કે फासु પાણીએ કરીને પણ સ્નાન કર્યું નહિં, પરંતુ હાથ પગનું ધોવું અને સ્થંડિલાદિક કર્યા પછી જે પ્રક્ષાલન કરવું તે તો જરૂરી હોવાથી કર્યું. પરંતુ તે પણ પ્રાસુક એટલે અચિત્તપાણીએ જ કર્યું. ઉપરની હકીકતથી સ્પષ્ટ થશે કે કદાચિત્ દીક્ષાના અભિલાષીઓને કુટુંબીજનો રોકવા માગે રોકાવું જ પડે તો તેને ઉપરના દૃષ્ટાંત પ્રમાણે- ૧ સચિત્ત જળ પીવું નહિં. ૨ સચિત્ત આહાર કરવો નહિ. ૩ સર્વથા બ્રહ્મચર્ય પાળવું. ૪ રાત્રિભોજનનો સર્વથા ત્યાગ કરવો. ૫ કોઈપણ ગૃહસ્થપણાની પ્રવૃત્તિમાં જોડાવું નહિં. ૬ ફાસુ પાણીએ પણ સ્નાન કરવું નહિં. (જો કે ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા સ્નાન વગર થઈ શકે નહિં અને પ્રભુની પૂજા કરવી તે શ્રાવકને માટે જરૂરી જ કાર્ય છે, છતાં જેઓ સ્નાનનો અને સચિત્તનો ત્યાગ કરે છે તેઓ વિમળધી ગણાય છે, અને તેવા વિમળધીને માટે ષોડશક અને પંચાશક આદિ ગ્રન્થોમાં પ્રભુની દ્રવ્યપૂજાની જરૂરીયાત સ્વીકારાયેલી નથી) માટે પૂજા ન થાય તો અડચણ નથી.

પ્રશ્ન-૫૬ શ્રમણ ભગવાન મહાવીર મહારાજે જે માતપિતાના કાળધર્મથી પ્રતિજ્ઞા પૂરી થયા છતાં પણ રહેવાનું કર્યું તે પ્રતિજ્ઞા લોપ ગણાય કે કેમ ?

સમાધાન -નિર્યુક્તિકાર મહારાજ શ્રીભદ્રબાહુસ્વામીજી આવશ્યક નિર્યુક્તિમાં અને શ્રીપર્યુષણાકલ્પમાં પણ એમજ જણાવે છે કે **णाहं समणो होहं अम्हापियरंमि जीवन्ते** તથા **णो कप्पइ मे अम्हापिऊहिं जीवंतेहिं मुण्डे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए-**

અર્થાત્ માતાપિતા જીવે ત્યાં સુધી સાધુપણું નહિં લેવું એટલી જ માત્ર પ્રતિજ્ઞા છે, પરંતુ એવી પ્રતિજ્ઞા નથી કે માતાપિતા કાળધર્મ પામે ત્યારે દીક્ષા લેવી જ. એટલે માતા-પિતાના કાળધર્મથી ગર્ભમાં રહેતા થકાં કરેલી પ્રતિજ્ઞા પૂરી થઈ છે એ વાત ખરી છે, પરંતુ અધિક બે વર્ષ વધારે રહેવાથી પ્રતિજ્ઞા પળાઈ નથી એમ કહી શકાય નહિં. આચાર્ય ભગવંત હરિભદ્રસૂરીજી પણ અભિગ્રહનું એ જ સ્વરૂપ જણાવે છે કે **तावदेवाधिवत्स्यामि ग्रहानहमपीप्सितः** અર્થાત્ જ્યાં સુધી આ ભવમાં માતા પિતા જીવે છે ત્યાં સુધી હું ઘરમાં પણ મારી ઈચ્છાથી રહીશ જ. અર્થાત્ તાવત્શબ્દની આગળ રહેલો એવકાર **अधिवत्स्यामि०** ક્રિયાપદની સાથે જોડી શકાય તેવો છે અને તેથી ઉપર જણાવેલા શાસ્ત્રને મળતો અર્થ થઈ શકે તેમ છે. વળી આ અષ્ટકજીમાં ઈચ્છાથી રહેવાનું જણાવીને નીચે પ્રમાણે સ્પષ્ટ કરે છે. જો કે ચારિત્ર મોહનીયનો ઉદય એ જ ચારિત્રને રોકનારી ચીજ છે. ચારિત્ર મોહનીયના ઉદય સિવાય કોઈ પણ

ગૃહસ્થપણામાં એટલે અવિરતિપણામાં રહેતું નથી, પરંતુ તે ગૃહસ્થપણામાં રાખનાર એવો જે ચારિત્ર મોહનીયનો ઉદય તે મારા શુભ પરિણામથી ખસી શકે એવો છે, પરંતુ માત્ર માતાપિતાના ઉદ્વેગના નિવારણને માટે તેમની અનુકંપાથી તે ચારિત્રમોહનીયના ઉપક્રમનો ઉદ્યમ નહિં કરું, પરંતુ ઈચ્છાપૂર્વક જ હું ગૃહવાસમાં રહીશ. આ વસ્તુ બરોબર સમજનારો મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે ભગવાન્ મહાવીર મહારાજનું તેમના માતાપિતાની હયાતિ સુધી ઘરમાં રહેવાનું જે અભિગ્રહદ્વારાએ થયું છે તે તેઓની ઈચ્છાથી જ છે અને માતાપિતાની અનુકંપા માટે જ છે, પરંતુ પોતાને ત્રીસ વર્ષ પછીજ દીક્ષા થવાની છે એવું અવધિજ્ઞાનથી જાણીને પછી અભિગ્રહ કર્યો છે એમ કહેવાય નહિં, અને એમ કહેવું તે શાસ્ત્રોને નહિં સમજવાવાળાનું કામ છે, જો કે આવશ્યકવૃત્તિમાં ગર્ભમાં રહ્યા થકાં કરેલા અભિગ્રહની વાત પછી **ज्ञानत्रयोपेतत्वात्** એમ હેતુ દેવામાં આવેલો છે, પરંતુ તે હેતુ ગર્ભમાં પણ અભિગ્રહની સંભાવનીયતાને માટે છે, પરંતુ અભિગ્રહના કારણ તરીકે તો **माउअणुकंपणट्ठाए** એ પદ પર્યુષણાકલ્પમાં તથા આવશ્યકવૃત્તિ વિગેરેમાં સ્પષ્ટપણે છે. જો અવધિજ્ઞાનથી દીક્ષા ન લેવાનું દેખ્યું હોત તો પછી માતાની અનુકંપા માટે અભિગ્રહ લીધો તેમજ તેમના કાળ સુધી રહેવા માટેનો અભિગ્રહ લીધો એ બન્ને વસ્તુ વ્યર્થજ થઈ જાત. વળી શાસ્ત્રકારોએ ચારિત્ર મોહનીયના ઉપક્રમનું અકર્ત્તવ્યપણું જણાવ્યું તે પણ વ્યર્થ જ થાત. કારણકે ત્રીસ વર્ષની ઉંમર પહેલાં ઉપક્રમની કર્ત્તવ્યતા થવાની જ નહોતી એ નિશ્ચિત જ છે. અવધિજ્ઞાનથી જો દીક્ષાકાળ જ દેખ્યો હોત તો ચારિત્ર મોહનીયકર્મના ઉપક્રમના પ્રયત્નનો અસંભવપણ દેખેલો જ હોત અને તેથી ઉપક્રમ નહિં કરવારૂપ ઈચ્છાની વાતને સ્થાન રહેત જ નહિં.

# સમાલોચના

૧- ચોથાપ્રશ્નમાં "इह पांचहुं परमेष्ठिहुं छे नमो-नमस्कार हउ" આ સ્થાને "છે" એ શબ્દ કલ્પિત અને અયોગ્ય છે. તથા इह શબ્દને સ્થાને इहुं હોય.

૨- પ્રતિક્રમણગર્ભના કર્તા શ્રીજયચંદ્ર છે. જયસુંદર કેમ કહ્યા છે ?

૩- स्त्रीणाम् એ પાઠમાં દષ્ટિવાદની ગંધ નથી અને સારાંશમાં "દષ્ટિવાદમાં-હોવાના કારણથી અને " કેમ લખાય છે ? સ્ત્રીપદનું સ્થાન અને અર્થ યોગ્ય સ્થાને કેમ નથી ! સમુચ્ચયાર્થ 'ચ' પણ નથી.

૪- દષ્ટિવાદ અને પૂર્વની અયોગ્યતા ઉપક્રમમાં લઈ સમન્વયમાં એકલા પૂર્વની વાત કેમ લેવાઈ?

૫- पूर्वगत પદનો પૂર્વની અંતરગત એવો પ્રશ્ન અને ઉત્તરમાં અર્થ કરનારે "परि-कर्मसूत्र-पूर्वानुयोग-पूर्वगत-चूलिका भेदात्" એ વાક્ય તથા શ્રીનંદિસૂત્રના पुव्वगए પાઠને નહિ જોયો હોય એમ કેમ નહિં !

૬- આત્મપ્રવાદ આદિ પૂર્વના આલાવા માગધી (પ્રાકૃત) છે કે નહિં? તે રહસ્યવેદી તો વિચારે જ, किंवदंती અને તાત્ત્વિકની વસ્તુ જુદી હોય; પૂર્વમાંજ સંસ્કૃત ભાષા છે, પણ આચારાંગાદિ સિદ્ધાન્તોમાં તે નથી એ વાત તો સંભવિત છે જ. ' ચૌદે પણ પૂર્વોમાં સંસ્કૃતભાષા છે જ' એ કથન પણ યુક્તિ બહાર નથી. પણ 'પૂર્વોમાં પ્રાકૃતભાષાજ નથી' એ કહેનારે તો રહસ્ય વિસાર્યું છે એમ કહેવું જ યોગ્ય છે.

૭- છટ્ઠા પ્રશ્નમાં વર્તમાનકાળમાં કાલગ્રહણ અને તપ આદિ વિધિથી થતા યોગને અંગે 'કંઠસ્થ ન થાય ત્યાં સુધી યોગ જ રાખવા અને આગળ પણ ન વધવું' એ માનનારો વર્ગ મહારાજ આત્મારામજીના સિવાય કોઈનો નહોતો, તો 'શું દુરાગ્રહી થવું નહિં?" એવી ભલામણ તેમણે કરી છે !

૮- શક્તિસંપન્ન આત્માઓએ અવશ્ય જે જે સૂત્રના યોગ ચાલતા હોય તે તે સૂત્રને કંઠસ્થ કરવું જ જોઈએ એવો એકાંત આગ્રહ ધરવો એ ઉચિત નથી. આ લેખ કોઈ શાસ્ત્રને આધારે છે ? શક્તિસંપન્નોએ પણ અધ્યયન કરવા સાથે યોગ ન કરવા એવું ક્યા શાસ્ત્રને આધારે કહેવાય ? શું स मुनिः। पठति स्म श्रुतं यावदुत्तराध्ययनत्रयम् એમ કહી તે શ્રીભાવવિજયજી તથા तेण तिन्नि उत्तरज्झयणाणि जाव अहीयाणि એમ શ્રીનેમિચંદ્રસૂરીશ્વરજી જણાવીને યોગની સાથે તે કાલે ભણવાનું થયું હતું એમ નથી જણાવતા?

૯- અશકટપિતા ચોથું અધ્યયન પણ બે દિવસમાં ભણતા નહોતા?

૧૦-"યોગ એવા છે કે જો ઉદ્યમ કરવા છતાં પણ ન આવડતું હોય તો અનુજ્ઞા કરાવવી"

આમ કહી યોગનો ભેદ પાડવો તે કેમ સાચું ગણાય? શ્રીભાવવિજયજીને અને શ્રીનેમિચંદ્ર મ૦ની ટીકાના પાઠોમાં તો ન આવડે ત્યાં સુધી આંબિલ કરવા તેને યોગ તરીકે જણાવે છે.

૧૧- વર્તમાનકાળમાં પણ શ્રુતસ્કંધાદિના સમુદેશ અને અનુજ્ઞાની આકસંધિની માફક અસંખ્ય અધ્યયનમાં ઉદ્દેશ, સમુદેશ અને અનુજ્ઞા વચ્ચે આકસંધિને લીધે અનુજ્ઞા સુધી આયંબિલ કરવાં જ પડે છે કે ?

૧૨-૪ શ્રીઅનુયોગદ્વાર આદિમાં ઉદ્દેશ આદિ શબ્દોના અર્થનો જાણનાર સુજ્ઞ તો ભણવાની સાથે ઉદ્દેશાદિને સંબંધ છે એમ માન્યા સિવાય રહેજ નહિં. જુઓ તે પાઠ -

**तत्र इदमध्ययनादि त्वया पठितव्यमिति गुरुवचनविशेष उद्देशः, तस्मिन्नेव शिष्येण अहीनादिलक्षणोपेतेऽधीते गुरोर्निवेदिते स्थिरपरिचयं कुर्विदमिति गुरुवचनविशेष एव समुद्देशः, तथा कृत्वा गुरोर्निवेदिते सम्यगिदं धारयान्यांश्चाध्यापयेति तद्वचनविशेष एवानुज्ञा.**

આ પાઠમાં સ્પષ્ટ છે કે ભણવાની જ આજ્ઞાનું નામ ઉદ્દેશ છે, અને ભણ્યા પછી જ સમુદ્દેશનો વિધિ થાય.

૧૩- વળી શ્રીઉત્તરાધ્યયનનું ઉત્તરાધ્યન એવું નામ પણ આચારાંગ કે દશવૈકાલિકની પછી ભણવાને અંગે જ છે. જુઓ ઉત્તરાધ્યયનનો પાઠ -

૧૪- વળી શ્રીભગવતીજીના વિધિમાં પણ અધ્યયન થાય તે પ્રમાણે જ ઉદ્દેશ આદિ જણાવ્યા છે. જુઓ તે પાઠ-૩-

**विशेषश्चायं यथा-शय्यंभवं यावदेष क्रमः, तदाऽऽरतस्तु दशवैकालिकोत्तरकालं पठयंत इति.** उत्त. १ आ-३ गा.

**पन्नत्तीए आइमाणं अट्ठण्हं सयाणं दो दो उद्देसगण्उद्दिसिज्जन्ति, णवरं चउत्थे सए पढमदिवसे अट्ठ. बितियदिवसे दो उद्देसगा उद्दिसिज्जंति, नवरं नवमाओ सताओ आरद्धं जावइयं एति तावतियं २ एगदिवसेणं उद्दिसिज्जति उक्कोसेणं सतंपि एगदिवसेणं, मज्झिमेणं दोहिं दिवसेहिं सतं, जहन्नेणं तिहि दिवसेहिं सतं, एवं जाव वीसतिमं सतं, णवरं गोसालो एगदिवसेणं उद्दिसिज्जति जदिठिओ एगेण चेव आयंबिलेणं अणुन्नज्जिहीति अह ण ठितो आयंबिलेणं छट्ठेणं अणुण्णवति, एक्कवीसबावीसतेवीसतिमाइं सताइं एक्केक्कदिवसेणं उद्दिसिज्जंति चउवीसतिमं सयं दोहिं दिवसेहिं छ छ उद्देसगा, पंचवीसतिमं दोहिं दिवसेहिं छ छ उद्देसगा, बंधिसयाइ अट्ठसयाइं एगेणं दिवसेणं, सेढिसयाइं बारस एगेणं, एगिंदियमहा-जुम्मसयाइं बारस एगेणं, एवं बेंदियाणं बारस, तेइंदियाणं बारस, चउरिंदियाणं बारस एगेण, असन्निपंचिं-दियाणं बारस, सन्निपंचिंदियमहाजुम्मसयाइं एक्कवीसं एगदिवसेणं उद्दिसिज्जंति, रासीजुम्मसतं एगदिवेसणं उद्दिसिज्जति** भगवतीसूत्रं पत्रं-९७९

૧૫- શ્રીવજસ્વામીજી અને અવ્યક્તનિન્હવના અધિકારને જાણનારાથી યોગ અને અધ્યયનને પરસ્પર અપેક્ષા જ નથી એમ કહીં શકાય ખરું કે ?

૧૬- યોગના વિધિમાં,સમુદેશની વખતે વાંચનાના આદેશ શું અધ્યયનનો સહભાવ નથી જણાવતા?

૧૭- વગર અધ્યયને ચોથા અધ્યયનની અનુજ્ઞા જણાવનાર વાક્યની સાથે આગળ પાંચમા આદિ અધ્યયનના શ્રુતના ઉદ્દેશાદિક થવાનું વાક્યા ક્યાં છે ?

૧૮- બીજા કોઈ સૂત્ર અધ્યયન કે ઉદ્દેશાને કંઠસ્થ કરવાનો લેખ નથી. એમ કહેનારે ભગવતીનો ઉપરનો વિભાગ જોવો જરૂરી છે. આકસંધિના પ્રસંગને ન સમજવો એ શું ગણાય ?

તા:ક : વગર અધ્યયને યોગ કરવામાં સામાચારી અને તેના ગ્રંથો એ જ આલંબન છે. પરંતુ એ વાત તો શાસ્ત્ર અને સામાચારીના ગ્રંથોથી પણ નિશ્ચિત છે કે અધ્યયન તો યોગના વહન સિવાય થાય નહિં. એટલે ખરો પ્રશ્નોત્તર તો એ જરૂરી હતો કે યોગ વહન કર્યા સિવાય અધ્યયન કરે અને પદસ્થો બને તે માન્ય કેમ ગણાય?

૧૯- **श्रीचंद्रगच्छीयकृत सुबोधा नामनी सामाचारीमां** - આ લખાણ રહસ્યવેદિતા તો શું? પાઠ તથા વ્યવહારની પણ અજ્ઞાનતા સૂચવે છે. શ્રીસુબોધા સમાચારી શ્રીશ્રીચંદ્રઆચાર્યની કરેલી છે. શ્રીશ્રીચંદ્રઆચાર્યનું નામ તેમાં સ્પષ્ટ જ છે.

(ગતાંકમાં પૃ. ૨૨૩ લીટી ૧૫માં 'सक्कहताइ' ત્યાં 'सक्कयताइ' न इत्थी વાંચવું)

(દાન૦ પ્રશ્ન૦ ક્રમશઃ)

**૧ આચાર્ય વિ. સિદ્ધિસૂરિજીનું ફરમાન કહેનારે ફરમાનની નકલ બહાર પાડવી જોઈએ, છતાં 'ના' કહેનારને બહાર પડાવવાનું કહેવું એ ફરમાન જણાવનારની ચોખ્ખી અસત્યતા જણાવે છે.**

**૨ લૌકિક ટીપ્પણાની અપેક્ષાએ છટ્ઠની વ્યવસ્થા માટે જે તિથિયો જણાવાઈ છે, તેને આરાધનામાં જોડી દેવાનું કાર્ય તો 'દુરાગ્રહ' શબ્દને સાર્થક કરનારાઓને શોભે.**

**૩ કોઈ વખત પણ આરાધનમાં પર્વતિથિઓનો ક્ષય અને વૃદ્ધિ શાસ્ત્ર અને પરંપરાને માનનારાઓએ માની નથી. સં. ૧૯૫૨થી જે ગોટાળો થયો છે, તે સંમૂચ્છિંમ સંતાનોનો જ પ્રભાવ છે.**

**૪ 'આહ્‌વાન' શબ્દ વાપરવામાં કેવલ પાલીતાણા ખાતે થયેલી ચર્ચાની ચોખ્ખી પીછે હઠની બળતરામાત્ર છે છતાં આવવાથી સદગૃહસ્થો સમક્ષ સમજાવાશે.**

**૫ નિર્ણય થઈ શકે તેવો એકઠા થવાનો પ્રસંગ થયા છતાં વિહાર કરી જઈ પીછે હઠ કરી પેપરમાં જે લેખિતનાં બણગાં ફુંક્યાં તે પણ જૈન જનતાની આંખે અંધાર પછેડો ઓઢાડવાનું કાર્ય છે.**　　(વીર ! શાસન તા. ૧૨-૪-૪૦)

# તીર્થયાત્રા - સંઘયાત્રા

(ગતાંકથી ચાલુ)

પરંતુ આગલી જીંદગીમાં વધારે સુખ કે શાંતિ મેળવવાની લાલસાએ પણ બ્રહ્મચર્ય કેટલીક મુદત પાળવાનું જણાવે અને તેવો મનુષ્ય પણ સાધુમહાત્મા પાસે તેટલી મુદતના બ્રહ્મચર્યનાં પચ્ચખ્ખાણ માંગે તો તેવાં પચ્ચખ્ખાણ પણ સાધુમહાત્માઓ આપે છે અને તેઓ તે પચ્ચખ્ખાણ આપવાથી માર્ગથી ચૂકતા નથી એ ચોખ્ખું છે, વળી ધમ્મિલહિંડી નામના ગ્રન્થને વાંચનાર જાણનાર અને સમજનાર મનુષ્ય જો સુજ્ઞ હોય તો કોઈપણ દિવસ એમ નહિં કહી શકે કે પારલૌકિક કે ઈહલૌકિક ફલ માટે કરાતા ધર્મનો વિરોધ કરવો એટલે તેવાં પચ્ચખ્ખાણ ન આપવાં અગર તેવો ધર્મ વ્યર્થજ છે એમ કહી તેવી પ્રતિજ્ઞાથી રોકવો. ધર્મમાં એમ બની શકે જ નહિં, તેવી જ રીતે અત્યંત લોભ કરનારાઓની દુર્દશા દેખીને તેવી દુર્દશા કોઈ પ્રસંગે પોતાની ન થઈ જાય એવા ઉદેશથી જો કોઈ વ્યક્તિ અધિકપરિગ્રહનો નિયમ માગે તો એવી વ્યક્તિને તે નિયમ આપવામાં ધર્મપરાયણ પુરૂષ ધર્મમાર્ગથી ખસે છે એમ તો કોઈપણ જૈનશાસનને સમજનારો મનુષ્ય માની શકે તેમ નથી. આ ઉપર જણાવેલી હકીકત ધ્યાનમાં લેવાથી વાચકવર્ગને સ્પષ્ટપણે માલમ પડશે કે જેમ લોકોત્તરદષ્ટિએ ત્રિલોકનાથ તીર્થંકર ભગવાનના જીર્ણમંદિરના ઉદ્ધારની કર્તવ્યતાનો ઉપદેશ અને ઉદ્દેશ્ય જેવી રીતે સુજ્ઞમનુષ્યોને રહે, તેવી જ રીતે તે લોકોત્તરતત્ત્વને સમજ્યા છતાં અને તેનો ઉદ્દેશ્ય છતાં પારલૌકિક અને ઈહલૌકિક ફળોની ધારણાએ પણ જિનેશ્વર ભગવાનના જીર્ણમંદિરના ઉદ્ધારની કર્ત્તવ્યતા છે એમ લાગે તો તેમાં આશ્ચર્ય જ નથી અને તેથી લોકોત્તર અને પારલૌકિક ફળ જણાવ્યા પછી શ્રાદ્ધદિનકૃત્યગ્રન્થના સૂત્રકર્તા જીર્ણોદ્ધારના ઈહલૌકિકફળને જણાવે છે. અતિચાર કરવાનો ઉપદેશ ઉદેશ ન હોય છતાં સાતિચાર અનુષ્ઠાનો છોડવાં એવો ઉપદેશ કે ઉદેશ ન હોય તેમ પૌદ્ગલિક ઈચ્છાની હેયતા છતાં તે માટે પણ ધર્મ હેય તો ન જ હોય. એટલે જીર્ણોદ્ધારની એ દૃષ્ટિએ પણ કર્ત્તવ્યતા અયોગ્ય નથી.

## જીર્ણોદ્ધારની અને જીર્ણોદ્ધાર કરાવનારની મહત્તા કેટલી ?

ભગવાન્ જિનેશ્વર મહારાજના જીર્ણમંદિરનો ઉદ્ધાર કરાવનાર મહાપુરુષે આત્માને ભયંકર ભવસમુદ્રમાંથી ઉદ્ધર્યો વિગેરે લોકોત્તર અને પારલૌકિક જ ફળ મેળવ્યું છે એમ નહિં, પરંતુ આ લોકમાં પણ તે ઉદ્ધરનારે સારી કીર્તિ મેળવેલી છે, જો કે કીર્ત્તિ એ સારી ચીજ જ છે અને તેથી કીર્ત્તિને સારી એવું વિશેષણ આપવાની જરૂર રહેતી નથી, પરંતુ કેટલાંક દાન અને પુણ્યનાં કાર્યો એવાં હોય છે કે જેના પરિણામે જગતમાં કીર્ત્તિ તો થાય, પરંતુ પરભવ એટલે પારલૌકિકફળ કે લોકોત્તરતત્ત્વનો ઉદય ન પણ હોય, જેવી રીતે રાજામહારાજાઓને દાનાદિકથી કીર્ત્તિની પ્રાપ્તિ થાય છે છતાં તેવી રીતની કીર્ત્તિ સ્વરૂપે સારી છતાં પણ અનુબંધ એટલે ફળની પરંપરાએ સારીજ હોય એવો નિયમ નથી, પરંતુ જિનેશ્વર ભગવાનના મંદિરનો ઉદ્ધાર કરાવનાર મહાપુરૂષોને તે ઉદ્ધાર કરવાથી મળેલી જે કીર્ત્તિ તે તો રાજાદિકને દાનાદિકથી થનારી કીર્ત્તિ જેવી હોતી નથી, પરંતુ પારલૌકિક ઉત્તમફળો અને લોકોત્તરમાર્ગની ઉન્નતિવાળી હોય છે, તેથી તેને મળેલી કીર્ત્તિ તે સારી કીર્તિ ગણાય. માટેજ અહિં સુકીર્તિ એવો શબ્દ વિશેષણ યુક્ત વાપરેલો છે. વળી જીર્ણોદ્ધાર કરનારે જગતમાં સત્પુરૂષોનો માર્ગ અન્યજીવોને દેખાડ્યો છે એમ શાસ્ત્રકાર જણાવે છે. મતલબ એ છે કે સામાન્યરીતે જાનવરો કે મનુષ્યો પોતપોતાની જાતની રીતિ પ્રમાણે વર્ત્તે છે.

અનાર્ય અને જંગલી મનુષ્યો પણ પોતાની પૂર્વપુરૂષોની રીતિ પ્રમાણે વર્ત્તે છે, અને તે તે વર્ત્તનોથી તે તે જાતિની સ્થિતિ ઓળખાય છે, પરંતુ ઉત્તમ પુરૂષોનો માર્ગ તો તેવાઓથીજ અનુકરણમાં લેવાય છે કે જેઓ ઉત્તમપુરૂષો હોય છે. અર્થાત્ ઉત્તમપુરૂષો પોતાના ઉત્તમ આચરણથી પોતાની એકલાની જ ઉત્તમતા જણાવે છે એમ નહિં, પરંતુ પોતાના ઉત્તમ આચરણથી તે સત્પુરૂષો વર્ત્તમાનકાળના અન્ય સત્પુરૂષો અને પૂર્વકાળના સત્પુરૂષોની ઉત્તમરીતિ જગતને દેખાડે છે. એવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજના જીર્ણમંદિરનો ઉદ્ધાર કરનારે જીર્ણોદ્ધારના મહાન્ કાર્યને કરીને પોતાની ઉત્તમતા દેખાડી છે, એટલું જ નહિ, પરંતુ ભગવાન જિનેશ્વર મહારાજની ઉત્તમતા એટલે પૂજ્યતા જગતમાં અદ્વિતીયપણે જાહેર કરી છે. વળી જિનેશ્વર ભગવાન્‌ની પ્રતિમા ભરાવનાર જે ઉત્તમપુરૂષ તેમની પણ ઉત્તમતા જગતમાં જાહેર કરી છે. તે પ્રતિમા જે મંદિરમાં બિરાજમાન કરવામાં આવી હતી તે મંદિરને કરાવનાર મહાપુરૂષની પણ ઉત્તમતા જગતમાં જાહેર કરી છે. એટલુંજ નહિં, પરંતુ ભગવાન્ જીનેશ્વર મહારાજની મૂર્તિ અને મંદિરને અંગે જે જે રક્ષણ ઉદ્ધાર-વૃદ્ધિ વિગેરે કાર્યો પૂર્વે થયાં હોય તે તમામ કાર્યો કરનારની ઉત્તમતા પણ તે જીર્ણોદ્ધાર કરનાર મહાપુરૂષે જગતમાં જાહેર કરી છે. આ વસ્તુ વિચારનાર મનુષ્ય ભગવાન્ જિનેશ્વર મહારાજના મંદિરનો જીર્ણોદ્ધાર કરનાર લોકોત્તરમાર્ગના કેટલા બધા ઈતિહાસને સારાપણે ગવડાવનારો થાય છે તે સમજી શકશે અને તે દ્વારા જીર્ણોદ્ધારની અને જીર્ણોદ્ધાર કરાવનારની મહત્તા સમજી શકશે. (આ સ્થાને એ વાત કહેવી અસ્થાને નહિં ગણાય કે દ્રૌપદીજીએ ભગવાન જિનેશ્વર મહારાજની પૂજા કરી છે એ વાત શ્રીજ્ઞાતાસૂત્રમાં પ્રસિદ્ધ છે અને તેથી જ તેને જિનેશ્વર ભગવાનની પૂજા સમ્યક્ત્વવાળા જીવોને કરવાલાયક છે એમ સ્હેજે સાબીત થાય છે, અને દ્રૌપદીનું સમ્યક્ત્વ સહિતપણું તો નારદ સરખા લૌકિક મહર્ષિને અભ્યુત્થાન સરખો સત્કાર ન કરતાં અસંયત અવિરત-અપ્રતિહત-અપ્રત્યાખ્યાત પાપકર્મા ધારીને કંઈ પણ વિનય ન કર્યો એ હકીકતથી પ્રસિદ્ધ જ છે. પ્રથમ તો જીવાદિક તત્ત્વોના અભિગમ અને તેવી શ્રદ્ધા વગર અસંયતપણાદિકનો વિચાર તે વાળાની પરીક્ષા તથા નિર્ણય અને તે વાળાના વિનયને અંગે અયોગ્યપણું નિશ્ચિત કરવું તે જ અસંભવિત છે, વળી શાસ્ત્રોમાં જ્યાં જ્યાં લૌકિકદેવોની પૂજાના અતિદેશો આવે છે. ત્યાં કોઈ પણ જગા પર સૂર્યાભદેવે કરેલી ભગવાન્ જિનેશ્વર દેવની પૂજાનો અતિદેશ-એટલે ભલામણ છે જ નહિં, પરંતુ બીજી બીજી જ ભદ્રા સાર્થવાહી જેવીની ભલામણો છે અને સૂર્યાભદેવે કરેલી પૂજાની ભલામણ તો જેમ અહિં દ્રૌપદીએ કરેલી ભગવાન્ જીનેશ્વરની પૂજા કે જે સમ્યક્ પૂજા છે તેમાં કરવામાં આવી છે, તેવીજ રીતે ઈન્દ્રાદિકોએ કરેલી ભગવાન્ જિનેશ્વરની પૂજામાં જ તેની ભલામણ કરવામાં આવી છે, એટલે તે દ્રૌપદીની પૂજામાં સૂર્યાભદેવની ભલામણ હોવાથી પણ તે સમ્યક્ત્વપૂજા જ છે અને સમ્યગ્‌દષ્ટિની જ કરેલી પૂજા છે એમ નક્કી થાય છે, છતાં પ્રતિમાનાલોપક એવા લુંપકોના સંતોષની ખાતર કદાચ એમ માની લેવામાં આવે કે દ્રૌપદી ભગવાન જિનેશ્વરની પૂજાની વખતે સમ્યક્ત્વવાળી નહોતી, તો પણ સજ્જન પુરૂષો તેવા વચનથી તો અત્યંત જિનેશ્વર ભગવાનની પૂજાનીજ કર્ત્તવ્યતા ગણે કારણ, કે જે મનુષ્ય જે દેવ અગર મતને માનતો હોય તે દેવ અગર તે મતના અધિકારીના તરફ પૂજ્ય ભાવના તો પોતાની માન્યતા અગર આગ્રહથી રાખે, પરંતુ જે મનુષ્ય જે મતની માન્યતાવાળો ન હોય અગર વિરૂદ્ધ માન્યતાવાળો હોય એટલે યથાભદ્રકપણ ન હોય, પરંતુ મિથ્યાત્વી જ હોય, તો તેવો મનુષ્ય લોકોત્તર માર્ગના

અધિષ્ઠાતા અને લોકોત્તર માર્ગવાળાને પૂજ્ય એવા ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા કરવાને તૈયાર ક્યા હિસાબે થાય ? કહેવું જ જોઈએ કે કાં તો આખા જગતમાં ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાને અંગે પરમપૂજ્યતા દૃઢ થઈ ગયેલી હોય કે જેને ઉલ્લંઘન કરવાની તાકાત તે યથાભદ્રક કે મિથ્યાદૃષ્ટિમાં હોઈ શકે નહિં અને તેથી જ પ્રતિમાલોપકોના મત પ્રમાણે મિથ્યાત્વીપણામાં રહેલી દ્રૌપદીને પૂજા કરવાની ફરજ પડી હોય, અગર ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાના અધિષ્ઠાયકોનું એટલું બધું પ્રાબલ્ય હોય કે કોઈ પણ યથાભદ્રક કે મિથ્યાદૃષ્ટિને પોતાને માન્ય એવી ભગવાન્ જિનેશ્વરદેવની પ્રતિમાની પૂજા કર્યા સિવાય કંઈ પણ કાર્ય કરવા માંગે તો તેમાં વિઘ્ન નાંખીને તે કાર્યને રખડાવી દે. તો તેવા ડરથી તે યથાભદ્રક કે મિથ્યાદૃષ્ટિને પણ ભગવાન્ જિનેશ્વર મહારાજની પણ પૂજા કરવી પડે. અથવા તો પોતાના કુળની પરંપરામાં એવા સમ્યગ્દૃષ્ટિ મહાપુરૂષો થયેલા હોય કે જેઓએ પોતાના દરેક લૌકિક કે લોકોત્તરકાર્યમાં ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજ્યતા દાખલ કરી હોય અને તે પૂજ્યતા અસ્ખલિતપણે કુલ પરંપરાએ ચાલી આવતી હોય તેથી તે ભદ્રિક કે મિથ્યાદૃષ્ટિને પણ મને કે કમને ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજા કરવી પડતી હોય. આ હકીકત વિચારનાર એવા પ્રતિમાના લોપક એવા લુંપકોને સ્પષ્ટરીતે માનવાની ફરજ પડશે કે ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજ્યતા દ્રૌપદીજીના સમયમાં આખા જગતના પ્રવાહથી પ્રવર્ત્તેલી હતી અગર અધિષ્ઠાયકના જોરે પ્રવર્ત્તેલી હતી, અથવા તો પૂર્વપુરૂષોના બળવત્તર સમ્યક્ત્વના આચારને અંગે પોતાના કુળમાં સર્વત્ર પ્રવર્ત્તેલી હતી, અને તેને લીધે જ લુંપકોના મત પ્રમાણે મિથ્યાત્વવાળી એવી પણ દ્રૌપદીને વિવાહ જેવા કેવળ લૌકિકપ્રસંગમાં પણ ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા કરવાની જરૂર પડી, જો આવી રીતે લુંપકોને માનવાની જરૂર પડે તો સ્પષ્ટ કહેવું પડશે કે લુંપકના ઘરમાં બકરી કાઢતાં ઉંટ પેઠું છે અર્થાત્ એકલી દ્રૌપદીએ ભગવાનની પ્રતિમાને પૂજી તેથી ભગવાનની પૂજ્યતા ન ગણી તો જગતપ્રવાહ-અધિષ્ઠાયક પ્રાબલ્ય અને કુલપરંપરા દ્વારાએ સમ્યગ્દૃષ્ટિદ્વારાએ પ્રતિમાની પરમ પૂજ્યતા સાબીત થઈ ગઈ.) એટલું જ નહિં, પરંતુ આ જીર્ણોદ્ધારના કાર્યથી પૂર્વપુરૂષના માર્ગને દેખાડવાનું જણાવ્યું છે તેની માફક તે દ્રૌપદીએ સૂર્યાભદેવની ભલામણને લીધે કરેલી ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજાને લીધે જ નીચે જણાવવામાં આવે છે તે પ્રમાણેની કાર્યોથી સત્પુરૂષોની કીર્ત્તિ જણાવાયેલી છે ૧ ભગવાન્ જિનેશ્વર મહારાજાની મૂર્તિ ભરાવવાનો વિધિ તે વખતે હતો. ૨ ભગવાન્ જિનેશ્વર મહારાજની મૂર્ત્તિ વિધિ પ્રમાણે તે વખતમાં અને તે વખતના પ્હેલાંના પુરૂષોમાં પણ ભરાવવાનો રીવાજ હતો. ૩ ભગવાન્ જિનેશ્વર મહારાજની મૂર્ત્તિની પ્રતિષ્ઠા કરાવવાનો વિધિ અને તે જણાવનાર શાસ્ત્રો હતાં ૪ શાસ્ત્રમાં કહેલા વિધિપ્રમાણે ભગવાન્ જિનેશ્વર મહારાજાની અંજનશલાકાઓ કરવામાં આવતી હતી. ૫ ભગવાન્ જિનેશ્વરમહારાજની અંજનશલાકાઓ કરી મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવામાં આવતી હતી ૬ ભગવાન જિનેશ્વરમહારાજની અંજનશલાકા થયેલી મૂર્તિઓને પધરાવવા માટે જૈનમંદિરો પણ થતાં હતાં. ૭ ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમા અને તેના મંદિરોનું રક્ષણ ઉદ્ધાર અને વૃદ્ધિ વિગેરે કાર્યો પણ સતતપણે કરાતાં હતાં ૮ ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજ્યતા આખા જગતમાં દાખલ થયેલી હતી, જગતમાં કહેવત છે કે યથા રાજા તથા પ્રજા એટલે રાજકુટુંબોમાં એક છોકરીને વિવાહ જેવા સર્વથા લૌકિક માર્ગના

આદરની વખતે ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજા કરવાની જરૂર પડે અને તે ભગવાન્ જિનેશ્વર મહારાજની હયાતિમાં જ્યારે રાજકુટુંબમાં તેવી રીતે ભગવાનની પ્રતિમાની પૂજાનો રીવાજ હોય તો પછી ભગવાન્ જિનેશ્વરમહારાજના શાસનની ઉત્તમતાને લીધે તેમજ રાજકુલની અનુયાયિતાને લીધે સમગ્ર જગતમાં જિનેશ્વર ભગવાનની પ્રતિમાની પૂજ્યતા પ્રચલિત થઈ ને રૂઢ થઈ ગયેલી હોય તેમાં આશ્ચર્ય શું? ) આ હકીકત વિચારવાથી સ્પષ્ટ થશે કે જેમ દ્રૌપદીજીએ ભગવાન્ જિનેશ્વર મહારાજની પ્રતિમાની પૂજા કરી તેટલા માત્રથી તે અંજનશલાકા કરનાર વિગેરે સર્વ પુરૂષોનો ઉત્તમ માર્ગ જગતમાં જાહેર થયો, તેવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજના મંદિરનો જીર્ણોદ્ધાર કરનાર મહાપુરૂષ પણ તે દહેરાની પ્રતિમાની અંજનશાલાકા કરનાર વિગેરે મહાપુરૂષોના માર્ગને દેખાડનારો થાય તેમાં આશ્ચર્ય શું ? આવી રીતે જીર્ણોદ્ધાર કરાવાય તે ભવમાં સુકીર્તિ અને સત્પુરૂષના માર્ગને દેખાડવાપણું જણાવીને જીર્ણોદ્ધાર કરનારને આનુષંગિક ઉત્તમ ફળો મળે અને પારંપરિકપરમફળ મળે તે વાત જણાવતાં શાસ્ત્રકાર આગળની ગાથા કહે છે.

### દ્રવ્યનો વાસ્તવિક અર્થ શો ?

ભગવાન્ જિનેશ્વર મહારાજના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવાવાળા મહાનુભાવો કેટલાક તો તે જ ભવમાં સિદ્ધપદને વરે છે. વાચકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજની પુષ્પાદિક દ્રવ્યોવડે કરવામાં આવતી પૂજાને શ્રીચતુર્વિધ સંઘ સામાન્યરીતે દ્રવ્યપૂજા તરીકે ગણે છે, પરંતુ શાસ્ત્રકારો દ્રવ્યપૂજાના અર્થનું વિવેચન કરતાં દ્રવ્યશબ્દના બે અર્થ જણાવે છે. એક અર્થ તો ભાવના કારણ તરીકે રહેલી વસ્તુને દ્રવ્ય ગણાવે છે. અને તેથી દ્રવ્યશબ્દ કારણ અર્થમાં વપરાય છે. આજ ભેદને અનુસરીને શાસ્ત્રોમાં **भूतस्य भाविनो वा भावस्य हि कारणं तु यल्लोके तद् द्रव्यं तत्त्वज्ञैः, सचेतनाचेतनं कथितम्।** અર્થાત્ ભૂતકાળમાં થયેલી વિવક્ષિત અવસ્થારૂપ ભાવનું જે કારણ હોય અથવા ભવિષ્યકાળમાં થનારી વિવક્ષિત અવસ્થારૂપ ભાવનું જે કારણ હોય તેને દ્રવ્ય તરીકે કહેવામાં આવે છે. પછી તે દ્રવ્ય તરીકે ગણાતું કારણ સચેતન હોય તો પણ દ્રવ્ય તરીકે ગણાય. અને અચેતન તરીકે હોય તો પણ દ્રવ્ય તરીકે ગણાય. જો કે અનુયોગદ્વારાદિ મૂલશાસ્ત્રોમાં **अणुवओगो दव्वं** એમ કહી અનુપયોગને દ્રવ્ય તરીકે ગણવામાં આવે છે, પરંતુ આગમ થકી ભાવવસ્તુને ઉપયોગ તરીકે ગણવામાં આવતી હોવાને લીધે તે ઉપયોગના કારણભૂત એવું જ્ઞાન હોય અગર તો શબ્દ હોય અને તે કારણરૂપ જ્ઞાન અગર શબ્દ છતાં પણ જ્યારે ઉપયોગ ન હોય ત્યારે તે ઉપયોગ વગરનું જ્ઞાન હોય તે અગર શબ્દ હોય તે પણ ભૂતકાળના ઉપયોગરૂપ ભાવનું કાર્ય હોય અગર ભવિષ્યકાળના ઉપયોગરૂપી ભાવનું કારણ હોય અને તેને લીધે તે ઉપયોગ વગરના શબ્દ અગર જ્ઞાનને દ્રવ્ય તરીકે જણાવે છે. આ જ કારણથી વાચકોએ ધ્યાન રાખવાની જરૂર છે કે ઉપયોગ રહિતને એટલે અનુપયોગને જે દ્રવ્ય તરીકે ગણવામાં આવે છે તે દ્રવ્ય આગમભેદની અપેક્ષાએ જ ગણવામાં આવે છે, જો કે દ્રવ્ય થકી નોઆગમના ભેદોમાં પણ ઉપયોગની ભાવરૂપ અવસ્થા હોય નહિં એ સ્વાભાવિક જ છે, પરંતુ તેનો આગમ થકી દ્રવ્યના વિચારની વખતે દ્રવ્યશબ્દથી કારણતા લઈને જેને આગમદ્રવ્યપણું કહેવામાં આવે છે તે નોઆગમ થકી એટલે જ્ઞાન અને ક્રિયા બન્નેના સંયુક્તપણારૂપ ભાવનિક્ષેપાની અપેક્ષાએ કહેવામાં આવે છે અને તેથી જ નોઆગમ

દ્રવ્યના ભેદોમાં જ જ્ઞશરીર અને દ્રવ્યશરીર જેવા વિભાગો દાખલ કરવામાં આવેલા છે. આ હકીકત સમજવાથી એટલું નક્કી થશે કે ઉપયોગરૂપી ભાવઆગમનું કારણ જ્ઞાન અને શબ્દ છે માટે તેને દ્રવ્ય કહેવામાં આવે છે અને નોઆગમથી ઉપયોગ સહિત ક્રિયાનું કારણ શરીર વિગેરે હોવાથી તે શરીર વિગેરેને તો નોઆગમથકી દ્રવ્ય તરીકે ગણવામાં આવે છે, એટલે સ્પષ્ટ થયું કે ભવ્યજીવોને દરકાર કરવા લાયક અને અપેક્ષા રાખવા લાયક એવી વસ્તુઓમાં દ્રવ્યશબ્દથી દ્રવ્યનિક્ષેપાની વખતે કારણ અર્થ લેવાની જરૂર પડે છે.

પરંતુ જગતના જીવોની પરિણતિની વિચિત્રતા હોવાને લીધે તેમજ પદાર્થોની વિચિત્રતા હોવાને લીધે કેટલીક વખત વિદ્યમાનભાવનું ઉપાદાનકારણ પણ ન હોય, તેમજ ભૂત અને ભાવિ એવા કાળના ભાવનું ઉપાદાન કારણ કે નિમિત્ત કારણ પણ ન હોય, છતાં જગતના હોય તે જીવો તેવી વસ્તુને સુજ્ઞપુરૂષો જે નામે ભાવને બોલાવતી નામે ઓળખાવવા તૈયાર થાય છે. દૃષ્ટાંત તરીકે જૈન જનતામાં અત્યંત પ્રસિદ્ધ એવા આર્દ્રકનામગોત્રને વેદવાવાળા આર્દ્રકકુમારને આર્દ્રક તરીકે ઓળખવામાં આવે છે, તેવી જ રીતે કંદમૂળમાં ગણાતું **અલ્લ અથવા શૃંગબેર** શબ્દથી જે આદુ છે તે પણ સંસ્કૃતમાં **આર્દ્રક** તરીકે કહેવામાં આવે છે, વાચકવર્ગ સ્હેજે સમજી શકશે કે તે કંદમૂળ રૂપ આર્દ્રકને વાસ્તવિક ભાવરૂપ તે આર્દ્રકુમારની સાથે કોઈ પણ પ્રકારે ઉપાદાન કારણરૂપે કે નિમિત્ત કારણરૂપે સંબંધ નથી, એટલે આદુ એવો જે પદાર્થ તેને આર્દ્રકશબ્દથી જે બોલાવવામાં આવે તે દ્રવ્ય આર્દ્રક તરીકે તો કહેવું જ પડે. કેમકે જગતે તે **દ્રવ્યને** આર્દ્રક એટલે આદુ શબ્દથી જણાવેલું છે અને વ્યવહારમાં પણ લીધેલું છે.

## સિધ્ધાદિક ચાર પરમેષ્ઠિમાં દ્રવ્યભાવપણું કેવી રીતે ?

એવી જ રીતે સર્વકર્મના ક્ષયથી સિદ્ધિપદને પામવાવાળા વાસ્તવિક સિદ્ધો એટલે ભાવસિદ્ધોની અપેક્ષાએ શિલ્પસિદ્ધ-કર્મસિદ્ધ-યાત્રાસિદ્ધ-અર્થસિદ્ધ વગેરે સિદ્ધો કે જગતમાં સિદ્ધિવાળા ગણાઈને સિદ્ધ શબ્દથી બોલાવાય છે અને તેવો તેમનો વ્યવહાર પણ કરાય છે, છતાં તે શિલ્પાદિક વસ્તુઓમાં સિદ્ધિ મેળવીને મેળવાતું શિલ્પાદિસિદ્ધપણું કોઈ પણ પ્રકારે કર્મક્ષયથી સિદ્ધ થવારૂપ પારમાર્થિક સિદ્ધોની અપેક્ષાએ નથી તો ઉપાદાન કારણરૂપે, તેમ નથી તો નિમિત કારણરૂપે, છતાં તે શિલ્પાદિક સિદ્ધોને જે સિદ્ધપુરૂષ તરીકે ગણવામાં આવે છે તે પણ દ્રવ્યસિદ્ધ છે, એમ તો કહેવું પડે, એવી જ રીતે વાસ્તવિક આચાર્યપણું જેઓ જ્ઞાનાચારાદિક પાંચે આચારોને આચરવા પૂર્વક જગતમાં નિરૂપણ કરનારા અને રક્ષણ કરનારા તથા જગતને તે આચારના માર્ગમાં લાવવાવાળા તથા સ્થિર કરવાવાળા અને રક્ષણ કરવાવાળા હોય તે જ ગણાય છે, છતાં અર્થશાસ્ત્રનું અધ્યાપન કરાવનાર, તેમજ ધનુર્વેદ, આયુર્વેદ અને કામશાસ્ત્ર આદિ શીખવનાર અને વળી બુદ્ધાદિકના નિરૂપણ કરેલા ઉન્માર્ગમાં પ્રવર્ત્તવાવાળા અને પ્રવર્ત્તાવવાવાળા વિગેરેને પણ જગતમાં આચાર્ય તરીકે ઓળખવામાં આવે છે અને તેજ ધનુર્વેદાદિક અપેક્ષાએ ગણાતા આચાર્યો ઉપર જણાવેલા જ્ઞાનાદિક પાંચ આચારની અપેક્ષાએ ભાવાચાર્યો છે તેમના અંગે તે ધનુર્વેદાદિ આચાર્યો નથી તો ઉપાદાન કારણરૂપ? તેમ નથી તો નિમિત્ત કારણરૂપ છતાં પણ તેઓ આચાર્ય તરીકે તો કહેવાય છે, માટે તેવા આચાર્યોને દ્રવ્યઆચાર્યોની કોટિમાં નાંખવા જ પડે, જેવી રીતે વાસ્તવિક સિદ્ધ અને આચાર્ય મહારાજ તથા અવાસ્તવિક સિદ્ધ અને આચાર્યને અંગે ભાવ તથા દ્રવ્ય તરીકે વિભાગ

કરવામાં આવ્યો, એવી જ રીતે દ્વાદશાંગી અધ્યયનને કરાવનારા વાસ્તવિક ઉપાધ્યાયો અને અર્થ કામ વિગેરેના શાસ્ત્રોને ભણાવનારા અવાસ્તવિક ઉપાધ્યાયો તે ગણાય તેમજ સર્વ દુઃખના ક્ષયથી આત્માની શુદ્ધ અવસ્થામાં સ્થિર થવારૂપી મોક્ષને સાધનારા વાસ્તવિક સાધુ ભગવંતો અને ઉદર ભરણાદિક કરવા માટે અગર પારલૌકિક પૌદ્‌ગલિક સુખને માટે અથવા તો શુદ્ધવાસના રહિતપણે હોવા છતાં જેઓ યોગી સંન્યાસી આદિના વેષોને ધારણ કરનારા હોય તેવા દુનિયામાં ગણાતા સાધુની અપેક્ષાએ પણ ભાવ અને દ્રવ્યનો વ્યવહાર જાણી લેવો એ જેમ અપ્રાસંગિક નથી તેમ બીન જરૂરી પણ નથી.

## દ્રવ્યતીર્થંકર કોણ હોઈ શકે ?

કદાચ શંકા કરવામાં આવે કે જેવી રીતે શિલ્પાદિકસિધ્ધોને દ્રવ્ય સિદ્ધ તરીકે, ધનુર્વેદાદિ આચાર્યોને દ્રવ્ય આચાર્યો તરીકે અને કામશાસ્ત્રાદિના અધ્યયનને કરાવનારાઓને દ્રવ્યઉપાધ્યાય તરીકે તથા યોગી સંન્યાસી વિગેરેને દ્રવ્યસાધુ તરીકે જગતના વ્યવહારને લીધે ગણવામાં આવ્યા. તો પછી તેવી જ રીતે ગોશાળો અને જમાલિ વિગેરે પોતાને તીર્થંકર તરીકે ગણાવતા હતા, અને તેમના ભક્તો તેમને માટે તીર્થંકરપણાનો વ્યવહાર કરતા હતા, માટે તે ગોશાળા અને જમાલિ વિગેરેને દ્રવ્યતીર્થંકર તરીકે કેમ ન ગણવા? શાસ્ત્રકારમહારાજાઓ તો दव्वजिणा जिणजीवा० એમ કહી માત્ર જિનેશ્વરપણું મેળવનાર એવા જીવોને જ દ્રવ્યજીન એટલે દ્રવ્યતીર્થંકર કહેવાનું કહે છે. ઉપર જણાવેલી શંકાના સમાધાનમાં પ્રથમ તો એ સમજવાનું છે કે કર્મની એકસો અઠ્ઠાવન પ્રકૃતિઓમાં જિનેશ્વર ભગવાન્ થવાવાળા જીવો માટે જિન એવા નામનું કર્મ ગણવામાં આવેલું છે. એટલે જે જીવો તે જિન નામકર્મને બાંધવાવાળા થયા હોય કે થવાવાળા હોય તેવાઓને જ ભાવજિનની અવસ્થા પ્રાપ્ત થવા પહેલાં અગર ભાવજિનની અવસ્થા વ્યતીત થયા પછી દ્રવ્યજિન તરીકે કહી શકાય ? એટલે સ્પષ્ટ થયું કે દ્રવ્યજિનપણું લોકવ્યવહારની અપેક્ષા ઉપર આધાર રાખવાવાળું નથી, પરંતુ માત્ર જિન નામકર્મની ઉપર જ આધાર રાખનારું છે.

## ઉપાદાન અને નિમિત્ત કારણરૂપ દ્રવ્ય શબ્દ ક્યાં સંભવે ?

જૈનજનતા એ પણ સારી રીતે જાણે છે કે સિદ્ધપણાદિકને માટે કર્મની ગણાવાતી એકસો અઠ્ઠાવન પ્રકૃતિઓમાં કોઈ પણ સિદ્ધાદિક નામનું કર્મ નથી. તેથી સિદ્ધાદિકના પ્રસંગે દ્રવ્ય સિદ્ધાદિક તરીકે લોકવ્યવહારથી જાણતા શિલ્પાદિસિદ્ધ વિગેરેને જ લેવા પડે, જો સિદ્ધ વગેરે નામનું કર્મ હોત તો તેની પૂર્વાપર અવસ્થા લઈને તે તે કર્મવાળાને દ્રવ્યસિદ્ધપણારૂપે જણાવત, પરંતુ તેવું કોઈ પણ સિદ્ધાદિક નામનું કર્મ કર્મની પ્રકૃતિઓમાં છે નહિં, તેમ ગણાવાયેલું પણ નથી. અર્થાત્ જ્યાં ઉપાદાન કારણ કે નિમિત્તકારણ તરીકે દ્રવ્ય શબ્દનો ઉપયોગ થઈ શકતો હોય ત્યાં વાસ્તવિક દ્રવ્યપણું લઈ શકાય છે પણ ત્યાં અવાસ્તવિક દ્રવ્યપણું લેવાનું કંઈ પણ કારણ રહેતું નથી, એટલે ભગવાન્ અરિહંત મહારાજાની અપેક્ષાએ ઉપાદાન અને નિમિત્ત કારણના અર્થમાં વાસ્તવિક દ્રવ્ય શબ્દ આવી શકે છે અને તે માટે દ્રવ્ય જિન શબ્દથી જિનેશ્વર મહારાજાના જીવો કે જેઓ ભાવજિનની અવસ્થાથી પૂર્વાપરકાળની અવસ્થામાં રહેલા છે, તેઓને જ લેવા પડે, પરંતુ સિદ્ધ વિગેરે પદોમાં તેવા નિમિત્ત અને ઉપાદાન કારણ તરીકે કોઈ પદાર્થો નહિ હોવાને લીધે વ્યવહારમાં ગણાતા શિલ્પાદિ સિદ્ધ વિગેરેને દ્રવ્ય નિક્ષેપાથી લેવા પડે.

**ચારો નિક્ષેપાને માનનારાજ नमो अरिहंताणं० પદ બોલી નમસ્કાર કરી શકે ?**

જૈનજનતામાં એ વાત તો ઘણી જ સ્પષ્ટ રીતે જણાયેલી અને મનાયેલી છે કે ભગવાન્ અરિહંત મહારાજાના ચારે નિક્ષેપાઓ વંદન કરવા લાયક છે, અને તેથી જ જૈનજનતાએ **नमो अरिहंताणं** એ પદ નિર્વિશેષપણે રાખેલું છે. અર્થાત્ **नमो भावारिहंताणं** એવું પદ રાખ્યું નથી. કેમકે જિનનામકર્મની અપેક્ષાએ અરિહંતપણું છે અને તે અરિહંતપણાના ચારે નિક્ષેપા વંદનીય જ છે, જો એમ ન માનવામાં આવે તો ભગવાન્ તીર્થંકર મહારાજની હયાતિ હોય અને તેની સમક્ષ જ આપણે ઉભા હોઈએ ત્યારે જ આપણે **नमो अरिहंताणं** એ પદ બોલી શકીએ. ભગવાન્ અરિહંત મહારાજની હયાતિ સિવાય કે ભગવાન્ અરિહંત મહારાજની હાજરી સિવાય જે **नमो अरिहंताणं** કહેવામાં આવે તે કેવળ અરિહંત ભગવાનની માનસિક એવી સ્થાપના કરીને જ કહેવામાં આવે, અરિહંત ભગવાનની હાજરી સિવાય જે **नमो अरिहंताणं** કહેતાં **नमस्** શબ્દથી મસ્તક વિગેરે નમનથી ક્રિયા થાય તે પણ જો અરિહંતની સ્થાપના માનસિક રીતિએ પણ કરવામાં આવે તો જ સાચી બની શકે? વળી જે ઋષભદેવજી ભગવાન્ વિગેરે ચોવીશ અરિહંતો માનવામાં આવેલા છે તેઓ વર્ત્તમાનકાળમાં અરિહંતપણામાં એટલે જિનેશ્વરપણામાં વર્ત્તે છે એમ કોઈ પણ જૈન માની શકે તેમ નથી, પરંતુ સર્વ જૈનો ભગવાન્ ઋષભદેવજી આદિ ચોવીશેને જિનેશ્વરપણાના કારણભૂત એવા જિનનામકર્મને ખપાવીને મોક્ષે ગયેલાજ માને છે અને તેથી જ તે ભગવાન્ ઋષભદેવજી વિગેરેના જીવોમાં એક અંશે પણ ભાવજિનપણું રહેલું નથી, છતાં તેમની જિનપણાની દ્રવ્યઅવસ્થા મનથી કલ્પીનેજ **नमो अरिहंताणं** કહી શકે ? અર્થાત્ જેઓ ભગવાન્ અરિહંતોની એકલી ભાવઅવસ્થા માનનારા હોય તો તેઓને અરિહંતનું નામ લઈને **नमो अरिहंताणं** કહેવાનો વખત નથી. કોઈ પણ સ્થાને કે કોઈ પણ રીતિએ અરિહંત મહારાજનો આકાર કલ્પીને **नमो अरिहंताण** કહેવાનો વખત નથી,, અને સર્વકર્મનો ક્ષય કરી સિદ્ધિપદને પામેલા એવા ઋષભદેવજી આદિના જીવોમાં જિનપણાની બુદ્ધિ રાખીને નમસ્કાર કરવાનું પણ બની શકે જ નહિં એટલે સ્પષ્ટ થયું કે જેઓ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચારે પ્રકારના નિક્ષેપાથી અરિહંત ભગવાનોની પૂજ્યતા છે એમ માનનારાઓ છે તેઓ જ **नमो अरिहंताणं** કહી નમન કરી શકે. કદાચ એમ કહેવામાં આવે કે જિનનામનું કર્મ કર્મની એકસો અઠ્ઠાવન પ્રકૃતિમાં ગણાયેલું છે અને તેથી તે કર્મના બંધાદિકદ્વારાએ અરિહંત ભગવાનના ચારે નિક્ષેપ વ્યવસ્થિત થઈ જવાથી **नमो अरिहंताणं** કહીને નમસ્કાર કરવામાં ભલે **नमो भावारिहंताणं** એમ કહેવાની જરૂર ન હોય? પરંતુ સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ એ ચારે પદોની અપેક્ષાએ તો શિલ્પાદિકદ્રવ્ય સિદ્ધો અને લૌકિક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ હોવાને લીધે, તેમજ તેઓને શાસ્ત્રકારોએ વ્યવહારિક સિદ્ધાદિક તરીકે ગણાયેલા હોવાને લીધે नमो सिद्धाणं વિગેરેમાં તો સત્ય નમસ્કાર કરવા માટે ભાવશબ્દ જોડવાની જરૂર છે, એટલે **नमो भावसिद्धाणं, नमो भावायरियाणं, नमो भावुज्झायाणं, नमो भावसाहूणं** એમજ બોલવું જોઈએ, અને જો એમ ભાવશબ્દ સહિત કરીને સિદ્ધાદિક શબ્દોને બોલવામાં ન આવે તો શિલ્પસિદ્ધાદિકોને પણ નમસ્કાર થઈ જાય. એટલે नमो अरिहंताणं પદથી જેમ ચારે પ્રકારના અરિહંતો વંદનાલાયક ગણેલા હોઈ ચારે વન્દિત થાય છે તેમ અહિં સિદ્ધાદિક ચાર પદોમાં પણ નામાદિક સર્વે વન્દનીય થઈ જાય માટે સિદ્ધાદિક પદોમાં તો

ભાવશબ્દ જોડવાની જરૂર છે, આવી શંકાના સમાધાનમાં જણાવવાનું કે જો અરિહંતપદ ચારે નિક્ષેપાથી નિયમિત થયેલું છે તો પછી સિદ્ધાદિક પદોમાં તે અરિહંતપદની અનુવૃત્તિ કરીને **नमो अरिहंताणं सिद्धाणं, नमो अरिहंताणं आयरियाणं, नमो अरिहंताण उवज्झायाणं, नमो अरिहंताणं साहूणं** એવી રીતે વ્યાખ્યા થવાથી ભાવથી સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય, અને મુનિને વંદન થશે તેથી કોઈપણ જાતને બાધ આવશે નહિં.

## કારણરૂપ દ્રવ્યપૂજા કઈ બને ?

જેવી રીતે ઉપરના વર્ણનમાં વ્યવહારિક અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપો જણાવવામાં આવ્યો એટલે અપ્રધાન એવા સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુમાં પણ દ્રવ્યઆચાર્ય, દ્રવ્યઉપાધ્યાય અને દ્રવ્યસાધુપણું ગણવામાં આવ્યું, તેવી રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજાને અંગે પણ ત્યાગના ઉદ્દેશ વિના હોવાથી અપ્રધાનપણે પુષ્પાદિકદ્વારાએ ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજા કરવામાં આવે તેને પણ દ્રવ્યપૂજા તો કહી શકાય. આ હકીકત જાણવાથી એટલું સ્પષ્ટપણે જાણી શકાશે કે કારણરૂપ પૂજાને પણ દ્રવ્યપૂજા તો ગણવી અને અપ્રધાનપૂજાને પણ દ્રવ્યપૂજા ગણવી. પરંતુ કારણરૂપ દ્રવ્યપૂજા તેને જ ગણાય કે ભગવાન્ જિનેશ્વર મહારાજની આજ્ઞા જે હિંસા, જુઠ, ચોરી, સ્ત્રીગમન અને પરિગ્રહના સર્વથાત્યાગરૂપ છે તેનું કારણ બનતી હોય એટલે હિંસાદિકના સર્વથા ત્યાગને ઉદ્દેશીને જ ભગવાન્ જિનેશ્વર મહારાજની પુષ્પાદિકદ્વારાએ જે પૂજા કરવામાં આવે તેનું જ નામ દ્રવ્ય શબ્દનો કારણ અર્થ લઈને તે અપેક્ષાએ દ્રવ્યપૂજા કહી શકાય અર્થાત્ ખુદ ભગવાન્ જિનેશ્વર મહારાજની પણ તેમ પુષ્પાદિક વિશિષ્ટદ્રવ્યદ્વારાએ પણ કરાતી પૂજા જો સર્વસાવદ્યના ત્યાગરૂપ ભાવપૂજાના ઉદ્દેશવાળી કે તેના કારણરૂપે ન હોય તો તે વાસ્તવિક દ્રવ્યપૂજા કહી શકાય જ નહિં, પરંતુ તેવી પૂજાને અપ્રધાન અર્થમાં રહેલા દ્રવ્યશબ્દની અપેક્ષાએ દ્રવ્યપૂજા કહી શકાય.

## ભગવાન્ જિનેશ્વરની પૂજ્યતા શાથી?

વાચકવર્ગે એ વાત ધ્યાનમાં રાખવાની જ છે કે જૈનજનતા ભગવાન્ જિનેશ્વર મહારાજની જે પૂજા કરે છે અને પૂજ્યતા અગર આરાધ્યતા માને છે તેનું કારણ બીજું કંઈ જ નહિ, પરંતુ ભગવાન્ જિનેશ્વર મહારાજે ભવ્યજીવોનો સંસારસમુદ્રથી ઉદ્ધાર કરવાને માટે ભવાંતરથી શરૂ કરેલા, વધારેલા અને પરિપક્વ કરેલા વિચારોના પરિણામે છેલ્લા ભવમાં તે વિચારોની સફળતા થવાની અનુકૂળતામાં જ જેઓએ સામાન્ય રાજગાદી યાવત્ ચક્રવર્ત્તીપણું પણ છોડી દઈને સંયમગ્રહણ કર્યો, પરિષહ-ઉપસર્ગો સહન કર્યા ચાર ઘાતિકર્મનો નાશ કર્યો, કેવલજ્ઞાનને ઉત્પન્ન કર્યું આ સર્વ કાર્ય ભગવાન્ જિનેશ્વર મહારાજે જે કર્યું તે ભવ્યજીવોને સંસારસમુદ્રથી ઉધ્ધારવાને માટે જ કર્યું અને કેવલજ્ઞાન પામ્યા પછી પણ જગતના ઉદ્ધારને માટે જ પ્રથમથી દૃઢ કરેલું પરોપકારપણું તીર્થની સ્થાપના અને પ્રવૃત્તિદ્વારાએ સફળ કર્યું. અર્થાત્ ભગવાન્ જિનેશ્વર મહારાજની જે પૂજ્યતા જૈનજનતાએ માનેલી છે કે આચરેલી છે તે કેવળ તેમના ત્યાગના બહુમાનને અંગે જ છે અને તેઓશ્રીએ જે જગતને ત્યાગના માર્ગે દોરીને મોક્ષનો રસ્તો પ્રાપ્ત કરવારૂપ પરોપકારનું કાર્ય આચરેલું છે તેને અંગે જ છે. આ વિચારનાર મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે ભગવાન જિનેશ્વર મહારાજની પુષ્પાદિક દ્રવ્યો દ્વારાએ પણ કરવામાં આવતી પૂજા કેવળ ત્યાગમૂર્ત્તિના અને ત્યાગના કિંમતીપણાને જ આભારી છે.

(અનુસંધાન પેજ - ૨૮૧) (અપૂર્ણ)

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

એ જ રીતે ઉપદેશકે વીતરાગપણું મેળવ્યું ન હોય, સર્વજ્ઞપણું સંપાદન ન કર્યું હોય એ માર્ગે ચાલીને એ ફલ ન મેળવ્યું હોય, તો તો તેનો ઉપદેશ માનવાને કોઈ તૈયાર થાય નહિં, માટે ધર્મનો પ્રથમ ઉપદેશ આપનારે, ધર્મને પ્રથમ પ્રવર્તાવનાર દેવે પ્રથમ પોતે વીતરાગ તથા સર્વજ્ઞ થવું જ પડે પછી પોતે બીજાને ઉપદેશ આપી શકે.

શંકા :- જો સર્વજ્ઞ તથા વીતરાગ થયા પછી જ ઉપદેશ આપી શકાય તો શ્રીગૌતમસ્વામીજીને તો ભગવાન મહાવીરદેવનાં નિર્વાણ પછી કેવલજ્ઞાન થયું હતું છતાં તેઓ ભગવાન મહાવીરદેવના સમયમાં કાયમ બીજા પહોરે દેશના દેતા હતા તેનું શું કારણ ? બીજા રૂપે આશંકા છે. શ્રી સર્વજ્ઞપ્રભુ અનંતવીર્યવાળા એક પહોર દેશના દઈ કેમ બંધ થાય છે ? એમને થાક તો લાગતો નથી.

ડ્રાઈવર તથા એન્જિનની તાકાત જૂદી જૂદી છે. આત્મા ડ્રાઈવર છે. શરીર એન્જિન છે. અનંતવીર્ય તો આત્મામાં ઉત્પન્ન થયું છે. વીસામો લેવો એ શરીરના સ્વભાવ આશ્રી છે. અનંતવીર્યવાળા વીસામો ન લે તો પણ છેલ્લે વખત પ્રમાણે અખંડ દેશના દઈ શકે છે. સર્વજ્ઞપણું તથા વીતરાગપણું પ્રાપ્ત કરીને મોક્ષ માર્ગના પ્રવાસીને અનુકૂલ થાય તેવી દેશના દેવાનું સામર્થ્ય શિષ્ય ગણધર ગૌતમસ્વામીજીમાં છદ્મસ્થાવસ્થામાં પણ છે. પુત્રોની પ્રશંસા પિતાએ મોઢા આગળ કે પાછળ કરવી જોઈએ નહિં એ નીતિનો નિયમ છે.

## शिष्यगुण-संखाइ

### ગણધરદેવ દેશના આપે છે તેનું કારણ ?

ગણધર ભગવાન્ શ્રુત કેવલીનું દેશના તથા જ્ઞાન સામાર્થ્ય કેવું અને કેટલું હોય ? ભૂતકાળના અસંખ્યાતા ભવો તેમજ ભવિષ્યકાલના પણ અસંખ્યાતા ભવો કહી શકે છે. શ્રીતીર્થંકરદેવ તો તમામ કહી શકે છે, ગણધર ભગવાન્ એકલા ભવો જ કહે એમ નથી. બીજું જે કાંઈ પૂછો તે તમામ પ્રશ્નોના ઉત્તર આપે છે, જેને અવધિજ્ઞાન તથા

મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થયું હોય તેની વાત જૂદી છે; તે સિવાય ગણધર મહારાજની દેશના સાંભળતા 'આ છદ્મસ્થ છે કે કેવલી ?' એમ કોઈ જાણી શકે નહિં. ગણધર ભગવાનનું આ છે દેશના સામર્થ્ય! સ્વરૂપ નિરૂપણમાં, પદાર્થોની પ્રરૂપણામાં કેવલજ્ઞાની અને શ્રુતકેવલી સરખા હોય છે. ચૌદપૂર્વમાં કોઈ એવી ચીજ નથી કે જેનું નિરૂપણ ન હોય. આટલું છતાં 'મારા ગૌતમમાં આટલું જ્ઞાન છે, દેશનામાં આટલું સામર્થ્ય તે ધરાવે છે' એમ ભગવાન્ પોતે ન કહે પણ તેમની પાસે દેશના અપાવે એટલે શ્રોતા વર્ગ આપો આપ જાણી લે. પોતાની પાછળ શાસન તેમના (ગણધરના) આધારે જ ટકવાનું છે માટે દેશનાદ્વારા તેમના ગુણોનું પ્રકાશન પરમ આવશ્યક છે. ભગવાનની દેશના તથા ગણધરજીની દેશના પરસ્પર પ્રતિબિંબિત લાગે. જેવું ભગવાન્ મહાવીરદેવ કહે તેવું જ ગૌતમસ્વામીજી કહે અને જેવું ગૌતમ સ્વામીજીનું કથન હોય જ તેવું દેવાધિદેવ શ્રીમહાવીર ભગવાનનું કથન હોય છે. ગૌતમસ્વામીજી મુખ્ય ગણધર છે માટે તેમનું નામ દઈએ છીએ. મુખ્ય ગણધર હોય ત્યાં સુધી પાદપીઠે બિરાજીને તેઓ દેશના દે. તેઓની ગેરહાજરીમાં બીજા ગણધર દેશના દે. પ્રથમ દિવસથી જ આ ક્રમ છે એટલે કે શ્રીતીર્થંકર ભગવાનની દેશના શરૂ થઈ તે જ દિવસથી છદ્મસ્થ ગણધરની દેશના શરૂ થઈ છે. માસ્તર શીખવે તેવું જ વિદ્યાર્થી માસ્તર પાસે બોલે છે. શિખવનાર તો શિક્ષક જ છે. વિદ્યાર્થી તો શિક્ષકનું શીખવેલું બોલે છે. શ્રીસર્વજ્ઞ ભગવાને જે કહ્યું તેનું જ નિરૂપણ શ્રીગણધર ભગવાન્ કરે છે. ગણધરદેવ જે નિરૂપણ કરે છે તે શ્રીસર્વજ્ઞદેવે પ્રરૂપેલા તરીકે કહે છે. સર્વજ્ઞનું કથન તો સ્વતંત્ર છે, ગણધરદેવનું નિરૂપણ પરતંત્ર છે. મુખ્ય પ્રરૂપક સ્વતંત્ર હોવો જોઈએ. સ્વતંત્ર ધર્મ તો વીતરાગ સર્વજ્ઞ જ કહી શકે. પરતંત્ર તરીકે કોઈ પણ શાસ્ત્રજ્ઞાતા કહી શકે છે.

ઉપદેશક પોતે સર્વજ્ઞ હોય, વીતરાગ હોય તે બીજાને ક્યા ગુણોમાં આવવાનું કહે ? શાહુકાર પોતે જ માત્ર શાહુકારીથી વર્તે એમ નહિં, પણ બીજાને પણ શાહુકારીથી જ વર્ત્તવાની સલાહ આપે છે. બેઈમાનીની, અનીતિની સલાહ આપે છે એવું જો શાહુકાર પર કલંક ચઢાવવામાં આવે તો તેના કુટુંબીઓ પણ તે સહન કરી શકતા નથી. શ્રીતીર્થંકરદેવ તથા તેમના શાસનના મુનિવરો આત્માના હિતનો જ ઉપદેશ આપે છે, જેનું પરિણામ ભયંકર હોય તેવી પ્રવૃત્તિમાં શ્રીતીર્થંકર પ્રભુ કે તેમના મુનિ પણ સંમત હોય જ નહિં! મુનિથી તેમાં સાખ પણ ભરાય નહિં. દીક્ષા લેવા આવનાર મનુષ્ય 'કુટુંબનો પ્રબંધ કરીને આવું' એમ કહે ત્યાં પણ, રોક્યો ન રહે ત્યાંય' **जहासुहं० मा पडिबंधं करेह** એમ કહેવામાં આવે છે. એટલે સૂચવવામાં આવે છે કે જ્યાં જાય છે તે સ્થાન ફસાવાનું છે માટે ફસાતો ના !

### ભવાંતરથી સહચારી સદ્વર્ત્તન !

સર્વજ્ઞપણાને તથા વીતરાગપણાને પામેલા પુરૂષો સંસાર વધારનારી વાતોમાં સહી કે સાક્ષી

પણ કરતા નથી ત્યાં મ ત્તુ મારતા નથી. તેમનો તો એકજ મહાન્ મુદ્દો હોય છે કે - "આ જગત્ સંસાર સમુદ્રથી તરે કેમ ? અશરણ, નિરાધાર, તેમજ જન્મ મરણથી પીડાઈ રહેલું જગત્ ઉદ્ધાર શી રીતે પામે ? જેની આ ભાવના હોય તેનું પોતાનું વર્ત્તન કેવું હોય ? પોતે સર્વજ્ઞ વીતરાગ કે તેને અનુસરનાર ન હોય તે બીજો શું કહી શકે ? પરિણામના આધારે જ કલ્યાણ હોવાથી તેવા પરિણામનો ઉદ્યમ આવશ્યક છે. સર્વજ્ઞ મહારાજે ભવસમુદ્રમાંથી ખીંચવા રાખેલી દોરીને દુર્વર્ત્તનરૂપ છરીથી કાપી નાંખવાની કુચેષ્ટા શા માટે કરવામાં આવે છે ? આખું જગત્ આરંભપરિગ્રહમાં ડુબેલું છે એમ જણાવનારે પોતે કેવું રહેવું પડે ? પોતામાં સદ્વર્તન હોય નહિં અને અન્યને તે માટે ઉપદેશ આપે તેની છાયા છવીશમાં બ્રાહ્મણ જેવી પડે છે.

એક શેઠ દાન આપતા હતા. પચીશ બ્રાહ્મણ ભેગા થયા હતા, અને શેઠજી આપો! શેઠજી આપો!!' એમ બૂમાબૂમ કરી ધમાલ કરતા હતા. છુવીસમાં બ્રાહ્મણે આવીને સમતાને નામે અજબ કીમીયો કર્યો "ઠાવકો બનીને બ્રાહ્મણોને ઉપદેશ આપવા લાગ્યો કે શેઠને કંટાળો કેમ આપો છો? છવ્વીસ તો શું ? પણ છવ્વીસસો આવે તો પણ શેઠ ના કહે તેમ નથી, માટે ક્રમસર ઉભા રહો? એમ કહીને પચ્ચીસને સીધા ઉભા રાખી પોતે શેઠની પાસે સન્મુખ ઉભો રહી માગવા લાગ્યો. જો કે શેઠ તો એની યુક્તિ જાણી ગયા એટલે ક્રમ બીજી બાજુથી (છેલ્લેથી) લીધો. આ રીતે છવ્વીસમાનો વારો તો છેલ્લો જ રહ્યો પણ વાત એ છે કે! આ બ્રાહ્મણની સમતાને કોણ વખાણે ? બલ્કે બોલ અને વર્ત્તન જેનાં ભિન્ન છે. તેની છાયા પડતી જ નથી. શ્રીસર્વજ્ઞ વીતરાગ તો સદ્વર્ત્તનવાળાજ છે. માટે તેમણે સુપાત્રદાનનું ફલ બતાવ્યું. તેથી સુપાત્રદાનના ઉપદેશની અસર થઈ. વીતરાગાદિ ગુણોનો પોતે માત્ર બાહ્યાડંબર કર્યો હોત તો તેમના ઉપદેશની અસર પણ છવ્વીસમા બ્રાહ્મણની દશા જેવી જ થાત. પોતે રાજ્યઋદ્ધિનો, સમસ્તસમૃદ્ધિનો, કુટુંબ માત્રનો ત્યાગ પહેલેથી જ કર્યો છે માટે જ સર્વજ્ઞપણું તથા વીતરાગપણું પામી શક્યા છે. વળી બીજાને અંગે તો કોઈને આ ભાવમાં ચારિત્ર મોહનીયકર્મ તૂટે ત્યારે તે ચારિત્ર લે અને ત્યારથી તેનું સદ્વર્તન થાય પણ શ્રીતીર્થંકરદેવનું સદ્વર્તન તો ભવાંતરથી ચાલી આવેલું હોય છે.

## મતનું નામ - દર્શનનું નામ?
## "જૈનમત જૈનદર્શન-" શાથી?

### ગુરૂ વધે કે દેવ ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ધર્મોપદેશ દેતાં, ભવ્યજીવોને અષ્ટકજી પ્રકરણના બત્રીશ અષ્ટકોમાં પ્રથમ મહાદેવાષ્ટક શા માટે લખ્યું તે જણાવતાં કહી ગય કે સમસ્ત આસ્તિક દર્શનોને સ્વીકાર્ય એવા દેવ ગુરૂ તથા ધર્મ એ ત્રણ તત્ત્વોમાં [illegible]તા દેવતત્ત્વન

છે, ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વની જડ દેવતત્ત્વ છે. કેટલાકો ગુરૂતત્ત્વને વધારે મહત્ત્વ આપવા માટે કહે છે કે - ધર્મને તથા દેવને પણ ઓળખાવનાર ગુરૂ છે ! અન્યમતમાં પણ કહે છે કે -

ગુરૂ ગોવિંદ દોનું ખડે, કીસકું લાગુ પાય;
બલીહારી ગુરૂ દેવકી, દીયા ગોવિંદ બતાય.

આ લૌકિક દોહરાનો રહસ્યાર્થ નહિ સમજનારો દેવ કરતાં પણ ગુરૂને મોટા ગણે, પણ તેથી તે મોટા હોઈ શકતા નથી; ઝવેરાતને બરાબર દેખાડનાર એવા ચશ્મા કિંમતી ખરા, પણ તેથી કાંઈ ચશ્માની કિંમત ઝવેરાતથી વધારે તો નથી તે નથીજ! મોતીનું તોલ કાંટો ભલે કરે પણ તેથી તેનું મૂલ્ય મોતી કરતાં કોઈ વધારે ઠરતું નથી, તેમ અહિં ગુરૂ તરીકે ગુરૂની કિંમતમાં વાંધો નથી, પણ જો એમ કહેવામાં આવે કે ગોવિંદને પણ બતાવનાર ગુરૂ તેથી એ દેવથી અધિક છે ! તો એ કથનથી જ વસ્તુતાએ દેવનું અધિક મહત્ત્વ સિદ્ધ થાય છે, વળી ગુરૂને પણ બતાવવા તો ગોવિંદ જ પડ્યા ! તેમ ગોવિંદને બતાવ્યા તો જ પોતે ગુરૂ મનાયા. ઝવેરાત સ્પષ્ટપણે બતાવનાર ચશ્માને કે તેને તોલનાર કાંટાને પ્રથમ હાથમાં લઈએ અને ઝવેરાતને પછી હાથમાં લઈએ એમ બને તેથી કાંઈ ઝવેરાતની કિંમત કરતાં ચશ્માની કે કાંટાની કિંમત વધતી નથી. જ્યાં ગોવિંદ પરોક્ષ હોય ત્યાં ગોવિંદનું સ્વરૂપ જાણવામાં ગુરૂની જરૂર ખરી, પણ તેથી ગોવિંદ કરતા ગુરૂ વધી જતા નથી. શ્રી અરિહંત દેવને શાસ્ત્રદ્વારાએ દેવ તરીકે ઓળખાવનાર જરૂર ગુરૂ જ છે, છતાં એ દૃષ્ટિએ, એટલા પૂરતું ગુરૂનું મહત્ત્વ વધારે હોય પણ તેથી કાંઈ ગુરૂતત્ત્વ દેવતત્ત્વથી વધી શકતું નથી, દેવતત્ત્વ જ મુખ્ય છે, ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ પછીજ છે. દેવતત્ત્વને જાણવા ગુરૂતત્ત્વ ભલે આવશ્યક છે, દેવને ઓળખવા માટે પણ પ્રથમ ભલે ગુરૂની જરૂરિયાત છે, પણ મહત્ત્વ તો દેવનું જ અધિક છે. ભલે વૉઈસરોયને ગવર્નરની લાગવગથી મળાય તેથી કાંઈ ગર્વનરની કિંમત વૉઈસરોયથી વધતી નથી.

**માનવા દેવ અને તેમનામાં ભૂલ માનવી ? એ તો બુદ્ધિનું પ્રત્યક્ષ લીલામ છે !**

જેમ દેવતત્ત્વને ઓળખાવનાર ગુરૂ છે તેમજ ધર્મતત્ત્વને જણાવનાર પણ ગુરૂ જ છે. "સમ્યક્ત્વ સ્વીકાર્ય છે, એનાથી જ સિદ્ધિ છે, સમ્યક્ત્વ વિનાની ક્રિયાઓ એકડા વગરનાં મીંડાં જેવી છે, અર્થાત્ સમ્યક્ત્વજ એકડા રૂપ છે, મિથ્યાત્વથી જ આત્મા અથડાય છે. અવિરતિ છે ત્યાં સુધી કર્મબંધ ચાલુ જ છે, તેને અટકાવવા વિરતિ જ ગ્રાહ્ય છે." આ રીતે ગુરૂ જ હેયોપાદેય તત્ત્વો-પદાર્થો બતાવે છે. દેવતત્ત્વ તથા ધર્મતત્ત્વ ગુરૂ બતાવે છે માટે ગુરૂતત્ત્વ પ્રથમ કહેવું એમ નથી. આપણે કલેક્ટરના હુકમને માનીએ ખરા, પણ તેય જો ગવર્નરના હુકમને માનતો હોય તો જ! ત્યાગ વૈરાગ્યની વાતો કરનાર ગુરૂ પણ વીંટી વગેરે પહેરીને, બણી ઠણીને, શૃંગાર સજીને આવે તો ? સ્પષ્ટ છે કે પછી ગુરૂ ન જ મનાય. જ્યાં સુધી તેમનામાં ધર્મતત્ત્વ હતું, પૂર્ણ વ્યાપક હતું ત્યાં સુધી તે જરૂર ગુરૂ હતા : ધર્મતત્ત્વ ખસેડ્યું અને પોતે ધર્મતત્ત્વથી ખસ્યા એટલે ગુરૂતત્ત્વથી આપો આપ

લપસ્યા ! ખસ્યા!! પડ્યા!! વાગ્યું અને ફજેતીના ફાળકા થયા તે જુદા!! ભગવાન્ મહાવીરદેવ માટે કોઈ એમ બોલે કે - "એમનામાં કેવળજ્ઞાન ક્યાં હતું?" તો તેમ બોલનારને તમે માનો ખરા ? નહિં જ! તેમના ગુણોના અપલાપની માફક ! ભગવાનના ફરમાનનું (આદેશનું) અપમાન કરનારને ગુરૂ તો મનાય નહિં. પટાવાળો પોલીસ આવીને કોર્ટમાં જવાનું કહે તો બધા માને, પણ પટો પહેર્યા વિના આવીને કહે તો કોઈ માને ? જેમ સીપાઈનું માન પટાને લીધે છે, તેમ ગુરૂતત્ત્વ, દેવતત્ત્વ તથા ધર્મતત્ત્વને આધારે મનાય છે. **केवलिपन्नत्तो धम्मो** માને ત્યાં સુધી પટો માન્યો છે. જેમ ગુરૂતત્ત્વ, દેવતત્ત્વ, ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વને આધારે મનાય છે. તેમ દેવતત્ત્વ ગુરૂતત્ત્વને આધારે મનાતું નથી. શ્રીગૌતમસ્વામિની ભૂલ કહેવાનો હક્ક ભગવાન્ શ્રી મહાવીરદેવને છે પણ 'મહાવીર ભૂલ્યા!' તેમ કહેવાનો હક ગૌતમસ્વામીને નથી. જેને તમે દેવ માનો 'તેની ભૂલ છે' એમ કહેવાની તમને સત્તા શી? દેવમાં ભૂલ ? ત્યાં જ તમારી બુદ્ધિનું લીલામ છે. જેનામાં ભૂલ હોય તે દેવ જ નથી. ગુરૂ અને ગૃહસ્થો ઉભય મુસાફરો છે. ભગવાન શ્રીમહાવીરદેવે જે જે કર્યું તે તે તેમણે પોતે જ કહ્યું છે. શાસ્ત્રકારોએ તે તે વાતો ભગવાન્ મહાવીરદેવે કહેલી જ જણાવી છે. અર્થાત્ તે તે વાતો ભગવાન્‌ના મોંમાંજ મૂકી છે. પંચમાંગ શ્રીભગવતીસૂત્રના પન્નરમા શતકમાં ભગવાને પોતે પોતાનું વૃત્તાંત જણાવ્યું છે અને તે પણ કેવલીપણામાં કહ્યું છે. કેમકે શ્રીતીર્થંકરદેવ કેવલજ્ઞાન થયા પહેલાં તો દેશના દેતા જ નથી. ગોશાળાના ઉપદ્રવને અંગે ગોશાળાને અનુકંપાથી પોતે તેને બચાવ્યો છે એમ શ્રીમુખે પોતે ફરમાવે છે. ભગવાનને માનવા છે દેવતરીકે અને કેવલીપણામાં કહેલા તેમના વૃત્તાંતોને ઉડાડવા એ શું ? દેવતત્ત્વ સ્વતંત્ર છે, ગુરૂતત્ત્વ પરતંત્ર છે. દેવને આધીન ગુરૂતત્ત્વ છે, ગુરૂતત્ત્વ દેવતત્ત્વને અવલંબીને છે, પણ દેવતત્ત્વ કાંઈ ગુરૂતત્ત્વને અવલંબીને નથી. ધર્મતત્ત્વ પણ દેવતત્ત્વને આધીન છે. શાસ્ત્રકારે અમુક વસ્તુને ધર્મતરીકે બતાવી, અમુક વસ્તુને અધર્મ તરીકે બતાવી તો આપણે પણ તે જ પ્રકારે માનવું જોઈએ, આપણે જેને ધર્મ કે અધર્મ માન્યો તે મુજબ શાસ્ત્રકારે બતાવ્યો છે કે નહિં તે જોવાનું નથી. દેવના કહેવા પ્રમાણે વર્ત્તન કરે તે ગુરૂ તથા દેવે કહેલો આચાર તે ધર્મ ! આથી જ દરેક આસ્તિકનું મુખ્ય ધ્યેય દેવત્ત્વ હોય છે.

### ગુરૂએ બતાવેલો આચાર તીર્થંકરદેવે પ્રરૂપેલો છે તે જ હોય !

ગુરૂએ ઉંચામાં ઉંચો આચાર બતાવ્યો તેથી તેમને દેવ માનીએ તો ગુરૂતત્ત્વ મુખ્ય ગણવું પડશે, પણ ગુરૂએ જે ઉંચો આચાર બતાવ્યો તે દેવે ફરમાન કર્યા મુજબ જ બતાવ્યો છે, કાંઈ પોતાના ઘરનો તે બતાવ્યો નથી. દેવતત્ત્વની પરીક્ષા ગુરૂએ બતાવેલા ધર્મ આચાર ઉપર નથી. તે પરીક્ષા સ્વતંત્ર છે. શ્રીજિનેશ્વરદેવ કેવા ? ગુરૂ બતાવે તેવા, એમ કહેવામાં નથી આવતું અર્થાત્ ધર્મ કે ગુરૂદ્વારા

શ્રીજિનેશ્વરદેવની પરીક્ષા નથી થતી પણ શ્રીજિનેશ્વરદેવ દ્વારા ગુરૂ તથા ધર્મની પરીક્ષા જરૂર થાય છે. શ્રીજિનેશ્વરદેવે કહ્યા પ્રમાણે ધર્મ કહે તે ગુરૂ અને શ્રીજિનેશ્વરે પ્રરૂપ્યો તે જ ધર્મ.

ગુરૂ તથા ધર્મની પરીક્ષા કરવામાં શ્રીજિનેશ્વરદેવે કહેલાં શાસ્ત્રો છે પણ શ્રીજિનેશ્વરદેવની પરીક્ષા શી રીતે કરવી? વાત ખરી? સોનાની પરીક્ષા કસોટીથી થાય પણ કસોટીની પરીક્ષા શાથી થાય? કસોટીની પરીક્ષા સોના મારફત નથી થતી પણ કસોટીના પત્થરની સ્વતંત્ર જાત ઉપરથી પરીક્ષા થાય છે. શ્રીજિનેશ્વરદેવની પરીક્ષા સ્વતંત્ર છે. તેમની પરીક્ષામાં સર્વજ્ઞપણું તથા વીતરાગપણું લેવામાં આવે છે. ગુરૂની પરીક્ષા પ્રરૂપણા આદિના આધારે છે. 'શુદ્ધ પ્રરૂપણા આદિ કરે તે ગુરૂ' એમ કહેવાય છે, પણ શ્રીજિનેશ્વરદેવને અંગે 'આવો ધર્મ બતાવે તે શ્રીજિનેશ્વર દેવ' એમ કહેવામાં આવતું નથી. શ્રીવીતરાગ તે દેવ, શ્રીસર્વજ્ઞ તે દેવઃ જે કહો તે, પણ પરીક્ષા સ્વતંત્ર છે. ગુરૂ કે ધર્મતત્ત્વદ્વારાએ તેમની પરીક્ષા નથી. જે વીતરાગ હોય, સર્વજ્ઞ હોય, જિનનામકર્મના ઉદયવાળા હોય તે દેવ માત્ર વીતરાગપણું તથા સર્વજ્ઞપણું હોય તેથી દેવતત્ત્વ પુરૂં થયું એમ માનવામાં આવ્યું નથી, પણ સાથે તીર્થંકર નામકર્મનો ઉદય પણ જોઈએ. તીર્થંકર નામકર્મનો ઉદય પ્રબલ છે. એક સાધુ વીતરાગ થાય, કેવલજ્ઞાની થાય, પણ ત્યાં ચોસઠ ઈંદ્રો આવતા નથી, જન્માદિ વખતે ત્રણે લોકમાં શાતા થતી નથી, ત્રણલોકમાં તે વખતે અજવાળું પણ થતું નથી અને શ્રીજિનનામકર્મના ઉદય હોય ત્યારે તો તે ઉદયવાળો આત્મા માતાના ગર્ભમાં આવ્યો કે આ તમામ થાય છે! ત્રણે લોકમાં (નરકમાં પણ) પ્રકાશ પથરાય છે અને શાંતિ સ્થપાય છે, સુખ અનુભવાય છે. અંતર્મુહૂર્ત કાલ નારકીનાં દુઃખો પણ શમી જાય છે. કેવો અને કેટલો પ્રભાવ! જન્મ થાય એટલે ઈંદ્રો અને દેવતાઓ મહાન્ આડંબરથી મેરૂગિરિ ઉપર પૂર્ણ ભક્તિથી અભિષેક કરે છે, શંકા થાય કે એ આપણે જાણી શકીએ ખરા? હા. પણ પેલા નાસ્તિક ખેમંકર જેવું ન થાય! તે ધ્યાનમાં રાખવું.

### નાસ્તિકોને અમૃતપાન પણ નાશ માટે થાય છે !

એક મનઃપર્યવજ્ઞાનને ધારણ કરનારા (કહોને ચાર જ્ઞાન ધારી) મુનિમહારાજ કોઈક ગામમાં પધાર્યા છે, તમામ શ્રોતા દેશના સાંભળે છે, ત્યાં આવેલા ખેમંકર નામના એક નાસ્તિકના મનમાં એમ થયું કે આમની દેશના સાંભળીને જો આ બધા લોકો ધર્મમાં જોડાઈ જશે તો નખ્ખોદ-દાટ વળી જશે! ત્યાગ વૈરાગ્યના ઉપદેશથી દાટ વળે એમજ નાસ્તિકો માને છે. આવું માનીને તે મુનિને કહે છે કેઃ- "તમે બધાને ધર્મ કહો છો તો ખરા, પણ તે ધર્મ કાળો છે? લાલ છે? પીળો છે? રાતો છે? કે છે કેવો? તમે નજરે જોયો છે? કદીયે જોયો છે? તમારી જિંદગીમાં પણ ધર્મને તમે જોયો નથી તો પછી તેવા ભ્રામક પદાર્થના ઉપદેશે કરીને લોકોનાં ચિત્ત વિહ્વલ બનાવીને તેમના ઘર ભંગાવો છો શા માટે?" મુનિમહારાજે તો તેના પૂર્વ ભવોનું સ્વરૂપ જણાવીને કહ્યું કે "આવી રીતે

તો તું સંસારમાં રખડ્યાં કરે છે!" તે સાંભળી પૂર્વભવોનાં સ્મરણથી ખેમંકરને જાતિસ્મરણજ્ઞાન થયું, તથા મુનિમહારાજે કહેલા પૂર્વભવો નજરો નજર જોયા, પણ હતો નાસ્તિક, એટલે કહ્યું: કે "આ તો જબ્બર જાદુવાળો! મહાન્ માયાવી!!" જે એ કહે છે તે મારે દેખાય છે. નાસ્તિકે ચાર જ્ઞાનધારી મુનિમહારાજના જ્ઞાનને પણ જાદુમાં ગણ્યું, એમ માર્ગથી વિમુખ થયેલાને સીધી વાત પણ અવળી પરિણમે છે, એવા મનુષ્યોને માર્ગે લાવવાનો એક પણ ઉપાય નથી, અમૃતપાન કરાવતાં પણ જેને વિષરૂપે પરિણમે તેને બચાવાય શી રીતે? શ્રીતીર્થંકરદેવની સાહ્યબીને, તેમને વંદન કરવા આવતા દેવોને, પાખંડીઓ નજરોનજર જુએ, તથા દેશના સાંભળી મસ્તક પણ ડોલાવે, છતાં કહે શું? જબરૂં જાદુ ! આટલી હદે માયા !! પોતે પાખંડી એટલે તેની આંખમાં સમસ્ત બ્રહ્માંડ પાખંડથી જ ભરેલું દેખાય છે. ઈંદ્રભૂતિ (ગૌતમસ્વામિજી) યજ્ઞ કરાવતા હતા અને તેમાં મસ્ત હતા ત્યારે આકાશમાં ભગવાન માટે આવતા દેવતાઓને જોઈને પણ એમ માનવા લાગ્યા કે "જુઓ યજ્ઞનો મહિમા !! દેવતાઓ પણ ખેંચાઈ ખેંચાઈને અહિં યજ્ઞ માટે આવે છે!" પણ જ્યારે દેવતાઓ તો ત્યાં નહિં ઉતરતાં આગળ ચાલ્યા, ભગવાન્ મહાવીરદેવને વંદન કરવા સમવસરણ તરફ ચાલ્યા ત્યારે જેને વિબુધ (દેવતા) માનતા હતા તેમને જ ઈંદ્રભૂતિજી અબુધ (મૂર્ખા) તરીકે માનવા લાગ્યા ! અને જ્યારે લોકોના મુખેથી આ બધું સાંભળ્યું ત્યારે ભગવાનને પણ કપટી, પાખંડી, માયાવી કહેવા લાગ્યાને ! ભવિષ્યમાં તો એ જ ભગવાનના પોતે જ ગણધર થવાના છે, પણ એ વખતે શું બોલી રહ્યા છે? આવી પરિસ્થિતિમાં શ્રદ્ધારહિતને શ્રદ્ધાવાળા બનાવવા તે ક્યાંથી બને? સર્વજ્ઞપણા કરતાં, વીતરાગપણા કરતાં દેવતત્ત્વનું અસાધારણકારણ શ્રીતીર્થંકર નામકર્મ છે, આ ઉપર જણાવેલ દેવાગમનાદિ હકીકતથી સમજાસે.

## "જૈનમત" સાથી કહેવાય?

શ્રીતીર્થંકરદેવની પરીક્ષા સ્વતંત્ર છે, તેમના સ્વરૂપે છે, ગુરૂની પરીક્ષા એ કે શ્રીતીર્થંકર દેવના કથનાનુસાર ચાલે તે ગુરૂ, શ્રીતીર્થંકરદેવે પ્રરૂપ્યો એ જ ધર્મ એ ધર્મની પરીક્ષા. એ શ્રીતીર્થંકર નામકર્મ જગતની સ્વાભાવિક ચીજ કેમ બને છે તે જોવી જોઈએ, ચંદ્ર સૂર્યનો ઉદય જો લોકસ્વભાવરૂપ મનાય છે તો આ જિનનામ લોકસ્વભાવ કેમ ન મનાય? એકલા સર્વજ્ઞપણાને અંગે, એકલા વીતરાગપણાને અંગે દેવત્વ મનાતું હોત તો અસંખ્યાત દેવ માનવા પડત, કેમકે એક ઉત્સર્પિણીમાં કે એક અવસર્પિણીમાં અસંખ્યાત કેવલિયો થાય છે, દેવતત્ત્વનો ઉદય કે આધાર શ્રીજિનનામકર્મના ઉદય પર જ છે. શ્રીજિંનેશ્વર મહારાજને દેવ માનીએ છીએ તેથી જ 'જૈનમત' કહેવાય છે. સમજવું જરૂરી છે કે મતનું નામ 'વીતરાગમત' કે 'સર્વજ્ઞમત' નથી, પણ 'જૈનમત' છે. દેવતત્ત્વનો મુખ્ય આધાર જો સર્વજ્ઞપણું કે વીતરાગપણું હોત તો 'સર્વજ્ઞમત' કે 'વીતરાગમત' એમ પણ કહી શકત, પણ તેમ નથી માટે જ તે

નામથી મત સંબોધાતો નથી, હવે જિનનામકર્મ કેમ બંધાય,? કેમ ટકે? નિકાચિત કેમ થાય? અને છેલ્લા ભવ (શ્રીજિનેશ્વરદેવ તરીકેના ભવ) સુધી અસ્ખલિતપણે ટકી ઉદયમાં કેમ આવે? આ બધા બંધઆદિની જડ સદ્વર્તન છે. આ તમામનો અમોઘ ઉપાય સદ્વર્તન છે. જ્ઞાન એ એક લૉંચ છે. જ્યાં ગોદી ન બાંધી હોય ત્યાં લૉંચમાં બેસીને કાંઠે આવવાનું બને છે, પણ ભરદરિયામાં લૉંચ કામ લાગતી નથી. જ્ઞાન લૉંચ જેવું છે. જ્ઞાન સમ્યક્ત્વ પછી થાય છે. સમ્યક્ત્વ પહેલાનું જ્ઞાન એ જ્ઞાન તરીકે પણ નથી મનાતું. મોહનીયકર્મની અધિક અગણોતેર કોડાકોડી સાગરોપમ પ્રકૃતિ ખપી જાય તથા એક કોડાકોડી સાગરોપમ ન્યૂન સ્થિતિ બાકી રહે ત્યારે સમ્યક્ત્વ અને જ્ઞાન થાય છે. તે અધિક અગણોતેર કોડાકોડી સાગરોપમની પ્રકૃતિ કોણે ખપાવી? ક્રિયાએ, જ્ઞાન કેટલા સંસારનો પાર કેટલો પમાડે! માત્ર એક કોડાકોડી સાગરોપમ ન્યૂન જેટલી જ સ્થિતિ દૂર કરે, પણ તેથી વધારે બેડો પાર કરવાની તેમાં તાકાત નથી. અધિક અગણોતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ તો અજ્ઞાનપણાની ક્રિયા જ ખપાવે છે. શ્રીજિનેશ્વર નામકર્મનો આધાર સદ્વર્તન પર છે. જો કે ખરેખર ! મદદ આપનાર લૉંચ જેવું જ્ઞાન છે. પણ ભર દરિયામાં જ્યાં મોટી સ્ટીમર લાવે. ત્યાંથી કાંઠે લાવવાનું કામ લૉંચનું છે, સમ્યક્ દર્શન આદિ સદ્વર્તન મોટી સ્ટીમર છે. જિનનામ પણ તેથી જ છે.

## કદી પણ નથી હણાતું એવું અદ્ભુત બીજ શું ? સમ્યક્ત્વ !!!

### જીવનભર કેવલ ઇંદ્રિયાદિની જ પંચાત ?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપદેશાર્થે અષ્ટકજી પ્રકરણની રચનામાં પ્રથમ મહાદેવાષ્ટકમાં સૂચવી ગયા કે આસ્તિકો ત્રણ તત્ત્વો જરૂર માને છે દેવ, ગુરૂ તથા ધર્મ, આ તત્ત્વત્રયીને માને તે જ આસ્તિક ગણાય છે. આ માન્યતા વગરનાઓ નાસ્તિક લેખાય છે. ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વનો આધાર દેવતત્ત્વ ઉપર હોઈ મુખ્ય તત્ત્વ દેવતત્ત્વ છે. શાશ્વત સુખ સૌ કોઈ ઈચ્છે છે, સંસાર તો દુઃખમય છે. શાશ્વત સુખ કેવલ મોક્ષમાં છે. પ્રથમ મોક્ષતત્ત્વ જાણનાર, મોક્ષ મેળવનાર, મોક્ષ મેળવવાના ઉપાયો બતાવનાર ફક્ત દેવ છે, જો દેવ ન હોત તો એ કોણ બતાવત? સંસારમાં જ ગોથાં ખાવાં પડત ! દેવ પોતાની મેળે જ મોક્ષનો માર્ગ જાણે છે, તે માર્ગે સ્વયં સંચરે છે અને મોક્ષ મેળવે પણ છે, પાણીમાં ડુબેલો મનુષ્ય પોતાની દશાને જાણી શકતો નથી. દારૂના ઘેનમાં છાકીને મૂર્છિત થયેલો મનુષ્ય પોતાની અવસ્થા જાણતો નથી. નાનો છોકરો અજ્ઞાન હોવાથી પોતાની

મિલકત, આબરૂ, કે શરીરની સ્થિતિ સમજી શકતો નથી, બચ્ચાંઓ તો માત્ર ખાવું, પીવું તથા અમન ચમન સમજે છે. તમે પણ પોતાને ન ઓળખતાં પાંચ ઇંદ્રિયના પંજાથી પટકાયા છો અને કીર્તિ સાથે છ ના છટકાથી છક્કડ ખાધી છે, તેથી અનાદિકાળથી રખડતા અને ડુબતા રહ્યા છતાં તમને તમારો ઉદ્ધાર કરવાનું સૂઝતું નથી. જન્મથી મરણ સુધી આહાર, શરીર, ઇંદ્રિયો, તેના વિષયો અને તેનાં સાધનો આ પાંચ સિવાય બીજી કંઈ ચીજનો વિચાર કરો છો? બાલ્યવયમાં, યુવાવયમાં કે વૃદ્ધવયમાં પાંચની પંચાત વિના બીજું કાંઈ છે? આંખ આખી દુનિયાનું અવલોકન કરે છે, પણ તે પોતાને જોઈ શકતી નથી, તેમ આ જીવ પણ પાંચની પંચાત કરી જીવન વેડફે છે જગતનો કાજી થાય છે, અનેક ઉત્પાતો આચરે છે, પણ પોતાનો વિચાર કરવા તૈયાર થતો નથી. પોતે કોણ છે? એ વિચાર આખી ઉંમરમાં આવ્યો? જન્મથી માંડીને જીવનના છેડા સુધી તપાસો તો છોકરમત સિવાય બીજું દેખાય છે? નાના છોકરાને પોતાના હાથમાંથી કોઈ કલ્લી કાઢી જાય તો તેની પંચાત તેને નથી. અરે બરફી મળે તો પોતે કલાડી આપે તેમ તમો પણ વિષયાદિને માટે આત્મા-જ્ઞાનને જવા દો છો.

## અંકુરા પણ કેમ દેખાતા નથી ?

દેવ, ગુરૂ, અને ધર્મના વિચારમાં પણ વેગળા જ ! પ્રશ્ન થશે કે વેગળા કેમ? કેટલાક ભાગ્યવાનો જો કે તન, મન, અને ધનથી દેવાદિકની આરાધના કરે છે પણ ત્યાંય ભૂખ, તરસ, ટાઢ આદિના વિચારોની વિડંબના તો છે જ ! દેવપૂજન, ગુરૂસેવન કે ધર્મક્રિયા વખતે પણ પેલા પાંચ તથા છના વિચારથી તમે છૂટી શકતા નથી. આત્માના કલ્યાણના રસ્તે જવામાં પણ એને વાંધો આવવો જોઈએ નહિ એવી તો દૃઢ માન્યતા છે. એમાં ગડબડ ન થાય તો જ બધું ધર્મકાર્ય કે આત્મકાર્ય કરવું છે નહિ તો ! ત્યારે ભાગ્યવાન્ આરાધ્ય દેવ, ગુરૂ, ધર્મ કે ઇન્દ્રિયાદિ? જ્યારે મનુષ્ય જેવો ભવ પણ આમાં ગુમાવીએ તો બીજા ભવમાં તો બીજી તરફ જ ધ્યાન દીધું હશે તેનો પણ ભરૂસો શો? અહિં શ્રીસર્વજ્ઞદેવનાં વચનો સાંભળીએ, ગુરૂને નજરે નજર જોઈએ અને શ્રીતીર્થંકરના વખતમાં તો થતા મહાનુભાવોને દાનાદિનાં થતાં ફળ આમ સાંભળીએ છતાં અહિં સુધરી ન શકાય તો કે એકેંદ્રિય, બેઇંદ્રિય, તેંઇંદ્રિય, ચૌરિંદ્રિયના કે તિર્યંચ પંચે ભવમાં સુધરવાની વાત કેવી? આત્માને કોઈ પણ ભાવે જો ધર્મનું આરાધન અંતઃકરણથી થયેલું હોત અત્યારે તો જરૂર તેના અંકુશ નીકળેલા હોત ભગવાન્ શ્રીસિદ્ધસેન દિવાકરજી જણાવે છે કે "હે મહારાજ! હે ભગવાન્!! જન્મમાં તમે મારા સાંભળવામાં આવ્યા નહિં. કારણ કે કોઈપણ જન્મમાં જો ભાવ થકી ધર્મનું આરાધન કર્યું હોય તેમજ શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મની પણ આરાધના કરી હોત તો તેના અંકુરા આ ભાવમાં ઉગી નીકળ્યા હોત. અંકુરા નીકળ્યા નથી તેથી જણાય છે કે પૂર્વે આરાધન કર્યું નથી કેમકે વરસાદ વરસેલ હોય છતાં અંકુરા ન નીકળે તો જરૂર મનાય કે અનાજ વાવેલું નથી. દેવાદિકની આરાધનાનું બીજ વાવ્યું હોત તો અંકુરા જરૂર દેખાત, 'વાવ્યા પછી પણ વરસાદ

ન વરસે, ખુલ્લું કાઢે તો પાછલના વરસાદથી પણ અંકુરો થાય નહિ. વાવેતર થયા પછી એકાદમાસમાં જ વરસાદ વરસી જાય તો ઠીક, નહિ તો બીજનાશ પામે છે. એ રીતે કોઈ ભવમાં ધર્મની આરાધના થઈ પણ હશે, પણ પછી સાધનનો અભાવ થયો હશે એટલે બીજ ક્યાંથી ટકે?" આવી શંકા અહિં કરવાની નથી. જગતના જડ બીજો તો વરસાદના સંયોગ વિના બળી જાય છે, પણ દેવાદિકની આરાધના રૂપી બીજ તો કોઈ કાલે પણ બળી જતું નથી. સમ્યક્ત્વ પામ્યા પછી જીવ કદાચ વનસ્પતિકાયમાં, અરે નિગોદમાં પણ જાય. રખડ્યા પણ કરે, તો પણ અર્ધપુદ્ગલ પરાવર્ત્તનમાં જરૂર ધર્મ પામીને મોક્ષ સંપદા હસ્તગત કરે જ છે. શાથી? કારણ એ જ કે સમ્યક્ત્વ એ એવું બીજ છે કે એ કદી હણાતું નથી.

**નવોમત કાઢનાર મરીચી તે ભગવાન મહાવીર શાથી થયા ?**

ભગવાન્ શ્રીમહાવીરદેવના જીવ, ભરતચક્રવર્તીના પુત્ર મરીચીના ભવમાં ચારિત્ર પામ્યા છે. આ ચારિત્ર પાછળથી ભયંકર નીપજ્યું ! તમે કહેશો કે આરંભાદિક તો ભયંકર હોય, પણ ચારિત્ર વળી ભયંકર શી રીતે? અને જો ભયંકર હતું તો ચારિત્ર આપનાર ભગવાન ઋષભદેવજીએ આપ્યું કેમ? એ જ વિચારવાનું છે. જે વખતે ભગવાન્ શ્રીઋષભદેવજીને કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે અને દેવતાઓએ સમવસરણ રચ્યું છે તે સમવસરણની રિદ્ધિ સમૃદ્ધિ, તથા પ્રભુની પૂજા જોઈને મરીચી દીક્ષા લેવા તૈયાર થાય છે. શાસ્ત્રકાર સ્પષ્ટતયા આ બિના જણાવે છે. ભગવાને પોતે દીક્ષા આપી છે. મરીચી પાછળથી જે જે કરવાનો હતો તે કાંઈ ભગવાનની ધ્યાન બહાર નહોતું. મરીચીએ ચારિત્રનો તો ચૂરો જ કર્યો હતો. હજી ચારિત્ર છોડીને ભરતમહારાજા પાસે પાછા ગયા હોત તો સમ્યક્ત્વ, દેશવિરતિપણું વગેરે કાંઈક ટકી શકત પણ આ તો ત્રીજો જ મત કાઢયો, પરિવ્રાજકપણાનો મત ઉભો કરનાર બીજું કોઈ નહિ પણ ભગવાન્ શ્રીમહાવીરદેવનો જીવ હતો. મરીચીએ જ તે મત ઉત્પન્ન કર્યો, જે અત્યાર સુધી ચાલ્યા કરે છે. કહો! શાસનનું કેટલું અશ્રેયઃ ! ભગવાને પોતે આ બધું થશે એમ જાણવા છતાં પ્રવ્રજ્યા આપી છે. ભગવાનના દીક્ષિત પરિવ્રાજક થયા અને પછી તો સ્થાવર નિગોદમાં ઉતરી ગયા છતાં નયસારના ભવમાં બીજ રોપ્યું હતું, મરીચીના ભવમાં સીંચ્યું હતું એટલે ત્યાંથી જેવા બહાર નીકળ્યા કે લાઈનમાં આવી ગયા. તપેલું એન્જીન માર્ગથી ઉતરી જાય તો સજ્જડ નુકશાન કરે પણ પાટા ઉપર આવી જાય તો ઝપાટા બંધ દોડે ! એ જ રીતે શક્તિશાળી આત્મા, સમ્યક્ત્વરૂપી બીજની તૈયારીના યોગે જ્યારે માર્ગ ઉપર આવે ત્યારે ઝડપભેર દોડે છે. અનાદિકાળથી રખડતા નિગોદીયા ત્યાંને ત્યાં પડયા, રહે, સડયા કરે **પણ** સમ્યક્ત્વ પામી નિગોદમાં ગયેલા જીવો, પાછા નીકળે છે ત્યારે માર્ગે ચઢીને મોક્ષ પામે છે. સમ્યક્ત્વરૂપી બીજ એવું છે કે કોઈ દિવસ હણાતું નથી. સમ્યક્ત્વ પામ્યા

પછી વમી જવાય છે, તેથી નરક નિગોદમાં જવાય છે પણ કોઈપણ દશામાં તે બીજનું સામર્થ્ય હણાતું નથી. સમ્યક્ત્વ પામતી વખતે મોહનીયકર્મની જે સ્થિતિ તોડી છે. તે ફરી કદી બંધાવાની નથી. એ રસનો બંધ ફરી પડતો જ નથી.

શ્રીજિનેશ્વરદેવ ભગવાન્ ભવ્યાત્માઓને ઉદ્દેશીને ફરમાવે છે. સમ્યક્ત્વ બીજ રોપ્યું હોય તો કોઈ દિવસ નાશ પામે નહિં. આવા મનુષ્યભવમાં જો તેનો અંકુરો દેખાતો નથી તો બીજા ભવમાં બીજ વાવ્યું છે તે શી રીતે મનાય?

જો દેવતત્ત્વ ન હોય તો મોક્ષને કોણ બતાવે? ગુરૂ તથા ધર્મ એ બંને તત્ત્વો શુદ્ધ કોણ બતાવે? માટે જ અષ્ટકજી પ્રકરણમાં બત્રીશ અષ્ટકોમાં પ્રથમ મહાદેવાષ્ટક લખવામાં આવ્યું છે. હવે એમને દેવ શાથી માનીએ છીએ? સર્વજ્ઞપણા તથા વીતરાગપણા માત્ર માટે દેવ માનતા નથી કારણ કે એ તો ઈતર કેવળીમાં પણ સમાન જ છે. તેમાં લવલેશ ફેરફાર નથી. પણ શ્રીતીર્થંકરદેવ શ્રીજિનનામકર્મના ઉદયવાળા હોય છે. માટે તેમને દેવ માનવામાં આવે છે.

## ભાવદયા એ જ જૈનદર્શનની વિશિષ્ટતા છે !

**દેવતત્ત્વમાં જિન નામકર્મનો ઉદય મુખ્ય કારણ છે.**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારાર્થે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં, પ્રથમ મહાદેવાષ્ટક પ્રબંધમાં જણાવી ગયા કે દરેક આસ્તિક દેવ, ગુરૂ, ધર્મ એ ત્રણ તત્ત્વને જરૂર માને છે. આ ત્રણ તત્ત્વોને માન્યા વિના આસ્તિક મતો ચાલી શકતા નથી. આ ત્રણ તત્ત્વોમાં મુખ્ય દેવતત્ત્વ છે. દેવે કહેલા આચારો અમલમાં મૂકાય તે ધર્મ અને તે મુજબ વર્તે તે ગુરૂ. આ બેય તત્ત્વો યોગ્ય ક્યારે પ્રાપ્ત થાય ? જો યોગ્ય દેવતત્ત્વ પ્રાપ્ત થાય તો જ ગુરૂ તથા ધર્મ યોગ્ય સાંપડી શકે. દેવે પોતાની મેળે ધર્મ પામી, આચરી મોક્ષ મેળવ્યો છે તથા મોક્ષ માર્ગ ઉપદેશ્યો છે. કોઈને પ્રશ્ન થશે કે "તો પછી ગુરૂ પણ તેવા કાં ન હોય? દેવની જેમ ગુરૂ પણ પોતાની મેળે મોક્ષ માર્ગ જાણે તથા આદરે કેમ નહિં? દેવની જેમ ગુરૂ કેમ ન કરી શકે? તેવા ગુરૂને દેવતત્ત્વમાં દાખલ કેમ ન કરવા?" દેવના ઉપદેશ સિવાય ગુરૂ પ્રવર્તે નહિ એ સમાધાનમાં પણ પ્રશ્નકાર તો કહે કે, "ગુરૂના પણ ત્રણ વિભાગ છે. ૧ સ્વયંબુદ્ધ ૨. પ્રત્યેક બુદ્ધ અને ૩.

બુદ્ધબોધિત. બાહ્ય કારણને જોઈને તેને આધારે વિચાર કરતાં જેને બોધ થાય તે પ્રત્યેક બુદ્ધ. બાહ્ય કારણ વિના પોતાની મેળે બોધ પામે તે સ્વયં બુદ્ધ તો સ્વયંબુદ્ધ, પ્રત્યેકબુદ્ધ દેવતત્ત્વમાં કેમ નહિ?" સ્વયંબુદ્ધો, પ્રત્યેકબુદ્ધો તથા બુદ્ધબોધિતો પણ કેવલજ્ઞાન પામે છે તેમાં ના નથી કેમકે કેવલજ્ઞાન વિના સિદ્ધિ નથી. પણ જેને તીર્થંકર નામકર્મનો ઉદય ન હોય તેના પ્રતિબોધથી ગણધર ચૌદપૂર્વ રચનાર પ્રગટી શકતા નથી માટે તે દેવતત્ત્વમાં નહિ. તીર્થંકર નામકર્મના ઉદયથી તીર્થંકર પદવીને અલંકૃત કરનાર શ્રીતીર્થંકરદેવના શબ્દમાત્રથી ગણધર નામકર્મ ઉપાર્જન કર્યું છે જે પણ તેવા ગણધરોને તે જ વખતે એટલું જ્ઞાન ઉત્પન્ન થાય છે કે જેના પ્રતાપે તેઓ ચૌદપૂર્વ અને બાર અંગની રચના કરે છે. શાસન પ્રવર્તાવવા, ગુરૂની પરંપરા ચલાવવા, જગતનો ઉદ્ધાર કરવા સમર્થ શ્રીઅરિહંત દેવ જ છે તેથી દેવતત્ત્વમાં તેઓ જ સ્થાપિત છે-વિરાજમાન છે.

શ્રીતીર્થંકર દેવ જ્યાં સુધી તીર્થ સ્થાપે નહિ ત્યાં સુધી શ્રેણી ચાલતી નથી. સ્વયંબુદ્ધ તથા પ્રત્યેકબુદ્ધ થઈ શકે છે, થાય ભલે, તેમને કેવલજ્ઞાન પણ સાંપડે પણ તેમનાથી શ્રેણી ચાલતી નથી. કેવલજ્ઞાનમાં તથા ચારિત્રમાં ફરક નથી. 'સ્વયં સં બુદ્ધાણં' માં ફરક નથી. કેવલજ્ઞાન મેળવી આપનાર યથાખ્યાત ચારિત્ર શ્રીતીર્થંકર દેવ જેવું પાલે છે તેવું જ ચારિત્ર સ્વયંબુદ્ધાદિનું હોય છે ફરક પુણ્ય પ્રકૃતિમાં છે. શ્રેણી તો શ્રીતીર્થંકર દેવથી જ ચાલે છે.

## જૈનદર્શનની આસ્તિકની વ્યાખ્યા !

શ્રીજિન નામકર્મની પુણ્ય પ્રકૃતિ અજબ ફેરફાર કરનારી છે. સામાન્યતઃ પ્રથમ જણાવી ગયા છીએ કે કર્મની ૧૫૮ પ્રકૃતિમાં ત્રણ પ્રકૃતિ બંધમાં, ઉદયમાં બધામાં શુભરૂપ છે. શ્રીજિનનામ કર્મ, આહારક શરીર, અને આહારક અંગોપાંગ એકસો સત્તર પ્રકૃતિ કર્મના ઉદયના જોરે બંધાય છે. જ્ઞાનાવરણીય કર્મમાં તથા દર્શનાવરણીય કર્મમાં જોર કર્મના ઉદયનું છે. જિન નામકર્મ બંધાવવામાં જોર સમ્યક્ત્વનું છે. જિન નામકર્મ સમ્યક્ત્વના જોરેજ બંધાય છે. આહારક શરીર તથા આહાર અંગોપાંગ સંયમના જોરે બંધાય છે. સમ્યક્ત્વ એ તો આત્માનો ખાસ ગુણ છે. "ક્ષાયિક સમ્યક્ત્વવાળા બધા જિનનામ કર્મ બાંધનારા હોય છે. ક્ષાયોપશમિકમાં કોઈને જિનનામ કર્મ બંધાતું નથી." આમ કહી શકાય તેમ નથી કેમકે જેટલા મોક્ષે ગયા તે ક્ષાયિક સમક્તિવાળા છે તથા જેટલા ક્ષાયિક સમક્તિવાલા તેટલા તીર્થંકર નામકર્મ બાંધે એમ પણ નથી ક્ષાયોપશમિક સમક્તિવાળો બાંધે તેમ પણ નથી. આત્માના સમ્યક્ત્વના જોરે તીર્થંકર નામ કર્મ બંધાય છે તેમ નથી બીજાના ઉદ્ધાર માટે જેનું સમ્યક્ત્વ હોય તે જિનનામ કર્મ બાંધે છે. **તેમના સમ્યક્ત્વનું જોર બીજા જીવોના વિષયને** અંગે ઉભું થાય છે. સમક્તિવાળો કોઈપણ હોય, છ વસ્તુ પ્રથમથી માને છે અને ત્યારે જ તેને આસ્તિક કહીએ છીએ. નાસ્તિક કહેવરાવવાનું

કોઈને ગમતું નથી. કટ્ટર નાસ્તિકને પણ 'નાસ્તિક' કહો તો આંખો લાલ કરશે! પણ આસ્તિક કહેવો કોને ? પુણ્ય, પાપ, સ્વર્ગ, નરકને માને તે આસ્તિક, ન માને તે નાસ્કિત. આસ્તિક, નાસ્તિકની આ વ્યાખ્યા અન્ય દર્શનશાસ્ત્રોની અપેક્ષાએ વ્યાજબી છે પણ જૈનદર્શન શાસ્ત્રને અંગે એ વ્યાખ્યા ઉપયોગી નથી. 'આસ્તિકયનાં ષડ (છ) સ્થાનક જેનામાં હોય તે આસ્તિક; જૈનશાસ્ત્રની આસ્તિક માટેની આ વ્યાખ્યા છે. ષડ્સ્થાનકઃ ૧ જીવ છે, ૨ જીવ નિત્ય છે, ૩ જીવ કર્મનો કર્ત્તા છે, ૪ જીવ કર્મનો ભોકતા છે, (આ ચાર વાત તો ઈતર દર્શનકારના આસ્તિક્યમાં પણ આવે છે પણ) ૫ મોક્ષ છે ૬ અને મોક્ષના ઉપાયો છે આ છ વસ્તુ માનનારને જૈનદર્શન આસ્તિક ગણે છે. આ છ વસ્તુ ન મનાય ત્યાં સુધી તેનામાં આસ્તિક્ય મનાતું નથી. ગણાતું નથી. જીવ છે, જીવ નિત્ય છે, જીવ કર્મ કરે છે, જીવ કર્મ ભોગવે છે અને ભોગવશે શ્રી તીર્થંકરદેવે મોક્ષ કહ્યો છે તથા મોક્ષના ઉપાયો પણ બતાવ્યા છે આ તમામ દરેક સમકિતિ જરૂર માનશે.

## કુંકી કુંકીને કરડી ખાતા ઊંદરો !

આ છ **સ્થાનકમાં** ઔપશમિક સમ્યકૂત્વ, ક્ષાયોપશમિક સમ્યકૂત્વ કે ક્ષાયિક **સમ્યકૂત્વવાળો** હોય તેમાં ભેદ નથી, ભેદ ક્યાં ? અનુકંપામાં !!! સમ્યકૂત્વનાં પાંચ લક્ષણો છે. ૧ શમ, ૨ સંવેગ, ૩ નિર્વેદ, ૪ અનુકંપા, ૫ આસ્તિક્ય. અનુકંપામાં આવે ત્યારે સમ્યકત્વની ઉંચી ભૂમિકાએ ચઢેલો આત્મા આખા જગતની અનુકંપા વિચારે છે. મધ્યમ ભૂમિકાવાળો સમકિતિ આખા જગતનાં દુઃખો દેખી સીધો ભવનિર્વેદમાં ચાલ્યો જાય અને સંસારને સાર વગરનો માને. જિનનામકર્મ બાંધનારો આત્મા અનુકંપામાં સ્ટેશન કરે છે, ત્યાં થોભે છે. તે આત્મા બીજા જીવોનો પ્રથમ ઉદ્ધાર કરવાનો દઢ વિચાર કરે છે. દુનિયાદારીમાં પણ કહેવાય છે કે 'ખાનેકા સ્વાદ તો દુસરેકું ખીલાવ' બીજાને ખાવા બેસાડાય અને તે વખાણે તો સ્વાદ ગણાય ! 'હું એકલો બચવા માટે ઉદ્યમ કરું અને આ બધા રવડતા રહે તે શોભતું નથી. ક્યારે આ બધાનો ઉદ્ધાર કરી દઉં!'' આવી તીવ્રભાવના તીર્થંકર નામકર્મ બાંધનારની હોય છે માટે અનુકંપાના ક્ષેત્રમાં તે સ્ટેશન કરે છે. બધા સમકિતિ ચારે ગતિને દુઃખરૂપ દેખે છે પણ સંસારને ઉંદરડાની કુંક માનીને આગળ વધે છે. સંસારમાં જીવોની પાછળ ઈંદ્રિયોરૂપી ઉંદર ફોલી ખાવા-કુંકી ખાવા પાછળ લાગ્યા છે. કહોને! નરક-તિર્યંચાદિ દુર્ગતિમાં રવડાવવા તૈયાર થયા છે. આ ઈંદ્રિયો રૂપી ઉંદરો સુખરૂપ થોડી કુંક માર્યા કરે છે અને વળી કરડ્યા પણ કરે છે. ઉંઘમાં ઘોરનારને, કુંકની હવાની જરાતરા લ્હેરથી, ઉંદરના ડંખની ખબર તે વખતે **પડતી નથી. કુટુંબીમાં** કોઈ ઉંઘતો હોય, તેને ઉંદર ફૂંકી ફૂંકી કરડતો હોય, એ તો ઉંઘે છે પણ જોનારાએ તેને જગાડવો કે ઉંઘવા દેવો ? જગાડનાર હિતૈષી કે ઉંઘવા દેનાર હિતૈષી? ઉંઘમાં ડખલ ન કરવી એમ ધારી ઉંદરને કરડવા દે તે હિતૈષી ગણાય? જગત્‌ના જીવોને વિષયોના ઉંદરડા કરડી રહ્યા છે

પણ માલૂમ પડતું નથી કેમકે વિષયોમાં દેખીતું સુખ લાગે છેઃ પણ શ્રી જિનેશ્વરદેવો જગાડ્યા સિવાય કેમ રહે ? શ્રી જિનનામ કર્મની જડ અનુકંપામાં છે. શ્રીતીર્થંકર થનારો જીવ અનુકંપા પ્રદેશે જરૂર થોભે છે. આખા જગતને બચાવવાના સામર્થ્યના અભાવે માત્ર કુટુંબને બચાવવાની ભાવનાવાળો જીવ ગણધરનામ કર્મ બાંધી ગણધર થાય છે. એકસો અઠ્ઠાવન પ્રકૃતિમાં જિનનામ કર્મ છે. તેમાં ગણધરનામ કર્મ નથીઃ પણ આવશ્યક કાર ગણધરનામ કર્મ જણાવે છે. ગણધરનામ કર્મને જિનનામકર્મની અંતર્ગત રાખ્યું છે.

## ઉલ્લસિત ભાવદયાથીજ તીર્થંકરનામ કર્મ બંધાય છે.

મિથ્યાત્વી દ્રવ્ય અનુકંપાને આગળ કરે છે જ્યારે સમકિતિ ભાવ અનુકંપાને આગળ કરે છે. આ ખાસ વિચારવા જેવું છે. ભગવાનની મૂર્તિની પૂજામાં છકાયની વિરાધનાની વાત કરનારને કે મૂર્તિને ન માનનારને પૂછો કે ચોમાસામાં સાધુ વ્યાખ્યા ન વાંચે તે વખતે વરસાદમાં પણ સાંભળવા જાય છે ત્યાં વિરાધના નથી ? ત્યારે સાંભળવા જનાર મિથ્યાત્વી ? પણ ત્યાં એ ભાવના છે કે ત્યાં જઈશું તો કર્મથી બચીશું. આનું નામ ભાવદયા છે. મોક્ષનો માર્ગ મેળવવો તે ભાવદયા છે. ભાવદયા માટે દ્રવ્યદયાનો ભોગ આપ્યોને ! ગુરૂ આવવાના હોય ત્યારે સામાયિક કરનાર ધર્મી અને સામે જનાર અધર્મી? શ્રમણ મહાત્માનાં નામ તથા ગોત્ર સાંભળવામાં પણ મોટું ફલ છે તો તેમના સામે જવું, વંદન કરવું, પર્યુપાસના કરવી તેમાં તો કહેવું જ શું ! સાધુપદનો જાપ કરો તેના કરતાં સામે જવામાં વધારે ફલ બતાવવામાં આવે છે. હવે જે વિરાધનાની વાત પકડી ગુરૂની સામે ન ગયો તથા સામાયિકમાં બેસી ગયો, ભાવદયા માટે દ્રવ્યદયા ગૌણ ન કરી શક્યો તે મિથ્યાત્વી છે. શ્રીતીર્થંકર નામ કર્મ ભાવદયાના પ્રાબલ્યથી બંધાય છે. દ્રવ્યદયાથી નહિ. 'તમામ જીવોને કર્મના ક્ષયના માર્ગે જોડું' આવી ભાવદયા જેને ઉલ્લસે છે તે જ તીર્થંકર નામકર્મ બાંધે છે. માત્ર કુટુંબ પૂરતી ભાવદયા વિચારનાર ગણધર નામ કર્મ બાંધે છે.

આજે શું થઈ રહ્યું છે ? ઉલટું જ ! પોતાના કુટુંબમાંથી કોઈ સંસારનો ત્યાગ કરે, મોક્ષ માર્ગે જોડાય તે વખતે આડા પડવામાં આવે છે, ભાન ભૂલવામાં આવે છે. બીજો સંયમ લે ત્યાં અનુમોદના તથા ઘરનો લે ત્યાં તોફાન ! ભાવદયા તો ન રહી પણ પરિણામને અંગે કુટુંબની દ્રવ્યદયામાં પણ ન ગયા ! સામો તિર્યંચગતિમાં કે નરકગતિમાં જાય, હેરાન થાય તે જોવાનું નથી; પોતાને ઉપયોગી છે માટે નીકળવા દેવાય કેમ ? આનું નામ સંબંધ ? ધર્મને જરૂરી ગણવામાં કબુલ છો પણ જ્યાં સુધી સાંસારિક ભોગ આપવા ન પડે ત્યાં સુધી ! ધર્મના પ્રસંગે સંસારનો વિચાર કરે નહિ તે પણ ગણધર નામ કર્મ બાંધે છે. ચારિત્ર લેનારને ભાવ ચારિત્રથી આઠમે ભવે મોક્ષ છે. ચારિત્ર લેનારને રોકવામાં કેટલો અનર્થ છે તે વિચારો.

(અનુસંધાન પેજ - ૨૭૯)    (અપૂર્ણ)

(અનુસંધાન પાનુ ૨૭૨નું ચાલુ)

પૂનમની આરાધનાને સમાવનારો એક વર્ગ છે કે જેને પૂનમતિથિનો ક્ષય માનવાનો ભય રહેતો નથી, જ્યારે તેમાં બીજો વર્ગ એવો છે કે પૂનમની આરાધના પૂનમનો ક્ષય હોય ત્યારે તેરસને દિવસે કરવી એમ કહે છે, અર્થાત્ તે વર્ગને ચૌદશ કરતાં પણ પુનમ પ્હેલી માનવી છે, પરંતુ શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાને તો પૂનમનો ક્ષય માનવાની જરૂર પડતી નથી, તેમ ચૌદશ કરતાં પૂનમને પહેલી માનવા જેવો અન્યાયી માર્ગ પણ લેવો પડતો નથી.'

૫ શાસ્ત્રીય પુરાવાની જે ચોપડી છપાયેલી છે, તેમાં અનેક પાઠો સ્પષ્ટપણે પૂર્ણિમા અને અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરવો એમ ફરમાવે છે. (નવા વર્ગવાળા તે લેખોને જતીનાં લખેલાં પાનાં જણાવે છે, પરંતુ મહારાજ સત્યવિજયજીએ ક્રિયા ઉદ્ધાર કર્યો એની પહેલાંના પાઠો છે અને તે વખતે સંવેગી અને જતી એવો વિભાગ જ નહોતો માટે નવા વર્ગને શાસ્ત્રો પણ પરંપરા ઉઠાવવાની સાથે ઉઠાવવાં છે, તેથીજ એમ બોલે છે.)

૬ ૧૯૯૧થી નવો વર્ગ જુદો પડ્યો તેની પહેલાં સર્વશાસન અને પરંપરાને અનુસરનારા તથા તેને લોપવા તૈયાર થયેલા એ બધા પૂનમ અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરતા જ હતા, શાસન વિરોધી વર્ગ બહુશ્રુત અને બહુસંમત હોય, તો પોતાની વધારે દુર્ગતિ કરે, તેમ આ નવો વર્ગ પૂનમ અમાવાસ્યાનો ક્ષય છે પણ ચૌદશ તો ઉદયવાળી છે તેને કેમ ખસેડાય ? એવો કુતર્ક કરે છે, પરંતુ જો શ્રીહીરસૂરીશ્વરજીનો त्रयोदशीचतुर्दश्योः એવો પૂનમના ક્ષયની વખતને માટે પાઠ છે તે વિચારાશે તો નવો વર્ગ પણ ઉદયનો આગ્રહ છોડી સત્ય માર્ગ મેળવી શકશે (ઉદયના નામે પર્વતિથિનો ક્ષય માનવો એ કેવલ મતની નવીન જ કલ્પના છે તેમના મતે તો શ્રીહીરસૂરીજી અને તે પછીના અત્યાર સુધીના થયેલા સર્વ મહાપુરૂષો ઉદયને સમજતા જ નહિ હોય શાસન અને પરંપરાથી વિરૂદ્ધ એવું જુઠું પકડનાર મનુષ્ય જ્યારે શાસન અને પરંપરાને અનુસરનારા પુરૂષોની વગર ભૂલે ભૂલ કહેવા બેસે ત્યારે તો શાસન પ્રેમીઓને કેટલું આશ્ચર્ય થાય? એક પણ પુરાવો કે મુદ્દો નવા વર્ગ તરફથી પૂર્વ કે પૂર્વતર અપર્વ તિથિનો ક્ષય ન થાય તેવું જણાવનારો આપવામાં આવ્યો નથી.'

૭ क्षये पूर्वा तिथि : कार्या એ વાક્યા જો માન્ય હોય તો તે વાક્ય જ વિધિ દેખાડનાર હોઈને અપ્રાપ્ત સપ્તમીમાં અષ્ટમીને કરનારું છે આરાધનાને માટે એ વિધિ વાક્ય બને નહિં કેમકે અનુદય અષ્ટમી અને તેને અંગે આરાધના તો સિદ્ધ જ હતી, વળી તેમાં તિથિ શબ્દ ચોખ્ખો વિધિને માટે છે અને આરાધના શબ્દ નથી, માટે તે વાક્ય આરાધનામાં જોડવું તે નવા મતની નવી કલ્પના સિવાય બીજું કંઈ જ નથી.

(એવી જ રીતે વૃદ્ધિ માટે નવામતનો માર્ગ પણ જુઠો જ છે તે સમજી લેવું.)

(અનુસંધાન ટાઈટલ ૪નું ચાલુ)

પહેલાં તો બીજઆદિ છ પર્વ તિથિના ક્ષયે તેની પહેલાંની એકમ આદિ અપર્વતિથિનો ક્ષય કરતો હતો અને એ વાત એના તે વખતના પંચાંગો ઉપરથી સાબીત થયેલી છે.'

૨ શ્રીશ્રાદ્ધવિધિ વગેરેમાં '**क्षये पूर्वा तिथिः कार्या**' એવું ફરમાન હોવાથી બીજ આદિ છ પર્વતિથિના ક્ષયની વખતે તેનાથી પહેલાની જે પડવા વિગેરે અપર્વતિથિ તેને જ બીજ આદિ પર્વતિથિપણે કરવી એટલે પડવા વિગેરે અપર્વતિથિનો ક્ષય કરવો એ ચોખ્ખું જ છે. (સામાન્ય સમજણવાળો મનુષ્ય પણ આ વાક્યનો તિથિને જ કરવાની વાત છે. એમ સમજી શકે તેમ છે. આ નવો વર્ગ તિથિના પલટાને ન લેતાં પડવો વિગેરે માની બીજ વિગેરેની આરાધના તેવા પ્રસંગે કરે છે, તો તેવી રીતે વર્ત્તનારને શ્રીતત્ત્વતરંગિણીકાર સ્પષ્ટપણે મૃષાવાદી જણાવે છે અને અધિકમાં નવો વર્ગ આરાધનામાં રૂપક ન બને તો પણ બીજ આદિ પર્વ તિથિનો ક્ષય માનનાર હોવાથી પર્વતિથિનો લોપક તો બને જ છે.

૩ શ્રીતત્ત્વતરંગિણીમાં મહોપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજ કે જેઓ શાસનાનુસારિ તપાગચ્છના અનુપમ સ્તંભ સમાન છે તેઓ સ્પષ્ટપણે ફરમાવે છે કે ઉદય અને સમાપ્તિ તેરસની હોય અને ચૌદશનો ઉદય ન હોય તો પણ શાસનને અનુસરનારાઓ તો તે દિવસે ઉદયવાળી એવી તેરસનું નામ પણ લે નહિં, પરંતુ ઉદય વગરની એવી ચૌદશનું જ નામ લે. અર્થાત્ આરાધનામાં તેરસનો ક્ષય જ કહેવો અને ચૌદશ જ છે એમ કહેવી એવું સ્પષ્ટ ફરમાન કરે છે. (નવાવર્ગના એક ઉ. એ જાણી જોઈને એ પંક્તિનો અર્થ કદાગ્રહથી જુઠો કરેલો છે અને તે જુઠાણું તેમના મોંઢે સમુદાય સમક્ષમાં જણાવવામાં આવેલું છે, છતાં યત્કિંચિત્ સમાધાન તેમણે આપ્યું નથી અને અન્યત્ર પ્રયાણ કરી દીધું છે. તે નવો વર્ગ લિખિતચર્ચા કરવા કેમ માગે છે અને મૌખિક ચર્ચામાંથી કેમ ખસ્યો છે અને ખસે છે તે આ ઉપરથી સમજાશે, વળી ઉદયવાળી જ તિથિ મનાય એવા નામે જે ભોળા જીવોને ભમાવવામાં આવે છે તેનો પણ ખુલાસો ઉદય અને સમાપ્તિએ ઉભયવાળી તેરસનો શાસ્ત્રકાર સ્પષ્ટ શબ્દોમાં ક્ષય જણાવે છે.

૪ આચાર્ય મહારાજ શ્રીહીરસૂરીશ્વરજી પોતાના હીરપ્રશ્નમાં સ્પષ્ટ પણે જણાવે છે કે પૂર્ણિમાનો ક્ષય હોય ત્યારે પૂનમની આરાધના માટે **त्रयोदशीचतुर्दश्योः** એમ કહી તેરસને દિવસે ચૌદશ અને ચૌદશને દિવસે પૂનમ કરવાનું સ્પષ્ટપણે જણાવે છે અને શાસ્ત્ર તથા પરંપરાને અનુસરનારાઓ અત્યાર સુધી પૂનમ અને અમાવાસ્યાના ક્ષયે તેની પહેલાંની તિથિ ચૌદશ એ પર્વતિથિ હોવાથી તેનો પણ ક્ષય ન થાય, માટે **क्षये पूर्वा**ના ન્યાયે તેરસનો ક્ષય કરે છે. (સ્પષ્ટ શબ્દથી શ્રીહીરસૂરીજી પૂનમના ક્ષયે બે તિથિના પલટાને જણાવે છે, છતાં નવો વર્ગ ઉદયના નામે તેરસનો ક્ષય કરવા ના પાડી ભ્રમ પેદા કરે છે તે પરંપરા અને શાસ્ત્રથી વિરૂદ્ધ છે, તે નવા વર્ગમાં ચૌદશમાં

(જુઓ અનુસંધાન પાનું ૨૭૧)

પાલીતાણાના પુણ્યધામમાં બનેલ

# તિથિચર્ચાનું તારવણ

શાસ્ત્ર અને પરંપરાથી થતી આરાધનાના ઉત્થાપક

-: નવીન મતના :-

## ઉપા. જંબુવિજયજીનો દુઃખદ પરાજય

### વાંચકો ....... સ્વયં ....... વિચારી ....... લે !!!

જૈન જગતને એ વાત સુવિદિત છે કે લૌકિક ટીપ્પણામાં આવતી આઠમ, ચૌદશ, પૂનમ આદિ પર્વતિથિઓનાં ક્ષય-વૃદ્ધિ હોય ત્યારે જ પૂર્વ પૂર્વની તિથિની ક્ષય વૃદ્ધિ કરાય છે, અને એ જ પ્રમાણે ધર્મારાધન થાય છે એ વાત શાસ્ત્ર અને પરંપરાથી અત્યાર સુધી એક પ્રવાહે ચાલુ જ હતી, અને નવીનમત સ્થાપક બે ત્રણ સમૂહને બાદ કરી અદ્યાપિ ચાલુ જ છે, અને રહેશે જ્યારે ત્રણ ચાર વર્ષ માત્રથી નીકળેલ આરાધનામાં પર્વતિથિના ક્ષય વૃદ્ધિ કાયમ રાખનાર નવીનમત સ્થાપકોમાં આ. વિ. રામચંદ્રસૂરિ. વિ. ક્ષમાભદ્રસૂ. ઉપા. જંબુવિજયજી મુનિ કલ્યાણવિ. તથા તેવાઓની માન્યતામાં રહેલ ઉપા. મનહરવિજયજી વિગેરે ઉપરોક્ત પરંપરાને જુઠ્ઠી જણાવી પૂર્વ મહાપુરૂષોની પણ અજ્ઞાનતા હતી એવું છડે ચોક વદે છે; એટલે એમના માનીતાં વીરશાસન આદિ બે ત્રણ પત્રો દ્વારા શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા અત્યારના મહાપુરૂષોની પણ નિંદા કરાવવામાં કચાશ નહિ રાખતાં પોતાનાં પત્રોને ઉજજ્વલ (?) દેખાડવામાં બહાદુરી માની બેઠા છે. એથી આ. રામચંદ્રસૂરિ આદિને ઉદેશીને અમોએ સમાજને એમનો મત તદન જુઠ્ઠો જણાવવા અને શાસ્ત્ર અને પરંપરાને જ વળગી રહેવા અને શાસ્ત્રીય પાઠો, અનેક પુરાવાઓ ચાર ચાર વર્ષ પર્યંત પીરસ્યા છે. પૂ. આ. શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ અને પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજને મુંબઈ તથા પુનાથી તિથિચર્ચા માટે ખંભાત તરફ આ. પ્રેમસૂ. વિગેરે આવે છે, ત્યાંથી વિહાર કરાવો, એવું તારથી શ્રાવકોદ્વારા તેમણે લખાવ્યું. તાર મળતાંની

સાથે બીજે જ દિવસે તે બન્ને મહાપુરૂષોએ તે જ માટે જામનગરથી વિહાર કર્યા છતાં આ. પ્રેમસૂરિજી અને આ. રામચંદ્રસૂરિજી તો દક્ષિણ તરફ જ આગળ વધવા માંડ્યા.

## મુંબઈથી ચેલેંજ ફેંકનાર આચાર્ય ક્ષમાભદ્રસૂરિની સ્થિતિ.

છતાં દૈવયોગે તેમના આ. ક્ષમાભદ્રસૂરીજીનો સં. ૧૯૯૪માં પાલીતાણામાં મેળાપ કરી લેવાનો અવસર પ્રાપ્ત થતાં મુનિશ્રી હંસસાગરજીએ તેમની અનિચ્છાએ જ તેમને ચર્ચામાં જોડાવવા ફરજ પાડી. પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. પાસેથી શ્રીતત્ત્વતરંગિણી ગ્રંથના ત્રીજા પાનાની ફક્ત છ પંક્તિઓ સમજતાં સવા ત્રણ કલાક થવા જેટલી જબ્બર ઉણપ છતાં પરિણામે જે પંક્તિ દ્વારા તો એમણે પહેલાં જુઠા પ્રચારકોના નાદને ઝીલી મુંબઈથી ચેલેંજ ફેંકવાની બહાદુરી બતાવી હતી, તેજ પંક્તિઓમાં પોતાની ત્રણ ત્રણ ભૂલો સમજાણી અને તેથી જ 'વિચારીશ' એમ કહી પ્રથમ દિવસની ચર્ચા સમાપ્ત કરી ઉઠવા માંડતાં 'કાલે ક્યારે પધારશો, હું તેડવા આવું' એમ મુનિશ્રી હંસસાગરજીએ પૂછતાં પ્રત્યુત્તરમાં આ. ક્ષમાભદ્રસૂરીએ 'સાધુઓ નવરા નથી' એમ કહી ચર્ચામાં કેવા તૈયાર છે અને ચેલેંજ ફેંકવામાં કેટલા ધીઠા છે તે દેખાડી આપ્યું, તેમની સાથેની ચર્ચા આવી દુ:ખદ રીતે સમાપ્ત થઈ. આ સાલ એ ટોળીના ઉ. જંબુવિ૦ નો પાલીતાણામાં ભયંકર પરાજય થયા પછી માતેલું બની છકેલ વીર (!) શાસન પત્ર તા. ૨૯ માર્ચ ૧૯૪૦માં આ વાતને પત્ર વહેવાર માત્રથી મુનિચંદનસાગરજીને નામે ચડાવી દઈ જુઠ્ઠાઓની વ્હારે ધાર્યું છે, એ પણ એ જુઠ્ઠી ટોળીનું તાજું જુઠાણું છે.

## મુનિ કલ્યાણવિજયજીનું અપૂર્વ પરાક્રમ.

શ્રી કલ્યાણવિજયજી પણ આ તિથિચર્ચાને યથેચ્છ મારી મચડી નાખવા અને પોતાના જુઠા મતને પસારવા બસો વર્ષ પૂર્વેનાં નીકળેલાં હસ્તલિખિત પ્રમાણિક પાનાં જે પરંપરા અને શાસ્ત્રથી ચાલ્યા આવતા માર્ગની સિદ્ધિ કરનારાં નીકળ્યાં, તેને પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીજીએ લખી કાઢ્યાં છે, બનાવટી છે વિગેરે જુઠું વદવા દ્વારા યથેચ્છ પ્રલાપ કરીને દુનિયામાં સ્વમતની અધમતા વહેતી મૂકી. ત્યારે તેમને પણ એ પ્રત તપાસી જઈ અધમોની કોટિમાંથી નીકળી જવાનું પૂ. સાગરાનંદસૂરીશ્વરજીએ બબ્બે વખત સૂચન કર્યાં છતાં, પોતે તો આવ્યા નહિં, પણ માણસેય મોકલ્યું નહિ. ચર્ચામાં પણ પયન્ના જેવા નીકળી શકાય તેવા નાના જોગ છતાં મોટા જોગ હોવા જેવું જણાવી ચોટિલા જેવા મધ્યસ્થાને બોલાવ્યા છતાં અમદાવાદથી પણ આવ્યા નહિ, અને ચાતુર્માસ ઉતર્યે તદ્દન જ ચૂપકીદી પકડીને મારવાડ તરફ સીધાવી ગયા તે ગયા જ.

ઉપા૦ જંબુવિજયજીએ પણ ફેલાવેલ ભ્રમનો ફુટેલો ભેદ :-

જો કે કલ્યાણવિજયજી તો તત્ત્વતરંગિણીને પ્રમાણિક તરીકે લેખતા નહોતા, છતાં તેમના જ પક્ષકારે આ ચર્ચામાં અમારા મંતવ્ય અનુસાર આ ગ્રંથ ઉપયોગી જ છે એવું પણ લખી તેનો જુઠો જ અનુવાદ કરવા માંડ્યો, વીરશાસન પત્રમાં તે ગુપ્તનામે જાહેર થતાં એ અનુવાદ જુઠો જ છે એમ શ્રી સિદ્ધચક્રમાં વારંવાર જાહેર જણાવ્યું જ છે. છતાં તે ચોપડીરૂપે પણ ઉપા. જંબુવિજયજીના નામે બહાર પડ્યો, એ અનુવાદક 'મળે ત્યારે વાત' એમ ધારી રાખતાં દૈવયોગે સં. ૧૯૯૫માં પાલીતાણા મહા માસમાં આવવા તેમને ફરજ પડી. આ વખતે એમના જુઠાણાને સાબીત કરવાનો અપૂર્વ અવસર છતાં પૂ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. ની આંખો મોતીયો પાકી જવાથી અને તેની મુદત પણ વધી જવાથી મહા વદી તેરસે ઓપરેશન કરાવ્યું, ત્રણ માસ પર્યંત લખવા વાંચવાનું ઓછું રાખવું તેમાંય એક માસ તો તદન કામ ન કરવાની ડૉકટરની સૂચના માન્ય રાખવી જ પડી, તેમાં પણ ફાગણ વદી તેરસે તો અમદાવાદ તરફ ધર્મશ્રાદ્ધ શેઠ મોહનલાલ છોટાલાલને ત્યાં ઉદ્યાપન પ્રસંગે જવાનું થયું, આંખે તો પ્રવેશ વખતે પણ લીલો પાટો જ બાંધેલો અમદાવાદની પણ જનતાએ જોયો જ હોવા છતાં પાલીતાણા રહેલ શ્રીજંબુવિજયજીએ પાછળથી એવો જુઠો પ્રચાર કર્યો કે "તેઓ (પૂ૦ સાગરાનંદનસૂરીશ્વરજી મહારાજ) જો તિથિચર્ચામાં સાચા જ હતા તો હું અહિં છતાં ચર્ચા કર્યા વિના અમદાવાદ કેમ ચાલ્યા ગયા ? હું તો તૈયાર જ હતો" વાહ ! પ્રચાર! ભાવિ આગળ સમજાશે !!! પણ અહિં એમને પૂછીએ કે ભાઈ દૂર બેઠાં ચેલેંજો ઉછાળનાર તમે પાલીતાણે મળ્યા છતાં મૌન જ કેમ ? જો કે પૂ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ તો ઉજમણું પત્યા બાદ તરત જ આ પ્રસંગ માટે જ પાલીતાણા પાછા પધારવાના હતા, અને એ અમદાવાદની જનતા પણ જાણે જ છે અને એથી જ પ્રથમ તો અમદાવાદની (ચાતુર્માસની) વિનંતિ સ્વીકારાઈ જ નહોતી, છતાં ખાસ કારણથી ત્યાં જ ચાતુર્માસ કરવું પડ્યું છે, એ પણ ત્યાંની જનતાને સુવિદિત છે, જો કે અમદાવાદ ચાતુર્માસમાં પણ એ પક્ષવાળાને બબ્બે વખત જાહેરમાં અને અનેક વખત ગુપ્ત સૂચનો ચર્ચા માટે કરેલ છતાં ત્યાંથી તો કોઈપણ તિથિચર્ચા માટે તૈયાર ન જ થયું, તે ન જ થયું, ચાતુર્માસ ઉતર્યે તો તૂર્ત જ કપડવંજ તરફ જઈ અમદાવાદ આવી પાલીતાણા તરફ વિહાર કરી પણ દીધો હતો, આ પ્રસંગથી તે જ વખતે પાછળથી તૈયાર થનાર ઉપા. જંબુવિજયજીએ પોતાના વિહારની જ વાત પાલીતાણામાં ફેલાવી દીધી. કેટલો દંભ ? આમ છતાં પણ

તિથિચર્ચામાં એ પક્ષના એ એક અગ્રેસર હોવાથી અને શ્રી તત્ત્વતરંગિણીના જુઠા અનુવાદ કરી જનતામાં બહુલતાએ ભ્રમ ફેલાવનાર તો તે જ વ્યક્તિ હોવાથી ચર્ચા કરવા તેમને ફરજ પાડવી જ પડી - અને મુનિશ્રી હંસસાગરજીએ એક શ્રાવકદ્વારા નીચે મુજબ એક પત્ર પણ મોકલી આપ્યો તેની નકલ.

પાલીતાણા મહા સુદ ૮

"મહારાજ આત્મારામજીના સમુદાયના આચાર્ય પ્રેમવિજયજીના શિષ્ય ઉપા. જંબુવિજયજી યોગ્ય, ઉચિત વન્દનપૂર્વક જણાવવાનું કે હું શિહોરથી આવ્યો છું, શ્રી કર્મપ્રકૃતિ અને શ્રી પંચસંગ્રહની પ્રસ્તાવના તથા પ્રશ્નોત્તરના બીજા ભાગની ટીપ્પણીમાં અભિપ્રાયપૂર્વક જુઠું અને શાસ્ત્રવિરુદ્ધ તમારું લખાણ છે તેને સાબીત કરવાનું તમો બીજો વખત આપો તે ઉપર રાખી હાલમાં શ્રી ચતુર્વિધ સંઘની આરાધનીયતિથિની બાબતમાં તમોએ શ્રી તત્વતરંગિણીના અર્થમાં અભિપ્રાયપૂર્વક મૃષાવાદ અને શાસ્ત્રવિરૂદ્ધ લખ્યું છે તેને સાબીત કરવા તમારી પાસે આવવું છે માટે એક બે દિવસમાં વખત આપશો."

લી. હંસસાગર.

એ પત્રનો જવાબ ત્રણ દિવસ સુધી નહિ આવતાં એક ગૃહસ્થ તરફથી નીચે પ્રમાણે હેન્ડબીલ મહા સુદ ૧૨ને દિવસે પ્રસિદ્ધ થયું, તે પબ્લીકને વહેંચાયાની સાથે તેમને પણ પહોંચાડવામાં આવ્યું. તેની નકલ.

------------:o:------------

શ્રીસંઘને ચેતવણી -

અત્ર લોકવાયકાથી એમ સાંભળવામાં આવ્યું છે કે રામટોળીમાંથી એક મહાશયે શ્રીતત્ત્વતરંગિણીનું જે ભાષાંતર બહાર પડાવ્યું હતું, તે બહાર પડાવનાર મહાશયે તેમાં અભિપ્રાય પૂર્વકના અનેક જુઠાણા અને શાસ્ત્ર વિરૂદ્ધ લેખો લખ્યા છે એમ મહારાજ હંસસાગરજીને લાગ્યું, અને તેથી તેઓએ જ મહારાજ જંબુવિજયજી કે જેઓ શ્રીતત્વતરંગિણીના ભાષાંતર કરીને બહાર પડાવનારા છે તેઓની ઉપર એક ચિઠ્ઠી તે જુઠાણું સાબીત કરવા જવા માટે મુદત માગવાની મોકલી છે, આવું સાંભળી અમોએ તપાસ કરી તો તે વાત અમને સત્ય માલમ પડી, અને તેથી અમોએ તેની નકલ મેળવવા પ્રયત્ન કર્યો, મહેનતથી મળેલ નકલ નીચે પ્રમાણે છે.

પાલીતાણા મહા. સુ. ૮

મહારાજ આત્મારામજીના સમુદાયના આચાર્ય પ્રેમવિજયજીના શિષ્ય ઉપા. જંબુવિજયજી યોગ્ય-

ઉચિત વન્દન પૂર્વક જણાવવાનું કે હું શિહોરથી આવ્યો છું. શ્રી કર્મ પ્રકૃતિ અને શ્રી પંચસંગ્રહની પ્રસ્તાવના તથા પ્રશ્નોત્તરના બીજા ભાગની ટીપ્પણીમાં અભિપ્રાયપૂર્વક જુઠું અને શાસ્ત્રવિરુદ્ધ તમારું લખાણ છે તેને સાબીત કરવાનું તમો બીજો વખત આપો તે ઉપર રાખી હાલમાં શ્રી ચતુર્વિધ સંઘની આરાધનીય તિથિની બાબતમાં તમોએ શ્રી તત્ત્વતરંગિણીના અર્થમાં અભિપ્રાયપૂર્વક મૃષાવાદ અને શાસ્ત્ર વિરૂદ્ધ લખ્યું છે તેને સાબીત કરવા તમારી પાસે આવવું છે માટે એક બે દિવસમાં વખત આપશો.

લી. હંસસાગર

હજી સુધી ઉપરની ચિઠ્ઠીથી માગવામાં આવેલ મુદત મહારાજ જંબુવિજયજી તરફથી આપવામાં આવી હોય એમ જણાતું નથી. અમારી ઈચ્છા એ તો જરૂર રહે છે કે શ્રી પાલીતાણા સ્થાનમાં બે ટોળીમાં પરસ્પર વિભાગથી ચાર ટોળી ન થાય માટે આ તિથિ સંબંધી નિર્ણય થવાની આવશ્યકતા હતી અને અમારી એ ધારણામાં અત્રેનો સકલ ચતુર્વિધ સંઘ સામેલ જ છે.

તા. ૨૦-૨-૪૦

લહેરૂભાઈ મોતીલાલ

------------:O:------------

ઉપરોક્ત સ્થિતિએ ચર્ચામાં ઉભા થવાની ફરજ પાડ્યા છતાં કશોય ઉત્તર આપ્યા સિવાય ઉ. જંબુવિજયજીએ મહા. સુ. તેરસે વિહાર જ કર્યો, ત્રણ દિવસ ઘેટી ગામે રહ્યા પણ અહિં તો નહિં જ ! ત્યાં રહી કદંબગિરિ થઈ જેસર ગયા, ત્યાંથી આ. વિ. સિદ્ધિસૂરિજીના સામે જવાના નામે ગારીયાધાર મહાવદમાં પહોંચ્યા, વચ્ચેના અરસામાં તો આ. શ્રીસિદ્ધિસૂરીજીના પણ નામે શ્રીવીરશાસન પત્રમાં જુઠો લેખ છપાવ્યો! આવાને શું અકરણીય હોય ? કૂટ કારસ્થાનો કરનારા તેમણે તે લેખમાં જનતાને ભરમાવવા 'શ્રી સાગરાનંદસૂરીવર મહારાજજી પણ પહેલાં બે અમાસ આદિ માનતા હતા' એવા સ્પષ્ટ ભાવયુક્ત જુઠું જ લખાણ પ્રગટ કરાવી, એ લેખમાં તેમણે મૂકેલા શબ્દો શ્રીસિદ્ધચક પાક્ષિકમાંથી આગળ પાછળનો બધો સમ્બન્ધ તોડી નાખીને જ લખેલા છે. જુઠાં જ લખનારને કહેવું શું ? શ્રી સિદ્ધચક્ર પાક્ષિક વર્ષ

૩ અંક, ૨૧ પૃ. ૫૦૭ થી ૫૦૮ શ્રા. સુ. ૧૫નો અંક જોવાથી એ શબ્દો કેવી રીતે તોડીને લખ્યા છે એ સામાન્ય જનતાને પણ સાફ સમજાય તેમ છે. આ આખીય વાત લૌકિક ટીપ્પણામાં થતી અમાસ આદિની વૃદ્ધિએ છટ્ઠ કઈ રીતે કરવો ? તે વિષેની જ છે, તેય ન જોતાં તેમજ ૧૯૫૨થી પણ પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ. આરાધનામાં પર્વતિથિના ક્ષયવૃદ્ધિ માનતા જ નથી, તો વાત જગપ્રસિદ્ધ જ હોવા છતાં એ વીર શાસન પત્ર લોક લજ્જાનેય ફેંકી દઈને આવી ભયંકર ભૂલ કેમ કરે છે, તે એની નીતિથી વાકેફ મધ્યસ્થ વર્ગને સમજાવવાની જરૂર નથી. આ જુઠાણું તે પત્રે તો છાપ્યું છતાં 'હજી વધારે' ભવમાં રખડવાના રેડ ચિન્હ તરીકે પાલીતાણા ફરીથી છપાવી ત્યાં પણ વહેંચાવ્યું !!! ભવાભિનંદી અભિનિવેશી પામરોને સીંગ પૂછ હોતાં નથી. આ રીતે પૂ. સિદ્ધિસૂરીશ્વરજી મહારાજના નામનો દુરૂપયોગ કરી. પૂ. આ. દેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજીને નામે પણ તર્કટ રચનાર હલાહલ જુટ્ઠો જ છે એમ આખી આલમને જણાવવા મુનિ શ્રી હંસસાગરજીએ એક પત્રિકા બહાર પાડી.

આ રહી તે પત્રિકા :-

## આરાધનામાં પર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ માનનારાઓને વિનંતિ

ટીપ્પણામાં જ્યારે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય છે ત્યારે ધર્મારાધનામાં શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા પૂર્વની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કરે છે, તથા જ્યારે બીજ આદિ પર્વતિથિની ટીપ્પણામાં વૃદ્ધિ હોય છે ત્યારે તેનાથી પહેલાની પડવા આદિની જ વૃદ્ધિ શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા કરે છે. તેમજ વળી પૂર્ણિમા કે અમાવાસ્યા જેવી પર્વની અનન્તર આવતી પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય છે ત્યારે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા પૂર્વની પર્વતિથિ ચૌદશ આદિ કરતાં પણ પહેલાંની તેરસ આદિ અપર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ આરાધનામાં કરે છે. આ શાસ્ત્ર અને પરંપરા સિદ્ધ માર્ગ લોપીને જે કોઈ હાલમાં આરાધનામાં પણ તિથિના ક્ષય વૃદ્ધિ માનવા મનાવવા સજ્જ થયા છે તેઓ સદંતર જૂઠા જ છે. એમ અમો બાપોકાર જાહેર કરીએ છીએ અને સત્યને સમજવાની કોઈપણ આચાર્ય, ઉપાધ્યાય કે પન્યાસજીને ઈચ્છા જ હોય તો જુઠી હેન્ડબીલ બાજી દ્વારા લોકોને ભ્રમમાં પાડતા બંધ થઈને બાબુ પન્નાલાલજીની ધર્મશાળામાં શાસ્ત્રાર્થ કરવા પધારવા વિનંતિ છે. અત્રે પાલિતાણામાં એવી જુઠી માન્યતાવાળાના ઉ. જંબુવિજયજીને મેં મહા સુદી ૮ના દિને એક પત્ર મોકલાવીને તિથિનો નિર્ણય

કરવા સંબંધી ટાઈમ માગ્યો જ હોવા છતાં, જવાબ આપ્યા વિના ગુપચૂપ અત્રેથી વિહાર કરી ગયેલ છે. સત્યના અર્થીઓએ આવો લજ્જાસ્પદ માર્ગ ગ્રહણ કરી મિથ્યાત્વ ફેલાવવું એ જરાય ઉચિત નથી. વીરશાસન તા. ૧-૩-૪૦માં તેવા તરફથી જે જુઠ્ઠું છપાયું છે તેનો ઉતારો લઈને અત્રે હેન્ડબીલ ફેલાવનારાઓ આચાર્ય વિજયસિદ્ધસૂરીજી શું કહે છે ? એમ કહીને જે વાત લખે છે તે તદન જુઠી જ છે. એ હેન્ડબીલમાં આ. વિજય સિદ્ધિસૂરીજીનું એક પણ વાક્ય છે જ નહિં તેઓની એવી જ માન્યતા હોય તો પોતાના નામથી જ જાહેર કરે તેમ છે. તેઓ તો સાફ બોલે છે કે આરાધનામાં તિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય જ નહિં.

તા. ક. તિથિચર્ચા બાબત નિર્ણય કરવાને માટે અત્રે બીરાજતા પૂ. આચાર્યદેવેશશ્રીને મેં અઠવાડિયા સુધીને માટે ઉપર મુજબ વિનંતિ કરેલી તેનો પૂ. આચાર્યદેવેશે સત્યના સંરક્ષણ માટે સ્વીકાર કર્યો છે.

આ વખતે પણ તેવાઓએ પોતાની જુઠ્ઠી માન્યતાનુસાર મહા વદી ૦)) બે કરીને સકળ સંઘથી વિરૂદ્ધ તેરસને ગુરૂવારે પાખી કરવાની હીલચાલ ઉઠાવી છે. આ વાત તદન જુઠી જ છે. શાસ્ત્ર અને પરંપરાને માનનારા સકળ સંઘ મહા વદી૦)) એક જ રાખીને મહા વદી તેરસ જ બે કરે છે અને કરવાનો છે. આથી શુક્રવારે જ ચૌદશ અને શનિવારે જ અમાવાસ્યા છે. માર્ગથી વિરૂદ્ધ ગયેલી રામટોળી જ ગુરૂવારે ચૌદશ કરવાની છે અને તે તદન જુઠું જ છે.

તા. ૪-૩-૪૦

મુનિ હંસસાગર પાલીતાણા.

## આ. વિ. કનકસૂરીજીના નામે પણ માયાવી પ્રચાર.

છતાં પણ પાલીતાણામાં રહેલ તેમના એક સાધુએ આ. શ્રી કનકસૂરીજીના નામની સાથે આજ્ઞાધારીને સૂચન રૂપ ગુરૂવારે ચૌદશ આરાધવી એ પ્રકારના હેન્ડબીલો છપાવી શુક્રવારે ચૌદશ આરાધનારા આજ્ઞા બાહ્ય છે એવો ધ્વની કાઢ્યો તરત જ એ પત્રિકા મળતાં મુનિ. શ્રી હંસસાગરજીએ આ. વિજય કનકસૂરીજી ઉપર 'આજે જ તિથિનો નિર્ણય કરવા હું આપની પાસે આવું છું' એવી ચીઠ્ઠી મોકલી, મળતાં જ તેઓશ્રીએ પોતાના શિષ્ય મુનિ કંચનવિજયજીને પન્નાલાલમાં પૂ. આ. શ્રી સાગરાનંદસૂરીશ્વરજીની પાસે મોકલી જણાવ્યું કે એ હેન્ડબીલ અમને પૂછ્યા વગર છપાવ્યું છે ! અમારે આપની સામે ચર્ચા કરવાની હોય જ શાની? છતાં ખાત્રી માટે ત્યાં જઈ મુનિશ્રી હંસસાગરજીએ નિષ્કર્ષ

પૂછતાં શુક્રવારે ચૌદશ આરાધનારા આજ્ઞાધારી નથી એમ મારાથી કહેવાય નહિ, મારું નામ મને પૂછયા વગર છપાવ્યું છે. મારે પૂ. આ. દેવશ્રી સાથે ચર્ચા કરવાની હોય જ નહિ ! એ મારો વિષય પણ નથી વિગેરે ખુદ આ. શ્રી કનકસૂરીજીએ સાચું જ કહી નાખ્યું. ભદ્રિક આત્માઓને પણ આવાઓ કેવા છેતરે છે ? તે જનતાએ ભૂલવું જોઈતું નથી. અસ્તુ -

આવા આચાર્યોના નામે પણ જુઠો પ્રચાર કરનારાને શું ભય હોય ? જનતા ઉંધા માર્ગે ન દોરાય એમ ધારી મુનિ શ્રી વિમલસાગરજીએ એક બીજી પત્રિકા બહાર પાડી.

------------:O:------------

## શ્રી જૈનશાસ્ત્ર અને જૈનાચાર્યની પરંપરાને માનનારાઓને સૂચના

સેંકડો વર્ષોનાં શાસ્ત્ર અને પરંપરાથી બે પૂનમ અને બે અમાવાસ્યા જ્યારે ટીપ્પણામાં આવે છે ત્યારે તેરસો બે કરવામાં આવે છે અને તે પ્રમાણે આ વખતે મહાવદ અમાવાસ્યા બે હોવાથી સકલ શ્વેતામ્બર મૂર્તિપૂજક સારા સારા ગચ્છોના આચાર્ય મહારાજા વિગેરે બુધવારે અને ગુરૂવારે બે તેરસ કરશે અને ચૌદશ શુક્રવારે પક્ખી કરી શનિવારે અમાવાસ્યા કરશે, પરંતુ માત્ર રામટોળી થોડી મુદતથી શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવીને તથા પોતાની અને પોતાના વડીલોની અત્યારસુધીની માન્યતા અને આચરણાને ઉઠાવીને હવે બે પૂનમ અને બે અમાવાસ્યા માનીને ગુરૂવારે પક્ખી કરવા માગે છે અને વૃદ્ધ પુરૂષના નામે ગપગોળા હાંકે છે. માટે શાસનને માનનારાઓએ ભ્રમમાં પડવું નહિં અને શુક્રવારે જ પક્ખી કરવીં.

. તા. ક. ઉપર જણાવેલ સત્યના નિર્ણય માટે રામ-ના ઉપાધ્યાયને સુદ ૮ના દિને જણાવ્યા છતાં વિહાર કરી ગયા છે. કાગળ કાલા કરનાર આવા જ હોય..

મુનિ- વિમળસાગર

------------:O:------------

ઉપા૦ મનહરવિજયજીની ઉપેક્ષણીય પદ્ધતિ.

અમદાવાદથી વૃદ્ધાવસ્થામાં પણ વિહાર કરી શ્રી સિદ્ધગિરિ તરફ યાત્રાર્થે પધારતા પૂ. આ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ ઠાણા ૭ સાથે મહા વદ ૧૨ ગારીયાધાર પધાર્યા, તે જ દિને ઉપર્યુક્ત બન્ને પત્રિકાઓ ત્યાં રહેલા ઉપા૦ જંબુવિજયજીને પહોંચાડી, અને ઉપા૦ મનહરવિ૦ મ૦ તેમના સમુદાય માન્ય સાધુ સાધ્વી આદિ ઉપર તિથિ માન્યતામાં બધો પત્ર વ્યવહાર શ્રીરામ-સૂરીજીની માન્યતા મુજબ કરતા હોવાથી આરાધનામાં તિથિ નક્કી કરવાની તેમની પણ ફરજ છે એમ ધારીને એક ગૃહસ્થ દ્વારા એમને પણ એમનો પક્ષ સાબીત કરવા મહા વદિ ૧૨ને દિવસે મુનિ શ્રી હંસસાગરજીએ એક વિસ્તૃત પત્ર લખી ચર્ચા કરવા જવાબ માગ્યો.

આ રહ્યો તે પત્ર

સ્થળ : પાલીતાણા મહા વદી ૧૨

"ઉપાધ્યાય મહારાજ શ્રી મનોહરવિજયજી યોગ્ય વંદન પૂર્વક જણાવવાનું કે ચાલુ માસની બે અમાવાસ્યા બાબત પેપરવાળા ફરમાવ્યાનું જણાવે છે. જ્યારે અમદાવાદવાળાઓ તરફથી ચોક્કસ સાંભળ્યું છે કે પૂ. સિદ્ધિસૂરીશ્વરજી મહારાજ આરાધનામાં તિથિની વધઘટ માનતા જ નથી. આથી પેપરવાળાનું ફરમાવ્યા સંબંધીનું જુઠાણું ખુલ્લુ પડી ગયું છે અને તે મેં તાજેતરમાં હેન્ડબીલ દ્વારા જાહેર પણ કર્યું છે આમ છતાં 'આરાધનામાં તિથિની વધઘટ નથી જ હોતી' એ સત્ય હજુ આપને સમજાયુ લાગતું નથી એમ પણ અમોએ સાંભળ્યું છે. આ વખતે સંયોગો સાનુકુળ હોવાથી મારી ધારણા છે કે એ મુજબ જે કોઈ આચાર્ય ઉપાધ્યાય કે પન્યાસજીને ન સમજાતું હોય તેને સમજાવવા અત્રે બનતા સર્વ પ્રયાસ કરી સંઘમાં શાન્તિ સ્થાપવી. તે પહેલાં આપ જણાવો તો હાલ હું યોગમાં હોવા છતાં વળતા કરીને વાટાઘાટ માટે આપની પાસે એક બે દિવસમાં આવું, ટીપ્પણામાં પર્વ તિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે પૂર્વ કે પૂર્વતરની અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ આરાધનામાં કરાય એમ શાસ્ત્ર પણ કહે છે અને કરાય જ છે. એમ સમસ્ત સંઘની માન્યતા અને આચરણા હતી, અને છે. આમ છતાં કોઈ કારણથી હવે આપને આરાધનામાં ક્ષય કે વૃદ્ધિ કરવાનું સૂજતું હોય તો તે સદંતર શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ જ છે, એમ ચર્ચા કરી જુઠો તિથિવાદ ઉભો કરીને તે ટકાવવા યત્ન કરનાર પંથના ઉપા. જંબુવિજયજીને મેં અત્રે મહાસુદિ ૮ના દિને પત્ર મોકલીને ટાઈમ પણ માગ્યો હતો, પણ ખેદની બિના છે કે એ પંથની આદત મુજબ તેઓ તેનો જવાબ જ આપ્યા વિના અહિંથી નાસી છૂટેલ છે, આવાનો આપને પક્ષ હોવા છતાં એવા ધૃણાસ્પદ માર્ગનું શરણ આપતો નહિં જ લ્યો એવી મારી ધારણા હોવાથી આ પત્ર આપને લખેલ છે તો પત્રનો જવાબ અને વાટાઘાટ માટે ટાઈમ જરૂર આપશો આપના ખુલાસાની ચાર દિવસ રાહ જોઈશ.

તા. ક. આપ ગારીયાધાર વધુ રોકાવાના ન હો અને ઉતાવળે અહિં પધારવાના હો તો છેવટ ફાગણ સુદી ૧ કે બીજના દિને અત્રે ચર્ચા માટે પણ ટાઈમ આપવાનું જ ધ્યાનમાં રાખશો.

લી. મુનિ હંસસાગર

ફરી પાછા ફા.સુ. બીજે પાલીતાણે આવી પહોંચેલા ઉ. જંબુવિ.ને પોતાના અનુવાદને જુઠા જણાવવા બીજી ચીઠ્ઠી લખી તે આ રહી -

સ્થળ - બાબુપનાલાલની ધર્મશાળા ફા. સુ. ૩ ભોમ.

"શ્રીમાન્ ઉ૦ જંબુવિજયજી, યોગ્ય વંદનપૂર્વક જણાવવાનું જે તિથિચર્ચા માટે તમારી પાસે તમારું જુઠાણું સાબીત કરવા હું આવતી કાલે આવું છું"

લી. મુનિ હંસસાગર

આ પત્ર ગૃહસ્થદ્વારા મોકલાવતાં તેમણે ન લીધો એટલું જ નહિ પણ જે જે વાણી ઉચ્ચારી છે તે અલિખિત જ સારી !!!

ઉપા૦ મનહરવિજયજીએ પણ પત્રનો ઉત્તર નહિ આપ્યો, એટલે પ્રથમના પત્રની નકલ સહિત બીજો પણ એક પત્ર ફા.સુ. ૨ જે લખ્યો, છતાં બે દિવસ તળેટી રહ્યા હોવાથી ને ચોથે પ્રવેશ હોવાથી ચોથના દિવસે એક સાધુદ્વારા તે પત્ર મોકલાવ્યો. પત્રની નકલ નીચે -

સ્થળ - પાલીતાણા ફા.સુ. ૨

"ઉપાધ્યાયજી મહારાજશ્રી મનહરવિજયજી યોગ્ય વંદનપૂર્વક જણાવવાનું કે નીચે મુજબનો પત્ર આપને પહોંચાડ્યો છે - (ઉપરોક્ત નકલ પહેલાં મોકલી હતી તે) બે દિવસમાં જ વખત આપવા મહેરબાની કરશો."

લી. મુનિ હંસસાગર

આ છેલ્લી કલમ, ૨૨ માર્ચ વીરશાસનના લેખકે જુઠાણાંના પડલ હોવાથી નહિ દેખતાં ચોથના પત્રમાં એકમ બીજે ચર્ચા કરવાની માગણીનો જુઠ્ઠો આરોપ મૂક્યો છે.

જવાબ તો ન જ મળ્યો, સાંજે તો તળાજા તરફ વિહાર કરી દીધો જો કે ફા.સુ. આઠમે આવી તે જ આઠમની સાંજે સ્વદાદાગુરૂ સાથે અમદાવાદ તરફ વિચરી ગયા. અહિં પણ આ ચર્ચા એ પક્ષે કેમ ખતમ કરી તે વાંચકોએ સ્વયં વિચારી લેવું.

## ઉપા૦ જંબુવિજયજીની પ્રચારવાણી

હવે ઉપા૦ જંબુવજિયજી આ અરસામાં આગળના અને આ તાજા બનેલા પ્રસંગથી જનતામાં પ્રચાર કરવા મંડી ગયા, કે આવાં ચીઠાં શું કામ મોકલે છે ? ચર્ચા કરવી હોય તો આવે ? અહિં ચોકી બોકી છે? પઠાણો બેઠા છે ? દરવાજા ખુલ્લા છે. આમ કહેવું શરૂ કર્યું. તેય પણ અનેક સ્થાને! એમ જાણ્યા પછી એક સાધુદ્વારા 'શ્રી હંસસાગરજી અહિં આવે ? એમ પૂછાવતાં 'ખુશીથી આવે' એમ જવાબ આપવાથી મુનિ હંસસાગરજી શાંતિભવનમાં ગયા. 'ચર્ચા માટે મેં બોલાવ્યા નથી' મારે મૌખિક ચર્ચા કરવી જ નથી, અને લેખિત જ કરવી છે, તેય પણ લખી મોકલો, વિગેરે ઘણી આડી વાતો કરી મુનિશ્રી હંસસાગરજીએ એમનું મંતવ્ય લખાવવા માંગવાથી પોતે સ્વમંતવ્ય રજુ કરવાનું કહીને નીચે પ્રમાણે લખાવ્યું.

ઉ૦ જંબુવિજયજીએ લખાવ્યું કે :-

"મૌખિક ચર્ચા કરવી નથી અને લેખિત ચર્ચા કરવી છે, જે જે પર્વતિથિ પ્રકાશમાં ભૂલો લાગતી હોય તેનાં કારણોસર તે નોંધીને આપો પછી વિચાર કરી જવાબ આપીશું અને પૂછાવા જેવું હોય તે પૂછાવીશું જવાબ આપવા જેવું નહિ હોય તો નહિ આપીએ."

તેના ઉત્તરમાં મુનિશ્રી હંસસાગરજીએ જણાવ્યું કે :-

"આપ ભૂલવાળાં લખાણો માગો છો તો તે લખાણો આપના તરફથી છપાયેલા આપની બુકમાં હોવાથી આ હું આપની પાસે રજુ કરું છું, છતાં આપે લખવાનું શું બાકી રહે છે ? હું આ આપના લખાણોને તદ્દન જુઠાં કહું છું અને તે બદલ મારી આપની પાસે માંગણી છે કે આપ મને શાસ્ત્રની કોઈપણ પંક્તિ આપીને તે તે લખાણો શાસ્ત્ર દૃષ્ટિએ સાચાં છે તેમ સાબીત કરી આપો, જેથી સાબીત થયે વિના આગ્રહે હું આપની પાસે મિચ્છામિ દુક્કડં માગીશ.

આ પ્રમાણે મુનિશ્રી હંસસાગરજીએ વાત કહ્યા છતાં પણ તેઓશ્રીનો ઉપર પ્રમાણે જ જવાબ છે, એમ જણાવ્યું.

લેખિત ચર્ચા પણ તમારે કઈ રીતે કરવી છે, એમ પૂછતાં ઉપા૦ જંબુવિજયજીએ લખાવ્યું કે :-

"ચર્ચા તિથિવાદને માટે છે એમાં મતભેદવાળા તપાગચ્છના બધાય પક્ષોનું પ્રતિનિધિત્વ ધરાવતી જવાબદાર વ્યક્તિઓ વચ્ચે યોગ્ય મધ્યસ્થોની રૂબરૂ (મધ્યસ્થોની) જવાબદારીપૂર્વક મતભેદવાળા વિષયોની લેખિત ચર્ચા થઈને સરપંચ (મધ્યસ્થમાંના) નો જે જે ચૂકાદો આવે તે સમસ્ત સંઘ અને મતભેદવાળા પક્ષો તે નિર્ણય અનુસાર વર્ત્તે તેવા બંધારણપૂર્વકની લેખિત ચર્ચા થાય તે આવકાર દાયક લેખાય."

આ પછી ઉ૦ જંબુવિજયજીને વાટાઘાટને અંતે મુનિશ્રી હંસસાગરજી મ૦ તરફથી આ પ્રમાણે વિનંતિ કરવામાં આવી કે - "હવે આપને અમારા તરફથી આગ્રહ ભરી વિનંતિ કરીએ છીએ કે આજે મોતીસુખીયાની ધર્મશાળામાં પૂજ્ય આચાર્ય મહારાજા આરાધનામાં પર્વતિથિનો ક્ષય વૃદ્ધિ માનનાર પક્ષ જુદો છે એમ સાબીત કરવા સર્વેને ટેલદ્વારા આમંત્રણ આપી જાહેર ચર્ચા કરવાના છે, ત્યાં આપને પધારવા અમારી સાગ્રહ વિનંતિ છે ત્યાં પધારવામાં બાધ કરનારાં કોઈપણ કારણ રજુ કરો તેને વિચારવાનું પછીથી રાખીને હું આપને બીજી પણ વિનંતિ કરું છું કે આવતી કાલથી પણ આપને જો પૂ૦ આચાર્ય મહારાજ પાસે પણ ચર્ચા કરવી હોય તો આપ કહો તો પૂ૦ આચાર્ય મહારાજને અહિં પણ લાવું અથવા આપને પન્નાલાલમાં પધારવા વિનંતિ છે અથવા તો આપ પસંદ કરો તે સ્થળે અને પસંદ કરો તે તટસ્થોની હાજરીમાં ચર્ચા કરવા પૂ૦ આ૦ મ૦ને વિનંતિ કરું જેના જવાબમાં આપ ફરમાવો છો કે મારે મૌખિક ચર્ચા કરવી જ નથી, લેખિત કરવી છે."

આ દરમિયાન જ આ તિથિચર્ચા માટે શેઠ મોતીસુખીયાની ધર્મશાળામાં બપોરના ત્રણ વાગે (ફા.સુ. ૫ના દિને) પૂ. આચાર્યદેવેશશ્રીનું તિથિચર્ચા સંબંધી જાહેર પ્રવચન છે તેની ઉદ્દઘોષણા કરતી થાળી આખાય શહેરમાં વાગી તેમાં નીચે મુજબ જાહેર કરવામાં આવ્યું હતું કે :-

"આજે બપોરે ત્રણ વાગે શેઠ મોતીસુખીયાની ધર્મશાળામાં પૂ૦ આચાર્ય મહારાજ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ આરાધનામાં પર્વતિથિની ક્ષય વૃદ્ધિ કરવી એ શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ છે એ સાબીત કરશે માટે સર્વે પધારશો".

તે પછી પૂ૦ આચાર્યદેવેશે પણ બબ્બે વખત સાધુઓને મોકલી જાહેર પ્રવચનમાં આવવા કહેવડાવ્યું. છતાં ઉ૦ જંબુવિ. ન જ આવ્યા. ત્યારે ચાર વાગે શાસનપક્ષની અનેક સમાધાનપૂર્વક શાસ્ત્રથી ચાલતી પરંપરા સિદ્ધ કરી.

## ચોક અને કદંબગિરિના કારસ્થાનનો ઘેટીમાં પડઘો

આટ આટલી જાહેરાત કર્યા છતાં, બોલાવ્યા છતાંય ન આવેલા ઉ૦ જંબુવિ૦ એ પાલીતાણેથી ફા. સુ. ૯.ના દિને બારગાઉ ગયેલ સંઘમાં ચોક તથા કદંબગિરિ મુકામે સ્વપ્રયોજને જ (પોતે સાચા છે એ ઠરાવવા) કરેલ તિથિચર્ચાની દોઢ દોઢ કલાક છેડતીને પરિણામે છગાઉ પ્રદક્ષિણા કરીને ફા. સુ. ૧૩.ના દિને આદપર મુકામે એકત્રિત થયેલા બહોળા ચતુર્વિધ સંઘ સમક્ષ એમને તથા એમના જુઠા જ અનુવાદને મુનિશ્રી હંસસાગરજી મહારાજે ડિંડિમનાદે જુઠા જ જાહેર કરીને, અદ્યપર્યંત ઉ૦ જંબુવિ૦ પાસે જઈને જે જે વાતો કરી હતી તે તથા તે તે વાતોની જવાબદારીમાંથી છટકી છૂટવા તેમણે કરેલાં ત્રેડાં વર્તનો તથા અમુક ઉત્તરો અને લખાણો પબ્લીકને સાફ શબ્દોમાં જણાવ્યાં હતાં. તેમજ હું આ જાહેર પણ બોલું છું તે જુઠું જ છે એમ જનતાને સમજાવવાની ઉ૦ જંબુવિ૦ ની ફરજ હોવા છતાં તેઓ મૌન જ રહ્યા જાણી મુનિશ્રી હંસસાગરજી મહારાજે તે તે જુઠાણાં અહિં બહોળા સંઘ સમક્ષ જ સમજી લેવાની ઉ૦ જંબુવિ૦ ને એક ફરીવાર વિનંતિ કરી ! પણ બોલે જ કોણ? આવી નરી ધીઠાઈ ક્યાંથી અને શ્યાથી ? એ જ વિચારમાં પાંચેક હાજરની જનમેદની ક્ષણભર ગરકાવ બની ગઈ! દૂર બેઠાં ચેલેંજોની બેડસાઈ મારનારા ઉન્માર્ગ ગામીઓની દશા સમાગમ પ્રસંગે તો તદ્દન કંગાળ જ છે, એવું પ્રત્યક્ષ અનુભવ્યા પછી તો માણસો વિચાર કરેજ ને? આવા સખ્ત પરાજયથી એ વખતે ઉપા૦ ના મુખ પર અજબ ગ્લાની પથરાઈ. અદ્યાપિ પર્યંત જુઠાં જ લખાણો કરી સમાજને વ્યગ્ર બનાવી ઉન્માર્ગે ચડાવવાના પાપનું એ પ્રત્યક્ષ ફળ જ હોવાથી એ પ્રસંગે એમનાથી બીજું થાય પણ શું ? ગ્લાન અને મ્લાન એ આકૃતિએ ક્રમે ભીષણરૂપ પકડ્યું. એ જોઈ મુનિશ્રી હંસસાગરજીએ જાહેરને વિનંતિ કરી કે એમને ચર્ચા કરવા ન જ ઉઠવું હોય તો તેમ જાહેર કરે ? તો પણ ઉ૦ જંબુવિ૦ ન બોલ્યા.

## એ સાધુને ન છાજે !

દૂર બેઠા જુઠાં લખાણો અને જુઠી ચેલેંજો કરી શાસ્ત્ર અને પરંપરા વિરૂદ્ધ ચાલી નવો જ માર્ગ સ્થાપી સમાજને ઉન્માર્ગે દોરવાના ચડસે ચડી ભવ્યજનોને ડૂબાડવાનો ભયંકર પાપખેલો કરે અને સમક્ષમાં ચૂપકીદી પકડી બેસે, એ વેષધારી અસાધુને છાજે; આપણે તો જવાબ આપવો જ ઘટે. એમ પણ જાહેરને જણાવ્યું. આમ છતાંય એ નતો ઉઠ્યા કે નતો કાંઈ બોલ્યા. આથી મુનિશ્રી હંસસાગરજી મહારાજે એના ચોતરફથી ગભરાયેલા દિલને આશ્વાસન આપવા બીજો જ માર્ગ નિર્દેશ કરતાં ફરમાવ્યું

કે - તમો હવે જવાબ ન જ આપી શકો તેમ સ્પષ્ટ લાગે છે, તેથી આ સામે વિરાજતા સેંકડો મુનિવર્યોમાંથી કોઈપણ એકને આપની જવાબદારી સોંપીને આપનાં તે જુઠાણાં સમજવા મારી સામે રજુ કરો ! આ સહેલી વાતનો પણ જવાબ આપવામાં નિષ્ક્રિય બનેલા ઉપા૦ જંબુવિ૦ ભરસભામાં ખૂબજ લેવાયા. શાસન પ્રતિ માલિન્યતા પસારનારની આવી જ દુર્દશા હોવી એ સ્વાભાવિક છે. સમુદાયમાં સ્વભાવાનુસાર ઉશ્કેરાઈ ગુર્વાદિ વડીલોનો જ સામનો કર્યા બાદ ઉપેક્ષા પાત્ર બનેલા તેમણે ફળમાં પદ પ્રદાનને ગુમાવી ભવ પર્યંત ભારી નુકશાની ખમવાના પ્રશ્ચાતાપે ગુર્વાદિનું તિથિચર્ચાના જયદ્વારા જ મન મનાવવાના સ્વીકારમાં અશક્તિએ આવી પડતાં, શ્રી પાલીતાણામાં ભારી નામોશી ખમવી પડશે. એ એમને એ વખતે પણ જો ખ્યાલ રહ્યો હોત તોય આ દશા થાત નહિં, આમ છતાં તેમની પાસે બેઠેલા શ્રી ચિદાનંદવિ૦ તથા વર્દ્ધમાનવિ૦ એ દુર્ભાગ્યે એમના જ જુઠાણાને મજબુત કરનારો ભુંડીગાળો જ વર્ષવાનો માર્ગ શોધી કાઢ્યો. કેવી સુંદર (?) શોધ? શ્રી વર્દ્ધમાનવિ૦ એ તો ગૃહસ્થનેય કાનમાં આંગળી ઘાલવી પડે એવી મુનિશ્રી હંસસાગરજી સામે ભુંડી જ ગાળોનો એક સામટો વરસાદ વરસાવવો શરૂ કર્યો. ચર્ચાને કલહનું જ રૂપ આપીને એ ધીંગાણું જ કરવા માંગે છે, એમ જોતાં મુનિશ્રી હંસસાગરજી મહારાજે જાહેરને ઉદ્દેશીને કહ્યું કે સમાજને ખોટાં જુઠાણાંથી ઉન્માર્ગે ચડાવી જવાબદારીમાંથી છટકી જવાની પાપાત્માઓને છાજતી આ ભયંકર કોશીષ છે, જેથી મારું વક્તવ્ય હવે સમાપ્ત કરું છું.

'આ પછી તો ભીષણરૂપ ધારી શ્રી વર્ધમાનવિ૦ અતિતરહીયમાન બનીને એ હંસસાગરને હું મારી નાખીશ' એવા અધમજનોચિત શબ્દો પણ કાઢી નાખ્યા, તો પણ મુનિશ્રી હંસસાગરજી મ. તો શાંત જ રહ્યા. ખરેખર, મુનિને તો એ જ છાજે. આ વાતાવરણે જનતામાં ઉપા૦ જીની 'ચર્ચા માટે તૈયારી સાથે તોફાની તૈયારી' જાહેર કરીને તેને સખ્ત નામોશી લગાડી, આ વસ્તુને સદંતર ઉથલાવીને તા. ૨૮ માર્ચ ૪૦નું વીરશાસન એ ગુંડાગીરીનો ટોપલો પૂ૦ આ૦ દેવશ્રીસાગરાનંદસૂરીશ્વરજી મહારાજને શીરે લાદતા પણ લજ્જાતું નથી.

## નશાધીન વીર (?) શાસનની હાય વરાળ !

આ વસ્તુ આખીયે અચ્છાદિત કરવા એણે એને છાજતી અને એનાથી બનતી કપરી ગાળોનો પણ પૂ. આચાર્ય દેવેશ ઉપર વરસાદ વરસાવી તેની ભુંડી પત્રનીતિ ઉઘાડી પાડી છે. એ ઓછા સંતોષની વાત નથી. આવા મલિન માનસો સમાજમાં હજુયે કેટલો અનર્થ કરશે, એ કલ્પના બહારની વાત હોવાથી

અમો તો આવા પામરોની ઉપેક્ષા જ કરીયે છીએ, આવા ઘૃણાસ્પદ માર્ગનું શરણ શોધવા કરતાં જુઠ્ઠાઓનાં જુઠ્ઠાણાં જ સુધરાવવા એ મથે તો આવકારદાયક ગણાત. સિવાય તો એ પત્ર વૈર-શાસન જ લેખાય. ઉપરના હેવાલથી ઉશ્કેરાઈને પૂ૦ આ૦ શ્રી સાગરાનંદસૂરીશ પ્રતિ "દુરાગ્રહમાં પડેલા, ધીંગાણું મચાવનાર, ધાંધલ કરનાર, ગુંડાગીરી કરનાર, વિવેક ભ્રષ્ટ બનેલા, ટોળારૂપ ગણાતા, પડદા પાછળ રહેનારા, શેતાનનેય શરમાવનારા, યથેચ્છ બકવાદ કરનારા, શાસ્ત્ર વિરૂદ્ધ માન્યતા ધરાવનાર, દંભમય આચરણો કરનારા, હીચકારા હુમલા કરનારા, પ્રપંચ કરનારા, બારી શોધી છટકનારા, એકલા અટુલા, કિંમત વગરના, કીન્નાખોર, શેતાન, ગુંડાનું શરણ શોધનાર, કાવત્રાં કરનાર, અધમ દશાએ પહોંચેલા" વિગેરે એ જ તારીખના વીરશાસન પત્રે જણાવેલાં વિશેષણો એ નૂતન પંથના સંચાલકોને જ ઘટે છે, એ સાદી વાત હવે તો જનતા સહેલાઈથી સમજી શકે તેમ હોવાથી અમારે કંઈ કહેવું રહેતું જ નથી. એમનું જેવું હૃદય છે તે જ આજે વાચાદ્વારા પ્રગટ થયું છે, તો એ વાચા મુજબના જ એનાં દરેક વર્ત્તનો છે એ વાત જનતા હવે પણ જાણી લ્યે તો હજુ મોડું થયું નથી. તે જ દિવસના તે પત્રમાં વીરશાસન તા. ૯-૧૧-૩૬નો વધારો પ્રગટ કરી તેણે જનતાની આંખે ફરીથી પાટા બાંધવાનું ભયંકર તર્કટ જં કરેલ છે, તિથિ ચર્ચાનો જ્યારે જ્યારે પ્રસંગ ઉપસ્થિત થયો છે, ત્યારે તેઓને ખુલ્લો પડકાર પૂ૦ આચાર્ય દેવેશે કર્યો જ છે, એ સારીય જનતાને સુવિદિત હોવાથી તેમજ તે વખતે કરેલા સખ્ત પ્રતિકારો અને એ વર્ગને એની જવાબદારીમાં ઉભા રહેવા પાડેલી જોસભેર ફરજોના થોક બંધ હેવાલો પ્રસિદ્ધ થઈ ગયેલા પડેલાં જ હોવાથી એ વાતનું પિષ્ટપેષણ અમે કરવું ઉચિત ધાર્યું નથી. વળી તે વીરશાસન પત્રમાં 'પ્રસ્તુત પ્રકીર્ણ'ના મથાળા નીચે 'નિશાળે ફરી બેસવાની જરૂર કોને માટે છે ?' એવું હેડીંગ કરી તેની નીચે પૂ૦ આચાર્ય દેવેશ પ્રતિ જે તદ્દન અસંગત અને અસભ્યતા પૂર્ણ ભાંડણનીતિથી ભરપૂર લખાણ કરેલ છે તે તે લોકોની મૂર્ખ વરેણ્યની કલગીજ છે. શ્રી સિદ્ધચક્ર પાક્ષિકમાંની નિર્દોષ અને સત્યપૂર્ણ સચોટ સમાલોચનાનો આવી અધમ રીતે પ્રતિકાર કરનાર પામરો આવાં ગંદા લખાણો દ્વારા કાગળ જ કાળા કરવાને પરિણામે ભયંકર ભવાટવીમાં રખડતા બચે એ જ ઈચ્છવું રહ્યું.

એક વખત મૌખિક ચર્ચાની તો ના જ કંહેનાર લિખિતમાં પણ મતભેદવાળા બધાય પક્ષોનું પ્રતિનિધિત્વ ધરાવતી જવાબદાર વ્યક્તિ વચ્ચે અને યોગ્ય મધ્યસ્થોની રૂબરૂ તેમજ એ જ મધ્યસ્થોની જ જવાબદારી માગનાર હોઈને, તેણે જ આપેલ ચૂકાદા અનુસાર સમસ્ત સંઘ અને મતભેદવાળા બધાય

પક્ષો વર્તે તેવા બંધારણ પૂર્વકની જ લેખિત ચર્ચાને એ આવકાર દાયક ગણનાર છે, એ દરેક ગઈકાલનું જ ગણાતું લખાવેલું-ઉપા૦ જંબુવિ૦ ભૂલી જઈને પાછી મૌખિક ચર્ચાની પણ તૈયારીનો આડંબર બતાવતાં નહિં શરમાતાં પૂ૦ આચાર્ય દેવેશ શ્રી ઉપર પોતાની જ સહીથી એક પત્ર લેખે છે તેની નકલ.

શાંતિભુવન પાલીતાણા. ફા. સુ. ૧૫

આચાર્ય શ્રીમાન્ સાગરાનન્દસૂરીજી

"યોગ્ય લખવાનું કે આપના પ્રશિષ્ય મુનિ શ્રી હંસસાગરજી તરફથી ફાગણ સુદ ૫ ગુરૂવાર તા. ૧૫-૩-૪૦ને રોજ તેમજ ફાગણ સુદ ૧૨/૧૩ ગુરૂવાર તા. ૨૧-૩-૪૦ને રોજ ઘણા સંઘ સમુદાય સમક્ષ ડિંડિંમ નાદે જાહેર કર્યું છે કે "આપ (એટલે અમો) જણાવો તે સ્થળે, આપ જણાવો તે મધ્યસ્થો આગળ, આપ જણાવો તેમની સાથે, શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થના જ આધારે, પૂ૦ શ્રી સાગરજી મહારાજ ચર્ચા કરવા તૈયાર છે" આ ઉપર લખી હકીકત પ્રમાણે મુનિ શ્રી હંસસાગરજી મહારાજે કહી છે કે નથી કહી એવો કોઈ પણ જં૦ નિરર્થક વિ. ઈશ્યુ કાઢ્યા વિના શુદ્ધ હૃદયે આપને કબુલ છે કે કેમ ? અને તેવી ચર્ચાને અન્તે મધ્યસ્થો જે નિર્ણય આપે તે માન્ય રાખી તદનુસાર આપની પ્રવૃત્તિ યદિ સુધારવા યોગ્ય લાગે તો સુધારવા આપ બંધાઓ છો કે કેમ ? તેનો આપની સહીથી લિખિત ઉત્તર ૨૪ કલાકમાં આપવા કૃપા કરશો. આપનો જવાબ જો રીતસર હકારમાં આવશે તો આ સંબંધી શ્રી સંઘમાં શાંતિ સ્થાપવા માટે ઉપયોગી થાય તેવાં પગલાં આગળ ભરવાનું યોગ્ય કરી શકાશે.

લી. જંબુવિજયજી સહી. દઃ પોતે

કહેવાતા વીરશાસનનાં તાજાં અને જુઠાં જ લખાણ મુજબ 'આ પક્ષે ધીંગાણું કે ધમાલ કરી તે સત્યથી સદંતર જ વેગળું છે એમ તેરસ પછીનો શ્રી જંબુવિ. નો આ પત્ર સાબીતિ આપે છે. ધીંગાણું કરનાર સાથે કોણ એવો મૂર્ખ હોય કે પત્ર લખે અને ચર્ચા કરવાનો આડંબર પણ કરે ? એ પત્ર લાવનાર ગૃહસ્થ સાથે તુર્ત જ જે જવાબ મોકલ્યો તે નીચે મુજબ

પાલીતાણા પન્નાલાલની ધર્મશાળા ફા.સુ. ૧૫.

શ્રી જંબુવિજયજી

યોગ્ય, લખવાનું કે "લૌકિક ટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં તેના પહેલાંની અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કરાય છે, તે શાસ્ત્ર (તત્ત્વતરંગિણી આદિ) અને પરંપરાથી સાબીત કરવા તૈયાર છીએ, તમે જો ટીપ્પણાની અંદર પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં પણ પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ માનવા, એવું શાસ્ત્ર (તત્ત્વતરંગિણી)ના આધારે સાબીત કરવાની પ્રતિજ્ઞા લખી જણાવો, જો કે મુનિશ્રી હંસસાગરજીએ તત્ત્વતરંગિણીના તમારા અનુવાદનું જુઠ્ઠાપણું સાબીત કરવા માટે એ વાત કરી હતી.

તા.ક. શાસ્ત્રના પાઠના અર્થમાં જે વિવાદ રહે તેનો નિર્ણય ભાવનગર જેવા સ્થાનેથી બોલાવેલા તટસ્થ વિદ્વાનો આપે તે બન્ને પક્ષે કબુલ રાખવો, સ્થાન અને વખત પ્રતિજ્ઞા આવેથી લખાશે."

આનન્દસાગર

ઉપા૦ જંબુ વિ૦ એ એમના પત્રમાં મુનિશ્રી હંસસાગરજીના નામે, 'આપ (એટલે ઉપા૦ જંબુવિજયજી) કહો તેમની સાથે' અને 'તત્ત્વતરંગિણી ગ્રન્થના જ' એ શબ્દો ઘરના ઘાલી પોતે (ઉપા. જી) ચર્ચામાંથી છટકી જવા જે તર્કટ રચ્યું તે (શબ્દો)નો ઈન્કાર કરી તેવા જુઠ્ઠાણાંથી વિરમાવવા અને ચર્ચામાં તૈયાર રહેવા તેમના ઉપર નીચેનો પત્ર મુનિ શ્રી હંસસાગરજી મહારાજે મોકલ્યો તેની નકલ.

પાલીતાણા પન્નાલાલ બાબુની ધર્મશાળા ફા. વ. ૧

શ્રી જંબુવિજયજી યોગ્ય

તમોએ ફાગણ સુદ ૧૫ના દિને પૂ૦ આચાર્ય શ્રીમદ્ સાગરાનંદસૂરીશ્વરજીની ઉપર લખેલ પત્રમાં "આપ જણાવો તે સ્થળે, આપ જણાવો તે મધ્યસ્થ આગળ, આપ જણાવો તેમની સાથે, શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થના જ આધારે પૂ. શ્રી સાગરજી મહારાજ ચર્ચા કરવા તૈયાર છે" આ શબ્દો મારા કહેલા તરીકે જણાવેલા છે, તેમાં તમે લીટીવાળા અક્ષરો ચર્ચામાંથી છટકી જવા માટે જાણી જોઈને લખેલા છે, મારા શબ્દો તો તમારા વીર(?) શાસન તા. ૨૨ માર્ચ ૧૯૪૦માં પૃષ્ઠ ૩૮૦ કોલમ ત્રીજામાં "અથવા તો આપ પસંદ કરો તે સ્થળે અને પસંદ કરો તે તટસ્થો હાજરીમાં ચર્ચા કરવા પૂ૦ આચાર્ય મહારાજને વિનંતિ કરું" એમ છપાયેલા છે તે જ છે, માટે જો જુઠ્ઠા લખનાર અધમોમાંથી નીકળવા માંગતા હો તો આ તર્કટ રચવા બદલ સત્વર માફી માગો,

પૂજ્ય આચાર્યદેવ ઉપર લખેલા પત્રમાં કથન અકથનનો ઈસ્યુ કાઢવાનો તમે વિના પ્રસંગે જ નિષેધ કરેલ છે, તે પણ તેની સાબીતી જ છે. શ્રીતત્ત્વતરંગિણીનો તમે કરેલ અનુવાદ જુઠ્ઠો છે, એમ કહેનાર મારી કે કોઈની પણ આગળ તેની સત્યતા સાબીત કરવાની તેના કર્ત્તા તરીકે તમારી ફરજ છે, અને તેમાંથી તમો યદી જુઠ્ઠા ન હોય તો છટકી શકો જ નહિં.

તા.ક. પૂજ્ય આચાર્યદેવેશે તમારી જુઠ્ઠી ચેલેન્જનો પણ ઉત્તર આપીને ચર્ચા કરવા તૈયારી બતાવી લિખિત સ્વીકાર કરીને જવાબ તમને પહોંચાડેલ જ છે, માટે ચર્ચાના માર્ગમાં આ વાતને કે બીજા પણ બહાનાં આગળ ધર્યા વગર ચર્ચાની પ્રતિજ્ઞા તેઓશ્રીને લખી જણાવશો, એમાં મારે કહેવાનું હોય નહિં.

લિ. મુનિ હંસસાગર સહી દઃ પોતે.

પૂ૦ આચાર્યદેવેશશ્રીના પત્રના જવાબમાં ચર્ચામાંથી છટકવા ઉપા૦ જંબુવિ૦ એ પૂ૦ આચાર્યદેવેશશ્રી ઉપર ખોટા જ આરોપો કેવી રીતે ઘડી કાઢ્યા, તેમજ મુનિશ્રી હંસસાગરજીના પત્રને પૂ૦ આ૦ દેવેશશ્રીના જ પત્રના જવાબમાં સંડોવીને કેવી રીતે ગુંગળાવ્યો તે વાત ખુલ્લી કરતો ઉપા૦જંબુવિ૦નો પત્ર નીચે મુજબ;

મુ પાલીતાણા, ઠે. શાન્તિભુવન. ફાગણ વદી ૨ સોમવાર.

આચાર્ય શ્રીમાન સાગરાનંદસૂરીજી,

યોગ્ય લખવાનું કે તમારા ઉપર ફા. સુ. ૧૫ શનિવારે નીચે પ્રમાણે કાગળ મોકલ્યો હતો :-

(જે પત્ર ઉપા૦ જંબુવિ૦ એ પ્રથમ મોકલ્યો તે ઉપર છપાયેલ છે.)

આ પંત્રનો તમોએ તે જ દિવસે નીચે પ્રમાણે ઉત્તર મોકલ્યો છે :-

( જે ઉત્તર પૂ. સાગરજીમહારાજે મોકલ્યો તે ઉપર છપાયેલ છે.)

અમોએ તમોને કોઈપણ નિરર્થક ઈશ્યુ કાઢ્યા વિના શુદ્ધ હૃદયે મુદ્દાનો ઉત્તર આપવાની વિનંતિ કરેલી હતી છતાં તે પ્રમાણે તમો તમારી કાળજીની પદ્ધતિ અનુસાર નથી જ આપી શકયા એ ખેદનો વિષય છે.

તમારા ઉત્તરમાં પક્ષ પ્રતિપક્ષ કે પ્રતિજ્ઞા આદિની મડાગાંઠ તમારે નાખવી જોઈતી ન હતી તમારા પ્રશિષ્યના કથનનો અમોએ તમોને જે હવાલો આપ્યો હતો તે પ્રમાણે તમોને કબુલ છે કે નહિ ? એટલો જ ખુલાસો જણાવવાની તમારે જરૂર હતી.

તમારા ઉત્તરમાં તમોએ લખ્યું છે કે "જો કે મુનિ શ્રી હંસસાગરજીએ તત્ત્વતરંગિણીના તમારા અનુવાદનું જુદાપણું સાબીત કરવા માટે એ વાત કરી હતી" આથી હંસસાગરજીના શબ્દોનો અમોએ આપેલો હવાલો સત્ય છે એમ તો તમોએ સ્વીકાર્યું પણ તે અનુવાદનું જુદાપણું સાબીત કરવા માટે એમ લખીને તમોએ તિથિચર્ચાના મુદ્દામાંથી ખસવાનું છટક બારૂં શોધ્યું છે. ફાગણ વદ ૧ રવિવારના સાંજે તમારા સદર પ્રશિષ્ય તરફથી અમોને એક પરબીડીયું મોકલવામાં આવ્યું છે તેમાં તેમણે લખ્યું છે કે - "આપ જણાવો તે સ્થળે, આપ જણાવો તે મધ્યસ્થ આગળ, <u>આપ જણાવો તેમની સાથે</u> શ્રી તત્ત્વતરંગિણી <u>ગ્રન્થના જ</u> આધારે પૂ૦ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજ ચર્ચા કરવા તૈયાર છે." આ શબ્દો મારે કહેલા તરીકે જણાવેલા છે તેમાં તમે લીટીવાળા અક્ષરો ચર્ચામાંથી છટકી જવા માટે જાણી જોઈને લખેલા છે, એટલી બિના તે પ્રમાણે કબુલ રાખીને તમો જે "અનુવાદનું જુદાપણું સાબીત કરવા માટે" વાત કરી હોવાનું લખો છો તે જુઠ્ઠું છે એમ દેખાડી આપ્યું છે, વળી તમોએ તમારા કાગળમાં જેટલો સ્વીકાર કર્યો છે એ જોતાં તમારા પ્રશિષ્ય જે "આપ જણાવો તેમની સાથે" તથા "ગ્રન્થના જ" એટલા શબ્દો ચર્ચામાંથી છટકી જવા માટે જાણી જોઈને અમોએ લખ્યા હોવાનું કહે છે તે જુઠ્ઠું છે એમ સ્પષ્ટ માલુમ પડી આવે છે. આથી તો બુદ્ધિમાન સમાજમાં તમો ગુરૂ શિષ્ય

બન્નેની સ્થિતિ અવિશ્વાસ પાત્ર સાબીત થઈ જાય તો તેમાં નવાઈ પામવા જેવું જણાતું નથી, અમો તમારી સાથે મૌખિક નહિ પણ લેખિત જ ચર્ચા કરવા માગતા હોવાનું કારણ પણ આ જ હતું અને છે.

તમારા પ્રશિષ્યે પોતાના કાગળમાં વીરશાસન તા. ૨૨ માર્ચ ૧૯૪૦ પૃષ્ઠ ૩૮૦ ત્રીજી કોલમમાં છપાયેલા શબ્દો પોતાના હોવાનું લખ્યું છે પણ તે તો ફાગણ સુદ ૫ ગુરૂવારે અહિં શાંતિભુવનમાં બોલાયેલા શબ્દોનો ઉતારો છે, તે તેમણે ભુલવું જોઈએ નહિ.

તમારા પ્રશિષ્યે બીજું કેટલુંક જે લખ્યું છે તે તેમના જેવાને જ છાજતું હોઈ અમે ઉપેક્ષા કરીએ છીએ

લખવાની મતલબ એ છે કે - તમારે અને તમારા પ્રશિષ્યને જો આમ પોતાના બોલમાંથી અને જોખમદારીમાંથી પાછળથી છટકાં જ શોધવાં પડે તો બહેત્તર છે કે એવું જનતાની આંખે પાટા બાંધનારું ભભકભર્યું તેમણે તમારા નામે બોલવું જોઈએ નહિ, અને તમારે તેમને છૂટ આપવી જોઈએ નહિં અસ્તુ.

હવે તમોએ તમારા ઉત્તરમાં લખ્યું છે કે "મુનિ શ્રી હંસસાગરજીએ તત્ત્વતરંગિણીના તમારા અનુવાદનું જુઠ્ઠાપણું સાબીત કરવા માટે એ વાત કરી હતી" જો અનુવાદને માટે એ વાત કરી હતી તો તે પણ અમો અમારા પત્રમાં લખી ગયા છીએ, તેમ ભલે અમારી સાથે ચર્ચા કરવી તમોને કબુલ છે ? જો કે અનુવાદનું જુઠ્ઠાપણું કહેનારાઓને અમે કહી દીધું છે કે - તમો જુઠ્ઠાં લાગતાં સ્થળો સંબંધપૂર્વક જુઠ્ઠાં લાગવાનાં કારણોસર અમોને લખી જણાવો" પણ ન માલુમ કેમ આ ઘુંટડો તેમને ગળે ઉતરતો નથી, તમોએ તા. ૧૪-૫-૩૮ના તમારા સિદ્ધચક્રમાં અનુવાદનાં કેટલાંક સ્થળો જુઠ્ઠાં બતાવવાની ચેષ્ઠા કરી હતી, તમોએ તે સ્થળો તુટક આપેલાં છે તે જો તમારી ઈચ્છા થાય તો સંબંધપૂર્વક સંપૂર્ણ લખીને તે જુઠ્ઠાં હોવાનાં કારણો તમો અમોને લખી શકો છો.

કદાચને તમારી મરજી તેમ કરવાની ન થાય અને તમારા પ્રશિષ્યે જાહેર કરેલી, અમોએ તમોને લખી જણાવેલી, તથા તમોએ "જો કે" કરીને સ્વીકારેલી વાત અનુસાર ચર્ચાજ કરવાની તમારી મરજી થાય તો અનુવાદમાં જેટલું જુઠ્ઠું સાબીત થાય તેટલું અમારે સુધારવું બાકી જેટલું સત્ય રહે તેટલું તમારે સ્વીકારવું એ શરતે તમારી લિખિત સહીથી કબુલાત ૨૪ કલાકમાં અમોને લખી જણાવશો. તમારા પ્રશિષ્યે કે બીજા કોઈને વચમાં પડવાની જરૂર નથી તેમજ અસંગત ઉત્તરો ઉપર હવે અમે ધ્યાન નહિ આપીએ અને અંગત નામ વિગેરે લખવામાં પણ પદ વિગેરે નહિ લખવાનો તમારા તથા તમારા પ્રશિષ્ય તરફથી જે અવિવેક દાખવાય છે તે યોગ્યાત્માઓ માટે અનિષ્ટ છે, તેની નોંધ લેશો.

લી. જંબુવિજય

ઉ૦ જંબુવિં૦ પ્રથમના પત્રથી ચર્ચામાંથી છટકી જવા જ માગતા હોવાથી, અને ઉપરના બીજા પત્રથી 'પોતે તો ચર્ચા કરવા તૈયાર જ છે એવો' મેઘાડંબર દેખાડી ચોર કોટવાળને દંડે તેમ ખોટા જ આરોપો મૂકવા માંડી ચર્ચાને ગુંગળાવી જ નાખવાનો પ્રયાસ કરતા તેમની

(ઉપા૦ જંબુવિ૦ની) બદધારણાને એના મનમાં જ રહેવા દેવાની ફરજ પાડનાર એક પત્ર લખી પૂ૦ આ૦ દેવેશે આ વાતને નહિં ડોળતાં એમને ચર્ચામાં જ ઉભા રહેવા 'પ્રતિજ્ઞા જ બહાર પાડો' એમ ફરીથી પણ જણાવ્યું તે પત્રની નકલ નીચે મુજબ.

પન્નાલાલ બાબુની ધર્મશાળા પાલીતાણા ફા. વદ - ૨

શ્રી જંબુવિજયજી યોગ્ય,

અમે યોગ્ય પ્રતિજ્ઞા લખી મોકલ્યા છતાં તમો પ્રતિજ્ઞા કરવામાં નિષ્ફળ નીવડ્યા છો, શાસ્ત્ર અને પરંપરાથી પર્વતિથિના ક્ષય કે વૃદ્ધિ એ અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કરાય છે, તેની અસત્યતા સાબીત કરવાની તમે પ્રતિજ્ઞા કરતા નથી એ તમારા પત્રથી સાબીત થાય છે.

તા.ક. (૧) ચર્ચા વખતે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ બન્નેનાં વચનો લિખિત થાય એ તો સ્વાભાવિક જ હતું.

(૨) શ્રી તત્ત્વતરંગિણીના અનુવાદના જુઠ્ઠાણાં પણ તે વખતે જણાવવા માટે અમો તૈયાર હતા અને છીયે.

આનન્દસાગર

આચાર્યપદને માન્ય રાખવાને અંતે પૂ૦ આચાર્યદેવેશશ્રીને આચાર્ય લખ્યા છતાં વંદના લખવાનો ઉપરના પણ પત્રમાં વિવેક વેચનાર ઉપા૦ જંબુ વિ૦ પ્રાકૃતજનની માફક પોતે જ પોતાને માટે વિશેષણની યાચના કરતા જોઈ કોને ખેદ ન થાય ? આમ છતાં એ તુચ્છતાને ઉવેખીને એ પત્રમાં બીજા પણ અઘટિત આરોપો ઘડી કાઢીને 'ચર્ચામાં શિષ્યાદિ નહિં જોઈએ' એવું બેહુદું વદનારને ચર્ચામાંથી તો છટકવા દેવા જ નથી એમ નિશ્ચય કરી મુનિશ્રી હંસસાગરજી મહારાજે પણ એની અગડં બગડં વાતોને અનિચ્છાએ પણ કબૂલ રાખીને ઉપા૦ જંબુ૦ વિ૦ને ચર્ચામાં જ હાજર થવા ફરજ પાડનારો જે પત્ર લખી મોકલ્યો તેની પણ નકલ નીચે મુજબઃ-

પાલીતાણા પન્નાલાલબાબુની ધર્મશાળા ફા. વ. ૩

શ્રી જંબુવિજયજી યોગ્ય

શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથને અમો સત્ય માનીએ છીએ જ, અને તમો તમારા અનુવાદનાં જુઠ્ઠાણાં સુધારી સત્ય સ્વીકારવા તૈયાર છો તો અઠવાડિયાની અંદરનો કોઈપણ દિવસ જણાવી સ્થળ તથા મધ્યસ્થોની ગોઠવણ કરી જાહેર કરો.

તમો એમ જાહેર કરો તો હું તો તૈયાર છું છતાં તમો ના કહેતા હોવાથી પૂ૦ આચાર્ય દેવેશ શ્રીસાગરાનંદસૂરીશ્વરજી મ૦ને તમારાં જુઠ્ઠાણાં સાબીત કરવા વિનંતિ કરી છે અને તેઓશ્રી તૈયાર છે.

અનુવાદમાં જે જુદાણાં જણાવાય તે સત્ય જ હોય પણ જુદાં ન હોય તો તેઓ તે પ્રમાણે સ્વીકારશે.

શાસ્ત્ર અને પરંપરા પ્રમાણે 'લૌકિક ટીપ્પણામાં આવતી પર્વતિથિના ક્ષય વૃદ્ધિની વખતે' પહેલાંની અપર્વતિથિના ક્ષય વૃદ્ધિ સાબીત કરવાની પ્રતિજ્ઞા કરીને પૂ૦ આ૦ દેવશ્રી સાગરાનંદસૂરીશ્વરજી તેની અસત્યતા સાબીત કરવાની પ્રતિજ્ઞા કરવાનું તમોને ફા.સુ. ૧૫ના દિને જ જણાવેલ છે એટલે તે વાત તો નવી કહેવી પડે તેમ નથી.

ચર્ચા વખતે બન્નેનાં કથનો લિખિત થશે, અને મધ્યસ્થો પછી નિર્ણય આપશે એ પણ સ્વાભાવિક જ છે.

લી. મુનિ હંસસાગર

ઉપા૦ જંબુવિજયજી પોતાના ફાગણ વદી બીજના પત્રમાં બીજી બીજી વાતો કરી ચર્ચામાંથી છટકી જવા માંગતા પૂજ્ય આચાર્ય દેવેશે 'પ્રતિજ્ઞા પત્ર' મોકલવાનું ફરીથી સૂચવ્યું, જેના પ્રતાપે 'પોતે પણ ચર્ચા માટે તૈયાર છે' પ્રતિજ્ઞા પણ કબુલ જ છે' ઈત્યાદિ જણાવતા અને 'પોતાની ભૂલ સાબીત થાય તો તે સુધારવા' તૈયારી બતાવવાનો તેમણે નીચે મુજબ પત્ર મોકલાવ્યો, જો કે ઉપરોક્ત મુનિશ્રી હંસસાગરજીના પત્રોનો જવાબ તો ન જ આપ્યો, છતાં તેઓશ્રીના પત્રમાં જણાવેલ સૂચનાઓ તો માન્ય થતી જણાવવા લાગી ! ઉપા૦ જંબુવિ૦ નો પત્ર -

પાલીતાણા શાંતિભુવન ફાગણ વદ ૩ મંગળવાર

આચાર્ય શ્રીમાન સાગરાનંદસૂરીજી -

યોગ્ય લખવાનું કે તમારા ફા. વદ ૨ના ઉત્તરથી તમો શ્રીતત્ત્વતરંગિણીના આધારે અમે જણાવીએ તે મધ્યસ્થો આગળ પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરવાનું કિંવા અમારા અનુવાદનું જુદાપણું સાબીત કરવાની પ્રતિજ્ઞા જણાવવામાં નિષ્ફળ નિવડ્યા છો, એ એકવાર ફરીથી પણ સિદ્ધ થઈ ચૂક્યું છે.

તમોએ માનેલી અને તમારા પ્રશિષ્યે જાહેર કરેલી ચેલેન્જ ઝીલીને અમોએ તમારી સાથે જ્યારથી પત્રવ્યવહાર આદર્યો ત્યારથી અમારી પ્રતિજ્ઞા તો એ દીવા જેવી થઈ ચૂકી છે કે અમારી સાથે ચર્ચા કરવા માગનારને અમો શ્રી તત્ત્વતરંગિણી ગ્રન્થના આધારે પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરવી એ શાસ્ત્ર વિરૂદ્ધ છે, કિન્તુ તત્તત્ તિથ્યારાધનની પૂર્વોત્તર દિવસે વ્યવસ્થા કરવી એ જ શાસ્ત્રોક્ત છે, એમ સાબીત કરી આપવા તૈયાર છીએ.

તમો શ્રી તત્ત્વતરંગિણી આદિ શાસ્ત્ર અને પરંપરાથી તમારા પક્ષની સિદ્ધિ કરવાનું લખો છો, તો હવે તે મુદ્દા ઉપર આવીને તમોને લખવું પ્રાપ્ત થાય છે કે - (૧) શ્રી તત્ત્વતરંગિણી, (૨) શ્રી હીરપ્રશ્ન, (૩) શ્રી સેનપ્રશ્ન, (૪) શ્રી શ્રાદ્ધવિધિ, (૫) શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ, (૬) શ્રી જ્યોતિષ કરંડક,

(૭) શ્રી કલ્પકિરણાવલી, (૮) શ્રી કલ્પસુબોધિકા, (૯) શ્રી બૃહત્કલ્પભાષ્ય, (૧૦) શ્રી નિશીથભાષ્ય, (૧૧) શ્રી નિશીથચૂર્ણિ, (૧૨) શ્રી યોગવિંશિકા, (૧૩) શ્રી કલ્પઅવચૂરિ, (૧૪) શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, (૧૫) શ્રી ધર્મસંગ્રહ, (૧૬) શ્રી દશાશ્રુતસ્કંધ, આ મૌલિક શાસ્ત્રોથી અને તે જ શાસ્ત્રોક્ત પાઠોથી અવિરૂદ્ધ જતી મૂલ પરંપરાથી તમો તમારો પક્ષ અમો જણાવીએ તે સ્થળે અને અમો જણાવીએ તે મધ્યસ્થો આગળ સિદ્ધ કરવા હજી તૈયાર છો ? તમારો પક્ષ અસત્ય છે તે ઉપરોક્ત શ્રી તત્ત્વતરંગિણી આદિ ૧૬ શાસ્ત્રો અને તન્માન્ય પરંપરાથી સાબીત કરવા અમો તો બેશક તૈયાર જ છીએ.

તમારા ફા. સુદ ૧૫ના ઉત્તરમાં જણાવેલી પ્રતિજ્ઞા અને ફા૦ વદ ૨ ના ઉત્તરમાં જણાવેલી પ્રતિજ્ઞામાં ફેરફાર છે એ જ પ્રમાણે તમારા સિદ્ધચક્રોમાં પણ પૂર્વાપર ઘણો જ ફેરફાર અને જૂઠાણાં આવ્યા કરે છે તેનું પણ પ્રમાર્જન કરવા તમો તૈયાર રહેશો કે ?

અમો જ્યારે શાંતિથી વાટાઘાટ ચલાવવા માગીએ છીએ ત્યારે તમારા તરફથી તમારા શિષ્યોના નામે ગંદા સાહિત્ય છપાવી જુઠો પ્રચાર કરાવાય છે તે શ્રી સંઘમાં શાંતિ અને સત્ય માટેના તમારા સદ્હેતુનો અભાવ બતાવે છે એમ અમારે દુઃખતે હૃદયે જણાવવું પડે છે. ફા. વદ ૨ના તમારા ઉત્તરમાં તમોએ તા. ક. માં લખેલી કલમોમાં અમોને વાંધો નથી.

જંબુવિજય

ઉપરોક્ત પ્રતિજ્ઞા સ્વીકાર આદિ ઉપા. શ્રીના પત્રથી 'તિથિ ચર્ચા'માં હવે શુભ પરિણામ આવશે એવી આશા બંધાવાથી તેમજ શ્રી સંઘમાં તેથી શાંતિ થાય તો સારું એમ ધારી પૂજ્ય આ. શ્રી સાગરાનંદસૂરીવર મહારાજાએ તેમણે (ઉપા૦ એ) માગેલ માગણી પ્રમાણે પણ ચર્ચા કરી નિવેડો લાવવાનું કબુલ કરતો આ પત્ર મોકલાવ્યો -

પન્નાલાલ બાબુની ધર્મશાળા પાલીતાણા ફા. વ. ૩

શ્રી જંબુવિજયજી યોગ્ય,

શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારા જે લૌકિક ટીપ્પણામાં પર્વતિથિની ક્ષય વૃદ્ધિએ આરાધનામાં તેનાથી પૂર્વની અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ કરે છે, તે શ્રી તત્ત્વતરંગિણી આદિ શાસ્ત્રોના આધારે સત્ય તરીકે સાબીત કરવાની તથા તમારા તત્ત્વતરંગિણીના અનુવાદનું જુઠાણું સાબીત કરવાની (અમોએ) પ્રતિજ્ઞા કરી છે તે હયાત છે.

તમોએ શ્રી તત્ત્વતરંગિણી ગ્રંથના આધારે પર્વ તિથિની ક્ષયવૃદ્ધિએ અપર્વ તિથિની ક્ષય વૃદ્ધિ કરવી એ શાસ્ત્ર વિરૂદ્ધ છે એમ સાબીત કરવા આ પત્રમાં જ કહ્યું છે, તો અઠવાડિયામાં દિવસ જણાવી મધ્યસ્થ અને સ્થળ વ્યવસ્થા કરી જણાવવું.

તા.ક. (૧) શ્રી હીરપ્રશ્નાદિનો વિરોધ ટાળવો, એ તો ઉભય પક્ષની ફરજ જ છે, (૨) શ્રી સિદ્ધચક્રનાં તમો જુઠ્ઠાણાં જણાવો તે જો તટસ્થ સત્ય કહેશે તો પ્રમાર્જન કરાશે.

આનન્દસાગર

આ પ્રમાણે દરેક પત્ર લખાવટને પરિણામે આમન સામન ઉભયપક્ષે ચર્ચા માટે પ્રતિજ્ઞા પણ કરી જ દીધા પછી તો ઉપા૦ જંબુવિ૦ હવે તો તિથિ ચર્ચામાં જરૂર ઉભા રહેશે, અને તે ટાઈમે તિથિ ચર્ચાનો અંત જ આવી જઈ શ્રી સંઘમાં અપૂર્વ શાન્તિ ફેલાશે, એમ જ ધાર્યું હતું. એ સિવાય ઉ૦ જંબુવિ૦ ને મહા સુદ ૮ના દિને લખેલ પત્ર મુજબ તેમણે શ્રી કર્મપ્રકૃતિ, શ્રી પંચસંગ્રહ તથા વિવિધ પ્રશ્નોત્તર ભાગ બીજાની ટીપ્પણી આદિમાં ખૂબજ જુઠ્ઠાણાં સેવ્યાં છે, તે પણ તેમને સમજાવવા મુનિશ્રી હંસસાગરજી મહારાજે બીજાજ અઠવાડીયાની માંગણી કરી બીજો પણ પત્ર લખ્યો, તે પત્ર નીચે મુજબ,

ફાગણ વદી ૪ પાલીતાણા પન્નાલાલની ધર્મશાળા

શ્રી જંબુવિજયજી યોગ્ય,

શ્રી તત્ત્વતરંગિણીના અનુવાદનાં જુઠ્ઠાણાંને અંગે તમો અઠવાડિયામાં અહિં તમોએ બોલાવેલા મધ્યસ્થો સમક્ષ પૂ૦ આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી સાથે ચર્ચા કરી નિચોડમાં આવતું સત્ય સ્વીકારી પ્રવૃત્તિ સુધારવાના છો તો તેની સાથે શ્રી કર્મપ્રકૃતિ, શ્રી પંચસંગ્રહ અને વિવિધ પ્રશ્નોત્તર બીજા ભાગની પ્રસ્તાવના તથા ટીપ્પણીના પણ જુઠ્ઠાણાં સાબીત કરવાની મારી મહા સુદી ૮ થી શરૂ થયેલી માગણી સ્વીકારશો.

તા.ક. આ બાબતમાં સત્ય સ્વીકારવાની પ્રતિજ્ઞા તમારી અને મારી બન્નેની સરખી જ છે.

આપની ઈચ્છા કદાચ આ અઠવાડિયામાં ન હોય અને આવતે અઠવાડિયે હોય તો તે ટાઈમ, સ્થળ અને તમારા બોલાવેલા મધ્યસ્થોનાં નામ જણાવવા સાથે જણાવશો.

યોગ્ય મધ્યસ્થો, વખત અને સ્થાન રાખવામાં તો તમો માર્ગ સમજો છો.

મધ્યસ્થોની હાજરીમાં ટૂંકા ટાઈમમાં નિર્ણય માટેની તે સભા કરવાનું નક્કી હોવાથી તમારા વિહારનો પ્રચાર તો જુઠ્ઠો મનાય છે.

લિ. મુનિ હંસસાગર

ફા. વ. ૩ના ઉ૦ જંબુ વિ૦ એ કરેલ પ્રતિજ્ઞા, ચર્ચા માટેની બતાવેલી જોસભેર તૈયારી, તદુપરાંત પત્ર લખ્યા મુજબ પત્રના જવાબમાં તેમણે જ સૂચવેલ સ્થાન અને તેઓ જ સૂચવે તે મધ્યસ્થોની પણ રૂબરૂ અમો ચર્ચા માટે તૈયાર જ છીએ ! અઠવાડીયામાં વ્યવસ્થા કરીને

જણાવો. એવો પૂ૦ આ૦ દેવ શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજાશ્રીએ ઉ૦ જંબુવિ૦ ને તે જ દિવસે તૂર્ત જ સ્વીકારપત્ર પણ લખી મોકલ્યો. ફા.વ. ૩ના દિવસની આ વાત છે. એ પછી તો તેમણે વિહારની જ તૈયારી કરવા માંડી અને 'પાંચમને દિને વિહાર છે' એવી પાલીતાણામાં વાત પણ ફેલાવી દીધી !!! "કહેવાની જરૂર નથી કે પૂ૦ આ૦ દેવેશશ્રીના છેલ્લા પત્રનો તો ફા. વદી ૪ સાંજ સુધી એમણે ઉત્તર ન જ આપ્યો, પણ એની સાથે બીજી પણ વધુ ખેદની વાત તો એ છે કે એમના અનુવાદ સિવાયનાં બીજા બીજા ગ્રંથમાંનાં પણ જુઠાણાં સાબીત કરવા મુનિ શ્રી હંસસાગરજી મહારાજે તેમને ફા. વ. ૪ની સાંજે પણ એક બીજો પત્ર લખી મોકલ્યો, તે પત્રને તો હાથમાં જ નહિં લેતાં લઈ જનાર શ્રાવકને 'ભાઈ મારે પત્ર નથી લેવો' એમ કહીને ચર્ચામાંથી ખસવાનાં પગરણ શરૂ કર્યાં ! આ વખતે તેમની સાથેના પ્રાયઃ દરેક ચર્ચાપત્રોના આદ્યંત માહિતગાર આ૦ શ્રી વિજય પ્રતાપસૂરી મ. તથા પં. શ્રી ધર્મ વિ૦ મ૦ વિગેરે ત્યાં બેઠા જ હોવા છતાં ઉ૦ જંબુવિ૦ ને આવી તુચ્છપદ્ધતિએ ચર્ચાના સ્વરૂપને હણતા જોઈને તેમને ઘણું લાગી આવ્યું હતું; પણ જ્યાં એમના જ બોલનો તોલ ગુમાવરાવી, રહી સહી કારકીર્દીનેય હણી નાંખવા એમનું ભાગ્ય જ એમને પ્રેરતું હોય ત્યાં બીજાઓ શું કરે ? બલ્કે પોતાની ઈજ્જત પોતેજ કારમી રીતે હણી સદાય શરમીંદપણે જીવવાનું સ્વયં દુઃસાહસ કરે એને અટકાવવા પણ કોણ સમર્થ છે? બાકી પરમેષ્ઠિના પાંચમા પદે વિરાજતા મુનિપદની મહત્તા સમજનાર મુનિવરને પણ જો મુનિપણું ઈષ્ટ જ હોય તો પોતાનું જ બોલેલું કે લખેલું અન્યથા કરવાનો તે વિચાર સરખોય ન કરે એ સ્વાભાવિક છે, જ્યારે એ જ પરમેષ્ઠિના ચોથા પદે હોવાનો સ્વયં દાવો કરનાર ઉ૦ જંબુવિ૦ ચર્ચામાંથી છટકી છૂટવા ઉપર્યુક્ત રીતિએ પોતે પોતાનું જ બોલેલું અને લખ્યું લખાવેલું પણ મૂળમાંથી ઉખેડીને ફેંકી જ દેતાં પણ અલ્પય ન ખચકાય, ત્યારે તો એનું એ પદ ચોથું અને પરમેષ્ઠિમાંનું માનવા જનતાએ અન્ય દર્શનીઓના જ ગ્રન્થો શોધવા પડે એ પણ એટલું જ સ્વાભાવિક છે. વીર ! શાસન પત્રે લાયકાત વિનાના પદધારીને માટે તે 'ચક્રમ્' શોધ્યું નહિં હોયને ?

ઉપા૦ જંબુવિ૦ નું અંતે નાશી છુટવું.

વિહારની ચોતરફ વાત ફેલાવીનેજ ઉ૦ જંબુ૦ અટક્યા એમ નહિં. એમણે તો ફા. વ. ૫ની વહેલી સવારે વિહાર કરી જ દીધો ! એ ગયા તો ખરા જ પણ કેવી વિદ્વત્તા ? કેવું સિદ્ધાંત દોહન ? કેવા વ્યાકરણ વિશારદ ? કેવા ન્યાયનીતિ પ્રવીણ ? કેવા ષટ્દર્શન વેત્તા ? કેવા મહોપાધ્યાય ?

કેવા પદભૂષણ? કેવા કીર્ત્તિમાન્ ? કેવા ધૃતિમાન ? અને ચર્ચાનો આ રીતે અંત આણવાથી બનેલા કેવા સુંદર (?) કાન્તિમાન્ ?

એ પ્રકારે ' પાલીતાણામાં બનેલી તિથિચર્ચાને સાદ્યન્ત જાણનાર શાસનસંઘના હૃદયમાં' સદાને માટે અભૂતપૂર્વ છાપ મારીને ગયા! આવું અન્યદર્શનના વિદ્વાનોથી તો બની જ શકે, એવું પણ માનવા અમે હરગીજ તૈયાર નથી ! તિથિ ચર્ચાના નાયક આ. અભૂતપૂર્વ ઉપાધ્યાયજી જેવા કોઈપણ ઉપા૦ 'ન ભૂતો ન ભવિષ્યતિ'

છેવટે જણાવવાનું કે -

ઉપા૦ જંબુવિજયજીની એ વાત તો સ્પષ્ટ જ છે કે બહાદૂરીથી, આ૦ પ્રેમસૂરી આ૦ રામચંદ્રસૂરી અને તેમનો પંથ પકડનારા તેવા બીજાઓનો આ સામાન્ય પરાજય તો ન જ ગણાય! છતાં મડાગાંઠ છૂટશે કે કેમ ? છદ્મસ્થો ભૂલે, પણ ભૂલની જાણ થયે સરળતાથી સુધારી લ્યે, તો આ કપરી દશા ન થાય. આવા બેચાર મહાશયોથી નભતા આ પક્ષનું ઉપાધ્યાયજી જંબુવિજયજી એ આવું પરિણામ આણ્યું એ શ્રીસંઘનો પરમ મહોદય નહિ તો બીજું શું ?

સ્વપ્નેય પણ એમણે નહિ ધારેલ કે "આ૦ શ્રી સાગરાનંદસૂરીપુરંદર હું કહું તે મધ્યસ્થો અને અમારા બન્નેના સ્થાન સિવાયનું જ અને હું કહું તેજ સ્થાન પણ કબુલશે !!! એમણે એવી ધારણાથી રૂવાબભેર પત્ર લખી નાખ્યો કે 'પૂજ્ય આચાર્ય દેવશ્રી એ વાત કબુલ કરવાના જ નહિ, અને નાકબુલ કરે કે તુર્તજ ચર્ચા ડોળવાનો ટોપલો તેમને જ શીરે નાખીને વિહાર કરી દઉં, કે જેથી હું શાંતિનો ફીરસ્તો ગણાઈ સદાયને માટે ચર્ચામાંથી છટકી જઉં' પણ આવા વિદ્વદ્રત્નનો ભાવ પૂ૦ આચાર્યદેવને સમજવો મુશ્કેલ હોય, એમ એવા વિદ્વાન સિવાય બીજો કોણ માને ? પૂજ્ય આચાર્ય દેવેશને તો તેમનો પત્ર મળ્યો કે તુર્તજ સીધું લખી દીધું કે તમે કહો તે સ્થળે અને તમો કહો તે મધ્યસ્થો આગળ ચર્ચા કરવા તૈયાર જ છું' બસ !!! મામલો ખતમ ! ઉપા૦ જીના જ્ઞાનતંતુની ગોળમેજી ગભરાટમાં ગબડી ગઈ ! હવે શું ? હવે વિહાર ! બીજો ઉપાય જ શું ? ચાલો ત્યારે તેમ ! એ સાધુઓ તૈયાર થાવ ! આપણે કાલે સવારે જ વિહાર છે જો કાલે વિહાર ન કરીએ તો તો X X આ પ્રમાણે બધી તૈયારી બાદ શ્રી શ્રી શ્રી મહોપાધ્યાયજીએ રહેવા ઘો પાલીતાણાથી 'શાસ્ત્ર પરંપરાગત આરાધન માર્ગ સત્ય છે' એમ બતાવવા જ વિના ઉત્તરે અને વિના ચર્ચાએ આ રીતે હાલી જ નીકળવાનું પસંદ કરીને

પોબાર! પરાપૂર્વથી ચાલી આવતી એમની આ નીતિ પાલીતાણાના પ્રસંગથી તો અમદાવાદ, છાણી અને સુરતની પણ તેમની કુનીતિને કાયમિક ભૂલાવી દે તેવી કારમી છે, બોલે છે શું ? લખે છે શું ? અને પરિણામે શું ? સમાજ આવાઓના જુઠ્ઠાણાને સમજતા હવે તો સંપૂર્ણતયા શીખશે જ ! દૂર દૂર બેઠાં તેઓએ અને એમણે ઉભા કરેલાં વાજીંત્રોએ તિથિચર્ચાનો જુઠો મત સમાજને શીરે લાદવા યથેચ્છ તાંડવ કર્યું, સમાજમાં ભાગલા પણ પડાવવા પ્રયાસ સેવવા માંડ્યો, છતાં રૂબરૂ મળતાં કેમ નાશી જવાયું ? કેમ આવી તૈયારીમાં દંભ સેવવા પડ્યા ? વિગેરે કારણોનાં મૂળ સમાજે એકદમ ઉંડા ઉતરીને શોધવાની તસ્દી લેવી રહે એવું હવે જણાતું નથી. જેથી તે અહીં લખવા જરૂર ધારી નથી.

શ્રી સંઘને ભવભ્રમણ કરાવવા પ્રયાસ કરનાર આવાઓ હજીપણ પોતાનો કદાગ્રહ મૂકે તોય સારું.

નૂતનપંથીઓનાં જૂઠ્ઠાણાં બૂરી હાલતે ખૂલ્લાં પડતાં હોવાથી એની લાજ ટકાવવા દારૂડીયું બની નાદાનીયત સેવતું વીર(?) શાસનપત્ર આ સત્ય સમજ્યા પછી પણ સારું. લખે તે અમારી કલ્પના બહારની જ વાત હોવાથી એને હવે તો માર્ગે આવી જ જવાની સૂચના પણ અસ્થાને છે, એનું તંત્ર શ્રી રામચંદ્રસૂરીજીને જ હાથ હોવાથી એ બિચારૂં પરવશ પણ છે.

શાસન મહારથીઓને ભાંડવા પોતાનું સર્વસ્વ (?) હોમનાર એ પત્રના લેખકને એ હજી પણ સૂઝે કે 'આવાઓને શરણે રહી મેં આ શું કર્યું ' તોય કલ્યાણ ! પણ 'એસા દિન કબ કે બીબી કે પાવમેં જુતીયાં'

### હવે તો શ્રી રામચંદ્રસૂરીજી જ બાકી છે

અંતે હવે આખા સમાજે આ ચર્ચાનો ખુલાસો તેઓ ભેટે ત્યારે મેળવવાનો બાકી રહ્યો છે, કેમકે શ્રી કલ્યાણવિજયજી તો એ પંથનું જ પુચ્છ પકડનાર છતાં એ પંથનેય ઈષ્ટ એવા શ્રી તત્ત્વતરંગિણી આદિ શાસ્ત્રોને જ અપ્રમાણિક લેખે છે, તેમજ પૂર્વ મહા પુરૂષોએ રચેલા પણ કોઈ કોઈ ગ્રંથોનું અન્યકર્તૃત્વ માને છે, જેથી આવી ચર્ચા આદિ સાથેની તેમની નિસ્પત તો માત્ર દંભ પૂરતી જ હોવાથી તે ઉપેક્ષણીય જ છતાં તેમની પાસેથીય ખુલાસો મેળવવો રહેશે તો નવાઈ નહિં !!!

અસત્ય કેટલુંક નભે **सत्यमेव जयते** આ રીતે ચર્ચાનો નિષ્કર્ષ વાંચકો સ્વયં વિચારી લે! શાસ્ત્રગત પરંપરાને માનનારાઓને ભાંડનાર પત્રોને પણ ભવભીતિ હોય તો આ વાંચી ચેતવાનો સુ અવસર

છે ? જેથી उपदेशो हि मूर्खाणां प्रकोपाय न शान्तये વાક્યની સાન્વર્થતા તેને ન થાય, મધ્યમ વર્ગ તો પૂર્વથી ચાલી આવતી પરંપરાગત આરાધનાને જ વળગી રહેલ છે અને એ પરંપરાગત આરાધના, આ તાજા વાતાવરણથી પણ સત્ય જ પૂરવાર થઈ છે માટે એમની આરાધના અવ્યાબાધ ટકી છે, એ આ ચર્ચાના નિષ્કર્ષને પણ અનુભવ્યા પછી કોને આનંદ નહિં થાય ?

ઉપા૦ જંબુવિજયજીએ કરેલા શ્રી તત્ત્વતરંગિણીના અનુવાદનું અને અનુવાદકનું આવું ઘોર જુઠાણું જાણ્યા પછી તો જનતા સ્વયં સમજી શકશે કે અદ્યાપિ પર્યંત પર્વતિથિના ક્ષયવૃદ્ધિએ પૂર્વની અપર્વતિથિનાં જ ક્ષયવૃદ્ધિ માનીને જે આરાધના કરી છે, તે જ શાસ્ત્ર અને પરંપરા સિદ્ધ છે, આથી અનેક ભવ્યાત્માઓ આવા કુમતીઓથી ખસી જઈ આરાધનામાં વિશેષ ઉજમાળ થાય એ જ શાસન દેવ પાસે પ્રાર્થના વિરમું છું.

પાનાચંદ રૂપચંદ ઝવેરી.

卐

શ્રી બહાદુરસિંહજી પ્રીં. પ્રેસ - પાલીતાણા.

## -: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-સ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

# ☞ અલભ્ય ગ્રંથો ☞

## નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અર્હિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્‌ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્‌વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્‌ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્‌સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.



ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# તિથિ માન્યતાના પુરાવા આરાધનામાં પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ નહિં માનવાનાં પ્રમાણો.

હમણાં કેટલીક મુદતથી પર્વતિથિની અસ્તોવ્યસ્ત સ્થિતિ કેટલાકો તરફથી કરવામાં આવી છે, અને તિથિને અસ્તોવ્યસ્ત કરનાર તે વર્ગ પોતાના વીર(!) શાસન જૈન (!) પ્રવચન અને દુન્દુભિ (!) જેવા વાજીંત્રો દ્વારાએ પ્રોપેગેન્ડા કરી સત્યમાર્ગને અનુસરવાવાળા ભવ્યજીવોને ભ્રમમાં નાખવાના પ્રયત્નો કરે છે, જો કે તે ભ્રમનો નાશ કરવા માટે તેઓનાં લખાણો તથા તેઓનાં નવીન પુસ્તકોનાં જુઠાણાં અનેક વખત અનેક પેપરોમાં અનેક પ્રકારે આપવામાં આવ્યાં છે, પરંતુ તે વર્ગની પદ્ધતિ એવી છે કે અસત્યપણાના આરોપનો ખુલાસો કરવો નહિ, સુધારવો નહિ અને પોતાનું મનાવે તેવી રીતે જાણી જોઈને શાસ્ત્રથી વિરુદ્ધ લખાણો કર્યા જ જવાં અને આજ કારણથી તે વર્ગ મધ્યસ્થદ્વારા લિખિત ચર્ચા અગર લિખિત કરવા પૂર્વકની મૌખિકચર્ચા કરવા માગતો નહોતો અને વર્ત્તમાનમાં પણ માગ્યો નહિં, કારણકે જવાબદારી કે જોખમદારીનું ભાન લિખિતપૂર્વક મૌખિકચર્ચામાં રાખવું પડે અને એકલી લિખિત ચર્ચામાં તો તે ભાનનું નામનિશાન હોય નહિં, રહે નહિં અને તેઓએ રાખ્યું પણ નથી, પરંતુ તે વર્ગના જુઠા અને કુટિલતા ભર્યા લેખોથી શાસ્ત્ર અને પરંપરાને અનુસરવાવાળો વર્ગ સત્યમાર્ગ પ્રત્યે શંકાવાળો થાય નહિં કે અસત્ય માર્ગની અભિલાષાવાળો ન થાય માટે શાસ્ત્ર અને પરંપરાને અનુસરવાવાળા મહાનુભાવ વર્ગની આગળ પ્રમાણની દિશા દર્શાવવાની જરૂર ધારી નીચેના પુરાવાઓ જણાવવામાં આવે છે. તે ખરેખર ઉપકારક નીવડશે.

સેંકડો વર્ષોથી શાસન અને પરંપરાને અનુસરવાવાળો વર્ગ બીજ આદિ છ પર્વ તિથિના ક્ષયે તેનાથી પહેલાની એકમ આદિ અપર્વતિથિનો ક્ષય સતતપણે કરતો હતો અને કરે છે. (નવીન વર્ગ પણ ૧૯૯૧ની

(જુઓ અનુસંધાન પાનું ૨૭૨)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित,-
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥

વર્ષ : ૮ અંક : ૧૪

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦ } તા. ૭-૫-૪૦ મંગળવાર કિંમત ૧ા આનો

# ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮] ચૈત્ર વદી અમાવાસ્યા મુંબઈ, [અંક-૧૪

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

## "રામવિજયજીની સંતાવવાની રમત"

જૈનજનતાનો મોટો ભાગ સ્પષ્ટપણે જાણે છે કે શ્રીસિદ્ધચક્રના વિરોધો રામવિજયજીએ અનેક વખતે કર્યા હતા અને તે વિરોધો જુઠા તથા શાસ્ત્રની અણસમજના હતા એમ શ્રીસિદ્ધચક્રના લેખોથી ડગલે પગલે સાબીત કરી આપવામાં આવ્યું છે છતાં સાબીતી અને પુરાવાને નહિ વાંચનાર, સમજનાર અને માનનાર રામવિજયજી કોરે રહે છે અને બીજા જવાબદારી વગરના ભળતા માણસ દ્વારા જુઠા ઠરેલા મુદ્દાઓનું ખોટું પોષણ કરાવે છે. તથા તેમ કરીને તે જવાબદાર વિનાની વ્યક્તિ (શ્રીકાન્ત)ની સોડમાં સંતાવવાનો ઉદ્યમ કરે છે. એવી જ રીતિએ હમણાં પોતે રાખેલા શ્રીકાન્તનામના નોકરદ્વારાએ ભગવાન્ મહાવીરદેવ નામની ચોપડી ભગવાન્ મહાવીર મહારાજના જન્મકલ્યાણકના બહાના નીચે બહાર પડાવી છે, તેમાં અગ્યાર નોંધો શ્રીસિદ્ધચક્રમાં આવેલા શંકા સમાધાન સાથેના વિસ્તારવાળા લેખોને જાણ્યા, સમજ્યા ને માન્યા સિવાય લખાવી છે. તેને અંગે નીચે જણાવ્યા પ્રમાણે બંનેને તારો કરવામાં આવેલા હતા. 19-4-40

SHRIKANT
C/o Virshasan Karyalaya
**Ratanpole, Ahmedabad.**

**Come obtaining represantation of RAMVIJAYAJi for correcting mistakes of Eleven Notes Declared in Bhagwan Shree Mahavirdev.**

Anand sagar
Babu Panalal Dharamshala
PALITANA.

શ્રીકાન્ત

C/o વીરશાસન કાર્યાલય, રતનપોળ, અમદાવાદ

ભગવાન્ શ્રીમહાવીરદેવમાં જાહેર કરેલી ૧૧ નોંધોની ભૂલો સુધારવાનું રામવિજયજીનું પ્રતિનિધિપણું મેળવી આવો

આનંદસાગર પાલીતાણા તા. ૧૯-૪-૪૦

RAMCHANDRASURIJI

Jain Upashraya
Gadag, Dharwad.

**Send Shrikant with represantation for correcting Eleven Notes Declared in Bhagwan Shree Mahavirdev. Be sure of correcting from here.**

Anand Sagar
Babu Panalal Dharamshala
PALITANA

## રામચંદ્રસુરીજી

### જૈન ઉપાશ્રય ગદગ ધારવાડ

ભગવાન્ શ્રી મહાવીરદેવમાં જાહેર કરેલી ૧૧ નોંધો સુધારવાના પ્રતિનિધિપણા સાથે શ્રીકાન્તને મોકલો અહિંથી સુધરવાની ખાતરી રાખવી.      આનંદસાગર પાલીતાણા તા. ૧૯-૪-૪૦

ઉપર જણાવેલા પ્રમાણે બે તારો કરવામાં આવ્યા છતાં પણ નથી તો રામવિજયજીએ પ્રતિનિધિ નીમીને શ્રીકાન્તને મોકલ્યો, અને નથી તો શ્રીકાન્ત પણ તેમ નિર્ણય કરવા આવ્યો. આ ઉપરથી શ્રીચતુર્વિધ સંઘ સ્પષ્ટપણે સમજી શકશે કે શ્રીરામવિજયજીને લિખિત શંકા સમાધાન પૂર્વકની ચર્ચા કરી સત્યનો, નિર્ણય કરવો જ નથી, પરંતુ જવાબદારી અને જોખમદારી વગરના માત્ર નોકરો પાસે લખાણો જ કરાવવાં છે. હજી પણ આશા રાખીએ તો અયોગ્ય નથી કે તેઓ પ્રતિનિધિ મોકલી લિખિત શંકા સમાધાન પૂર્વક મૌખિકચર્ચાથી એનો નિર્ણય કરે.

તા. ક. - ૧ ઉપરના તારો તા. ૧૯-૪-૪૦ મીએ કરેલા હતા. ૨ લિખિત પૂર્વક મૌખિકચર્ચા જ સત્યના નિર્ણય માટે જરૂરી હોવાથી એકલાં લખાણોની માગણી કરાય તે નિરર્થક જ છે.

# સમાલોચના

ભગવાન્ મહાવીર મહારાજના જન્મકલ્યાણકને ઉજવતાં કદાગ્રહભરી રીતે ખોટી અને શાસ્ત્રવિરૂદ્ધ ટીપ્પણીઓ જાહેર કરાય તેના જેવું કલ્યાણક મહોત્સવને કલંક લગાડનાર બીજું કાંઈ નથી. (રામ-શ્રીકાન્તે આવું જ કર્યું છે.)

૧ **नयानामेकनिष्ठानां, प्रवृत्तेः श्रुतवर्त्मनि** (શ્રી સિદ્ધસેનદિવાકર) શાસ્ત્રોના માર્ગમાં એકધર્મને નિરૂપણ કરનારા એવા નયોની પ્રવૃત્તિ હોય છે. **नत्थि नये-हिं विहूणं सुत्तं अत्थो य जिणमए किंचि** (આવશ્યક) ભગવાન્ જિનેશ્વર મહારાજના મતમાં સૂત્ર કે અર્થ કોઈપણ નયરહિત નથી. **सव्वे नया मिच्छावाइणो** સર્વનયવાદો મિથ્યાવાદો છે. **एगे आया** એક આત્મા (સ્થાનાંગ) આત્મા એક છે (બેઆદિરૂપવાળો આત્મા નથી) આ સૂત્ર બે આદિપણાના ધર્મને નિષેધવાવાળું હોવા સાથે આત્માના એકપણાને જણાવે છે. કથંચિત્નો અધ્યાહાર વ્યાખ્યાને જ સ્યાદ્વાદશ્રુતપણા માટે કરવો પડે છે. આ ઉપર જણાવેલી વસ્તુ જે સમજે નહિ તે રામ-શ્રીકાન્તો સાચી વસ્તુ ન સમજે અને કદાગ્રહી જુઠા બને જ. વળી દીધેલા મલયગિરિજીના પાઠમાં પણ એકનયવાદિપણાનો નિષેધ જણાવવામાં આવ્યો નથી, તેવો અનુપયોગી પાઠ મૂલમાત્રથી આપવો તે રામ-શ્રીકાન્તોને કેમ યોગ્ય લાગ્યું ? શાસ્ત્રને જાણવાવાળા છતાં વાક્યાર્થ, મહાવાક્યાર્થ, ઐદંપયાર્થ તેમજ ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાનની વિશિષ્ટતા અને ભિન્નતા ન સમજે. તે સત્યદ્વેષી થાય એમાં નવાઈ શી ?

૨ સહજ તથાભવ્યતાના અનાદિપણાથી ભગવાન્ જિનેશ્વરોમાં અનાદિની ઉત્તમતાની સાધ્યતા, બોધિ કે વરબોધિ પછી પરોપકારવ્યસનિતા આદિની હેતુતા, અશુદ્ધ દશામાં જાત્યરત્નના દૃષ્ટાન્તથી જણાવાયેલી યોગ્યતા તથા તીર્થંકર અને તે સિવાયના બોધિનો કાર્યદ્વારાએ ભેદ, આ બધી વસ્તુઓમાંથી એક પણ વસ્તુને નહીં સમજનાર મનુષ્ય ભગવાન હરિભદ્રસૂરિજીના વચનને સમજી ન શકે અને તેથી સિદ્ધાન્તવાક્યનું સ્વરૂપ ન સમજી શકે તેમાં આશ્ચર્ય નથી.

૩ **वरबोधित आरभ्य** વિગેરે **શ્રી અષ્ટકજીનો પાઠ તથા, શ્રીપંચવસ્તુ** અને **શ્રીપંચાશકના** વાક્યોથી વરબોધિ પછીથી દરેક તીર્થંકરમાં પરોપકારવ્યસનિતા જ હોય છે અને નયસાર તો સમ્યક્ત્વ પહેલાં પણ પરોપકારવ્યસની હતા (સાધુની ભક્તિ વખતે શ્રીનયસારને સમ્યક્ત્વ નહોતું) એ વાત ન સમજે તે તીર્થંકરની આશાતના કરે પોતે અને કહે બીજાને તેમાં આશ્ચર્ય શું?

૪ તીર્થંકર ભગવાનનું આદ્યસમ્યક્ત્વ પણ પરંપરાએ તીર્થંકરપણાને લાવનાર હોવાથી શ્રેષ્ઠ ગણાય, પરંતુ વરબોધિ તો તીર્થંકર નામકર્મ બાંધવાના સંબંધને અંગે છે આ સ્પષ્ટ વાત જે ન સમજે ને બોલે.

એ ભવભ્રમણ કરવાના રસ્તા લે તેમાં આશ્ચર્ય શું? પોતે જ દીધેલા પાઠમાં પ્રથમસંબોધ અને વરબોધિ સ્પષ્ટપણે જુદાં જણાવેલાં છતાં તેને જુદાં નહિં સમજનાર અને માનનાર મનુષ્ય કયે ચશ્મે વાંચતા હશે ?

૫ આટલો બધો દીર્ઘકાળ થયા છતાં જેમણે શ્રીનયસાર સંબંધી કોઈપણ બીજી મુસાફરી કે સંગ્રામ જેવા કોઈપણ વૃત્તાન્તો શાસ્ત્રમાંથી બતાવી શકાયા નથી, તો પછી બીજા વૃત્તાન્તો નથી એ કથનને જુઠું કહેનારા પોતે જ જુઠા પડે છે.

૬ શ્રીનયસારનું નામ ત્રીજે ભવે મરીચિ એવું જે સ્થાપન કરવામાં આવ્યું હતું તે આવશ્યકમાં જન્મ વખતે તેણે મેળવેલા મરીચિ (કિરણ-તેજ) ને અંગે જ છે એમ જણાવેલું છે. તેથી સૂર્યના કિરણની અપેક્ષાએ આ તપ અને બાકીના પદાર્થોના તેજની અપેક્ષાએ ઉદ્યોત લખાય, તેમાં પણ ભૂલ જોનાર મનુષ્ય દૃષ્ટિ સાફ કરે ઠીક ગણાય.

૭(૧) કોઈ પણ ચક્રવર્તી ચક્રરત્ન ઉત્પન્ન થયા પછી છખંડ સાધ્યા સિવાય રહ્યો નથી, રહેતો નથી અને રહેશે પણ નહિ, એ વાત અજાણી ન હોવાથી તથા મરીચિની દીક્ષા પહેલાં જ ભરતમહારાજને ચક્રરત્ન ઉત્પન્ન થયું હોવાથી મરીચિ ચક્રવર્તીની ઋદ્ધિના ત્યાગી છે એમ ગણવામાં ભૂલ દેખનાર મનુષ્ય ભૂલો ન પડતો હોય તોજ કલ્યાણ છે. (૨) ભગવાન્ હેમચંદ્રસૂરિજી, આચાર્ય ગુણચંદ્રસૂરિજી અને શ્રીઆવશ્યકની વૃત્તિ આદિને જાણનારા ભગવાનના સમ્યક્ત્વ અને વ્રતમાં મહિમાને સ્પષ્ટપણે કારણ દેખી શકે છે (પતિતપણાને લીધે તો દ્રવ્યસાધુપણાનો પક્ષ તો જોડે જ છે.)

(૮) (૧) મન્યે પદથી ઉત્પ્રેક્ષા સમજીને મરણની ઉત્સવતા અસંભવિત ગણવાનું ન સમજે તેવા વૈયાકરણપશુઓ જ ભગવાન્ તીર્થંકર આદિનાં મરણો થાય તે ઓચ્છવ તરીકે માને, અને એ રામ-શ્રીકાંતોને સમજાતું જ નથી.

(૨) ભોગવટો શબ્દ સામાન્યરીતે જગતમાં પણ સાહીબી જણાવનારો છે, છતાં ભોગવટા શબ્દથી વિષયસેવા લઈને સ્ત્રીરત્ન જેવી માતા (ઓરમાન માતા) સાથે વિષય સેવા લેવાનું રામ-શ્રીકાંતોને કેમ સૂઝે છે ?

(૯) સૂત્ર અને વૃત્તિમાં માતાની અનુકમ્પાથી અભિગ્રહ કરેલો છે એ વાત સ્પષ્ટ અને તે મોહોદયવાળી છતાં શ્રદ્ધા ન થાય તેને દીવો લઈને કુવે પડવા જેવું ગણાય.

(૧૦) સિદ્ધચક્રમાં લગભગ કોડીબંધ પાઠો આપીને તીર્થંકરોનું અનુકરણ પણ અન્ય જીવોએ કરવાનું છે એમ જણાવવામાં આવ્યું છે છતાં તેનું શ્રદ્ધાન ન હોય તે મનુષ્ય માત્ર સંવચ્છરી આદિને અંગે કહેલો પાઠ લખ્યા કરે.

(૧૧) વિવાહ, વિષયોનો ભોગ વિગેરે નીચ ઉપાય છે એમ પોતે જ કબુલ કરવાં છતાં જેઓ બબડે તેઓ કેવી દશામાં હશે ? તે જ્ઞાની જાણે

(રામ-શ્રીકાન્ત કલ્યાણક કલંક)

# સાગર સમાધાન

પ્રશ્ન - ૫૭ सञ्चिततपोधनानां नित्यं व्रतनियम-संयमरतानाम्। उत्सवभूतं मन्ये मरणमन-पराधवृत्तीनाम्॥१॥ આ પ્રમાણે ભગવાન્ ઉમાસ્વાતિ વાચકજીની આર્યા છે, તેનો અર્થ રામ-શ્રીકાંતો એવો કરે છે કે એકઠું કર્યું છે તપરૂપી ધન જેઓએ અને હંમેશાં જેઓ વ્રત નિયમ અને સંજમમાં લીન છે, તથા જેઓનું વર્ત્તન અપરાધ રહિત એટલે પાપ અને વૈરવિરોધ રહિત છે તેવાઓના મરણને હું ઓચ્છવરૂપ માનું છું. એવો અર્થ રામ-શ્રીકાન્તો તરફથી કરીને ભગવાન્ તીર્થંકરાદિ મહાત્માના મરણને ભક્તોએ ઓચ્છવ ગણવો એમ કહેવાય છે તે શું વ્યાજબી છે?

સમાધાન - ઉપર ભગવાન્ ઉમાસ્વાતિવાચકજીની જણાવેલી सञ्चित० આર્યાનો અર્થ આ પ્રમાણે છે. તપરૂપી ધન જેઓએ મેળવેલું છે, તેમજ જેઓ હંમેશાં વ્રત નિયમ અને સંજમમાં લીન છે, તથા જેઓનું વર્ત્તન પાપ વૈરથી રહિત છે તેવા મહાત્માઓને (તો) જે મરણ થાય (તે પણ તેઓને) ઉત્સવભૂત હોય છે એમ હું માનું છું. એટલે આ આર્યામાં મરણશબ્દની આગળ દ્વિતીયા વિભક્તિ નથી પણ પ્રથમા વિભક્તિ છે, તેમ, उत्सवभूतं ત્યાં પણ પ્રથમાજ છે, તથા मन्ये એ ક્રિયાપદ ઉત્પ્રેક્ષા અલંકારને માટે છે અને તે મરણમાં ઉત્સવની અસંભાવનીયતા જણાવવા માટે છે. જુઓ કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રાચાર્યનું કાવ્યાનુશાસન પૃષ્ઠ ૨૪૭ અને વાગ્ભટ્ટનું કાવ્યાનુશાસન પૃષ્ઠ ૩૪

असदधर्मसंभावनमिवादिद्योत्योत्प्रेक्षाम प्राकरणिकेऽर्थे ये धर्मा गुणक्रिया-लक्षणास्तदभावलक्षणा वा तेषां संभावनं तद्योगोत्प्रेक्षणमुत्प्लेक्षा सा चेव मन्ये-शङ्के, ध्रुवं-प्रायो-नूनमित्या-दिभिः शब्दैर्द्योत्यते। अत्यंत सादृशादस - तोऽपि धर्मस्य कल्पनमुत्प्रेक्षा। तां चेवः मन्ये-शङ्केःध्रुव मित्यादिभि र्द्योतयेत।

ઉપરના બન્ને પાઠો જેઓના જોવા જાણવા અને સમજવામાં આવ્યા હોય તેઓ તો मन्ये ક્રિયાપદ ઉત્પેક્ષાને જણાવનાર છે એમ સ્હેજે સમજે અને તેથી મરણનું ઉત્સવપણું દરેકને માટે અસંભાવનીય છે, છતાં તેવા મહાત્માઓમાં મરણની પ્રાપ્તિ પણ ઉત્સવરૂપ છે, એમ અર્થ કરી શકે એવી જ રીતે શ્રીવીતરાગસ્તોત્રમાં પણ જણાવેલું છે જુઓ તે શ્લોક -

दानशीलतपोभावभेदाद् धर्मं चतुर्विधं। मन्ये युगपदाख्यातुं, चतुर्वक्त्रोऽभवद् भवान्

टीका-भुवनबांधवे हि धर्मोपदेशनिमित्ततः समवसरणममरकल्पितमलंकृत्य मृगे-द्रासनमुपविष्टे प्राङ्मुखे दक्षिणापरोत्त-रासु तिसृष्वपि दिक्षु तथास्थितेरेव विरचयंति व्यंतरसुराः स्वामिप्रतिच्छंदानि इदमेव स्तुतिकृदुत्प्रेक्षते हे भुवनस्वामिन्न-हमेवं मन्ये यद् भवानेतदर्थं चतुर्व-क्त्रोऽभवत्।किमर्थमित्याह-आख्यातुं-

कथयितुं, किं तद् ? धर्म्म-प्रथमपुरुषार्थं ।किंविशिष्टं ? चतुर्विधं-चतुष्प्रकारं। चातुर्विध्यमेवाह दानशीलतपोभावनारूपं। नन्वेकरूपोऽपि भगवांश्चतुर्विधमपि धर्मं पर्यायेण प्ररूपयति किं चतुर्मुखत्वेनेत्याह-युगपत्-समकालं, एतच्चतुर्वक्त्रत्वमंतरेण नोपपद्यत इति ॥ વીતરાગસ્તોત્રની અવચૂરિમાં પણ પત્ર - ૬૮માં જણાવે છે કે - ટીકા दान० हे वीतराग ! र्वि दानशीलतपोभावले दाच्चातुर्धं चतुष्प्रकारं धर्मं युगपत्समकालमाख्यातुं भवान् चतुर्व-क्त्रचततूरूपो बभूवेत्यहं मन्ये ।।४।। જો રામ-શ્રીકાન્તોનું ઉપરના પાઠો સમ્બન્ધી જાણપણું અને માન્યતા હોત તો તેઓ ઉત્પ્રેક્ષા અલંકાર, પ્રથમાવિભક્તિ અને ભૂતશબ્દનું રહસ્ય જરૂર સમજત પણ તત્ત્વ, વિભક્તિ, અલંકારના જ્ઞાનથી વંચિત છે. જો તેમ ન હોય તો કોઈ દિવસ પણ તીર્થંકર આદિ મહાત્માઓના મૃત્યુને ભક્તોએ ઓચ્છવ માનવો એમ જણાવવા તૈયાર થાત નહિં, વળી તેઓએ मरणंपि सपुण्णाणं, जही मे तमणुस्सुयं । सुपसन्नमणक्खायं, संजयाणं, वुसीमओ ॥१॥ એ સૂત્ર તેની ટીકા વિગેરેની સાથે વિચાર્યું હોત તો કોઈ પણ પ્રકારે મહાપુરૂષના મરણને તેના ભક્તો ઓચ્છવ ગણે એમ કહેવા અને માનવાને તૈયાર થાત જ નહિં. વળી તે રામ-શ્રીકાન્તોએ ઉત્સવશબ્દની આગળ જે ભૂતશબ્દ વપરાયો છે તેનો જે અર્થ ઉપમા અને તાદર્થ્ય થાય છે તે સંબંધી પણ વિચાર કર્યો હોત તો મહાપુરૂષના મરણને ભક્તો ઉત્સવ માને એમ કહેવા કે માનવાનો વખત આવત જ નહિં. (અપૂર્ણ)

# રામ-શ્રીકાંતના મતનું દિગ્દર્શન

૧ ચક્રવર્ત્તી ભરત મહારાજા ભગવાન્ શ્રીઋષભદેવજીના કાલધર્મની વખતે મિથ્યાત્વી હતા.

૨ શક્ર ઈંદ્ર આદિ ઈંદ્રો પણ તે વખતે મિથ્યાત્વી હતા.

૩ ભગવાન્ શ્રીઋષભદેવજીના શાસનમાં વર્ત્તતા શ્રાવકો અને શ્રાવિકાઓ પણ મિથ્યાત્વી હતા.

૪ ભગવાન્ મહાવીર મહારાજાના કાલધર્મ વખતે ભગવાન ગૌતમસ્વામીજી મિથ્યાત્વી હતા. એ સર્વનો એટલો દોષ કે ભગવાન જિનેશ્વરના કાલધર્મને એટલે મરણને ઓચ્છવ રૂપ ન માન્યો. કેમકે રામ૦ નો મત છે કે સાચા ભક્તોએ મહાત્માના મરણને ઓચ્છવ રૂપ માનવો જ જોઈએ.

(રામવિજયજીએ પોતાના વડીલ આચાર્ય અને ગુરૂ આચાર્યના મરણને ઓચ્છવ રૂપ નહિં માન્યું હોય તો તે મિથ્યાત્વી જ. ભણાવાતી પૂજાઓ ભક્તિ છે પણ મરણનો આનંદ નથી, એમ માનનારા રામટોળીને મતે મિથ્યાત્વી ગણાય છે. રામભક્તો રામવિજયજીના મોતને આનન્દ રૂપ નહિં માને તો તેઓ પણ તેના સમકિતના પડીકા વગરના જ થશે.)

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

પોતાને આ જીવનમાં થોડાં વર્ષો સુધી જ ઉપયોગી એવા માટે મોક્ષ માર્ગમાં અંતરાય કરવો? કર્મક્ષયાર્થે કે સંયમ માટે થતા કે કરાવાતા પ્રયત્નો તે ભાવદયા છે. ગણધર થાય છે તે તીર્થંકરદેવને અંગે થાય છે. શ્રીતીર્થંકરદેવ ભવાંતરથી ભાવદયાવાળા હોય છે. શ્રીતીર્થંકરપણાની જડ સદ્વર્તનમાં છે. તે તેમને સદ્વર્તન ભવાંતરથી ચાલ્યું આવે છે. જૈનદર્શનના આસ્તિકો ભાવદયાને પ્રાધાન્ય આપે છે. દ્રવ્યદયા ખાતર ભાવદયાનો ભોગ ન અપાય. ભાવદયા ખાતર દ્રવ્યદયાનો ભોગ આપવો પડે તો આપવો એ જ સાચી ભાવદયા છે.

## ભામટા ગોઠીયાઓનો ઘાટ ઘડ્યે જ છુટકો !!!

ડાળ ઉપરથી મળતાં ફલો પણ મૂળને જ આભારી છે !

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપદેશાર્થે અષ્ટકજી પ્રકરણની રચના રચતા થકા, દેવતત્ત્વની મુખ્યતાના કારણે પ્રથમ મહાદેવાષ્ટક લખતાં જણાવી ગયા કે જગતના તમામ આસ્તિકદર્શનકારો, દેવ, ગુરૂ તથા ધર્મ આ ત્રણ તત્ત્વોને ભક્તિપૂર્વક માને છે. આ ત્રણ તત્ત્વોને માનવામાં જ આસ્તિકય મનાય છે. આ ત્રણ તત્ત્વોમાં મુખ્યતા દેવતત્ત્વની છે. આપણા અનુભવમાં ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ વધારે આવે છે. દેવતત્ત્વ આપણા માટે તો પરોક્ષ છે. ચોવીસ તીર્થંકરોમાંથી આપણે તો એકને પણ જોયા નથી, તો તેમના પરિચય તથા ઉપદેશ શ્રવણની વાત તો લાવવી જ ક્યાંથી ? તેમની પ્રત્યક્ષ પરીક્ષા કે તેમનું પ્રત્યક્ષ અવલોકન આપણા માટે અત્યારે નથી. આપણા પરિચય કે સંસર્ગમાં આવતાં બે તત્ત્વો જ છે. ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ. ગુરૂ તથા ધર્મથી આપણે પરિચિત છીએ. દેવતત્ત્વથી અપરિચિત છીએ. જગતના મનુષ્યો ફળો ડાળ ઉપરથી લે છે; કોઈ મૂળમાંથી લે એમ બનતું નથી. આ ઉપરથી 'ઝાડને અને મૂળને સંબંધ શું ?' એમ

કોઈ કહેવા તૈયાર થતો નથી. ફળ લેવાય ભલે ડાળ ઉપરથી પણ બધાની જડ તો ઝાડ અને તેનું મૂળ છે. ઝાડ ન હોત તો ફળ મળત જ ક્યાંથી? ડાળ પણ છે તો વૃક્ષને વળગીને જ ને ! ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વથી થતા ઉપકારનું મૂલ તો દેવતત્ત્વ જ છે. શ્રી જિનેશ્વરદેવ હોત નહિં તો આવો નિર્ગ્રંથમાર્ગ શરૂ કરત કોણ? પાંચે ઈંદ્રિયોના સુખો કે જે વિડંબના પમાડે છે, તથા કષાયો કે જે આત્માની ખાનાખરાબી કરે છે, તેને છોડવાનું શ્રી જિનેશ્વરદેવ પોતાના અનુભવ સાથે જણાવે છે. સુંદર પરિણામમાં પોતે જ પ્રત્યક્ષ દૃષ્ટાંત! "વિષય કષાયાદિની પરાધીનતાથી હું પણ ઘણું રખડ્યો, ઘણું ઘણું રખડ્યો, એને છોડ્યા, ત્યારે જ મારૂં ઠેકાણું પડ્યુંઃ કલ્યાણ થયું, માટે હે ભવ્યો! કલ્યાણની ઈચ્છા હોય તો આરંભ, સમારંભ, પરિગ્રહ, વિષય, કષાયાદિને છોડવા જ પડશે." આવો ઉપદેશ ક્યારે દેવાય ? કોણ દઈ શકે ?

**કથંચિત્ શરીર પોષવાનું, પણ ઈંદ્રિયો શોષવાની!**

ઈંદ્રિયોના વિષયોમાં પોતેય રાચવું માચવું અને બીજાનેય રાચવા માચવા કહેવું એ તો જગતમાં ચાલી જ રહ્યું છે. મનુષ્ય કે તિર્યંચ (પશુ કે પક્ષી-કુતરા કે કાગડા) બધાએ એ પ્રવૃત્તિ તો કરી જ રહ્યા છે. ત્યાગી થવું અને ત્યાગનો ઉપદેશ દેવો એ જ કર્ત્તવ્ય છે અને ત્યાંજ કસોટી છે. ગોઠીયાનો (ઈંદ્રિયોના વિષયો-ભામટા ગોઠીયાઓનો) ઘાટ ઘડ્યા વગર ત્યાગી થવાતું નથી. આ ભામટા ગોઠીયાઓ તો જન્મથી જ બલાની જેમ વળગેલા છેઃ અરે માતાના ગર્ભમાંથી જ કહોને ! ગર્ભમાં આવ્યો કે પ્રથમ સમયે આહાર કરે છે અને શરીર બંધાવું શરૂ થાય છે, સાથે જ ઈંદ્રિય પર્યાપ્તિ વળગે છે. પાંચે ઈન્દ્રિયોની પર્યાપ્તિ શરીરની સાથે જ શરૂ થાય છે. પ્રથમ સમયે આહાર થાય અને બીજે સમયે જ ઈંદ્રિયપર્યાપ્તિ શરૂ થાય. ઈંદ્રિયો એ શરીરની સાથે જન્મેલા અને ઉછરેલા ગોઠીયા છે. એમનો ઘાટ ઘડાય નહિં, એમનો ઘડો લાડવો થાય નહિં, એમની દોસ્તી દફનાવાય નહિં, ત્યાં સુધી ત્યાગી થવાતું નથી. શરીર રાખવું અને ઈંદ્રિય ગોઠીયાનો ઘાટ ઘડવો તે ક્યારે બને ? જીવોને વળગેલા બે નંગ ? એક શરીર તથા બીજો ઈંદ્રિયોનો સમુદાય! બેમાંથી એકને પક્ષમાં લઈને બીજાનો ઘાટ ઘડી શકાય. સંયમાર્થે શરીરને તો પોષવું છે, પણ ફંદામાં ફસાવનાર, બદફેલીમાં બહેકાવનાર એવીં ઈંદ્રિયોને તો શોષવી છે! શરીર ધારણ કરવા માટે ખોરાકની છૂટ આપી. સાધુને અંગે ગોચરીના અધિકારમાં પણ મોક્ષના સાધન તરીકે દેહને ગણી તેનું ધારણ પોષણ જણાવાયું.

**मोक्खसाहणहेउस्स साहु देहस्स धारणा**

અર્થ

મોક્ષ મેળવવાનાં સાધનો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. આ રત્નત્રયીની આરાધના શિવસુખની સાધના માટે શરીર જરૂરી છે. અશરીરી થવું છે, પણ અશરીરી થવાના ઉપાયો તો મળેલા આ શરીર દ્વારા જ કરવાના છે. જ્યારે

(જુઓ અનુસંધાન પાનું ૨૮૯)

# ✤ તીર્થયાત્રા - સંઘયાત્રા ✤

(ગતાંકથી ચાલુ)

ભગવાન્ જિનેશ્વર મહારાજા રાજાપણે જ હોવા જોઈએ, વાસુદેવપણે જ હોવા જોઈએ, ચક્રવર્તીપણે જ હોવા જોઈએ એવો નિયમ માનવામાં આવ્યો નથી, જો કે કંઈક ને કંઈક અંશે સમૃદ્ધિ સહિતપણું તેઓનું છેલ્લા ભવમાં જરૂર હોય એમ માનવામાં આવ્યું છે, છતાં પણ જૈનોએ તે સમૃદ્ધિ સહિતપણાને અંગે જિનેશ્વરોની પૂજ્યતા કે આરાધ્યતા રાખી નથી. એટલે અન્ય દર્શનકારો જેમ પોતાના પરમેશ્વરને સમૃદ્ધિમત્તાને અંગે મહાન્ ગણીને માને અથવા પૃથ્વી, પાણી, હવા, વનસ્પતિ, ધન, માલ, કુટુંબકબીલો, બૈરાં છોકરાં અને યશઃ કીર્ત્તિ વિગેરે પદાર્થો દીધા અગર દેશે એવી આશાએ જેમ માને છે, તેમ જૈનદર્શનકારો ભગવાન્ જિનેશ્વર મહારાજને તેવી રીતે માનવાનું જણાવતા જ નથી.

## પારમાર્થિક ઉપકાર કયો ?

જૈનદર્શનકારો તો મણી, સોનું, રૂપું, કુટુંબકબીલો વિગેરે સર્વ કાર્ય દુનિયાદારીની ચીજોને કર્મબંધનના કારણરૂપે જણાવી સંસારસમુદ્રમાં ડુબાડનારી ગણાવે છે અને તેવી ચીજો દેવા લેવાથી થતા ઉપકારને દ્રવ્યઉપકાર એટલે કિંમતીપણે ન ગણાય તેવો ઉપકાર ગણાવે છે, પરંતુ આત્મકલ્યાણના સાધનરૂપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું જે દાન થાય અર્થાત્ ઉપદેશદ્વારાએ તે સમ્યગ્દર્શનાદિક બીજાના આત્મામાં પ્રગટ કરાવાય, સ્થિર કરાવાય, વૃદ્ધિ કરાવાય અને પરાકાષ્ઠાએ પહોંચાડાય તે જ પરિણામે આત્માને શાશ્વતસુખરૂપ મોક્ષને દેનારો માર્ગ હોવાથી તેનું દાન પારમાર્થિક ઉપકાર તરીકે ગણી શકાય અને તેવા પારમાર્થિક ઉપકારને અંગે ભગવાન્ જિનેશ્વર મહારાજની પૂજ્યતા હોવાને લીધે તેઓની પુષ્પાદિક દ્વારાએ પૂજા કરનારા, તેઓશ્રીના ચૈત્યને બંધાવનારા કે મંદિર જીર્ણ થયું હોય તો તેનો ઉદ્ધાર કરાવનારા મનુષ્ય માત્ર તે ત્યાગની મૂર્તિ એવા જિનેશ્વર ભગવાનના ધ્યાનમાં રક્ત હોવાથી તે ત્યાગના માર્ગને જરૂર પામે. આ જ કારણથી શાસ્ત્રકારોએ સર્વસાવદ્યના ત્યાગની ભાવનાએ કરાતી ભગવાન જિનેશ્વર મહારાજની પૂજાને દ્રવ્યપૂજા ગણાવી છે. આ હકીકત સમજવાથી એ શંકાને સ્થાન નહિં રહે કે સર્વસાવદ્યના ત્યાગના ઉદ્દેશથી પૂજા કરવી અને સ્વરૂપથી આરંભમય તે પૂજાના કાર્યમાં પ્રવર્ત્તવું એ પરસ્પર વિરૂદ્ધ હોવાથી કેમ બની શકે ? કારણ કે ભગવાનનાં પૂજાદિક ત્યાગને અંગે જ છે. તેમ પૌદ્ગલિક એવા અન્નાદિકનું દાન મોક્ષ માટે થાય છે. તેમ પૂજા ત્યાગને માટે.

## સાચી દ્રવ્યપૂજા પણ ત્યાગના બહુમાનને અંગે જ

બાહ્યપદાર્થો દ્વારાએ થતા વિનય વૈયાવચ્ચ દાન વિગેરે ગુણો જો આત્મીયગુણોને ઉત્પન્ન કરનારા છે, તો પછી કારણ અને કાર્યપણામાં નિમિત્ત કારણોની સરખાવટ કરવી તે વસ્તુને નહિં સમજનારાઓથી બની શકે. કાળા કોયલાથી તેજસ્વી એવો અગ્નિ ન ઉત્પન્ન થાય રાખોડાથી પણ ચાટલું ઉજળું ન થાય, અભાસ્વર પદાર્થો પણ અન્ય તેવા સંજોગે ભાસ્વરરૂપ ન થાય એમ કહી શકાય જ નહિં. યાદ રાખવું કે ભગવાન્ જીનેશ્વર મહારાજની પુષ્પાદિકદ્વારાએ થતી પૂજામાં પુષ્પાદિક દ્રવ્યો માત્ર નિમિત્ત અને સાધન રૂપે જ છે. પરંતુ ઉપાદાન રૂપ તો ત્યાગમય મૂર્ત્તિ અને ત્યાગના તો બહુમાનની ભાવના જ છે, અને તેથી તે પૂજા ભવના ત્યાગરૂપી ફળને લાવનારી થાય તેમાં આશ્ચર્ય નથી અને બહુમાનનું સાધન તો ભગવાન્ જિનેશ્વર મહારાજને કેવલજ્ઞાન થયા પછી પણ તેમની ભાવજિનપણાની અવસ્થામાં દેવતાઓએ પણ અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, ધ્વનિની દિવ્યતા કરવી, ચામર ઢોળવા, સિંહાસન કરવું,

ભામંડળ કરવું અને છત્ર ધારણ કરવા એ દ્વારાએ જ કરેલી છે, એટલે જેમ પ્રાતિહાર્યો ભક્તિને માટે છે તેવી રીતે આ જિનેશ્વર મહારાજની પુષ્પાદિક દ્રવ્યથી કરાતી પૂજા પણ ભગવાન જિનેશ્વર મહારાજનાં ભક્તિ બહુમાનના અંગે જ છે અને તે તેમનાં ભક્તિ બહુમાન ત્યાગમૂર્તિ રૂપ એવા ભગવાન જિનેશ્વર મહારાજના અને તેમના ત્યાગના બહુમાનને અંગે છે.

**તે જ ભવમાં પણ મોક્ષે કોણ જાય ?**

આવી રીતે મૂર્તિપૂજા, ચૈત્ય અને જીર્ણોદ્ધાર વિગેરે કાર્યોમાં જૈનજનતા ભાવના રાખવાવાળી હોવાથી પરમ પવિત્રતાને ધારણ કરવાવાળા મહાપુરૂષ ભગવાન્ જિનેશ્વર મહારાજના મંદિરનો જિર્ણોદ્ધાર કરીને તેના જ ફલરૂપે ત્યાગ માર્ગને આદરનારો થાય અને ત્યાગની પરાકાષ્ઠામાં દાખલ થઈને અવ્યાબાધ શાશ્વત સુખમય એવા સિદ્ધિપદને મેળવે તેમાં આશ્ચર્ય જ નથી અને તેથી જ શાસ્ત્રકારે જણાવ્યું કે **सिज्झंति केइ तेणवि भवेण0** અર્થાત્ જિર્ણોદ્ધાર કરવાના ફળને પ્રતાપે જ તે ભવે પણ કોઈ મોક્ષને પામે છે.

**अपि શબ્દથી શું ધ્વનિત થાય છે.**

શાસ્ત્રકાર મહારાજા જીર્ણોદ્ધારનું મહાફળ જણાવતાં **सिज्झंति केइ तेणवि भवेण0** એમ જણાવી આ જૈનશાસનમાં જીર્ણોદ્ધાર કરવાવાળા મનુષ્યોમાં કેટલાક કેટલાક મહાનુભાવો છે તે જીર્ણોદ્ધાર કે **જેના પ્રતાપે** તે જ ભવે સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે. આ જણાવવા માટે જે રચના કરી છે તેમાં तेणवि0 ની જગા પર अपि શબ્દનો જે પ્રયોગ કર્યો છે. તે વિચારવા જેવો છે કેમકે કેટલાક જીર્ણોદ્ધાર કરાવનારા જીવો તે ભવે મોક્ષે જાય છે એવું કહેવામાં अपि શબ્દની જરૂર નહોતી કારણ કે अपि શબ્દનો ભાવાર્થ કેટલાકને ઉદ્દેશીને કહેવાથી પ્રથમથી જ આવી જતો હતો, છતાં જે अपि શબ્દ શાસ્ત્રકારે વાપર્યો છે તે સંભાવનાને વ્યક્ત કરે છે. અહિં સંભાવના વ્યક્ત કરવાનું કારણ એ છે કે આગળ જણાવવામાં આવેલી કારણરૂપ એવી દ્રવ્યપૂજા કરનારો મહાનુભાવ શ્રાવક ઉત્કૃષ્ટપણે બારમા દેવલોક સુધી જ જઈ શકે અને એ વાત આવશ્યકનિર્યુક્તિની **सिक्खा०** એ ગાથાથી તથા શ્રી ભગવતીજી અને પન્નવણા વિગેરેમાં અખંડપણે આરાધેલી છે સંયમાસંયમ નામની દેશવિરતિ જેણે એવા શ્રાવકોની ઉત્કૃષ્ટ ગતિ અચ્યુત સુધી જ જણાવેલી છે, તે ઉપરથી અને આ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ પણ દેશવિરતિને જ ધારણ કરનારો હોય છે તેથી સમજાય તેમ છે સર્વવિરતિવાળાને તો જીર્ણોદ્ધાર કરવાનું કાર્ય પરિગ્રહાદિકનો ત્યાગ હોવાથી અસંભવિત જ છે. તો શાસ્ત્રના મુખ્ય નિયમ પ્રમાણે જીર્ણોદ્ધાર કરાવનાર દેશવિરતિવાળાને અચ્યુત નામના બારમા દેવલોકથી આગળ નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તરમાં પણ જવાનું હોતું જ નથી. તો પછી સિદ્ધિપદને પ્રાપ્ત કરવાનું તો હોય જ ક્યાંથી ? એટલે જીર્ણોદ્ધારના પ્રતાપે જીર્ણોદ્ધાર કરાવનારને તે ભવમાં મોક્ષની પ્રાપ્તિનો અસંભવ જ ગણાય, છતાં આચાર્ય મહારાજ જીર્ણોદ્ધાર કરાવનારને જીર્ણોદ્ધારના ફલ તરીકે જે તે જ ભવમાં સિદ્ધિપદની પ્રાપ્તિ જણાવે છે તે માત્ર સંભાવના તરીકે છે, એમ अपि શબ્દ વાપરીને જણાવે છે. વ્યાકરણ શાસ્ત્રકારો પણ સંભાવનામાં अपि શબ્દનો પ્રયોગ ઈષ્ટ ગણે છે, જો કે સંભાવના બે પ્રકારની હોય છે. એક તો સંભાવના એવી છે કે જે અશક્ય અર્થની સંભાવના હોય અને બીજી સંભાવના એવી હોય છે કે સામાન્ય જીવોને શક્ય ન હોય, તો પણ વિશેષ જીવોને માટે જ શક્ય હોય એ બેયે પ્રકારની સંભાવનામાં શાસ્ત્રકારો ઉદાહરણ આપતાં જણાવે છે કે **अपि शिरसा गिरिं भिन्द्यात्** તેમજ **अपि स्कन्दकोद्देशं यामेन अधीयीत** આ જગા પર

જેમ **अपि** શબ્દથી અનુક્રમે અશક્ય જ અને શક્ય સંભાવનાઓ જણાવી છે, તેવી રીતે અહિં પણ સંભાવના જણાવવા માટે **अपि** શબ્દનો પ્રયોગ અસ્થાને નથી.

### જીર્ણોદ્ધાર પણ મોક્ષનું કારણ થઈ શકે.

એટલે સામાન્ય રીતે જો કારણરૂપ એવી દ્રવ્યપૂજાના ફલ રૂપ સર્વસાવદ્ય ત્યાગને પામે તો તે જીર્ણોદ્ધાર કરાવનારો તે જ ભવે મોક્ષને પ્રાપ્ત કરે એ અપેક્ષાએ દ્રવ્યસ્તવ કરનારને પણ તે જ ભવમાં મોક્ષની પ્રાપ્તિ થવાનું કહેવું એ શક્ય સંભાવનામાં ગણાય, એમ નહિં કહેવું કે એવી રીતે થયેલી મોક્ષપદની પ્રાપ્તિ જે હોય તે સર્વવિરતિરૂપ ત્યાગના પ્રતાપે થયેલી ગણાય, પણ તેમાં જીર્ણોધ્ધારના કાર્યને કારણ તરીકે ન લઈ શકાય. એમ નહિં કહેવાનું કારણ એ જ કે તે મહાપુરૂષને સર્વવિરતિની જે પ્રાપ્તિ થઈ છે અને સર્વવિરતિદ્વારાએ જે મોક્ષ પ્રાપ્ત છે તેનું કારણ જીર્ણોદ્ધારની અંદર થયેલો વીર્યોલ્લાસ જ છે, એટલે જીર્ણોદ્ધારના કાર્યથી થયેલા વીર્યોલ્લાસથી સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે, અને તે સર્વવિરતિની પ્રાપ્તિથી જે મોક્ષ થાય છે, તે જીર્ણોદ્ધારના કાર્યથી જ થયો એમ કહેવામાં કોઈ પણ જાતની અડચણ નથી. એમ નહિ કહેવું કે મોક્ષની પ્રાપ્તિ થાય તે વખતે જીર્ણોદ્ધારનું, કોઈપણ જીર્ણોદ્ધારનું કાર્ય હયાત હોતું નથી, માટે તે જીર્ણોદ્ધારને મોક્ષપદની પ્રાપ્તિનું કારણ કહી શકાય નહિં. એમ નહિં કહેવાનું કારણ એ જ છે કે મોક્ષપદની પ્રાપ્તિની વખતે સર્વવિરતિની હયાતિ છે એમાં તો બે મત થઈ શકે તેમજ નથી અને તે સર્વવિરતિ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવને જીર્ણોદ્ધારના કાર્યથી જ પ્રાપ્ત થયેલી છે, તેથી જ તે મોક્ષપદની પ્રાપ્તિ થયેલી છે, માટે તે મોક્ષપદની પ્રાપ્તિ વખતે જીર્ણોદ્ધારની કંઈપણ ક્રિયા વિદ્યમાન નથી તો પણ તે જીર્ણોદ્ધારે પ્રાપ્ત કરાવેલી સર્વવિરતિની ક્રિયા જરૂર વિદ્યમાન છે અને તેથી જ તે જીર્ણોદ્ધાર મોક્ષપદની પ્રાપ્તિનું કારણ ગણી શકાય. જગતમાં જેમ ઘડો બનાવતી વખતે દંડની ક્રિયા હોતી નથી, પરંતુ તે દંડથી ઉત્પન્ન થયેલો એવો ચક્રનો વેગ જ ઘડાની ઉત્પત્તિ વખતે હોય છે, છતાં કોઈપણ સુજ્ઞમનુષ્ય ઘડાની ઉત્પત્તિમાં દંડ કારણ નથી એવું કહેવાને તૈયાર થઈ શકે જ નહિં, વળી શાસ્ત્રની રીતિએ ઔપશમિક અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વો મોક્ષના કારણ તરીકે ગણવામાં આવે છે, પરંતુ કોઈપણ જીવને કોઈપણ કાળે મોક્ષની પ્રાપ્તિ થતી વખત ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ હોતાં જ નથી, પરંતુ તે ઔપશમિક કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વના પ્રતાપે પ્રાપ્ત થયેલું ક્ષાયિક સમ્યગ્દર્શન જ મોક્ષપદની પ્રાપ્તિ વખતે હોય છે, એવી જ રીતે ક્ષાયોપશમિક જ્ઞાન અને ક્ષાયોપશમિક કે ઔપશમિક ચારિત્ર પણ મોક્ષપદની પ્રાપ્તિ વખતે કોઈપણ જીવને હોતાં નથી, છતાં મોક્ષપદની પ્રાપ્તિ વખતે હોવાવાળાં ક્ષાયિકજ્ઞાન અને ક્ષાયિકચારિત્રને તે ઉત્પન્ન કરનારાં છે, તેથી તે પણ કારણ તરીકે ગણાય છે એટલે કારણના કારણને પણ કારણ તરીકે ગણવામાં શાસ્ત્ર કે ન્યાયથી કોઈપણ પ્રકારે વિરોધ નથી અને તેવી રીતે અહિં પણ જીર્ણોદ્ધારના કાર્યને મોક્ષનું કારણ ગણવામાં કોઈપણ પ્રકારે વિરોધ નથી, પરંતુ સર્વવિરતિની પ્રાપ્તિ વિના સાક્ષાત્ કેવળ જીર્ણોદ્ધારદ્વારાએ મોક્ષપદની પ્રાપ્તિ કરવી તે તો અશક્ય સંભાવના જ છે.

### શક્ય અશક્ય સંભાવનાને અંગે કંઈક

એટલે જો જીર્ણોદ્ધાર કરાવનાર મહાપુરૂષ તે જ ભવમાં જીર્ણોદ્ધારના પ્રતાપે સર્વવિરતિની પ્રાપ્તિ કરીને સિદ્ધિપદ મેળવે તો ત્યાં શક્ય સંભાવના ગણાય અને જો તેમ મહાવ્રતને ન મેળવી શકે તો જીર્ણોદ્ધારદ્વારાએ તે જ ભવમાં મોક્ષપદ પ્રાપ્ત કરવાનું કહેવું તે અશક્ય સંભાવના ગણાય. દ્રવ્યથકી

મહાવ્રત ન લે અને વ્યવહારથકી સાધુપણામાં ન આવે તો પણ ભાવથી જો ચારિત્રને એટલે સર્વવિરતિને ફરસવાવાળો હોય તો કેવલજ્ઞાન પામી શકે એ વસ્તુ શાસ્ત્રદ્વારાએ નિશ્ચિત હોવાથી જીર્ણોદ્ધારરૂપી દ્રવ્યસ્તવનું અનન્તરફળ મોક્ષ ન જ હોય એ સ્વાભાવિક છે, અને જ્યારે તે જીર્ણોદ્ધારરૂપી દ્રવ્યસ્તવ કરનારો મહાનુભાવ ભાવથી અગર દ્રવ્ય અને ભાવ એ બન્નેથી જ્યારે સર્વવિરતિને પ્રાપ્ત કરે ત્યારે તો તે પ્રાપ્ત થયેલી સર્વવિરતિ મોક્ષને સાધનારી બને તેમાં આશ્ચર્ય નથી, પરંતુ જેવી રીતે સુપાત્રદાન દેવામાં એવો જ વિચિત્ર પ્રભાવ છે કે તે સુપાત્રદાન દેવાવાળો મહાનુભાવ તે સુપાત્રદાનનેજ પ્રતાપે ભવાંતરે પણ ચારિત્રને પ્રાપ્ત કરે છે અને તે દ્વારાએ મોક્ષને પણ મેળવે છે, અર્થાત્ તે દાનથી થવાવાળા મોક્ષમાં ચારિત્ર એ દ્વારરૂપ બને છે, તેવી રીતે અહિં પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવ તે જ જીર્ણોદ્ધારથી ભાવનાની તીવ્રતાએ ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ કરી સર્વવિરતિરૂપ ચારિત્ર પ્રાપ્ત કરે અને તે ચારિત્રદ્વારાએ મોક્ષને પ્રાપ્ત કરે તો તેમાં ચારિત્ર એ મોક્ષનું કારણ છતાં પણ તે દ્વારરૂપે રહે અને જીર્ણોદ્ધારના પ્રયત્નને મૂળકારણરૂપે ગણવામાં આવે એટલે ચારિત્રથી તે ભવમાં જે મોક્ષ પ્રાપ્ત થાય તે જીર્ણોદ્ધારના કારણને લીધે થયેલો હોવાથી જીર્ણોદ્ધારથી તે ભવે મોક્ષ થયેલો કહેવાય.

જોકે अपि શબ્દ बाढ એટલે અત્યંત અર્થમાં પણ વપરાય છે પરંતુ મોક્ષનું અવ્યાહત કારણ ચારિત્ર હોવાથી બાઢ એટલે અત્યંત અર્થમાં તે अपि શબ્દને લેવો વ્યાજબી ઠરે નહિ, વળી સમુચ્ચય સિવાયના અર્થમાં લેવાતો अपि અવ્યય હોય ત્યારે ક્રિયાપદમાં સપ્તમી વિભક્તિ વપરાય છે એ વાત ધ્યાન બહાર રાખવા જેવી નથી, પરંતુ પ્રાકૃતભાષામાં વિભક્તિ, લિંગ અને વચનોના વ્યત્યયો માનવા એ આગમ વિરૂદ્ધ નથી, એ વાત કોઈપણ સુજ્ઞમનુષ્યથી અજાણી નથી.

**अपि શબ્દને અંગે વિસ્તૃત વિવેચન.**

ઉપર જણાવ્યા પ્રમાણે अपि શબ્દની ગળીમાંથી જેઓનું બુદ્ધિરૂપી ગાડું પ્રસાર થઈ શકતું નથી, તેઓ ગ્રન્થના રહસ્ય તરફ જઈ શકતા નથી, એટલુંજ નહિ, પરંતુ તેઓ અનર્થકરનારા થઈ પડે છે. સ્મૃતિકારોનું કહેવું છે કે **एकान्नं नैव भुञ्जीत बृहस्पतिसमादपि** અર્થાત્ બૃહસ્પતિ સરખા પાસેથી પણ આખું ભોજન લેવું નહિ. આ વાક્યમાં अपि શબ્દના રહસ્યને નહિં સમજનારાઓ એકાન્નની એટલે એક જ ઘરે લેવાના ભોજનની અધમતા ન સમજતાં બૃહસ્પતિ જે દેવતાઓનો પણ ગુરૂ છે તેની તરફથી મળેલા ભોજનની પણ નિંદા કરવામાં ઉતરે, એવી જ રીતે **भजेन्माधुकरीं वृत्तिं, मुनिर्म्लेच्छकुलादपि** અર્થાત્ મુનિએ મ્લેચ્છકુલ એટલે ઢેડ, ચંડાળ વિગેરે અધમકુલોથી પણ માધુકરી વૃત્તિ લેવી. એ વાક્યમાં अपि શબ્દના રહસ્યને નહિં સમજનારા મનુષ્યો જરૂર એમ ધારે કે મુનિઓએ મ્લેચ્છકુળથી પણ ભિક્ષા લેવી પરંતુ તે ધારવું કોઈપણ પ્રકારે યોગ્ય નથી. પરંતુ જે સુજ્ઞમનુષ્ય હોય તે તો સમજી શકે કે આ વાક્યમાં માત્ર માધુકરીવૃત્તિની પ્રશંસા જ છે, પરંતુ મુનિઓને મ્લેચ્છકુલથી માધુકરી વૃત્તિ કરવાનું વિધાન નથી, જેવી રીતે સ્મૃતિકારોની અપેક્ષાએ अपि શબ્દના રહસ્યની ગળી વટાવવી મુશ્કેલ પડે, તેવી રીતે નીતિકારોની અપેક્ષાએ પણ अपि શબ્દના રહસ્ય ગળી ઓળંગવી તે પણ મુશ્કેલ જ છે. નીતિકારો જણાવે છે કે **शत्रोरपि गुणा ग्राह्याः** અર્થાત્ શત્રુના

પણ ગુણો ગ્રહણ કરવા એટલે બોલવા, જો કે ગ્રહણશબ્દનો અર્થ બોલવું એવો કરવામાં કેટલાકને ગુંચવાડો થશે, પરંતુ કથનૅનો એટલે પ્રશંસા અને નિંદાનો પ્રસંગ હોવાથી પ્રશંસા માટે બોલવા એવો અર્થ કરવાની ફરજ જ પડશે. આ ઉપર જણાવેલા નીતિના વાક્યમાં જેઓ अपि શબ્દના અર્થની ગળીમાં ગુંચવાઈ રહે તેઓ જરૂર એમ માનવા તૈયાર થાય કે નીતિમાન મનુષ્યો ગુણવાનને પણ શત્રુ ગણનારા હોય, અગર નીતિમાનના શત્રુઓ પણ ગુણવાન હોય, અને નીતિમન્તોએ ગુણવંતની શત્રુતા ધારણ કરાય, પરંતુ આ બધું ત્યારે જ માનવાની જરૂર પડે કે જ્યારે સમજનાર અને વક્તા અપિ શબ્દના અર્થની ખાઈમાંથી નીકળી શક્યા ન હોય, પરંતુ જેઓ अपि શબ્દના અર્થની ખાઈને ઓળંગી શક્યા હોય તેઓ તો સ્પષ્ટપણે શકે કે અહિં કંઈ શત્રુના ગુણોની પ્રશંસા કરવાનું સમજી તાત્ત્વિક કથન નથી. માત્ર ગુણોનું શ્લાઘ્યપણું જણાવવાનું તત્ત્વ છે, એટલે ગુણ એ એટલી બધી ઉત્તમ ચીજ છે કે તે કદાચ શત્રુની હોય તો પણ તે પ્રશંસા લાયક જ થાય એટલે તાત્ત્વિકદૃષ્ટિએ આ વાક્યમાં પ્રશંસા લાયક ગુણવાળાને નીતિમન્તો શત્રુ તરીકે ગણી શકતા હોય એવો સંભવ જ નથી, વળી નીતિકારનું એવું પણ વાક્ય છે કે दोषा वाच्या गुरोरपि આ વાક્યમાં પણ જેઓ અપિ શબ્દના અર્થની આંધી વટાવી શક્યા ન હોય તેઓ એવો જ અર્થ કરે કે ગુરુના પણ દોષો બોલવા, પરંતુ તે એવો વિચાર ન કરે કે જેમાં ગુરૂપણું હોય અને જેને ગુરૂ તરીકે માનવામાં આવેલા હોય તે કોઈ દિવસ પણ દોષવાળા હોય જ નહિ, એટલું જ નહિ પરંતુ ગુરૂ માન્યા પછી પણ જો તેઓ દોષવાળા માલમ પડે તો તેનો ત્યાગ કરવો એ જ આવશ્યક છે, તો પછી દોષ સહિતપણું અને ગુરૂત્વ સહિતપણું એ પરસ્પર વિરોધી વસ્તુઓ કેમ બને છતાં તે अपि શબ્દના અર્થની આંધીમાં અટવાયેલો વિચાર કરી શકે નહિ, પરંતુ જે સુજ્ઞમનુષ્ય હોય અને अपि શબ્દની આંધીને અટાવી શક્યો હોય તે તો સ્પષ્ટપણે સમજે કે નથી તો આ વાક્યમાં દોષવાળાને ગુરૂ માનવાનું જણાવ્યું. તેમ નથી તો ગુરૂમાં દોષો માનવાનું જણાવ્યું તેમજ ગુરૂના દોષો પણ કહેવાનો પ્રસંગ આમાં જણાવ્યો નથી, પરંતુ આ વાક્યમાં માત્ર દોષની જ અધમતા જણાવવામાં આવી છે અને તે જણાવતાં નીતિકાર જણાવે છે કે દોષ એ એવી ભયંકર ચીજ છે કે જે ગુરૂ તરીકે ગણાયેલા મહાનુભાવોના આશ્રયથી પણ ભયંકરપણું ટાળી શકતી નથી, અર્થાત્ નથી તો આમાં દોષવાળાને ગુરૂ માનવાનું કે નથી તો ગુરૂમાં દોષો માનવાનું જણાવ્યું, પરંતુ માત્ર દોષોની જ અધમતા જણાવી છે. જૈનશાસ્ત્રકારોની અપેક્ષાએ પણ એવા अपि શબ્દના પ્રયોગો નથી આવતા એમ નથી. જૈનશાસ્ત્રકારોપણ જણાવે છે કે अगीयत्थस्स वयणेणं, अमियंपि न घुट्टए અર્થાત્ અગીતાર્થના વચને કરી અમૃતનું પણ પાન કરવું નહિં. આ વાક્યમાં अपि શબ્દના સ્વારસ્યને નહિં સમજનારો મનુષ્ય જરૂર એટલું જ માનવાને તૈયાર થશે કે અગીતાર્થથી અમૃતની પ્રાપ્તિ હોય છે અને અગીતાર્થો અમૃતને દેવાવાળા હોય છે, પરંતુ જેઓ अपि શબ્દના સ્વારસ્યને સમજી શકે છે તેઓ તો સ્પષ્ટપણે સમજી શકે કે નથી તો અગીતાર્થોની પાસે અમૃત, તેમજ નથી તો અગીતાર્થોથી અમૃતનું દાન થતું, પરંતુ માત્ર અગીતાર્થના વચનનુંજ અધમપણું અત્રે જણાવવામાં આવ્યું છે, એવી જ રીતે गीयत्थस्स उ वयणेणं विसं हालाहलं पिबे અર્થાત્ ગીતાર્થના વચનથી હલાહલ ઝેર પીવું, આવી રીતે

अपि શબ્દને માટે વપરાયેલા तु શબ્દના ભાવાર્થને નહિં જાણનારો મનુષ્ય એમ માનવા તૈયાર થાય કે ગીતાર્થ પુરૂષો ભક્તોને ઝેર પાવાવાળા પણ હોય છે, અગર ઝેર પાવાવાળાને પણ ગીતાર્થો કહેવાય છે. પરંતુ જેઓ શાસ્ત્રના યથાસ્થિત તત્ત્વને શબ્દાર્થદ્વારાએ સમજનારા હોય છે, તેઓ તો સ્પષ્ટપણે સમજી શકે છે કે આ વાક્યમાં નથી તો ગીતાર્થો ઝેર પાવે એવું કહેવાનું કે નથી તો ભક્તોને ઝેર પીવાનું કહેવાનું, પરંતુ માત્ર આ વાક્યથી ગીતાર્થના વચનની મહત્તા જણાવવામાં આવી છે, એટલે અગીતાર્થનું વચન વર્ત્તમાનકાળે દેખાવથી અમૃત જેવું લાગતું હોય તો પણ તે ગ્રહણ કરવા લાયક નથી અને ગીતાર્થપુરૂષનું વચન વર્તમાનકાળે દેખાવથી ઝેર જેવું લાગતું હોય તો પણ તે ગ્રહણ કરવા લાયક છે, એમ જણાવી બન્ને વાક્યોથી અગીતાર્થના વચનની નિંદા અને ગીતાર્થના વચનની પ્રશંસા જ માત્ર કરવામાં આવી છે. એવી જ રીતે **दण्डेणवि ताडंतो स भद्दओ सारणा जत्थ** એ વાક્યમાં પણ अपि શબ્દના અર્થને નહિં જાણનારા, નહિં સમજનારા કે નહિં માનનારા મનુષ્યો એવો જ ભાવાર્થ કાઢે કે દંડે કરીને મારનાર એવો પણ આચાર્ય હોય અને તે કલ્યાણકારી ગણાય, પરંતુ જેઓ યથાસ્થિત રહસ્યને અને શાસ્ત્રોને જાણતા હોય તેઓ.તો સ્પષ્ટપણે સમજે કે શાસ્ત્રકારો **हणइ हणन्तो य सामन्नं** અર્થાત્ કોઈપણ સાધુ કોઈપણ સાધુને કે ગૃહસ્થને કે યાવત્ જાનવરને પણ ઘા કરે તો તે પોતાનો સાધુપણાનો ઘાત કરે છે, એટલે ગીતાર્થ મહારાજા દંડે કરીને મારનારા હોય એમ છે જ નહિં અને તેવાં કદાચ કર્મોદયે ચંડરૂદ્ર આચાર્ય જેવા ક્રોધી હોય અને કદાચ શિષ્યને દંડે કરીને મારે તો પણ તેની તે ક્રોધી અવસ્થાને શાસ્ત્રકારો કોઈ પણ પ્રકારે ભદ્રક તરીકે એટલે સારી તરીકે ગણી શકતા નથી, ખુદ ચણ્ડરૂદ્ર આચાર્ય સરખા ક્રોધવાલા આચાર્યે પણ પોતાની તે ક્રોધની પરિણતિને લીધે ઘાત કરનારી અવસ્થાને અધમ અને અધમાધમ જ માનેલી છે તો પછી આચાર્યનું દંડે કરીને મારવું અને તે આચાર્યને કલ્યાણકારી ગણવા એ વાત શાસ્ત્રને નહિં સમજનારાઓને ગળે આવી પડે, પરંતુ આગમ અને તેના તત્ત્વને જાણનાર સુજ્ઞમનુષ્ય તો સ્હેજે સમજી શકે કે આ વાક્યમાં આચાર્યો દાંડાથી શિષ્યો અને ભક્તોને મારે એવી વાતને સ્થાન જ નથી. તો પછી મારનારને સારા ગણવાનું સ્થાન તો હોય જ ક્યાંથી? પરંતુ આ વાક્ય માત્ર આચાર્ય વિગેરે અન્તેવાસી વિગેરેને જે સ્મારણા વારણા નોદના અને પ્રતિનોદના કરે તેનો જ મહિમા વર્ણવવામાં આવ્યો છે અને આ જ કારણથી શ્રીઉત્તરાધ્યયનસૂત્રમાં **खदुआ मे चवेडा मे** એ ગાથાની ટીકામાં આરોપિત વ્યાખ્યાનને સ્થાન મળેલું છે. આ વાત જે સુજ્ઞમનુષ્ય સમજી શકશે તે મનુષ્ય આચાર્યો દાંડાથી મારે છે. અગર દાંડાથી મારનારા પણ આચાર્યો હોય એવું માનવાને કદાપિ નહિં તૈયાર થાય અને વધારે અજ્ઞાની હોય તો એમ પણ માનવાને તૈયાર થાય કે આચાર્ય થયેલા મનુષ્યો શિષ્ય અને ભક્તોને દાંડાથી મારે તો તેમાં આચાર્યને લેશમાત્ર પણ દોષ નથી. એટલે જેમાં મિચ્છામિ દુક્કડં દેવો પડે. અગર ઈરિયાવહિયા સરખી ક્રિયા કરવી પડે એવો પણ દોષ લાગતો નથી એમ માનવાને તૈયાર થાય, અને સ્પષ્ટશબ્દોમાં કહીએ તો તેવા મનુષ્યોને ખરેખર જૈનશાસને તો રામ રામ કરવા જ પડે.

**અધ્યાહારમાં રહેલ अपि શબ્દનો અર્થ કેમ ઘટાવાય !**

આ સ્થાને યાદ રાખવાની જરૂર છે કે સંઘાદિકના બચાવને માટે કરેલા વૈક્રિયમાં પણ શાસ્ત્રકારો તેનું પ્રતિક્રમણ કર્યા સિવાય આરાધક થવાનું કહેતા નથી, તે શાસ્ત્રકારોના વચનને માનવાનું કહેનારા જ્યારે દાંડાથી મારવામાં પણ કર્મબંધનો લેશ નથી, પરંતુ તે મારવું જરૂર અનુમોદનીય છે, એવું કહેવા તૈયાર થાય ત્યારે તેવાઓની નારાની દશા જ્ઞાની સિવાય બીજો પીછાની શકે જ નહિ, કેટલીક જગાપર તો अपि શબ્દના પ્રયોગ વગર એટલે अपि શબ્દ કહ્યો ન હોય તો પણ અપિ શબ્દનો અધ્યાહાર કરીને મૂળવસ્તુની જ ઉત્તમતા કે અધમતા જણાવવામાં આવે છે, જેવી રીતે રાજીમતીએ રથનેમિજીને જણાવ્યું કે **सेयं ते मरणं भवे** અર્થાત્ વમેલા એવા કામભોગોની તું ઈચ્છા કરે છે. તો તેવા વમેલા કામભોગોને ઈચ્છવા કરતાં તારું મોત થાય તે જ કલ્યાણકારક છે. આ જગા પર अपि શબ્દનો અધ્યાહાર કરીને તારું મરણ પણ કલ્યાણ કારક છે, એવો ભાવાર્થ લેવો પડે અને તેનો રહસ્યાર્થ એજ થાય કે મરણની અનિષ્ટતા કરતાં વમેલા કામભોગોને લેવાની ઈચ્છા તે અનિષ્ટતમ જાણવી તત્ત્વથી વમેલ કામભોગોને નહિં લેવાની વાત જ આમાં દૃઢ કરી ગણાય. જો એમ ન માનીએ તો રથનેમિજી સરખા સંજ્ઞિપંચેન્દ્રિય મનુષ્યની હત્યા કરવાની ઈચ્છા શ્રીરાજીમતીએ કરી એમ ગણાય અને જો એમ ગણાય તો સંજ્ઞિપંચેન્દ્રિય મનુષ્યની હત્યાને શ્રેષ્ઠ ગણનાર રાજીમતી અહિંસા ધર્મને સમજતાં જ હતાં તે કેમ માની શકાય કે ગૃહસ્થ મહાવ્રતોથી શિષ્યા કે બ્રહ્મચર્યથી પતિત થતો હોય તો તેને વૈરાગ્યમય ધર્મોપદેશ આપીને નિવર્ત્તાવવો એ જ શાસ્ત્રકારોએ વિધિમાર્ગ ગણ્યો છે અને વૈરાગ્યમાર્ગનો ઉપદેશ આપવા છતાં પણ જો તે ન નિવર્ત્તે તો શાસ્ત્રકારો તેવી વખતે ઉપેક્ષા જ કરવાનું જણાવે છે, પરંતુ કોઈપણ શાસ્ત્રકાર કોઈપણ સ્થાને તેવા પતિત થનારાને ઉપદેશથી માર્ગે આવવાનું કે રહેવાનું ન થાય તો વિષાદિક પ્રયોગોથી મારી નાંખવાના ઉપાયો અંશે પણ જણાવતા નથી અને જણાવે પણ નહિં, હવે જો ઉપર જણાવ્યા પ્રમાણે अपि શબ્દનો અધ્યાહાર ન લઈએ અને ઉપર જણાવ્યા પ્રમાણે જ વમેલા વિષયને નહિં લેવામાં વાક્યનું રહસ્ય છે એમ ન ગણીએ તો ધર્મિષ્ટ શ્રાવક સાધુ ઉપાધ્યાય આચાર્ય ગણધર કે તીર્થંકર સુદ્ધાને પણ એ કર્ત્તવ્યતા તરીકે આવી જાય કે બ્રહ્મચર્ય મહાવ્રત કે વ્રતોથી પતિત થવાને તૈયાર થયેલાને સન્માર્ગ અને વૈરાગ્યનો ઉપદેશ આપવો, અને છેવટે જો તે પતિત થનારો ન માને તો તેને વિષાદિકપ્રયોગોએ કરીને મારી નાંખવો, એટલું જ નહિં, પરંતુ તે મારી નાંખવામાં ઘણો જ લાભ થયો છે એમ માનવાનું રહે અને એ અપેક્ષાએ સંસારમોચકવાદિઓ જેમ દુઃખથી મુકાવવાને નામે દુઃખીઓને મારવામાં લાભ ગણે છે, તેવી રીતે જૈનદર્શનની માન્યતા ધરાવનાર શ્રાવક વિગેરેએ પાપમોચકવાદી બનીને પાપીઓનો સંહાર કરવા તૈયાર થવું જોઈએ અને આવી પાપમોચકવાદિતા તો એક અંશે પણ કોઈ પણ જૈનનામધારીના હૃદયમાં પણ હોય જ નહિં, તેથી નક્કી થાય છે કે ઉપરના વાક્યમાં अपि શબ્દનો અધ્યાહાર કરવો જ જોઈએ અને તેનું રહસ્ય મરણની શ્રેષ્ઠતામાં નહિં, પરંતુ વમેલા ભોગોને નહિં લેવાની શ્રેષ્ઠતા જ રાખવું જોઈએ, એવી જ રીતે **वरं प्रवेष्टुं ज्वलितं हुताशनं०** તથા **वरमग्गिम्मि पवेसो०** ઈત્યાદિક ગ્રંથ પણ अपि શબ્દને અધ્યાહાર કરીને વ્રતની

દૃઢતાના જ રહસ્યમાં લઈ જવો એ સુજ્ઞ મનુષ્યનું કામ છે અને તેથી જ તે ગાથા બોલનારાઓને પંચેન્દ્રિયની હત્યા કે અગ્નિકાયની હિંસાને શ્રેષ્ઠ ગણી તેની અનુમોદનાનો વખત આવે નહિં અને આજ વાત જ્યારે ધ્યાનમાં રાખવામાં આવે ત્યારે શાસ્ત્રકારોએ કહેલા **पुणोवि सोही न याविरई** એ વાક્ય સાર્થક ગણી શકાય, જો વિશુદ્ધિની કર્ત્તવ્યતા ન હોત તો આ **पुणोऽवि सो०** વાક્યને ઉત્પન્ન થવાનું સ્થાન જ નહોતું. જો કે આ વાતમાં કોઈપણ પ્રકારે બે મત નથી કે વ્રતાદિકના રક્ષણને માટે પ્રાણ આપનારો મનુષ્ય સામાન્ય સદ્ગતિ તો શું ? પણ યાવત્ સિદ્ધિગતિને પણ મેળવી શકે છે, પરંતુ એ વસ્તુ ઉપદેશકના અધિકારની નથી, કિન્તુ વ્રતધારકની આધીનતાની વસ્તુ છે. પરંતુ શાસ્ત્રની વ્યાખ્યા કરનારાઓને કે ઉપદેશ દેનારાઓને તે વસ્તુ વ્રત ભંજનના બચાવને માટે દર્શાવવાની રહે છે, પરંતુ વ્રતભંગ પછી કર્ત્તવ્યતા તરીકે તે વસ્તુ રહી શકતી નથી અને તેથી જ જૈનમતને માનનારો કોઈ પણ મનુષ્ય સંસારમોચક જેવો બની પાપમોચકના નામે વ્રતને વિરાધનારાઓને સર્વથા પ્રાણથી મારી નાંખવા તૈયાર થતો નથી, તેમ થાય પણ નહિં. ઉપર જણાવેલી હકીકત્તથી અસંભાવ્યસંભાવનાએ અનન્તર ફૂલપણાની હકીકત અને સંભાવ્યસંભાવનાએ પરંપરાથી મોક્ષ પ્રાપ્તિની હકીકત્ત સમજીને ભગવાન્ જિનેશ્વર મહારાજના મંદિરના જીર્ણોદ્ધારનું કાર્ય કરનારાઓ તે ભવે પણ સિદ્ધિ મેળવે એ વસ્તુ જે શાસ્ત્રકાર મહારાજે જણાવી છે તે યોગ્ય જ છે. એમ સમજી શકશે.

**જીર્ણોદ્ધારથી બીજાં પણ ફલો પ્રાપ્ત થાય છે.**

જીર્ણોદ્ધારનું ફળ જણાવતાં શાસ્ત્રકાર મહારાજ આગળ જણાવે છે કે જેઓ મહાવ્રત ધારણ કરવા જેવી ઉચ્ચશ્રેણી મેળવી મોક્ષને પ્રાપ્ત કરી ન શકે તેવા પણ મહાનુભાવો જીર્ણોદ્ધાર કરનારાઓ પરભવમાં ઈંદ્રપણાની સ્થિતિને પણ પામે છે. વાચકવૃંદે યાદ રાખવું જોઈએ કે સામાન્ય રીતે ઉત્કૃષ્ટ સમ્યક્ત્વ, ઉત્કૃષ્ટ દેશવિરતિ કે મહાવ્રતને ધારણ કરનારાઓ પણ અનન્તરભવમાં દેવગતિ પામનારા છતાં પણ ઈંદ્રની પદવી પામે એવો નિયમ નથી, પરંતુ આ જીર્ણોદ્ધારનું કાર્ય એટલું બધું ઉત્તમ છે અને નિરહંકારપણાની સાથે મહાપુરૂષોના માર્ગને અનુસરવામાં જબરજસ્ત આલંબનરૂપ છે કે જે જીર્ણોદ્ધાર કરવાના પ્રતાપે તે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ જીર્ણોદ્ધાર કરવાના બીજા ભવમાં ઈંદ્રપણું પ્રાપ્ત કરે છે. એક વાત આ સ્થાને વાચકવર્ગે ધ્યાનમાં રાખવાની છે કે શાસ્ત્રકારો વૈયાવચ્ચગુણને જેમ અપ્રતિપાતી તરીકે જણાવે છે અને તેનો તાત્પર્યાર્થ એમ જણાવે છે કે વૈયાવચ્ચ કરવા દ્વારાએ મેળવેલું પુણ્યાનુબંધી પુણ્ય એટલું બધું જબરજસ્ત હોય છે કે બીજા કોઈ પણ પ્રતિઘાતે કરીને તે વૈયાવચ્ચથી થયેલા પુણ્યનો નાશ થઈ શકતો નથી, તેમ અહિં પણ જો સમજવામાં આવે કે જીર્ણોદ્ધાર કરનાર કરાવનાર મહાપુરૂષ જે ઈંદ્રપણું વિગેરે મેળવવાને લાયકનું પુણ્ય જીર્ણોદ્ધાર કરતી કરાવતી વખતે મેળવી લે તે પુણ્ય બીજા કોઈ પણ પ્રતિઘાતોથી નાશ ન પામે, એટલું જ નહિ, પરંતુ તે જીર્ણોદ્ધારથી મેળવેલા પુણ્યમાં લેશમાત્ર પણ ન્યૂનતા થાય નહિં. અને તેથી જો તે જીર્ણોદ્ધાર કરવા કરાવવા દ્વારાએ મેળવેલું ઈંદ્રપણું જો હોય તો તે જીર્ણોદ્ધાર કરાવનાર મહાશય એક વખત જરૂર જ ઈંદ્રપણું ભોગવે. આ વાત જ્યારે ધ્યાનમાં આવશે ત્યારે જ ત્યાગની વિશિષ્ટતા અને સર્વત્યાગની ઉત્તમતા સમજવામાં આવશે.

(અનુસંધાન પેજ - ૩૨૧)　　　(અપૂર્ણ)

(અનુસંધાન પાના ૨૮૦નું ચાલુ)

આરાધનામાં શરીર સાધનભૂત છે ત્યારે તે શરીરને ધારણ કરવા, ટકાવવા, નીભાવવા માટે સાધુએ આહાર લેવો એમ શાસ્ત્ર કહે છે. વળી તે સાધના નિષ્પાપથી કરાય અન્યથા બકરી કાઢતાં ઉંટપેસે માટે કહ્યું છે કે

**अहो जिणेहिं असावरज्जा वित्ती साहूण देसिया**

**શરીરની સાતે ધાતુને તપાવે તે તપ !**

શરીરને ધારણ કરવાનું કહ્યું છે ત્યારે ઇંદ્રિયોનો શું નાશ કરવો ? ના ! ઇંદ્રિયોનો નાશ કરવાનું કહ્યું નથી. બહેરા થઈ જવાનું કે આંખ ફોડી અથવા કોઈપણ રીતે આંધળા થવાનું અગર જીભ કાપવાનું કહ્યું છે તેવું માનશો નહિં. શરીરની માફક ઇંદ્રિયોને પણ ધારણ તો કરવાની જ છે. તપશ્ચર્યાના અધિકારમાં શાસ્ત્રકાર મહર્ષિઓએ સ્પષ્ટ ફરમાવ્યું છે કે તપ તેવો જ કરવો કે જેનાથી ઇંદ્રિયોની હાનિ થાય નહિં. તેમજ મનમાં મલીન વિચારો ન આવે. તેથી ગતિ બગડી જાય તથા ઉલટું ધર્મરહિત થવાય તેવા પ્રકારનો તપ પણ કરવો નહિં. શ્રાવકને સામાયિકાદિ, અને સાધુને આવશ્યકાદિ જરૂરીકરણીમાં સ્ખલના ન આવે તેવા તપની જ આજ્ઞા છે. આવશ્યક અટકે, મન આર્ત્તધ્યાનમાં ભટકે તથા શરીરને કે ઇંદ્રિયોને હાનિ પહોંચે તેવો તપ કરવો નહિં. તપ કરવાનો હેતુ આત્માનું ભલું કરવાનો છે, આત્માની ગતિ સુધારવાનો છે. તેમાં ઉલટું બગડી જાય, અને ધારણાથી વિપરીત સ્થિતિ થાય તેવો તપ શા કામનો? બાકી તપથી શરીરની લાગનિ તો જરૂર થવાની.

**तापयति रसादिधातुमिति तपः**

**શરીરની સાત ધાતુને તપાવી નાંખે તે તપ.**

સોનું શુદ્ધ કરાવવા જનારા શું તે શુદ્ધ કરનારને એમ કહે કે "આ સોનું તો શુદ્ધ કરવું છે, મજુરી પણ ગમે તેટલી લો પણ સોનું એક શરતે શુદ્ધ કરી દો કે આ સોનાને આગમાં કે તેજાબમાં નાંખવું નહિ." તો આવી શરતે સોનું શુદ્ધ કરાવવા નીકળનાર કેવો મૂર્ખ ગણાય ? આગ કે તેજાબમાં નાંખ્યા વિના એ શુદ્ધિ મળે જ ક્યાંથી? આત્માને તથા કર્મને ક્ષીરનીરનો સંબંધ છે. લાકડાને પાટો કે ખીલો લગાડયો હોય તેવો સંબંધ કર્મનો તથા આત્માનો નથી. આ સંબંધ તો અગ્નિલોહ ન્યાયે તન્મય છે. તપાવેલા લોઢાના ગોળામાં કયા ભાગમાં અગ્નિ છે એમ પૂછવામાં આવે તો શું? કહેવું ઉપર, નીચે, કે બાજુમાં છે? અર્થાત્ આખાએ ગોળામાં છે, અને કહો કે લોઢામાં તન્મય છે. લોઢાના કણીયામાં અગ્નિના કણીયા તન્મય બની ગયા. છે જોડાઈ ગયા. તેમ કર્મના પુદ્ગલો પણ આત્માના અમુક ભાગમાં છે, એમ નથી પણ આત્મ-પ્રદેશમાં સજ્જડ અભેદપણે વળગેલા છે. હવે જો આત્માને નિર્મલ કરવો હોય તો કર્મનો મેલ તો કાઢવો જ પડશે, અને તે ક્યારે બનશે? તપની અગ્નિમાં આત્માને અપનાવવો પડશે. આ વાત ધ્યાનમાં આવશે ત્યારે શ્રીગૌતમસ્વામીજી વગેરે મહાત્માઓએ કરેલી ઘોર તપશ્ચર્યાનો સહેજે ખ્યાલ આવશે. "ગૌતમ નામે નવે નિધાન" એ બોલવા તૈયાર પણ થવાય છે તેઓએ શું કર્યું તે

જોવા, જાણવા કાંઈ વિચાર કર્યો? લેવા તેમાં દેવા કાંઈ નહિં ! શાસ્ત્રમાં તપસ્વીઓના પુષ્કલ ચરિત્રો છે. ખંધકમુનિ, ઢંઢણ ઋષિ, ધન્નાજી વગેરે મુનિવરોના તપનાં વર્ણનો યાદ તો કરો ! ચાલતાં હાડકાં ખખડે તથા બોલતાં ગ્લાનિ ઉપજે તેવી તપશ્ચર્યા તેઓએ કરી છે. તપ નહિં કરવા ઈચ્છનારા કહે છે કે 'ઢીલા થઈ જવાય છે માટે તપ કરતા નથી' પણ ઢીલા થવા માટે તો તપ કરવાનો છે. શરીર ઢીલું થયા વિના ઈંદ્રિયોનાં મકરકુદીયાં ક્યાંથી મટવાના ? તપશ્ચર્યા કરવાથી શરીરને ઘસારો લાગવાનો, અને શક્તિ ઘટવાની એમાં ના નથી. ઈંદ્રિયો નાશ પામે તેવી તપશ્ચર્યા કરવી નહિં. એ વાત ખરી પણ બાકી તપમાં કાયકષ્ટ તો જરૂર છે. અંત અવસ્થાના સંથારા ક્યારે થાય? જ્યારે જણાય કે હવે આ શરીરથી કાંઈ સમ્યક્ત્વ થવાનું નથી ત્યારે સંથારા લેવામાં આવે છે, જે ચેક કે હુંડીથી કંઈ ન મળે તેને કચરાપટીમાં નાંખવાં પડે છે. સામાન્ય રીતે એવું જ્ઞાન નથી કે મરણ અમુક ટાઈમે જ થશે તેમ જાણી શકાય. સીવીલ સર્જન જેની આશા છોડે તે પણ ઉભા થાય છે. માટે સાગારિ અણસણ રાખ્યું. અનશનની મુદત મર્યાદિત પણ હોય છે. બે-ચાર દિવસનું કે એક બે દિવસનું પણ હોય છે.

કોઈ શંકા કરે કે "શાસ્ત્રકારોએ તો મનના પરિણામ ન બગડે તથા પ્રતિદિનની આવશ્યક ક્રિયાને નુકશાન ન થાય તેવો તપ કરવાનો કહ્યો છે ને !" દશની આવકમાં બારનો ખર્ચ કરે તેની માફક થાય ત્યાં તે વાત સાવ સાચી છે. કોઈ એમ કહે કે- 'ધર્મથી ભ્રષ્ટ થઈને પણ તપ કરવો જોઈએ' તો તે ખોટું જ છે, કરવત મુકવાનું શરૂ થાય પછી એ.

બાપ રે !' એમ બોલવાની 'ના' છે ? કહોને! મનાઈ છે ? કોઈ ઉડાઉને એમ કહેવામાં આવે કે 'ઘર જોઈને ખર્ચ રાખવો' તો ત્યાં તે કથન વ્યાજબી જ છે પણ માલદાર મનુષ્ય જો એ કથનથી કંજુસાઈ કરે, દાનાદિમાં ન વાપરે તો ? કહો કે અવલો છે તેમ તપને અંગે 'ઈંદ્રિયો નાશ પામે તેવો તપ ન કરવો, ધ્યાન મલીન કરે તેવો તપ ન કરવો' આવું જે કહ્યું છે તે તેઓને માટે જ કે જેઓ ત્યાં સુધી જઈને પણ તપ કરતા હોય ! પણ આ તો તપ કરવાની શક્તિ છતાં કરવી નહિં એમ ઈચ્છનારાઓએ એ વાક્યને ખોટું બચાવનું સાધન બનાવ્યું ! આ શરીરને તેના યોગ્ય પોષણ માટે ખોરાક જોઈએઃ રસકસ જોઈએ એવું કાંઈ નથી,

**अन्नं वै प्राणाः**

**અન્નની આજ્ઞા છે, રસની આજ્ઞા નથી.**

'અન્નએ પ્રાણ છે' એમ કહ્યું, પણ 'રસએ પ્રાણ છે' એમ ક્યાંય કહેવામાં આવ્યું નથી. શરીર પુદ્ગલ ગ્રહણ કરે છે, ઈંદ્રિયો રસ ગ્રહણ કરે છે. શાસ્ત્રકારે 'ઈંદ્રિયો નાશ કરવી નહિં' એમ કહ્યું એનો અર્થ એ નથી કે ઈંદ્રિયોને પોષવી ! ઈંદ્રિયો રસ ખેંચે છે. એ રસનું પોષણ શાસ્ત્રકારો કદી પણ કરતા નથી - શાસ્ત્રકારો આજ્ઞા દે છે. ખોરાકની રસ

પોષવાની તો સાફ મનાઈ કરે છે, ઉલટું શરીરના રસને તો શોષવાની આજ્ઞા કરે છે. તપની આજ્ઞામાં પ્રથમ ઉપવાસનું વિધાન છે તે ન થાય તો એકાસણાદિ જમવામાં પણ ઉણોદરી તપ બતાવ્યો છે. જમવામાં રસ વખતે વિકૃતિ (વિગય) નો ત્યાગ બતાવ્યો. બધી વિગયનો ત્યાગ ન થાય તો એક વિગયનો પણ ત્યાગ કરવા અને સંકોચ કરવા કહ્યું. શાસ્ત્રકારો હજી, શરીરનું સાધન હોવાથી અર્થાંતરથી આહારની આજ્ઞા આપે છે પણ વિગયની તો પોષણ માટે આજ્ઞા આપતા નથી. અનશન અને ઊણોદરીના ભેદની જેમ વિગયમાં ત્યાગ અને પરિમામ ભાગ અર્થાંતરથી પણ રાખ્યા નથી. તેનું એકજ કારણ કે ઈંદ્રિયોને તો કાબુમાં લેવી જ છે. ઈંદ્રિયોના કાબુમાં ગયા તો રખડપટ્ટી નક્કી છે.

**હથિયાર હેઠાં મૂકાવ્યા વિના કાંઈ વળે નહિ!**

ત્યાગી થનારે પ્રથમ તે ઈંદ્રિયોરૂપ ગોઠીયાઓનો તો સીધો, ઘાટ ઘડવો જ પડે છે. ઈંદ્રિયોનું ધાર્યું ન થવા દેવું એ જ એનો ઘાટ ઘડવાનો સીધો, સાદો અને સહેલો ઉપાય છે. આમ થાય તો જ ત્યાગી થઈ શકાય. ત્યાગી થયા સિવાય ત્યાગનો ઉપદેશ આપી શકાય નહિ, તથા ત્યાગનું ફળ મેળવ્યા સિવાય બીજાને, આદ્યપણે બતાવી શકાય નહિં. અઢાર પાપસ્થાનકો હથિયારોને હેઠાં પાડવાં જોઈએ. પાપસ્થાનકોનાં પોતે કરતા કાંઈ નથી. તમને ક્રોધ, માન, માયા, લોભ થયા, રાગ દ્વેષ, કલહ એ બધું થયું. એ તમામ અહિંનું અહિં. દુનિયામાં એનું ક્યારે ચાલે ? સિપાઈ પાસે હથિયાર ન હોય તો તેનો ક્રોધ શું કરે ? લશ્કરના દીલમાં હલચલ વેર હોય પણ હથિયાર ઉતરાવ્યાં એટલે મનની લાગણી આપોઆપ ગયે જ છૂટકો! અઢાર સુભટો-અઢાર પાપસ્થાનકોમાં હથિયાર પાંચ છે. હિંસા, જુઠ, ચોરી, પરિગ્રહ, અને સ્ત્રીગમન. તેર પાપસ્થાનક જે તાકાત ધરાવે છે તે આ પાંચના જોરે ! આ પાંચ કર્મ રાજાનાં હથિયાર છે.

આ પાંચ ચીજો છોડે તે ઉપદેશદેવાને લાયક છે. આ છોડાવાનો વિચાર, ખાવાપીવાનું, અને પહેરવા ઓઢવાનું છોડવાનો વિચાર આવે કેમ ? માનો કે ગુરૂના કહ્યાથી, પણ જ્યારે દુનિયામાં ગુરૂ ન હોય, શાસ્ત્ર ન હોય, ત્યાગી ન હોય ત્યારે? તે ગુરૂનું મૂલ દેવ છે માટે અહિં જ શ્રીતીર્થંકરદેવની ઉત્કૃષ્ટતા સ્વયંસિદ્ધ છે. આખા જગતમાં ત્યાગ, તપ, પ્રવર્ત્યું તે શ્રીતીર્થંકરદેવથી જ ! એટલા માટે પ્રથમ મહાદેવાષ્ટક કહ્યું. દેવતત્ત્વ ઓળખવાની પ્રથમ જરૂર છે.

## છતા સંયોગે જાગવું નથી સૂતા જ રહેવું છે ?

एवं, सद्वृत्तयुक्तेन०

સારા સંયોગ જ સત્ય સ્વરૂપ પ્રગટાવવામાં કારણભૂત છે.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના

ઉપકારને માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં, બત્રીશ અષ્ટકોમાં પ્રથમ મહાદેવાષ્ટકમાં જણાવી ગયા કે તમામ આસ્તિકો ત્રણ તત્ત્વો માને છે.દેવને પણ માને છે. ગુરૂને પણ માને છે, તથા ધર્મને પણ માને છે. આ ત્રણ તત્ત્વમાંથી એક પણ તત્ત્વને માન્યા વિના આસ્તિકોને ચાલી શકતું નથી. ત્રણે તત્ત્વોને આસ્તિક માત્રે માનવા પડે છે. એ ત્રણ તત્ત્વોમાં પ્રધાન્ય દેવતત્ત્વનું છે. ગુરૂતત્ત્વ તથા ધર્મતત્ત્વ દેવતત્ત્વને અવલંબીને છે. દેવતત્ત્વથી ઉત્પન્ન થયેલાં તે બે તત્ત્વો છે અને તે તત્ત્વોનો આધાર પણ દેવતત્ત્વ ઉપર જ છે. ગુરૂઓની પરંપરા ચાલી તેની પણ શરૂઆત તો દેવતત્ત્વથી થઈ છે. દુનિયામાં સ્વાભાવિક રીતે જેટલી પ્રવૃત્તિ ચાલી રહી છે તેમાં ધર્મનું નામ આવવાનું નહિં, શરીરની ઈંદ્રિયો આપોઆપ ખીલે છે. ઈંદ્રિયોના વિષયો પ્રત્યે દીલ પોતાની મેળે દોરાય છે. વિકારો વણનોતર્યા આવીને વળગી જાય છે. અનુકુલ વિષયોથી મન પ્રસન્ન થાય છે, પ્રતિકૂલ વિષયોથી મન નાખુશ થાય છે. આ પ્રસન્નતા તથા નાખુશીનું શિક્ષણ આપવું પડતું નથી. ગળી ચીજ તરત ગળી (ખાઈ) જવી, કડવી ચીજ થુ ! થુ ! કરી થુંકી નાખવી એ નાનાં બચ્ચાંને પણ ખબર છે અને તેમ કહે પણ છે. તે તેને કોણે શીખવ્યું ? રમત ગમતમાં મોજ માનવી, ન ફાવે ત્યાં રોવું એ બધું બાલકને આપોઆપ આવડે છે. માબાપ તથા શિક્ષક તો આંક, કક્કો વગેરે શીખવે છે, પણ એને ખોરાક પાણીની ઈચ્છા, ખુશ થયે હસવું, નાખુશીમાં રડવું, આ બધું ક્યાંથી આવ્યું ? કર્મના ઉદયના કારણે આ બધી પ્રવૃત્તિ થાય છે અને તે સ્વાભાવિક છે. તેમાં શીખવવાની જરૂર નથી. આહારપાણીની, શરીરની જરૂરિયાતની, તથા ઈંદ્રિયોની પ્રવૃત્તિ આપોઆપ થાય છે, પણ તે રીતે ધર્મની પ્રવૃત્તિ થતી નથી. જો ધર્મની પ્રવૃત્તિ પણ તેમ થતી હોત તો આર્ય તથા અનાર્ય, પુણ્યવાન્ તથા પાપી, ધર્મી તથા અધર્મી, એવા ભેદ પડત નહિ. સાહજિક હોય છે તેમાં વિભાગ કરવા પડતા નથી ભેદ પાડી અલગ અલગ ઓળખાવવાની જરૂર પણ પડતી નથી. પરંતુ પ્રયત્નથી પ્રવૃત્તિ થાય ત્યાં ભેદ પડી શકે છે. જેણે સંયોગોનો લાભ લઈ, મહેનત કરીને સારી રીતે અભ્યાસ કર્યો તે વિદ્વાન થયો, તેમ ન કરનારો મૂર્ખ રહ્યો. જે વસ્તુ માટે બહારના પદાર્થની જરૂરિયાત છે તેમાં વિભાગ પડે છે. જેમ જ્ઞાન એ આત્માનો ગુણ છે છતાં બહારના સંયોગો અનુકૂલ હોય તો જ તે પ્રગટ કરી શકાય છે. જ્ઞાન જરૂર વસ્તુ આત્મીય છે. જ્યાં જ્ઞાન હોય ત્યાં જ વિદ્વત્તા આવે જડમાં આવતી નથી. વળી જેમાં સ્વાભાવિક યોગ્યતા હોય તેમાં જ તે વસ્તુની ઉત્પત્તિ થાય છે. અનાજ વાવીએ તો તેમાંથી અંકુરા થાય, પણ કાંકરાઓ વાવીએ તો તેનામાં ઉગવાની તાકાત નથી. તલ પીલીએ તો તેલ જરૂર નીકળે, પણ રેતી પીલીએ તો ? કહો કે ઊલટી ઘાણી બગડે ! વસ્ત્ર, લાકડું, છાણું,કોલસા, ઘાસ વગેરે સળગે, પણ પત્થરો સળગતા નથી. કેમકે એનો સ્વભાવ સળગવાનો નથી. લોઢું, પત્થર, ઈંટ, માટી આ પદાર્થોમાં સળગવાનો સ્વભાવ જ નથી તો સળગશે

શી રીતે ? બહારના કારણોથી જ્ઞાનમાં વધારો થતો દેખાય છે તેટલા માત્રથી જ્ઞાન બહારથી આવે છે તેમ માનવું નહિં. જ્ઞાન આત્માનો સ્વભાવ છે. સળગવાનું થવાનું અગ્નિથી છે. ઝાંખા દીવાથી ચોખ્ખી દીવેટનો દીવો કરીએ તો પણ ઝગમગ થાય છે. દીવો નવો થયો એટલે શું પેલા દીવાનું તેજ તેમાં ગયું ? ના, દીવો નવો થયો. પ્રગટ કરવાનું કામ સંયોગનું હતું. પેલા દીવાનું તેજ તેમાં આવી ગયું નથીઃ જો તેમ હોત તો ઝાંખા દીવાથી ઝગઝગતો દીવો થાત નહિં. એક દીવાથી સો દીવા કરી શકો છો. આ દીવાની જ્યોત બીજામાં જતી હોત તો એકમાંથી સો દીવા પ્રગટ થઈ શકત નહિં. એક દીવાથી સેંકડો દીવા કરો તો પણ મૂલ દીવો ખલાસ થતો નથી, કેમકે નવા દીવાથી જુના દીવાની જ્યોત હરાતી નથી. એક દીવાથી લાખો દીવા કરો પણ મૂલ દીવાની જ્યોતિ ખુટતી નથી. નવા દીવાઓ થવામાં કારણ તો માત્ર સંયોગ છે.

## તમામ વ્યવહારમાં આકારની આધીનતા સ્વીકારનારા મૂર્ત્તિનો વિરોધ શી રીતે કરી શકે?

સંયોગથી કાર્ય માનનારા છતા પણ મૂર્તિને નહિ માનનારા કેટલાક જૈનો તરીકે ગણાતા ભાઈઓ દૃષ્ટાંતો આપીને આ મુજબ કહે છે કેઃ- "પત્થરનો ઘોડો ચારો ચરે ખરો ? પત્થરની ગાય દૂધ દે ખરી ? પત્થરનો ઘોડો તથા ઉંટ કે બળદ મુસાફરીમાં કામ લાગે ? હરગીજ નહિં ! પત્થરનો વાઘ કરવાનો શું ? બેઠો જ રહેવાનો ! તેના ઉપર ચઢીને બેસો, ચાબુકથી ફટકારો તોયે નહિ હાલે કે નહિ ચાલે ! તો પછી ભગવાનની પત્થરની મૂર્તિથી વળવાનું શું ?"

હવે આવું કહેનારાને પૂછો કે પત્થરના ઘોડા, ગાય, ઉંટ, બળદ, વાઘને પત્થર નહિ કહેતાં તમે તેને ઘોડા, ગાય, ઉંટ, બળદ, વાઘ કેમ કહ્યા ? તે તે આકારને તે તે રૂપે અર્થાત્, માન્યા તો ખરાને! પત્થરના એક આકારને ઘોડો, એક આકારને ગાય, એમ જાુદું જાદું શાથી કહો છો ? બધામાં છે તો પત્થર જ ! જેવો જેનો આકાર તે જ રૂપે તમારે પણ બોલવું પડે છે. આ શાસ્ત્રમાં, આ પુસ્તકમાં છે તો કાગળ તથા શાહી જ. છતાં આમાં ભગવાનની વાણીની કેમ સ્થાપના કરો છો ? અને જો આમાં ભગવાનની વાણીની સ્થાપના કરી શકો છો તો તો ભગવાનની સ્થાપના પ્રતિમાજીમાં-મૂર્તિમાં છે, કરાય તેમાં શું વાંધો આવે છે ? અક્ષરો પણ છે તો આકાર કે બીજું કાંઈ ? ભગવાનની વાણીને જાણવા માટે કરેલા સંકેતને, જો વાણી કહેતાં અડચણ આવતી નથી, તો ભગવાનના પોતાના આકારને ભગવાન કહેવામાં અડચણી શી નડે છે? જે અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની તથા કેવલજ્ઞાની છે એમને આ પુસ્તક શા કામના ? સામાન્ય આત્માઓને પુસ્તકોની પરમ આવશ્યકતા છે. જ્યાં સુધી આત્મા ન સુધર્યો હોય ત્યાં સુધી શ્રીતીર્થંકરદેવની મૂર્તિના આલંબનની જરૂર છે. ભગવાનને યાદ કરવા માટે ભગવાનના આકારની જરૂર નથી જણાતી ? શીખેલું ભૂલી જઈએ છીએ. જ્ઞાન આવી આવીને ખસી જાય છે. શબ્દની પરીક્ષા ખરી નથી. વર્ત્તનની પરીક્ષા છે. શબ્દની પરીક્ષામાં પાસ થવું સહેલું છે, પણ વર્ત્તનમાં પાસ થવું ઘણું

જ અધરૂં છે. ક્રોડ પૂરવનું સંયમ બે ઘડીથી ઓછા સમયના કષાયથી બળી જાય છે. એ વાત કોના ખ્યાલ બહાર છે? ક્રોધની સજ્ઝાય કોને નથી આવડતી ? ક્રોધે ક્રોડ પૂરવતણું, સંજમ ફલ જાય' કડવાં ફલ છે ક્રોધનાં!' આ પદો કોને યાદ નથી, મરગીનો, હીસ્ટીરીયાનો કે ચકરીનો જેને વ્યાધિ હોય તે, તે દરદ પહેલાં ગમે તેટલો વિદ્વાન્ હોય, પ્રોફેસર હોય, પણ તે દર્દ વખતે તો બેહોશ જ થાય છે. તે દરદ વખતે વિદ્વાન્ તથા મૂર્ખ બંને સરખા છે, દર્દ મટી જાય ત્યારે પાછો ડાહ્યો ડાહી ડાહી વાતો કરે, તે પણ ક્યાં સુધી ? ફરીને ચકરી, હીસ્ટીરીયા કે મરગી ન આવે ત્યાં સુધી જ ! તેમ આ આત્માએ ગમે તેટલું ગોખ્યું હોય, અરે! બીજાને સેંકડો વખત શીખવ્યું હોય, આ બધું ભણતર ક્યાં સુધી ? ક્રોધ ન આવે ત્યાં સુધી ? ક્રોધનો પ્રસંગ નથી આવ્યો ત્યાં સુધી જ બધી ડહાપણની વાતો થાય છે. પણ ક્રોધનું જરા કારણ મળતાં ભણતર બધુંએ ભૂલી જવાય છે. જો કે પ્રતિમાની દર્શનીયતા કેટલાકો માને છે છતાં આરાધ્યતા નથી માનતા તેને માટે સમજવું જરૂરી છે. ધ્યાનમાં રાખવું કે ભણેલું સંભાળવું તથા સંભળાવવું સહેલું છે, પણ તેના માટે ધોળા ઉપર કાળા આકારની જરૂર છે તો વીતરાગના આકારરૂપી જ્ઞાન મેળવવાનું સાધન (મૂર્તિ) કેમ ખસેડી દેવાય ? ભણવામાં તથા વર્ત્તનમાં ફરક છે. પણ ભણવામાં પાસ ન થયો હોય ત્યાં સુધી ભણવાની ચોપડી ફેંકી દઈ શકતો નથી. તેમ આ આત્મા વીતરાગપણાની પરીક્ષામાં પાસ ન થાય ત્યાં સુધી તેને વીતરાગપણાનો ખ્યાલ લાવવા માટે મૂર્તિની જરૂર છે જ ! જે વિદ્યાર્થીઓને ભણવાની ગરજ ન હોય અગર માટે બાપોને ભણાવવાની ગરજ ન હોય તેઓ ચોપડી કે પાટી હાથમાં ન લેવાનું, ફેંકી દેવાનું કે નિશાળના માર્ગે ન જવાનું કહે, તે જ રીતે જેમને આત્માની પરીક્ષામાં પાસ થવાની ઈચ્છા નથી તેઓ, મૂર્તિનો વિરોધ કરે છે. શ્રીવીતરાગદેવના પ્રતિબિંબથી વિરૂદ્ધ કોને વર્તવું પડે ? જેમને વીતરાગપણું મેળવવાની ભાવના ન હોય તેમને તેમ વર્તવું પડે એ ખુલ્લું છે. મૂર્તિ જોઈ હશે તો આર્દ્રકુમારની માફક ભવાંતરમાં પણ બોધ થશે. 'नमो अरिहंताणं' આખી જિંદગી ગણ્યું હોય તો પણ, ગણેલું તે ભવાંતરમાં દેખાતું નથી.

### ભગવાનની મૂર્તિ એ પરમ આલંબન છે.

દાન પ્રથમ શ્રેયાંસકુમારે શરૂ કર્યું. તેમની પહેલાં દાન દેવામાં કે લેવામાં કોઈ કાંઈ સમજ્યું નહોતું. સુપાત્રદાન પ્રથમ પ્રવર્તાવનાર શ્રેયાંસકુમાર છે. તેમણે પ્રથમ શી રીતે પ્રવર્તાવ્યું ? ભગવાનનો આકાર જોઈને, વેષ જોઈને - 'આવું રૂપ મેં જોયું છે'એ વિચારથી જાતિસ્મરણ જ્ઞાન થયું અને દાનધર્મ સૂઝ્યો. જેઓ આકારને નહિ માને તેમનાથી શ્રેયાંસનું દાન તથા જાતિસ્મરણજ્ઞાન શી રીતે મનાશે ? સાક્ષાત્ શ્રીતીર્થંકરદેવને જોઈશું તો તેમને તીર્થંકર તરીકે શી રીતે ઓળખવાના ? જો વારંવાર તેમનો આકાર જોયો હશે તો ને ! મૂર્તિના આકારનો મત્સ્ય જોઈને કેટલાએ સ્વયંભૂરમણસમુદ્રના માછલાને જાતિ સ્મરણજ્ઞાન થાય છે.

(અનુસંધાન પેજ - ૩૦૫)          (અપૂર્ણ)

(અનુસંધાન પાના ૨૯૬નું ચાલુ)

બીજી તિથિને જ ઔદયિકી તરીકે ગણે છે. એટલે પહેલી તિથિનો ઉદય જ હિસાબમાં ન લેવાથી તેને અમાવાસ્યા-પૂર્ણિમાદિકપણે કહી શકાય નહિ એવું સ્પષ્ટ છે, અને તેમ હોવાથી શાસ્ત્ર અને પરંપરાને અનુસરનાઓ અને રામટોળી પણ ૧૯૯૧ સુધી એક સરખી રીતે બીજ વગેરે પર્વતિથિની ટીપ્પણામાં આવતી વૃદ્ધિએ એકમ આદિ અપર્વતિથિની જ વૃદ્ધિ માનતા આવ્યા છે, (માસની વૃદ્ધિ સંક્રાંતિના અભાવને લીધે હોય છે અને તિથિની વૃદ્ધિ તો બેવડા સૂર્યને લીધે હોય છે, માટે વધેલા માસને, પહેલા માસનું નામ ન અપાય, પરંતુ સૂર્યોદયને અંગે તિથિ હોવાથી સૂર્યોદય ન માનવામાં આવે ત્યારે પહેલી તિથિ બીજ આદિ નામને ન ધારણ કરે એટલું સમજવું પણ રામટોળીને ન સૂઝયું ! ! ખરતરો પહેલી જ તિથિને પર્વતિથિ માને છે, તેને સમજાવવામાં પણ જ્યારે તે પહેલી પર્વતિથિનો ટીપ્પણામાં જણાવેલ સૂર્યોદય તે તરીકે ન મનાયો ત્યારે જ તે તિથિ તે પર્વનીજ અપેક્ષાએ નપુંસક માસ જેવી ગણાઈ. સૂર્યોદય જો બંને તિથિએ છે એમ માનીએ તો પહેલી સંક્રાંતિ રહિત માસની માફક નપુંસક બને જ નહિં.)

૮ ખોટી અને અસભ્ય રીતે વીરશાસન વિગેરેમાં વર્ષોથી લખાણો આવ્યાં છે, એટલે સજ્જનપુરુષ સહેજે પણ સમજી શકશે કે લિખિત પૂર્વકની મૌખિકચર્ચામાંથી ખસી જઈને આ રામટોળી કાગળ કાળા કરીને પોતાના અંધશ્રદ્ધાળુને ફસાવી રાખવા જ માગે છે, કેમકે લિખિત પૂર્વકની મૌખિકચર્ચાથી તો પોતાનો પક્ષ શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ છે એમ સહેજે જ સાબીત થાય તેવો છે એમ એઓ સારી રીતે સમજી જ ગયા છે, નહિતર જંબૂવિજયજી વિગેરેને નિરૂત્તર થઈ ભાગી જવું કે બેસી જવું પડત નહિં.

૯ 'ભાષાપ્રપંચી' દુરાગ્રહી, ગાળો કાઢનાર, ગુંડાગિરી કરનારા, શેતાન છતાં શાહના લેબાશમાં ફરતા, વેષના ઓઠે કારમા કૂકર્મો આચરનાર, ટોળી, ઉન્માર્ગે જનાર, આવી આ એકમાં અને પ્હેલાંના ઘણાય અંકોમાં ગાળો લખનારને કથીરશાસન ન કહેવું તો પછી શું કહેવું ? તે વાંચકો સ્વયં સમજશે !

(વીર ... ! શાસન)

૫ એપ્રિલ ૪૦

(અનુસંધાન ટાઈટલ ૪થાનું ચાલુ)

દઈને પૂનમ અમાવાસ્યાની તિથિને ન માનનારો પક્ષ પર્વતિથિનો ઉચ્છેદક અગર પર્વતિથિનો લોપક બને છે એમ કહેવું જુઠું છે એમ તો વિવેક ચક્ષુવાળો તો કહી શકે જ નહિં (રામટોળી બીજ પાંચમ વગેરેના ટીપ્પણામાં ક્ષય હોય ત્યારે આરાધનાના ટીપ્પણામાં પણ બીજ વિગરેનો ક્ષય લખીને પર્વતિથિનો લોપક બને જ છે, અને શાસ્ત્ર અને પરંપરાનુસારિ વર્ગ તો શ્રીતત્ત્વતરંગિણીના ટીપ્પણામાં ચૌદશનો ક્ષય હોય ત્યારે તેરસનું નામ પણ લેવું નહિ અને ચૌદશ જ છે એમ કહેવાય એવા વચનને અનુસરીને ટીપ્પણામાં ચૌદશ વિગેરેનો ક્ષય હોય તે વખતે તેરસ વિગેરેનો ક્ષય જ માને છે.

૫ રામટોળી પોતાની 'શુદ્ધપરંપરા' છે એમ જણાવે છે, પરંતુ એના પૂર્વજોએ અને શાસ્ત્રકારોએ તો ટીપ્પણામાં પર્વતિથિના ક્ષયે તેની પહેલાની અપર્વતિથિનો જ ક્ષય કરેલો છે, એટલું જ નહિ, પરંતુ એ ટોળીએ પણ સં. ૧૯૯૧ સુધી તેમ કર્યું છે, તો જ્યાં 'પરંપરા' શબ્દ લાગુ પડે એવો નથી ત્યાં 'શુદ્ધ પરંપરા' શબ્દ ગોઠવવો એ તો જૈનશાસનને માટે 'રામરામ' કરવા ઉભી થયેલી ટોળીને જ ઘટે.

૬ આચાર્ય મહારાજ શ્રીઆણંદવિમલસૂરીશ્વરજી, આ. વિજયહીરસૂરીશ્વરજી અને આ. વિજયદેવસૂરીશ્વરજી વિગેરેનાં સ્પષ્ટ વચનો છે કે પૂનમ અમાવાસ્યા લૌકિક ટીપ્પણામાં બે હોય ત્યારે આરાધકોએ બે તેરસો જ કરવી જોઈએ, અને એજ પ્રમાણે શાસનાનુસારિઓએ વર્તાવ રાખ્યો હતો, એટલું જ નહિ, પરંતુ વિક્રમ સં. ૧૯૯૧ સુધી તો રામટોળીયે પણ એ જ વર્તાવ રાખ્યો હતો, અને એ પ્રમાણે બે તેરસો પણ કરી હતી. (આ વસ્તુ સમજનાર સ્પષ્ટપણે સમજી શકશે કે પૂનમ અમાવાસ્યાની વૃદ્ધિએ બે તેરસો કરવી એ કોઈએ હમણાં નવું ઉત્પન્ન કર્યું નથી, એથી રામટોળી બીજાને માટે જે 'ટોળી' કે 'ટોળાં' એવા શબ્દો વાપરે છે, તે અજ્ઞાનતા અને અશ્રદ્ધાની પરાકાષ્ટા જ છે.

૭ લૌકિકટીપ્પણામાં બે વારની અંદર એક તિથિનો સૂર્યોદય થાય ત્યારે તિથિની વૃદ્ધિ થાય છે, છતાં શ્રીહીરસૂરિજી મહારાજ વિગેરે બીજા વારના સૂર્યોદયને જ સત્ય માનીને જ

(જુઓ અનુંસાધાન પાનું ૨૯૫)

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-

સ્પર્શી વાચનનો ગ્રંથ

તે જ આ શ્રીસિદ્ધચક્ર

(પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ

પુસ્તકાલય

ગોપીપુરા,

સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# કથીરશાસનના કમળાનું કારમાપણું

૧ લિખિતચર્ચાનો પણ સ્વીકાર શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓ તરફથી થયો જ હતો, માત્ર શાસ્ત્ર અને પરંપરાને નહિં માનનારો પક્ષ શાસ્ત્રથી વિરૂદ્ધ અને જુઠું લખે તેની તુલના માટેજ કમિટી દ્વારાએ લિખિત કરવાનું તે વખતે પણ સૂચવાયું હતું.

૨ કોઈ પણ ચર્ચાનો નિર્ણય મૌખિક સિવાય થાય જ નહિં એ વાત શાસ્ત્ર અને વ્યવહાર બન્નેથી સિદ્ધ જ છે, કેમકે જવાબદારી અને જોખમદારીનું ભાન રૂબરૂની ચર્ચામાં રાખવું જ પડે છે, અને તેથી પ્રાચીનકાલે અને વર્તમાનમાં પણ રાજકુલ અને સભાદ્વારાએ જ સત્ય નિર્ણય થયો અને થાય જ છે. (મૌખિક ચર્ચા વખતે પૂર્વપક્ષ અને ઉત્તરપક્ષ લખવાની રીતિ છે, અને તે પ્રમાણે મૌખિક ચર્ચા લેખિતરૂપે થઈ શકે છે, એ શાસન પક્ષ તરફથી જણાવાયેલું પણ છે.)

૩ કાગળ કાળા કરનારના તથા દુનિયાને પોતાના જુઠ્ઠા પક્ષમાં ફસાવી રાખનારાઓને મૌખિક ચર્ચા કરવાનું ચાર વર્ષ પહેલાં પણ ગમ્યું ન હતું તે જગજાહેર છે, હમણાં પણ લેખિત કરવા પૂર્વક મૌખિક ચર્ચાનું શાસનપક્ષનું આહ્વાન શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવનાર પક્ષના આચાર્ય અને ઉપાધ્યાયોએ સ્વીકાર્યું નથી એ દીવા જેવું છે. અને એક ઉપાધ્યાય (જંબુ.) તો ચર્ચાનો ડોળ કરી શ્રીતત્ત્વતરંગિણીના પોતે કરેલા અનુવાદનું અને પર્વતિથિની વૃદ્ધિ હાનિ આરાધનામાં માનવાનું કરે છે તેનું સ્પષ્ટ જુઠ્ઠાણું સાબીત થવાનો વખત લેખિત પૂર્વક મૌખિક ચર્ચાથી આવવાનો ડર લાગવાથી શિહોર તરફ પ્રયાણ કરી ગયા છે એ પણ ચોખ્ખું જ છે.

૪ તેરસ ચૌદશ અને પૂનમ કે અમાવાસ્યા એ ત્રણ તિથિની વચ્ચે તેરસ અને પૂનમ કે અમાવાસ્યાનો ટીપ્પણામાં સૂર્યોદય હોય એટલે ટીપ્પણામાં ચૌદશનો ક્ષય હોય ત્યારે આરાધનામાં પણ તેરસ જ તિથિ છે ચૌદશ નથી, એમ માનનારો વર્ગ ચૌદશ રૂપી પર્વતિથિના ક્ષયને માનનારો ગણાય, તથા તેરસ અને ચૌદશના સૂર્યોદયને લીધે અમાવાસ્યા કે પૂનમની તિથિને ટીપ્પણામાં સૂર્યોદયવાળી ન હોવાથી ચૌદશમાં ભેળવી

(જુઓ અનુસંધાન પાનું ૨૯૬)

Page No. B 3047

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित,-
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम् ॥१॥


વર્ષ : ૮ અંક : ૧૫-૧૬

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦ } તા. ૫-૬-૪૦ બુધવાર કિંમત ૩ આના

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮] વૈશાખ સુદી પૂર્ણિમાં, વૈશાખ વદી અમાવાસ્યા, મુંબઈ, [અંક-૧૫-૧૬

તંત્રી
પાનાચંદ રૂપચંદ
ઝવેરી

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો ......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

## રામ-શ્રીકાન્તને લખાયેલો પત્ર

જૈનજનતામાં એ વાત તો સ્પષ્ટ સાબીત થઈ ચૂકેલી છે કે શાસ્ત્ર અને પરંપરાને અનુસરીને ચાલનારો વર્ગ લૌકિકટીપ્પણામાં જ્યારે પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કરે છે, પરંતુ હાલ થોડા વર્ષથી રામટોળીવાળાઓ આરાધનાને અંગે પણ લૌકિકટીપ્પણા પ્રમાણે જ પર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ કરવા માંડ્યા છે. આ ચર્ચાનો નિર્ણય કરાવનાર છેડો આવે તેટલા માટે લિખિતપૂર્વક મૌખિક ચર્ચા કરવાને નિર્ણય થયેલો હતો, પરંતુ તેમાં શાસ્ત્ર અને પરંપરાને અનુસરવાવાળાઓનો મોટો વર્ગ કેઈ સ્થાનો સુધી વિહાર કરીને આવ્યો, છતાં રામટોળીમાંથી કોઈએ કોઈપણ સ્થાનેથી ખસવા સરખું પણ કર્યું નહિં. એટલે તે વખતે તે નિર્ણય થવો અટકી પડ્યો. આટલું બન્યા છતાં રામટોળીએ 'મીયાં પડ્યા પણ ટંગડી ઉંચી'ની માફક છાપાઓમાં જુટ્ઠાં અજુગતાં અને શાસ્ત્રવિરૂદ્ધ લખાણો કર્યા અને અનેક ચોપડીઓ બહાર પાડી. જો કે તે સર્વના રદીયાઓ આ (શ્રીસિદ્ધચક્ર) વિગેરે દ્વારાએ આપવામાં આવેલા હતા અને તે રામટોળીનાં જાણી જોઈને શાસ્ત્રવિરૂદ્ધ લખેલાં જુટ્ઠાણાં પુરવાર કરી આપવાને અનેક વખતે જણાવવામાં આવ્યું હતું, છતાં રામટોળીમાંથી કોઈપણ એવો મનુષ્ય ન નીકળ્યો કે જે તેમના પર્વલોપકપણાને સાબીત કરે અને શાસન તથા પરંપરાને અનુસરવાળા પક્ષને ઉત્તર દે.

રામટોળીમાં મુખ્યત્વે તેમના ઉપા૦ જંબુવિ૦એ તત્ત્વતરંગિણીનું જે ભાષાંતર કર્યું હતું અને ડભોઈથી પોતે બહાર પડાવ્યું હતું, તેમાં જાણી જોઈને શાસ્ત્રવિરૂદ્ધ અને કદાગ્રહપૂર્વકનું જૂઠ્ઠાણું ખીચોખીચ ભરેલું હતું, તેથી શ્રીસિદ્ધક્ષેત્ર પાલીતાણામાં જ્યારે તેમનું રહેવું થયું ત્યારે શાસનપક્ષ તરફથી તેમને જણાવવામાં આવ્યું કે તત્ત્વતરંગિણીના અનુવાદમાં તમોએ જાણી જોઈને જે શાસ્ત્રવિરૂદ્ધ અનેક જુઠ્ઠાણાં લખેલાં છે તેને સાબીત કરવા હું તમારી પાસે આવું માટે ટાઈમ આપો. આમ લખ્યા છતાં જંબુવિ૦ એ વખત ન આપ્યો, પછી બીજો કાગળ તે જ બાબતનો લખવામાં આવ્યો, છતાં પણ વખત ન આપતાં તેઓ પાલીતાણાથી વિહાર કરી ગારીયાધાર મુકામે જતા રહ્યા, બીજી વખત જ્યારે પાલીતાણે આવ્યા ત્યારે પણ શાસન પક્ષવાળા તેમની પાસે ગયા અને તત્ત્વતરંગિણીના અનુવાદનું જુઠાણું સાબીત કરવા જણાવ્યું, પરંતુ તેમણે તે વાત કબુલ કરી જ નહિં, પરંતુ જ્યારે શેઠ મોતીસુખીયાની ધર્મશાળામાં જાહેરસભા ભરીને શાસનપક્ષે ટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ કરાય છે એવું સાબીત કરવા થાળી પીટાવી દરેક ધર્મશાળાએ ટેલ પડાવી ત્યારે પણ શાસનપક્ષવાળાએ તેમને (જંબુવિ૦)તે સભામાં પધારવા વિનંતિ કરી છતાં તેઓ સભામાં આવી શકયા નહિં, પછી સભામાંથી પણ અનેક વખત અનેક સાધુઓને બોલાવવા માટે મોકલવામાં આવ્યા છતાં પણ તેઓ આવ્યા નહિં અને સભામાં અનેક પ્રમાણોથી ચતુર્વિધસંઘ સમક્ષ સાબીત કરવામાં આવ્યું કે લૌકિકટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ જે શાસન અને પરંપરાને અનુસરવાવાળો વર્ગ કરે છે તે સર્વથા સત્ય જ છે. આવી રીતે રામટોળીની પીછેહઠ થયા પછી કેટલીક મુદતે તેમણે (જંબુવિ૦) એક પત્ર ચર્ચાની તૈયારીનો દેખાવ કરવા મોકલ્યો. તેનો શાસનપક્ષ તરફથી ચોખ્ખો સ્વીકાર કરવામાં આવ્યો અને રામટોળીનો પક્ષ જે કહે તે મધ્યસ્થો આગળ અને તે કહે તે સ્થાને શાસ્ત્ર અને પંરપરાને અનુસરનાર પક્ષની સત્યતા સાબીત કરવાનું જણાવવામાં આવ્યું. યાવત્ તેના ઉત્તરનો પ્રત્યુત્તર તેમની (જંબુવિ૦) પાસે ગયો, પછી તેનો ન તો તેમણે જવાબ આપ્યો. અને ન તો ચર્ચાની ગોઠવણ કરી, પરંતુ એકાએક પાલીતાણાથી બીજે જ દિવસે વિહાર કરી ગયા. આ બધી બનેલી હકીકતથી રામટોળીને સ્થાને સ્થાને ઉત્તર દેવાની મુશ્કેલી થઈ પડી અને બોલવાની જગ્યા પણ રહી નહિં. એટલે રામટોળીએ લોકોની દૃષ્ટિ ફેરવવા માટે ભગવાન્ મહાવીર મહારાજના જન્મકલ્યાણકના બહાના નીચે "ભગવાન્ શ્રીમહાવીર દેવ" નામની ચોપડી કાઢી અને તે ચોપડીમાં શાસનપક્ષની વિરૂદ્ધ અનેક પ્રકારે લખવામાં આવ્યું, 'તેથી શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણાથી નીચે પ્રમાણે તારો કરવામાં આવ્યા.

"શ્રીકાન્ત

C/o. વીરશાસન કાર્યાલય રતનપોળ, અમદાવાદ

ભગવાન્ શ્રી મહાવીરદેવમાં જાહેર કરેલી ૧૧ નોંધોની ભૂલો સુધારવાનું રામવિજયજીનું પ્રતિનિધિપણું મેળવી આવો."　આનંદસાગર

પાલીતાણા તા. ૧૯-૪-૪૦

"રામચંદ્રસૂરીજી

જૈન ઉપાશ્રય ગદગ ધારવાડ

ભગવાન્ શ્રી મહાવીરદેવમાં જાહેર કરેલી ૧૧ નોંધો સુધારવાના પ્રતિનિધિપણા સાથે શ્રીકાન્તને મોકલો. અહીંથી સુધરવાની ખાતરી રાખવી."

આનંદસાગર

પાલીતાણા તા. ૧૯-૪-૪૦

o　o　o　o

ઉપર પ્રમાણે તારો કરવામાં આવ્યા છતાં રામટોળીના આગેવાને પ્રતિનિધિને મોકલ્યો પણ નહિં તેમ અમદાવાદથી પ્રતિનિધિ આવ્યો પણ નહિં. આ તારના પ્રસંગમાં રામટોળીએ પોતાની આદત મુજબ લિખિતપૂર્વકની મૌખિક ચર્ચાથી છટકી જવા માટે પોતાના કથીર૦ના નોકર શ્રીકાન્તદ્વારાએ નીચે પ્રમાણે કાગળ મોકલ્યો.

o　o　o　o

ઠે. શ્રી વીરશાસન કાર્યાલય,

રતનપોળ, અમદાવાદ.

તા. ૨૦-૪-૪૦ શનિ.

સાગરાનંદસૂરી, પાલીતાણા.

આપનો તા. ૧૯ -૪- ૪૦નો તાર સાંજના છ વાગે મળ્યો. પૂ. પરમ શાસન પ્રભાવક, આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત કરીને પાલીતાણા આવવા માટે આપે મને જણાવ્યું, એથી આપની પ્રકૃતિ વિષેની મારી માન્યતાને વધુ દૃઢ બનાવનારૂં કારણ જ આપે પૂરું પાડ્યું છે. તેઓશ્રીના જેવા સત્યપુણ્યવાન પુરૂષોના પ્રતિનિધિત્વને પ્રાપ્ત કરવાની કલ્પના કરવી. એય જ્યાં મારા જેવા અદના આદમીને માટે અતિશય તુચ્છતા ગણાય, ત્યાં વળી તેવી માંગણી તો હું કેમજ કરી શકું ? એવો અધમ માર્ગ સૂચવવામાં આપે મારા કે આપના આત્મિક કલ્યાણનો યથાયોગ્ય વિચાર કર્યો નથી. એ આશ્ચર્ય તો નહિં, પણ ખેદનો વિષય જરૂર છે. 'ભગવાન્ શ્રી મહાવીર દેવ' નામની આપને રજીસ્ટર્ડ બુ૦ પો૦ દ્વારા મોકલેલી પુસ્તિકા મારી લખેલી છે, તેમાંનું મારૂં નિવેદન પણ સ્પષ્ટ છે, આપનાં જે જે લખાણોને મેં મજકુર પુસ્તિકામાં ઉત્સૂત્ર પ્રરૂપણા આદિ તરીકે જાહેર કરેલા છે તે સર્વને જો આપ હજુ પણ શાસ્ત્ર પ્રમાણોથી સાચાં માનતા હો, તો આપ આપનાં તે સર્વ લખાણોને તેમ સાબીત કરનારા શાસ્ત્ર પ્રમાણો અર્થો આદિ વિગતોની સાથે લખી મોકલવા કૃપા કરો. આ માંગણી મારા નિવેદન મુજબની જ હોઈ, પ્રતિનિધિત્વ આદિ જેવી નિરર્થક વાતોમાં આ પ્રશ્નને નહિં અટવાતાં, મારી આ માંગણીનો આપ સ્વીકાર કરો એવી મારી આગ્રહભરી વિનંતિ છે.

o　o　o　o

શ્રીકાન્ત.

આ કાગળના જવાબમાં શાસનપક્ષ તરફથી નીચે પ્રમાણેનો કાગળ લખી તે રામ-શ્રીકાન્તને આવવા જણાવ્યું.

૦ ૦ ૦ ૦

પાલીતાણા તા. ૨૯-૪-૪૦

શ્રીકાન્ત.

c/oશ્રી વીરશાસન કાર્યાલય, રતનપોળ અમદાવાદ

વિરોધ કરનાર મુખ્યગદગવાળી વ્યક્તિ છે અને તમો તેમના હસ્તક નોકર છો, માટે પ્રતિનિધિત્વ જરૂરી જ. છતાં તે લેવામાં કે દેવામાં તમારું નાલાયકપણું તમે જણાવ્યું છે, તેથી શ્રદ્ધેયોને તો ઉપેક્ષ્ય જ છો. તમોએ શ્રધ્ધેયમાં પર્યવસાન જણાવેલું હતું. તમારા અને તેમના સન્માર્ગના લાભ માટે લખાય છે કે - અગ્યાર નોંધો સંબંધી રામવિજયજીનો વિરોધ જુઠો છે એમ હું સાબીત કરી આપીશ, માટે તમારે શ્રધ્ધેય પાસે સમજીને આવવું. હું પણ અહિં પૂજ્યશ્રીની છાયામાં ચર્ચા કરીશ. મારા પૂજ્યશ્રી તરફથી અનેક વખત તમારાં, રામવિજય અને જંબુવિ૰ નાં જુઠાણાં જાહેર થયાં છે અને તેનો ઉત્તર તમારા તરફથી નથી આવ્યો, પણ નિરર્થક લખાણો થયાં છે. માટે રૂબરૂમાં આવો. શંકા સમાધાન લખવા સાથે જ ચર્ચા થશે.

કાંતિલાલ ગૌતમદાસના

ઘટિત વાંચશો.

૦ ૦ ૦ ૦

આ કાગળ લખ્યાને આજે ઘણી લાંબી મુદત થઈ ગઈ છે, છતાં હજી તે રામ-શ્રીકાન્તે આવવાનું કર્યું નથી.

તા. ક. ઉપરની હકીકતથી જૈનજનતા સ્પષ્ટપણે સમજી શકશે કે આ રામટોળી પોતે અંદરથી સ્પષ્ટપણે સમજી ગઈ છે કે અમે શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવનારા છીએ અને શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારો વર્ગ સાચો છે, એટલે હવે કોઈપણ પ્રકારે ચર્ચામાં સમક્ષ થવું પાલવે તેમ નથી. માત્ર કાગળ, કાજળ કે કલમ એક્કે બોલવાનાં નથી માટે તે દ્વારાએ જ પોતાના જુટ્ઠા પક્ષને ધપાવી રાખવો એ જ ઠીક છે એમ ધાર્યું છે.

જૈનજનતા સારી રીતે જોઈ શકી છે કે આ તિથિચર્ચા ઉપાડનાર રામટોળીના આગેવાનો ધર્મના કેન્દ્ર એવા ગુજરાતથી મારવાડ જાય છે કે દક્ષિણ તરફ ભાગે છે, ત્યારે શાસનપક્ષ તો શાસ્ત્ર અને પરંપરાને અનુસરતો હોઈને સાચો હોવાથી તેમ ડરીને ભાગતો નથી પણ સામો આવે છે. માટે આત્મકલ્યાણની ઈચ્છાવાળાએ ટીપ્પણાની પર્વતિથિની ક્ષયવૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં તેનાથી પહેલાની અપર્વતિથિની ક્ષય વૃદ્ધિ કરી આરાધના કરવી એ જ અતિશ્રેયસ્કર છે.

# સમાલોચના

૧ પૂનમ અથવા અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય સકલશ્રીસંઘ હંમેશથી કરતો આવ્યો છે અને કરે છે, તો શું રામટોળાના મતે ઉદયની તેરસે અને શાસ્ત્રવાક્યથી માનેલી ચૌદશે પક્ખી કે ચૌમાસી કરીને આગળની ચૌદશે પૂનમ કે અમાવાસ્યા કરનાર શ્રીસંઘ મિથ્યાત્વી છે ?

૨ રામટોળાએ અને તેના પૂર્વજોએ પણ ૧૯૮૯ સુધી પૂનમ કે અમાવાસ્યાના ક્ષયે તેરસનો ક્ષય કરીને તેરસે પક્ખી કે ચૌમાસી કરીને આગળની ચૌદશે પક્ખી અને ચૌમાસી કરી ન હતી. તો તેથી પોતાને અને પોતાના પૂર્વજોને રામટોળીવાળા શું મિથ્યાત્વી થયા માને છે ?

૩ ૧૯૫૨માં જે માન્યતા હતી તે જ માન્યતા ૧૯૬૧ વગેરેની સાલમાં હતી એ વાત માટે શ્રીકપડવંજ વગેરેના સંઘ પાસેથી નથી જણાઈ ?

૪ સંમેલનમાં કઈ તારીખથી રામ તરફથી તિથિચર્ચાનું કહેવાયું કે જેને બીજાએ દાબી દીધી કહેવાય છે તે જણાવવું હતું. કથીરશાસનનો કારમો ફતવો આવો જ હોય.

૫ કલ્યાણવિજયજીએ તો જુઠા કલંક દેનાર અધમોની કોટીમાં પડી રહેવાનું પસંદ કર્યું હતું અને તેથી તે લખાણ ૧૯૫૨ પછીનું અહિંનું છે એમ પૂરવાર કરવા સંશોધકને મોકલ્યો ન હતો. એટલે રામ અને તેના પ્રતિનિધિની દશા જ કારમી છે.

૬ પાંચમ કે પૂનમ પર્વને લોપનાર ટોળું તો હમણાં જ રામટોળીને નામે બહાર આવ્યું છે. શાસ્ત્રીયપુરાવાની ચોપડીને વાંચનાર અને માનનાર તો માને જ છે કે પૂનમ-અમાવાસ્યાનો ક્ષય કે વૃદ્ધિ હોય ત્યારે તેરસનો ક્ષય અને વૃદ્ધિ થાય છે. તથા ભાદરવાસુદ પાંચમના ક્ષય કે વૃદ્ધિએ ચોખ્ખી રીતે ત્રીજની ક્ષય વૃદ્ધિ પણ તે પુરાવાઓમાં જણાવવામાં આવી છે. પરંતુ શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવવામાં ટેવાયેલા રામટોળાને તે સાચું માનવાનું ભાગ્ય ક્યાંથી હોય ?

૭ રામટોળીના આચાર્ય અને ઉપાધ્યાયો શ્રીપાલીતાણામાં તિથિચર્ચા કરવા બોલાવ્યા છતાં ન આવ્યા અને ઉ. એ તો ચર્ચા કરવાનો ડોળ કરી ગચ્છંતરી

કરી જઈ હાર ખાધી. તેનું ઝેર આવા કથીરશાસનના જુઠા અને ગંદા લેખોથી ન થાય, જે માતાની કુખમાં મનુષ્યપણે આવ્યો હોય તે રામટોળાનો આગેવાન સમક્ષ આવી તિથિચર્ચા કરી નિર્ણય કરે.

૮ પૂનમ કે અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય અને વૃદ્ધિ કરવાના શ્રીઆનંદવિમલસૂરીજીના વખતથી અત્યાર સુધીના પુરાવા પણ જાહેર થયા છે અને પરંપરા પણ જાહેર જ છે. માટે રામટોળી શાસ્ત્ર અને પરંપરાથી બહાર છે એ ચોખ્ખું જ છે.

૯ કલ્યાણવિજયજી જે યોગનું બહાનું કાઢી ચોટીલા નહોતા આવ્યા તે યોગ પયન્નાના હતા એ યોગ એ રહેવાનો હતા કે જેમાં ત્રણ દિવસ લાગટ રહેવાનો પણ નિયમ નહોતો, કમીટી પણ માત્ર ચર્ચાથી ખસવા માટે કલ્પિત ઉભી કરેલી હતી. તે નહોતી તો ઉભયપક્ષે નીમેલી અને નહોતી તો ગૃહસ્થોની અનુમતિવાળી છતાં તે કે રામ૦ એક્કેય તે કમિટી દ્વારાએ તો કહેવા છતાં લેખ મોકલી શકાયો નહિં.

૧૦ રામટોળીમાં તો કોઈ પણ મુંબઈ, પૂના કે અમદાવાદથી તિથિચર્ચા કરવા એક ગાઉ પણ ચાલ્યા નથી એ જેવું જાહેર છે, તેવું જ શાસ્ત્ર અને પરંપરાને માનનારા આચાર્ય આદિ તો અનેક ગાઉ સુધી તિથિચર્ચા કરવા માટે જ આવ્યા હતા એ પણ જાહેર જ છે. રામ અને કલ્યાણ. દક્ષિણ અને મારવાડ તરફ ચર્ચા કરી નિર્ણય કર્યા વિના પ્રયાણ કરી ગયા, તે જ આ રામટોળીની પોલંપોલ સ્થિતિ જણાવે છે.

૧૧ પૂનમ કે અમાવાસ્યાના ક્ષયે કે વૃદ્ધિએ તેરસનો ક્ષય કે વૃદ્ધિ થાય એ સાબીત કરવા શાસનપક્ષ હંમેશા તૈયાર જ છે, શ્રીરામ૦ કે શ્રીકલ્યાણ૦ કોઈએ વખત કાઢવો નહિં.

૧૨ પ્રશ્નોને માટે ઉત્તરનો પજુષણને અંગે કહેલા નિષેધને પણ જેઓ ન વાંચે તેઓ પ્રત્યક્ષ અક્ષરના ચોર જ ગણાય.

૧૩ શ્રીક્ષમા૦ શ્રીજંબુ૦ શ્રીકનક૦ અને શ્રીમનોહરની માફક શ્રીરામ૦ શ્રી કલ્યાણ પ્રસંગ આવે પોક ન મ્હેલે તો બસ છે.

૧૪ શ્રીકલ્યાણ૦ અને શ્રીજંબુ૦ ની ચોપડીઓનાં અનેક જુઠાણાં પેપરદ્વારા

જણાવ્યા છતાં તેનું સમાધાન કર્યું નથી અને સાબીત કરવા માટે અનેક વખત સૂચના કરવા છતાં પ્રતિનિધિ મોકલ્યો પણ નથી (આવી સ્થિતિ છતાં જે પેપરો ગંદા લખાણો કરે તે કથીરશાસન જ કહેવાય)

(વીર ! તા. ૧૭ મે.)

૧ આરાધના માટે કાઢવામાં આવતાં બીજા બધાં પંચાંગોમાં પર્વતિથિના ક્ષયની વખત પૂર્વની અપર્વતિથિ લખાતી હતી અને લખાય છે. ફક્ત રામટોળીનાં પંચાંગોમાં અને તે પણ હમણાં બે પાંચ વર્ષથી આરાધનાના પંચાંગોમાં પણ પર્વતિથિનો ક્ષય અને વૃદ્ધિ જણાવાય છે, એટલે તેની પાછળ ચોકડી આદિ મ્હેલાય છે, એટલે સ્પષ્ટ છે કે આરાધનામાં રામટોળી પર્વતિથિનો ક્ષય વૃદ્ધિ માને છે.

૨ રામટોળીના પંચાંગોમાં જ પર્વતિથિના લૌકિકટીપ્પણામાં આવતા ક્ષયની વખતે પહેલાની અપર્વતિથિ લખીને વાર લખાય છે અને તે જ વાર તે પર્વતિથિનો પણ લખાય છે. એટલે એ રામટોળી તેમાં આરાધનાના પંચાંગમાં પર્વતિથિનો ક્ષય માનનારી ઠરે જ છે. લૌકિકો વાર લખી મીંડાં કરે છે ત્યારે આ રામટોળી પાછળ ચોકડી મેલે છે. આમ છતાં તે રામટોળી રામશ્રીકાંતોદ્વારા તે વાતનો અપલાપ કરે છે તે તો અદ્વિતીય ધૃષ્ટતા જ છે.

૩ રામટોળી સિવાયના સર્વ આરાધનાના જૈનપંચાંગોમાં પર્વાનંતર પર્વના ક્ષયે તેનાથી પૂર્વતર તિથિનો ક્ષયગણી લખી તેના વારો ક્રમે લખાતા હતા અને લખાય છે. ફક્ત આ રામટોળી થોડી મુદતથી તેમ કરતાં પર્વાનંતર પર્વને ચોકડી મેલી ક્ષીણ જણાવે છે.

૪ પર્વ અને પર્વાનંતર પર્વની તિથિને આ રામટોળીવાળા બધા આરાધનાના પંચાંગોથી વિપરીતપણે અને જૈનમાંથી ઈતર કુમતોની માફક જુદા પડવા માટે જ બે વારવાળી પર્વ અને પર્વાનંતર પર્વતિથિને જાહેર કરે છે. અને

મનાવે છે, છતાં 'આરાધનામાં પર્વતિથિની વૃદ્ધિ કોઈ માનતું નથી' એમ કહેવાની ધૃષ્ટતા રામશ્રીકાંતો પાસે લખાવી પોતાના હૃદયચક્રને ચક્કર થયું જણાવે છે.

૫ રામટોળી સિવાયના કોઈએ પણ આરાધનાના પંચાંગોમાં પર્વતિથિ કે પર્વાનતરતિથિનો ક્ષય કે વૃદ્ધિ લખ્યાં નથી, તેમ માન્યાં પણ નથી, માટે શાસ્ત્ર, શાસન અને પરંપરાને અનુસરનાર શાસનપ્રેમીવર્ગમાં તો કોઈ પણ પર્વાનતર પર્વની તિથિનો ક્ષય કે વૃદ્ધિ માનતા નહોતા અને માનતા પણ નથી. તથા રામટોળી તરફથી ભદ્રિકો દ્વારા અનેક ધમપછાડા કરીને તેનો પ્રચાર કરવામાં આવે તો પણ માનશે નહિં જ, હકીકત જો રામ-શ્રીકાંતોનું હૃદયચક્ર મર્યાદામાં હશે તો જરૂર જ સમજશે.

(વી. રામ-શ્રીકાંતો)

૬ કોન્ફરન્સ એ એક ગતપ્રાણ અને ઝેરીલી વસ્તુ છે અને અસંસ્કરણીય છે, માટે જો શ્રી સંઘને ઉન્નતિને માર્ગે જવું હોય તો ભારતીય શ્રી સંઘ જેવી સંસ્થા સ્થાપીને ચલાવે અને તેમાં નીચેના ઠરાવો અનુત્થાપ્ય અને અચર્ચ્ય તરીકે પાસ કરે.

૧ ભગવાન્ જીનેશ્વર મહારાજનાં પંચાંગી યુક્ત શાસ્ત્રને માનવાં.

૨ શ્રી જિનમૂર્તિ આદિ સાતે ક્ષેત્રો સંબંધી જે રૂઢિ છે તેને માનવી.

૩ શ્રાવક અને શ્રાવિકાવર્ગની વ્યવહારિક ઉન્નતિ આદિની જ ચર્ચા કરવી, ઠરાવો કરવા કે અમલ કરવો, આ યોજના જો સંસ્થાનો ભેદ કે મતભેદને સ્થાન આપ્યા સિવાય કરવામાં આવશે તો જૈનકોમની ઉન્નતિ સાધી શકાશે.

(મુંબઈ સ.)

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

સંસ્કાર કેવો જબ્બર પદાર્થ છે ! ભવાંતરમાં જાતિસ્મરણ માટે ભણેલું જ્ઞાન જેટલું ઉપયોગી નહિં થાય; તેટલાં આ સંસ્કારનાં સાધનો એટલે આકારાદિ, ઉપયોગી થશે. વળી દીવાની સામે દીવેટ ધરી રાખવાથી દીવો સળગે નહિં પણ તન્મય સંયોગમાં આવે તો જ સળગે. દીવેટ દીવારૂપે તન્મય સંયોગમાં જ થાય છે. આ આત્મા પણ ભગવાનના પ્રતિબિંબ સાથે તન્મય થાય નહિં ત્યાં સુધી જ્યોતિમય થઈ શકવાનો નથી. 'પત્થરની ગાય દુધ નહિં દે' એમ કહેનારા જૈનશાસનને માનનારા જ નથી. જો આ રીતે ગાયનું દૃષ્ટાંત ભગવાનની મૂર્તિ સાથે લાગુ કરવું હોય તો શું ભગવાનના કેવલજ્ઞાનને દુધ સાથે લાગુ કરશો ? એક જણાએ ગાય દોહી લીધી પછી બીજા માટે દુધ નીકળે નહિં. એ રીતે ભગવાનથી પણ એકનું કેવલજ્ઞાન દ્વારા કલ્યાણ થયા પછી બીજાનું કલ્યાણ નહિં થવાનું એમ માનશોને ? જેમ ગાયમાં નવું દૂધ થાય ત્યારે જ બીજાને દોહવાની થાય તેમ ભગવાનના ઉપદેશથી એકને કેવલજ્ઞાન થયું પછી ભગવાનનું ભગવાનપણું ચાલી જાય ? ભગવાનને ફરી કેવલજ્ઞાન થાય ત્યારે તેમનાથી બીજાનું કલ્યાણ, થાય કે ? શું આ રીતે માનવા તૈયાર છો? 'જો' નહિ એમ કહો તો તેવું દૃષ્ટાંત શી રીતે ઘટાવો છો ? ગાયમાંથી તો તેમાં રહેલું દૂધ લેવાનું છે- પદાર્થ લેવાનો છે, પણ ભગવાનના આત્મામાંથી કાંઈ લેવાનું નથી. પોતાના આત્મામાં જે જ્ઞાનાદિ અસ્તિત્વમાં છે તે જ માત્ર પ્રગટાવવાનું છે. જેમ એક દીવાથી હજારો દીવા કરાય તેમ એક શુદ્ધ આલંબનથી હજારો આત્મા શુદ્ધ થઈ શકે છે. માટે શાસ્ત્રકારોએ જણાવેલ દીપક દૃષ્ટાંત જ વ્યાજબી છે.

પત્થરની ગાય દુધ દેતી નથી કે પત્થરના ઘોડાથી મુસાફરી થતી નથી કે પત્થરનો વાઘ મારતો નથી એ વાત ખરી છે પણ સાચી ગાયને પણ નમન કે વંદન કરવા માત્રથી શું દુધ મળે છે ? 'ઘોડો, ઘોડો' એમ બોલવાથી સાચો ઘોડો પાસે ઉભો હોય તો પણ મુસાફરી થતી નથી. તે જ રીતે અરિહંતને વંદન આદિથી તથા 'અરિહંત-અરિહંત' બોલવાથી પણ શું વળશે? જો આકારને અંગે અનુચિતપણું માનો તો પછી ભાવ અને નામને અંગે પણ

અનુચિતપણું પહેલાં જ રહેવાનું ! જાપવંદનાદિ દ્વારાએ જ ગુણિના ગુણનો અભ્યાસ થશે, અભ્યાસની ચીજ ટકવી સહેલી છે. વર્ત્તનની ચીજ ટકવી મુશ્કેલ છે, 'ક્રોધે ક્રોડ પૂરવતણું, સંયમ ફલ જાયે' એ પદ આવડતાં અરધી મિનિટ લાગી, પણ તેને અમલમાં મેલતાં કેમ થાય છે ? આખી જીંદગીના અભ્યાસે પણ એ પદ અમલમાં મુકવું મુશ્કેલ પડે છે, જ્યાં વીતરાગની ભક્તિ ખસી ગઈ ત્યાં પદનું કેમ ધ્યાન રહેવાનું? ' માને રાવણનું રાજ ગયું' એ પદ માનના પ્રસંગે કોને યાદ આવે છે ? ભણેલું પણ વર્ત્તન અને તેની પરીક્ષા વખતે ભૂલી જવાય છે. વર્ત્તન માટે આલંબનની જરૂર નથી એમ ક્યા વિચારથી બોલી શકાય છે ?

## શ્રીતીર્થંકરદેવ ચોવીસ જ કેમ ?

ક્રોધ ઉપર કાબુ મેળવવો, માન, માયા તથા લોભ ઉપર જય મેળવવો. આ કોણ શીખવે ? જેમ છાણાં વગેરેનો સળગવાનો સ્વભાવ છે ખરો, પણ અગ્નિના સંયોગે જ તે સળગે છે. તેમ જીવને અનુકૂળ સંયોગે જ્ઞાન થાય છે. શુદ્ધ પવિત્ર સંયોગ વગર જીવ શુદ્ધ જ્ઞાન તથા શુદ્ધ વર્ત્તનવાળો થતો નથી. જીવમાં જ્ઞાન તથા વર્ત્તન શુદ્ધપણે સ્વભાવમાં છે, પણ પ્રગટ તો તેવા શુદ્ધ સંયોગ મળે ત્યારે જ થાય છે, જગતમાં જીવ માત્રને જ્ઞાન મળવું, ધર્મની શીખામણ મળવી, સદ્‌વર્તન સાંપડવું તે તેવા સંયોગને જ આધીન છે, પહેલાં ગંધકની સળી માનવી પડે, પછી એની જડ દીવાસળી છે, અલબત્ત દીવાની પરંપરા માફક એક ગુરૂએ બીજાને ઉપદેશ આપ્યો, બીજાએ ત્રીજાને આપ્યો, એમ પરંપરા ચાલે, પણ દીવાસળીની જગ્યાએ કોઈ મૂલ એક તો લેવો જ પડશેને! સ્વતંત્રપણે પ્રગટાવનાર આદિ એકને તો માનવો જ પડશે. ગુરૂને ગુરૂ માનીએ, પણ ગુરૂનું ગુરૂતત્ત્વનું ઉત્પાદક દેવતત્ત્વ છે. આટલા માટે અનાદિકાળના ઘોર અંધકારમાં પ્રથમ પ્રકાશ કરનાર શ્રી તીર્થંકરદેવને માનવાની જરૂર છે. બધા જીવો તીર્થંકર કેમ ન થયા ? અમુક જ કેમ થાય? તે કોણ થાય ? આ બધા પ્રશ્નો થઈ શકે છે, એનું સમાધાન એ જ કે એનું કારણ ભવાંતરથી ચાલ્યું આવતું ઉત્કૃષ્ટ સદ્‌વર્તન! સદ્‌વર્તન શબ્દથી એકલી ક્રિયા લેવાની નથી. કિંતુ આત્માની બધી સારી પરિણતિ લેવી પડે. શ્રીતીર્થંકરના ભવમાં રાગદ્વેષ રહિતપણું વગેરે આત્માની તમામ જે શુદ્ધ પર્યાય દશા આ તમામ પરિણતિ પણ લેવી પડે. જગતમાં જન્મ્યા પછી જ્ઞાની ગુરૂના જોગે બધા ડાહ્યા થનારા હોય છે, પણ શ્રીતીર્થંકરદેવના જીવને તો તે ભવમાં ઉત્કૃષ્ટ સદ્‌વર્તન હોય અને તે સદ્‌વર્તન કે તેનું બીજ એવું ભવાંતરથી ચાલ્યું આવતું હોય છે. બાલ્યવયમાં, જન્મતાં જ, ગર્ભથી જ સદ્‌વર્તન હોવું એ કેટલું અસંભવિત ? એ અસંભવિતપણું સમજાય તો સમજાશે કે, ભગવાન્ તીર્થંકરો જ યથાર્થ જગદુદ્ધારક છે જગતના ભાગ્યથી કહો કે લોકસ્વભાવથી કહો, પણ તીર્થંકર ચોવીસ જ થાય છે. તે ચોવીસ જ કેમ થાય છે ! તીર્થંકર થનારો આત્મા જન્મથી ચોખ્ખો, ગર્ભથી ચોખ્ખો, મોક્ષની સાધનામાં ચોખ્ખો! કેવલજ્ઞાની ઘણા હોઈ શકે તેમાં આવો આત્મા એક પણ નીકળવો મુશ્કેલ છે. આ આત્મા તમામ દશામાં ચોખ્ખો ! કોઠારમાં (ગર્ભમાં) રહેનારો છતાં ચોખ્ખો !, જન્મતી વખતે

અનંતી વેદના ભોગવવાનો સમય ત્યાં પણ ચોખ્ખો! બાલ્યવય એટલે ગૂમૂતરના ભાન વગરની દશા ત્યાં પણ ચોખ્ખો! સંસારમાં ચોખ્ખો! સાધુપણામાં ચોખ્ખો! ચોખ્ખો એટલે 'કર્મરહિત' એમ નહિં; પણ ઉત્તમ. ગર્ભમાં ઉત્તમતા અસંભવિત! અસંભવિત વસ્તુ કાંઈ ડગલે પગલે ન બને તથા ડગલે પગલે બનતી વસ્તુને અસંભવિત ન કહેવાય. આપણને તો માબાપ, શિક્ષકાદિ શીખવે ત્યારે કક્કો, કે એકડો આવડે. શ્રીતીર્થંકરદેવ તો કોઈના શીખવ્યા વગર તત્ત્વોપદેષ્ટા! એ શી રીતે ? આ બધું અસંભવિત જેનામાં સંભવિત બન્યું તેજ શ્રીતીર્થંકરદેવ ! ગુરૂની પરંપરા પણ શ્રીતીર્થંકરદેવથી ગણાય. આવા સદ્‌વર્તન સહિત હોય તે જ શ્રી તીર્થંકરદેવ ! દેવાધિદેવ!! તારક દેવ !!!

## કાગળ ઉપર લખેલા સૂત્રોથી ભલું ન થાય ! વર્તનમાં ઉતારવું પડશે !

કોઈ કહે કે ખાય તેનું પેટ ભરાય, પણ જોનારને શું ? એટલે સદ્‌વર્તનવાળા, જિનેશ્વરોનું કલ્યાણ, પણ દર્શનાદિ કરનારને શું ? પણ મા ખાય છે અને છોકરો ધરાય છે ને! માતા ખોરાક લે છે, તે ખોરાક દુધરૂપે પરિણમે છે અને તે દ્વારા છોકરાનું પોષણ થાય છે. એ રીતે શ્રીતીર્થંકરદેવના જ્ઞાનથી આપણે પણ તરી શકીએ છીએ. એટલે કે તેમનાં શાસ્ત્રથી તરીએ. ભગવાને પ્રરૂપેલાં શાસ્ત્ર આપણને તારવા સમર્થ છે. માતાએ ખોરાક ચોખ્ખો લીધો હોય તો બાલકને દૂધ ચોખ્ખું મળે અને તેનું પોષણ થાય. પણ ખોરાક વિકારવાળો હોય તો દૂધ વિકારવાળું થાય અને તેથી બાલકની જિંદગી તથા તેનું શરીર પણ વિકારવાળું થાય. શ્રીતીર્થંકરદેવનાં શાસ્ત્રો શુદ્ધ હોવાથી જ ચતુર્વિધ સંઘરૂપ બાલકને પણ વિકાર ન થાય કિન્તુ પોષણ જ મળે, ચોખ્ખા દુધમાં માત્ર પોષણનું જ તત્ત્વ હોય છે, પણ વાયુ, પિત્ત, કફનો વિકાર હોતો નથી તેમ શાસ્ત્ર માત્ર મોક્ષનો જ રસ્તો બતાવે, શાસ્ત્રો બીજા વિકારો પ્રગટાવે જ નહિં. કેટલીએ સંસ્થાના ઉદેશો ઉંચા જણાવાતા હોય છે પણ માત્ર તે કાગળમાં જ રાખે. પરંતુ તેવી કારવાઈ કાંઈ ન કરે તો ? કહો કે તે સંસ્થા સભાની કિંમત સમજુ આંકવાના નહિ. સમજુવર્ગ તો કારવાઈના આધારે જ ખરી કિંમત આંકશે. શાસ્ત્રનો ઉદ્દેશ મોક્ષનો મોક્ષ-માર્ગનો છે અને હોય, પણ તમે કે તેના વક્તા તેનો અમલ ન કરો તો ? મોક્ષ એટલે ? સર્વકાલ માટે આત્માને શાશ્વતસુખમાં રહેવાનું સ્થાન ! પરં જ્યોતિ એટલે આત્માનું શુદ્ધ સ્વરૂપ. એ કેમ પ્રગટ કરવું ? તેનું જ બ્યાન શાસ્ત્રમાં છે. શાસ્ત્રમાં ઉદ્દેશ મોક્ષનો છે તથા તેને લગતી જે કાર્યવાહી તે તેમાં છે. પણ તેનો અમલ તો કરવો પડશેને! વર્તન ન કરો તો ઉદ્દેશનું ફળ શી રીતે મળે ! હિંસા, મિથ્યા, અવિરતિ, કસાય, પ્રમાદાદિ તજવાં જોઈશે.

## દયા દયા કહે બધા, પણ સાચી દયા ક્યાં છે ? જૈનશાસનમાં !!!

બીજાઓએ દયાને સ્થાન પેટ પૂરવા સિવાયમાં આપ્યું છે? યજ્ઞમાં સંસ્કારવાળું માંસ

બ્રાહ્મણો ખાય. ક્ષુધા લાગે તો પણ તેઓ માંસ ખાય. અજીગર્તઋષિ છોકરાને મારી નાંખવા ચાલ્યા પણ પાપે લેવાયા નહિં, તેનું કારણ ? કહે છે કે ભુખનો ઉપાય કરવો હતોઃ જુઓ-ઈતરો ખોરાક માટે ક્યાં સુધી છૂટ મૂકનારા છે? 'ભમરો ઝાડના ફુલમાંથી રસ પીએ છે, ફુલને કીલામણા થતી નથી અને ભમરો આત્માને પોષે છે, તે રીતે સાધુએ ગોચરી લેવાની છે' એમ દશવૈકાલિકના પ્રથમ અધ્યયનમાં જણાવ્યું છે. જૈનશાસ્ત્રકારોએ તો ખોરાક માટે પણ પાપ લાગે નહિં તેવી દીવાલો ચણી છે. સાધુ ન પોતે હિંસા કરે, ન કરાવે, કે ન અનુમોદે! ખાવાની ચીજ વેચાતી લે નહિં, લેવરાવે નહિં કે લેનારને અનુમોદે નહિં! ત્રણ કોટી દોષે રહિત ભોજન સાધુ માટે શાસ્ત્રે કહ્યું છે. જૈનશાસનના આવા શુદ્ધ વર્તનવાળા પુરૂષો કર્મરાજાને ત્યાં સન્માન જ પામે તેમાં આશ્ચર્ય નથી. સભાનો જશ પ્રેસીડેન્ટને હોય છે તેમ જૈનશાસનનું તમામ સદ્‌વર્તન શ્રીજિનેશ્વરદેવને આભારી છે. ત્રણ દોષ રહિત અને સદ્‌વર્તનવાળા દેવને માનનારા આ ભવ પરભવ કલ્યાણ પામી મોક્ષમાં વિરાજમાન થશે.

## ધારી રાખે તે ધર્મ !

**दानं धर्मानभिज्ञेभ्यो, वाचनादेशनादिना ।**
**ज्ञानसाधनदानं च, ज्ञानदानमितीरितम् ॥१॥**

**પડવાનું હોય ત્યાં ધારી રાખનારની જરૂર છે.**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોને ધર્મોપદેશ કરતાં થકાં ધર્મનું લક્ષણ જણાવી ગયા ધર્મનું લક્ષણ બે પ્રકારનું છે. ૧ દુર્ગતિથી વારણ ૨ તથા સદ્‌ગતિમાં ધારણ, ધાતુની અપેક્ષાએ ધૃ ધાતુથી ધર્મ શબ્દ બન્યો છે. તે ધાતુ 'ધારણ' અને 'પોષણ' બે અર્થમાં કહેવાય છે. અર્થાત્ ધર્મ તેને જ કહી શકાય કે જે ધારણ પણ કરે અને પોષણ પણ કરે. ધારણ કોને કરે ? સ્હેજે સમજાય છે તેમ છે કે ક્રિયાપદ કદી પણ કર્ત્તા કરણ આદિ વગરનું હોય નહિં ધૃ એટલે ધારણ કરવું ! એ ક્રિયામાં પડવાનું હોય; પડનારી ચીજ હોય, પડવાનું સ્થાન હોય, ત્યાં ધારણ કરવાપણું હોય છે. પડવાનાં સ્થળાદિ ન માનીએ તો ધારણ કરવાની વાત અસત્ય ગણાય. આકાશ ધારી રાખ્યું એમ કાંઈ બોલાતું નથી, કેમકે આકાશ પતન પામનારી ચીજ નથી, આકાશને કોઈ પાડતું નથી. આકાશને પડવાનું સ્થાન પણ નથી. પૃથ્વીના કંપારાથી, તોફાનના ધક્કાથી, સખત વાવાઝોડાથી કે મૂશળધાર વરસાદથી, ભીંત નબળી પડી હોય તો તેને ટેકો દેવામાં આવે છે અને ત્યાં ધારી રાખેલ છે એમ કહેવાય છે. ત્યાં પડવામાં કારણ-કરણ વાયરો વરસાદ વગેરે છે, પડનાર ભીંત છે, પડવાનું સ્થાન જમીન છે. આ બધું હતું તો ત્યાં 'ધારી રાખી' એમ કહી શકાયું. અહિં પણ ધારી રાખે તે ધર્મ કહીએ છીએ માટે બધું વિચારવું. વસ્તુના સ્વભાવને પણ ધર્મ કહેવામાં આવે છે. પર્યાયાર્થ કે રૂઢ અર્થ તે ખરો, પણ વ્યુત્પત્તિથી 'ધારી રાખે તે ધર્મ' એવો

જ અર્થ થાય છે. પડવાનું સ્થાન હોય તો જ ત્યાં પડવાનું હોય અને પડતાં પકડી રખાય, ધારી રખાય, અટકાવાય.

**दुर्गतिप्रपतज्जंतुधारणाद् धर्म उच्यते ।**

દુર્ગતિમાં પડી રહેલા જીવોને, એટલે પડતા જીવોને ધારી રાખે તે ધર્મ કહેવાય. જ્યાં સુધી જીવ દુર્ગતિમાં પડતો હોય કે પડવાનો સંભવ હોય ત્યાં સુધી ધારી રાખવાનું બને છે. મનુષ્ય માંદો હોય ત્યારે છેલ્લા શ્વાસ સુધી પણ વૈદ કે ડૉકટરોના ઉપાય ચાલે, પણ મરી ગયા પછી ગમે તેવા નિષ્ણાત વૈદ્ય, ડૉકટર, હકીમ હોય કે તેમના ઉંચામાં ઉંચાં ઔષધો, ઈન્જંકશનો હોય પણ બધાં વ્યર્થ થાય છે. એજ રીતે જીવ દુર્ગતિમાં ગબડી ગયો પછી ધર્મનું કાંઈ પણ ચાલતું નથી, પડતો હોય ત્યાં સુધી જ ચાલી શકે છે, માટે **प्र** ઉપસર્ગ મૂકવો પડ્યો છે. એટલે 'દુર્ગતિમાં પડવા માંડેલા' એવો તેનો અર્થ છે. નજીકમાં પડી રહેલાને જો કે 'પડતો' કહી શકાય. કેમકે વર્તમાનકાલના પ્રત્યયો નજીકના ભૂત અને ભવિષ્ય કાલમાં પણ વાપરી શકાય છે. પણ **प्रपतत्** શબ્દમાં **प्र** ઉપસર્ગ કહેવાથી 'પડવા માંડેલા' એટલે પડી રહેલા એમ કહેવાનો આશય છે. વળી તેથી પડવાનું સ્થાન પણ સિદ્ધ થાય છે. કેમકે સ્થાન વિના પડે ક્યાં ? જેમ મરેલા જીવ માટે ઔષધો નકામાં છે, તેમ નહિં જન્મ પામેલા બાલક માટે પણ વૈદો ઔષધ મંગાવે તે નકામાં જ છે 'તે રીતે દુર્ગતિમાં પડેલા (પડી ગયેલા) તથા ભવિષ્યમાં પડવાવાળા માટે પણ ધર્મ નકામો છે. પણ પડવા માંડેલા જીવને ધર્મ ટકાવે છે. ભીંતમાં ફાટ પડી હોય, ભીંત પડવા માંડી હોય, ત્યારે થાંભલાના ટેકાથી ટેકવીએ છીએ. આ જીવ દુર્ગતિમાં ગબડવા માંડે તો તેને તે વખતે ધારણ કરી રાખનાર ધર્મ છે. હવે વ્યુત્પત્તિ વાસ્તવિક છે કે કેમ ? તે જોઈએ.

**પતન તો ચાલુ છે, મુશ્કેલી ચઢવામાં છે ?**

'વાંઝણીનો છોકરો જાય છે' અથવા 'આ તોરો આકાશના ફુલનો છે' આ રીતે વાક્યો બોલી તો શકાય, પણ ગણાય ગપાટા, કેમકે પુત્ર હોય તો વાંઝણી શેની ? વાંઝણી કહી ત્યારથી પુત્ર ક્યાંથી? આકાશને ફુલ કેવાં ? તેજ રીતે 'આ જીવ દુર્ગતિમાં પડેલો છે એમ માનવું શાથી ? એમ પ્રશ્ન થઈ શકે છે. ગતિ બે પ્રકારની છે. સદ્ગતિ યા દુર્ગતિ. જીવ દુર્ગતિમાં પડી રહ્યો છે તે શાથી માનવું? જીવ કર્મોના બંધનોથી બંધાયેલો છે. જે જીવ મિથ્યાત્વમાં જ માચેલો હોય, અવિરતિથી વરેલો હોય, કષાયોથી ધૂંધવાતો હોય, તે દુર્ગતિ વિના બીજે ક્યાં જવાનો? જો તેવાઓ સદ્ગતિ જશે તો દુર્ગતિ કોના માટે? જેણે ધર્મ પ્રાપ્ત ન કર્યો તેના માટે દુર્ગતિ નિશ્ચિત જ છે. ભારે વસ્તુ પડવા માંડી તેને અટકાવનાર ન મળે તો તે ઠેઠ જમીન ઉપર પડવાની જ, અફળાવાની જ, ટીચાવાની જ ! જમીન ઉપર આવવું. ગબડવું એ તો સ્વાભાવિક છે. વાતાવરણ જ એને નીચે લાવે છે. રોકવામાં જ મહેનત છે. આ જીવ પણ મિથ્યાત્વ, અવિરતિ, અને કષાયના વાતાવરણથી દબાયો છે, ભારે થયો છે. એને ધારણ કરનાર ન મળે તો દુર્ગતિમાં પડવાનો જ ! ભારે વસ્તુને નીચે ઉતરવામાં અને પડવામાં મહેનત નથી, વિશેષ સમય લાગતો નથી. ઉપરથી પડે કે ધબ

નીચે ! કર્મોથી ભારે બનેલા આ જીવને દુર્ગતિમાં જવું એ તો સ્પષ્ટ છે. તેમાં ઉપદેશ કે પ્રેરણાની કાંઈ જરૂર નથી. સુજ્ઞોની એને માટે ઉપદેશ કે પ્રેરણા હોય પણ નહિં, છતાં જરૂરી પણ નથી. ઉપદેશની કે પ્રેરણાની જરૂર હોય તો તે માત્ર ધર્મ કરવા માટે જ છે. જીવને ધર્મ કરાવવો હોય ત્યારે મુંઝવણ થાય છે. શરીરને, વચનને, મનને બધાને જોર પડે છે. અધર્મ કરવા તો બધા તૈયાર છે ! દુર્ગતિમાં જીવને લઈ જવા કર્મ તૈયાર જ છે. ધર્મના પ્રયત્નમાં જરા ઢીલા થયા કે બાર વાગ્યા જ છે ! ધર્મ એક અંશે પણ કરવો હશે તો મહેનત પડવાની જ. મહેનત કર્યા વગર છોકરાં પણ ચઢી શકતા નથી. ધર્મ માટે મહેનત નહિં કરો તો ચઢી શકાશે નહિં. ઉતરી તો રહ્યા છો જ. સીડી કે પર્વત ચઢવામાં જોર તો પડવાનું જ. પર્વતથી નીચે ઉતરવામાં તો પાછળથી પવનનો સુસવાટો પણ ગબડાવવા તૈયાર છે.

## અનાદિનો અફીણીઓ ?

કદાચ શંકા થશે કે જીવનો સ્વભાવ જો ઉંચે જવાનો જ છે ત્યારે ઉતરે છે કેમ? પણ અફીણીયા જન્મથી કદી જોયા? પહેલાં થોડું થોડું અફીણ લે, પછી વધારે લેતાં લેતાં અફીણીયા થયા તે એવા અફીણીયા થાય કે ભાણામાં પાંચ સાત પકવાન હોય તો પણ અફીણ યાદ કરે! અફીણ વગર તેને પકવાન્નની લ્હેજત આવે જ નહિ. એમ કહો કે અફીણી પકવાન્નને લાત મારે, ફગાવી દે. પણ અફીણ જતું કરવું તેને પાલવે નહિ. જો બે પાંચ વરસમાં અફીણીની આ દશા તો આ જીવ તો અનાદિકાલથી મિથ્યાત્વ, અવિરતિ, અને કષાયાદિથી રંગાયેલો છે. અફીણનું બે પાંચ વર્ષનું વ્યસન, જ્યારે ટાળવું ટળાવવું ભારે પડે છે, તો આ જીવ તો મિથ્યાત્વાદિ ઝેરનો અનાદિથી કીડો છેઃ નવો વ્યસની નથી, તેને ધર્મરૂપી સાકર કે અમૃત કેમ રૂચે? ઝેરનો કીડો સાકરને ઝેર સમજે છે. કેમકે તેણે તો ઝેરમાં જ મીઠાશ માની છે. તેમ મિથ્યાત્વ, અવિરતિ તથા કષાયોમાં જ માચેલો, કુદેલો એવો આ જીવ સમ્યક્ત્વ, વિરતિ અને ક્ષમાદિ ગુણોને ઝેર માને છે, અર્થાત્ ઝેરની જેવા માને છે. કર્મ તરફ ધસારાબંધ જીવ ધસી રહ્યો છે, અને ધર્મ કરવાની વાત આવે કે ધબાય નમઃ! જેમ ડુંગર ચઢતાં કેડે હાથ દેવો પડે, હાંફી જવાય, છાતી ભરાય, તેમ વિરતિ તથા ક્ષમાદિક ગુણોના સ્વીકારવામાં આત્માને પારાવાર મુશ્કેલી પડે છે. તેમાં તેને આનંદ નથી અને તે માટે ત્યાં લક્ષ્ય મંદ છેઃ કહોને કે નથી! ઝેરના કીડાને સાકર તરફ આવવાનું મન પણ થતું નથી. કેમકે તેને ઝેરમાંજ આનંદ આવે છે. તેમ આ જીવ અનાદિથી મિથ્યાત્વનો કીડો છે, તેને ધર્મરૂપી અમૃત તરફ જવું મુશ્કેલ પડે છે, જીવ માત્ર દુર્ગતિ તરફ ધસી રહ્યા છે, તેને અટકાવે કોણ ? આ દશામાં બચાવનાર એક ધર્મ જ છે. દુર્ગતિમાં પડતા અથવા પડી રહેલા જીવોને પડતાં અટકાવે, ધારી રાખે, તે ધર્મ. જો તમામ ક્રિયામાં ધર્મનું આરોપણ કરીએ તો અધર્મ રહેશે જ ક્યાં ? પોતાનાં બાળકોને તથા કુટુંબને કોણ ખાવાપીવા પહેરવા ઓઢવા નથી આપતું ? તો શું તેને દાન ગણવું? સુખશીળીઓ મનુષ્ય પણ કુટુંબ માટે કષ્ઠ વેઠવા

તૈયાર છે, કુતરી પણ પોતાનાં બચ્ચાંને બચાવવાની ભાવનાવાળી છે, તો શું ત્યાં અહિંસા અગર દયારૂપી ધર્મ માની લેવો ? આ રીતે ગણીએ તો તો ઉદારતા, પવિત્ર વર્તન, દુઃખ સહન કરવાપણું, સારા સંકલ્પો કોનામાં નથી ? વાસ્તવિક રીતે ધર્મ તે કે જે દુર્ગતિમાં પડતાં બચાવે.

**નાસ્તિક પણ મોતને માનવામાં આસ્તિક છે.**

દુનિયામાં સદ્ગતિ અને દુર્ગતિ માટે, પરલોક હોવા માટે, મોક્ષના અસ્તિત્વ માટે, સ્વર્ગ નરકાદિ ગતિ માટે જો કે બે મત છે, પણ જગતભરમાં મોતને માટે તો ઢોલ વગાડીને એક જ મત છે એમ કહેવાય. જો કે નાસ્તિક બીજું બધું નથી માનતો, પણ મોતને માન્યા વિના તો તેનો પણ છૂટકો નથી. આખી જિંદગી ધમપછાડ કરીને મેળવેલાં ધન ધાન્યાદિ પણ અહિં મેલીને જ મરવું પડે છે, એમ તો નાસ્તિક પણ નજરે નજર નિહાળતો હોય છે અને તે સ્વીકારે છે જ્યારે બધું મેલીને જ જવું છે તો આ આરંભ, સમારંભ, પરિગ્રહ, કૂડકપટ, પ્રપંચ, લોભ વગેરે શા માટે? જીવનની જરૂરિયાત કેટલી ? ખોરાક પોષાક પૂરતું ન મળે એમ નથી, તો વધારા માટે જ ધમાલ છે ને? તે વધારો કોના માટે ? પુત્રાદિ માટેને ! છોકરા માટે છોલાવાનું પણ કબુલ છે ને ! સંસારની માયામાં જેમ વધારે લપટાશો તેમ વધારે નીચે ઉતરવાનું છે, ગબડવાનું છે. સ્ત્રી, પુત્ર, માબાપ કે કોઈપણ હોય, ગમે તેની પ્રત્યે માયાથી લેપાણા, તો એ દુર્ગતિમાં પડવાનું તો નક્કી જ છે, દુર્ગતિમાં પડતાં બચાવી રાખે, સ્વર્ગ કે મોક્ષમાં ધારણ કરી રાખે તે ધર્મ. ધર્મ સદ્ગતિને આપનારો એમ ન કહ્યું, પણ દુર્ગતિથી બચાવનારો કહ્યો. કારણ કે દુર્ગતિમાં પડતો રોકાયો એટલે સદ્ગતિ સ્પષ્ટ જ છે. ધર્મ સ્વર્ગ (દેવલોક) તથા અપવર્ગ (મોક્ષ) બન્નેને આપનાર છે. સમ્યગ્દષ્ટિ આત્મા વૈમાનિક દેવલોક સિવાયનું આયુષ્ય બાંધે નહિ. જે દેવલોકના રસ્તા તે જ મોક્ષના રસ્તા છે અને જે મોક્ષના રસ્તા તે જ દેવલોકના રસ્તા છે!

**જ્ઞાનદાનની વિશિષ્ટતા !**

ધર્મના ચાર ભેદ કહ્યા છે. ૧. દાન. ૨.શીલ ૩. તપ ૪. ભાવ. દેવું તે દાન એમ જગત્માં પ્રસિદ્ધ છે, પણ શાસ્ત્રકાર ત્યાં 'ના' કહે છે. કોઈને ઝેર દેવાય તો ધર્મ નથી. ગાય પાટુ (લાતુ) દે (મારે) ત્યાં ધર્મ ? જ્ઞાનદાન, અભયદાન તથા ધર્મોપગ્રહદાન એ ત્રણેનું દાન તે જ દાનધર્મ તેમાં અભયદાન તો માત્ર મુદત અપાવે છે. પણ માફી નથી અપાવતું. જેને અભયદાન અપાયું તેને અમરપટો નથી મળતો. મોત જલદી થતું હતું તે વખતે તેને બચાવ્યો, પણ સર્વથા બચાવ અભયદાનથી થતો નથી. જ્ઞાનદાન સર્વથા માફી કરાવે છે. અભયદાન કર્મ તોડાવતું નથી, જ્ઞાન તેનાં કર્મ તોડાવે છે. યાવત્ મોક્ષ મેળવાવી અમરપટો જ્ઞાન જ અપાવે છે. પંચેંદ્રિયમાં દેવતા ચ્યવી (મરી) દેવતા થતા નથી. નારકી આપણા મારવાના વિષયમાં નથી. એટલે મનુષ્ય અને તિર્યંચ માટે મુખ્ય પ્રવૃત્તિએ અભયદાન છે. અભયદાન છે સારું, શાતાવેદનીયનું કારણ પણ છે, છતાં જેને અભય

આપવામાં આવે છે તેને અમરપટો મળતો નથી. જ્ઞાનદાનમાં જ તે સામર્થ્ય છે. પરંતુ જ્ઞાન એ નાગી શમશેર છે. વાપરનાર વિવેકી હોય, બાહોશ હોય, તો શત્રુને સંહારે, પણ જો તે દારૂડીયો હોય, બેહોશ હોય તો મિત્રને શત્રુને અને પોતાને પણ કાપે ? સોનેરી ટોળીવાળા જુગારીઓ મૂર્ખા હોતા નથી. મેજીસ્ટ્રેટનાં મગજ ખાઈ જાય છે. તેનામાં તેવું અનર્થકારક પણ જ્ઞાન છે તથા જેઓ ધર્મના રસ્તે જોડાય છે તે પણ જ્ઞાનથી જ જોડી શકાય છે.

કયા જ્ઞાનદાનને ધર્મ રૂપ કહેવાય ? કુતરી પણ બચોરીયાને તેના ખપનું જ્ઞાન આપે છે. વાઘરી, કોળી, જુગારી અને ચોર પણ પોતાની કલા પોતાના વારસોને શીખવે છે, તો શું તેમને જ્ઞાનદાન આપનારા કહેવા ? દુનિયાદારીના નિર્વાહ માટે, અને વિષય-કષાયની પુષ્ટિ માટે અપાતા જ્ઞાનના દાતા જો જ્ઞાનદાતા છે અને તો તો પછી ધર્મના ઉપદેશની જરૂર નથી. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા, મોક્ષ, આત્મા, અને કર્મ વગેરેનું સ્વરૂપ જે જણાવાય તેનું જ નામ જ્ઞાનદાન છે. આત્માના ઉદયને માટે, તેના કલ્યાણને માટે, અપાતું જ્ઞાન તે જ જ્ઞાનદાન છે. મિથ્યાત્વને હઠાવનારું, સમ્યક્ત્વ તરફ દોરનારું, કષાયોનો નાશ કરનારું જે જ્ઞાન અપાય, વળી ધર્મના અજાણને ધર્મ સમજાવાય તે જ જ્ઞાનદાન છે. વ્યાવહારિક જ્ઞાન પછી કંઈ ધર્મનું જ્ઞાન કોઈને મળે તો તેથી તે વ્યાવહારિક જ્ઞાનને જ્ઞાનદાન કહેવાય નહિં. દેશનાથી કે પુસ્તકોથી ધર્મનું જ્ઞાન દેવાય તે પણ જ્ઞાનદાન ! ધાર્મિકજ્ઞાનનાં સાધનો અપાય તેનો પણ જ્ઞાનદાનમાં જ સમાવેશ થાય છે.

## ધર્મનો પ્રથમ ભેદ તે દાન જેમાં પણ જ્ઞાનદાનની જ મુખ્યતા !

### તમામ સગવડવાળું છતાંયે ઘર છે ભાડાનું !

ज्ञानदानेन जानाति, जंतुः स्वस्य हिताहितम्।
वेत्ति जीवादितत्त्वानि विरतिं च, समश्नुते॥

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ મહારાજા શ્રીમદ્ હેમચંદ્રસૂરીજી, ભવ્યજીવોને ધર્મોપદેશ કરતા થકાં પ્રથમ સૂચવી ગયા કે દુર્ગતિથી આત્માને જે બચાવે તેને ધર્મ કહેવામાં આવે છે, આ લક્ષણથી ધર્મનું અદ્વિતીયપણું જણાવ્યું. આ દુનિયમાં દુન્યવી પદાર્થો, ભોગો અને તેનાં સાધનો, પૈસો ટકો, સ્ત્રી પુત્ર પરિવાર, વાડી વજીફા, બાગ બગીચા, માળા મહેલાત, વગેરે જેની જેની ઈચ્છા કરીએ છીએ, જે જે મેળવ્યા પછી જેને સાચવવા માટે પ્રયત્નો કરીએ છીએ, અરે ! પદાર્થો મળ્યા પછી તેના રક્ષણાર્થે ચોકી પહેરા ગોઠવીએ છીએ, મળેલાનો નાશ ન થાય બલ્કે વૃદ્ધિ થાય તે માટેના પણ સતત પ્રયત્નો કરીએ છીએ પણ, તે તમામ પદાર્થો ભાડાના ઘર જેવા છે. ભાડાનું મકાન ખુબ સુંદર હોય, છેલ્લામાં છેલ્લા જમાનાની તમામ સગવડવાળું હોય, અનુકૂલતા માત્ર તેમાં હોય, પણ ભાડું ભરીએ ત્યાં સુધી તેમાં રહી શકાય. ભાડું ભરવાનું બંધ થાય એટલે ત્યાંથી નીકળવું જ પડે છે. ભાડાના ઘરની મોજ ભાડું ભરીએ ત્યાં સુધી ખરી પણ પછી પળવાર ટકી શકાતું નથી. તેમ આ શરીરરૂપી મકાનમાં કે પેઢીમાં આપણે ભાડુત તરીકે પ્રવેશેલા છીએ. ગમે તેટલા દ્રવ્યાદિ પદાર્થોને ઈચ્છીએ, મેળવીએ, ભોગવીએ,

સાચવીએ, વધારીએ, તેનો નાશ ન થાય માટે કટિબદ્ધ રહીએ, પણ તે બધાનો સંબંધ ક્યાં સુધીનો? પેઢી ઉપર હોય ત્યાં સુધી મુનિમ તમામ કામ કરે, પણ રજા દો પછી કેટલો સંબંધ ? કોટીધ્વજનો મુનીમ હોય, અરે ! સૂબો હોય, વાઈસરોય હોય, પણ અધિકારથી ખસી જાય પછી સત્તા કેટલી ? અધિકારપદ સ્થિત હોય ત્યાં સુધી ઓર્ડીનન્સો પણ ચલાવે, ધાર્યું કરે, પણ ખસ્યા બાદ તેનું કોઈ સાંભળે નહિ ! અધિકાર વખતે એ ધ્યાન ન રહ્યું કે આ અધિકાર કાયમી નથી, ચાલ્યો જવાનો છે, અને તેથી જગતને ફાયદો ન કર્યો, કનડગત કરી, તો જતી વખત શું થાય ? ચાર સ્વાર્થીઓ ભલે માનપત્ર આપે પણ, સાચી વસ્તુ સ્થિતિ સમજનારાઓ તો ખાસડાં અને ડુંગળી મોકલાવે છે. અમલદાર મોટો હોય તો પણ તેમને આવી ચીજો ટપાલમાં મોકલવામાં આવે છે.

આ શરીરના પણ આપણે અધિકારી છીએ. ગમે તો ગવર્નર કહો, વાઈસરોય કહો, જે કહેવું હોય તે કહો ! કલેકટર, ગવર્નર કે વાઈસરોય ખીસાં ભરે તો તેનો અંજામ અંતે શું આવે ? આપણે પણ શરીરાદિનું પોષણ જ કર્યા કરીએ તો ખાસડાં અને ડુંગળી મળવાનો જ વખત આવેને ! અધિકાર વખતે જે ઉપકાર નથી કરતો તેનો અધિકાર જતાં 'અ' ઉડી જતાં ધિક્કાર મળે છે. ગવર્નર કે વાઈસરોય પોતાના વતનનું તો ભલું કરે છે ! જો તેમ પણ ન કરે તો તે કેવા ગણાય ? મૂર્ખ શિરોમણિ કે બીજું કાંઈ ! આ શરીરમાં જીવ અધિકારી તરીકે આવેલ છે. પણ પોતાની સ્થિતિ સમજતો નથી કે પોતે કોણ છે, ક્યાંથી આવ્યો છે ? અને કરવાનું શું છે ! કેવલ દુનિયાની ભાંજગડમાં જ સમય વીતાવે જાય છે, ભાડુતી સાધનો માટે જ અમૂલ્ય એવું આયુષ્ય વેડફાય છે, પણ પોતાની સાથે શું આવવાનું છે તેનો વિચાર કર્યો ? બાલકન લડાઈ વખતે જેણે જે દેશ (મુલક) લીધો તેણે તે દેશ સંબંધી દેવું આપવું પડયું અને તે ભારે પડયું. પોતાના દેશને બચાવવા રાજ્યો લોનો કાઢે છે. આપણને મળેલા દેશના રક્ષણ માટે લોન આત્માથી ઉભી કરવી પડે છે. આહાર, શરીર, ઈંદ્રિયો, વિષયો, તેના સાધનો માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેનો જોખમદાર કોણ ? કર્મ રાજા પાસેથી આહારાદિ માટે લેવાની પાપરૂપ લોનની જવાબદારી કોની ? આત્માની ! કર્મને ભોગવનારો આત્મા છે. ફલ શરીરને થાય તથા જવાબદારી જીવની છે. જે શરીરને અંગે લોન કાઢીએ છીએ તે કેવલ ચામડીયાનું ઘર છે તેમાં ચામડાં, હાડકાં, માંસ, ચરબી, અને લોહી જ ભર્યું છે, લોન કેવા પ્રદેશ માટે લેવી ? બ્રીટીશ સરકાર પણ સહરાના રણ માટે લોન કાઢતી નથી, નીપજ વિનાના પ્રદેશ માટે લોન કાઢવામાં ચોખ્ખું દેવાળું જ છે, આત્મા રૂપી સરકારની આ કાયા એ ચોખ્ખી મ્યુનિસિપાલીટીની મેલાની ગાડી જ છે. તેનું ઢાંકણું ખોલે ત્યારે શું થાય ? ઓપરેશન વખતે જે દેખીને સગાવહાલાને પણ ચીતરી ચઢે છે, અને ઉભા નથી

રહી શકાતું તે શાથી ? અત્યારે તો એ લોહી વગેરે ચીજો ઢાંકણાથી ઢંકાયેલી છે તેથી માલુમ પડતી નથી, પણ શરીરની અંદર શી ચીજ છે તે તો ખ્યાલમાં લેવું જોઈએને!

**ગંદકીના ગાડવારૂપ કાયાની કિંમત કલ્યાણ માર્ગે વળવામાં જ છે !**

જો શરીર એ ગંદકીનો ગાડવો જ ... પછી તેની ઉત્તમતા કેમ કહેવામાં આવે છે ? શહેરનાં રક્ષણ માટે ફરતી ખાઈઓ ખોદાય છે. તે ઉંડી હોય છે, પણ તે છે તો જરૂર. ખાઈઓ કાંઈ ઉંડા ખાડા માટે જરૂરી નથી, પણ શહેરના રક્ષણ માટે જરૂરી છે. ખાઈ ખોદવાથી જગ્યા રોકાય છે. ખેતી બંધ થાય છે, પણ તેની કિંમત નગરના રક્ષણાર્થે છે. તેમ આ દેહ જરૂર ગંદકીનો ગાડવો છે, પણ મોક્ષમાર્ગમાં મદદગાર છે, માટે તેની તેટલા પૂરતી ઉત્તમતા જરૂર છે. શરીરની ઉત્તમતા સ્વરૂપથી નથી, પણ વિરતિને સાધી મોક્ષ જે મેળવાય છે તે શરીરથી જ છે માટે તેની ઉત્તમતા કહી છે. એક રાજાને ચાર કુંવર હતા. સૌથી મોટાને લોઢાની ખાણવાળો દેશ આપ્યો, તેનાથી નાનાને ચાંદીની ખાણવાળો દેશ આપ્યો, તેનાથી નાનાને સોનાની ખાણવાળો દેશ આપ્યો અને તેનાથી નાનાને એટલે કે સૌથી નાનાને હીરાની ખાણવાળો દેશ આપ્યો. વાણીયામાં એવો રિવાજ છે કે ભાગમાં નાનાને સારી ચીજ મળે. જ્યારે રજપુતમાં મોટાને સારી ચીજ મળી. અહિં તો રાજાએ રજપુતના રિવાજથી ઉલટી વ્હેંચણી કરી હતી, એટલે મોટા કુંવરે એ ફરિયાદ પ્રધાનને જણાવી. પ્રધાને યુક્તિ બતાવી કે "તારે ખાણમાંથી લોઢું કાઢવું નહિં અથવા તો લોઢાની નિકાસ બંધ કરવી. જ્યારે મોં માગ્યાં મૂલ્ય આવે ત્યારે સમય સાધી લેવો.' જ્યાં લોઢું વેચાતું જ બંધ થયું ત્યાં ચાંદીની, સોનાની તેમજ હીરાની ખાણ નકામી થઈ ગઈ. કેમકે ખાણોની અંદરથી ચાંદી, સોનું, હીરા વગેરે કાઢવા શાથી? કોદાળા વગેરે સાધનો કાંઈ હીરા વગેરેના તો ન કરે ? સ્થિતિ એવી ઉભી થઈ કે ચાંદી, સોના તથા હીરાના ભાવે લોઢું ખરીદવાનું નક્કી થયું અને તે વખતે જ પેલાએ લોઢું વેચ્યું અને માલદાર થયો. અહિં વિચારવાનું એ છે કે લોઢામાં સ્વતંત્ર ઉત્તમતા નહોતી, સારી કિંમત પણ સ્વતંત્ર નહોતી, પણ ચાંદી, સોનું તથા હીરાની ખાણને અંગે લોઢાની જરૂર માટે તેની કિંમત અંકાઈ ! તેવી જ રીતે મલીન પદાર્થોથી ભરેલા આ ગંદા શરીરની એ હિસાબે ફુટી બદામની પણ કિંમત નથી, પણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્ર આ ત્રણ રત્નોની સિદ્ધિ માટે તે ઉપયોગી છે માટે તેની કિંમત છે.

**...... દુનિયાનો એક પણ કાયદો કર્મ પાસે ચાલવાનો નથી !........**

આ દેહરૂપી પ્રદેશ હાડકાં, માંસ, લોહી અને ચરબીથી ભરેલો છે, ચામડેથી મઢેલો છે. નખથી માથા સુધીમાં એ જ ભર્યું છે. હવે જો એવા આ શરીરના ખોરાક, ઇંદ્રિયોનાં વિષયો વગેરે દ્વારા પોષણ વગેરે માટે જ જો આત્મા રાતદિવસ જોખમદારી ઉઠાવે તો તેની વલે શી થવાની ? સહરાના રણની લોનમાં તો વ્યાજ આપવું પણ ભારે પડે પછી આવકની તો આશા છે જ ક્યાં ? શરીર

માટે જે જે ચેષ્ટાઓ કરો છો તે શું જોઈને ? પરિણામ વિચાર્યું ? ભાડુતી ઘરમાં જડી રાખવાનું ફરનીચર વધારો તેમાં શું વળે ? અરે ! તે ઘરમાં ભીંતે રતન જડાવો પણ નીકળો ત્યારે શું ? દુનિયાદારીમાં તો નિયમ પણ છે કે વીસ વર્ષ રહ્યા પછી માલીકની સત્તા નથી કે એકદમ ભાડુત પાસે ખાલી કરાવે ! અર્થાત્ મુદત થતાં ભાડુત જ ભટ્ટારક બની જાય છે. પણ આ શરીર રૂપી ભાડાનું ઘર તો એવું છે કે તમને નીકળવા માટે નોટીસ આપવાની નથી અને કાઢવામાં આવે ત્યારે કશી દાદ ફરીયાદ કરાય નહિં! અરે ભલેને તમો એમાં સો વર્ષ રહ્યા હો, પણ તમને અહિંથી કાઢવામાં તો એક સમય ! અરે ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય તોયે કાઢવામાં એક સમય! પલ્યોપમ સાગરોપમના આયુષ્ય ભોગવ્યાં હોય તો પણ કાઢવામાં તો એકજ સમય! દુનિયામાં તો તમે માલીકને વધારે ભાડાથી લલચાવો તો તમને તે વધારે રહેવા દે અને ન પણ કહે, પણ આ શરીરરૂપી ઘરમાં તો એ કાયદો કે વાયદો ચાલી શકતો નથી. માનો કે તમે દેવભવનું આયુષ્ય બાંધ્યું હોય, ત્યાં દેવભવમાં તો ઘણું સુખ અને ઘણી સાહ્યબી છે, છતાં ત્યાંનાં અમુક વર્ષો કાપવાની બોલીએ પણ આ ભવમાં તમો રહેવા ઈચ્છો તો પણ ટકી શકાશે નહિ. ચામડીયાનું ઘર જેવું આ શરીર ઘર કોઈ ભાડે પણ ન રાખે તેવા સ્વરૂપવાળું છે, છતાં આત્મા તેના ઉપર રોજને રોજ લોન કાઢી રહ્યો છે, અને જોખમદારી વધારી રહ્યો છે. વોરલોનમાં નાણાં લઈ જવામાં આવે છે, તે નાણાનો દારૂ-ગોળામાં ધુમાડો થાય છે, પણ નાણાંની જવાબદાર સરકાર થાય છે, માટે ભરનારનાં નાણાને વાંધો નથી એમ કહેવાય. કેમકે પાર્ટી સદ્ધર છે. આત્મા પણ પોતાના અનંતજ્ઞાન તથા વીર્યાદિ ધનની બાંહેધરીથી સહી કરી કરીને દેવાદાર થાય છે. શાહુકારીના વ્યવહારમાં શિરજોરીને સ્થાન નથી. કર્મરાજા પક્કો મારવાડી શાહુકાર છે! કોઈ પાસે ન હોય છતાં 'બાપ મુએ બમણાં' લખી આપવા તૈયાર હોય તો તેવાને પણ મારવાડી શાહુકાર ધીરવા તૈયાર છે ! કર્મરાજા પણ મુઆ પછી લેવાની શરતના લખતે જ વધારે ધીરે છે. મૂર્ખ એવો આત્મા કર્મરૂપ મારવાડી કહે તેમ લખી આપે છે. દુનિયામાં તો બમણા ત્રમણા ઘરમાં પેસી ગયા હોય તો હુકમનામું ન પણ થાય પરંતુ કર્મરાજા તો દસગણું, અસંખ્યાતગણું, અનંતગણું ફાવે તેમ લખાવે છે અને બરોબર વસુલ કરે છે.

## લેશ ઈર્ષ્યામાત્રથી સર્વાર્થસિધ્ધગતિની યોગ્યતાવાળા સાધુઓ સ્ત્રીવેદ બાંધે છે ! પહેલે ગુણઠાણે પટકાય છે !!.....

શરીરની અપેક્ષાએ સોય ઘણી જ બારીક છે છતાં જો તે મગજની નસને વિંધી નાંખે તો પરિણામ શું આવે ? અહિં એક વખત કરેલું કર્મ પૌદ્ગલિક આનંદ કેટલો આપે ? તથા પુદ્ગલની બાજીને કેટલી પોષે? તથા વિપાક કેટલો? બમણું, હજારગણું, લાખગણું થાય તેમાં નવાઈ નથી. સોમલ રતીભર હોય છતાં પણ પાંચ મણના શરીરને-અરે! હાથીના

પાંચસેં મણના શરીરને પણ ખતમ કરી નાખે છે ને! તેમ અહિં રતિભાર કાળું કૃત્ય પણ આત્માને પાયમાલ કરે તેમાં નવાઈ નથી. આ વાત કંઈ ભય ઉપજાવવા માટે નથી, પણ વાસ્તવિ છે. એક ક્ષણ અપરાધ કરવાનું પરિણામ મહાપુરૃષને પણ શું આવ્યું ? એ મહાપુરૃષે લાખપૂર્વ સુધી સંયમ પાળ્યું છે, તપશ્ચર્યાના તો જેઓ નિધાન હતા, સમિતિ સાચવવામાં તથા ગુપ્તિનું રક્ષણ કરવામાં તો સતત પ્રયત્નશીલ હતા, વર્તમાનમાં પવિત્ર ચારિત્રવાળા હતા તથા ભવિષ્યમાં સર્વાર્થસિદ્ધિ (જેને નાની મુક્તિ કહેવામાં આવે છે ત્યાં) જવાની યોગ્યતા હતી, તેમણે એક ભૂલ એવી કરી કે ઘાણ નીકળી ગયો. ભરત બાહુબલીનો જીવ પ્રથમના ભવમાં બાહુ સુબાહુ હતા તથા બ્રાહ્મી અને સુંદરીનો જીવ પીઠ, અને મહાપીઠ હતાં. મહાવિદેહ ક્ષેત્રમાં આ ચારે જણાએ શ્રીતીર્થંકરદેવ પાસે સંયમ લીધું હતું. પીઠ અને મહાપીઠ જ્ઞાનાધ્યયનમાં વધારે પ્રયત્નશીલ હતા. જ્યારે બાહુ અને સુબાહુ વૈયાવચ્ચમાં વધારે ઉદ્યમી હતી. એક વખત કટોકટીનો પ્રસંગ ઉભો થયો. સાધુઓ આપત્તિમાં આવી ગયા હતા, તે પ્રસંગે બાહુ અને સુબાહુએ વૈયાવચ્ચથી બધા સાધુની માવજત કરી હતી.

ભગવાન્ શ્રીઋષભદેવજીનો જીવ તે વખતે વજ્રસેન નામે મુનિ હતા. તેમણે સમુદાયમાં બાહુ સુબાહુની પ્રશંસા કરતાં કહ્યું કે "બધા સાધુઓ બાહુ, સુબાહુની વૈયાવચ્ચથી આપત્તિનો પાર પામ્યા!' આ પ્રશંસા સાંભળી પીઠ અને મહાપીઠને ઈર્ષ્યા થઈ. ઈર્ષ્યા ફોટાના ઉંધા કાચ જેવી બૂરી ચીજ છે. ફોટાનાં કાચમાં પગ ઉપર પડે છે અને માથું નીચે પડે છે. ઈર્ષ્યા પણ તેવી જ છે. બીજાનાં સારામાં પોતાનું નરસું, બીજાના નરસામાં પોતાનું સારું દેખાડનાર ઈર્ષ્યા જ છે. વજ્રસેનજીએ બાહુ, સુબાહુને વખાણ્યા, તેની પીઠ મહાપીઠને ઈર્ષ્યા થઈ. તે પીઠ મહાપીઠ જો કે પ્રગટપણે કોઈને કાંઈ કહેતા નથી, પણ માત્ર હૃદયમાં ગોખ્યા કરે છે કે-'કરે તેને ગાય !' માત્ર આટલા જ શબ્દો હતા, પણ તે હતા ઈર્ષ્યાના ! વૈયાવચ્ચ માટેનો ઉદ્યમ કે જ્ઞાન માટેનો ઉદ્યમ એકે ખરાબ નથી. પીઠ અને મહાપીઠનો મુદ્દો એ હતો કે વજ્રસેનજીની વૈયાવચ્ચ થઈ એટલે તે બાહુ અને સુબાહુને વખાણેજને ! વૈયાવચ્ચ કરી હતી તે વાત પણ સાચી હતી, એ જ વાત સીધા સ્વરૂપમાં કહેવામાં આવે તો સત્ય હતી, વાસ્તવિક હતી, વસ્તુસ્થિતિને યથાર્થ સૂચવનારી હતી, ગુણની પ્રશંસા પણ હતી, પણ આ બન્નેનો મુદ્દો તો ઈર્ષ્યાનો હતો. આચાર્યાદિની માવજત થાય છે માટે તેઓ તેમનાં વખાણ કરે છે એ મુદ્દોપીઠ અને મહાપીઠનો હતો. બસ આ ઈર્ષ્યાએ તેમને મિથ્યાત્વ ગુણઠાણે લાવીને મૂકી દીધા. સમજવા જેવું એ છે કે સર્વાર્થ સિદ્ધમાં જવાની યોગ્યતાવાળા જીવોને પણ ઈર્ષ્યાનું એક વાક્ય પણ મિથ્યાત્વ સુધી ધકેલે છે ! જો કે પીઠ અને મહાપીઠે સંયમ છોડયું નથી, વિરતિ છોડી નથી, આચાર્યાદિની ભકિત મૂકી નથી, જ્ઞાનાધ્યયનમાં વાંધો લીધો નથી, પણ ઈર્ષ્યા માત્રથી પહેલે ગુણસ્થાનકે પટકાયા ! નાક કપાય પણ ઘી મળે તો કેટલાક સંતોષ માને એ વાતને લગતી કહેવત

છે કે 'નાક કટ્ટા મગર ઘી તો ચટ્ટા!' તેમ પણ અહિં ન થયું. ઈર્ષ્યાએ શું કરાવ્યું ? સ્ત્રીવેદ બંધાવ્યો! અંતર્મુહૂર્તની ઈર્ષ્યાએ ચોર્યાશી લાખ પૂર્વ સુધી વેદાય તેવો સ્ત્રીવેદ બંધાવી આપ્યો. કર્મરાજા કેવો મારવાડી છે તે આ દૃષ્ટાંતથી સમજાય છે ? સાધુપણું નિર્મલ હતું, યોગ્યતા અનુત્તર વિમાનની (સર્વાર્થસિદ્ધગતિ)ની હતી, પણ ઈર્ષ્યાએ બીજા ભવમાં ચોર્યાશી લાખ પૂર્વ સુધીના સ્ત્રીવેદના સાણસામાં જકડી લીધા-સપડાવી દીધા-લખાવી લીધું ! કર્મરાજા છે આવો મારવાડી ! માફી કે એકલા પશ્ચાત્તાપથી પાપ સર્વથા ચાલ્યું જાય તેવો નિયમ નથી.

'આચાર્ય એટલે આચાર્ય નહિ, પણ ચાકરીના ચાકર' આવું આચાર્ય જેવા પરમેષ્ઠિપદે વિરાજમાન માટે ગણે તે સમ્યક્ત્વમાં કેમ ટકી શકે? પાણીનો સ્વભાવ તો ડુબાવવાનો છે, પણ બચાવવાળા માટે તો તારવવાનો ! એક અંતર્મુહૂર્તની ગફલત ચોર્યાસી લાખ પૂરવનો ચૂરો કરી નાંખે છે! ભૂલતાં ભૂલતાં પણ ભૂલ પર લક્ષ્ય જાય તો પણ કંઈક બચાવ છે, પણ ભૂલને ભૂલ જ ન માને તો ? કર્મરાજાની આવી વિષમતા છતાં આ ચામડીયાનાં ઘર ઉપર તાગડધિન્ના કરવા માટે આપણે પરભવમાં ફલો ભોગવવાની જવાબદારી વહોરવી તે સહરાના રણ ઉપર લોન જેવું છે. દુનિયાના બાહ્ય પદાર્થો માટે આત્મા જવાબદારીઓ તો ઉઠાવે જ જાય છે, પણ સરવાળે તો શૂન્ય ! શરીરમાંથી નીકળતી વખતે બધું અહિંજ ને ! પરભવ જતાં એક પણ ચીજની માલીકી છે ?

આ જીવને સાચું જ્ઞાન થયું નથી માટે તેની આ સ્થિતિ છે અને એટલા માટે શાસ્ત્રકાર મહારાજા દાનધર્મમાં જ્ઞાનદાનને પ્રથમ સ્થાન આપે છે. ધર્મને ન જાણનારને દેશના આપીને કે પુસ્તકથી શુદ્ધ સમજણ રૂપ, સમ્યગ્‌દજ્ઞાનનું દાન દેવું તે જ્ઞાન દાન અને ઉત્કૃષ્ટ દાન છે. જગતની અક્કલે (દુનિયાદારીના જ્ઞાનથી કે વિજ્ઞાનથી) જગતના પદાર્થો જણાવાના થાય છે પણ આ જ્ઞાનદાન તો આત્માને ભવાંતરના પદાર્થો બતાવે છે. પરોક્ષ છતાં પ્રત્યક્ષની જેમ સાક્ષાત્‌કાર કરાવે છે. જગત તરફ ઝુકાવનારું જ્ઞાન જગત માટે જરૂરી હોય તો પણ આત્મા તરફનું જ્ઞાન ન મળે ત્યાં સુધી આત્માનો ઉદ્ધાર થાય નહિં. આત્માનું હિતાહિત, જીવાદિક તત્ત્વોની ઓળખાણ, વિરતિનો લાભ, અવિરતિનું નુકશાન, તે બધું જ્ઞાનદાનથી જણાય છે, માટે જ્ઞાનદાન પ્રથમ પ્રશંસા પાત્ર છે. આવું જ્ઞાનદાન દેનારો પોતે કેવલજ્ઞાન મેળવી મોક્ષે જાય છે, અને શાશ્વતસુખનો પણ તે અધિકારી બને છે. ધર્મમાં પ્રથમ ભેદ દાનનો છે અને તેમાં પણ જ્ઞાનદાન મુખ્ય છે. જ્ઞાનદાનનો ઉદ્યમ કરનાર આત્મા આ ભવ-પરભવમાં સુખ મેળવી, કલ્યાણને પામશે, અર્થાત્ મોક્ષસુખમાં વિરાજમાન થશે.

# મેળવ્યું અને મ્હેલ્યું, પણ રહ્યું શું ? જે મેળવેલું જાય નહિ તે મેળવ્યું કહેવાય !

साधुसेवा सदा भक्ता, मैत्री सत्त्वेषु भावतः।
आत्मीयग्रहमोक्षच्च, धर्महेतु प्रसाधनं ॥

## ઈચ્છા સુખની છે, પણ સુખની શોધ છે ક્યાં?

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોને ધર્મોપદેશ કરતા થકા સૂચવી ગયા કે જીવ આ સંસારમાં સુખની ઈચ્છાએ અનાદિથી રખડી રહ્યો છે. જગતમાં તમામ જીવોની સ્વાભાવિક ઈચ્છા સુખની જ હોય છે. બીજી ઈચ્છાઓ તો સુખનાં કારણ તરીકે થાય છે. સુખનું માનેલું કારણ જ્યારે દુઃખનું કારણ છે એમ માલુમ પડે છે કે તરત તેને છોડી દેવામાં આવે છે. એક લાખ રૂપિયાના મૂલ્યનો હીરો કોઈની પાસેથી સીત્તેર હજારમાં લીધો, તેમાં ત્રીશહજારનો નફો જાણી ખુશ થયા અને તિજોરીમાં મૂક્યો, પણ પાછળથી માલુમ પડ્યો કે એ તો ચોરીનો માલ છે તો પછી નફાના ત્રીશ હજારને તથા મૂડીના સીત્તેર હજારને પણ ન ગણીએ ! હીરો ભલે જાય, પણ આફત ન આવે, તેવા ઉપાયો લેવામાં આવે છે. કુટુંબમાં પુત્ર કે પુત્રી જન્મે તો રાગ ધરીએ છીએ, પણ જો મૂલનક્ષત્રમાં જન્મે તો? તે પુત્રને પણ ક્યારે અલગ કરાય ? એવો વિચાર કરવામાં આવે છે. હીરો તથા બાલક બન્ને ઉપર હતો તો રાગ, માન્યાં હતાં સુખનાં કારણ, પણ દુઃખકર માલુમ પડ્યાં કે તરત તેને છોડવાનું મન થયું. સુખનું કારણ પણ જ્યારે દુઃખનું કારણ દેખાય છે કે તરત તેને છોડવાનું મન થાય છે. પ્રાચીન કાળમાં પુત્ર તથા પુત્રીઓને પેટીમાં રાખી નદીમાં વહેતા મૂક્યાનાં વૃત્તાંતો વાંચવામાં આવે છે. તેમને સંતાન પ્રત્યેથી પ્રેમ તો ચાલ્યો નહોતો ગયો, પણ આપત્તિનું કારણ જાણીને તેમ કર્યું છે. તત્ત્વથી પદાર્થ ઉપર પ્રીતિ કે અપ્રીતિ નથી, પણ પોતાને સુખ આપે તેના પ્રત્યે પ્રીતિ છે, તથા પોતાને દુઃખ આપે તેના પ્રત્યે અપ્રીતિ છે. જગતના તમામ જીવો સુખની ઈચ્છાવાળા તથા દુઃખપર અપ્રીતિવાળા છે અને તેથી જ પદાર્થોને લેવા તથા મેળવવામાં જ અનાદિકાલથી જીવે રખડપટ્ટી કરી છે અને હજી ચાલુ કરે છે. આ વાત એકલા મનુષ્ય માટે નથી. દેવતા, મનુષ્ય, તિર્યંચ કે નારકી ગમે તે હોય પણ દરેકને માટે આ પરિસ્થિતિ એકસરખી જ છે.

સુખના બે પ્રકાર છે. એક બાહ્ય પદાર્થથી થતું સુખ અને બીજું આત્માના સ્વભાવથી થતું સુખ. અનાદિકાળથી સુખની ઈચ્છામાં જીવ ફર્યો ખરો, પણ જે બહારના પદાર્થોમાં સુખ શોધ્યું ત્યાં વાસ્તવિકરીતે સુખ હતું જ નહિ એટલે મળે ક્યાંથી? સુખ પૈસામાં નથી, પુત્રપુત્રી આદિ પરિવારમાં નથી, માતા-પિતામાં કે કુટુંબકબીલામાં નથી, બાગ બંગલામાં નથી, રાજ્યમાં નથી, પતિમાં નથી કે

સ્રીમાં નથી. સુખ તો છે આત્મામાં પરંતુ આત્મા સુખ શોધે છે બીજે ! તેથી શી રીતે મળે ? વસ્તુસ્થિતિ સમજવા માટે એક દૃષ્ટાંત દેવામાં આવે છે જો કે તે ગળે બાંધવાનું નથી. કુતરો હાડકું બહારથી લાવે છે, તેને બચકાં ભરે છે, કરડે છે, હાડકું કઠણ હોવાથી તાલવામાં ભોકાઈને લોહી નીકળે છે. તે લોહી હાડકાં ઉપર પડે છે અને તે કુતરો પોતે ચાટે છે. એ છે પોતાનું લોહી, ચાટે છે પોતાનું લોહી, પણ માને છે કે પોતાને હાડકામાંથી લોહી ચાટવા મળ્યું પોતાનું તાળવું ભેદાયું છે, તેનું તેને ભાન નથી, એ રીતે આ જીવ પણ કૃત્રિમ સુખને ભ્રમણાથી સાચું સુખ માની લે છે. સાચું સુખ આત્મામાં છે. આત્માનો સ્વભાવ સુખરૂપ છે. રાગદ્વેષની પ્રવૃત્તિ પોતાનું સ્વરમણ તાળવું ભેદી લોહી વમતો કરે છે, પણ જીવ તે લોહીમાં જ રાગદ્વેષ કરીને ખુશ થાય છે !

## સાચું સુખ મહાપુરૂષોએ બતાવેલા માર્ગમાં જ છે ?

ઘરબાર, કુટુંબ પરિવાર, રિદ્ધિ સમૃદ્ધિ, રાજપાટ, હાટહવેલી, અને વૈભવ વિલાસ એ દરેક ભવમાં મેળવ્યા છે અને મ્હેલ્યા પણ છે જ ! સાથે કાંઈ આવ્યું? આપણા બાપ દાદા બધું મેળવી ગયા, પણ સાથે લઈ શું ગયા ? ભાડાના ઘરને શોભાવવા ઘરનાં નાણાં મૂર્ખ હોય તે જ ખર્ચે. આ જીવે દરેકભવે ભાડુતી પદાર્થો માટે પોતાની પરિણતિ બગાડી છે. કર્મનો પોતે કરજદાર પોતાની મેળે બન્યો છે. આ દુનિયામાં તો કોઈપણ ઘરમાં કોઈપણ મનુષ્ય ભાડુત તરીકે જો વીસ વર્ષ રહ્યો હોય તો તેને ઘરનો માલીક પોતાની સગવડે એકદમ કદી કાઢી શકતો નથી. અર્થાત્ એ ભાડુત માલીકનો માલીક બને છે પણ આ શરીરરૂપી ઘર એવું છે કે એમાં ક્રોડ પૂરવ રહો તો પણ સમયમાં ખાલી કરાવે ખાલી કરવાની નોટીસ પણ નહિ ! નોટીસ, વારંટ અને બજવણી બધું સાથે જ ! કરે તે જ સમયે નીકળવું જ પડે છે, અરે ! કહોને કે કાનપટ્ટી પકડીને કાઢે છે ! વીતરાગપણું, મનઃપર્યવજ્ઞાન, કેવલજ્ઞાન, કેવલદર્શન વગેરેને વારંવાર આ જીવે ભાડુતી ઘર તથા ભાડુતી પદાર્થોની પંચાતમાં અવરાવવા દઈ જતાં કર્યા છે અસંજ્ઞી એવી કીડીઓને તમો સાકરના પાણીમાંથી બચાવો છો, પણ તમે બહાર કાઢી મરણથી બચાવી છતાં છતાંયે જરા ટટાર થઈ કે પાછી ત્યાં જ જાય છે. તેમ આ જીવ મહેનત કરીને મેળવે છે, અને મેલીને વિદાય થાય છે. વળી ફરી મેળવે છે અને મેલીને વિદાય થાય છે, આ રીતે કર્યા જ કરે છે ! ઉપદેશ મળે તો વારંવાર એ જ દશા દુનિયાદારીમાં તો એક બે વખત અમુક વેપારમાં અભ્યાસ કરતાં પૈસા જાય તો ત્રીજી વખત વિચાર કરવામાં આવે છે, પણ આ જીવ અનંતી અનંત વખતથી મેળવે છે અને મેલે છે છતાં વળી મેળવવા જ મથે છે ! બચ્ચું બરફી જુએ છે, પણ બાજુબંધને જોતું નથી, કેમકે તેને તેની કિંમતની ખબર નથી. આ જીવ વિષાયાદિથી લપટાયેલો છે, બરફીથી ટેવાયલા બચ્ચાં જેવો છે. તે આરંભાદિકથી થતા લાભને તત્ત્વ

તરીકે જુએ છે, પણ મહાપુરૂષોએ બતાવેલા કલ્યાણકારી માર્ગને જોતો નથી.

### મેલવું જ પડે તે મેળવ્યું શું કામનું ?

અત્યાર સુધી મેળવ્યું ઘણું, મેળવવા મથ્યોય ઘણું, પણ મેળવેલું તમામ મેલ્યે જ ગયો ! મેલ્યે જ ગયો ! ! અર્થાત્ મેલવાનું જ મેળવ્યું પણ ટકે એવું નહિ ! દુન્યવી તમામ પદાર્થો મેળવાય તે મેલવાના જ છે. તમે કહેશો કે ધર્મ કરવાથી મળેલો પદાર્થ પણ મેલવાનો તો ખરોને ! ધર્મથી દુન્યવી સ્થિતિમાં ઉંચામાં ઉંચી સ્થિતિ મેળવી, માનો કે ચક્રવર્તીપણું મેળવ્યું કે ઈંદ્રપણું મેળવ્યું, છતાં તેમાં પણ મુઆ પછી કે ચ્યવન થયા પછી, કહો કે આંખ બંધ થયા પછી તેમાનું આપણું કાંઈએ નથી. વાત સાચી છે, પણ તે બાહ્ય પદાર્થરૂપ ફલ માટે, આંતરિક-માટે નહિં. ધર્મની પ્રવૃત્તિમાં માત્ર કાચી બે ઘડી મેળવાય તથા તે બે ઘડી મળી છે તે મેલ્યા છતાં પણ જીવની સાથે જ રહે છે. શુદ્ધમાર્ગમાં આવેલો જીવ મરીને કોઈ કર્મવશાત્ કદાચ નિગોદમાં પણ જાય, છતાં તેણે મેળવેલું સર્વથા મેલ્યું નથી, તેની સાથે જ છે. ત્રિદોષ વખતે કે ભયંકર સન્નિપાત સમયે તો મોટો પ્રોફેસર હોય અગર તદ્દન મૂર્ખ હોય તે બેય સરખા છે. પણ સન્નિપાત મટ્યા પછી મૂર્ખ તે મૂર્ખ છે, અને પ્રોફેસર તે પ્રોફેસર જ છે. એમાં જરા શક પણ નથી. તેમ નિગોદમાં તે નિગોદપણાની પરિસ્થિતિમાં કદાચ જાય ત્યારે અનાદિના નિગોદીયામાં તથા શુદ્ધમાર્ગને મેળવીને, કર્મવસાત્ ત્યાં ઉત્પન્ન થયેલા નિગોદીયામાં જરૂર કાંઈ પણ ફરક નથી, આહારાદિકની પરિસ્થિતિ પણ એકજ સરખી, પણ નિગોદીયાપણું ખસ્યું કે સમકિતિ જીવ તરત જ્યારે ઉંચે આવે છે. ત્યારે સમ્યક્ત્વ નહિં પામેલો જીવ ત્યાંને ત્યાં જ રખડયા પણ કરે છે. તુંબડું કચરો ભરાવાથી ડુબી જાય, પણ તેનો સ્વભાવ ઉંચો આવવાનો છે એટલે કચરો ખસી જાય કે તરત ઉંચે આવે છે. લોઢું કચરો ધોવાય તો પણ નીચે જ રહેવાનું. કેમકે તેનો સ્વભાવ ઉંચે આવવાનો જ નથી. આ તો ક્ષાયિક સિવાયના સમ્યક્ત્વ માટે કહ્યું, પણ ક્ષાયિક સમ્યક્ત્વ તો આવ્યા પછી જતું જ નથી, પછી તો મળ્યું તે મળ્યું જ ! નહિં જ જવાનું એવી મહોરછાપ !! ભગવાનનો માર્ગ મળ્યો તે ટકવાનો જ ! ક્ષાયિક સમ્યક્ત્વની સ્થિતિ સાદિ અનંત છે. દુનિયાદારીના તમામ પદાર્થોની સ્થિતિ મેળવેલું મેલવાની છે. ધર્મની સ્થિતિ તેવી નથી. એનો પ્રભાવ ચાલુ રહે છે. ધર્મ પામ્યો, પછી કર્મવશાત્ માનો કે નિગોદમાં પણ ગયો છતાં એક વાત તો નક્કી થઈ ચૂકી કે તે અર્ધ પુદ્ગલપરાવર્તન જેટલા સમયમાં જરૂર મુક્ત થવાનો છે. તેથી વધારે સમય સંસારમાં નથી જ રહેવાનો ! પરમ ફલ માટે પણ સમયની મર્યાદા તો નિશ્ચિત થઈ જ ગઈ! આ મર્યાદા જે કહેવામાં આવી છે તે તો વધારેમાં વધારે સમયની છે.

(અનુસંધાન પેજ - ૩૬૧)    (અપૂર્ણ)

# તીર્થયાત્રા - સંઘયાત્રા

(ગતાંકથી ચાલુ)

અને એ વિશિષ્ટતા અને ઉત્તમતા જ્યારે સમજવામાં આવશે ત્યારે જ ગોશાલા સરખા મહાવીર ભગવાનના આશાતક અને અનન્ત ભવ ભમનારને અને જમાલિ સરખા શાસનના ઉચ્છેદક તથા નિન્હવને પણ અનન્તરપણે દેવગતિ કેમ થઈ? તેનો ખુલાસો સમજવામાં આવશે. અર્થાત્ જેમ ગોશાળા અને જમાલિ વિગેરેમાં ત્યાગનું મહત્ત્વ છે અને તે ત્યાગના મહત્ત્વથી ઘોરપાપોએ પણ તે ત્યાગથી મેળવેલું ફળ હણાયું નથી, તેવી જ રીતે અહિં પણ જીર્ણોદ્ધારરૂપ કાર્યનું એટલું બધું વિશિષ્ટપણું છે કે તે જીર્ણોદ્ધારને કરાવનાર મહાપુરૂષને તે જીર્ણોદ્ધાર કરવાની પરિણતિ ઈંદ્રપણું આપે છે. તેની અનુમોદના કે તેના અનંતર ફળ રૂપ મળેલાં મહાવ્રતો જો ઉપષ્ટંભકરૂપે ન પણ મળે તો પણ તેને તેથી ઈંદ્રત્વ તો મળે જ.

પરંતુ કદાચિત્ કર્મસંયોગે તેવી વિશિષ્ટતા ન પણ થાય અને કદાચિત્ પ્રબલમોહોદયને લીધે પરિણતિની વિપરીતતા થાય, તો પણ જીર્ણોદ્ધાર કરાવવાને અંગે ઉપાર્જન કરેલું જે ઈંદ્રપણું હોય તે જરૂર જીર્ણોદ્ધાર કરનારો મેળવી શકે જ. આ વાત ધ્વનિત કરતા હોય તેની માફક શાસ્ત્રકાર મહારાજા જણાવે છે કે જીર્ણોદ્ધાર કરનારાઓ ઈંદ્રપણું પામે છે.

ઉપર જણાવેલા ગ્રન્થથી જીર્ણોદ્ધારના ઈહલૌકિક, પરલૌકિક તેમજ લૌકિક અને લોકોત્તર એવાં પ્રત્યેક ફળો જણાવ્યા અને હવે ફળની પરંપરા જણાવવા માટે શાસ્ત્રકાર મહારાજ જીર્ણોદ્ધાર કરનારનું ભવચક્ર સુધીનું અસાધારણ ઉત્તમપણું જણાવે છે.

## જીર્ણોદ્ધારના પ્રતાપે કેવી કેવી ઉત્તમતા મળે?

શાસ્ત્રકાર મહારાજાએ પહેલાં જીર્ણોદ્ધારના ફળ તરીકે જે ઈંદ્રપણું પ્રાપ્ત થયા પછી પણ અનન્તરભવમાં આગળ સામાનિકપણાને લીધે જે ફળ પરંપરા જણાવવા દ્વારાએ અનુબંધથી ઉત્તમપણું જણાવવામાં આવશે તે ફળ પરંપરા અને અનુબંધ જીર્ણોદ્ધાર કરવા દ્વારાએ ઈંદ્રપણું મેળવનારને પણ હોય છે, એમ આત્મ હિતની દ્રષ્ટિએ જીર્ણોદ્ધાર હોવાથી જણાવેલ જ છે. પરંતુ ઈંદ્રપણાની પ્રાપ્તિ પછી તે ઈંદ્રપણાના અનન્તર ભવમાં ઉત્તમતા પ્રાપ્ત થવી અને તે દ્વારાએ સુલભબોધિપણું મેળવી મોક્ષ મેળ વો એ વિશેષ દુષ્કર ન હોવાથી સામાનિકદેવતા અને મહર્દ્ધિકદેવતાની અપેક્ષાએ અનુબંધથી ફળ જણાવે છે અથવા ઈંદ્રપણું પામવાના પ્રકરણમાં પાવન્તિ એવું જે ક્રિયાપદ વાપરવામાં આવ્યું છે, તેવું આગળના ત્રીજા પદમાં भवन्ति અગર स्युः એવું ક્રિયાપદ અધ્યાહારથી લેવાય તો એવો અર્થ થાય કે કેટલાક જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવો ઈંદ્રપણાને પામે છે અને કેટલાક મહાનુભાવો ઈંદ્ર સરખા આયુષ, ઋદ્ધિ અને પ્રભાવને ધારણ કરનાર એવા સામાનિક જાતના દેવતાઓ બને છે, જેવી રીતે ઈંદ્રપણું અને સામાનિકપણું જીર્ણોદ્ધાર કરનારને મળે છે, તેવી જ રીતે જીર્ણોદ્ધાર કરનારા મહાનુભાવો મહર્દ્ધિક દેવતાપણે પણ થાય છે, આવો સ્પષ્ટ અર્થ થઈ શકે, હવે જેઓએ ઈંદ્રપણું મેળવ્યું હોય, જેઓએ સામાનિકપણું મેળવ્યું હોય કે જેઓએ મહર્દ્ધિક દેવપણું મેળવ્યું હોય તેઓને મોક્ષ પ્રાપ્તિ સુધીમાં જીર્ણોદ્ધારના પ્રભાવે કેવી કેવી ઉત્તમતા મળે છે તે જણાવે છે.

## બાલતપસ્યાથી મેળવેલ દેવલોકપણાનું પર્યવસાન શું ?

ધ્યાન રાખવા જેવું છે કે અજ્ઞાન તપસ્યાથી કે શાસનનો વિરોધ કરવા આદિપૂર્વક કરેલી જૈનશાસ્ત્રની તપસ્યાથી અનન્તરપણે દેવલોક મળે

છે, પરંતુ તે જીવો દેવલોકથી ચ્યવીને અધમદશાને પામે છે તથા સમ્યગ્માર્ગથી તેઓ દૂર જ રહે છે, પરંતુ આ જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવ જીવો તો અનન્તર ભવે એકલો દેવલોક જ પામે છે એમ નથી, પરંતુ દેવભવના પછી પણ તે જીર્ણોદ્ધાર કરાવનાર જીવો મોક્ષપદની પ્રાપ્તિ કરવા સુધી લાગલાગટ સારા ભવોને જ મેળવે છે. આથી એથી આગળના ભવોની વાત શાસ્ત્રકાર મહારાજ જણાવે છે, વળી કેટલાક બાલતપસ્યાદિદ્વારાએ અજ્ઞાન જીવો દેવલોકને મેળવે છે, છતાં તેવી અજ્ઞાનીઓને દેવભવમાં સતત સુખ મેળવવાનું હોતું નથી, પરંતુ અનેક પ્રકારની દુર્બુદ્ધિઓ દેવભવમાં પણ તેઓને સુઝે છે અને તેથી એવાં અનેક કાર્યો ચમરેન્દ્રાદિની માફક તેઓ દુઃસાહસપણે કરે છે કે જેને પ્રતાપે તેઓની લાંબી જીંદગી સતત સુખમય થવી મુશ્કેલ જ પડે છે, પરંતુ જીર્ણોદ્ધાર કરવા કરાવવા દ્વારાએ પ્રાપ્ત થતું દેવપણું સતત સુખમય હોય છે, એ વસ્તુ જણાવવાને માટે શાસ્ત્રકાર કહે છે. કે सुरसुक्खं अणुभवेऊणं॰ અર્થાત્ દેવપણામાં ઈંદ્રપણે સામાનિકપણે કે મહર્દ્ધિકપણે કોઈપણ સ્થિતિએ જીર્ણોદ્ધાર કરાવનારો ઉત્પન્ન થાય તો તે ત્યાં દેવભવમાં સતત સુખને અનુભવવાવાળો જ થાય છે, જો આવી રીતે સતત સુખથી યુક્તપણું જણાવવું ન હોત તો ઈંદ્રપણું સામાનિકપણું અને મહર્દ્ધિકદેવપણું પ્રાપ્ત થવાનું જણાવ્યા પછી દેવતાના સુખને અનુભવવાનું જણાવત જ નહિં. એટલે સ્પષ્ટ થાય છે, કે જીર્ણોદ્ધારના પ્રભાવે થવાવાળા ઈંદ્રાદિકો દેવભવમાં સતતપણે સુખનો જ અનુભવ કરે છે, વળી એ વાત પણ સ્હેજે સમજી શકાય તેમ છે કે જગતનો ઉદ્ધાર કરવામાં તત્પર એવા શ્રી જિનેશ્વર એવા દેવ, નિર્ગ્રન્થ ગુરુ અને અકલંક એવા ધર્મની પવિત્ર વાસનાવાળો જે હોય એવો જ મનુષ્ય જીર્ણોદ્ધાર કરનારો હોય છે, તો તેવા જીવને દેવભવમાં પણ પૂર્વભવના સુસંસ્કારથી દુર્બુદ્ધિ ન સૂઝે અગર ઉત્પાત ન સૂઝે તેમાં નવાઈ નથી અને તે જ કારણથી દેવભવનું સુખ તેઓને સતતપણે મળે એવું કહેવું તેમાં કોઈ પણ પ્રકારની અતિશયોક્તિ નથી.

## જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવ દેવગતિમાંથી ક્યાં ઉપજે ?

જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવ અનન્તરપણે દેવભવ પ્રાપ્ત કર્યા પછી અને તેના સુખો અનુભવ્યા પછી જરૂર મનુષ્યભવમાં આવે છે, અર્થાત્ દેવગતિ પ્રાપ્ત કરનારા જીવો દેવગતિમાંથી ચ્યવીને મનુષ્યપણામાં જ આવે એવો શાસ્ત્રીય નિયમ નથી, એટલું જ નહિં, પરંતુ દેવતાઓનો ઘણો જ મોટો ભાગ દેવપણામાંથી ચ્યવીને તિર્યંચપણામાં જ જવાવાળો હોય છે. વાચકવર્ગે યાદ રાખવું જરૂરી છે કે ઉત્કૃષ્ટપણે એકજ સમયમાં પણ જેટલા દેવતા ચ્યવે છે તેટલાઓને પણ ગર્ભજ મનુષ્યમાં સ્થાન મળવું મુશ્કેલ છે. તો પછી દરેક દેવતા દેવતાના ભવથી ચ્યવીને મનુષ્યપણું જ પામે એમ કેમ કહી શકાય ? વળી સદા કાળને માટે જગતના સ્વભાવથી ગર્ભજ મનુષ્યોની સંખ્યા ઘણી જ ઓછી સંખ્યાતની ગણત્રીવાળી છે, ત્યારે દેવતાઓની સંખ્યા અસંખ્યાતનામની સંખ્યામાં જ રહેવાવાળી છે, એટલે કોઈપણ પ્રકારે કોઈ પણ કાલે સર્વદેવતાઓ ચ્યવીને ગર્ભજ મનુષ્ય જ થાય એમ બની શકે જ નહિં અને તેમ બનતું પણ નથી, પરંતુ ભગવાન્ જીનેશ્વરમહારાજના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવનારા મહાનુભાવો તો તે જીર્ણોદ્ધારના પ્રતાપે દેવપણું મેળવે એટલું જ નહિં, પરંતુ તે દેવપણાથી ચ્યવીને પણ તિર્યંચની ગતિમાં જાય જ નહિં, પરંતુ કેવલ મનુષ્યગતિમાં જ આવે એ વાત જણાવવાને માટે જીર્ણોદ્ધારના ફલના અધિકારમાં मणुअत्ते संपत्तो॰ એટલે મનુષ્યપણામાં આવે અને મનુષ્યપણામાં આવ્યા પછી પણ આગળ જણાવવામાં આવે છે તેવી ઉચ્ચદશાને જ તેઓ પ્રાપ્ત કરે.

### જીર્ણોદ્ધાર કરાવનાર જીવ મનુષ્યગતિ પામવા સાથે બીજું શું શું પામે ?

વાચકવર્ગની ધ્યાન બહાર તો એ વસ્તુ નહિં જ હોય કે સામાન્યદેવપણું સામાનિકદેવપણું, મહર્દ્ધિકદેવપણું કે યાવત્ ઈંદ્રપણું પ્રાપ્ત કરનારો જીવ બીજાભવે નિયમિત મનુષ્યગતિમાં આવે એવો નિયમ નથી, પરંતુ જીર્ણોદ્ધાર કરવાના પ્રભાવે દેવલોક જનાર મહાનુભાવ તો ત્યાંથી જરૂર મનુષ્યપણામાં જ આવે એવો નિયમ શાસ્ત્રકાર જણાવે છે. એકલું મનુષ્યપણું જ પ્રાપ્ત થવાનું જણાવે છે એમ નહિં, પરંતુ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ મનુષ્યપણામાં આવે ત્યાં પણ અનાર્યદેશમાં કોઈપણ પ્રકારે જન્મ પામે નહિં, પરંતુ તે મહાનુભાવનો જન્મ આર્યક્ષેત્રમાં જ હોય, જો કે આર્યમંગુ સરખા આચાર્યો અને આર્દ્રકુમાર સરખા મહાનુભાવો સંયમને ગ્રહણ કરવાવાળા છતાં મનુષ્યભવને પ્રાપ્ત થતી વખત પણ અનાર્યક્ષેત્રમાં ઉપજ્યા છે, છતાં જીર્ણોદ્ધારની ક્રિયાનો કોઈક એવો જ વિચિત્ર પ્રભાવ હોય એમ શાસ્ત્રકાર જણાવે છે કે જે પ્રભાવથી તે જીર્ણોદ્ધાર કરનારો મનુષ્ય આર્યક્ષેત્રમાં જ મનુષ્યપણાને મેળવે, જો કે શાસ્ત્રકાર મહારાજાએ ચોખ્ખા શબ્દોમાં આર્યક્ષેત્ર મળવાની વાત જણાવી નથી, પરંતુ જે હરિવંશાદિક કુલોમાં ઉત્પત્તિ થવાનું જણાવેલું છે તે કુલો અનાર્યક્ષેત્રમાં હોય જ નહિં. અર્થાત્ હરિવંશાદિક કુલોની વ્યવસ્થા આર્યક્ષેત્રમાં જ હોય છે અને તેથી હરિવંશાદિક કુલો જે આર્યકુલો ગણાય છે તે આર્યકુલોમાં ઉત્પન્ન થવાનું જણાવતાં આર્યક્ષેત્રમાં ઉત્પન્ન થવાનું સ્પષ્ટપણે જણાવે છે, જેવી રીતે આ શાસ્ત્રકારે મનુષ્યપણાની પ્રાપ્તિ પછી સીધો આર્યકુલની સાથે સંબંધ જોડ્યો છે, અને તેમ કરી આર્યદેશની ઉત્પત્તિ અર્થાપત્તિથી જણાવેલી છે, તેવી જ રીતે શ્રી ઉત્તરાધ્યયન સૂત્રકાર મહારાજે પણ ચંઉકીય અધ્યયનમાં મનુષ્યપણાની પ્રાપ્તિ પછી ઉત્તમકુલની પ્રાપ્તિ જણાવીને આર્યદેશની પ્રાપ્તિ ગર્ભિતપણે જ જણાવી છે. વળી જીર્ણોદ્ધારના પ્રભાવને જણાવતાં આર્યક્ષેત્રની પ્રાપ્તિની માફક કુલકરવંશાદિક કુલોને ન જણાવતાં જે ઈક્ષ્વાકુ વિદેહ-હરિ-અમ્બષ્ઠ-જ્ઞાત-કુરૂ બુંબુનાલ-ઉગ્ર-ભોગ રાજન્ય ઈત્યાદિક જે કુલો તત્ત્વાર્થ ભાષ્યકારે જાત્યાર્ય તરીકે ગણાવેલા છે, તેમાંના ઈક્ષ્વાકુ અને હરિવંશ એ બે ભેદો જણાવી ઉપલક્ષણથી વિદેહ આદિ ઉત્તમજાતિઓમાં જ તે જીર્ણોદ્ધાર કરનારની ઉત્પત્તિ થાય છે, એમ સ્પષ્ટ જણાવેલું છે, જો કે આ જણાવેલી જાતિઓમાં કેટલીક જાતિઓ કુલ તરીકે પણ અન્યત્ર શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે, પરંતુ ભાષ્યકાર મહારાજના મુદ્દા પ્રમાણે સામાન્ય પ્રચલિત એવો જાતિ અને કુલનો ભેદ રાખવામાં આવેલો નથી, તેમ માતૃપક્ષ તે જાતિ કહેવાય અને પિતૃપક્ષ તે કુલ કહેવાય. એવો પણ ભેદ રાખવામાં આવ્યો નથી. ભાષ્યકારમહારાજાએ તો કુલકરની પરંપરા કે શલાકાપુરુષની પરંપરાને કુલ તરીકે જણાવેલ છે અને બાકીના હરિવંશાદિ સર્વ ભેદો જાતિ તરીકે જણાવેલા છે, એટલે અહિં પણ તેવી જ કોઈ અપેક્ષા ધ્યાનમાં રાખીને શાસ્ત્રકાર મહારાજે જેમ આર્યક્ષેત્રની ઉત્પત્તિનો અધિકાર અર્થાપત્તિથી જાણવાનો રાખ્યો, તેવી રીતે કુલકરવંશાદિક કુલો કે ઉગ્રાદિક કુલોરૂપી ઉત્તમ કુલોમાં જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવનું જન્મવું તે પણ અર્થાપત્તિથી જણાવવું ઉચિત ગણ્યું છે, પરંતુ સાક્ષાત્ ઉત્તમકુલ અને જાતિ જણાવવા માટે ઈક્ષ્વાકુવંશ અને હરિવંશ એ બે કુલ જણાવેલા છે.

### સેનાધિપતિ આદિ પદવીઓ પણ શાના પ્રતાપે?

વળી એ બે કુલો અગર ઉપલક્ષણથી ઉપર જણાવેલાં બધાં જાતિકુલોમાં ઉત્પન્ન થયા છતાં પણ જીર્ણોદ્ધાર કરાવનારા મહાનુભાવો એકલા સામાન્ય

ઉત્તમકુલ કે ઉત્તમજાતિવાળા જ માત્ર હોતા નથી, પરંતુ તેઓ કાં તો સેનાધિપતિની પદવીને પામનારા હોય છે કાં તો અમાત્ય એટલે પ્રધાન પદવીને પામવાવાળા હોય છે, જો કે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવો મનુષ્યભવને પ્રાપ્ત થતાં ઉત્તમકુળમાં આવતાં રાજાપણું ન જ પામે એમ શાસ્ત્રકાર જણાવતા નથી, પરંતુ સાક્ષાત્ શબ્દોથી સેનાધિપતિપણું અને અમાત્યપણું જણાવે છે, એટલે કદાચ એમ પણ કલ્પી શકાય કે જીર્ણોદ્ધારથી મળતા ઉત્તમકુલ અને ઉત્તમજાતિમાં જીર્ણોદ્ધાર કરાવનારનું પણ પદ સેનાધિપતિ કે અમાત્યનું મુખ્યતાએ હોય. આ સ્થાને એમ કહી શકીએ કે રાજા મહારાજાની આજ્ઞા આખા દેશમાં પ્રવર્ત્તે છે, પરંતુ તે આજ્ઞાનું પ્રવર્ત્તાવવું જો કોઈ પણ કરી શકતા હોય તો તે માત્ર સેનાધિપતિ અને અમાત્યો જ કરે છે. શત્રુના દેશોની અંદર રાજાની આજ્ઞા પ્રવર્ત્તાવવાનું કાર્ય જેટલું સેનાધિપતિઓ કરે છે તેટલું જ આજ્ઞા પ્રવર્ત્તાવવાનું કાર્ય પોતાના દેશની અંદર અમાત્યો કરે છે. અને તેથી જ નીતિકાર દેશની સામાન્ય અવસ્થા જણાવતાં સ્પષ્ટશબ્દોમાં જણાવે છે કે **सदाऽनुकूलेषु हि कुर्वते रतिं, नृपेष्वमात्येषु च सर्वसंपदः** અર્થાત્ રાજા અને પ્રધાનોની પરસ્પર અનુકૂલતા હોય તોજ સર્વ સંપત્તિઓ તે રાજ્યમાં કે તે રાજા અને પ્રધાનોમાં આનંદ કરે છે એટલે સ્વદેશની અપેક્ષાએ સંપત્તિનું નિદાન પ્રધાનની મુખ્યતાવાળું હોય છે, અને સેનાધિપતિની મુખ્યતાવાળું તો સંપત્તિનું નિદાન પ્રદેશની અંદર હોય છે, પરંતુ આ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ એટલો બધો પરાક્રમી અને બુદ્ધિસંપન્ન હોય છે કે જેથી તેને સેનાધિપતિપણું કે અમાત્યપણું મળ્યા સિવાય રહેતું નથી. એટલે મોટે ભાગે જીર્ણોદ્ધાર કરાવનારા જીવો મનુષ્યપણામાં, આર્યક્ષેત્રમાં, ઉત્તમકુલમાં અને ઉત્તમજાતિમાં જન્મ પામવાને લીધે એકલી જન્મથી ઉત્તમતાવાળા ગણાય તેવા હોતા નથી, પરંતુ સ્વયં પરાક્રમશાળી જ હોય છે. અને તેથી તેઓ સેનાધિપતિ કે અમાત્ય જેવા હોદ્દાને પામનારા હોય છે. વાચકવર્ગે યાદ રાખવું જરૂરી કે રાજ્યસ્થિતિ કે દેશસ્થિતિની અપેક્ષાએ રાજાના કુલમાં જન્મેલા મુખ્ય પુત્રને રાજ્ય મળે છે તેમાં તે રાજપુત્રનું પરાક્રમ ન પણ હોય તો પણ તે રાજા કે રાજકુલ તરફ વફાદારી રાખવાવાળા મનુષ્યોના પ્રામાણિકપણાને લીધે નિષ્પરાક્રમી રાજપુત્રને પણ રાજગાદી મળી શકે છે. પરંતુ સેનાપતિપણું કે અમાત્યપણું વંશપરંપરાથી ચાલી આવેલું હોય અને અપાય છે એવો નિયમ નથી, કિન્તુ નવા નવા પરાક્રમને કરવાવાળાઓ સેનાધિપતિ અને અમાત્યો બની શકે, એટલે સ્વયં પરાક્રમયુક્તપણાની નિયમિતતા જણાવવા માટે જ રાજાપણું કે રાજપુત્રપણું ન જણાવતાં સેનાધિપતિપણું અને અમાત્યપણું જણાવેલું હોય તો તે અસંભવિત તો નથી જ એટલે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ મનુષ્યપણા આદિને મેળવનાર થયા છતાં પણ સ્વપરાક્રમથી દેશ-પરદેશમાં પ્રખ્યાતિ પામનારો થાય છે. વળી એ વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે સેનાધિપતિ અને અમાત્યો બન્ને રાજાઓને આધીન હોય છે. પરંતુ તે તેઓની આધીનતા માત્ર પુણ્યની ન્યૂનતાને જ આભારી હોય છે, પરંતુ પરાક્રમના અભાવને આભારી હોતી નથી. જ્યારે સમસ્ત દેશ અને સમસ્ત રાજ્ય જે સેનાધિપતિની અને અમાત્યની આધીનતા સ્વીકારે છે તે તેઓના પરાક્રમને જ આભારી હોય છે. પરાક્રમ રહિતને સેનાધિપતિપણાનું પદ કોઈ દિવસ પણ પ્રાપ્ત થતું નથી, તેમ કથંચિત્ પ્રાપ્ત થયેલું પણ હોય તો તે ટકી પણ શકતું નથી. એવી જ રીતે અમાત્યપણાની પદવી પણ પરાક્રમના પ્રતાપે જ મળવાવાળી હોય છે, અને પરાક્રમહીનપણું હોય તો તે અમાત્યપદવી મળતી નથી, એટલું જ નહિ, પરંતુ કથંચિત્ તેવા

વિચિત્રસંયોગે અમાત્યપણું મળી ગયું હોય તો પણ તે ટકી શકતું નથી. તેમજ ટકાવી શકાતું પણ નથી. એટલે સ્પષ્ટ થાય છે કે રાજાપણામાં સ્વગુણની ખ્યાતિથી પ્રસિદ્ધ થવાનો જેટલો સંભવ છે તેના કરતાં અનેકગુણો સંભવ સેનાધિપતિપણાની અને અમાત્યપણાની પદવીને અંગે હોય છે. એથી પણ જીર્ણોદ્ધાર કરનારને રાજાપણું મળવાનું હોય છતાં પણ તે ન જણાવ્યું હોય અને સેનાધિપતિપણું તથા અમાત્યપણું મળવાનું જણાવેલું હોય. દેશ અને નગરની અપેક્ષાએ પરાક્રમદ્વારાએ સેનાધિપતિપણું કે અમાત્યપણું ઉત્તમ છતાં તે ઉત્તમતા સાધનબલની અધિક્તાને લીધે પણ મેળવી શકાય છે. એટલે સેનાધિપતિપણું અને અમાત્યપણું સત્તાના જોરે પણ મેળવી શકાય, પરંતુ બુદ્ધિ અને ભાગ્ય ઉભયના સંયોગે જો કોઈક આધિપત્યપણું મેળવવાને ભાગ્યશાળી થઈ શકતા હોય તો તે માત્ર નગરશેઠ વિગેરે શ્રેષ્ઠીઓ જ છે, જો કે બીજી જગા પર सेट्ठिकुलंसि० એ વિગેરે કહીને શાસ્ત્રકારો કુલ જાતિ વિગેરેની યુક્તતા જણાવે છે, પરંતુ અહિં શાસ્ત્રકાર મહારાજ ઈભ્યસુત વિગેરે કહીને જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવને મનુષ્યપણું પ્રાપ્ત થતાં તેનું અઢળક ઋદ્ધિ સહિતપણું જણાવી તે દ્વારાએ શેઠીયાપણું જણાવે છે. વાચકવર્ગના ધ્યાનમાં હશે કે ભગવાન્ મહાવીર મહારાજના વખતમાં પણ વિશાલા નગરીમાં જુના શેઠની દશા પડતી હોવાને લીધે ચઢતી દશાવાળા નવા શેઠને શેઠપદે સ્થાપન કરવામાં આવ્યા હતા એટલે શેઠીયાપણું નિયમિત રહી શકે છે એમ ન કહી શકાય, પરંતુ જેને ઇભ્યપુત્રપણું હોય તેનું તો શેઠીયાપણું નિયમિત જ હોઈ શકે છે અને તેથી જીર્ણોદ્ધારના પ્રભાવને જણાવતાં જીર્ણોદ્ધાર કરાવનારને ઈભ્યસુતપણા વિગેરેની પ્રાપ્તિ શાસ્ત્રકારે જણાવેલી છે. શાસ્ત્રને સામાન્ય રીતે વાંચનાર અને સમજનારાઓની ધ્યાન બહાર એ વસ્તુ તો નહિં જ હોય કે શાસ્ત્રકારો તેને જ ઈભ્ય તરીકે ગણાવે છે કે જેના ઘરનું સોનું, રૂપુ, મણી, રત્ન વિગેરે દ્રવ્ય એકઠું કરીને ઢગલો કરવામાં આવે અને તેની પાછળ ઈભ એટલે હાથીને ઉભો રાખવામાં આવે તો તે હાથી તે સેનાદિકના ઢગલાથી દેખાતો બંધ થાય અગર તે ધનના ઢગલાની આગળ હાથી ઉભો રાખવામાં આવે તો તે ધનનો ઢગલો હાથી કરતાં પણ ઉંચો ચઢી ગયેલો એટલે ઉંચો હોવાને લીધે દેખવામાં આવે. આવા જબરજસ્ત ધનાઢ્યોને શાસ્ત્રકારો ઈભ્ય તરીકે કહે છે અને તે વાત ઈભ્યોના પુત્રાદિકપણે (નજીકના એટલે કુટુમ્બી તરીકે) જન્મે છે એમ કહી જણાવે છે, વળી તે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ એકલો રાજા, સેનાધિપતિ, અમાત્ય કે શ્રેષ્ઠી આદિ પદની પ્રાપ્તિદ્વારાએ જ ઉત્તમ હોય છે એમ નહિં, પરંતુ તે જીર્ણોદ્ધાર કરવા દ્વારાએ મનુષ્યભવમાં તે તે પદવીને પ્રાપ્ત કરનારા હોવા છતાં પણ કેવા ઉચ્ચસ્થાને હોય છે તે જણાવે છે.

**સર્વકળાઓમાં કુશલપણું અને સ્ત્રીપણે અનુત્પત્તિ શાથી ?**

જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવો કલાના સમુદાયમાં કુશલ હોય છે. શાસ્ત્રકારો પુરૂષની વિશિષ્ટતા જણાવતી વખત ગુણોને કળાના નામથી ઓળખાવી બહોતેર કળાઓ પુરૂષની હોય એમ જણાવે છે. જ્યારે સ્ત્રીઓને અંગે વિશિષ્ટતા જણાવવી હોય છે ત્યારે महिलागुणो એમ કહી સ્ત્રીઓના ચોસઠ ગુણો જણાવે છે. તેથી અહિં જે કળાના સમુદાયમાં કુશલપણું જણાવેલું છે તે એમ જણાવે છે કે જીર્ણોદ્ધારને કરવાવાળા મહાનુભાવો દેવતાના સુખ અનુભવીને

મનુષ્યપણામાં આવેલા હોય ત્યારે તેઓ મહાપુરૂષપણાને જ પામેલા હોય, જો કે મહાબલ સરખા તીર્થંકર થનારા જીવો અને બ્રાહ્મી, સુંદરી સરખી જગવિખ્યાત વ્યક્તિઓના જીવોને પીઠ અને મહાપીઠ સાધુઓ તે દેવલોકની પ્રાપ્તિ કર્યા પછી પુરૂષપણામાં ન આવતાં સ્ત્રીપણામાં આવ્યાં છે, છતાં આ જીર્ણોદ્ધાર કરનારની જરૂર એ વિશેષ મહત્તા ગણાય કે જીર્ણોદ્ધારના પ્રતાપે દેવલોકમાં દેવતાઈ સુખ ભોગવીને મનુષ્યપણામાં આવે ત્યારે પણ તેઓ જરૂર પુરૂષપણામાં જ ઉપજે. આ ઉપરથી કથંચિત્ એમ કહી શકાય કે જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવના આત્મામાં એટલી બધી શુદ્ધતા થતી હોવી જોઈએ કે જેથી તેના આત્મામાં પ્રપંચનો કે ઈર્ષ્યાનો અંશ પણ ન હોય અને એ વાત તો ચોખ્ખી છે કે પ્રપંચ કે ઈર્ષ્યાના સદ્ભાવ વગર સ્ત્રીવેદનું કર્મ બાંધવાનો પ્રસંગ મુખ્યત્વે આવતો જ નથી. જીર્ણોદ્ધાર કરાવનાર મહાનુભાવ કળાના સમુદાયમાં કુશલ હોય એ કહેવાથી એ વાત પણ શાસ્ત્રકાર સ્પષ્ટ કરે છે કે પૂર્વભવમાં જીર્ણોદ્ધાર કરાવનાર જે જે મહાનુભાવો હોય તે માત્ર આજીવિકાના સાધનભૂત શિક્ષણને અથવા તેવી કલાને રજમાત્ર ધરાવનારા હોય એમ નહિં, પરંતુ કળાના સમુદાયને ધારણ કરનારા હોય છે. એટલે અનેક કલાઓને ધારણ કરનારા હોય છે. આ સ્થાને એ વાત સમજવા જેવી છે કે કુલપરંપરાએ ચાલતા વ્યવહારમાત્રને ઉપયોગી એવી કળાને ગ્રહણ કરનારાઓને નવા-જુના પ્રસંગો આવતાં જીવનનિર્વાહની મુશ્કેલી થઈ પડે છે, પરંતુ જેઓ પેટના નિર્વાહને માટે કળાને સાધન તરીકે ન માનતાં જીવનનિર્વાહના સાધન તરીકે કળાઓને માનવાવાળા હોય તેઓ કોઈ દિવસ પણ એકલી ઉદરનિર્વાહની કળામાત્રથી સંતોષ માનવાવાળા હોય નહિં, પરંતુ જીવનનિર્વાહને ધ્યાનમાં રાખીને સર્વકળાઓને ધારણ કરનારા હોય. એ જ અપેક્ષાએ જીર્ણોદ્ધાર કરવાનું મહત્ત્વ જણાવતાં કળાના સમુદાયને ધારણ કરવાની સૂચના કરી છે. વળી खंडे खंडेच पाण्डित्यम् એટલે અંશે અંશે કળા ગ્રહણ કરીને કેટલાક લોકો પોતાની સર્વકળાસંપન્નતા બતાવે છે, તેમ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવો બીજા ભવમાં અંશમાત્રના ગ્રાહક ન હોય, પરંતુ સંપૂર્ણપણે સર્વકળાના ગ્રાહક હોય, અને ગ્રાહક માત્ર થયા હોય એટલું જ નહિં, પરંતુ સર્વકળામાં નિપુણતાવાળા હોય એ જણાવવા માટે कलाकलावे कुसला० એમ કહી પુરૂષ કળાના સમુદાયમાં કુશલ એટલે ઘણા જ નિપુણ થયેલા હોય છે એમ જણાવે છે.

## કુલીનતા, સરળતા આદિ કોના પ્રભાવે ?

જગતમાં કેટલાક મનુષ્યો એવા હોય છે કે જેઓ ઉત્તમકુળમાં ઉત્પન્ન થયા છતાં, કળાના ગ્રહણને માટે કે બીજા કોઈ તેવા કારણને માટે ઈલાચિપુત્ર આદિની માફક પોતાના ઉત્તમકુળને છોડી દેનારા થાય છે, અને તેથી સારાકુળમાં ઉત્પન્ન થયા છતાં પણ અકુલીનપણે ગણાવાનો વખત આવે છે, પરંતુ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવને તેવો પ્રસંગ આવે જ નહિં. એમ જણાવતાં કળાકલાપની કુશળતા જણાવવાની સાથે કુલીનપણું હોય છે. એમ કહી ઉત્તમકુળની સ્થિતિ સતત ચાલુ રહે એમ જણાવે છે. કેટલાક મનુષ્યો કળાના સમુદાયમાં કુશલ હોય છે અને ઉત્તમકુળને પણ પામવાની સાથે શોભાવવા વાળા પણ હોય છે, પરંતુ કેટલાક અભિમાનના શિખરે એટલા બધા ચઢેલા હોય છે કે ક્રોધાદિથી તેઓ તેવા પરાધીન થયેલા હોય છે કે જેથી એઓ જગતને કે પોતાના પરિચયવાળા વર્ગને અનુકૂળ વર્ત્તનવાળા બની શકતા નથી, પરંતુ આ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ તો અનુકૂળતાના જ સ્વભાવવાળા હોય. એટલે કહેવું જોઈએ કે અંતરંગ કામક્રોધાદિક શત્રુઓને જીતનાર હોય છે.

જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવને અમુક સંજોગો પુરતી જ અનુકૂલતા હોવાનું બને છે એમ નથી, પરંતુ તે મહાનુભાવ હંમેશાં વિવેકી લોકોની અનુકૂલતાવાળા જ હોય છે, એવી રીતે કળાના સમુદાયમાં કુશલતા, કુલના આચારની ઉત્તમતા અને હંમેશાં અનુકૂલતા ધારણ કરવાવાળા મનુષ્યોમાં પણ સરળતાનો ગુણ આવવો એ ઘણી મુશ્કેલીની ચીજ છે. એટલે મનુષ્યજાતિના સ્વભાવથી લોભની અધિક્તા જોવામાં આવે છે અને તે જાતિ લોભના પોષણને માટે મનુષ્યને સરલપણે વર્ત્તવું બહુ જ મુશ્કેલ થઈ પડે છે. પરંતુ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ એવો ભાગ્યશાળી હોય છે કે તેના ભાગ્યના પ્રતાપે તેને અઢળકઋદ્ધિ વગર ઈચ્છાએ પણ મળે અને કોઈપણ કારણસર કોઈપણ પ્રકારના પ્રપંચો કરવાની તે મહાનુભાવને જરૂર રહે નહિં. જેમ કળાના સમુદાયમાં કુશલતા, ઉત્તમકુળ, અનુકૂળતા અને સરળતા એ ગુણો જેવી રીતે ઉત્તમતાની નિશાનીરૂપ છે, એવી રીતે એ ગુણો દુઃશીલપણાની વિકૃતિની પણ જડ છે, પરંતુ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવને મળેલા તે કળાસમુદાય વિગેરેનો સમૂહ અવળે માર્ગે લઈ જનાર બને જ નહિં, પરંતુ તે મહાનુભાવ કળાસમુદાય આદિએ યુક્ત છતાં પણ પવિત્ર આચારવાળા જ હોય એમ જણાવવા માટે શાસ્ત્રકાર સુશીલા. એ વિશેષણ મૂકે છે.

## દૌર્ભાગ્ય નામકર્મનો અભાવ શાથી ?

જગતમાં કેટલાક મહાનુભાવો કળાના સમુદાયમાં કુશળ હોય, ઉત્તમકુળવાળા હોય, અનુકૂળ હોય, સરલ હોય અને પવિત્ર આચારવાળા હોય, છતાં પણ દુર્ભાગ્ય નામકર્મના ઉદયને લીધે કોઈપણ વ્યક્તિને તે મનુષ્યો પ્રીતિકર થાય નહિં, એવું બને, છતાં જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવને તો એવી દૌર્ભાગ્યવાળી દશા સ્વપ્ને પણ ન હોય, કિન્તુ દેવતા, મનુષ્ય અને દાનવો તથા દેવી સ્ત્રી અને અસુરદેવીઓના મન અને લોચનને આનંદ આપનારો જ તે બને છે, જો કે આનંદ પ્રાપ્ત થવો, કે આનંદને અનુભવવો તે આત્માનું કાર્ય છે. મન અને નેત્ર તો ભૌતિક હોવાને લીધે સુખ કે આનંદના સ્વભાવવાળાં હોતાં નથી, પરંતુ સૌભાગ્યને ધારણ કરનારા મનુષ્યોની ઉત્કૃષ્ટતા જણાવતાં સર્વ કવિઓ મન અને લોચનના જ આનંદને વર્ણવે છે. તત્ત્વસ્થિતિએ વિચારીએ તો તે સૌભાગ્યને ધારણ કરનારો મનુષ્ય એટલા બધા ગુણના સમુદાયવાળો હોય કે જેના ગુણગણને સ્મરણ કરતા દેવતા અને દેવીઓ વિગેરે સર્વ આનંદ પામે, તેમજ જેના શરીરના રૂપ, રંગ, સંસ્થાન, અંગાવયવો વિગેરે એટલા બધા સુંદર હોય કે તે સૌભાગ્યશાળી મનુષ્યને દેખનારા દેવ, દેવી, સ્ત્રી અને પુરૂષો એકસરખા આનંદને જ પામે. અર્થાત્ સૌભાગ્યને ધારણ કરનાર પુરૂષોના ગુણ અને રૂપાદિને અંગે ઉત્પન્ન થતા આનંદની તીવ્રતા જણાવવા માટે મન અને લોચનને આનંદ કરે એવી ઘટના કરવી પડે છે. વસ્તુતઃ મન અને લોચન દ્વારાએ દેખનાર અને વિચારનાર મનુષ્યો ભાગ્યશાળીને અંગે અનહદ આનંદને પ્રાપ્ત કરે છે. મનુષ્યત્વાદિકની પ્રાપ્તિ વિગેરે ગુણો જે જીર્ણોદ્ધારના ફળરૂપે જણાવ્યા છે તેના હેતુ તરીકે ગુણોને જણાવતાં જીર્ણોદ્ધાર કરનારની સૌમ્યતા, તેજસ્વિતા, રૂપયુક્તતા અને જનેષ્ટતા જણાવવા માટે શાસ્ત્રકાર મહારાજા આગળની ગાથા કહે છે.

## અપૂર્વ સૌમ્યપણું અને તેજસ્વીપણું ભવાંતરમાં શાથી ?.....

સૌમ્યતાનું સ્થાન પુરૂષોમાં નથી હોતું એમ નહિં ભગવાન્ તીર્થંકર વિગેરે મહાપુરૂષોમાં સૌમ્યતાની પરાકાષ્ઠા હોય છે, પરંતુ ભગવાન્ તીર્થંકર મહારાજા વિગેરે નથી તો બીજા આરા સુધીમાં રહેનારા, તેમ નથી તો જગતમાં બધે ભ્રમણ

દ્વારાએ વ્યાપ્તિ કરનારા, એટલે ભગવાન્ જિનેશ્વર મહારાજમાં અપૂર્વ સૌમ્યતા ખીલેલી છે, છતાં પણ તેઓ કાલાંતર અને ક્ષેત્રાંતરના મનુષ્યોને જગત્‌ના વ્યવહારની દૃષ્ટિએ દૃષ્ટાન્તભૂત થતા નથી, પરંતુ ચંદ્રમા એ એવી વસ્તુ છે કે જે જગતના બીજા સર્વપદાર્થો કરતાં અત્યંત સૌમ્યતાવાળી છે અને તે સૌમ્યતા તેના પરિભ્રમણ અને સ્થાયિપણાને લીધે ક્ષેત્રાન્તર અને કાળાંતરમાં પણ પ્રત્યક્ષનો વિષય દૃષ્ટાન્તરૂપ થઈ શકે છે. આ કારણથી શાસ્ત્રકાર મહારાજે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવની સૌમ્યતાની ઘટના ચંદ્રની સાથે કરીને **चंदोव्व सोम्मयाए०** એમ જણાવી જણાવ્યું છે કે તે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ દેવભવનાં સુખો અનુભવીને જ્યારે મનુષ્યભવમાં આવે છે ત્યારે અનહદ સૌમ્યતાવાળો હોય છે અને તેની તે સૌમ્યતા ખરેખર ચંદ્રની સાથે ગણી શકાય. વાચકવર્ગે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે જૈનગ્રંથોના અનુસારે સૂર્ય કરતાં પણ ચંદ્રની મહર્દ્ધિકતા છે અને તે મહર્દ્ધિકતાની સાથે સૌમ્યતા રહેવાથી એ સૌમ્યતાની કિંમત ઘણે જ ઉંચે દરજ્જે જાય છે, વળી આત્મકલ્યાણના માર્ગની અપેક્ષાએ તેજસ્વીપણાને જેટલું અગ્રસ્થાન મળતું નથી તેના કરતાં અનેકગણું અગ્રસ્થાન સૌમ્યતાને આપવામાં આવે છે. ભગવાન્ જીનેશ્વર મહારાજની સ્તુતિમાં **પ્ર प्रशमरसनिमग्नं दृष्टियुग्मं** એમ કહી વીતરાગતાના પ્રથમ પગથીયા રૂપે દૃષ્ટિની સૌમ્યતાને આગળ કરવામાં આવેલી છે. વળી કવિરૂઢિની અપેક્ષાએ ભગવાન્ તીર્થંકર મહારાજની તેજસ્વીતાનો ભામંડળ નામના પ્રાતિહાર્યમાં સંક્રમ ઉત્પ્રેક્ષિત કરવામાં આવ્યો છે, પરંતુ સૌમ્યતાના એક અંશનો પણ સંક્રમ કવિ લોકના અલંકારની રૂઢિએ પણ કરવામાં આવ્યો નથી. એટલે જીર્ણોદ્ધાર કરનારના મહિમાને જણાવતાં ચંદ્ર જેવી સૌમ્યતા જણાવી જીર્ણોદ્ધાર કરનારનું અપૂર્વ સૌમ્ય ભવાન્તર થવાનું જણાવ્યું છે, જેવી રીતે સૌમ્યતાને માટે ચંદ્રને દૃષ્ટાન્ત તરીકે લીધો, તેવી રીતે તેજસ્વીતાને માટે સૂર્યને દૃષ્ટાન્ત તરીકે લેવામાં આવ્યો છે. જગતમાં એ વાત તો સ્પષ્ટ છે કે સૂર્યની તેજસ્વીતા આગળ અન્ય મણિ, રત્ન, તારા, નક્ષત્ર, ગ્રહ અને ચંદ્ર વિગેરે કોઈપણ તેજસ્વીપણાને ધારણ કરી શકતા નથી. એટલે જગતમાં તેજસ્વીતામાં ઉત્કૃષ્ટસ્થાન સૂર્યનું હોઈને જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવને માટે જણાવવામાં આવ્યું કે તે મહાનુભાવ તેજસ્વીતાએ કરીને સૂર્ય જેવો થાય.

### સુરૂપતા અને જનવલ્લભપણું પણ જીર્ણોદ્ધારથી મળી શકે.

સૌમ્યતાએ ચંદ્ર જેવો અને તેજસ્વીતાએ સૂર્ય જેવો છતાં પણ શરીરના રૂપનું અવ્યવસ્થિતપણું હોય તો કાકપદવાળા રત્નની માફક તેની સૌમ્યતા અને તેજસ્વીતા બંને પણ પ્રશંસાની અપેક્ષાએ નકામાં થઈ જાય, માટે શાસ્ત્રકાર સૌમ્યતા અને તેજસ્વીતાના વર્ણનની સાથે જણાવે છે કે શરીરના રૂપ એટલે આકાર, રંગ અને સંસ્થાન આદિની અપેક્ષાએ તે જીર્ણોદ્ધાર કરનાર મહાપુરૂષ કામદેવ જેવી ઉચ્ચતર રૂપની સ્થિતિને પામેલો હોય. જો કે સૌમ્યતા, તેજસ્વીતા અને સુરૂપતા એ ત્રણે ગુણ હોવા છતાં પણ કેટલાક મનુષ્યો એવા દુર્ભાગ્ય નામકર્મના ઉદયવાળા હોય છે કે જેથી તેઓ જગતને વલ્લભ થઈ શકતા નથી, ગધેડીનું બચ્ચું સૌમ્ય હોય, મનોહર આકારવાળું હોય અને સ્વચ્છપણાથી ચમકતું પણ હોય, તો પણ સજ્જન પુરૂષોને તો તે ઈષ્ટ ન ગણાય તે સ્વાભાવિક જ છે. ભગવાન્ ઋષભદેવજી મહારાજના પુત્ર બાહુબલજી સૌમ્યતા, તેજસ્વીતા અને સુરૂપતા એ ત્રણે ગુણે યુક્ત હોવા છતાં જગવલ્લભપણાની પદવીને તો ભરતમહારાજા જ પામી શક્યા.

(અનુસંધાન પેજ - ૩૫૩) (અપૂર્ણ)

# સાગર સમાધાન

પ્રશ્ન-૫૮ સમ્યગ્દૃષ્ટિ જીવ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે સંપૂર્ણપણે વર્ત્તી ન શકે, છતાં તેનું સમ્યગ્દર્શન જાય નહિં, પણ માન્યતા અવળી થાય તો સમ્યક્ત્વ રહે નહિં એ વાત શાસ્ત્રસિદ્ધ હોવાથી રામ-શ્રીકાન્તોના કહેવા પ્રમાણે જેઓ સમ્યગ્દૃષ્ટિ હોય તેઓએ ભગવાન્ જીનેશ્વર મહારાજાદિના મરણને ઓચ્છવ તરીકે માનવો જ જોઈએ, અને જો તે તે મહાત્માઓના મરણથી તે તે મહાત્માના ભક્તો શોક મનાવે કે માને તો તેઓ વિપરીત શ્રદ્ધાવાળા થઈને મિથ્યાત્વી થાય એમ ખરું ?

સમાધાન-પ્રથમ તો ઉપર જણાવેલ **सञ्जित०** આર્યાનો અર્થ જ તેઓએ ખોટો જાણ્યો, માન્યો અને પ્રરૂપ્યો છે, વળી જો મહાત્માઓના મરણમાં શોક મનાવવો એ મિથ્યાદૃષ્ટિનું કાર્ય હોય અગર ઉત્સવ ન મનાવવો એ પણ મિથ્યાદૃષ્ટિનું કાર્ય હોય, અગર ઉત્સવ ન મનાવવો કે માનવો એ પણ મિથ્યાદૃષ્ટિનું કાર્ય હોય તો ભગવાન્ ગૌતમસ્વામીજી, ભરત મહારાજા અને ઈંદ્રમહારાજ કે જેઓએ ભગવાન્ મહાવીર મહારાજના કાલધર્મને અંગે અને ભગવાન્ શ્રીઋષભદેવજીના કાલધર્મને અંગે શોક માન્યો અને કર્યો છે, તેઓને તે શ્રીરામ-કાન્તો કેવો ગણશે અને માનશે ? ભગવાન્ મહાવીર મહારાજના નિર્વાણવખતે **कस्यांध्रिपीठे०** **राहुग्रस्तदिवाकरमिव०** અને **प्रसरति मिथ्यात्वतमो०** આ વિગેરે વાક્યોથી ભગવાન ગૌતમસ્વામીજીનો શોક સકલ શ્રીસંઘમાં જાહેર છે, **खेदोऽपि०** એ કથન પણ શ્રીગૌતમસ્વામીજીના ખેદને જ જણાવનારું છે, વળી ત્રિષષ્ટીપર્વની અંદર ભગવાન ઋષભદેવજીના નિર્વાણનો અધિકાર શું કહે તે જુઓ.

પર્વ ૧ સર્ગ ૬ પત્રં $\frac{૧૭૧}{૧}$

ततोऽकृशेन संस्पृष्टः, सद्यः शोककृशानुना।
तरुः सिमसिमाबिंदूनिवाश्रूणि मुमोच सः ॥४६४॥

પર્વ ૧ સર્ગ ૬ પત્રં ૧૭૧

तेऽपि त्रिर्दक्षिणीकृत्य, जगन्नाथं प्रणम्य, च। निषण्णाश्च विषण्णाश्च, तस्थुरालिखिता इव ॥४८२॥

પર્વ-૧-સર્ગ-૬ પત્રં ૧૬૨

महाशोकसमाक्रान्तश्चक्रवर्त्ती तु तत्क्षणम्।
पपात मूर्च्छितः पृथ्व्यां, वज्राहत इवाचलः ॥४९४॥

પર્વ-૧૦-સર્ગ-૧૩ પત્ર ૧૮૧

जगद्गुरोर्वपुर्नत्वा, बाष्पायितदृशः सुराः।

अदूरे तस्थुरथ ते, शोचन्तः स्वमनाथकम्

॥२४९॥

પર્વ-૧૦-સર્ગ૧૨ પત્ર ૧૮૨

श्रावकाः श्राविकाश्चापि, भक्तिशोकसमाकुलाः

ઉપરના શ્લોકોથી સ્પષ્ટ થાય છે કે ભરતમહારાજા, ઈંદ્રો, દેવતાઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ એ સર્વ ભગવાનના નિર્વાણથી શોકવાળા થયા છે, પરંતુ કોઈએ ભગવાનના મરણને ઓચ્છવરૂપ માન્યો નથી, એટલે રામ-શ્રીકાન્તોના મુદ્દાપ્રમાણે સમ્યક્ત્વનું પડીકું તે બધાનું છુટી ગયું હશે.

પ્રશ્ન-૫૯ સૂત્રો પ્રાકૃતભાષામાં લખાયા તેનું કારણ બાલ મૂઢ સ્ત્રી વિ.સમજી શકે અર્થાત્ પ્રાકૃતભાષા સહેલી છે માટે તે ભાષામાં ગ્રંથો લખવામાં આવ્યા છે. તો જો તે ભાષા સહેલી હોય તો નવા ગ્રંથો પણ તે જ ભાષામાં લખવા જોઈએ અને તેના ઉપર સંસ્કૃતભાષામાં ટીકાની જરૂર હોય નહીં, પરંતુ સહેલાઈને માટે તો સંસ્કૃતભાષાનો આશ્રય લેવો પડે છે તો પ્રાકૃતને સહેલી શા માટે કહેવામાં આવે છે ?

સમાધાન-તીર્થંકર અને ગણધરની હયાતિમાં એટલે સૂત્ર રચનાની વખતે માગધી અને અર્ધમાગધી ભાષા મગધાદિ દેશને માટે પ્રચલિત હતી. અને બાળ, સ્ત્રી, વગેરેને સ્હેજે સમજી શકાય તેવી હતી, અને તેથી આચારાંગાદિ અંગોની રચના કરી અને તેની ભાષા માગધી, અર્ધમાગધી રાખી તથા તેની સ્હેલાઈને લીધે નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણિઓ પણ તે ભાષામાંજ લખાઈ. પરંતુ જેમ દેશ વિશેષની માતૃભાષા દેશવિશેષવાળાને સમજવા માટે ભાષાન્તરની અપેક્ષા રાખે છે. ગુજરાતી ભાષા ઘણી સ્હેલી છતાં અન્યદેશવાળાને સમજવા માટે ભાષાંતરની જરૂર પડે છે. તેમ કાલવિશેષે તે ભાષાની મૃતપ્રાય અવસ્થા હોવાથી તેને સમજવા ટીકાની જરૂર ગણાય.

પ્રશ્ન-૬૦ પૂર્વો સંસ્કૃતભાષામાં હતાં તેવું સાંભળવામાં આવે છે, તો ઠાણાંગ-વિશેષાવશ્યક વિ. માં પૂર્વગત સૂત્રની સાક્ષીઓ આપવામાં આવે છે અને તે પ્રાકૃતમાં હોય છે તો ખરું શું છે ?

સમાધાન-પૂર્વગત નામના દૃષ્ટિવાદના ચોથા ભેદે રહેલા આગમરૂપ પૂર્વોમાં જ એટલે ચૌદપૂર્વોમાં જ સંસ્કૃત ભાષા હોય એમ કિંવદંતીનો અર્થ કરવાથી પૂર્વગતના પ્રાકૃત પાઠો જે નિન્હવવાદ વગેરેમાં આવે છે તે સંબંધમાં સંશય થવાનો સંભવ નથી.

પ્રશ્ન-૬૧ પૂર્વકાળમાં સાધ્વીઓને ૧૧ અંગ જાણવાનો અધિકાર હતો, હાલ અંગમાંથી આચારાંગ સિવાય બીજાનો નિષેધ શા માટે?

સમાધાન-કાલવિશેષે સાધ્વીઓને છેદાદિસૂત્રો આપવાનો નિષેધ તો શાસ્ત્રકારોએ સ્પષ્ટપણે જણાવેલ છે. તેવી રીતે સંપ્રદાયથી આચારાંગ શિવાયનો નિષેધ સંભવિત છે.

પ્રશ્ન-૬૨ ઠાણાંગના સાતમાં ઠાણામાં ૭ નિન્હવો કહ્યા છે. ૮ મા શિવભૂતિની ગણના કરી નથી, તો આ આઠમો કેમ ગણ્યો નહીં હોય?

સમાધાન-શ્રીસ્કન્દિલાચાર્યે અનુયોગની વ્યવસ્થા કરેલ હોવાથી તેમનાથી પહેલાના સાત નિન્હ્વો મૂલમાં કહ્યા છે. વળી પુસ્તકારોહણ શ્રીદેવર્ધિક્ષમાશ્રમણે કર્યું, તેમાં જો તે નિન્હ્વોને અધિકાર ન કહેવાય તો પૂર્વકાલીય શ્રીસંઘની અપ્રમાણિકતા થાય.

પ્રશ્ન-૬૩ સાતે નિન્હ્વોમાં કેટલાકને ૧૧ અંગનું અને કોઈ કોઈને તો પૂર્વનું પણ જ્ઞાન હતું. એટલે તો બધાઓ ત્રીજું ઠાણાંગ સૂત્ર તો ભણેલા જ હતા, અને ઠાણાંગના ૭મા સ્થાનમાં એ સાતે નિન્હવોની વાત આવે છે, ત્યારે તે જાણતાં એમને ખબર તો પડી જ હશે કે અમે નિન્હવ થવાના છીએ, છતાં શા માટે આગળ ભણવાનું ચાલુ રાખ્યું હશે? આ હિસાબે તો એમ સમજાય છે કે સૂત્રની શબ્દરચનામાં પાછળથી ફેરફાર થયેલો હોવો જોઈએ.

સમાધાન-જમાલિનિન્હ્વને ખુદ ભગવાનના વચનની જ શ્રદ્ધા નહોતી તો પછી નિન્હવો થનાર શ્રદ્ધાવાન્ હોય એમ નિર્ણય ન થાય, અથવા સાવચેત હોય અને ભાગ્ય પણ ભૂલાવે તો તેમાં પણ આશ્ચર્ય શું ? જ્યોતિષ અને નૈમિત્તિકના સાચા નિર્ણયોમાં શું તેમ નથી બનતું ?

પ્રશ્ન-૬૪ તીર્થંકરો આહાર ન લે તો આત્મામાં અનંત વીર્ય છતાં પણ શરીરમાં તો મંદતા આવી જાય અને વિશ્રાંતિ પણ તેથી લે છે, આવા ભાવવાળું લખાણ સૂત્રકૃતાંગની ટીકામાં છે. તો આદીશ્વર ભગવાનના શરીરની અપેક્ષાએ ઉત્તરોત્તર તીર્થંકરોમાં શરીર બળ ઓછું હશે કે કેમ ?

સમાધાન-વાસુદેવો જેમ શરીરની ન્યૂનતાએ કે કાલબળે શારીરિક બળમાં સરખા નથી, તેમ છદ્મસ્થપણામાં વર્ત્તતા તીર્થંકરો અન્ય તે કાલના જીવો કરતાં અતુલ બલવાળા છતાં પૂર્વ પૂર્વના તીર્થંકરોના અપેક્ષાએ શારીરિક બલે હીન હોય તો તેમાં આશ્ચર્ય નથી. આત્મીયબલ અનંત પ્રગટ થાય તો પણ શરીર તો તેને લાયક જ પરિશ્રમ ખમે અને વધારે પરિશ્રમે થાકે પણ ખરું. શરીરનો સર્વથા પણ નાશ છતાં આત્મીય અનંતવીર્ય તો અવસ્થિત જ છે.

પ્રશ્ન-૬૫ આવશ્યકસૂત્ર અંગમાં તેમજ અંગ બાહ્યમાં પણ પખ્ખીસૂત્રમાં ગણ્યું નથી, તો બે ભેદ સિવાય તેને કયા ભેદમાં સમાવવું ?

સમાધાન-અનુયોગદ્વારની માફક આવશ્યક અને આવશ્યક વ્યતિરિકત એવા ભેદ ગણીને વ્યતિરિક્તમાં ઉત્કાલિક તથા કાલિક અને કાલિકમાં અંગ બાહ્ય-અંગપ્રવિષ્ટ એમ ભેદ લેવાથી તાત્પર્યથી આવશ્યકસૂત્ર અંગ બાહ્યમાં આવી શકે.

પ્રશ્ન-૬૬ જિનકલ્પી સાધુને સાત પ્રકારની ગોચરીમાં ૫ નો અભિગ્રહ અને ૨ નો ગ્રહ એટલે ૭માં ત્યાગ કેટલાનો અને સ્વીકાર કેટલાનો? અને તેનાં નામો શું ?

સમાધાન- અસંસૃષ્ટ આદિપદોથી થતા સાત ભાંગામાં પાંચ એષણાનો અત્યાગ અને તેમાં બેનો સ્વીકાર.

પ્રશ્ન-૬૭ ઉત્તરપટ્ટો વિ. ઔપકારિકગૃહિક (જે વાપરીને પાછું આપવાનું હોય) ઉપધિ તરીકે ગણ્યાં છે, તો તે ન મળે તો ઘાસનો સંથારો કરવાનું થઈ ચૂક્યું, આમ હોવા છતાં દિગંબરો ઘાસનો ઉપયોગ કરે તેની નિન્દા શા માટે ?

સમાધાન- નહિં મળવાથી જેનો ઉપયોગ કરાય તે આપવાદિક અને તે માર્ગ રૂપ ગણાય. પરંતુ ઉત્સર્ગ એવા વસ્ત્રાદિ મુખ્ય વસ્તુનો નિષેધ કરી માત્ર અપવાદ જ માને તે તો દિગંબરોનું મિથ્યાત્વ જ છે.

પ્રશ્ન-૬૮ ઝોળીના ઉપકરણમાં પાત્રક અને માત્રક લખ્યું છે તેનો અર્થ શું ?

સમાધાન- ભક્ત પાનને સંઘરવાવાળું તે પાત્ર ગણાય અને ભક્તપાન જેથી ગૃહસ્થ પાસેથી લેવાય તે માત્ર આચાર્યદિકને લાયક પણ માત્રક નામના ભાજનમાં લેવાય.

પ્રશ્ન-૬૯ કાપ કાઢનારને ૧ કલ્યાણકની આલોયણ લખી છે તો કલ્યાણક એટલે કેટલો તપ ?

સમાધાન-૬૯ એક ઉપવાસ આંબિલ એકાસણું નીવિ અને પુરિમઢને કલ્યાણક તપ કહી શકાય.

પ્રશ્ન-૭૦ પૂર્વગત જ્ઞાન ભગવાનના નિર્વાણથી ૧ હજાર વર્ષ સુધી રહ્યું છે, એમ ભગવતીના ટીકાકાર લખે છે, તો દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ હજાર વર્ષના અંતભાગમાં થયા છે, એટલે તેમને પૂર્વનું જ્ઞાન હતું, અને પૂર્વનું જ્ઞાન હોય તેને ૧૧ અંગનું સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ, અને તેમણે પોતે જ જ્ઞાનને પુસ્તકારૂઢ કર્યું છે તો ૧૧ અંગો અપૂર્ણ શા માટે રચાયાં ?

સમાધાન- અગ્યાર અંગોને શ્રીદેવર્ધિગણિજી સંપૂર્ણ પણે જ જાણતા હતા અને સંપૂર્ણ લખ્યાં છે. પદના સ્વરૂપમાં મતભેદ છે. કદાચ અપૂર્ણ લખાયાં માનીયે તો પણ જ્ઞાન અને લેખના સમપણાનો નિયમ રહે નહિ.

પ્રશ્ન-૭૧ ૧૦ પૂર્વધર ૧૦ જ હતા કે વધુ થયા છે ?

સમધાન - દશપૂર્વધરો ઉલ્લિખિત દશ કહેવાય છે. અધિકનો નિષેધ કરી શકાય તેવું સાધન નથી.

પ્રશ્ન-૭૨ અમુક પ્રકૃતિનું સ્તિબુક સંક્રમણ કરે, પ્રદેશ અને રસ પ્રકૃતિની સાથે અમુક પ્રકૃતિને ઉવેલી નાંખે, તો તેવી ક્રિયા કરીને દળીઆ અને રસને શેમાં નાખતા હશે ? અનંતાનુબન્ધિની વિસંયોજના શબ્દ વારંવાર આવે છે તો વિસંયોજના અને ક્ષયમાં ફેર શું ?

સમાધાન - તે તે કર્મપરમાણુનો તે તે કર્મપણાનો

સ્વભાવ સર્વદા પોતાને અંગે તોડી નાંખવો તે ક્ષય છે, અને તે સ્વભાવ સ્થગિત કરવો તે વિસંયોજના ગણાય તો ઠીક.

પ્રશ્ન-૭૩ સૂર્ય પશ્ચિમમાં અસ્ત પામતો અને પૂર્વમાં ઉગતો હંમેશા જોવામાં આવે છે, પણ ચન્દ્રમામાં એવું દેખાતું નથી. તે તો શુકલબીજે પશ્ચિમમાં ઉગે છે. વળી દિવસે પણ ઘણી વખતે આકાશમાં દેખાય છે, આ પ્રમાણે હોવાથી શાસ્ત્રના લખાણની સાથે સ્પષ્ટ વિરોધ આવે છે. શાસ્ત્રમાં તો લખે છે કે જેવી રીતે ૨ સૂર્ય ગતિ કરે છે તેવી રીતે ૨ ચન્દ્રપણ ગતિ કરે છે અને તેવી રીતે દેખાતું નથી માટે તેનું સમાધાન શું ?

સમાધાન- બીજને દિવસે કે વચમાં યાવત્ પૂર્ણિમા ચંદ્ર જે સ્થાને હોય કે દેખાય ત્યાંથી તે પશ્ચિમ તરફ જ જાય છે, પ્રત્યક્ષ યુક્તિ અને શાસ્ત્ર સિદ્ધ પદાર્થો સમજવા કે માનવામાં જેની બુદ્ધિ ચાલે નહિં તેવા મનુષ્યે જે શાસ્ત્ર વિરોધ જણાવવા માટે તૈયાર થાય તે તો ગર્દભશર્કરા ન્યાય જ ગણાય.

પ્રશ્ન-૭૪ સૂત્ર પૌરસી અને અર્થ પૌરસીને ચોક્કસ ટાઈમ કેટલો ?

સમાધાન - દિવસ અને રાત્રિનો પહેલો પહોર સૂત્રપૌરૂષી અને બીજો પહોર અર્થપૌરૂષી.

પ્રશ્ન-૭૫ પુલાક, બકુશ, કુશીલ, નિર્ગ્રંથ સ્નાતક આ પાંચ પ્રકારના ચારિત્રમાં નિર્ગ્રંથ અને સ્નાતક તો ૧૧-૧૨-૧૩-૧૪ ગુણસ્થાનકે હોય છે, તો જ્યાં સુધી શ્રેણિ માંડી મોહની કર્મને ન ખપાવે ત્યાં સુધી તીર્થંકરને ક્યું ચારિત્ર હોય ?

સમાદાન- કેવલિપણું ન મેળવે ત્યાં સુધી તીર્થંકરોને પણ કષાયકુશીલ ગણવા પડે.

પ્રશ્ન-૭૬ ભદ્રબાહુસ્વામી મહારાજે નિર્યુક્તિની રચના કરી તો તે પહેલાં અનુગમનામનો ભેદ તે કેવી રીતે ઘટી શકે ? જે નિર્યુક્તિઅનુગમ તેનો સમાસ કર્મધારે છે કે ષષ્ઠીતત્પુરૂષ છે ?

સમાધાન - શ્રીભદ્રબાહુસ્વામીના પહેલેથી પણ નિર્યુક્તિ તો હતી એમ આવશ્યક વગેરેમાં સ્પષ્ટ છે, માત્ર વર્ત્તમાનમાં જે ગ્રન્થરૂપે છે તે રૂપે શ્રીભદ્રબાહુજીની કરેલી છે. સમાસનું નામ કર્મધારે એવું નથી, પણ કર્મધારય છે અને અહિં તે જ લેવાનો છે.

## -: શ્રી શ્રમણ સંઘ પુસ્તક સંગ્રહ :-

૧ આ સંગ્રહમાં જે સાધુ ભગવંતો લખેલ કે છાપેલ પુસ્તક કે ચોપડીઓ યોગ્ય અને સારી સ્થિતિવાળા ૫૦૦ રાખવા માગશે તે મહાત્માનું તે ભંડાર ઉપર નામવાળું બોર્ડ રહેશે.

૨ બોર્ડ એક નામનું રહેશે.

૩ પુસ્તક કે ચોપડીની ટીપ બરોબર કરી તેની બે નકલો સંસ્થાને આપવી જોઈશે.

૪ સંસ્થામાં રાખેલાં પુસ્તકો કોઈ પણ સારા ગામના શ્રાવક સંઘને જવાબદારી અને જોખમદારી પૂર્વકની માગણીથી યોગ્ય લાગશે તો સંસ્થા મોકલી શકશે.

૫ સંસ્થામાં ભંડાર રાખનાર સાધુમહારાજ પોતાનાં કે પારકાં પુસ્તકો સંસ્થામાંથી બારોબાર મંગાવશે, તો પણ સંસ્થા યોગ્યતાનુસાર મોકલશે. જે સાધુભગવંતોનો અહિં ભંડાર નહિં હોય તેઓને કોઈ પણ સારા ગામના શ્રાવકસંઘની જવાબદારી અને જોખમદારીથી પણ પુસ્તકો મળી શકશે.

૬ અહિં ભંડાર ધરાવનાર સાધુભગવંતો બીજે ભંડાર કરવા માટે પુસ્તકો ઉઠાવી શકશે. સચવાયેલાં પુસ્તકોનો દુરૂપયોગ નથી થતો એ સંસ્થાને જોવાનું રહેશે.

૭ નામે રાખેલા ભંડારમાં પણ જો સાર અને યોગ્ય પુસ્તકો કે ચોપડીઓ પણ ૩૦૦) થી ઓછી સંખ્યામાં રહેશે તો ભંડારનું બોર્ડ ફેરવી નંખાશે અને તે પુસ્તકને ચોપડીઓ અહિંના સાધારણ ભંડારમાં લઈ જવાશે.

૮ ભંડાર મેલનારે અને મંગાવનારે સંસ્થામાં પુસ્તક દાખલ થાય ત્યાં સુધીનું બધું ખર્ચ કરવું જોઈશે.

૯ સંસ્થામાં એક બારણા જેટલો બ્લોક રાખનાર શ્રાવકનું રૂા. ૭૦૦)થી નામ તખ્તીમાં આવશે અને રૂા. ૭૦) થી કબાટ ઉપર નામ લખાશે.

૧૦ ભંડાર મેલનારે છાપ લગાવી, પોતાના નામનો કાગળ વીંટી પાટલી સાથે ખલેચીમાં બાંધીને કે બંધાવી પુંઠાં ચઢાવીને તૈયાર પુસ્તકો મોકલવાં અને મેલવાં જોઈશે.

૧૧ ભંડાર મેલનારને પોતાનો ભંડાર તપાસવો હશે તો તપાસી શકશે. ટીપનો કે બીજો ફેરફાર સંસ્થાના મનુષ્યની સલાહથી કરી શકાશે.

૧૨ પાંચસેથી ઓછી સંખ્યાનાં પુસ્તક ચોપડીઓ સંસ્થાના સાધારણમાં રાખી શકાશે. માત્ર તેની ઉપર છાપ પોતાની લગાવી શકશે. કબજો અને માલીકી સંસ્થાની રહેશે.

૧૩ ભંડાર રાખનારાનાં પુસ્તકો, પાંચ કબાટ ભરાતાં વધશે તો 'अ' વિભાગના કબાટોમાં ભંડારની સ્થિતિએ રહેશે.

૧૪ રાખેલા ભંડારમાં પુસ્તકનાં પુઠાં બંધાવવા વગેરેનું ખર્ચ તે રાખનાર આપશે અને સંસ્થાને અર્પણ કરેલાનું વ્યક્તિ, ભંડાર કે સાધારણદ્વારા તે ખર્ચ સંસ્થા કરશે.

(અનુસંધાન પાના ૩૩૬નું ચાલુ)

આશ્ચર્ય નથી ? જેવી રીતે ભગવાનના દીક્ષાઆદિકના તપોનું અનુકરણ કરવાનું શાસ્ત્રકાર ફરમાવે છે, તેવી જ રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજના ચ્યવનાદિક પાંચે કલ્યાણકોમાં તપ આચરવું જરૂરી ગણાવવાની સાથે શરીરના સત્કાર વિગેરેને પણ જરૂરી શાસ્ત્રકારો ગણાવે છે. એટલે ભગવાન્ જિનેશ્વર મહારાજાના કલ્યાણક મહોત્સવો જેવી રીતે તપથી આરાધવાના જણાવે છે, તેવી જ રીતે શરીર સત્કાર, અમારીપડહો, વિશિષ્ટ દાન, રથયાત્રા વિગેરે કરીને પણ સર્વકલ્યાણકોના દિવસો આરાધવાની જરૂર શાસ્ત્રકાર મહારાજા ફરમાવે છે. એક વાત વાચકવર્ગે જરૂર ખ્યાલમાં રાખવાની છે કે ભગવાન્ જિનેશ્વરોનાં ચ્યવનાદિક સર્વકલ્યાણકો સામાન્યથી તપ કરીને આરાધવાનાં હોય છે અને તેથી જ શાસ્ત્રકાર **कल्याणकाराधको हि प्रायस्तपःकारको भवति** એમ જણાવે છે અને એમ જણાવી કલ્યાણકને અંગે પર્વતિથિ માનવાપણું છતાં બીજી આરાધનાનું ગૌણપણું રાખી સામાન્ય અને વિશેષ તરીકે પર્વતિથિઓના ભેદો જણાવે છે, અને આ કારણથી જેઓ શાસ્ત્રકારોએ પર્વતિથિના ક્ષયે પૂર્વની અપર્વતિથિનો કહેલો ક્ષય ઉઠાવી દેવા જે કલ્યાણકતિથિઓને આગળ કરે છે તે તેઓના કુતર્ક સિવાય બીજું કાંઈ કરતા નથી. સામાન્ય રીતે સર્વ કલ્યાણકો તપ અને દાનાદિદ્વારાએ આરાધવાનાં હોય છે, પરંતુ ચ્યવન અને જન્મ કલ્યાણકમાં ભગવાનની તપસ્યા ન હોવાથી માત્ર સામાન્ય તપ અને ઓચ્છવરૂપ આરાધના હોય છે, પરંતુ દીક્ષા, કેવલજ્ઞાન અને મોક્ષ એ ત્રણ કલ્યાણકોમાં તપસ્યા અને અનશન હોવાથી તેમનું અનુકરણ કરવાનું તપસ્યાદ્વારાએ બને છે, માટે દીક્ષાદિક કલ્યાણકોની આરાધના તપ વિગેરે દ્વારાએ જણાવી છે. એટલે જેઓ જન્મકલ્યાણક કે યાવત્ મોક્ષકલ્યાણક ઉજવવાને સાચી રીતે તૈયાર થયા હોય તેઓને તે તે કલ્યાણકને દિવસે તપસ્યા શરીરસત્કાર, દાન, રથયાત્રા વિગેરે શાસ્ત્રકારોએ જણાવેલાં કાર્યોમાં જરૂર ઉદ્યમ કરવો જોઈએ. કેવળ લોકોનો સમુદાય એકઠો કરીને કે શાસ્ત્રવિરુદ્ધ વાતોને પોષણ કરવા માટે બખાલા કાઢીને કે ફરફરીયાં કે પુસ્તકો વ્હેંચીને જે આરાધના કરાય તે શાસ્ત્રને અનુસરતી કેમ ગણી શકાય ? એકલા જન્મકલ્યાણકને આગળ કરી દીક્ષા અને કેવલજ્ઞાનના કલ્યાણકો ભગવાન મહાવીર મહારાજના મંદરીતે ઉજવાય અગર મુદલ ન ઉજવાય તે યોગ્ય નથી જ એ વસ્તુ શાસનને અનુસરનારાઓએ વિચારવા જેવી છે.

(અનુસંધાન ટાઈટલ ત્રીજાનું ચાલુ)

જણાવે છે, જ્યારે કેટલાક ભગવાન હરિભદ્રસૂરીજી કરતાં પહેલાના કાલના આચાર્યો તે દીક્ષા આદિકના તપને દીક્ષા આદિના મહિના અને દિવસને ઉદ્દેશીને જ કરવાનું જણાવે છે. અર્થાત્ ભગવાન્ ઋષભદેવજીના દીક્ષાનો તપ ચૈત્ર (ફાગણ) વદિ આઠમે છઠ કરીને કરવો અને યાવત્ ભગવાન્ મહાવીર મહારાજનો દીક્ષાનો છઠ માગશર (કાર્તિક) વદિ દશમે દીક્ષાનો તપ કરવો. એટલે ચોવીસે ભગવાનના દીક્ષાની તપસ્યાનું અનુકરણ તે તે ભગવાનના તે તે દીક્ષાના મહિને અને તે તે દિવસે કરવું. એમ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે, એકલી તપસ્યાનું જ અનુકરણ કરવાનું જણાવ્યું એમ નહિં, પરંતુ પારણે પણ જે જે ભગવાનને જે જે વસ્તુ શેલડીના રસ વિગેરેની મળેલી છે, તે તે જ વાપરવાનું વિધાન પણ જણાવે છે એટલે ભગવાન્ તીર્થંકરની દીક્ષાના તપનું જ અનુકરણ કરવું એમ નહિં, પરંતુ તેમના પારણાનું અનુકરણ પણ કર્ત્તવ્ય છે એમ ભગવાન્ હરિભદ્રસૂરીજી તપનામના ઓગણીસમા પંચાશકમાં જણાવે છે. ભગવાન્ જિનેશ્વર મહારાજ જેવા પવિત્રપુરુષોના વર્ત્તનના અનુકરણથી અભાગીયા બનનારા રામ-શ્રીકાંતો વર્તમાનકાલમાં ભગવાનના વર્ષીતપને અનુસરીને વર્ષીતપ કરવાનું ક્યા આધારે રાખતા હશે,? વળી વર્ષીતપના પારણે રસ વાપરવાની પ્રવૃત્તિ તો ખરેખર તે રામ-શ્રીકાન્તોને અત્યંત મુઝવનારી જ થઈ પડશે. જો કે શક્તિ રહિત કાર્યનું અનુકરણ કરવું અગર આચરણા ઉઠાવીને અનુકરણ કરવું એ શાસ્ત્રની શ્રદ્ધાવાળાને માટે ઈષ્ટ હોતું જ નથી અને હોય પણ નહિં, પરંતુ રામ-શ્રીકાન્તોએ સર્વથા અનુકરણનો જ નિષેધ કરેલો છે. માટે તેઓના મતે વર્ષીતપ કરવાનું તથા વર્ષીતપનું પારણું નિયમિત દિવસે (વૈશાખ સુદી ત્રીજે) કરવાનું અને તે પણ ઈક્ષુરસથીજ કરવાનું તો અનુકરણ નહિં. માનવાને લીધે બને જ નહિં. તે રામ-શ્રીકાન્તોના મતે ચૈત્રવદી આઠમથી વર્ષીતપની શરૂઆત અને વૈશાખ સુદી ત્રીજે વર્ષીતપની પૂર્ણાહુતિ એ બેનું સર્વથા અયોગ્યપણું ગણાય તો પછી વૈશાખ સુદી ત્રીજના દિવસે વર્ષીતપનું પારણું કરતાં શેલડીનો રસ વાપરવો એ તો સ્વપ્ને પણ યોગ્ય હોય જ શાનો ? પરંતુ શ્રીપંચાશકજીના તપપંચાશકમાં તીર્થંકર ભગવાનની દીક્ષાના તપને જણાવતાં ચૈત્રવદ આઠમે પ્રારંભ કરવો એમ પણ જણાવે છે, (ચૈતર વદ આઠમના છઠની અપેક્ષાએ ચૈત્ર વદ સાતમે પ્રથમ ઉપવાસ આવી શકે.) તથા વૈશાખ સુદી ત્રીજે પારણું કરવામાં પણ શેલડીનો રસ લઈને પારણું કરવું એમ પણ જણાવે છે. એટલે ભગવાન્ હરિભદ્રસૂરીજીના પહેલા કાળથી પણ ભગવાનની દીક્ષાના તપ અને પારણાનું અનુકરણ થતું હતું એ સ્પષ્ટપણે નક્કી થાય છે, પરંતુ શાસ્ત્રોના પાઠો ઓળવવા, ફેરવવા, ન માનવા અને વિપરીત પ્રરૂપણા કરવામાં નિપુણ બનેલું રામટોળું તે શાસ્ત્રોક્ત વસ્તુને ન માને તેમાં

(જુઓ અનુસંધાન પાનું ૩૩૫)

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-સ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

# ☞ અલભ્ય ગ્રંથો ☞

## નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# કલ્યાણકદિવસોની આરાધના

तवोवहाणादियावि निपसमये । अनुरूवं कायव्वा जिणाण कल्लाणदियहेसु ॥१॥

જૈનજનતામાં દાન, શીલ, તપ અને ભાવની પ્રવૃત્તિ કરીને ધર્મની આરાધના હંમેશાં કરવાની હોય છે, અર્થાત્ જૈનશાસનના નિયમ પ્રમાણે કોઈપણ દિવસ એવો ગણવામાં આવેલો નથી કે જે દિવસે દાન, શીલ, તપ અને ભાવરૂપી ધર્મની પ્રવૃત્તિ કરવાની ન હોય અગર કરવાનો નિષેધ હોય, પરંતુ એ વાત તો ચોક્કસ છે કે દાન, શીલ, તપ અને ભાવરૂપી ધર્મની પ્રવૃત્તિ સતત કરવા લાયક હોવા છતાં બારેમાસ નિયમિત ન બને અને કોઈ કોઈક વખત બને તો તે કેટલાકોને માટે અસંભવિત નથી. ઘણા જ ઓછા એવા ભાગ્યશાળી પુરૂષો હશે કે જેઓ બારે માસ દાન, શીલ, તપ અને ભાવમાં સતતપણે અને એકસરખા ભાવથી પ્રવૃત્તિ કરી શકે. જૈનજનતાનો મોટો ભાગ તો એવો જ હોય છે અને હોય કે જે દાન, શીલ, તપ અને ભાવની પ્રવૃત્તિ કોઈક કોઈક વખત કરવા વાળો હોય તો તેવા જૈનજનતાના મોટાભાગે ઉપર જણાવેલું ભગવાન્ હરિભદ્રસૂરીજીનું વાક્ય બરોબર ધ્યાનમાં રાખવું જોઈએ. ઉપરના વાક્યમાં ભગવાન્ હરિભદ્રસૂરીજી જણાવે છે કે જૈનજનતાએ તપસ્યા વિગેરે જિનેશ્વર મહારાજના કલ્યાણકના દિવસોમાં ઉચિતતા પ્રમાણે જરૂર કરવાં જોઈએ. આ જ કારણથી ભગવાન્ જિનેશ્વરમહારાજના કલ્યાણકના દિવસોની આરાધના કરવા માટે કલ્યાણકને અંગે તપ કરવાનો ભગવાન્ હરિભદ્રસૂરીજી ઓગણીસમા તપનામના પંચાશકમાં જણાવે છે. તે તપપંચાશકમાં ભગવાનની દીક્ષાનું તપ અને ભગવાનના કેવલજ્ઞાનનું તપ જણાવવા સાથે ભગવાનના મોક્ષનું તપ કરવા માટે પણ જણાવે છે. જેઓ અનુકરણની પવિત્રવાસનાથી નાશભાગ કરનારા છે તેઓએ આ તીર્થંકર ભગવાનના દીક્ષા, જ્ઞાન અને મોક્ષના તપના અનુકરણને જલાંજલી જ આપવી પડશે. વાચકપુરૂષોએ ધ્યાન રાખવાની જરૂર છે કે કેટલાક આચાર્યો ભગવાન્ જિનેશ્વર મહારાજાઓના દીક્ષાદિકના તપને અનિયમિતપણે એટલે કે તે તે મહિના કે દિવસના લક્ષ્ય રાખ્યા વગર કરવાનું

(જુઓ અનુસંધાન પાનું ૩૩૬)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्‌बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम् ॥१॥


વર્ષ : ૮ અંક : ૧૭-૧૮

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦ — તા. ૫-૭-૪૦ શુક્રવાર કિંમત ૩ આના

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# ✽ શ્રી સિદ્ધચક્ર ✽

વર્ષ : ૮) જેઠ સુદી પૂર્ણિમા, જેઠ વદી અમાવાસ્યા, મુંબઈ, (અંક-૧૭-૧૮

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

# સાગર સમાધાન

પ્રશ્ન-૭૭ સૂર્યનો ઉદય જે તિથિને ફરસતો હોય તે તિથિ માનવી એવું શાસ્ત્રમાં વાક્ય છે. અને તેને અંગે જ उदयंमि जा तिही सा पमाणं એટલે જે તિથિમાં સૂર્યનો ઉદય હોય તે પ્રમાણ કરવી એમ કહેવાય છે, તો પછી બીજ વગેરે તિથિયો જે વખતે સૂર્યના ઉદયને નહિં ફરસવાવાળી હોવાથી ટીપ્પણામાં ક્ષય પામેલી હોય છે તો તે વખતે બીજ આદિને અપ્રમાણ કેમ ન માનવી ?

સમાધાન - જે જે બીજ આદિ તિથિઓ જે જે વારે સૂર્યના ઉદયને ફરસનારી હોય તે તે વારે તે તે બીજ આદિ તિથિઓ उदयंमि जा तिही सा पमाणं એવા અને ताउ पमाणं भणिया जाओ सूरो उदयमेइ એવા વાક્યથી પ્રમાણ માનવામાં આવે જ છે પરંતુ બીજ આદિ અગર આઠમ આદિ પર્વતિથિયો સૂર્યના ઉદયને ફરસવાવાળી ન હોય ત્યારે લૌકિકટીપ્પણામાં તે બીજ આદિ અગર આઠમ આદિનો ક્ષય થયો કહેવાય છે અને તે તે બીજ આદિ તિથિઓની આગળ પહેલાંની તિથિનો જ વાર લખી શેષખાનામાં લૌકિકટીપ્પણાવાળા મીડાં મેલીને ક્ષય જણાવે છે, પરંતુ આરાધના કરનારે પર્વતિથિનો ક્ષય કરાય નહિં માટે उदयंमि० કહેનાર તથા ताउपमाणं० કહેનાર શાસ્ત્રકારોએ જ તે લૌકિકટીપ્પણામાં ક્ષય પામેલી પૂર્વતિથિનો ક્ષય નહિં માનતાં તેજ બીજ આદિને સ્થાપન કરવા માટે क्षये पूर्वा तिथिः कार्या એ વાક્યથી તથા अह जइ कहवि न लब्भंति ઈત્યાદિક વાક્યથી સાથે જ પ્રયત્ન કર્યો છે, એટલે સાથ સમજાય તેમ છે કે બીજ આદિ પર્વતિથિ ઉદયવાળી

મળે તો તે ગણવી પણ જો ન મળે તો પહેલાની અપર્વતિથિનો ઉદય જે ગણાતો હતો તે જ ઉદય પર્વતિથિનો ગણવો એમ જણાવ્યું છે અર્થાત્ જેઓ उदयंमि जा तिही० અને ताउ पमाणं ના પાઠોને પકડીને ઉદયનો પોકાર કરે છે, તેઓ क्षये અને अह ના પાઠોને અપવાદસૂત્રની માફક બળવત્તરપણાને ધારણ કરનારા છે છતાં તેને ન માનવાથી ઓલવનારા જ છે, क्षये पूर्वा तिथिः એ વાક્યથી સીધો સંબંધ તિથિની વ્યવસ્થા સાથે છે અને તેથી અપર્વરૂપ એવી પહેલાની પડવા આદિની તિથિ છે, તે જો કે ઉદયવાળી છે છતાં તે પડવા આદિ અપર્વતિથિને ઉદય રહિત હોવાથી ટીપ્પણામાં ક્ષય પામેલી એવી જે બીજ આદિ છે તે રૂપે કહેવાનું કહે છે અને अह० એ ગાથા તે ઉદયવાળી પડવા આદિ અપર્વતિથિને ટીપ્પણામાં ક્ષય પામેલી બીજ આદિના નામે બોલવાનું કહે છે, એટલે જો ચંડાંશુપંચાંગમાં જેમ બીજ આદિ પર્વતિથિનો ક્ષય થયો જ તેમ જો આરાધનાની વ્યવસ્થામાં પણ બીજ આદિ પર્વતિથિનો ક્ષય જ માનવાનો હોત તો क्षये० એમ કહીને અને अह जइ० એમ કહીને તિથિને પલટાવવી પડતજ નહિં. ધ્યાનમાં રાખવું કે અહિં क्षये० એ વાક્યથી અને अह० એ વાક્યથી તિથિની વ્યવસ્થા કરવામાં આવી છે અને તેવી રીતિએ તિથિની વ્યવસ્થા કરીને પછી જે તે તિથિને અંગે આરાધનાની વ્યવસ્થા કરી છે, જો એમ તિથિની વ્યવસ્થા કરીને પર્વતિથિને થાપવા પૂર્વકઆરાધનાની વ્યવસ્થા ન હોત તો क्षये पूर्वा तिथिः कार्या (ग्राह्या) અને अवरविद्ध अवरा એમ તિથિને અંગે બોલત નહિં. પરંતુ સીધું આરાધનાને અંગે જ કહી દેત કે पूर्वाऽऽराध्या क्षये तिथिः વળી नहु पुव्व तव्विद्धा એમ કહી પૂર્વની અપર્વતિથિના નામનો નિષેધ પણ કરત નહિં. વળી का तिथिराराध्यत्वेन संमता એમ જણાવીને શ્રી તત્ત્વતરંગિણીકાર આરાધનાને અંગરૂપ કરીને તિથિની મુખ્યતા કરત નહિં. શ્રીતત્ત્વતરંગિણીકારતો વળી સ્પષ્ટ શબ્દમાં જણાવે છે કે પર્વતિથિના ક્ષયની વખતે પૂર્વની અપર્વતિથિ ઉદયવાળી હોય છતાં તેનું તે દિવસે નામ લેવાનો પણ સંભવ નથી એટલે શ્રીસંઘની કોઈપણ વ્યક્તિ તેનું નામ લેતો નથી અને પર્વતિથિનો ઉદય ન હોવાથી જો કે ટીપ્પણામાં તો ક્ષય છે છતાં તે વારે તે પર્વતિથિને જ આખો શ્રીસંઘ બોલે છે. આ બધી હકીકત જાણનાર સમજનાર અને માનનાર મનુષ્ય તો ઉદયની બાંગ મેલનારને ઉચ્ચની પંક્તિમાં જ નહિં આવવા દે.

પ્રશ્ન-૭૮ શ્રી તત્ત્વતરંગિણી આદિના લેખો અને પરંપરાને આધારે બીજ આદિ પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કરવો એ જ વ્યાજબી ઠરે છે, તથા આરાધના માટે પણ તે એકમ આદિના સૂર્યોદયથી પહેલાં જ બીજ આદિ માનવાં પડે છે, તેમજ બીજ આદિ માનીને જ પછી તેને લીધે તે બીજ આદિની આરાધના કરાય છે એટલે નવી જાગેલી રામટોળીની એકમબીજ આદિ ભેળાં માનવાં

એવી જે ભેળસેળીયા પંથ તરીકેની માન્યતા છે તે તો શાસ્ત્ર અને પરંપરાથી ખોટી ઠરે જ છે. પરંતુ તે ભેળસેળપંથી રામટોળીવાળા બીજ આદિના ક્ષયે બીજ આદિની આરાધના તો પડવા આદિની તિથિએ માને છે એટલે વાંકા રહીને પડવા આદિનો ક્ષય માન્યો છે. એમ કેમ ન કહેવાય ?

સમાધાન - શાસ્ત્રકારો **का तिही अज्ज वासरे** એટલે આજ બીજ આદિ કે આઠમ આદિમાંની કઈ તિથિ છે ? એમ કહીને તથા **बीया पंचमी** આદિ કહીને પ્રથમ તિથિનો નિર્ણય કરવા જણાવે છે અને તે બીજ આદિના નિર્ણયને અંગે જ તે તે તિથિના તપ, ચૈત્યવંદન, સાધુવંદન અને પ્રતિક્રમણ આદિ કરવાનું જણાવે છે ખરેખર સમજવાનું છે કે શાસ્ત્રો પર્વને અંગે પર્વનાં અનુષ્ઠાનો કરવાનું ફરમાવે છે. કોઈ શાસ્ત્રકારે અનુષ્ઠાનને અંગે પર્વતિથિપણું જણાવેલ છે તો પર્વતિથિના ક્ષયને માનનારાઓનું અનુષ્ઠાન કલ્પિત છે. તથા આઠમ ચૌદશ આદિના નિર્ણય પછી તેમાં સાધુવંદન આદિ ન કરવાથી પ્રાયશ્ચિત્ત થવાનું જણાવે છે. એટલે તિથિના નિર્ણયને અંગે જ સાધુ આદિ વંદન વગેરે રૂપ આરાધના કરવાનું નક્કી કરે છે, અર્થાત્ શાસ્ત્ર અને પરંપરાથી તિથિને અંગે આરાધનાનો નિયમ રખાયો છે, એટલે બીજ પાંચમ આઠમ આદિ પર્વતિથિનો ક્ષય મનાય તો તેની આરાધના કરવાની રહે નહિં. ધ્યાનમાં રાખવા જેવી હકીકત એ છે શાસનપ્રેમી વર્ગ તો તિથિને અંગે આરાધના માને છે, જ્યારે આ રામટોળીનો ભેળસેળીયો પંથ તિથિને અંગે આરાધના માનતો નથી. અર્થાત્ આરાધનાને અંગે તિથિ માને છે. વળી શ્રીઉમાસ્વાતિવાચકજીના **क्षये पूर्वा तिथिः कार्या (ग्राह्या)** એ પ્રઘોષમાં પણ પહેલાની પડવા આદિ અપર્વતિથિને જ બીજ આદિ પર્વતિથિપણે લેવાનું મુખ્યપણે જણાવેલ છે, અને આરાધના તો તેને અંગે કરવાની જણાવી છે. વળી શ્રીતત્ત્વતરંગિણી આદિમાં પણ **क तिथिराराध्यत्वेन संमता?** ઈત્યાદિક કહીને સ્પષ્ટપણે પહેલાં તિથિની વ્યવસ્થા કરીને જ આરાધનાની વ્યવસ્થા કરવામાં આવી છે. અર્થાત્ શાસ્ત્ર કે પરંપરાને અનુસરનારો કોઈ પણ મનુષ્ય તો આરાધનાની વ્યવસ્થા કરીને પછી તિથિની વ્યવસ્થા કરતો જ નથી. આમાં અમુક મહારાજે પડવો બીજ ભેગાં કરવાનું કહેલ છે એવું જે રામટોળી જ બહાનું કાઢે છે તે ખોટું છે, કારણ કે કોઈક રામટોળી જેવા જ પજુસણમાં ટીપ્પણામાં આવેલી ભાદરવા સુદબીજના ક્ષયને લીધે શ્રાવણ વદ ૧૨નો ક્ષય કરવા તૈયારી કરી હતી તેના ખંડન માટે જ તે કથન હતું. એટલે રામટોળી એ હકીકત જાણતી છતાં માયામૃષાવાદ સેવીને જ એ બહાનું લે છે. રામટોળીની એ વિચિત્રતા છે કે જે વાત વક્તાએ ન માની

હોય અને બીજાના ખંડન માટે જે માત્ર સમજાવવા પૂરતી કહેવામાં આવી હોય તે વાત પણ પોતાના ભેળસેળીયા પંથના પોષણમાં ખેંચી જાય છે. રામટોળીને ટીપ્પણાના આઠમ આદિના ક્ષયની વખતે સાતમ આદિ છે એમ માનવું છે, અને તે માનેલી તે સાતમમાં જ આઠમની આરાધના કરવી છે, એ ચોકૂખો વદતો વ્યાઘાતવાળો મૃષાવાદ જ છે. તેઓ બોલે છે સાતમ આદિ અને કરે છે આઠમ આદિ, તે કથન હું મૂંગો છું એમ કહેનારના વાક્ય જેવું સજ્જનોને વિશ્વાસ કરવા યોગ્ય નથી જ.

પ્રશ્ન-૭૯ વર્ત્તમાનમાં જૈનજનતા એમ કહે છે કે અમે તો આરાધના માટે ચંડુપંચાંગ માનીએ છીએ. એમ કહ્યા છતાં ચંડુપંચાંગમાં જ બીજ આદિ કે આઠમ આદિનો ક્ષય હોય ત્યારે તે તે બીજ આદિનો કે આઠમ આદિનો ક્ષય છે એમ બોલે નહિં અને ઉલટું પડવા કે સાતમ આદિનો ક્ષય ટીપ્પણામાં નથી તે માને અને બીજ આદિ કે આઠમ આદિનો ક્ષય ટીપ્પણામાં છે છતાં પણ ન માને તેથી શું જૈનજનતા મૃષાવાદમાં અને જુઠ્ઠી માન્યતામાં અથડાય છે એમ ન મનાય ?

સમાધાન- ચંડુપંચાંગની જૈનજનતા માન્યતા ધારે છે એ સાચું છે, પરંતુ તે માન્યતા મુંબઈ-સમાચાર પંચાંગ ગુજરાતી પંચાંગ કે બીજા બીજા દેશોના પંચાંગોનો આધાર ન લેતાં ચંડુપંચાંગનો આધાર લેવાય છે એ જણાવવા માટે જ માત્ર છે. પરંતુ ચંડુમાં પણ પર્વતિથિનો ક્ષય વૃદ્ધિ આવે ત્યારે તો **ક્ષયે પૂર્વા તિથિ:**૦ એ પ્રઘોષથી સંસ્કાર કરીનેજ તિથિની માન્યતા શ્રીસંઘ ધરાવે છે. એટલે બીજ આદિ પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ લૌકિકટીપ્પણામાં હોય ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિની ક્ષયવૃદ્ધિ શ્રીસંઘ કરતો હતો અને કરે છે. જેમ ચંડુપંચાંગ માન્ય છે તેમજ **ક્ષયે પૂર્વા**૦ નું વાક્ય પણ શ્રીસંઘને તો માન્યજ હતું અને છે જ અને તેને લીધે જ શ્રીસંઘે અત્યાર સુધી બીજ આદિ પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ તેનાથી પહેલાની અપર્વતિથિ એવા પડવા આદિની ક્ષયવૃદ્ધિ કરી છે અને કરે પણ છે. રામ ટોળીએ પણ ૧૯૮૯ સુધી તો તેમજ ક્ષય વૃદ્ધિ કરેલ અને લખેલ છે. જૈનશાસ્ત્રની અપેક્ષાએ યુગની મધ્યમાં પૌષમાસની અને યુગના અંતમાં આષાઢમાસની વૃદ્ધિ થાય અને તે જ સત્ય છે એવી માન્યતા છતાં પણ જેમ લૌકિકપંચાંગની અપેક્ષાએ ચૈત્ર આદિથી આસો સુધીના મહિનાઓની કરાતી વૃદ્ધિ માનનારો મિથ્યાત્વી કે મૃષાવાદી ગણાતો નથી. વળી જૈનશાસનની રીતિએ યુગના આરંભથી એકસઠમે એકસઠમે દિવસે નિયમિતપણે બીજઆદિનો ક્ષય હોય, એમ માનવા છતાં પણ લૌકિકટીપ્પણામાં અનિયમિત આંતરે અને અનિયમિત રીતિએ તિથિનો જે ક્ષય આવે છે તે વ્યવહારદષ્ટિએ

માન્ય કરવામાં મિથ્યાત્વ કે મૃષાવાદ નથી, વળી એવી જ રીતે શ્રીજૈનશાસનની રીતિએ તિથિનું પ્રમાણ ૬૧/૬૨નું નિયમિત છતાં લૌકિકટીપ્પણામાં તિથિનું માન વધારે અને ઓછું આવે છે તે માન્ય કરાય છે વળી લૌકિકમાં તિથિનું માન પાંસઠ ઘડી સુધીનું પણ હોવાથી તિથિની વૃદ્ધિ થાય છે, પરંતુ શ્રીજૈનશાસ્ત્રની દૃષ્ટિએ ૬૧/૬૨ એટલે આશરે ૫૯ ઘડી જ તિથિનું માન નિયમિત રહેવાથી તિથિની વૃદ્ધિ થાય જ નહિં, છતાં માત્ર વ્યવહારથી જ લૌકિક પ્રમાણે તિથિની વૃદ્ધિ મનાય છે તેમાં પણ મિથ્યાત્વ કે મૃષાવાદ નથી. યાદ રાખવું કે જૈનશાસ્ત્રમાં જે અતિરાત્ર જણાવ્યા છે તે કર્મવર્ષ અને સૂર્યવર્ષના છ દિવસના ફેરને અંગે છે, પણ તિથિ છ ને અંગે નથી. એ બધી રીત પ્રમાણે જ ચંડુપંચાંગમાં આવેલી પર્વતિથિની હાનિ અને વૃદ્ધિને અંગે પણ **क्षये पूर्वा०** આદિથી સંસ્કાર કરીને બોલવામાં મૃષાવાદ છે જ નહિં.

પ્રશ્ન-૮૦ લૌકિકટીપ્પણામાં સાતમ આદિનો ઉદય છતાં તે સાતમ આદિને સાતમ આદિપણે ન માનવી અને આઠમ આદિનો ઉદય નથી છતાં આઠમ આદિ માનવાં એ કેમ યોગ્ય ગણાય ? શાસ્ત્રમાં **उदयंमि०** વગેરે કહીને ઉદયવાળી તિથિને જ માનવાનું જણાવેલું છે અને ઉદય વગરની તિથિને માનનારા તો જે હોય તેઓને આજ્ઞા ભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના એ ચાર દોષો લાગે એમ કહેલું છે. તેથી ઉદય વિનાની તિથિને માનવાનું અને ઉદયવાળી તિથિને નહિં માનવાનું બને કેમ ?

સમાધાન- ઉદયવાળી તિથિને માનવી અને ઉદયવિનાની તિથિને ન માનવી એ નિયમ હંમેશને માટે માનેલો જ છે, અને તેથી જ અમુકવારને દિવસે બીજ આદિ પર્વતિથિયો બે ચાર ઘડી સુધી જ રહી હોય અને બાકી આખો અહોરાત્ર ત્રીજ આદિ તિથિઓ હોય છતાં તે વારે બીજ આદિ પર્વતિથિઓ મનાય છે. પરંતુ ત્રીજ આદિ તિથિઓ મનાતી નથી. અને તેનું કારણ ઉદયની વખતે બીજ આદિનું વિદ્યમાનપણું છે અને ત્રીજ આદિનું આખો દિવસ વિદ્યમાનપણું છતાં ઉદયની વખત ન હોવાપણું જ છે. વળી પડવા આદિને દિવસે બે ચાર ઘડી પડવા આદિ હોય અને બાકીનો આખો દિવસ બીજ આદિ હોય છતાં તે દિવસને પડવા આદિપણે જ લેવાય છે, પણ બીજ આદિપણે લેવાતા નથી, તેનું કારણ પણ ઉદયની વખત પડવા આદિનું વિદ્યમાનપણું અને બીજ આદિનું અવિદ્યમાનપણું એ જ છે. વળી શાસ્ત્રની અપેક્ષાએ યુગની આદિમાં આસો વદ એકમ બે ઘડી જેટલી જ ઉદય પછી હોય છે અને બાકી આખો અહોરાત્ર બીજ હોય છે, તો પણ શાસ્ત્રકાર એકમને વિદ્યમાનગણે છે અને બીજનો ક્ષય ગણે છે તથા એ પ્રમાણે બીજી પણ ક્ષીણતિથિઓમાં ઉદયને આધારે જ વ્યવહાર રાખે છે. આ

કારણથી જ ઉદય વખતની તિથિને ન માનનાર મિથ્યાત્વ આદિ દોષોને પામનારો ગણાય. તેમાં આશ્ચર્ય નથી. અમાવાસ્યાની પાછલી રાતે પડવો બેસી ગયો છતાં પણ કાર્તિક અમાવાસ્યાએ જ શ્રીવીરપ્રભુનું નિર્વાણ કલ્યાણક ગણાય. એટલે જૈનશાસનને માનનારાઓ તિથિના આરંભ પૂર્વાહ્ણાદિવ્યાપ્તિને લઈને કરી શકે નહિ, કિન્તુ તેઓને તો ઉદયની વ્યાપ્તિથી ઉદયવાળી તિથિ જ માનવી જોઈએ એ જ લેવો પડે, અને આ કારણથી શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓ ટીપ્પણામાં આઠમ આદિના ક્ષયની વખતે આઠમ આદિનો ઉદય નથી હોતો, કિન્તુ સાતમ આદિનો ઉદય હોય છે, છતાં તે ઉદયને આઠમનો ઉદય ગણી અને સાતમનો ઉદય નહિં ગણીને અર્થાત્ સાતમનો ક્ષય ગણીને તથા આખી આઠમ એમ માનીને જ આરાધના કરે છે. માત્ર આ રામટોળી જ તેવી વખતે સાતમ ગણીને અર્થાત્ ઉદયવાળી આઠમ છે એમ નહિં ગણીને આઠમની આરાધના કરે છે, અને તેથી તે ટોળી જ વગર ઉદયની આઠમ વગેરે માનવાથી, આજ્ઞાભંગ આદિ દોષોને પામે છે. આ કારણથી તો શાસ્ત્રકારોએ **क्षये पूर्वा तिथिः** એમ કહ્યું છે, વળી શાસ્ત્રની અપેક્ષાએ તિથિ કે પર્વતિથિ એક્કે ન વધવાવાળી છતાં લૌકિક ટીપ્પણામાં પર્વતિથિ પણ વૃદ્ધિ પામી બે સૂર્યોદયવાળી થાય છે. ત્યારે પણ પહેલાના ઉદયને અપ્રામાણિક ઠરાવી બીજી પર્વતિથિને ઔદયિકી તરીકે જણાવી છે. પરંતુ રામટોળીના મનુષ્યો વગર ઉદયની પર્વતિથિ છે એમ માનીને ઉદયને અપ્રમાણ કહે છે, તેમ પર્વતિથિના બન્ને ઉદયને માનવાવાળા થઈ પહેલી પર્વતિથિને ખોખા તિથિ કહી ઉદયને માનતા ન હોવાથી મિથ્યાત્વ આદિ દોષોને વ્હોરનારા થાય છે. તત્ત્વથી **उदयंमि०** વગેરે વાક્યો ક્ષય કે વૃદ્ધિ ન હોય તેવી તિથિઓને માટે છે અને ક્ષય વૃદ્ધિવાળી તિથિઓ માટે તો **क्षये०** વગેરે વાક્યો છે. અને તે કારણથી જ શાસ્ત્ર તથા પરંપરાને માનનારા તો ક્ષય વૃદ્ધિએ પહેલાની અપર્વતિથિઓની જ ક્ષય વૃદ્ધિ કરે છે. રામટોળી પણ હમણાં સુધી તો એમજ કહેતી હતી અને કરતી હતી.

પ્રશ્ન-૮૧ ટીપ્પણામાં સાતમ આદિનો સૂર્યોદય હોય છતાં તે માનવો નહિં અને આઠમનો ક્ષય હોવાથી સૂર્યોદય નહિં હોવા છતાં અષ્ટમીનો સૂર્યોદય માનવો એ જુઠ્ઠું અને અમાન્ય કેમ ન ગણાય ?

સમાધાન - પરંપરાને અનુસરીને લૌકિકટીપ્પણાં જૈનશાસનની દૃષ્ટિએ વિરૂદ્ધ, અસત્ય અને અમાન્ય છતાં તેને માનનાર, કહેનાર અને તે પ્રમાણે વર્ત્તન કરનાર જો મૃષાવાદી કે વિરાધક બનતો નથી, તો પછી જૈનશાસનના **क्षये पूर्वा तिथिः** તથા **अह जइ** ઈત્યાદિ શાસ્ત્રોને અનુસરીને પર્વતિથિના ક્ષયે તેનાથી પહેલાની અપર્વતિથિનો ટીપ્પણામાં ક્ષય નથી છતાં ક્ષય માને અને અષ્ટમી આદિનો તે લૌકિકટીપ્પણામાં ક્ષય હોવાથી સૂર્યોદય

નથી, છતાં તે માને તેમાં અંશે પણ વિરાધકપણું કેમ ગણાય ? પરંતુ જેઓ તેવી વખતે ટીપ્પણાની સપ્તમી આદિને જ માને તેઓ લૌકિકટીપ્પણાના માત્ર ભક્ત રહે અને શ્રી ઉમાસ્વાતિવાચક જેવા મહાપુરૂષોને તેમજ તેમના પ્રઘોષ અને વચનને ઉઠાવવા દ્વારા ઉત્થાપક જ બને. આશ્ચર્યની વાત તો એ છે કે આ રામટોળી **उदयंमि** અને **ताउ पमाणं०** ને જુવે છે અને લોકોને ભરમાવવા માટે બતાવે પણ છે. પરંતુ તેની સાથે જ अह जइ કહીને અપર્વને પર્વતિથિ નામ આપવાની તથા क्षये० ના વાક્યથી પહેલાની તિથિનું તો નામ નહિ લેતાં ક્ષય કરવાની વાત જે છે તેને તો જોતી કે સમજતી જ નથી અને તેવા અજ્ઞાન અને અશ્રદ્ધાના પ્રતાપે શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ વર્ત્તન કરે છે અને કરાવે છે, અને એ કામ જાણી જોઈને સાચા પાઠો સાચી યુક્તિઓ અને તેવી પરંપરા જાણ્યા પછી તેનાથી વિરૂદ્ધ થઈને કરે છે અને તેવું તો કદાગ્રહી મિથ્યાત્વી સિવાય બીજાથી બને નહિં એ સ્પષ્ટ જ છે.

પ્રશ્ન-૮૨ સામાન્યપણે બીજ આદિ પર્વતિથિની ક્ષય વૃદ્ધિની વખતે તો માત્ર કથનમાં જ ફરક પડે છે. કેમકે શાસન પક્ષવાળા જ્યારે પડવા આદિનો ક્ષય માની બીજ આદિ પર્વતિથિને માની આરાધના કરે છે, ત્યારે જેને પર્વને ઉદય ન માનવાને લીધે અનુદય માનીને પણ ક્રિયા કરનાર હોવાથી કે ક્ષય માનવામાં પર્વલોપકમાં માનવામાં આવ્યા છે અગર બન્યા છે. તે રામટોળીવાળાઓ તે પડવા આદિનો ઉદય માનીને તથા બીજ આદિનો ક્ષય માનીને પણ આરાધના તો બીજ આદિની તે જ દિવસે કરે છે, તેમજ બીજ આદિ પર્વતિથિની વૃદ્ધિની વખતે જ્યારે શાસનપક્ષ એકલી બીજી બીજ આદિ તિથિનો જ સૂર્યોદય છે, અને એમ માની ને પહેલાના સૂર્યોદયને પડવા આદિના સૂર્યોદય તરીકે માની પડવા આદિ વૃદ્ધિ કરે છે ત્યારે આ પર્વવિરાધક તરીકે પંકાયેલો રામટોળીનો પક્ષ પણ તે બીજ આદિના બન્ને સૂર્યોદયને બીજના સૂર્યોદય તરીકે માની બે બીજ આદિ પર્વતિથિ માને છે. પરંતુ તેમ માનીને પણ બીજ આદિના બે સૂર્યોદયને માન્યા છતાં પણ તે દિવસે બીજ આદિ પર્વતિથિની આરાધના નહિં કરતા રહેવાથી જો કે પર્વના લોપક એટલે પર્વતિથિને માન્યાં છતાં નહિં આરાધનાર થઈને વિરાધક બને છે, પરંતુ બીજે દિવસે જ ને બીજ આદિની આરાધના કરનાર હોવાથી શાસનપક્ષની સાથે માત્ર તિથિના નામનો જ માત્ર ફરક રહે છે. પણ દિવસનો કે આરાધનાનો ફરક પડતો નથી, પરંતુ અમાવાસ્યા જેવી પર્વતિથિની પછીની બીજી પર્વતિથિની ક્ષયવૃદ્ધિએ તો દિવસનો ફરક પડે, અર્થાત્ ટીપ્પણામાં સોમવારે તેરસ, મંગલવારે ચૌદશ હોય અને અમાવાસ્યા કે પૂનમનો ક્ષય હોઈને બુધવારે

એકમ હોય ત્યારે શાસન પક્ષ તો સમગ્ર **क्षये पूर्वा०** ના નિયમથી તેમજ શ્રીહીરવિજયસૂરિજીના પૂનમના ક્ષયના પ્રશ્નોત્તરમાં **त्रयोदशीचतुर्दश्योः** એવું સ્પષ્ટદ્વિવચન હોવાથી તેમજ શ્રી વિજયદેવસૂરિજીના પટ્ટકાદિને અનુસરતી પરંપરાને અનુસરીને સોમવારે તેરસ ન માનતાં તેનો ક્ષય માનીને સોમવારે ચૌદશ અને મંગળવારે અમાવાસ્યા કે પૂનમ માનશે. ત્યારે પર્વવિરાધક પક્ષનો એક ડોસીવાળાનો ભાગતો તેરસે સોમવારે પૂનમ અને મંગળવારે ચૌદશ એમ પૂનમ પછી ચૌદશ માનશે અને ડભોઈભાગ તે તેરસે સોમવાર માની મંગળવારે ચૌદશ અને પૂનમ કે અમાવાસ્યા બંન્નેને ભેળા માનશે. એટલે એકંદરે શાસનપક્ષ તેવે વખતે સોમવારે ચૌદશ કરનાર થશે, અને પર્વલોપકપક્ષ મંગળવારે ચૌદશ કરનાર થશે જ વળી એવી રીતે પૂનમ અમાવાસ્યા જેવી પર્વાનન્તર પર્વતિથિની વૃદ્ધિ આવશે ત્યારે પણ શાસનપક્ષ અને પર્વલોપકપક્ષ વચ્ચે એક દિવસનો ફરક પડશે. કેમકે જ્યારે લૌકિકટીપ્પણામાં સોમવારે તેરસ, મંગળવારે ચૌદશ તથા બુધવાર તથા ગુરૂવાર બન્ને દિવસે અમાવાસ્યા કે પૂનમ હશે ત્યારે શાસનપક્ષ સોમવાર અને મંગળવારે તેરસ માની બે તેરસ માનશે અને બુધવારે ચૌદશ માની ગુરૂવારે અમાવાસ્યા કે પૂનમ માનશે. ત્યારે શાસનવિરોધી પક્ષ સોમવારે તેરસ માની મંગળવારે પક્ખી ચૌદસ માનશે અને તેમ કરી તે બુધવારે ખોખા પુનમ કે ખોખા અમાવાસ્યા માની તેની આરાધના ગુરૂવારે કરશે. એટલે શાસનપક્ષ જ્યારે બુધવારે ચૌદશ આરાધશે ત્યારે આ પર્વલોપકપક્ષને મંગળવારે ચૌદશ કરવાનું થશે એટલે તેવી વખતે એક વારનો ચૌદશમાં ફરક આવશે. એમાં રામટોળીનું કહેવું એમ થાય છે કે પૂનમ અને અમાવાસ્યાના ક્ષયની વખતે પણ અમો ચૌદશ જે ઉદયવાળી તેને જ આરાધીયે છીએ અને શાસનપક્ષથી નથી તો પૂનમ કે અમાવાસ્યાના ક્ષયની વખતે ઉદયવાળી ચૌદશને આરાધવાનું બનતું, તેમ નથી તો પૂનમ કે અમાવાસ્યાની વૃદ્ધિની વખત ચૌદશ ઉદયવાળીનું આરાધવાનું બનતું અને શાસ્ત્રકારોએ **उदयंमि जा ताउ पमाणं०** એ વગેરે વાક્યોથી ઉદયવાળી તિથિને પ્રમાણ માની આરાધના કરવાનું જણાવ્યું છે. એટલું જ નહિં, પણ એમ પણ સાથે જ જણાવ્યું છે કે ઉદયવિનાની તિથિને આરાધવાવાળાઓ આજ્ઞાભંગ, અનવસ્થા, મિથ્યાત્વ અને વિરાધના જેવા મહાદોષોને પામે છે. એમ કહીને તે કહે છે કે અત્યાર સુધીના પૂર્વપુરૂષોએ આ ઉદય બાબતનો વિચાર બીજી પર્વતિથિની વૃદ્ધિ હાનિમાં કર્યો નથી અને અમે પણ તેને લીટે લીટે અત્યાર સુધી વિચાર કર્યા વિના જ પ્રવૃત્તિ કરી હતી, પણ હવે તો ઉદયવાળી તિથિ આરાધવાનો શુદ્ધમાર્ગ ગ્રહણ કર્યો છે.

સમાધાન - પ્રથમ તો **उदयंमि जा तिही०** અને **ताउ पमाणं०** વગેરે વાક્યો તિથિની વ્યવસ્થા માટે છે અને તિથિની વ્યવસ્થા કરીને પછીજ અને પર્વતિથિની વ્યવસ્થા થવાને અંગે જ વ્યવસ્થાકારોએ શાસ્ત્રોમાં આરાધના કહેલી છે, અને તેથીજ **क्षये पूर्वा तिथिः कार्या** એમ કહીને તિથિની વ્યવસ્થા શાસ્ત્રકારોએ કરી છે. શ્રીતત્ત્વતરંગિણીમાં પણ **का तिथिराराध्यत्वेन संमता** એમ કહી પહેલી તો તિથિની વ્યવસ્થા કરીને પછી જ આરાધનાની વ્યવસ્થા કરવામાં આવી છે. વળી શ્રીતત્ત્વતરંગિણીમાં સ્પષ્ટ શબ્દોથી જણાવવામાં આવ્યું છે કે જ્યારે ચૌદશનો ઉદય ન હોવાથી ટીપ્પણામાં તે ન હોય ત્યારે તેરસ ઉદયવાળી છે છતાં પણ તેરસનું નામ પણ તે દિવસને લગાડવાનું હોતું નથી, માટે તે દિવસે તેરસ છે એમ કહેવાય જ નહિ. પરંતુ ચૌદશ એ પર્વતિથિ હોવાથી તેનો ઉદય ન હોવાથી ક્ષય છે, છતાં પણ જે ન કરવાથી પ્રાયશ્ચિત્ત આવે એવાં ચૈત્યસાધુવંદન અને પાક્ષિકોપવાસ વગેરે સર્વ ધર્મકાર્યમાં સકલ શ્રીસંઘ તે દિવસે ચૌદશ જ છે એવો વ્યપદેશ એટલે નામ લેવાનું કરે છે, માટે ઔદયિકી તેરસ છતાં પણ તેને ચૌદશજ છે એમ શ્રીસંઘ સ્વીકારે છે. આ વિચારનારા સ્પષ્ટપણે સમજી શકશે કે રામટોળીનો જે ભાગ સાતમ માનીને આઠમની આરાધના કરવાનું કહે છે અને જે ભાગ સાતમ આઠમને ભેગા માનીને તે દિવસ આઠમને આરાધના કરવાનું કહે છે તે બન્ને શાસ્ત્રના કથનથી વિરૂદ્ધ જ છે. અને શ્રીસંઘથી પણ બહાર ગયેલા છે અને જે રામટોળીનો ભાગ એમ કરીને શાસ્ત્ર અને શ્રીસંઘથી બહાર થાય છે તેને અનુસરનારો વર્ગ પણ તેવો જ થાય છે. યાદ રાખવાની જરૂર છે કે જમાલીની ચાલે ચાલનાર તથા ગોશાળાની ચાલે ચાલનાર વર્ગ જમાલી કે ગોશાળાના નામે એક અંશે પણ આરાધક થઈ શક્યો ન હતો, આવી સ્થિતિમાં અમારા મહારાજ એમ કહે છે, અગર અમારા આચાર્ય એમ કહે છે કે અથવા અમારા બાપજી મહારાજ આમ કરે છે, એવાં વચનો કોઈ પણ પ્રકારે આરાધનામાં લાવી શકવાના નથી તેમ વિરાધનાથી બચાવી શકવાના પણ નથી. એટલે શાસ્ત્ર અને પરંપરાને અનુસારે જ્યારે પર્વતિથિની વૃદ્ધિ અને હાનિ હોય તે વખતે એનાથી પહેલાની અપર્વતિથિની જ હાનિ અને વૃદ્ધિ કરાય છે અને તેથી તે તે અપર્વતિથિનો ઉદય હોય તો પણ તે ઉદય પર્વતિથિનો છે એમ ગણીને ઉદયની પ્રામાણિકતા જાળવે જ છે અને રામટોળીને તો સાતમ આઠમ આદિ ભેગાં છે એમ ગણીને અને કહીને ભેળસેળવાદી થવું પડે છે. અથવા સાતમને માનીને આઠમ કરીને જુઠા પડવું પડે છે. તથા વૃદ્ધિની વખતે બન્ને દિવસ પર્વતિથિનો ઉદય માનીને પણ તેને ખોખું પર્વ છે એમ ગણીને અને કહીને પર્વના ઉદયને વિરાધવો પડે છે. એટલે પર્વલોપકને

નથી તો હાનિની વખતે ઉદયનો સિદ્ધાંત રહેતો તેમ પર્વની વૃદ્ધિની વખતે પણ નથી તો ઉદયનો સિદ્ધાંત રહેતો. શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારાઓ તો બન્ને વખત ઉદયની વ્યવસ્થા કરે છે. માટે ઉદયને નામે લોકોને ભમાવવા એ આ પર્વલોપક ટોળીની પરમધૃષ્ટતા જ છે. તત્ત્વથી જેમ એકવડી પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિનો ક્ષય તેરસનું નામ નહિં લેવું પરંતુ ચૌદશ જ કરવી એ આદિ શાસ્ત્રવચન અને પરંપરાથી સિદ્ધ છે અને થાય છે, તેવી રીતે પર્વની અનંતરની પર્વતિથિનો ક્ષય હોય ત્યારે પણ તેનાથી પહેલાની તિથિએ પર્વતિથિ હોવાથી તેનો ક્ષય ન થાય અને તેથી **यावत् संभवः०** ના ન્યાયે તેરસનો જ ક્ષય કરવો પડે અને કરાય છે. શ્રીહીરસૂરિજી પણ પૂનમના ક્ષયની વખતે **त्रयोदशीचतुर्दश्योः** એમ એકલી પૂનમના આરાધનાના પ્રશ્નની વખતે પણ જણાવે છે, એટલે પૂનમના ક્ષયે તેરસનો ક્ષય કરી જે તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કરાય છે તે શાસ્ત્ર અને પરંપરાને અનુસરતું હોઈ સત્ય જ છે, એવી જ રીતે પર્વના અનંતરપર્વની વૃદ્ધિ વખતે પણ શ્રીહીરસૂરિજીએ પૂનમ અને અમાવસ્યાની વૃદ્ધિ વખતે જેમ એકને જ **औदयिकी** ગણી છે તે તેવી રીતે એકવડી પર્વતિથિની વૃદ્ધિએ પહેલાના અપર્વ એટલે સાતમ આદિની વૃદ્ધિ થાય અને તેવી જ રીતે બે પૂનમ કે બે અમાવાસ્યાની વખતે તેનાથી પહેલાની ચૌદશ બે થવાનો વખત આવે તેથી **यावत् संभवः०** ન્યાયે બે તેરસો જ કરાય અને તેથી પૂનમ કે અમાવાસ્યાની વૃદ્ધિએ જે બે તેરસો કરાય છે તે શાસ્ત્ર અને પરંપરાને અનુસરીને કરાય છે માટે સત્ય જ છે. બીજા પર્વના ક્ષયની કે વૃદ્ધિની વખતે પર્વના ઉદયની વાત ખોટી રીતે આગળ કરીને પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ માનીને શાસ્ત્રથી તથા પરંપરાથી વિરૂદ્ધ બોલવું કે લખવું તે માર્ગગામીયોને તો યોગ્ય જ નથી. શાસનપક્ષ અને રામટોળીમાં નીચે પ્રમાણે ફરક છે.

| શાસ્ત્રપક્ષ | રામટોળી |
|---|---|
| ૧ પર્વતિથિના ક્ષયે પહેલાની અપર્વતિથિનો ક્ષય કરવાથી ઉદય થાય ત્યારથી પર્વતિથિની માન્યતા હોવાથી પર્વતિથિ ઉદયવાળી થશે. | ૧ પર્વતિથિનો ક્ષય માનવાથી ઉદયવાળી પર્વતિથિ માનવાનું રહેતું નથી. |
| ૨ અપર્વતિથિ તરીકે માનીને પર્વની આરાધના થતી નથી, પણ પર્વતિથિ માનીને જ પર્વતિથિ આરાધવાનું થાય છે એટલે પર્વતિથિના નામે લીધેલાં પચ્ચખ્ખાણ પર્વતિથિ માનીને આરાધેય છે. | ૨ અપર્વતિથિને માનવાનું થાય છે અને તે અપર્વતિથિને પર્વતિથિ તરીકે આરાધવી પડે છે, એટલે છે તો પર્વતિથિનાં પચ્ચખ્ખાણ, છતાં આરાધાય છે અપર્વતિથિ. |

૩ પર્વતિથિના ક્ષયની વખતે ચોક્ખી અને આખી તિથિ પર્વ તરીકે માનવામાં આવે છે એટલે તે આખી તિથિમાં કોઈપણ વખતે તિથિના નિયમ સાચવવાના રહે છે અને તેની વિરાધના થાય તો પર્વતિથિની માફક જ આલોયણ પણ આવે છે.

૪ પર્વાનન્તર પર્વની એટલે અમાવાસ્યા કે પૂનમના જેવી તિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાની ચૌદશ આદિ પર્વતિથિ હોવાથી તેનો ક્ષય ન કરતાં તે ચૌદશ આદિથી પહેલાની તેરસ આદિનો ક્ષય કરે છે અને તેરસે ચૌદશ અને ચૌદશે પૂનમ કે અમાવાસ્યા માને છે, અર્થાત્ ચૌદશ અને પૂનમ કે અમાવાસ્યાને અખંડ રાખે છે અને બન્ને પર્વને સાથે રાખી સાથે આરાધે છે.

૫ આષાઢ કે કાર્ત્તિકી પૂર્ણિમાના ક્ષયની વખતે તેરસનો ક્ષય કરી ચૌદશે ચોમાસી કરે અને બીજે દિવસે યાત્રા બંધ કરે અને શરૂ કરે.

૬ તિથિની હયાતિ માની તે તિથિ આરાધશે એટલે ઉદયની વ્યવસ્થા ટીપ્પણાથી ન થાય ત્યારે શાસ્ત્રથી કરશે.

૩ પર્વતિથિના ક્ષયની વખતે છે તો અપર્વનો ઉદય છતાં અપર્વ અને પર્વને ભેગાં માને છે. એટલે અપર્વતિથિને ઉદયવાળી માનીને તે આખી પર્વતિથિને માનતી નથી અને ભેળસેળ પર્વાપર્વ માને છે, છતાં તિથિના નિયમો ઉદયથી આખો દિવસ સાચવવા એમ કહે છે અને વિરાધનામાં આલોયણ પણ આખા પર્વદિવસની વિરાધના આપે છે.

૪ પૂનમ કે અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે આ ટોળીનો એક ભાગ તો તેરસે પૂનમ કે અમાવાસ્યાને માનવાનું કરી ચૌદશ કરતાં પહેલાં પૂનમ કે અમાવાસ્યા માનવાનું કરે છે, અને પહેલાં પૂનમ કે અમાવાસ્યા કરીને પછી બીજે દિવસે ચૌદશ આરાધવાનું કરે છે અને બીજો ભાગ તો પૂનમ કે અમાવાસ્યાનો ક્ષય હોય ત્યારે ચૌદશમાં જ પૂનમ અમાવાસ્યાને ભેળવી દઈ પર્વતિથિને ઉડાડી દે છે, અને બાર તિથિના બ્રહ્મચર્યાદિ પાલવાના કે સચિત્તાદિના ત્યાગના નિયમને પાલવાની જરૂર નથી એમ ચોખ્ખું જણાવે છે એટલે જેઓ તેરસનો ક્ષય કરી ચૌદશ અને પૂનમ કે અમાવાસ્યા બન્ને પાળે તેને આજ્ઞાભંગાદિ દોષોવાળા થવાનું માને છે અને જેઓ બ્રહ્મચર્યાદિ તેવી રીતે તિથિને અંગે નિયમ છતાં પાળે નહિ તેઓને જ સન્માર્ગી અને આરાધક માને છે ! ! !

૫ આષાઢી પૂનમના ક્ષયે ચૌદશે ચૌદશ માનીને પૂનમ પણ માને અને યાત્રા પણ કરે અને કાર્ત્તિકી પૂનમના ક્ષયે ચૌદશે ચૌમાસી કરે અને યાત્રા પણ કરે, અર્થાત્ ચૌદશે પટ જુહાર તો કરે અને યાત્રા કર્યા પછી સાંજે પડિકકમણામાં વિહારની છૂટી કરે.

૬ તિથિનો ક્ષય માનીને જ તિથિને આરાધશે. એટલે શાસ્ત્રને છોડી દઈને એકલા ટીપ્પણાથી ઉદય માનશે.

પ્રશ્ન- બીજ આદિ પર્વતિથિની વૃદ્ધિ થાય કે નહિ? અને જો શાસ્ત્રરીતિએ પર્વ કે અપર્વની વૃદ્ધિ થતી જ ન હોય તો શાસ્ત્રમાં અતિરાત્ર જણાવ્યા છે તે કેમ બને ? અને શ્રીઉમાસ્વાતિવાચકજીના **वृद्धौ कार्या तथोत्तरा** એવા પ્રઘોષની જરૂર શી ?

સમાધાન- જૈનજ્યોતિષ શાસ્ત્રની ગણતરીયે તિથિનું પ્રમાણ $^{61}/_{62}$ પ્રમાણનું હોવાથી તિથિનો ક્ષય તો એકસઠમે દિવસે જરૂર આવે, પણ વૃદ્ધિ તો જૈનજ્યોતિષ શાસ્ત્રની રીતિએ કોઈ દિવસ પણ આવે જ નહિ. જૈનજ્યોતિષ શાસ્ત્રની રીતિએ $^{61}/_{62}$થી વધારે પ્રમાણની તિથિ હોયજ નહિં, અને તેથી કોઈપણ તિથિની વૃદ્ધિ તો શ્રીજૈનશાસનને હિસાબે હોય જ નહિં. યુગમાં પાંચ વર્ષ હોય છે અને તેમાં દિવસ અઢારસેંત્રીશ હોય છે, તેમાં સૂર્યના ૬૦ માસ કર્મના ૬૧ માસ અને ચંદ્રના ૬૨ માસ હોય છે, એથી અનુક્રમે સૂર્યમાસ ૩૦॥ કર્મ માસ ૩૦ અને ચંદ્રમાસ ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસનો થાય છે. તિથિ ચંદ્રમાસથી થાય છે અને એક મહિનાની ૩૦ તિથિઓ હોય છે એટલે એક તિથિ $^{61}/_{62}$ જેટલી એટલે યુગમાં ૧૮૬૦ તિથિઓ થાય અને મહિના બાસઠ થાય, તેથી કર્મના ૧૮૩૦ દિવસો મેળવવા ચંદ્રની ૩૦ તિથિયોનો ક્ષય કરવો પડે. માટે તિથિનો ક્ષય જૈનજ્યોતિષના હિસાબે જરૂર આવે, પરંતુ તિથિની વૃદ્ધિ તો કોઈ પણ પ્રકારે આવે જ નહિં, જૈનજ્યોતિષથી પણ તિથિની વૃદ્ધિ હોય એમ કહેનાર રામટોળી જૈનજ્યોતિષને કાં તો જાણતી માનતી નથી, અથવા તો જૈન જ્યોતિષના હિસાબે તિથિનું $^{61}/_{62}$ જે માન છે તે જાણતી અને માનતી નથી, એમ નક્કી થાય છે, લોકોને રામટોળી જે એમ જણાવે છે કે જૈનજ્યોતિષમાં જેમ અવમરાત્ર એટલે તિથિઓનો ક્ષય માનેલો છે, તેવી જ રીતે તેમાંજ અતિરાત્ર પણ માનેલ છે, તેથી તિથિઓની વૃદ્ધિ પણ જૈનજ્યોતિષને હિસાબે માનવી જ જોઈએ. તે કથન કેવલ લોકોને ભરમાવવા માટે જ છે. કેમકે તિથિનો સંબંધ કેવલ ચંદ્રમાસ સાથે છે અને તિથિની ઉત્પત્તિ પણ ચંદ્રથી છે અને નથી તો ચંદ્રમાસ ૨૯$\frac{૩૨}{૬૨}$ દિવસ રૂપ ત્રીશ તિથિથી વધતો થતો અને નથી તો ચંદ્રકળાના નિયમમાં ફેરફાર થતો. જૈનજ્યોતિષમાં જે અતિરાત્ર કહ્યા છે તે તિથિની વૃદ્ધિની અપેક્ષાએ નથી, અતિરાત્રશબ્દથી તો દિવસની વૃદ્ધિ જ લેવાની છે અને તે વૃદ્ધિ સૂર્યવર્ષના ૩૬૬ અને કર્મમાસના ૩૬૦ દિવસ હોવાને લીધે છે. જો અતિરાત્રથી તિથિ લેવામાં આવે તો તિથિનું માન $^{61}/_{62}$ હોવાથી યુગને અંતે $^{30}/_{62}$ નો ગોટાળો થાય. માટે જૈનજ્યોતિષના હિસાબે સામાન્ય તિથિ કે પર્વતિથિ બેમાંથી કોઈ પણ જાતની તિથિ વૃદ્ધિ થતી નથી, છતાં જૈનશાસ્ત્ર અને જૈનાચાર્યોએ લૌકિકટીપ્પણામાં કરાયેલી સામાન્ય કે પર્વ બન્ને પ્રકારની તિથિની વૃદ્ધિ માન્ય રાખી સંસ્કાર કરવા માટે વ્યવહાર કર્યો છે અને એ માટે **वृद्धौ**

**कार्या तथोत्तरा** અર્થાત્ લૌકિક ટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય તો બીજીને જ પર્વતિથિ કહેવી એવા પ્રઘોષની જરૂર ગણી અને તે શ્રીસકલસંઘે પ્રઘોષને માનીને અમલમાં મેલ્યો, યાદ રાખવું જરૂરી છે કે જેમ પર્વતિથિનો ક્ષય માનનાર તે તે પર્વની આરાધના ન કરે તો તે તિથિના પચ્ચખ્ખાણને ભાંગનારો ગણાય, તેમ રામ ટોળીને હિસાબે વૃદ્ધિ વખતે બન્ને દિવસ પર્વતિથિયો છે. એમ માનનાર થાય તેથી પહેલે દિવસે પણ પર્વ માને છતાં તે પર્વતિથિ અને તે પહેલી પર્વતિથિનાં પચ્ચખ્ખાણ નહિં અને ખોખુંગણે તેમાં તે જરૂર તિથિના પચ્ચખ્ખાણને ભાંગનારો થાય.

પ્રશ્ન- **वृद्धौ कार्या तथौत्तरा** એ પ્રઘોષનો એવો અર્થ શું ખોટો છે કે લૌકિક ટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે બીજી પર્વતિથિની જ આરાધના કરવી ?

સમાધાન- પ્રશ્નની વખતે જણાવવામાં આવેલો અર્થ ખોટો છે. કારણ કે આ પ્રઘોષ પણ પહેલાં તો તિથિની વ્યવસ્થા માટે જ છે. અર્થાત્ જેમ લૌકિકટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય હોય ત્યારે તેનાથી પહેલાંની અપર્વતિથિનો ક્ષય કરીને તે અપર્વતિથિને જ પર્વતિથિના એ પ્રઘોષથી બનાવાય છે, તેમ લૌકિકટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે પણ માત્ર બીજીને જ પર્વતિથિ નામે મનાય એવો ચોખ્ખો અર્થ છે અને તેથી જ શાસ્ત્ર અને તેને અનુસરનાર પરંપરાને માનનારાઓ બીજ આદિ પર્વતિથિના ક્ષયે પડવા આદિ અપર્વતિથિનો ક્ષય કરે છે, અને બીજ આદિ પર્વતિથિની વૃદ્ધિની વખતે પડવા આદિની વૃદ્ધિ કરે છે. આ રામટોળી પણ અત્યારસુધી તેવીજ રીતે તે તે વખતે અપર્વનો જ ક્ષય અને અપર્વની જ વૃદ્ધિ કરતી હતી. એ ટોળીએ શાસનથી જુદા પડવા કે શાસનના ભાગલા પાડવા માટે જ હમણાં પર્વનો ક્ષય તથા વૃદ્ધિ માનવાનું શરૂ કરેલ છે. હજુ શાસનને અનુસરનારાઓનું સદ્‌ભાગ્ય છે કે આ રામટોળી સિવાય બીજા બધા સાધુસમુદાયે શાસ્ત્ર અને પરંપરાથી વિરૂદ્ધ એવી આ રામટોળીની વાતને માન્ય કરી નથી અને તે પ્રમાણે વર્ત્તન કરવાનું પણ રાખ્યું નથી.

પ્રશ્ન- **वृद्धौ कार्या तथोत्तरा** એ પ્રઘોષ તિથિનો વિધિ કરે છે કે નિષેધ કરે છે ?

સમાધાન - **क्षये पूर्वा तिथिः कार्या** એ પ્રઘોષ તો વિધિપ્રધાન હતો અને તેથી જે પર્વતિથિ ટીપ્પણામાં નાશ પામી હતી તેને સ્થાપન કરી, એટલે જે બીજ આદિનો ક્ષય થતો હતો તે જ બીજ આદિપણે પડવા આદિને બનાવી. વળી તેમાં પડવા આદિપણાનો નિષેધ તો તે પડવા આદિનું બીજ આદિપણું કરવાથી જ સિદ્ધ થયું છે, અને બીજ આદિપણું અખંડપણે થપાવાથી જ બીજપણા આદિની આરાધના અખંડિત થઈ. જો તિથિના વિધાન માટે આ

વાક્ય ન હોત તો **તિથિઃકાર્યા** એમ ક્હેત નહિં. જો આરાધનાની વ્યવસ્થા માટે આ વાક્ય હોત તો **પૂર્વસ્યાં તુ ક્ષયે તિથેઃ** જેવું વાક્ય કહેત. અથવા **ક્ષયે ભોગવતી તિથિઃ** ક્હીને મિશ્રતિથિ માનવાનું જણાવત. પરંતુ અહિં જે ક્ષીણ થયેલી તિથિની વખતે તિથિનું વિધાન કરે છે તે એ જ જણાવવા કે બીજ આદિના ક્ષયે ઉદયવાળી પર્વતિથિ મળે નહિં, તેથી પહેલાની પડવા આદિ તિથિના ઉદયને બીજ આદિના ઉદયપણે લઈને પર્વતિથિ માનવી. આજ કારણથી શાસ્ત્રમાં પડવા આદિના નામનો પણ અસંભવ જણાવ્યો છે અને બીજ આદિ પર્વતિથિ જ તે દિવસે છે એમ સકલ શ્રીસંઘ કહે છે એમ જણાવ્યું છે. એટલે જેઓ પર્વતિથિના ટીપ્પણામાં આવતા ક્ષયની વખતે અપર્વનો ઉદય માનવાનું અને પર્વતિથિને ભેગી ગણી લેવાનું કહે છે તેઓ જૈનશાસ્ત્રથી તો વિરૂદ્ધ જાય છે, અને વ્યવહાર માત્ર માટે ઉપયોગી ગણેલાં એવાં ટીપ્પણાને માનનારા થઈને જૈનશાસનના ધોરી એવા આચાર્યભગવંતો આદિના વચનને ઉઠાવનારા થાય છે. એવી જ રીતે **વૃદ્ધૌ કાર્યા તથોત્તરા** એ પ્રઘોષ નિયમપ્રધાન છે. અર્થાત્ લૌકિકટીપ્પણામાં બન્ને દિવસ સૂર્યનો ઉદય હોવાથી બીજ આદિ તિથિઓ બન્ને હતી, તેથી બીજા દિવસને જ બીજ આદિપણે થાપીને પહેલે દિવસ બીજ આદિપણાનો નિષેધ કર્યો છે. આજ કારણથી શ્રીસંઘ તેવી બીજ આદિની લૌકિકટીપ્પણામાં આવતી વૃદ્ધિની વખતે પડવા આદિની જ વૃદ્ધિ કરે છે અને કહે છે. આચાર્ય શ્રીહીરસૂરિજી મહારાજ આદિ પણ શ્રીહીરપ્રશ્ન વિગેરેમાં અગીયારસની લૌકિકટીપ્પણામાં બે વખતે સૂર્યોદય હોવાથી વૃદ્ધિ હોય તો પણ બીજી ગણાતી અગીયારસને જ અગીયારસના ઉદયવાળી ગણવાનું કહે છે. અર્થાત્ ટીપ્પણાની પહેલી અગીયારસના ઉદયને અગીયારસનો ઉદય જ માનવાની ના પાડે છે. તેમજ પૂનમ અને અમાવાસ્યાની લૌકિકટીપ્પણામાં બે સૂર્યોદય થવાને લીધે વૃદ્ધિ હોય ત્યારે પણ બીજી પૂનમ કે અમાવાસ્યાને જ પૂનમ કે અમાવાસ્યાના સૂર્યોદયવાળી માનવા જણાવે છે. અર્થાત્ પહેલી પૂનમ કે અમાવાસ્યાએ ટીપ્પણામાં સૂર્યોદય હોય છે છતાં તે પહેલી પૂનમ કે અમાવાસ્યાના લૌકિકટીપ્પણાના સૂર્યોદયને સૂર્યોદય તરીકે માનવાનીજ ના પાડે છે. એટલે પર્વતિથિના ક્ષયની વખતે જેમ અપર્વતિથિનો સૂર્યોદય હતો, છતાં તેને માનવાની ના કહી અને પર્વતિથિનો સૂર્યોદય નહોતો છતાં તે અપર્વતિથિના સૂર્યોદયને જ પર્વતિથિના સૂર્યોદય તરીકે માનવાનું પ્રઘોષાદિથી જણાવ્યું હતું, તેવીજ રીતે પર્વતિથિના લૌકિકટીપ્પણામાં બે દિવસ સૂર્યોદય હોવાને લીધે થતી વૃદ્ધિની વખત પણ સ્પષ્ટ જણાવ્યું છે કે લૌકિકટીપ્પણામાં પર્વતિથિમાં બે સૂર્યોદય હોય તો પણ એકલા

બીજાજ સૂર્યોદયને પર્વતિથિના સૂર્યોદય તરીકે માનવો અર્થાત્ લૌકિકટીપ્પણાના પર્વતિથિ સંબંધી પહેલા ઉદયને પર્વતિથિના સૂર્યોદય તરીકે માનવો જ નહિં. એમ સ્પષ્ટ જણાવ્યું. આ ઉપરથી આ વાત સ્પષ્ટ થશે કે શ્રીહીરસૂરિજી વિગેરે આચાર્યોને અને શાસ્ત્રોને માનનારા તથા તે પ્રમાણે વર્ત્તનારા જે મહાનુભાવો હશે તેઓ તો ટીપ્પણામાં પર્વતિથિનો ક્ષય હોવાથી સૂર્યોદય નહિં હોય ત્યારે તેનાથી પહેલાની અપર્વતિથિના સૂર્યોદયને પર્વતિથિના સૂર્યોદય તરીકે માનશે અપર્વનો ક્ષય માની પર્વની હયાતી માનશે અને તે તે અપર્વતિથિની સૂર્યોદય બે થવાથી વૃદ્ધિ થઈ હશે તો પહેલા સૂર્યોદયને નહિં માને અને તે સૂર્યોદયને પહેલાની અપર્વતિથિનો સૂર્યોદય માનશે. એટલે પર્વતિથિના બે સૂર્યોદય નહિં માને, પરંતુ ટીપ્પણામાં જે બે તિથિના સૂર્યોદય હશે તે જો પર્વતિથિ હશે તો તેનાથી પહેલાની અપર્વતિથિના બે સૂર્યોદય થયા માની અને તેથી બીજ આદિના ક્ષયની વખતે પડવા આદિ તિથિઓ ક્ષય પામેલી ગણશે તથા બીજ આદિની વૃદ્ધિની વખતે પડવા આદિ તિથિયો કે જે અપર્વતિથિઓ છે તે જ વૃદ્ધિ પામેલી એટલે બે થયેલી ગણશે. એટલે પર્વતિથિને સૂર્યોદય વિનાની માનવી અથવા અપર્વતિથિ અને પર્વતિથિ બે ભેગી માનવી એ જેમ આચાર્ય ભગવંતોની આજ્ઞા અને શાસ્ત્રને અનુસરનારી પરંપરાથી વિરૂદ્ધ છે તેમ ટીપ્પણામાં લખેલા પર્વતિથિના બે સૂર્યોદય માનવા અને પર્વતિથિઓને બેવડી માનવી તે પણ શાસ્ત્ર અને તેને અનુસરનારી પરંપરાથી વિરૂદ્ધ જ છે. પર્વતિથિની વૃદ્ધિ સંબંધી માન્યતામાં શાસનપક્ષ અને રામટોળીની માન્યતામાં નીચે મુજબ ફરક છે.

| શાસન પક્ષ | રામટોળી |
|---|---|
| ૧ લૌકિક ટીપ્પણામાં બીજ આદિ પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે ટીપ્પણાના પર્વતિથિના બે સૂર્યોદય માનવા નહિં, પણ બીજા દિવસના સૂર્યોદયને જ પર્વતિથિનો સૂર્યોદય ગણવો. | ૧ લૌકિકટીપ્પણામાં પર્વતિથિયોમાં બે વાર અને બે સૂર્યોદય હોવાથી વૃદ્ધિ થાય ત્યારે શાસ્ત્ર અને પરંપરા ભલે બીજા સૂર્યોદયને પર્વતિથિના સૂર્યોદય તરીકે માનવાનું કહે અને કરે, પરંતુ તે બધા અજ્ઞાની અને ખોટે |

રસ્તે દોરવાયેલા છે એમ માનવું, અને તે બન્ને સૂર્યોદય પર્વતિથિના છે એમ માની બે પર્વતિથિ માનવી, અને આરાધવી એક માનવું.

૨ ટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ વખતે બે સૂર્યોદય હોય છતાં બીજાવાર અને દિવસના સૂર્યોદયને જ માન્ય રાખી પહેલા દિવસે ટીપ્પણામાં પર્વતિથિનો સૂર્યોદય હોય તો પણ તે સૂર્યોદયને તેનાથી પહેલાની અપર્વતિથિનો સૂર્યોદય ગણવો, એટલે બીજ પાંચમ આઠમ આદિની ટીપ્પણામાં વૃદ્ધિ હોય ત્યારે તેનાથી પહેલાની પડવા આદિ અપર્વતિથિના બે સૂર્યોદય માની પડવા આદિની વૃદ્ધિ ગણવી અને કહેવી. પરંતુ બીજ આદિ પર્વતિથિ તો માનવી પણ તિથિના નિયમ ન પાળવાનું કરવું નહિં.

૨ ટીપ્પણામાં કહેલ પર્વતિથિના બન્ને દિવસ માની પર્વતિથિની વૃદ્ધિ માનવી એટલે બે બીજ, બે પાંચમ, બે આઠમ વગેરે માનવું અને એમ બે પર્વો માન્યા છતાં એટલે બન્ને પર્વના ઉદય માન્યા છતાં પહેલા એક પર્વના ઉદયને માનીને પણ અપ્રમાણ માનવો એટલે તે દિવસે બીજ આદિ છે એમ માનીને પણ તે દિવસ પર્વતિથિને નામે લીધેલા સચિત્તત્યાગ કે બ્રહ્મચર્યાદિ નિયમો પાળવા નહિં.

૩ લૌકિક ટીપ્પણામાં આવેલ પર્વતિથિની વૃદ્ધિને ન માનતાં પહેલા દિવસે અપર્વતિથિ તરીકે પડવાદિના નામે માન્યતા રાખવી અને તેથી **वृद्धौ कार्या०** નો અર્થ એવો કરવા અને માનવામાં આવે છે કે ટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય ત્યારે બીજી તિથિ જે ઉત્તરની છે તેને જ પર્વતિથિ કરવી એટલે બનાવવી. આ પ્રઘોષ.

૩ લૌકિક ટીપ્પણામાં પર્વતિથિની વૃદ્ધિ હોય અર્થાત્ તે બેવડી હોય તો તે પર્વતિથિને બેવડી જ માનવી અને તેમાં પહેલાની પર્વતિથિને ખોખા તરીકે માનવી. એમજ બીજીમાં **वृद्धौ कार्या तथोत्तरा** એ વાક્ય તિથિને અંગે તિથિશબ્દ ત્યાં સાથે કહેલો અને અધિકારે આવે છે તે ન માનતાં તથા પ્રથમા વિભક્તિ છે છતાં તે ન માનતાં સપ્તમી વિભક્તિને ગોઠવીને બીજીમાં આરાધના કરવી એવો અર્થ માનવો અને કહેવો.

# તીર્થયાત્રા - સંઘયાત્રા

(ગતાંકથી ચાલુ)

આજ વાતને આગળ કરીને શાસ્ત્રકાર મહારાજ જીર્ણોદ્ધાર કરનારની જનપ્રિયતા જણાવતાં ભરતમહારાજાનું દૃષ્ટાંત જણાવે છે. અર્થાત્ તે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ ભરતમહારાજની માફક સર્વલોકોને અત્યંત ઈષ્ટ બને અને એવા જ સૌભાગ્યવાળો તે હોય.

## કલ્પવૃક્ષ સરખો દાનેશ્વરી કોણ બને ?

પૂર્વે જણાવ્યા પ્રમાણે સોમતા તેજસ્વિતા સુરૂપતા અને જનપ્રિયતા હોવા છતાં પણ દાનગુણની અપૂર્વતા હોવાથી તે સોમતા આદિક ગુણોની સાથે દાનગુણનું નિયમિતપણું નથી હોતું એમ સૂચવે છે. નથી તો ચંદ્ર દાનેશ્વરી, નથી તો સૂર્ય દાનેશ્વરી, નથી તો કામદેવ દાનેશ્વરી કે નથી તો ભરતમહારાજા દાનેશ્વરી, તેને માટે તો શાસ્ત્રકાર મહારાજા કલ્પવૃક્ષનું દૃષ્ટાન્ત આપીને જણાવે છે કે - જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ બીજાભવમાં કલ્પવૃક્ષની માફક દાનેશ્વરી થાય છે, જો કે કલ્પવૃક્ષ એ એવી ચીજ છે કે યાચકોના સર્વમનોરથને પૂરણ કરે છે, પરંતુ જગતની એવી એક વિચિત્ર સ્થિતિ છે કે તે કલ્પવૃક્ષો તેવા જ જમાનામાં હયાતિ ભોગવે છે કે જે વખતે લોકોમાં લોભનો તેટલો બધો પ્રવાહ વધેલો હોય નહિં. અર્થાત્ જ્યારે જગતમાં લોભનો પ્રવાહ નથી વહેતો ત્યારે કલ્પવૃક્ષની જગતમાં હાજરી હોય છે, અને જ્યારે જગતમાં લોભનો પ્રવાહ વહેવા માંડે છે ત્યારે તે કલ્પવૃક્ષો અદૃશ્ય થાય છે. એટલું જ નહિં, પરંતુ કલ્પવૃક્ષની હયાતિ હોય તે વખતે પણ જગતમાં જેમ જેમ લોભનો પ્રવાહ વધતો જાય છે તેમ તેમ કલ્પવૃક્ષનો મહિમા કે પ્રભાવ ઘટતો જાય છે, અને જેમ જેમ જગતમાં લોભનો પ્રવાહ જગદ્વ્યાપિપણે ઓછો થતો જાય છે તેમ તેમ જ કલ્પવૃક્ષનો પ્રભાવ વધતો જાય છે. એટલે કહેવું જોઈએ કે કલ્પવૃક્ષ એ લોભના પ્રવાહને બંધ બેસતી ચીજ તો નથી જ. બીજી બાજુ કલ્પવૃક્ષ એ એક એવી ચીજ છે કે મોક્ષમાર્ગના પ્રાદુર્ભાવને સહન કરી શકે નહિં, એટલે કલ્પવૃક્ષ દ્વારાએ ઈષ્ટ સિદ્ધિ હોય ત્યારે મોક્ષનો માર્ગ પ્રચલિત ન હોય અને મોક્ષનો માર્ગ પ્રચલિત હોય ત્યારે કલ્પવૃક્ષનું મનોવાંછિત પૂરવાપણું અને યાવત્ હયાતિ પણ ન હોય.

## પંચેન્દ્રિય પટુતા સાથે ભોગોપભોગનું પર્યવસાન શામાં ?

આ બધી વસ્તુ વિચારતાં કલ્પવૃક્ષ કરતાં પણ ચિન્તામણિ રત્ન જે મનોવાંછિતને પૂરે છે તે ઉચ્ચપદવીએ આવે છે, એમ ગણીને હોય તેમ ચિન્તામણીની ઉપમા જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવને શાસ્ત્રકાર આપે છે. આવી રીતે અંશિક ઈષ્ટસિદ્ધિ જણાવીને પરમ ઈષ્ટસિદ્ધિ જણાવતાં શાસ્ત્રકાર મહારાજ ફરમાવે છે કે તે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ ચક્રવર્તી અને વાસુદેવ સરખી પૂજ્યતા લોકો તરફથી મેળવે છે. આ ઉપર જણાવેલું સર્વ ફળ પૌદ્ગલિક ફળની અપેક્ષાએ જણાવતાં માત્ર પ્રાપ્તિ તરીકે જણાવ્યું છે, પરંતુ કેટલાક મમ્મણ શેઠ જેવા જીવો એવા પણ હોય છે કે જેઓ સાધનસંપન્ન હોવા છતાં સાધનનો ઉપભોગ કરનારા ન હોય, પરંતુ આ જીર્ણોદ્ધાર કરનારા મહાનુભાવ તો સાધનસંપન્ન હોવા સાથે તેના ઉપભોગને પણ યથાસ્થિત રીતિએ કરનારા હોય છે તે જ જણાવવાને માટે શાસ્ત્રકાર કહે છે કે તે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ શ્રેષ્ઠ એવા પાંચે ઈંદ્રિયોના વિષયોનો ભોગવટો કરનાર હોય છે. જો કે ભોગની સામગ્રી પ્રાપ્ત થવી તે પુણ્યના જોરથી જ બને છે અને ભોગનો ભોગવટો તે પણ પુણ્યના જોરેજ બને છે. પુણ્યકર્મની ખામીવાળો મનુષ્ય નથી તો ભોગની સામગ્રીને પામી શકતો અને નથી તો

ભોગ સામગ્રીના ઉપભોગને કરી શકતો, પરંતુ જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવો તો પ્રબલ પુણ્યશાળી હોઈને શ્રેષ્ઠ એવી ભોગની સામગ્રીને પામવાવાળા હોય છે અને તે શ્રેષ્ઠ એવી ભોગની સામગ્રીના ઉપભોગને પણ કરવાવાળા હોય છે, આવી રીતે જીર્ણોદ્ધારનો મહિમા જણાવવાથી શાસ્ત્રકાર મહારાજને ભોગના ભોગવટાની અનુમોદના થઈ જાય એમ શંકાકાર તરફથી કહેવાનો અસંભવ નથી, પરંતુ શાસ્ત્રકાર મહારાજ તે જ ભોગના ભોગવટાની અનુમોદના ટાળવા માટે પૂર્વકાળનો ભોગવટો જણાવી ગૌણતા કરે છે અને મુખ્યતા શ્રેષ્ઠભોગની પ્રાપ્તિમાં અગર તેના ભોગટામાં ન રાખતાં તેની માત્ર અનૂધતા રાખી મુખ્યતાનું સ્થાન સંયમઆદિકની પ્રાપ્તિને આપે છે અને તેથી જ જણાવે છે કે તે જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ જલ્દી નિષ્કલંક એવા એટલે યથાખ્યાત જેવા ચારિત્રને પામે છે. જો કે યથાખ્યાત ચારિત્ર બે પ્રકારનું છે. એક યથાખ્યાત ચારિત્ર એવું છે કે જે ચારિત્રને પામેલો મહાનુભાવ ઘાતિકર્મનો ક્ષય કરવા તરફ આગળ નહિં ધસતાં ઘાતિકર્મના વમળમાં જ ડુબવાવાળો થાય છે, જ્યારે બીજું યથાખ્યાત ચારિત્ર એવું છે કે જેને પામવાવાળો મનુષ્ય જરૂર ઘાતિકર્મનો ક્ષય કરે અને તે કર્યા પછી સર્વ કર્મસમુદાયનો ક્ષય કરીને સિદ્ધિપદની પ્રાપ્તિ જરૂર કરે. એવા બે પ્રકારના યથાખ્યાતોમાં જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ તો એવું યથાખ્યાત ચારિત્ર પામે કે જે ચારિત્રના પ્રતાપે તે તે ભવમાં સમગ્રકર્મનો ક્ષય કરીને સિદ્ધિપદને પામવાવાળા થાય.

## અન્તિમ ફળ શું ?

જીર્ણોદ્ધારના વર્ણનની સમાપ્તિ કરતાં શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે પૂર્વે જણાવ્યા પ્રમાણે સર્વ તીર્થંકર મહારાજાઓએ આવી રીતે જીર્ણોદ્ધારનું ફલ મોટું છે એમ જણાવ્યું છે અને મોક્ષના અવન્ધ્ય કારણ એવા જે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્ર છે તેનું તે કારણ છે અને જેઓ તદ્ભવમાં મોક્ષ ન પામી શકે તેઓને સુરસંપત્તિનું પણ તે જીર્ણોદ્ધાર જ કારણ છે. આ બધું ફળ જે જણાવેલ છે તે વિચારતાં નીચેનું કાવ્ય ધ્યાનમાં લેવાનું છે - यथा-आयांत्यायतने यतो यतिजनाः कुर्वन्ति सद्देशनां, श्रुत्वा याममलाशयः श्रयति सज्ज्ञानं तथा दर्शनम्। चारित्रं खलु देशतः स लभते द्राक् सर्वतो वाऽपि तज्, जीर्णोद्धारकरः क्रमात् सुरशिवश्रीभाजनं जायते ॥१॥

અર્થ - આ ચૈત્યમાં મહાનુભાવ મુનિવરો આવશે. તેઓ જિનેશ્વર ભગવાનના માર્ગની દેશના કરશે, તે દેશના સાંભળીને નિર્મળ પરિણામવાળા જીવો શુદ્ધ એવા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનને પામશે, અને કેટલાક મહાનુભાવો તે દેશના સાંભળીને દેશથી વિરતિ એટલે શ્રાવકપણું અગર સર્વથી વિરતિ એટલે સાધુપણું પામશે એવું વિચારે આવા કારણથી જીર્ણોદ્ધાર કરનાર મહાનુભાવ અનુક્રમે દેવલોક અને મોક્ષની લક્ષ્મીનું ભાજન થાય છે.

## સાતે ક્ષેત્રોમાં જ્ઞાનક્ષેત્ર કયા નંબરે ?

ભયંકર ભવોદધિથી તારનાર એવા તીર્થંકર મહારાજની યાત્રાપૂજાદિ કરવાને માટે ઉત્સાહિત બનેલા એવા યાત્રિકવર્ગોના ભાવની સ્ફૂર્તિ અને ઉલ્લાસને અંગે યાત્રિકગણના નેતા બની સંઘપતિ બનનાર મહાનુભાવને જો કે હંમેશાં વીતરાગ (૧ મૂર્તિ અને ૨ ચૈત્ય) જ્ઞાન (૩) શ્રીસંઘ (૪) સાધુ (૫) સાધ્વી (૬) શ્રાવક (૭) અને શ્રાવિકા રૂપ શ્રીધર્મબિન્દુવગેરેમાં જણાવેલાં સાતે ક્ષેત્રોની આરાધના કરવી યોગ્ય છે. એમ ધારવા છતાં યથાસ્થિતિ એ ક્ષેત્રની ભક્તિ, ઉન્નતિ અને વૃદ્ધિનો પ્રસંગ સંઘયાત્રાની વખતે તે નેતાને ઘણા મોટા ભાગે આવે છે અને એ મુદ્દાને આગળ કરીને સાતક્ષેત્રનું

નિરૂપણ કરવામાં ત્રીજા જ્ઞાનક્ષેત્રના નિરૂપણ પછી તે જ્ઞાનક્ષેત્રને આધારે પ્રામાણિક મનાતું અને આરાધ્ય ગણાતું ચૈત્ય અને મૂર્તિરૂપી ક્ષેત્ર જણાવવા સાથે ભગવાન્ જીનેશ્વર મહારાજના મંદિર અને મૂર્ત્તિના જીર્ણોદ્ધારનો અધિકાર જણાવવામાં આવ્યો હતો. જો કે ચૈત્ય, મૂર્ત્તિ અને જીર્ણોદ્ધારનો અધિકાર અહિં જે વિસ્તારથી કહેવામાં આવ્યો છે તે વિસ્તારથી કથનની જ્ઞાનક્ષેત્રથી પહેલાં તે તે સ્થાને હોવાની જરૂર હતી, પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે તે ચૈત્ય અને મૂર્ત્તિ ક્ષેત્રની પ્રામાણિકતા વિગેરેનો આધાર જ્ઞાન એટલે શ્રુતજ્ઞાન ઉપર રહેલો હોવાથી જ્ઞાનક્ષેત્રની હકીકતની અંદર પણ તે ચૈત્ય, મૂર્ત્તિ અને જીર્ણોદ્ધારની હકીકત લેવામાં આવી છે. એ પ્રાસંગિક પણ ત્રણ હકીકતો જણાવ્યા પછી જ્ઞાનક્ષેત્રના અધિકારને લેતાં કહેવું જોઈએ કે પ્રથમ શંકા થશે જ્ઞાન એ આત્માનો ગુણ છે, એટલું જ નહિં, પણ તે અમૂર્ત્ત છે, તેથી તેને દ્રવ્ય વાવવાના ક્ષેત્ર તરીકે વર્ણવવો એ ઉચિત કેમ ગણાય ? ચૈત્ય, મૂર્ત્તિ અને ચતુર્વિધ શ્રીસંઘરૂપી બાકીનાં છ ક્ષેત્રોમાં તે તે ક્ષેત્રો દ્રવ્યરૂપ હોવાથી તેને બાહ્યદ્રવ્યદ્વારાએ ઉત્પન્ન થવાનું, પોષવાનું, ટકવાનું વિગેરે બનવું અશક્ય નથી, પરંતુ સાતે ક્ષેત્રોમાં આ એક જ્ઞાન ક્ષેત્ર જ એવું છે કે જે ગુણરૂપ અને અમૂર્ત્ત હોવાને લીધે દ્રવ્યાદિકદ્વારાએ પોષણને પામતું નથી. એટલું જ નહિ, પરંતુ મૂર્ત્તિ ચૈત્ય વિગેરે ક્ષેત્રો મૂર્ત્તિમંત અને દ્રવ્યરૂપ હોવાથી પર્યુપાસના એટલે સેવવાને યોગ્ય બની શકે છે, એટલે જ્ઞાન નામનો પદાર્થ ગુણરૂપ અને અમૂર્ત હોવાથી પર્યુપાસનાના વિષયમાં પણ આવી શકતો જ નથી. સૂત્રકાર મહારાજાઓ પણ જ્યાં જ્યાં જિનેશ્વર મહારાજ, ગણધર મહારાજ, સાધુ મહારાજ વિગેરેના વંદનના અધિકારો લે છે. ત્યાં ત્યાં વંદન, નમસ્કાર, સત્કાર અને સન્માનને અંગે તો ઉપચાર રહિતપણે દૃષ્ટાંત વગર વંદન નમસ્કાર આદિ જણાવે છે, પરંતુ જ્યારે પર્યુપાસનાનો અધિકાર આવે છે ત્યારે તો કલ્યાણકારી પદાર્થની માફક, મંગલકારી પદાર્થની માફક, દેવતાની માફક, અને દેવતાની મૂર્ત્તિની માફક પર્યુપાસના એટલે સેવા ભક્તિ કરવાનું જણાવે છે. એ ઉપરથી સુજ્ઞમનુષ્ય તો સહેજે સમજી શકે છે જેમ કે વંદન નમસ્કાર આદિ વસ્તુઓ તો દૂર રહેલા અરિહંતાદિક પદાર્થોને અંગે પણ **नमो अरिहंताणं** વિગેરે પદોથી નમસ્કાર વિગેરે કરવામાં આવે છે, તેમજ દર્શન, જ્ઞાન વિગેરે ગુણરૂપપદાર્થોને પણ **नमो दंसणस्स, नमो नाणस्स** વિગેરે પદોથી નમસ્કાર કરવામાં આવે છે, પરંતુ વંદન નમસ્કાર આદિ કરતાં ઘણા જ વિશિષ્ટરૂપે અને ભિન્નરૂપે બને એવી જે પર્યુપાસના છે તે તો અદૃશ્ય કે અદ્રવ્ય એવા ગુણરૂપ પદાર્થને અંગે બની શકતી નથી, પરંતુ તે પર્યુપાસના તો કલ્યાણકારક, મંગલકારક, દેવતા કે તેની મૂર્ત્તિરૂપ સાક્ષાત્ પદાર્થ અને દ્રવ્યરૂપ પદાર્થને અંગે જ બને છે, અને તેથી જ સૂત્રકારોએ વન્દનાદિકના અધિકારમાં એ કલ્યાણકારક આદિની ઉપમા ન લેતાં પર્યુપાસનામાં જ કલ્યાણકારક જ આદિ ઉપમા લીધેલી છે.

**ચૈત્ય શબ્દનો વાસ્તવિક અર્થ ક્યો ઘટે.**

આ સ્થાને જેઓ ભગવાન્ જિનેશ્વર મહારાજના ચૈત્ય અને મૂર્ત્તિને માનંવામાં અનુચિતત્તા સમજે છે તેઓ શાસ્ત્રકારોએ કરેલી વ્યાખ્યાનો અનાદર કરીને પણ એટલે ચૈત્યશબ્દનો પ્રતિમા એવો જે અર્થ થાય છે, તેને ઉઠાવીને ચૈત્યશબ્દથી જ્ઞાન પદાર્થ લેવા માગે છે તેઓએ ખરેખર સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરવો જોઈએ કેમ કે શું એ પર્યુપાસનામાં દૃષ્ટાન્ત તરીકે જણાવેલા કલ્યાણકારક આદિ પદાર્થો વંદન નમન સત્કાર કે

સન્માનને લાયક હોતા નથી કે જેથી તે દૃષ્ટાન્તરૂપ પદાર્થો વંદન આદિકના વિષયમાં જણાવ્યા નહિ, ખરેખર તે પ્રતિમાલોપકોની દૃષ્ટિએ તો એવો જ પાઠ હોવો જોઈએ કે **कल्लाणं मंगलं देवयं चेइयं वंदामि नमंसामि सक्कारेमि संमाणेमि पज्जुवासामि** પરંતુ આવો પાઠ કોઈપણ સૂત્રકારે કોઈપણ સ્થાને જણાવ્યો નથી, પરંતુ સ્થાને સ્થાને **वंदामि नमंसामि सक्कारेमि सम्माणेमि कल्लाणं मंगलं देवयं चेइयं पज्जुवासामि.** એવો જ પાઠ જણાવેલો છે. તેથી શાસ્ત્ર અને તેના રહસ્યને વિચારનારાઓ સ્પષ્ટપણે સમજી શકે તેમ છે કે કલ્યાણકારી, મંગલકારી, દેવતા અને પ્રતિમા એ ચારવસ્તુઓ દ્રવ્યસ્વરૂપ હોવાથી પર્યુપાસનાને લાયક હોય છે અને તેની માફકજ તીર્થંકરાદિકનું પર્યુપાસના કરવાનું ભક્તિમાન્ મનુષ્ય જણાવે છે.

### વીતરાગ પરમાત્માની પર્યુપાસનાનો માર્ગ ક્યો ?

ઉપરની હકીકત સમજનારો મનુષ્ય સહેજે સમજી શકશે કે વીતરાગ (ચૈત્ય અને મૂર્તિ) અને શ્રી સંઘ (સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા) એ છ ક્ષેત્રો ક્ષેત્ર તરીકે ગણવામાં વ્યાજબીપણું છે, તેમાં પણ જો કે વીતરાગ મહારાજાની હયાતિ સર્વકાળે હોતી નથી અને તેથી વર્ત્તમાનકાળમાં પણ આ ક્ષેત્રમાં છે નહિં, પરંતુ તે વીતરાગ શબ્દથી જ્યારે વીતરાગ એવા મહાપુરૂષોની હયાતિ હોય ત્યારે પણ વીતરાગ એવા તેમના આત્માની તો પર્યુપાસના શક્ય પણ નથી અને બનવાની પણ નથી. અર્થાત્ વીતરાગ મહારાજાની ક્ષેત્ર તરીકે જે ભક્તિ તે વીતરાગ એવા આત્માની બનાવવા ધારીએ તો કોઈ કાળે પણ બની શકે જ નહિં, પરંતુ વીતરાગ પરમાત્માની હયાતિ વખત પણ તેમનું જે શરીર તેની પર્યુપાસના કરવા દ્વારાએ વીતરાગની ભક્તિ બની શકે. જો કે સાક્ષાત્ ભક્તિ અને પર્યુપાસનાનો વિષય વીતરાગ પરમાત્માનો આત્મા બની શકતો નથી, પરંતુ તે વીતરાગ પરમાત્માનો આત્મા જે શરીરને આધારે રહેલો હોય છે તે શરીર જો કે સ્વરૂપે કરીને અજીવ છે, જડ છે, અજ્ઞાન છે, દુર્ગન્ધી છે અને ઘૃણા કરવા લાયક છે, છતાં પણ તે શરીર વીતરાગ પરમાત્માની નિશ્રાનું હોવાથી તેની કરાયેલી વંદના નમસ્કારાદિ દ્વારાએ, અશનાદિ દાનદ્વારાએ કે પૂજા સત્કારાદિદ્વારાએ જે ભક્તિ કરાય તે ભક્તિને વીતરાગની ભક્તિ ગણવામાં આવેલી છે. વિશેષદૃષ્ટિએ વિચાર કરનારા માણસ તો એ વાતને ખરેખર અંતઃકરણમાં રાખી શકે તેમ છે કે વીતરાગ પરમાત્માએ ધારણ કરેલું શરીર જો કે ઈતરસંસારી જીવોનાં શરીરોથી જુદી જાતનું નથી, છતાં તે વીતરાગ પરમાત્માની હયાતિમાં તો તે વીતરાગ પરમાત્માના શરીરની ભક્તિદ્વારાએ જ વીતરાગ પરમાત્માની ભક્તિ કરી ગણાય છે અને તે દ્વારા સિવાય વીતરાગ પરમાત્માની પર્યુપાસનાનો બીજો કોઈ માર્ગ જ નથી, પરંતુ વીતરાગ પરમાત્માનો જે જીવ તે જ્યારે સાધ્યની સિદ્ધિ કરીને પરમપદને વરે છે, ત્યારપછી તેમના અહિં તિર્ચ્છાલોકમાં રહેલા શરીરને પણ વીતરાગ પરમાત્માની માફક પૂજ્ય જ ગણવામાં આવે છે. જો કે તે વીતરાગ પરમાત્માના મૃતકદેહમાં અને બીજા સંસારિમનુષ્યોના મૃતકદેહમાં કોઈપણ જાતનો અજીવપણાને અંગે, અજ્ઞાનપણાને અંગે, અસમ્યક્ત્વિપણાને અંગે ફરક પડતો જ નથી, છતાં તે વીતરાગ પરમાત્માના મૃતદેહને જે સત્કાર, સન્માન આદિ કરીને આરાધવામાં આવે છે તથા તેવી વખતે પણ તે દેહની પર્યુપાસના કરાય છે, તે વીતરાગ પરમાત્માની ભક્તિ અને પર્યુપાસના થઈ એમ શાસ્ત્રકારો કહે છે અને સમ્યગ્દૃષ્ટિઓ માને છે.

### નિર્વાણકલ્યાણકને ભક્તિપૂર્વક કોણ આરાધે?

આ બધી વસ્તુને માનનારો મનુષ્ય વીતરાગ

પરમાત્માની હયાતિની વખતે કે વર્ત્તમાનકાળમાં વીતરાગ પરમાત્માની આરાધનાને માટે તેમની મૂર્ત્તિઓ અને તેના આધારભૂત ચૈત્યોને વંદનીય, માનનીય અને પૂજનીય ગણીને પર્યુપાસનીય ગણે તેમાં આશ્ચર્યજ નથી. જે સુજ્ઞમનુષ્યને મૂર્ત્તિ અને ચૈત્ય તરફ અજીવપણા, અજ્ઞાનપણા અને અસમ્યકિત્વપણા આદિને લીધે અવંદનીયતા, અનારાધ્યાતા અને અપૂજ્યતાની બુદ્ધિ થતી હોય અગર પૂજ્યતા, આરાધ્યતા, કે પર્યુપાસનની બુદ્ધિ ન થતી હોય તેઓને સજીવનદશામાં પણ વીતરાગની આરાધના, સન્માન અને પર્યુપાસના બનવા મુશ્કેલ છે. તો પછી પરમાત્માના નિર્જીવ એવા શરીરને અંગે તો પૂજ્યતા, આરાધ્યતા અને પર્યુપાસનીયતાની બુદ્ધિ તો થાય જ ક્યાંથી ? અને જો એવી રીતે વીતરાગ પરમાત્માના મૃતદેહને અંગે જેઓને આરાધ્યતા આદિની બુદ્ધિ ન હોય, અગર તો હોય છતાં નાશ પામે, તો તેવાઓને ભગવાન્ જિનેશ્વર મહારાજનું નિર્વાણકલ્યાણક માનવાનો અને તેને અંગે મહોત્સવ કરવાનો વખત રહેજ નહિં, પરંતુ સમ્યગ્દૃષ્ટિ જીવો તો ભગવાન્ જિનેશ્વર મહારાજના નિર્વાણકલ્યાણકને અત્યંત ભક્તિ પૂર્વક આરાધનાર હોય છે, અને તે નિર્વાણ કલ્યાણકની આરાધનાને અંગે ભગવાન્ જિનેશ્વર મહારાજના મૃતદેહને પણ શ્રીજંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ અને શ્રીઆવશ્યકનિર્યુક્તિ આદિ શાસ્ત્રોમાં ફરમાવવામાં આવેલા વિધિ પ્રમાણે જે સ્નાન-પુષ્પારોહણ-વસ્ત્રારોહણ વિગેરે કરવામાં આવેલા જણાવ્યા છે, તે વાસ્તવિક જ લાગશે. પરંતુ તેવી જ રીતે વીતરાગ પરમાત્માના ક્ષેત્રને આરાધ્ય ગણનાર મહાનુભાવને ભગવાન્ જિનેશ્વર મહારાજના ચૈત્યો અને મૂર્ત્તિઓ આરાધ્ય છે એમ લાગ્યા વગર રહેશે નહિં અને તેથી જ સૂત્રકારોએ પણ **अरिहंतचेइयाणं०** **सव्वलोए अरिहंतचेइयाणं०** આદિ મૂલ આવશ્યકસૂત્રના પાઠોથી શ્રીચતુર્વિધસંઘને પણ તે વંદનીય અને આરાધનીય જણાવેલ છે. એટલે વર્ત્તમાનમાં વીતરાગક્ષેત્રની આરાધના કરનારાઓને ભગવાન્ વીતરાગની મૂર્ત્તિ અને ચૈત્યદ્વારાએ જ આરાધના થવી શક્ય છે અને ભગવાન્ વીતરાગના ક્ષેત્ર સિવાય સાથે જણાવવામાં આવતાં શ્રીચતુર્વિધ સંઘના ભેદરૂપ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ક્ષેત્ર જે છે તે તો સ્પષ્ટપણે દ્રવ્યરૂપ છે.

## સાધુ,(સાધ્વી)ક્ષેત્રની આરાધનાનો રસ્તો ક્યો?

ધ્યાનમાં રાખવા જેવું છે કે સાધુ, સાધ્વીક્ષેત્રની આરાધના પણ તેમના પંચમહાવ્રતને રોકનારા કર્મના ક્ષયોપશમ આદિને ધારણ કરનારા જે આત્માઓ છે તે આત્માઓની સાથે સીધો વંદના, નમસ્કાર, સત્કાર, સન્માન કે પર્યુપાસનાનો વ્યવહાર થઈ શકતો જ નથી અને તે બની શકે પણ નહિં. પરંતુ તે સાધુ અને સાધ્વીક્ષેત્રની આરાધના કરનારાઓને માટે એક જ રસ્તો છે અને તે એ કે તે પંચમહાવ્રતના ધારનારા આત્માના આધારભૂત જે શરીર છે તેની દ્વારાએ જ વંદન, નમન, સત્કાર, સન્માન અને પર્યુપાસના બની શકે છે, જો કે તે સાધુ ભગવંતોનું શરીર પણ સામાન્ય સંસારી જીવોના શરીર જેવું જ છે, અર્થાત્ સાધુભગવંતોનું શરીર અને સામાન્ય સંસારીજીવોનું શરીર એ બન્ને માતાના રૂધિર અને પિતાના વીર્યરૂપી અત્યંત અશુચિ એવા પદાર્થથી જ થયેલાં છે, વળી લોહી, માંસ, ચામડી, ચરબી, વિષ્ઠા, મૂત્ર વિગેરેથી ભરેલું હોવા સાથે તેના પદાર્થો જે અત્યંત અશુચિરૂપ જ છે તેથી જ તે શરીરોનું પોષણ પણ થાય છે.

## શરીરની અશુચિતા કેવી ?

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જગતમાં અશુચિપદાર્થોને શુચિ કરવાને માટે યંત્રો તો સમજુ અને સુઘડ મનુષ્યો વસાવે છે, રાખે છે, અને વધારે છે, પરંતુ આ શરીર કે જે સાધુમહાત્માનું હો કે સામાન્ય સંસારી જીવનું હો પરંતુ તે કેવળ શુચિ (પવિત્ર) પદાર્થને અશુચિ (અપવિત્ર) કરી નાંખનારું યંત્ર છે. યાદ રાખવું કે અશુચિને વહેનારી જાત જગતમાં અધમજાત તરીકે ગણાય છે. તો પછી આ શરીર કે જે શુચિપદાર્થોને બગાડી નાંખી અશુચિ બનાવનાર છે, અને તે જ અશુચિને ધારણ પણ કરી રાખે છે, વળી અધમજાતિના મનુષ્યો જ્યારે અશુચિ પદાર્થોને ટોપલે જ ભરીને ધારણ કરે છે, ત્યારે આ શરીર પોતાના કોઠામાં જ અને પોતાના સમગ્ર શરીરમાં તેવા અશુચિ પદાર્થોને ધારણ કરી દાખે છે, આવી રીતે મૂળ અને ઉત્તર બન્ને કારણોથી અશુચિરૂપ શરીર છે, એટલું જ નહિં, પરંતુ જગતમાં કેટલાક દુર્જનો પણ સજ્જનપુરૂષોની સોબતે સજ્જનતા ધારણ કરનારા હોય છે, જ્યારે કેટલાક દુર્જનો તો એવી અધમદશાએ પહોંચેલા હોય છે કે તેઓ પોતાની દુર્જનતાને પોતે તો છોડે નહિં, પરંતુ પોતાના સંસર્ગમાં આવનારા સજ્જનોને પણ દુર્જન બનાવી દે, એવી રીતે આ શરીર એવી અધમદશાને ધારણ કરનારું છે કે બીજા ઉત્તમપદાર્થોના સંસર્ગમાં આવે તો પણ તે સર્વ ઉત્તમ પદાર્થોને ક્ષણમાત્ર વારમાં અધમદશાએ લાવી મેલે છે. પાણીનો પેસાબ કરી નાંખવો એ પણ શરીરનું કામ, અનાજની વિષ્ઠા કરવી એ પણ શરીરનું કામ, કસ્તૂરીનો કચરો કરવો એ પણ શરીરનું કામ, હવા સરખી વસ્તુને ઝેરી બનાવવી એ પણ શરીરનું કામ, આવી રીતે આ શરીર, જ્યારે જ્યારે ઉત્તમ પદાર્થોને પોતાના સંસર્ગમાં લે છે ત્યારે ત્યારે તે ઉત્તમ પદાર્થોની ઉત્તમતા આ શરીર કેવળ નષ્ટ જ કરે છે. જગતના ચાહે જેટલા પવિત્ર પદાર્થો એકઠા કરવામાં આવે અને તેની સાથે શરીરનો સંબંધ કરવામાં આવે તો પણ આ શરીર પોતાના અશુચિકરણપણાને છોડવાનું નથી. એટલું જ નહિં, પરંતુ સ્વપ્ને પણ શુચિ કરવાનો સ્વભાવ તો ધારણ કરવાનું જ નથી. આવા અશુચિ પુદ્ગલમય શરીરની સ્થિતિને જાણનારા મનુષ્યો પણ જ્યારે સાધુભગવંતરૂપી ક્ષેત્રની આરાધના કરવાને તૈયાર થાય છે, ત્યારે તે ઉપર જણાવેલા શરીરને જ તેનો સ્વભાવ જાણવા છતાં તેને જ વંદના, નમસ્કાર, સત્કાર, સન્માન અને પર્યુપાસનાના વિષયમાં લે છે.

## સાધુ ભગવંતોની પર્યુપાસના પણ શરીરદ્વારાએ જ

એટલે સ્પષ્ટ થયું કે સાધુ અને સાધ્વી એ બે ક્ષેત્રોની ભક્તિ સાધુ અને સાધ્વીના આત્માની સાથે સીધી સંબંધ રાખનારી નથી, પરંતુ માત્ર ઉપર જણાવેલા એવા તેમના શરીરને વંદન, નમસ્કાર, સત્કાર, સન્માન અને પર્યુપાસના કરવાના વિષયદ્વારાએ જ ભક્તિ બની શકે છે અને એવી જ રીતે શ્રાવક અને શ્રાવિકાવર્ગની ભક્તિ પણ તેમના શરીરના સત્કારઆદિ દ્વારાએ બની શકે છે. એટલે સ્પષ્ટ થયું કે ભગવાન્ વીતરાગમહારાજની ભકિત તેમના ચૈત્યો અને તેમના મંદિરરૂપી દ્રવ્યદ્વારાએ થાય અને સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર ક્ષેત્રની ભક્તિ તેમણે ધારણ કરેલા શરીરના સત્કાર, સન્માન અને પર્યુપાસનાના વિષયદ્વારાએ જ થાય એટલે વીતરાગ અને શ્રીસંઘરૂપી મહાન્ વ્યક્તિઓ તો ઉપર જણાવ્યા પ્રમાણે દ્રવ્યની આરાધના દ્વારાએ આરાધ્ય થઈ શકે છે, પરંતુ જે જ્ઞાન નામનું ક્ષેત્ર જણાવવામાં આવેલું છે તે કેવળ અરૂપી હોવાને લીધે આરાધના અને

પર્યુપાસનાના વિષયમાં આવી શકે તેમ નથી, અને તેથી ઉપર જણાવેલા ક્ષેત્રોમાં જ્ઞાનરૂપ ક્ષેત્રને બાદ કરીને વીતરાગ અને શ્રીસંઘ એ બે એટલે પેટા ભેદથી છ ક્ષેત્રોને આરાધવા વ્યાજબી થાય, પરંતુ જ્ઞાનનામનું ક્ષેત્ર જો કે જ્ઞાન આરાધ્યતમ હોવાથી માનવામાં અડચણ નથી, પરંતુ તે અરૂપી હોવાથી અને ગુણરૂપ હોવાથી તેની આરાધના થઈ શકે નહિં માટે જ્ઞાનક્ષેત્રની આરાધના કેમ થાય અને તે કરવાની વિધિ કઈ ? તે સમજવાની જરૂર છે.

## સાત ક્ષેત્રોમાં ગુણરૂપ ક્ષેત્ર ક્યું ?

ઉપરની હકીકત સામાન્યપણે વાંચનારને જરૂર એમ નિર્ણય કરવાનો વખત આવશે કે વીતરાગની મૂર્ત્તિ અને ચૈત્ય વિગેરે છ ક્ષેત્રો દ્રવ્યને ખરચવા દ્વારાએ આરાધવા યોગ્ય થઈ શકે છે, પરંતુ જ્ઞાનનામનું ક્ષેત્ર તો ગુણરૂપ અને અમૂર્ત્ત હોવાથી તેને ક્ષેત્ર તરીકે ગણવું અને તેમાં દ્રવ્યનો વ્યય કરી સફળતા મેળવવાનું ધારવું એ કોઈપણ પ્રકારે વ્યાજબી થઈ શકે નહિ, પરંતુ એવો નિર્ણય બાંધવા પહેલાં સુજ્ઞમનુષ્યને એટલું વિચારવાની જરૂર છે કે જ્ઞાન એ સ્વયં ગુણરૂપ છે, અમૂર્ત્ત છે, દ્રવ્યરૂપ નથી, અને તેથી જ જ્ઞાનને સાક્ષાત્ દ્રવ્યવ્યયદ્વારાએ આરાધવું બની શકે નહિ, પરંતુ જેમ વીતરાગપણું અને મહાવ્રતો ગુણરૂપ, અમૂર્ત્ત અને અદ્રવ્યરૂપ હોવા છતાં તેના આધારભૂત ભગવાન્ વીતરાગ વિગેરેના શરીરદ્વારાએ કે તેમની મૂર્ત્તિઆદિદ્વારાએ ક્ષેત્ર ગણાય છે અને તેમાં દ્રવ્યનો વ્યય કરીને આરાધના થાય છે, એવી રીતે જ્ઞાનરૂપી ગુણ પણ અમૂર્ત્ત અને અદ્રવ્ય હોવા છતાં એ ગુણ આશ્રય વગરનો તો નથી. ધ્યાન જ રાખવું કે **નાદ્રવ્યોઽસ્તિ ગુણો લોકે** એમ સ્પષ્ટશબ્દોમાં કહીને શાસ્ત્રકારો જણાવે છે કે કોઈ પણ ગુણ દ્રવ્યથી ભિન્ન તો રહેતો જ નથી, એટલે જ્ઞાનગુણ પણ વીતરાગ પણાઆદિ ગુણોની માફક તેના આશ્રયમાં રહેજ અને તે આશ્રયની ક્ષેત્રમાં ગણતરી ગણાય અને દ્રવ્યવ્યયદ્વારાએ તેની આરાધના થાય તો તે કોઈપણ પ્રકારે અનુચિત નથી, જો કે એટલી વાત જરૂર છે કે વીતરાગ આદિ ક્ષેત્રો ગુણિની પ્રધાનતાએ ગણવામાં આવેલાં છે, ત્યારે જ્ઞાનરૂપી ક્ષેત્ર ગુણની પ્રધાનતા દ્વારાએ ગણવામાં આવેલું છે. એટલે એ વાત પણ ખરી છે કે વીતરાગ મૂર્ત્તિ આદિ સાતે ક્ષેત્રોમાં જો કોઈ પણ ગુણરૂપ ક્ષેત્ર હોય તો તે માત્ર જ્ઞાનરૂપ ક્ષેત્ર જ છે. બાકીના છ ક્ષેત્રો જો કે ગુણમય છે એમ માનવામાં મતભેદને સ્થાન નથી, પરંતુ તે છ ક્ષેત્રો ગુણી પ્રધાન છે, પરંતુ ગુણ પ્રધાન ક્ષેત્ર જો કોઈ પણ હોય તો તે આ જ્ઞાનનામનું જ ક્ષેત્ર છે.

## ગુણોનું આરાધન ગુણીદ્વારાએજ

ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જેમ આત્માનો જ્ઞાન ગુણ જેવી રીતે આરાધવા લાયક છે અને તેથી તેના આધારભૂત જ્ઞાની પુરૂષો પણ એવી જ રીતે આરાધવા લાયક છે, તેવી જ રીતે સમ્યગ્દર્શન અને ચારિત્ર, તથા તપજ્ઞાન- વિનય વૈયાવચ્ચ-સમાધિ આદિ ગુણો પણ આરાધવા લાયકજ છે, અને તે સમ્યગ્દર્શનાદિ ગુણોના આધારભૂત આત્માઓ પણ જ્ઞાનગુણના આધારભૂત આત્માની માફક આરાધવા લાયક જ છે, આ સ્થાને જરૂર શંકા થશે કે સમ્યગ્દર્શન અને ચારિત્રરૂપી ગુણોના આધારભૂત તરીકે ભગવાન્ વીતરાગ પરમાત્મા વિગેરેની આરાધના આદરવા લાયક ગણવામાં આવી છે. એટલે સમ્યક્ત્વ અને ચારિત્ર વિગેરે ગુણો તેના આધારભૂત ગુણીદ્વારાએ આરાધાય છે અગર આરાધવા લાયક છે એમ ગણવામાં આવે છે, તો પછી તે વીતરાગ વિગેરે પવિત્રપુરૂષોની આરાધનાદ્વારાએ તેમનામાં રહેલા અનન્તજ્ઞાનાદિક ગુણોની આરાધના શું થતી નથી?

અર્થાત્ ગુણીની આરાધના દ્વારાએ ગુણોનું આરાધન થાય છે એમ માનીને સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર જેવા ગુણોને ક્ષેત્રરૂપે ગણવામાં આવ્યાં નથી, તો પછી જ્ઞાનરૂપ ક્ષેત્રને જ્ઞાનના આધારભૂત જ્ઞાનની આરાધનાદ્વારાએ આરાધાયેલું છે એમ શા માટે ન ગણવું ? અને જ્ઞાનનામના ક્ષેત્રને જુદા ક્ષેત્ર તરીકે શા માટે ગણવું ? આ વસ્તુના સમાધાનમાં એટલું સમજવાની જરૂર છે કે જ્ઞાન સિવાયના છ ક્ષેત્રો જે આરાધાય, તેની આરાધનાનું ફલ જણાય, તેનું સ્વરૂપ જણાય, તેની આરાધનાની રીતિ જણાય, એ વિગેરે સર્વનો કોઈ પણ જો આધાર હોય તો તે માત્ર જ્ઞાન જ છે.

## વાસ્તવિક શ્રદ્ધા કોનું નામ ? અને તદંગે કેટલીક સમીક્ષા

વાંચકવૃંદને ખ્યાલ હશે કે જીવાદિતત્ત્વાર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન ગણાય છે, પરંતુ તેવા સમ્યગ્દર્શનનો આધાર તો મુખ્યતાએ અધિગમ (જ્ઞાન) ઉપરજ રહે છે, જો કે તે જ્ઞાન સ્વભાવથી થાય કે પરોપદેશથી થાય, પરંતુ તે બન્નેમાંથી કોઈ પણ પ્રકારે જીવાદિક તત્ત્વપદાર્થોનું જ્ઞાન તો પ્રથમ થવું જ જોઈએ. જે મનુષ્યને જીવાદિક પદાર્થ સંબંધી સર્વથા જ્ઞાન જ ન હોય તે મનુષ્ય જીવાદિક તત્ત્વ-પદાર્થોની શ્રદ્ધા કરી શકે જ શી રીતે ? આ શ્રદ્ધા અગર સમ્યક્ત્વનો વિચાર પારમાર્થિક શ્રદ્ધા અને સમ્યક્ત્વને અગર પ્રવૃત્તિને ઉપયોગી એવા સમ્યક્ત્વને અંગે જ કરવામાં આવેલો છે. અને તેથી **जिणपन्नत्तं तत्तं, केवलिकहिओ सुहावहो धम्मो** ઈત્યાદિક ઓઘ સમ્યક્ત્વરૂપ સમ્યક્ત્વને લક્ષ્ય તરીકે ગણવામાં આવ્યું નથી. જો કે તે ઓઘસમ્યક્ત્વ પણ મોહનીયકર્મની કંઈક અધિક એવી ઓગણસિત્તેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ ખપ્યા સિવાય કે અપૂર્વકરણથી ગ્રંથિભેદ કર્યા સિવાય પ્રાપ્ત થતું નથી એમ ભગવાન્ શ્રી હરિભદ્રસૂરિજી પંચવસ્તુ વિગેરે શાસ્ત્રોમાં સ્પષ્ટપણે જણાવે છે. (વાચક વર્ગે આ જગા પર ધ્યાન રાખવાની જરૂર છે કે નિન્હવ કે તેના જેવા બીજા પણ બાવીસટોળાં, તેરાપંથી, જેવા શાસન બહાર રહેલા મનુષ્યો પણ ભગવાન જિનેશ્વર મહારાજનાં વચનો માન્ય છે એમ ડગલે અને પગલે કહે છે, માને છે, અને કબુલ કરે છે, પરંતુ ભવિતવ્યતાના યોગે જેઓને તેવું વિશિષ્ટ જ્ઞાન ન હોય છતાં પણ અસત્ય પદાર્થની શ્રદ્ધા કે પ્રરૂપણાનો અભાવ હોય તો તેવાઓનાં જ **जिणपन्नत्तं तत्तं** વિગેરે વચનો અને માન્યતા સમ્યક્ત્વના ઘરની છે એમ ગણી શકાય. અને એટલા જ માટે શાસ્ત્રકારો સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે જે આત્માને સમ્યગ્દર્શન થયેલું હોય તે આત્માને સાચા પદાર્થોની શ્રદ્ધા તો સાચા પદાર્થના ઉપદેશની વખતે તરત જ થઈ જાય, એટલે જે મનુષ્યોને સાચા માર્ગને સાંભળવા-જાણવા-કે માનવાનો વખત મળ્યો હોય, છતાં તે સાચા પદાર્થોને જાણે નહિં કે માને નહિં તો તેવાઓનાં **जिणपन्नत्तं तत्तं०** વિગેરે વાક્યો સમ્યક્ત્વ જણાવવા માટે ઉપયોગી નથી જ, જો કે કેટલાક શાસ્ત્રકારો અજ્ઞાનથી અગર તેવા ગુરૂના યોગે અસદ્ભૂતપદાર્થોની શ્રદ્ધા થાય તો પણ સમ્યગ્દર્શન ચલિત થતું નથી, એમ જણાવે છે, પરંતુ તે જણાવવાનો ભાવાર્થ એ જ છે કે જે પદાર્થોનું તે તે કાળના શાસ્ત્રો દ્વારાએ યથાસ્થિત જ્ઞાન થઈ શકતું ન હોય, તેમજ તેવા યથાસ્થિત પદાર્થોને સૂક્ષ્મયુક્તિને ન જાણનારા એવા ગુરૂ હોવાથી તેવી સૂક્ષ્મરીતિથી આગમમાં સાક્ષાતપણે નહિં જણાવેલા એવાં સાચા પદાર્થોને સાચાપણે અને યુક્તિપ્રમાણથી સાબીત ન કરી શકતા હોય, તો તેવી વખતે તેવા પ્રસંગમાં શાસ્ત્રોમાં નહિં કહેલા એવા કોઈક અસદ્ભૂત પદાર્થનું શ્રદ્ધાન થઈ જાય અગર ગુરૂએ તેવી યુક્તિથી શાસ્ત્રમાં નહિં કહેલા એવા અસત્પદાર્થનું નિરૂપણ સાંભળવામાં આવે અને તેથી તેવા ગુરૂની છાયાને લીધે તેવા શાસ્ત્રમાં જેને વિરોધ જણાતો નથી તેવા વિરૂદ્ધ એટલે અસત્ય પદાર્થને પણ માનવામાં આવે તો પણ સમ્યક્ત્વ જાય નહિં.

(અનુસંધાન પેજ - ૩૯૩)        (અપૂર્ણ)

# આગમોદ્ધારકની અમોઘદેશના

**શ્રી જિનેશ્વરદેવનું શરણ સ્વીકારો !**

નાનાં બચ્ચાંને દાગીનાની કિંમત સમજતાં વાર લાગે છે. પણ ગળ્યું, સારી ગંધવાળું, સુંવાળા સ્પર્શવાળું તો તરત સમજે છે. અર્થાત્ પાંચની પંચાતના પંજામાં બધા ફસાયા છે, આખાય જીવનમાં આ સિવાયનો કાંઈ પ્રયત્ન છે ? બચ્ચાં તો નાનાં છે, પણ મોટેરાઓ પણ આ વિના બીજું શું કરે છે ? આ પરિસ્થિતિમાં અસર કરે તેવા ઉપદેશની તથા ઉપદેશકની તેમજ ઉપદેશના (શાસનના) સ્થાપકની જગતના કલ્યાણાર્થે પરમ આવશ્યકતા છે. જગતનું સાચું કલ્યાણ કરનાર શ્રી જિનેશ્વરદેવ એકજ છે કે જેમણે પોતે મુક્તિ હસ્તગત કરી છે અને જગતને તે માર્ગ બતાવી ગયા છે. દીવાનાની શાળામાં (મેટ હાઉસમાં) પણ તેવા ગાંડા માણસો પ્રાયઃ નહિં નીકળે કે જેમને શરીરની પરવા ન હોય, આહારાદિકની દરકાર ન હોય ! તે ગાંડાઓને પણ તે કાળજી તો છે. ? છતાં ગાંડાને પણ માર ખાવો તો ગમતો નથી જ? જો મારવામાં આવે તો તરત બૂમાબૂમ કરશે. શ્રીતીર્થંકરદેવને નથી આહારની પરવા કે નથી શરીરની દરકાર. ગોવાળીયા જેવા મારી જાય, કાનમાં સોંસરા ખીલા ભોંકી જાય, તો પણ કંઈ જ દરકાર નહિં અને જાણે કાંઈ છે જ નહિં ! તેઓ જાણે છે કે નિર્જરાનું સ્થાન આ સિવાય બીજું નથી. કયો શાહુકાર જમે માંડેલી રકમનો વાયદો કરે ? આત્માએ કર્મરાજાનું કરજ કર્યું જ છે તો પછી તે ભરવામાં ચૂંચાં શા માટે ? શ્રી તીર્થંકર દેવ વર્ષીદાન પ્રસંગે રોજ ક્રોડક્રોડ સોનૈયા છુટે હાથે દાનમાં દે છે. તમારી દુકાનમાંથી પેટીમાંથી કોઈ રૂપીયા આપવા મંડી પડે તો ? શ્રી જિનેશ્વરદેવને કુટુંબ, રાજ્ય વગેરે મિથ્યા આળપંપાળ તથા ભયાનક જંજાળ લાગે છે. તમે જે વસ્તુને ઈષ્ટ ગણો છો તેને તેઓ ભયંકર ગણે છે, એટલે એમને તમે ડાહ્યા શી રીતે ગણવાના ? પણ વાસ્તવિક રીતે એ જ ડાહ્યા છે. અનાદિની ઘેલછાથી છૂટકારો મેળવવો હોય તો શ્રીજિનેશ્વરદેવનું રક્ષણ સ્વીકારો!

**માળ છે, ચઢવું છે, પણ સીડી વિના શું કરવું ? આ પ્રશ્નનો એક જ ઉત્તર છે કે - ધર્મ એક જ સીડી !**

સંસારમાં રહેલા પણ ડાહ્યાઓ તો એમ

સમજે કે 'અમને આ બધાં વ્યસનો વળગ્યાં છે, છૂટતાં નથી, તેનાથી અમે સંસારને વળગ્યા છીએ, છૂટી શકતા નથી, કેમકે અમે પોતે વ્યસનોને છોડતા નથી' આહાર વગેરેને પણ ડાહ્યાઓ લપ માને છે, પૈસો ટકો પરિવારાદિને બલા માને છે. આવી માન્યતા ધરાવનારાઓ જરૂર શ્રીજિનેશ્વરદેવની ભક્તિ કરી શકે. માળ છે, માળ દેખાય છે, ચઢવાની ઈચ્છા છે, ઉપર જવું છે, પણ સીડી વિના શું કરવું ? ખરી રીતે ધર્મ એ જ સીડી રૂપ છે.

## સાધુ સેવાની જરૂર ?

હજારો શીખામણો કરતાં એક દલીલ, હજારો દલીલો કરતાં એક દાખલો (દૃષ્ટાંત), અને તેવાં હજારો દૃષ્ટાંતો કરતાં એક સંસર્ગ (સત્‌સંગ) વધારે અસરકારક છે. જગતમાં લાખો કરોડો શાળાઓ, પુસ્તકો, શિક્ષકો છે. કોઈપણ શાળામાં કોઈપણ શિક્ષક એક પણ પુસ્તકથી અન્યાય, અનીતિ, અધર્મ કરવાનું શીખવતો નથી. આટલું છતાં પણ જગતમાંથી તે દૂર કેમ ન થયો? શાળા આદિમાં તો ન્યાય તથા નીતિનું જ શિક્ષણ છે, પણ સંસર્ગ અન્યાય તથા અનીતિવાળાનો છે, આથી શિક્ષણ સમયના દાખલા અને દલીલો તમામ સંસર્ગ વખતે ધોવાઈ જાય છે - તણાઈ જાય છે. શાસ્ત્ર મારફત સેકંડો કે હજારો શીખામણોનાં સૂત્રો અને વચનામૃતો ગોખો, વાંચો કે શ્રવણ કરો, છતાં તેવો સંસર્ગ ન રાખો તો તે બધા ઉપર પાણી ફરી વળે. માટે ધર્મમાર્ગે વળેલાઓના-ચઢેલાઓના સંસર્ગમાં-સેવામાં રહેવું એ જ મુખ્ય સન્માર્ગનો પંથ છે. સાધુ સંત મહાત્માઓની, પરમ ત્યાગી વૈરાગી તપસ્વીઓની, જ્ઞાનાધ્યયનાદિમાં નિમગ્ન રહી સ્વ-પરહિત સાધક એવા મુનિવરોની સંગતિ અને સેવા, ભક્તિપૂર્વક કરવાની છે. હાર્દિક કરવાની છે. ઉપર ટપકે એટલે કે દેખાય માટે નહિ !

## જગતકલ્યાણની બુદ્ધિ

સાધુમહાત્માઓની સેવા તો કરે, તેમના સંગનો પ્રસંગ પણ યોજે, છતાં આત્મારૂપી ભીંત સ્વચ્છ જોઈએ. ભીંત ભૂખરી હોય તો વારનીશ ન લાગે, આત્મારૂપી ભીંતને પણ સ્વચ્છ બનાવવી જોઈએ. જગતના તમામ જીવોના હિતની-વાસ્તવિકહિતની ભાવના એ આત્માને સ્વચ્છ બનાવવાનો ઉપાય છે. બે ઘડી દેખાવ કરવા માટે નહિં, પણ હૃદયના ઉમળકાથી એ ભાવના થવી જોઈએ કે મારા પ્રાણના ભોગે પણ જગતના જીવોનું હિત કેમ કરું !

આટલું છતાં અપૂર્ણાંકનો ગુણાકાર એ ભાગાકારનો ભાઈ છે તે યાદ રાખવું. ૧૦૦ x ૦I = ૨૫ સકલ જીવોનું હિત ચિંતવનરૂપી જે ગુણાકાર તે ભાગાકારનો ભાઈ ન બને તે ખાસ લક્ષ્યમાં રાખવું, જો મમત્વભાવ રહ્યો તો તે હિતચિંતનરૂપ પણ ગુણાકાર ભાગાકારનો ભાઈ બની જવાનો.

## आत्मीयग्रह मोक्षश्च

પોતાપણાનો આગ્રહ છૂટી જવો જોઈએ. ધર્મ પ્રાપ્ત કરાવનાર આ ત્રણ ઉપાયો છે. ૧ સત્સંગમાં રહી ભક્તિથી સાધુ સેવા કરવી ૨ પ્રાણીમાત્રનું હિત ચિંતન અને ૩ નિર્મમત્વ. ધર્મનાં જે કારણો-સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર છે. તે ત્રણનાં સાધન સાધુસેવાદિ ત્રણ છે.

# મનુષ્યપણું મળે શાથી ? ટકે શાથી ?

સ્વભાવમાં શંકા, તર્ક કે દલીલ ઘટતી નથી.

जिनधर्माद्विर्निमुक्तो, मा भूवं चक्रवर्त्यपि।

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના ઉપકારાર્થે ધર્મદેશના દેતાં ફરમાવે છે કે ચતુર્ગતિરૂપ સંસારમાં અનાદિકાલથી પરિભ્રમણ કરતો કરતો આ જીવ ઘણી મુશ્કેલીથી મનુષ્યભવ મેળવી શક્યો છે. જેમ રાજાને ઘેર જન્મેલો પુત્ર રાજગાદીનો માલીક થઈ બેસે છે પણ તેને રાજગાદી કેમ ઉપાર્જન કરાય છે તેનો ખ્યાલ પણ હોતો નથી, તેમ મનુષ્ય ભવ મળી ગયો ખરો, પણ તે મેળવતાં કેવી અને કેટલી મુશ્કેલી પડી છે તેનો આ જીવને પણ ખ્યાલ નથી. રાજાનો કુંવર પણ ધારે તો વિચારી શકે છે કે, "આ બધા મનુષ્યોનો જન્મ અહિં ન થતાં મારો જ જન્મ અહિં કેમ થયો ? જીવ બધા જીવપણે સમાન છતાં રાજ્યનો હક મને જ કેમ મળ્યો ?" રાજા કે રાણીએં અવતરનાર કુંવરની પસંદગી કરી નથી, તેમજ કુંવર પણ કાંઈ સ્થળ જોઈને નથી આવ્યો. તો આ સંયોગ સાધનાર તો કોઈ ખરૂંને! શેરબજારમાં વેપારી ગ્રાહકને નથી જાણતા, ગ્રાહક વેપારીને નથી જાણતા, માત્ર દલાલ જ બંનેને જાણે છે. શેરો કોણે લીધા, કોણે વેચ્યા તે માત્ર વચલો દલાલ જ જાણે છે. તેમાં વેપારી તથા ગ્રાહક બંને અજાણ્યા છે. તે જ રીતે રાજા અને રાણીને અમુક જીવને કુંવર રૂપે સોંપનાર, ભળાવનાર, તેમજ અમુક જીવને કુંવર રૂપે અમુક રાજારાણીને ત્યાં જ જન્માવનાર કર્મરૂપી દલાલ છે. કર્મબંધાયા વગર તે મળતું નથી-ફળતું નથી. રાજાને ત્યાં અવતરનાર પુત્રે મનુષ્ય થવાનું તથા રાજકુંવરપણે અવતરવાનું કર્મ બાંધેલું હતું માટે જ તેમ થયું. મનુષ્ય થયા છતાં જીવવાનું તો જીવવાના સાધનોથી થાય છે, અને અંતરાયના ક્ષયોપશમથી તે સાધનરૂપ ફળ મળે છે. મનુષ્યપણાનું કર્મ બંધાય, પછી અંતરાયનો ક્ષયોપશમ થાય એટલે મનુષ્ય થવાય અને જીવાય છે. આમાં એમ કહી શકીયે કે આ બધું વચલા દલાલને માલૂમ પડે છેં. ક્યા જીવનું ક્યું કર્મ ? કોની કઈ ગતિ ? કોને ક્યાંથી ઉપાડવાનો ? કોને ક્યાં ધકેલવાનો ? આ બધી ભાંજગડ કર્મ કર્યાજ કરે છે. કોઈ કહેશે કે 'દલાલ તો નામું રાખે છે. નોંધ ન રાખે તો દલાલ પણ ભૂલી જાય, તો પછી કર્મ જેવી જડ વસ્તુ આટલા બધા જીવોની ગતિની યાદી શી રીતે રાખી શકે? વ્યવસ્થા શી રીતે કરી શકે ?' પદાર્થના સ્વભાવમાં આવા પ્રશ્નને અવકાશ નથી. મરચાં ખવાય છે મોઢેથી, પણ બળે છે આંખે તથા પુંઠે ! ત્યાં બળતરા શાથી ? ઘીમાં ઠંડક શાથી? ક્વીનાઈન તાવ ઉપર અસર શાથી કરે છે ? હરડે, ક્વીનાઈન, સાકર કે કોઈ પણ જડ પદાર્થ પોતાના સ્વભાવ મુજબ કામ આપે છે. બહાર સુવાથી શરદી લાગી, શ્લેષ્મ થયું, ન્યૂમોનીયા થયો, આ બધું કોણે કર્યું ? જવાબ

એ જ આવશે કે પુદ્ગલોએ આ સર્વ કર્યું. પુદ્ગલમાં આમ કરવાની સમજણ ક્યાંથી આવી ? સમજણ નહિં પણ તેવો સ્વભાવ છે.

એ જ મુજબ કર્મનો પણ તેવો સ્વભાવ છે. છાપરાં ઉપરનું નેવું (નળીયું) ખસીને અડી રહ્યું હોય, પડવાની તૈયારીમાં હોય. પડવામાં માત્ર તેવા સંયોગ પૂરતી જ ઢીલ હોય, એ જ વખતે એક વ્યક્તિ (માનો કે દેવદત્ત) પીશાબ કરવા જાય અને ત્યાં બેસે અને તે વખતે તેના જ માથા ઉપર પેલું નેવું પડે ! આ કામ કોનું ? અચેતન (જડ) કર્મનું જને ! જડમાં શી શક્તિ છે તે આજે શું સમજાવવું પડે તેમ છે ? આ જ તો જડ પદાર્થો જગતમાં કમાલ ભરેલી ધમાલ કરી રહ્યા છે. વરાળ, વીજળી, વાયરલેસ, રેડીયો આ બધા જડ સાધનોની શક્તિ સ્પષ્ટ છે. જડ સાધન (એરોપ્લેઈન) તો આજે આકાશમાં મુસાફરી કરાવે છે. ત્યારે હવે કર્મનું સામર્થ્ય માનવામાં જડપણાનો પ્રત્યવાય ક્યાં નડે છે ? કર્મ જેવું કર્યું હોય તેવું જ ઉદય આવે છે. અહિં કોઈને એમ શંકા થાય કે "ગુન્હો આ ભવમાં અને સજા પરભવમાં ? એ કેમ ? જગતમાં તો જે રાજ્યમાં ગુન્હો થયો હોય ત્યાં જ કેસ ચાલે છે તથા સજા થાય છે. આરોપી બીજા રાજ્યમાં ગયો હોય તો ત્યાં કેસ પણ ચાલતો નથી. તો પછી કર્મના રાજ્યમાં આ ભવના વાંકની સજા અન્યભવમાં શા માટે ?" જગતનું રાજ્ય તો કલ્પનાથી વ્યવસ્થિત છે, રાજ્યમાં તો વ્યવસ્થા કલ્પનાથી કરવામાં આવી છે. કર્મના કાયદામાં કોઈએ નવી વ્યવસ્થા ઉભી કરી નથી. સ્વાભાવિક છે. સ્વાભાવિક વસ્તુમાં આવી શંકાને સ્થાન નથી, ત્યાં કલ્પના કે તર્કને અવકાશ નથી. વિચારવામાં આવશે તો 'ઈશ્વરે આ કર્યું છે' એ ખોટું ઠરશે. ઈશ્વરને કર્તા માનીએ તો પૂછવું પડે કે આંખ ખાડામાં કેમ કરી ?, પણ તેમ છે નહિં. સ્વાભાવિક વાતોમાં શંકા, તર્ક, પ્રશ્ન કે દલીલ એ કાંઈએ હોતું નથી. હવે કર્મ માટે યુક્તિથી વિચારીએ. મનુષ્ય જન્મે ત્યારે પહેલાંનાં કર્મો લઈને જન્મે છે. જન્મનારા નવા માણસ ઉપર રાજ્યનો કેસ હોતો નથી. જન્મ્યા પછી ગુન્હો થાય ત્યારની વાત ત્યારે! પ્રથમના ભવનાં કર્મો ન માનવામાં આવે તો, અને પુનર્જન્મ ન મનાય તો, જન્મ્યો કયા કર્મે તથા જન્મતાં જ સુખાદિ ભોગવવાનું ક્યાંથી ? અને શું? જન્મ સારા કુલમાં કે હલકા કુલમાં, રિદ્ધિસમૃદ્ધિવાળાને ત્યાં કે ભીખારીને ત્યાં જે થવો તે કર્મને લીધે જ છે. ગયા ભવમાં તેની પહેલાંના ભવોનાં કર્મો ભોગવાતાં હતાં, ગયા ભવનાં કર્મો ભોગવવાનો વખત ક્યારે આવે ? આ ભવે ! કર્મની સિદ્ધિ !

એક મનુષ્ય બાલ્યવયમાં ચાલતાં ચાલતાં પડી ગયો, વાગ્યું વધારે, કહોને કે હાડકાને સજ્જડ વાગ્યું પણ ઉપચારથી આરામ થઈ ગયો. પછી જુવાનીમાં તો ખબર પણ ન પડી કે વાગ્યું હતું, પણ વૃદ્ધાવસ્થામાં કળવા માંડ્યું; કળતર વધી એટલે ડૉક્ટરને બતાવવામાં આવ્યું. ડૉક્ટર જુએ છે તો સોજો દેખાતો નથી, નસમાં કે હાડકામાં પણ કાંઈ ફરક દેખાતો નથી, એટલે પેલાને પૂછે છે કે "પહેલાં આ જગ્યાએ કદી કાંઈ વાગ્યાનો ખ્યાલ છે ?"

યાદ કરીને તે કહે છે કે 'નાનો હતો ત્યારે પડી ગયો હતો, અલબત્ત સખત વાગ્યું હતું, પણ તે તો તદન મટી ગયું હતું અને પછી તો 'વાગ્યું હતુ' એ વાત જ ભૂલી ગયો હતો.' વિચારો ! વાગ્યું હતું બાલ્યવયમાં અને કળતર બૂઢાપામાં ક્યાંથી થઈ ? જુવાનીમાં લોહીનું જોર હતું ત્યાં સુધી તે જણાયું નહિં, લોહીનું જોર ઘટ્યું કે કળતર શરૂ થઈ. જુવાનીમાં પણ લોહીનું જોર ન હોત તો કળતર થાત. એ રીતે ગયા ભવમાં પ્રથમના ભવનાં કર્મોનું જોર હતું, તેથી ગયા ભવનાં કર્મો ગયા ભવમાં ફલ દેવા જોર કરી શકતાં નહોતાં, પરંતુ તે ભવનાં કર્મોનું જોર ગયા ભવે નબળું પડ્યું એટલે ગયા ભવનાં કર્મોનું જોર આ ભવમાં ભોગવવામાં આવે છે. જેવું લેણું તેવું કાંધું ! પચીસ પચાસ રૂપીયાનું લેણું હોય તો મહીને બે ચાર રૂપીયાનું કાંધું થાય, પણ લાખનું લેણું હોય તો શું કાંધું તેટલું થાય ? નહિં ! અહિં પણ કર્મ જેવી તીવ્ર સ્થિતિનાં બંધાય તેવો આંતરો પણ જાણવો. જે કર્મ સજ્જડ બંધાય તેનો આંતરો મોટો હોય. આથી ગયાં ભવનાં કર્મો આ ભવે ભોગવવાનાં હોય છે. જન્મ વખતે તો તેવાં કર્મ કરવાનો વખત જ ક્યાં છે ?

**જે ઈચ્છિતસ્થાન હોય તેને યોગ્ય તૈયારી કરવી જોઈએ.**

આસ્તિક માત્ર કર્મને માને છે. કર્મને માન્યા વિના એક ડગલું પણ આસ્તિકોથી ભરી શકાય તેમ નથી, ચારે ગતિનાં કર્મો જૂદાં જૂદાં છે. જેમ મરચાં તીખાં લાગે, સાકર ગળી લાગે, મીઠું ખારૂં લાગે, તે જ રીતે કર્મો પણ જેવાં જેવાં બંધાય તેવો તેવો તેનો ભોગવટો થાય છે. તીખાશ માટે મરચાંની તીખાશ વગેરે જોઈએ તેમ મનુષ્યપણું મેળવવા માટે શું જોઈએ ? અહિં એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે કે મનુષ્યને જે ટેવ પડે છે તે ટેવ બીજી બધી વસ્તુને ગૌણ કરી દે છે. પછી તે ટેવ સારી હોય કે ખરાબ ! કોઈને અફીણની આદત પડી હોય પછી તેને તમે ગમે તેટલાં પકવાન પીરસો છતાં તેની નજર તો અફીણની દાબડીમાં જ જવાની. આ ભવમાં જે ટેવ પડી તેમાં જ તે પરભવે પણ ટકવાનો, જેઓ સારા લતામાં રહ્યા હોય, સદાચારી હોય, ઉચ્ચકુલમાં જન્મેલા હોય, તેઓને માંસાદિની મારકીટ તરફથી કે દારૂના લતા આગળથી પસાર થતાં ઉલટી થશે, ચકરી આવશે. હલકા લતેથી પસાર થતાં પણ કંપારી છૂટશે. જ્યારે તેની ટેવવાળાઓ તો માંસ દારૂનો વેપાર પણ કરે છે. હલકા આહાર વિહારવાળા તેવા લતામાં પણ વિના સંકોચે જાય છે, રહે છે કેમકે તેમને તેવા પદાર્થોની ટેવ પડી છે. નઠારા પદાર્થની આદતવાળાને સારો પદાર્થ રૂચતો નથી. આખા જગતને સાકર રૂચે છે, ગળી લાગે છે. પણ ગધેડાને આપો તો શું રૂચે ખરી ? ગધેડાને તો સાકર જ ઝેર ! ઉંટને દ્રાક્ષથી ઉલટી થશે. મનુષ્ય પાસે લીંબડો મૂકશો તો અડશે પણ નહિ, અને ઢોર ખાઈ જશે. જેને જેવી ટેવ પડી હોય તેમાં તે ટકે છે. જીવે છે. એટલું જ નહિં પણ આનંદ તથા સુખ માને છે. આપણો મુદ્દો એ હતો કે મનુષ્યપણું સાથી મળે ? મનુષ્યપણામાં આવવા ઈચ્છનારે મનુષ્યપણાને યોગ્ય ટેવ પાડવી જોઈએ.

**પયईइतणुकसाओ**

કષાયો પાતળા થાય તેને મનુષ્યપણું મળે છે. એટલે કે મનુષ્યપણું મેળવવાના જિજ્ઞાસુએ કષાયોને પાતળા કરવા જોઈએ. વાઘણ કેવી ક્રૂર છે, પણ જ્યારે તેનું બચ્ચું તેને ધાવે છે ત્યારે બચ્ચાંના ન્હોર ઘસાવા છતાં તે તેને ફાડી નથી ખાતી. અહિં કષાય પાતળો નથી થયો પણ 'મારૂં બચ્ચું' એ ભાવના છે. ત્યાં મમત્વભાવ છે. પોતાની માલીકીની ભાવના છે. બીલાડીને બચોલીયાં ધાવે છે. ત્યારે તેને તેના નખ વાગે છે પણ 'મારાં બચોલીયાં' એવી મારાપણાની ભાવના તે ક્રોધને કાપી નાંખે છે શું ? ક્રોધને આવવા દેતી પણ નથી. દુનિયામાં પણ ક્રોધ, માન, માયા, લોભને દરેક દબાવે છે પણ ક્યાં ? ન ચાલે ત્યાં ! કોઈ સોલજરનો ધક્કો લાગ્યો હોય તો ચૂપચાપ ચાલ્યા જવાય પણ કોઈ સામાન્યનો ધક્કો લાગે તો ''કેમ દેખતો નથી ?' એમ તરત ડોળા કાઢીને બોલાય છે ! ધક્કામાં ફરક નથી, પણ સામે વધારે બલ હોય ત્યાં 'તેરી બી ચૂપ અને મેરી બી ચૂપ !' અને સામે નિર્બલ હોય તો 'આવી જા !' આ સ્થિતિ છે. શેઠનો ક્રોધ કેમ સહન થાય છે ? પગાર સહન કરાવે છે. અરે ! શેઠનો ધક્કો વાગ્યો હોય તોયે માફી ઊલટી નોકર માગે ! અહિં ક્રોધને પ્રકૃતિએ દબાવ્યો નથી, પણ દુનિયાદારીના નુકશાનના ભયે, અથવા માર ખાવાના ભયે ક્રોધને દબાવ્યો છે.

**કષાયો પાતળા થવાથી મનુષ્યત્વ મળે !**

સામે દંડાબાજ મળે ત્યારે મૂછે હાથ કોઈ દેતું નથી. આથી આપણું અભિમાન મરી ગયું છે એમ નથી, પણ સામેથી અનર્થનો ભય છે. સામેથી ઉપદ્રવ થાય અથવા સંપત્તિની હાનિ કરવામાં આવે એવો ભય છે, માટે પોતાના અભિમાનને દબાવી દેવામાં આવે છે. ગામડીયા ભોટની પાસે 'સોળ પંચાં છયાશી તથા બે મૂકયા છૂટના' અઠયાશી એમ બોલાય છે પણ વેપારી પાસે તો સોળ પંચાં એક્યાશી એમ પણ બોલાતું નથી. આનો અર્થ કપટ ગયું છે, માયા મરી ગઈ છે કે લોભ ગયો છે. એમ નથી, પણ વેપારીમાં ચાલી શકે તેમ નથી બેંકમાં રહેલી રકમ જોખમમાં લાગે છે ત્યારે વ્યાજને જતું કરીને પણ ઘેર લાવીને દાટવામાં આવે છે. તેમાં વ્યાજનો લોભ ગયો છે એમ નથી, પણ મૂડીને નુકશાન જોયું એટલે લોભ મૂડી સાચવવામાં સમાયો. આ રીતે પણ જરૂર કષાયો દબાવવામાં આવે છે, પાતળા કરવામાં આવે છે, પણ તેથી મનુષ્યપણું મળી શકતું નથી. નુકશાન થાય કે ન થાય-ગમે તેવા સંયોગોમાં પણ સ્વભાવથી કષાયોને પાતળા કરવામાં આવે કે હોય તો જ મનુષ્યપણું મળે છે. પ્રથમના ભવમાં પ્રકૃતિથી કષાયો પાતળા થયા હોય તો ત્યાંથી મરીને તે મનુષ્ય થઈ શકે. કષાયોની તીવ્રતાવાળાનું સ્થાન તો તિર્યંચગતિ તથા નરકગતિ છે. નરક ગતિ પરોક્ષ છે, પણ તિર્યંચગતિ તો પ્રત્યક્ષ છે ને ? જનાવરમાં ગાય ગરીબ કહેવાય છે, પણ કેટલીક ગાય એવી મારકણી હોય છે કે નાનો છોકરો પણ જરા પણ અડપલું કરી બેસે તો શીંગડું મારીને સખત વગાડે છે. બચ્ચાંની વલે શી? એ ગાય વિચારતી નથી. દરેક જનાવર પોતાના કષાયને વિચારવાની તાકાતવાળાં હોતાં નથી. નાના

છોકરાએ તમને ગાળ દીધી હોય કે પથરો માર્યો હોય તો પણ તેના ઉપર તમે તેટલો કષાય નહિં કરો. કેમકે તમે મનુષ્ય છો, કષાયના પરિણામને વિચારવા બંધાયેલા છો. જનાવરની તે સ્થિતિ નથી. સર્પ ક્રૂરમાં ક્રૂર જનાવર કહેવાય છે. છતાં મનુષ્ય જેટલો તે ક્રૂર નથી. તે સર્પ કાંઈ મનુષ્યને કે અન્ય કોઈ પણ જનાવરને શોધી શોધીને મારતો નથી, અને જો કદાચ સાપ તે રીતે મારવા મંડી પડે તો જગતમાં કોણ જીવી શકે ? તે તો દબાણમાં આવે તો ડંખે છે. તે વખતે તે પોતે કષાયમાં આવે છે તથા તે કષાયનું પરિણામ શું આવશે તેનો તેને ખ્યાલ આવતો નથી. મનુષ્ય તો સર્પ વગેરેને શોધી શોધીને મારે છે. તો હવે કહો કે કોણ વધારે ઘાતકી? સાપ કે મનુષ્ય ?

## સાપનું ઝેર વધે કે મનુષ્યની નજરનું ઝેર વધે?

એક બાદશાહ એક દિવસે સવારે જાજરૂમાં ગયો ત્યારે ભંગીનું મોં જોયું. રોજ ભંગી વહેલો વાળી જતો હતો, પણ તે દિવસે તેવો સંયોગ બન્યો. બાદશાહે તરત ભંગીને ફાંસી દેવાનો હુકમ કર્યો. આ વાતની બીરબલને ખબર પડી. તેને લાગ્યું કે "આ તો જુલમ થયો ! હવે કરવું શું ? તપેલી પાંચશેરી ઉપર જો પાણી નંખાય તો તો વધારે તાપ નીકળે. બાદશાહ પાસે હવે શાંતિની વાત કરવાથી વધુ ક્રોધે ભરાશે." બીરબલે ભંગીવાડામાં જઈને સમશ્યામાં ભંગીને જે કરવાનું હતું તે સમજાવી દીધું. ભંગીઓની જમાત ભેગી થઈ. નગર છોડીને ચાલી જવાનો ઠરાવ કર્યો. બાદશાહને ખબર પડી. ગામમાંથી વેપારી જાય, નોકર જાય, તે બધું પાલવે, પણ ભંગી જાય તે શી રીતે પાલવે ? દુનિયામાંથી રત્નો ચાલ્યા જાય તે પાલવે, પણ પત્થરા, માટી, ઇંટો વગેરે ચાલ્યાં જાય તે કોઈને પણ ન પાલવે, કેમકે તેની તો ડગલે ને પગલે સર્વ કોઈને જરૂર પડે જ છે. બાદશાહે બીરબલ મારફત પૂછાવ્યું. બીરબલે કહ્યું. "જહાંપનાહ ! વે લોક કહે તે હય કે બાદશાહકા મું બડી ફજરમેં પહીલાહી દેખનેસે એક ભંગીકો ફાંસીકા મોતકા અંજામ આયા-તો બહેતર હયકે ઇસ નગરસેં ચલા જાના !' બાદશાહની સાન ઠેકાણે આવી અને પેલાનો ફાંસીનો હુકમ રદ કર્યો. આ પરિણામ બીરબલની અક્કલને આભારી હતું. ભંગીનું મોં જોવાથી બાદશાહને તો નુકશાન થાત ત્યારે થાત, પણ બાદશાહનું મોં જોવાથી ભંગીની શી દશા થઈ ? એ મુદો બીરબલે બતાવ્યો અને ભંગીને બચાવ્યો. ભંગી તો રોજ આવતો જ હતો, પણ બાદશાહની નજરે ચઢ્યો એ ગુન્હો ? નજરનું ઝેરને ! આપણે તો આ સાપ કરડે ત્યારે મરીએ, અર્થાત્ સાપને તો ડાઢમાં ઝેર છે, જ્યારે આપણે મનુષ્ય તો આપણી દૃષ્ટિમાં ઝેર ધરાવીએ છીએ. કેમકે સાપને ખોળી ખોળીને મારીયે છીએ. સાપ જરાય દબાય તો ડંખ મારી મારી નાંખે છે એ વાત ખરી છે,પણ એનું એ એક જ હથિયાર છે. ગાયને કોઈ અડપલું કરે તો શીંગડું મારે. કેમકે એનું એ જ હથિયાર છે, જનાવરમાં

ક્રોધ કે કષાય ઉપર કબજો મેળવવાનો સ્વભાવ નથી. મનુષ્યગતિમાં એમ ન ચાલે. મનુષ્યપણું તો કષાયો ઉપર કાબુ હોય ત્યાં સુધી જ શોભે છે. કષાયો ઉપરનો કાબુ તો ગયો, કબજો ગયો, પછી મનુષ્યપણું ટકવાનું જ નથી, તો પછી શોભવાની તો વાત જ શી ? પ્રથમ ભવમાં કષાયોની મંદતાને લઈને જ તો મનુષ્યપણું મળી ગયું છે.

**અશરીરિપણું એ જ મહાન્ સદ્ગુણ !**

કેટલાંક જનાવર એવાં હોય છે કે ગમે તેવાં અડપલાં કરો કે મારો તો પણ તે તમને કરડશે પણ નહિં કે મારશે પણ નહિં, જ્યારે કેટલાક એવાં હોય છે કે તેનાથી તે રોટલો નાંખનારને પણ બીવું પડે છે. એટલે જનાવરોમાં કોઈક કોઈકને મંદકષાયપણું હોય છે. જેને કષાયની મંદતા થાય તે જ મનુષ્યપણાનું આયુષ્ય બાંધે છે. કષાયોની મંદતા વગર એ આયુષ્યનો બંધ પડતો જ નથી. મનુષ્યપણાના આયુષ્યનો બંધ ન પડે તો દેવપણાનાં આયુષ્યનો બંધ તો પડે જ ક્યાંથી ? કેમકે તેમાં તો કષાયોની મંદતા કરતાં પણ ચઢીયાતી એવી ક્ષયોપશમદશા જોઈએ છે. કષાયોની મંદતાથી મળેલા મનુષ્યપણામાં જ જો કષાયની ઘણી મંદતા ન રાખીએ તો આપણી દશા શી ? સોની ધમધમીને સોનું સાફ કરે, પણ તેને જો ફુંક મારતાં બરોબર ન આવડે તો ઘમ્યું સોનું ધૂળમાં જાય ! એક જ ફુંકમાં તે ધમ્યું સોનું ધૂળમાં !! પ્રથમના ભવમાં તો કષાયની મંદતા કરી, અને ટકાવી અને તેથી આ ભવમાં મનુષ્ય થયા. પણ હવે અહિં પ્રકૃતિ બગાડી તો ધમ્યું સોનું ધૂળમાં ! વિચારવાનું જરૂરી છે કે હું મનુષ્ય શાથી થયો ? પશુ, પંખીમાં ક્યાંય ન અવતરતાં અહિં કેમ અવતર્યો ? જરૂર પૂર્વે કષાયો ઉપર કાબુ ધરાવેલો હતો. હવે વિચારો કે જનાવરના ભવમાં તેવો કાબુ ધરાવી મનુષ્ય થયા છતાં, આ મનુષ્ય ભવમાં જો તેનો કાબુ ગુમાવાય તો તેવો બેવકૂફ કેટલો ? કાછીયાના વેપારમાં કોથળી ભરે અને ઝવેરાતના વેપારમાં ઝેર ખાય તે કેવો ગમાર ? મનુષ્યપણું એ તો ઝવેરાતના વેપારનું સ્થાન છે.

મનુષ્યપણું શાથી મળ્યું ? તે બરાબર વિચાર્યા પછી તે જીવન ટકે શાથી તે પણ વિચારણીય છે. જો તે ન વિચારાય તો દુનિયામાં મનુષ્યો જેવા બીજા ધાડપાડુઓ કોણ છે ? જગતના જીવોને તમે શું આપો છો ? તથા તેમની પાસેથી શું લ્યો છો ? તે વિચારો પૃથ્વી તમારા આધારે નથી, પરંતુ તમે પૃથ્વીના આધારે છો. તમારાથી પાણીનો નિભાવ નથી, પણ પાણી વિના તમને ચાલવાનું નથી. હવા તમારાથી જીવવાની નથી. પણ હવા વગર તમે જીવી શકવાના જ ક્યાં છો? અગ્નિને તમારી જરૂર નથી. પણ તમારો વ્યવહાર, આહાર વગેરે તમામ અગ્નિથી છે. છેવટે શબને બાળનાર પણ અગ્નિ છે. વનસ્પતિને તમારી શી પડી છે ? પરંતુ તમારો તો તે ખોરાક છે. જનાવરો જ તમને નિભાવે છે. અલબત્ત ! જનાવરોને

ખવરાવો છો, પણ સોનું કામ લઈને છ નું ખવરાવો છો ! જનાવર મનુષ્ય વગર જીવી શકે છે. પરંતુ તમે જનાવર વગર નભી શકતા નથી. હવાને ઝેરી કરનાર તમે, પાણીનો પેશાબ કરનાર તમે, અગ્નિને સાફ કરનાર તમે, વનસ્પતિનો કુચો કરનાર તમે, જનાવરનાં જીવનનો નાશ કરનાર તમે ! આ તમો છો મનુષ્યો ! તમે મનુષ્ય થયા પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ તમને ન મળ્યા હોત તો તમારું જીવન કેટલું ટકત ? એક ક્ષણ પણ તેના વિના જીવી શકીએ તેવું સ્વતંત્ર સામર્થ્ય આપણે કોઈ પણ ધરાવતા નથી. જો ઉપયોગમાં આવતી ચીજ પોતાની ગણાતી હોય કે ઈશ્વરે તે પેદા કરી ગણાય તો મનુષ્ય પણ વાઘની ચીજ ગણાશે અને વાઘ માટે મનુષ્યો ઈશ્વરે બનાવ્યા છે એમ ગણવું પડશે. કેમકે વાઘ મનુષ્યને ત્રાપ મારે છે, મારી શકે છે, ખાઈ શકે છે. વસ્તુતાએ પોતાનો બચાવ તો કરવો જ છે. અર્થાત્ બળ વાપરીને પણ પોતાનો તો બચાવ યોજવો છે, અને બળથી જ બીજાને ખાઈ જવા છે ? આ ન્યાય ? આ ઈન્સાફ ? આ ગુણ કે દોષ ? શાથી ? શરીરના કારણે જ ને! આ વિચારશો તો માલુમ પડશે કે અશરીરીપણું કે જેમાં પરાધીન જીવન નથી, એ કેવો મહાન ગુણ છે ? અને એ ગુણ શ્રી સિદ્ધભગવંતોએ જ પ્રાપ્ત કર્યો છે. મનુષ્યને લેવા દેવાનાં કાટલાં જુદાં રાખવાં પડે છે તે ખરેખર શરીરને લઈને જ ને ? અર્થાત્ મનુષ્યને શરીર ધારવું છે અને તે ધારણ કરવા માટે લાયક સાધનો મેળવવાં જોઈએ અને તે દાનને લીધે લાભાંતરાયના ક્ષયાદિકથી જ મળે.

**મનુષ્યત્વ ટકાવવા દાનરૂચિની આવશ્યકતા !**

પ્રથમભવમાં દાનરૂચિ આદિ હોવાથી બીજા ભવે મનુષ્યપણું તો મેળવ્યું, પણ પછી દાનરૂચિ ન જાળવી તો તે મનુષ્યપણું પણ બીજાભવે જળવાવાનું ક્યાંથી ? દાનમાં અને દાનરૂચિમાં ફરક શો ? વગર રૂચિએ પણ, વગર મને પણ, લાજ શરમથી કે દબાણથી પણ દાન કરવું પડે છે. પાંજરાપોળનો વહીવટ કરતા હો, તેની ટીપમાં કોઈ એકાવન ભરે તો વહીવટ કરનારે ચાલીસ તો ભરવા જ પડેને ! ન ભરે તો બીજા વાતો કરે ! તેમાં એમ થાય કે ચાલીસ ભરવા પડશે એમ ધારીને પોતે દશ પન્નરથી ભરવાની શરૂઆત કરે; સામા તાણ કરે. એ રીતે માનો કે ત્રીશ ભરવાથી પતી જાય તો પોતે માને કે દશ તો બચ્યા ! જ્યારે દશને બચ્યા માને છે તો પછી ભરાયેલી રકમને ગુમાવેલી માને છે ? શું તેની હોળી થઈ એમ માને છે ? મતલબ કે દામનાં દાન તો થાય છે, કામ બધાં કરવામાં આવે છે, પણ આ રીતે એમાં દાનની રૂચિ નથી. દાનની રૂચિ તો ત્યારે કહેવાય કે ચાલીસને ઠેકાણે એકતાલીસ ભરાવે અથવા શક્તિ પ્રમાણે પ્રથમથી જ ઉત્સાહથી ભરાવી દે. દાનરૂચિવાળો તો જેટલું દાનમાં ગયું તેટલું બળતામાંથી બચાવ્યું માને છે. બધું મેલીને તો જવાનું છે તો દાનમાં દીધું તેટલું તો લેખે લાગ્યું ? બળતામાંથી બચાવવામાં જે આનંદ થાય છે તે આનંદ દાન

દેવાથી થાય તો દાનરૂચિ ગણાય. દાનમાં દામ દ્યો ખરા પણ 'બળ્યું આ!' એમ કહીને દ્યો, સળગાવીને દ્યો તો તે ઉગે શી રીતે ? વરસાદ વરસતાં પહેલાં ઠંડો પવન આવે છે. તમે પણ દાન દેતાં પહેલાં તેવી ભાવના રાખો. તેવી વાણી ઉચ્ચારો ! દામ લેવા આવનારને આવકાર પૂર્વક કહો કે "ભલે આવ્યા ભાઈ! તમારા જેવા દલાલો આવે છે તો આ જ્વાલામુખીમાંથી કાંઈક બચાવી શકીએ છીએ" આવનારને પ્રોત્સાહન તે વરસાદ પહેલાં આવતા ઠંડા પવન જેવું છે. ઉનાળામાં સૂર્ય આથમે છે ત્યારે પણ પવન ઉનો હોય છે. ઉનાળામાં લૂ વાય છે. દામ આપતાં પહેલાં કડવાં વચનો તો લૂ જેવાં, ઉના પવન જેવાં, અંગારા જેવાં છે. વરસાદની પહેલાંના ઠંડા પવન જેવાં મધુરવચનોથી દાન દેવાય અને દેતાં ઉલ્લાસ તથા પછી અનુમોદના હોય ત્યારે તો દાનરૂચિ ગણાય. મનુષ્યપણાને ટકાવનારી સામગ્રી દાનની રુચિથી મળે છે. જેઓએ ગતભવમાં દાનરૂચી જાળવી છે, છતાં તેઓ તે જાળવે છે તેઓ આ ભવમાં મનુષ્યપણાને ટકાવી શકે છે. જેઓએ દાનરૂચી ગતભવે નથી જાળવી તેઓ આ ભવે મળેલું મનુષ્યપણું નિભાવી શકશે નહિં. આ ભવે દાનરૂચી નહિ જાળવનાર આવતા ભવે મનુષ્યપણું નિભાવી શકશે નહિ.

પણ અત્યારે થઈ શું રહ્યું છે ? ગણાવું મોટા પણે પણ વાત લેવાની : દેવાની વાતમાં વાંધા ! વારૂ! બધા પાસેથી લેવાનો હક જેનાથી ઉત્પન્ન થાય તેવું કર્મ શાથી બંધાય ? પહેલા ભવમાં દાનરૂચિ કરી હોય તો આ ભવમાં તેવા સંયોગો સાંપડે અને ભવાંતરમાં પણ જો તેવા સંયોગોની ઈચ્છા હોય તો આ ભવમાં પણ દાનરૂચિ રાખવી જોઈએ લક્ષ્મી તો ચંચલ છે. તે તો કૂદાકૂદ કરવાની જ છે. પૈસાને થાળીમાં નાંખશો તો તો થાળીનો રણકારો વાગશે, પથ્થર પર નાંખશો તો ત્યાં પથ્થર ઉપર પણ પટકાયાનો અવાજ થશે. લક્ષ્મી જેવા શોખવાળાને મળશે તેવા શોખમાં તે ખરચાશે. વાડીવજીફા તથા બાગબગીચા અને બંગલાના શોખીનો લક્ષ્મીથી મહેલાતો ઉભી કરશે, રમ્ય બગીચાઓ બનાવશે' નાતજાતમાં શોભાનો શોખીન તેવાં કાર્યોમાં દ્રવ્ય ખરચશે તથા કોઈક ધર્મનો શોખીન હશે તો તે ધર્મના કાર્યોમાં દ્રવ્ય વાપરશે. મોટરનો મોજીલો મોટરમાં નાણાં નાંખશે. કહેવાનું તાત્પર્ય એ છે કે ઉછાંછળા સ્વભાવની લક્ષ્મી છનંછના તો કરવાની જ, પણ તે જેના હાથમાં આવે તેની ટેવને અનુસારે નાચવાની ! પોતાની લાગણી જ્યાં હશે ત્યાં મનુષ્ય પોતાનો પૈસો વાપરશે. દાનમાં ન દેવાયું તેટલો અંતરાયનો ઉદય મનાય. દાનમાં દેવાયું તેટલું બળતામાંથી બચ્યું મનાય, ત્યાં દાનરૂચિ ગણાય. આવી માન્યતાવાળો જે હોય તે મનુષ્યભવ ટકાવી શકે. મનુષ્યભવ મેળવવા માટે પાતળા કષાય જરૂરી છે. પણ તે ટકાવવા માટે દાનરૂચિને ટકાવવી આવશ્યક છે. જમા રકમ ખોવી છે ? સાચવવી છે ? કે વધારવી છે ?

માનો કે કોઈ દેવતા પ્રસન્ન થાય, એક

મનુષ્યને ભર જંગલમાં લઈ જઈને એક સુંદર મહેલમાં રાખે, સુંદર વસ્ત્રો મિષ્ટભોજનાદિ તમામ સામગ્રી પૂરી પાડે છતાં સેંકડો ગાઉમાં મનુષ્ય જોવામાં ન આવે તો તે રીતે મળેલું અને ટકાવેલું મનુષ્ય જીવન પણ રસભર થતું નથી. મનુષ્યોના સંગ વગર, મનુષ્યોના સહચાર તથા સહકાર વિનાનું આવું મનુષ્ય જીવન પણ નીરસ જ હોય છે. ત્યારે તેવી સારી પરિસ્થિતિ અપાવનારું પણ કોઈ કર્મ હોવું જોઈએને ! તેવી માણસાઈ આવે શાથી ? જેમ મોક્ષને લાયકના તથા દેવલોકને લાયકના ઉત્તમોત્તમ અને ઉદામ ગુણો ન મળ્યા હોય, તેમ નરક અને તિર્યંચની ગતિ લાયકના દુર્ગુણો પણ મળ્યા ન હોય તથા માણસાઈને લાયક જીવન ગુજાર્યું હોય તો આવી પરિસ્થિતિવાળું મનુષ્ય જીવન મેળવી શકે, તથા રસભર પણ બનાવી શકે. દાક્ષિણ્ય, દયાલુપણું, નિર્વ્યસનીપણું, આ ગુણો હોય તો મનુષ્યપણામાં માણસાઈ મેળવી શકાય. મનુષ્ય થયા પછી આ ત્રણ રકમો જે જમા છે તેમાં ખામી આવવી જોઈએ નહિં. લાખના નવ્વાણું હજાર કરે તો તે બુડથલ ગણાય. લાખના સવા લાખ કરે તો તે હોંશીયાર ગણાય. આ ત્રણ રકમો પોતાની પેઢીમાં જમા છે તો ધ્યાન રાખવું જોઈએ કે તેમાં ખામી આવવી જોઈએ નહિં. રાંડીરાંડ પણ પોતાની મૂડીનો નિભાવ તો કરી જાણે છે. મૂળ મૂડીમાં ખોટ લાવે તો રાંડીરાંડથી પણ નપાવટ ગણાઈએ, મૂળમૂડી સચવાય ત્યાં સુધી રાંડીરાંડની ભૂમિકામાં અને તેમાં વધારો કરે તે પુરૂષ ? મનુષ્યત્વ આદિ કેટલું દુર્લભ છે તે જાણ્યા પછી તેને ટકાવવા બેદરકારી રખાય કેમ ? મનુષ્યત્વમાં પણ પરમપુણ્યોદયે જૈનધર્મની પ્રાપ્તિ! કેવી અનુપમ તક ! જૈનધર્મ માત્ર તિલકમાં, માત્ર ઓઘામાં, કે માત્ર ઉપાશ્રયમાં છે એમ નથી. જૈનધર્મ અતિવિશાલ ક્ષેત્રમાં છે. તેની કલ્યાણમય ભાવના વિશ્વવ્યાપી છે. જગતના જીવમાત્રને આત્મકલ્યાણને માર્ગે દોરનારા તે દેવ, શરીરના કે સુખસાધનના ભોગે પણ અન્યજીવોના કલ્યાણમાં કટિબદ્ધ થનારા તે ગુરૂ. તથા દેવે પ્રરૂપેલો અને ગુરૂએ પ્રવર્તાવેલો તે ધર્મ. આવો જૈનધર્મ વાઘણના દૂધ જેવો છે. વાઘણનું દુધ જેમ સોનાના પાત્રમાં ટકે છે તેમ આ ધર્મ પણ આત્માર્થી રૂપ સુવર્ણપાત્રમાં જ ટકી શકે છે.

## કષાયો ઉપર કાબુ રાખવાની ટેવ પાડવી જોઈએ.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રીમદ્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા, ભવ્યજીવોને ધર્મોપદેશ દેતાં સૂચનાદ્વારા ફરમાવે છે કે પ્રથમ તો મનુષ્યભવની પ્રાપ્તિ અતિદુર્લભ છે. પ્રથમના ભવમાં જેણે કષાયોને પાતળા કર્યા હોય તે જ મનુષ્યભવ મેળવી શકે. કષાયો પાતળા કરવા, તથા કષાયો પાતળા કરવા પડે એ બેમાં મોટો તફાવત છે. જ્યાં પોતાનું નથી ચાલતું ત્યાં તો કષાયોને સૌ કોઈ પાતળા કરે છે તે વખતે તો દુનિયા આખી ડાહી ડમરી છે! દુકાન પર જે કાપડીઓ કાપડ વેચે છે તે ગ્રાહક ગમે તેમ બોલે તો પણ ગુસ્સો કરતો નથી. ઉલટો આજીજી કરે છે ગ્રાહક ભાવને અંગે સ્પષ્ટ કહે છે કે 'શેઠ સાચું બોલોને ! તે વખતે 'મને જુટ્ઠો કેમ કહ્યો?' એવો આવેશ કાપડીયો લાવતો નથી. કેમકે

ત્યાં આવેશ કરવાથી ગ્રાહક ચાલ્યું જાય તેમ છે. બીજા કોઈ પ્રસંગે તમને કોઈ 'જુઠા' કહે કે જણાવે તો શું થાય ? તરત લાલચોળ થવાય છે. મતલબ કે સ્વાર્થના કારણે, અગર ભયથી કૃત્રિમરીતિએ કષાયો રોકવામાં આવે તે કાંઈ રોક્યા કહેવાય નહિં. કષાયોનાં આવાં રોકાણથી કાંઈ મનુષ્ય જિંદગી મળતી નથી, પણ સ્વભાવથી જ જો કષાયો મંદ કરવામાં આવે તો જ મળી શકે છે.

### પાતળા કષાયની ટેવ માટે જુઓ.

એક કુંભારણ ગધેડી ઉપર માટી ભરીને ઘર તરફ ચાલી આવે છે. ખરા બપોર થયા છે. તડકો વાપ્યો છે, કુંભારણને ભૂખ પણ લાગી છે, પણ ભાર હોવાથી ગધેડી બરાબર ચાલતી નથી અને જરા હાથ લગાડવાથી કુંભારણને લાત મારે છે, આટલું છતાં તે કુંભારણ મોઢેથી શું બોલે છે ? 'ચાલ બહેન ચાલ!' એમ કહીને હાંકે છે. આશ્ચર્ય લાગવાથી રસ્તે પસાર થતા એક માણસે પૂછયું કે- 'બહેન! હઠે ચઢેલી ગધેડીને પણ 'ચાલ બહેન! ચાલ' કહો છો ? બહુ ફટવી છે ?' જવાબમાં કુંભારણ કહે છે કે ભાઈ ! મેં હલકા શબ્દો બોલવાની ટેવ જ રાખી નથી. મારે તો ગામના લોકોમાં કમાઈ ખાવું છે. ત્યાં ઘડા વગેરે બજારમાં વેચવા જાઉં ત્યારે એક ઘડો લેવા આવનાર વીસ વખત તેને જુએ છે, ભાવમાં લમણાંઝીક કરે છે અને કંઈ વખત ખખડાવે છે ત્યારે કોઈ લે છે. હવે ત્યાં ગુસ્સે થઉં તો ચાલે ? ઘડો લેવા આવનારી બહેનને, તે ગમે તેટલી કડાકૂટ કરે, અરે! ઘડો ન લે તોયે બહેન ! બહેન ! જ કહેવી જોઈએ! હવે આવેશમાં આવું ત્યારે પણ જો ગધેડીને પણ 'ચાલ રાંડ ચાલ!' એમ કહેવાની ટેવ હોય તો ઘડો લેનાર બહેનને પણ કોઈ દિવસ આવેશમાં 'જા રાંડ જા!' એમ કહી દેવાય તો મારી દશા શી થાય? હું ગરીબ માણસ ! ભૂખે મરવાની પાળી આવે કે બીજું કાંઈ થાય ? માટે હલકા શબ્દો નહિં બોલતાં સારી રીતે બોલવાનીજ મેં ટેવ પાડી છે. કુંભારણે ટેવ એવી પાડી દીધી કે તેનો તે સ્વભાવ થઈ ગયો. ગધેડી ન ચાલતી હોવાથી તેને ગુસ્સો નહોતો જ આવતો એમ તો નહિં. પણ મોં ઉપર અને બોલવામાં તો જરૂર કાબુ રાખ્યો હતો. કાબુ રાખવાની ટેવ પાડી હતી.

### ઉદ્યમના જ અવસરે પ્રમાદ ભયંકર છે !

સ્વભાવથી જ ક્રોધને પાતળો કરવામાં આવે, તથા માન, માયા, લોભને મંદ કરવામાં આવે તો જ મનુષ્યપણું મળે. અત્યારે મનુષ્યભવ મેળવવામાં પડેલી મહેનત આપણને માલુમ પડતી નથી. જેમ રાજાના કુંવરને રાજ્ય કેમ મળ્યું, ? પોતે રાજાને ત્યાં કેમ અવતર્યો ? તે માલૂમ પડતું નથી. પરંતુ વિચાર કરવામાં આવે તો સ્પષ્ટ સમજાય તેમ છે. તેમ મનુષ્યને કર્મને માન્યાં વિના છૂટકો જ નથી. મનુષ્ય તરીકે અવતરનાર જીવ જે માતાની કૂક્ષીમાં હતો ત્યાં જ અસંખ્યાત સંમૂર્ચ્છિમ જીવો (જંતુઓ-કીડાઓ) પણ ઉત્પન્ન થયા હતા. મૈથુન વખતે નવ લાખ જીવોની ઉત્પત્તિ, નાશ પણ કહ્યાં છે. તેમાં

આઠ લાખ નવાણું હજાર નવસેં નવાણું સુધી મરી ગયા અને એકજ જીવ મનુષ્યપણે સુરક્ષિત રહ્યો, અવતર્યો, તેનું કાંઈક તો કારણ હોવું જોઈએ કે નહિ? ત્યાં પોતે શું રક્ષણ કર્યું ? ત્યાં પોતાનું ક્યું પરાક્રમ હતું ? પોતે તો ઉંધે માથે લટકતો પડ્યો હતો ! કહો કે તે બધું કર્મને આભારી છે, આયુષ્ય પુણ્ય બલવાન હતું માટે રક્ષણ થયું અને મનુષ્ય બની શકાયું. એક જ ખાણમાં હીરા અને માટી બન્ને પાકે છે. હીરો થનારે અક્કળ વાપરી છે ? ના ! તેનું તેવું કર્મ માટે તે હીરો બન્યો. માટી થવાને યોગ્ય કર્મવાળા માટીરૂપ થાય છે. વાત નસીબની કરીએ છીએ તેનો અર્થ એ નથી કે ઉદ્યમ છોડી દેવો. નશીબના ફળ માટે ઉદ્યમ રૂપ જલ સિંચનની આવશ્યકતા તો છે. બીજ વાવ્યા પછી જલ સિંચન જરૂરી છે. પાણી સિંચવામાં આવે તો જ જે જાતનું બીજ હોય તે જાતનું વૃક્ષ થાય છે. પાણી મૂલ ચીજને બીજા રૂપમાં બહાર લાવે છે. તેમ ઉદ્યમ પણ આપણાં નશીબ (કર્મ) પ્રમાણેના કાર્યમાં ઉપયોગી થાય છે. વેપારીમાં અક્કલ કે ઉદ્યમ વગરનો કોણ છે ? છતાં ચીજોના ભાવ વધતા હોય કે ઘટતા હોય ત્યારે એક વેપારી નફાનો વેપાર કરે છે, એક ખોટનો કરે છે, તેનું કારણ ? ખોટ માટે તો કોઈ ધંધો કરતું જ નથી છતાં પણ એકને લેવાનું મન થાય છે, અને એકને વેચવાનું મન થાય છે તો તેનું શું કારણ ? તેવું સીધું કે ઊંધુ મન કરાવનાર પોતપોતાનું કર્મ જ છે. બધા ભણ્યા છે તો એક નિશાળે, એક ચોપડીએ, એક માસ્તરેઃ મતલબ શિક્ષણમાં ભેદ નથી. પણ ભેદ કર્મમાં છે. નશીબ તો ઝાડની સુધી સુધી પહોંચનારી વસ્તુ છે, જ્યારે ઉદ્યમનું કામ જલ તરીકે સિંચનનું છે, વિશ્વનું મહાયુદ્ધ સૌને યાદ છે. જર્મનીના તે વખતના જોમથી કોણ અજાણ છે ? તેની પાસે શું શસ્ત્ર નહોતાં ? શું કલા નહોતી ? શું વ્યવસ્થા નહોતી? શું ઉત્સાહ નહોતો ? પછી પરાજય થયો ? ભાગ્યમાં પરાજય નિશ્ચિત હતો એટલે બધાં સાધનો હોવા છતાં તેના નશીબે ત્યાં દુષ્કાલ પડ્યો અને અનાજની વહેંચણીમાં ઓસ્ટ્રીયા-હંગેરીની રામાયણ થઈ. પરંતુ એકલા જ નશીબથી જ વળે નહિં. જન્મ થયા પછી પણ ઉદ્યમ તો કરીએ છીએ. ગર્ભમાં તથા જન્મતાં ઉદ્યમ નથી જ એમ તો નથી. નશીબના યોગે ભોજન થાળીમાં આવી જાય, પણ પેટમાં તો ઉદ્યમથી જ જાય. નશીબના યોગે અનાજ ખેતરમાં ઉગી જાય, પણ ઘેર તો ઉદ્યમ કરાય તો જ આવે. કોઠારમાં લાવવા ઉદ્યમ કરવો પડશે. ઉત્પત્તિ નશીબને આધીન છે. પણ પ્રાપ્તિ તો પ્રયત્ન (ઉદ્યમ)ને આધીન છેઃ ખરી રીતે કર્મ અને ઉદ્યમ આંખ જેવાં છે, જમણી આંખ તથા ડાબી આંખમાં કઈ આંખને વધારે કહેવી? તથા કઈ આંખને ન્યૂન કહેવી ? વસ્તુ મેળવવામાં ઉદ્યમ આવશ્યક છે. જે વખતે ઉદ્યમ ખાસ જરૂરી છે ત્યારે પ્રમાદ કરવો ભયંકર છે. મનુષ્યભવ મળ્યા પછી તેની સફળતામાં ઉદ્યમ જરૂરી છે.　　(અપૂર્ણ)

(અનુસંધાન પેજ - ૩૭૮)

# સમાલોચના

૧ શ્રીહીરસૂરિજી આદિ બે પૂનમ કે બે અમાવાસ્યા હોય ત્યારે અગર બે અગ્યારસ હોય ત્યારે બીજી પૂનમ કે અમાવાસ્યાને અગર બીજી અગ્યારસને ઔદયિકી એટલે ઉદયવાળી કહે છે અને મનાવે છે. અર્થાત્ એમ કહીને પહેલી પૂનમ અમાવાસ્યાને અગર પહેલી અગ્યારસને ઉદયવાળી માનવી નહિં એમ સ્પષ્ટ કરે છે. એટલે પહેલી પૂનમ અમાવાસ્યા તથા અગ્યારસને પૂનમ અમાવાસ્યા કે અગ્યારસપણે કહેવાય નહિં. કિન્તુ પૂર્વની અપર્વતિથિપણે એટલે તેરસ કે દસમપણે કહેવાય એમ સ્પષ્ટ છે અને એ જ પ્રમાણે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનારો શ્રીસંઘ માને છે અને કહે છે, આમ છતાં રામટોળીના શ્રીલબ્ધિ-વિક્રમ. નવીન હીરપ્રશ્નમાં ટીપે છે કે તે ઔદયિકીનો નિશ્ચય પહેલાના અનૌદયિકીપણા માટે નથી, પણ ઉદયાસ્તવ્યાપ્તિની નિષેધને માટે છે, પરંતુ તે એમ જે જણાવે છે તે ખોટું છે. કોઈપણ શાસ્ત્રકારે કે જૈનમતવાળાએ ઉદયાસ્તવ્યાપ્તિવાળી તિથિને માનવાનું રાખ્યું નથી, તેમ ઉદયાસ્તવાળી તિથિને માનવી નહિં એવું કોઈ કહેતું પણ નથી, એ ટીપવું તો શાસ્ત્ર અને પરંપરાને લોપવાની બુદ્ધિને જ આભારી છે.

૨ પ્રશ્નોત્તરગ્રંથોમાં પૂનમ, અમાવાસ્યા કે એકાદશીની વૃદ્ધિને વાંચીને તે ટીપે છે કે - 'શાસ્ત્રકારોએ પર્વતિથિની વૃદ્ધિને માન્ય રાખી છે' તો તે પણ ટીપ્પકની અજ્ઞાનતાને આભારી છે. કેમકે લૌકિકટીપ્પણામાં

આવેલી પર્વતિથિની વૃદ્ધિને જો શાસ્ત્રકાર અને શાસ્ત્રને અનુસરનારાઓ માની જ લેતા હોત તો પ્રશ્નોની જરૂર જ ન રહેત, તેમજ વૃદ્ધૌ કાર્યા૦ એ ઉમાસ્વાતિજીના પ્રઘોષથી પહેલીનું અપર્વતિથિપણું ઠરાવી બીજીને જ પર્વતિથિ તરીકે ઠરાવવાનું રહેત જ નહિં. ગ્રંથ અને શ્રી સિદ્ધચક્રના તેવા પ્રશ્નોત્તરો લૌકિકટીપ્પણાને અંગે છે, એમ સ્પષ્ટ છતાં તેને અવળી માન્યતામાં ખેંચવાં તે કેવલ શાસ્ત્ર અને પરંપરાને ઉઠાવવાની બુદ્ધિને જ આભારી છે.

૩ શ્રીહીરપ્રશ્નમાં છઠનો પ્રશ્ન માત્ર ચૌદશ અને અમાવાસ્યાના દિવસનો જ છઠ થાય એવા કદાગ્રહવાળાને જ આભારી છે અને તેથી જ ઉત્તરમાં दिननैयत्यं नास्ति અર્થાત્ દિવસોનું તે પજુસણના છઠમાં નિયમિતપણું નથી એમ જ જણાવે છે. એટલે રામટોળીવાળા તે છઠના પ્રશ્ન ઉપરથી તિથિનો ખાધાવાર આવવાનો ભય ઉભો કરી જે પર્વતિથિને બેવડી માનવાની વાત ખોટી રીતે જણાવવા માગે છે તે તેમના નવા મતના કદાગ્રહને જ આભારી છે. કેમકે ચૌદશના વાચનમાં છઠની અડચણ જ નહોતી કેમકે તેમાં તેરસ અને ચૌદશનો છઠ થઈ શકત અને અમાવાસ્યા કે પૂનમની તપસ્યાનો સામાન્ય નિયમ તો છે નહિં. તે ચૌદશ અમાવાસ્યાના છઠનો આગ્રહ પણ ટીપ્પણાની તિથિને અંગે હોવાથી જ પ્રશ્ન વ્યાપક બન્યો છે.

(રામ - વિક્રમ૦)

(ટાઈટલ પાના ૪ થાનું ચાલુ)

બે તેરસો કરેલ છે. આચાર્ય શ્રી હીરસૂરિજીએ પૂનમ કે અમાવાસ્યાની ને અગ્યારસની વૃદ્ધિ થતાં એક બીજી તિથિને જ ઉદયવાળી માનવાનું શ્રી હીરપ્રશ્ન આદિમાં જણાવેલ છે. આચાર્ય મહારાજ શ્રી વિજયદેવસૂરિજીના પટ્ટકમાં પણ પૂનમ કે અમાવાસ્યાની વૃદ્ધિએ તેરસની જ વૃદ્ધિ કરવાની જણાવેલ છે, વળી બીજા પણ અનેક પાઠોથી પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરવાની સિદ્ધ થાય છે, અને હમણાં સુધી શ્રીસકલ સંઘે પૂનમની વૃદ્ધિએ તેરસની વૃદ્ધિ કરી છે, અને લખી પણ છે, છતાં હમણાં થોડી મુદતથી શાસ્ત્રોના પાઠોને વાંચ્યા જાણ્યા અને માન્યા સિવાય આ નવા પક્ષવાળા બે પૂનમ માનવા લાગ્યા છે તે નવા પક્ષવાળા તે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનાર મહાશયોએ તેમના પર્વતિથિનો ક્ષય માનવો અને વૃદ્ધિ પણ માનવી એવા મતનું જુઠાપણું સાબીત કરી શાસ્ત્ર અને પરંપરાથી જે પર્વતિથિની હાનિ કે વૃદ્ધિએ તેનાથી પહેલાની અપર્વતિથિનીજ હાનિ કે વૃદ્ધિ થાય છેતેનું સત્યપણું સાબીત કરવા અનેક વર્ષોથી અનેકાનેક વખત જણાવ્યા છતાં આ નવો રામપક્ષ પોતાનો કદાગ્રહ છોડતો નથી અને ચર્ચા કરતો પણ નથી. માટે સકલસ્થાનના શ્રી સંઘને માટે એ જરૂરી છે કે શાસ્ત્ર અને પરંપરાને અનુસરનાર સાધુમહાત્માને પોતાને ત્યાં ચોમાસું રહેવાની વિનંતિ કરે અને કદાચ આ નવા રામપક્ષવાળા સાધુમહાત્મા ચોમાસું રહ્યા હોય અગર અણસમજથી રાખ્યા હોય તો તેઓને બે પૂનમો નહિં કરવાનું અને બે તેરસો કરવાનું સમજાવે અને બે તેરસો કરાવીને શ્રીસંઘમાં આવતા વિક્ષેપથી સ્વપરને બચાવે.

તા. ક. - આ નવો રામપક્ષ ઉદયની જે વાત કરે છે તે માત્ર લોકોને ભરમાવવા માટે જ છે. કેમકે એ પક્ષ ક્ષય વખતે આઠમ આદિ પર્વનો ઉદય માનતો નથી અને આઠમ આદિની આરાધના કરે તથા આઠમ આદિની વૃદ્ધિની વખતે પણ પહેલી તિથિના ઉદયને માને છે અને આરાધના કરતો નથી.

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-

સ્પર્શી વાચનનો ગ્રંથ

તે જ આ શ્રીસિદ્ધચક્ર

(પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ

પુસ્તકાલય

ગોપીપુરા,

સુરત.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષ્કરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્‌વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્‌સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

આ ગ્રન્થોમાં એક રૂપીયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

## અખિલ ભારતવર્ષીય શ્રી સંઘને સાવચેતી

તમારા ક્ષેત્રમાં મુનિમહારાજાઓ ચતુર્માસનો નિયમ નિવાસ કરે અને તમો વિનંતિ કરીને તે કરાવો તે યોગ્ય જ છે. પરંતુ એટલી સાવચેતી તમને આપવાની જરૂર છે કે ચતુર્માસ એવી રીતે આદ્યન્ત્ય સુધી થવું જોઈએ કે જેથી તમારા સંઘમાં બે ભાગલા સદાને માટે કે લાંબા કાલને માટે થઈ જાય નહિં. ધ્યાનમાં રાખવા જેવી હકીકત એ છે કે મુનિમહારાજાઓ તો ચતુર્માસ પૂર્ણ થતાં વિહાર કરી જશે, પરંતુ જો તેઓને લીધે તમારા સંઘમાં ભાગલા પડી જશે તો તે કંઈ ચોમાસું પૂર્ણ થતાં કે મુનિમહારાજાઓનો વિહાર થતાં સંધાશે નહિં. વળી જો તમો તમારા આસપાસના મોટા વર્ગથી પણ ચતુર્માસ રહેલ મુનિ મહારાજાના કહેવાથી કે તેમને અનુસરવાથી અટુલા થઈ જશો તો પણ તેમાં તમારા વર્ગને ઘણું જ ખમવું પડશે. આ વાત તો જગ જાહેર છે કે આ વર્ષના ચોમાસામાં લૌકિકટીપ્પણામાં કાર્ત્તિકી પૂનમો બે આવે છે અને તેમાં શાસ્ત્ર અને પરંપરાને અનુસરીને ચાલનારો સકલ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રીસંઘ તો वृद्धौ कार्या तथोत्तरा અર્થાત્ જ્યારે લોકિકટીપ્પણામાં પર્વતિથિને અંગે બે વારે સૂર્યોદય હોય ત્યારે બીજાવારના સૂર્યોદયને જ પર્વતિથિનો ઉદય માનવો એટલે પહેલાવારના ઉદયને પર્વના ઉદય તરીકે ગણવો જ નહિં, એ શાસ્ત્રવાક્યને અનુસારે બીજ આદિની વૃદ્ધિએ પડવા આદિની વૃદ્ધિ કરે છે અને આચાર્ય શ્રીહીરસૂરિજીના ગુરૂ શ્રી વિજયદાનસૂરિજીએ પૂનમની વૃદ્ધિએ બે તેરસો કરવાનું કહેલ છે, તેમજ તેઓએ તથા તેમના અનુસરનાર શ્રીસંઘે પણ

(જુઓ અનુસંધાન પાનું ૩૭૬)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-,
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥


વર્ષ : ૮ અંક : ૧૯-૨૦

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭ મુંબઈ)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦

તા. ૩-૮-૪૦ શનિવાર

કિંમત ૩ આના

# ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦.વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮) અષાઢ સુદી પૂર્ણિમા, અષાઢ વદી અમાવાસ્યા, મુંબઈ, (અંક-૧૯-૨૦

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦


# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

**મેળવેલાં નાણાં સાચવવામાં જ ખરૂં ડહાપણ છે !**

જન્મતાં પહેલાં કે જન્મ આપતાં માબાપે આપણને પ્રથમ ઓળખીને લીધા નથી, તેમ આપણે પણ તેમને ઓળખીને એમને ત્યાં આવ્યા નથી. આવતાં પહેલાં મુહૂર્ત જોયું નથી, સ્થાનની પસંદગી કરી નથી, જાણીને પ્રસ્થાન કર્યું નથી. આ સંયોગમાં કોઈનો ઉદ્યમ નથી. ઉદ્યમ વગરનાં હજારો કામ બને છે, જન્મવાનો ઉદ્યમ કોઈ કરતું નથી, પણ જીવવાનો ઉદ્યમ દરેક કરે છે. દરિદ્રી થવું, રોગી થવું, મરવું, આ બધા માટે કોઈનો ઉદ્યમ નથી પણ પ્રારબ્ધ (નશીબમાં) તેવું નિયત (નક્કી) જ છે એટલે તે વેદ્યા (ભોગવ્યા) વિના છૂટકો જ નથી. ઉદ્યમ માત્ર જલસિંચનરૂપ છે. મનુષ્યભવ મેળવવામાં કારણ કર્મ છે. ગયા ભવની કર્મરૂપ હુંડીથી કે ચેકથી માતાની કુક્ષીમાં આવ્યા. પહેલા ભવના ઉદ્યમથી થયેલ કર્મરૂપી નાણાં કર્મની બેંકમાં

જમા નહોત તો મનુષ્યભવ મળત નહિં. બેંક મારફત હુંડી કે ચેકથી અહીંનાં નાણાં વિલાયત પણ મળે છે. વિલાયતનાં નાણાં અહિં પણ મળે છેને! ગતભવની પવિત્રતા અને તેથી થયેલ ગતભવનું પુણ્ય આ ભવમાં ફળે છે, આ ભવમાં તેનાં સુંદર ફળો મળે છે અપવિત્ર તથા તેથી થયેલ પાપ પરભવે પીડા આપે છે; માઠાં ફળ આપે છે. જેમ બેંકનું કામ નાણાં જે જમે છે તે આપી દેવાનું છે. નાણાંનો માલીક તે નાણાંથી વ્યભિચાર કરે કે સદ્વ્યય કરે તે જોવાનું કામ બેંકનું નથી. તેમ ગતભવના પુણ્યરૂપી ચેકને અંગે પૂણ મનુષ્યભવ કર્મરૂપ બેંકથી મળ્યો, પુણ્યયોગે કર્મે તો બધી સગવડ આપી પરંતુ કર્મરૂપી બેંકથી તમે તે મેળવેલ મનુષ્યભવનો જે સારો કે ખરાબ ઉપયોગ કરો તેમાં વચ્ચે આવી શકાય નહિં. પહેલાના ભવનાં સારાં કર્મોનો સારો બદલો અહિં તો મળે જ. અહિંના પાપોનો બદલો પણ આવતા ભવે મળવાનો છે એ નક્કી છે. સો જણ ચોરી કરવામાં સામેલ હતા, પણ પકડાયો એક તથા નવ્વાણું છૂટી ગયા તેનું શું કારણ ? જે પકડાયો તે આ એકલા ચોરીના પાપે પકડાયો નથી હો. પણ પૂર્વના કોઈ પાપનો ઉદય પણ સાથે જ છે કે જેથી તે પકડાયો છે. કારણકે ચોરીના પાપનો ઉદય તો આગળ બધા ચોરીમાં સામેલ છે. એટલે સોને આવશે. કર્મ ઉત્પત્તિ કરાવે છે. ઉદ્યમ પ્રાપ્તિ કરાવે છે. તેમાં પણ ઉદ્યમની સિદ્ધિ કરનાર એવા આવશ્યક સમયે તો ઉદ્યમની ખાસ જરૂર છે. ફરી ફરીને સઘળી સગવડો સાંપડતી નથી. આત્માનો શત્રુ કર્મજ છે અને તેના નાશ માટે તેવા પ્રકારના ઉદ્યમની જ આવશ્યકતા છે. જેમ કમાવા લાયક છોકરો ન થાય ત્યાં સુધી માબાપ ખવરાવે, પણ પછી શું ? તે રીતે મનુષ્ય યોનિમાં આવવું, માતાની કુક્ષીમાં આવવું, જન્મવું, એ બધું ગતભવના પુણ્યના કર્મને આધીન છે, પણ મનુષ્ય તરીકે જન્મ્યા પછી તે મનુષ્યપણું ટકાવવું, અને સાર્થક કરવું તે તો સદુદ્યમને આધીન છે. ગુન્હો કરનારા છૂટી પણ જાય છે, તથા બીન ગુન્હેગાર પણ ફસાય છે, ત્યાં પૂર્વનું કર્મ જ કારણભૂત છે. જે પકડાયો છે તે હાલ ભલે નિર્દોષ છે, પણ પૂર્વે કરેલું અધર્મ કર્મ ત્યાં કારણભૂત છે જ. છેલ્લે તાત્પર્ય એ છે કે માતાની કુક્ષીમાં સાથેના કીડા તમામ મરી ગયા અને બીજા ગર્ભ જો પણ મરી ગયા એકાદ જ જીવ અખંડ રહી મનુષ્યપણે અવતર્યો ત્યાંસુધીનું કામ કર્મનું છે. નશીબે ઉત્પન્ન કરેલા વૃક્ષને ઉદ્યમરૂપ જલસિંચનની જરૂર છે. મનુષ્યભવ, આર્યક્ષેત્ર, આર્યકુલ એ બધું આપણે જોઈને અહિં આવ્યા નથી. જો એમ અવાતું હોત તો બધા એક સારા કુલ આદિમાં જ આવત. પણ એમ થયું નહિં? ત્યાં કર્મ દોરે તેમ દોરાવાનું છે. બેંક ચેકમાં લખેલાં નાણાં ગણી આપે. ગયા ભવમાં પાતળા કષાય કર્યા, દાનરુચિ કેળવી, મધ્યમગુણવાળા થયા, તો મનુષ્યભવ આદિનો ચેક તે કર્મે પોતાની બેંકનો તમને આપ્યો.

### વિષયો જ ઈચ્છવા યોગ્ય હોય તો તો તિર્યંચનો અવતાર જ ઈષ્ટ હોય!

ચેક વટાવવામાં મુશ્કેલી નથી. બે પાંચ મિનિટમાં નાણાં મળી જાય છે, પણ વટાવ્યા બાદ

નાણાંનું રક્ષણ કરવાનું કામ કપરૂં છે. વસ્તુ મેળવાય છે મિનિટમાં, તે પણ રક્ષણમાં તો જિંદગીભર મહેનત રહે જ છે. મનુષ્યપણું મળી તો ગયું. પણ તે મનુષ્યપણું દેવપણાથી પણ વધારે કિંમતિ છે -

दुलहे खलु माणुसे भवे

શાસ્ત્રકારો દેવભવને દુર્લભ નથી કહેતા. દેવભવ વધારે પુણ્યથી મળે છે તે વાત જો કે ખરી છે છતાં તેને દુર્લભ કહેવામાં નથી આવ્યો. મનુષ્યભવની દુર્લભતામાં જ દશ દૃષ્ટાંતો આપવામાં આવે છે, અને તેનાથી પણ અધિક દુર્લભ નરભવ છે એમ કહેવામાં આવ્યું છે. કારણકે દેવભવમાં દેવતાની સંખ્યા અઢળક છે. મૃત્યુલોકમાં મનુષ્યની સંખ્યા મુઠીભર છે, તેથી ત્યાં દેવપણામાં ઉમેદવારી ફળીભૂત થવી જેટલી મુશ્કેલ નથી તેટલી મુશ્કેલી નરભવની ઉમેદવારીમાં છે. મનુષ્ય થનારે તેટલી મુશ્કેલી તો વટાવી છે. જ્યારે બુદ્ધિમાન્ મનુષ્ય સામાન્ય ચીજની કિંમત કરે છે ત્યારે આપણને શાસ્ત્રે દશ દૃષ્ટાંતે દુર્લભ જણાવેલા એવા મનુષ્યભવની કિંમત કરવાનું કેમ સૂઝતું નથી ! હાટહવેલીમાં, મોજશોખમાં, લાડી વાડી ગાડીમાં, અને રંગરાગમાં આપણે મનુષ્યભવની કિંમત ગણીએ છીએ! પણ જો વિષયોને અંગે મનુષ્યભવની કિંમત ગણવી હોય તો તો વિધાતાને શ્રાપ આપજો! કેમકે એમ હોય તો તે વિષયોને માટે તો તિર્યંચનો ભવ ઘણો યોગ્ય છે, કેમકે ત્યાં કશું બંધનજ નથી અહિં તમારે સ્પર્શનેંદ્રિયનો ભોગ ભોગવવો હોય તો પ્રથમ સ્ત્રીથી લગ્ન કરવું પડે; નહિં તો કાયદાથી ગુન્હેગાર બનો. વળી જેને પરણો તેનું જિંદગીભર ભરણપોષણ તમારે કર્યા જ કરવાનું હોય છે તેમાં બેદરકાર બનો તો જિંદગીભરના કેદી બનાવે. કેમકે ભરણપોષણની ફરીયાદી માંડે અને ખોરાક ન આપો તો દરેક મહિને જીવન સુધી પણ કેદ પૂરાવે. ફોજદારી કેસમાં તો બે પાંચ વર્ષની કેદ થાય પણ આમાં તો જિંદગીભરની કેદ! લગ્નની જોખમદારી નાનીસૂની નથી. તમારા બાપદાદાની આબરૂ પણ તેને આધીન થાય છે. તે કાંઈ નવાજૂનું કરે તો આબરૂ તમારા વંશની જાય. તિર્યંચને આમાંનું કાંઈ છે ? જો વિષય માટે માનવજીવન હોય તો તો વિષયો તો અહિં ઉલટા મોંઘા છે. પરંતુ તિર્યંચપણામાં સોંઘા છે, તથા જવાબદારી વગરના જ છે. રસનેંદ્રિયને અંગે પણ તમોને મીઠાઈ ખાવાનું મન થાય તો પૈસા જોઈશે, કંદોઈ (સુખડીયા)ને ત્યાં કીડી મંકોડા કાયમ મફત ખાધા કરે છે. ઘ્રાણેંદ્રિયને અંગે ભમરાઓ બગીચામાં ફુલ સુંઘ્યાજ કરે છે. રાજાની રાણીનાં ગાયનો જનાવરો નિરાંતે સાંભળી શકે છે. તાત્પર્ય કે જો વિષયો જ મનુષ્યભવની આવશ્યક ચીજ અને હેતુ હોય તો તો જનાવરપણું વધારે સારું છે. એમ ગણવું જોઈએ.

**ધર્મ મનુષ્યભવમાં જ સધાય છે, તે માટે જ તેને વખાણ્યો છે.**

પણ હાથી જેમ કામ વધારે આપે તેમ તેનો બોજો (ખર્ચ) પણ વધારે જ હોય. મનુષ્યભવ અપૂર્વ કામ કરે છે. ધર્મનું આરાધન નથી થતું નારકીમાં, નથી થતું તિર્યંચગતિમાં કે નથી થતું દેવગતિમાં. મનુષ્ય સિવાય કોઈથી પણ પૂરૂં ધર્મનું આરાધન

થઈ શકતું જ નથી. શાસ્ત્રકારોએ મનુષ્યભવને વખાણ્યો છે તે વિષય કષાય કે આરંભ સમારંભ કે પરિગ્રહાદિ માટે નહિં, પણ તે ભવમાં પૂર્ણ ધર્મનું આરાધન થઈ શકે છે માટે જ ! મનુષ્યભવ એટલે મોક્ષની સીડી! અનાદિથી અનંતકાળ ગયો તથા અનંત કાલ જશે પણ મનુષ્ય સિવાયની ગતિમાંથી કોઈ જીવ મોક્ષે ગયો નથી, જતો નથી અને જશે પણ નહિં. ઉપદેશ દેનારા મનુષ્ય માટે તમે આમ કહો છો ? તેવી શંકા કદાચ ઉપસ્થિત થાય, પણ તે ખોટી છે. વિચારો ! નારકીના જીવો તો અધમકર્મના કેદી છે તેથી કદાચ ધર્મ કરવાના વિચારવાળા હોય તો પણ તે ધર્મ કરી શકે નહિં. તિર્યંચો જો કે તેવા અધમકર્મના કેદી નથી, પણ તેના ગુલામો તો છે જ. કેદી જેમ ધર્મને ન કરી શકે તેમ ગુલામો પણ ધર્મને ઈચ્છા હોય તો પણ કરી શકે નહિં. એથી નારકી તથા તિર્યંચો ધર્મ ન કરે તે બનવા જોગ છે અને તેથી સ્વાભાવિક છે કે તેઓ મોક્ષે ન જ જાય, પણ દેવતાઓને ધર્મની સાધનામાં તથા મોક્ષે જવામાં ક્યો પ્રત્યવાય છે? આ પ્રશ્ન સહજે ઉભો થાય તેવો છે. પરંતુ તેના સમાધાનમાં એક દૃષ્ટાંત ધ્યાનમાં લેવું. તે એ કે એક શેઠ ધનાઢ્ય હતો. તે એક વખત ઘેર બેઠો હતો ત્યારે તેનો એક ગરીબ દશામાં આવેલો કુટુંબી ત્યાં આવે છે. બોરનું રક્ષણ કાંટા કરે છે. પેલા કુટુંબીએ રક્ષણાર્થે સહાયની આશાએ આ શેઠ પાસે આવવું ઉચિત ધાર્યું. શેઠ કૃપણ હતો. કૃપણો 'સબસેં બડી ચૂપ' એ પાઠ વધારે ભણેલા હોય છે. આ શેઠ તો તેથી પણ આગળ વધ્યો. આને છેટેથી આવતો જોઈને તે શેઠ ઓઢીને સૂઈ ગયો. આ ગરીબ ભાઈએ વિચાર્યું કે શેઠ ઉંઘી ગયા છે તો જગાડવા તે પણ ઠીક નહિં, તેમ ઘેર પાછું જવું તે પણ ઠીક નહિં, એટલે તે તો શેઠના પગ દાબવા લાગી ગયો. તે વખત શેઠના મનમાં એમ છે કે નોકર પગ દાબે છે. પા કે અરધો કલાક વીત્યા બાદ શેઠે પેલો નથી બોલતો એટલે જાણ્યું કે પેલો ગયો હશે, એટલે પગ દાબનારને નોકર જાણીને પૂછ્યું કે - 'પેલી બલા ગઈ?' પગ દાબનાર કુટુંબીએ સંભળાવી દીધું કે 'એ બલા ગઈ નથી, પણ એ બલા પગે વળગી છે' શેઠે જાણ્યું કે આ મારો ઢોંગ સમજી ગયો છે. શેઠ ઉઠીને કહે છે કે 'અલ્યા કેમ બેઠો છે?' પેલે કહ્યું. "ખાસ તમારી પાસે આવ્યો છું અને તમારો ઢોંગ જાણી ગયો છું." શેઠે કહ્યું- " જાણી ગયો છતાં બેઠો તો તારામાં અને મૂર્ખામાં ફેર શો?" પેલાએ સંભળાવ્યું કે "શેઠ! મારી અને મૂર્ખાની વચ્ચે એક વેંત ને ચાર આંગળનો ફરક છે.' કહો! મૂર્ખ શેઠ જ બન્યોને? એવી રીતે દુનિયાદારીમાં ડાહ્યા તથા ગાંડામાં રાત દિવસનો ફેર છે. પણ તે એ જ કે વિચાર આવ્યા પછી તે વિચારને ગળીને (ફેર વિચારીને) કામ કરે તે ડાહ્યો અને વિચાર આવ્યા પછી તેને અંગે બીજો કોઈ પણ વિચાર કર્યા વિના તે વિચાર પ્રમાણે કામ કરી નાંખે તે ગાંડો. પેશાબની હાજત થાય તે વખતે પેશાબ કરવાનો વિચાર આવે, પછી યોગ્યાયોગ્ય સ્થાન વિચારીને તે પ્રમાણે ક્રિયા કરે તો ડાહ્યો,

પણ હાજત સાથે જ પેશાબ કરે તે ગાંડો! હવે દેવતા કેમ સંપૂર્ણ ધર્મ ન કરે અને મોક્ષ ન મેળવે તે વાતમાં આવો. દેવતાઓ આવા ગાંડા છે. ગાંડા એટલે તે અકકલ વગરના છે એમ નથી. એમને તો ત્રણ જ્ઞાન છે. પણ વિષયોને અંગે વિચારની સાથે જ તેમનું વર્તન થાય છે. તેમને વિચાર તથા વર્તનનું અંતર હોતું નથી.

## ધર્મનો સંબંધ વિવેક સાથે છે.

'દેવાણં વાંછાણં' કહેવાય છે તેનો અર્થ એ જ કે દેવતાની ઈચ્છાની સાથે જ કાર્ય થઈ જાય છે. હવે જ્યાં ઈચ્છાની સાથે જ કાર્ય થઈ જતું હોય ત્યાં વિચારવાનો વખત જ ક્યાં છે ? વિચાર કરવાના ઉદ્યમ માટે સમય જ નથી. દેવતાને તો વચન સાથે કાર્ય થવું જોઈએ એવી ઠકુરાઈ છે, મોગલાઈ છે. આવી પરિસ્થિતિ ધરાવતા દેવતાઓ આત્મા ઉપર કાબુ ક્યાંથી મેળવે? તે તાકાત કેવલ મનુષ્યમાં છે, કેમ કે ઉદ્યમ કરતાં પહેલાં ડહાપણનો ઉપયોગ તેઓથી કરી શકાય છે, જે સ્થળે કંઈ કારણ બને ત્યાં તરત જ બનતા બનાવને કોર્ટ આવેશમાં બન્યું એમ ગણે, પણ દસ વીસ ડગલાં દૂર ગયા પછી બનેલા બનાવને ગુન્હો ગણવામાં આવે છે, કેમકે તેને પ્રથમ વિચાર કરવાનો, સારું નરસું વિચારવાનો વખત મળ્યો હતો, છતાં વિચારનો ઉપયોગ ન કર્યો, માટે તે ગુન્હેગાર ગણાય છે. ડહાપણનો ઉપયોગ કરવાનો (સારું નરસું વિચારવાનો) વખત મેળવી શકે તે જ સંપૂર્ણ ધર્મ આરાધી શકે. ધર્મના આરાધન માટે અને ઉત્તરોત્તર વધી મોક્ષ મેળવવા માટે મનુષ્યની જ જિંદગી લાયક છે. રિદ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિ માટે, રંગ રાગ માટે, ભોગવિલાસ માટે, વિષયોપભોગ તથા તેનાં પૂરતાં સાધનો માટે તો દેવગતિ ચઢીયાતી છે. મનુષ્યભવમાં પણ રિદ્ધિવાળો ધર્મી હોય તેવો નિયમ છે ? જ્યાં ધન હોય છે ત્યાંથી તો પ્રાયઃ ધર્મ હોય તો પણ ખસવા માંડે છે. ગરીબાઈનો કે ધનાઢ્યપણાનો ધર્મ સાથે સંબંધ નથી. ધનાઢ્ય થનારને પ્રથમનાં ઝુંપડાં કે સાંકડાં ઘરો નથી પાલવતાં, તે કાં તો પાડોશીઓનાં મકાન લેવા ઈચ્છે છે અથવા તે જુના પાડોશીને તજી બીજે રહેવા જાય છે. તેને ગરીબ પાડોશીઓ પાસે રહેતાં શરમ આવે છે. ધનાઢ્યને જુના ગરીબ મિત્રો પણ પસંદ પડતા નથી, તેમ ગરીબના ઘરની કન્યાને પરણવી તેને પસંદ નથી. ધન આવ્યું એટલે નગરમાંથી નિવાસ ખસે છે. ક્યાં જાય ? બહાર જંગલમાં, પરામાં- ત્યાં બંગલાઓ બાંધે. વાલકેશ્વર જેવામાં રહે, ત્યાં પોતાના જેવાજ ધનાઢ્યો મળવાથી તેનું મન પ્રમુદિત થાય, પોતે પણ બીજાઓની હરોળમાં આવ્યો એમ લાગવાથી હરખાય. જેમ ધનવાનને જુના મિત્રો, પાડોશીઓ વગેરે ઓછા થઈ જાય, ઘસાઈ જાય, તેમ ધર્મ પણ ઘસાઈ જાય છે. સોના ચાંદી જેવી ધાતુ પણ રોજના ઘસારાથી ઘસાઈ ઘસાઈ તૂટી જાય છે. તેમ ધન આવ્યા પછી ધર્મ પણ પોષણ ન મળે તો ટકે ક્યાંથી? ધર્મીઓના સંસર્ગમાં રહેવાનું હોય તો લાજે શરમે પણ દેરાસરે, ઉપાશ્રયે આવવાનું થાય, આત્મામાં કાંઈક પણ પવિત્રતાનો સંસ્કાર પડે, પણ બહાર રહેવા જાય ત્યાં કોનો સંસ્કાર? પોતે આપોઆપ બહાર જાય

છે, દૂર જાય છે. ધનાઢ્ય પુરૂષો પ્રાયઃધર્મનું રાજીનામું દઈને બેઠા છે. જો કે ગરીબોમાં પણ અધર્મી પણ હોય, ન હોય એમ નહિં. છતાં ગરીબ પણ ધર્મી અજોડ હોય છે ! પૂણીઓ શ્રાવક કેવો ગરીબ? સાડા બાર દોકડાનો સ્વામી! જેને ભગવાન્ મહાવીરદેવે સ્વયં વખાણ્યો હતો. તે સમયે ધર્મી રાજાઓ પણ હતા, પણ પ્રભુએ તે પ્રસંગે પૂણીયાની પ્રશંસા કરી છે. મતલબ કે પ્રશંસા પૂણીયાની નહોતી પણ તેના ધર્મની હતી. ધન હશે તો ધર્મ થશે એ માન્યતા ખોટી છે. ધર્મનો સંબંધ ધન સાથે નથી, વિવેક સાથે છે. દેવદર્શનમાં, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિ સદનુષ્ઠાનોમાં, યાત્રાદિમાં ધનવાન્ વધારે કે ગરીબ ? ધર્મ ધનની પાછળ નથી, પણ વિવેકની પાછળ છે.

**પરલોક ન હોય તોયે આસ્તિકને વાંધો નથી, પણ નીકળ્યો તો નાસ્તિકની વલે શી ?**

બીજા બધામાં બે મત છે, પણ મોત માટે એક જ મત છે કહે છે ને છેજ! પુણ્ય અને પાપ કોઈ માને કે ન માને, સ્વર્ગ અને નરક કોઈ માને કે ન માને. પરંતુ કટ્ટરમાં કટ્ટર નાસ્તિક પણ મોતને માનવામાં તો આસ્તિક જ છે. પણ નાસ્તિકની દશા સમજવા જેવી છે. એક ગામની બહાર એક બાવો તપશ્ચર્યા કરતો હતો. તેની પાસે આવનાર ભક્તોને તે ધર્મનો ઉપદેશ આપતો હતો. એક નાસ્તિકને તે વાત ખટકતી હતી. ગધેડો ઉનાળે માતો હોય છે, ચોમાસે દુબળો હોય છે, ચોમાસામાં જ્યાં જુઓ ત્યાં લીલુંછમ હોય અને બીજાને તે ઘાસ ચરતા દેખે છે એટલે તે જોઈને ગધેડો દુબળો થાય છે. એવી રીતે પેલા બાવા પાસે ગામના સજ્જનોને જતા જોઈને, 'તેઓ ધર્મમાં જોડાઈ જશે, પુણ્ય પાપ માનતા થઈ જશે, તો નખ્ખોદ વળી જશે' એવી ચિંતા નાસ્તિકને થઈ. વાંદરો ઘર બનાવી નથી શકતો પણ તોડી તો શકે છે. વાંદરામાં પણ કોઈ ચાલાક હોય છે કે જે તોડે પણ યુક્તિથી! આ નાસ્તિકે વિચાર કર્યો કે 'ભક્તોને વળગવું, અને તેમને ના કહેવી તેના કરતાં બાવાને ખસેડવાની યુક્તિ કરવી સારી છે; તે ખસશે એટલે ભક્તો જશે ક્યાં? ગુરૂનો નાશ થાય તો ધર્મનો પણ નાશ થવાનો જ. મારવાડ મેવાડમાં ધર્મ કેમ ઓછો થયો? ગુરૂના અભાવે. તે નાસ્તિકે જઈને બાવાજીને પૂછયુંઃ કે "ભવિષ્યની જિંદગી નહિં હોય તો તમારી હાલત શી ? અર્થાત્ અહિં મળેલી સામગ્રી નથી ભોગવતા, નથી ખાતા પીતા, ધર્મના નામે બધી મોજ છોડી દો છો અને મુઆ પછી પરલોક નહિં હોય તો આ બધું ફોકટ જ ને!" કેટલાક પ્રશ્નો એવા હોય છે કે તેનો જવાબ ન હોય. દૃષ્ટાંત તરીકે કુમારપાલને પાંચ કોડીના ફુલડે અઢાર દેશનું રાજ્ય મળ્યું એ સાંભળી કોઈ એમ કહે કેઃ 'હું પાંચ કોડી આપું છું તમે મને અઢાર દેશનું રાજ્ય આપો અને તેમાં છ જ દેશ મારા બાકીના બાર તમારા!" આવા પ્રશ્નોનો સાચો પણ જવાબ તેવા કર્મનો સિદ્ધાંત નહિ જાણનાર અને નહિ માનનારાઓ પાસે વ્યર્થ છે. ભવિષ્યની જિંદગી જોવા માટે તૈયાર થયેલા તેને તે બતાવાય શી રીતે ? પણ બુદ્ધિમાન્ ઉપદેશક

કહી શકે છે કે : 'ભાઈ! આવતી જિંદગી નહિં હોય તો મારૂં જવાનું શું ? અહિં પાપ નથી કરતો, ધર્મ મારી રાજીખુશીથી કરું છું તેમાં કાંઈ નુકશાન તો નથી જ, વળી જે શાંતિ છે તે કાંઈ ચાલી જવાની નથી. ત્યાગ વૈરાગ્યથી થતા આનંદને તો પ્રત્યક્ષ અનુભવું છું. પણ ભાઈ! જો બીજી જિંદગાની હશે, કર્મની સજાનો પ્રબંધ હશે, તો તારૂં શું થવાનું ? શંકાનું કારણ તને બીજી જિંદગી દેખાતી નથી એ જ ને ? પણ અમુક વસ્તુ જાણવામાં દરેક માણસ પાસ થાય તેવો નિયમ નથી. ફેઈલ (નાપાસ) પણ થાય છે. જો ભવિષ્યની જીંદગી હશે તો તું તો મોટો ગુન્હેગારુ છે, કેમકે ભવિષ્યની જિંદગીને તું પોતે માનતો નથી, બીજા માનનારને માનવા દેતો નથી અને પરલોકને સુધારવાના માર્ગમાં પથરા ફેંકે છે. એટલે પરલોક નીકળ્યો તો તો તારા ઉપર કાંઈ એક જ આરોપ આવવાનો નથી? બધાજ આરોપો માટે તું જવાબદાર ઠરવાનો છે! સજાને પાત્ર થવાનો છે! એટલે તારા તો ભુક્કા જ થવાના! ફુરચે ફુરચા ઊડી જવાના છે! પરભવનો સંદેહ હોય તો પણ ડાહ્યા માણસે ખરાબ કાર્યો તો છોડવાંજ જોઈએ. ઓરડામાં સાપ હોય કે ન હોય પણ છે એવો વ્હેમ પડે તો પણ દીવો લીધા વગર જાઓ ખરા? ઓરડામાં સાપ છે એવો નિશ્ચય હોય તો જ દીવો લેવો એમ તો નથીને? સાપનો વ્હેમ હોય તો પણ દીવા વિના ઓરડામાં પગ મૂકતા નથી. માની લ્યો કે પરભવ ન હોય તો પણ નુકશાન શું ગયું? પણ કદાચ બીજો ભવ નીકળ્યો તો પછી તારી શી વલે? પછી નાસ્તિક માટે તો એકેય ઉપાય નથી, પરભવ તો માત્ર શ્રદ્ધાનો વિષય છે. મનુષ્યપણું પામીને સારામાં પ્રવૃત્તિ ન થાય, ખરાબથી ન નિવર્તે તો શા કામનું? ધર્મ કરવામાં જરા પ્રતિકૂલતા આવે છે એટલે કાયર થઈને ધર્મને મૂકી દેવામાં આવે છે, માટે ધર્મ કરનારે પ્રથમ મગજને સ્થિર કરવું જોઈએ. મગજ સ્થિર કર્યા પછી પણ ધર્મકરણીમાં આનંદ ક્યારે ન આવે? મનુષ્યને આગળ વધારનાર કે પાછળ હઠાવનાર અનુષ્ઠાન જ છે. તેનો સાથ ન હોય, ઉત્સાહ ન હોય, તો આગળ વધી શકાય નહિં, માટે સદનુષ્ઠાન સાથે કરવા ઠરાવ્યું. તેના માટે પ્રભાવનાદિની યોજના થઈ. આ બધું છતાં સદનુષ્ઠાન માટે સારાનો સાથ મેળવો અને તે સાથને રાખી જાણો. ધર્મના સાથીની, સોબતીની ભક્તિ કરો. ધર્મ કરનારાઓ ધર્મમાં દૃઢ રહે, ધર્મમાં ઉત્સાહ રાખે, ધર્મમાં આગળ વધે, તે માટે તેમની ભક્તિ કરવાની છે. આવા સાથીઓની સાથે જૈનદર્શનનાં તત્ત્વો સમજવા પ્રયત્નો કરવા. જીવાજીવાદિક તત્ત્વોના જ્ઞાનમાં નિપુણ થવું. એમ થાય તો જ સાચો રસ પ્રાપ્ત થાય. સ્થાવર તીર્થ તથા જંગમતીર્થ એ તમારી નિપુણતાનું વૃક્ષ છે. ધર્મમાં નિપુણતા ધર્મીના સમાગમથી થાય છે. આ પાંચ સ્થૈર્યાદિક તત્ત્વો જે કહેવામાં આવ્યાં તે સમકિતનાં ભૂષણ છે. શણગારેલા પુરૂષની કિંમત જૂદી જ છે. એ ભૂષણ હોય તો ધર્મની શોભા છે. આ પાંચ ભૂષણથી પોતાનો ધર્મ દીપાવનાર ભવ્યાત્મા આ ભવ પરભવમાં સુખ પામી કલ્યાણને મેળવશે. શાશ્વત સુખમય સ્થાન એવા મોક્ષમાં વિરાજમાન થશે.

# અનાદિકાલની રખડપટ્ટી દૂર કેમ થાય ?

आत्मवत् सर्वभूतेषु, सुखदुःखे प्रियाप्रिये

અંકુરા વગર બીજ નથી; બીજ વગર અંકુરો નથી!

**શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ** ભગવાન્ **શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી** મહારાજ ભવ્યજીવોના ઉપકારાર્થે દેશનામાં ફરમાવે છે કે ચતુર્ગતિરૂપ ભયંકર આ સંસારમાં આ જીવ અનાદિકાલથી રખડે છે. આ જન્મમાં અવતાર લીધો, મોટા થયા, માતાનું સ્તન પાન કર્યું, ધુળમાં આળોટ્યા, આ તમામ હકીકત ભલે મનાય, પણ અનુભવમાં યાદ આવતી નથી, તો પછી જન્મસમયનો અને ગર્ભસ્થિતિનો ખ્યાલ તો આવે જ ક્યાંથી? પછી આગળ વધીને ગત જન્મોનો ખ્યાલ ન જ આવે એ સ્પષ્ટ છે. આ સાંભળીને અસીલના કહ્યા વગર જ જેમ વકીલ મુદ્દો કહી દે તેમ શાસ્ત્રકાર રખડપટ્ટીને યાદ કરાવે છે એમ થશે. કેમકે જૈનશાસન આત્માનો વકીલ છે. જગતમાં અસીલ અનેક પ્રકારના હોય છે. મોટી વયના સમજદાર અસીલો તો બધું યાદ કરીને કહી શકે, પણ જ્યાં સગીરના હકનું રક્ષણ કરવાનું હોય ત્યાં સગીર કેટલુંક કહેવાનો? તેમાં વળી અણસમજવાળો હોય તો શું કરે? કોઈએ એક માણસને માર્યો, માર ખાનારો બેભાન થયો અથવા ગાંડા જેવો છે માટે પોતે ફરિયાદ કરવા સમર્થ નથી. માટે શું ગુન્હો ન થયેલો ગણવો ? બચ્ચાંને બરફી આપીને કોઈએ હાથમાંથી સોનાની પોંચી લઈ લીધી, બચ્ચું તો સમજતું નથી, કેમકે ગળી ગળી બરફી મળી છે, પણ પોલીસ તે જુએ તો કેસ ન ચલાવે? આ જીવને પ્રથમના ભવનો અને કાલનો ખ્યાલ નથી તે વાત ખરી છે પણ વિચાર કરે તો એટલું તો સમજાય તેમ છે કે પોતે પૂર્વભવમાં હતો તો ખરો, અને હતો તો પછી તે ક્યાંઈક હતો, આમાં તો શંકા નથી જ! અને તે રીતે તેના પહેલા ભવોની પણ પરંપરા સમજી શકાય તેમ છે. આ જન્મના ગર્ભની સ્થિતિનો, જન્મસમયની હાલતનો, અને બાલ્યચેષ્ટાઓનો અનુભવ ભલે આત્માને સ્મરણમાં આવતો નથી, પણ આસપાસનાઓ (સંબંધીઓના) ના કહેવાથી માનવામાં આવે છે અને તેમાં વિરોધ થઈ શકતો નથી. એ જ રીતે દુનિયાની સ્થિતિ તરફ નજર ફેંકીએ તો પૂર્વભવોની ગત પરંપરા પણ અનુમાનથી ખ્યાલમાં આવે તેમ છે. આપણો જીવ અનાદિકાળથી સંસારમાં રખડે છે એ સ્પષ્ટ સમજી શકાય તેવી બીના છે. જરા વિચાર કરવામાં આવે તો તેમ માનવામાં લેશ પણ હરકત નથી. ઘઉંનો કે બાજરીનો કોઈ પણ દાણો લ્યો, તેમાં ઉત્પત્તિ શક્તિ ક્યારની? એ શક્તિ અમુક જ સમયની એમ નથી. કહેવું જ પડશે કે અનાદિની! દાણો ક્યા ખેડુતે વાવ્યો? ક્યા કોઠારમાંથી કાઢવામાં આવ્યો ? તેની ભલે આપણને ખબર નથી, પણ બીજ દાણાથી થયું તે વાત તો ખરી જ છે ને? બીજ અને દાણો એ વાતમાં ભેદ નથી. પહેલાં બીજ કે અંકુરો? કહો કે અનાદીથી બન્ને છે. પરસ્પર કાર્યકારણ ભાવ

એક ચીજનો હોય અને સ્વયં કારણકાર્ય ઉભયરૂપ હોય એટલે તો તેને અનાદિ માન્યા સિવાય છુટકો નથી. જો તેમ ન માનીએ તો કાં તો વગર કાર્યે કારણ માનવું પડે એટલે અંકુરો અને બીજને અનાદિ માનવાં જ પડશે, અંકુરા વગર બીજ નથી, બીજ વગર અંકુરો નથી. તેવી જ રીતે અહિં જન્મ અને કર્મની પરંપરા છે.

## ઈશ્વર દયાળુ કે જુલમગાર?

જેની દૃષ્ટિ રોકાઈ ગઈ હોય, પહોંચી ન શકતી હોય, કુંઠિત થઈ હોય, તેઓ 'અનાદિ' શબ્દથી અટકાવે છે એમ કહેનારાઓ કેટલાક છે. પણ તેઓને તેમ કહેવાનું કારણ જુદું છે. જૈનો, બૌદ્ધો, મીમાંસકો, અને સાંખ્યો વિગેરે તો જગતને અનાદિ માને છે. ફક્ત જગતની શરૂઆત પૌરાણિકો માને છે. તેઓ માને છે કે જગતને ઈશ્વરે બનાવ્યું. પછી પ્રશ્ન ઉભો જ રહે છે કે ઈશ્વર ક્યારથી થયો? જગત વિના તે હતો ક્યાં કહો કે? ઈશ્વરને તો અનાદિ કહેવો જ પડ્યો! અનાદિતત્ત્વ તો ઉડાવી શકાયું જ નહિં. તેઓને ઈશ્વરના દલાલ બની, મરેલાના નામે માલમલીદા ઉડાવવા છે. 'અમને આપો! તમને તેનો બદલો ઈશ્વર આપશે. અથવા તમો અહિં અમને આપશો તે મુજબ મરેલા તમારા કુટુંબને ત્યાં ઈશ્વર આપશે' એમ કહીને, તથા શ્રાદ્ધાદિ કરાવીને પેટ તથા પટારા ભરવા છે. જો ઈશ્વરને કર્ત્તા ન માને તો આ બધું બની શકે તેમ નથી. ત્યારે શું જૈનો ઈશ્વરને નથી માનતા? ચોક્ખો ઉત્તર છે કે જરૂર માને છે. પણ જગતકર્તા તરીકે માનતા નથી. સદ્‌ગતિદાયક, મોક્ષદાયક મોક્ષમાર્ગ પ્રકાશક તરીકે ઈશ્વરને જૈનો જરૂર માને છે. હાં! જૈનો ઈશ્વરને જગત્‌ બનાવનાર માનીને જુલમગાર તરીકે નથી માનતા. નાનાં બચ્ચાંએ ઈશ્વરનું શું બગાડ્યું હતું કે તેને નવ માસ ગંદકીમાં (ગર્ભસ્થાનમાં) ગોંધી રાખ્યો? ઘાતકી સરકાર પણ બાલકના ગુન્હાને ગુન્હો ગણતી નથી. સાત વર્ષ સુધીના બાલક ઉપર ફોજદારી આરોપ ઘડી શકાતો નથી અને સાત પછીથી ચૌદ વર્ષની અંદરની વયમાં પણ તે છોકરો ગુન્હો તથા તેના પરિણામને સમજે છે તેમ લાગે તો જ ગુન્હેગાર ગણાય છે; નહિં તો ગુન્હેગાર ગણાતો નથી. સાત વર્ષની વય સુધી તો ગુન્હેગાર ન જ ગણાય એ નક્કી છે. સાત વર્ષ પછી સમજણનો અધિકાર માનવામાં આવ્યો. નાનાં બચ્ચાંને 'સાચું બોલ' એમ ક્યા હક્કથી કહીએ છીએ? એ સાચું જુઠું સમજે છે એમ સમજીને પૂછાય છે ને? 'જીવ ન મરાય' એમ ગળથુથીમાં નાંખ્યું તેથી સમજણો ગણ્યો અને ત્યારે જ એને 'જીવ ન મરાય' એમ કહેવામાં આવે છે. જો બહેનને મારીએ તો પરભવમાં થોરીયા થવાય, એમ બાલકને સમજાવો છો તો સમજણો ગણ્યો છે ને? ચૂંટણીમાં હક કોને અપાય છે? ચૂંટણી મંડળ પરત્વે છે કે વોર્ડ પરત્વે છે પણ ચૂંટણી ધર્મપરત્વે નથી. ચૂંટણીનું તત્ત્વ લોકની દિશાએ છે. ધર્મની દિશાએ ચૂંટણી નથી. અલાયદા હક તરીકે ચૂંટણી નથી. ઈંગ્લૅંડમાં હજી પાદરીઓના મુખ્યને અમુક હક છે તેમ હિન્દુસ્તાનમાં નથી. સરકારી ધારા લોકદૃષ્ટિથી કરવામાં આવ્યા છે, પણ તેમાં પણ સાત વર્ષની પહેલાંના બાલક માટે ગુન્હેગારી છે નહિં. ઈશ્વર

જન્મથી જ કેમ જકડે છે ? કેટલાક જન્મતાં મરે છે, કેટલાક ગર્ભમાં મરે છે. આ બધાએ ઈશ્વરનો ક્યો ગુન્હો કર્યો ? ગર્ભમાં આવ્યો ત્યારથી સાત વર્ષ પૂરા થાય ત્યાં સુધીના દિવસો પણ ઈશ્વરી સજા માટે લાયક શાથી? જન્મથી અંધત્વ, અને વ્યાધિ આપવામાં ઈશ્વરની દયા કેટલી ગણવી? જગત્ આખાનો ઉપકારી ઈશ્વર આવું કરે? સૂર્યનું કામ અજવાળું કરવાનું છે, તેનો ઉપયોગ કરવાનું કામ મુસાફરનું છે. આંખો મીંચીને ચાલે તથા ખાડામાં પડે તેમાં વાંક કોનો? પોતાની બેદરકારીથી ચાલનારને કાંટા વાગે તેમાં દોષ અજવાળાનો નથી. અજવાળાએ તો ખાડા, ટેકરા, કાંટા, બધું સ્પષ્ટ બતાવ્યું હતું, પણ અજવાળું ન હોય તો ક્યાંથી કાંટાથી બચીએ? તે બચાવમાં અજવાળાને કારણ ગણવું પડે. પ્રકાશ આપવાનો ઉપકાર સૂર્યનો છે. મોક્ષનો રસ્તો તથા સંસારનો રસ્તો, અને તે તે રસ્તામાં જવાનાં સારાં-નરસાં ફળ એ સ્પષ્ટપણે બતાવવાનો ઉપકાર ઈશ્વરનો છે. ઈશ્વરનાં વચનોરૂપી અજવાળાનો ઉપયોગ ન કરીએ અને પાપમાં રાચીને દુર્ગતિના ભાગીદાર થઈએ એમાં ઈશ્વરનો વાંક શો? જીવ, અજીવ, પુણ્ય, પાપ વગેરે તત્ત્વો શ્રી જિનેશ્વર દેવનાં વચનોરૂપી અજવાળાથી માલુમ પડે છે.

**અસલ વસ્તુના જિજ્ઞાસુ કે ખપીએ નકલોથી ગભરાવવું ન જોઈએ : પણ સત્યને શોધવું જોઈએ.**

જગતમાં ઇંદ્રિયના વિષયોમાં મતભેદ નથી. એક ઉનું કહે તેને બીજો ટાઢું કહે તેમ નથી. એક ગળ્યું કહે તેને બીજો કડવું કહે તેમ નથી. એક દુર્ગંધિ કહે તેને બીજો સુગંધિ કહે તેમ નથી. તે વિષયોમાં મતભેદ નથી, કારણ કે તે પ્રત્યક્ષ છે. પ્રત્યક્ષમાં મતભેદને સ્થાન નથી. મતભેદ પરોક્ષમાં છે. દુનિયાદારીની સામાન્ય પણ લાભ વગેરે પરોક્ષ ચીજમાં જો મતભેદને સ્થાન છે તો પછી આત્મા તથા કર્મ જેવા બારીક વિષયમાં મતભેદ હોય. તેમાં કિંમતી વસ્તુની નકલો થાય છે. નોટો તથા સિક્કાઓ બનાવટી બનાવવામાં આવે છે. સિક્કામાં મહોર તથા રૂપિયા નકલી બનાવાય છે. પૈસા, પાઈને કોઈ નકલી બનાવશે નહિં. ધૂળને કોઈ નકલી બનાવતું નથી. અર્થાત્ જે વસ્તુની કિંમત નથી તેની પાછળ નકલીપણાનો ભય હોતો નથી અને જ્યારે દુનિયામાંની સામાન્ય વસ્તુની નકલ છે તો પછી મોક્ષ આપનારી ચીજ જે ધર્મ તેની નકલો થાય તેમાં નવાઈ નથી. હીરા, અને મોતી, કલ્ચર તથા ઈમીટેશનના બજારમાં મળે છે માટે તમે શું સાચા નથી લેતા? તપાસ થાય તેટલી કરીને પણ ખરા નંગો ખરીદો છો ને? ત્યાં નકલીથી ભડકતા નથી તો અહીં આત્માના કલ્યાણની ઈચ્છા હોય તો નકલી ધર્મથી નહિ ભડકતાં તપાસ કરીને સાચો ધર્મ ગ્રહણ કરવો તે જરૂર તમારી ફરજ છે.

**વિનાશી દેહ માટે સતત વ્યવસાય પણ અવિનાશી આત્મા માટે ક્યારેય વિચાર્યું ?**

શ્રમણભગવાન દેવાધિદેવ શ્રીમહાવીર ભગવાન્ વખતે ત્રણસેં ત્રેસઠ પાખંડીઓ હતા. ગોશાળા તથા જમાલી જેવા તેમના શિષ્યો પણ ભગવાનની સામે હતા. તે વખતના સાધુ, સાધ્વી,

શ્રાવક અને શ્રાવિકાને પરીક્ષા કરવી પડી હશે કે નહિ? પરીક્ષા તો કરવી જ પડે! અસલીની જરૂરિયાતવાળાએ પરીક્ષામાં જરૂર ઉતરવું પડશે. શાક મંગાવવું હોય તો નોકરને મોકલાય, કપડું મંગાવવું હોય તો મુનીમને મોકલાય, પણ હીરા, મોતી, ચાંદી, સોનું, લાવવા માટે તેમને મોકલાશે? નહિં જ! શાકમાં કે કાપડમાં તો બે ચાર પૈસાની કે બે ચાર આનાની છેતરામણ થવાની, પણ હીરા મોતીમાં તો જન્મારાની કમાઈની પણ છેતરામણ થઈ જાય! એમ પરીક્ષા વિનાના ધર્મને અંગે કેટલું નુકશાન થાય તે વિચારો! આ ભવ તો બગડે, પણ પછીના ભવો પણ બગડે. એક ભવ બગડે, બીજો બગડે, ત્રીજો બગડે એમ ભવપરંપરા અપરીક્ષિત ધર્મથી બગડવાની. ધર્મએ એવી ચીજ છે કે જેની પરીક્ષા બરાબર કરવી જોઈએ. 'અમુક આમ કહે છે, પણ તમુક તેમ કહે છે' એવી વાતો કરી ધર્મને મૂકી દો છો, પણ વૈદ્ય અમુક ચીજ વાયુ કરે, અમુક પિત્ત કરે, અમુક કફ કરે એમ કહે છે તેથી ખાવાનું મૂકી દીધું? તેથી તો ખાવાની સંભાળ રાખો છો તે વાત ખરી?' ને રીતે '...નના ગ્રહણમાં, ધર્મના આચરણમાં પણ ...ાની સંભાળ જરૂર રાખવી. વિષ્ટામૂતરની થેલી એવી કાયા માટે જેટલી સાવચેતી રાખીએ છીએ તેટલી આત્મા માટે રાખી? શરીરમાં શું છે? ચામડીથી શરીર મઢ્યું છે માટે જણાતું નથી. દેખાતું નથી, પણ માંસ તથા વિષ્ઠા છે છતાં તેના રક્ષણ માટે શું શું નથી કરતા? આત્માના રક્ષણ માટે શું શું કર્યું ? ગંદકીના ગાડવારૂપ એવું છતાં, તથા આખરમાં વિનાશી છતાં તે શરીર માટે કેટલા પ્રયત્નો ? પણ અંદર વિરાજતા અવિનાશી આત્મા માટે કાંઈ પણ નહિં?

## સત્યની ઈચ્છા હોય તો શોધવું તો જોઈશે!

જન્મતાની સાથે જ 'ખાઉં! ખાઉં!'ના વિચારો થાય છે. અંગુઠો કે કાંઈ વસ્તુ કોઈ આપે તો તરત કરડવા લાગી જવાય છે. જન્મ્યા કે પહેલ-વહેલી સંજ્ઞા જ ખાવાની; આખો દિવસ ખાવાની સંજ્ઞા! જરા કૌવત આવ્યું એટલે ગોઠીયામાં ફરવા માંડ્યું. પછી નિશાળે ગયા એટલે નિશાળીઆની સોબત થઈ અને નિશાળમય થયા એમાંથી બે પૈસા કમાતા થયા એટલે પૈસાની સંજ્ઞા થઈ. પછી કુટુંબની સંજ્ઞા થઈ, વૃદ્ધ થયા એટલે શરીરની સંજ્ઞા થઈ, આ બધા માટે પારાવાર ધમાલ કરી, જન્મ્યા ત્યારથી મૃત્યુના ક્ષણ સુધી વિનાશી વસ્તુઓ માટે સતત વિચાર્યું, પણ અવિનાશી અને આનંદમય આત્મા માટે ક્યારેય કાંઈ પણ વિચાર્યું? અવિનાશી આત્માના ગુણો પ્રગટાવવાનો વિચાર ક્ષણ પણ કેમ આવતો નથી? વિચાર પણ ન આવે તો તેનો અમલ તો થાય જ ક્યાંથી? જેનો વિચાર પણ ન આવે તેનું કિંમતીપણું સમજાય ક્યારે? સાચી વસ્તુ લેવી જ છે એવો મનમાં નિશ્ચય જ હોય તો નકલીને ખસેડીને તપાસ કરીને સાચું લઈએ. જે ધર્મ ભવોભવનું ધ્યેય સુધારનારો છે તે માટે હજારો નકલો હોય છતાં નહિં ગભરાતાં પૂરતી તપાસ કરીને સાચા ધર્મને અંગીકાર કરવો એ જ કલ્યાણાકાંક્ષીનું કર્ત્તવ્ય છે. નકલી માલથી ઠગાઈ જવાની બીકે 'બજારમાં ન જાઉં' એવું મરદ તો

ન જ બોલે. ઈંદ્રિયોના વિષયોની ચીજોમાં મતભેદ નથી, પણ ત્યાંએ કલ્પનાની વસ્તુમાં તો મતભેદ છે જ, તો જે પદાર્થો કેવલ સર્વજ્ઞ મહારાજ જાણી શકે તેમાં અન્ય કથનને અંગે મતભેદ હોય તેમાં નવાઈ શી? તેમાંથી સત્યને અંગીકાર કરવાનો પ્રયત્ન કરવો તે જ આપણું કામ છે.

સાચો ધર્મ શ્રીતીર્થંકરદેવે બતાવ્યો છે. ધર્મની પરીક્ષાની યુક્તિઓ પણ બતાવી છે. સૂર્યનું અજવાળું કામનું પણ તે આંખ ઉઘાડી રાખે તેને માટે આંખ બંધ જ રાખે તેને માટે મધ્યાહ્નનો સૂર્ય પણ નકામો છે. અહિં શ્રીજિનેશ્વરે મોક્ષ માટે બધા માર્ગો બતાવ્યા છે તે જેઓ આત્માથી ઉપયોગ કરે તેના માટે ખપના છે. ભગવાને તો સ્પષ્ટ કહ્યું કે આ રસ્તો સદ્‌ગતિનો તથા આ રસ્તો દુર્ગતિનો! આટલું છતાં ઈરાદા પૂર્વક દુર્ગતિને રસ્તે ચાલવામાં આવે અને તેથી હેરાન થવાય તેમાં ભગવાનનો દોષ નથી. કાંટા વાગે તે વાંક અજવાળાનો નથી, પણ કાંટાથી બચાય છે તે ગુણ તો અજવાળાનો જરૂર છે. વિકારોને લીધે પાપનાં કારણોમાં પ્રવર્તીએ તેમાં શ્રીજિનેશ્વરદેવને સંબંધ નથી. પાપની પ્રવૃત્તિ રોકીએ અને કલ્યાણને રસ્તે જઈએ તેમાં શ્રીજિનેશ્વરદેવનું વચન કારણભૂત છે. જૈનો આત્મકલ્યાણના માર્ગને પ્રરૂપનારને ઈશ્વર તરીકે માને જ છે. કર્મ કેમ લાગે? કેમ છૂટે? વગેરે વસ્તુ શ્રીજિનેશ્વરદેવ સિવાય બીજા કોઈએ સાચી રીતે બતાવ્યું નથી. આત્માની દશા જાણનાર, અને જણાવનાર શ્રી જિનેશ્વરદેવ સિવાય બીજો કોઈ જગતભરમાં નથી. જૈનો પરમેશ્વરને સદ્‌ગતિ આપનારા માને છે. બીજાઓ જુલમગાર તરીકે પણ માને છે, માટે તેમનામાં તેવા સંસ્કાર પણ પેઠા છે.

## નિર્દયકૃત્યોનો આરોપ ઈશ્વર ઉપર શા માટે?

જગતમાં છોકરો જન્મ્યો તો 'ફલાણી બાઈએ પુત્રનો જન્મ આપ્યો' એમ કહેવાય છે. લગ્નની કંકોતરીમાં 'અમુકે અમુક પુત્રનાં લગ્ન અમુકની પુત્રી સાથે નિરધાર્યાં છે' એમ લખાય છે અને ખરાબ પ્રસંગોમાં જેમ કે અમુક બીમાર છે, અમુક મરી ગયા. વગેરે સમાચાર જે લખતાં કલમ કંપે ત્યાં 'ઈશ્વરને ગમ્યું તે ખરું!'' એમ લખવામાં આવે છે. જે લખતાં કલમ કંપે તેવા નિર્દયકૃત્યનો આરોપ ઈશ્વર ઉપર! કર્મની આગળ કોઈ સંસારીપામરનું જોર નથી એમ લખવું સુસંગત છે, કેમકે સુખ દુઃખ કર્મને આધીન છે, 'જેઓ કર્મને લાત મારીને નીકળી ગયા તેમને ધન્ય છે!'' ' આ બધું લખાય, પણ ઈશ્વરને ગમ્યું તે ખરું' એમ લખીને શું ઈશ્વરને આવું ગમે છે એમ ઠરાવવા માંગો છો? કાળીયાની જોડે ધોળીયો બાંધવામાં આવે તો વાન તો ન આવે પણ સાન તો આવે જ! તેમ તમે પણ ઈતરની જેમ આવું લખતા શીખ્યા ! જૈનથી આવા દુઃખમય કાર્યો કરવાનો આરોપ ઈશ્વર ઉપર કેમ મૂકાય? દૃષ્ટિ ક્યાં રોકાઈ? જગતને આદિ કહેવામાં કે અનાદિ કહેવામાં?

ઈશ્વરના ઉપકારને અંગે અમે તો ઈશ્વરને દેવાધિદેવને, માનીએ છીયે, અને તેથી જ દેવ

વિમાન તુલ્ય દેવાલયોમાં સ્થાપન પણ કરીએ છીએ. પૂજીએ છીએ, અમારો ઈશ્વર અમને દુઃખ આપતો નથી. અમારો ઈશ્વર અમને મોક્ષનો માર્ગ બતાવે છે. અમારો ઈશ્વર શાથી કર્મ વળગે છે તે જણાવી ચેતવે છે, કર્મને રોકવાના તથા તોડવાના રસ્તા બતાવે છે. અમારો ઈશ્વર ભવ્યજીવને શુદ્ધમાર્ગે ચઢાવે છે. પેટ ભરવા માટે ઈશ્વરને દલાલ બનાવવાનું કામ અહિં જૈનશાસનમાં નથી. ઈશ્વરની દલાલીએ માલ મિલ્કત લેનારો અફીણ તો લેતો નથી જ. વડોદરામાં એક ખાનદાન કુટુંબમાં એક વૃદ્ધ પુરૂષ મરી ગયો. આબરૂ મુજબ તેના પુત્રે ગોરને શય્યા આપવામાં સારા પૈસા ખર્ચવા જોઈએ. તેની પાસે પૈસાના તાકડા હતા નહિં તેથી તે મુઝાતો હતો, પણ તેના એક મિત્રે રસ્તો બતાવ્યો કે મરનાર અફીણ ખાતો હતો તો પહેલવહેલાં ગોરને જેટલા દિવસ મૃત્યુને થયા છે તેટલા દિવસના હિસાબે અફીણ ખવરાવવું જોઈએ કે જેથી મરનાર ત્યાં હેરાન ન થાય. મરનારનો પુત્ર દસ તોલા અફીણ લઈને ગોર પાસે ગયો તથા ગોરને ખાવા કહ્યું, અને કહ્યું કે તરત ખાઈ જાવ કે જેથી મરનારને પહોંચે. પણ ગોર કાંઈ અફીણ ખાય? ગોર તો લાડવાનો ધણી! પેલાએ જણાવી દીધું કે જો અફીણ નથી પહોંચાડી શકતા તો પછી બીજું પહોંચાડી શકો તે મનાય ક્યાંથી? તેણે ગોરને શય્યા આપવાની માંડી વાળી. આ રીતે પોતાના સ્વાર્થ ખાતર ઈશ્વરને જગતકર્તા માનનારા માણસો છે છતાં તેઓ આપણા ઈશ્વર માટે એમ કહે છે કે - ‘એમના દેવની દૃષ્ટિ કાલને દેખતાં રોકાઈ ગઈ માટે જગતને અનાદિ કહી દીધું!’’ જરા બારીકાઈથી વિચાર કરશો તો સમજાશે કે જેની દૃષ્ટિ રોકાય તે તો આદિ કહે. પણ જેની દૃષ્ટિ ન રોકાય અને આગળ આગળ દેખે તે જ અનાદિ કહી શકે છે. જો આ લોકો જગતને અનાદિ માને તો જગતકર્તા ઈશ્વર ઊડી જાય છે અને પેટ ઉપર પાટું પડે છે. પારકા પેટ ઉપર લાત મરાય પણ પોતાના પેટ ઉપર કોઈ લાત મારે? ખરી રીતે બીજ વગર અંકુરો નથી, અંકુરા વગર બીજ નથી. તેમ જન્મ વગર કર્મ નથી, અને કર્મ વગર જન્મ નથી. જન્મ હોય તો શરીર હોય, અને શરીર હોય તો વાણી હોય, તેમ વિચાર (મન) હોય અને તો જ કર્મ બંધાય અને કર્મ બંધાય તો શરીરાદિ હોય. જગતની આદિ લઈએ તો તેમાં જો જન્મ થયો તો તે વખતે કર્મ થયા વગર આદિ ગણવી પડશે. જન્મ કર્મ વગર થયો ? કર્મને આદિમાં માનો તો કર્મ શું જન્મ વગર? પ્રથમ જન્મ કે પ્રથમ કર્મ? જેમ બીજની અંદર ઉત્પત્તિ શક્તિ અનાદિની માનવી પડે. તેમ અહિં પણ માનવું પડે જન્મ ક્યાં થયો? શરીર કેમ બન્યું? તે માલૂમ નથી, પણ અનાદિથી છે તે નક્કી! જેમ બીજ ક્યા ખેતરમાં થયું? તે માલૂમ નથી, ક્યાં ઉગ્યું,? કોણે લણ્યું? તે ખબર નથી, પણ અનાદિની ઉત્પત્તિ શક્તિ માન્યા વગર છૂટકો નથી. અલબત્ત આપણને ગતભવોનાં ક્યાં કર્મો તે માલૂમ નથી, પણ પરંપરા

છે તે વાત તો નક્કી છે. જન્મ વગર કર્મ હોય નહિં, તથા કર્મ વગર જન્મ પણ હોય નહિ. બીજ તથા અંકુરની પેઠે જન્મ તથા કર્મ અનાદિથી છે. વાસ્તવિક મુદ્દો અસીલે રજુ કરવો જોઈએ તથા અસીલ અજ્ઞાન હોય તો વકીલની ફરજ છે કે તે પણ ટાંકી બતાવે. માટે શાસ્ત્રકારરૂપ વકીલ પહેલું જ કહે છે કે આ જીવ સંસાર અટવીમાં અનાદિકાલથી રખડ્યા કરે છે. રખડ્યા કરે છે એટલું કહેવા માત્રથી કાંઈ રખડપટ્ટી અટકે નહિ, માટે શાસ્ત્રકાર મહર્ષિ, ફરમાવે છે કે **आत्मवत् सर्वभूतेषु** જેવો તારા આત્માને સમજે તેવા જગતના બધા આત્માને સમજ! તારા આત્માને સુખ વ્હાલું છે, અને દુઃખ અળખામણું છે, તેમ પ્રાણીમાત્રને સુખ વહાલું છે અને દુઃખ અળખામણું છે. માટે કોઈને સુખમાં અંતરાય કરવો નહિં તથા કોઈને દુઃખ દેનાર થવું નહિં. અન્ય જીવોની હિંસા કર નહિં! જગતના જીવો તરફથી હિંસાની દૃષ્ટિ દૂર કર! આ રીતે આત્માને સારા રસ્તે યોજવામાં આવશે તો જરૂર તે મોક્ષને પામશે.

## દીક્ષાનું નાટક ભજવવા તૈયાર થયેલા તઈતંબોલીના નાકનું લીલામ થવું જોઈએ?

**दीक्षा मोक्षार्थमाख्याता, ज्ञानध्यानात्मिका च सा।**

### મોક્ષની મશ્કરી?

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મદેશનામાં દીક્ષાનો હેતુ જણાવે છે. જગતમાં કોઈ પણ કાર્ય પ્રયોજન વિના કોઈ કરતું નથી. નીતિકારો પણ જણાવે છે કે **प्रयोजनं विना न मन्दोऽपि प्रवर्तते** અર્થાત્ પ્રયોજન સિવાય તો મૂર્ખ પણ પ્રવૃત્તિ કરતો નથી. તો જે દીક્ષાને ચક્રવર્તીઓ (છ ખંડના માલીકો) એ અપનાવી છે, ત્રણ જગતના નાથે સ્વીકારી છે, તે કદી પણ નિષ્ફળ હોય નહિ. દીક્ષાનું ફલ કયું? **दीक्षा मोक्षार्थं आख्याता** શ્રી તીર્થંકરદેવોએ દીક્ષાને કેવલ મોક્ષ માટે કહી છે. શ્રીતીર્થંકરદેવે, ચક્રીઓએ, રાજા મહારાજાઓએ એટલા જ માટે તેને ગ્રહણ કરી છે અને જ્ઞાનીએ સ્પષ્ટ જણાવ્યું છે કે જેને જેને મોક્ષની ઈચ્છા હોય તેણે તેણે પ્રવ્રજ્યાના પુનિતપંથે પ્રયાણ કરવું જરૂરી છે. 'મોક્ષની લાલચ આપી દીક્ષિતો કરવામાં આવે છે તે હમ્બગ છે'' આવું કહેનારાઓએ શાસ્ત્રને, શ્રદ્ધાને, અને આસ્તિક્યને જલાંજલિ આપી હોવી જોઈએ. શ્રીતીર્થંકરદેવને

તથા તેમણે પ્રરૂપેલા માર્ગને માનનારા તો મોક્ષની ઈચ્છાથી થતી દીક્ષાને લાલચનું રૂપ તથા હમ્બગ સ્વપ્નમાં પણ માને નહિં. આવા વચનો તરફ ધ્યાન કોણ દે? જ્યાં ગોળા લડાઈ થતી હોય ત્યાં આબરૂદાર જોવા કે સાંભળવા ઉભા રહેતા નથી. ત્યાં ઉભો રહીને કોણ સાંભળે? લડનાર જેવો હોય તે તેવો તમાસો જોવા થોભે. જેમને શ્રીતીર્થંકરદેવ પ્રત્યે સન્માન નથી, શ્રદ્ધા નથી, શાસ્ત્રને માનવા જેઓ તૈયાર નથી, મોક્ષની મશ્કરીમાં જેઓ મોજ માને છે, તેવાઓનાં વચનો તેવાઓ જેવા જે હોય તે જ વાંચે કે સાંભળે. શ્રદ્ધાવાન્ તથા સુજ્ઞમનુષ્યો તો તેવાં વચનો ન તો વાંચશે કે ન તો સાંભળશેઃ અને જો બીજો વાંચવાનું કે સાંભળવાનું કહેશે તો ઊલટો ગુસ્સો ચઢશે. કોઈએ એક કાગળમાં તમારા વડીલ માટે અનુચિત લખ્યું હોય અને તે તમને વાંચવા કે સાંભળવા કહે તો તમે વાંચો કે સાંભળો ખરા? જો સપુત હો, વડીલને વડીલ માનતા જ હો તો તો ન જ વાંચો અને ન જ સાંભળો! જેમાં તમારા વડીલોની બેઅદબી હોય તેવો કાગળ અગર બીજું જો કોઈ તમને વાંચવા આપે તો તમારા બનતા પ્રયત્ને તમે તેને સજા કર્યા વગર ચૂકો નહિં અગર બદલો આપ્યા વગર ચૂકો નહિં. ધ્યાનમાં છો કે દુનિયાદારીના વડીલોનો સંબંધ માત્ર એક જ ભવનો છે. જો એકજ ભવના તથા તત્ત્વદષ્ટિથી મોહની જાળવાળા સંબંધી વડીલની વિરૂદ્ધ વાંચી કે સાંભળી શકો નહિં, તો જેને તમો તરણ તારણ માનો છો, ત્રણલોકના નાથ માનો છો, ભવોદધિ તારક માનો છો, સુરાસુરેંદ્રો તથા નરવરેંદ્રોથી પૂજાયેલા માનો છો, અતિશય સંપન્ન માનો છો, એવા શ્રીતીર્થંકરદેવ તેમજ તેમનાં વચનોને તથા ક્રિયાને હમ્બગ કહે, મોક્ષ જેવા તત્ત્વની વાતને પ્રલોભનનું રૂપ આપે તેવા તેમના લેખો વાંચવા તૈયાર કેમ થઈ શકો? જૈન, વૈષ્ણવ કે શૈવ કોઈ પણ સંપ્રદાયનો આસ્તિક તો મોક્ષને પરમપુરૂષાર્થ માને છે. ત્યારે કહો કે જે મોક્ષને હમ્બગ કહે છે, મોક્ષની પણ મશ્કરી ઉડાવે છે, તે આસ્તિક રહ્યો? તેણે આસ્તિકયનું ઉલ્લંઘન કર્યું છે. તેવાઓનાં ઉચ્છૃંખલ વચનો વાંચવા કે સાંભળવા એના જેવું બીજું તમને શરમાવનારું શું છે?

## દીક્ષા મોક્ષપ્રદાયિની છે, અને મોક્ષ માટે જ છે!

ત્રણલોકના નાથ, કેવલજ્ઞાન અને કેવલદર્શન આદિસંપન્ન શ્રીતીર્થંકરદેવે મોક્ષને જોયો તથા મોક્ષ મેળવવાના એક જ સાધન તરીકે દીક્ષાને પણ જોઈ. તેથી જગતના જીવોને જણાવ્યું કે મોક્ષ મેળવવાની ઈચ્છાવાળાને દીક્ષા સિવાય બીજો મોક્ષ મેળવવાનો કોઈ રસ્તો નથી. કોઈ કહેશે કે "ગૃહસ્થપણામાં પણ મોક્ષ છે. ન હોય તો ગૃહિલિંગે સિદ્ધ વિગેરે ભેદ કેમ" શાસ્ત્રમાં કહ્યા એટલે દીક્ષાવિના પણ મોક્ષ થાય છે એમ કેમ નહિં ? આ સ્થળે સમજવું જોઈએ કે ગૃહિલિંગે સિદ્ધ પણ કોણ થાય ? ગૃહસ્થપણાને સારું માનનારને તો મોક્ષ કે કેવલ હોય જ નહિં. ગૃહસ્થપણાને ખરાબમાં ખરાબ જાણનાર અને માનનારા જ ગૃહિલિંગે પણ સિદ્ધ હોય છે. ગૃહસ્થપણાને અથવા અન્યલિંગને સારું જાણનારો તો કેવલજ્ઞાન કે મોક્ષ પામ્યો નથી,

પામતો નથી અને પામશે પણ નહિં. શ્રીતીર્થંકરદેવે કેવલ મોક્ષને માટે જ દીક્ષા લીધી છે. દીક્ષા અંગીકાર કર્યા પછી કેવલજ્ઞાન થયા બાદ જગતને જણાવ્યું કે દીક્ષા મોક્ષ માટે જ છે, મોક્ષ દીક્ષાથી જ મળે છે. દીક્ષા આચરવાથી આત્મા કેવલજ્ઞાન તથા મોક્ષ મેળવી શકે છે. દીક્ષા લેવા માત્રથી મોક્ષ મળી જાય તેમ નથી, પણ દીક્ષા પાળવાથી મોક્ષ મળે છે. દીક્ષામાં બે વસ્તુઃ જ્ઞાન, ધ્યાન તથા મોક્ષ. જ્ઞાન ધ્યાન એ પાલન છે, ને તો જ દીક્ષાનું ફલ છે. મોક્ષ તેઓજ મેળવી શકે કે જેઓ જ્ઞાનધ્યાનમાં લીન હોય. કોઈને એમ થશે કે "ગૃહસ્થપણામાં જ્ઞાનધ્યાન કરી શકાય છે તો દીક્ષાની શી જરૂર છે?" પણ ગૃહસ્થ એટલે તેને સ્ત્રી છોકરાં આરંભ આદિની પંચાત છે, શું જ્ઞાન તથા ધ્યાન તો આને! કોઠો સાફ ન થાય ત્યાં સુધી રસાયણ દઈ શકાય નહિં અને દે તો લાગુ પડે પણ નહિં. દીક્ષા એ સંસારમલનું વિરેચન છે. જ્ઞાન ધ્યાન એ અપૂર્વ રસાયણ છે. રસાયણ ત્યારે જ અસરકારક નીવડે કે જ્યારે આરંભાદિનો કોઠો ચોખ્ખો કરવામાં આવ્યો હોય. સંસારના મેલથી ભરાયેલા આત્મા સંસાર મળથી રહિત થાય તો જ્ઞાન ધ્યાનરૂપી રસાયણ પચાવે અને આત્માને ફાયદો કરે તેમ છે, આટલા માટે જ શ્રીતીર્થંકરદેવોએ દીક્ષા અંગીકાર કરી છે, કેટલાક તીર્થંકરો તો ચક્રવર્તી હોવાથી છ ખંડના માલીક હતા, પ્રજાના પાલક હતા, સંપૂર્ણ ઋદ્ધિસમૃદ્ધિવાળા હતા, છતાં તેનો ત્યાગ કર્યો તે કેમ કર્યો? એ તમામ સમૃદ્ધિને આત્મા માટે મેલ (મળ) જેવી ગણી, પાપનું કારણ ગણી, દુર્ગતિના હેતુભૂત ગણીને તજી દીધી તથા દીક્ષા લીધી, આથી ખ્યાલમાં આવશે કે મોક્ષ મેળવવાનું અસાધારણ કારણ દીક્ષા જ છે. આત્માને જ્ઞાન ધ્યાનમાં તલાલીન રાખનાર પણ બાહ્ય દીક્ષા જ છે. શાસ્ત્રકારે જણાવ્યું છે કે -

श्रेयोदानात् अशिवक्षपणात् सतां मतेयं दीक्षेति

દીક્ષા શબ્દનો પ્રયોગ ઘણા સ્થાને થાય છે. મતલબ કે દીક્ષા શબ્દના ઘણા અર્થો છે. વ્રતમાં, મુંડનમાં, પ્રતિજ્ઞામાં, આજ્ઞામાં, ઘણે ઠેકાણે દીક્ષા શબ્દ ઘણા પ્રસંગમાં વપરાય છે. પણ ત્રણલોકના દરબારમાં મોક્ષ માટે લેવાતી દીક્ષા એ જ સત્ય અને ઉત્તમ દીક્ષા ગણાય છે. તેમાં પાંચ મહાવ્રતોને સ્થાન છે. જે દીક્ષામાં પાંચ મહાવ્રતો સ્થાન પામે તે દીક્ષા કેવી અનુપમ ચીજ ગણાય? દીક્ષા સ્વપર કલ્યાણ પ્રદ છે. જેને શ્રીતીર્થેશે, ચક્રીઓએ સ્વીકારી, જ્યાં ઈંદ્રોનાં મસ્તક ઝુક્યાં, તેવી આદરવા લાયક, ઉપદેશવા લાયક દીક્ષા મોક્ષદાયક છે માટે જ દીક્ષા મોક્ષ માટે આવશ્યક જ છે.

**નાટક ! .... અને તે પણ શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મનું ? ...**

આજે દીક્ષાના અંગે પ્રકાશન થનાર નાટકને અંગે જૈનોએ જાગવાની જરૂર છે. નાટકને નામ અથવા રૂપક 'અયોગ્ય દીક્ષા' એવા શબ્દનું અગર અર્થનું આપવામાં આવેલ છે. નાટક એટલે તમાસો કે બીજું કાંઈ ? અવ્યવસ્થિત હોય ત્યાં

(જુઓ અનુસંધાન પાનું ૪૦૧)

# તીર્થયાત્રા - સંઘયાત્રા

(ગતાંકથી ચાલુ)

એ વાત સ્હેજે સમજી શકાય તેવી છે. પરંતુ જે વસ્તુનું પ્રતિદાન વીતરાગ પરમાત્માના શાસનમાં મનાયેલા શાસ્ત્રોમાં સ્થાને સ્થાને કરવામાં આવેલું હોય, એટલું જ નહિં, પરંતુ જે પદાર્થ માનવાની આજ્ઞા અનેકશાસ્ત્રોમાં ખુલ્લા શબ્દોથી જણાવવામાં આવેલી હોય અને તેવાં વાક્યો અનેક પ્રામાણિક ગણાતા શાસ્ત્રો અને પુરૂષોદ્વારાએ સાંભળવામાં આવતાં પણ હોય, છતાં જો તે સત્યપદાર્થની શ્રદ્ધા કે માન્યતા ન થાય તો તેવા મનુષ્યોને સમ્યક્ત્વવાળા ગણવાને માટે તેઓ જ તૈયાર થાય કે જેઓ મિથ્યાત્વીના મોસાળીયા હોય, તેવી જ રીતે જે પદાર્થની અસત્યતા ભગવાન્ વીતરાગ મહારાજના શાસનમાં મનાયેલા શાસ્ત્રોમાં સ્થાને સ્થાને નિરૂપણ કરવામાં આવેલી હોય, છતાં તેવા પદાર્થને સાચા તરીકે આદરવાલાયક માનવાવાળો મનુષ્ય **जिणपन्नत्तं तत्तं०** વિગેરે વાક્યો આગળ કરે તો તેટલા માત્રથી તે અજ્ઞાનતાથી કે ગુરૂના કહેવાથી ખોટા પદાર્થો પણ સાચા માને છે માટે તેને સમ્યક્ત્વવાળો માનવામાં અડચણ નથી. એવું કહેવા જવું કે માનવું તે કોઈપણ પ્રકારે જૈનશાસનમાં ચાલી શકે તેમ નથી. ધ્યાન રાખવાની જરૂર છે કે નય-સામાચારી-માર્ગ-પ્રમાણ વિગેરેના ભેદોની ગહનતાને લીધે શંકામાં આવેલા એટલે નિશ્ચયથી ચ્યુત થયેલા એવા સાધુમહાત્માઓને પણ શાસ્ત્રકારો કાંક્ષા (મિથ્યાત્વ) મોહનીયના ઉદયવાળા જ થયેલા જણાવે છે અને તેથી સાધુમહાત્માઓને પણ એવા, કે જેનો કેવલીથી નિર્ણય થઈ શકે એવા, અગર પૂર્વધરોથી જેનો નિર્ણય થઈ શકે એવા તેમજ બહુશ્રુતોથીજ જેનો નિર્ણય થઈ શકે એવા, વળી વિશિષ્ટજ્ઞાનીઓથી પણ નિર્ણય થઈ શકે એવા પદાર્થની શ્રદ્ધાની વખતે **तमेव सच्चं** કહીને જિનેશ્વર મહારાજના વચનને નિઃશંક તથા સત્યપણે સ્વીકારી સમ્યક્ત્વનો નિર્વાહ કરવાની જરૂર જણાઈ છે, તો પછી જેઓ વર્ત્તમાન શાસનના શાસ્ત્રમાં સ્થાને સ્થાને જેનો નિર્ણય કરવામાં આવેલા એવા મુહપત્તિ-ઉપધાન-પ્રતિમા- સ્ત્રીપૂજા વિગેરે પદાર્થોને માને નહિ અને વર્ત્તમાન શાસનના શાસ્ત્રોમાં જેનું સ્થાન સ્થાન પર ખંડન કરવામાં આવેલું છે એવા નિર્લિંગપણું, નિર્નિક્ષેપપણું (નિઃસ્થાપનપણું-નિર્દ્રવ્યપણું) સ્ત્રીઅમોક્ષ, કેવલિઅભુક્તિ વિગેરે માનવામાં આવે છતાં તેવા પદાર્થને માનનારા અને પ્રરૂપણાવાળાઓ પણ પોતાની અજ્ઞાનતાથી અને ગુરૂના આદેશથી તેવી માન્યતા કરે છે એમ જણાવી તેવાઓને પણ સમ્યક્ત્વવાળા ઠરાવી વાસ્તવિક સાધર્મિકની કોટિમાં દાખલ કરનારાઓ જો જિનેશ્વર ભગવાનના માર્ગને અનુસરનારા ગણાય તો પછી જમાલિ અને ગોશાલાના વચનથી અસત્શ્રદ્ધાવાળા હોવાથી મિથ્યાત્વી હતા, એમ કહેનારા શાસ્ત્રકાર મહારાજાઓને સુજ્ઞમનુષ્યો ક્યા શબ્દોથી નવાજશે?)

અર્થાત્ જીવાદિક પદાર્થોનું સ્પષ્ટ સ્વરૂપે જ્ઞાન ન હોય છતાં જે મનુષ્ય સદ્ભૂત પદાર્થની અશ્રદ્ધાવાળો નથી, તેમજ વિપરીત પદાર્થની શ્રદ્ધાવાળો પણ નથી. એવો છતાં જે ભગવાન્ જિનેશ્વર મહારાજના વચન, ધર્મ તથા તત્ત્વને કહીને **जिणपन्नत्तं०** વગેરે માનવાવાળો છે તેને ઓઘ તરીકે સમ્યક્ત્વ હોવામાં કોઈ પણ વિચક્ષણ પુરૂષ નિષેધ કરી શકે નહિં. પરંતુ પારમાર્થિક દૃષ્ટિએ તો તે જ મનુષ્ય તાત્વિક શ્રદ્ધાવાળો ગણાય કે જે જીવાદિક પદાર્થોના યથાસ્થિત જ્ઞાનને ધરાવનારો હોય. આ બધી હકીકત ધ્યાનમાં લેનારા સુજ્ઞમનુષ્યો સ્હેજે સમજી શકશે કે વાસ્તવિક સમ્યક્ત્વ એટલે સમ્યગ્દર્શન તેનું ઉત્પન્ન થવું.

વધવું કે ટકવું તે તત્ત્વજ્ઞાનની ઉપર જ આધાર રાખે છે, વળી ચારિત્રની અપેક્ષાએ પણ જેવી રીતે સમ્યક્ત્વથી રહિત મનુષ્યોને માસોપવાસી જેવી ક્રિયામાં રહેવાનું થતું હોય તો પણ ચારિત્રવાળો કહી શકાય નહિં તેવી જ રીતે જે મનુષ્યને જીવઅજીવાદિ તત્ત્વોનું જ્ઞાન નથી, તેવાઓને સ્વતંત્રપણે ચારિત્રનો સદ્‌ભાવ માનવાને કોઈપણ શાસનપ્રેમી કદી પણ તૈયાર થઈ શકે નહિં.

## જ્ઞાનના ફલ તરીકે શું ?

શાસ્ત્રકારો પણ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **पढमं नाणं तओ दया** અર્થાત્ દયા એટલે જે સંયમ અગર વિરતિ તે કર્મક્ષય કરાવનાર હોઈ મોક્ષનું પરમ સાધન છે અને અજયણાના પરિહારપૂર્વક જયણાનો આદર તે જ દયા છે અને તેવી દયા કરવામાં આવે તો નવાં બંધાતાં પાપકર્મોથી બચી શકે છે, અને તે દ્વારા કર્મોનો ક્ષય કરી મોક્ષ મેળવી શકે છે. પરંતુ એવી દયા કર્યા વિના કોઈ પણ હિંસાથી કે પાપકર્મોથી બચી શકતો નથી એવો સિદ્ધાન્ત છે. અને તેથી જ **चरणाहिंतो मोक्खो** એમ કહી શાસ્ત્રકારોએ સ્પષ્ટ શબ્દોથી મોક્ષના સાધન તરીકે ચારિત્રને જ જણાવેલું છે, પરંતુ તે ચારિત્ર, તે યતના, તે વિરતિ, કે તે અયતનાનો ત્યાગ જેને મોક્ષને માટે મેળવવો હોય તેવાઓએ ચારિત્ર વિરતિ યતના કે વ્રતોના શબ્દોનો માત્ર પોકાર કરવાનો નથી, પરંતુ તેના સાધનભૂત જ્ઞાનને મેળવવાની જરૂર છે. અને તેથીજ **तओ दया** એમ જ્ઞાનના ફલ તરીકે દયાને જણાવવાની શાસ્ત્રકારોને જરૂર પડી છે કેમકે જગતમાત્રમાં સર્વક્રિયાઓમાં જ્ઞાનપદાર્થની પ્રથમતા તો રહેલી જ હતી, અને તેથી જ શાસ્ત્રકારે એમજ કહેવું જોઈતું હતું કે **पढमं नाणं तओ सव्वं** અર્થાત્ પહેલાં જ્ઞાન થાય પછીજ બધી હિતકર પ્રવૃત્તિ નિવૃત્તિ થાય છે પરંતુ એમ નહિં કહેતાં જે અહિં દયા એટલે સંયમ, યતના, વિરતિ કે વ્રતને ફલ તરીકે જણાવેલ છે, તે એટલું જ જણાવવાને માટે છે કે દયા, સંજમ કે વિરતિના અર્થીઓને જીવાજીવાદિક પદાર્થોનું જ્ઞાન મેળવવું આવશ્યક. છે અર્થાત્ આ જગા પર શાસ્ત્રકાર મહારાજા જ્ઞાનને માત્ર સાધન તરીકે જણાવતા હોવાથી તેમજ દયા, સંયમ, ચારિત્ર અને વ્રતને સાધ્ય તરીકે જણાવે છે અને તેમ હોવાથી જ **एवं चिट्ठइ सव्वसंजए** એમ કહીને ઉપસંહાર સંયમધારીપણામાં જ લે છે. જો આ જગા પર સંયમ, દયા, યતના કે વ્રત કરતાં જ્ઞાનની અધિકતા હોત અને જ્ઞાનની જ મુખ્યતાએ સાધ્યતા હોત તો **एवं चिट्ठंति नाणिणो** અર્થાત્ દયાને પાળવાની ઈચ્છાવાળા અને પાળનારા બધા સાધુઓ પણ જ્ઞાનમાં જ લીન થઈને રહેલા છે, એમ જણાવત. આટલું જ નહિં, પરંતુ એ જ ગાથાના ઉત્તરાર્ધમાં પણ અજ્ઞાનની અધમતા જણાવતાં અજ્ઞાનીની અધમતા એટલા માટે જણાવી છે કે તે અજ્ઞાની જીવાજીવાદિકને નહિં જાણતો હોવાથી યતના વિગેરે શી રીતે કરશે ? તેમજ યતનાનું શ્રેષ્ઠપણું અને અયતનાનું અસુંદરપણું કેવી રીતે સમજશે?

## મોક્ષપ્રાપ્તિ માટે વ્યાજબી કારણો ક્યાં ?

આ ઉપર જણાવેલી દ્રષ્ટિએ વિચાર કરનારો સુજ્ઞ મનુષ્ય સ્હેજે સમજી શકશે કે મુખ્ય સમ્યક્ત્વ અને ગીતાર્થચારિત્રના પાયા રૂપ જો કોઈપણ પદાર્થ હોય તો તે માત્ર જ્ઞાન નામનો જ પદાર્થ છે, અને તે માટે શાસ્ત્રકારોએ સાતક્ષેત્રમાં સમ્યક્ત્વ અને ચારિત્રની આરાધના પૃથક્પણે ન કહી, પરંતુ તે જ સમ્યક્ત્વ અને ચારિત્રના આધારભૂત વીતરાગ અને શ્રીચતુર્વિધસંઘરૂપી ક્ષેત્રદ્વારાએ તેની આરાધના જણાવી, પરંતુ ઉપર જણાવેલા કારણોથી જ્ઞાનરૂપ ક્ષેત્રની સર્વોત્તમતા સ્વીકારીને જ્ઞાનને ક્ષેત્રતરીકે ગણવામાં આવ્યું. જો કે શ્રી નવપદમય બનેલા શ્રીસિદ્ધચક્રમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર તેમજ સમ્યક્તપ એ ચારે ગુણો એક

સરખી રીતે વંદના નમસ્કારદિ કરવા લાયક અને આરાધવા લાયક ગણવામાં આવે છે અને તેથી જ જો જ્ઞાનરૂપી ક્ષેત્રને ગુણરૂપ છતાં અને વીતરાગાદિ પરમાત્મામાં પ્રકૃષ્ટ વિદ્યમાન હોવા છતાં જુદારૂપે ગણવામાં આવે તો પછી શા માટે સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપરૂપી ક્ષેત્રોને માટે જુદું સ્થાન આપવું નહિં? કદાચ એમ કહેવામાં આવે તો ચાલે એમ છે કે સમ્યક્તપ નામનું નવમું પદ એ જો કે સર્વ કર્મક્ષયને માટે અયોગીપણાને અંગે જરૂરી હોઈ મોક્ષની સિદ્ધિને માટે તે સમ્યક્તપ એ પદ જરૂરી ગણાય, પરંતુ ઘાતિકર્મ જે જ્ઞાનાવરણીયાદિ ચાર છે અને જે આત્માના ગુણોને રોકનારા છે (ઘાતિકર્મ અને અઘાતિકર્મમાં ખરો ફરક એ છે કે ઘાતિકર્મ જ્યારે આત્માના જ્ઞાન દર્શન સમ્યક્ત્વ ચારિત્રને રોકવાનું અને જ્ઞાનાદિગુણોને નાશ કરવાનું પોતાનું સામર્થ્ય જણાવે છે, ત્યારે વેદનીયાદિ કર્મો કે જેને અઘાતિ કર્મ કહેવામાં આવે છે તેઓ આત્માના જ્ઞાનાદિગુણોનું આવરણ કે નાશને માટે કંઈપણ સામર્થ્ય ધરાવી શકતાં નથી.) અને આજ કારણથી સર્વાર્થસિદ્ધ વિગેરે અનુત્તર વિમાનોના દેવતા સમગ્રજીવન સુખમય રીતિએ ગુજારવાવાળા છતાં આત્માના સંપૂર્ણ જ્ઞાનાદિગુણોને મેળવી શકતા નથી, તેમજ નરકગતિમાં તેત્રીસ સાગરોપમ સુધી પરમદુઃખી અવસ્થામાં રહેવાવાળા એવા નારકીઓ છતાં પણ તેઓના અવધિ કે વિભંગને નાશ થવાનો પ્રસંગ આવતો નથી, એટલું જ નહિં પરંતુ મહાત્મા ગજસુકુમાલજી અને શ્રીસ્કન્ધકમુનિના શિષ્યો પરમ અશાતાના સંજોગમાં અગ્નિ અને યન્ત્રપીડાને લીધે મહાવેદના સહેતા હતા, છતાં તેઓને કેવલજ્ઞાનની લક્ષ્મી પ્રાપ્ત થવામાં કંઈપણ ઓછાશ રહી નહિ, અગર વિલંબ રહ્યો નહિં. એટલે કહેવું જોઈએ કે ચાહે જેટલું તીવ્ર અશાતાવેદનીય હોય કે શાતાવેદનીય હોય પરંતુ તે જ્ઞાનની ઉત્પત્તિ, સ્થિતિ કે વૃદ્ધિને માટે તો અકિંચિત્કર જ છે. જ્ઞાનની ઉત્પત્તિ, વૃદ્ધિ અને સ્થિતિને માટે તો જો કોઈની પણ અપેક્ષા હોય તો માત્ર તે જ્ઞાનાવરણીયાદિના ક્ષય અને ક્ષયોપશમની જ અપેક્ષા છે, એવી જ રીતે આયુષ્ય લાંબુ હોવાથી જ્ઞાન વધારે હોતું નથી, તેમ આયુષ્ય ટુકું હોવાથી જ્ઞાન ઓછું હોતું નથી. શરીર સુંદર હોવાથી કે ખરાબ હોવાથી, મોટું હોવાથી કે નાનું હોવાથી, જ્ઞાનની ઉત્પત્તિ આદિને અંગે કોઈ પણ જાતની અધિકતા કે ન્યૂનતા થતી નથી અને તેથી જ સર્વગુણનિધાન એવા ભગવાન તીર્થંકર આદિના જેવાં કેવલજ્ઞાન આદિ છે, તેવાં જ કેવલજ્ઞાન આદિ કુબ્જ વિગેરે સંસ્થાનવાળા અને પરિમાણમાં નાના કૂર્માપુત્ર વિગેરેને પણ હોય છે. વળી ઈક્ષ્વાકુ આદિ ઉચ્ચતમ ગોત્રને પામેલા ભગવાન જિનેશ્વર આદિકને જેવાં કેવલજ્ઞાનાદિક હોય છે. તેવાં જ કેવલજ્ઞાનાદિક હરિબલ મચ્છી અને મેતાર્યમુનિ આદિ કે જેઓ નીચગોત્રમાં ઉત્પન્ન થયા, રહ્યા અને વધ્યા તેઓને પણ થયાં છે. આ બધું વિચારનાર સુજ્ઞમનુષ્યને સ્પષ્ટપણે માલમ પડશે કે વેદનીય, આયુષ્ય, નામ કે ગોત્રના ઓછાવત્તાપણાનો કે શુભઅશુભપણાનો કેવલજ્ઞાન આદિ લક્ષ્મી સાથે કોઈપણ જાતનો સંબંધ નથી, પરંતુ ઉપર જણાવ્યા પ્રમાણે કેવળજ્ઞાન આદિ લક્ષ્મીને ઉત્પન્ન થવા આદિનો સંબંધ જ્ઞાનાવરણીયાદિના ક્ષયોપશમ કે ક્ષયની સાથે રહેલો છે. જો કે દેવતા અને નારકીને અંગે અવધિજ્ઞાનનો સંબંધ તેના ભવને અંગે એટલે દેવગતિ અને નરકગતિ નામના કર્મની સાથે રહેલો છે. છતાં તે માત્ર તે તે ભવની વખતે તે તે જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ જરૂર થાય અને તેવી તે તે અવધિ અને વિભંગજ્ઞાન થાય એટલો જ નિયમ જણાવવા માટે છે, પરંતુ નારક અને દેવતાનો ભવ કર્મના ઉદયથી થવાવાળો હોઈને ઔદયિક હોવાથી તેઓના અવધિ કે વિભંગજ્ઞાનને ઔદયિક ગણાવી શકાય તેમ નથી, વળી જો કે મનુષ્યગતિ સિવાય બીજી દેવાદિક

કોઈપણ ગતિમાં કેવલજ્ઞાન થતું નથી અને સર્વકાળે જે કોઈ કેવલજ્ઞાનને પામ્યા, પામે છે, કે પામશે તે સર્વ મનુષ્યગતિના પ્રતાપે પામ્યા છે, પામે છે અને પામશે. એટલે કેવલજ્ઞાન તરફ મનુષ્યગતિરૂપી નામકર્મને કારણ તરીકે જોડવાનું મન દોરાય, પરંતુ તે કોઈપણ પ્રકારે યોગ્ય નથી. કારણકે જેમ ઉપર દેવતા, અને નારકીના ભવને અવધિ કે વિભંગ જ્ઞાનને રોકનારા કર્મોના ક્ષયોપશમની સાથે સમન્વિત કરવામાં આવ્યું હતું, તેવી જ રીતે કેવલ આદિની ઉત્પત્તિની સાથે પણ મનુષ્યભવને સમન્વિત કરવામાં કોઈપણ જાતનો બાધ નથી. માત્ર ફરક એ છે કે દેવતા અને નારકીના ભવો અવધિ અને વિભંગને ઉત્પન્ન કરવામાં નિયમિત જરૂરી કારણ બને છે, તેમ કેવલજ્ઞાનની ઉત્પત્તિમાં મનુષ્યભવ એ નિયમિત જરૂરી કારણ તરીકે બનતો નથી અને તેથી સર્વ દેવતા અને સર્વ નારકીઓ અવધિ કે વિભંગવાળા જરૂર હોય છે, તેમ સર્વ મનુષ્યો કંઈ કેવલજ્ઞાનાદિ લક્ષ્મીવાળા હોતા નથી. એટલે કેવલજ્ઞાનને અવધિ અને વિભંગની માફક ભવપ્રત્યયિક માનવાનો સંભવ રહેતો નથી. જો કે અવધિ અને વિભંગમાં પણ ભવ એ ક્ષયોપશમના કારણ તરીકે મનાયેલો છે, પરંતુ જ્ઞાનના કારણ તરીકે મનાયેલો નથી. અહિં મનુષ્યભવમાં તો નથી તો મનુષ્યભવ કેવલજ્ઞાનની ઉત્પત્તિના નિયમિત કારણ તરીકે અને નથી તો કેવલજ્ઞાનાવરણીયના નિયમિત ક્ષયના કારણ તરીકે. વળી અવધિ અને વિભંગ દેવતા અને નારકીના ભવ સિવાય મનુષ્ય અને તિર્યંચના ભવમાં હોતું નથી એમ નહિં, પરંતુ મનુષ્ય અને તિર્યંચના ભવમાં પણ તે હોય છે. જ્યારે કેવલજ્ઞાનની ઉત્પત્તિ તો મનુષ્યના ભવ સિવાય બીજા ભવમાં થતી નથી એ ચોક્કસ છે. એટલે મનુષ્યનો ભવ કેવલજ્ઞાનની ઉત્પત્તિના કારણભૂત કેવલજ્ઞાનાવરણીય કર્મના ક્ષયને કરાવનારો બને છતાં મનુષ્યભવને પણ સીધો કેવલજ્ઞાન સાથે નિયત સંબંધ છે એમ કહી શકાય નહિં. વળી મનુષ્યભવ સંપૂર્ણ થયા પછી સિદ્ધિગતિમાં જતા જીવોને મનુષ્ય ભવોનો કોઈપણ જાતનો પ્રભાવ નથી, છતાં ત્યાં સર્વ અનંતકાળને માટે કેવલજ્ઞાનની હયાતિ હોય છે. એટલે કહેવું જોઈએ કે કેવલજ્ઞાનની ઉત્પત્તિની સાથે કથંચિત્ કેવલજ્ઞાનાવરણીય કર્મના ક્ષયદ્વારાએ મનુષ્યભવનો સંબંધ હોય તો પણ કેવલજ્ઞાનની સ્થિતિને માટે તો મનુષ્યભવનો કોઈપણ જાતનો સંબંધ છે એમ કહી શકાય જ નહિં. આ બધી હકીકત વિચારવાથી સ્પષ્ટપણે સમજાશે કે વેદનીયાદિકર્મો આત્માના જ્ઞાનાદિકગુણોને કોઈપણ પ્રકારે રોકનારાં નથી, પરંતુ આત્માની જ્ઞાનાદિક ગુણોને રોકનારાં કેવલજ્ઞાનાવરણીયાદિ જ કર્મો છે, અને તેથી જ જ્ઞાનાવરણીયાદિ ચાર કર્મોને ઘાતિકર્મો તરીકે ગણવામાં આવે છે, જ્યારે વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર એ ચારને અઘાતિકર્મ તરીકે ગણવામાં આવે છે. તે ઘાતિકર્મનો નાશ કરવા માટે જો કે તપસ્યા એ કારણ બને છે, પરંતુ તે કેવલજ્ઞાનાદિની ઉત્પત્તિનું સીધું કે અનંતર કારણ તો નથી, તે બાહ્ય કે અભ્યંતર કોઈપણ પ્રકારની તપસ્યા આત્માની અંદર મોહની પરિણતિને ઓછી કરે અને તેથી આત્મા મોહનો ક્ષયોપશમ કે ક્ષય કરવાને માટે સમર્થ થઈ શકે એટલું જ માત્ર તપસ્યાનું તત્ત્વ છે અને તેથી જ મોહનીયકર્મનો ક્ષય કે જે ક્ષય જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અન્તરાયના ક્ષયમાં મૂળભૂત રહે છે તે ક્ષયને માટે મોહનીયકર્મના ક્ષય અને ક્ષયોપશમ અગર ઉપશમથી થતા પરિણામને આગળ કરવામાં આવે છે એટલે ચારિત્રની તીવ્રતા અને મંદતાની સાથે મોહનીયના ક્ષય આદિકનો જેવો સંબંધ રહે છે તેવો સંબંધ તપસ્યાની તીવ્રતા અને મંદતાની સાથે રહેતો નથી

અને તેથી જ જેમ તીવ્રતપસ્યા કરનાર ધમાજી સરખાને કેવલજ્ઞાનાદિ થયાં છે તેવી જ રીતે તપસ્યા નહિં કરી શકનાર કૂરગડુ આદિને થયાં છે. તત્ત્વથી ક્ષપકશ્રેણિ એ જ કેવલજ્ઞાનાદિનું અવિચલકારણ છે અને તે ચારિત્રરૂપ જ છે. એટલે ઘાતિકર્મના ક્ષયના કારણ તરીકે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણને ગણાવવામાં આવે છે અને ભગવાન્ ઉમાસ્વાતિ વાચકજી પણ તત્ત્વાર્થમાં सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः એમ કહીને મોક્ષના માર્ગને સમજાવતાં સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ ત્રણને જ સમજાવે છે. પરંતુ તપસ્યાને કારણ તરીકે ગણાવતા નથી. જો કે મોક્ષપ્રાપ્તિના કારણ તરીકે સર્વસંવર અને સર્વનિર્જરાની પહેલે નંબરે જરૂરીયાત છે અને તે સર્વનિર્જરાના કારણ તરીકે જો કોઈ હોય તો તે સર્વસંવર જ છે અને તે સર્વસંવર સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતિ નામના શુકલધ્યાનના ત્રીજા પાયા પછી વ્યુપરતક્રિયા અપ્રતિપાતિ નામના શુકલ ધ્યાનના ચોથા પાયારૂપ જે ધ્યાનરૂપ તે અભ્યંતર તપના પ્રતાપે જ થાય છે. પરંતુ મોક્ષ અને કેવલજ્ઞાન એ બન્ને વ્યભિચરિત પદાર્થો ન હોવાથી એટલે કેવલજ્ઞાન પામેલો કોઈપણ જીવ મોક્ષ ન પામે અને બીજી ગતિમાં જાય એવું બનતું ન હોવાથી કેવલજ્ઞાન સુધીનાં કારણોને ભગવાન્ ઉમાસ્વાતિ વાચકજીએ મોક્ષના માર્ગ તરીકે જણાવી सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः એમ કહેલું છે. એટલે મોક્ષની પ્રાપ્તિને માટે શુકલધ્યાનના ચોથા પાયા રૂપ ધ્યાન અને તે રૂપ તપની જરૂર ગણીએ, છતાં પણ જ્ઞાનાવરણીયાદિ ઘાતીકર્મના ક્ષયને માટે જો કોઈની પણ વિશેષ જરૂર હોય તો તે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની જ છે.

## ઘાતિકર્મના ક્ષય માટે શું કરાય ?

આ વસ્તુ જ્યારે સમજવામાં આવશે ત્યારે ભગવાન્ મહાવીર મહારાજા સરખા મહાત્માઓએ છદ્મસ્થપણામાં કેમ ઘોર તપસ્યા કરી? અને કેવલજ્ઞાન પછી બાહ્ય અનશનાદિક તપનું આચરણ કેમ ન કર્યું ? એનો ખુલાસો થઈ જશે. કેમકે તપસ્યા જે છદ્મસ્થપણામાં કરવામાં આવે છે તે મુખ્યત્વે ઘાતિકર્મના ક્ષયાદિને માટે હોય છે, અને કેવલિપણાની અવસ્થાની અંદર ઘાતિકર્મનો લેશ પણ હોતો નથી. તેથી નિષ્પન્ન થયેલા ઘટને અંગે જેમ દંડની પ્રવૃત્તિ નિરૂપયોગી થાય તેની માફક કેવલજ્ઞાન ઉત્પન્ન થયા પછી તપની નિરૂપયોગિતા થાય એમાં આશ્ચર્ય નથી જો કે ભગવાન્ ઋષભદેવજી વિગેરે મહાત્માઓએ નિર્વાણપ્રાપ્તિની વખતે અમુક અમુક દિવસો સુધી અશનાદિકનો ત્યાગ કરેલો છે, પરંતુ તે અશનાદિકનો ત્યાગ ઘાતિકર્મના ક્ષયાદિને ઉદેશીને નથી, તેમજ બીજા કોઈપણ કર્મના ક્ષયને ઉદેશીને ન જ હોય. માત્ર કેટલાક પુદ્ગલો તેવી રીતે ન લેવાથી લાગેલા પુદ્ગલોને છુટા કરવાની અનુકૂલતાને દેખીને જ કે તેવા પુદ્ગલોનો સંબંધ નહિં થવાનું જ્ઞાનથી દેખીનેજ તેઓએ તે અશનાદિકનો વ્યુચ્છેદ કરેલો છે. આ બધી હકીકત વિચારવાથી સ્પષ્ટપણે સમજી શકાશે કે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર જ અનંતરપણે કેવલજ્ઞાન અને મોક્ષના માર્ગ છે, તો તે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર એ બેને જુદા ક્ષેત્ર તરીકે ન ગણતાં એકલા સમ્યગ્જ્ઞાનને જુદા ક્ષેત્ર તરીકે કેમ ગણવામાં આવે છે ? વાસ્તવિકરીતિએ જોઈએ તો ઘાતિકર્મના ક્ષયનું પ્રબલ કારણ ચારિત્ર જ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન તો માત્ર તે સમ્યક્ચારિત્રના કારણો તરીકે ઉપયોગી છે અને તેથી જ સામાન્ય

મતિશ્રુતજ્ઞાનમાં પણ જઘન્ય અષ્ટપ્રવચનમાતાના જ્ઞાનવાળાને પણ અનંતર સમયે કેવલજ્ઞાન થવામાં અડચણ આવતી નથી અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળાને પણ અંતર્મુહૂર્તમાં પણ કેવલજ્ઞાન પામવામાં અડચણ આવતી નથી, પરંતુ ચારિત્રમોહનીયના ક્ષય સિવાય કોઈપણ પ્રકારે કેવલજ્ઞાન ઉત્પન્ન થઈ શકતું નથી. વળી ક્ષાયિક એવા યથાખ્યાત ચારિત્ર સિવાય કોઈ કેવલિ બનતું નથી. વળી યોગનો રોધ કરીને અયોગીપણાનું સર્વસંવર ચારિત્ર મેળવ્યા સિવાય કોઈપણ મોક્ષે જઈ શકતું નથી. માટે જો કોઈપણ વાસ્તવિક રીતિએ પરમસાધ્ય તરીકે જૈનશાસનમાં ટકી શકે અગર બીજા શાસનોથી જૈનશાસનની વિશિષ્ટતા દર્શાવી શકે તો તે માત્ર ચારિત્રરૂપી જ ગુણ છે. માટે તે ચારિત્રરૂપી ગુણને જ સાતમા ક્ષેત્ર તરીકે કેમ ન ગણવો? અર્થાત્ પરમ સાધનભૂત સમ્યગ્દર્શન અને પરમ સાધ્યરૂપ સમ્યગ્ચારિત્ર એ બે ગુણોને ક્ષેત્રરૂપ ન ગણતાં જ્ઞાનને જ ક્ષેત્રરૂપ કેમ ગણવામાં આવ્યું ?

## સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર કરતાં સમ્યગ્જ્ઞાનનામનું ક્ષેત્ર જુદું કેમ ?

આ બાબત સાંભળીને સુજ્ઞમનુષ્યો કોઈ પણ પ્રકારે શંકામાં પડીને કાંક્ષામોહનીયના ઉદયવાળા નહિં થાય, પરંતુ આટલી હકીકત જાણીને જ્ઞાનની વાસ્તવિક મહત્તા સમજીને સાત ક્ષેત્રમાં જ્ઞાનનું ક્ષેત્ર ગણવામાં આવ્યું છે તે વ્યાજબી છે એમ સમજશે. કારણ કે વીતરાગ વિગેરે પદાર્થો પોતાના આત્માને માટે અગર આત્માની અપેક્ષાએ ઉત્તમ હોવા છતાં તે વીતરાગપરમાત્મા વિગેરેની જે ક્ષેત્ર તરીકે ઉત્તમતા ગણવામાં આવેલી છે તે ભવ્યજીવોને સંસાર સમુદ્રથી પાર ઉતારવામાં પરમ કારણભૂત બનવાને લીધે જ છે, અને આજ કારણથી અરિહંત અને સિદ્ધ એવા ભેદો વીતરાગમાં નહિં પાડતાં વીતરાગ એવો જ માત્ર ક્ષેત્રનો ભેદ કહ્યો. વળી આચાર્ય-ઉપાધ્યાય-જિનકલ્પી-પ્રતિમાકલ્પી યથાલંદકલ્પી આદિ સાધુઓના ભેદો નહિં જણાવતાં એક જ સાધુ તરીકે ભેદ જણાવ્યો, વળી સાધુઓને અંગે જે જે વન્દન આદિ આરાધનાના ઉપાયો શાસ્ત્રોમાં કહેલા છે તે તે દરેક ઉપાયોને માટે સાધ્વીઓની ઉપલક્ષણથી જ ગણત્રી કરવામાં આવી છે. પંચપરમેષ્ઠિમાં પણ જો કે સાધ્વીઓ અમુકવર્ગને યથાવત વંદના આદિ કરવા લાયક શાસ્ત્રદ્વારાએ ગણાયેલી છે છતાં પણ **नमो लोए सव्वसाहुणीणं** એવો પાઠ રાખવામાં આવેલો નથી. અર્થાત્ શાસ્ત્રકારોએ સાધ્વીપદની ઉપલક્ષણથી જ સર્વત્ર ગણત્રી રાખેલી છે અને તેથી જ **नमो लोए सव्वसाहुणं** એકજ પદ રાખેલું છે અને તેવી જ રીતે શ્રી ભગવતીજીસૂત્ર વિગેરેમાં **समणोवासगस्स** એમ કહી શ્રાવકનું જ મુખ્યતાએ વિધાન કરી શ્રાવિકાનું વિધાન ઉપલક્ષણથી જ રાખેલું છે. (વર્તમાનકાળમાં ભાન ભૂલી જઈને કેટલાકો **निच्चं परदारगमणविरईओ०** વિગેરે પાઠો અને **परदारगमन०** વિગેરે પાઠોથી શ્રાવિકાઓનું ઉપલક્ષણ શાસ્ત્રકારોએ રાખેલું છતાં તેઓ તે પાઠોને પોતાની વિપરીત બુદ્ધિથી ફેરવવા માંગે છે કે ફેરવે છે તેઓ આગમોને સંસ્કૃતભાષામાં કરવા તૈયાર થયેલા આચાર્યના જેવા દંડને પામનાર ન બને તેમાં વર્તમાનકાળના સમુદાયની નબળાઈ સિવાય બીજું કાંઈ કારણ કહી શકાય નહિં). એટલે શાસ્ત્રોમાં ઉપલક્ષણથી લેવાયેલા આચાર્યાદિક છે અને તેવી રીતે સાધ્વી અને શ્રાવિકા પણ ઉપલક્ષણથી જ લેવાયેલા છે, છતાં અહિં સાત ક્ષેત્રના નિરૂપણ વખતે આચાર્યદિકનો ભેદ સ્પષ્ટ છતાં જતો કરવો પડે છે, અને સાધ્વી તથા શ્રાવિકાનો ભેદ ઉપલક્ષણ

અને ગૌણપણે લીધેલો હોવા છતાં મુખ્યપણે કહેવો પડે છે તેનું જો કોઈપણ કારણ હોય તો તે માત્ર એ જ હોઈ શકે કે આ ક્ષેત્રનો ઉપદેશ, વિભાગ, પ્રભાવ, કે ફળ જો કંઈપણ હોય તો તે માત્ર ભવ્યજીવોને સંસારસમુદ્રથી તારવાનું પરમસાધનભૂતપણું હોવાને લીધે જ છે, અને એ દૃષ્ટિએ જ્યારે વિચાર કરવામાં આવે ત્યારે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર કરતાં સમ્યગ્જ્ઞાનને અગ્રપદ આપવું જ જોઈએ અને તેને માટે જ્ઞાન નામનું ક્ષેત્ર જુદું કહેવું જ જોઈએ. એ વસ્તુ સુજ્ઞોના મગજમાં જરૂર આવશે અને તેથી જ્ઞાન નામના ક્ષેત્રની પૃથકતા અને વિશિષ્ટતા માટે કોઈપણ જાતની શંકા રહેશે નહિં, અને વીતરાગાદિ ક્ષેત્રોની માફક જ તે જ્ઞાન નામના ક્ષેત્રનું પણ આધારપણું, પોષ્યપણું અને પ્રભાવકપણું ગણવા માટે તૈયાર થશે.

## જ્ઞાનક્ષેત્રની આરાધનામાં આધારભૂત કોણ ?

આગળ જણાવ્યા પ્રમાણે જ્ઞાન નામના ક્ષેત્રની જરૂરીયાત અને ઉત્કૃષ્ટતા નિશ્ચિત થયા છતાં એટલું તો જરૂર વિચારવાનું રહે છે કે જ્ઞાન નામના ક્ષેત્રની આરાધના કરવાનો ઉપાય શો? કેમકે જ્ઞાનક્ષેત્રને આરાધવાને માટે જો સમ્યગ્જ્ઞાન અને યાવત્ કેવલજ્ઞાનના આધારને આરાધવાદ્વારાએ તે જ્ઞાનક્ષેત્રની આરાધના ગણવામાં આવે તો જગતભરમાં વીતરાગ પરમાત્મા અને ચતુર્વિધ શ્રીસંઘ સિવાય કોઈ પણ મતિજ્ઞાનાદિક સમ્યગ્જ્ઞાનનો આધારભૂત હોઈ શકે જ નહિં અને તેમની આરાધના કરવાદ્વારાએ જો જ્ઞાનક્ષેત્રની આરાધના થઈ જતી હોય તો જ્ઞાન નામના ક્ષેત્રને જે જુદું ગણવું તે માત્ર સંખ્યાની પૂર્તિ કરવા જેટલું થાય કેમકે જેમ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની આરાધના તે સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રના આધારભૂત શ્રીવીતરાગ પરમાત્મા અને શ્રીચતુર્વિધ સંઘની આરાધનાદ્વારાએ થાય. તેવી રીતે સમ્યગ્જ્ઞાન નામના ક્ષેત્રની આરાધના પણ તે સમ્યગ્જ્ઞાનના આધારભૂત શ્રીવીતરાગ પરમાત્મા અને શ્રીચતુર્વિધસંઘની આરાધનાદ્વારાએ થઈ જાય. આ વસ્તુને વિચારવાથી વિચારશીલ મનુષ્યને જરૂર એટલું તો માલુમ પડશે કે જ્ઞાન નામનું ક્ષેત્ર જુદું ગણાયેલું હોવાથી તેની આરાધના સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રરૂપી ગુણની આરાધનાની જેમ તેના આધારભૂત શ્રીવીતરાગ પરમાત્મા અને શ્રીચતુર્વિધસંઘની આરાધનાદ્વારાએ થાય છે. તેવી રીતે ન થતાં તે આધારભૂત વસ્તુ સિવાય બીજા કોઈક પદાર્થની આરાધનાદ્વારાએ જ્ઞાનક્ષેત્રની આરાધના થવી જોઈએ. વિચારશીલ મનુષ્યને એ વાત તો વિચારની બહાર નહિં હોય કે સમ્યગ્દર્શન કે સમ્યક્ચારિત્રને માટે કોઈ પણ જાતનો સાંકેતિક વ્યવહાર પ્રવર્તેલો નથી, પરંતુ સાંકેતિકવ્યવહાર જો કોઈપણ ગુણને માટે પ્રવર્ત્તેલો હોય તો તે માત્ર જ્ઞાનગુણને માટે જ છે.

## આચાર અને આરાધનાના વિષયમાં પાંચ જ્ઞાન પૈકી કયું જ્ઞાન ?...

જૈનજનતામાં એ વાત પણ જાણીતી છે કે જૈનશાસનમાં જ્ઞાનશબ્દથી જો કે પાંચ જ્ઞાનો લેવામાં આવે છે, પરંતુ આચાર અને ક્ષેત્રદ્વારાએ આરાધનાના વિષયમાં મતિ-અવધિ-મનઃપર્યવ અને કેવલ એ ચાર જ્ઞાનને એટલો બધો સંબંધ રહેતો નથી કે જેટલો સંબંધ આચાર અને આરાધનાના વિષયમાં શ્રુતજ્ઞાનને રહે છે. જૈનજનતાનો કોઈ પણ મનુષ્ય જ્ઞાનાચારના કાળ-વિનય-આદિ આઠ ભેદોને નહિં જાણતો હોય એમ માનવાનો સંભવ ઓછો છે અને તે કાળ-વિનયાદિક આચારો મતિ-અવધિ-મનઃપર્યવ અને કેવલની સાથે સંબંધ ન રાખતાં માત્ર શ્રુતજ્ઞાનની સાથે જ સંબંધ રાખે છે. એટલે જો કે તે આચારનું નામ જ્ઞાનાચાર કહેવાય છે, પરંતુ તે જ્ઞાનાચારના નામે શ્રુતજ્ઞાનના આચારો જ લેવામાં આવે છે. એટલે જેમ આચારના વિષયમાં વ્યાપક એવો જ્ઞાનશબ્દ લેવામાં આવ્યા છતાં શ્રુતજ્ઞાન જ મુખ્ય

ઉદ્દેશ્ય તરીકે રાખવામાં આવે છે તેવી જ રીતે વીતરાગ પરમાત્માદિક સાત ક્ષેત્રોની અંદર જો કે જ્ઞાન નામનું ક્ષેત્ર સામાન્ય જ્ઞાનનામથી જ ગણવામાં આવેલું છે તો પણ મુખ્યતાએ શ્રુતજ્ઞાન નામનું જ ક્ષેત્ર આરાધવામાં લેવું પડે એટલે આચાર અને આરાધના બન્નેના વિષયમાં સામાન્ય રીતે જ્ઞાનશબ્દ વપરાય છે, છતાં પણ તે જ્ઞાનનો આચાર અને તેની આરાધના શ્રુતજ્ઞાનના આચાર પાળવા અને શ્રુતજ્ઞાનની આરાધના દ્વારાએ જ થાય છે. શાસ્ત્રકારો પણ જ્ઞાનને દેવા લેવા જેવા વ્યવહારિક વિષયમાં મતિ-અવધિ-મનઃપર્યવ અને કેવલ એ ચાર જ્ઞાનોને ગ્રહણ કરવું, સ્થિર કરવું, અને અન્યને અર્પણ કરવું, અને વ્યાખ્યાના વિષયમાં લેવું એ ચાર બાબતમાં નિરૂપયોગી ગણીને તેને એક બાજુ રાખવાને લાયક ગણીને એક બાજુ રાખે છે, પરંતુ દેવા લાયક, સ્થિર કરવા લાયક, લેવા લાયક અને વ્યાખ્યા કરવા લાયક જો કોઈ પણ જ્ઞાન હોય તો તે શ્રુતજ્ઞાન જ છે એમ સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે. એટલે આચાર આરાધના અને વ્યવહારના વિષયમાં અન્ય મતિ આદિ જ્ઞાનો સમ્યગ્જ્ઞાનો છતાં પણ ઉપયોગી નથી થતાં, પરંતુ શ્રી શ્રુતજ્ઞાન નામનું સમ્યગ્જ્ઞાન તે જ માત્ર આચાર, આરાધના અને વ્યવહારના વિષયમાં ઉપયોગી થાય છે, એટલે હવે સ્પષ્ટ સમજાશે કે જ્ઞાન નામનું ક્ષેત્ર જે આરાધવા અને પોષવા માટે ગણવામાં આવેલું છે તે મુખ્યતાએ શ્રુતજ્ઞાનની અપેક્ષાએ જ આરાધનાને પુષ્ટિને લઈને ગણવામાં આવેલું છે.

### જ્ઞાનક્ષેત્રની આરાધના સંજ્ઞાક્ષરની સ્થાપનારૂપી પુસ્તકો દ્વારાએ જ.

જગતના વ્યવહારને જાણનારા મનુષ્યો પણ સમજી શકે તેમ છે કે અક્ષરદ્વારાએ જગતમાં સર્વશાસ્ત્રીય અને અશાસ્ત્રીય જ્ઞાનનો વ્યવહાર થાય છે. મતિ-અવધિ-મનઃપર્યવ અને કેવલ સરખા સમ્યગ્જ્ઞાનોનો પણ વ્યવહાર તો અક્ષરરૂપી શ્રુતદ્વારાએ જ કરવામાં આવે છે, તેમ સમજાવાય છે અને પ્રવર્તે છે અને મતિ આદિ જ્ઞાનોની અંદર કોઈપણ જ્ઞાનમાં વાચક અક્ષરજ્ઞાન નામનો ભેદ લેવામાં આવતો નથી. અક્ષરજ્ઞાન નામનો ભેદ જો કોઈમાં પણ લેવામાં આવતો હોય તો તે માત્ર શ્રુતજ્ઞાનની અંદર જ છે. એટલુંજ નહિ પરંતુ લબ્ધિ-વ્યંજન અને સંજ્ઞા એવા નામના અક્ષરના ત્રણ ભેદો જે કહેવામાં આવે છે તે પણ શ્રુતજ્ઞાનને ઉદ્દેશીને જ છે અને સંજ્ઞાઅક્ષરદ્વારાએ જ વ્યંજન અને લબ્ધ્યક્ષરની જીવનશક્તિ મુખ્યતાએ પ્રવર્ત્તે છે. એટલે સ્પષ્ટ થયું કે જ્ઞાનક્ષેત્રની આરાધનામાં જ્ઞાનના આધારભૂત એવા ક્ષેત્રની આરાધનાને મુખ્યસ્થાન આપવામાં આવ્યું નથી, પરંતુ તેની આરાધનામાં શ્રુતજ્ઞાનને અને તેમાં પણ અક્ષરજ્ઞાનને અને તેમાં પણ સંજ્ઞાક્ષરને મુખ્યતાએ સ્થાન આપવામાં આવેલું છે. એટલે જ્ઞાનક્ષેત્રની આરાધના કરનારા મહાનુભાવોને સંજ્ઞાક્ષરની સ્થાપનારૂપી પુસ્તકોની આરાધના અને તેની પુષ્ટિદ્વારાએ જ જ્ઞાનક્ષેત્રની આરાધના કરવાની રહે છે.

### અનેક પ્રકારના શ્રુતજ્ઞાનમાં આરાધ્ય કયું ?

આગળ જણાવ્યા પ્રમાણે જ્ઞાન નામનું ક્ષેત્ર જણાવેલી અપેક્ષાએ સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની માફક આધારદ્વારાએ આરાધનીય ન ગણાતાં પૃથક આરાધવા લાયક ગણાવ્યું છે, વળી જ્ઞાનશબ્દથી પાંચે જ્ઞાનો ગણાય અને તે બધાં આરાધ્ય ગણાયેલાં પણ છે, છતાં શાસનની ઉત્પત્તિ, સ્થિતિ અને વર્ત્તનની સાથે શ્રીસંઘને મોક્ષનો માર્ગ બતાવનાર અને મેળવી આપનાર શ્રી શ્રુતજ્ઞાન હોવાને લીધે શ્રુતજ્ઞાનને જ જ્ઞાનના ક્ષેત્ર તરીકે આરાધ્ય ગણવામાં આવ્યું છે અને તેમાં શ્રુતજ્ઞાન અનેક પ્રકારનું છતાં સંજ્ઞાક્ષર એટલે લીપીરૂપ લખેલ અક્ષરરૂપી શ્રુતજ્ઞાનને આરાધવાનું કરવા માટે ઉપાસનીય ગણવામાં આવ્યું છે. (અપૂર્ણ)

(અનુસંધાન પેજ - ૪૪૯)

(અનુસંધાન પાનું ૩૯૨ નું ચાલુ)

સુધી તમાસોઃ વ્યવસ્થિત હોય ત્યારે નાટક! નાટક ભજવનારાને કહો કે - તમારા બાપના, તમારી માતા, બહેન અને બેટીઓનાં નાટક રંગભૂમિ ઉપર રજૂ કર્યા? તમારા સંબંધીઓને નાટકના માંચડે ઝળકાવો નહિ ત્યાં સુધી પરમેશ્વરી પ્રવ્રજ્યાભાગવતી દીક્ષાને શા માટે રજુ કરવાની ખાનદાની બતાવો છો? તમારા માબાપો વગેરે જે રૂપમાં હોય તે રૂપમાં તેમને રંગભૂમિ ઉપર રોશનીમાં લાવવામાં ચમકો છો કેમ ? તમારા માબાપ, બહેન, બેટી, થિયેટર ઉપર રજુ થાય તે તમને ગમતું નથી? જો ગમતું હોય તો તે વાતને તાળી પૂર્વક વધાવી લેવી જોઈએ. પણ તેમને ત્યાં ખડા કરવાને બદલે ત્રણ લોકના નાથને થિયેટર ઉપર રજુ કરવા ઉચ્છૃંખલ બનો તે ક્યો આસ્તિક જૈન સાંખી શકશે? ભગવાનનો માર્ગ કઈ દશાનો ? નાટક કઈ દશાનું ? આજથી અમુક વર્ષો ઉપર ભજવવા માટે નેમનાથ-રાજેમતિનું નાટક તૈયાર કરવામાં આવ્યું હતું. તેમાં કશી ન્યૂનતા ન હોતી હાંસી મશ્કરીને સ્થાન નહોતું, જૈનધર્મને વગોવવાનો તેમાં ઉદેશ પણ નહોતો, છતાં તે ભજવવા દેવામાં નહોતું આવ્યું. જેમાં પાત્રોનું શ્રેષ્ઠત્વ સિદ્ધ કરવાનું હતું તે જો વસ્તુની વાસ્તવિક ઉત્તમતા અખંડ રાખવા પામરોથી ભજવી ન શકાય તો પછી આજે જે દીક્ષાનું નાટક ભજવવાનું જાહેર થયું છે તેની તો દાનત જૈનદર્શનના સિદ્ધાંતનું હલકાપણું દેખાડવાની ખુલ્લી છે. જૈનોના દેવ, ગુરૂ, અને ધર્મ નાટકીયા નથી. નાટકથી અલિપ્ત રહેવાનું માનનારા જૈનો પાસે દીક્ષાનું નાટક ભજવાય એ શું ? નાટકમાં દેવ, ગુરૂ ધર્મના વિષયને જૈન બચ્ચો તો કદી પસંદ કરી શકે નહિં.

### મગનલાલ કલ્યાણજીની લાયકતા કેટલી ?

મગનલાલ કલ્યાણજી કહે છે કે હું નાટક જોઈ ગયો છું તેમાં મને વાંધા જેવું લાગતું નથી. પહેલો તો પ્રશ્ન એ છે કે તેને શું ધર્મપ્રેમી જૈન કોમે મોકલ્યો હતો ? યોગ્યાયોગ્યતાનો વિચાર કરવાની તે લાયકાત ધરાવે છે ? જૈનદર્શનના દેવ, ગુરૂ, અને ધર્મ નાટકીયા બની શકે એમ માને છે? નાટકનાં સ્વરૂપને હજી જૈનો સમજી શકે છે. જો નાટકથી જગતને ફાયદો થતો હોત તો શ્રીઋષભદેવજી ભગવાનથી માંડીને અત્યાર સુધીના ત્યાગીઓએ દીક્ષાનું આચરણ તથા તેવો ઉપદેશ કર્યો અને નાટકનો રીવાજ ન કર્યો તે ભૂલ ગણાશે! નાટકની રંગભૂમિથી જ જો જગતને દેવ, ગુરૂ, ધર્મ બતાવાતા હોત તો તો તે ત્યાગીઓએ તેમ ન કરતાં પોતે દીક્ષા લઈને ઉપદેશ કર્યો તે પોતાના પગે કુહાડો માર્યો એમ જ ગણાય ! કે બીજું કંઈ ?

### જૈનો દીક્ષાના નાટકનો પ્રતિકાર કર્યા સિવાય રહી શકે જ નહિં.

શ્રીતીર્થંકરદેવ તેમજ અન્ય ચરમશરીરી આત્માઓ તે જ ભવમાં મોક્ષે જવાના છે; મોક્ષ મળવાનો છે એ વાત તેમને માટે નક્કી હતી, છતાં એમણે દીક્ષા લીધી છે. પરંતુ કોઈપણ જિનેશ્વરે! જગતને ઉપદેશવા નાટક બતાવવાનો માર્ગ લીધો નથી. જો નાટકથી જ જગતને ઠેકાણે લાવી શકાતું

હોત કે કલ્યાણ થતું હોત તો તેમણે લીધેલી દીક્ષાને નકામી ગણવી પડશે. કેમકે તરત જગતને તેમણે નાટક બતાવવું જોઈતું હતું. નમુત્થુણંમાં धम्मदेसयाणं (ધર્મના દેશકો) એટલું જ કહેવાથી ગણધરોએ અને ઈંદ્રોએ સંતોષ ન પકડયો, જેઓ પોતે ધર્મ આચરે નહિ તેવા ધર્મદેશકોને જૈનશાસનમાં સ્થાન નથી, માટે આગળ વધીને धम्मनायगाणं કહ્યું. અર્થાત્ 'ધર્મના નાયકોને નમસ્કાર' એમ કહ્યું. કેવલ વેષ ધારણ કર્યો હોત છતાં વર્તન ન હોય તો જૈનદર્શન તેને માનવા તૈયાર નથી પાસત્થા, યથાછંદા, કુશીલીયા આદિને નથી માનતા શા માટે ? તેઓ ઘરબાર વગરના ભલે હોય, કુટુંબાદિક તજેલાં હોય, પણ આચરણ ન હોય તેથી તો તેને માનવામાં આવતા નથી. તેવાઓનો ઉપદેશ શ્રવણ કરવાની પણ મનાઈ છે. જેઓ પોતે ત્યાગી હોય તથા ઉપદેશ પણ ત્યાગનો આપતા હોય તેનો જ ઉપદેશ પણ શ્રવણ કરવાનો છે. જ્યારે શાસનમાં આ પરિસ્થિતિ છે ત્યારે આવા નાટકીયાનાં વચનો સાંભળવા જૈનકોમ શું તૈયાર થશે ? આ ટોળકીમાં ભૈયા, તરગાળા, ઘાંચી, મુસલમાન વગેરે ઘણા હોય છે. આવા નાટકીયાઓ આ રસ્તો લે તો અણસમજુ વર્ગ કયે રસ્તે દોરાશે ? જૈનો દીક્ષાના નાટકનો પ્રતિકાર કર્યા સિવાય રહી શકે નહિ. શ્રીતીર્થંકરદેવની મૂર્તિ પણ બીજા લેબાસમાં હોય, શસ્ત્રવાળી કે સ્ત્રીસંગવાળી હોય તો માન્ય નથી, પૂજ્ય નથી. ગુરૂમાં પણ પ્રથમ તમારા શુદ્ધગુરુ હોય પણ પાછળથી બીજા મતમાં ચાલ્યા જાય તો તમે જૈન વેષ ધારણ કરતા હોય તો પણ માનવા તૈયાર છો? એક આચાર કે વેષના પલટા માત્રથી દેવની મૂર્તિને તથા ગુરુને ન મનાય તો દેવ, ગુરુ, ધર્મનો ઠઠ્ઠો ઉડાવનારા તઈતંબોળીનાં નાટક ભજવાતાં તમે કેમ જોઇ શકશો ? તમે જો જૈન હો તો તે જોવાનું ન બની શકે.

**મોક્ષપ્રદાયક દીક્ષાની નાટકથી ઠેકડી કરનારા, કરાવનારા પક્કા બદમાશ-ગુન્હેગારો છે.**

તમારા નામની સહી કોઇ બનાવટી કરે તો તમે શું ચૂપ રહો? તમારા અક્ષર મુજબ મરોડ કાઢી બનાવટી અક્ષરો કોઈ લખે તો ચલાવી લ્યો ખરા? બનાવટી દસ્તાવેજ ઉભો કરનારને પોલીસમાં ઘસડો છો કે નહિ? દેવ, ગુરુ, અને ધર્મને માટે બનાવટી નાટક ઉભું કરનાર, દુનિયાથી, સરકારથી તથા ધર્મથી ગુન્હેગાર કેમ ન ગણાય? જ્યારે ચોર અને જુગારીની ટોળીમાં ભળનાર, મનુષ્ય ગુન્હામાં ન જાણતો હોય તો પણ તેને ઝાંઝરીયાં પહેરવાં પડે છે ત્યારે આવાં ધતીંગો ઉભાં કરનારા ધાંધલીયાઓને ગુન્હેગાર કેમ ન ગણવા જોઈએ ? નાટક જૈનો માટે અનર્થદંડ ગણી વર્જ્ય ગણેલ છે. બાલબચ્ચાનું પોષણ પણ જો કે દંડ છે છતાં તે અર્થ દંડ છે, જ્યારે નાટક તો અનર્થદંડ છે. કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરમહારાજા નાટકાદિ નિરીક્ષણને અનર્થ દંડ કહે છે. જ્યારે નાટક વસ્તુ જ અનર્થ દંડ છે ત્યારે તેમાં વળી દેવ, ગુરુ ધર્મને નાટકીયા તરીકે દાખલ કરવામાં આવે ત્યારે તો અનર્થ દંડમાં બાકી શી રહી ? તમારા વડીલનો કોઈ વેષ કાઢે તો તમને કેવું લાગે ? કાળજે કેવું થાય ? મગજમાં

તુલના તો કરો ! જ્યારે તમારા વડવા દુન્યવી સંબંધી માટે કૃત્રિમ વેષને સહન ન કરો, સહન ન કરી શકો તો ત્રણલોકના નાથના વેષને જેઓ રજુ કરે, તેઓને કેમ સાંખો ? સારા રૂપમાં પણ જે વેષ રજુ ન થઈ શકે તેને બદલે બદદાનતથી ખરાબ વેષમાં રજુ કરવામાં આવે ત્યાં જૈનથી ચૂપકીદી પકડી શકાય શી રીતે ? જૈન સપુત તો મૌન પણ રહી શકે જ નહિં. ખબર ન પડે ત્યાં સુધીની વાત જુદી છે. પણ વાતની જાણ થયા પછી કેમ મૌન? વડીલોના નાટકમાં લાગણી ખીંચાય તેનું કારણ કે ત્યાં વડીલોમાં મજીઠનો રંગ છે, ભગવાનના માર્ગ તરફ હલદરનો રંગ પણ નથીને ? નહિં તો હજારોની સંખ્યાના જૈનો નાટકને ધોઈ નાંખવા બસ છે. તોફાનની જરૂર નથી. ધસારો બસ છે. માત્ર ન્યાયપુરઃસરના ધસારાથી તાકાત નથી કે કોઇ તે નાટક ભજવી શકે. પણ ભાવના ધર્મની માલીકીની જોઇએ. ભાડુતી ભાવના નકામી છે. જૈનશાસન મારું એ ભાવના છે ? તમારા ઘરની કોઇ ઉત્તમચીજને કોઇ હલકા રૂપમાં વેચવા તૈયાર થાય તો વેચવા દેશો ? તમારો ઉત્તમ માર્કો (છાપ) લગાડીને હલકો માલ વેચનારો પકડાય છે, તો બેડીથી જકડાય છે. જગતમાં સાધુપણું ઉત્તમમાં ઉત્તમ છે. એના આધારે અનંતા જીવો મોક્ષે ગયા છે તે સાધુતાને નાટકના રૂપમાં દાખલ કરવામાં આવે તેનો અર્થ શો ?

**ઘાઘરી પહેરનારાઓ પાસે દુનિયાને દેવ, ગુરુ અને ધર્મનાં ફારસો જોવા દેવાં છે ?**

શ્રાવકનો દીકરો નાટકીયો થાય તે પણ પાલવે નહિં તો પછી તીર્થંકરદેવે, ગણધરભગવાને, ચક્રીઓએ આદરપૂર્વક અંગીકાર કરેલો સાધુ વેષ નાટકમાં દાખલ થાય તેનો અર્થ શો ? દીક્ષા, જિનપૂજા, તીર્થસેવા, દેશવિરતિ, સમ્યક્ત્વ એ તમામ ધર્માનુષ્ઠાન સાધ્ય છે. એમાંની એક પણ ચીજ નાટકમાં ગોઠવાય શી રીતે ? સારા મનુષ્યનું પ્રહસન (ફારસ) કરે તો સારો મનુષ્ય દેખી શકે? તો ત્રણ જગત્‌ના નાથની દીક્ષાનું નાટક સજ્જનો જોઇ શકે કેમ ? દીક્ષા એ ચીજ દેખાવની નથી. હીરા માણેક મોતી તો દેખાવનાં છે. છતાં બારીકાઈથી એના ગુણ દોષ તપાસો છો. મોતીને બદલે કોઇ કલ્ચર આપી દે, હીરા માણેકને બદલે ઇમીટેશન આપી દે, તો સામાને પોલીસને સોંપો છો કે નહિં ? જેને ભગવાન કહો, તારક માનો, તેમનું તથા તેમની દીક્ષાનું નાટક ? દીક્ષા એ આત્માની ચીજ છે, તેનું સ્થાન ભવાઇયાઓ, તરગાળાઓ, નાચનારાઓ, ઘાઘરી પહેરનારાઓ, નખરાં અને ચાળા ચટકા કરનારાઓ નાટકમાં દાખલ કરે અને તે તમે શી રીતે જોયા કરો ? કેમ તમે તેમ થવા દો ? આત્માની ચીજ ઉત્તમ બનાવવી હોય તો દીક્ષા લઇ શકો છો, દીપાવી શકો છો. પણ ભજવવું, અને ભજવાય તે જોયા કરવું એ કોણે કહ્યું ?

**સતીપણાંના શાસ્ત્રો લખવા માટે શું વેશ્યાને અધિકારિણી બનાવવી છે ?**

આવા અયોગ્યો એમ કહે છે કે - 'અમે અયોગ્યદીક્ષાને વખોડીએ છીએ, પરંતુ જે મનુષ્ય કોઇને સુકા રોટલાનો ટુકડો પણ આપતો નથી, તે

મનુષ્ય ખોરૂં તેલ પણ આપનાર એવા અન્યને પણ શી રીતે વખોડી શકે ? તમને બીજાની દીક્ષા અયોગ્ય લાગતી હોય તો તમે યોગ્ય લાગે તેવી દીક્ષા લ્યો ! તેમાં કોણ રોકે છે ? વેશ્યા સતીને અસતી કહેવા નીકળે છે ? અભક્ષ્યનું ભક્ષણ કરનારા, અપેયનું પાન કરનારા; બીડી દારૂ વગેરે અનેક વ્યસનોથી ભરેલાઓ, નાટકથી પરીક્ષા કરાવવા તૈયાર થાય એ તો સતીની પરીક્ષા કરવા વેશ્યાને ઉતારવા જેવું છે એમ નથી લાગતું ? કુલવધૂ પોતાના ભાઈ કે બાપ સાથે વાત કરે અને તેને વેશ્યા સ્ત્રી કહે કે - 'તું લુચ્ચી છે' એ શું શોભે? એવી વેશ્યાએ દીધેલા ખોટા આરોપને કયો સમજુ માનશે ? સતીપણાનાં શાસ્ત્રો લખવા માટે શું વેશ્યાને અધિકારિણી બનાવવી છે ? સતી માટે એક પણ સારું વાક્ય બોલતાં વેશ્યાનું તો કાળજું કંપશે બીજી રીતે ધર્મથી ભ્રષ્ટ ઉચ્છ્રૃંખલો સાધુ માટે કે દીક્ષા માટે સારું બોલવાના શી રીતે ? તેઓના મતે એક પણ દીક્ષા યોગ્ય નથી લાગવાની તેમને તો પોતાની ગુલામીની દીક્ષા જ યોગ્ય લાગે છે. એમના રિવાજ મુજબની ગુલામીની એક દીક્ષા ભાયખલામાં થઈ પણ ખરી આ નાટકની બાબતમાં, સામાન્ય જનકથન જો સાચું હોય તો તે વર્ગ પણ આ નાટકથી એક સરખો વિરૂદ્ધ છે. તે વર્ગનો પણ આગેવાન આમાં ભળેલો હોય તેમ સાંભળવામાં નથી. આગમને પોથાં થોથાં માનનારાઓ પણ આવા કાર્યથી વિરૂદ્ધ છે. તો પછી આવું ધતીંગ ઉભું કરનારાએ ટુંક ભંડાળીયા કઈ સ્થિતિના હોવા જોઈએ ? જે વર્ગને અંગે વહેમ લઈ જવાય, તમને વહેમ લાગતો હોય, તેવાઓ પણ કહે છે કે ધર્મને માટે આ નાટક થાય તે તો અયોગ્ય જ બને છે. નાટક કેટલી હલકી ચીજ છે ! કોઈને નાટકીયો કહો તો ખરા ! જો નાટકીયો કહેવા માત્રથી રોષ ઉત્પન્ન થાય તો દેવ ગુરુ અને ધર્મ સંબંધી નાટક ભજવવા દઈ દેવ ગુરુ ધર્મને શું નાટકીયા કહેરાવવા છે ?

'હેં ! ....... શું કરીએ !' ........ એમ બોલવું તો ત્રીજા વેદવાળાને શોભે ! .....

જેઓ નાટક કરવા બહાર પડ્યા છે તેમને પૂછો કે તારા માબાપની છબી લઈ તેમના ઉપર ભંગીનો ટોપલો રાખી બજારમાં મૂકીએ તો તમને વાંધો નથીને ? જો તેમાં વાંધો છે તો ત્રણલોકને 'માન્ય થનારાઓ તથા તેમની દીક્ષાને ખોટારૂપમાં રજુ કરે તે કેમ ન લાગે ? સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા સર્વને આરાધવા લાયક દીક્ષા છે. એવી ઉત્તમમાં ઉત્તમ ચીજને નાટકના રૂપમાં મૂકવામાં આવે છે તે શું જોયા કરવું છે ! 'હેં ! હેં ! શું કરીએ ? ' આ શબ્દો બે વેદવાળાને તો શોભતા નથી. ત્રીજા વેદવાળાને જ શોભે ! માબાપ કે સંબંધીને અંગે આવું કાંઈ બને તો પહેલા વેદવાળા (મરદ) છો તો શું દેવગુરુ અને ધર્મ વખતે ત્રીજા વેદવાળા થવું છે ? વગર ઉદ્યમે કાર્ય સિદ્ધિ તો ત્રીજા વેદવાળાને પણ ન શોભે.

રામચંદ્રજી વૈકુંઠમાં જવા લાગ્યા ત્યારે તેમણે ઢંઢેરો પીટયો કે જેને વૈકુંઠમાં આવવું હોય તે તૈયાર થઈને આવજો. ગામમાં જેઓ પુરુષાર્થવાળા હતા તેઓ કહેવા લાગ્યા કે 'રામચંદ્રજી શું વૈકુંઠમાં લઈ

જવાના હતા ? અમે અમારી જાતે જઈશું !' એક પણ પુરુષ કે સ્ત્રી, વૈકુંઠ જવાને માટે બીછાવેલી જાજમ ઉપર જઈને બેઠા હતા નહિં. માત્ર ત્રીજા વેદવાળા જ આવીને બેઠા હતા, તેમને જોઈને રામચંદ્રજીએ કહ્યું કે - 'તમારું ત્યાં કામ નથી !' પણ પેલા શાના ઉઠે ? પુરુષાર્થવાળા તો મેણાનાં માર્યાએ ઉઠે, પણ ત્રીજા વેદવાળા તો ઉઠે શી રીતે? ત્યારે રામચંદ્રજીને કહેવું પડ્યું કે "તમે જાઓ ! તમે તો કળીયુગમાં રાજા મહારાજા, ધનવાનો, અમીર અને ઉમરાવો થજો !! 'શું કરીએ !' એ શબ્દ શ્રીમાન્ રાજામહારાજામાં લાગુ રહ્યો. જૈનધર્મની જરા પણ લાગણી હોય તો 'શું કરીએ!' એ બોલાય જ કેમ ? આ નાલાયકોનો ઉદ્દેશ જગતમાં દીક્ષાને તથા જૈનદર્શનને હલકાં બતાવવાનો છે. એવા અધમ ઉદ્દેશને શું પ્રવર્તવા કે ફલવા દેશો ? દેવ ગુરુ ધર્મનું નાટક ઉત્તમ તરીકે પણ થવા ન દેવાય તેવું છે; અસહ્ય છે, કેમકે નાટક જ હલકી વસ્તુ છે.

## ગર્ભવતી સાધ્વીનું દૃશ્ય જોઈ શ્રેણિકે કરેલા વર્ત્તનમાં શું ઉદ્દેશ હતો ?

દીક્ષા એ ચતુર્વિધ સંઘને પૂજ્ય છે, સેવ્ય છે, માન્ય છે, આરાધ્ય છે, આદરણીય છે, તેને હાંસીપાત્ર બનાવવાનો પ્રયત્ન થાય તે શું ચલાવી લેવો છે ? શાસનના સાચા સેવક વિદ્યમાન હતા તે વખતે અપરાધી દ્વારાએ પણ શાસનની હાંસી થવા દેવામાં આવતી ન હોતી. શ્રેણિક મહારાજા ક્ષાયિક સમકિતી હતા. તેમની પરીક્ષા કરવા દેવતા સાધ્વીનું રૂપ લઈને આવેલો છે. ગર્ભ રહ્યાનો દેખાવ કરેલો છે. શ્રેણિકરાજા આ માયા છે એમ જાણતા નથી. સાચારૂપે જ ગર્ભવાળી સાધ્વી છે એમ જાણે છે - માને છે - જુએ છે. આ દૃષ્ટાંતથી આવાને માનવા કે પૂજવાનું કહેવામાં આવતું નથી હો. શ્રેણિક મહારાજાએ ઉપાલંભ આપ્યો, પણ તેની સુવાવડ કરવાનું પોતે જ સ્વીકાર્યું. એ શું સૂચવે છે? શાસનની જગતમાં હાંસી ન થવા દેવી એ જ ધ્યેય હતુંને ! જો કે બાહ્યથી સાધ્વી અપરાધી છે છતાં બીજો તે જાણે તો ધર્મથી પતિત થાય, માટે તેમ ન થવા દેવું એ જ ઉદ્દેશ ત્યાં હતો. તેને જાહેરમાં રાખવી નહિં તેમ સાધ્વી તરીકે માનવી નહિં, એ બેય મુદ્દા તેમની માન્યતામાં હતા. શ્રેણિકમહારાજા દૂષિતોને માનવા તૈયાર નહોતા, પણ તેમનાં નામે શાસનની ખરાબી ન દેખાય તે માટે પણ તૈયાર હતા.

## વાવટાને કદી ધૂળમાં ન રગદોળવા દેવાય !

દક્ષિણ આફ્રીકાના યુદ્ધ પ્રસંગે ત્રીસ હજાર મનુષ્યનું લશ્કર બસ છે એમ માનનાર અમલદાર ભૂલ ખાઇ ગયો હતો, કેમકે તેટલું લશ્કર તો ત્યાં ચટણી મીસાલ હતું. તે વખતે ચેમ્બર લઈને ભૂલ સુધારી તે કોઈના કહેવા માટે નહિં, પણ બ્રીટીશ વાવટા ખાતર તેણે તનતોડ મહેનત કરી, તથા બીજું લશ્કર આપી બુલરને મોકલ્યો, સામાન્ય મનુષ્યની ભૂલ ખાતર કાંઇ સમજુઓ વાવટાને ધૂળમાં નથી રગદોળતા. આ નાટકીયાઓ તો બનાવટી ભૂલ દેખાડવા તૈયાર થયા છે. પણ માનો કે એક વખત થતી દીક્ષાઓમાં અમુક અંશે અયોગ્યપણાનું તત્ત્વ હોય પણ અને તેટલી ભૂલ સાચી પણ હોય, પણ

તેટલા માટે જૈનશાસનનો વાવટો ધૂળમાં રગદોળવાનું કામ થાય જ નહિ.

**દીક્ષા અયોગ્ય હોતી જ નથી !**

દીક્ષા અયોગ્ય હોતી જ નથી. એક મનુષ્ય કસાઈ છે પણ શાહુકારીમાં, નીતિમાં, સદાચારમાં પ્રથમ દરજ્જે છે. પૈસા ટકામાં તમે તેને ત્યાં કંઈ ભૂલી ગયા હો તો તરત ઘેર પહોંચાડે, તમારી બેન બેટી ભૂલી પડી ગઈ હોય તો તેને પોતાની બેન બેટી માની સન્માનથી સાચવી ઈજ્જત ભેર તમારે ઘેર મૂકી જાય, તો તમારાથી તેની શાહુકારી કે નીતિ માટે શું બોલાશે ? કહેવાનું તાત્પર્ય કે શાહુકારી, નીતિ, સદાચાર, આ તમામ અયોગ્ય હોતા જ નથી. મનુષ્ય અયોગ્ય હોઈ શકે છે. ભલે મચ્છીમારની સ્ત્રી હોય, પણ શીલ પાળે તો તે શીલવતી જ કહેવાશે. ત્યારે અહિં 'અયોગ્ય દીક્ષા' શી રીતે બોલાય છે ? બોબડી-બોડી બામણીનું ખેતર ભાળ્યું ? અરે શાસ્ત્રીય દૃષ્ટિએ દેનાર કે લેનાર અયોગ્ય હોય તો પણ દીક્ષાને તો અયોગ્ય કહેવાની આપણી લાયકાત નથી. આ નાટકીયા નિર્લજ્જો શાસ્ત્રને કેટલું સમજે છે કે જેથી તેની યોગ્યાયોગ્યતાનું વિવેચન કરે છે ! બેરીસ્ટરને એકડીયાવાળો માર્ક આપે તેના ઉપર ભરોસો કોણ રાખે ? એ ઘાઘરીયા નાચનારાઓને પૂછો કે યોગ્યાયોગ્યતા કહો છો તે શાસ્ત્રના આધારે કે કેવળ તમારા મગજના આધારે ? શાસ્ત્રની દૃષ્ટિએ અયોગ્ય વેષ પણ સાબીત થઈ શક્યો નથી, તો દીક્ષા જેવી સર્વ શ્રેષ્ઠ વસ્તુ જગતભરના જીવોને એકાંત કલ્યાણ પ્રદ વસ્તુ સાથે 'અયોગ્ય' શબ્દ પ્રયોજી તેનો નાટક ભજવવો તેનો અર્થ શો ?

તેઓ અયોગ્ય દીક્ષા કોને માને છે તથા યોગ્ય દીક્ષા કોને માને છે ? જે દીક્ષામાં આખા કુટુંબની રજા હોય તે યોગ્ય અને આખા કુટુંબની રજા ન હોય તે અયોગ્ય. આ તેમની વ્યાખ્યા છે. કુટુંબની રજા વગરની દીક્ષાને શાસ્ત્રે અયોગ્ય ગણી છે ? અગીયારે (ગૌતમસ્વામીજી વગેરે) ભગવાન્ મહાવીર દેવના ગણધરોની દીક્ષા તેમના શિષ્યો સાથેની દીક્ષા કુટુંબની રજા વગરની છે. મેઘકુમાર તથા જમાલિની દીક્ષામાં માતાઓની આંખમાંથી ચોધારાં આંસુ જાય છે, મોતીનાં જેવાં આંસુ જાય છે, તે પાઠ શ્રી જ્ઞાતાજીમાં તથા શ્રી ભગવતીજીમાં મોજુદ છે. નમિરાજર્ષિની દીક્ષા વખતે આખા રાજ્યમાં કકળાટ થયો છે. મરૂદેવા માતા આંધળા થયા તે પુત્રની દીક્ષાથી જ તો તે બધી યોગ્ય કે અયોગ્ય ? દીક્ષાને અયોગ્ય પુરુષના અઢાર ભેદ ગણાવ્યા તેમાં આવી દીક્ષાને અયોગ્ય જણાવનારો એક પણ ભેદ નથી. ભગવાનના શાસનની પવિત્રદીક્ષાને 'અયોગ્ય' એવી છાપ મારવા છાપાંઓ તૈયાર શાથી થાય છે ? તમે વાંચીને નિભાવો છો માટે જ ! તમારા સો ટચનાં સોનાને ઓછા ટચનું કહે ત્યાં શું નિભાવો છો ?

દીક્ષા વિરોધી વર્ગે દીક્ષાને તોડવા માટે પારાવાર પ્રયત્નો કર્યા છે પણ વજ્રમય વસ્તુ તૂટે શાની ? હવે બધે હાથ ઘસતા થયા ત્યારે નાટકના રૂપમાં એ માણસ બહાર આવે છે ! દીક્ષાના પ્રચારને

તોડી ન શક્યો ત્યારે ગોલા ઘાંચી તઈતંબોલી પાસે દીક્ષાની ફજેતી કરાવવાના પ્રયત્નો થયા છે. પણ શાસનપ્રેમીઓ અડગપણે દીક્ષાનું રક્ષણ કરનારા છે. એટલે આવા અધમોના દીક્ષાના નાટકના નીચ પ્રયત્નને કદી પાર પડવા દેશે નહિં. વીસનગરમાં તથા પાલનપુરમાં તો આ પ્રયત્નમાં તે કરનારે જોડા ખાધા એટલે મુંબઈમાં તૂત ઉભું કર્યું છે. શાસનપ્રેમીઓએ ઢીલા પડવાનું નથી. કુતરાનો તો સ્વભાવ છે કે એક સ્થળે લાકડી બતાવી તો બીજે સ્થળે અને વળી ત્રીજેથી પણ ભસવાનો, પણ સાવચેત મુસાફરે દરેક સ્થળેથી તેને કાઢવાનો છે. અત્યારે કોઈ પણ ઉપાયે નાટક બંધ થવું જ જોઈએ અને નાટક કરનારાઓના નાકનું લીલામ થવું જોઈએ.

## પાપરોગ ટાળનારું અમોઘ ઔષધ કયું ? શાસ્ત્ર

पापामयौषधं शास्त्रं

### દરેક ભવે વેઠ જ કરી છે !

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મોપદેશ દેતાં ફરમાવે છે કે અનાદિકાલથી આ જીવ ભયંકર ભવાટવીમાં રખડી રહ્યો છે, આ સંસારમાં બાહ્ય પદાર્થને આગળ કરીને દરેક ભવમાં દરેક જીવ પ્રયત્ન કરી રહ્યો છે. કોઈ પણ જીવ કોઈ પણ ભવમાં કોઈ પણ ચીજને આગળ કરીને પ્રયત્ન કર્યા વગરનો હોતો જ નથી. ખોરાક, શરીર, ઈન્દ્રિયો, તેના વિષયો અને વિષયોનાં સાધનો, આ પાંચ સિવાય કશાય માટે પ્રયત્ન કર્યો ? અને એમને એમ ચાલે તો બીજો પ્રયત્ન થાય તેમ પણ છે ? બહુ તો છઠ્ઠો પ્રયત્ન આબરૂ માટે કરો તે વાત જૂદી ! આ પાંચમાં તો શું તિર્યંચ કે શું મનુષ્ય? શું બાલક, જુવાન કે વૃદ્ધ ? બધા જ લીન છે. મનુષ્યમાં જરા મોટો કહો કે ઉંચો કહો, તે વર્ગ આબરૂ ઉમેરે છે. નાના કે હલકાવર્ગને આબરૂ હતી ક્યારે કે જવાની છે ? આ ચીજોનો સથવારો ક્યાં સુધીનો ? જે જ્ઞાતિમાં લગ્ન એ પવિત્ર ગાંઠ ગણાય છે, બંધનકારક ગણાય છે, તે જ્ઞાતિમાં સ્ત્રીનો ભરૂસો રાખી શકાય છે. તેને ઘરેણાં સોંપી શકાય છે. કબાટ કે તિજોરીની કુંચી પણ તેને ભળાવી શકાય છે. જીવન મરણનો સંબંધ સંધાયો છે એમ જાણો છો માટે વિશ્વાસ રાખવામાં આવે છે. પણ મનસ્વી લગ્ન હોય તો ? ભાડુતી લગ્ન હોય તો તેવો વિશ્વાસ રખાય નહિં. ભાડુતી મકાનના જેવા ભાડુતી લગ્નમાં પણ મરજી હોય ત્યાં સુધી સંબંધ હોય છે. મોટા મોટા યુરોપીયનોમાં પણ મિસ્ટર અને મીસીસનું ખાતું જુદું હોય છે એનું કારણ એક જ છે કે તે લગ્ન મરજીયાત સંબંધનું છે. જ્યાં લગ્ન તેવું હોય છે ત્યાં મુડીનો તથા જીવનનો ભરોંસો રાખી શકાતો નથી. આપણી કોમમાં ફરજીયાત જીવન સુધીના સંબંધવાળું લગ્ન છે. મરજીયાત સંબંધવાળી લગ્નની ગાંઠ ઉપર ભરૂંસો રખાય નહિં. ત્યાં તો ઘડીમાં રાગ, ઘડીમાં દ્વેષ! એમ ન થાય તેથી જ ઉંચી જ્ઞાતિવાળાઓએ લગ્નની તેવી મરજીયાત વ્યવસ્થા

રાખી નથી. આ આત્માએ કાયાની સાથે લગ્ન કર્યાં છે. આ આત્મા કાયાની આહારાદિ પાંચ ચીજ અગર આબરૂ સાથે છ ચીજને વર્યો છે. આ પાંચ કે છ વસ્તુ આત્માને અધવચમાં રખડાવનાર છે. આત્મા આહારાદિને મૂકવા માંગતો નથી, તો પણ તેણે તેને મૂકીને ચાલી નીકળવું પડે છે. કર્મની સત્તાનો એ કાયદો નિશ્ચિત થઈ ગયો છે કે આત્માએ કાયા સાથે જોડાવું અને વખત ભરાઈ જાય એટલે ચાલી નીકળવું-છૂટા પડવું. આ કાયદામાં કેટલી વખત રેંસાયા ? દરેક વખત કાયદાની કરવતમાં કપાયા. દરેક ભવમાં આહાર લીધો, શરીર બાંધ્યું, ઇંદ્રિયો તૈયાર કરી, વિષયો મેળવ્યા, તેનાં સાધનો મેળવ્યાં અને વખત ખલાસ થયો એટલે તરત ખસ્યા ! કેટલાક દેશમાં કામ વખતે કુલીઓને બોલાવવામાં આવે છે અને પછી દંડા મારી કાઢી મૂકે છે. તેમ કર્મરાજા આત્મા પાસે કુલીનું કામ કરાવે છે. આહારાદિ મેળવવામાં, તૈયાર કરવામાં હિસ્સો જીવનો છતાં કર્મરાજા જીવને તગડી મૂકે છે. કર્મ એક જાતના ચંડાળ તરીકેનું કામ કરે છે. હીરા મોતી તૈયાર કર્યા, મેળવ્યા પણ મેલીને મરી ગયા એટલે શું ? દરેક ભવમાં ભેગું કરવાનું કુલીપણું કરી કરીને આત્માને ચાલી નીકળવાનું જ ને ! એક પણ ભવ કુલીપણું કર્યા સિવાયનો ગયો છે ? દુનિયામાં કુલીના પ્રશ્નમાં તો એક બે સંસ્થાનની વાત હોય, પણ અહિં તો ભવોભવની આ સ્થિતિ છે. આફ્રીકાના મજુરો જેવી દશા છે, તૈયાર થયા પછી મજુરોને કાઢી મૂકાય છે.

**દેખતો આંધળો ! ............**

દુનિયાદારીમાં એક વખત ધપ્પો ખાઓ તો બીજી વખત અક્કલ આવે. બીજા વખત ધપ્પો ખાઓ તો ત્રીજી વખત અક્કલ આવે, પણ અહિં તો અનંતી વખત ધપ્પા ખાવા છતાં તમોને અક્કલ કેમ નથી આવતી ? આપણું કાળજું ક્યાં ? પેલા મગરને તો વાંદરાએ કાળજું ઝાડે સૂકવ્યું છે એમ કહીને છેતર્યો હતો, વાંદરો ઝાડે ચઢી ગયો અને મગર વલખાં મારવા લાગ્યો. વાંદરાનું કાળજું ઠેકાણે હતું તેથી બચી ગયો. ઝાડે કાળજું સુકાવ્યાની વાત બનાવટી હતી. તે વિચારવા મગરને કાળજું નહોતું માટે બની ગયો. આપણે કર્મનું કુલીપણું ભવોભવ કર્યું, પણ કાળજા વગરના હોવાથી ફરી ફરી કુલીપણું કરવા તૈયાર થઈએ છીએ. આપણું કાળજું શાથી ખવાઈ ગયું છે ? વિષયની આસક્તિ, કષાયના વેગો, આરંભ તથા પરિગ્રહની પ્રવૃત્તિ આ ચારથી આપણું કાળજું ખવાઈ ગયું છે. કર્મનું કુલીપણું કરીએ એમ માલુમ પડે છતાં એના એ જ. કારણ કે આંખ ખોલી નથી. જે આંખ ખોલે નહિં તેને માટે મધ્યાહ્ન તથા અંધારી રાત એ બેમાં કશો ફેર નથી. અહિં પણ જેને આ સ્થિતિ જોવાને ચક્ષુ નથી તેઓને ભવોભવ કુલીપણું કરવાનું તથા રખડવાનું હોય તેમાં નવાઈ નથી. છતી આંખે આંખ મીંચીને ચાલે તેનામાં અને આંધળામાં ફેર કયો?

**શાસ્ત્રચક્ષુ.**

કર્મનું કુલીપણું જાણીએ, સાંભળીએ,

માનીએ તો પણ આત્માને એની દરકાર સરખી ન રહે, વિચાર સરખો ન આવે, તો પછી જાણનારા, માનનારામાં અને ન જાણનારા ન માનનારામાં ફેર કયો ? ચામડાની આંખ (ચર્મચક્ષુ) કોને નથી ? મનુષ્ય હો, કે જનાવર હો, ચર્મચક્ષુ તો બધા ધરાવે છે. દેવતાઓ અવધિજ્ઞાન રૂપી ચક્ષુવાળા છે તેઓ ચર્મચક્ષુવાળાથી વધારે જોઇ શકે છે. વૈમાનિકદેવો પોતાના અવધિજ્ઞાનથી સાતમી નરક સુધી જુએ છે. સર્વાર્થસિદ્ધના દેવો પોતાના અવધિજ્ઞાનથી નીચે અલોક લગભગ સુધી, અને ઉપર સિદ્ધશિલા લગભગ સુધી જુએ છે. ચર્મચક્ષુવાળા નજીકનું દેખે છે, અવધિજ્ઞાનવાળા દૂરનું દેખે છે, પણ બેય રૂપી દેખે છે. પોતાના આત્માને, બીજાના આત્માને, ધર્માસ્તિકાયાદિ અરૂપીને બતાવનાર કોણ ? એ દેખાડનાર તો કેવળ કેવલજ્ઞાન જ છે. જે કેવલીઓ (સિદ્ધ શબ્દથી કર્મક્ષય કરી મુક્તિએ ગયા, અને જેને શરીર તથા મન નથી, તેવા) સિદ્ધ માત્ર અહિં લેવાના નથી, પણ જેઓ કેવલજ્ઞાનવાળા હોય તે ચાહે તેરમે ગુણસ્થાનકે હોય કે ચાહે ચૌદમે ગુણસ્થાનકે હોય કે મોક્ષે ગયા હોય તે બધા સિદ્ધો લેવા. સિદ્ધની આવી વ્યાખ્યા અનુયોગદ્વારમાં સ્પષ્ટપણે જ છે. જગતની ચર્મચક્ષુ, દેવતાની અવધિ ચક્ષુ અને કેવલિની કેવલ ચક્ષુ છે. ઘાતિકર્મના પ્રાબલ્યને લીધે આપણે અવધિ આદિ ચક્ષુવાળા નથી. ચર્મચક્ષુથી જેટલું જોઈએ એટલું જ માનીએ તો આત્મા, પરભવ વગેરે માનવાનું સ્થાન નથી. ચોથી ચક્ષુ કઈ ? શાસ્ત્ર ચક્ષુ? સાધવઃ શાસ્ત્રચક્ષુષઃ અહિં સાધુ શબ્દથી મોક્ષ સાધે તે સાધુ એમ સમજવું. જેઓ શાસ્ત્રરૂપી ચક્ષુથી દેખતા હોય તે સાધુ તથા સજ્જન! કોઈ જીવને મારવાથી થતું પાપ, કોઈને પરોપકાર કરવાથી થતો ધર્મ તે કઈ ચક્ષુથી જોયું? શાસ્ત્રની ચક્ષુથીને! એક જુઠું બોલ્યો. એક! સાચું બોલ્યોઃ જુઠું બોલનારને પાપી કહ્યો, સાચું બોલનારને ધર્મી કહ્યો તે શાથી? શાસ્ત્રની ચક્ષુથી દયામાં ધર્મ તથા હિંસામાં પાપ, સાચામાં ધર્મ અને જુઠામાં પાપ, શાહુકારીમાં ધર્મ અને ચોરીમાં પાપ, બ્રહ્મચર્યમાં ધર્મ અને રંડીબાજીમાં (વ્યભિચારમાં) પાપ, આ બધું માનવામાં આવે છે તે શાથી ? ચર્મચક્ષુથી એ નથી મનાતું, પણ કેવલજ્ઞાનરૂપી ચક્ષુથી એ જણાય અને તે વાળાના વચનોથી મનાય છે. કેવલજ્ઞાનરૂપી ચક્ષુથી દેખાવાનું છે. કેવલજ્ઞાન સર્વવ્યાપક છે. પણ એ લખત વગરનો સોદો છે. લખત વગરના સોદાની બીજાને શી માલૂમ પડે? કોર્ટ લખતનો સોદો મંજૂર કરે છે. કેવલ જ્ઞાનરૂપી ચક્ષુથી લોકાલોક બધું માલૂમ પડે પણ શાસ્ત્રરૂપી લખત ન થાય ત્યાં સુધી જગતરૂપી કોર્ટ મંજુર કરે નહિ.

ચાર જ્ઞાન મૂંગા છે. તેમનો પ્રકાશક કોણ? હીરાનું તેજ જ્યોત છે તે હોય ત્યાં ઝળકે છે. જ્યોત ન હોય તો કિંમતિ હીરા અને પથરામાં ફરક નથી. આ બધું શ્રુતજ્ઞાનદ્વારાએ પ્રકાશમાં ન આવે તો કેવલજ્ઞાન સુધીના જ્ઞાન પામેલામાં અને અજ્ઞાન જીવમાં ફરક પડતો નથી. જેઓને સજ્જનમાં ગણાવું હોય તેવાને શાસ્ત્રરૂપી આંખ ખુલ્લી રાખી તે દ્વારાએ જોવું પડશે. શાસ્ત્ર વગર પુણ્ય પાપ કોણ

બતાવશે ? જીવાજીવાદિ તત્ત્વો કોણ સમજાવશે? જેને શાસ્ત્ર જુનું હોવાથી ખરાબ લાગે તેણે પોતાના મોંના આકાર ફેરવવા પડશે. જેને પચીસસો વર્ષનાં વચનોમાં શરમ આવે છે તેઓ લાખો કરોડો વર્ષોનાં મોં આદિના આકાર કેમ એના એ જ માને છે? શાસ્ત્ર ન માનનારથી પાપ પુણ્ય, ધર્મ અધર્મ કંઈ બોલી શકાય તેમ લોકોને નાસ્તિક બનાવવા હોય તો શાસ્ત્રને ખસેડી નાખવા. અર્થાત્ શાસ્ત્રને ખસેડવાથી લોકો નાસ્તિક બને છે. ધૂળ ઉછળાવવી હોય તો પહેરેલું કાઢી નાંખવું. પહેરેલું કાઢી નાંખો તો લોકો આપો આપ ધૂળ ઉછાળશે.

જે શાસ્ત્રરૂપી ચક્ષુથી જુએ તે સજ્જન છે; તે સાધુ છે. સાધુ કે સજ્જન દરેક ચીજ શાસ્ત્રરૂપી ચક્ષુથી જુએ છે. સુખી શાથી થયા કે થવાય? દુઃખી શાથી થયા કે દુઃખી શાથી થવાય? એ બધું શાસ્ત્રે બતાવ્યું છે. શાસ્ત્રને ન માને તેના જેવા આંધળા ક્યા? આંધળા શબ્દ સાંભળી દુઃખ તો થશે પણ શાસ્ત્ર ન માનનાર માટે બીજો શબ્દ નથી. પાપરૂપી રોગ ટાળવાને માટે ઔષધ શાસ્ત્ર છે. દુર્ગતિથી ડરનારે શાસ્ત્રને અનુસરીને જ વર્તવું. પદાર્થ શાસ્ત્રને માનનાર તથા તદનુસાર વર્તનાર મોક્ષના શાશ્વતસુખમાં વિરાજમાન થશે.

# પ્રવૃત્તિ શ્રદ્ધાનુસારિણી હોય તો જ પરિણામ સુંદર આવે !

**કર્મનાશનો ઉપાય બતાવનાર શ્રીતીર્થંકર છે!... બીજાઓ તેમનું અનુકરણ કરે !...**

શાસ્ત્રકાર મહારાજા શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે ધર્મોપદેશાર્થે જ્ઞાનાષ્ટકની રચનામાં જણાવે છે કે સ્વરૂપભેદે જ્ઞાનના પાંચ ભેદ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન. જ્યારે જ્ઞાનના પાંચ ભેદ છે. તો તેને રોકનારા કર્મો પણ પાંચ પ્રકારે માનવાં પડશે, અને તે પણ પાંચ પ્રકારના હોય એ સ્પષ્ટ છે. આત્માના ગુણોને રોકનાર કર્મો જ છે. જીવમાં મતિજ્ઞાનાદિ ગુણો ન હોય તો રોકવાનું કોને? વસ્તુ જ વિદ્યમાન ન હોય તો રોકટોક કોને ? જેણે આત્મા જાણ્યો તેણેજ આત્માનું જ્ઞાન જાણ્યું અને તેણે જ આત્માના જ્ઞાનના ભેદો જાણ્યા. આ ભેદો જાણનારા જ આવરણોને જાણે અને તેથી તેને તોડવાના પ્રયત્નો કરે. જેને આ અરૂપી આત્માનું જ્ઞાન થયું નથી તે તેના ગુણો તથા વળી તેના આવરણો જાણતો નથી, તો પછી આવરણો તોડવાના ઉપાયો વગેરેની તો

વાત જ શી ? આ વાત બરાબર વિચારીશું તો એ નક્કી થશે કે આત્માને તથા તેના ગુણોને જાણનાર, ગુણોને રોકનાર એવાં કર્મોને પીછાણનાર, તથા તે કર્મોને નિકંદનના ઉપાયો બતાવનાર પ્રથમ શ્રીસર્વજ્ઞદેવ છે. બીજાથી તો અનુકરણ જ થઈ શકે, અને તે શ્રીસર્વજ્ઞનું જ થઈ શકે.

આત્મા જેવી વસ્તુ જો પ્રત્યક્ષ થઈ હોય તો તો તેને માટે 'આત્મા જ' શબ્દ વાપરીએ (દુનિયાદારીમાં પદાર્થ ઓળખવા માટે તેને ઓળખાવનારો સંજ્ઞાવાચક શબ્દ કહેવો જ પડે છે.) આત્મા દેખાતો નથી; અદૃશ્ય છે, અરૂપી છે. જેને અંગે સ્પર્શ, રસ, ગન્ધાદિ હોય તેને તે મારફત જાણી શકાય, પણ આત્મા તો સ્પર્શાદિ ગુણોથી રહિત છે, તો પછી આત્માને જાણી શકાય શી રીતે? અરૂપી પદાર્થોને જાણવાની શક્તિ કેવલજ્ઞાનમાં જ છે, કેવલજ્ઞાની જ તમામ પદાર્થો (ત્રણ લોકના, લોકાલોકના, રૂપી અરૂપી ભાવો તથા પદાર્થો) જાણી શકે છે અને માટે તે તારકદેવ આત્માને જાણી તથા જોઈ શકતા હોવાથી તેને 'આત્મા' એવી સંજ્ઞા આપે છે. અન્યથી તે બંને નહિ, કેમકે જે વ્યવહારમાં નથી, જે દૃશ્યમાન નથી, જેની લેવડદેવડ નથી, તેનું નામ કે સંજ્ઞા, નહિં જાણી કે નહિં જોઈ શકનાર શી રીતે આપે ? શ્રી સર્વજ્ઞદેવે, શ્રી જિનેશ્વરદેવે, તીર્થેશ શ્રી તીર્થંકરદેવે આત્મા જોયો, જાણ્યો, માટે 'આત્મા' એવી સંજ્ઞાથી તેને ઓળખાવ્યો તથા તેને અંગે ઉપદેશની જરૂરિયાત ગણી ઉપદેશ આપ્યો. બીજાઓ તેઓશ્રીનું અનુકરણ કરે. સર્વદર્શનકારો આત્માને ચૈતન્યવાળો માને છે, પણ જૈન-સમકિતી તો શ્રી સર્વજ્ઞભગવાને કહ્યા મુજબ-નિરૂપણ કર્યા મુજબ કેવલજ્ઞાન સ્વભાવવાળા આત્માને માને છે. સ્વરૂપભેદે જ્ઞાનના પાંચ ભેદો છે, પણ અત્રે શ્રીહરિભદ્રસૂરિશ્વરજી મહારાજા તો પરિણતિની અપેક્ષાએ જ્ઞાનના ત્રણ ભેદ કહે છે.

૧. વિષયપ્રતિભાસજ્ઞાનઃ તે પદાર્થ જ્ઞાન.

૨. પરિણતિજ્ઞાન. પદાર્થનું હેય ઉપાદેયપણે જ્ઞાન.

૩. તત્ત્વસંવેદનજ્ઞાન.

પદાર્થનું ‑યોગ્ય પ્રવૃત્તિ નિવૃત્તિવાળું જ્ઞાન.

**आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः**

નાનો છોકરો તરવાર જુએ છે, પણ રાજચિન્હ કે શૂરાના સાધન તરીકે તેને જોતો નથી. આ વિષયપ્રતિભાસજ્ઞાન કહેવાય. તાલીમ લીધેલો મનુષ્ય તરવારને રાજચિન્હ કે શૂરાના સાધન તરીકે ધારણ કરે છે. આ પરિણતિજ્ઞાન કહેવાય પણ તેને કેમ ચલાવવી તે આવડતું નથી, પરંતુ જેને તે કેમ ચલાવવી? ક્યાં ચલાવવી ? વગેરે માલૂમ હોય અને ચલાવે તે કે તત્ત્વસંવેદનજ્ઞાન. તે જ રીતે જીવાદિ તત્ત્વોનું જ્ઞાન જાણીએ ખરા, પણ હેય, જ્ઞેય કે ઉપાદેયનો વિવેક ન હોય ત્યાં સુધી તે વિષયપ્રતિભાસ જ્ઞાન છે. પેલા નાના છોકરે પકડેલી તરવાર જેવું તે ગણાય. પછી હેય જ્ઞેય કે ઉપાદેયનો વિવેક થાય ત્યારે પરિણતિજ્ઞાન થાય અને તે તાલીમ લીધેલા મનુષ્યે પકડેલી તરવાર જેવું ગણાય અને જ્યારે પ્રવૃત્તિ-નિવૃત્તિ પૂર્વકનું જ્ઞાન થાય ત્યારે સાચા

શૂરા જેવું ગણાય.

મહાવિદહ ક્ષેત્રમાં સર્વકાલે હાથી એક સરખા હોય છે. આવા ૧૬૩૮૦ હાથીઓના ભાર જેટલી શાહીથી લખીએ ત્યારે પદાર્થની ટીકાઓ રૂપ પૂર્વો લખાય. પણ મૂલ શાથી ? મૂલ ક્યું ?

આશ્રવ તે કર્મબંધનનાં દ્વારો છે અને તે સર્વથા છોડવા લાયક જ છે તથા સંવર સર્વથા ઉપાદેય (આદરણીય) છે. આ જૈનશાસનની મુષ્ટિ છે. આ બે વાક્યની ટીકારૂપ બાકીનું તમામ લખાણ સમજવું.

**आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः**

એ વાક્યમાં સર્વથા શબ્દ આશ્રવ માટે મૂક્યો છે, પણ સંવર માટે મૂક્યો નથી, છતાં એક પદની અનુવૃત્તિ બીજા વાક્ય માટે પણ આવી શકે છે એટલે લાગુ થઈ શકે છે. તેથી સંવર પણ સર્વથા ઉપાદેય જ છે. આશ્રવથી જ્યારે અશાતા વેદની અનુભવાય અને સંવરથી આનંદ-હર્ષ અનુભવાય ત્યારે સમજવું કે પરિણતિ અગર શ્રદ્ધાજ્ઞાન થયું.

શ્રદ્ધા છતાં પ્રવૃત્તિ ન હોય, કાર્ય ન હોય, તો ભરતનું સ્વપ્નું રામને ફલ્યા જેવું થાય. કોઈનું સ્વપ્નું શું કોઈને ફળે? જૈનદર્શનની અપેક્ષાએ પણ જેમ સુબુદ્ધિનું સ્વપ્ન શ્રેયાંસને ફળ્યું હતું. પ્રવૃત્તિ વિનાના શ્રદ્ધાવાળાઓનું ફલ બીજાઓ મેળવી જાય છે. જેમ વર્ત્તમાનકાલમાં તે બધી સંસ્થાઓ માત્ર શ્રદ્ધાબળવાળાઓએ જ ઉભી કરી છે, પણ તેમાં મોટી ખોટ કાર્ય બલની છે, આ કાર્યબલ શ્રદ્ધાને અનુસરતું તેમાં થવું જોઈએ. સંસ્થાઓ ઉત્પન્ન કરનાર શ્રદ્ધાવાળાઓ છે, તેઓ જ પોતાની ઉદારતાથી મોં માગ્યા દામનું દાન કરે છે, પણ તે સંસ્થા ચલાવનારાઓ એટલે કે કાર્ય કરનારાઓ શ્રદ્ધા વગરના થાય છે, એટલે તેમને મન તો ધર્મ એ હમ્બગજ છે. કાર્યબલવાળા કામ કરનારામાં જો શ્રદ્ધા હોત તો તેઓ જૈનધર્મની સ્થિતિને ઘણે ઉંચે દરજ્જે લાવી શક્યા હોત, સંસ્થાઓ પાછળ વર્ષોથી પાણી માફક પૈસા ખર્ચવામાં શ્રદ્ધાળુઓએ બાકી રાખી નથી. શ્રદ્ધા હોય તથા શ્રદ્ધાનુસારી કાર્યો હોય તો તો ઉન્નતિ જરૂર થાય, પણ જ્યાં શ્રદ્ધાબલ પણ ન હોય અને કાર્યબલ પણ ન હોય તો પછી ત્યાં શું થાય ? શ્રદ્ધાબલવાળાઓ ખર્ચે છે તે સાર્થકની અપેક્ષાએ જ્યારે કામ કરનારાઓ તો એશઆરામમાં મજા માને છે, પૈસો ખરચવો તેમને તો પાલવતો જ નથી અને ધર્મ પણ તેમને તો ગમતો જ નથી. તેવા શ્રદ્ધા હીન કાર્યવાળાઓના હાથમાં શ્રદ્ધાળુઓના પૈસા જાય છે, એટલે ઉદ્દેશ સરતો નથી, અને પરિણામે ધર્મની પાયમાલીજ થાય છે. પાઠશાળાઓ પોળે પોળે હોય છે, ત્યાં પોળવાળાઓ પૈસા તો આપી જાણે છે, અને તેની વ્યવસ્થા શી છે ? તે જોવાની જ કોને પડી છે ? એમ છે તેથી અંધાધુંધી ચાલે છે. પાઠશાળાએ છોકરો જાય છે કે નહિ તેની પણ ખબર રખાય છે ખરી ? નિશાળે ન જાય તેની ખબર રખાય, પ્રભાવનામાં પતાસાં બે ઓછાં મળે તો બબડાટ થાય, પણ છોકરો પાઠશાળાએ જાય છે કે નહિ તેની ખબર રાખવાની પણ પરવા ન હોય ત્યાં પરિણામ સારું ક્યાંથી આવે ?

(અનુસંધાન પેજ - ૪૧૭) (અપૂર્ણ)

# સમાલોચના

૧ શાસ્ત્રીયપુરાવાની ચોપડી પ્રથમના પર્વની ક્ષયવૃદ્ધિએ પૂર્વતિથિનો અને દ્વિતીયપર્વની ક્ષયવૃદ્ધિએ પૂર્વતરતિથિની ક્ષયવૃદ્ધિ અસલપણે હતી અને તે જ વર્ત્તમાનમાં પણ કથીરશાસનપક્ષ સિવાયનો શ્રીસંઘ કરે છે. એટલું જ જણાવવા છપાવવામાં આવી હતી અને તે શ્રીસિદ્ધચક્ર સાથે પણ જોડાયેલ જ છે. છતાં એ પુરાવાથી અલગપણું જે જણાવવામાં આવે છે તે માયામૃષાવાદ જ છે.

૨ અશુદ્ધિ અને સમાલોચનાનું પ્રમાર્જન નહિં કરવામાં જે કારણ હતું તે પણ તેમાં જ સ્પષ્ટ જણાવેલ જ છે કે કૃત્રિમતાની વાચકને શંકા ન થાય માટે તે કરવામાં આવ્યું નથી, છતાં જેણે બરોબર વાંચ્યા વિચાર્યા વિના લખવું છે તેને કથીરશાસન કેમ કહેવાય નહિં ?

૩ પૂર્વ અને પૂર્વતરતિથિની ક્ષયવૃદ્ધિની પરંપરા છે અને શાસ્ત્રીય પાઠો પણ છે એમ તો કથીરશાસન પણ કબુલ કરે છે, અને એ શ્રીસંઘને માટે અનુમોદનીય છે.

૪ કથીરશાસનવાળા જે બે પાંચ વર્ષથી પર્વતિથિના લોપક બની ભેળસેળવાદી બનીને તથા પર્વતિથિ માનીને પણ આરાધના ન કરવી એમ કહીને પર્વતિથિના નિયમને લોપનાર બને છે, અને જેથી તે કથીરશાસનવાળા શ્રીસંઘથી બહાર થાય છે, તેમાં તેઓને એક પણ શાસ્ત્રીય પ્રમાણ કે પુરાવો મલતો નથી એટલે વિતંડાવાદ કરે છે.

૫ શ્રીસંઘપક્ષ લિખિત પૂર્વક મૌખિક ચર્ચા કરી પોતાના પક્ષની સત્યતા સાબીત કરવા હંમેશાં તૈયાર રહ્યો છે અને તૈયાર જ છે.

૬ કથીર શાસનપક્ષને જ પહેલાં પણ સાક્ષાત્ ચર્ચાથી પીછેહઠ કરવી પડી હતી અને તેમણે કલ્પેલી કમીટી દ્વારા પણ લખાણ મોકલી શકયા નહિં અને જંબૂક

જેવા જુઠી ચોપડીયો છપાવનારને તો તેવી ચર્ચા કબુલ કરીને પણ વિહાર કરી જવો પડ્યો છે.

૭ કથીર શાસનના મતના કેટલાક તો જુઠું છે એમ જણાવીને ડીટેડીટાનો જવાબ દે છે કે ફલાણા કરે છે, અને ફલાણા કહે છે માટે જ હમારે કરવું પડે છે.

(રામ. કથીર.)

૧. ત્રણ પુંજ વગર પણ ક્ષાયિક મેળવે એ કોટ્યાચાર્યનું વાક્ય મુહૂર્ત્તશબ્દથી અંતમુહૂર્ત્ત પણ લેવાય એ શ્રી ઉત્તરાધ્યયનનું વાક્ય અને વિરત કરતાં અનંતાનુંબંધીને શમાવનાર કે ખપાવનાર અસંખ્યગુણ નિર્જરાવાળો હોય એ શ્રીતત્ત્વાર્થવચનને અનેક વખત જણાવ્યા છતાં ન માને તેવા ભવારામોને પ્રવચન પણ ઉન્માર્ગથી બચાવે નહિં જ.

૨ યુંક્તિ અને શાસ્રથી સંગત પદાર્થ અનેક વખત દેખાડ્યા છતાં જેઓ પોતાની ખોટી માન્યતા હાંક્યા કરે તેવા મિથ્યાત્વારામી ન હોય તો ઘણું સારું.

૩ શાસન અને શ્રમણોને પ્રતિકૂલ વર્ત્તનાર જે હોય તેને શિક્ષા કરવી એ જો જૈનનો આચાર છે તો શું તેવાઓને વેતનાદિક આપી સર્વરીતિએ પોષનાર જીવો જૈનત્વાદિ સર્વ પ્રશસ્તભાવોને જલાંજલિ દેનાર નથી ?

૪ વાક્ય નિરૂપણ આદિની કલ્પિત ખામીને આગળ કરીને સાચા પદાર્થને અમાન્ય કરનારા જીવો પ્રાકૃતભાષાને નામે પ્રવચનથી દૂર રહેનાર અનાચારી જેવા ન બને તો કલ્યાણ.

(પરવંચનાદિ.)

(અનુસંધાન પાનું ૪૧૬નું ચાલુ)

એવા પ્રકારના શાસ્ત્રોનાં તત્ત્વો જાણવાનો, માનવાનો કે સાંભળવાનો પ્રસંગ ન આવ્યો હોય અને અજ્ઞાનતાને લીધે વિરૂદ્ધ પદાર્થ શાસ્ત્રીય તરીકે મનાઈ પણ જાય પરંતુ તેવા કોઈ હેતુ, યુક્તિ, ઉદાહરણ અને નય કે પ્રમાણમાં નિપુણ એવા સદ્ગુરૂ પાસેથી પદાર્થો સમજવાની તક મળે તે વખત તો સમ્યક્ત્વને ધારણ કરનારો જો જીવ હોય તો તે જરૂર તે શાસ્ત્રીય પદાર્થોની શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિવાળો જ થાય, અને આટલા જ માટે શાસ્ત્રાકારોએ ઉપર જણાવ્યું તેમ નક્કી કર્યું કે સાંભળવામાં આવેલા જૈનપ્રવચનની શ્રદ્ધા તો સમ્યગ્દૃષ્ટિ જીવને જરૂર જ થાય. ઉપરની વાત વિચારતાં જેઓ પોતે શાસ્ત્રોના ખોટા અર્થો કરવાવાળા છે, પૂર્વાચાર્યોના વચનો ઉત્થાપવાવાળા છે અને પૂર્વાચાર્યોની પરંપરાએ આચરેલી આચરણાને પણ ઉથલાવવાવાળા છે તેઓ પોતે જ સમ્યક્ત્વથી ઈતરમાર્ગે જવાવાળા અને ભક્તોને લઈ જનારા છે છતાં પોતાના વર્ગમાં સમ્યક્ત્વનાં પડીકાં બંધાવે છે અને બીજા સન્માર્ગગામીઓને મિથ્યાત્વી-ઉન્માર્ગી-ઉત્સૂત્રભાષી આદિ વિશેષણદ્વારાએ નવાજે છે, તે જૈનશાસનને માટે કેવા ભયંકર છે એ વાત જૈનશાસનને અનુસરનારો વર્ગ જેટલી જલદીથી સમજે અને તેને યોગ્ય જ જેટલો જલદી વર્ત્તાવ કરે તો તે અત્યંત શ્રેયસ્કર છે. જેવી રીતે સમ્યગ્દૃષ્ટિને માટે જિન પ્રવચનના ઉપદેશનો વખત મળે શ્રદ્ધા થવાનો નિયમ જણાવ્યો છે, તેવી જ રીતે બીજો નિયમ પણ શાસ્ત્રકારે એવો જણાવેલો છે કે **मिच्छादिट्ठी जीवो उवइट्ठं पवयणं न सद्दहइ** અર્થાત્ જે જીવના અંતરમાં અનંતાનુબંધી ચતુષ્ટય અને દર્શનમોહનીય કે તેના ત્રિકનું જોર ઝળહળતું હોય તે જીવને કદાચ કાકરત્નમાળાના દૃષ્ટાંતે સદ્ગુરૂના સંયોગથી ભગવાન જિનેશ્વર મહારાજાના પ્રવચનને સાંભળવાનો વખત પણ આવે અને સાંભળે પણ ખરો તો પણ તે જીવ મિથ્યાત્વ મોહનીયથી વાસિત થયેલો હોવાને લીધે ભગવાન્ વીતરાગ પરમાત્માના શાસ્ત્રો અને તેના વચનોની શ્રદ્ધા તો કરે જ નહિં. ધ્યાન રાખવું કે કેટલાક યશઃ પૂજા અને ૠદ્ધિની કામનાવાળા કે પક્ષ અગર સમુદાયના બળે છકેલા તેવી રીતે સાંભળેલા જિનેશ્વરના વચનોનો અનુવાદ કરે, તેનું નિરૂપણ કરે, તેની સિદ્ધિ કરે અને તેમાં કહ્યા મુજબ વર્ત્તન પણ કરે તો પણ તે જૈનપ્રવચનની શ્રદ્ધા જેને ન થઈ હોય તે જરૂર મિથ્યાદૃષ્ટિ જ ગણાય.

ઉપરની હકીકત વાંચી વિચારીને સુજ્ઞજનોએ એક વાત જરૂર હૃદયમાં ધારણ કરવાની છે કે પોતાની પ્રવૃત્તિ ચાહે તેવી હોય તો પણ ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસ્ત્રોને વાંચે સાંભળે, કે જાણે ત્યારે શ્રદ્ધાન આદિ તો સાચા પદાર્થનું જ થવું જોઈએ. ધ્યાન રાખવું કે શાસ્ત્રોદ્વારાએ જાણવામાં આવતા પદાર્થોને માનવામાં ન આવે તો એકલા **जिणपन्नत्तं तत्तं, केवलिकहिओ सुहावहो धम्मो-केवलिपन्नत्तो, धम्मो मंगलं, केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो, केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि** વિગેરે વાક્યો અને તેની શ્રદ્ધાઓ કોઈ પણ પ્રકારે આત્માને મિથ્યાત્વથી બચાવનારી થવાની નથી, પરંતુ **जिणपन्नत्तं तत्तं** વિગેરે વાક્યો બોલવા ધારવા કે માનવા સાથે શાસ્ત્રોમાં પ્રતિપાદન કરવામાં આવેલા પદાર્થોની શ્રદ્ધા-પ્રતીતિ અને રૂચિ તો સમ્યક્ત્વ ગુણવાળાને તો અવશ્ય થવી જોઈશે.

(અનુસંધાન ટાઈટલ ૪ થાનું ચાલુ)

૧ **सम्मद्दिट्ठी जीवो उवइट्ठं पवयणं तु सद्दहइ** અર્થાત્ જે જીવને અનંતાનુબંધીની ચોકડી અને દર્શનમોહનીયના ત્રિકનો ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય થયો હોય અને આત્મામાં સમ્યક્ત્વરૂપી ગુણ જો કોઈ પણ પ્રકારનો ઉત્પન્ન થયેલો હોય તો તે જીવ ભગવાન જિનેશ્વર મહારાજનાં શાસ્ત્રો (પ્રવચન)ની એટલે તે શાસ્ત્રોમાં કહેલા પદાર્થોની જરૂર શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ કરી જ લે. આ ઉપર જણાવેલા શાસ્ત્રકારના વાક્યને વિચારતાં જૈનજનતા સ્પષ્ટપણે સમજી શકશે કે ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસ્ત્રોમાં કોઈ પણ અક્ષર, કોઈપણ પદ, કોઈપણ વાક્ય, કોઈ પણ સૂત્ર, ઉદ્દેશો કે કોઈપણ અધ્યયન કે કોઈપણ આગમ જો જાણવામાં આવે તો તેની શ્રદ્ધા પ્રતીતિ અને રૂચિ જેના આત્મામાં સમ્યગ્દર્શન થયું છે તેને તો જરૂર થાય. એટલે સદ્ગુરૂના યોગે જિનેશ્વર ભગવંતના શાસ્ત્રોનું શ્રવણ મળ્યા પછી તેના એક પણ અક્ષર વગેરેને માટે અપ્રતીતિ રાખનારો મનુષ્ય શ્રદ્ધાવાન્ કે સમ્યક્ત્વ સહિતપણાને ધારણ કરનારો બને જ નહિં. ધ્યાન રાખવું કે શાસ્ત્રોના વાક્યોની શ્રદ્ધામાં વિપરીત થવાની વખતે દેશ, ગામ, નગર, કુલ, ગણ, સંઘાડો, ગચ્છ કે સમુદાય એકની પણ ખોટી નિશ્રા ચાલી શકતી નથી અને તે ચલાવવા માગનારને સાચી શ્રદ્ધાવાળા કે સાચા સમ્યક્ત્વવાળા થવાનો હક્ક જ રહેતો નથી. જો કે શાસ્ત્રકારોએ સમ્યક્ત્વના અંગીકારમાં પણ દેવતા, ગણ, બલ આદિકના બલાત્કારના અપવાદો રાખેલા છે, પરંતુ તેમાંનો એક પણ અપવાદ શ્રદ્ધાના વિષયમાં સ્પર્શી શકતો નથી. તે દેવતાઆદિકના અભિયોગોના અપવાદો વંદન નમસ્કારાદિક વ્યવહારની સમ્યક્ત્વ ક્રિયાને સ્પર્શવાવાળા છે અને તેથી જ તત્ત્વાર્થની શ્રદ્ધાને સમ્યક્ત્વ ગણાવતી વખત શાસ્ત્રકાર મહારાજાઓ તે દેવતાદિકના અભિયોગરૂપ અપવાદોને સ્થાન તે જ જગા પર આપે છે કે જે મહાનુભાવ અનન્તાનુબંધી આદિકના ક્ષયોપશમને લીધે ક્ષાયોપશમિક આદિ સમ્યક્ત્વ ગુણને પ્રગટાવવાવાળો થયો હોય અને તે સમ્યક્ત્વગુણની પ્રગટતાને લીધે જ જગતમાં જેમ પ્રામાણિક મનુષ્ય ખોટા રૂપૈયાને કશા પણ પ્રસંગમાં ચાલવા દે નહિં, તેવી રીતે અસર્વજ્ઞ અવીતરાગ એવા લોકોના શાસનને આશ્રિત થયેલા મનુષ્યોની સાથે વંદન નમસ્કાર આદિ વ્યવહારથી સર્વથા બંધ કરે, તે વંદન નમસ્કાર આદિ ક્રિયાનો નિષેધ કરવા રૂપ વ્યવહાર સમ્યક્ત્વના નિયમને અંગે શાસ્ત્રકારોએ દેવતાભિયોગાદિ અપવાદો રાખેલા છે, પરંતુ વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ પ્રવર્ત્તાવેલા શાસનરૂપ શાસ્ત્રોના અને તેના પદાર્થોની શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિના પ્રસંગમાં તે દેવતા અભિયોગાદિકના અપવાદોને અવકાશ શાસ્ત્રકારોએ કોઈ પણ જગાએ આપ્યો નથી અને તે આપી શકાય જ નહિં. જગતમાં ગોળા, બોમ, મશીનગન, બંદુક, તલવાર, ભાલા વિગેરે અનેક પ્રકારના હથિયારો જુલમગારના હાથમાં આવેલા હોઈને જુલમ પ્રવર્ત્તાવવાવાળા થાય છે, પરંતુ તેમાંના એક પણ હથિયારની અસર મનની ઉપર થઈ શકતી નથી અને શ્રદ્ધા, પ્રતીતિ કે રૂચિ કેવળ મનનો વિષય છે. માટે તેમાં દેવતા અભિયોગાદિકના અપવાદ કોઈ પણ પ્રકારે રહી શકે નહિં એટલે સ્પષ્ટ થયું કે ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસ્ત્રોદ્વારાએ સાંભળવામાં આવેલા પદાર્થોની શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિ નિરપવાદપણે થાય તો જ આત્મામાં સમ્યક્ત્વ થયું છે તેમ ગણી શકાય. જો કે

(જુઓ અનુસંધાન પાનું ૪૧૫)

## -: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-
સ્પર્શી વાચનનો ગ્રંથ
તે જ આ શ્રીસિદ્ધચક્ર
(પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ
પુસ્તકાલય
ગોપીપુરા,
સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્‌વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્‌સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# જૈનશાસ્ત્રની શ્રદ્ધાનો પ્રવાહ

આ વાત તો જગતમાં નિશ્ચિત છે કે સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના વચનરૂપ શાસ્ત્રોની, તથા તેમણે કહેલા પદાર્થોની શ્રદ્ધા, પ્રતીતિ અને રૂચિદ્વારાએ યથાસ્થિત પરિણતિ થયા સિવાય કોઈ પણ જીવ સમ્યક્ત્વવાળો થયો નથી, થતો નથી, અને થઈ શકે પણ નહિં. વ્યવહારમય જગતમાં જેમ સાચા હિસાબને ગણનાર, ગણાવનાર, માનનાર, અને મનાવનાર સિવાય કોઈ પણ પ્રમાણિકતાના દરજ્જામાં આવી શકતો નથી, તેવી જ રીતે યથાવસ્થિત તત્ત્વોને કેવલજ્ઞાનથી જાણનાર એવા સર્વજ્ઞ પરમાત્માના વચનોની એટલે એમાં કહેલા પદાર્થોની પ્રતીતિ વગર કોઈ પણ જીવ શુદ્ધશ્રદ્ધાવાળો એટલે સમ્યક્ત્વવાળો થઈ શકે નહિં. જગતમાં ખોટાં તોલાં અને ખોટાં માપોથી તોલનાર અને માપનાર મનુષ્ય કોઈ દિવસ પણ પ્રામાણિક પુરૂષોની કોટિમાં આવી શકતો નથી, તેવી રીતે જે મહાનુભાવ વીતરાગપણાને પ્રાપ્ત કરી શક્યા નથી, કેવલજ્ઞાનને મેળવી શક્યા નથી અને મત, ધર્મ કે શાસન સ્થાપવાનો દાવો કરી મત, ધર્મ કે શાસનને સ્થાપે છે તે મત, ધર્મ કે શાસન ખોટાં તોલાં અને ખોટાં માપોથી અંશે પણ ભિન્ન પડતાં નથી, અને તેવા અવીતરાગ અને અસર્વજ્ઞના કહેલા શાસ્ત્ર કે સ્થાપેલા મત, ધર્મ કે શાસનદ્વારાએ પદાર્થને માનનારા મનુષ્યો કલ્યાણની કોટિની અપેક્ષાએ કોઈ દિવસ પણ સાચા માર્ગમાં આવેલા છે, એમ ગણી શકાય નહિં, તેમ કહી શકાય પણ નહિં. આ વાત અખિલ જૈનજનતામાં નિશ્ચિતપણે જણાયેલી અને મનાયેલી છે, છતાં ઉપર જણાવેલી વાતને વિચારતાં સ્વપક્ષીય અને પરપક્ષીયના વિવાદ વિભાગ વખતે જૈનજનતાને કોઈ પણ જાતની મુંઝવણ થતી નથી, પરંતુ જૈનજનતાને જૈન તરીકે ગણાતા વર્ગમાં પદાર્થના પ્રતિપાદનમાં ભેદો પડે છે ત્યારે તેના તોલની વખત કે તે સંબંધી વિચાર કરવાની વખતે જૈનજનતાને મુંઝવણનો પાર રહેતો નથી, એટલા માટે શ્રદ્ધાના વિષયને જૈનજનતાએ પણ અત્યંત બારીકાઈથી તપાસવાની જરૂર છે. શાસ્ત્રકારો નીચે જણાવેલાં બે વાક્યો જગા જગા પર જણાવે છે તે ઉપર વ્યવહારથી સ્વપક્ષના મતભેદોને અંગે મુંઝાતી જૈનપ્રજાનું ધ્યાન દોરવું તે અનાવશ્યક તો નથી જ.

(જુઓ અનુસંધાન પાનું ૪૧૬)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित,-
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥


વર્ષ : ૮ અંક : ૨૧

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, તા. ૧૭-૮-૪૦ શનિવાર

લવાજમ રૂા. ૨-૦-૦ કિંમત ૧॥ આના

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮) શ્રાવણ સુદી પૂર્ણિમા, મુંબઈ, (અંક-૨૧

તંત્રી

પાનાચંદ રૂપચંદ ઝવેરી

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦



## આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

પાઠશાળામાં માસ્તર સારો મળ્યો તો તો ઠીક, પણ જો તે ખરાબ મળ્યો-વિપરીત સંસ્કારવાળો મળ્યો તો છોકરામાં વિપરીત સંસ્કાર પડતાં વાર નહિ લાગે. ધર્મહીન સંસ્કારવાળા માસ્તર પોષાય એનો અર્થ એ જ કે અધર્મનું પોષણ થાય છે. લાગણી હોય તો આ બધી તપાસ રાખવાનું મન થાય, પણ જ્યાં લાગણી જ ન હોય ત્યાં શું થાય? શ્રદ્ધાબલવાળા પૈસા તો આપે છે. પણ જો કાર્ય શક્તિ પોતે જ ખીલવે, પોતે જ બરોબર પ્રવૃત્તિ કરે, વ્યવસ્થા પોતાના હાથમાં જ રાખે તો જ તેઓ ધારેલું ફલ મેળવી શકે. ખેડુત વાવીને ઘેર બેસી રહે, રક્ષણનો પ્રબંધ ન કરે, તો લણવા વખતે ઠુંઠા જ મળે તેમાં નવાઈ નથી. માટે શ્રદ્ધાવાળાઓએ પોતે પ્રવૃત્તિ કરવી પડશે. માટે જ પરિણતિભેદના અંગે જ્ઞાનના ત્રણ પ્રકાર અત્રે કહેવામાં આવ્યા છે. વિષયપ્રતિભાસજ્ઞાન તે શુષ્કજ્ઞાન છે. પરિણતિજ્ઞાન તે શ્રદ્ધાબલવાળું જ્ઞાન છે અને તત્ત્વસંવેદન જ્ઞાન તે શ્રદ્ધા સાથે પ્રવૃત્તિવાળું જ્ઞાન છે.

**जिणपण्णत्तं तत्तं શાથી કહેવાય છે ?**

**आश्रवः सर्वथा हेय, उपादेयश्च संवरः**

આ શ્લોક બરાબર વિચારો! આશ્રવ સર્વથા ત્યાજ્ય છે. સંવર સર્વથા ઉપાદેય છે. આશ્રવ વખતે દુઃખ થાય, અને સંવર વખતે પરમ હર્ષોલ્લાસ જાગે ત્યારે જ લોકોત્તરમાર્ગ માટે લાગણી થઈ ગણાય. વહેમના ભૂતને કાઢવા માટે સેંકડો ભૂઆ પાસે જવામાં આવે છે. પણ આશ્રવરૂપ ભૂતોને કાઢવા કાંઈ કર્યું ? ત્રણલોકના નાથ દેવાધિદેવ શ્રીતીર્થંકર દેવ સિવાય આ ભૂતને-આ પલીતને, આ પિશાચને બીજો કોઈ કાઢીને શકશે નહિ, કારણ કે બીજાઓ આશ્રવને, ભૂત જેવી બલા જ સમજતા નથી. સંવરને નિધાન માનવામાં આવે તો તેને મેળવવા ક્યો બુદ્ધિમાન્ પ્રયત્ન ન કરે ? સોનાની ખાણમાં સોનું હોય છે તે વાત ખરી, પણ ત્યાં કોઈ સોનાના લાટા હોતા નથી, રેતીની સાથે તે મળેલું હોય છે. તેને ભઠ્ઠીમાં નાંખીને સોનું જુદું પાડવામાં આવે છે. સોનું કિંમતિ ગણ્યું છે. માટે તે સોનાવાળા ભયંકર જંગલમાં પણ અને જીવના જોખમે પણ મુસાફરી કરવામાં આવે છે. તેવી જ રીતે મોતીને કિંમતી ગણ્યું માટે જીવના જોખમે પાણીમાં ડુબકીઓ મારવાનું થાય છે. પૈસાને માટે પરદેશ વેઠાય છે. દૂર દૂરના પ્રદેશોમાં મુશીબતો વેઠીને જવાય છે. રહેવાય છે. આશ્રવની બલાથી બચાવનાર તથા સંવરની સિદ્ધિને સમર્પનાર શ્રીજિનેશ્વરદેવ છે એટલે એવા ભાવથી તેમની પાસે જવામાં અડચણ શી? આવા તારક ભૂત, વર્ત્તમાન, ભવિષ્યમાં બીજા કોણ મળશે? કોળીના ઘેરે રહેલો હીરો પોતાનો નથી, પણ પારકાને ત્યાંથી આવેલો છે એ નક્કી છે, તેમ ઉપદેશ દાતા છદ્મસ્થસાધુ અથવા મોટા આચાર્ય પણ હોય, તો પણ તેમનું જ્ઞાન કોળી નાળી સરખું છે. કારણ કે અતીન્દ્રિયજ્ઞાન તેમનામાં નથી અને તે માટે તેઓ પોતે જ **जिणपण्णत्तं तत्तं** વગેરે કહે છે. એટલે તેઓ એમ કહે છે કે 'હું આ મારું પોતાનું કહેતો નથી, પણ શ્રી જિનેશ્વરદેવે કહેલું કહું છું.' શાસન ક્યાં સુધી ? શ્રીજિનેશ્વરદેવનાં વચનો હોય ત્યાં સુધી શાસન વિદ્યમાન છે. તે દેવાધિદેવનાં વચનો વિના શાસન હોઈ શકે જ નહિ. જેઓ એકલું તેમનું શાસન માને અને તેમનું વચન ન માને તેઓ પ્રચ્છન્ન નાસ્તિક ગણાય. આશ્રવ છોડવા લાયક છે, અને સંવર આદરવા લાયક છે, આવું આપણે જે બોલીએ છીએ તે શ્રીજિનેશ્વરદેવનાં વચનોનો અનુવાદ જ કરીએ છીએ. મુનિમહારાજાઓ પણ પોતે પોતાનું નથી બોલતા, પરંતુ અનુવાદ જ કરે છે. કેટલાકો કહે છે કે - "જિનેશ્વરો બોલતા નથી પણ ધ્વનિ નીકળે છે અને તે ગણધરો જ સમજે છે અને પછી તેઓ જ જગતને સમજાવે! અહિં ગણધરો તારક ગણાય, પરંતુ જિનેશ્વર તારક ન ગણાય પણ કેટલાકો જે આમ કહે છે તે વાસ્તવિક જ નથી. જે બોલે જ નહિ, તેને તારક કેમ કહેવાય? પ્રરૂપક જ તારક ગણાય. જો જિનેશ્વરદેવ બોલ્યા નથી તો **जिणपण्णत्तं** કેમ કહેવાય ? જેઓ શ્રી જિનેશ્વરદેવને પ્રરૂપક ન માને તેમને માટે તો શાસનમાં સ્થાન જ નથી. હવે જેઓ જિનેશ્વરદેવને પ્રરૂપક તરીકે માને છે તે જ તેમનો અનુવાદ કરી શકે છે. ભગવાને કેવળજ્ઞાનદ્વારાએ પદાર્થો જાણી

તેની પ્રરૂપણા કરી છે, અને પછી તેમનાં વચનદ્વારાએ આપણે તેનો અનુવાદ કરીએ છીએ અને તેથી जिणपण्णत्तं કહીએ છીએ, પણ **गौतमपण्णत्तं** કે गणहरपण्णतं કહેતા નથી. કારણ કે ગૌતમસ્વામીને તો કેવળજ્ઞાન જ નથી. પ્રરૂપક તો શ્રીતીર્થંકરદેવ છે.

### ચાલુ તકનો લાભ ન લ્યે તેના જેવો ગાંડો કોણ ?

અજિનસિદ્ધ આદિ કેવલજ્ઞાન પામે, પણ શાસન સ્થાપવાનું તેમને નથી. તેઓ જ્યારે શાસન સ્થાપે પણ નહિ, તો પછી શાસનને ચલાવવાની તો વાત જ ક્યાં? શાસન તો તારક શ્રીતીર્થંકરદેવ જ સ્થાપે અને તેમનું જ શાસન ચાલે અને તે માટે જ તીર્થંકર સિદ્ધ એવો ભેદ રાખવો પડ્યો. તીર્થના પ્રભાવે જીવો મોક્ષને સાધી શકે છે. આશ્રવને છોડી શકે, સંવરને આદરી શકે, પરંતુ તેવા પ્રથમ સ્વયંસમર્થ તો શ્રીતીર્થંકર જ છે. જે શાસન સ્થાપી જગતને માર્ગ દર્શાવે છે.

જેમ દીવો પોતે કર્યો કે બીજાએ કર્યો, પણ તેમાં અંધકારનો નાશ કરવાનો હેતુ તો સિદ્ધ જ થાય છે ને ! શ્રીતીર્થંકરદેવનો ઉપદેશ આચાર્યાદિ સંભળાવે તો તે શ્રવણથી પણ લાભ જ છે. જેઓ વર્ત્તમાનમાં આચાર્યાદિના ઉપદેશના શ્રવણને સાંભળતા નથી, આશ્રવને છોડવા અને સંવરને આદરવા તત્પર થતા નથી, અને ભવિષ્યમાં શ્રીજિનેશ્વરદેવનો જ ઉપદેશ સાંભળી કલ્યાણ કરવાની વાતો કરે છે તેઓને શાસ્ત્રકાર ગાંડા ગણે છે. પાસે બે પૈસાનો જોગ હોય તો વ્યાપાર કરાય અને તેવો જોગ ન હોય તો નોકરીથી આજીવિકા ચલાવાય: પણ બેય ન કરે તે તો રખડી જ મરેને! વર્ત્તમાનમાં મળતો ધર્મોપદેશ શ્રવણ કરે નહિ, આચરે નહિ અને ભવિષ્યની ભાવના રાખે તે વ્યર્થ જ છે. શ્રી જિનેશ્વરદેવના મુખની વાણી સાંભળવાને પ્રસંગ મળે તેટલી યોગ્યતા તો કેળવવી જોઈશે કે નહિં ? ચિન્તામણી લેવું છે પણ તે લેવા માટે પ્રથમ તેટલું ધન તો જોઈશેને! માટે પ્રથમ પંચાચારના પાલક ગુરૂમહારાજા પાસે ધર્મશ્રવણ કરી આશ્રવ છોડવા તથા સંવર આદરવામાં તૈયાર રહેવું જોઈએ.

## પરિણતિજ્ઞાનનો પ્રભાવ!

स्वस्थवृत्तेः प्रशांतस्य, तद्धेयत्वादिनिश्चयं।
तत्त्वसंवेदनं चैव, यथाशक्ति फलप्रदं ॥

### આત્મકલ્યાણની બુદ્ધિથી જ અનુષ્ઠાન ...........કરવાં જોઈએ?...........

શાસ્ત્રકાર મહારાજા ભગવાન્ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મદેશના દેતાં પરિણતિભેદે જ્ઞાનના ત્રણ ભેદ જણાવે છે. સ્વરૂપ ભેદે પાંચ ભેદ છતાં અત્ર પરિણતિભેદે ત્રણ ભેદ કહે છે. પરિણતિ સમજાવવાની હોય ત્યાં તે જ કહેવાય. સ્વરૂપ વખતે તે સ્વરૂપ કહેવાય. આત્માનું સ્વરૂપ જણાવવું હોય ત્યારે તેના સ્વરૂપના ભેદો જણાવાય. જીવ અને

અજીવ બે તત્ત્વમાં બધા તત્ત્વ સમાઈ જાય છે છતાં સાત કે નવ તત્ત્વ કહેવાં પડે છે. આશ્રવસંવરાદિ તત્ત્વો જીવ અજીવમાં સમાય છે, તે જીવ અજીવને અંગે જ છે. છતાં બીજાં તત્ત્વો જણાવવાનો હેતુ છે કે આશ્રવ તથા બંધને અજીવના પ્રાધાન્યવાળા જીવ જાણે તો તે તેનાથી ખસે, તથા સંવર, નિર્જરા અને મોક્ષ તેઓને જીવના પ્રાધાન્યવાળા જાણે તો જીવ ત્યાં ખીંચાય, જીવ હેય તથા ઉપાદેયને જાણે તેમજ છોડી કે આદરી શકે, જીવાજીવનો પણ ઉપદેશ એકલા જ્ઞેય તરીકે નથી, પણ હેય તથા ઉપાદેયમાં પણ ઉપયોગી થવા માટે જણાવ્યો છે.

શ્રુતજ્ઞાનમાં, અક્ષરજ્ઞાન, પર્યાયશ્રુત, પદશ્રુતાદિ, ભેદો જાણવાથી આત્માને કૃતાર્થ માની લેવાય તેમ નથી, અર્થાત્ पज्जयअक्खर આદિ જાણવાથી આત્માને કૃતાર્થ માનવાનો નથી. આત્મા જ્યારે વિષય પ્રતિભાસજ્ઞાનમાંથી પરિણતિજ્ઞાનમાં આવે અને તેમાંથી પ્રવૃત્તિજ્ઞાનમાં આવે તો તે જ્ઞાન મેળવ્યું સફળ ગણાય. પરિણતિ કે પ્રવૃત્તિમાં આવ્યા વગરનું જ્ઞાન શુષ્ક છે, નિરર્થક છે, ફલ વગરનું છે. અનંતી વખત આ જીવ શ્રુતજ્ઞાનને ધારણ કરનાર થયો, શ્રુતજ્ઞાન દ્રવ્યથી અનંતી વખત આવી ગયું, પણ તે વિષય પ્રતિભાસરૂપે હતું માટે જ ફલ્યું નહિં. આજ કાલ કેટલાક કહેવાતા અધ્યાત્મવાદીઓ પણ ક્રિયાના ઉત્થાપકો હોઈ ભવ્યજીવોને ક્રિયાથી ચલિત કરવા માટે તેમને કહે છે કે : 'મેરૂ જેટલા ઓઘા, મુહુપત્તિ કર્યાઃ શું વળ્યું?'' વાત ખરી, પણ પરિણતિજ્ઞાનવાળા ઓઘા-મુહુપત્તિનું ગ્રહણ થયું નથી એ જ ન વળવાનું કારણ છે. પરિણતિ જ્ઞાનપૂર્વકના ઓઘા મુહુપત્તિ આઠ વખતથી વધારેવાર ન જ થાય. કલ્યાણની બુદ્ધિથી ગ્રહણ કરવામાં આવેલા ચારિત્રના ભવ આઠથી વધારે હોતા નથી. એવું ચારિત્ર આખા ભવચક્રમાં આઠ વખત જ હોય, તેથી વધારે વખત ન જ હોયઃ વધારેમાં વધારે આઠ વખત હોય. શ્રમણ ભગવાન્ શ્રીમહાવીરદેવે પેલા ખેડુતને શ્રીગૌતમસ્વામીજી પાસે ચારિત્ર અપાવ્યું, એ ખેડુત ભગવાનનો પૂર્વભવનો દ્વેષી હતો, તેથી તે ખેડુતનો જીવ પોતાથી તો કોઈપણ પ્રકારે બોધિબીજ પામે તેમ નહોતું તેથી જ તો શ્રીગૌતમસ્વામીજી પાસે તે પમાડ્યું. ઉપદ્રવ કરનારનું પણ કલ્યાણ કરવું એ એકજ ધ્યેય ભગવાનનું હતું. ભક્તિ કરનાર તો પોતાના આત્માથી ભક્તિ દ્વારા ફળ પામવાનો છે, ભક્તિના જોરથી ફળ મેળવનાનો છે, પણ ભગવાન્ વિચારે છે કે "કલ્યાણનો દેશક હું, ઉપદ્રવ કરનારને કે પ્રતિકૂળને તારૂં તો જ તારકપણું ખરું ગણાય".

**ખેડુતને સમ્યક્ત્વ પમાડવા ભગવાને શ્રી ગૌતમસ્વામીજીને મોકલ્યા.**

ચંદનને કાપનારી કરવત, છેદનારી છીણી, બાળનારો અગ્નિ છે છતાં એ ત્રણે સુગંધિ થાય છે જ અને તેમાં ચંદનનું જ ગૌરવ છે, ભક્તો તો ભક્તિથી તરે છે પણ તરવા તૈયાર ન હોય. ડુબવા જતા હોય, અર્થાત્ તારક એવા પોતાનાથી પ્રતિકૂળ હોય તેવાને પણ તારનાર તે વાસ્તવિક તારક છે. એથી જ ભવાંતરથી દ્વેષી એવા ખેડુતને પ્રતિબોધ કરવા શ્રીગૌતમસ્વામીજીને શ્રી મહાવીર ભગવાને મોકલ્યા. શ્રી ગૌતમસ્વામીજીએ જઈને

શું કર્યું? ખેડુતને બોલાવીને પૂછયું તથા આ રીતે સમજાવ્યું,

"શ્રી ગૌતમસ્વામીજી : મહાનુભાવ ! ..." આ તું શું કરે છે ? ...

ખેડુતઃ "ખેતી !"

શ્રીગૌતમસ્વામીજી : "શા માટે ?

ખેડુત : "મારા પેટ માટે તથા મારા કુટુંબ માટે! "

ખેડુતની વાત ખરી છે. તેણે જે કહ્યું છે તેમાં બે મત નથી. શ્રીગૌતમસ્વામીજી : "ખેતીમાં હિંસા થાય છે, તે હિંસાનું તને કેવું ફળ, યાદ રાખ કે તારે એકલાએ ભોગવવું પડશે. ખાવામાં જગલો અને કુટવામાં ભગલો! ... ખાય પેલા અને પાપ તારે બાંધવું ? પરભવે પેલા ભોગવવા આવશે કે તારે ભોગવવા પડશે. શાક ખાવાનું તો ઘરવાળા બધાને છે, પણ સમારનારની આંગળી કપાય તો વેદના તેને એકલાને જ થાય છે. ચોરી કરવા જનાર કુટુંબાદિ માટે તે બધું કરે છે, પણ ચોરી કરતાં પકડાય તો સજા તેને પોતાને જ થાય છે. પણ કુટુંબને થતી નથી, પૈસા માટે કોઈનું ખુન કોઈ કરે તો માલમાં બધાએ ભાગીદાર થાય, પણ ફાંસી તો એકલા ખુનીને જ થાય ! આ બધું તો આ લોકમાં પ્રત્યક્ષ છે ને! તો પછી પરભવે કોણ ભાગીદાર થવા આવશે? કુટુંબીઓ અહિં માલ ખાવાના! માર ખાવાના નહિં! અહિં જ પાપનાં ફલો ભોગવતી વખતે કુટુંબીઓ જ્યારે અલગ થઈ જાય છે ત્યારે બીજા ભવમાં શું તેઓ કુટુંબી થવા આવશે? અને પેટ ? પેટ એકલું પાપથી જ ભરાય છે એમ કોણે કહ્યું ? વગર પાપે પણ પેટ ભરાય છે. રાંધવું નહિં, પણ માધુકરીવૃત્તિથી ભિક્ષા માગી લાવી પેટ ભરી શકાય છે. કાચા પાણીને અડવાનું નહિ, અગ્નિને અડવાનું નહિ. પરિગ્રહ પાપનું મૂળ છે તેથી તે રાખવાનો નહિં, હિંસા કરવાની નહિં, અસત્ય બોલવાનું નહિં, ચોરી કરવાની નહિં, વિષયસેવન જ સંસારમાં રખડાવનાર છે તેથી તેનો ત્યાગ કરવો. પણ આ બધું દીક્ષાથી જ સુસાધ્ય છે, માટે સંયમ ગ્રહણ કર!"

ખેડુતે વિચાર્યું : "ઓ હો! આ તો સારું! પેટ પણ ભરાય અને પાપ પણ ન બંધાય!" તેના આત્મામાં ઝણઝણાટી આવી. રોમાંચ ઉભાં થયાં. અપૂર્વ આનંદ તેણે અનુભવ્યો અને પછી હાથ જોડીને તેણે શ્રીગૌતમસ્વામીજીને વિનંતિ કરી કે "ભગવાન્! જો એમજ છે તો મને દીક્ષા આપીને તારો!" **શ્રીગૌતમસ્વામીજીએ ત્યાં તેને સંયમ આપ્યું!** પછી શ્રી ગૌતમસ્વામીએ ખેડુતને કહ્યું કે "ચાલ હવે મારા ગુરૂદેવને વંદન કરવા!"

ખેડુત તો આભો બની ગયો! આશ્ચર્યમાં ગરક થઈ ગયો! તેને એમ થયું કે 'આવા મહાન્ આચાર્ય મહાત્માના પણ ગુરૂ! અહો તે કેવાય હશે!' બોલી ઉઠ્યો. 'ચાલો ભગવાન્!' પછી ગુરૂ શિષ્ય બંને ભગવાનની પાસે આવી રહ્યા છે. માર્ગમાં શ્રી ગૌતમસ્વામીજી મહારાજા ભગવાન્ શ્રી મહાવીરદેવ કેવા છે? તેનું વર્ણન કરે છે. જ્યાં સમવસરણ આવ્યું, શ્રી ગૌતમસ્વામીજીએ ખેડુતને ભગવાન્ બતાવ્યા કે - 'આ આપણા ગુરૂદેવ!' ભગવાનને

જોતાં જ ખેડુતને પૂર્વભવનો દ્વેષ ઉદયમાં આવ્યો-ઉછળ્યો અને તે તરત એમ બોલ્યો કે 'આ જ્યારે તમારા ગુરૂ! ત્યારે આ તમારું સાધુપણું પાછું લ્યો!' એમ કહી સાધુવેષ પડતો મૂકીને ચાલ્યો ગયો. ખેડુતે ખેતરમાંથી સમવસરણમાં આવ્યો તેટલીવાર સાધુપણું ધારણ કર્યું. શ્રી ગૌતમસ્વામીજી ચાર જ્ઞાનના માલીક હતા. વળી તેમને ખેડુતને દીક્ષા દેવા પણ સ્વયં ભગવાને મોકલ્યા હતા. ખેડુતને બોધિબીજ પમાડવું હતું. કલ્યાણની બુદ્ધિવાળું ચારિત્ર આખા ભવચક્રમાં આઠ વખત આવે છે. તે માટે ખેડુતને ચારિત્ર આપ્યું. સમ્યક્ત્વમાં આઠ ભવનો નિયમ નહિં. ક્ષાયોપશિમક સમ્યક્ત્વના અસંખ્યાતા ભવો થાય. કલ્યાણની બુદ્ધિ વિનાના મેરૂ જેટલા ઓઘા મુહુપત્તિ કર્યા છતાં કલ્યાણ ન થયું તેમાં ખોટું નથી. તેમાં જો કલ્યાણની બુદ્ધિ હોત તો જરૂર કામ થઈ જાત. બીડની જમીનમાં હજારો વરસ સુધી એકલું ઘાસ ઉગ્યું હતું. કેમકે ત્યાં વાવ્યું નહોતું. જો વાવ્યું નહિં તો અનાજ ઉગે ક્યાંથી? પણ જો ત્યાં વવાય તો અનાજ ઉગવામાં વાંધો નથી જ અનંતી વખત ઓઘામાં કલ્યાણની બુદ્ધિ થઈજ નહોતી અને તેથી અત્યારે પણ તે બુદ્ધિ નથી એમ કેમ કહેવાય? અગર સમ્યક્ત્વાદિ આચારોમાં અત્યારે પણ કલ્યાણ બુદ્ધિ નથી એમ ક્યા આધારે બોલાય ?

### સંયમમાં કે ધર્મકરણીમાં આજે ક્યું પ્રલોભન છે ?

બજારમાં માલ આવે છે તો શેરીવાળા લેવા દોડે છે. શ્રીતીર્થંકર મહારાજાના વખતમાં ચક્રીઓ, વાસુદેવો, રાજા મહારાજાઓ બધા ધર્મ માટે તેમની પાસે દોડ્યા દોડ્યા જાય છે. તો તે વખતે તો પૂજા સત્કારની ઈચ્છાએ પણ સાધુપણું લેવાય એમ સંભવ છે. ચક્રવર્તીઓ સાધુ માત્રની આરાધના કરે છે તે વખતે દેવતાઓ આવતા હતા, પ્રત્યક્ષ દેખાતા હતા, અમુક મનુષ્યે ચારિત્ર લેવાથી દેવતાપણું મેળવ્યું તે આ છે એમ સ્પષ્ટ દેખાતું હતું. તે વખતે અને જેઓ દેવ, ગુરૂ કે ધર્મની ભક્તિ કરતા હતા અને કાલ કરી દેવલોકમાં ઉત્પન્ન થતાં જ પોતાને દેવપણું શાથી મળ્યું ? તે પ્રશ્ન થતાં પોતાના જ્ઞાનથી કે સામાનિકોના વચનથી નિર્ણય કરી જેના યોગે તે મળ્યું તેની ભક્તિ કરવા તેઓ દોડી આવતા હતા. તેવા વખતમાં પણ ચારિત્ર લેવાનાં આવાં પણ કારણો સહજ છે. પણ અત્યારે તો એવું એક પણ ક્યું કારણ છે કે જેનાથી કોઈને ચારિત્રની ઈચ્છા થાય ? અત્યારે તો દેવના દર્શનના જ સાંસા છે, એટલે તેવા કોઈ કારણનો ચારિત્ર માટે સંભવ નથી. અમુક ધર્મ કરવાથી અમુક જીવ રાજા થયો તેવા દાખલા જાણવાનો પણ અવકાશ નથી કે જેથી તે માટે પણ વર્ત્તમાનમાં સંયમનો સંભવ નથી. જ્ઞાની મહારાજા વિદ્યમાન હતા ત્યારે એ બધું સંભવિત હતું. અત્યારના રાજા મહારાજાઓના જીવન જ એવા ઢંગધડા વગરનાં છે કે જેને સદાચારનું ભાન થવાનું પણ ઠેકાણું નથી તો ત્યાં ચારિત્ર સુધીની ભાવના તેને કે તેના દાખલાથી બીજાને થાયજ ક્યાંથી? તાત્પર્ય કે આજના ચારિત્રમાં આવાં બાહ્ય ઈચ્છાને લલચાવનારાં કારણોનો અભાવ હોવાથી કલ્યાણબુદ્ધિ જ મુખ્યત્વે હોવાનો સંભવ ગણાય ત્યાં

કલ્યાણબુદ્ધિ નથી એમ કેમ કહી શકાય ? આજે ઘરબાર વગેરેનો સદંતર ત્યાગ કઈ લાલચે થાય છે ? ક્રિયાના ઉત્થાપકો આજના ચારિત્રને ઉડાવવા ઈચ્છે છે એ જ છે, બાકી અત્યારના ચારિત્રમાં કલ્યાણબુદ્ધિ રહી હોય એમ સહજ માની શકાય તેમ છે. વળી દુકાને શેઠની હાજરીમાં મુનિમ વફાદારી રાખે તેમાં કાંઈ નવાઈ નથી. હાજરીમાં તો વફાદારી ન છૂટકે પણ રાખવી પડે છે, શેઠની ગેરહાજરીમાં રખાયેલી વફાદારી તે ખરેખર સારી વફાદારી છે. ચોથા આરામાં તો જ્ઞાનીઓ વિદ્યમાન હતા, દેવતાઓ? પ્રત્યક્ષ દેખાતા હતા. અમુક ધર્મ કરવાથી અમુક દેવ થયો તે આ, અમુક ધર્મ કરવાથી અમુક રાજા થયો તે આ, તથા અમુક પાપથી અમુક જીવ નરકે ઉત્પન્ન થયો કે ખાળમાં ઉત્પન્ન થયો કે મૃત્યુલોકે ભયંકર વ્યાધિગ્રસ્ત થયો હતો તે આ. એમ પણ ખુલાસા મળતા હતા. મનઃપર્યવજ્ઞાની તથા અવધિજ્ઞાનીદ્વારા પણ જાણી શકાતું હતું. ધર્મનો લાભ, પાપની શિક્ષા જ્યારે નજરે દેખાય તે વખતે તો ધર્મ પ્રત્યે વફાદારી રહે તેમાં નવાઈ નથી. તે વખતે તો ધર્મની આચરણા થાય તે સહજ છે પણ આજે જ્ઞાનીની ગેરહાજરીમાં, પ્રત્યક્ષ દાખલાઓ જોવા જાણવાના અભાવમાં વફાદારી સચવાય તે ખરી જ કિંમતિ છે. આજે ચારિત્ર લેવાય અગર ધર્મ આચરણા કરાય તે જરૂર કિંમતિ છે તથા તેમાં કલ્યાણની બુદ્ધિનો ઘણો જ સંભવ છે.

વળી પ્રાચીનકાલમાં ભોગની સામગ્રી સામાન્ય જનતા માટે મુશ્કેલ હતી, અને ઘણી ઓછી હતી, જ્યારે આજે સામાન્ય જનતા પણ તમામ મોજ શોખ ભોગવી શકે છે. વળી તે વખતે તે કોઈ રાજા-મહારાજા અમુક નાટક કરાવે તેમાં અમુકને જ નોતરૂં! નાટકો જે તે મનુષ્યો જોઈ શકતા ન હોતા. આજ તો બે ચાર આના ખર્ચનારો અફલાતુન નાટક અને સિનેમાદિ જોઈ શકે છે. તે વખતે નાટક, અમુક પોષાક, અલંકારાદિ ઉપર રાજ્ય તરફથી તથા નાત-જાત તરફથી પણ અંકુશ હતો, તેથી આજના જેટલું ભોગોમાં તે વખતે રંગાવાનું નહોતું. તે વખતે મર્યાદા તથા અંકુશ એટલા બધા હતા કે જુવાનીમાં સવાશેર દારૂનો કેફ ગણાતો. પણ અત્યારે તો તે કેફ ઘોડીયામાંથી છે. આજે પાંચમા આરામાં આવા સંયોગોમાં ત્યાગની ભાવના થવી સ્હેલી નથી. જે વખતે આખી દુનિયા ભોગમાં રગદોળાઈ ગઈ છે, જ્ઞાતિ તથા કુટુંબનાં બંધારણો એવાં ઢીલાં છે કે કોઈ કોઈને રોકી શકતું નથી, તેવે વખતે ત્યાગનો વિચાર પણ કોઈ ભાગ્યશાળીને જ થાય છે. ત્યાગ કરે કે ન કરે તે વાત જુદી, પણ ત્યાગ સારો છે આટલી ભાવના થવામાં પણ પુણ્યોદય છે. તે વખતે ત્યાગમાં વિઘ્નો કરનારા કોઈ નહોતા. આજે તો શેરીનું કુતરૂં પણ ત્યાગની આડે આવે છે.

### અનંતી વખતે ઓઘા લીધા તે ઓઘાથી સદ્‌ગતિ જ-દેવગતિ જ મળી છે ! પણ દુર્ગતિ તો નથી જ મળી.

દીક્ષા વખતે કલેશ થાય તે નડતર લાગે છે. દુનિયાદારીમાં થતા કલેશને વધાવવામાં આવે છે. લગ્ન વખતે બે વેવાઈ ચાર ખારેક કે ચાર સોપારી

ઓછી પડે તેમાં ચડભડે છે, પણ તેથી સંબંધ તૂટતો નથી, વધે છે. ચોરીમાં લગ્ન થયા પછી તો એક વેવાઈ બીજા વેવાઈની આબરૂ બચાવવા થેલીના મોં ખુલ્લાં મૂકી દે છે. પછી પણ જમાઈને મોં માગ્યું આપવા સસરો તૈયાર જ હોય છે. કામ પડે તો વેવાઈ, વેવાણ, નણંદ, જમાઈ બધા માટે તમામ આપવામાં આવે છે, કેમકે આ બધો ભોગ જતે દિવસે સ્નેહમાં પરિણમવાનો છે તેમ તે જાણે છે. માંડવાની ગાળો ગાળો નથી ગણાતી. માટે તો તેને 'ફટાણાં' કહેવામાં આવ્યાં. દીક્ષા લેનાર પાસે પણ તે કુટુમ્બી ફરી આવશે ત્યારે તેની જ પાસે ધર્મકરણી કરવાનો અપૂર્વ લાભ છે, પણ જેઓ ધર્મ કરે છે તેને માટે આ બધી વાત છે. જેઓને કાંઈ કરવું નથી તેવા હોળીના ઘેરૈયા જેવા ફોગટ ધૂળ ઉડાડનારા છે તેઓ પછી શું કરવાના છે? તેથી તેઓ ધર્મની આડી ધમાલ કરે છે. પૂજા, મહોત્સવ દીક્ષા પાછળ તેઓ શું કરે છે ? અરે! અહિં જ જે દીક્ષા થઈ તે દીક્ષિતને વંદના કરવા કે સુખશાતા પૂછવા આવા વર્ગના કોઈ ગયા ? દીક્ષા લેનારની બાયડી માટે લઢનારાઓએ ઉપકાર થાય તે માટે કાંઈ કર્યું ? તે બાયડીની રકમનું વ્યાજ સાતને બદલે આઠ દીક્ષિતને આના આપવા જેટલું પણ કર્યું છે? દીક્ષિતને અંગે કુટુંબના કલેશમાં પણ ધર્મનું બીજ છે. સમજી શકાય તો સમજાય તેવું છે. પાણીમાં તણાયેલું અને દટાયેલું ધન કોઈ દિવસ પણ હાથમાં આવે, પણ બળી ગયેલું કાંઈ હાથ આવશે નહિં. જેના હૃદયમાંથી ધર્મનું બીજ બળી ગયું છે તેવા વગર સંબંધના, ભાડુતી તથા ભાડું પણ ન મળે તેવા ઘરૈયા બની ગાંઠની ખીચડી ખાઈ વચ્ચે માથું મારનારા લોકો દીક્ષા તથા ધર્મના દરેક અનુષ્ઠાનની આડે આવે છે; અને બકવાદ તથા ધમાલ કરે છે. અત્યારે ભોગની સામગ્રી જબરજસ્ત છે. પહેલાં આટલી નહોતી. અત્યારે ધર્મની બુદ્ધિ સિવાય ધર્મ કરવાનું થાય શાથી ? અત્યારના ઓઘા મુહુપત્તિ દેવલોકાદિની ઈચ્છાવાળા નહિં, પણ કલ્યાણની બુદ્ધિવાળા ગણાવાનો વધારે સંભવ છે. જો આમાં પરિણતિજ્ઞાન સાથે પ્રવૃત્તિ હોય અર્થાત્ મોક્ષની બુદ્ધિવાળું સંયમ હોય તો આઠથી વધારે ભવ થાય નહિં. વળી મેરૂ જેટલા ઓઘા લીધા તેમને પણ ફળ સારું મળ્યું કે ખોટું ? તે ઓઘા લેનારા દેવલોકે જ ગયા છે. પણ નરકે ગયા નથી. હવે એ વિચારો કે ઓઘા વધારે લીધા ? કે સંસારીપણે વધારે રહ્યા? ઓઘા લીધા તેના કરતાં અનંતગુણી વખત માતાપિતાદિ કર્યા છે તેનું ફલ શું મળ્યું ? જેના સંયોગથી નરક તિર્યંચગતિ મળે છે તે સંસારીપણું છોડાતું નથી અને જેનાથી દેવલોક મળે છે તે દીક્ષાનો આદર થતો નથી તો ગતિ શી?

શુષ્કજ્ઞાનથી કાંઈ વળવાનું નથી માટે પરિણતિમાં આવવાની પ્રથમ જરૂર છે. આદરવું કાંઈ નથી, ન કરવું સામાયિક, ન કરવી પૂજા, ન કરવું પ્રતિક્રમણ, ન કરવો પોસો, ન કરવો ચોવીહાર, ન કરવા વ્રત-પચ્ચખ્ખાણ અને બૂમો માર્યા કરવી કે જ્ઞાનનો જમાનો છે એનો અર્થ શો? અરીસામાં આખું પ્રતિબિંબ પડ્યું, પણ અરીસો

કોઈને ઓળખે નહિં, તેમ શાસ્ત્રોનાં શાસ્ત્રો વાંચી જવાયઃ ભણી જવાય, પણ આત્માને કલ્યાણને રસ્તે લાવવાને તેમાંનું એક પણ વાક્ય ઉપયોગી થાય નહિં તો તે શુષ્કજ્ઞાન છે. વિષયપ્રતિભાસ જ્ઞાન છે, એવું તો અનંતીવાર મળ્યું અને ગયું પણ ફળ્યું નહિ, અને ફળે પણ નહિં.

પરિણતિજ્ઞાનની આવશ્યકતા છે. શ્રીજિનેશ્વરદેવ પ્રત્યે શ્રદ્ધા હોય, તેમના સર્વજ્ઞપણાની પ્રતીતિ હોય, તેમના શાસનને શિરસાવંદ્ય માનતો હોય, તેવાને જે જ્ઞાન તે પરિણતિરૂપ ગણાય છે. તમારા કોઈની પાસે લાખ રૂપિયા લેવા છે, પતતા નથી, કોર્ટમાં દાવો માંડ્યો, હુકમનામું થયું, ત્યારે કેટલો આનંદ થાય છે ? હુકમનામું થતાં કાંઈ પૈસા હાથમાં આવ્યા નથી. પૈસા હાથમાં આવવાને હજી વાર છે. હુકમનામું બજાવશો અને મળશે ત્યારે પૈસા હાથમાં આવશે, પણ આનંદ તો હુકમનામું થતાં જ થાય છે. તે રીતે પરિણતિજ્ઞાનથી પણ આનંદ થઈ જાય. પોતામાં કેવલજ્ઞાન છે એવું ભાન થાય કેવલજ્ઞાનને નડતાં આવરણો દૂર કરવાની ભાવના ત્યારે જ જાગે, એ પરિણતિજ્ઞાન છે. ડુબતો મનુષ્ય બધું ભૂલી જાય છે. સંસારીને બાયડી છોકરાં વગર બીજું કાંઈ નજરે દેખાતું નથીઃ ડુબતો વ્યર્થ બાચકાં ભરે છે. પરિણતિજ્ઞાનવાળાને કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા જાગે છે. છ ખંડના માલીક ચક્રવર્તીઓએ રાણીઓને, વ્હાલા કુંવરોને, કુંવરીઓને, કુટુંબીઓને શી રીતે દીક્ષા અપાવી હશે? એ મોહ કેમ તૂટ્યો હશે? પોતે શી રીતે સંયમ લીધું હશે? તે વિચારો! એ બધો પરિણતિજ્ઞાનનો પ્રભાવ !......

## ભાડાના ઘરના પગથીયાં ન ઘસાય માટે ઝવેરાતનો વેપાર બંધ કરવો ?

**ક્રિયા લોપનારા અધ્યાત્મીઓ દીર્ઘ 'ઈ' વાળા છે !**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમાન્ હરિભદ્રસૂરિશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારને માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં જ્ઞાનાષ્ટકમાં જણાવી ગયા કે આ સંસારમાં અનાદિકાળથી પરિભ્રમણ કરતા જીવને સામાન્ય જ્ઞાનની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. જ્યારે સામાન્ય જ્ઞાનની પ્રાપ્તિ પણ મુશ્કેલ છે તો પછી પરિણતિ તથા પ્રવૃત્તિ યુક્ત જ્ઞાન તો મળે જ ક્યાંથી? શાસ્ત્રકાર જણાવે છે કે વિષયપ્રતિભાસ જ્ઞાન પણ મળે કોને? મોહનીયકર્મની અગણોતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ તોડી નાંખી હોય, એટલે તૂટી હોય તો જ વિષયપ્રતિભાસ જ્ઞાન પણ થાય છે. ઓઘો મુહુપત્તિ અનંતી વખત મળ્યા તેમાં પણ મોહનીય કર્મની અગણોતેર કોડાકોડી! સાગરોપમની સ્થિતિ તો તૂટી જ હતી. તે વિના તો ઓઘો-મુહુપત્તિ પણ મળી શકતાં જ નથી.

ઓઘો-મુહુપત્તિ મળ્યાં, દેશવિરતિ પાળી, કે સમ્યક્ત્વની કરણી કરી, તે વખતે પણ મોહનીયની આ સ્થિતિ તો તોડી જ હતી. આગળ વધવું જોઈતું હતું તે થઈ શક્યું નહિં. તેનું કારણ માત્ર

વિષયપ્રતિભાસ જ્ઞાનમાં રહેવાયું તે જ છે. શું બૈરી પરણવા માટે કરાતા પ્રયત્નમાં મોહનીયકર્મની અમુક પ્રમાણમાં પણ પ્રકૃતિ તૂટે એવો નિયમ જોયો? કંઈજ નહિં ! ઉત્કૃષ્ટ સીત્તેર કોડાકોડી સાગરોપમની મોહનીયની સ્થિતિવાળો જીવ આરંભ-પરિગ્રહમાં આસક્ત જ હોય છે. અગણોતેરથી કંઈક અધિક કોડાકોડી સાગરોપમની મોહનીય કર્મની સ્થિતિ ઘટે ત્યારે જ ઓઘા-મુહુપત્તિ કે દેશવિરતિ કે સામાયિક, પ્રતિક્રમણ, જિનપૂજનાદિ ભાગ્યમાં આવે છે. આ બધું દ્રવ્યથી પણ ત્યારે જ મળે છે કે જ્યારે મોહનીયકર્મની આટલી પ્રકૃતિ તૂટી હોય. અહિં સુધી આવ્યા બાદ જ પરિણતિજ્ઞાનમાં અવાય, આગળ વધાય તો તો ઠીક છે. નહિં તો પાછો પણ પડે. તેથી શું વળે ? જેમ આંધળો માણસ દીવાલે હાથ દેતો દેતો દરવાજા સુધી આવી પહોંચે, પણ દરવાજો આવે ત્યારે જ તેને ખણવાનું મન થાય, એ મનને તાબે ન કરતાં પોતે મનને તાબે થાય અને ખણવા માટે હાથ લંબાવે એટલે દરવાજો મળે નહિં. તે રીતે અહિં પણ ગ્રંથિભેદ કરવાનો વખત આવે કે તરત જ ધન, માલ, સ્ત્રી, પુત્રાદિ યાદ આવે, તેની આળપંપાળ તથા જંજાળમાં પડે એટલે પછી તેને લીધે અનંતી વખતના ઓઘા-મુહુપત્તિ નકામાં થાય તેમાં નવાઈ શી? ઉત્તમ સાધનોને નકામાં કરનાર આરંભપરિગ્રહ જ છે. અનંતી વખત ઉત્તમસાધનોને નકામાં કરનાર આરંભપરિગ્રહને તો છોડવા નથી તથા જેનાથી મોહનીયકર્મની ઓગણોતેર કોડાકોડી સાગરોપમની સ્થિતિ તૂટી છે એવું કલ્યાણ તેને છોડવું છે. એમાં પછી પરિણામે પાછા પડવાનું ન થાય તો બીજું થાય શું ? વળી આવાઓમાં પણ કેટલાક તો પોતાને અધ્યાત્મી કહેવરાવવા માગે છે! અધિ-આત્મ, અધ્યાત્મ જો કે 'અધિ'માં 'ધિ' હ્સ્વ છે અને તેવા હ્સ્વ 'ઈ' વાળા અધ્યાત્મવાસિત આત્માઓ તો પાંચ આચારમાં પ્રવર્તમાન જ હોય છે. જેઓને સર્વવિરતિ, દેશવિરતિ, તથા સમ્યક્ત્વની કરણી જેવાં કે જિનપૂજન, સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, દેશાવકાશિકાદિ છે તેનો લોપ કરવો છે. તેવાઓને તો દીર્ઘ 'ઈ' (અધી) વાળા અધ્યાત્મી જાણવા, અર્થાત્ બુદ્ધિ વગરના આત્મવાદી જાણવા, સાચા અધ્યાત્મીઓ તો આત્મકલ્યાણની બુદ્ધિથી ધર્મકરણીમાં ઉજમાળ જ રહે.

શ્રીતીર્થંકરદેવ ભવાંતરથી સમ્યક્ત્વ, પરિણતિ તથા સદાચાર પરાયણ હોય છે. માતાના ગર્ભમાં આવે ત્યારથી ત્રણ જ્ઞાન ધરાવે છે, અને સંયમ અંગીકાર કરે કે તરત ચોથું જ્ઞાન તેમને સ્વયં આવી વરે છે. તદ્ભવ મુક્તિ તો તેમની નિશ્ચિત છે. આ બધું છતાં તે તારકદેવ બાહ્ય સંયમ સ્વીકારે છે, ઘોર તપશ્ચર્યા આદરે છે, ઉપસર્ગ-પરિસહને સહન કરે છે. તાત્પર્ય એ જ કે તે જ ભવમાં મુક્તિ નક્કી મળવાની છે એમ જાણવા છતાં શુદ્ધ પ્રવૃત્તિમાંથી એક પગલું પણ પાછળ જવાનું હોતું નથી. આનું નામ છે પ્રગતિ ! આત્મીય પ્રગતિ આ છે! સ્વ પર હિત આમાં છે ! અખિલ વિશ્વનું એકાન્તે કલ્યાણ આ પ્રગતિમાં છે.

**મનઃપર્યવજ્ઞાન સંયમ પછી આવે જ છે.**

શ્રમણ ભગવાન્ દેવાધિદેવ

શ્રીમહાવીરસ્વામીજી ભગવાનનું દૃષ્ટાંત વિચારો. અઠ્ઠાવીસ વર્ષ તો રાજકુમારપણે રહ્યા. ઓગણત્રીશમું તથા ત્રીશમું વર્ષ ઘરમાં પણ આરંભાદિકના ત્યાગી જ રહ્યા. ત્યાગીની જેમ જ રહ્યા, તે વખતે પોતાનો ભાઈ સ્નાન પણ ન કરે, પંચકેશ વધારે, આ બધું જોઈને નંદીવર્ધન જેવા ભાઈને કેવું થતું હશે? બ્રહ્મચર્ય પાળે તે સંબંધી તે પણ સૌ કુટુંબને કેવું આકરૂં લાગતું હશે! આજે તો ચાલીશમે વર્ષે ચોથું વ્રત લેવું પડે કે લે તો પણ મુશ્કેલી! ભગવાનને તો પુત્રી હતી, પુત્ર નહોતો છતાં બ્રહ્મચર્ય ધારણ કર્યું તે તે કુટુંબને કેમ પાળવ્યું હશે! પોતાના માટે ભોજનને અંગે પણ કાંઈ કરવું નહિ, આવો કડક પ્રતિબંધ! રાજકુલમાં આવા કડક નિયમોનું પાલન કોઈ કરી શકશે ખરો ? આટલું છતાં ત્યાં પેલું ચોથું જ્ઞાન જે મનઃપર્યવજ્ઞાન તે તો ન આવ્યું. આજે કેટલાકો કહે છે - ઘરમાં રહીને ક્યાં વ્રત નિયમાદિથી કલ્યાણો નથી થતાં ? તેમને પૂછો કે ભગવાન્ મહાવીરદેવને ઘેર બેઠાં આટલું આટલું કરવા છતાં, એટલે આવા ત્યાગીપણે રહેવા છતાં પણ મનઃપર્યવજ્ઞાન કેમ ન આવ્યું ? સર્વસાવદ્યયોગનાં પચ્ચખ્ખાણ સિવાય-સર્વવિરતિ સ્વીકાર્યા સિવાય તે જ્ઞાન આવતું જ નથી.

**सव्वाओ पाणाइवायाओ वेरमणं सव्वं सावज्जं जोगं पच्चक्खामि** આ રીતે પ્રાણાતિપાતાદિ ચાર કે પાંચનાં પ્રત્યાખ્યાન થયા બાદ જ કે સર્વસાવદ્યના ત્યાગ પછી જ મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થાય છે. શ્રીતીર્થંકરદેવ જેવાને વ્રતાદિની જરૂર અને આપણે ? અધ્યાત્મવાદી હોવાનો ડોળ કરનારાઓને જરા પૂછો કે આપણે માટે નવી વ્યવસ્થા છે ? નવું બંધારણ છે શું? આવાઓ કરતાં તો બાયડીઓ સારી કે મોં વાળતાં આભૂષણ પહેરતી નથી. તે વખતે તો તેટલો વૈરાગ્ય રાખે છે! રાગોડા વખતે તો રંગ ઓછો કરે છે જ્યારે ડોળઘાલુ અધ્યાત્મીઓ તો રાગોડા કાઢે છે અને રંગ ઓછો પણ નથી કરતા. આટલું જ નહિં, પણ બીજાઓ સામાયિકાદિ વ્રત-પચ્ચખ્ખાણ કરે છે તે પણ તેમને ગમતું નથી અને તેથી તોડાવવામાં તેમને આનંદ આવે છે. આવા દીર્ઘ 'ઈ' વાળા અધ્યાત્મીઓને પૂછો કે અનંતી વખત સાંપડેલા ઓઘા-મુહુપત્તિ શું વ્રતનિયમાદિકને લીધે નકામાં ગયાં ? આરંભ, સમારંભ, પરિગ્રહ, વિષય, અને કષાયાદિમાં રાચવા માચવાથી જ એ બધું નકામું ગયું છે. તે કોઈ ઘાતુઓને આ બધું તો બંધ કરવું નથી અને વ્રતનિયમાદિ બંધ કરવાં છે તો તે કેમ બને ? ઉત્સૂત્રભાષી અનંત સંસાર રખડે છે અને સમ્યક્ત્વની પ્રાપ્તિ તેને માટે દુર્લભ છે. ઉત્સૂત્રભાષિ જમાલિની કોટિમાં મેલાય, પણ ક્રિયા છોડાવનારને તો ગોશાલાની કોટિમાં મ્હેલવો પડે. જેને સમ્યક્ત્વ તથા ધર્મપરત્વે અરૂચિ હોય તેવાઓને ધર્મી પ્રત્યે અરૂચિ થાય છે તેથી તેઓને ધર્મી પ્રત્યે રોષમાં આવે છે અને તેથી તેઓ ધર્મીઓની પવિત્ર પ્રવૃત્તિમાં પણ વિઘ્નોની પરંપરા ઉભી કર્યા કરે છે. પોતાને ધર્મ પ્રત્યે અરૂચિ હોય તે જમાલિ જેવાને બનવા જોગ છે, પણ બીજાને માટે તેઓ અરૂચિ શા માટે કરાવે છે ? તે બિચારા ધર્મના વિરોધીઓ ગોશાલાની જેમ બીજાને ધર્મથી પતિત કરવામાં અને ધર્મીઓનો નાશ કરવામાં

આનંદ માને છે. ગોરના ચોપડામાં જન્મના કે લગ્નના જ આંકડાઓ હોય છે પણ કાઈટીયાને ત્યાં જેમ મરણની નોંધ હોય છે. તેવી રીતે પવિત્રપુરૂષોને મોઢે શાસનની ઉન્નતિની વાતો હોય, વ્રતનિયમની વાતો હોય. પરંતુ ધર્મથી પડ્યા આખડ્યાની નોંધ, વાતો અને ધમાધમ તો કાઈટીયાને ત્યાં હોય છે. આનંદ ગોરના ચોપડે માનો. કાઈટીયાના ચોપડા વાંચી આનંદ ન માનો. દીર્ઘ 'ઈ' વાળો અધ્યાત્મ જેને ગમ્યો છે તેને સારો ચોપડો ક્યાંથી મળે? અનંતીવખતના ઓઘા મુહુપત્તિને નકામાં કરનાર તો આરંભ પરિગ્રહાદિ છે તેને છોડવાની વાત પહેલી કરવી જોઈએ. અહિં મુદ્દો સમજવા જેવો છે. જો અમુક ખાતાને સારું કહેવામાં આવે તો તેમાં બે પાંચ રૂપિયા ભરવા પડે. તેટલા માટે તેવાથી તે ખાતાને સારું કહી શકાતું નથી. તેમ અહિં પણ ઓઘા, મુહુપતિ વગેરેને સારાં કહેવામાં આવે તો કાંઈક વ્રતાદિ વર્તનમાં મૂકવાં પડે, માટે જ વાતને પલટાવવામાં આવે છે. વાત અરધી કરવામાં આવે છે. 'ઓઘા મુહુપત્તિ અનંતી વખત કર્યા પણ વળ્યું નહિં" એમ અરધી બીના બોલે છે. 'ઓઘા મુહપત્તિ મળ્યા છતાં પણ એને આરંભપરિગ્રહાદિએ નકામાં કરી મેલ્યાં છે' એમ કેમ બોલાતું નથી ?

**પરિણતિજ્ઞાન સંસારને મર્યાદિત કરે છે.**

'અગીયારમા ગુણસ્થાનકે ચઢેલા પણ પડ્યા છે' એમ કહેનાર 'શાથી પડ્યા છે ? તે કેમ છુપાવે છે ? ત્યાં પણ મુહપત્તિમાં, દંડામાં, પાત્રાંમાં, ઉપકરણોમાં મમતા રાખી માટે જ પડવું પડ્યું. એ સીધી વાત છે. એમ સમજતાં પાડનારી એવી મમતાને પરિહરવી જોઈએ. મોહનીયકર્મની અગણોતેર કોટાકોટી સાગરોપમની સ્થિતિ તુટે ત્યારે જ વિષય પ્રતિભાસવાળું પણ જ્ઞાન થાય છે. અનાદિકાળથી સીત્તેર કોટાકોટી સાગરોપમની સ્થિતિમાં સડનારો આત્મા અગણોતેર કોટાકોટી સાગરોપમની સ્થિતિ તોડીને આટલે આવ્યો તેટલું પરિણામ તો સ્પષ્ટતયા સારું જ છે ને ! આટલા જ માટે જૈનમાર્ગને અનુસરતી મિથ્યાત્વીની ક્રિયાનું પણ અનુમોદન કરી શકાય છે. પણ સાથે મિથ્યાત્વ પણ બતાવવું જ જોઈએ એ વાતનો ખ્યાલ રાખવો, ભરતમહારાજાએ મરિચીને વંદન કરતાં ખુલ્લું જણાવ્યું હતું કે : "હું ત્હારા પરિવ્રાજકપણાને વાંદતો નથી. પરંતુ તારા ભાવિતીર્થંકરપણાને વંદન કરૂં છું." લપડાક ન લાગે તેવી રીતે કહેવું જોઈએ. ગોશાળાના શ્રાવકની અનુમોદના કેવી રીતે થઈ? મિથ્યાત્વીના અવગુણ જણાવવા સાથે જ હો. તેના ગુણની પ્રશંસા કરવામાં અડચણ નથી. મિથ્યાત્વીના દોષ જણાવ્યા વિના તેના એકલા ગુણની પ્રશંસા કરો તો સમ્યક્ત્વનાં જરૂર અતિચાર લાગે. દોષ જણાવી તે મિથ્યાત્વીના ગુણની પ્રશંસા કરવામાં સમ્યક્ત્વને બાધ નથી. અલબત્ત ! વિષયપ્રતિભાસ જે જ્ઞાન તે પરિણતિજ્ઞાન કરતાં હલકું છે, છતાં તે પણ મોહનીયકર્મની અગણોત્તર કોટાકોટી સાગરોપમની સ્થિતિ તૂટે ત્યારે જ આવનારું છે. કપડાંને હલદરનો રંગ લાખ વખત લગાડો તો પણ ચાલ્યો જવાનો છે. કારણ કે તે તેમાં પરિણમતો નથી. તેમ વિષયપ્રતિભાસજ્ઞાન અનંતીવાર આવ્યું તો પણ તે આગળ વધ્યું નહિં, તેનું કારણ એ જ

કે પરિણમ્યું નથી. પરિણતિજ્ઞાન થાય છે ત્યારે આત્મા તન્મય બને છે, અને પછી તત્કાલ કે કાલાંતરે આગળ વધ્યા વિના રહેતો જ નથી. કદાચ પડે તો પણ આગળ ઉપર પણ તે વધે જ. અને જો ટક્યો તો વધવાની સીડી બનાવી દે છે. જેને પરિણતિજ્ઞાન થાય તે આત્મા નવ પલ્યોપમ જેટલા સમયમાં જરૂર દેશવિરતિધર થાય છે અને સંખ્યાતા સાગરોપમ જેટલા સમયમાં ઉપશમશ્રેણિ માંડે છે, અને તેથી અધિક સંખ્યાતા સાગરોપમ જેટલા સમયમાં ક્ષપકશ્રેણિરૂપી સીડી બાંધે જ છે. આ બધું પરિણતિજ્ઞાનથી જ થાય છે. પરિણતિજ્ઞાનમાં વિષયપ્રતિભાસજ્ઞાનના ભણતરથી વધારે કંઈ ભણવાનું કે જાણવાનું નથી. તે બે જ્ઞાનોમાં ફરક કાંઈ જ નથી. જ્ઞાન તો તે જ. પણ જવાબદારી સ્વીકારાય એટલે જે વિષયપ્રતિભાસ જ્ઞાન તે જ પરિણતિજ્ઞાન થાય, જેમ નાના છોકરાએ જવાબદારી સમજ્યા વગર લખેલા નામાથી હુકમનામું થાય નહિં તેમ અહિં પણ જીવાજીવાદિજ્ઞાનને જવાબદારીરૂપે ન સ્વીકારાય ત્યાં સુધી તે પરિણતિજ્ઞાન કહેવાય નહિં. આશ્રવ એટલે કર્મ આવવાનું દ્વાર, બંધ એટલે આત્મામાં કર્મનું વળગવું, સંવર એટલે કર્મ રોકવાના ઉપાયો નિર્જરા એટલે કર્મને ગાળવાના ઉપાયો, મોક્ષ એટલે આત્માને શાશ્વત સુખનું સ્થાન-પરિસ્થિતિ. આ રીતે આ જ્ઞાન આત્મામાં પરિણમે, આત્મામાં ઓતપ્રોત થાય ત્યારે તે પરિણતિજ્ઞાન કહેવાય. માત્ર બોલવા, સાંભળવા કે પરીક્ષામાં પાસ થવા માટે નવતત્ત્વો વગેરેની ગાથાઓ ગોખાય તે તો માત્ર વિષયપ્રતિભાસજ્ઞાન છે. પરંતુ આત્માની સાથે તે જ્ઞાનને વિચારણામાં ઉતારવાનું થાય ત્યારે તેનું નામ પરિણતિજ્ઞાન છે.

**બેં ! બેં ની જેમ મે ! મે !!**

પરિણતિજ્ઞાનવાળો એટલું તો સમજે કે ધંધો જ ઘરનો છે અને મકાન ભાડાનું છે. ભાડાના મકાનના પગથીયાં ઘસાય નહિં માટે પોતાને ત્યાં હીરાના વેપારને અંગે આવતા વેપારીને કે ગ્રાહકને આવવા ન દે તેવો મૂર્ખ કોણ હશે? પુદ્ગલ એ તો એક ભાડાનું મકાન છે. એ એવું મકાન છે કે કોઈ તેવું ભાડે આપે તો પણ ન લેવાય. કર્મ સરકાર પ્લોટો ભાડે આપે છે તેમાં કેવી શરતો હોય છે ?

૧. જેટલા વર્ષનો પટો લેવો હોય તેટલા વર્ષની રકમ પહેલેથી ભરી દેવી.

૨. આપેલા નકશાની મર્યાદા પ્રમાણે મકાન કરવું અને તેનું જાણીને કે અજાણપણે ઉલ્લંઘન કરવું નહિં.

૩. મકાનને રીપેર કરી સારું રાખવું અને ક્રમસર વધારતા જ જવું.

૪. આમાં ખામી આવશે તો દંડ થશે, અને તે દંડ ધણીને જણાવ્યા વિના રાખેલી રકમમાંથી વસુલ કરવામાં આવશે રકમ પૂરી થયેલી પણ જણાવવામાં આવે.

૫. વ્યવહારમાં ભાડુતને લાંબો વખત રહેવા દેવામાં આવે તો તે માલીક પણ બની જાય છે. માટે ભાડુતને લાંબી મુદત સુધી રહેવા દેવામાં આવતા નથી. આ મનુષ્યભવમાં પણ જેટલું આયુષ્ય

બંધાઈને આવ્યું હોય તેટલું જ જીવવાનું છે. પુણ્ય પાપ અનુસાર શરીર મળે છે. તેમાં રોગ, વગેરે થયા કરે. આયુષ્ય તુટે પણ ખરું. આયુષ્ય તુટેથી કે પૂરું થયેથી તરત, મેળવેલું બધું મૂકીને ચાલી નીકળવાનું. નોટીસ બોટીસ કાંઈ દેવાની નહિં! આવું આ ભાડાનું ઘર છે! આવા ઘરમાં રહેવા છતાં તેનાં પગથીયાં ન ઘસાય તેટલા માટે ધર્મરૂપ ઝવેરીને ન આવવો દેવો એ કેવી મૂર્ખાઈ? કાયા એ એવું ઘર છે કે બીજું ઘર તેવું મફત આપે તો પણ આપણે રહેવા ન જઈએ, મ્યુનિસિપાલીટીની મેલાની ગાડીને ઉપરનું ઢાંકણું તો ભલે ચળકતું હોય, પણ ખુલ્લું કરે તો અંદર શું છે ? તે ખબર પડે. ત્યાં નજર પણ કોઈ નાંખે નહિં. કાયા પણ ગંદકીનો ગાડવો છે. ચામડીથી મઢેલું શરીર ભલે સુંદર દેખાય, પણ અંદર શું છે ? પડ ખુલ્લું થાય તો અંદર, જોતાં જ ચીતરી ચઢે. એવા જ પદાર્થો ભર્યાં છે કે કાંઈ બીજું? દુનિયામાં અશુચિ પદાર્થોને સ્વચ્છ કરવા શુચિયંત્રો હોય છે, પણ આ શરીર તો સુંદર પદાર્થોને મલીન બનાવનારું અશુચિયંત્ર છે. ગમે તેવાં પકવાનો હોય પણ પેટમાં જતાં જ વિષ્ટાદિ થાય છે, પાણી પેશાબ થાય છે. જીવનરૂપ હવા પણ આ શરીરના યોગે જ ઝેરી બને છે. આવા શરીરની ખાતર ધર્મ ન કરવો ? ધર્મ થાઓ કે ન થાઓ, સંવર નિર્જરા થાઓ કે ન થાઓ, મોક્ષ મળો કે ન મળો, પણ આ અશુચિયંત્રનું તો રક્ષણ થવું જ જોઈએ એમજ મનાય છે ને ? વિચારો! કેટલી વિપરીત હાલત છે ! આ માન્યતા સુધરે ત્યારે કે જ્યારે પરિણતિજ્ઞાન થાય. બકરાં બેં બેં કરે છે. મનુષ્ય મેં ! મેં ! (મારું મારું) કરે છે! બેં બેં કરનાર બોકડાને કસાઈ લઈ જાય છે તેમ મેં ! મેં! કરતા માનવીને કાળ લઈ જાય છે. જવાનું નક્કી છે તો 'મેં ! મેં ! ક્યાં સુધી ? પરિણતિ જ્ઞાનવાળાને શરીરની સ્થિતિનો ખ્યાલ આવે અને આરંભપરિગ્રહાદિ છુટવાનો જ વિચાર થાય.

**બુદ્ધિમાન્ મોતથી નથી ડરતા : કર્મથી ડરે છે.**

સાઠ વર્ષે પણ તળાવમાં ડુબવાનો પ્રસંગ આવે ત્યારે તે મનુષ્ય મરણના ભયથી પાણીમાં પણ બાચકાં ભરે છે. 'પાણીમાં બાચકાં ભર્યે શું થાય ?' એમ જીવનભરમાં ઘણીવાર જે બોલેલો તે જ મનુષ્ય તે વખતે તો પોતે જ પાણીમાં બાચકાં ભર્યા કરે છે. શા માટે ? બચવા માટે ! તેમ પરિણતિ જ્ઞાનવાળો પણ કર્મનો ભય લાગવાથી તેનાથી બચવા બાચકાં ભરે. મિથ્યાત્વીને તથા અજ્ઞાનીને મરણનો ભય હોય છે. પરિણતિ જ્ઞાનવાળાને મરણનો ભય તો હોતો નથી. કારણ કે એકેન્દ્રિયમાં તથા વિકલેન્દ્રિયમાં અને બીજે પણ મરણ તો અનંતી વખત કર્યાં છે અને તે તે મરણના ભયે તો રોકાતાં નથી. રોકાવાનાં નથી અને રોકાશે પણ નહિં. મરણ તો મહેમાન રૂપ છે. સામાન્ય કહેવત છે કે जातस्य हि ध्रुवं मृत्युः જન્મેલને મૃત્યુ તો ચોક્કસ છે. જે નિશ્ચિત છે તેનો ડર બુદ્ધિવાળાને હોતો નથી. બુદ્ધિવિનાનાને મરણનો ડર હોય છે, જ્યારે બુદ્ધિવાળાને તો કર્મનો ડર હોય છે. આ ભવ

પરભવનો જવાબ લેનાર કર્મ જ છે. આપણે હિન્દુ **શથી** ? **हिण्ड्** ધાતુ ઉપર હિન્દુ એટલે હીંડવાવાળો. આત્મા હીંડવાવાળો અર્થાત્ એક ભવમાંથી બીજા ભવમાં અને બીજાથી ત્રીજામાં જવાવાળો. કેટલાક 'સિન્ધુ' ઉપરથી 'હિન્દુ' થયાનું કહે છે પણ તેમ કહેવામાં હેતુ તો માત્ર ધર્મનું તત્ત્વ ખસેડી નાંખવાનો છે.

મુસલમાનોમાં મરનારના શબને દાટવામાં આવે છે. જ્યાં દટાય છે તે જમીનને તેની 'ઘોર' કહેવામાં આવે છે. ન્યાયવાનને તથા અન્યાયીને એક દિવસ બહેસ્ત તથા જહન્નમમાં મોકલવામાં આવશે એમ તેઓ કહે છે અને તે ઈન્સાફનો એક દિવસ છે એમ છે. ત્યાં સુધી તમામે ઘોરમાં રહેવાનું છે એમ તેઓ માને છે. તે ઈન્સાફને દિવસે ઘોરમાંથી બધાને કાઢવામાં આવશે. એમને પૂછવામાં આવે કે - 'પણ એ બધું થવાનું ક્યારે?' જવાબ એકજ કે ' એક દિવસે!' પણ ક્યારે? વળી જો પૂછે કે બેસી કે જહન્નમ પછી શું ? આ સંબંધી જાણવા ખાતર પણ જો વધુ પૂછગાછ કરાય તો તે કરનારને જવાબમાં 'કાફર' કહી દેવામાં આવે, એટલે ત્યાં તે વાતનો પડદો પડી જાય છે. અને આથી ભવપરંપરા માનનાર હિંદુઓને કાફર કરવા બૌદ્ધો પણ ભવોભવને માનનારા છે. સાંખ્યાદિ પણ હિન્દુપણાને માનનારા છે.

મરણથી ડરવા કરતાં કર્મથી ડરવાની જરૂર છે. કર્મથી ડરે તે જ આશ્રવ તથા બંધથી ડરે, અને નિર્જરા સંવરને આદરે.

આવું પરિણતિજ્ઞાન થાય ત્યારે જ પ્રવૃત્તિમાં પણ ફેરફાર થાય.

## ભગવાનના આગમનની વધામણીમાં લાખો અને ક્રોડો રૂપિયાના દાનનું પરમ રહસ્ય !

**શાસ્ત્રકાર પોતાની મેળે જ વકીલ થાય છે.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકાર માટે ધર્મદેશનાર્થે અષ્ટકજી પ્રકરણની રચના કરતા જ્ઞાનાષ્ટકમાં જણાવી ગયા કે જ્ઞાનના સ્વરૂપભેદે જ્યારે મતિ આદિ પાંચ ભેદ છે. ત્યારે પરિણતિની અપેક્ષાએ તો વિષયપ્રતિભાસજ્ઞાન, પરિણતિજ્ઞાન તથા તત્ત્વસંવેદનજ્ઞાન, એવા ત્રણ ભેદ છે. પરિણતિની અપેક્ષા એટલે શાસ્ત્રશ્રવણની પરિણતિની અપેક્ષા સમજવી. જ્યાં સુધી આ ત્રણ ભેદોનું સ્વરૂપ જાણવામાં ન આવે ત્યાં સુધી પોતે ક્યા જ્ઞાનમાં છે તેનો ખ્યાલ આવતો નથી, અને એ ખ્યાલમાં ન આવે ત્યાં સુધી તે જ્ઞાનનો ફાયદો પોતાને ન થવાથી હજામના હાથમાં મસાલા જેવું છે.

વિષયપ્રતિભાસજ્ઞાન એટલે શુષ્કજ્ઞાન શુષ્કજ્ઞાન કહો કે પોપટીયું જ્ઞાન કહો એ તે જ છે. છોકરો ભલેને ચોપડામાં કે ચોપડીમાં લાખો રૂપિયા જમે કરે કે ઉધારે, પણ લેવા દેવા છે કોને? કેમકે તેને જવાબદારીનું ભાન નથી. અને જોખમદારી પણ નથી. એકમ, દશક, સો , હજાર, દશહજાર, લાખથી માંડીને ગોખવારૂપે પરાર્ધ

સુધીનું જ્ઞાન જરૂર છે. સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, આણપાણ, અપૂર્ણાંક, પૂર્ણાંક, દશાંશ, પાંતી, વ્યાજ, ચક્રવૃદ્ધિ વ્યાજ, ત્રીરાશી, પંચરાશી, બહુરાશી, વર્ગ, વર્ગમૂળ ઘનમૂળ, ક્ષેત્રફળ, નફો ટોટો, બીજગણિત આ બધાનું તેણે જ્ઞાન છે, ભૂમિતિ, ભૂગોળ, ઈતિહાસ વગેરે વિષયો પટપટ પૂછતાં વેંત બોલી જાય છે. જ્ઞાન એટલું હોય કે હજારોની સંખ્યાના વિદ્યાર્થીઓમાં પણ પહેલે નંબરે પાસ થાય, ઈનામ મેળવે, પણ એ જે લાખોના જમા ઉધાર કરે છે તેમાં જવાબદારી અને જોખમદારી ન હોવાના કારણે તે જમા ઉધારની કાંઈ જ કિંમત નથી. તે રૂપિયા કોઈ લેવાએ આવતું નથી, અને કોઈ દેવાએ આવતું નથી. તેણે જે નામું લખ્યું છે તે નામાની રીતે સાચું છે, ખોટું નથી, તેમાં ભૂલ નથી, નામાની રીતિએ પરીક્ષા લેવામાં આવે તો એક નંબરનો નામાવટી ગણાય તેવું છે, પણ એ લખવું માત્ર લખવા માટે હોવાના કારણે તેની લેવડદેવડને અંગે કિંમત નથી.

તેજ રીતે શાસ્ત્રને અંગે પણ **इंदियकसायअव्वय** એ વસ્તુ આપણે ગોખ્યા કરીએ, આરંભ, સમારંભ, પરિગ્રહ, વિષયો, કષાયો, મિથ્યાત્વ, અને અવિરતિ વગેરે આત્માને ફસાવનાર છે, રખડાવનાર છે, એમ વારંવાર બોલ્યા કરીએ, પણ તેનાથી બચવાનું વિચારીએ નહિં, અગર થોડે ઘણે અંશે બચતા હોઈએ તો પણ તેય બચવા માટે થાય છે તેવું ભાન ન હોય, ને સામાયિક, પ્રતિક્રમણ, પૌષધાદિ છે તે સંવરની ક્રિયાઓ છે, એ ક્રિયાથી સંવરની આરાધના થાય છે. એમ ગોખીએ, બોલીએ, ફોનોગ્રાફની ચૂડીની જેમ બધાને સંભળાવીએ, પણ પોતાને તેનો ખ્યાલ ન હોય, તે ક્રિયાઓ કરીએ નહિં, અગર કરીએ તો આ ધ્યેયનો ખ્યાલ રાખીએ નહિ, ત્યાં સુધી તે જ્ઞાન વિષયપ્રતિભાસજ્ઞાન અથવા શુષ્કજ્ઞાન, લુખ્ખુંજ્ઞાન, પોપટીયુંજ્ઞાન, ફોનોગ્રાફની ચૂડીની જેમ માત્ર પટપટારો એવું કરી જનારું જ્ઞાન ગણાય. આ જ્ઞાનમાં જવાબદારી જોખમદારીનો સ્વીકાર હોતો નથી. વાતો ભલે મોક્ષ સુધીની કરવામાં આવે, પણ એ માત્ર વાતો જ! આઠ કર્મોથી લેપાયેલો આત્મા છે. એ સાંભળે, જાણે, પણ પરિણતિ ન હોવાથી ચમકારો પણ થાય નહિં. કોર્ટમાં અલબત્ત અસીલની વતી વકીલ બોલે છે. પણ તે વકીલને અસીલે બોલવા માટે રોકેલો છે. અહિં જીવોને તો કંઈ પડી નથી. છતાં શાસ્ત્રકાર પોતાની મેળે જ જીવોની વકીલાત કરે છે. કોર્ટમાં પણ સગીર કાંઈ કોર્ટને કહેવા કે વકીલ રોકવા જતો નથી. સગીરના હકના રક્ષણ માટે કરવું જોઈતું બધું જ કોર્ટ કરે છે. તેમ ભવ્યજીવો મોહમદિરાના પાનથી છાકી ગયા છે, સાન ભાન ભૂલી ગયા છે, અજ્ઞાનમાં લીન બન્યા છે, માટે શાસ્ત્રકારોને વકીલ થઈને પોતાની મેળે બોલવું પડે છે. સરકારી વકીલને કેટલાક કેસો પોતાની મેળે ચલાવવા પડે છે તેમ અહિં પણ સમજી લેવું. પ્રજામાં વસતા નિરાધારોનું, અનાથોનું, દુઃખીયાઓનું રક્ષણ કરવાની જેમ પ્રજાપાલકની ફરજ છે તેમ છજીવનિકાયના પાલકોની ભવ્યજીવોનું રક્ષણ કરવાની મુખ્ય ફરજ છે.

**मा रूष! मा तुष! माषतुष! એટલામાં કલ્યાણ!**

પરિણતિજ્ઞાન થાય તો અસીલ સમજદાર થયો હોવાથી પોતે ફરિયાદ રજુ કરે. 'પોતે કર્મોથી ઘેરાયેલો છે' એમ જણાવી છૂટવાના ઉપાયો જાણવા જ્ઞાનીને પ્રાર્થના કરે. વિષયપ્રતિભાસજ્ઞાનમાં તથા પરિણતિજ્ઞાનમાં શબ્દોમાં ફરક નથી. ફરક પરિણતિમાં છે અને જવાબદારી જોખમદારીના અસ્વીકાર તથા સ્વીકારમાં છે.

**दत्तं न दानं परिशीलितं च न शालि शीलं न तपोऽभितप्तं ॥**

આવું જે કેટલાકોથી બોલાય છે તે કેટલાકને તો કેવલ શબ્દાડંબર છે. કેમકે હૃદયમાં તથા પ્રકારની લાગણી હોતી નથી.

હરરાજીમાં લાખનો માલ હજારમાં આવે, અને દુકાને બેઠેલો વેપારી લાખનો માલ સવાલાખે આપે. તેમ સકામ નિર્જરામાં થોડું દુઃખ અને ઘણી નિર્જરા છે અને અકામનિર્જરામાં દુઃખ ઘણું અને નિર્જરા થોડી છે. એટલે કહેવામાં એમ આવ્યું છે કે અજ્ઞાને, અનિચ્છાએ કે વિરૂદ્ધ ઈચ્છાએ પણ કરેલું ધર્માચરણ નિર્જરાને કરાવનારું તો થાય જ છે. માષતુષ નામના બે મુનિઓ કઈ સ્થિતિમાં હતા? ગુરૂ ભણાવવાને ઘણોય પરિશ્રમ કરતા હતા, પણ તેઓ ભણી ન શક્યા. કરેમિભંતે જેવું સૂત્ર પણ ન આવડ્યું. જાણ્યું કે આમને આ સૂત્ર પણ આવડે તેમ નથી, ત્યારે તે સૂત્રનો ભાવાર્થ જણાવ્યો કે કોઈના ઉપર રોષ પણ કરવો નહિં. તેમજ તોષ પણ કરવો નહિં. કોઈ ઉપર રાજી પણ થવું નહિં કે નારાજ પણ થવું નહિં. **मा तुष मा रूष** આ બે શબ્દો વાક્યો પણ એમને આવડ્યા નહિ, એ શબ્દો પણ તેઓ ભૂલી જવા લાગ્યા. રસ્તે ચાલતા છોકરાઓ તેમને તે શબ્દો યાદ આપે એટલે ફરીને ગોખતા હતા, છોકરાઓનો આભાર માનતા અને ગોખીને યાદ કરવાનો પ્રયત્ન ચીવટથી કરતા હતા. પોપટ પણ જે યાદ રાખી શકત તેટલું તેઓ યાદ રાખી ન શક્યા; વિચારો અજ્ઞાનની કાંઈ હદ છે? અહિં આપણે માષતુષ મહાત્માની નિંદા કરતા નથી, પરંતુ અજ્ઞાનપણા નથી ગોખાતા શબ્દોએ પણ તેમની કેટલી નિર્જરા થઈ છે તે વિચારવાનું છે. અહિ **मा तुष** તથા **मा रूष** ને બદલે **माषतुष** ગોખવા માંડ્યું અને તે પણ તેને બરાબર યાદ રહેતું નથી. છતાં જ્ઞાન પ્રત્યેનો તીવ્ર આદર તેમને મોક્ષપદ મેળવી આપે છે. ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે એક નિર્વાણ એટલે કે મોક્ષપદમાં જો આત્મા ઓતપ્રોત થાય તો પણ કલ્યાણ થઈ જાય. આથી વધારે જ્ઞાનની અવગણના છે એમ નહિં, પણ એક પદ પણ આત્માને વાસિત કરવા માટે બસ છે. વાસિત ન કરી શકો તેવું ઘણુંએ જ્ઞાન કામનું નથી. અહિં જ્ઞાનનો અનાદર નથી, પરંતુ પ્રશંસા વાસનાની છે. જગત માટે જેમ 'દાતારસે સોમ ભલા!' એમ કહેવામાં આવે છે તેમાં દાતારની નિંદા નથી. દાતાર તો ભલા છે જ, દાતાર ભલા છે એ તો સુપ્રસિદ્ધ છે, છતાં તેનાથી કંજુસ સારો એમ કેમ બોલાય છે ? ત્યાં મુદ્દો એ છે કે કંજુસ તરત જવાબ તો આપી દે છે, ના કહે છે, પણ તરત ના કહી દે છે, મુદ્દો એ છે કે દાતારે તો તરત

જવાબ આપનારા થવું જોઈએ. દાતાર દાન દેવાનો છે એ નક્કી છે પણ ઢીલ કરીને દે, ગુંગળાવીને દે, ટળવળાવીને દે, તેના કરતાં તરત દે એમ સૂચવવાનો આમાં મુદ્દો છે. તેમ નિર્વાણપદથી પણ આત્મા તન્મય થાય તો કલ્યાણ થઈ જાય, તેમ કહેવામાં વધારે જ્ઞાનનો નિષેધ નથી, પરંતુ જે જ્ઞાન ઉપલબ્ધ હોય, શક્ય હોય, તે આત્માથી વાસિત કરવાનો નિર્દેશ છે. જેમાં પોતાના આત્માની જોખમદારી અને જવાબદારી ભળતી નથી તેવા સેંકડો પદોનું જ્ઞાન નકામું જ છે. પરંતુ એકજ પદનું જોખમદારી અને જવાબદારીવાળું જ્ઞાન કલ્યાણ માટે પૂરતું છે, અને તેનું નામ જ પરિણતિજ્ઞાન છે.

**હૈયે તેવું હોઠે! 'ફુરસદ નથી!' એમ શાથી બોલાય છે ?**

ચોપડામાં જમે થયેલી રકમની જવાબદારી સ્વીકારવામાં આવી હોય તો પછી તે રકમ કાંધા કરીને પણ આપવી પડે છે. તેમ અહિં પણ આશ્રવ અને સંવરાદિની જવાબદારી સ્વીકારી હોય તો પછી તેનો અમલ વહેલો મોડો પણ બને, રફતે રફતે બને તે વાત જૂદી, પણ અમલ કરવો પડે તો ખરો જ. આવા અમલની ભાવના થાય તેનું નામ જ પરિણતિજ્ઞાન છે. ખાતાં, પીતાં અને ઢોળાતાં જે ખોરાક બચે અને જો તાકડે ભિખારી આવે તો તેને અપાય, પણ તે ભિખારીના માટે નવાં આંધણ મૂકાતાં નથી. વિષયપ્રતિભાસ જ્ઞાનવાળાને જે કાંઈ પૂછશો તેમાં તેવો એકજ જવાબ મળશે. તમો પૂછો કે પૂજા કરી ? સામાયિક કર્યું ? પ્રતિક્રમણ કર્યું? એકજ જવાબ મળશે કે 'ફુરસદ નથી!' અર્થાત્ એમ કહીને તે આ બધા અનુષ્ઠાનોને તે ફુરસદીયાં ઠરાવે છે. એ ક્રિયાઓ માટે તે ફુરસદ કાઢવા માગતો નથી. આ શું સાબીત કરે છે ? એકજ સાબીત કરે છે કે પરિણતિજ્ઞાનનો છાંટો પણ નથી. વળી તેને ધર્મઅનુષ્ઠાન માટે જે વખતે કહેવામાં આવે છે તે વખતની તેના આત્માની થતી સ્થિતિના મોં ઉપર આવતા દેખાવનો ફોટો લેવામાં આવે અને તે બતાવવામાં આવે તો ખબર પડે કે પરિણતિજ્ઞાન કેટલું છે ? એક આસામી રૂપિયા ઘાલી ગયો હોય, અને તેને આવેલો સાંભળ્યો હોય, તો તેની શોધ માટે તરત નીકળાય છે! ત્યાં 'ઠીક જ છે ! જોઈશું!' એમ નથી જ થતું. એ બધું તો થાય છે ધર્માનુષ્ઠાનોમાં! ધર્મકરણી કરવામાં જ ટાઈમ નથી! શરીરના તથા કુટુંબના પોષણ માટે, મોજમજાહ માટે, વિલાસ માટે, વિલાસના સાધનો મેળવવા માટે તો પૂરતો ટાઈમ મળે છે! જો જો ઉપદેશક ઉપર અરૂચિ કરવાથી તો ગાંઠનું ગુમાવવું થશે.

'પ્રભુ પધારશે' એવી વધામણી આપનારને સાડીબાર લાખ રૂપિયા શી રીતે અપાયા હશે ! ગામની બહાર આવ્યાની વધામણીની આ રકમ ! ગામમાં આવ્યાની વધામણીમાં તો સાડીબાર ક્રોડ જ આપે! આ અપાવનાર કોણ ? પરિણતિજ્ઞાન ! પરિણતિજ્ઞાનવાળો માને છે કે આત્માના સ્વરૂપને બતાવનાર ત્રણ લોકના નાથ છે. તેમના આગમનની ખબર આપનારને જે ન અપાય તે થોડું!

પરિણતિ જ્ઞાનધારી આત્મા તો આવા આત્મીયઉલ્લાસ પ્રસંગે સર્વસ્વ સમર્પી દે છે. કારણ કે જડજીવનમાંથી મુક્ત કરી જીવજીવનને આપનાર તથા આત્માનું સ્વરૂપ જે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે તેને બતાવનાર એવા પ્રભુને અંગે, તેમના આગમનની વધામણીને અંગે, તેમના દરેક પ્રસંગને અંગે, પરિણતિ જ્ઞાનવાળા તન્મય બનીને ભક્તિ કરે છે. પરિણતિજ્ઞાન વગરનાઓ તો કરે નહિ, અને કદી કરવું પડે તો 'ફુલની પાંખડી' કહીને ઉભા રહે છે. લગ્નાદિ પ્રસંગે થેલીનાં મોં ખુલ્લાં મુકનારાઓ ધર્મકાર્યોના ખર્ચનો ફુલની પાંખડીમાં કેમ સમાવેશ કરે છે ! બંગલામાં લાખો ખર્ચાયઃ પણ દેરાસરમાં જગા પર ફુલની પાંખડી! પાંખડી પાંખડી બોલાવામાંયે ભેદ છે, ચક્રવર્તીઓ ઉત્તમમાં ઉત્તમ દાનાદિ કરે જ છતાંય તેને તે ફુલની પાંખડી જ બોલે છે! દશાર્ણભદ્રના અભિમાનને ટાળવા ઈંદ્રને શું કરવું પડ્યું ! દશાર્ણભદ્રની ધારણા કોઈએ ન કરી હોય તેવી રીતે વંદના કરવાની જ છે. ત્યાં કાંઈ લગ્નાદિની વાત તો નથી, માત્ર પ્રભુ વંદનની વાત છે. પણ તે બીજાના વંદનને પાંખડી ગણાવવા માંગે છે અને પોતાના વંદનને ફુલ ગણાવવા માંગે છે. ઈંદ્રને એમ થાય છે કે આ બિચારો પ્રભુવંદનમાં સમજ્યો જ નથી ! દશાર્ણભદ્ર પોતાની સર્વ ઋદ્ધિ સહિત વંદના કરવા આવે છે, છતાં ઈંદ્રનો પ્રયત્ન તેને ન્યૂન બતાવવાનો છે ? આ કેવી વાત ? છતાં તેમાં તેનો ઉદ્દેશ પવિત્ર છે, દશાર્ણભદ્રને સાચી વસ્તુ સમજાવવા માટે જ એ યત્ન છે. ઈંદ્રની દેવતાઈ ઋદ્ધિ પાસે દશાર્ણભદ્રની ઋદ્ધિ શા હિસાબમાં ? ઈંદ્ર દશાર્ણભદ્રથી અધિક થતા કાર્યક્રમમાં વિધિ કરતાં પણ હરિફાઈનું વધારે સ્થાન કરે છે. ઈંદ્ર જે ઋદ્ધિ બતાવે છે તેને પણ પોતે તો પાંખડી જ માને છે. ઐરાવણ હાથી, સૂંઢો, વાવડીઓ, કમલો, નૃત્યો આ તમામ ભક્તિ પણ ત્રિલોકનાથની યોગ્ય પૂજાને અંગે તો પાંખડીરૂપ જ ઈંદ્ર મહારાજા માને છે. દશાર્ણભદ્ર જે પાંખડી જેવા આડંબરમાં સર્વાધિક્ય માનતો હતો તે ભ્રમણા ઉડી ગઈ, પણ આધિક્યનું ધ્યેય ઉડી ન ગયું અને તે આધિક્યની સિદ્ધ માટે તન, મન, ધન, ત્રણે વસ્તુ ભગવાનના ચરણકમલોમાં સમર્પી, સર્વ સાવદ્ય યોગોનો ત્યાગ કર્યો. કહો હવે એ રાજવીને કોણ પહોંચે ? સૌધર્મેન્દ્ર આવે કે ઈશાનેંદ્ર આવે, તો પણ તેનાથી દશાર્ણભદ્ર કરતાં અધિકતા બતાવી શકાય તેમ નથી. હવે જરૂર સમજાશે કે ફુલને પાંખડી અને પાંખડીને ફુલ ગણાવવાની ભાવના તો વિષયપ્રતિભાસજ્ઞાનથી થાય છે. પોતે શક્તિ મુજબ ખૂબ સારી રીતે અનુષ્ઠાન કર્યું હોય છતાં પણ પાંખડી ગણાવે તોજ ત્યાં પરિણતિજ્ઞાન છે, પોતે ક્યા જ્ઞાનમાં છે તે જાણવા આત્માને પોતાને જ પૂછી જોવું !

ધર્મકાર્યોને ફુરસદીયો ગણાવાય એ વિષય પ્રતિભાસજ્ઞાનનું પરિણામ છે. પોતાને ફુરસદ મેળવવી નથી એ મુખ્ય વાત છે, હૈયે એવું હોઠે આવે છે અને તેથી ફુરસદ નથી એમ બોલાય છે. હૃદયમાં ધર્મ વસ્યો નથી. ધર્મ માટે ભાવના જાગી નથી, ધર્મથી ખસી જવું છે માટે 'ફુરસદ નથી' એમ બોલાય છે. પરંતુ 'હવે લાંબુ આયુષ્ય નથી,

જિંદગીનો ભરોસો નથી, માટે જલદી સર્વવિરતિ અંગીકાર કરું. અગર જે બને તે સાધી લઉં આવી ભાવના થાય, અને રહ્યા કરે, તો માનવું કે પરિણતિજ્ઞાન છે. શાસ્ત્રના એકે એક શબ્દને સાંભળો અને વકીલ થઈ બેસો તો તો વિષયપ્રતિભાસ જ્ઞાનમાં જ રહેવાના. પણ તેને સમજો, વિચારો, અને કાંઈક અમલમાં મૂકો અને ઉત્તરોત્તર મેલવાની ભાવના થાય તો પરિણતિજ્ઞાનઃ પરિણતિજ્ઞાન થયા પછી તત્ત્વસંવેદનજ્ઞાન થાય અને શુદ્ધ પ્રવૃત્તિ થાય એટલે આત્મકલ્યાણ પણ જરૂર સંધાય.

શાસ્ત્રકાર તો સર્વ ભવ્યાત્માઓને ફરમાવે છે અને તે એ જ કે જેઓ એ જવાબદારી પોતાના આત્માને ભળાવે તેને પરિણતિજ્ઞાન જાણવું.

## પુદ્ગલનો ઉપયોગ ધર્મ માટે જ છે !

### વસ્તુના જાણપણાના તથા અજાણપણાના ફળમાં ફરક પડે છે.

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારાર્થે ધર્મદેશના માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતા જ્ઞાનાષ્ટકમાં જણાવે છે કે જગતમાં જ્ઞાન એ અમૂલ્ય પદાર્થ છે આમાં તો કોઈથી ના પડાય તેમ નથી. ગોળમાં મીઠાશ (ગળપણ) છે, સાકરમાં મીઠાશ (ગળપણ) છે, મરચામાં તીખાશ છે, તે જાણીએ છીએ છતાં ન બોલીએ તો પણ તે તે વસ્તુમાં તે તે ગુણો તો રહેલા જ છે તથા રહેવાના જ છે. તેમ મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન આ પાંચે જ્ઞાન આત્માના સ્વભાવરૂપ છે તે જાણીએ કે ન જાણીએ તો પણ આત્માના સ્વભાવરૂપે જ તે રહેવાના છે. તેમ તેમાં સાકર આદિના વચનની માફક વધઘટ પણ થવાની જ નથી. નાનાં બાલકને વેદના વખતે દુઃખ થાય છે, મોજમજાહ વખતે સુખ થાય છે, યદ્યપિ તે સુખ દુઃખનું જે નામ (શબ્દ) તેને તો જાણતો નથી, પણ તેથી તેનાં કોઈ તે સુખ દુઃખ ચાલ્યાં જતાં નથી. તેમ અહિં જ્ઞાનના ભેદ, સ્વરૂપ, વિભાગાદિ ન જાણીએ તો પણ તેથી આત્માના સ્વભાવરૂપ તે સમ્યગ્જ્ઞાનાદિ ચાલ્યા જવાનાં નથી, જગજગતા દીવાથી સોનાનો ભાવ વધી જવાનો નથી તેમ અંધારે ઘટી જવાનો નથી. સોનાનો ભાવ (સ્વરૂપ-સ્વભાવ) તો અજવાળે કે અંધારે જે છે તે જ છે. તેમ આત્માનું સ્વરૂપ તો જાણીયે કે ન જાણીયે તો પણ એકરૂપે જ રહેવાનું છે.

હવે જ્યારે આત્માનો સ્વભાવ એક સરખો જ રહેવાનો છે તો જ્ઞાનના ભેદાદિ જાણવાથી શું લાભ ? સાચું છે કે ભેદોમાં ભેદ (ફરક) નથી, પણ ફળમાં ફરક પડે છે. સોનામાં સોનાપણું છે પણ તેનું સોનાપણું જાણીએ ત્યારે કિંમતનો વ્યવહાર કરી શકીએ. સોનાપણે જાણ્યા વિના કિંમત કરી શકીએ નહિં અને કિંમતિપણે વ્યવહાર પણ કરી શકીયે નહિં. પિત્તલના કાંઈ તોલાના પાંત્રીસ રૂપિયા અપાય ? તેમ સોનાના પણ પાંત્રીસનો ભાવ હોય ત્યારે પાંચસેં અપાય નહિં. સોના તથા પિત્તળના મૂલ્યનો વ્યવહારમાં ફરક પડે છે. સોનાને

પેટીમાં મૂકાય છે. પિત્તળને ગમે ત્યાં છૂટું મૂકાય છે. પિત્તળની ચીજને સોનાપણે માનવામાં આવે તો તેને પણ પેટીમાં મૂકાય. પેટીમાં મૂકવાથી તે કાંઈ સોનું થઈ જવાનું નથી. આત્માના સ્વભાવ રૂપ જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવળ એ પાંચભેદો, સ્વરૂપથી જાણીએ છીએ, તેથી તે ભેદો પાંચથી વધારે કે ઓછા થવાના નથી, પણ જાણ્યા ન જાણ્યાનો ફરક વ્યવહારમાં પડ્યા વિના રહેતો નથી. સોનાને તોલવા કાંટો જોઈએ અને પિત્તળને તોલવા ત્રાજવાં જોઈએ, વ્યવહારમાં, રક્ષણ પ્રવૃત્તિમાં, તથા ફલમાં સોના તથા પિત્તળમાં ફરક પડે જ છે તેમ શાસ્ત્રકાર મહર્ષિ ફરમાવે છે કે તમે જ્ઞાનના ભેદો જાણો કે ન જાણો, પણ તેનું સ્વરૂપ તો જો કે જે રૂપે છે તે જ રૂપે રહે છે, પણ; તેના વ્યવહાર તથા ફળમાં જાણવા અને નહિ જાણવામાં રાત-દિવસનો ફરક પડે છે.

મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવલજ્ઞાન એ ચાર જ્ઞાન પોતપોતાનું કાર્ય કર્યા જ કરે છે અને એના ફલમાં ફરક નથી. કેવલજ્ઞાન થાય કે તરત લોકાલોકના સર્વ દ્રવ્ય અને સર્વ પર્યાયો સ્પષ્ટ દેખાય છે. અવધિજ્ઞાન પણ મર્યાદિત ક્ષેત્રના પદાર્થોને બતાવે છે. મનઃપર્યવજ્ઞાન મનના ભાવોને જણાવી શકે છે. શ્રુતજ્ઞાનની અપેક્ષા વિના મતિ આદિ ચારે જ્ઞાનો પોતાના ફલને તો આપોઆપ આપી દે છે. એ ચાર જ્ઞાન આત્માને દોરનારાં છે. આત્મા તેને દોરનાર નથી. જો કે આત્મા જ્ઞાનવાળો તો જરૂર છે, કારણ કે સ્પર્શ, રૂપ, રસ, ગંધ, શબ્દ દેખે કે સાંભળે કે તરત આત્મા જ ત્યાં ખીંચાય છે. પણ શ્રુતજ્ઞાન પોતે ખેંચાતું નથીઃ શ્રુતજ્ઞાન તો આપણું ખીંચ્યું ખીંચાય છે. જો પોતે ખીંચાય નહિ તે શ્રુતજ્ઞાન બહેરા મુંગા જેવું ગણાય, જે શ્રુતને યોગ્ય રસ્તે કે યોગ્ય ફળે દોરવામાં આવે નહિં તે બહેરા મુંગાના નિર્વાહમાં થતા ભાર જેવું સમજવું. ઘરમાં ભાઈ-બહેન બહેરા મુંગા હોય તો ભારરૂપ ગણાય છે ને ! તેમ શ્રુતજ્ઞાન પ્રાપ્ત થયા છતાં તે જો આત્માને આત્મા સન્મુખ ન દોરે તો તે આત્માને ભારભૂત જ છે. શું જ્ઞાન જેવી અપૂર્વ ચીજ ભારભૂત ? બેશક! તે જ્ઞાન ક્રિયા શૂન્ય એવા ગધેડા માટે તો ભાર રૂપ જ છે. શું ત્યારે તે ક્રિયા રહિત જ્ઞાનવાળો ગધેડો? પૂરો ગધેડો!! એમ શાસ્ત્રકાર સ્વયં ફરમાવે છે. આવશ્યક નિર્યુક્તિકાર જણાવે છે કે ...

जहा खरो चंदणभारवाही,
भारस्स भागी नहु चंदणस्स

શ્રીમદ્ ભદ્રબાહુસ્વામીજી પોતે આ મુજબ કહે છે. ગધેડા ઉપર ભાર તરીકે ગુણ કે પોઠ નાંખો. તેમાં સોનું-ચાંદી ભરો કે માટી-પથ્થર ભરો, કોલસા ભરો, કે બાવના ચંદનનાં લાકડાં ભરો, પણ ગધેડાને બધુંય સરખું છે એનું કામ તો અમુક બોજો ધારેલે ઠેકાણે લઈ જવો, ખીંચી જવો, તે છે. ગધેડાને ચીજ સાથે નીસ્બત નથી, બોજો પહોંચાડવા અને ખીંચી જવા સાથે જ તેને નીસ્બત છે. તેને પૈસાની જરૂર નથી, ખોરાકની જરૂર છે.

ભારનો ... ભાગીદાર ... ગધેડો ?

બાવનાચંદનનો પ્રભાવ એવો છે કે આઠ હજાર મણનો લોઢાનો ગોળો અગ્નિવર્ણ જેવો

(લાલચોળ-સદંતરલાલચોળ) તપાવી બહાર કાઢી તેના ઉપર તે બાવના ચંદનનું એક ટીપું જ નાંખવામાં આવે તો પણ આખો તે ગોળો ઠંડોગાર બની જાય છે. આટલી હદની તેનામાં શીતલતા છે. આવું બાવનાચંદન તેની પીઠે લાદવામાં આવે તો પણ તે ગધેડો તો બોજાનો જ વહેનારો છે. ભારનો ભાગીદાર છે, અંશે ગુણનો નહિ. કોઈ કહેશે કે આ વાત તો દુનિયા જાણે છે તેનું દૃષ્ટાંત શા માટે? શાસ્ત્રનો એ જ નિયમ છે કે શ્રોતાને સમજવાં સુલભ હોય તેવાં જ દૃષ્ટાંત અપાય.

અંક ૧૯-૨૦માં પાના ૩૯૦ પર
**દીક્ષાનું નાટક...** આ વ્યાખ્યાન
મુંબઈમાં ૧૯૮૮માં અપાયેલું

**एवं खुनाणी चरणेण हीणो नाणस्स भागी नहु सुगईए**

તે જ રીતે જ્ઞાનીને માટે પણ સમજવું. જેને જ્ઞાન પરિણમે નહિ તે જ્ઞાનીને જ્ઞાન ભારરૂપ જ છે. ગધેડાની જેમ તે પણ માત્ર ભારનો જ ભાગીદાર છે. શાસ્ત્રકાર કહે છે કે ચૌદપૂર્વી મનુષ્ય લાંતક નામના દેવલોકથી નીચે તો જાય જ નહિ. આ પ્રભાવ તો જ્ઞાનનો જ છે ને ! જરૂર !, પણ ભારરૂપ જ્ઞાન ક્યું તે સમજો ! લુચ્ચા વેપારીને કેદમાં બેસાડાય છે કે નહિ ? શું વેપારી કેદમાં ? હા! પણ ક્યો ? લુચ્ચો વેપારી! તેમ અહિં જ્ઞાન ભારભૂત તથા જ્ઞાનવાન ગધેડો, પણ ક્યું જ્ઞાન તથા ક્યો જ્ઞાની?

**चरणेण हीणो**

વિરતિ વિનાનું જ્ઞાન ભારરૂપ છે. જ્ઞાન મળ્યા પછી તેને આચરણમાં જેણે નથી મૂક્યું તે જ્ઞાની ગધેડો છે. અહિં જ્ઞાન કે જ્ઞાનીની નિંદા નથી. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી ફરમાવે છે કે ચારિત્ર વિનાના જ્ઞાનવાળા તો છોડવા યોગ્ય છે. ચંડાલના કુવે કુલવાન મનુષ્યથી ન જવાય તે મુજબ ચારિત્ર વિનાના પાસે તે જ્ઞાન ચંડાલ કૂપ જેવું ગણ્યું એમ જાણવું. તે જ્ઞાનને સારો કુવો ગણીને પણ તેવા જ્ઞાનીને ચંડાળની કોટિમાં મૂકે છે. જ્ઞાની માત્રને નહિ, પણ કેવા જ્ઞાનીને? चरणेण हीणो ચારિત્રથી હીન એવા જ જ્ઞાનીને ચંડાલની કોટિમાં મૂકે છે. બીજાને નહિ. જે શ્રુતજ્ઞાન ફલ સન્મુખ હોય તેને જ્ઞાન તરીકે ગણવું. પણ જે શ્રુત ફલ સન્મુખ ન હોય તે વ્યવહારરીતિએ ભારરૂપ જ ગણાય. તેવું જ્ઞાન કલ્યાણ આપી શકતું નથી, તેથી તે ભારરૂપ છે. આવા લુખ્ખા, કોરા જ્ઞાનને વિષયપ્રતિભાસ જ્ઞાન કહેવામાં આવે છે.

જેને જ્ઞાનના સાધનથી કમાણી જ કરવી છે, પણ ત્યાગની વાત કરવી નથી, ત્યાગનો વિચાર સરખો કરવો નથી, આત્મકલ્યાણની જેને દાનત નથી, માત્ર પેટ, અને પ્રતિષ્ઠાની જ તમન્ના છે, આત્મસ્વરૂપ જાણવાની જેને કાંઈ પડી જ નથી. કર્મ બંધાય છે કે નહિં તેનો જેને વિચાર સરખો નથી, તો પછી કર્મ તોડવાની ભાવનાની તો કલ્પના પણ તેને ક્યાંથી હોય ? આવા જ્ઞાનીને ગધેડો કહેવામાં આવ્યો છે.

(અનુસંધાન પેજ - ૪૪૧) (અપૂર્ણ)

(અનુસંધાન પાનું ૪૪૦ નું ચાલુ)

સંતોને ચેતવણી આપે છે કે તમારું જીવન અને તમારું અન્તઃકરણ જો સારું અને નિર્મળ રાખવા માગતા હો તો વર્ત્તમાન, ભૂત કે ભવિષ્ય કોઈ પણ કાળની અપેક્ષાવાળું અને સ્થિર રહેવાવાળા કે ચાલવાવાળા કોઈની પણ સાથે વૈર રાખવું પાલવશે નહિં, જેવી રીતે ત્યાગી પુરૂષોને માટે જૈનદર્શનકારોએ વૈરના વૃક્ષનું નિકંદન કર્યું છે, તેવી જ રીતે જે ભોગી વર્ગ છે અને જે આરંભ પરિગ્રહથી કે જર, જોરૂ અને જમીનથી વિરતિવાળો થયો નથી, અગર તેને છોડી શક્યો નથી તેને માટે પણ જૈનશાસ્ત્રકારોએ **वेरं मज्झ न केणइ** નો મંત્ર તો ફરજિયાત જ રાખેલો છે. એટલે કહેવું જોઈએ કે ત્યાગી કે ભોગી કોઈ પણ જૈનને માટે શાસ્ત્રકારોએ વૈરની વસુલાતનો મનોરથ પણ કરવાનો રાખ્યો નથી. આ વાત જ્યારે સમજવામાં આવશે ત્યારે જ જૈનદર્શનકારોએ ત્યાગી અને ભોગી બન્નેને માટે ફરજિયાત તરીકે જે સર્વ જીવો માટેની મૈત્રી ચિન્તવવાની જણાવી છે તે સાધન શૂન્ય નથી, પણ ખરેખર સાધનથી ભરપુર છે, કારણ કે એ વાત નવી સમજવી પડે તેમ નથી, કે વૈરની વસુલાત કરવાની ધારણાવાળાઓ સર્વ જીવો પછી તે એકેન્દ્રિય હો, બેઈન્દ્રિય હો, તેઈન્દ્રિય હો, ચૌરેન્દ્રિય હો કે દેવગતિવાળો હો કે મનુષ્યગતિવાળો હો કે નરકગતિવાળો હો કે તિર્યંચગતિવાળો હો. શત્રુ હો કે મિત્ર હો. ફાયદો કરનાર હો કે નુકસાન કરનાર હો. ગુન્હાને કરનાર હો કે ગુન્હાને રોકનાર હો. પરંતુ સર્વજીવને વિષે ભેદભાવ રાખ્યા વિના મૈત્રીભાવ કે જેને હિતનું ચિન્તવન કહેવામાં આવે છે. તે રાખવી જ જોઈએ. અન્યમતો કરતાં ઉપર જણાવેલા સર્વજીવોને વિષે મૈત્રીનું ચિન્તવન કરવાનો કે મૈત્રીને અમલમાં મૂકવાનો કોઈપણ હક્ક ધરાવી શકતું હોય તો તે માત્ર વૈરના વિસ્મરણવાળો જ ધરાવી શકે છે. અને તેટલા જ માટે જૈનદર્શનકારોએ વૈરવૃત્તિનું વાઢકાપ કરવાની સાથે સર્વજીવોને વિષે મૈત્રીના આંદોલનને વ્યાપક બનાવી દીધું છે; પરંતુ વૈરની વસુલાત બન્ધ થવી અને મૈત્રી એટલે હિતચિન્તવનના ફુવારાઓ ફુટવાનું દુર્ઘટકાર્ય તે જ જગા પર થઈ શકે કે જે મહાનુભાવોના અંતઃકરણોમાં નીચે જણાવવામાં આવશે એવા બે વિચારો ઓતપ્રોત થયા હોય. તે બે વિચારોમાં એક તો એ વિચાર **કે જગતના જે કોઈપણ જીવોનો મેં માનસિક-વાચિક કે કાયિક અપરાધ કર્યો હોય તે સર્વની હું માફી માગું છે એટલું જ નહિં, પરંતુ જો એ માનસિક-વાચિક કે કાયિક રીતિએ મારો કોઈએ પણ અપરાધ કર્યો હોય તો હું તે મારા અપરાધની પણ તેઓ માફી માગે કે ન માગે તો પણ હું માફી આપું છું.** આ ઉપરથી સ્પષ્ટપણે સમજી શકાશે કે જૈનદર્શનના ઉપર જણાવેલા ત્રણ સિદ્ધાંતો જગતના ઈતર દર્શનોના સિદ્ધાંતોની અપેક્ષાએ અજોડ અને પવિત્ર સિદ્ધાંતો છે તે ત્રણ સિદ્ધાંતો નીચે પ્રમાણે -

૧ વૈરની વસુલાત કે વૈરનું ધારણ કરવું નહિં.

૨ જગતના સર્વજીવોના હિતોનું જ ચિન્તવન કરવું. કોઈનું પણ અહિત વિચારવું નહિં.

૩ જગતના કોઈપણ જીવના કરેલા અપરાધની તત્કાલ માફી માગવી અને બીજાઓએ પોતાના કરેલા અપરાધોની માફી આપવી.

ઉપર જણાવેલા અજોડ પવિત્ર સિદ્ધાંતો ઉપર જે કોઈ સુજ્ઞ જૈનમનુષ્ય વિચાર કરશે તે જ જૈનદર્શનમાં ધર્મની સાથે જ જોડાયેલા પ્રતિક્રમણ ધર્મને સમજશે અને તે સમજવાથી. દૈવસિક-રાત્રિક-પાક્ષિક ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણનું જે મહત્વ જૈનદર્શનકારોએ ગાયું છે, જૈનજનતાએ માન્યું છે, અને વિશેષ અમલમાં મૂક્યું છે, તેની આવશ્યકતા સમજશે અને જૈનદર્શનનો અજોડ પવિત્ર સિદ્ધાંત કેવો છે તે ધ્યાનમાં લેશે.

(અનુસંધાન ટાઈટલ ૪નું ચાલુ)

જૈનદર્શનમાં જ પ્રતિદિન ઉભયસંધ્યાએ કરવા લાયક એવું જે પ્રતિક્રમણ આવશ્યક છે તેની અંદર એ સિદ્ધાંતને યોગ્ય સ્વરૂપ આપવામાં આવ્યું છે, જો કે પ્રતિક્રમણ આવશ્યકને માટે ત્યાગી અને ભોગીઓના ભેદની અપેક્ષાએ વિભાગ હોવાથી સૂત્રની અપેક્ષાએ પણ વિભાગની જરૂર રહે છે, પરંતુ જે આ માફીનો પવિત્રતમ જૈનદર્શનનો અજોડ સિદ્ધાંત છે, તેને તો ત્યાગીના પ્રતિક્રમણ આવશ્યકમાં અને ભોગીના પ્રતિક્રમણ આવશ્યકમાં પણ સ્થાન આપવામાં આવેલું છે, તેમાં વળી વિશિષ્ટતા તો એ છે કે જેમ મંદિરની ઉપર કલશારોપણ હોય, ભોજનની ઉપર તામ્બૂલ અર્પણ હોય. અક્ષતની ઉપર ફલારોપણ કરવાનું હોય, તેવી રીતે તે ત્યાગી અને ભોગી બન્નેના પ્રતિક્રમણ આવશ્યકને અંતે શિખર તરીકે કહો-તામ્બૂલ તરીકે કહો કે ફલારોપ તરીકે કહો, કોઈપણ પર્યવસાન ઉત્તમ કાર્ય તરીકે ગણાવો તો તે માફીનો જ સિદ્ધાંત છે. સર્વદર્શનોમાં પ્રતિદિનની ક્રિયા અને સંધ્યાની ક્રિયાઓ જણાવવામાં આવેલી હોય છે અને તેની પ્રવૃત્તિ પણ હોય છે, પરંતુ એકપણ દર્શનની પ્રતિદિન ક્રિયાની અંદર માફીના પવિત્ર સિદ્ધાંતને સ્થાન આપવામાં આવેલું જ નથી. પ્રથમ તો ઈતરદર્શનકારોએ પોતાના ધર્મશાસ્ત્રોને સ્થાને સ્થાને વૈરની વસુલાતનાં જ સાધનો બનાવ્યાં છે, પરંતુ ફક્ત જૈનદર્શનકારે જ વૈરને વિસ્મરણ કરવાનો સિદ્ધાંત રાખ્યો છે, અને તે વૈરને વિસ્મરણ કરવાનો સિદ્ધાંત ત્યાગી અને ભોગીના પ્રતિક્રમણ આવશ્યકની ક્રિયાની અંદર દાખલ કર્યો છે. સુજ્ઞમનુષ્યો સ્હેજે સમજી શકે તેમ છે કે જર, જોરૂ અને જમીનના પ્રતાપે જ વૈરરૂપી વૃક્ષની ઉત્પત્તિ છે ટકવાનું છે, અને વધવાનું છે, પરંતુ જૈનમત તે ત્રણેના ત્યાગમાં જ ધર્મની ઉત્પત્તિ, ટકવું અને વૃદ્ધિ માને છે. એટલે પ્રથમ તો ધર્મના આચારને અનુસરનારાઓમાં વૈરની ઉત્પત્તિ વિગેરેનું કારણ જ નથી. અને તેથી જ જૈન શાસ્ત્રકારોએ જૈનદીક્ષા જો કે વ્યવહારથી હિંસા, જુઠ, ચોરી અને સ્ત્રી, તથા પરિગ્રહ એ પાંચે પાપોના ત્રિવિધ ત્રિવિધ ત્યાગરૂપ જ માનેલી છે, છતાં પણ મુખ્યસ્થાનોએ તેની પ્રરૂપણા કરતાં પરિગ્રહ અને આરંભના ત્યાગરૂપ જ દીક્ષા જણાવવામાં આવેલી છે. વાચકમનુષ્ય સ્હેજે સમજી શકશે કે જેઓને પરિગ્રહનો સર્વથા ત્યાગ હોય તેઓને વૈરની ઉત્પત્તિ આદિ થવાનો સંભવ જ નથી, છતાં પણ જેઓને પરિગ્રહના સર્વથા ત્યાગની સાથે આરંભનો પણ સર્વથા ત્યાગ છે તેઓને તો વૈરના ચિન્તવનનો પણ અવકાશ રહેતો નથી. જો કે ઈતર દર્શનકારોએ પણ સામાન્ય રીતે હિંસાનો ત્યાગ શ્રેષ્ઠ છે, એમ તો કબુલ કરેલું જ છે, વળી દીક્ષાના વિશેષસ્વરૂપની જગા પર હિંસાશબ્દનો ત્યાગને માટે પ્રયોગ ન કરતાં જૈનશાસ્ત્રકારોએ જે આરંભના ત્યાગને જણાવેલો છે તે એ સ્પષ્ટ કરે છે કે જૈનદર્શનકાર એકલી હિંસાને જ ત્યાજ્ય ગણે છે એમ નહિ, પરંતુ હિંસાના સાધનભૂત દરેક વસ્તુઓનો ત્યાગીઓએ ત્યાગ કરવો જ જોઈએ. એ જણાવવા માટે પરિગ્રહના ત્યાગની સાથે આરંભનો ત્યાગ જણાવવામાં આવેલ છે. ઉપર જણાવેલ વસ્તુનો વિચાર કરનાર મનુષ્ય સ્પષ્ટપણે સમજી શકશે કે દીક્ષિત અવસ્થામાં વૈરની ઉત્પત્તિનાં સાધનો નથી, વૈરની વસુલાતનાં સાધનો નથી, તેમ વૈરની વસુલાત પણ કરવાની નથી, એટલું જ નહિં, પરંતુ દીક્ષિત થવા પહેલાં જે કોઈ પણ વૈરો ઉત્પન્ન થયાં હોય અગર દીક્ષિત થયા પછી પણ કોઈ તેવી અજ્ઞાનતા કે વિપરીત દશાને લીધે વૈરની ઉત્પત્તિ વિગેરે થયાં હોય તો તે વૈરને સર્વથા ખસેડી નાખવા માટે જ જૈન શાસ્ત્રકારોએ મંત્ર તરીકે સૂત્ર રાખ્યું છે કે **वेरं मज्झ न केणइ** અર્થાત્ આ વાક્યદ્વારાએ સાધુ

(જુઓ અનુસંધાન પાનું ૪૩૯)

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-સ્પર્શી વાચનનો ગ્રંથ તે જ આ શ્રીસિદ્ધચક્ર (પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અહિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વસ્ત્રવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# જૈનદર્શનનો અજોડ સિદ્ધાંત

જગત્‌માં વર્ત્તમાનકાળે પ્રવર્ત્તતા દર્શનો અને મતોમાં લૌકિકદૃષ્ટિએ કોઈક કોઈક સિદ્ધાંત અપૂર્વ તરીકે પ્રવર્ત્તેલો ગણવામાં આવે છે. જેમ કેટલાકમાં શ્રદ્ધાની પવિત્રતા, કેટલાકમાં આચારની પવિત્રતા, કેટલાકમાં ભક્તિની પવિત્રતા, કેટલાકમાં પ્રાર્થનાની પવિત્રતા, કેટલાકમાં દયાની પવિત્રતા, એમ વ્યવહારિકદૃષ્ટિએ જુદા જુદા મતોને અંગે અમુક અમુક વસ્તુની પ્રવૃત્તિમાં અધિકતા હોવાને લીધે તેની પવિત્રતા તે તે દર્શનમાં અધિકપણે માનવામાં આવેલી હોય છે, પરંતુ જૈનદર્શનની અંદર તે શ્રદ્ધા વિગેરેની સર્વ પવિત્રતાને યોગ્ય સ્થાને રાખવામાં આવેલી જ છે, છતાં પણ જગતના કોઈપણ દર્શનકારે કે કોઈપણ મતવાળાએ જે પવિત્રતાનો સ્પર્શ પણ કર્યો નથી, એવી એક પવિત્રતા જૈનદર્શનની અંદર વાસ કરી રહેલી છે અને તે પવિત્રતાને અંગે વિચાર અને વ્યવહારો પણ પ્રવર્તેલા છે. તે પવિત્રતાને જ જૈનદર્શનની અજોડ પવિત્રતા કહીએ તો તે અતિશયોક્તિભર્યું કથન તો નથી જ. જો કે એ એક સિદ્ધાંતને અજોડ પવિત્ર સિદ્ધાંત તરીકે ઓળખાવતાં શ્રદ્ધા-જ્ઞાન-તપસ્યા-વિનય-વૈયાવચ્ચ-ભક્તિ- આચાર અને વ્યવહારને માટે જૈનદર્શનકારોએ સ્થાને સ્થાને જણાવેલી પવિત્રતાનું વિસ્મરણ કરવામાં તો આવતું જ નથી, પરંતુ તે શ્રદ્ધાદિકના વિષયો અન્ય મત અને દર્શનોમાં ઈતર ઈતરરૂપે વાસ કરે છે. જો કે ઈતરદર્શનોમાં પ્રવર્ત્તતી તે પ્રણાલિકાઓ યોગ્ય છે કે અયોગ્ય છે, તારક છે કે સંહારક છે, ઉન્નતિનું કારણ છે કે અવનતિનું કારણ છે, એ વિગેરે વિચાર કરવાની જરૂર છે, છતાં તે બાબતનો અહિં વિચાર નહિં કરતાં જે સિદ્ધાંતની છાયા પણ અન્યદર્શનોએ સ્વીકારી નથી એવા એક અજોડ પવિત્ર સિદ્ધાંતને અંગે ચાલુ કથન છે. તે જૈનદર્શનમાં રહેલો પવિત્ર અને અજોડ સિદ્ધાંત બીજો કોઈ નહિં, પરંતુ માફી સંબંધી જે જૈનદર્શનનો સિદ્ધાંત છે તે અજોડ અને પવિત્ર છે.

(જુઓ અનુસંધાન પાનું ૪૪૦)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...ન...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित,-
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम् ॥१॥


વર્ષ : ૮ અંક : ૨૨

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦

તા. ૨-૯-૪૦ સોમવાર

કિંમત ૧॥ આના

## ... અપૂર્વ ગ્રન્થ રત્નો ...

| | પુસ્તકો | કિંમત |
|---|---|---|
| ૧ | દશપયન્ના છાયાસહિત | ૨-૦-૦ |
| ૨ | વિશેષાવશ્યકભાષ્ય સટીક (કોટ્યાચાર્યકૃત) | ૧૧-૦-૦ |
| ૩ | અનુયોગદ્વારચૂર્ણિ, હારિ૦વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૪ | ઉત્તરાધ્યયનચૂર્ણિ | ૩-૮-૦ |
| ૫ | દશવૈકાલિકચૂર્ણિ | ૪-૦-૦ |
| ૬ | નંદિચૂર્ણિ, હારિ ૦ વૃત્તિશ્ચ | ૧-૧૨-૦ |
| ૭ | શ્રી સંઘાચારભાષ્યટીકા | ૫-૦-૦ |
| ૮ | શ્રી શ્રાદ્ધદિનકૃત્યટીકા ભાગ - ૧ | ૩-૧૨-૦ |
| ૯ | " " ભાગ - ૨ | ૨-૪-૦ |
| ૧૦ | પ્રવ્રજ્યાવિધાનકુલક સટીક | ૨-૮-૦ |
| ૧૧ | ભવભાવના સટીક ભાગ ૧-૨ | ૭-૨-૦ |
| ૧૨ | પ્રવચનપરીક્ષા ભાગ ૧-૨ | ૧૦-૦-૦ |
| ૧૩ | ઉપદેશમાલા (પુષ્પમાલા) સટીક | ૬-૦-૦ |
| ૧૪ | કલ્પસૂત્રસુબોધિકા | ૩-૦-૦ |
| ૧૫ | ઉત્પાદાદિસિદ્ધિ | ૨-૮-૦ |
| ૧૬ | કલ્પકૌમુદી | ૨-૦-૦ |
| ૧૭ | તત્ત્વાર્થસૂત્ર સભાષ્ય | ૧-૦-૦ |
| ૧૮ | " હારિ૦વૃત્તિ | ૬-૦-૦ |
| ૧૯ | દ્રવ્યક્ષેત્ર-લોકપ્રકાશ | ૪-૮-૦ |
| ૨૦ | પર્યુષણાદશશતક | ૦-૧૦-૦ |
| ૨૧ | બુદ્ધિસાગર | ૦-૩-૦ |
| ૨૨ | ષોડશકપ્રકરણ સટીક | ૧-૦-૦ |
| ૨૩ | કથાકોષ | ૧-૪-૦ |
| ૨૪ | કલ્પ સમર્થન | ૦-૮-૦ |
| ૨૫ | સાધુ ષડાવશ્યકસૂત્ર (સવિધિ) | ૦-૮-૦ |
| ૨૬ | સિદ્ધચક્ર માહાત્મ્યમ્ | ૧-૦-૦ |
| ૨૭ | શ્રીનમસ્કારમાહાત્મ્યમ્ સંસ્કૃત | ૦-૫-૦ |
| ૨૮ | શ્રીશ્રેણિકચરિત્ર (સંસ્કૃતપદ્ય) | ૦-૬-૦ |
| ૨૯ | શ્રીકૃષ્ણચરિત્ર (પ્રાકૃત) | ૦-૧૦-૦ |
| ૩૦ | પૂજાપ્રકાશ | |
| ૩૧ | સ્વાધ્યાયપ્રકાશ | ૦-૮-૦ |
| ૩૨ | સુપાત્રદાનપ્રકાશ | ૦-૬-૦ |
| ૩૩ | શ્રીપંચવસ્તુકભાવાર્થ | ૦-૮-૦ |
| ૩૪ | સૂર્યપુરભાંડાગારદર્શિકાસૂચિ | ૧-૦-૦ |

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮) શ્રાવણ વદી ૦)) (અંક-૨૨

તંત્રી

પાનાચંદ રૂપચંદ

ઝવેરી


**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

# આગમોદ્ધારકની અમોઘદેશના

(ગતાંકથી ચાલુ)

**જિંદગી ધુળમાં મળે છે છતાં ચિંતાજ નથી?**

મનુષ્યની જિંદગીની એક મિનિટની કિંમત દેવતાના લગભગ બે ક્રોડ પલ્યોપમ જેટલા સમયની સમજવાની છે. પૂજામાં બોલો છો, સાંભળો છો, તે યાદ કરો! સામાયિકની અડતાલીસ મિનિટમાં ૯૨૫૯૨૫૯૨૫ પલ્યોપમ જેટલું જીવન મળે છે ને ! વિચારો કે એક મિનિટ નકામી કાઢવી પાલવે તેમ નથી તો કલાકો, દિવસો, મહિનાઓ, અરે વધીને કહો કે જિંદગી ધૂળમાં મળી રહી છે તેનો વિચાર કેમ થતો નથી ? દુનિયામાં કહેવત છે કે છાશમાં માંખણ જાય અને વહુ ફુવડ કહેવાય ! અરે એ માંખણ તો કોઈના ખાવામાંયે જાય છે. અજાણ્યો પણ ઉપકાર થાય છે, છતાં તે વહુ ફુવડ ગણાય, તો આ તો પુરૂષની જિંદગી ધૂળમાં મળે છે. સમજદાર મનુષ્યની જ્ઞાનવાળા આત્માની જિંદગી ધૂળમાં મળે છે તે કેવો કહેવાય ? શ્રુતજ્ઞાનને આત્માની સન્મુખ

કરો અને તેનો લાભ ઉઠાવો તો તે જ્ઞાન કિંમતિ ગણાય, પણ જ્યાં લાભની ઈચ્છા ન હોય, તેવી પ્રવૃત્તિ ન હોય તો તેવા શ્રુતજ્ઞાનને શાસ્ત્રકારે વિષયપ્રતિભાસ જ્ઞાન ગણ્યું છે. જેને જ્ઞાનની કિંમત તરફ લક્ષ્ય નથી તેવા જ્ઞાનીને તો ગધેડો ગણવામાં આવ્યો છે. વિષયપ્રતિભાસ જ્ઞાનને જવાબદારીમાં ઉતારો એટલે એ જ જ્ઞાન પરિણતિ જ્ઞાન બની જાય છે. પરિણતિ જ્ઞાનવાળો તો સમજી શકે તેમ છે કે કચરા સાટે કોહિનુર મળે છે. કચ્છમાં પ્રાયઃ રેતીનાં રણો જ હોય છે, મોટી મારવાડમાં પ્રાયઃ ધૂળ જ ભરી છે, ધારો કે ત્યાંના રાજાએ કાયદો કર્યો કે આ દેશમાંથી જે બહાર જાય તેણે આટલી માટી તો બહાર લઈ જ જવી. એટલે ત્યાંથી માટી લેવી પડી. ત્યાંથી આગળ આવતાં ધોલેરાની ખાડી આવી. ધારો કે ત્યાંના રાજાએ ઠરાવ્યું કે આ ખાડો કોઈ પૂરે તેને ધૂળના બદલામાં સુવર્ણ આપવું. ગુજરાતના મધ્યભાગવાળાએ વિચાર્યું કે આ ધૂળ જો અહિં રહી જશે તો આપણને નુકશાન થશે. તેઓ તો બધા ધૂળવાળાને બહાર કાઢે છે. હવે ત્રણ પોટલાવાળા છે, કોઈએ ગણકાર્યું નહિં : ગણકાર્યું છતાં લીધું નહિ. કોઈકે **जिसके तडमें लड्डु इसके तडमें हम** એ નીતિ અંગીકાર કરી અરધી ધૂળ નાંખી અને અડધી રાખી. ત્રીજાએ તો બધી ધૂળ નાંખી દઈ સોનાની ચીઠ્ઠી લખાવી. હવે જેણે ચીઠ્ઠી લખાવી નથી તે તો રખડતો રહ્યો. તેની ચિન્તાનો પાર નથી ચીઠ્ઠીઓ લખાવી છે તેઓ સુવર્ણ પામ્યા છે.

આ વાત તો કોઈને અસંભવિત પણ લાગે, પણ જીવ રૂપી મુસાફરને તો બરાબર લાગુ થાય તેમ છે. જેને ભવમાં આવવું છે તેને પુદ્‌ગલનો લોચો લઈને જ આવવાનું છે. તે વિના કોઈ આવતું નથી. ધર્મરાજાએ પરોપકાર કર્યો કે - "આ કાયાથી જેટલી ધર્મકરણી કરો તેટલી હું તમને પુણ્યરૂપ સુવર્ણની ચીઠ્ઠી આપું." હવે 'આ ભવ મીઠા તો પરભવ કોણે દીઠા!' એમ પણ માનનારા કેટલાકો છે, જ્યાં સુધી જીવાય ત્યાં સુધી મોજથી રહેવું પાસે ન હોય તો દેવું કરીને પણ ઘીનું પાન કરવું જ જોઈએ.' એમ તેઓ માને છે. કોઈએ આ પુદ્‌ગલરૂપ માટીને આશ્રવમાં લગાવી, કોઈએ સંવરમાં લગાવી, અને કોઈએ બંન્નેમાં લગાવી. એટલે કે પાપ પણ કર્યું તથા ધર્મ પણ કર્યો! મૃત્યુ વખતે તો ધર્મકરણી કરી હોય કે પાપ કર્યું હોય, પણ કાયા છોડવાનો જ હુકમ ! પરિણતિ જ્ઞાનવાળો તો સમજે છે કે આ કાયા ધૂળમાં મળી જનાર છે, માટે તેનાથી થાય તેટલી ધર્મકરણી કરી લેવી જોઈએ. જેથી ધૂળને બદલે સોનું લઈ લેવાય! અને તેથી પરિણતિ જ્ઞાની દુઃખમાં પણ ધર્માનુષ્ઠાનને છોડતો નથી. એ તો સમજે છે કે આ પુદ્‌ગલનો લોચો ફરજ બજાવવા મળ્યો છે તો તેનાથી શા માટે લાભ ન ઉઠાવવો, પરિણતિ જ્ઞાનવાળો ધર્મથી પાછો હઠતો નથી.

# શ્રુતજ્ઞાનની મુખ્યતા !

**આવરણ છે એ જ સિદ્ધ કરે છે કે જ્ઞાન છે.**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યજીવોના ઉપકારાર્થે ધર્મોપદેશ માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતા જ્ઞાનાષ્ટકમાં જણાવે છે કે જો કે જ્ઞાનના સ્વરૂપભેદે પાંચ ભેદ છે. ૧ મતિજ્ઞાન. ૨ શ્રુતજ્ઞાન. ૩. અવધિજ્ઞાન. ૪. મનઃપર્યવજ્ઞાન. ૫. કેવલજ્ઞાન. તો પણ શાસ્ત્રશ્રવણના પરિણામને અંગે ત્રણ ભેદ છે. ૧ વિષયપ્રતિભાસ જ્ઞાન. ૨. પરિણતિજ્ઞાન. ૩. તત્ત્વસંવેદનજ્ઞાન. જો કે ગોળ કે સાકરમાં મીઠાશ ધારીએ તેથી વધતી નથી તથા ન ધારીએ તેથી ઘટતી નથી. તેમ તેના સ્વભાવમાં ફરક પડવાનો નથી. તે જ રીતે જ્ઞાનના ભેદો જાણો કે ન જાણો, પણ તે જે ભેદે અને સ્વરૂપે છે તેમજ તે રહેવાના જ છે. આત્માનો જ્ઞાન તે સ્વભાવ છે એમ જાણીએ કે ન જાણીએ પણ તેથી તે સ્વભાવ મટવાનો કે વધવાનો નથી. જીવનું સ્વરૂપ જાણનાર તો સમજી શકે છે કે આત્મા જ્ઞાન સ્વભાવવાળો છે. મિથ્યાત્વીને તથા અભવ્યને જ્ઞાનના પાંચ સ્વરૂપનો ખ્યાલ ભલે ન હોય પરંતુ તેનો આત્મા તો તે પાંચે જ્ઞાનના સ્વભાવવાળો જ છે અને તેથી તો તેને પણ પાંચ આવરણ છે. જો જ્ઞાન ન હોય તો આવરણ શાનું ? **ज्ञानं आवृणोति-आच्छादयति** અર્થાત્ જે કર્મ-પુદ્ગલો જ્ઞાનને ઢાંકે તે જ્ઞાનાવરણીય કહેવાય. મીયાં બીબીને જુતી લગાવવાનું કહે ત્યારે બીબી કહે છે - કે 'જુતી લાઓ પીછે લગાના!' કહેવત પણ છે કે 'વો દિન કહાંસે કે મીયાં કે પાંઉમેં જુતીયાં!' મતલબ આવરણ પણ જ્ઞાન હોય તો છે ને ! વિના જ્ઞાન આવરણ કોને ? પાંચ પ્રકારનાં જ્ઞાનાવરણીય કર્મ દરેક છદ્મસ્થ પ્રાણીને છે, તેથી પાંચ પ્રકારના જ્ઞાન સ્વરૂપવાળો દરેક છદ્મસ્થ પણ આત્મા છે. સૂક્ષ્મ એકેન્દ્રિયને જ્ઞાનાદિ ભેદો દેખાતા નથી, પણ તેથી તેમાં તે છે નહિં એમ નથી. જ્ઞાનના પાંચે ભેદો દરેકને સત્તામાં રહેલા છે.

## પરિણામ વગરનું જ્ઞાન નિરર્થક છે.

એટલે આત્મા જ્ઞાનસ્વરૂપવાળો છે, એ જાણ્યું તેનું ફળ શું ? જ્ઞાનથી સાધનને ઉપયોગી કરી શકાય, નવું ફળ મેળવી શકાય, તેનો સદુપયોગ થઈ શકે એ તેનું ફલ છે. રસ્તામાં કાંટો પડ્યો છે, નજરે પડ્યો તેનું એ જ ફલ કે તેનાથી બચીએ. ચીજ ખોવાઈ છે એમ જાણીએ તેનું ફલ એ કે તેને શોધીએ અને મેળવીએ. છોડવા લાયક પદાર્થોને છોડીએ અને આદરવા લાયક પદાર્થોને આદરીએ એ જ્યારે જાણીએ ત્યારે જ બની શકે. સ્વરૂપ વગેરે જાણવાથી પણ પરિણતિદ્વારા પ્રવૃત્તિથી ફળ મેળવી શકાય છે. આથી શ્રુતજ્ઞાન જ મોટું છે. કોઈ કહેશે કે આમ કહેવાથી શું કેવલજ્ઞાનની આશાતના નથી થતી? કેમકે મોટું તો કેવલજ્ઞાન છે! ના ! આશાતના નથી થતી. રહસ્ય સમજવું જોઈએ. ખોવાયેલા હીરાને શોધવા દીવો કરવો પડે છે. કહો કે તે હીરાને દીપક શોધી આપે છે, માટે

તેની તે દૃષ્ટિએ કિંમત વધારે કહી શકાય, પણ તેથી હીરાની કિંમત ઘટતી નથી. અંધારામાં તો હીરો અને કાંકરો બંન્ને સરખા છે. તેનો ફરક બતાવનાર દીપક છે. કિંમતની નજરે હીરા પાસે દીવો કે દીવાસળી કોઈ વીસાતમાં નથી, પણ હીરાને શોધવાની દૃષ્ટિએ દીપક તથા દીવાસળી કેટલાં કિંમતિ છે ? કેવલજ્ઞાન હીરા જેવું કિંમતિ છે તે કબુલ છે, પણ તેને બતાવનાર શ્રુતજ્ઞાન જ છે. ઉત્પન્ન થાય ત્યારથી અનંતકાળ સુધી લોકાલોક પ્રકાશક એવું કેવલજ્ઞાન છે, પણ એમ જણાવનાર તો શ્રુતજ્ઞાન જ છે. શ્રુતજ્ઞાન દીપકરૂપ છે. કેવલજ્ઞાનાદિ તમામ જ્ઞાનને બતાવનાર શ્રુતજ્ઞાન છે માટે તે કિંમતિ છે. કેવલજ્ઞાનનું સ્વરૂપ, તે કોને થાય ? ક્યા ક્ષેત્રમાં ? ક્યારે હોય ? વિગેરે શ્રુતજ્ઞાનથી માલૂમ પડે છે માટે તે કિંમતિ અને દીપક સમું છે. દીવા વિના જેમ અંધારૂં, તેમ અહિં પણ શ્રુતજ્ઞાન વિના વસ્તુનું જ્ઞાન થતું નથી. આથી મહર્દ્ધિક શ્રુતજ્ઞાન છે અને કેવલજ્ઞાન તેની પછી જ છે. જ્યારે મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા કેવળજ્ઞાન એ ચારે જ્ઞાન જો કે સારાં છે અને મહત્ત્વનાં છે પણ પ્રરૂપણા માટે તો ખડખડીયા નાળિયેર જેવાં છે, ત્યારે શ્રુતજ્ઞાન તો બોલતું (પાણીછલું) શ્રીફળ છે. પહેલાં ચાર જ્ઞાનો જ્યારે પોતાનું પણ સ્વરૂપ જણાવી શકતા નથી કેમ ? સ્વરૂપને કહેવા કે લખવા માટે તો શબ્દોની જરૂર પડે છે. એટલે શ્રુતજ્ઞાન વગર તો એક કદમ પણ ક્યાં ભરાય તેમ છે ? આથી શ્રુતજ્ઞાન વધારે કિંમતિ છે. આથી જ શ્રી તીર્થંકરદેવો સમવસરણમાં બેસતાં **नमो तित्थस्स** બોલે છે, પણ **नमो केवलस्स** વગેરે બોલતા નથી. એનું કારણ શ્રુતજ્ઞાનની મુખ્યતા જ છે. આખી દ્વાદશાંગીની રચના શ્રુતજ્ઞાનમાં છે. આત્મકલ્યાણનો રસ્તો બતાવનાર શ્રુતજ્ઞાન જ છે. શ્રી ચતુર્વિધસંઘને નમસ્કાર કરાયો કે કરીએ છીએ તે પણ તે તે વ્યક્તિ આશ્રીને નહિં, પરંતુ શ્રુતજ્ઞાન રૂપ ગુણને આશ્રયી રહેલા હોવાથી જ શ્રીસંઘને નમસ્કાર છે, દ્વાદશાંગી પ્રવચનને તથા તેને ધારણ કરનારને નમસ્કાર છે. દુનિયાદારીમાં સરકારના નોકરનું અપમાન તે સરકારનું અપમાન ગણાય છે, કેમકે અધિકાર સરકારનો છે. અધિકાર છૂટેલો હોય ત્યારે તે જ વ્યક્તિનું અપમાન કરો તો તે અપમાન સરકારનું અપમાન થયું એમ ગણાશે નહિં. તેમ અહિં શ્રીચતુર્વિધસંઘ પૂજ્ય ખરો, પણ તે શ્રુતજ્ઞાન દ્વાદશાંગીની ધારણાને લઈને. ચતુર્વિધસંઘના આરાધ્યપણામાં મહત્તા શ્રુતજ્ઞાનની જ છે. સ્વ-પર પ્રકાશરૂપે, કેવલજ્ઞાનથી પણ વધુ મહત્તા શ્રુતની હોવાથી આત્મકલ્યાણ માટે ઉપયોગી શ્રુતજ્ઞાન જ છે અને શાસનની સ્થાપના અને પ્રવૃત્તિ પણ શ્રુતજ્ઞાનથી જ છે. શ્રુતજ્ઞાનના નાશે શાસનનો નાશ એટલે તેની નિવૃત્તિથી શાસનની પણ નિવૃત્તિ (વ્યુવચ્છેદ) છે.

## પાંચ જ્ઞાનમાં મહત્ત્વ શ્રુતજ્ઞાનનું છે.

શાસનની ઉત્પત્તિ, ટકાવ અને વ્યવચ્છેદ આ ત્રણ બાબતો શ્રુતજ્ઞાન ઉપર નિર્ભર છે. શ્રુતજ્ઞાનની મહત્તા આટલી બધી છે માટે એક વાત ધ્યાનમાં

રાખવાની કે જેમ વસ્તુ કિંમતિ તેમ તેની નકલ પણ વધારે. ધૂળ, તાંબુ કે લોઢાની નકલ જગતમાં કોઈ કરતું નથી અર્થાત્ તેને કોઈ બનાવટી બનાવતું નથી, કારણ કે તે કિંમતિ નથી. નકલીપણાની બનાવટોનો દરોડો કિંમતિ પદાર્થો માટે જ હોય છે. આત્મકલ્યાણ માટે શ્રુતજ્ઞાન તાત્ત્વિક છે માટે તે નામે નકલો પણ ઘણી હોય છે. માટે તે શ્રુત બે ભેદે જાણવું. એક સાચું (તાત્ત્વિક) શ્રુતજ્ઞાન અને બીજું નકલી શ્રુતજ્ઞાન. દ્રવ્યમાં, પદાર્થમાં તો અસલી નકલી હોય, પણ શ્રુતજ્ઞાન ગુણ હોવાથી તેમાં કેવી રીતે નકલ ? ફળ મેળવવામાં જે શ્રુત ઉપયોગી ન થાય તે નકલી શ્રુતજ્ઞાન અને તે જ વિષયપ્રતિભાસજ્ઞાન. કાચની અંદર સજ્જન દુર્જન બધા જ સરખા દેખાય છે. કાચ માત્ર પ્રતિબિંબ દેખાડે છે. સજ્જન-દુર્જનના ભેદ પાડવાનું તેનું કામ નથી. તેમ નવકારથી માંડીને છ કર્મગ્રંથાદિ તથા અંગાદિ ભણે, પરંતુ હેય, જ્ઞેય, અને ઉપાદેય આદિની જોખમદારી આત્મામાં આવે નહિં ત્યાં સુધી તે વિષયપ્રતિભાસ જ્ઞાન કહેવાય. શાસ્ત્રમાં કહ્યું છે તે શું માત્ર ગોખી જવા માટે ? જ્ઞેયને જાણવા માટે, (જો કે હેય, જ્ઞેય, ઉપાદેય ત્રણે જ્ઞેય તો છે જ, કેમકે જાણ્યા વિના હેય તે તજાય શી રીતે ? ઉપાદેયને આદરવામાં આવે શી રીતે ? પણ કેટલાક દ્રવ્યો એકલા જ્ઞેય પણ હોય છે) હેયને તજવા માટે, અને ઉપાદેયને આદરવા માટે, શાસ્ત્રકારોએ વસ્તુમાત્રની શાસ્ત્રમાં ગુંથણી કરી છે. હવામાં ફેંકી દેવા તે ગુંથણી નથી કરી. જીવવિચાર ભણ્યા. જીવોના ભેદ જાણ્યા, નવતત્ત્વો જાણ્યા, તેની ગાથાઓ ગોખી ગયા, ગોખાવી ગયા. અરે ! કોઈ મહાન દેખાય વિદ્વાનમાં લેખાય તેવી રીતે તેનું આપણે વિવરણ કરી ગયા. પણ જોખમદારીમાં કે આચરણમાં કાંઈ ન હોય તો તે વિષયપ્રતિભાસજ્ઞાન છે. જોખમદારી અને જવાબદારીમાં આવવાથી તે જ જ્ઞાન પરિણતિજ્ઞાનમાં પલટાય છે. જ્ઞાન તો તે જ, પણ માનો કે આચરણ કરો એટલે શુદ્ધજ્ઞાનની છાપ લાગી જાય અને પાપ ભાગવા લાગે, આચરણ વધે, પ્રવૃત્તિ જોસ ભેર થાય એટલે તત્ત્વસંવેદન જ્ઞાન થાય ! અને તે આવ્યું પછી તો પાપને પલાયન થયે જ છુટકો ! સજ્જનની સોબત કરવી લાયક છે, દુર્જનનો ત્યાગ કરવો યોગ્ય છે, પણ તેવું કાંઈ, આયનો બતાવી શકતો નથી. તેમજ વિષય પ્રતિભાસજ્ઞાન પણ આશ્રવાદિ હેય તથા સંવરાદિ ઉપાદેય છે એની જવાબદારી ઉત્પન્ન કરાવતું નથી. નાનાં બચ્ચાંઓને માત્ર રમતની દરકાર હોય છે, રમતાં કપડાં મેલાં થાય કે અલંકાર ખોવાઈ જાય તેની દરકાર પણ તેને હોતી નથી, પણ તે માત્ર અણસમજણ સુધી. યોગ્ય વયે પહોંચતાં તો તે ઠેકાણે આવી જ જાય છે. અહિં પણ ભવાભિનંદિપણું, પુદ્ગલાનંદિપણું કે જે સંસારમાં પરિભ્રમણ કરાવી ભયંકર વેદનાઓ કરાવે છે. તે વિષયપ્રતિભાસજ્ઞાન સુધી જ હોય છે. પરિણતિજ્ઞાન આવ્યું કે પુદ્ગલાનંદિપણાનાં પગલાં પાછાં પડવા માંડે છે. ઉંમર લાયક માણસ જેમ પોતાની વ્યવસ્થા કરી લે છે તેમ પરિણતિ જ્ઞાનવાળો પોતાની વ્યવસ્થા

કરવા તૈયાર જ હોય છે. જ્યાં સુધી આ રાગદ્વેષમાં રાચેલો છે, ત્યાં સુધી તેને માટે સંસારમાં ભટકવાનું છે જ. પણ પરિણતિજ્ઞાન થતાં તે રાગદ્વેષમાંથી બચવા અને સંસારથી ઉદ્ધરવા મનથી પ્રયત્ન કરે છે. જ્યાં સુધી મિથ્યાત્વ હોય, અજ્ઞાન હોય, જ્ઞાન માત્ર વિષયપ્રતિભાસ રૂપે હોય ત્યાં સુધી આત્મા પુદ્‌ગલના આનંદમાં મશગુલ રહે છે. ઈન્દ્રિયોના વિષયો પાછળ દોડ્યા કરે છે, પણ પરિણતિજ્ઞાન થતાં તે બધું બંધ થઈ જાય છે.

**પાણી પહેલાં પાળ !!!**

**सम्मद्दिट्ठी जीवो**

**विमाणवज्जं न बंधए आउं**

સમ્યગ્દૃષ્ટિજીવ વૈમાનિક દેવલોક સિવાય બીજું આયુષ્ય ન જ બાંધે એવો નિયમ છે. દુનિયાદારીના અનુભવને અંગે કેટલાકો એમ કહે છે કે આ એક જાતની લાલચ છે. જરૂર દુનિયાદારીમાં તેવા ધંધા ચાલી રહ્યા છે. ધનની લાલચે ધૂતારાઓ સોનું ચાંદી બનાવી આપવાનું કહેનારા કીમીયાગરો કૈકને ફસાવે છે અને લોભીયાઓ ફસાય પણ છે. આથી દુનિયાદારીના અનુભવીઓ એમ ભલે કહે, પણ અહિં ધાતુવાદ કે કીમીયાવાદ નથી ! પણ પરિણામવાદ છે. જૈનમતમાં, જૈનશાસનમાં આવવું હશે તો પરિણામવાદને માનવો જ પડશે. પરિણામની પાળ બાંધવી પડશે. દુનિયાદારીમાં 'પાણી પહેલાં પાળ'ની કહેવતને માનો છોને ?

મોત ક્યારે આવશે ? દાક્ષિણ્ય વગરનો કૂરકાળ પોતાની ફાળમાં જિંદગીને ક્યારે ઝડપશે? તેનો નિયમ નથી. જેમ મૃત્યુની ક્ષણની માહિતી નથી, રજીસ્ટર્ડ નથી, તેમજ આયુષ્ય બાંધવાના સમયનો પણ પત્તો નથી. વળી તેમાં આપણે તો સોપક્રમી આયુષ્યવાળા ઘણે ભાગે છીએ. ત્રણ પલ્યોપમના આયુષ્યવાળા પણ એક જ અંતર્મુહૂર્ત્તમાં ખલાસ થઈ જાય છે. યુગલીયામાં પણ ગર્ભમાં નવલાખ ઉત્પન્ન થતાં બે જ જીવે છે. બાકીના મરણ પામે છે, અને તે બધા અપર્યાપ્ત અવસ્થામાં જ મરણ પામે છે. તથા જે બે જીવે છે તે તો ત્રણ પલ્યોપમનું આયુષ્ય ભોગવે છે. આયુષ્યનો બંધ ક્યારે થાય તે કાંઈ નક્કી નથી. સામાન્યપણે આવ્યું. કાલ થકી નિયમ ત્રીજા ભાગનો છે. બીજ પછી ત્રીજે જ દિવસે પાંચમ, પછી ત્રીજેજ આઠમ એ રીતે તિથિઓની આરાધના રાખેલી છે. પ્રથમના બે ભાગ ખાલી રહ્યા અને ત્રીજા ભાગમાં આરાધના યોજી છે. સૂર્યોદયે તિથિ માનવાનો રિવાજ છે. કેટલાકમાં પૂર્વાન્હે, કેટલાકમાં મધ્યાન્હે, તથા કેટલાકમાં સાંયકાલનો ટાઈમ તિથિ માનવા નક્કી કર્યો છે. જૈનશાસનમાં તો વ્રત પચ્ચખ્ખાણના આદર માટે તિથિની આરાધના કરવી કહી અને તે માટે ઉદયની તિથિ લીધે જ પાલવે. એમ જણાવ્યું તેમાં બીજા સમયની તિથિ લેવી પાલવતી નથી.

**उदयंमि जा तिही सा पमाणमियरीइ कीरमाणीए आणाभंगणवत्था मिच्छत्तं विराहणं पावे ॥१॥** અર્થાત્ ઉદયમાં જે તિથિ હોય તે પ્રમાણ બીજી કરવામાં તો આજ્ઞાભંગ તથા અનવસ્થા દોષ, મિથ્યાત્વ અને વિરાધના દોષ વગેરે લાગે છે.

અષ્ટમીનો ઉદય સાતમે હોય અને તે દિવસે ન સૂર્યોદય હોય તો પણ સાતમે તે ઉદય માનીને

આઠમ માની આઠમની આરાધના કરવી. એટલે કલ્પિતપણે પણ ઉદયવાળી તિથિ કરવામાં જ આરાધના છે. તે સિવાયની તિથિ કરવામાં વિરાધના છે. બીજા પર્વના ક્ષયે પહેલા અને બીજાના ઉદય માનવા માટે એ ફેરવાય છે. બીજી તિથિ ઈતર દર્શનકારોએ માનેલી.

ક્રિયાકાલ વખતથી તિથિ ગણાય નહિં; નહિ તો તેરસની છેલ્લી બે ઘડીએ ચૌદશ બેસતી હોય તો તેરસની બપોર અને સાંજ સુધી ખવાય અને સાંજથી ઉપવાસાદિ વ્રત કરવું પડે. સાયંકાલ કે મધ્યાહ્ન કાલથી તિથિ લાગે તે ઉદયકાલ લેવાનો નથી, પણ સૂર્ય ઉદયકાલ વખતની તિથિ લેવાની છે અને એમ ટીપ્પણાના કે આરોપિત ઉદયકાલ લેવાથી જ અહોરાત્રના તપ-પોષધ આદિ જૈન વિધિના થઈ શકે.

હવે આયુષ્યબંધની વાત ઉપર આવીએ. આપણે પરિણામ ઉપર નજર રાખવાવાળા છીએ. ત્રીજ કે ચોથને દિવસે લીલોતરી ખાવાની આસક્તિ થાય છે. પણ પાંચમ આવી હોય તો પણ જો તિથિનું ભાન હોય તો તરત જ ખાવાની આસક્તિ મટી જાય છે. પરિણામને ગાળતાં શીખ્યો એટલે આયુષ્ય સારું બંધાઈ જાય છે. સમ્યગ્દૃષ્ટિ જીવડો ચોવીસે કલાક શુભલેશ્યાવાળો જ રહે છે અને તેથી તે વૈમાનિક દેવલોક વિનાનું આયુષ્ય બાંધે જ નહિ. એ વાત બરાબર બેસશે. જેમ છોકરાને નિશાળે માસ્તરે હિસાબ શીખવ્યો હોય અને તે હિસાબ તેના મગજમાં ચોવીસે કલાક રહે છે, તેવી રીતે ધર્માનુષ્ઠાનોમાં રૂચિ પ્રવૃત્તિને લીધે સમ્યગ્દૃષ્ટિ જીવ શુભલેશ્યાવાળો જ રહે છે. આશ્રવબંધાદિમાં રાચતો નથી. સંવર નિર્જરામાં રાચે છે અને જોડાય છે. ત્યારે સમજવું કે પરિણતિજ્ઞાન થયું છે.

**વિષયપ્રતિભાસજ્ઞાનને પરિણતિમાં પલટાવો !!! પછીનું તો આપોઆપ પલટાઈ રહેશે !!!**

**દેશઆરાધક અને દેશવિરાધક !**

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ભવ્યજીવોના ઉપકારાર્થે ધર્મદેશના માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં જ્ઞાનાષ્ટકમાં જણાવે છે કે અનાદિથી સંસારમાં રખડી રહેલો આ જીવ જો કે જ્ઞાન તો અનંતીવાર પામ્યો છે. જો કે જ્ઞાન પણ એ મુખ્ય ચીજ છે અને જ્ઞાનવાળો માત્ર દેશવિરાધક છે. ચઉભંગીમાં જ્ઞાનનો હિસ્સો મોટો પડે છે. **श्रुतशीलं श्रेयः** શ્રુતશીલ એટલે જ્ઞાન ક્રિયા જ આરાધના કરાવનાર. શાસનમાં ચાર પ્રકારના જીવો છે. કેટલાક એકલી ક્રિયામાં રાચેલા હોય છે, કેટલાક એકલા જ્ઞાનમાં રાચેલા હોય છે, કેટલાક જ્ઞાન તથા ક્રિયા ઉભયમાં સરખી રીતે રાચેલા હોય છે તથા કેટલાક એકેમાં લક્ષ નથી રાખતા.

**अविन्नायधम्मे**

એક વર્ગ એવો છે, કે જે ક્રિયા કરે છે પણ તેને ધર્મના સ્વરૂપની ખબર નથી. તેને ધર્મનું જ્ઞાન જ નથી. એક વર્ગ એવો છે કે જેને હિંસા તે અધર્મ, અહિંસા તે ધર્મ, સમ્યકૃત્વમાં ધર્મ, મિથ્યાત્વમાં

અધર્મ એવું જ્ઞાન છે, પણ ક્રિયા કરવામાં બેદરકાર છે. નિશાળમાં છોકરાને વ્યાજ, નામું, બધું શીખવવામાં આવે છે. પણ તેને વેપાર એ શી ચીજ છે તેની ખબર નથી. છોકરાને નિશાળે બેસાડાય ત્યારે તેનો ઓચ્છવ કરાય છે. પણ એ ત્રીજામાંથી ચોથા ધોરણમાં જાય ત્યારે તેનો ઓચ્છવ થતો નથી. પ્રથમ ઓચ્છવ (ઉત્સવ) થાય છે તેનું કારણ તમે સમજો છો કે શિક્ષણની જડ પ્રારંભમાં જ છે. તે જ રીતે ધર્મમાં બેદરકાર માબાપોના ધર્મની જડ વિનાના છોકરાઓ મોટી વયે પણ ધર્મ નથી કરતા, છતાં તેમાં વાંક માબાપોનો છે. ઝાડ ઉગ્યું, અને ડાળ ભીંત તરફ વળી અને તે વખતે સાવચેતી ન રાખી, પછી ડાળ વધી અને ભીંત તોડવા લાગી, પછી વાળવાની કોશીષ કરો એમાં શું વળે ? બાલકને સંસ્કાર બાલ્યવયમાં નાંખવા જોઈએ તે નાંખો નહિં અને પછી મોટા થાય ત્યારે ધર્મ ન કરે, નીતિમાન ન રહે, કે તમારા સામે થાય, એમાં નવાઈ શી ? પછી પસ્તાયે શું વળે ? પહેલાં જ્યારે શેઠીયાઓ વ્યાખ્યાને આવતા હતા ત્યારે આગળ છોકરાઓની લાઈન હતી. આજે ક્યાંથી હોય ? સંસ્કાર સીંચવામાં જ બેદરકારી રાખો પછી પરિણામ સારું ક્યાંથી આવે? ફેફસાં સુધી સડો આવે પછી શું ઉપાય ? જ્યારે જ્યારે પૂજા, સામાયિક, પ્રતિક્રમણ કરવામાં આવે ત્યારે ત્યારે બાલકને સાથે રાખવામાં વાંધો શો ? ભલે તે ધર્મ સમજતો ન હોય, ધર્મનો ફાયદો તથા અધર્મનું નુકશાન જાણતો ન હોય, તો પણ સંસ્કાર પડશે જ. જ્ઞાન ન હોય છતાં આ રીતે ક્રિયા કરનારા દેશ આરાધક છે. તેઓ દેશથી મોક્ષમાર્ગની આરાધના કરે છે.

જેઓને પાપથી વિરમવાની બુદ્ધિ છે પણ વિરમ્યા નથી, પાપને ભયંકર માને છે પણ છોડી શક્યા નથી, પ્રથમના નિયાણાના કારણે જેમ વાસુદેવાદિકો વિરમી શકતા નથી; એક પણ પાપથી અટકી શકતા નથી. તેમને કર્મનો એવો ઉદય છે કે એક પણ વિરતિ થઈ શકતી નથી, છતાં તેઓ જો ધર્મને જાણે છે. તો સારી રીતે તેઓ દેશવિરાધક છે, પ્રશ્ન થશે કે તેવા પરિણતિ જ્ઞાન વાળાને વિરાધક કેમ ગણ્યા ? એનો જવાબ એ દેવાય કે ક્રિયાવાળો હજી જ્ઞાનમાં ઉતર્યો નથી અને તેથી તેને ઓછું થાય તેનો પશ્ચાત્તાપ નથી. નાહ્યા એટલું પુણ્ય એમ માનનાર અજ્ઞાની છે. કર્યો એટલો ધર્મ એવું અજ્ઞાની હોય તે માને. જ્ઞાનવાળો તો એમ માને કે ન કર્યું એટલું ઓછું ! અજ્ઞાનીને ક્રિયા કરી એટલાનો આનંદ છે. પરંતુ જ્ઞાનીને તો નથી થતું તેની વિરાધના ખટકે છે. દરેક શ્રાવક વ્રત લેતાં બોલે છે કે **सद्दहामि णं भंते ! निग्गंथं पावयणं०**

અર્થાત્ "નિર્ગ્રંથ પ્રવચનની જૈનશાસનની આત્મકલ્યાણ માટે હું શ્રદ્ધા કરું છું. આશ્રવો છોડવા યોગ્ય છે, સંવર ઉપાદેય (આદરવા યોગ્ય) છે, હું તેની પૂરા ભરોસાથી શ્રદ્ધા કરું છું" પ્રતીતિ કરું છું અને મેળવવા માગું છું આ રીતે બોલવામાં આવે છે. અણભરૂસો નથી. શંકાને સ્થાન નથી, દેવદત્તને છોકરો માનવામાં આવે, તેમ અમુક વચનો પણ માને, છોકરાને આવો તેવો માને, પરણેલો માને પણ કોનો દેવદત્તનો ? અર્થાત્

(અનુસંધાન ૪૫૭ પર)

# તીર્થયાત્રા - સંઘયાત્રા

(અંક ૨૦થી ચાલુ)

જો કે આત્માને ઉત્પન્ન થતું વાચ્યવાચક સંબંધવાળું જે શ્રુતજ્ઞાન અનેક પ્રકારનું છતાં તે શ્રુતજ્ઞાનનો જે ક્ષયોપશમ થાય અને જે શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમને લીધે આત્માને વાચ્યવાચક ભાવે શબ્દોદ્વારા પદાર્થની પ્રતીતિ થાય તે લબ્ધિરૂપ અક્ષરજ્ઞાન આત્માનો ગુણ છે, પરંતુ તે લબ્ધિરૂપ શ્રુતજ્ઞાન અક્ષરો કે જે શબ્દરૂપે હોય છે તેના જ્ઞાનદ્વારા બની શકે છે, તે શ્રુતજ્ઞાનના આવરણનો ક્ષયોપશમ કરવામાં સાધનભૂત બનનારા જે દ્રવ્યઅક્ષરો છે તે બે પ્રકારના ગણવામાં આવે છે. એક તો વ્યંજન નામનું અક્ષર અને બીજું સંજ્ઞાનામનું અક્ષર. તત્ત્વદૃષ્ટિથી જ્ઞાન, શ્રુતજ્ઞાન, લબ્ધ્યક્ષર એ સર્વ જેવાં તાત્ત્વિક દૃષ્ટિએ આત્માના ગુણરૂપ છે, તેવાં તે વ્યંજનાક્ષરો અને સંજ્ઞાક્ષરો આત્માના ગુણરૂપ નથી, પરંતુ તે વ્યંજનાક્ષરો કે સંજ્ઞાક્ષરો આત્માને શ્રુતજ્ઞાન ઉત્પન્ન થવા માટે જોઈતા એવા શ્રુતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમને કરવા માટે સમર્થ નિવડે છે અને તેથી વાસ્તવિક દૃષ્ટિએ લબ્ધિ અક્ષરને જ ભાવઅક્ષર કહેવામાં આવે છે, પરંતુ વ્યંજનઅક્ષર અને સંજ્ઞાઅક્ષરને દ્રવ્ય અક્ષર તરીકે કે દ્રવ્યશ્રુત તરીકે ઓળખવામાં આવે છે, કારણ કે વ્યંજનાક્ષર તે જ કહેવાય કે જે વ્યંજન એટલે પદાર્થને પ્રગટ કરનારા વર્ણોરૂપ અક્ષરો હોય અને તે ભાષાવર્ગણાના પુદ્ગલરૂપ છે.

### ભાષા એ ગુણરૂપ નથી, પણ પુદ્ગલોનો સમુદાય છે.

જૈનજનતા એ વાત તો સારી રીતે સમજી શકે છે કે શાસ્ત્રનાં વચનો, અકાટ્ય યુક્તિઓ અને આધુનિક વૈજ્ઞાનિક શોધો, એ સર્વ ભાષાવર્ગણાના પુદ્ગલોને સાબીત કરવામાં કોઈ પણ પ્રકારે પાછા પડતા નથી. અર્થાત્ નૈયાયિક-વૈશેષિક વિગેરે અન્ય દર્શનકારોએ શબ્દનું ગુણપણું મનાવવા માટે જે ભગીરથ પ્રયત્નો પોતાના શાસ્ત્રોમાં કર્યા હતા અને તે માટે જે કુયુક્તિઓનો વરસાદ વરસાવ્યો હતો તે સર્વ આધુનિક વૈજ્ઞાનિકશોધથી પણ અસત્ય અને અયોગ્ય છે એમ નિર્ણીત થઈ ગયું છે અને ભાષા એ પણ એક જાતના પુદ્ગલોનો સમુદાય છે, પરંતુ રૂપી કે અરૂપી કોઈ પણ જાતના પદાર્થના ગુણ રૂપ તે ભાષા નથી એમ સ્પષ્ટ થયું છે અને તે ભાષાના પુદ્ગલો સ્વયં જ્ઞાનવાળા એટલે ચેતનાવાળા ન હોવાને લીધે જડરૂપ જ છે. એટલે સ્વરૂપે વ્યંજનાક્ષર પણ જડરૂપ જ ગણાય, છતાં તે વ્યંજનાક્ષરને જે જ્ઞાનરૂપે ગણી દ્રવ્યશ્રુતરૂપે ગણવામાં આવે તે એટલા જ માટે છે કે વાચ્યવાચક ભાવે, પદાર્થોની જે પ્રતીતિ થાય છે તે પ્રતીતિમાં વાચકની આવશ્યકતા અનિવાર્ય છે અને તેથી જ તે વાચક એવા વ્યંજનો એટલે વર્ણોને દ્રવ્યશ્રુતરૂપપણું હોવાથી અક્ષર તરીકે ગણાતા શ્રુતજ્ઞાનના ભેદમાં ગણવામાં આવે છે. સુજ્ઞમનુષ્ય વ્યંજનાક્ષરને જ્યારે શ્રુતજ્ઞાનરૂપે અક્ષરશ્રુત કે અન્ય રૂપે આરાધ્ય ગણવાનું જાણશે ત્યારે તે દ્રવ્યનિક્ષેપાનું આરાધ્યપણું કેટલું છે ? અને તે કેટલો ઉત્તમ છે? તે સ્વાભાવિકપણે જાણશે અને એ દ્રવ્યશ્રુતની માફક બીજા પણ આરાધ્યપદાર્થોના દ્રવ્યનિક્ષેપા ચક્રવર્તી ભરતમહારાજ વિગેરેએ જેવી રીતે મહાવીર મહારાજાદિ દ્રવ્યજીનોને વંદનાદ્વારાએ આરાધ્ય ગણ્યા છે તેવી રીતે દ્રવ્યજિન વિગેરેને ઉપકારક ગણી આરાધ્ય ગણવામાં પણ તત્પરતા દેખાડશે.

### શ્રુતની આરાધના સંજ્ઞાક્ષરદ્વારાએ અને તેની ભિન્નતા.

વાચકવર્ગે ધ્યાન રાખવાની જરૂર છે કે વ્યંજનાક્ષરની જગતમાં સ્વરૂપે વિચિત્રતા નથી. એટલે આખા જગતમાં અક્ષરોનું ઉચ્ચારણ કે જે વ્યંજનાક્ષર રૂપે છે તે એકજરૂપે પ્રવર્ત્તે છે. તે વ્યંજનાક્ષરનો લબ્ધ્યક્ષર સાથે સંબંધ પૂર્વ અને પ્રથમ

ઘનિષ્ટ તરીકે છે, છતાં તે વ્યંજનાક્ષરની આરાધના કરવાને માટે મૂર્ત્તિમાન તેવું સાધન નથી, અગર તેવા સુઘોષાઘંટા કે ફોનોગ્રાફ જેવા સાધનની આરાધના સાર્વત્રિક અને સાર્વદિક ન હોવાથી ઉપાસનાના વિષયમાં તે રૂઢ થયેલું નથી, એટલે જ્ઞાનક્ષેત્રની આરાધનાને નામે જેમ લબ્ધ્યક્ષરરૂપી શ્રુતજ્ઞાનને આરાધવાનું પર્યુપાસનાદ્વારાએ બનતું નથી, અર્થાત્ જ્ઞાનક્ષેત્રને આરાધવામાં બુદ્ધિમાનોએ માત્ર સંજ્ઞાક્ષર એટલે લિપીબદ્ધ થતું શ્રુત આરાધીને જ જ્ઞાનક્ષેત્રની આરાધના કરી એમ ગણવું પડે. એ વાત તો વાચકોને યાદ હશે કે લબ્ધ્યક્ષર અને વ્યંજનાક્ષર જગતમાં એકરૂપે છે. છતાં સંજ્ઞાક્ષર નામનો ભેદ તો જગતમાં તો શું ? પરંતુ એક દેશમાં અને એક પ્રાંતમાં પણ એકરૂપે હોતો નથી. જુદા જુદા દેશ જુદા જુદા કાળ અને જુદા જુદા પ્રવર્ત્તકોની અપેક્ષાએ સંજ્ઞાક્ષર એટલે લિપીરૂપ અક્ષરોનું ભિન્ન ભિન્નપણું હોય છે જો કે શાસ્ત્રકાર મહારાજા જ્ઞાનક્ષેત્રને આરાધવા માટે તૈયાર થયેલા મહાનુભાવોને અંગે અમુક લિપી જ આરાધવા લાયક છે એમ જણાવતા નથી, પરંતુ સામાન્યરીતે સંજ્ઞાક્ષરરૂપી લીપીનું આરાધન યોગ્ય ગણે છે. એ વાત તો સ્પષ્ટ છે કે સંજ્ઞાક્ષર એટલે લીપી અક્ષરો સ્વયં અર્થને પ્રકાશનારા નથી, પરંતુ સંકેતદ્વારાએ જ તે અર્થનો પ્રકાશ કરે છે.

## શ્રુતજ્ઞાન ઉત્પન્ન કોને ... થઈ શકે ? ...

સામાન્ય રીતે વ્યંજનાક્ષરો પણ સંકેત દ્વારાએ જ અર્થનો પ્રકાશ કરી શકે છે. જે મનુષ્યને શબ્દની શક્તિ અને શબ્દનો સંકેત ધ્યાનમાં ન હોય તેવો મનુષ્ય વ્યંજનાક્ષરથી પ્રતિબદ્ધ થયેલા પદ વાક્ય વિગેરેને સાંભળે તો પણ તેને શ્રવણેન્દ્રિયના મતિજ્ઞાન સિવાય અન્યજ્ઞાન તે દ્વારાએ થતું નથી, પરંતુ જેઓને તે શબ્દની શક્તિ અને સંકેત ખ્યાલમાં હોય છે તેવાઓને જ તે તે ઉચ્ચાર અથવા શબ્દોદ્વારાએ તેના વાચ્ય એવા અર્થનું જ્ઞાન થાય છે, તેવી જ રીતે સંજ્ઞાક્ષર એટલે લીપીઓને માટે પણ શબ્દની શક્તિ અને શબ્દના સંકેતને જાણનારો મનુષ્ય ચક્ષુઈંદ્રિયના મતિજ્ઞાનથી અધિકપણે શ્રુતજ્ઞાનને મેળવી શકે છે. જેઓને શબ્દની શક્તિ અને સંકેતનો ખ્યાલ ન હોય તેઓને તો સંજ્ઞાઅક્ષર એટલે લીપી માત્ર ચક્ષુઈંદ્રિયનું મતિજ્ઞાન જ ઉત્પન્ન કરી શકે છે. શ્રુતજ્ઞાન તો તેઓનેજ ઉત્પન્ન થાય છે કે જેઓ લીપીમાં લખાયેલા અક્ષરોની શક્તિ અને સંકેતને જાણતા હોય, આવી સ્થિતિ છતાં પણ સંજ્ઞા અક્ષર એટલે લીપી અક્ષર સીધી રીતે લબ્ધ્યક્ષરને ઉત્પન્ન કરવાની તાકાત ધરાવી શકે નહિં. સંજ્ઞાક્ષર જે દ્રવ્યશ્રુત કહેવાય છે તે સીધા લબ્ધ્યક્ષરને ઉત્પન્ન કરવાની અપેક્ષાએ નહિં, પરંતુ વ્યંજનાક્ષરના જ્ઞાનદ્વારાએ તે સંજ્ઞાક્ષર લબ્ધ્યક્ષરને ઉત્પન્ન કરે છે. એટલે લબ્ધ્યક્ષરરૂપી ભાવશ્રુતજ્ઞાનને ઉત્પન્ન કરવામાં જે સંજ્ઞાઅક્ષર એટલે લીપી તે જબરજસ્ત સાધનભૂત બને છે. આ કારણને લઈને ભગવાન્ ગણધર મહારાજે શ્રી ભગવતીજીસૂત્રની આદિમાં લીપીને નમસ્કાર કરેલો છે.

## કઈ લીપીદ્વારા એ આર્યદેશનો નિર્ણય હોઈ શકે.

ધ્યાન રાખવું જરૂરી છે કે વ્યંજનાક્ષરોનું મહત્ત્વ જેમ તેના વાચ્યના મહત્વને અંગે છે, તેવી રીતે સંજ્ઞાક્ષરનું મહત્ત્વ પણ તેના વાચ્યપદાર્થોની મહત્તાને અંગે જ છે અને તેથી વીતરાગ સર્વજ્ઞ ભગવાને નિરૂપણ કરેલા જીવાજીવાદિક પદાર્થોને જણાવવા માટે જે લીપીનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે તે સર્વ લીપીઓરૂપી સંજ્ઞાક્ષરનામનું શ્રુતજ્ઞાન સર્વ જૈનબંધુઓને માનવા લાયક જ થાય છે, પરંતુ

વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના શાસનની પ્રવૃત્તિ મુખ્યત્વે આર્યદેશોમાં જ હોય છે અને લીપીની અપેક્ષાએ આર્યદેશ તે જ ગણાય છે કે જેમાં બ્રાહ્મી લીપી નામની લીપી પ્રવર્ત્તતી હોય એટલે સ્પષ્ટપણે કહેવું જોઈએ કે જ્ઞાનક્ષેત્રને આરાધવા માટે તત્પર થયેલા મહાનુભાવોને વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના નિરૂપણ કરેલા જીવાજીવાદિક પદાર્થોને જણાવનારી એવી બ્રાહ્મીલીપી જ આરાધવા લાયક થાય છે અને આજ કારણથી સૂત્રકાર મહારાજાઓએ જેમ અર્ધમાગધીભાષા આર્યક્ષેત્રની ભાષા તરીકે જણાવી છે અને તે ભાષાએ બોલનારને જ (ભાષાઆર્ય) તરીકે ગણાવેલા છે, તેવી જ રીતે લીપીને માટે પણ વીતરાગ પરમાત્માના શાસનને સમજાવનારી એવી બ્રાહ્મી લીપી જ્યાં પ્રવર્ત્તતી હોય ત્યાં આર્યપણું છે એમ પણ સ્પષ્ટપણે જણાવવામાં આવેલું છે.

## બ્રાહ્મી લીપી પણ અઢાર ભેદે છે,

આ વસ્તુ ધ્યાનમાં લેતાં સ્પષ્ટપણે માલમ પડશે કે જ્ઞાનક્ષેત્રને આરાધન કરવાને તૈયાર થયેલા મહાનુભાવે બ્રાહ્મી લીપીરૂપી સંજ્ઞાક્ષરોને આરાધવા માટે તૈયાર થવું જોઈએ. વસ્તુતાએ સમ્યગ્જ્ઞાનનું આલેખવું બ્રાહ્મી લીપીમાં બનેલું છે અને આવશ્યકસૂત્ર તથા નંદીસૂત્ર વિગેરેની વ્યાખ્યામાં ચૂર્ણીકાર ભગવાન્ અને ટીકાકાર ભગવાન્ બ્રાહ્મી લીપીના અક્ષરના આકારો સંજ્ઞાક્ષરની જગા પર જણાવે છે, આવી રીતે બ્રાહ્મી લીપી જો કે શાસનના આધારભૂત અને આરાધવા લાયક ગણાવવામાં આવી છે, પરંતુ તે બ્રાહ્મી લીપી પણ સર્વ દેશમાં પણ એકજ સરખી હતી એમ કહી શકાય નહિં. કેમકે જો બ્રાહ્મી લીપીનો એકજ સરખો આકાર હોત તો તેના ભેદો હોત નહિં, પરંતુ શાસ્ત્રકારોએ તો બ્રાહ્મીલીપીના તો અઢાર ભેદો જણાવેલા છે. ભગવાન્ ગણધર મહારાજે ભગવતીજી સૂત્રની શરૂઆતમાં જે બ્રાહ્મી લીપીને નમસ્કાર કર્યો છે બ્રાહ્મી લીપી તે અઢારે પ્રકારની લીપી હોય એમ ગણવામાં કોઈ પણ જાતની અડચણ નથી. જ્ઞાનક્ષેત્રને આરાધન કરનારાઓને લીપી અક્ષરને આરાધવામાં કઈ મહત્તા હશે એ સમજાવવું મુશ્કેલ પડે તેમ નથી. કેમકે ભગવાન્ ગૌતમસ્વામીજી સરખા ગણધરોએ વ્યંજનાક્ષરને નમસ્કાર ન જણાવતાં શ્રીભગવતીજીસૂત્રની આદિમાં બ્રાહ્મી લીપીરૂપ સંજ્ઞાઅક્ષરને નમસ્કાર કરેલો છે. ઉપર જણાવ્યા પ્રમાણે જ્યારે ગણધર મહારાજા વિગેરેને બ્રાહ્મીલીપી જેવા સંજ્ઞાક્ષરની વંદન કરવા દ્વારાએ આરાધના કરવી જરૂરી ગણાય તો પછી જે જે સત્પુરૂષો જ્ઞાનને મેળવવા માટે અને આરાધવા માટે તત્પર થયેલા હોય તેઓને તે સંજ્ઞાક્ષર એટલે લીપીને આદરવાની અને આરાધવાની જરૂર હોય તેમાં આશ્ચર્ય શું ? હવે તે સંજ્ઞાક્ષરને આરાધના કરવાની ઈચ્છાવાળાએ શી રીતે સંજ્ઞાક્ષરને આરાધવા તે જણાવવામાં આવશે.

## શ્રુતજ્ઞાન થવામાં જડલીપી અક્ષર જ છે.

લબ્ધ્યક્ષરરૂપી ભાવશ્રુતના કારણભૂત જે વ્યંજનાક્ષર તે વ્યંજનાક્ષરને પણ બાહ્ય મૂર્ત્તરૂપ આપવા માટે જે આકારોનો સંકેત કરવામાં આવે છે તે તે આકારોને સંજ્ઞાક્ષર કહેવાય છે. એટલે શ્રુતજ્ઞાનનું ઉત્પન્ન થવું. સંજ્ઞાલીપી અક્ષરોની સાથે વ્યવહારથી વધારે સંબંધ રાખે છે. શાસ્ત્રકાર મહારાજાઓ જેમ શ્રુતજ્ઞાનને અંગે શ્રોત્રેંદ્રિયથી થતા જડ એવા વ્યંજનરૂપ અક્ષર લાભને જ મુખ્યત્વે શ્રુતજ્ઞાન તરીકે ઓળખાવે છે, તેમ અહિં લિપિ અક્ષર પણ જડરૂપ છતાં તે શ્રુતજ્ઞાનનું કારણ હોવાથી તેને અક્ષરશ્રુતને ઉત્પન્ન કરનાર માની મુખ્યત્વે શ્રુતજ્ઞાન તરીકે માનીએ તો કંઈ બાધ જણાતો નથી. આ કથનનો એવો ભાવાર્થ તો નથી જ કે લીપી અક્ષરને ન જાણનારાઓને શ્રુતજ્ઞાન હોય જ નહિં, કેમકે શ્રોત્રેંદ્રિય નહિં ધારણ કરનારને

પણ લબ્ધ્યક્ષર શ્રુત હોય છે તેમ અહીં પણ સંજ્ઞાક્ષર સિવાય પણ યુગલિયા આદિની વખત વ્યંજનાક્ષર હોય છે. પરંતુ વ્યવહારદૃષ્ટિએ એટલું તો માનવું જ પડે કે લીપીઅક્ષર દ્વારાએ શ્રુતજ્ઞાનનો વ્યવહાર વિશેષે પ્રચલિત છે. શાસ્ત્રકારોએ જ્ઞાનના આભિનિબોધિક આદિ પાંચ પ્રકારો જણાવીને તે પાંચે પ્રકારોમાં માત્ર શ્રુતજ્ઞાનને જ લેવાદેવાના વ્યવહારને લાયક જણાવ્યું છે, તો તે શ્રુતજ્ઞાનનું લેવું દેવું બને. એટલે વર્ત્તમાનકાળે જે વખત ગણધર મહારાજાઓથી આવેલા આગમ એટલે લોકોત્તરશ્રુતની અસ્ખલિત સૂત્ર અર્થ કે તદુભયની પરંપરા આંતરે આંતરે ઘણી વખતે સ્ખલિત થઈ ગયેલી છે તેવી વખત જો આગમજ્ઞાનનો કોઈ પણ આધાર હોય અગર આગમજ્ઞાનને લેવું દેવું. શક્ય બનાવતું હોય તો તે માત્ર લીપી અક્ષરરૂપી શ્રુતજ્ઞાન (પુસ્તકો) જ છે. વળી જે કાળમાં યક્ષાદિ સાધ્વીઓની માફક એક બે કે પાંચ સાત વખત સાંભળવા માત્રથી શ્રુતજ્ઞાનની ધારણા વ્યંજનભેદ કે અર્થભેદ સિવાય થઈ શકતી નથી તે કાલે કદાચ લીપી એટલે સંજ્ઞાઅક્ષરનું અને તે મય પુસ્તકોનું તેટલું બધું ઉપયોગીપણું ન પણ હોય, પરંતુ જે કાળમાં બહુલતાએ જીવો અનેક વખતના શ્રવણે પણ વ્યંજન અને અર્થના ભેદ સિવાય શ્રુતજ્ઞાનને ધારી શકે નહિં તેવા વખતમાં તો શાસનને માટે શ્રુતજ્ઞાનની પ્રવૃત્તિ કરવામાં લીપી એટલે સંજ્ઞાઅક્ષર જેવું અન્ય સાધન ભાગ્યે જ ઉપયોગી થઈ શકે. એટલે પરંપરાની ત્રુટીને લીધે તથા ઉપયોગ (જ્ઞાનશક્તિ)ની ત્રુટીને લીધે વર્ત્તમાન કાળના શાસનનો આધાર જો કોઈ પણ વસ્તુ ઉપર હોય તો તે માત્ર સંજ્ઞા એટલે લીપી અક્ષરના શાસ્ત્રો ઉપર જ છે. ધ્યાન રાખવું કે આ જે લીપી અક્ષરરૂપી શાસ્ત્રો કોઈ પણ પ્રકારના મહાપુરૂષના વચનની સ્ખલનાને, અનિયમિતતાને કે એવા કોઈ પણ કારણને અનુલક્ષીને કરવામાં આવી નથી, પરંતુ ઉપર જણાવેલી ત્રુટી ધ્યાનમાં લઈને જ કરવામાં આવી છે.

## શાસ્ત્રાનુસારી જીવોને સત્યાસત્યનો નિર્ણય શા આધારે કરાય ?

જૈનશાસ્ત્રના વાચકોને યાદ હશે કે ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણથી પહેલાં તેમજ શ્રી વજ્રસ્વામીજી અને શ્રીઆર્યરક્ષિતસૂરીજી પછી ગોષ્ઠામાહિલના નિન્હવપણાના નિર્ણયને માટે સ્વગચ્છીય અને અન્યગચ્છીય સ્થવીરોને શાસ્ત્રો (પૂર્વો) ના પાઠો પૂછીને નિર્ણય કરવાનું જણાવવામાં આવ્યું છે, એટલે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીના પહેલાં સત્યાસત્યનો નિર્ણય કે પક્ષપ્રતિપક્ષનો નિર્ણય માત્ર મહાન્ આચાર્યોના વચનના એકીકરણ ઉપર જ થતો હતો, પરંતુ આચાર્ય ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પછીથી નિર્ણયનો રસ્તો પલટાવવામાં આવ્યો અને તે એ જ કે પહેલાં જ્યારે વિવાદ થતો ત્યારે શ્રુતધરોના વચનથી નિર્ણય થતો હતો ત્યારે ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પછીથી એ સ્થિતિ પ્રવર્ત્તી કે લખેલાં પુસ્તકોમાં જે પાઠ નીકળે તે પાઠને સમસ્ત શાસ્ત્રાનુસારી જીવોએ પ્રમાણભૂત ગણવો. ટુંકમાં એમ કહીએ તો ચાલે કે ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીની પહેલાં શ્રુતધરોની સંખ્યાના મહત્ત્વ ઉપર નિર્ણયનો આધાર રહેતો હતો.

## વર્ત્તમાનમાં સત્યાસત્યના નિર્ણય માટે પુરૂષ વચનની મહત્તા કરતાં આગમરૂપી પુસ્તકોની જ છે.

પરંતુ ભગવાન્ દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણજી પછીના કાળમાં શ્રુતધરોની સંખ્યાના મહત્ત્વના આધારમાં નિર્ણયનો આધાર ન રહ્યો, પરંતુ પુસ્તકમાં આરૂઢ થયેલા શ્રુતજ્ઞાન એટલે લીપી અક્ષર ઉપર જ નિર્ણયનો આધાર રહ્યો. આ કારણને બારીક

દૃષ્ટિથી વિચારશું તો પહેલાના આગમોમાં उक्तं च, यदुक्तं ઈત્યાદિક કહીને સાક્ષીઓ દેવાન જેવી જરૂર કેમ નહોતી રહી ? એ સમજાશે. તે વખત શ્રુતધરો પોતાની પ્રામાણિકતાને આધારે પ્રામાણિકપણે વસ્તુનું પ્રતિપાદન કરતા હતા. પરંતુ ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણ પછીના કાળમાં થયેલા ભગવાન્ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી, ભગવાન્ હરિભદ્રસૂરીજી, ભગવાન્ હેમચંદ્રસૂરીજી, ભગવાન્ મલયગિરિ સૂરીજી વિગેરે શાસનના ધુરંધર આચાર્યોને પણ પોતાને પદાર્થોના પ્રતિપાદનમાં સાક્ષીઓ આપવાની જરૂર જણાઈ. જૈનશાસ્ત્રના અભ્યાસીઓને માલમ છે કે નંદીસૂત્ર જેવા પૂર્વધરના કરેલા શાસ્ત્રમાં જેમ સાક્ષીને અવકાશ નથી, તેમ નંદીઆદિક સૂત્રોની ઉપર ચૂર્ણિરૂપે કે બીજા સૂત્રો ઉપર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિરૂપે જે વિવેચન કરવામાં આવ્યું છે તેમાં પણ સાક્ષી દેવાના રિવાજને પણ બહુ અવકાશ નથી. સાક્ષી દઈને પ્રતિપાદન કરેલા પદાર્થને દૃઢ કરવાનું કહો કે પ્રતિપાદિત પદાર્થની શ્રદ્ધા કરવાનો રસ્તો બતાવવાનું કહો કોઈને માટે પણ હો, પરંતુ સાક્ષી દઈને પ્રતિપાદન કરેલા પદાર્થનું દૃઢ કરવાનું કે દ્વિરુક્ત કરવાનું જે દેખવામાં આવે છે તે ભગવાન્ હરિભદ્રસૂરિજી કે જેઓ શાસ્ત્રીય વિશેષવિવરણના આદ્યગુરૂ તરીકે પંકાયેલા છે તેમનાથી દેખાય છે. મલધારીય શ્રીહેમચંદ્રસૂરીજી, આચાર્ય શ્રીમલયગિરિજી વિગેરે અદ્યાપિ કાલપર્યન્ત સુધીના દરેક ટીકાકાર આચાર્યોની એ પદ્ધતિ સ્પષ્ટ છે કે પહેલાં પદાર્થનું પોતે પ્રતિપાદન કરે, અને પછી તે પદાર્થના તે પ્રતિપાદનમાં જો કોઈ પણ પ્રકારે શ્રોતાને શંકા રહેશે એવું લાગે તો તેઓ જરૂર શાસ્ત્રીયવચનો દર્શાવવા દ્વારાએ જ દૃઢ કરે છે. ઉપરની હકીકત વિચારવાથી સ્પષ્ટ માલમ પડશે કે વર્ત્તમાનકાળમાં પુરૂષવચનની એટલી મહત્તા નથી, શુદ્ધપુરૂષોની સંખ્યાની પણ મહત્તા નથી, વિશિષ્ટ શ્રુતધરપણાની પણ મહત્તા નથી, પરંતુ શાસનમાં પ્રતિપાદન કરાતા પદાર્થમાં સત્યપણામાં કે સત્યપણાના નિર્ણયમાં જો કોઈની પણ મહત્તા હોય તો તે માત્ર સંજ્ઞાક્ષર એટલે લીપીબદ્ધ થયેલા શ્રીજિનેશ્વર મહારાજના આગમરૂપી પુસ્તકોની જ છે. ભગવાન્ જિનેશ્વર મહારાજના વચનોને માનનારો મનુષ્ય કોઈપણ પદાર્થના પ્રતિપાદનમાં વર્ત્તમાનકાલે લિખિત અક્ષરો ઉપર ભરોસો રાખી શકે અને એ જ અર્થને અંગે એમ કહીએ તો ચાલે કે ભગવાન્ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણજીએ આગમોને પુસ્તકારૂઢ કર્યા તે જ વખતે પદાર્થોના નિર્ણયને પણ પુસ્તકમાં આરૂઢ જ કરેલો છે અને તેથી કોઈપણ સુજ્ઞ જૈનમનુષ્યથી લીપીબદ્ધસૂત્રોના પાઠોને અપ્રામાણિક માનવાનું બની શકે નહિં. અર્થાત્ વર્ત્તમાનકાળમાં જૈનશાસનની પ્રવૃત્તિ, જિનેશ્વર મહારાજે કહેલા પદાર્થનું પ્રતિપાદન અને પ્રતિપાદિત કરેલા પદાર્થની સત્યતા તેમજ શંકાને નિવારવાનું સાધન જો કોઈપણ હોય તો તે માત્ર લીપીબદ્ધ પુસ્તકરૂપ આગમોરૂપી શ્રુતજ્ઞાન જ છે.

### શ્રીયોગબિન્દુકાર શ્રુતજ્ઞાનની મહત્તા માટે શું કહે છે !

ઉપર જણાવેલી વાત જ્યારે બરોબર સમજવામાં આવશે ત્યારે, શાસ્ત્રોમાં જે જે શ્રુતજ્ઞાનનું મહત્વ સમજાવવામાં આવ્યું છે, તે સર્વ મહત્ત્વ લીપીબદ્ધ આગમરૂપી પુસ્તકને આભારી વર્ત્તમાનકાલમાં છે એમ સમજાશે. ભગવાન્ હરિભદ્રસૂરીજી શાસ્ત્રની મહત્તા માટે યોગબિન્દુમાં શું કહે છે ? તે આ પ્રસંગ જોઈએ.

**योगबिन्दुः पत्रं. १५**

पापामयौषधं शास्त्रं, शास्त्रं पुण्यनिबन्धनम् । चक्षुः सर्वत्रग शास्त्रं, शास्त्रं सर्वार्थसाधनम् ॥२२५॥ न यस्य भक्तिरेतस्मिंस्तस्य धर्मक्रियाऽपि हि। अन्धप्रेक्षाक्रियातुल्या,

कर्मदोषादसत्फला ॥२२६॥ यः श्राद्धो मान्यते मान्यानहंकारविवर्जितः। गुणरागी महाभागस्तस्य धर्मक्रिया परा ॥२२७॥ यस्य त्वनादरः शास्त्रे, तस्य श्रद्धादयो गुणाः। उन्मत्तगुणतुल्यत्वान्न प्रशंसास्पदं सताम् ॥२२८॥ मलिनस्य यथाऽत्यन्तं, जलं वस्त्रस्य शोधनम्। अन्तःकरणरत्नस्य, तथा शास्त्रं विदुर्बुधाः ॥२२९॥ शास्त्रे भक्तिर्जगद्वन्द्यै-र्मुक्तेर्दूती परोदिता।

अत्रैवेयमतो न्याय्या तत्प्रत्या सन्नभावतः ॥२३०॥

૧. પાપરૂપી રોગનું ઔષધ શાસ્ત્ર છે.

૨. પુણ્ય બાંધવાનું કારણ શાસ્ત્ર છે.

૩. સૂક્ષ્મ આદિ સર્વ પદાર્થને જણાવનાર ચક્ષુરૂપી શાસ્ત્ર છે.

૪. સર્વ અર્થનું સાધન પણ શાસ્ત્ર છે.

૫. જે ધમાર્થીની આ શાસ્ત્રને વિષે ભક્તિ નથી તેની ધર્મક્રિયા પણ ધર્મક્રિયા રૂપ નથી, એટલું જ નહિં, પરંતુ મોહનીયકર્મના ઉદયવાળી હોઈને તે ક્રિયા આંધળા ડોળા ચલાવવાની ક્રિયા થાય છે. તેની માફક નિષ્ફળ જ હોય છે. અર્થાત્ શાસ્ત્રની ભક્તિ વિનાની ધર્મક્રિયા મોહના ઉદયવાળી અને ફળરહિત છે. આ ઉપરથી નીચે જણાવ્યા પ્રમાણે ત્રણ મુદાઓ સમજી શકાય તેમ છે.

૧ દેવવંદન ગુરૂવંદન, તપ, જપ વિગેરે ધર્મક્રિયા જે જે થાય તે તે ધર્મક્રિયા તરીકે તેની ન ગણાય કે જેને શાસ્ત્રમાં ભક્તિ નથી.

૨ દેવવંદન વિગેરે ધર્મક્રિયા શાસ્ત્ર દૃષ્ટિએ ક્ષાયોપશમિકભાવથી થવાવાળી છે છતાં તે ધર્મક્રિયા તે મનુષ્યને તો કર્મના ઉદયથી જ થવાવાળી છે, કે જે મનુષ્યને શાસ્ત્રમાં ભક્તિ નથી. ૩ દેવવંદનાદિક ક્રિયાઓ કે જે ધર્મક્રિયારૂપે ગણાય છે તે સર્વ ધર્મક્રિયા તેની આંધળા મનુષ્યને આંખના ડોળા ચલાવવાની માફક ફલથી શૂન્ય છે કે જેને શાસ્ત્રમાં ભક્તિ નથી. વળી ધર્મક્રિયા જે થાય તે વાસ્તવિક રીતે કોની ધર્મક્રિયા કહેવાય તે સમજવા માટે શાસ્ત્રકાર નીચે પ્રમાણે કહે છે.

**તાત્ત્વિક ધર્મક્રિયા માટે નીચેની પાંચ વસ્તુઓ જરૂરી છે ...**

૧ જૈન સન્માર્ગની શુદ્ધ શ્રદ્ધાને ધારણ કરવાવાળો હોય તે તાત્ત્વિક ધર્મક્રિયાવાળો ગણાય.

૨ બહુમાન જેનું કરાય એવા દેવ, ગુરૂ આદિનું બહુમાન કરે તે તાત્ત્વિક ધર્મક્રિયાવાળો ગણાય.

૩ જાતિઆદિક દ્વારાએ થતા અહંકારો કે જેને લીધે ગુણની કિમ્મત ઘટે છે. અગર નાશ પામે છે તેવા અહંકારોથી દૂર રહેનાર મહાનુભાવને જ તાત્ત્વિક ધર્મક્રિયા હોય.

૪ ક્ષમા-માર્દવ આદિ સન્માર્ગરૂપ ગુણની ઉપર જેઓનો અવિહડ રાગ હોય તેની જ તાત્ત્વિક ધર્મક્રિયા ગણાય.

૫ જેના આત્મામાં કર્મ તોડવાની અને ધર્મ સાધવાની સારી અચિન્ત્ય એવી શક્તિ હોય તેનીજ તાત્ત્વિક ધર્મક્રિયા ગણાય.

ઉપર જણાવવામાં આવેલા મુદાઓમાં સ્પષ્ટ સમજવાનું છે કે જે સુજ્ઞ મનુષ્ય શાસ્ત્રને આધીન રહીને માન્ય એવા દેવ ગુરૂ વિગેરેને માનનાર હોય તેની જ તાત્ત્વિક ધર્મ ક્રિયા ગણાય, એટલે શાસ્ત્રને આધીન નહિં રહેનારો કે શાસ્ત્રની શ્રદ્ધા નહિં ધરાવનારો અગર શાસ્ત્રના પરાધીનપણે દેવાદિકને નહિં માનનારો મનુષ્ય જે કોઈ પણ હોય તો તેની ધર્મ ક્રિયા તે તાત્ત્વિક ધર્મ ક્રિયા ગણાય નહિં. અર્થાત્ આ ઉપરથી સ્પષ્ટ થશે કે શાસ્ત્રની શ્રદ્ધાવાળો અને શાસ્ત્રની

શ્રદ્ધાદ્વારાએ દેવ, ગુરૂ અને ધર્મ વિગેરેને માનનારો મનુષ્યજ તાત્ત્વિક ધર્મ ક્રિયાવાળો ગણાય. માટે તાત્ત્વિક ધર્મક્રિયાની ઈચ્છાવાળાએ શાસ્ત્રની શ્રદ્ધા કરવાની પ્રથમ નંબરે જરૂર છે. શાસ્ત્રમાં શ્રદ્ધા રાખવા વિગેરેથી થતા ગુણો ઉપર જણાવવામાં આવ્યા, પરંતુ શાસ્ત્રની શ્રદ્ધા નહિં રાખનારા મનુષ્યોને શ્રદ્ધાઆદિક ગુણોની નિષ્ફળતા થાય છે. તે પણ જણાવે છે.

**શ્રદ્ધાદિકગુણો શાસ્ત્રની ગૌરવતાએ જ શોભે**

જે મનુષ્યને શાસ્ત્રને વિષે ગૌરવ ન હોય એટલે શાસ્ત્રને પૂજ્ય તરીકે માનનારો ન હોય તે મનુષ્યના શ્રદ્ધા-સંવેગ-નિર્વેદ વિગેરે (અનુકંપા-શમ-આદિ) દુનિયામાં સમ્યક્‌ત્વના લક્ષણ તરીકે ગણાતા જે ગુણો તે પણ ગુણસ્વરૂપે નથી, પરંતુ ઉન્માદવાળા પુરૂષની અંદર જેમ શૌર્ય, ઔદાર્ય વિગેરે ગુણો દેખાય તેના જેવા જ છે અને તેથી જેમ ગાંડાની શૂરવીરતા અને ઉદારતા વિગેરેને માંકડાના વિનયની માફક સત્પુરૂષો કોઈ દિન વખાણે નહિં તેવી રીતે શાસ્ત્રમાં ગૌરવ નહિં ધરાવનારા મનુષ્યના શ્રદ્ધાદિક ગુણોને કોઈ દિવસ વિવેકીઓ વખાણે નહિં. આ ઉપરથી નીચેની વાત ઉપર ધ્યાન દોરવાનું છે.

૧ જીવાજીવાદિક પદાર્થોની શ્રદ્ધા હોય, તોપણ તે શાસ્ત્રના ગૌરવ સાથેની ન હોય તો ગાંડાના શૌર્યાદિક ગુણ જેવી છે.

૨ મોક્ષ પ્રાપ્ત કરવા માટે તીવ્રમાં તીવ્ર અભિલાષ હોય છતાં તે અભિલાષ શાસ્ત્રના ગૌરવ સાથેનો ન હોય તો તે ગાંડાની શૂરવીરતા જેવો છે.

૩ દેવ, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચારે ગતિ રૂપ સંસારને દુઃખરૂપ ગણીને તેનાથી હંમેશાં કંટાળો રાખી વૈરાગ્યને ધારણ કરનારો હોય, છતાં જો સર્વજ્ઞ ભગવાનના શાસ્ત્રની અંદર તેને ગૌરવ ન હોય તો તે મનુષ્યની અંદર વૈરાગ્ય જે છે તે ગાંડા મનુષ્યની શૂરવીરતા જેવો છે.

૪ ક્રોધ, માન, માયા અને લોભની શાન્તિ કરવા રૂપ જે શમ છે તે પણ જે મનુષ્યને શાસ્ત્રને વિષે આદર નથી. તે મનુષ્યને માટે તે શમ પણ ગાંડા મનુષ્યની શૂરવીરતા જેવો છે.

ઉપરની વાત ધ્યાનમાં લેવાથી એક વાત તો સ્પષ્ટ થઈ જાય છે કે જે મનુષ્યો શાસ્ત્રના વચનોને માનનારા ન હોય અગર તેનાથી વિરૂદ્ધ માન્યતાવાળા હોય તેવાઓની શ્રદ્ધા, તેવાઓનો સંવેગ, નિર્વેદ અને શમ તથા અનુકંપા વિગેરે ગુણો કોઈ પણ પ્રકારે સત્પુરૂષોથી તો વખાણાય જ નહિં અને જ્યારે શાસ્ત્રકારોએ જણાવેલા એવા શ્રદ્ધાદિગુણો કે જે સંસારથી પાર ઉતારવાને માટે આવશ્યક છે તેવા ગુણોની પણ પ્રશંસા સત્પુરૂષોથી થઈ શકે નહિં એટલે તેવાઓના તે તે ગુણોની પ્રશંસા કરનારાને શાસ્ત્રકારો સત્પુરૂષોની શાસ્ત્રની માન્યતા જે જે નહિં ધરાવતા હોય તેવાઓની કોટિમાં ગણવાની ના પાડે છે. આ વાત ધ્યાનમાં લેનારો મનુષ્ય મિથ્યાદષ્ટિના ગુણની પ્રશંસાને શાસ્ત્રકારોએ સમ્યક્‌ત્વના અતિચારમાં કેમ ગણી છે તે વાતને સ્હેજે સમજી શકશે. એમ નહિં કહેવું કે માર્ગાનુસારીના પણ દયાઆદિક ગુણો કે જે મિથ્યાદષ્ટિપણામાં હોય છે તેની પણ પ્રશંસા કરવાનું શ્રી ચઉશરણ, પંચસૂત્રી વિગેરે શાસ્ત્રોમાં જે સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે તે ઉપરના વિચાર પ્રમાણે અયોગ્ય કરે છે. આમ નહિં કહેવાનું કારણ એટલું જ કે શાસ્ત્રની અંદર ગૌરવ ધરાવવાવાળા સર્વે સમ્યગ્‌દષ્ટિમાં હોય છે એ એકાંત મત નથી અને તેથી શાસ્ત્રના ગૌરવને ધારણ કરનારાઓ કદાચ મિથ્યાદષ્ટિ પણ હોય, તો પણ તેના ગુણોની પ્રશંસામાં

દૂષણ ન લાગે અને તે પ્રશંસા કરવા લાયક ગણાય અગર થાય તેમાં આશ્ચર્ય નથી, વળી લોકોત્તર માર્ગની ક્રિયા કરવાની લાયકાત શાસ્ત્રકારોએ છેલ્લા પુદ્ગલ પરાવર્ત્તથી ગણી છે અને શુક્લપાક્ષિક જીવો લોકોત્તર માર્ગની ક્રિયા કરવા લાયક જ છે એમ જણાવેલું છે. અને તેથી તે ચરમ પુદ્ગલ પરાવર્ત્તનવાળો કે શુક્લપાક્ષિક કદાચ મિથ્યાદષ્ટિ પણ હોય તો તેવાઓએ આચરેલી લોકોત્તર માર્ગની ક્રિયા ભલે તત્ત્વથી મિથ્યાદષ્ટિની ક્રિયા હોય તો પણ તે માર્ગને અનુસરનારી હોઈને પ્રશંસાપાત્ર બને તેમાં આશ્ચર્ય જ નથી. પરંતુ કુલિંગમાં રહેલા અને કુલિંગીઓના મતને દૃઢપણે માનનારા તથા તેનો પ્રચાર કરનારા હોવા સાથે સન્માર્ગના નાશમાં કટિબદ્ધ જે કોઈ મનુષ્ય હોય તેવા કુલિંગિ મિથ્યાદષ્ટિના ચાહે જેવા ઉત્કૃષ્ટ દયાદિક ગુણો હોય તો પણ તેની પ્રશંસા તો સમ્યક્ત્વવાળો કરી શકે જ નહિં. આજ વાત ધ્યાનમાં રાખનારો મનુષ્ય સમ્યક્ત્વના અતિચારોને જણાવતાં શાસ્ત્રકારોએ જે મિથ્યાદષ્ટિની પ્રશંસા અને સંસ્તવને વર્જવાનું નહિં કહેતાં કુલિંગીના સંસ્તવને અને કુલિંગીની પ્રશંસાને વર્જવાનું કેમ કહ્યું છે તે સમજી શકશે. સાથે એ પણ બરોબર ધ્યાનમાં લેવાનું છે કે ચક્રવર્તી ભરત મહારાજા ભવિષ્યમાં મહાવીર મહારાજાપણે થનારા તીર્થંકરના જીવ મરિચીને ભવિષ્યના તીર્થંકરપણાની અપેક્ષાએ વંદના કરતા છતાં સાથે જ જે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે હું તારા પરિવ્રાજકપણાને વાંદતો નથી. અર્થાત્ જ્યારે ભવિષ્ય તીર્થંકરપણાના વંદન કરવાના પ્રસંગે પણ કુલિંગની સ્તુતિ કે પ્રશંસા ન થઈ જાય માટે ભરતમહારાજાને ખુલ્લા શબ્દોમાં મરિચીનું કુલિંગીપણું જણાવવું પડ્યું, તો પછી જેઓ જૈનશાસ્ત્રના નામે કુલિંગીપણે વર્ત્તતા હોય અને કુલિંગીપણામાં લીન થયેલા હોય તેવા જીવોની પ્રશંસામાં માન્યતા ધરાવતા હોય તેઓ શાસ્ત્રથી કેવા વિપરીત માર્ગે જનારા છે તે સ્પષ્ટપણે સમજાશે. ઉપરની હકીકતમાં જો કે કુલિંગીની પ્રશંસા અને કુલિંગીના પરિચયને અંગે કુલિંગીની સ્થિતિ સ્પષ્ટ કરવાનું સમ્યક્ત્વવાળાને અંગે જરૂરી ગણાવ્યું છે, તો પણ જૈનશાસનમાં પોતાને ગણાવનારા જીવો કે જેઓ ઉપધાન વિગેરેને ઓળવવાના કારણથી વાસ્તવિકતાએ નિન્હવરૂપ છે અને જેઓને ભગવાન્ નિર્યુક્તિકાર વિગેરે અવ્યક્ત તરીકે જ એટલે સ્વપક્ષ (જૈનશાસન) પરપક્ષ (અન્યશાસન)ની ગણત્રીમાં પણ ગણવાની ના પાડે છે તેવાઓના ગુણોની પ્રશંસા કે અનુમોદના કરવાનું સત્પુરૂષોને તો સ્વપ્ને પણ સુઝે નહિં. કેમકે તેઓને તો સ્પષ્ટપણે શાસ્ત્રોના વચનોમાં યથાસ્થિતપણે આદર નથી, અર્થાત્ તેઓ શાસ્ત્રના ગૌરવવાળા નથી એ ચોક્કસ છે.

### અન્તઃકરણની શુદ્ધિને માટે પ્રબલ સાધન ક્યું?

જેમ મલવાળા વસ્ત્રને પાણી અત્યન્ત શુદ્ધિનું કારણ છે. તેવી જ રીતે બુદ્ધિમાન પુરૂષો અંતઃકરણરૂપી રત્નની શુદ્ધિ માટે શાસ્ત્રને ગણે છે, અને સમજે છે. જો કે આગળના શ્લોકોમાં પાપરૂપી રોગને દૂર કરવાની, પુણ્યને બાંધવાની, સર્વ પદાર્થો જણાવવાની અને સર્વ અર્થની સિદ્ધિ કરવાની તાકાત શાસ્ત્ર એટલે શ્રુતજ્ઞાનમાં જ છે એ સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે, વળી શાસ્ત્રનાં ભક્તિવાળાની ક્રિયા તે જ ધર્મક્રિયા છે અને ભક્તિ વગરના મનુષ્યની ધર્મક્રિયા તે આંધળાના ડોળાની ક્રિયાની જેમ સફળ ક્રિયા નથી. વળી શાસ્ત્રદ્વારાએ જ માન્ય એવા દેવ ગુરૂ આદિકને મનાય છે અને તે માનનારાને જ ધર્મક્રિયા હોય છે અને એમ જણાવી ધર્મક્રિયાની જડ પણ શ્રુતજ્ઞાન છે. (અપૂર્ણ)

(અનુસંધાન પાના ૪૪૮ નું ચાલું)

પોતાને તેમાં લેવા દેવા નહિ! પ્રવચનમાં તેમ નહિ ચાલે, આરીસામાં હીરો જોયો છે. સારો લાગ્યો છે, લેવાની ઈચ્છા થાય છે, આનું નામ સમ્યક્ત્વનું ઉચ્ચારણ છે. કૃષ્ણાદિ સમ્યક્ત્વમાં હતા. આનંદાદિ શ્રાવકો બાર વ્રત અંગીકાર કરતા હતા. સમ્યક્ત્વવાળા તથા દેશવિરતિવાળાનું બોલવું શું હતું ? તેઓ જ એ જ માનતા, બોલતા હતા કે "તે રાજા, યુવરાજ, શ્રેષ્ઠી, સાર્થવાહાદિને ધન્ય છે કે જેઓ ઘેરથી નીકળી સંયમ લેવાને સમર્થ થયા છે, હું તો આરંભ, સમારંભ, પરિગ્રહ, વિષયકષાયાદિકમાં ખુંચવાથી તે લઈ શકતો નથી માટે મને દેશવિરતિ આપો કે સમ્યક્ત્વ આપો."

**ન કર્યું ... તેટલું ઓછું ! ...**

જ્ઞાનીને તો 'ન કર્યું તેટલું ઓછું' લાગે. માટે જ 'આ હું નથી કરી શકતો' એવો શબ્દ પ્રયોગ રાખ્યો, અને તેમ ગણવાથી અંશે વિરાધક રહે. તેથી દેશનાનો ક્રમ પણ તેવો જ રાખ્યો, પ્રથમ દેશના સાધુધર્મની દેવી, જો તે દેશનાના શ્રવણથી સાધુધર્મ સ્વીકારવા તૈયાર થાય તો તે ધર્મ સંપૂર્ણ કહેવો. તે સ્વીકારવા તૈયાર ન થાય તો દેશવિરતિ ધર્મ કહેવો, અને દેવો. તે માટે પણ તૈયાર જો ન થાય તો પછી સમ્યક્ત્વની દેશના દેવી. તે માટે પણ તૈયાર ન થાય તો સામાન્યધર્મો, રાત્રીભોજન ત્યાગ, મદ્ય માંસ કંદમૂળાદિ ત્યાગ, આદિના નિયમો કરાવવા. નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા થઈ, પ્રતીતિ થઈ, રૂચી થઈ, ત્યાં મુખ્ય સાધુધર્મ શ્રદ્ધાદિમાં આવવાનોજ, થોડો ત્યાગ કરે તો દેશવિરતિ, માત્ર ત્યાગ ઉત્તમ માને તો સમ્યક્ત્વ. એક જ દેશનામાં બધું શી રીતે? જેને જે લેવું હોય તે લે. ત્યાગમય જૈન પ્રવચનની પ્રરૂપણામાંથી એ બધી શાખાઓ નીકળે છે. જે શાખાનું જેને આલંબન કરવું હોય તે તે શાખાનું આલંબન ગ્રહણ કરે. ઓછું થાય તે નુકસાનકારક એમ જ્ઞાનીને લાગે. માટે જ્ઞાનવાળો પણ વ્રત પચ્ચખ્ખાણ વગરનો હોય તેને દેશવિરાધક કહેવામાં આવ્યો. નિર્ગ્રંથ પ્રવચન સમજનારને તો છુટા રહેવાથી વળગી રહેલા અને વળગતા પાપનો ખટકો હોય છે. જે કરશે તે ભોગવશે એમ જગત માને છે. જ્યારે જૈનશાસન, 'જે નહિં છૂટે તે ગુન્હેગાર' છે એમ માને છે. જેટલાના પચ્ચખ્ખાણ ન કર્યાં, તેનું કર્મ લાગવાનું એવી જૈનદર્શનની માન્યતા છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય તથા યોગને લીધે જીવોથી ક્ષીરનીરન્યાયે એકઠું કરાય તે કર્મ. વળી અવિરતિ છે, અને વિરતિ નથી ત્યાં સુધી ક્રિયા ન કરીએ છતાંય કર્મની પરંપરા તો ચાલુ વળગ્યા કરવાની.

**ચોર જાહેર થયો તેણે એ છાપ ભુંસવી જ જોઈશે !**

એક વખત જે ચોર તરીકે જાહેર થયો તેણે શાહુકારીની લાઈનમાં આવતાં નવનેજાં પાણી ઉતરે છે ! તેમ અઢારે પાપ સ્થાનકમાં રગદાયેલા જીવનો વિરતિ કરવામાં આવે તો જ બચાવ છે. વિરતિ ન કરે તો બચાવ નથી. અનાદિકાલથી અઢાર પાપસ્થાનકમાં પ્રવર્તેલો વિરતિ ન કરે તો પાપનું સ્થાન છે જે અવિરમણ તે જ છે. પાપ સ્થાનમાં રાચવાનો ધંધો તો અનાદિથી છે જ. વિરતિ વિના એ છાપ ભુંસાય ક્યાંથી ?

દસ્તાવેજના લખાણમાં મકાનની તમામ વિગત દિશાવાર આપવામાં આવી હોય, લંબાઈ, પહોળાઈ, ઉંચાઈ તથા સ્થિતિ, અને કિંમત તમામ વિગેરે જણાવવામાં આવ્યું હોય, પણ તેમાં સહી જ ન હોય તો તે લખાણની કિંમત શી ? કાંઈજ નહિ ! સહીવાળા કે વગર સહીના દસ્તાવેજમાં બીના એક જ હોય છે, પણ જેમાં સહી કરી છે અને તેમ કરી જેની જવાબદારી સહીથી સ્વીકારી છે તે દસ્તાવેજ કિંમતી. વગર સહીનો દસ્તાવેજ કિંમત વગરનો છે. કેમકે તેની જવાબદારી સ્વીકારવામાં આવી નથી. જેમ દસ્તાવેજમાં લખાણ ઓછું હોય તે ચાલે, પણ સહી તો જોઈએ જ. તેમ અહિં જ્ઞાન માત્ર તો વિરાધના બુદ્ધિને કરે અને તેથી જ્ઞાનવાળો પાપની ત્રિવિધ ત્રિવિધ જાહેરમાં વિરતિ કરે, દેવ ગુરૂ સંઘની સાક્ષીએ પાપ ન કરવાની પ્રતિજ્ઞા તેણે કરવી જોઈએ. **अरिहंतसक्खियं** ઈત્યાદિ પણ તેથી જ બોલાય છે. વિરતિ કરવામાં આવે તો અવિરતથી આવતું કર્મ રોકાઈ જાય અને પાપસ્થાનકો ઉપર વિજયનો ડંકો વાગે. વ્રત ન ઉચ્ચારે ત્યાં સુધી આવતા પાપોથી બચી શકાતું નથી. યોગ કરતાં ચઢીયાતા કષાયો છે, અને તેનાથી ચઢીયાતી અવિરિતિ છે. રાગ, દ્વેષ, યોગ એ પાપનું કારણ ખરૂં, પણ રાગદ્વેષના પાપ કરતાં પણ અવિરતિનું પાપ જબરદસ્ત છે. જ્ઞાનવાન થયેલો પુરૂષ અવિરતિને પાપરૂપ ગણે તેથી તેના મનમાં ખટકો જ રહ્યા કરે. દેણું હજારનું હોય તથા લેણું જો કે લાખનું હોય, છતાં સાચા શાહુકારને તે હજારનું દેવું ખટકે છે. જમા રકમ તેના મનમાં ખટક્યા કરે છે. સાચા જ્ઞાનવાળો, સાચી શ્રદ્ધાવાળો, તેને ક્રિયા ન થયાનો અફસોસ રહે છે, થયાનો તેટલો આનંદ નહિં, પણ ન થયાનો અફસોસ, તેથી તે જ જ્ઞાનીને દેશવિરાધક કહ્યા, દેવાળીયાની દૃષ્ટિ પાંચ પૈસા મળ્યા તે તરફ હોય છે, શાહુકારીની દૃષ્ટિ જમા નાણાંને જમ ગણે છે. બાળકોને ક્રિયામાં આનંદ આવે છે. ઓઘે જેને નિર્ગ્રંથ પ્રવચનની શ્રદ્ધા હોય તેને પણ જ્ઞાન વગરનો હોય ત્યારે જેટલી ક્રિયા કરે તેમાં આનંદ હોય છે. જો કે શાસ્ત્રોમાં ક્રિયા વિનાના જ્ઞાનવાળાને દેશવિરાધક ગણાવ્યો, પરંતુ એક વાત ધ્યાનમાં રાખવાની છે. નામું કરનાર સરવાળામાં પા કે અરધો આનો ભૂલે તો તેટલામાં તેને ધોલ પડે છે, નાનાં બચ્ચાં લીટા કર્યા કરે છે તેમાં એકડો કરે છે તો આનંદ થાય છે. છોકરાના એકડામાં આનંદ તથા નામાવાળાની પા, અરધા આનાની ભૂલમાં જે ધોલ ? તેનું કારણ જૂદી જૂદી જવાબદારી છે. નામાવાળો એવી જવાબદારીમાં છે કે પાઈની પણ ભૂલ આવવી જોઈએ નહિં, પા આનાની ભૂલનો ઠપકો તે જ નામાવટીની લાયકાત જણાવે છે. લીટામાંથી એકડો કરનારને પા આનાની ભૂલ માટે ઠપકો ન આપી શકાય, લાયક હોય તો જ ઉપાલંભ અપાય છે. એકડામાં આનંદની લાયકી અર્થાપત્તિથી જણાવાય છે. હુશિયારને માટે જે શબ્દ વપરાય તે ભોટને માટે વપરાતો નથી. 'દેશવિરાધક ચડ્યો ઘણું, પણ હજી કાચો છે' આમ કહી જ્ઞાનીને 'દેશવિરાધક' કહી પાયરી ઉંચી ચઢાવવી છે. એને

વિરાધનાનો જ ખટકો છે અને તે પરિણતિ જ્ઞાનનો જ પ્રભાવ છે.

**જે સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન તે ચારિત્ર લાવ્યા વગર રહેતાં જ નથી.**

પઢમં નાણં તે ક્યું જ્ઞાન ? સર્વ આરાધક જ્ઞાન ક્યું ? વિષયપ્રતિભાસ નહિ ! તે તો અનંતી વખતે આવી ગયું. જ્ઞાનની આરાધના તો ભવચક્રમાં આઠથી વધારે વખત ન બને. જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ ત્રણેની આરાધનામાં જ્ઞાનની પણ આરાધના આઠથી વધારે વખત થાય નહિ. દશપૂર્વમાં ન્યૂન જ્ઞાન તો અનંતી વખત મળી ગયું, ચારિત્ર અનંતી વખત મળી ગયું, પણ આઠ વખતે છુટકો થાય તેવું નથી મળ્યું એ પરિણતિ જ્ઞાનની જઘન્ય આરાધનાથી આઠ વખત, મધ્યમ આરાધનાથી આઠથી ઓછા વખત તથા ઉત્કૃષ્ટ આરાધનાથી એક વખતમાં મોક્ષ સમજવું. અનંતી વખત જે જ્ઞાન મળ્યું તે તો વિષયપ્રતિભાસજ્ઞાન! આઠ વખત જે જ્ઞાનની વાત થાય છે તે પરિણતિજ્ઞાન સમજવું. આઠમી વખતે તે જ્ઞાન આવે તો મોક્ષ મળે જ તેમાં ના નહિં! ત્રણ પલ્યોપમનું આયુષ્ય ધરાવનારો રોજ જો આગળને આગળ એકજ ગાઉ ચાલે તો પણ ચંદ્રમાને પહોંચી જાય. આવું આયુષ્ય ધરાવનારનું શરીર પણ મોટું હોય છે અને તેથી તેનો ગાઉ પણ મોટો છતાં નથી જતો, નથી ચાલતો, કુદે તો નથી ચાલેલું ટકતું. પચાસ આગળ ટકતો નથી. ગયેલું જ પાછું જવાનું થાય તો આગળ વધવાની શી આશા રાખવી ? અહિં પણ એવું જ છે. આ ભવમાં ખુબ અભ્યાસ કર્યો, પ્રતીતિ કરી, ચારિત્ર પાળ્યું, મરણ પામ્યા એટલે મીઠું ? બીજા ભવે સમ્યકૃત્વ વિરતિનો યોગ કદી મળી ગયો તો પણ ફરી ચિતામાં, તેની પણ ચિતા ! પેલાને જેમ ત્રણ પલ્યોપમે પણ છેડો આવતો નથી, તેમ અહિં પણ જન્મોજન્મ પણ ફરી ફરી ચલાવવાનું થાય છે, વધારેમાં વધારે આરાધના ક્રોડપૂર્વની હોય. આઠ ક્રોડપૂર્વમાં મોક્ષે પહોંચાય ક્યાંથી ? ક્યાં પગથીયાં પાછાં ઉતરવાં પડે છે ? તથા ક્યાં નથી ઉતરવાં પડતાં ? જ્ઞાન આ ભવનું તથા પરભવનું તથા ભવોભવનું હોય છે, અને દર્શન પણ તેમ હોય છે. ચારિત્ર માત્ર આ જ ભવનું છે. પાંચ મહાવ્રતરૂપ ચારિત્ર ભવનું. બીજા ભવમાં ગર્ભાવાસમાં તથા બાલ્યવયમાં પાંચ મહાવ્રત શી રીતે પળાય કે જેથી રહે ? એ રીતે સર્વત્ર ચારિત્ર પાલન અશક્ય હોવાથી આ ભવનું જ ગણ્યું, મહાવ્રતરૂપે ચારિત્ર જિંદગીના અંત સાથે અંત પામનારું છે. સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન એ તો એમ નાશ પામનારી ચીજ નથી. આંબો ઉગ્યો છે, ટોચે છેડો આવ્યો છે, પડી પણ જાય છતાં તેમાંથી નીકળેલી કેરી વાવીએ તો બીજે બીજો આંબો તૈયાર થાય, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન એ જ સમ્યક્ચારિત્રરૂપી આંબાને લાવનાર કેરીરૂપ છે. જો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન બીજા ભવોમાં આવે તો તે ચારિત્ર લાવ્યા વગર રહેતાં નથી.

**વજ્રસ્વામિજીએ લીધેલો ઉપાય ! કામ આમ થાય !!**

શ્રીવજ્રસ્વામિજી માટે જે બીના બની છે તે સુપ્રસિદ્ધ છે. જન્મ્યા ત્યારથી જાતિસ્મરણ જ્ઞાનના

યોગે પૂર્વભવને જાણનારા હોવાથી પહેલો જ વિચાર દીક્ષા લેવાનો થયો. ધોળા વાળ થવા છતાં, ગાત્રો ઢીલા થવા છતાં, મોંમાંથી લાળ ઝરવા છતાં જે વિચાર ન આવે તે વિચાર તરતના જન્મેલા બાલકને શી રીતે આવ્યો હશે ! કહો કે પૂર્વજ્ઞાનનો પ્રભાવ. દીક્ષાને અંગે જે બંધન હોય તેને પહેલાંથી જ તોડવાનો વિચાર પણ સાથે સાથે જ તેમને આવે છે. તેમનો રોકનાર બાપ નથી, ભાઈ નથી, મામા દીક્ષિત થયા છે. એક માત્ર માતાનું બંધન છે. માતાના રાગનું બંધન છે. માતાના રાગનું બંધન તોડવાનો વિચાર જન્મતાંવેંત જ બાળક કરે એ કેવો સંસ્કાર! આનું નામ ભવાંતરનો સંસ્કાર! આજકાલ અસહકાર ચાલી રહ્યો છે. સામાના કાર્યમાં મદદગાર ન થવું, બોયકોટ કરવો, વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે. કાયદાનો ભંગ કરવો તેમાં મહત્ત્વ મનાય છે. અહિં વજસ્વામિજી તેવું કાંઈ નથી કરતા. સ્નેહની જડ ઉખેડી નાંખવાનો નિર્ણય કરે છે. જગતમાત્ર જે કાંઈ રાગ ધરે છે તે પોતાની મોજમજાહ માટે જ હોય છે. સ્ત્રી પુરુષને ચાહે કે પુરુષ સ્ત્રીને ચાહે, પિતા પુત્રને ચાહે કે પુત્ર પિતાને ચાહે, ભાઈ બહેનને ચાહે કે બહેન ભાઈના ગીત ગાય. આ તમામમાં સ્વાર્થની સાંકળ જ જડાયેલી છે. પોતાના તરફથી માતાને સુખ થવા દેવું નહિ, એમ કરી એની લાગણી તોડી નાંખવી એ જ ઉપાય બાળકે વિચાર્યો, નક્કી કર્યો, અને તે હેતુની સિદ્ધિ માટે કાયમ રોવા માંડ્યું. રોવું, કાયમ રોવું એ કાંઈ સહેલી વાત નથી. ગળું દુઃખે! પણ આમને તો કામ કરવું છે. માતા ઉપરાઉપરી દવાઓ પાય, કડવાં ઔષધો ઘસીઘસીને પાયાં જ કરે. વજસ્વામિજી પીધે જાય અને રોયે જાય. કડવી કડવી દવાના ઘુંટડા પી લેવા, પણ છાનું રહેવું નહિં. ઘેનની દવા આપે તો પણ રોયા કરીને ઘેન ન આવવા દેવું. દવાની અસર થવા દેવી નહિં. રોવું એ એમની મોટી દવા! માતા મુંઝાઈ અખો કહે છે કે 'લેવા ગયો હતો વસ્તુ નવી, પણ પેટ પડ્યા લે ભોગવી.' હવે આ તો પુત્ર છે. આને ઉકરડે ન નંખાય, ઝાડે ન ટીંગાડાયઃ કરવું શું ? આ બલા કેમ છૂટે ? રત્ન જેવો દીકરો પણ બલા મનાવા લાગ્યો! બધા સગાં સ્વાર્થનાં છે. વજસ્વામિજીની માતા નિરાધાર છે. જેને ભાઈ નથી (દીક્ષા લીધી છે) બાપ નથી, નથી ધણી (દીક્ષા લીધી છે) બહેન નથી, કોઈ નથી. જગતમાં જે ગણો તે આ રોનારો પાક્યો. એ કુંવર-એ બાલુડો છે. આધારભૂત એવો આ પુત્ર પણ વિપત્તિ દેનાર થયો, ત્યારે હવે આને ક્યાં વિદાય કરું ?' એવી ભાવના માતાને થઈ.

એવામાં વજસ્વામીજીના પિતા ધનગિરિજી વહોરવા પધાર્યા. માતાએ તરત દીકરો વહોરાવ્યો અને કહ્યું કે - 'લ્યો આ તમારી બલા !' વિચારો! માતાને કેટલો કંટાળો આવ્યો હશે ! ધનગિરિજી કહે છે - પાછી દોડતી લેવા આવીશ તો ? માતા-આને લેવા કોણ આવે ? ધનગિરિજીએ સાક્ષી માંગ્યા. બાઈએ પાછો ન લેવાની શરતના સાક્ષી

રાખીને પોતાના વજાને સોંપી દીધો. બાલકના પરિણતિજ્ઞાને શું કામ કર્યું? તે વિચારો ! દીક્ષા તો મોટાં થયે લેવાશે ત્યારે ખરી, પણ પોતાનો રસ્તો કેવો ખુલ્લો કરી નાંખ્યો !

વિષયપ્રતિભાસ જ્ઞાનને પરિણતિમાં પલટવો!!! એટલું કરો એટલે પછીનું આપો આપ થશે !!!

**મોક્ષમાં સુખ ક્યું ?**

શાસ્ત્રકાર મહારાજા ભવ્યજીવોના ઉપકારાર્થે દેશના માટે અષ્ટકજી પ્રકરણની રચના કરતાં જ્ઞાનાષ્ટકમાં જણાવે છે કે જ્ઞાન એ આત્માનો સ્વભાવ છે. ઈતરમતો જ્ઞાનને આત્મામાં અમુક સંયોગથી નવું ઉત્પન્ન થયેલું માને છે. આવું માનનારને મોક્ષમાં જ્ઞાનનાં સાધનો અને સંયોગો ન હોવાથી મોક્ષમાં જ્ઞાન છે એમ માન્યું પાલવતું નથી. માત્ર ઈંદ્રિયોના સંયોગથી જ્ઞાન ઉત્પન્ન થયું છે એવું માનવાનું હોવાથી તે માનવાનો વખત નથી. મનાય તેમ નથી. મોક્ષમાં જડ થવાનું માનવું પડે છે. મોક્ષમાં જ્ઞાન ન માને એટલે સુખ પણ મનાય નહિં. જૈનદર્શનની માન્યતા મુજબ મોક્ષમાં સંપૂર્ણ જ્ઞાન અને સંપૂર્ણ સુખ છે. આત્માને જ્ઞાન-સ્વરૂપ અને સુખમય બીજાઓ માનતા નથી. કેમકે તેઓ જ્ઞાન અને સુખ બીજાના સંયોગથી થાય છે એમ માને છે અને તેથી જ્ઞાન અને સુખ વગરનો મોક્ષ માન્યો. અર્થાત્ આત્માના સ્વરૂપમાં રહેલ જ્ઞાન અને સુખને ન માને માટે તેવાઓ એમ કહે છે કે-

વૈશેષિકો મોક્ષ માને છે, પણ ત્યાં મોક્ષમાં જ્ઞાન કે સુખ છે એમ માનતા નથી. તેઓની મશ્કરી કરનારા તો કહે છે કે તેમના મોક્ષ કરતાં તો વૃંદાવનમાં શીયાળીયા થવું સારું ! તેઓ તો એમ માને છે કે મોક્ષમાં ગયા પછી જ્ઞાન તથા સુખનો નાશ થાય છે. અર્થાત્ જે જ્ઞાન તથા સુખ છે તેનો પણ ત્યાં નાશ થાય છે. આ છે વૈશેષિકનો મોક્ષ! અર્થાત્ આત્માને જ્ઞાનરૂપ ન માન્યો, જ્ઞાનનો આધાર જ માન્યો અને તે માટે મોક્ષને જ્ઞાન વગરનો માનવો પડ્યો. જૈનદર્શન મોક્ષમાં અનંતસુખ માને છે તથા જ્ઞાનને આત્માનો સ્વભાવ ગણી મોક્ષમાં પણ અનંતજ્ઞાન જણાવે છે. જ્ઞાન આત્મા સુખમય છે માટે આત્મા જ્ઞાન અને સુખના પણ સ્વભાવવાળો છે.

જેમ ચશ્મા આંખને મદદ કરનાર છે તેવી રીતે શાતાનાં પુદ્ગલો આત્માના સુખને મદદ કરનાર છે. શોર્ટ સાઈટના ચશ્માથી લોંગ સાઈટ આંખની જેમ અશાતાવેદની સુખ સ્વભાવનો વિપર્યાસ કરી દે છે. આ જ કારણથી વેદનીયકર્મનું નામ સુખાવરણ ન રાખ્યું. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાયું. અહિં કાંઈ વેદન સ્વભાવ જતો નથી. એ અવરાતો પણ નથી. એ તો શાતાવેદનીયમાં સુખરૂપે અને અશાતવેદનીયમાં દુઃખરૂપે વેદાય, પણ વેદવાનું તો ખરૂં. સંસારી હોય ત્યાં સુધી સુખ કે દુઃખ પણ વેદવાનું તો ખરું, બેમાંથી એક્કે ન વેદે તેવો કોઈ જીવ જ નથી. જેમ જ્ઞાન-દર્શન સ્વભાવ હોવાથી સાકાર-અનાકાર ઉપયોગનો પલટો થાય. શાતા કે અશાતા બેમાંથી એક તો જીવ વેદે જ,

વેદે અને વેદે જ ! સંસારમાં કોઈપણ જીવ વેદન વગરનો હોતો નથી જ! શાતાવેદનીય મદદ કરે છે, અશાતાવેદનીય વિપર્યાસ કરે છે, પણ વેદન સ્વભાવ તો જતો નથી જ. મોક્ષમાં ખાવાપીવાનું નહિ, હરવા ફરવાનું નહિ, તો સુખ શું ? એમ ઘણાને થાય છે. મહાનુભાવ! જેમ હીરા મોતી ધોકણાના કાંટે ન તોલાય, તેમ આત્માનું સુખ પૌદ્‌ગલિકદૃષ્ટિએ ન તોલાય, ન જોવાય, ન અનુભવાય. કોઈ ઝવેરી ગમાર પાસે એમ કહે કે - " આ મોતી સારું પાણીદાર છે, અરે ! પાણીનો દરીયો છે." આ સાંભળી પેલો ગમાર તાંતણો મોતીને અડાડેઃ તાંતણો ભીનો ન થવાથી ગમાર ઝવેરીને ગમાર માનીને કહે કે : "તાંતણો તો ભીંજાતો નથી અને પાણીનો દરિયો!" વાદળાના પાણી સાથે મોતીના પાણીને તોલવાવાળો ગમાર છે. તેમ આત્માના સુખને પૌદ્‌ગલિક સુખની દૃષ્ટિએ તોલનારો ગમાર છે. જો ખાવામાં જ સુખ છે તો તૃપ્ત થયા પછી કોઈ લાડવો આપે તો ખવાશે? અરે કોઈ જરા દાબીને ખવરાવે તો ઉલટું હેરાન કર્યા!' એમ બોલો છો! જ્યાં સુધી ભૂખ હતી, પેટમાં ખાડો હતો, ત્યાં સુધી ખાવામાં સુખ માન્યું હતું. ભૂખના પ્રતિકારમાં સુખ માન્યું. તો પછી જેને ભૂખ ન લાગતી હોય તેને ખાવામાં સુખ ખરૂં ? તેને તો હેરાનગતિ જ છે. પીવામાં સુખ? તે પણ તરસ હોય તો જ, તરસ ન હોય તો સુખ લાગે છે ? તેમ હાડકાં છે નહિં અને અકડાતાં નથી તેને હરવા ફરવાથી સુખ શી રીતે ? ચળ વખતે ખણવાની એવી તાલાવેલી લાગે છે ખણવામાં એવો આનંદ લાગે છે કે અક્કલવાળો મનુષ્ય પણ તે વખતે પોતાની અક્કલ ખોઈ બેસે છે. જો કે ખણ્યામાં સુખ નથી, પણ ખસ થઈ માટે ખણ્યામાં સુખ માન્યું, ખસ ખરજવા વગર ખણવામાં તેની મોજ કે સુખ નથી. તેથી ખણવાની રમુજ માટે શું કોઈ ખસ કે ખુજલી પેદા કરતાં દેખાયા ? કામ ભોગના સુખની પણ એ જ હાલત છે ને ? અર્થાત્ કામવિકારની શાંતિમાં જ કામભોગનું સુખ માન્યું છે. મોક્ષમાં શરીર જ નથી પછી ભૂખ, તરસ, કામવિકારાદિ છે જ નહિ પછી ખાન, પાન, કામ, ભોગાદિની જરૂર જ નથી. ત્યાં આત્માનું પોતાનું સ્વાભાવિક સુખ છે. આત્મા પોતે સુખમય છે. તે સુખ પૌદ્‌ગલિક દૃષ્ટિથી ન તપાસાય. એક દૃષ્ટાંતઃ જરા અનુચિત છતાં વસ્તુ સમજવા ઉપયોગી. બે છોકરીઓને બહેનપણાં છે. એવા સહીપણાં છે કે ત્યાં માબાપની પણ કિંમત નથી. એક એકથી કંઈપણ ગુહ્ય નથી ત્યાં સુધી હૃદય મળેલાં છે. તેવામાં એકનો વિવાહ થયોઃ સાસરે ગઈ. સાસરેથી આવી ત્યારે કુંવારી બહેનપણીને મળી. કુંવારીએ કામચેષ્ટાનું સુખ પૂછયું. તે 'સુખ' એમ કહે પણ હૃદય સમજાવી શકે નહિં. જો પૌદ્‌ગલિક સુખ બીજાને સમજાવી શકાય તે રૂપમાં કહી શકાતું નથી તો આત્મીય સુખ શી રીતે કહી શકાય ? કેવલજ્ઞાની ભગવાન્ આત્મીય સુખ જાણે છે, સ્વયં અનુભવે છે પણ અકથનીય હોવાથી કહી શકતા નથી. આથી કાંઈ સુખનું સ્વરૂપ પલટી શકાય નહિં.

(અનુસંધાન પેજ - ૪૬૫)          (અપૂર્ણ)

(અનુસંધાન પાના ૪૬૪નું ચાલુ)

**इणमेव निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसे अनट्ठे** અર્થાત્ આ નિર્ગ્રન્થ પ્રવચન જ અર્થ છે, પરમાર્થ છે અને તે સિવાય જગતની જે કોઈપણ ચીજ કે પ્રવચનો તે ભયંકરમાં ભયંકર અનર્થકારક છે. એકલી આવી વાસનાને પોતે ધારણ કરનારા હોય તે જ જૈનો કહેવાય છે એમ નથી, પરંતુ જગતના કોઈપણ અન્ય દર્શન કે મતવાળો તેની સન્મુખ હાજર થાય ત્યારે એ જ **इणमेव निग्गंथे पावयणे अट्ठे परमट्ठे सेसे अनट्ठे** સંસ્કારો રેડવાને માટે જ કટિબદ્ધ થાય. એટલે અન્યદર્શનકારોની આગળ આવી રીતે જૈનમતની સત્યતા જાહેર કરવાના પરિણામે જ જૈનધર્મીઓએ અન્ય ધર્મીઓની સાથે પત્રવ્યવહારમાં જયજિનેન્દ્ર લખવાનો વ્યવહાર રાખી શકાય. યાદ રાખવું કે ભગવાન જિનેશ્વર મહારાજના મતને અનુસરનારાઓનો તો મુખ્યધર્મ જ એ છે કે ભગવાન જિનેશ્વર મહારાજના મતને અનુસરનારા જે હોય તે સર્વને પ્રણામ કર્યા કે લખ્યા સિવાય રહી શકે જ નહિ, અર્થાત્ જેઓ પરસ્પર સાધર્મિકપણું હોવા છતાં પત્રમાં જયજિનેન્દ્ર લખવાની ટેવ રાખે છે તેઓ ખરેખર જૈનદર્શનને અનુસરનારાની કે જૈનદર્શનની કિંમતને સમજનારા નથી. તત્ત્વ એટલું જ કે જૈનદર્શનને અનુસરનારાઓને પ્રણામ જ લખવા અને અન્ય દર્શનકારોના પત્રમાં જ જયજિનેન્દ્રનું વાક્ય કે જે **इणमेव निग्गंथे०** એક કોડ વાક્ય તરીકે છે માટે જૈનદર્શનને અનુસરનારાઓએ લખવા બોલવામાં અંગીકારની સુંદરતાને સૂચવનાર શબ્દોનો તથા ધર્મીના બહુમાનનો ખ્યાલ રાખીને પ્રવર્ત્તવું જોઈએ.


# અપૂર્વ લાભ

**શ્રીભગવતી સૂત્ર** (શ્રી અભયદેવસૂરિવરકૃત ટીકા યુક્ત)

ભાગ બીજો તૈયાર છે.

કિંમત રૂપિયા પાંચ - પણ - સવા એકત્રીશ ટકા કમીશન

પહેલો બીજો બન્ને ભાગ સાથે લેનારને

કિંમત રૂપિયા દશ - છતાં - પચાસ ટકા કમીશન મળશે.

(અમારા બીજા પુસ્તકો માટે જુઓ ટાઈટલ પેજ ૨-૩)

લખો :- શ્રી જૈનાનંદ પુસ્તકાલય ગોપીપુરા, સુરત.

(ટાઈટલ પાના ૪થાનું ચાલુ)

ઉપદેશને જ અમલમાં મેલતા અને તેમણે જણાવેલા સાધ્યને જ સાધવામાં તથા સધાવવામાં તત્પર બનેલા નિર્ગ્રન્થ ગુરૂમહારાજાઓ તથા હિંસાદિક અઢારે પાપના સ્થાનકોથી પાછા હઠવારૂપ અને પાંચ મુખ્ય આશ્રવોની પ્રતિજ્ઞારૂપ ધર્મને માનનારો વર્ગ જ પોતાને જૈન તરીકે ઓળખાવી શકે છે, એટલું જ નહિં પરંતુ જગતના પદાર્થોનું પૃથક્કરણ અન્યમતવાળાઓએ જ્યારે પ્રકૃતિપુરૂષાદિરૂપે, દ્રવ્યગુણાદિરૂપે, પ્રમાણ પ્રમેયાદિરૂપે, આર્યસત્યાદિરૂપે, જ્યારે કરેલું છે, ત્યારે ફક્ત જૈન તરીકે જાહેર થયેલો વર્ગ જ તે જગતના પદાર્થના પૃથ્થકરણમાં પણ આત્માના કલ્યાણનું લક્ષ્ય રાખીને તથા મોક્ષનું ધ્યેય આગળ કરીને સામાન્ય રીતે પદાર્થના જીવ અને અજીવ તરીકે વિભાગ માન્યા છતાં તે બે વિભાગને તત્ત્વ તરીકે ન ગણતાં જીવ અજીવની સાથે કર્મબંધનનાં કારણો, કર્મોનું બંધાવવું, આવતાં કર્મોનું રોકાવવું. આવેલા કર્મોનો નાશ થવો અને યાવત્ સર્વકાળને માટે જેઓનું કર્મબંધ આદિથી મુક્ત થવું એવાં સાત તત્ત્વોને અને સાથે સાથે કર્મના શુભાશુભ વિભાગ તરીકે બેંતાલીસ શુભકર્મો અને બ્યાશી અશુભ કર્મોનો વિભાગ પણ આત્માની શુભાશુભ પ્રવૃત્તિ નિવૃત્તિના ચિન્હ તરીકે માનીને જેઓ જીવાદિક નવે પદાર્થોને તત્ત્વ તરીકે માને, તેઓજ પોતાને વાસ્તવિકરીતિએ જૈન તરીકે કહેવડાવી શકે અને આ જ કારણથી ભગવાન્ ઉમાસ્વાતિ વાચકજી મહારાજ શુદ્ધ દેવ ગુરૂ અન ધર્મના સ્વીકારને કે શુદ્ધ તત્ત્વ સ્વીકારવાવાળા આત્માના શુભ પરિણામને સમ્યક્ત્વ તરીકે ગણાવવાનું મૂલત્વી રાખીને જગતના પદાર્થોમાં જીવાદિક તરીકે વિભાગ અને તે જીવાદિક વિભાગોને તત્ત્વ તરીકે માનવું તેને જ સમ્યક્દર્શન તરીકે એટલે ઓછામાં ઓછા શ્રાવક તરીકે ગણાવે છે.

જો કે કોઈપણ આસ્તિક દર્શન જીવ-અજીવ-પુણ્ય-પાપ-કર્મ આવવાનાં સાધનો કર્મોનું બંધાવવું - કર્મોનું રોકાવવું - કર્મોનું ત્રુટવું અને મોક્ષ એ નવપદાર્થોને નથી માનતો એમ તો નથી જ અર્થાત્ સર્વ આસ્તિક દર્શનકારોને એ જીવાદિક નવપદાર્થોને માનવાનું થાય જ છે અને તે માનવાની ફરજ તેના દર્શનકારો તેને પાડે છે, પરંતુ ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસનને અનુસરનારા મહાનુભાવો સિવાય કોઈપણ દર્શન કે મતવાળો તત્ત્વોની વ્યવસ્થામાં એ જીવાદિક નવ પદાર્થોને તત્ત્વ તરીકે માનતો કે જણાવતો જ નથી. અને તેથી જ એમ કહી શકાય કે અન્યદર્શનકારો જીવાદિ નવે પદાર્થોને માનવાવાળા છતાં પણ તેઓ તે જીવાદિક નવપદાર્થોને તત્ત્વ તરીકે તો માનતા જ નથી. તે જીવાદિક નવપદાર્થોને તત્ત્વ તરીકે માનનારો જો કોઈપણ વર્ગ હોય તો તે કેવલ ભગવાન જિનેશ્વર મહારાજના શાસનને અનુસરનારો જ વર્ગ છે. જૈનીઓનું કર્ત્તવ્ય પૂર્વે જણાવ્યા પ્રમાણે માત્ર જીવાદિક નવપદાર્થોને સ્વીકારવા માત્રથી પૂર્ણ થાય છે એમ કોઈપણ પ્રકારે માની શકાય નહિં, પરંતુ જૈનધર્મને અનુસરનારાઓનું લક્ષ્યબિન્દુ આશ્રવ આદિના ત્યાગ અને સંવર આદિના આદરને માટે જ અહર્નિશ હોય છે અને તેથી જ તે જૈનો પોતાના રુંવાડે રુંવાડામાં

-: વાર્ષિક :-

લવાજમ રૂા. ૨-૦-૦

૬૫૦ પાનાના સિદ્ધાન્ત-
સ્પર્શી વાચનનો ગ્રંથ
તે જ આ શ્રીસિદ્ધચક્ર
(પાક્ષિક)

છુટક નકલ ૦-૧-૬

-: લખો :-

શ્રી જૈનાનંદ
પુસ્તકાલય
ગોપીપુરા,
સુરત.

## ☞ અલભ્ય ગ્રંથો ☞

### નવીન યોજના

| | | |
|---|---|---|
| ૧. | અર્હિંસાષ્ટક | ૦-૮-૦ |
| ૨. | ઈર્યાપથિકાષટ્ત્રિંશિકા | ૦-૩-૦ |
| ૩. | અંગાકારાદિવિષયાનુક્રમ | ૪-૦-૦ |
| ૪. | જિનસ્તુતિદેશના | ૦-૧૦-૦ |
| ૫. | જ્યોતિષકરંડક | ૩-૦-૦ |
| ૬. | તત્ત્વતરંગિણી (સટીક) | ૦-૮-૦ |
| ૭. | તત્ત્વાર્થકર્તૃનિર્ણય | ૦-૧૦-૦ |
| ૮. | નવપદબૃહદ્વૃત્તિ | ૪-૦-૦ |
| ૯. | પયરણસંદોહ | ૧-૦-૦ |
| ૧૦. | પરિણામમાળા | ૦-૧૦-૦ |
| ૧૧. | પંચવસ્તુ સટીક | ૩-૦-૦ |
| ૧૨. | પંચાશકાદિ (આઠ) મૂલ શાસ્ત્ર | ૪-૦-૦ |
| ૧૩. | " (દશ) અકારાદિ | ૪-૦-૦ |
| ૧૪. | પ્રવચનસારોદ્ધાર ભાગ - ૨ | ૪-૦-૦ |
| ૧૫. | પ્રત્યાખ્યાનસારસ્વતવિભ્રમ - વીશવીશ, દાનષટ્ત્રિંશિકા, વિશેષણવતિ, | ૧-૪-૦ |
| ૧૬. | પ્રકરણસમુચ્ચય | ૧-૦-૦ |
| ૧૭. | બૃહત્સિદ્ધપ્રભાવ્યાકરણ | ૨-૮-૦ |
| ૧૮. | શ્રીભગવતીસૂત્ર સટીક ભાગ-૧ | ૫-૦-૦ |
| ૧૯. | મધ્યમસિદ્ધપ્રભાવ્યાકરણ | ૦-૮-૦ |
| ૨૦. | યુક્તિપ્રબોધ (સટીક) | ૧-૧૨-૦ |
| ૨૧. | લલિતવિસ્તરા | ૦-૧૦-૦ |
| ૨૨. | વર્ગવર્ણસિદ્ધિ (હિન્દી) | ૦-૫-૦ |
| ૨૩. | વિશેષાવશ્યકગાથાનુક્રમ | ૦-૫-૦ |
| ૨૪. | વંદારૂવૃત્તિ | ૧-૪-૦ |
| ૨૫. | સવાસો, દોઢસો, ગાથાનું સ્તવન | ૦-૮-૦ |
| ૨૬. | ઋષિભાષિતસૂત્રાણિ | ૦-૨-૦ |
| ૨૭. | શ્રાદ્ધવિધિ (હિંદી) | ૧-૧૨-૦ |

આ ગ્રન્થોમાં એક રૂપિયે પાંચ આના કમીશન આપવામાં આવે છે.

ધી "જૈન વિજયાનંદ" પ્રીં. પ્રેસ કણપીઠ બજાર, સુરતમાં શા. ફકીરચંદ મગનલાલ બદામીએ તંત્રી શા. પાનાચંદ રૂપચંદ ઝવેરી માટે છાપ્યું અને શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિએ લાલબાગ ભૂલેશ્વર મુંબઈમાંથી પ્રગટ કર્યું.

# અંગીકારની સુંદરતા

જગતમાં પ્રવર્ત્તેલાં દર્શનો પૈકી કોઈપણ દર્શન એવી સ્થિતિવાળું નથી કે જે દર્શનમાં કોઈપણ પક્ષ કે વસ્તુનો અંગીકાર કરવાનો હોય નહિં. એટલે દરેક દર્શનો અને દરેક મતને અંગે કોઈપણ પ્રકારે અંગીકાર કરવાનું તો હોય જ છે. દરેક આસ્તિક દર્શનોમાં તો મોક્ષ-આત્મા-દેવ-ગુરૂ-ધર્મ-અધર્મ અને પુદ્‌ગલ (જડ) પદાર્થનું અંગીકાર કરવાનું હોય જ છે, પરંતુ નાસ્તિક મત કે જેને પરલોકાદિ નથી બોલવા માટે નાસ્તિક શબ્દો બોલવો પડે છે અને જેને લીધે તે પોતાને નાસ્તિક તરીકે ઓળખાવે છે અને જગત્ પણ તેને નાસ્તિક તરીકે ઓળખે છે, તેવા નાસ્તિક મતવાળાને પણ પૃથ્વી આદિ ચાર કે પાંચ ભૂતોનું સત્ત્વ છે એમ તો પોતાના પક્ષ તરીકે અંગીકાર કરવું જ પડે છે. એટલે કોઈપણ દર્શન કે મત અંગીકાર વસ્તુથી શૂન્ય હોતો નથી અને છે નહિં. એટલું જ નહિં, પરંતુ પરલોકાદિકના સત્ત્વને માનવાને લીધે અસ્તિ અસ્તિ એમ બોલવાને લીધે પોતાને આસ્તિક કહેવડાવે છે અને જગત્ પણ તેઓને આસ્તિક તરીકે જ માને છે. તે તે સર્વ આસ્તિકો પોત પોતાની અપેક્ષાએ દેવ, ગુરૂ, ધર્મ અને તત્ત્વ એ ચાર વિષયમાં અસ્ખલિત-માન્યતાવાળા હોય છે. આસ્તિક દર્શનોનો મોટો ભાગ દેવ, ગુરૂ, અને ધર્મની આરાધનામાં તથા તત્ત્વોની માન્યતામાં પોતાના જીવનનું સાફલ્ય ગણે છે અને ભવિષ્યની જીંદગીઓની સુંદરતા યાવત્ મોક્ષપદની પ્રાપ્તિ પણ તે આરાધના અને માન્યતાને આધારે જ થવાનું માને છે. પરંતુ ત્રિકાલાબાધિત નિષ્કલંક અવ્યુચ્છિન્ન પ્રભાવશાળી શ્રી જૈનશાસનના પ્રણેતા ભગવાન્ જિનેશ્વરો તથા તેમના

(જુઓ અનુસંધાન પાનું ૪૬૪)

# શ્રી સિદ્ધચક્ર

!!! વં...દ...નં...હો !!!

## શ્રી સિદ્ધચક્રને

सार्वं सिद्धिगतं सदर्थकथकं सूत्रप्रदं मौनिनं,
सद्बोधिं सुबुधं नमामि चरणं शुद्धं तपः शंकरम्।
एतन्मंडलमर्च्यमद्रिरिपुभिः श्रीसिद्धचक्रस्थित-,
मानंदोदधिकौमुदीश्वरवरं श्रीपालसौख्यप्रदम्॥१॥


વર્ષ : ૮ અંક : ૨૩-૨૪

(ધનજીસ્ટ્રીટ ૨૫, ૨૭)

વિક્રમ સં. ૧૯૯૬, વીર સં. ૨૪૬૬, લવાજમ રૂા. ૨-૦-૦

તા. ૧-૧૦-૪૦ સોમવાર
કિંમત ૧ાા આના

(અનુસંધાન ટાઈટલ ૪ પાનાનું ચાલુ)

એ સંવચ્છરીની તિથિના પરાવર્ત્તનમાં પ્રતિષ્ઠાનપુરના રાજા શાતવાહને કરેલું વિનંતિનું વચન એ મુખ્ય કારણ હતું, કેમકે તે રાજા પરમ શ્રાવક હતો, છતાં લોકના અનુયાયીપણાને લીધે ઈન્દ્રમહોત્સવમાં ભાગ લેવાની તેને જરૂરીયાત હતી અને રાજા જો સાંવત્સરિક પર્વ જુદું કરે તો તેને અનુસરતો અધિકારી વર્ગ અને તેની આજ્ઞામાં રહેલો પ્રજાનો શ્રાવક-શ્રાવિકા વર્ગ પણ રાજાની અનુયાયિતામાં રહે અને તેથી આચાર્ય મહારાજા શ્રીકાલકાચાર્ય અને રાજાદિક શ્રાવકસંઘના ફાંટા જુદા પડે, વળી તે વખતે દેશની અંદર શકરાજાઓનો સમુદાય લશ્કર સાથે પ્રવેશ કરી ચૂકેલો હતો. અવન્તિના રાજાનું સિંહાસન ડોલી ગયું હતું, ભરૂચના રાજાની સ્થિતિ અસ્તોવ્યસ્ત હતી, એવા વખતમાં શાતવાહન પોતે શ્રાવકપણામાં છતાં સામાન્ય પ્રજાને તરછોડી શકે એ જેટલું સ્વાભાવિક હતું, તેના કરતાં અધિકપણે પ્રજાને અનુસરવું તે વધારે સ્વાભાવિક હતું અને એ જ કારણથી દરેક વર્ષે તે શાલિવાહન રાજાને ઈંદ્રમહોત્સવમાં ભાગ ન લેવો પડતો હોય તો પણ તે વખતે લેવાની જરૂર ઉભી થઈ હોય. અથવા તો તે પ્રતિષ્ઠાનપુરના પૌરજનો બીજા રાજ્યોમાં રાજા ને પ્રજાના વિચાર અને વર્ત્તનના ભેદોને લીધે થતા ઉત્પાતો દેખીને પોતાને ત્યાં એટલે પ્રતિષ્ઠાન પુરના રાજ્યમાં રાજા અને પ્રજા એક જ સરખા વિચાર અને વર્ત્તનવાળાં છે, એવી છાપ પાડવા માટે તે જ વર્ષે મહારાજા શાતવાહનને ઈંદ્રમહોત્સવમાં પધારવાનો અવરોધ કરવા આવ્યા હોય અને તેવો અવરોધ કર્યો હોય તેને લીધે લોકની અનુયાયિતાએ રાજા પરમ શ્રાવક છતાં પણ તેણે તે ભાદરવા સુદ પાંચમે થનારા ઈંદ્રમહોત્સવમાં સામેલ થવાની જરૂરીયાત દેખી હોય તો તે ઘણું જ સંભવિત છે. તે ઈંદ્રમહોત્સવમાં ભાગ લેવાની જરૂરીયાતને અંગે મહારાજા શાતવાહને ભગવાન કાલકાચાર્યને પ્રથમ તો ભાદરવા સુદી છઠને દિવસે સંવચ્છરી કરવાની વિનંતિ કરી, અને જો પાંચમની સંવચ્છરી કરવામાં આવે તો પોતે તે દિવસ ચૈત્યદર્શન કે ગુરૂવન્દન વિગેરે કંઈ પણ સાંવત્સરિક કાર્ય કરી શકે તેમ નથી અને છઠને દિવસે સંવચ્છરી કરવામાં આવે તો તે પોતે ચૈત્યદર્શન વિગેરે સાંવત્સરિક સર્વ કૃત્યો કરી શકે તેમ છે, એટલે દરેક વર્ષની માફક સંવચ્છરી પર્વની આરાધના કરી શકે. એવી વિજ્ઞપ્તિના ઉત્તરમાં ભગવાન્ શ્રીકાલકાચાર્યે ચોખ્ખા શબ્દોમાં મહારાજા શાતવાહનને જણાવ્યું કે ભાદરવા સુદ પાંચમની રાત્રિ ઉલ્લંઘન કરવી ન કલ્પે એમ શ્રુતકેવલિ ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામીજી ફરમાવે છે, આવીરીતે જ્યારે પાંચમને દિવસે સંવચ્છરી કૃત્ય બની શકે તેમ નહોતું, અને છઠને દિવસે શ્રુત કેવલિ ભગવાન્ શ્રીભદ્રબાહુસ્વામીજીના વચનનો વિરોધ આવતો હતો તેથી રાજાએ બીજી વખત વિજ્ઞપ્તિ કરી કે જો એમ છે તો કૃપા કરીને ભાદરવા સુદી ચોથને દિવસે એટલે પાંચમ આવવા પહેલાં અર્થાત્ તેને આગલે દહાડે એટલે ચોથને દિન સાંવત્સરિકકૃત્ય વિશિષ્ટ પર્યુષણા, કરો, એવી રાજા શાતવાહન તરફથી તયેલી બીજી વિજ્ઞપ્તિને अन्तराविसे कप्पइ० એવા શ્રી ભદ્રબાહુસ્વામીજીના કલ્પસૂત્રમાં જણાવેલા વચનને અનુસરીને શ્રીકાલકાચાર્યે મંજુર કરી અને પહેલ વહેલી તે વખત ભાદરવા સુદ ચોથને દિવસે સંવચ્છરી થઈ.

(જુઓ અનુસંધાન ટાઈટલ પાના ૩)

# શ્રી સિદ્ધચક્ર

વર્ષ : ૮) ભાદરવા વદી ૦)) (અંક-૨૩-૨૪

તંત્રી
પાનાચંદ રુપચંદ
ઝવેરી

**ઉદ્દેશ**

શ્રીનવપદોમય શ્રીસિદ્ધચક્રની આરાધના અને આયંબિલ વર્ધમાનતપની પ્રવૃત્તિ પોષવા સાથે આગમની મુખ્યતાવાળી દેશના અને શંકાના સમાધાન (આદિ)નો ફેલાવો કરવો .......... વાર્ષિક લવાજમ રૂા. ૨-૦-૦

# આગમોદ્ધારકની અમોઘદેશના

## શ્રીનવપદજીની ભૂમિકા!

શ્રી નવપદજી - આત્માને સુદેવ, સુગુરૂ, સુધર્મની આરાધનાનું આલંબન પૂરૂં પાડે છે ...

अरिहंत सिद्धायरिया
उज्झाया साहुणो अ सम्मत्तं।
नाणं चरणं च तवो
इय पयनवगं मुणेयव्वं ॥२३॥

ભાવની વિશિષ્ટતા!

શાસ્ત્રકાર મહારાજા શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજ ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રી શ્રીપાળચરિત્રમાં શ્રીનવપદજીના મહિમાનું નિરૂપણ કરે છે. જૈનશાસનમાં ધર્મના ચાર પ્રકાર જણાવ્યા છે. ૧ દાન, ૨ શીલ, ૩ તપ અને ૪ ભાવ. તેમાંનો છેલ્લો એક પ્રકાર ધર્મના પાયારૂપ. સ્તંભરૂપ છે. યદ્યપિ દરેક ગુણો પરસ્પર સંકલિત છે તથાપિ ભાવની વિશિષ્ટતા છે. ભાવ દરેક ગુણમાં વિદ્યમાન છે. તે કોઈપણ ગુણની સાથે હોય અગર સ્વતંત્ર હોય તો પણ તે ધર્મોત્પાદક છે :-

રોજ બોલવામાં આવે છે કે :-

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન;

ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવલજ્ઞાન !

દાન, શીલ અને તપમાં એટલે કે તે દરેકમાં તે તે ધર્મનું ખરું સાફલ્ય ભાવ વડે જ છે.

દાન તો કડછી જે જડ છે તે પણ દે છે ને ! દાન એટલે દેવું, આપવું: તે ક્રિયા તો કડછી પણ કરે છે. પુણ્યનો અંશ કે નિર્જરાના લેશનો પણ તેને લાભ છે ? નહિં: કારણ કે તે જડ હોવાથી તેને ભાવ નથી, પરિણતિ નથી, જડ છે, વિચાર પણ નથી. અરે ! શ્રેણિક મહારાજાની કપિલાદાસીના દાનને યાદ કરો ! દાન તો તેણેય દીધું, પણ મરજિયાત નહિઃ ફરજિયાત ! મહારાજાનો આદેશ થયો, તેને દાન દેવું પડ્યું, એક રૂંવાટે પણ દાનની ભાવના નથી, અરે ! સ્પષ્ટ કહે છે કે - "આ તો શ્રેણિક મહારાજનો ચાટવો દાન દે છેઃ હું નહિં! હું નહિં !!" ભાવનું ત્યાં નામનિશાન નથી. ભાવ વિનાની એ દાનક્રિયા નિષ્ફળ થઈ છે. તેમાં ધર્મનો પાયો રચનાર ભાવ છે. જેના હૃદયમાં ભાવ હોય તેને દાન દેવામાં ઉત્સાહ હોય, ઉલ્લાસ હોય, દાનના પ્રસંગની તે પ્રતીક્ષા કરે, પ્રસંગે ઉમંગથી દાન દે, દેવરાવે, દાનની પ્રેરણા કરે. હૃદયમાં દાનધર્મપ્રત્યે રૂચિ હોય, ભાવ હોય તો જ આ ધર્મરૂપ દાન બને.

શીલને અંગે વિચારીએ; એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના જીવોને શીલને અંગે અતિચાર પણ લાગતો નથી, કારણ કે ત્યાં ભોગનો ભોગવટો જ નથી તેમજ સકામ કે અકામ નિર્જરાયે નથી, કેમકે તે સંબંધી વિચાર જ નથી.

વર્તમાનકાલે જૈનશાસનમાં છ માસથી અધિક તપશ્ચર્યા (લાગટ ઉપવાસની) નથી. સ્વર્ગલોકે સર્વાર્થસિદ્ધ વિમાનવાસી દેવતાઓ તો તેત્રીસ હજાર વર્ષે આહાર કરે છે. શ્રીઆદિનાથ ભગવાને એક વખત વર્ષી તપ કર્યું હતું. આ દેવો તો તેત્રીસ હજાર વર્ષ સુધી આહાર લેતા નથી. આહાર આટલો બધો લાંબો સમય ન લેવાય છતાં તે તપ નથી ! કારણ કે ભાવના તપની નથી. જો તે તપ હોય તો તીર્થંકરથી પણ તે તપ કંઈ ગુણો વધી જાય; પારાવાર નિર્જરા થાય, કર્મક્ષય જલદી થાય, પણ બીજરૂપ જ્યાં ભાવ નથી એટલે તપનો ભાવ સરખો નથી ત્યાં તપ છે ક્યાં?

તળાવની પાળ બંધ કરવામાં આવી નથી. આવકની નહેરો ખુલ્લી છે. હવે તેમાંથી માત્ર વાટકીવાટકીથી પાણી ઉલેચતાં ખાલી શી રીતે થાય? સર્વાર્થસિદ્ધના દેવો તેત્રીસ હજાર વર્ષે આહાર લે છે, બીજા દેવો કોઈ બત્રીશ કોઈ બાવીશ હજાર વર્ષે એમ એક સાકાર આયુ સુધી ઓછાવત્તા હજાર વર્ષે આહાર લે છે, આટલો લાંબો કાલ વચ્ચે આહાર નથી લેતા એ વાત ખરી, પણ સત્ત્વ (ભાવ) રૂપ સંવર તો મુદલ છે જ નહિ. આ આહારના રોકાણમાં આટલો સમય આહાર ન હોવામાં મુદ્દો તપનો, નિર્જરાનો, કર્મક્ષયનો નથી. ભવસ્વભાવે એટલો સમય એમને આહારનો અભાવ છે. જનાવર ચોવીશ કલાકે એક વખત જ પ્રાયઃપાણી પીએ છે, (ઘોડા, બળદ, ભેંસ, ગાય વગેરે) તે સ્વભાવે જ તેમ કરે છે. ચોવીશ કલાક સુધી પાણી ન પીવામાં તપની બુદ્ધિ નથી. એટલે તપનો લાભ

કે નિર્જરા નથી. દેવતાઓ પણ સ્વભાવે તેમ કરતા હોઈ તેમને પણ નિર્જરા થતી નથી.

મનુષ્ય સ્વાભાવિક રીતે આહાર બે વખત લે છે. તેથી જ ચોથ ભક્ત ઉપવાસનો વ્યુત્પત્તિ અર્થ, પ્રથમ દિવસે એક વખત આહાર લે, અર્થાત્ બીજી વખતના આહારનો ત્યાગ, બીજે દિવસે બીજા બે વખતના આહારનો ત્યાગ તથા ત્રીજે દિવસે પણ પ્રથમ દિવસની માફક એક વખત આહાર લે એટલે બીજી વખતના આહારનો ત્યાગ. અહિં ચતુર્થ એટલે 'ચાર' એવો રામટોળીનો અર્થ નથી (ચાર વખત ભોજન કરવું એમ પણ નહિં) પણ **चतुर्थभक्तपर्यन्तं भक्तं त्यज्यते** એટલે ચોથા ભક્ત (ભોજન) સુધીના ભોજનનો ત્યાગ જેમાં તે ચોથભક્ત એટલે ઉપવાસ, ષષ્ઠભક્ત, અષ્ટમ ભક્ત વગેરેમાં તેમજ સમજી લેવું. મનુષ્યનો સ્વાભાવિક આહાર બે વખતનો છે માટે આવી રીતે ગણત્રી છે. કર્મક્ષયના હેતુથી જેઓ આહાર ન લે તેઓના જ આહારનું રોકાણ તપમાં ગણાય. ધર્મરૂપ તપનો, નિર્જરાનો, કર્મક્ષયનો લાભ તેઓને જ મળે છે.

ઉપર મુજબ દાન, શીલ, તપ એ દરેકમાં ભાવ જોઈએ. ભાવનો ઉપયોગ પણ એ જ કે શક્તિ પ્રમાણે દાન, શીલ, તપ કરવા શક્તિ છે, પાત્ર છે, છતાં દાનાદિનો લાભ ન લેવાય તો તે ભાવ કહેવાય નહિં. પણ દાનાંતરાય નો ઉદય કહેવાય. ભાવવાળાએ શક્તિ અનુસાર દાન તો કરવું જોઈએ. શક્તિ છતાં દાન દે નહિ, શીલ પાળે નહિં, કાંઈપણ તપ ધરાવે નહિં, તો તે ભાવ લૂખ્ખો કર્મના ઉદયવાળો સમજવો. જેમ દાન, શીલ, તપમાં ભાવની જરૂર છે, તેમ ભાવમાં પણ દાન, શીલ તપની પ્રવૃત્તિની જરૂર છે. બન્નેની સહચારિતા આવશ્યક છે. શક્તિના અભાવે દાન ન દેનારો, ભાવથી તે લાભની શ્રેણિને મેળવનારો થઈ શકે. શક્તિ પ્રમાણે થતાં દાનાદિકના પાયા પણ ભાવથી જ મજબૂત બને છે, શક્તિ અને સંયોગ છતાં ભાવ ન થાય તો ધર્મનો પાયો બનતો નથી. શક્તિ અને સંયોગના અભાવે કે કર્મની વિચિત્રતાએ દાનાદિક ન કરી શકે તો પણ ભાવથી ધર્મનો પાયો બનાવી શકાય છે.

**શુદ્ધભાવની ઉત્પત્તિનું સ્થાન શુદ્ધ તત્ત્વત્રયીનો સંયોગ છે.**

ભાવની ઉત્પત્તિનું બીજ કયું ? આ જીવ અનંતી વખત સંજ્ઞી મનુષ્યપણું પામ્યો. શાસ્ત્રકારો જણાવે છે કે આ જગતમાં કોઈ એવો જીવ નથી કે જેની સાથે આ જીવનો માતાપિતા પતિપત્ની, મિત્રશત્રુ આદિપણાનો સંબંધ ન થયો હોય. આ જીવ જગતના સર્વ જીવોની સાથે અનેક પ્રકારના સંબંધો અનંતીવાર ધારણ કરી ચૂક્યો છે. આ સંબંધો મનુષ્યપણાના છે. મનુષ્યપણું મળવા છતાં, સંજ્ઞીપણું પામવા છતાં, એટલે મન છતાં, આ જીવ ભાવમાં-ભાવધર્મમાં કેમ પ્રવેશ્યો નહિં ? ભાવની ઉત્પત્તિ મન છે. મન ભાવનો જનક (પિતા) છે. જ્યાં સુધી ભાવ ન પ્રગટ્યો ત્યાં સુધી મન વંશવેલા વગરનું (વાંઝીઊં) ગણાય. જે મન દેવ, ગુરૂ તથા ધર્મના આલંબનમાં રહે તે જ મન ભાવરૂપ વેલો

ઉપજાવી શકે. જે મન તેવા આલંબનમાં ન આવે, ન રહે, તે મનમાં ભાવ જાગતો નથી. આ તત્ત્વત્રયીના સંબંધમાં આવ્યા વિના મનમાં ભાવનો અંકુરો ઉદ્‌ભવતો નથી. દેવ, ગુરૂ, અને ધર્મના સંબંધના અભાવે માનવભવ અનંતીવાર મળવા છતાં મન નિષ્ફળ થયું, નકામું ગયું. એટલે મનમાં ભાવનાની શ્રેણિનું ઉત્પત્તિ સ્થાન તત્ત્વત્રયી છે તેનો સંયોગ ન થયો એટલે મનમાં ભાવના પ્રગટ થઈ નહિ.

દેવ, ગુરૂ, અને ધર્મ (તત્ત્વત્રયી)ની બીના વિચારણીય છે. આ ત્રણ વાનાં પણ કોને નથી મળ્યાં? આર્યક્ષેત્રોમાં જન્મેલાઓ, પોતાને આસ્તિક કહેવરાવનારાઓ, સૌ કોઈ દેવ, ગુરૂ અને ધર્મને માને છે. દરેક મતવાળા (તમામ મતવાળા) દેવ, ગુરૂ, ધર્મને માને જ છે. આ ત્રણ તત્ત્વોની માન્યતા વિનાનો એક પણ આસ્તિક મતનો નથી. ફકીર, પાદરી, જોગી, સંન્યાસી કોઈપણ હોય, સૌ કોઈ ધર્મને માને છે ગુરૂ, તથા દેવને પણ માને છે. સર્વમતો ધર્મને આદરણીય ગણે છે. ધર્મને હેય કે નકામો ગણવા માટે કોઈ પણ આસ્તિક મત તૈયાર નથી. તત્ત્વત્રયીને ન માનનારો એક પણ તેવો મત નથી. સર્વમતો તત્ત્વત્રયીને માને છે, છતાં ભાવનાની શ્રેણિ કેમ પ્રગટ ન થાય ?

શાસ્ત્રકાર મહર્ષિ સ્પષ્ટીકરણ કરે છે કે કોઈપણ ચીજને સુખ દેનારી માનવા માત્રથી જો તે ચીજ દુઃખદાયક હોય તો સુખ તો ન જ આપે. ખસને ખણવાથી ક્ષણિક સુખ ઉપજે, તે વખતે સુખ લાગે, પરંતુ પછી તો ઉલટું વધારે દુઃખ થાય. જે વસ્તુ સુખકર નથી તેને સુખકર માનવાથી તે સુખકર થતી નથી. મનમાં ભાવના સુખની છતાં તે આલંબનરૂપ તે વસ્તુ સુખ આપનારી હોવી જોઈએ. દવા આરોગ્ય માટે જ લેવામાં આવે છે, છતાં જ્યાં સુધી દવા અનુકૂળ ન થાય ત્યાં સુધી આરોગ્ય સાંપડતું નથી. આરામ મળતો નથી. સંપત્તિ માટે જ પ્રયત્નો કરવામાં આવે છે પણ સંપત્તિ ધાર્યા પ્રમાણે કોને મળે છે ? યોગ્ય રીતનો વેપાર હોય તો જ તેવો નફો મળે છે. ધાર્યો નફો હોય છતાં ત્યાં કેટલીક વખત નુકશાન થાય છે. કારણ કે ધારણા માત્ર કામ આવતી નથી. તે જ રીતિએ મનથી માનેલા દેવ, ગુરૂ, અને ધર્મ (તત્ત્વત્રયી)ની આરાધનાથી લાભ મળતો નથી, ભાવનાની શ્રેણિ પ્રગટતી નથી. શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ, શુદ્ધ ધર્મની આરાધના કરવામાં આવે તો જ યોગ્ય ફલ મળે. **આંધળે બહેરું કૂટાય ત્યાં સુધી ઉદ્ધાર થાય નહિં.**

દેવ, ગુરૂ અને ધર્મની પરીક્ષા કરનાર આપણે કોણ ?' એમ કહી ઈતરોએ તત્ત્વત્રયીની પરીક્ષામાં પડદા પાડી દીધા છે. એમ આંધળે બહેરૂં કૂટાવવાનું ઈતરોને પાલવે છે. પણ જૈન દર્શનકારને તે પાલવતું નથી. જૈનદર્શન તો દેવ, ગુરૂ, ધર્મને પણ પરીક્ષા પૂર્વક (પરીક્ષા પછી) જ માનવાનું કહે છે.

શંકા-પરીક્ષા કોણ કરી શકે ? એકડો ન જાણનારો બી.એ.એલ.એલ.બી. ની શું પરીક્ષા લઈ શકે ખરો ? તેમ મનુષ્યની શી ગુંજાશ કે તે દેવ, ગુરૂ, અને ધર્મની પરીક્ષા કરે ?

સમા- કોઈ કેસમાં વકીલ રોકવો હોય ત્યારે, આપણે વકીલાતના લેશ પણ અભ્યાસી નહિં, છતાં સારા વકીલની તપાસ કરીએ છીએ કે નહિં ? તમે કાંઈ વકીલ કે બેરીસ્ટરથી મોટા નથીને! વકીલ રોકવામાં ગફલત થાય તો માત્ર કેસ હારવાપણું થાય છે, હજાર બે હજારનું જ નુકશાન જવાનું થાય છે. જ્યારે આત્માના ઉદ્ધારને અંગે દેવ ગુરૂને ધર્મની તપાસમાં ગફલત થાય તો ભવોભવના કેસો હારવાના છે. નામ માત્ર વકીલને કોઈ રોકતું નથી. કેસ જીતવો છે માટે હુશિયાર વકીલ શોધવામાં, અને રોકવામાં આવે છે. તેમ આત્માના ઉદ્ધાર માટે, જેનાથી આત્માનો ઉદ્ધાર થાય તેવા જ દેવ, ગુરૂ અને ધર્મનું આલંબન લેવું જોઈએ. માટે જ દેવ, ગુરૂ, અને ધર્મની પરીક્ષા કરવી જોઈએ.

શંકાકાર - આ તો આભને થીગડું દેવા જેવી વાત કરી ! તે વાત કરવી સહેલી છે, પણ તેવું થીગડું દેવું ઘણું મુશ્કેલ છે. ભૂતકાલમાં અનંતા તીર્થંકરો થયા, વર્ત્તમાનમાં કંઈ થાય છે, ભવિષ્યકાળમાં પણ અનંતા તીર્થંકરો થશે. તેમજ ગુરૂ પણ અનંતા થયા, કંઈ થાય છે અને અનંતા થશે જ (મહાવિદેહ પણ સાથે સમજી લેવું) તે સર્વની પરીક્ષા કરવી શી રીતે? ધર્મ એ વસ્તુ પણ પરિણામને આધીન છે અને તેના ભેદો અસંખ્યાતા છે. ધર્મના યોગો પણ અસંખ્યાતા છે. આ તમામની પરીક્ષા શું શક્ય છે ? તાવ મટાડવા વૈદ્ય પાસે ગયા ત્યાં તે કહે કે - 'નાગનો મણિ લાવીને પાણીમાં ઘસીને પીઓ તો તાવ તરત મટશે,' પણ મણિ લાવવો ક્યાંથી ? એ ઉપચાર જ અશક્ય છે. તે જ રીતે દેવ, ગુરૂ, અને ધર્મની પરીક્ષા અશક્ય છે.

સમા- જગતમાં સોનાની, હીરાની, માણેકની તમામની પરીક્ષા તે દરેકના રૂપાદિ ઉપરથી નથી થતી, પણ તેના લક્ષણદ્વારા થાય છે. સોનાની પરીક્ષા કસ જોઈને થાય છે. ભૂત-ભવિષ્યનું સોનું નજરે જોયું નથી, છતાં પરીક્ષા કસોટીના કસથી કરાય, એ વાત તો ખરીને ? હીરા માણેકમાં પણ તેમજ સમજવું. લક્ષણ સર્વદાને માટે સર્વથા સર્વગત એક જ હોય છે. સોનું કોઈ કાળે કાળું હોય જ નહિં. જે રંગનું ભૂતકાળમાં હતું તે જ રંગનું વર્તમાનકાલમાં છે અને ભવિષ્યકાલમાં પણ તે જ રંગે (સુવર્ણ તે સુવર્ણ) રંગે રહેવાનું છે. વર્તમાનકાલમાં સોનાની લક્ષણદ્વારા કરેલી પરીક્ષા ભૂતકાલના તેમજ ભવિષ્યકાલના સોનાને પણ લાગુ થાય છે. તે જ રીતે સર્વ દેવ, સર્વ ગુરૂ અને સર્વ ધર્મની વ્યક્તિગત પરીક્ષા ન કરી શકાય એ ખરું પણ લક્ષણદ્વારા પરીક્ષા તો જરૂર થઈ શકે છે. જૈનદર્શનના તહેવારો કેવલ આત્મશ્રેયઃ માટે જ છે ! ...

નવપદ રૂપ લક્ષ્ય લક્ષણદ્વારાએ જ સુદેવ, સુગુરૂ, અને સુધર્મ મેળવી આપે છે. અરિહંતપદે કે સિદ્ધપદે વિરાજમાન જે કોઈ હોય તે જ સુદેવ કહેવાય; તે પદમાં નહિં પ્રવેશેલા કોઈ પણ આત્માને સુદેવ તરીકે માનવા કોઈ પણ જૈન તૈયાર થાય

નહિં. 'અરિહંત' પદ એટલા જ માટે કે જે ભૂતકાળ તથા ભવિષ્યકાલના અરિહંત દેવો તેમાં આવી જાય, ગણાઈ જાય ! તેમજ સિદ્ધપદ તથા પછીના પદો માટે સમજી લેવું. શ્રીઋષભદેવજી કે શ્રીવર્ધમાનસ્વામી (શ્રીમહાવીરસ્વામી) તો વ્યક્તિ છે. પદરૂપ નથી અને 'અરિહંત' એ પદ છે, સ્થાનક છે. ઋષભદેવજી, પાર્શ્વનાથજી, મહાવીરસ્વામી, સીમંધરસ્વામી, પદ્મનાભસ્વામી વિગેરે ભૂત, વર્ત્તમાન, ભવિષ્યકાલના અનંતા તીર્થંકરો જે પદના અધિકારી છે એવું તે પદ અનંતા તીર્થંકરોથી અલંકૃત છે. એવી જ રીતે શ્રી પુંડરીકસ્વામી આદિ વ્યક્તિઓ જે સિદ્ધિપદને પામી છે તે પણ સિદ્ધપદમાં હોઈ દેવત્વમાં આવે છે. આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ એ ત્રણ પદમાં જેનો પ્રવેશ હોય તેને જ સુગુરૂ તરીકે માની શકાય. તે વિનાના કોઈને સુગુરૂ માનવા કોઈ પણ જૈન તૈયાર થાય નહિં. અહિં પણ વ્યક્તિગત ગુરૂની વાત નથી, પણ પદને અનુલક્ષીને વાત છે. એ ત્રણ પદમાં, તે સ્વરૂપમાં જે દાખલ થયા તેજ સુગુરૂ, સર્વ માન્ય. ઈતરો પણ પોતાના દેવ, ગુરૂ, ધર્મને સારી રીતે માને છે. તેમજ સારા અને સાચા માનીને તેમને સેવે છે. સર્વ દર્શનકારો પોતપોતાના દેવ, ગુરૂ, અને ધર્મને 'સુષ્ઠુ' તરીકે જ માને છે સર્વની માન્યતા સરખી છતાં ફરક છે. એ તો સ્પષ્ટ છે પરસ્પર લક્ષણોની ભિન્નતા જ સ્પષ્ટ કરે છે કે ફરક જરૂર છે.

નવપદના સ્વરૂપને સમજશો તો એ ફરક ચોખ્ખો માલુમ પડશે.

'અરિહંત' તથા 'સિદ્ધ' પદે પહોંચનાર જીવો તે સુદેવ!

'આચાર્ય', 'ઉપાધ્યાય' કે 'સાધુ' પદની અવસ્થામાં સુસ્થિત જે હોય તે (કોઈપણ હોય તે) સુગુરૂ !

'સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ' એ ચારમાં વર્ત્તી શકે તે ધર્મ!

દુનિયાના દરેક જીવો પ્રવૃત્તિ સ્વાર્થ પૂરતી જ કરે છે. ધર્મ પણ સૌ કરે છે. સૌ પોતે ધર્મ કરે છે એમ માને છે.

ધર્મ ધર્મ કરતો જગ સહુ ફીરે, જાણે ન ધર્મનો મર્મ.  આનંદઘનજી.

સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપને અંગે વિચારો કે વર્ત્તન થતાં હોય તો જ માનવું કે કાંઈક ધર્મ થયો, થાય છે કે થશે. તેને મેળવવા પ્રયત્ન કરાય તો જ ધર્મમાં હોવાનું મનાય. આચારની પ્રાપ્તિમાં, તેની પ્રાપ્તિના પ્રયત્નમાં કે અનુમોદનામાં પણ જે આત્મા નથી તો જરૂર માનો કે તે આત્મા સુધર્મમાં નથી. પ્રથમના બે પદ સિવાયનાને દેવ માનવામાં, પછીના ત્રણ પદ સિવાયનાને ગુરૂ માનવામાં (એટલે તેવાને સુદેવ, સુગુરૂ, માનવામાં) ભૂલ છે. તેમજ છેલ્લા ચાર પદોને પણ તત્ત્વરૂપ ધર્મ વિનાના સ્વરૂપમાં સુધર્મ તરીકે સમજવામાં ભૂલ જ છે.

**નવપદજીની આરાધના સુદેવ, સુગુરૂ, સુધર્મના આલંબન માટે છે.**

આ નવપદજીની આરાધના માટેની નિયત

એવી ઓળી છે. એટલે ચૈત્ર માસની તથા આશ્વિન (આસો) માસની ઓળી છે અને તે બે અઠ્ઠાઈ તરીકે શાશ્વતી છે. ઓળીની આ બે અઠ્ઠાઈઓ જ શાશ્વતી છે. બાકી ચોમાસી વિગેરેની અઠ્ઠાઈઓ અશાશ્વતી છે. બાવીશ તીર્થંકરના સમયમાં ચૌમાસી કે સંવત્સરી નિયમિત ન હોય તેથી તેની જે અઠ્ઠાઈઓ તે અશાશ્વતી છે.

દેવ, ગુરૂ અને ધર્મ (તત્ત્વત્રયી)ને માન્યા વિના કોઈ પણ કાલે પણ શાસનને ચાલતું નથી. બાવીસ તીર્થંકરના સમયમાં ચોમાસી આદિ ન કરે તો ચાલે અગર નથી કરતા, પણ દેવ, ગુરૂ, અને, ધર્મ (તત્ત્વત્રયી)ને તો સર્વ કાલે સૌ કોઈને માનવા અને આરાધવા જ પડે છે.

નવપદમાં પ્રથમનાં બે પદો દેવની આરાધના માટે છે, પછીનાં ત્રણ પદો ગુરૂની આરાધના માટે છે અને છેલ્લાં ચાર પદો ધર્મની આરાધના માટે છે. એ રીતિએ એ નવપદમાં દેવ, ગુરૂ, અને ધર્મની આરાધના નિયત છે.

ઈતરોના તહેવારો (પર્વદિવસો) દેવ, ગુરૂ, કે ધર્મની આરાધનાના ઉદ્દેશવાળા હોઈ તેના આલંબનમાં જતા નથી, સુદેવ, સુગુરૂ, અને સુધર્મના આલંબનને નિયમિત કરનાર તહેવારો જૈનધર્મમાં જ છે. જૈનદર્શનના તમામ તહેવારો આત્મ શ્રેય માટેજ છે. કોઈ પણ જૈનદર્શનનો તહેવાર તે હેતુ વિનાનો નથી. પર્વો તહેવારો તથા તેની આરાધના દેવ, ગુરૂ, અને ધર્મ એ ત્રણને માટે જ અને ત્રણના આલંબન માટેજ છે.

શ્રી દીપાવલીપર્વ શ્રીમહાવીરદેવના નિર્વાણને અંગે છે, શ્રીજ્ઞાનપંચમીનું પર્વ જ્ઞાનની આરાધનાને અંગે છે. એકેક વસ્તુને (ગુણને) આરાધવા યોગ્ય બીજ આદિ પણ તિથિઓ નિયત થયેલી છે.

આ નવપદમાં જે દેવના બે વિભાગ છે, ગુરૂના ત્રણ વિભાગ છે, તથા ધર્મના ચાર વિભાગ છે. આ વિના તે દેવ, ગુરૂ અને ધર્મના પેટા વિભાગો છે જ નહિ. દેવ, ગુરૂ, ધર્મના બધા મળી કુલ નવ ભેદ છે, તેનું નામ જ નવપદ છે. ઓળીના નવ દિવસોમાં તેની જ અનુક્રમે એકેક દિવસે આરાધના કરવાની હોય છે.

## શ્રી અરિહંત શરીરધારી દેવ છે.

શાસ્ત્રકાર મહર્ષિ શ્રીમદ્ શ્રીરત્નશેખરસૂરીશ્વરજી મહારાજા ભવ્યાત્માઓના કલ્યાણાર્થે શ્રી શ્રીપાલચરિત્રમાં શ્રીનવપદજીના મહિમાનું નિરૂપણ કરતાં ફરમાવે છે :-

આ સંસારમાં બોધ પામવાની દૃષ્ટિએ જીવોના ત્રણ પ્રકાર છે. કેટલાક જીવો પ્રભુના શાસ્ત્રને સમજીને અને માનીને બોધ પામે છે, તેઓ માટે હેતુ, યુક્તિ, તર્ક, દલીલ વગેરેની આવશ્યકતા હોતી નથી. કેમકે તે મહાનુભાવો જ્ઞાનીઓના વચનો પરત્વે સ્વાભાવિક શ્રદ્ધા ધરાવે છે. તેઓ સહેજે જ એમ માને છે. કે "જ્ઞાની મહાત્માઓ નિઃસ્વાર્થી હતા. અઢળક સંપત્તિનો તો તેઓએ જાતે ત્યાગ કર્યો હતો. તેઓના વચનો ખરેખર

આત્મકલ્યાણાર્થે સન્માર્ગ દર્શક જ છે અને તે માટે શિરોમાન્ય છે." આવા જીવો 'પ્રભુસંમિત' વાક્યોથી સમજનારા કહેવાય પરંતુ સર્વ જીવો સમાન પ્રકૃતિના હોતા નથી. તો પછી તેવી ઉત્તમ શ્રદ્ધાવાળી પરિણતિમાં સકલ જીવો હોય જ ક્યાંથી? અર્થાત્ ન જ હોય અને તેથી બીજા પ્રકારના જીવો કે જેઓ મિત્રસંમિત' વાક્યોથી સમજનારા છે. અર્થાત્ આજ્ઞા પ્રાધાન્ય માની માર્ગને ન અનુસરનારા કેટલાક જીવોને મિત્રોને સમજાવવાની માફક હેતુ યુક્તિથી સમજાવીને સન્માર્ગે પ્રેરે છે. તથા ઉન્માર્ગથી પાછા વાળે છે. વળી ત્રીજા પ્રકારના જીવો કે જેઓ તેવી પણ બુદ્ધિ વિનાના હોય છે. જેમ કે બચ્ચાંઓ; તેઓ હેતુથી યુક્તિથી કે આજ્ઞાથી ન સમજે. પણ કથાના રસથી સમજે છે. સ્ત્રી કેવલ સ્નેહનાં વાક્યોથી ભર્તારને વશ કરી ઈષ્ટ કામો કરાવે છે. વળી જગતમાં બાળકોને પ્રસન્ન કરવા, આધીન કરવા, અને આજ્ઞાંકિત બનાવવા એમાં દૃષ્ટાન્તની જ જરૂર છે. દૃષ્ટાન્ત દ્વારા તેમની પાસે આદરવા લાયકનો આદર કરાવી શકાય, છોડવા લાયકને છોડાવી શકાય. જીવોના આ પ્રકારનું નામ "કાન્તાસંમિત" વાક્યોથી સમજનારા કહેવાય. સૌથી ઓછો વર્ગ આજ્ઞાને માનનારો છે. બીજો વર્ગ હેતુ-યુક્તિ વડે માનનારો છે તે વધારે હોય છે અને સૌથી વધારે તો ત્રીજો વર્ગ એટલે દૃષ્ટાન્તથી સમજનારો છે અને તેથી જ આચાર્ય મહારાજ શ્રીરત્નશેખરસૂરીશ્વરજી એ નવપદનું સ્વરૂપ અને તેના આરાધનાનું ફલ દૃષ્ટાન્તદ્વારા જણાવવા શ્રી શ્રીપાલચરિત્ર રચી ગયેલા છે.


# પ્રાકૃત વિજ્ઞાન પાઠમાળા

અત્યાર અગાઉ પ્રાકૃતના ઘણાં પુસ્તકો શિક્ષણને અંગે પ્રગટ થયાં છે. પણ ઉક્ત પુસ્તકના પ્રકાશનથી વિદ્યાર્થી વર્ગને પ્રાકૃત શિક્ષણ ઘણું જ સરળ અને સહેલાઈથી પ્રાપ્ત થાય તેમ છે. તેમાં પાઠોના વિભાગો વિષયની વહેંચણી અને તેની છણાવટ, વિવિધ પ્રકારના વાક્યો, શબ્દ અને ધાતુના રૂપો વિગેરે આપવામાં આવ્યા છે. (કિંમત રૂા. ૨-૪-૦)

પ્રાપ્તિ સ્થાન :- ચંદુલાલ ઉમેદચંદ માસ્તર

પાંજરાપોળ - અમદાવાદ

આ પુસ્તક માટે સંસ્કૃતના પ્રોફેસર કે. એલ. અભ્યંકરે ઉચ્ચ અભિપ્રાય આપ્યો છે.

દરેક આસ્તિકે એ તો કબુલવું જ પડશે કે દેવ, ગુરૂ અને ધર્મને મુખ્યત્વે આત્મ કલ્યાણ માટે જ માનવાનાં છે અને તે ત્રણ વિના કોઈ બીજા વિશિષ્ટ તત્ત્વો આ વિશ્વમાં છે નહિં. દુનિયાદારીના વ્યવહારથી મળતા પદાર્થોમાં લાભ, હાનિ આદિ થયા કરે છે. આત્માનું કાર્ય (આત્મશ્રેયઃ) દુનિયાદારીના વ્યવહારથી થતું નથી. તે કાર્ય તો (કલ્યાણ તો) દેવ, ગુરૂ અને ધર્મથી જ સાધ્ય છે. નવપદની આરાધના પણ એ જ હેતુની સિદ્ધિ અર્થે છે.

નવપદમાં પ્રથમ બે પદે દેવ વિરાજે છે. તેમાં પ્રથમપદે શ્રી અરિહંત છે અને દ્વિતીયપદે શ્રીસિદ્ધ છે.

શ્રી અરિહંતને દેવ માનવાનું કારણ શું ? શ્રી સિદ્ધને તો નિરંજન, નિરાકાર જ્યોતિઃ સ્વરૂપ માનીએ છીએ. એટલે **ધર્માધર્મૌ વિના નાङ्गं** ધર્મ અને અધર્મથી જ એટલે શરીર હોય છે. પણ અંગાદિ જેને નથી તે સિદ્ધ. શ્રી સિદ્ધને અંગ નથી, તેથી મુખ પણ નથી, એટલે બોલવાનું કે શાસ્ત્ર કથન કરવાનું શ્રી સિદ્ધો માટે સદંતર અશક્ય છે. દેવપદમાં માત્ર શ્રી સિદ્ધને જ ગણીએ અને શ્રી અરિહંતને તે દેવ ભેદમાં ન ગણીએ તો શાસ્ત્રો કલ્પિત જ ગણાય. ઉપદેશ કે તેના આધારે થતો ધર્મ કાંઈ રહે જ નહિં. સર્વજ્ઞપણા વિના સર્વપદાર્થોનું યથાસ્થિતપણે જ્ઞાન; અને સ્વરૂપ આદિની ખબર પડેજ નહિં.

આથી દેવના બે ભેદ ગણવા પડે છે. ૧ શરીરધારી તે શ્રીઅરિહંત દેવ ! અને બીજા ૨ શરીર વિનાના, નિરંજન, નિરાકાર. તે શ્રી સિદ્ધ પરમાત્મા!

## સિદ્ધની ઉત્પત્તિ અરિહંતથી છે.

શંકા.- सिद्धिगइनामधेयंठाणंः એ પાઠથી સિદ્ધની સ્થિતિ ઉત્તમ છે અને ઉત્તમ જ ગણાવી જોઈએ કારણ કે સંપૂર્ણ ગુણવાળા નિરંજન, નિરાકાર, જ્યોતિસ્વરૂપ તો તેઓ જ છે ! આમ છતાં સિદ્ધપરમાત્મા દ્વિતીયપદે શા માટે ? પ્રથમપદે કેમ નહિ ?

સમા૦ - સિદ્ધની ઉત્પત્તિ અરિહંતથી કે અરિહંતની ઉત્પત્તિ સિદ્ધથી છે તે સમજો. સિદ્ધ થયેલામાંથી કોઈ અરિહંત થનાર નથી. અરિહંત તમામ નિયમા સિદ્ધ થનાર છે. સિદ્ધ ઉપદેશ તો આપતા નથી, એટલે માર્ગ બતાવતા નથી એ સ્પષ્ટ છે. શ્રી અરિહંતે દર્શાવેલો માર્ગ જ સિદ્ધને પણ બતાવે છે. આ હેતુથી શ્રી અરિહંતદેવ પ્રથમપદે છે. તે પ્રથમ પદે હોય તો તેમણે કહેલા માર્ગની આરાધનાદ્વારા જ સિદ્ધિ સાધી શકાય; સિદ્ધ થવાય. જો અરિહંત ન હોય તો મોક્ષ માર્ગ બતાવે કોણ? અને મોક્ષમાર્ગ જાણ્યા વિના તેનો આદર કે પ્રાપ્તિ બને જ નહિં. એટલે સિદ્ધ થવાની જડ શ્રી અરિહંતદેવ જ છે, સિદ્ધનો માર્ગ બતાવનાર, પ્રવર્તાવનાર શ્રી અરિહંતદેવનાં ચાર કર્મ ક્ષય થયા છે, અને ચાર બાકી છે, છતાં મોક્ષ માર્ગના દેશક તેઓ જ છે માટે શ્રીઅરિહંત પ્રથમપદે છે. વળી અન્ય આસ્તિકો પણ સિદ્ધિ પદ અને તેને પામનારા

એવો સિદ્ધોને માને છે છતાં પંચપદ કે નવપદમાં તો શ્રી અરિહંતદેવે જણાવેલા સિદ્ધોને નમસ્કાર છે માટે અરિહંતપદ પહેલાં જ લેવું જોઈએ.

શ્રી સિદ્ધ પરમાત્મા તો નિરંજન, નિરાકાર કોઈ અતીંદ્રિય વિષયમાં છે. સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ કે કર્ણાદિથી તેઓ માલૂમ પડતા નથી. 'સિદ્ધ છે' એ જાણવું કેવળ શ્રી અરિહંત દેવની વાણીના આધારે જ છે. શ્રી અરિહંતની વાણી ન હોય તો યથાર્થ સિદ્ધ પરમાત્મા મનાય જ નહિ અને સિદ્ધો છે તેની ખબર જ પડે નહિ. અરિહંતની પ્રામાણિકતાએ જ સિદ્ધોની પ્રામાણિકતા છે. સોનાની ચોખ્ખાઈ કસોટીની ચોકૃખાઈથી છે. કસોટી ન હોય તો સોનાની ચોખ્ખાઈ કોણ જાણવાનું? શી રીતે જણાય ? શ્રી અરિહંતદેવ વિના સિદ્ધને જાણવાનું અને માનવાનું કોઈ સાધન જ નથી. અરિહંત આ હેતુથી પણ પ્રથમપદે છે.

**જગતની અપેક્ષાએ અરિહંત પ્રથમપદે શાથી?**

દરેક ચોવીસીમાં પ્રથમ ધર્મની જાહેરાત કે પ્રવૃત્તિ થાય ત્યારે સ્થિતિ પ્રથમ અરિહંતની હોય છે. ઉદાહરણ-શ્રીઋષભદેવજી જન્મ્યા- થયા તે વખતે લોકોની દશા કઈ હતી ? અઢાર કોડાકોડી સાગરોપમથી અંધારું (અજ્ઞાન) ચાલ્યું આવતું હતું. આટલા સમય સુધી મોક્ષમાર્ગ કોઈને દેખાય જ નહિ ! જેમ ઘરે ગાય હોય, તે ચર્યા કરે, ઘાસ વાગોળ્યા કરે, દુધ આપ્યા કરે અને આયુષ્ય પૂર્ણ થાય એટલે મરણ પામે! એટલે તેનું જીવન કેવળ આત્માને તો ભારરૂપ! પૂર્વકાલમાં મોટાં મોટાં જીવન આવી રીતે ચાલ્યાં જતાં હતાં.* ત્રણ પલ્યોપમ સુધીનાં જીવનો તે વખતે જનાવર જીવન જેવાં ગણાતાં. કેવલ ખાવું, પીવું, હરવું, ફરવું! આવી સ્થિતિ અઢાર કોડાકોડી સાગરોપમ સુધી ચાલી.

આ સમયે મોક્ષનો માર્ગ કોણ બતાવે? ભગવાન્ ભવાંતરથી ત્રણ જ્ઞાન સહિત પધાર્યા છે તે વાત જુદી! સામાન્યતઃ વિચારીએ તો મળ્યાની મોજ તો પ્રત્યક્ષ છે - અનુભવાય છે, પણ છોડવામાં-(ત્યાગમાં) પણ મોજ છે એવી કલ્પના પણ આવે ક્યાંથી ? કોને આવે ? મળ્યાની મોજનો પવન તો અઢાર કોડાકોડી સાગરોપમથી ચાલ્યા કરતો હતો. એ મોજમાંથી ત્યાગસુખથી ખોજ (શોધ) કરવાની કલ્પનાની પણ કલ્પના નહોતી. ભગવાન્ શ્રીઆદિનાથ, નાભિરાજા તથા મરૂદેવી માતાના લાડીલા નંદન, ઉત્કૃષ્ટ ભાગ્યવાન્, જનહિતાર્થે પ્રથમ ન્યાય, નીતિ પણ પ્રવર્તાવનાર એ શ્રીઆદિનાથ ભગવાન્ ભવાંતરથી જ્ઞાન (ત્રણ જ્ઞાન) લઈને જ આવ્યા હતા. તેથી છોડવામાં એટલે (ત્યાગમાં) ધર્મ છે, નિવૃત્તિ છે, કલ્યાણ છે, મોજ છે, મોક્ષ છે, તેવો તેમણે ઉપદેશ કર્યો. સંકલ્પ કરી મોક્ષ માર્ગ તેમણે જ વહેતો કર્યો.

---

*આર્યરક્ષિતસૂરીજીના સમયમાં બસોથી અઢીસો વર્ષના આયુષ્યવાળા મનુષ્યો સંભવિત હતા અને તેથી અધિકવર્ષવાળા મનુષ્યો તે કાળે ભરતના ન સંભવે એમ તેઓને કહેવું પડ્યું.

**आदिमं पृथिवीनाथमादिमं निष्परिग्रहम् ।**

**आदिमं तीर्थनाथं च, ऋषभस्वामिनं स्तुमः ॥**

અર્થ :- પહેલા પૃથ્વીનાથ એટલે પહેલા રાજા, પહેલા પરિગ્રહ રહિત એટલે સાધુ ૨. પહેલા તીર્થના સ્વામી એટલે તીર્થંકર ૩. એવા શ્રી ઋષભદેવની અમે સ્તુતિ કરીએ છીએ. મોક્ષમાર્ગને બતાવનારા તીર્થંકરો છે એમ કલ્પસૂત્ર અંતકૃદ્‌ભૂમિના સૂત્રથી જણાવે છે. યુગાંતકૃદ્‌ભૂમિ, પર્યાયાંત કૃદ્‌ભૂમિ, આદિ વહેવરાવનાર શ્રી અરિહંત જ છે. ગુણદષ્ટિએ આ સૃષ્ટિથી તે સૃષ્ટિ (જ્યાં શ્રી સિદ્ધો વિરાજે છે. એટલે જ્યોતથી જ્યોતમાં જ્યાં ઝળહળે છે) અધિક છે, અને શ્રી સિદ્ધ પરમાત્મા પણ અધિકજ છે, પણ મોક્ષમાર્ગ વહેતો કરનાર શ્રી અરિહંત છે, તેના માર્ગના દેશક પણ તેઓ છે, માટે શ્રી અરિહંત દેવ પ્રથમ પદે સ્થાપિત છે.

## શ્રી અરિહંતપદની આરાધના!
## શ્રી અરિહંત પદ પ્રથમ કેમ ?
## નમો અરિહંતાણં પદનો તો સંસ્કાર જોઈએ !

**तत्थऽरिहंतेऽट्ठारसदोसविमुक्के विसुद्धनाणमए।**
**पयडियतत्ते नयसुरराए णाएह निच्चंपि ॥२४॥**

**અરિહંતપદની અનુવૃત્તિથીજ બાકીના આઠે પદો છે.**

"સિદ્ધિ," "સિદ્ધ," "મોક્ષ" 'અવ્યય' 'અપુનરાવૃત્તિ' 'સદાશિવ' આ તથા આના પર્યાયવાચી શબ્દોથી આવી વસ્તુ ઈતરદર્શનકારો પણ માને છે તેમ આચાર્ય, ઉપાધ્યાય તથા સાધુપદને પણ તે તે દર્શનકારો માને જ છે. તેમની સિદ્ધની એટલે સિદ્ધ પરમાત્માની માન્યતા એવી છે કે જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય ત્યારે ત્યારે સિદ્ધો ઈશ્વર અવતાર લે છે. હવે **नमो सिद्धाणं** એમ કહેતાં તે સિદ્ધોને પણ નમસ્કાર ગણાયને ! તેમજ આચાર્યાદિ પદોમાં પણ થાય. ન્યાયાચાર્ય, વ્યાકરણાચાર્ય, જ્યોતિષાચાર્ય, દર્શનાચાર્યને પણ નમસ્કાર ગણાય ! તેમજ ઉપાધ્યાયથી પાઠક વગેરેને તથા સાધુ શબ્દથી ફકીર, સંત, સંન્યાસીને પણ નમસ્કાર ગણાયને ! પરંતુ **नमो अरिहंताणं** એ પ્રથમ પદ કહી, શ્રી અરિહંતને પ્રથમપદે રાખવાથી આ ગુંચવણ આપોઆપ ટળી જાય છે - દૂર થાય છે. શ્રી અરિહંતદેવના શાસનમાં જેઓ સિદ્ધ થયા હોય તેઓને એટલે શ્રી અરિહંતદેવના શાસનમાં જણાવેલ સ્વરૂપવાળા સિદ્ધોને **नमो सिद्धाणं** થી નમસ્કાર છે. અન્યથા નહિં. આઠ કર્મો જેના ક્ષય થયા હોય, જેમને ફરી અવતાર લેવાનો ન હોય, તેવા સિદ્ધોને જ આથી નમસ્કાર છે. આચાર્યમાં પણ જેઓ જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપઆચાર, વીર્યાચાર એમ પંચાચાર પાળે, પળાવે, અનુમોદે તથા સૂત્રાર્થને જે જાણે તેઓને જ નમો એટલે નમસ્કાર છે. શ્રી અરિહંત દેવે પ્રરૂપેલા, ફરમાવેલા, તેમના શાસનમાં વિહિત આચારને પાલનારા આચાર્ય પ્રવરોને **नमो आयरियाणं** થી

નમસ્કાર થાય છે. પરંતુ ઈતરદર્શનકારોના આચાર્યોને નમસ્કાર થતો નથી. તેમ શ્રી અરિહંતના શાસનની દ્વાદશાંગીને ભણાવનાર ઉપાધ્યાયોને **नमो उवज्झायाणं** થી નમસ્કાર થાય છે. ઈતરદર્શનના પાઠક વગેરેને નમસ્કાર થતો નથી. શ્રી અરિહંતદેવના શાસનની પ્રણાલિકાનુસાર સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું પાલન કરનારા, રત્નત્રયીનું રક્ષણ કરનારા અને સ્વ-પર-હિત સાધક સાધુઓને-મુનિવરોને **नमो लोए सव्वसाहूणं** થી નમસ્કાર થાય છે. પ્રથમપદ **नमो अरिहंताणं** ની અનુવૃત્તિ દરેક પદમાં વ્યાપકપણે લઈ શકાય છે, અને તેથી જ પછીના પદોની સાચી સાર્થકતા દૃશ્યમાન છે. પછીના પદોની વ્યવસ્થા પ્રથમના અરિહંત પદથી જ છે. આ રીતે પ્રથમ આરાધ્ય શ્રી અરિહંત દેવ છે અને તેથી પણ પ્રથમપદે શ્રીઅરિહંત પરમાત્મા છે.

ઈતરો પણ પોતાના દર્શનને સમ્યગ્દર્શન જ માને છે. પોતાના દર્શને મિથ્યા માનવા માટે કોઈ પણ તૈયાર નથી. ત્યાં પણ **नमो अरिहंताणं** એ પ્રથમ પદની અનુવૃત્તિથી શ્રીઅરિહંતદેવના શાસનના સમ્યગ્દર્શનને **नमो दंसणस्स** પદથી નમસ્કાર છે. પોતાના જ્ઞાનને કોણ ખોટું કહે છે ? ઈતરો પણ પોતપોતાના જ્ઞાનને જ સમ્યક્ કહે છે. પણ **नमो अरिहंताणं** એ પ્રથમ પદ હોઈ એ પદની અનુવૃત્તિથી શ્રી અરિહંત દેવના શાસનના જ્ઞાનને **नमो नाणस्स** થી નમસ્કાર થાય છે. **नमो अरिहंताणं** પદની અનુવૃત્તિથી શ્રી અરિહંત દેવના શાસનમાં પ્રતિપાદિત થયેલા ચારિત્રને જ **नमो चरित्तस्स** પદથી નમસ્કાર થાય છે કોઈ મતવાળે પોતાના ચારિત્રને અસમ્યક્ કહેવા તૈયાર નથી. યમ-નિયમને તો તેઓ પણ માને છે. તપમાં પણ ચાન્દ્રાયણાદિ તપો બીજા મતોમાં મનાયેલા છે તેને નમસ્કાર નથી. ઈતરો પણ પોતાના તપને મહાન્ અને સમ્યક્ તો કહે છે, પણ પ્રથમ પદે **नमो अरिहंताणं** છે તે હેતુથી જ શ્રી અરિહંતદેવના શાસનમાં વિહિત, અને પ્રવર્તમાન તપને જ,' **नमो तवस्स** પદથી નમસ્કાર થાય છે. શ્રી અરિહંત સિવાયના આઠે પદોનો ઠાઠ શ્રી અરિહંત પદ ઉપર જ નિર્ભર છે. અરિહંત પદ વિના તે આઠે પદો વ્યવસ્થિત હોઈ શકે નહિં. કલ્પના ખાતર માનો કે કોઈ પૂછે કે "નવપદમાં પડતું મૂકવું હોય અર્થાત જતું કરવું હોય, અગર કમી કરવું હોય તો ક્યા પદને કરી શકાય ?" યાદ રાખો કે આ પ્રશ્ન માત્ર કલ્પનાનો છે. જવાબ એકજ કે આઠે પદ, રદ કરવાં હોય તો તમે જાણો, પણ શ્રી અરિહંત પદને પડતું નહિ જ મૂકાય તે એક જ પદ બાકીના આઠે પદોને લાવશે. બાકીનાં આઠ પદોમાં કોઈપણ એક પદમાં અથવા તો સામટાં આઠે પદોમાં તેવી કોઈ તાકાત નથી - સામર્થ્ય નથી કે જે અરિહંતપદને લાવી શકે. નવે પદો જરૂરી છતાં સર્વપદો ઉચ્ચારણ કરવાનો સમય ન હોય તો પ્રથમ શ્રીઅરિહંતપદને જરૂર સાચવજો. કાયોત્સર્ગમાં પણ **जाव अरिहंताणं भगवंताणं** એવો પાઠ છે. ત્યાં નવ કે પાંચ પદનો નિયમ ન રાખતાં એકલા અરિહંત પદનો નિયમ રાખ્યો છે. **नमो अरिहंताणं** એ

ઉચ્ચારણ સુધી કાયોત્સર્ગના કાલની મર્યાદા રાખી છે. જો કે નવ કે પાંચ પદો તમામ શ્રેષ્ઠ છે પણ રટણ તો અરિહંતનું જ નિશ્ચિત છે. ભગવાન્ અરિહંતથી તેમનું શાસન આખું આવી જાય.

**'અરિહંત' પદનું રટણ !**

લંકા-સિંહલદ્વીપ (સીલોન)માં અહિંથી એક જૈનવ્યાપારી વ્યાપારાર્થે ગયો હતો. તે રાજ્યસભામાં રાજાને મળવા નજરાણું લઈને સભામાં ગયો છે. તે વખતે રાજપુત્રી રાજાના ખોળામાં બેઠેલી છે. વ્યાપારીને છીંક આવે છે. છીંક આવતાં જ **नमो अरिहंताणं** ઉચ્ચારાય છે. તે વખતે **नमो अरिहंताणं** નવેસર યાદ કરીને ઉચ્ચારણા કરવું પડ્યું નથી, પણ રટણ જ એવું છે અને એવું હોવું જ જોઈએ કે પ્રસંગે પ્રસંગે તે ઉચ્ચારણ સ્વયં સ્ફૂરી આવે - સ્વયં ઉચ્ચારાય! આ પ્રભાવ સંસ્કારનો છે. નવે પદના કે પાંચે પદના એવા સંસ્કાર ન પડે, બીજા કોઈ પદના સંસ્કાર ન પડે તો પણ આપત્તિમાં કે સંપત્તિમાં સાચા જૈન માત્રને શ્રી અરિહંતપદ યાદ આવ્યા વિના રહેજ નહિં, યાદ આવી જાય. આવું રટણ, આવો સંસ્કાર જોઈએ વળી શ્રીપાલ મહારાજની વાત લ્યો. **કાળું કાળજું ધરાવનાર માત્ર** નામથી ધવલ હતો. તે ધવલશેઠે જ્યારે શ્રી શ્રીપાલ મહારાજાને કૌતુકવાળો મગરમત્સ્ય દેખાડવાના મિષે બોલાવી સમુદ્રમાં ફેંક્યા, ધક્કો મારીને પાડી દીધા, એ પ્રસંગ કેવો ? ભયની સામાન્ય કહેવત તો એવી છે કે 'ઉપર આભ અને નીચે ધરતી!' પણ અહિં તો ઉપર આભ અને નીચે દરિયો ! **છતાં ધન્ય છે તે સંસ્કારને, ધન્ય તે સંસ્કારદાતાને** છે કે તેવા ક્ષણે પણ એટલે જીવન દીપક ઝોલાં ખાતો હતો તેવા ક્ષણે પણ શ્રી શ્રીપાલ મહારાજાના મુખકમળમાંથી આત્મ-પરિમલ સમાન **नमो अरिहंताणं** પદનું જ ઉચ્ચારણ થયું છે. આનું નામજ સંસ્કાર ! આપણે તો એવા વખતે કોને યાદ કરીએ છીએ ? જેમને મરી ગયે વર્ષો થયાં હોય તેવા માબાપને! " ઓ મા ! ઓ બાપ" એ યાદ આવે ! એ પણ એવા સંસ્કારને જ આભારી છે. અરિહંતપદને આત્મામાં એવું અને એટલું બધું સીંચવું જોઈએ, આત્માને તે પદમાં એવો ઓતપ્રોત બનાવવો જોઈએ કે મોટી સંપત્તિ અગર વિપત્તિ કોઈ પણ પ્રસંગે, સ્વાભાવિક જ યાદ આવે, આવી જાય, આવ્યા કરે. આંગળી પાકે એટલામાં 'ઓ બાપરે' બુમ મારો છો. ત્યાં પણ અરિહંતને યાદ નહિ કરનારાઓ ઉંઘમાં કે ડુબવા જેવા વિષમ અકસ્માતોમાં તો અરિહંતપદને ક્યાંથી યાદ કરવાના ? તમે એ પદને દેરાસર તથા ઉપાશ્રય પૂરતું રાખ્યું છે, પણ પ્રતિક્ષણે સ્મરણ થાય તે જ રીતે હૃદયમંદિરમાં સ્થાપન કરવું જોઈએ.

એક પતિએ પત્નીનો નાશ કરવા ભાજનમાં વિષધર (ઝેરી સાપ) સંતાડ્યો. 'પેલા ઠામમાંની પુષ્પમાલા લાવ જોઉં' એવો આદેશ પતિવ્રતા પત્નીના પતિરાજ તે પત્નીને ફરમાવે છે. પત્ની ખરેખર પદ્મિની જ હતી, દેવ, ગુરૂ અને ધર્મ પરત્વે શ્રદ્ધાળુ હોઈને શ્રાવિકા હતી, જેમ ધર્મ પરત્વે, તેમ પતિપરત્વે પણ વફાદાર હતી, સતી હતી કુળવતી

હતી. તે શ્રાવિકા સંસ્કારિણી હતી. જે ભાજનમાંથી ફુલની માળા લાવવા માટે પતિનો હુકમ થયો છે (અર્થાત્ જેમાં સર્પ સંતાડ્યો છે) તે ભાજન ઓરડામાં અંધારામાં રાખવામાં આવ્યું હતું. તેથી તે શ્રાવિકા જીવન નિર્મૂલ ન જવા દેવા **नमो अरिहताणं** કહીને ઓરડામાં પગ મૂકે છે. સંસ્કારજ એ હતો ! સંસ્કારો પણ હેતુ પુરઃસર હોય છે, અંધારામાં પગ મૂકતાં રખે કોઈ જીવ મારા જીવનનો નાશ કરે અને તેથી મરણ થાય-અર્થાત્ તે મરણ ખરાબ ન થાય અને સમાધિ મરણ થાય માટે જ **नमो अरिहंताणं** પદનું સ્મરણ છે. ઉચ્ચારણ છે. સંસ્કાર જ એવો કે જરા પણ શંકાશીલ પ્રસંગે તે પદ જ યાદ આવે ! ઘર પોતાનું છે, ઓરડો પોતાનો છે, ત્યાં પણ પગ મૂકતાં ઈષ્ટસ્મરણ વિનાનું જીવન પાલવતું નથી. જીવન ક્યારે જશે, અવસાન ક્યારે થશે ? તેનો પત્તો નથી. ઈષ્ટસ્મરણ ચાલુ રાખવાનો સંસ્કાર કેટલી હદે જામ્યો છે જમાવ્યો છે ? તે જુઓ ! સંસ્કાર નવ કે પાંચ પદનો ન રાખી શકાય એ સ્વાભાવિક હોવાથી એક શ્રી અરિહંત પદ જ સંસ્કારને યોગ્ય છે. કેમકે એ એકજ પદ બાકીનાં આઠ પદોને લાવી શકે તેમ છે. કાયોત્સર્ગમાં તેથી જ **नमो अरिहंताणं** એ એકજ પદને પારતી વખતે સ્મરણ કરાવવાની મર્યાદા છે. આખા જીવન સંસ્કારમાં તે પદ રહેલું હોવું જોઈએ. સંસ્કારની પ્રબળ પરિસ્થિતિ હોય તેથી તેજ પદ બોલી શકાય.

### પરમેશ્વર બનાવનાર કે બતાવનાર ?

આવી રીતિએ શ્રી અરિહંત દેવના ગુણ કે સ્વરૂપને જાણ્યા વિના તેમની આરાધનાનું ફલ સંપૂર્ણ મેળવી શકીએ નહિં. કલ્પવૃક્ષનું જે સ્વરૂપે આરાધન કરાય તે સ્વરૂપે તે ફલ આપે. તેમ અરિહંત પરમાત્માને પણ જે સ્વરૂપે ધ્યાઈએ તેવું જ ફલ આપે શ્રી અરિહંત દેવના સ્વરૂપ ગુણો ક્યા?

**तत्ते अट्ठारसदोस विमुक्के**

જૈનો પરમેશ્વરને માને છે તેમાં અને ઈતરો પરમેશ્વરને માને છે તેમાં મોટો તફાવત છે. ઈશ્વર, પૃથ્વી, અગ્નિ, વાયુ, સ્ત્રી, સંતાન, હાટ, હવેલી, ધન, ધાન્યાદિ આપે છે માટે ઈતરો તેમને ભજે છે (તેમની માન્યતા મુજબ આ બધું ઈશ્વર આપે છે અને તેથી ઉપકારી છે માટે માનવા યોગ્ય છે) જગતના જીવો તમામ ગ્રાહક અને ઈશ્વર શેઠ ! જૈનદર્શનની માન્યતા તેવી નથી. તે તો પરમાત્માને એકજ સ્વરૂપે માને છે.

આ જીવ અનાદિકાલથી ક્રોધ, માન, માયા, અને લોભ આ ચાર કષાયોથી રખડ્યો છે. પણ પરમેશ્વર ક્રોધાદિથી રહિત છે. તેમના વર્ત્તનમાં, વચનમાં, ઉપદેશમાં કે મૂર્ત્તિમાં ક્રોધાદિ ચાર કષાયોનું પોષણ કે રહેવાનું સ્થાન પણ નથી. શ્રી અરિહંત તેવા દેવ છે કે અજ્ઞાનાદિ અઢારે દોષથી રહિત થયેલા છે. ગણધર કેવલી, સામાન્ય કેવલી, કે તીર્થંકર કેવલી હોય. કોઈ પણ કેવળી કે તેમનામાંથી અઢારે દોષો તો નાશ પામ્યા હોય છે. તે સર્વમાંથી અઢારે દોષ રહિતપણું હોય ત્યાં તીર્થંકરપણું હોય જ એવો નિયમ નથી; તેમાં કેવલીપણું પણ હોય સામાન્ય પણ જ્યાં જ્યાં તીર્થંકરપણું છે ત્યાં ત્યાં તો અઢારે દોષોનું રહિતપણું છે.

अट्ठारस विप्पणट्ठं..... नमामि देवाहिदेवं तं

દુનિયા અઢારે દોષોમાં ઝુકેલી છે. કહેવત પણ છે કે 'દુનિયા ઝુકતી હય, મગર ઝુકાનેવાલા ચાહીએ!' પણ તેવી જ બીજી કહેવત છે કે 'લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે' તાત્પર્ય કે દુનિયા તો દોષોમાં ઝુકેલી છે. ફક્ત શ્રી અરિહંત દેવ જ અઢારે અઢાર દોષોથી રહિત છે. ત્યારે જડ પદાર્થમાં પણ ક્રોધાદિ અઢાર નથી એટલે શું જડમાં દેવત્વ મનાય ? આ અર્થાપત્તિ ટાળવા વ્યાખ્યા લંબાવાય છે કે શ્રી અરિહંત ભગવાન્ અઢારે દોષથી રહિત છે એટલું જ નહિં, પણ ચાર ઘાતિ કર્મના ક્ષયથી તેમને લોકાલોકપ્રકાશ સંપૂર્ણ (લેશમાત્ર ઓછું નહિ) એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. એટલે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્ય, રૂપ ચતુષ્ટય પ્રગટ્યું છે. આવા શ્રી અરિહંત દેવનેજ પ્રથમપદે માનવાના છે, આરાધવાના છે, સેવવા સ્તવવા, તથા પૂજવાના છે. ગુણની કિંમતને લઈને સર્વકાલના તીર્થંકરો નમસ્કારને યોગ્ય છે. **पयडिअतत्ते** પ્રકટિતતત્ત્વે એટલે જીવ, અજીવ, પુણ્ય અને પાપાદિ નવે તત્ત્વો એઓજ બતાવનાર છે માટે સર્વકાલના તીર્થંકરો નમસ્કારને યોગ્ય છે. ઈતરો જ્યારે જૈનો પરમેશ્વરને બતાવનાર તરીકે માને છે. ત્યારે ઈતર લોકો પરમેશ્વરને બનાવનાર તરીકે માને છે. પુણ્ય બાંધવાનો, પાપ છોડવાનો, કર્મ છોડવાનો, સમ્યગ્દર્શનાદિ પામવાનો, તેને સ્થિર કરવાનો. યાવત્ મોક્ષને મેળવવાનો માર્ગ બતાવનાર શ્રી અરિહંત દેવ જ છે અને તે માટે જ તેમને માનવામાં પૂજવામાં આવે છે. આત્મા કર્મોથી વીંટળાયેલો છે. બાકી છે તો સર્વ આત્મા જ્યોતિઃસ્વરૂપ એ વગેરે બતાવનાર શ્રી અરિહંત દેવજ છે. એટલે અઢાર દોષથી રહિત, જ્ઞાનાદિગુણયુક્ત, જીવાદિ તત્ત્વોને પ્રગટ કરનાર, અપાય-અપગમાતિશય, જ્ઞાનાતિશય, વચનાતિશય, તથા પૂજાતિશય એ ચાર મૂલ અતિશયથી સંપન્ન તે જ શ્રી અરિહંત દેવ છે.

દુનિયામાં લોકોની માન્યતા એવી છે કે - મનુષ્યની જીવતાં કિંમત ઓછી થાય છે. પણ મર્યા પછી જ વધારે કિંમત થાય છે. વર્ત્તમાનકાલમાં જીવોની ખોટી પ્રવૃત્તિને લઈને તેઓ ખોટાં ગણાય છે, છતાં જીવન જીવવા ઈચ્છે છે, પણ સાથે એ નિશ્ચય કરે છે કે પક્ષની મહત્તા આદિને લીધે મર્યા પછી વધારે કિંમત થશે, અહિં શ્રી અરિહંત દેવોની કિંમત તેમના ભક્તોએ પાછળથી તેવી રીતે આંકી છે કે વધારી છે એમ નથી, પણ અષ્ટમહાપ્રાતિહાર્ય કે જે તેમની મહત્તા દેખાડનાર છે તે સર્વકાલ માટે સાથે જ હોય છે. તે પ્રાતિહાર્યો આ પ્રમાણે છે.

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनंच भामंडलं दुंदुभिरातपत्रं, सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥१॥

ઈતરો માયાવી પ્રાતિહાર્ય માને છે. પણ આ શ્લોક ઈન્દ્રોને, દેવોને, રાજાઓને, મુનિઓને પૂજ્ય એવા શ્રી અરિહંત દેવની પાસે પહેરગીરની જેમ

ચોવીસે કલાક અષ્ટ મહાપ્રાતિહાર્યો સાથે ને સાથે જ તે સંબંધી રહે છે. એમ જણાવી તેની વાસ્તવિકતા જણાવે છે. એવા અરિહંત દેવોને જાણી આરાધનામાં, નવકારવાળી ગણવામાં એવા સંસ્કાર ઉત્પન્ન કરો કે તેમનું સ્મરણ સતત થયા જ કરે. તેમનું ધ્યાન રહ્યા જ કરે. આત્માને नमो अरिहंताणं પદમય સર્વથા ઓતપ્રોત બનાવવો !

## દ્વિતીય પદે શ્રી સિદ્ધપદની આરાધના !

**સર્વદા સર્વથા સમાન સ્થિતિ તો સિદ્ધમાં જ છે !**

**સંપૂર્ણ સ્વાતંત્ર્યવાદ સિદ્ધિમાં જ છે !**

**સંપૂર્ણ સ્વતંત્ર શ્રી સિદ્ધ છે !**

**पनरसभेयपसिद्धे सिद्धे घणकम्मबंधणविमुक्के। सिद्धाणंतचउक्के झायह तम्मयमणा सययं ॥२४॥**

**દૃષ્ટાન્તોનો હેતુ દૃષ્ટાન્તના રસદ્વારા તત્ત્વરસ પાવાનો હોય છે.**

શાસ્ત્રકાર મહર્ષિ શ્રીમદ્ શ્રી રત્નશેખર સૂરીશ્વરજી મહારાજા ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રીશ્રીપાલચરિત્રમાં શ્રી નવપદજીના મહિમાનું નિરૂપણ કરે છે. જૈનદર્શનમાં જે કથાઓ કે ચરિત્રો કહેવામાં આવે છે તે દેવતાઈ કે મનુષ્યલોકની ઋદ્ધિ-સમૃદ્ધિ, ચમત્કાર વગેરેની મહત્તા જ દેખાડવા માટે નહિ, પણ તેના આધારે સારભૂત મુદ્દા સમજીને ઉપાદેય (આદરણીય) તત્ત્વોને આદરવાના તથા હેય (ત્યાજ્ય) તત્ત્વોને છોડવા માટે હોય છે. શ્રી શ્રીપાળ મહારાજાના ચારિત્રમાં પણ પુતળીયોનું બોલવું, સુવર્ણસિદ્ધિ થવી, આકાશમાં ઉડવું વગેરે ચમત્કારો જણાવવામાં આવ્યા છે. પરંતુ તે કાંઈ ચમત્કારની મહત્તા જણાવવા માટે નથી. જેમ નાનાં બચ્ચાંને દવા પીવરાવવા પતાસું આપવામાં આવે છે ત્યાં મા બાપનો હેતુ પતાસાંનો નથી પરંતુ દવાનો જ છે. તેમ અહિં પણ પ્રભુ સંમિત અને મિત્રસંમિત વાક્યોથી જે જીવો ધર્મને પામી શકતા નથી તેવાઓ કાન્ત સંમિત વાક્યોથી પણ ધર્મ પામે છે. તેવા જીવોને શ્રીનવપદજીની આરાધનામાં જોડવા માટે શ્રી શ્રીપાલચરિત્રમાં ચમત્કાર, સિદ્ધિઓ ઈત્યાદિનું વર્ણન કરવામાં આવ્યું છે. જો કે તે વર્ણન ખોટું તો નથી, સાચું છે. તાત્પર્ય કે હેતુ એ વર્ણનમાંના ચમત્કારાદિની મહત્તા બતાવવાનો નથી, પણ ત્રીજા પ્રકારના જીવોને તે રીતે પણ જે નવપદનું ચક્ર પરમારાધ્ય તરીકે સમજાવવાનો છે તે ખડીનો ટુકડો નથી, પણ બચ્ચાંને દેવાય છે તે પતાસું છે. છતાં તે બચ્ચાંને ખવરાવવાનો હેતુ નથી. જો તે દવા પીતો હોય તો ભલે પતાસું ખાય એ હેતુ છે. દવા ખાવાની પ્રેરણા માટે પતાસું છે. મોટાઓમાં પણ ક્વીનાઈનની કડવી ગોળી ન લે તેઓને માટે શુગરકોટેડ ગોળી હોય છે ને ! એળીઓ ગોળથી વીંટીને પણ અપાય છે. પુત્રને પરણાવવા બીજે ગામ જાન લઈને જવાય છે, તેમાં ગાડી, ગાડાં,

ચોકીયાતો, વાજાંવાળા લાવવા વગેરે કેટલો ઠાઠ કરો છો ?. એ ઠાઠ ઠાઠ માટે તો નથી. હેતુ તો કન્યા (વહુ) લાવવાનો છે. જો કન્યા કે વર ખોવાઈ જાય તો જાનની કે ભભકાની કિંમત શી છે? તેમ શ્રીપાલ મહારાજના ચરિત્રમાં રિદ્ધિ સિદ્ધિનું વર્ણન છે, તેઓ અનેક વખત પરણ્યા એ વર્ણન છે. યદ્યપિ વર્ણન તમામ સાચું છે, તથાપિ હેતુ રિદ્ધિ વગેરેનું ગૌરવ બતાવવાનો નથી. હેતુ તો શ્રીનવપદની આરાધનાની પ્રેરણાનો જ છે. વર્તમાનમાં જ્યારે શ્રી શ્રીપાલ મહારાજાનો રાસ વંચાય છે અને ત્યારે ત્રણ ખંડ ચાલે છે ત્યાં સુધી તો લોકોની મેદિની સજ્જડ રહે છે. જગ્યા પણ ન મળે એમ પણ બને છે. પરંતુ જ્યારે ચોથો ખંડ વંચાય છે તે વખતે દસ વીસ ડોસા-ડોસીઓ માત્ર દેખાય છે. એમ તત્ત્વશ્રવણ વખતે જ બધા પલાયન થાય એ તો ખરેખર જાનમાંથી વર કે કન્યા ગુમ થવા જેવું ગણાય ! પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજા જણાવે છે કે શ્રોતા બે પ્રકારના છે. ૧ તત્ત્વરસિક શ્રોતા. ૨ કથારસિક શ્રોતા. તત્ત્વરસિક શ્રોતાઓ તો દરેકે દરેક તત્ત્વોનો ખ્યાલ રાખે છે. હેય (ત્યાજ્ય) શું છે ? ઉપાદેય (આદરણીય) શું છે? તે ત્યાં સમજે છે, વિચારે છે, નિર્ધારે છે અને કથારસિક શ્રોતાઓ માત્ર કથાના રસમાંજ લીન હોય છે. નાના રડતાં બચ્ચાંને છાનાં રાખવા કે ઊંઘાડવા માટે રમુજી કથા-વાર્તા ટુંકી ટુંકી કહેવામાં આવે છે. તેમ કથારસિક શ્રોતાઓને તો દુન્યવી કથા કે શ્રીપાલની કથા બન્ને સરખી છે. તત્ત્વરસિક શ્રોતા તો કથા સાંભળી, સમજીને આદરવા લાયક તત્ત્વો તો આદર કરવા સમુદ્યત (તૈયાર) થાય છે. જૈનદર્શન સ્વતંત્ર થવાનો જ ઉપદેશ આપે છે.

શ્રી શ્રીપાલમહારાજાને જે અપાર રિદ્ધિ સિદ્ધિ મળ્યા કરે છે, દેવતાઈ ઠાઠનો ભોગવટો તેઓ ભોગવ્યા કરે છે, જેમ ભાગ્યવાનને દરિયામાં ડુબકી મારે કે મોતી જ મળ્યા કરે. ડુબકીએ ડુબકીએ મોતી મળે, તેમ શ્રીપાલમહારાજાને ડગલે ને પગલે વૈભવ સામો ચાલ્યો જ આવે છે, આ દરિયામાં પડ્યા કે જરા વિઘ્ન આવ્યું ત્યાં તો વાતે વાતે કન્યાઓ વરમાળા લઈને ઉભી જ છે ! જો કે આ વર્ણનમાં લેશ પણ અતિશયોક્તિ કે અસત્ય નથી, પણ તે બધાં ધર્મનાં મિષ્ટ ફલો છે. ધર્મના પરિણામે જ આ તમામ પદાર્થોની પ્રાપ્તિ છે, પણ જે સ્મરણમાં રાખવાનું છે, હૃદયમાં કોતરી રાખવાનું છે. મુદ્રાલેખરૂપે જે છે તે એ કે આ બધું કાંઈ વાસ્તવિક ફલ નથી. આ તો વચ્ચે માત્ર ઉગેલું ઘાસ છે ઘાસ! વાસ્તવિક ફલ તો આત્મીય ઋદ્ધિ સમૃદ્ધિની પ્રાપ્તિ થઈ જે આત્મકલ્યાણ થયું તે છે ! !

નાનાં બાળકોને ધૂળમાં આળોટવું સારું લાગે છે પણ ભણવું વસમું લાગે છે. ગુન્હેગાર પોલીસથી ન ચમકે તેથી અધિક આ બાળક-માસ્તર (શિક્ષક)થી ડરે છે, કારણ કે તેનું તેવું જ્ઞાન છે. શિક્ષક કાંઈ ભયાનક નથી, તેમ આ જીવડો પણ અજ્ઞાન છે. ખાનપાનમાં, મોજમજાહમાં જ રચ્યો પચ્યો રહે છે તેમાં હોય અથવા તે મળે ત્યાં સુધી એને મન ઓહો ! આનંદ! ! ત્યાગની કે વ્રતપચ્ચખ્ખાણ કરવાની વાત આવે કે એને મન

મોટી મુશીબત આવી લાગે ! જેમ તે બચ્ચાનું બાળકનું હિત ધૂળમાં આળોટવામાં નથી, તેનાથી દૂર રહેવામાં અને શાળામાં રહી શિક્ષક પાસે શિક્ષણ મેળવવામાં છે છતાં નિશાળમાં પણ તેવું રમતનું કાર્ય કરવા દેવામાં આવે તો તેનો હેતુ તેના હિતની આરાધનાની પ્રેરણાનો છે. પતાસું પણ ખોટું નથી, સાચું છે. અહિં આત્માનું હિત (કલ્યાણ) પણ આશ્રવનો ત્યાગ કરવામાં, સંવરનો આદર કરવામાં, કર્મની નિર્જરા કરવામાં, મુક્તિના ધ્યેયમાં આગળ વધવામાં છે.

જૈનદર્શન તથા ઈતરદર્શનોમાં ખરો અને મોટો મતભેદ જ આ છે. ઈતરોને મુખ્યત્વે ત્યાગ જોઈતો નથી. જૈનદર્શન-તેને તો ત્યાગ પ્રધાન છે. જ્યારે ઈતર દર્શનો ત્યાગની વાત આવે ત્યાં છીંડાં કાઢી છટકે છે, ત્યારે જૈનદર્શનનો તો ત્યાગ જ મુદ્રાલેખ છે. ત્યાગને જ ધ્યેય માને છે.

જો કે જીવ અનાદિકાલથી ઈંદ્રિયોના વિષયોમાં આસક્ત છે તેથી ત્યાગથી બચવા છીંડાં શોધે છે, પણ જૈનશાસન આત્માને ત્યાગદ્વારા પોતાના મૂળ સ્વરૂપમાં પ્રગટાવવા- ઝળહળાવવા ઈચ્છે છે. સ્વતંત્ર કરવા ઈચ્છે છે.

સ્વતંત્રતાની વાતો તો આજેય ક્યાં નથી ચાલતી ? વાટે ને ઘાટે સ્વાતંત્ર્યવાદના વાદવિવાદો જ ચાલે છે. ઘોષણા કરવામાં આવે છે કે 'ગુલામીમાં જીવવા કરતાં સ્વતંત્રતામાં મરવું એ જ પ્રશંસાપાત્ર છે,' પણ આ કહેવાની સ્વતંત્રતા જડ માટેની સૂઝે છે. આત્મીય સ્વાતંત્ર્ય માટે જીવને કાંઈ સૂઝે છે ? પોતે કાયાના પાંજરાનો કેદી છે, મુશ્કેટા બંધાયેલો છે, જકડાયેલો છે, તેનો ખ્યાલ પણ છે ? 'ડાહી સાસરે જાય નહિ અને ઘેલીને શીખામણ દે' તેવો ઘાટ છે ! આત્મીય સ્વાતંત્ર્યનું ભાન પણ નથી અને જડ સ્વતંત્રતા માટે બુમ બરાડા પાડવા છે !

**કર્કશા એવી કાયાકાકીની કેદમાંથી છુટ્યા વિના કલ્યાણ નથી.**

શાસ્ત્રકારે જીવના આ દૃષ્ટિએ બે ભેદ કહ્યા છે. ૧ ભવ્ય. અને ૨ અભવ્ય. તેમાં મોક્ષને લાયક, મોક્ષનો ઉમેદવાર, શાસન કે ધર્મનો પ્રેમી, કાયારૂપ કાષ્ઠપિંજરથી આત્માને છુટો કરવા ઈચ્છનાર, આત્મા ભવ્ય જ છે. તે આત્મા 'ભવ્ય' શબ્દની છાયાથી અંકિત છે. આત્માની સંપૂર્ણ રિદ્ધિ સિદ્ધિનો ભોગવટો આત્મા સદા સર્વથા કરે તેમાં કોઈની ડખલગીરી ન ચાલે. આવી ભાવનાવાળા આત્માઓ 'ભવ્ય' એ છાપને યોગ્ય છે. આ છાપ, આ ટ્રેડમાર્ક રજીસ્ટર્ડ કરાવવાનો નથી તેની ફી પણ નથી પડતી. આવી ભાવના ધરાવે એટલે એ છાપનો અધિકારી બને છે, સમકિતી હો કે ઈતર, સુદેવને દેવ માને કે કુદેવને દેવ માને તેની સાથે અહિં તેટલી નીસ્બત નથી. અહિં માત્ર કાયાના કાષ્ઠપિંજરમાંથી આત્માને સદંતર સ્વતંત્ર બનાવવાની ભાવના ધારણા-નિર્ણયની જરૂર છે. અનંતજ્ઞાનાદિ ચતુષ્કનો સ્વામી આત્મા એકલો જ છે. તેને તે ધન મળવું જ જોઈએ. આત્માએ પોતે એ મેળવવું પડશે. કોઈ સામે

આવીને આપી જવાનું નથી. યોગ્ય થયા વિના પરાણે 'યોગ્ય' કહેવરાવવાથી ભવ્યત્વ મળતું નથી. ભવ્યત્વથી 'ભવ્ય'ની છાપ મળે છે. અત્યારે તો આત્મા કાયામાં તન્મય બન્યો છે. તેના સુખમાં સુખ, દુઃખમાં દુઃખ, મોજમાં મોજ, અને ઈજામાં ઈજા માને છે. બંદુકની ગોળી સરરર કરતી પોલાણ ભાગમાંથી જો પસાર થાય તો વાંધો નહિં, કેમકે ત્યાં પોતાનો કાયાદ્વારા આત્મા પૂરાયેલો નથી, પણ શરીરના કોઈપણ ભાગમાં વાગે તો પોતાને જ વાગ્યું, આત્મા માને છે અને વાગે પણ છે. કાયાના સંરક્ષણમાં આત્મા પોતાનું સંરક્ષણ માને છે. ખરેખર આત્મા કાયાની ગુલામગીરીમાં જ છે. પ્રથમના વખતમાં ગુલામ કોઈ ચીજ ખરીદી લાવે તો તે તેના શેઠની ગણાતી હતી કેમકે પોતે તો ગુલામ જ હતો; વેચાયેલો જ હતો ખરીદાયેલો જ હતો. ખરીદી ગુલામની પણ માલીક શેઠ આથી વધુ ગુલામી કઈ ? તે જ રીતે ઋદ્ધિ, સમૃદ્ધિ આદિ મળ્યાં છે તે આત્માએ પૂર્વભવે કરેલ પુણ્યોનું પરિણામ છે છતાં જ્યારે તેની માલીકણ તો કર્કશા કાયાકાકી બની બેઠાં છે. કાયાની માયાના બંધનમાંથી નીકળી આત્માના ગુણો જે અનંત ચતુષ્ક, તે પ્રાપ્ત કરવું જોઈએ.

## સ્વામી ચપરાશીના તાબામાં !

આત્માના તે ગુણો બહારથી લાવવાના નથીઃ તે છે તો આત્મામાં, પણ સત્તામાં છે. આવા ગુણોના માલીક એવા પણ આત્માની શી દશા છે? એક શબ્દ માત્ર શ્રોત્રેન્દ્રિયની મદદ વિના સાંભળી શકાય નહિં, (દરેક ઈન્દ્રિય માટે તેમ સમજી લેવું) શું આ ગુલામીની પરાકાષ્ઠા નથી ? જ્ઞાન દર્શન એ ગુણો આત્માના છે પણ કાયાએ દશા એવી કરી છે કે - **सब कुछ तुम्हारा ही है, मगर हुकम हमारा!** આવી હંમેશની ગુલામગીરી જૈનશાસન કબુલ કરતું નથી. આત્મા વ્યવસ્થાપક (મેનેજર) બને તો તો તેનું જીવન જીવ્યું વ્યાજબી ગણાય. આ તો અનંત જ્ઞાન-દર્શનાદિ ઋદ્ધિનો સ્વામી આત્મા, છતાં ઈન્દ્રિયોરૂપી ચપરાશીના હુકમ પ્રમાણે તે ચાલે છે ! આવી ગુલામગીરીમાંથી આત્માને છોડાવવા માટે જ જૈનધર્મનો જન્મ છે.

શ્રી અરિહંતદેવને દેવ માન્યા અને પૂજ્યા. પણ કોઈ પૂછે કે ભવોભવ અરિહંતની આરાધનાનું શું ફળ ? તે માટે જ બીજા પદે 'શ્રી સિદ્ધ' છે. અર્થાત્ અરિહંત દેવની આરાધનાનું કાંઈ ફલ હોય તો તે સિદ્ધિની પ્રાપ્તિ થવી તે છે. સિદ્ધ થવું તે છે. સોના ચાંદી વિનાનો સોની, ઝવેરાત વિનાનો ઝવેરી જેમ વાસ્તવિક ગણાય નહિં. તેમ જો સિદ્ધપણું ન હોય તો અરિહંતપણું વાસ્તવિક રહી શકે નહિં. અરિહંતની આરાધના કાયાના કારાગૃહમાંથી છૂટીને સિદ્ધિગતિ પામવા, સિદ્ધ થવા માટે જ છે. જો તે છુટવાનું ન થતું હોય તો અરિહંતની અને તેમની આરાધનાની ઉત્તમતા રહેતી નથી. આથી બીજે પદે શ્રી સિદ્ધ ભગવાન્ છે. સિદ્ધત્વમાં કાયાની ડખલગીરી નથી, પરંતુ આત્મા અને તેના જ્ઞાનાદિનું સંપૂર્ણ સ્વાતંત્ર્ય છે.

સિદ્ધની સ્થાપના !

ઈતર દર્શનકારો તે સર્વાંશે માનવા તૈયાર નથી, પણ અંશે માનવા તૈયાર છે. 'કૃષ્ણજી તો ઈશ્વરનો અંશ છે' એમ તેઓ કહે છે, એક અંશ લેવા જતાં આખા પરમેશ્વર ખોયા! તેઓએ મહાદેવ, કૃષ્ણ, રામ આદિ સર્વનાં ગીતો ગાયાં, પણ તે તો સર્વે ઈશ્વરના અંશો માનીને ગાયાં છે. પરંતુ આખો ઈશ્વર ક્યાં ! આખા ઈશ્વરની તે રૂપે ઓળખ કે આરાધના પણ નથી. નિરંજન નિરાકારને તો માન્યા નહિં, અને અંશમાં પણ મલીનની આરાધનામાં રાચ્યા ! સીતા, રામ, લક્ષ્મણ, કૃષ્ણ કે મહાદેવ આમાંથી કોઈપણ નિરંજન નિરાકાર તો નથી જ. નિરંજન નિરાકારનું ધ્યેય રાખી તેની આરાધના રાખનાર જો કોઈ પણ હોય તો તે ફક્ત જૈનો જ છે. બીજા કોઈપણ શાસનમાં, સંપ્રદાયમાં કે ધર્મમાં નિરંજન નિરાકારની આજ આરાધના છે જ નહિં. નિરંજન નિરાકારની આરાધના નામદ્વારા તો થઈ શકે છે. પ્રતિમાદ્વારા થઈ શકતી નથી. ભગવાન્ અરિહંતના ચારે નિક્ષેપા સાકાર હોવાથી વ્યાજબી છે. સિદ્ધના જીવો જે પૂર્વે સંસારી હતા તે દ્રવ્યસિદ્ધ કહેવાય વળી અન્યમતના સિદ્ધ, આચાર્યાદિને પણ તેને દ્રવ્યનિક્ષેપામાં ગોઠવાય. કેવલ અરિહંત પદ જ એક એવું છે કે જેનો બીજો નિક્ષેપો બીજે ક્યાંય છે નહિં અને તે માટે જ કહ્યું છે કે :-

**नामजिणा जिणनामा ठवणजिणा पुण जिणिंदपडिमाओ दव्वजिणा जिणजीया 'जिन'** નામ જિનનામકર્મને લીધે જ હોય છે. માટે નામ જિન તે જ કે જે શ્રીજિનેશ્વરદેવનું નામ, તેમની પ્રતિમા, તેમના જીવો, તેઓ પોતે સમવસરણમાં રહેલા એ સર્વ (ચારે નિક્ષેપા) છે અને તે આરાધ્ય છે. તીર્થંકર નામ કર્મથી અરિહંતપદ મળે છે. સિદ્ધપણું તે આરાધ્ય છે કે ભાવમય છે. તે કાયાની ડખલગીરી વિનાનું છે. આત્મીય સંપૂર્ણ સ્વાતંત્ર્યવાળું સિદ્ધત્વ છે. સિદ્ધ થનાર જીવને જન્મ-મરણનો વળગાડ રહેતો નથી. કર્મમલથી છૂટેલાઓને ફરીને ગંધાતી ગર્ભની ગટરમાં જવાનું હોતું નથી. આ સિવાયનું દ્રવ્યસિદ્ધત્વ ઈતરોમાં ભલે હોય પણ તે માન્ય નથી. કાછીઓ આખી જિંદગી વ્યાપાર કરે પણ તેના મોંમાંથી હીરામોતીના તોલના કામનો 'ચવ' શબ્દ નીકળતો નથી. કારણ કે તેના ધંધામાં તે શબ્દ છે જ નહિં. એ ચવ શબ્દ તો ઝવેરી જ બોલે ! કાછીયાની એ શબ્દ તરફ દૃષ્ટિ જ હોતી નથી. તેમ **नमो सिद्धाणं** પદથી તેવા સિદ્ધને નમસ્કાર કરવામાં જૈનો વિના કોઈ અન્યની તે પદ તરફ દૃષ્ટિ જ નથી, તો પ્રાપ્યપણે ધ્યેય તો હોય જ ક્યાંથી ? જૈનો તો સિદ્ધોની સ્થાપનાને પણ માને છે. નિરંજન નિરાકાર જ્યોતિસ્વરૂપની સ્થાપના વળી કઈ રીતે ? જૈનો શરીરધારી એવા સાકારોની સિદ્ધિ માને છે તેથી સિદ્ધ થતી વખતના આકારની સ્થાપના લે છે. સ્થાપનાને મૂલની માફક કવિયો

પણ માને છે અને તેથી જ એમ કહેવાય છે કે - **न मक्षिकापादपातेन** માખીના પગથી દુનિયા ડોળી!' કોઈ માને ? બુદ્ધિમાન જરૂર માને.

દુનિયાના નકશા તણો, પાણીમાં પડછાય;
બેઠેલી માખી ઊડી, પાંખે મહી ડોલાય.

પાણીમાં દુનિયાના નકશાનું પ્રતિબિંબ હતું. પાણી ઉપર બેઠેલી માખી, પાણીમાં પગ અફળાઈને ઉડી, માખીના પગના સહજ પ્રહારથી પાણીમાં પ્રતિબિંબિત થયેલી દુનિયા ડોલી ! આ જ રીતે સિદ્ધોની સ્થાપનાનો પણ ખ્યાલ આવશે. અર્થાત્ સિદ્ધ થાય છે તો મનુષ્યમાંથીને ! તો તે તે આકારે કરાતી મૂર્તિ તે સિદ્ધની મૂર્તિ સમજવી. અરિહંતને અંગે સિદ્ધની મૂર્તિના બે જ આકારો માનવામાં આવે છે. મનુષ્યપણામાં આકાર તો ઘણા હોઈ શકે અને છે છતાં પર્યંકાસન તથા કાયોત્સર્ગાસન બે જ આકાર કેમ હોય છે ? અતીત, અનાગત, કે વર્ત્તમાનમાં કોઈ પણ તીર્થંકર મોક્ષે જાય તે બે જ આકારે પદ્માસને કે કાયોત્સર્ગાસને જાય છે. સમવસરણની અવસ્થા મુખ્યપણે ધ્યેય છતાં તે આકારની મૂર્તિ નહિ. કેમકે સમવસરણમાં તો પ્રભુ પાદપીઠ ઉપર પગ સ્થાપન કરી અને સિંહાસન ઉપર દેશના દે છે. છતાં તે આકાર લેતા નથી. કારણ કે અરિહંતપણામાં પણ સિદ્ધદશાનું ધ્યેય રાખીને જ આરાધના કરવામાં આવે છે. અને તેથી સિદ્ધપદે તો પૂજ્ય હોય તેમાં નવાઈ શી ? બાજરી દશ વખત વવાય કે લણાય પણ બાજરી તે બાજરી? તે જ રીતે ઘઉં તે ઘઉં, જુવાર તે જુવાર ! તેમ અહિં તીર્થંકર થાય તે સિદ્ધપણે થતા હોવા જ જોઈયે અને રહેવા જોઈએ. તેથી અરિહંત અને સિદ્ધની મૂર્તિઓ સમાનાકારે રાખી.

**સિદ્ધિપદ જ સાધ્ય છે !**

સિદ્ધપણાની દશા એકસરખી છે. ત્યાં સર્વ સિદ્ધો આત્મસ્વરૂપથી એક રૂપે છે. દુનિયામાં જીવે ત્યાં સુધી રાજા અને રંકમાં, નોકર અને શેઠમાં, સ્ત્રી અને પુરૂષમાં તફાવત છે, પણ ચિતામાં તો બધા સરખા જ ! તેમ મોક્ષગતિમાં સિદ્ધપણામાં તો તમામ જીવો આત્મરૂપે સરખા જ છે પછી પંદર ભેદમાંથી કોઈ પણ ભેદે જીવ મોક્ષે ભલે ગયો હોય પણ ભેદરૂપ નથી. અરિહંતમાં પણ દેશવિશેષે ભેદ રાખ્યા નથી તેમ અવગાહના કે વર્ગવિશેષે સ્વરૂપમાં ભેદ રાખ્યા નથી, પણ સિદ્ધ થતી વખતની સ્થિતિની પૂર્વની સ્થિતિને અનુલક્ષીને ત્યાં પંદર ભેદો જણાવ્યા છે. સિદ્ધ થતી વખતે જીવ એકલો સિદ્ધિ પામે કે સમુદાય સહિત મુક્તિ પામે, ગમે તે પ્રકારે સિદ્ધિગતિ મેળવે, પણ સિદ્ધિગતિમાં ન્યૂનાધિક્ય છે જ નહિં. ત્યાં સર્વથા સર્વદા આત્મરૂપે એકસરખી સ્થિતિ છે. પાણીમાંથી તુંબડાં ઉપર પાંચસે ફુટથી આવે કે હજાર ફુટથી આવે, પણ પાણીની સપાટી ઉપર તો સૌ એકસરખાં. તે જ રીતે પંદરભેદમાંથી કોઈપણ ભેદે સિદ્ધ થાય પણ ત્યાં તો સર્વ સિદ્ધો સમાન જ છે. આઠે કર્મોથી મુક્ત થવાનું હતું એ દૃષ્ટિએ મુક્તશબ્દ પણ વ્યાજબી છે, છતાં **नमो मुत्ताणं** ન રાખતાં **नमो सिद्धाणं** કેમ રાખ્યું ? મુક્ત થયા વિના તો છુટકો જ નથી. છતાં તેમાં પણ ધ્યેય તો અનંત ચતુષ્ક પ્રાપ્ત કરવાનું છે. મોક્ષનું

લક્ષણ જો કે **कृत्स्नकर्मक्षयो मोक्षः** હતું જ છતાં તત્ત્વાર્થ શાસ્ત્રકારે **कृत्स्नकर्मविप्रयोगो मोक्षः** કહ્યું. અહિં 'વિપ્રયોગ' એટલે 'અભાવ' અર્થાત્ સત્તામાં ન રહે અને ફેર બંધાય નહિં તેવો અભાવ લેવો. એટલે આત્માની સંપૂર્ણ સ્વતંત્રતા! ફલિતાર્થ એ કે આત્માએ પોતાના સિદ્ધસ્વરૂપે રહેવું તે જ સિદ્ધિ. એ સિદ્ધિમાં રહે તે સિદ્ધ ! આથી **नमो मुत्ताणं** નહિ, પણ **नमो सिद्धाणं** ! **सिज्झइ बुज्झइ मुच्चइ** એમાં પણ **सिज्झइ** પ્રથમ રાખ્યું અને **मुच्चइ** ત્રીજા પદે રાખ્યું. એ જ હેતુ કે સંપૂર્ણજ્ઞાનાદિ ગુણો યુક્ત અને કર્મોની દરમ્યાનગિરિ વિનાનું જે સિદ્ધિ પદ તેને પામેલા તે સિદ્ધિપદ જ સાધ્ય છે અને તેને મેળવનાર તે સિદ્ધો જ છે.

અગ્નિનો સ્વભાવ બાળવાનો છે, લુગડાંનો સ્વભાવ બળવાનો છે, છતાં વચ્ચે નડતરરૂપ પાણી બળવા દે નહિં. આત્મામાં અનંત ગુણો છે. પાસે છે, ભીતરમાં છે, ઉપયોગી છે, ઉપયોગમાં લેવાના છે, પણ વચ્ચે કર્મો આડખીલીરૂપ છે અને તે જ કારણે આત્મા પોતાના ગુણોનો ઉપયોગ કરી શકતો નથી ઘર તમારું છે, પણ સુધારો કરવો હોય તો મ્યુનિસિપાલીટીની પરવાનગી જોઈએ ને ? અને તે આડખીલી ટાળો ત્યારે જ સુધારો થાય. અનંતચતુષ્ટયી આત્મામાં વિદ્યમાન છે. કર્મો જ નડતરરૂપ છે અને તેથી તે કર્મોના બંધનોને તોડવાં જોઈએ.

જગતમાં કાલ સર્વનો ભક્ષક છે. નીતિ પણ એ જ કહે છે કે - **सर्वेषां भक्षकः कालः** વીંછી કરડવા પછી ચાર દિવસ બાદ તે વિહ્વલતા રહેતી નથી, પણ યાદ આવે કે તે વખત દુઃખમાં હતો. સુખમાં રહ્યા પછી પણ બે દિવસ પછી એટલું જ યાદ આવે કે સુખમાં હતો ત્યાં કાલ ભક્ષક બન્યો. સિદ્ધપણાના અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ, અનંતવીર્ય, તથા વીતરાગપણા ઉપર કાલનું જોર ચાલતું નથી. ત્યાં તો કાલની કળા નિષ્ફળ છે. કાલનું કાંઈ ચાલતું નથી તેવા ગુણો, તેવું સામર્થ્ય, તેવી સત્તા, તેવું સ્વરૂપ અને તેવી સ્થિતિ સિદ્ધમાં છે. તેમાં સદા નિરંતર સર્વદા સર્વથા તે સ્થિતિ સમાન જ રહેવાની છે. તેથી તે સ્થિતિ, તે પદ જ વંદ્ય છે, નમસ્કરણીય છે. તેમાં જ મન પરોવો, તેમનું ધ્યાન ધરો !

**नमो सिद्धाणं !**

બીજે પદે બિરાજમાન સિદ્ધને નમસ્કાર થાઓ. એ સિદ્ધ પરમાત્મા સિદ્ધનું સુખ આપો ! નવપદમાંના પ્રથમનાં બે પદો જ 'સુદેવ' તરીકે ઓળખાય છે.

'શાસ્ત્રકાર મહર્ષિ શ્રીમદ્ શ્રી રત્નશેખર સૂરીશ્વરજી મહારાજા, ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રી શ્રીપાલચરિત્રને, શ્રીનવપદના મહિમાનું નિરૂપણ કરતાં કહે છે. શ્રોતાઓ બે પ્રકારના હોય છે. એક ૧ તવરસિક. અને બીજા ૨ કથારસિક. લગ્નમાં વાજાં, ઘોડાગાડી, ઠાઠમાઠ તરફ લક્ષ્ય

નથી, કારણ કે એ બધું થાય છે કેવલ કન્યાના-વહુના લક્ષ્યથી. તેમજ કથાઓ, દૃષ્ટાન્તો કે ચરિત્રો વગેરે છે. તેનો હેતુ તો હેયોપાદિયાદે તત્ત્વ સમજાવવાનો જ હોય છે. નાનાં બચ્ચાંઓને ઊંઘાડવા માટે રમુજી કથા (ટુચકા) સંભળાવવામાં આવે છે. રાજા મહારાજાઓ પણ સુતી વખતે રમૂજ ખાતર કથા શ્રવણ કરે છે. અહિં પણ કથા માત્ર છે, પણ કથા એમાં મોજનો હેતુ છે પણ તત્ત્વપ્રાપ્તિનો હેતુ નથી. તત્ત્વરસિક શ્રોતાને ઉદ્દેશીને શાસ્ત્રકાર ફરમાવે છે કે આ શ્રીપાલચરિત્રમાં પણ પુણ્યના ફલરૂપે ઋદ્ધિ સમૃદ્ધિ આદિ જોશો ખરા, પણ ધ્યેય તો નવપદની આરાધનાનું જ હોવું-રહેવું જોઈએ. ચરિત્રરચનાનો ઉદ્દેશ માત્ર નવપદની આરાધનાની પુષ્ટિનો છે. આગળ દેવતત્ત્વની વિચારણા થઈ ગઈ. કેમકે પ્રથમપદે વિરાજમાન જે શ્રીઅરિહંત દેવ તે શરીર ધારી દેવ છે. ધર્મના સંસ્થાપક તથા સાચા સિદ્ધની પણ માહિતી આપનાર તે શ્રીઅરિહંત દેવ જ છે. દ્વિતીયપદે વિરાજમાન શ્રીસિદ્ધ પરમાત્મા છે. તે દેવ નિરંજન નિરાકાર જ્યોતિસ્વરૂપી છે. સ્થાપનાદ્વારા તે બન્ને પ્રકારના દેવની પૂજા આરાધના થઈ શકે છે. આસ્તિક માત્ર દેવ ગુરૂ તથા ધર્મને માને છે. એકલા જૈનો જ માને છે તેમ નથી. ઈતરો પણ તેને માને છે. તો પછી જૈનોમાં વિશિષ્ટતા કઈ? ધ્યાનમાં લેવા જેવું છે કે ઈતરો અવતારીને દેવ માને છે. પોતાના દેવોની ચેષ્ટાને લીલાના નામે ઓળખાવે છે. તેવા પડદા જૈનોને કરવા પડતા નથી ! કેમકે જૈનોના દેવો લીલાવાળા નથી. લીલા હોય ત્યાં સુધી "દિલ્હી" દૂર છે" એ ઉક્તિ મુજબ સિદ્ધિ શિલા-સિદ્ધિ દૂર છે. લીલા દોષમય છે. દેવમાં દોષ ન હોય માટે લીલા ઘટતી નથી.

કોઈ કહે લીલા રે અલખ અલખ તણી રે,
  લખ પૂરે મન આશ;
દોષ રહિતને લીલા નવી ઘટે રે,
  લીલા દોષ વિલાસ. આનંદઘનજી.

અહિં તો દેવત્વ આવારક સર્વકર્મના ક્ષયથી જ મનાય છે.

શ્રી અરિહંતે ચારેય ઘનઘાતિ એવાં આવારક કર્મોનો ક્ષય કર્યો છે. ચાર અઘાતિ કર્મોનો ક્ષય તે જ જીવનમાં કરવાના પણ જરૂર છે માટે તે દેવ !

આઠેય કર્મના ક્ષયથી સિદ્ધિમાં વિરાજમાન, જ્યોતિસ્વરૂપ તે શ્રીસિદ્ધ પરમાત્મા પણ દેવ! 'સુદેવને સુદેવ તરીકે માનવા' એટલા શબ્દો સાંભળવા માત્રથી શું ? શ્રીનવપદ તરફ દૃષ્ટિ કરશો ત્યારે દેવ ઓળખાશે અને ત્યારે શ્રી અરિહંત તથા શ્રી સિદ્ધ જ સુદેવ છે એમ પ્રતીત થશે.

તીર્થંકરનાં દીક્ષા, તપ, કેવલજ્ઞાન, અને દેશનાદિ તમામ પરકલ્યાણાર્થે છે.

હવે ગુરૂની શી જરૂર તે જાણવું જોઈએ. ત્રીજું, ચોથું, પાંચમું ત્રણેય પદો ગુરૂને અનુલક્ષીને છે. દેવતત્ત્વમાં સિદ્ધ તો અશરીરી છે, નિરંજન નિરાકાર છે, એટલે તેમની તરફથી તો ઉપદેશ શક્ય જ નથી. પણ શ્રી અરિહંતદેવ તો શરીરધારી

છે, ઉપદેષ્ટા છે, ઉપદેશ તેમનો જ છે. એ જ મહાન્ ગુરૂ છે! યતઃ **जगचिंतामणि जगनाह जगगुरु जगरक्खण** તેમાં પ્રભુને 'જગગુરૂ' કહ્યા જ છે. તો વળી અન્ય ગુરૂપદોની શી જરૂર ?

આખી અવસર્પિણી, ઉત્સર્પિણીમાં એ જગદ્ગુરૂ અને શરીરધારી દેવ તો માત્ર ચોવીશ જ હોય છે. અનાદિ કાલથી ચોવીશ કલાકની માફક સુયોગના નિયમથી એ જ નિયમ છે. એમજ બને છે. ચોવીશ અરિહંત, ચોવીશ તીર્થંકર કોઈના બનાવ્યાથી બનતા નથી, લોકોના કહેવાથી બનતા નથી, પણ જેઓ અનેક ભવોથી લોકના હિત માટે પરિશ્રમ વેઠીને સ્વયંબુદ્ધ થયા છે, તેમજ તેઓ દુનિયાથી વિપરીત વર્ત્યા છે. તેમણે દિશા ફેરવી છે. દુનિયા ક્રોધ, માન, માયા લોભમાં રાચેલી માચેલી છે. જ્યારે અરિહંત દેવ કષાયોથી સર્વથા રહિત છે. સંગમ દેવતાએ ઉપસર્ગો કરવામાં શું કઈ કમીના રાખી હતી ? એ નાદાન સીતમગીરી કરવાની પરાકાષ્ઠાએ પહોંચ્યો! ઉપસર્ગ એક બે દિવસ નહિ, પણ છ છ માસ સુધી કર્યા ! કાળો કેર વર્તાવ્યો! શરીરને પીડા કરી, ઊછાળ્યું, પછાડ્યું, પ્રાણીઓથી કરડાવ્યું, ખોરાક ન મળવા દીધો, ભગવાનની આબરૂ ઉપર પણ ગયો, આબરૂ હલકી પાડી. એ અધમ પાપાત્માએ શું શું ન કર્યું? જે સાંભળતાં, અને જેની કલ્પના કરતાં પણ કમકમાટી છુટે, સનસનાટી ફેલાય, મન વચન કાયા ત્રણેય કંપી જાય, ધ્રુજી જાય (ઉપસર્ગ વખતે ધરણી ધ્રુજતી હતી - પ્રભુ અડગ હતા ! વાહ પ્રભુ!) એવા ઉપસર્ગોમાં ભગવાનની સમતા કેવી ? કેટલી? આપણી પાછળ તો કોઈ ચાર કલાક પડ્યો હોય તોયે હાંજા ગગડી જાય ? વૈક્રિયપણે પ્રપંચપટુતાથી લોકોમાં તેવા દેખાવો કરીને એ સંગમીઆએ ભગવાનને ચોર પણ ઠરાવ્યા ! છતાં એ ધીર, એ વીર, એ મહાવીરના એક અંશમાં પણ ક્રોધ નહિ! તેમનામાં શક્તિ તો અગાધ હતી, પણ એ શક્તિ વેડફવા નહોતા ઈચ્છતા. એ શક્તિનો ઉપયોગ તો સહન કરવામાં થયો. અનંતસામર્થ્યના સ્વામી છતાં ગોવાળીયા જેવાના મારને મૂંગે મોઢે સહન કરે છે. નથી ક્રોધ! નથી માન! એવા આ દેવાધિદેવ ખરેખર દેવ જ છે.

દરેક જીવ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના પોતાના કર્મક્ષયમાટે કરે છે. પરંતુ આ ત્રિલોકનાથ, શ્રીતીર્થંકરદેવ જે સંયમ લે છે. જે ઉપસર્ગ પરિષહ સહે છે, જે કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે, જે દેશના દે છે, તે તમામ પોતાના માટે નહિ, પણ પરના ઉપકારને માટે જ કરે છે. **परोपकराय सतां विभूतयः सूत्र सर्वांगे** અહિં ચરિતાર્થજ છે. લોકોને સાચા તત્ત્વો જણાવવા એ જ કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાનું ધ્યેય છે. કેવલજ્ઞાન, ઘનઘાતિ કર્મોના ક્ષય વિના પ્રાપ્ત નથી અને કર્મો ક્ષય કરવા માટે ઉપસર્ગ-પરિષહો સામે અણનમ રહેવું જ જોઈએ. ઉપસર્ગ પરિષહો સહેવાનો પ્રસંગ સંયમ વિના ઉપલબ્ધ નથી, તેથી શ્રી અરિહંતદેવ પ્રવ્રજ્યા અંગીકાર કરે છે. એટલે ભગવાન અરિહંતનું આ તમામ સંયમાદિ કાર્ય પરમાર્થ માટે જ છે, ધ્યેય-લક્ષ્ય એ જ છે, શ્રીતીર્થંકર દેવ જગતના

(અનુસંધાન ૪૯૯ પર)

# સમાલોચના

૧ ઉદયાસ્તવ્યાપિની તિથિને અનારાધ્ય માનનારે આ વખતે પણ ભાદરવા સુદપાંચમ ૩૬-૨૭ ભાદરવા સુદ પૂનમ ૩૨-૫ની અને પછીથી આસો વદ ૧૪ સુધીની બધી તિથિયો તેવી હોવાથી અનારાધ્ય માની ?

૨ ઉદયાસ્ત વ્યાધિપણાને લીધે તિથિને અનારાધ્ય માનવાની વાત શાસ્ત્રાધાર સિવાય કલ્પિત જ ગણાય.

૩ એક્કે પ્રશ્ન કે ઉત્તરમાં શ્રીહીરપ્રશ્ન અને સેનપ્રશ્નમાં ઉદયાસ્ત વ્યાપિનીને ઔદયિકીના વિપક્ષમાં જણાવી છે ! વિપક્ષમાં પૂર્વના અને અંગતના પદો છે ને !

૪ औदयिक्येव એમ કહેવાથી અનૌદયિકીનો જ વ્યવચ્છેદ થાય અને તેથી પૂર્વતિથિને અનૌદયિકી એટલે ઉદય વિનાની જ ગણાય.

૫ પહેલી પૂનમ કે અમાવાસ્યા ટીપ્પણામાં તેના ઉદયવાળી ગણાયા છતાં આરાધનામાં તે તેના ઉદય વિનાની ગણાઈ અને તેમજ બે ઉદયવાળી ચૌદશમાં પણ પહેલી અનુદયવાળી ગણાઈ અને તેથી પૂનમ કે અમાવાસ્યાની વૃદ્ધિએ બે તેરસ ગણાઈ.

૬ શ્રી આનંદવિમલસૂરિજીના વખતથી તેમ મનાતું આવ્યું છે છતાં તે ન માનનાર શાસનમાં કેમ રહે ?

૭ ઉદયાસ્તવ્યાપિનીનો औदयिक्येव એમ કહેવાથી વ્યવચ્છેદ માનનારે બે હોય ત્યાં એક નથી માનશે ખરો? (રામ-વિક્રમ)

# અષ્ટમ વર્ષને અંગે નિવેદન

મારા આ અંકને વાચકો વાંચશે તે વખતે તેઓને સ્પષ્ટપણે માલમ પડશે કે મારું આઠમું વર્ષ પૂરૂં થયેલું છે અને આઠમું પુરૂં થાય એટલે હું આઠ વર્ષની અવસ્થાને પૂરી કરી નવમામાં પ્રવેશ કરવાને લાયક થાઉં છું એમ હરેક વાંચકોને માલમ પડશે. આ વર્ષમાં મેં મારા વાંચકોની આગળ आकालम् વાળો વિષય ઘણા વિસ્તારથી શાસ્ત્રોના અનેક પાઠોપૂર્વક ચર્ચીને ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવો તથા ભવ્યત્વને લીધે અનાદિકાળથી અન્ય જીવો અને ભવ્યોથી ઉત્તમ હોય છે એમ જણાવવા સાથે સ્પષ્ટપણે એ સાબીત કર્યું છે કે ભગવાન્ જિનેશ્વર મહારાજના જીવો વરબોધિ નામના સમ્યક્ત્વને પ્રાપ્ત થયા પછી તીર્થંકરપણાની પ્રાપ્તિના કારણભૂત પરહિત કરવામાં લીન મુખ્યતાએ હોય છે, જો કે પ્રત્યેક તીર્થંકરને અંગે તો વરબોધિથી જ પરહિતરતપણું હોય છે. એમ શાસ્ત્રીય પુરાવાથી સ્પષ્ટ જણાવવામાં આવેલું છે અને જેને અંગે અનાદિકાળથી (નિગોદકાળથી) પરોપકારીપણું દરેક તીર્થંકરના જીવોમાં હોય છે, એવું માનનાર રામટોળી તરફથી એક પણ પુરાવો તે પછી પોતાના પક્ષની સાબીતી કે અમારા ખોટાપણા માટે આપવામાં આવેલો નથી, તેથી સ્પષ્ટપણે કહેવામાં જો આચારબાધકતા ન ગણાતી હોય તો કહેવું જોઈએ કે તે રામટોળી પોતાના તરફથી અનાદિ (નિગોદ)થી સર્વ તીર્થંકરના જીવો પરોપકાર કરવામાં જ તલાલીન હોય અર્થાત્ ભગવાન્ તીર્થંકર મહારાજના કોઈપણ જીવને અનાદિ (નિગોદ)થી પરને અપકાર કરવાનો હોતો જ નથી અને હોય પણ નહિં, એવું સાબીત કરનારો પુરાવો હજી પણ જાહેર કરે કે જેની ઉપર વિચાર કરવાને અમારે અવકાશ રહે અને જો એવો પુરાવો તે ટોળી પાસે ન હોય તો પોતાનું અશાસ્ત્રીય કથન થયેલાની બાબતમાં અને બીજાના શાસ્ત્રીય કથન ખોટી વિરૂદ્ધતા કરી તે બાબતમાં શાસ્ત્રકારે જાહેર કરેલા માર્ગને અનુસારે. ભગવાન્ જિનેશ્વર મહારાજની હયાતિ કોઈ દિવસ પણ ન હોય એવું જૈનશાસ્ત્રના વચન પ્રમાણે બન્યું નથી. બનતું નથી અને બનશે પણ નહિં અને તે અપેક્ષાએ જો તીર્થંકરોનો સમુદાય અનાદિકાલથી લઈને તે પરોપકારમાં લીન જ છે, એમ શાસ્ત્રદ્રષ્ટિએ કથંચિત્ કહેવામાં આવે તો તેથી દરેક તીર્થંકરના જીવો અનાદિ (નિગોદ)થી પરોપકાર કરવામાં લીન જ હોય છે. એમ માનવા તૈયાર થવાવાળો શાસ્ત્રનાં બીજાં વાક્યોને સીધીરીતે માનતો હશે કે કેમ? તે વિચારવાનું વાંચકને સોપવું યોગ્ય છે, જેવી રીતે आकालम् નો વિષય રામટોળીની ચુપકીમાં જ પરિણમ્યો છે, તેવી જ રીતે તે ટોળીના ઉત્પાદક કહો કે મુખ્ય નેતા કહો તેમણે આપેલા ઉત્તરો કે જે વિવિધ દાનપ્રશ્નોત્તરને નામે બહાર પડેલા છે તેને અંગે તે ઉત્તર આપનારની તેમજ તેના ટીપ્પણકારની અજ્ઞાનતા જણાવવા માટે કેટલાએ અંકો સુધી સ્પષ્ટ પાઠો સાથે પ્રશ્ન પરંપરા કરવામાં આવી, છતાં એક પણ સમાધાન ન આવવાથી કે સાચાની કબુલાત પણ જાહેર ન થવાથી તે વિષયને પછીથી બંધ જ કરી દેવો પડ્યો છે. હજી પણ એવી આશા રાખીએ તો અસ્થાને નથી કે તેઓ જાહેર કરેલા અજ્ઞાન દોષોનું પ્રમાર્જન કરે અને પછી જે જે બીજા દોષો તે વિવિધ દાનપ્રશ્નોત્તરને અંગે આગળ અજ્ઞાનતા અને જુટ્ઠાણાં જણાવવા માટે જણાવવામાં આવે તથા તેના ટીપ્પણકાર કે અવતરણકારને માટે પણ જે કંઈ અજ્ઞાનતા કે જુઠાણું જણાવવામાં આવે તેનું જો તે સમાધાન કરવા કે તેમાંનું સત્ય સ્વીકારવા તૈયાર હોય તો આગળ અહિંથી પણ વધવામાં અડચણ નથી. આ વર્ષમાં સમાલોચનાનો વિષય જો કે બીજા બીજા પેપરોને અંગે જ્યારે જ્યારે શાસનથી માલમ પડીને લખવું

યોગ્ય લાગ્યું ત્યારે ત્યારે સત્યમાર્ગ દર્શાવવા માટે સમાલોચનાનો માર્ગ લેવામાં આવેલો જ છે, એટલે કથીરશાસન જેવા પોતાના પક્ષની સત્યતા સાબીત કરવા તૈયાર ન થઈ શકે તેમજ બીજા પક્ષની અસત્યતા સાબીત કરવાને પણ હામ ન ભીડી શકે તેવાઓ કદાચિત્ જો તેજોદ્વેષીપણાનો આરોપ મારી ઉપર કરે, છતાં પણ તે ખરેખર મને શોભા રૂપ જ છે પણ લાંછનરૂપ નથી. કેમકે જુઠનું જે કંઈ તે જ તે અવગુણ હોય, અને તેવા અવગુણરૂપ તેજના દ્વેષીપણાનો મને ઈલ્કાબ મળે એટલે અમે સંતોષ માનીએ તો ખોટું નથી. કેમકે હું અવગુણવાળી વ્યક્તિનો દ્વેષી નથી. પરંતુ અવગુણવાળી વ્યક્તિના અગુણનો જ દ્વેષી છું, જો કે તે રામટોળીને હિસાબ તો અવગુણવાળી વ્યક્તિ ઉપર દ્વેષ કરવો તે પણ પ્રશસ્ત દ્વેષના હિસાબમાં લેવાનું થાય છે. એટલે તે ટોળી અવગુણ ઉપર જે દ્વેષ થાય અને અવગુણી ઉપર પણ દ્વેષ જે થાય, તે બંને દ્વેષને પ્રશસ્ત દ્વેષ ગણે છે, પરંતુ ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસન અને શાસ્ત્રને મારે તો માથે ચઢાવવાનું હોવાથી હું તો તેને અનુસારે અવગુણ ઉપર થતા દ્વેષને જ પ્રશસ્ત દ્વેષ તરીકે ગણું છું અને તેથી જ મારી માન્યતા મુજબ જ મને તેજોદ્વેષી ચીતરે, એમાં કોઈપણ જાતની મારા માટે અનુચિતતા જોતો નથી. તે રામટોળીવાળાઓ તો તેજસ્વી એવા સત્યપક્ષવાળાના અંગે તેજસ્વીદ્વિષ અને સાથેના દ્વેષથી તેજોદ્વેષ બંનેને ધારણ કરવાવાળા થાય, અગર સત્યરૂપમાં કહીએ તો છે, એમ છતાં તેઓ વ્યક્તિ દ્વેષને પ્રશસ્ત દ્વેષ તરીકે ગણીને મોટી નિર્જરાનું કારણ માનતા હશે અને તેથી જ તેમના દરેક અવયવમાં તે બંને વસ્તુ વાચકોને માલમ પડે છે અને તેમાં આશ્ચર્ય નથી, પરંતુ તે રામટોળી હાલ કેટલીક મુદતથી કંઈ કાળથી ચાલતી શાસન ધુરંધરોની પરંપરા કે જેને આચાર્ય મહારાજ શ્રી આણંદવિમલસૂરિજીના વખતમાં જાહેર કરવામાં આવી છે, તથા આચાર્ય શ્રીવિજયહીરસૂરીશ્વરજીએ તથા શ્રી વિજયસેનસૂરિજીએ શ્રીહીરપ્રશ્ન અને સેનપ્રશ્ન સરખા પ્રવૃત્તિની રક્ષા કરનારા ગ્રંથોમાં જણાવી છે, અને જે પ્રમાણે અત્યારસુધીનો શ્રીચતુર્વિધ સંઘ કરતો આવ્યો છે. એટલું જ નહિ, પરંતુ તે રામટોળીએ થોડી મુદત પહેલાં પોતે પણ તે જ પ્રવૃત્તિ પ્રમાણે બોલાયું છે લખાયું છે અને છપાવ્યું છે અને આચરાવ્યું પણ છે તેની વિરૂદ્ધ હમણે થોડી મુદતથી પર્વતિથિનો ક્ષય માનવાનું અને પર્વતિથિને બેવડી માનવાનું શરૂ કર્યું છે. તેને અંગે મારે સમાલોચનામાં ઘણો જ મોટો ભાગ રોકવો પડ્યો છે. અર્થાત્ મારી સમાલોચના અને મારા સમાધાનોને વાંચનારાઓને એ પર્વતિથિનો વિષય અત્યંત પિષ્ટપેષણ જેવો લાગે અગર અરૂચિકર થાય કે થયો હોય તો તેમાં હું આશ્ચર્ય જોતો નથી કારણ કે સામાન્ય જગતના નિયમ પ્રમાણે કોઈપણ ચર્ચાનો વિષય ટુંકમાં જ પતી જાય અને સત્યનો નિર્ણય લોકોને માલમ પડે, તેમાં જ સ્વાભાવિકરીતિએ વાચકને રસ રહે છે. જો કે એ વસ્તુ ધ્યાન બહાર તો રહેલી નથી અને તેને જ લીધે ઘણા ઘણા ટુંકા અને માત્ર સૂચક વાક્યમાં જ વારંવાર સમાલોચના કરવા છતાં પણ લખવામાં આવ્યું છે. રામટોળીના અગ્રગણ્યો તો એવી સ્થિતિમાં રહે છે કે સમાલોચના આદિમાં જ્યારે તેમને શાસ્ત્રના પુરાવા આપવામાં આવે ત્યારે મૌન રહે અને સત્યનો સ્વીકાર પણ કરે નહિં છતાં તેને લીધે જ્યારે સાક્ષાત્ મેળાપ કરીને તે રામટોળીના અગ્રગણ્યોને સત્યનો નિર્ણય કરવા માટે ચેલેન્જ કરવામાં આવે ત્યારે કોઈપણ મતવાળાએ કોઈપણ વિચક્ષણે કે કોઈપણ સામાન્ય મનુષ્યે ન આદરાય તેવી જ પાયરીને આદરી તેઓ જે લખવું હોય તે છાપામાં લખજો. અમે લિખિતપૂર્વકની પણ મૌખિક ચર્ચા નહિં કરીયે એમ કહી નાગાઈ કરી ખસી જાય છે. અર્થાત લખેલાનો ઉત્તર દેવાતો નથી અને સન્મુખ નિર્ણય કરી સત્ય સ્વીકારવાનું થતું નથી એવી એ ટોળીનું વર્તન છે, છતાં શ્રીસંઘ ભગવંતની અંદર કેટલાક એવા પણ ભદ્રિક જીવો હોય કે જેઓ શાસ્ત્ર અને પરંપરાદ્વારાએ આદર પામતી વસ્તુઓના પુરાવા જાહેર કરવામાં આવ્યા છતાં સત્યમાર્ગની સત્યતામાં દૃઢપણે રહેવા ભાગ્યશાળી ન બને, છતાં તેવાઓને પણ સત્યની દૃઢતામાં ભાગ્યશાળી બનાવવા માટે મારે સામાપક્ષની અપ્રીતિ અને વાંચકેની અરૂચિ વહોરીને પણ સમાલોચનાદિ

વિષયમાં વધારે પ્રયત્ન કરવો પડે છે છતાં હું શાસનને અનુસરનારો હોવાથી હું મ્હારા સત્યપક્ષને અંગે નિર્ભર રહું છું, છતાં શ્રીજૈનશાસનની શુદ્ધરીતિની અપેક્ષાએ તે દ્વેષ ને તે અરૂચિ વિગેરેને માટે ક્ષમા પણ કરૂં છું. અને તે કોઈપણ પ્રકારે અનુચિત નથી. ભગવાન્ જિનેશ્વર મહારાજના શાસનના આચારની અપેક્ષાએ જેમ સાંવત્સરિકપર્વનો દિવસ તે વર્ષની આખરનો દિવસ ગણવામાં આવ્યો છે અને તે દિવસે આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય મહારાજાઓ, શિષ્યપદે શોભી રહેલ મહાત્માઓ, સાધર્મિકપણાની નિર્મળગંગાની નિર્મળતાને ધારણ કરનારા સાધર્મિકો, પરમપૂજ્ય શ્રી ચંદ્રસૂરિજી સરખા આચાર્ય મહારાજની પરંપરામાં પવિત્રપણે વર્ત્તનારા કુલાશ્રિતોને કોઈપણ પ્રકારે કષાયવાળા થવાનું બનેલું હોય તો તે સંબંધી ક્ષમાપના કરાય છે તે જેમ ઉચિત ગણી છે, તેવી જ રીતે ભગવાન્ શ્રમણસંઘને ખમાવતી વખત મસ્તકે અંજલી કરીને ક્ષમાપના કરવાનું પણ વિધાન છે, અને તેની સાથે જ જેવી રીતે જૈનશાસનને અનુસરનારાએ પોતાના અપરાધો માટે શ્રમણસંઘની આગળ મસ્તકે અંજલિ કરીને માફી માંગવાની છે, તેવી જ રીતે ભગવાન્ જિનેશ્વર મહારાજાના શાસનને અનુસરનારા મહાત્માઓએ શ્રીશ્રમણસંઘની કોઈપણ વ્યક્તિનો પોતાને અંગે થયેલો અપરાધ તે પણ માફ કરવાનો જ છે. એટલે શ્રીજૈનશાસનની રીતિ પ્રમાણે માફી માગીને જેવી રીતે આરાધના કરવાની છે, તેવી જ રીતે શ્રીશ્રમણસંઘને અંગે માફી દેવામાં જ આરાધના રહેલી છે, એટલે શ્રીશ્રમણસંઘ પાસેથી પોતાના અપરાધની માફી લેવી (માંગવી) અને તેઓના અપરાધની માફી દેવી, એ બન્ને શ્રમણસંઘ માટે આવશ્યક કર્તવ્ય તરીકે છે. જેવી રીતે આ બે ઉપર જણાવેલાં આવશ્યક કૃત્યો છે, તેવી જ રીતે તત્ત્વથી ધર્મમાં ચિત્તને સ્થિર રાખીને અર્થાત્ ધર્મમાર્ગને કોઈ પણ પ્રકારે બાધ ન આવે એટલે ધર્મમાર્ગને અક્ષત રાખીને જગતમાં વર્ત્તતી ચોરાશી લાખ જીવાયોનિની રાશિને અંગે પણ પોતે કરેલા અપરાધોની માફી માગવાપૂર્વક પોતાનાથી થયેલા અપરાધોની માફી આપવી એ પણ આવશ્યક કૃત્ય જ છે. જો કે ઉપર જણાવેલાં ત્રણે આવશ્યક કૃત્યો શ્રમણસંઘે રાત્રિના અંતે, અને દિવસના અંતે પ્રતિદિન જરૂર કરવાનાં છે અને તે પ્રમાણેનો આચાર પણ છે. પાક્ષિક ચાતુર્માસિકમાં પણ થાય છે. છતાં જે વાર્ષિક પર્વના અંત્ય દિવસને અંગે એટલે સાંવત્સરિક દિવસને અંગે તે ત્રણ આવશ્યક વસ્તુનીજ અતિશય મહત્તા માનવામાં અને આચરવામાં આવી છે અને વિશિષ્ટતા રાખવામાં આવી છે કે જો તે સાંવત્સરિક દિવસે તે ત્રણ આવશ્યક વસ્તુ અંતઃકરણથી જે વ્યક્તિ કરે નહિં તે વ્યક્તિને ભગવાન શાસ્રકાર મહારાજાએ ફરમાવેલ આરાધના માર્ગમાંથી ખસી ગયેલી છે, એમ જણાવે છે, એટલે જેવીરીતે શ્રીજૈનશાસનના આચારની અપેક્ષાએ વર્ષના અંત્ય દિવસે તે ત્રણ આવશ્યક વસ્તુને અમલમાં મેલવાની શ્રીસંઘની દરેક વ્યક્તિની ફરજ છે અને તે મેલી છે, છતાં મારા વાર્ષિક દિવસને અંગે પણ મારે તે ફરજ પૂર્ણ બજાવવી ઉચિત ધારી છે અને તેમાં કોઈપણ પ્રકારે અપૂર્ણતા કે વિરૂદ્ધતાને અવકાશ નથી એ સ્પષ્ટ છે.

અન્તમાં મારે એટલું જ જણાવવું જરૂરી છે કે મારા વાંચકોએ મને જે તત્ત્વની દૃષ્ટિથી અપનાવ્યું છે તે જ તત્ત્વ દ્રષ્ટિથી મને અપનાવતા રહે, જો કે જગતમાં તત્ત્વદૃષ્ટિ તરફ લક્ષ્ય રાખનારો વર્ગ ઘણો ઓછો હોય છે અને ઘણો મોટો વર્ગ તો કથાપ્રિય-સમાચારપ્રિય- રસપ્રિય અને યાવત્ હાસ્યપ્રિય હોય છે અને તેવા વર્ગને જો કે હું તેટલી બધી રૂચિ કરાવનાર ન થાઉં એ સ્વાભાવિક છે, છતાં જેમ ગ્રંથકાર મહારાજાની ગ્રન્થ રચનાથી અલ્પ સજ્જનોને પણ સંતોષ થાય તો તેથી રચનાની ફલવત્તા માનવાનું જણાવાય છે તેમ અલ્પ પણ તત્ત્વદૃષ્ટિજીવોને મારાથી સંતોષ થાય છે એ નિર્વિવાદ છે અને તેથી હું મારી ફલવત્તા માનું તો તે યોગ્યસ્થાને જ છે.

# આઠમા વર્ષનો વિવિધ
# વિષય ક્રમ

(આ વિષયમાં સમાલોચના-સાગર સમાધાન વિગેરે વિષયો જુદા તારવેલા નથી તો તે તે સ્થાને જોઈ લેવા વિનંતિ છે. ... તંત્રી)

## અમોઘ દેશના


લીટામાં જ એકડો છુપાયો છે ૮
શ્રી જિનેશ્વરદેવોનાં વચનોનાં અવલંબનની આવશ્યકતા ૧૦
જ્ઞાનાવરણીયાદિ કર્મને જે જાણે જ નહિં તે તોડવાનો ઉદ્યમ ક્યાંથી કરવાનો ? ૧૧
ધર્મ કૃત્યો કરવાનો દાર્શનિક હેતુ મનની દૃઢતા ૧૨
અનુમાને સિદ્ધ થતા પદાર્થોનાં સ્વરૂપાદિ જાણવા માટે શ્રી સર્વજ્ઞનાં વચનો જ આધારભૂત છે. ૧૪
મદ્દુક ભગવાન પાસે ગયો, વંદના કરી અને માર્ગની બીના કહી ૧૪
પદાર્થ, પરિણતિ તથા સંવેદન જ્ઞાન. જ્ઞાન છે તો આવરણ છે આવરણ છે તો દૂર કરવાના ઉપાય છે. ૪૨
ભવિતવ્યતા મોક્ષ ન મેળવી આપે ? ૬૨
સમય પણ પ્રમાદ ન કરવાની વારંવાર સૂચના ૬૧
ઠોઠ નિશાળીયાને વતરણાં ઘણાં ૬૩
મોક્ષની તમન્ના જાગી છે ? ૬૪
અભયકુમારની દીક્ષાએ કયા કયા પ્રસંગો ઉભા કર્યા ? ૬૫
જીવો જીવસ્ય જીવનંનો વાસ્તવિક અર્થ ક્યો ? ૬૬
સમકિતિ થવામાં આત્માનો ગુણ પરિણમવો જોઈએ ૮૦
પરીક્ષાના પ્રસંગે જ ભૂલાય તો પાસ થવાય ક્યારે! ૮૨
ઈશ્વરમાંથી અવતાર કે અવતારમાંથી ઈશ્વર ? ૮૩
પરિણતિજ્ઞાન એટલે જવાબદારી સાથે સ્વીકારાયેલું જ્ઞાન ૮૪
ઝેર લેવાથી અકસ્માત વાળાનો વ્યાધિ મટે તે માટે વાળાનું ઔષધ ઝેર ગણાય નહિં. ૮૪
મનુષ્યભવથી અધિક દુર્લભતા ઉત્તમ કુલની છે ૮૬
શ્રવણ શ્રવણમાં ફરક કેમ ? ૮૬
ઉત્તમ ચીજની પાછળ કલેશ સ્વાભાવિક હોય છે ૧૧૧
દેવ ગુરૂ ધર્મની પરીક્ષા ૧૧૨
મમતા દેવોને પણ પૃથ્વીકાયાદિમાં પટકે છે તો આપણી શી દશા ? ૧૧૩
ચોમેરથી તોફાનમાં સપડાયા છતાં ચમકારો પણ કેમ નથી થતો ? ૧૧૪
આત્મા પરિણતિ જ્ઞાનમાં આવ્યો ક્યારે કહેવાય ૧૧૫

શ્રુતજ્ઞાનની મહત્તા ૧૧૫
વિધિ સર્વત્ર સ્વીકાર્ય છે. યોગ ઉપધાન એ આવશ્યકવિધાન છે ૧૧૬
કેવલજ્ઞાનથી સ્વતંત્રપણે સર્વસ્વ જણાય છે. ૧૧૭
ગુણની પ્રશંસામાં દરજ્જો જણાતો નથી ૧૧૮
જીવને જીવન સમર્પનાર શ્રી તીર્થંકર દેવ જ છે ૧૧૯
સાધ્ય સાધન શુન્ય દેવનો ઉપદેશ નિષ્ફલ છે ૧૨૦
જેવા દેવ હોય તેવા ગુરૂ હોય અને તેવો ધર્મ હોય. ૧૨૦
ક્રોડોની કિંમતના હીરાને કોડીના મૂલ્યમાં ફગાવનાર ઝવેરી જ ખરો ગમાર છે. ૧૨૧
શ્રોતાને પ્રથમ ઉપદેશ ક્યો આપવો ? ૧૨૨
અર્થાપત્તિથી દોષ ક્યાં અને ક્યારે લાગે ? તથા ક્યારે ન લાગે ? ૧૨૩
કદાગ્રહના પરિણામે તો દિગમ્બર બનવું પડ્યું ૧૨૪
શ્વેતામ્બરોની માન્યતામાં મોક્ષની અટકાયત નથી. ૧૨૫
કર્મની અટલ સત્તામાંથી નિયંત્રિત થયેલ મનુષ્ય કે દેવ કોઈ છુટી શકતા નથી ૧૩૦
લોટ ફાકવો અને ભસવું બેય સાથે કદી નહિં બને ! ૧૩૨
અનર્થ દંડે દંડાવાનું કાંઈ કારણ છે ? ૧૩૨
પાપને પાપ પણ ન માને તો સમ્યક્ત્વ રહે ક્યાંથી ? ૧૩૩
સમ્યગ્દૃષ્ટિ જ્યારે પાપને પાપ માને અને વ્યર્થ પાપમય વાણી ન બોલે તો સાધુ મહાત્માની શી ફરજ ? ૧૩૪
દેવોના પ્રકારોમાં સર્વોત્કૃષ્ટ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવાન્ છે. ૧૩૬
દેવની પરીક્ષા પોતાના જ સ્વરૂપથી છે ૧૩૬
ગુરુનું તથા ગુરૂના ધર્મલાભનું સ્વરૂપ ૧૩૭
શ્રીમંતને કે ગરીબને અપાતા ધર્મોપદેશના સ્વરૂપમાં ફરક નથી. ૧૩૯
દેવ બોલે નહિં પણ દેવની આશાતના બોળી નાખે ૧૪૦
ભક્તિધર્મમાં દ્રવ્યની પ્રધાનતા. ૧૪૦
માધુકરીવૃત્તિનો મહિમા ૧૪૧
દેવ તથા ગુરૂની માન્યતા ધર્મને આધીન છે ૧૪૫
ધર્મ કોને કહેવો ? એ દેવ-ગુરૂની પરીક્ષા વિના જાણી શકાય તેમ નથી ૧૪૬
શ્રી સર્વજ્ઞ દેવના વચનોને કોરાણે મૂકીએ તો આપણે તો અંધ જ છીએ. ૧૪૭
અધિકાર જવાબદારીને અવલંબીને છે. ૧૪૮
ઉપઘાતનાં કારણો જોડનાર હિંસક જ કહેવાય ૧૫૦
ધર્મનિરૂપણનો અધિકાર શ્રી તીર્થંકર દેવને જ કેમ ? ૧૫૧
તમામ દુન્યવી સુખોના ભોગે ધર્મ કરવાનું કારણ શું ? ૧૫૧
ચક્રવર્તી ચક્રવર્તીપણામાં મરે તો નરકે જાય ૧૫૨
શ્રી જિનેશ્વરદેવે ધર્મનો ઉપદેશ કેવલ મોક્ષ માટે જ આપ્યો છે. ૧૫૪
સરહદમાં કોણ તથા સરહદની બહાર કોણ ? ૧૫૫
કેવલજ્ઞાની તથા તીર્થંકરમાં ફરક કેવલજ્ઞાનમાં નથી પણ પુણ્ય પ્રકૃતિમાં છે. ૧૫૬
ભગવાને પૂર્વભવમાં કરેલી ભાવના તથા તેની સિદ્ધિ માટે કરેલા તપની કલ્પના તો કરો ૧૫૭
શ્રીતીર્થંકર નામકર્મનો દિવ્ય પ્રભાવ. મનુષ્યપણાનાં સ્થાન થોડાં છે ઉમેદવારો ઘણા છે. ૧૫૮
જન્મતાં જ મળતાં સુખદુઃખમાં આ જન્મનું ક્યું કારણ છે ? ઉઠાઉગીર ગ્રાહકોવાળી પેઢી ચાલે કેટલો સમય ? ૧૫૯
અપૂર્ણાંકનો ગુણાકાર તે ભાગાકારનો ભાઈ છે. ૧૬૦
તુંબડીમાં કાંકરા જેવા દેવે બતાવેલા ધર્મથી વળે શું ? ૧૬૧
સર્વજ્ઞ થવાય ક્યારે ? ૧૬૧
શ્રી અરિહંત દેવને જ શા માટે વળગવું ? ૧૬૨
તીર્થંકર કોણ થઈ શકે ? ૧૬૨
શ્રી તીર્થંકરદેવમાં તથા કેવલીમાં અસમાનતા ક્યાં છે ? ઉત્કૃષ્ટપુણ્યના અચિંત્ય પ્રભાવમાં ! ! ! ૧૬૩

શોક વસ્તુના નાશને લીધે નથી થતો પણ તેને અંગે થયેલા પોતાપણાના નાશને લીધે થાય છે ૧૭૦

ઉપદેશનો અમલ કરવામાં એદી હોય તે ઉલટો ઉપદેશકનો વાંક કાઢે છે. ૧૭૩

દીકરા તથા દીકરી પ્રત્યે ભાવનામાં ફરક શાથી? ૧૭૩

વિશુદ્ધ વર્ત્તનવાળો જ વિશ્વને સાચા માર્ગે દોરી શકે! ૧૭૫

દેવત્વનું મહત્ત્વ સદ્વર્તનને અંગે છે. ૧૭૬

જાણવું મુશ્કેલ નથી, મુશ્કેલી મેળવવામાં છે. ૨૦૬

જુઠ્ઠા લીટાઓ કરતાંજ સાચો એકડો શિખાય છે ૨૦૬

કિલ્લો એ તો બચાવ છે. ૨૦૭

ભાઈને માટે ભાઈએ તજેલા ભોગો ૨૦૮

કેવલજ્ઞાનની જડ સદ્વર્તન છે. ૨૧૦

સમ્યક્ શ્રદ્ધાનમાં છુટછાટને લેશ પણ અવકાશ નથી. ૨૧૧

ભેળસેળથી બનેલો માલ નકલી ગણાય. ૨૧૧

ધર્મનું મહત્વ સ્વરૂપથી છે સંખ્યાથી નથી ૨૧૩

શું બીનજરૂરી ચીજ જ ધર્મ? ૨૨૨

માનવ જીવનમાં વિષયોની મોંઘવારી. ૨૨૫

ક્યાંથી આવ્યા ? ક્યાં જશો ? ૨૨૭

પદાર્થ પ્રીતિની દુર્લભતા ૨૨૮

પદાર્થ પ્રીતિના ત્રણ પાયા ૨૨૯

સમકીતિ ગણનારે શ્રી જિનેશ્વરદેવનાં વચનોને સોએ સો ટકા માનવાં જ પડશે ! ૨૩૧

જ્ઞાનનું ફલ વિરતિ છે. ૨૩૨

વિરતિ વગરનું જ્ઞાન નિષ્ફળ છે તેને શાસ્ત્રકારો જ્ઞાન ગણતા નથી. ૨૩૪

શ્રી તીર્થંકરદેવ સ્વતંત્ર ધર્મોપદેશક છે ! ૨૩૬

પ્રથમ લાયકાત મેળવ્યા પછી જ ઉપદેશાધિકાર ૨૩૭

ગણધરદેવ દેશના આપે છે તેનું કારણ ? ૨૫૭

ભવાંતરથી સહચારી સદ્વર્ત્તન ! ૨૫૮

મતનું નામ-દર્શનનું નામ ? જૈનમત-જૈનદર્શન શાથી ? ગુરૂ વધે ... કે દેવ ? ૨૯

માનવા દેવ અને તેમનામાં ભૂલ માનવી એ તો બુદ્ધિનું પ્રત્યક્ષ લીલામ છે. ૨૬૦

ગુરુએ બતાવેલો આચાર તીર્થંકરદેવે પ્રરૂપેલો છે તે જ હોય ! ૨૬૧

નાસ્તિકોને અમૃતપાન પણ નાશ માટે થાય છે. ૨૬૨

જૈનમત શાથી કહેવાય ? ૨૬૩

કદી પણ નથી હણાતું એવું અદ્ભુત બીજ શું ! સમ્યક્ત્વ !!! ૨૬૪

અંકુરા પણ કેમ દેખાતા નથી ? ૨૬૫

નવો મત કાઢનાર મરિચી તે ભગવાન મહાવીર શાથી થયા ? ૨૬૬

ભાવદયા એ જ જૈનદર્શનની વિશિષ્ટતા છે. ૨૬૭

દેવતત્વમાં જિનનામ કર્મનો ઉદય મુખ્ય કારણ છે ૨૬૭

ઉલ્લસિત ભાવદયાથી જ તીર્થંકર નામકર્મ બંધાય છે. ૨૭૦

ભામટા ગોઠીયાઓનો ઘાટ ઘડ્યે જ છુટકો ૨૭૯

ડાળ ઉપરથી મળતાં ફળો પણ મૂળને જ આભારી છે. ૨૭૯

કવચિત્ શરીર પોષવાનું પણ ઈંદ્રિયો શોષવાની ! ૨૮૦

શરીરની સાતે ધાતુને તપાવે તે તપ ૨૮૯

અન્નની આશા છે રસની આશા નથી. ૨૯૦

હથિયાર હેઠા મુકાવ્યા વિના કાંઈ વળે નહિ. ૨૯૧

સારા સંજોગો જ સત્ય સ્વરૂપ પ્રગટાવવામાં ૨૯૧ કારણભૂત છે.

તમામ વ્યવહારમાં આકારની આધીનતા સ્વીકારનારા મૂર્તિનો વિરોધ શી રીતે કરી શકે? ૨૯૩

ભગવાનની મૂર્તિ એ પરમ આલંબન છે ૨૯૪

શ્રી તીર્થંકરદેવ ચોવીસ જ કેમ ? ૩૦૬

કાગળ ઉપર લખેલા સૂત્રોથી ભલું ન થાય વર્ત્તનમાં ઉતારવું પડશે ૩૦૬

દયા દયા કહે બધા, પણ સાચી દયા ક્યાં છે ? જૈન શાસનમાં ! ! ! ૩૦૨

વારી રાખે તે ધર્મ. પડવાનું હોય ત્યાં ધારી રાખવાની જરૂર છે. ૩૦૮

અનાદિનો અફીણીઓ ૩૧૦

નાસ્તિક પણ મોતને માનવામાં આસ્તિક છે ૩૧૧

જ્ઞાન દાનની વિશિષ્ટતા ૩૧૧

તમામ સગવડવાળું છતાંય ઘર છે ભાડાનું ! ૩૧૨

ગંદકીના ગાડવારૂપ કાયાની કિંમત કલ્યાણ માર્ગે વળવામાં જ છે ! ૩૧૪

દુનિયાનો એક પણ કાયદો કર્મ પાસે ચાલવાનો નથી ૩૧૪

લેશ ઈર્ષ્યામાત્રથી સર્વાર્થસિદ્ધિની યોગ્યતાવાળા સાધુઓ સ્ત્રીવેદ બાંધે છે ! પહેલે ગુણઠાણે પટકાય છે. ૩૧૫

મેળવ્યું અને મેલ્યું પણ રહ્યું શું ? જે મેળવેલું જાય નહિ તે મેળવ્યું કહેવાય ! ઈચ્છા સુખની ૩૧૮

છે પણ સુખની શોધ છે ક્યાં ? સાચું સુખ મહાપુરૂષોએ બતાવેલા માર્ગમાં જ છે ૩૧૯

મેલવું જ પડે તે મેળવ્યું શું કામનું ? ૩૨૦

શ્રી જિનેશ્વર દેવનું શરણ સ્વીકારો ! ૩૬૧

માળ છે, ચઢવું છે, પણ સીડી વિના શું કરવું ? આ પ્રશ્નનો એકજ ઉત્તર છે કે ધર્મ એકજ સીડી ૩૬૧

સાધુસેવાની જરૂર જગત કલ્યાણની બુદ્ધિ ૩૬૨

મનુષ્યપણું મળે શાથી ? ટકે શાથી ? સ્વભાવમાં શંકા તર્ક કે દલીલ ઘટતી નથી. ૩૬૩

કર્મની સિદ્ધિ ૩૬૪

જે ઈચ્છીત સ્થાન હોય તેને યોગ્ય તૈયારી કરવી જોઈએ. ૩૬૫

કષાયો પાતળા થવાથી મનુષ્યત્વ મળે. ૩૬૬

સાપનું ઝેર વધે કે મનુષ્યની નજરનું ઝેર વધે ? ૩૬૭

અશરીરિપણું એ જ મહાન્ સદ્‌ગુણ ! ૩૬૮

મનુષ્યત્વ ટકાવવા દાનરૂચિની આવશ્યકતા ૩૬૯

જમા રકમ ખોવી છે ? સાચવવી છે ? કે વધારવી છે ? ૩૭૦

કષાયો ઉપર કાબુ રાખવાની ટેવ પાડવી જોઈએ ૩૭૧

પાતળા કષાયની ટેવ માટે જુઓ ૩૭૨

ઉદ્યમના જ અવસરે પ્રમાદ ભયંકર છે ૩૭૨

મેળવેલાં નાણાં સાચવવામાં જ ખરું ડહાપણ છે ૩૭૭

વિષયો જ ઈચ્છવા યોગ્ય હોય તો તો તિર્યંચનો અવતાર જ ઈષ્ટ હોય ૩૭૮

ધર્મ મનુષ્ય ભવમાં જ સધાય છે તે માટે જ તેને વખાણ્યો છે ૩૭૯

ધર્મનો સંબંધ વિવેક સાથે છે. ૩૮૧

પરલોક ન હોય તોયે આસ્તિકને વાંધો નથી, પણ નીકળ્યો તો નાસ્તિકની વલે શી ? ૩૮૨

અનાદિકાલની રખડપટ્ટી દુર કેમ થાય ? અંકુરા વગર બીજ નથી બીજ વગર અંકુરો નથી ૩૮૪

ઈશ્વર દયાળુ કે જુલમગાર ? ૩૮૫

અસલ વસ્તુના જિજ્ઞાસુ કે ખપીએ નકલોથી ગભરાવવું ન જોઈએ પણ સત્યને શોધવું જોઈએ ૩૮૬

વિનાશી દેહ માટે સતત વ્યવસાય પણ અવિનાશી આત્મા માટે ક્યારેય વિચાર્યું ? ૩૮૬

સત્યની ઈચ્છા હોય તો શોધવું તો જોઈએ ! ૩૮૭

નિર્દય કૃત્યોનો આરોપ ઈશ્વર ઉપર શા માટે ? ૩૮૮

દૃષ્ટિ ક્યાં રોકાઈ ? જગતને આદિ કહેવામાં કે અનાદિ કહેવામાં ? ૩૮૮

દીક્ષાનું નાટક ભજવવા તૈયાર થયેલા તઈતંબોલીના નાકનું લીલામ થવું જોઈએ ? ૩૯૦

દીક્ષા મોક્ષ પ્રદાયિની છે અને મોક્ષ માટે જ છે ૩૯

નાટક ! અને તે પણ શુદ્ધ દેવ ગુરુ અને ધર્મનું ? ૩૯

જૈનો દિક્ષાના નાટકનો પ્રતિકાર કર્યા સિવાય રહી શકે જ નહિં. ૪૦૧

મોક્ષપ્રદાયક દીક્ષાની નાટકથી ઠેકડી કરનારા કરાવનાર પક્કા બદમાશ ગુન્હેગારો છે ! ૪૦

ઘાઘરી પહેરનારાઓ પાસે દુનિયાને દેવ ગુરૂ અને ધર્મનાં ફારસો જોવા દેવાં છે. ૪૦૩

સતીપણાંનાં શાસ્ત્રો લખવા માટે શું વેશ્યાને અધિકારિણી બનાવવી છે ? ૪૦૩

હેં ! હેં ! શું કરીએ ? એમ બોલવું તે તો ત્રીજા વેદવાળાને શોભે ! ૪૦૪

ગર્ભવતી સાધ્વીનું દશ્ય જોઈ શ્રેણિકે કરેલા વર્ત્તનમાં શું ઉદ્દેશ હતો ? ૪૦૫

વાવટાને કદી ધૂળમાં ન રગદોળવા દેવાય ! ૪૦૬

દીક્ષા અયોગ્ય હોતી જ નથી. ૪૦૬

પાપરોગ ટાળનારૂં અમોઘ ઔષધ ક્યું? શાસ્ત્ર. ૪૦૭

દેખતો, આંધળો, શાસ્ત્ર ચક્ષુ ૪૦૮

પ્રવૃત્તિ શ્રદ્ધાનુસારિણી હોય તો જ પરિણામ સુંદર આવે. ૪૧૦

કર્મનાશનનો ઉપાય બતાવનાર શ્રી તીર્થંકર છે બીજાઓ તેમનું અનુકરણ કરે ! ૪૧૦

ચાલુ તકનો લાભ ન લ્યે તેના જેવો ગાંડો કોણ ? ૪૧૯

પરિણતિ જ્ઞાનનો પ્રભાવ ! આત્મકલ્યાણની બુદ્ધિથી જ અનુષ્ઠાન કરવાં જોઈએ ? ૪૧૯

ખેડુતને સમ્યક્ત્વ પમાડવા ભગવાને શ્રી ગૌતમસ્વામીજીને મોકલ્યા. ૪૨૦

સંયમમાં કે ધર્મકરણીમાં આજે ક્યું પ્રલોભન છે ૪૨૨

અનંતી વખતે ઓઘા લીધા તે ઓઘાથી સદ્ગતિજ-દેવગતિજ મળી છે ! ૪૨૩
પણ દુર્ગતિ તો નથીજ મળી.

ભાડાના ઘરના પગથીયાં ન ઘસાય માટે ઝવેરાતનો વેપાર બંધ કરવો ? ક્રિયા લોપનારા અધ્યાત્મીઓ દીર્ઘ 'ઈ' વાળા છે ! ૪૨૫

મનઃપર્યવજ્ઞાન સંયમ પછી આવે જ છે. ૪૨૬

પરિણતિ જ્ઞાન સંસારને મર્યાદિત કરે છે. ૪૨૮

બુદ્ધિમાન્ મોતથી નથી ડરતા કર્મથી ડરે છે. ૪૩૦

ભગવાનના આગમનની વધામણીમાં લાખો અને કરોડો રૂપીયાના દાનનું પરમ રહસ્ય ! ૪૩૧

શાસ્ત્રકાર પોતાની મેળે જ વકીલ થાય છે. ૪૩૧

હૈયે તેવું હોઠે. ફુરસદ નથી એમ શાથી બોલાય છે ૪૩૪

પુદ્ગલનો ઉપયોગ ધર્મ માટે જ છે. ૪૩૬

વસ્તુના જાણપણાના તથા અજાણપણાના ફળમાં ફરક પડે છે. ૪૩૬

જીંદગી ધૂળમાં મળે છે, છતાં ચિંતા જ નથી. ૪૪૧

શ્રુતજ્ઞાનની મુખ્યતા ! આવરણ છે. એજ સિદ્ધ કરે છે કે જ્ઞાન છે. ૪૪૩

પરિણામ વગરનું જ્ઞાન નિરર્થક છે. ૪૩૩
પાંચ જ્ઞાનમાં મહત્ત્વ શ્રુતજ્ઞાનનું છે. ૪૪૪

વિષયપ્રતિભાસ જ્ઞાનને પરિણતિમાં પલટાવો. પછીનું તો આપોઆપ પલટાઈ રહેશે ! ! ! ૪૪૭

દેશ આરાધક અને દેશ વિરાધક ન કર્યું તેટલું ઓછું ૪૫૭

ચોર જાહેર થયો તેણે એ છાપ ભૂંસવી જ જોઈએ ૪૫૭

સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન તે ચારિત્ર લાવ્યા વગર રહેતાં જ નથી. ૪૫૯

વજસ્વામિજીએ લીધેલો ઉપાય ! કામ આમ થાય ! ૪૫૯

મોક્ષમાં સુખ ક્યું ? ૪૬૧

શ્રીનવપદજી આત્માને સુદેવ, સુગુરૂ સુધર્મની આરાધનાનું આલંબન પૂરૂ પાડે છે.
ભાવની વિશિષ્ટતા ૪૬૫

શુદ્ધભાવની ઉત્પત્તિનું સ્થાન શુદ્ધ તત્ત્વત્રયીનો સંયોગ છે. ૪૬૭

આંધળે બ્હેરૂં કૂટાય ત્યાં સુધી ઉદ્ધાર થાય નહિં. ૪૬૮

જૈનદર્શનના તહેવારો કેવલ આત્મશ્રેયઃ માટે જ છે ! ૪૬૯

નવપદજી આરાધના સુદેવ સુગુરૂ અને સુધર્મના આલંબન માટે છે. ૪૭૦

શ્રી અરિહંત શરીરધારી દેવ છે. ૪૭૧

સિદ્ધની ઉત્પત્તિ અરિહંતથી છે. ૪૭૩

જગતની અપેક્ષાએ અરિહંત પ્રથમ પદે શાથી ૪૭૪

શ્રી અરિહંતપદ પ્રથમ કેમ ?
**नमो अरिहंताणं** પદનો તો સંસ્કાર જોઈએ ! ૪૭૫

'અરિહંત' પદનું રટણ ૪૭૭

પરમેશ્વર બનાવનાર કે બતાવનાર ૪૭૮

સર્વદા સર્વથા સમાન સ્થિતિ તો સિદ્ધમાં જ છે ! સંપૂર્ણ સ્વાતંત્ર્યવાદ સિદ્ધમાં જ છે ૪૮૦

સંપૂર્ણ સ્વતંત્ર શ્રીસિદ્ધ છે. ! જૈનદર્શન સ્વતંત્ર થવાનો જ ઉપદેશ આપે છે. ૪૮૧

કર્કશા એવી કાયાકાકીની કેદમાંથી છુટ્યા વિના કલ્યાણ નથી ૪૮૨

સ્વામી ચપરાશીના તાબામાં ૪૮૩

સિદ્ધની સ્થાપના ૪૮૪

સિદ્ધિપદ જ સાધ્ય છે ૪૮૫

નવપદમાંના પ્રથમનાં બે પદો જ 'સુદેવ' તરીકે ઓળખાય છે. ૪૮૬

તીર્થંકરનાં દીક્ષા, તપ, કેવલજ્ઞાન અને દેશનાદિ તમામ પર કલ્યાણાર્થે છે ૪૮૭

અષ્ટમવર્ષને અંગે નિવેદન ૪૯૦

આઠમાવર્ષનો વિવિધ વિષયક્રમ ૪૯૩

જગદુદ્ધારકનો હેતુ, અવસ્થાંતરે ક્ષેત્રાંતરે કે કાલાંતરે પ્રતિનિધિ વિના સિદ્ધ થઈ શકે નહિં. ૪૯૯

શ્રી જિનેશ્વર દેવના હેતુના સંરક્ષણથી જ આચાર્ય પ્રભુના પ્રતિનિધિ બને છે. ૫૦૦

શાસન રૂપી શાલામાં પાઠકપદે શ્રી ઉપાધ્યાયજી વિરાજમાન છે. સ્વાધ્યાય વિનાનો જે સમય તે ઉપાધ્યાયજીને તો પાણી વિનાના માછલાંને તરફડીયાં મારવા જેવો લાગે છેં. નવપદને સિદ્ધચક્ર કેમ કહેવામાં આવે છે. ૫૦૧

નવપદની આરાધનામાં વિશિષ્ટતત્ત્વત્રયી (સુદેવ, સુગુરૂ, સુધર્મ) ની આરાધના છે. ૫૦૨

## પરચુરણ લેખો

**વિષયાનુક્રમ** **પત્ર.**

મારૂં નૂતન વર્ષ (કવિતા) ૧
નવા વર્ષના પ્રારંભમાં ૩
શ્રાવકે ક્યાં વસવું ? ૪
જિન આગમ દીપક છે. ૬
શત્રુ- સંહારક-અભેદ્ય કિલ્લેબંધી
તત્વત્રયી-નવપદી અને વિંશતિસ્થાનક મંડળી
ટાઈટલ અંક-૧
શ્રમણ ભગવાન મહાવીર અને શ્રેણિક મહારાજ ૨૫
તે જ ધન્ય છે. ૨૯
તીર્થયાત્રા (સંઘયાત્રા, ૩૩-૫૩-૧૦૫-૨૪૯-૨૮૧
૩૨૧-૩૫૩-૩૯૩-૪૪૯
ભગવાન ગૌતમસ્વામીજીનું કેવલજ્ઞાન ટાઈટલ અંક - ૨
જગતના જીવોની ઈચ્છાઓનું વર્ગીકરણ ૪૫
વિનેય શિષ્ય કોને કહેવો ટાઈટલ અંક-૩
आत्मवत् सर्व भूतेषु.... ખરો દૃષ્ટા કોણ ? ૭૦
સાધનનો ઉપદેશ ટાઈટલ અંક - ૪
દેવનું લક્ષણ ૮૯
શાસનપ્રેમી શ્રીચતુર્વિધસંઘની અગમચેતી ૧૦૪
તીર્થોનુંસ્થાન આર્યક્ષેત્ર કે અનાર્યક્ષેત્ર ટાઈટલ અંક -૫-૬
ખોટો બચાવ ૧૩૦
શ્રી જૈનદર્શન અને ભગવાન્ પાર્શ્વનાથ ટાઈટલ અંક - ૭
જુટ્ટાનો અજોડઝરો ટાઈટલ અંક-૯
સૂર્યનો ઉદય અને તિથિની આરાધના ૧૯૩
શ્રી શ્રમણ સંઘ પુસ્તક સંગ્રહને અંગે ટાઈટલ અંક - ૧૦
મૂલ સૂત્રો એટલે શું ? ૨૧૭
પર્વ આરાધનની બલિષ્ઠતા ટાઈટલ-અંક-૧૧
તિથિચર્ચાનું તારવણ અંક-૧૨-૧૩ના વધારારૂપે
તિથિ માન્યતાના પુરાવા આરાધનામાં ટાઈટલ અંક
પર્વતિથિનો ક્ષય કે વૃદ્ધિ નહિં ૧૨-૧૩
માનવાનાં પ્રમાણો
રામવિજયજીની સંતાવાની રમત ૨૭૩
રામ-શ્રીકાંતોના મતનું દિગ્દર્શન ૨૭૮
કથીરશાસનના કમળાનું કારમાપણું ટાઈટલ અંક-૧૪
રામ-શ્રીકાંતને લખાયેલો પત્ર. ૨૯૭
શ્રી શ્રમણ સંઘ પુસ્તક સંગ્રહ ૩૩૪
કલ્યાણક દિવસોની આરાધના ટાઈટલ અંક ૧૫-૧૬
અખિલ ભારત વર્ષીય શ્રી સંઘને સાવચેતી
ટાઈટલ અંક ૧૭-૧૮
જૈનશાસ્ત્રની શ્રદ્ધાનો પ્રવાહ ટાઈટલ અંક ૧૯-૨૦
જૈનદર્શનનો અજોડ સિદ્ધાંત ટાઈટલ અંક ૨૧
અંગીકારની સુંદરતા ટાઈટલ અંક ૨૨
ઓળીની અઠ્ઠાઈઓ શાશ્વતી કેમ ?
ટાઈટલ અંક ૨૩-૨૪

(પાના ૪૮૮નું ચાલુ)

કલ્યાણ માટે આત્મવીર્ય ફોરવે છે, શ્રી અષ્ટકજી૧ અને તેની ટીકામાં જણાવ્યું છે કે જ્યારથી શ્રેષ્ઠ સમ્યક્ત્વ એટલે વરબોધિ પ્રાપ્ત થાય ત્યારથી તીર્થંકરો (તીર્થંકરના જીવો) પરાર્થઉધમી જ હોય છે. પ્રથમ ભવમાં જે વીસસ્થાનકની આરાધના તે પણ પરાર્થે, ચાલુ ભવમાં, દીક્ષા, પંરીષહ સહન આદિ, કેવલજ્ઞાન, અને દેશના તે પણ પરાર્થે (પરકલ્યાણાર્થે) છે.

જગદુદ્ધારનો હેતુ, અવસ્થાંતરે ક્ષેત્રાંતરે કે કાલાંતરે પ્રતિનિધિ વિના સિદ્ધ થઈ શકે નહિં.

આવા દેવો, આવા જગદ્ગુરૂઓ, આવા કૃપાસિંધુઓ, અને આવા જગદ્બંધુઓ માત્ર ચોવીશ જ થાય છે. પછીથી જગતના ઉદ્ધારનું કાર્ય, પ્રતિનિધિ વિના ચાલુ રહેવું શક્ય નથી. અવસ્થાંતરમાં ક્ષેત્રાંતરમાં કે કાલાંતરમાં પ્રતિનિધિદ્વારા જ જગતનો ઉદ્ધાર કરવો પડે છે. સર્વાવસ્થામાં સર્વકાલે કે સર્વક્ષેત્રે પોતે એકલા જગતનો ઉદ્ધાર કરી શકે તેમ સંભવિત નથી. આથી હવે સમજાશે કે જગદ્ગુરુ અરિહંતથી ભિન્ન એવા ગુરૂતત્ત્વની પણ જરૂર છે. ગુરૂતત્ત્વમાં ત્રણ પ્રકાર પાડ્યા છે. જગતમાં સત્તા ત્રણ પ્રકારની છે. ૧ ન્યાયી સત્તા, ૨ લશ્કરી સત્તા, ૩ વહીવટી સત્તા. તેમાં વહીવટી સત્તા ઉપર જ જગતનો ખરો ઉદ્ધાર અને આધાર સમાયેલો છે અને રહેલો છે. વહીવટદાર સારો હોય તો જ વ્યવસ્થિત વહીવટ ચાલુ રહે અને ત્યારે જ જગતનો ઉદ્ધાર થાય. શ્રી જૈનશાસનનો વહીવટ ચલાવનાર-વહીવટદાર-પ્રભુના પ્રતિનિધિ ફક્ત આચાર્ય ભગવંતો છે. તેમનાથી જગતના જીવોનો ઉદ્ધાર થાય છે. આચાર્ય ભગવંતો પ્રતિનિધિ છે માટે જ કહ્યું છે કે **कइयावि जिणवरिंदापत्ता अयरामपरं पहं दाउं। आयरिएहिं पवयणं संपइ धारिज्जई सयलं ॥१॥** વળી શ્રીજિનેશ્વર વિદ્યમાન હોય ત્યારે અવસ્થાંતર અને ક્ષેત્રાંતરે પણ તથા શ્રીજિનેશ્વરદેવ ન હોય ત્યારે (એટલે કે કાલાંતરે) પણ આચાર્ય મહારાજાઓ જ શ્રીજિનેશ્વર દેવના પ્રતિનિધિઓ છે. શાસન સમસ્તના વહીવટની જવાબદારી તેમના શિરે છે.

શ્રી તીર્થંકરદેવ પહેલા પહોરે દેશના દે છે. બીજે પહોરે ગણધરો દેશના દે છે. પ્રતિનિધિપણાની સ્થાપના પોતે જ આ રીતિએ કરે છે. જે તત્વો પોતે કહે તે જ શ્રી તત્ત્વો ગણધરો પણ કહે છે. તત્ત્વોમાં લેશ પણ તારતમ્યતા હોય નહિ. ભગવાને પોતાની રૂબરૂ જ પ્રતિનિધિપણાની સ્થાપના કરી છે. આચાર્ય તે આચાર્ય માત્ર નથી, પણ શ્રીતીર્થંકરદેવના પ્રતિનિધિ છે. પરદેશે રાજ્યાભિષેક વખતે રાજાનું સર્વમાન વાઈસરોયને મળે છે, કેમકે રાજાના, શહેનશાહના તે પ્રતિનિધિઓ છે. (પ્રાંતના સૂબાઓ) થયા તે પાછળથી માલીક થઈ બેઠા. એ તો પ્રતિનિધિએ પ્રદેશો જ પચાવ્યા ! એ સ્થિતિ અહિં નથી. અહિં તો શ્રીજિનેશ્વર ભગવાનનું મંતવ્ય, કથન કે તત્ત્વ પ્રકાશિત જે કરે તે જ આચાર્યઃ અને તે જ આચાર્ય, આચાર્ય માત્ર જ નથી પણ શ્રીતીર્થંકર દેવના પ્રતિનિધિ છે. તેમને પ્રતિનિધિ કહેવાથી આચાર્યપણું ચાલ્યું જતું નથી,

પણ અધિકતા (ગૌરવ) દર્શાવાય છે. રાજ્યાભિષેક વખત રાજાનું માન વાઈસરોયને મળે છે. માટે તેનું વાઈસરોયપણું જતું રહેતું નથી, અહિં જર્મનીની ચૌદ શરતો જેવી શેતરંજ નથી, દેશને ન લેવો પણ ખરો છતાં દેશના કટકા કરી નાંખવા ! સ્વતંત્રતાના નામે તેમ ન કરે પણ સરહદો માટેની શરતો કલમો એવી ગોઠવે કે તે સરહદોનો કાંઈ અર્થ જ ન રહે. એવું પણ અહિં નથી. શ્રીજિનેશ્વરદેવે પ્રરૂપેલાં તત્ત્વોને જણાવવાને મહાત્માઓ જ છે. શ્રી તીર્થંકર દેવ તો ક્ષણવાર બોલે પણ તેમનાં ફરમાનોની નોંધ કરનાર-રાખનાર આચાર્યો છે.

**अत्थं भासइ अरहा सुत्तं गिण्हंति गणहरा निउणं**

શ્રી અરિહંતો અર્થનું જ પ્રકાશન જ કરે છે. પરંતુ આચાર્યો તેના સૂત્રની રચના કરે છે. આચાર્યોએ તો નોંધપોથી રાખવી જોઈએ, કેમકે કાલાંતરે તમામ આધાર તે તેમની નોંધપોથી (ડાયરી) ઉપર છે. જે ધ્યેય કે મુદ્દાથી તત્ત્વો પ્રરૂપ્યા હોય તે જ ધ્યેય અને તે જ મુદ્દાથી તત્ત્વો સમ્યક્ પ્રકાશે તો જ તે આચાર્ય શ્રીતીર્થંકરદેવના પ્રતિનિધિ રહે છે. રાજ્યે કે કોર્ટે કરેલો હુકમ દરેક થાણે કે ઘટતા સ્થળે ન પહોંચાડાય ત્યાં સુધી તે હુકમ કાગળીયા ઉપર જ રહ્યો ગણાય, તેમ શ્રીતીર્થંકર દેવે પ્રરૂપેલો મોક્ષમાર્ગ જો આચાર્યદિ દરેક યોગ્ય સ્થાને પ્રચારે નહિ તો પછી તે સમવસરણમાં જ રહ્યો કહેવાય. શ્રીતીર્થંકર દેવના આદેશને સર્વત્ર પ્રચારનાર, પ્રવર્તાવનાર, નિયત કરનારા તે શ્રીઆચાર્ય જ. આવી નોંધપોથી કરનારા અને પ્રચારનારા જે કોઈ હોય તે જ આચાર્ય ભગવંતો છે. તે કાલના શ્રોતાઓ ને અને ભવિષ્યના ભવ્યોને, તમામને નોંધ પૂરી પાડનારા આ આચાર્યો છે. શ્રી જિનેશ્વર દેવના હેતુના સંરક્ષણથી જ આચાર્ય પ્રભુના પ્રતિનિધિ બને છે.

એક વાત ધ્યાનમાં રાખવાની છે કે બીલાડીને જેમ દૂધ ભળાવાય નહિં અને ભળાવવામાં વસ્તુ નાશ જ છે. જો તેવી ભૂલ કરવામાં આવે તો છોકરાંઓ દૂધ વિનાનાં રહે. એ જ પરિણામ આવે. તેમ શ્રીજિનેશ્વરદેવના વચનોની ડાયરી કે નોંધપોથી રાખનારા, સંભાળનારા એના આચાર્યો ખરાય તેમના ઉપદેશના પ્રચારક પણ આચાર્યો ખરા. શાસન ચલાવનાર પણ આચાર્યો ખરા. તેઓ જ પ્રતિનિધિ પણ ખરા, પણ તે બીલાડા જેવા તો ન જ હોવા જોઈએ. આચાર્યે પાંચ ધ્યેય રાખવાં જ જોઈએ માટે જ શાસ્ત્રકાર આચાર્યના વર્ણનમાં જણાવે છે કે :

**पंचायार पवि-त्ते विसुद्धसिद्धंत देसणुज्जुत्ते पशुवयारिक्कपरे, निच्चं झाएह सूरिवरे** ॥२६॥ પંચાચારમાં પ્રવૃત્ત હોય. અર્થાત્ પંચાચાર પાળે અને પળાવે.

એકલા જ્ઞાનાદિક પાંચ આચારોને પાળવા અને પળાવવા દ્વારાએ પાંચ આચારમાં પ્રવૃત્ત થવું એટલું જ માત્ર આચાર્યપણાનું કામ નથી, પરંતુ ભગવાન્ જિનેશ્વર મહારાજે અર્થથકી પ્રકાશિત

કરેલા અને ગણધરમહારાજાએ સૂત્રથકી ગુંથેલા એવા પરમ્પરા દ્વારાએ પ્રાપ્ત થયેલા સૂત્ર સિદ્ધાન્તોની દેશનામાં પ્રતિદિન ઉદ્યમવાળા હોય, આવી રીતે પાંચ આચારને પાળવા પળાવવાથી ક્રિયાની અભિરૂચિ સાક્ષાત્ જણાવી નિર્મળ સિદ્ધાંતની દેશના દ્વારાએ જ્ઞાનની પણ તીવ્ર અભિરૂચિ જણાવી છે અને તે રૂપે આચાર્ય ભગવંતોનું જ્ઞાન અને ક્રિયામાં લીનપણું જણાવવામાં આવ્યું, વળી આચાર્ય ભગવંતો શાસનને નમસ્કાર કરવા લાયક થયા તેમાં એ પણ એક કારણ છે કે ભવઅટવીમાં ભટકતા જીવોને જિન પ્રવચનરૂપી પ્રવહણ દ્વારાએ મહાનંદપદ પમાડવા રૂપી વાસ્તવિક પરોપકારમાં તેઓ લીન હોય છે માટે જ શાસ્ત્રકાર કહે છે કે જો તમે પવિત્ર પુરૂષોનું ધ્યાન કરવા માટે તૈયાર હો, અગર તૈયાર થઈ શકો તો તેવા આચાર્ય ભગવંતોનું ધ્યાન કરવું જરૂરી છે. જેમ દેવતત્ત્વની અંદર ભગવાન્ અરિહંત અને સિદ્ધ મહારાજા એવા બે પ્રકાર છતાં ભગવાન્ અરિહંતોનું સ્થાન માર્ગના ઉત્પાદનને લીધે પ્રથમ આવે છે, તેવી જ રીતે ગુરૂતત્ત્વની અંદર આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે પ્રકારો છતાં પણ આચાર્ય ભગવંતોનું સ્થાન જ 'સર્વકાળ જિનેશ્વર ભગવાનના શાસનને ચલાવવાની જવાબદારી ધારણ કરવાને લીધે આચાર્ય ભગવંતોનું સ્થાન જ પ્રથમ નંબરે આવે છે. અર્થાત્ શાસન પ્રવૃત્તિ કોઈપણ કાળ આચાર્ય ભગવંતના વિરહવાળો હોય નહિં અને કોઈ તેવા સંજોગે હોય તો પણ તે શોભે નહિં માટે શાસ્ત્રકાર મહારાજ જણાવે છે કે તે સૂરિવરોનું ધ્યાન દરેક શાસન પ્રેમીએ નિત્ય કરવું જોઈએ. અર્થાત્ અરિહંત મહારાજાદિકનું ધ્યાન નિત્ય કરવા લાયક જ છે અને કરાય પણ છે, છતાં આચાર્ય ભગવંતોનું ધ્યાન તો સર્વકાળ પ્રત્યક્ષપણાને લીધે નિશ્ચિતપણે થઈ શકે તેવું છે અને તેથી દરેક ભવ્યાત્માએ તેવા આચાર્ય ભગવંતોનું ધ્યાન ધરવું જોઈએ.

**શ્રી ઉપાધ્યાય પદની આરાધના**

**શાસનરૂપી શાલામાં પાઠકપદે**
**શ્રી ઉપાધ્યાયજી વિરાજમાન છે.**
**સ્વાધ્યાય વિનાનો જે સમય, તે ઉપાધ્યાયજીને તો પાણી વિનાના માછલાંને તરફડીયાં મારવા જેવો લાગે છે.**

**गणतित्तीसु निउत्ते, सुत्तत्थऽज्झावणंमि उज्जुत्ते।**
**सज्झाए लीणमणे सम्मं झाएह उज्झाए ॥२७॥**

**નવપદને સિદ્ધચક્ર કેમ કહેવામાં આવે છે ?**

શાસ્ત્રકાર મહાત્મા શ્રીમદ્ રત્નશેખરસૂરીશ્વરજી મહારાજા, ભવ્યાત્માઓના ઉપકારાર્થે શ્રીશ્રીપાલચરિત્રની રચના કરતાં શ્રી નવપદના મહિમાનું જે નિરૂપણ કરે છે. તેનું કારણ એ છે કે શ્રોતાઓ બે પ્રકારના હોય છે એમ શાસ્ત્રકાર જણાવે છે. ૧. પરમ શુશ્રૂષાવાળા અર્થાત્ તત્ત્વકથાના રસિક. ૨. અને બીજા સામાન્ય શુશ્રૂષાવાળા અર્થાત્ સામાન્ય કથારસિક. પ્રથમ પ્રકારના શ્રોતાઓ ધ્યેયલક્ષી હોય છે. જેના ધ્યાનમાં ધ્યેય ન હોય, માત્ર ચાલુ વાર્તાનું જ જે ધ્યાન રાખે

તે શ્રોતાઓ બીજા પ્રકારના છે, અને તે માત્ર રસકથાના સાંભળનારા હોય છે. આ શ્રી શ્રીપાલમહારાજાના ચરિત્રની રચના શ્રી સિદ્ધચક્રની (શ્રીનવપદજીની) આરાધના માટે છે. આ પુણ્યચરિત્ર શ્રવણ કરતાં જેઓનું ધ્યાન નવપદની આરાધનામાં રહ્યું હોય, નવપદનો જ મહિમા જેના હૃદયમાં રમતો હોય, વ્યાપતો હોય, તેઓ જ ધ્યેયલક્ષી, પરમશુશ્રૂષાવાળા શ્રોતા ગણાય. જેઓ માત્ર 'શ્રીપાલ મહારાજા જ્યાં ગયા ત્યાં માન પામ્યા, રાજ્ય પામ્યા, યશકીર્તિ પામ્યા, મોટા મોટા મહીપતિઓની કુંવરીઓને પરણ્યા" આટલું જ યાદ રાખે, ચમત્કાર તથા સંપત્તિ અને સુંદરીઓની જ કથા લક્ષ્યમાં લે તેઓ તો માત્ર રસકથા રસિક ગણાય. તત્ત્વકથારસિક શ્રોતાઓ, શ્રીપાલચરિત્રને શ્રવણ કરતાં જરૂર ધ્યેય શ્રીનવપદની આરાધનાનું જ રાખે છે.

નવપદને "સિદ્ધચક્ર" પણ કહેવામાં આવે છે. સિદ્ધો મસ્તકે રહેલા છે. એટલે શિરોભાગે સિદ્ધ પરમાત્મા વિરાજે છે. સિદ્ધિસ્થાન ઊર્ધ્વે છે. નવે પદોની આરાધનાનો હેતુ સિદ્ધ થવાનો છે. સિદ્ધિ સંપ્રાપ્ત કરવાનો છે. આ હેતુથી નવપદને સિદ્ધચક્ર કહેવામાં આવે છે.

જો કે જૈનદર્શનમાં દરેક તહેવાર, દરેક અનુષ્ઠાન અને દરેક આરાધના કેવળ મોક્ષના ધ્યેયની સિદ્ધિ માટે છે, તો પણ જુદાજુદા તહેવારોની આરાધનામાં અમુક અમુક જુદા જુદા તત્ત્વના ગૌરવની વિશિષ્ટતા છે. દેવને અંગેના તહેવારોમાં જેમ શ્રીમહાવીર જન્મ કલ્યાણક દિન, આદિનાથ જન્મકલ્યાણકદિન વગેરે; જ્ઞાનપંચમી જ્ઞાનની આરાધના માટે ખાસ છે. શ્રીસિદ્ધચક્રની આરાધનામાં સર્વતત્ત્વોની આરાધના સમાય છે. એવી એક પણ વસ્તુ બાકી રહેતી નથી કે જે શ્રી સિદ્ધચક્રમાં આવતી ન હોય. દેવ, ગુરૂ તથા ધર્મ આ ત્રણ તત્વોમાંથી એક પણ તત્ત્વની આરાધના એમાં બાકી રહી જતી નથી. જગતમાં આ પદો તત્ત્વો વિના કોઈ વસ્તુ આરાધ્ય છે જ નહિં. કદાચ કોઈ કહે કે વીસસ્થાનક આરાધ્ય નહિં ? જરૂર આરાધ્ય ! છતાં તેનું વર્ગીકરણ કરીએ તો તે તમામ સ્થાનકો આ નવપદની બહાર નથી જ. જગતને ધર્મમાં જોડવા માટે, જગતના ઉદ્ધાર માટે તે વીસસ્થાનકની આરાધના આવશ્યક છે, તે આરાધના માર્ગરૂપ છે, પણ અંતિમ ધ્યેય તો આ નવમાં જ (નવપદમાં જ) છે, એટલે નવપદ વિના કોઈ ચીજ આરાધવા લાયક છે જ નહિં અર્થાત્ આરાધ્ય તો નવપદ જ છે.

૧ અરિહંત ૨ સિદ્ધ ૩ આચાર્ય ૪ ઉપાધ્યાય ૫ સાધુ ૬ દર્શન ૭ જ્ઞાન ૮ ચારિત્ર અને ૯ તપ. આ નવ સિવાય, કોઈ પણ તહેવાર કે તિથિની આરાધનાનો મુદ્દો નથી. નવપદની આરાધના એટલે સર્વ આરાધના !

(અપૂર્ણ)

(અનુસંધાન પાના ૫૦૪ નું ચાલુ)

ઉપર જણાવ્યા પ્રમાણે ત્રણ ચોમાસીની ત્રણ અઠ્ઠાઈઓ અને સંવચ્છરીની ચોથી અઠ્ઠાઈ એમ ચાર અઠ્ઠાઈઓ વર્ત્તમાનકાળમાં શ્રીશ્રમણસંઘે દરેક વર્ષે નિયમિતપણે આરાધવાની છે, પરંતુ વાચકવર્ગની ધ્યાન બહાર એ વાત તો નહિં જ હોય કે પહેલા અને છેલ્લા તીર્થંકરના શાસનમાં જ સપ્રતિક્રમણ એટલે નિયમિત કાલે રાત્રિકાદિ પાંચે પ્રતિક્રમણ કરવા સહિત જ ધર્મ છે, અર્થાત્ વર્ત્તમાન શાસનમાં પ્રતિક્રમણ નહિં માનનાર કે નહિં કરનારને અગર ધ્યાનના નામે પ્રતિક્રમણને ઉત્થાપન કરનારને સ્થાન જ નથી. એટલે વર્ત્તમાન શાસનમાં તો છએ અઠ્ઠાઈઓ નિયત જ છે, એમ શ્રી શ્રમણસંઘની તો માન્યતા છે અને તે સાચી જ છે, પરંતુ અજીતનાથજી ભગવાન વિગેરે બાવીસ તીર્થંકરો અને મહાવિદેહ ક્ષેત્રના વિહરમાન તીર્થંકરોના શાસનમાં જ્યારે જ્યારે દોષ લાગે ત્યારે ત્યારે પ્રતિક્રમણ કરવાનું નિયત, છતાં રાત્રિ દિવસ હોવા પક્ષ ચતુર્માસ કે સંવચ્છરને અંતે તે તે પ્રતિક્રમણ કરવાં જ જોઈએ એવો નિયમ ન્હોતો અને નથી, અને તેથી જ તેમના શાસનને સપ્રતિક્રમણ શાસન કહેવાતું નથી. આ વસ્તુ વિચારનારને સ્પષ્ટ માલમ પડશે કે ત્રણ ચોમાસી અને સંવચ્છરીએ એ ચારની ચાર અઠ્ઠાઈઓ ચોવીસીના દરેક શાસનમાં અને મહાવિદેહના તીર્થંકરોના શાસનમાં નિયમિત ન હોય એટલે ન પણ હોય, પરંતુ ચૈત્રમાસ અને આસોમાસની ઓળીની અઠ્ઠાઈઓ એ નિયમિતપણાથી પ્રતિક્રમણ જેવા ભેદવાળા આચારને અવલંબીને નથી રહી પરંતુ જૈનશાસનમાં સમગ્રપણે મનાયેલા અરિહંત મહારાજા અને સિદ્ધ પરમાત્મા રૂપી દેવો તથા આચાર્ય ભગવંત, ઉપાધ્યાય મહારાજ અને સાધુ મહાત્મા જેવા ગુરુઓ અને સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન સમ્યક્ચરિત્ર અને સમ્યક્ તપ જેવા ધર્મોને આરાધવા માટે નિયત થયેલી હોવાથી સર્વક્ષેત્ર અને સર્વકાળના સર્વતીર્થંકરોના શાસનમાં પ્રવર્તે તે સ્વાભાવિક છે, અને તેથી જ તે બે ઓળીની અઠ્ઠાઈઓને શાશ્વતી અઠ્ઠાઈઓ તરીકે ગણવામાં આવે છે, તેથી જ શાસ્ત્રકાર કહે છે કે આતે બે અઠ્ઠાઈઓમાં દેવતાઓ નંદીશ્વરદ્વીપે, વિદ્યાધરોએ પોતાની શ્રેણીઓમાં અને મનુષ્યોએ પોતાના નગરોમાં એ અઠ્ઠાઈઓની આરાધના કરી આત્મ કલ્યાણ સાધવું જોઈએ.

(જુઓ અનુસંધાન ટાઈટલ પાના ત્રીજાનું ચાલુ)

ચતુર્માસિકમાં એકસો વીસ જે કહેવાય છે તે પણ તિથિરૂપ દિવસની અપેક્ષાએ જ સમજી શકાય. તિથિની વધઘટની અપેક્ષાએ પણ ભાદરવા સુદ ચોથનો ક્ષય હોય અને ટીપ્પણાની ભાદરવા સુદ ત્રીજને દિવસે સાંવત્સરિક કૃત્ય વિશેષપર્યુષણા થઈ હોય તો પણ જૈનશાસ્ત્ર અને પરંપરાને અનુસરનારો વર્ગ ત્રીજનો ક્ષય માની તે દિવસે ચોથ માને અને તેથી જ બીજે વર્ષે તેઓને તો ચોથની તિથિની અપેક્ષાએ ત્રણસો સાઠ જ દિવસ થાય, પરંતુ જેઓ ચોથનો ક્ષય માને અને તે તિથિને ત્રીજ તરીકે જ માનીને ચોથની આરાધના કરે તેઓને બીજે વર્ષે ચોથે પડિક્કમણું કરતાં ત્રણસો એકસઠ તિથિ જ થાય. ઉપર જણાવ્યા પ્રમાણે સાંવત્સરિકની તિથિ પલટવાથી તે ભાદરવા સુદ ચોથનો (પાંચમ વિગેરેની ક્ષયવૃદ્ધિ ન હોય તો) આઠમો દિવસ આવે તેવી રીતે પજુસણની અટ્ઠાઈનો આરંભ કરાય છે, જો કે બીજ પાંચમ વિગેરે તિથિઓના ક્ષયે તેનાથી પહેલાની તિથિનો ક્ષય કે વૃદ્ધિએ વૃદ્ધિ કરવામાં આવે છે, પરંતુ અટ્ઠાઈની તિથિઓને અંગે માત્ર છેલ્લી તિથિને અનુલક્ષીને માત્ર સૂર્યોદયવાળા આઠ દિવસો જ લેવા પડે છે, અર્થાત્ તે સાત અગર આઠ દિવસોની તિથિઓનું નિયમિતિપણું નથી, જેવી રીતે પર્યુષણની અટ્ઠાઈ પહેલાં ભાદરવા સુદ પાંચમને અનુલક્ષીને અને વર્ત્તમાનમાં ભાદરવા સુદ પાંચમ પણ પર્વતિથિ હોવાથી તેની ક્ષયવૃદ્ધિ ન હોય તો ચોથને અનુલક્ષીને અટ્ઠાઈ ગણવામાં આવે છે, તેવી જ રીતે અષાઢ ચોમાસીથી સિત્તેર તિથિ પહેલાં સંવચ્છરી કરવી એવું શ્રીસમવાયાંગસૂત્ર આદિનું વાક્ય હોવાથી જે અષાઢ મહિનાની તથા કાર્તિક મહિનાની ચોમાસી તે માસની પૂર્ણિમાના દિવસે થતી હતી તે ચૌદશને દિવસે કરવી પડી અને તેથી જ અષાઢી અને કાર્તિકી ચોમાસીની અટ્ઠાઈનો છેલ્લો દિવસ અષાઢ સુદ ચૌદશ અને કાર્ત્તિક સુદ ચૌદશ ગણવો એમ શ્રીસેનસૂરિજી મહારાજ પણ સેનપ્રશ્નમાં ફરમાવે છે, પરંતુ સાથે જ ફરમાવે છે કે, અષાઢ સુદ પૂનમ, તથા કાર્તિક સુદ પૂનમ અને તે જ પ્રમાણે ફાગણ સુદ પૂનમના દિવસો પણ પર્વરૂપ હોવાથી અટ્ઠાઈની બહાર છતાં પણ અટ્ઠાઈ તરીકે જ આરાધવા તથા પાંચમના નિયમવાળાને મુખ્યવૃત્તિએ ત્રીજ ચોથ અને પાંચમના આમ કરવાનું તથા શક્તિ હોય તો નિયમવાળાને ચોથ પાંચમનો છઠ્ઠ કરવાનું જણાવેલ છે.

આ વાત સમજનારો મનુષ્ય ચોમાસી પૂનમો અને ભાદરવા સુદ પાંચમને પર્વમાંથી તો નહિ જ કાઢી શકે.

(જુઓ અનુસંધાન પાનું ૫૦૩)

(જુઓ અનુસંધાન ટાઈટલ પાનું બીજુ)

એટલું જ નહિં પરંતુ એ ચોથને દિવસે સંવચ્છરી કરવાનો નિર્ણય સંવચ્છરીના દિવસ કરતાં ઘણા દહાડા પહેલાં થયેલો હતો, અર્થાત્ પજુસણની અઠ્ઠાઈ બેસવાના પહેલાં થયેલો હતો અને તેથી સર્વ જગા પર સંવચ્છરીની પરાવૃત્તિના સમાચાર જણાવવામાં આવ્યા, અને તેથી જ તે વખતના સકલ શ્રમણસંઘ વિગેરેએ તે ભાદરવા સુદિ ચોથને દિવસે જ સંવચ્છરી કરી. આ જ કારણથી નિશીથચૂર્ણિકાર આચાર્ય ભગવાન્ વગેરે સ્પષ્ટ શબ્દોમાં જણાવે છે કે **सा चेव अणुमया सव्वसाहूणं** અર્થાત્ તે ચોથ જ સંવત્સરી તરીકે સર્વ શ્રમણસંઘે કબુલ કરી. આ જગા પર જરૂર એમ શંકા થશે કે માત્ર તે વર્ષે, પહેલે નંબરે શાતવાહનને જરૂર હતી. બીજે નંબરે તે પ્રતિષ્ઠાનપુરના પૌરજનને જરૂર હતી. શ્રી આચાર્ય ભગવંતને તો ત્રીજે નંબરે જરૂર હતી. આચાર્ય ભગવંતની પાસે રહેલા સાધુઓને ચોથે નંબરે જરૂર હતી, અને બીજી જગા પર રહેલા શ્રી ચતુર્વિધસંઘને તો કદાચ પાંચમે નંબરે જરૂર હતી એમ પણ માનીએ અને વર્ત્તમાનમાં પાંચમને દિવસે કરવાવાળા જે મતો છે તે તો વિક્રમની અગીયારમી સદી પછીના જ છે. એટલે વર્ત્તમાનના પાંચમવાળા બધા પરંપરાને અનુસરવાવાળા નથી, પણ ઉત્થાય છે, એમ માની લઈએ, પરંતુ એક વાત તો જરૂર વિચારવા જેવી રહે છે કે તે પ્રસંગવાળા વર્ષ પછી બીજા વર્ષોમાં સકલ શ્રમણસંઘે ચોથે તેવા અપર્વની સંવચ્છરી કરવાનું કેમ ચાલુ રાખ્યું ? આવી શંકાના ઉત્તરમાં પ્રથમ તો શંકાકારે એટલું જ સમજવાની જરૂર છે કે શ્રીનિશીથચૂર્ણિકાર, શ્રી પર્યુષણાકલ્પચૂર્ણિકાર, શ્રીદશા શ્રુતસ્કંધ ચૂર્ણિકાર વિગેરે મહાપુરૂષો પોતાના વખતમાં સકલ શ્રમણ સંઘમાં ભાદરવા સુદ ચોથની જ સંવચ્છરી થતી હતી, તેવી રીતે સ્પષ્ટપણે જણાવે છે. અર્થાત્ કોઈપણ ભાદરવા સુદ પાંચમને દિવસે સંવચ્છરી કરવાવાળી વ્યક્તિ કે સમુદાય પણ જૈનશાસનમાં નહોતી એ વાત નક્કી જ છે વળી સામાન્યરીતે શાસ્ત્રને જાણનારો મનુષ્ય એટલું તો સમજી શકે છે કે ત્રણસે સાઠ દિવસ (તિથિ)થી અધિક સ્થિતિવાળો કષાય કે રોષ અનંતાનુબંધીના ઉદયવાળો એટલે મિથ્યાત્વના ઘરનો જ ગણાય છે અર્થાત્ તે હિસાબે જૈનધર્મને જાણનારો અને અનુસરનારો કોઈપણ મનુષ્ય પહેલે વર્ષે ચોથની તિથિએ સંવચ્છરી કર્યા પછી બીજે વર્ષે પાંચમની તિથિએ ત્રણસો એકસઠ દિવસ થવાથી સંવચ્છરી કરી શકે જ નહિં, પરંતુ ચોથની સાંજથી તે બીજા વર્ષની ચોથની સાંજ સુધીમાં જ સંવચ્છરી કરી શકે. જૈનજનતા એ હકીકત તો સારી રીતે જાણે છે કે કોઈપણ ચન્દ્રવર્ષમાં વર્ષના દિવસો તો ત્રણસેં ચોપન ૧૨/૬૨ હોય છે. ત્રણસો સાઠ દિવસો કોઈપણ ચંદ્ર વર્ષમાં હોતા નથી, છતાં સાંવત્સરિક ખામણામાં જે ત્રણસો સાઠ દિવસો કહેવામાં આવે છે તે અહોરાત્રના પર્યાયરૂપ દિવસ શબ્દની અપેક્ષાએ નહિં, પરંતુ તિથિની અપેક્ષાએ જ લેખાય. એવી જ રીતે પાક્ષિકમાં પંદર અને

(જુઓ અનુસંધાન પાનું ૫૦૪)

# ઓળીની અઠ્ઠાઈઓ શાશ્વતી કેમ ?

જૈનજનતાના પર્વને આરાધન કરવા માટે બીજ-પાંચમ-આઠમ વિગેરે પર્વોનાં પવિત્ર કૃત્યો કરવાવાળા વર્ગથી અષ્ટાહ્નિકા કે જેને વ્યવહારિક રીતિએ અઠ્ઠાઈ કહેવામાં આવે છે તેનાથી કોઈપણ અજાણ તો હોતું નથી અને તેવી અઠ્ઠાઈઓ દરેક વર્ષમાં છ હોય છે એ હકીકત પણ પર્વારાધન કરનારાઓ સારી રીતે જાણે છે, છતાં સ્પષ્ટતા માટે અને પર્વની આરાધના માટે નવા થતા વર્ગની જાણ માટે તે છ અઠ્ઠાઈઓ જણાવવી જરૂરી છે. તે છ અઠ્ઠાઈઓ નીચે પ્રમાણે છે.

૧ કાર્તિક ચોમાસીની અઠ્ઠાઈ, ૨ ફાગણ ચોમાસીની અઠ્ઠાઈ ૩ ચૈત્રમાસની નવપદની ઓળીની અઠ્ઠાઈ ૪ અષાઢ ચોમાસીની અઠ્ઠાઈ ૫ પર્યુષણા (સંવચ્છરી)ની અઠ્ઠાઈ ૬ આસોમાસની ઓળીની અઠ્ઠાઈ.

ઉપર પ્રમાણે છ અઠ્ઠાઈઓ છે, જો કે અષ્ટાહ્નિકા શબ્દનો અર્થ સામાન્ય રીતે એટલો થાય કે આઠ દિવસની ક્રિયા એટલે મહોત્સવ, પરંતુ ચૈત્ર અને આસો માસની ઓળી નવપદની આરાધનાને અંગે હોવાથી તે બન્ને ઓળીની અઠ્ઠાઈઓ નવનવ દિવસની હોવા છતાં રૂઢિથી અષ્ટાહ્નિકા કહેવામાં આવે છે, એ બે ઓળીની અઠ્ઠાઈઓ સિવાય બાકીની ચાર અઠ્ઠાઈઓ તો આઠ આઠ દિવસની જ છે, અને માટે તે ચાર અઠ્ઠાઈઓમાં વ્યુત્પત્તિ અને રૂઢિમાં પણ જુદાપણું પડતું નથી. વાચકવર્ગે ધ્યાન રાખવાની જરૂર છે કે યુગપ્રધાન શ્રી કાલકાચાર્ય મહારાજે સંવચ્છરી (સાંવત્સરિક)ની તિથિ જે પહેલાં ભાદરવા સુદ પાંચમ હતી છતાં તેને अन्तराविसे कप्पइ, परं नो कप्पइ तं रयणिं उवायणावित्तए અર્થાત્ ભાદરવા સુદ પાંચમની અંદર પર્યુષણા (સાંવચ્છરિક) કરવાનું કલ્પે છે પરંતુ પાંચમની રાત્રિને ઓલંઘવી કલ્પે નહિં. એવા શ્રીભદ્રબાહુ સ્વામીજીએ કલ્પસૂત્રમાં જણાવેલા મૂલ વચનને આશ્રીને ભાદરવા સુદ ચોથની તિથિએ સંવચ્છરી કરવાનું નિયમિત કર્યું.

(જુઓ ટાઈટલનું અનુસંધાન પાનું ૨જું)

# વર્તમાન સમયે પૂ.આ. શ્રીઅશોકસાગરસૂરિ મ.સા



શ્રી નાગેશ્વર
પાર્શ્વનાથ તીર્થ
ઊન્હેલ (રાજ.)



શ્રી માંડવગઢ તીર્



શ્રી જંબૂદ્વીપ દેરાસર



શ્રી માણિભદ્રતીર્થ
(ઉજ્જૈન-મધ્યપ્રદેશ)



શ્રી નવકાર મં

...ાર્ગદર્શન મુજબ શાસનની સેવાઅર્પી રહેલા તીર્થો.



(મધ્યપ્રદેશ)






...પ-પાલિતાણા)

અજીતશાંતિ તીર્થ બામણવાડા
(ઉંઝા ઊ.ગુ.)



શ્રી આર્યરક્ષિતસૂરિ તીર્થધામ
મંદસૌર (મ.પ્ર.)



# પૂ.આગમોદ્ધારકશ્રીની આગમવાણીને સુરક્ષિત રાખનાર મુખ્ય સ્થાપત્યો



શ્રી વર્ધમાન જૈન
આગમમંદિર સંસ્થા
(પાલિતાણા-સૌરાષ્ટ્ર)



શ્રી વર્ધમાન જૈન
તામ્રપત્ર આગમમંદિર
(સુરત)

પૂજ્ય આગમોદ્ધારક શ્રી સાગરાનંદસૂરીશ્વરજી મ.સા.



જૈનાનંદ પુસ્તકાલય
(સુરત)



શેઠ શ્રી દેવચંદ લાલભાઈ ઝવેરી
જૈન પુસ્તકોદ્ધાર ફંડ (સુરત)



સંકલન : કાન્તિભાઈ પ્રજાપતિ

ડિઝાઈન - પ્રિન્ટીંગ : જંબૂદ્વીપ પ્રિન્ટ વિઝન,
અમદાવાદ ફોન : (૦૭૯) ૫૬૩૦૫૩૧